ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૫

સોમવાર, તા.૨૦મી જુલાઇ, ૨૦૦૯
આષાઢ ૨૯, ૧૯૩૧ શાકે

થી

શુક્રવાર, તા.૨૪મી જુલાઈ, ૨૦૦૯
શ્રાવણ ૨, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**ચોથું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, -તા. ૨૦મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૨૯, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ - ૭૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૭૫ - ૧૦૭ |
| **મંગળવાર, તા. ૨૧મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૩૦, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૦૮ - ૧૧૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૯ - ૧૪૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૪૯ - ૧૮૨ |
| **બુધવાર, તા. ૨૨મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૩૧, ૧૯૩૧** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૮૩ - ૧૯૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૯૪ - ૨૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૨૨૪ - ૨૫૫ |
| **ગુરૂવાર, તા. ૨૩ મી જુલાઈ, ૨૦૦૯ / શ્રાવણ ૧, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૫૬ - ૨૬૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૯ - ૩૯૪ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૩૯૫ - ૩૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ) | ૩૯૭ - ૪૧૭ |
| બિન સરકારી સંકલ્પો | ૪૧૮ - ૪૩૧ |
| **શુક્રવાર, તા. ૨૪મી જુલાઈ, ૨૦૦૯ / શ્રાવણ ૨, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૩૨ - ૪૪૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૪૩ - ૪૯૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૯૩ - ૫૨૧ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૦મી જુલાઇ, ૨૦૦૯**
**આષાઢ ૨૯, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જામનગર આર.ટી.ઓ. કચેરીની આવક

***૧૦૫૮૭ શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની જામનગર આર.ટી.ઓ. કચેરીની આવક કેટલી થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો કયાં કયાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી**

| **નાણાકીય વર્ષ** | **આવક (રૂપિયા લાખમાં)** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૮૪૧.૦૭ |
| ૨૦૦૭-૦૮ | ૫૫૯૦.૦૨ |
| ૨૦૦૮-૦૯ | ૫૯૫૨.૧૦ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા:** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જામનગર જિલ્લાની આર.ટી.ઓ. કચેરીનો છેલ્લાં પાંચ વર્ષનો બજેટેડ અંદાજ કેટલો હતો અને તેની સામે વાસ્તવિક આવક કેટલી થઈ અને બીજું રાજયની તમામ આર.ટી.ઓ. કચેરીનો છેલ્લાં પાંચ વર્ષનો બજેટેડ અંદાજ કેટલો હતો અને તેની સામે આવક કેટલી થઈ?

**શ્રી અમિત શાહ** : આર.ટી.ઓ. કચેરીના બજેટેડ અંદાજ તો હોતા નથી કારણકે ઘણા બધા હેડ દંડકીય આવકમાંથી ઉભાં થયેલાં છે, પરંતુ આવકના આંકડાઓ આપું, જામનગરનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી જામનગર આર.ટી.ઓ. કચેરીમાં ૨૦૦૪-૦૫માં ૨૬.૬૯ કરોડ રૂપિયાની આવક થઈ, ૨૦૦૫-૦૬માં ૩૨.૯૯ કરોડ રૂપિયાની આવક થઈ, ૨૦૦૬-૦૭માં ૪૮.૪૧ કરોડ રૂપિયાની આવક થઈ, ૨૦૦૭-૦૮માં રૂા.૫૫.૯૦ કરોડ રૂપિયાની આવક થઈ અને ૨૦૦૮-૦૯માં રૂા.૫૯.૫૨ કરોડ રૂપિયાની આવક થઈ હતી, આવકની અંદર સતત ઉત્તરોત્તર વધારો થતો ગયો છે અને રાજ્યની તમામ આર.ટી.ઓ. કચેરી..

**અધ્યક્ષશ્રી** :મેઘજીભાઈ રાજ્યની આવકો, તમારો પ્રશ્ન તમારા જિલ્લા પૂરતો સિમિત છે.

**શ્રી અમિત શાહ** : પણ સાહેબ મારી પાસે છે એટલે માહિતી આપી દઉં,

**અધ્યક્ષશ્રી** :મારા માટે શું છે કે અતિ વિસ્તૃત માહિતીના આ જ મુદ્દા હેઠળ આપણે પ્રશ્ન દાખલ નથી કરતાં.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫માં રાજ્યમાં ૬૯૪.૬૫ કરોડ રૂપિયાની આવક થઈ, ૨૦૦૫-૦૬ની અંદર ૭૯૬.૮૩ કરોડ રૂપિયા, ૨૦૦૬-૦૭માં રૂા.૯૦૫.૩૩ કરોડ રૂપિયા, ૨૦૦૭-૦૮માં ૯૫૨.૩૪ કરોડ રૂપિયા અને ૨૦૦૮-૦૯માં ૧,૦૦૦ કરોડ રૂપિયાની આવક થઈ છે.

## વડોદરા જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો

***૧૦૬૫૬ શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો ક્યાં ક્યાં છે?

**ઉર્જામંત્રીશ્રી**

(૧) અને (૨) તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વડોદરા જિલ્લામાં નવું વીજ સબ સ્ટેશન સ્થાપવામાં આવેલ નથી, પરંતુ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પાનવડ અને પિસઈ (સાઠોદ) ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં જ નસવાડી તાલુકામાં અને સંખેડા તાલુકામાં જે વાવાઝોડું ફુંકાયું, એમાં નસવાડીમાં લગભગ ૩૨ જેટલા પોલ પડી ગયા હતા, સંખેડામાં ઘણા બધા પડી ગયા હતા અને એમાં ચોવીસ કલાકની અંદર આ સરકારે ખૂબજ મહેનત કરીને આખા નસવાડી નગરને અને નસવાડી તાલુકામાં કામગીરી ખૂબ સુંદર કરી, થાંભલાઓ ઉભાં કરી દીધા અને વીજળીની સુવિધા ચાલુ કરી દીધી અને તે

બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નવીન સબ સ્ટેશન સ્થાપવા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે, નવીન ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે અંદાજીત કેટલો ખર્ચ થાય છે, જે તે વિસ્તારમાં નવીન સબ સ્ટેશન સ્થાપવાથી વીજગ્રાહકોને શું શું લાભ થાય છે, ૨૦૦૮-૦૯ દરમ્યાન

**અધ્યક્ષશ્રી** :આપનું પ્રશ્નપત્ર લાંબુ છે અભેસિંહભાઈ, હું તમને બીજો ચાન્સ આપીશ પણ પ્રશ્ન તમે એકસામટા બધા ન પૂછો નહિ તો મંત્રીશ્રીને યાદ નહિ રહે,

**શ્રી અભેસિંહ મો. તડવી** : ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા સબ સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે, તે પૈકી જિલ્લામાં કેટલા સબ સ્ટેશન સ્થાપવામાં આવ્યા?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે જિલ્લાની અંદર બે નવા સ્ટેશનના કામ હાથ પર લીધાં છે, એમાં કવાટની અંદર સિવિલ વર્ક ચાલુ થઈ ગયું છે અને ડભોઈની અંદર જમીન સંપાદનનું કામ અત્યારે હાથ પર લીધું છે તે વહેલામાં વહેલી તકે જમીન સંપાદનની કામગીરી પૂરી કરાવીને કામ હાથ પર લઈશું, જિલ્લાની અંદર, ગામડાઓની અંદર ખાસ કરીને ખેતીવાડીના કનેકશનોની અંદર ખૂબ લાંબી લાંબી લાઈનો હતી, ફિડરોની અંદર ખૂબ મોટો લોડ વધારે હતો, આ લોડ વધારાના કારણે લો વોલ્ટેજના પ્રશ્નો ઉભાં થતાં હતા, હાલના જે ૬૬ કે.વી.ના સબ સ્ટેશન છે, એની અંદર સફીશીઅન્ટ જગ્યા ન હોવાના કારણે આપણે એકઝીસ્ટીંગ સબ સ્ટેશનમાં વધારે લોડ, નવા ફિડરો એડીશન કરી શક્યા ન હતા એના કારણે નવા સબ સ્ટેશનો આપણે રાજયની અંદર નાંખવાનું નક્કી કર્યુ, લાંબી લાંબી લાઈનો ટુંકી થાય અને ટ્રાન્સમીશન અને ડિસ્ટ્રિબ્યુશનના લોસ ઓછાં થાય, તે માટે ૬૬ કે.વી.ના સબ સ્ટેશનો નાંખ્યા. ગુણવત્તાવાળી વીજળી મળે અને ખાસ કરીને આવતા છેલ્લાં ઘણાં વર્ષોથી ખેડૂતોને વીજળીના નવા નવા કનેકશનો પણ રાજયમાં આપવામાં આવ્યાં છે તો આ બધું ધ્યાનમાં રાખી ટૅક્નીકલ જરૂરિયાત પ્રમાણે સારી ગુણવત્તાવાળી વીજળી મળે તે પ્રમાણે આપણે સબ સ્ટેશનો નાંખવાનું આયોજન કર્યુ છે. બીજું સભ્યશ્રીએ પૂછ્યું કે ખર્ચ કેટલો ? તો ૬૬ કે.વી. સબ સ્ટેશનનો આશરે ૩ કરોડ થાય છે. ૨૨૦ કે.વી. સબ સ્ટેશનનો ૨૫ કરોડ થાય છે. ૪૦૦ કે.વી. સબ સ્ટેશનનો આશરે ૯૦ કરોડનો ખર્ચો થાય છે. જિલ્લાની અંદર આપણે કુલ સબ સ્ટેશનો જોઈએ તો આજની તારીખમાં વડોદરા ડિસ્ટ્રિક્ટની અંદર ૫૬ સબ સ્ટેશનો કાર્યરત છે. તેમાં ૪૦૦ કે.વી.નું એક, ૨૨૦ કે.વી.ના ૩, ૧૩૨ કે.વી.ના ૭ અને ૬૬ કે.વી.ના ૪૫ સબ સ્ટેશનો કાર્યરત છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ૨૦૦૯-૧૦માં રાજયમાં કેટલા નવા સબ સ્ટેશન સ્થાપવામાં આવશે અને હાલની ચોમાસાની સારી સ્થિતિને કારણે ખેડૂતોની વીજ માગ ઘટશે. અને વીજ માગ ઘટે તો સબ સ્ટેશનોની શું પરિસ્થિતિ હશે તે માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું. વીજ સ્ટેશન બંધ થશે કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : મારા માટે મોટો પ્રશ્ન એ છે કે, જિલ્લાના પ્રશ્નમાંથી રાજયમાં સ્વિચ ઓવર થઈએ જ છીએ.

**શ્રી સૌરભ પટેલ** : ના, ના ઓવર ઓલ મારી પાસે થોડી માહિતી છે તે હું આપું. સબ સ્ટેશન તાલુકાની અંદર જ્યારે આપવામાં આવે છે ત્યારે બને ત્યાં સુધી સબ સ્ટેશનો બંધ કરવામાં આવતા નથી. સબ સ્ટેશનની અંદર જે ફિડર હોય એ ફિડર મેઈન્ટેનન્સ માટે બંધ કરવામાં આવે છે. કોઈ ટૅક્નીકલ ફોલ્ટ હોય તો ફિડર બંધ કરવામાં આવે છે. જ્યારે ખૂબ વધારે વરસાદ પડતો હોય અને એમ લાગે કે સલામતીના કારણોસર આપણે આખા એરિયાની લાઈટ બંધ કરવી જરૂરી પડી જતી હોય કે સબ સ્ટેશનની અંદર પાણી ભરાઈ જતું હોય એ સંજોગોની અંદર આપણે સબ સ્ટેશનો બંધ કરવામાં આવે છે. અત્યારે સભ્યશ્રીએ કહ્યું કે ખેડૂતની વીજળીની માગ નથી અને આ વીજળીની માગ નથી હોતી તે વખતે રાજય સરકાર સબ સ્ટેશનો બંધ નથી કરતી પરંતુ હાલની તારીખમાં હું દાખલો આપું ગઈકાલનો કે ગઈ કાલે આખા રાજયની અંદર માત્ર વીજળીનો વપરાશ ખેડૂતોનો એક કરોડ યુનિટથી ઓછો હતો જે normal circumstances ની અંદર પાંચ કરોડ યુનિટ હોય છે. એટલે આ ચાર કરોડ યુનિટ જે આપણી વધી તેમાંથી આપણે કોશિશ કરી કે જેટલું રાજયની બહાર વેંચાય એટલી વીજળી વેંચી શકાય. અને ન વેંચાય તો આપણે જનરેટીંગ સ્ટેશનો બંધ કરીએ છીએ. એટલે હાલની તારીખમાં આપણાં જનરેટીંગ સ્ટેશનો બંધ કરવામાં આવે છે અને ચૅકીંગ ડાઉન કરવામાં આવે છે પરંતુ સબ સ્ટેશનો આપણે બંધ કરતાં નથી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો**

: *** ૧૦૫૮૯ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા,અને

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો કયાં કયાં છે ?

**મુખ્યમંત્રીશ્રી ( ઉર્જા ) :**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૪ (ચાર) નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા.

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો નીચે મુજબ છે.
સબ સ્ટેશનનું નામ
૨૨૦ કે.વી.બાલા
૨૨૦ કે.વી.દુધરેજ
૬૬ કે.વી.બાવલી
૬૬ કે.વી.લાખણકા

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા અમને જે નવા સબ સ્ટેશનો પ્રાપ્ત થયાં છે તેમાં મારા વિસ્તારના ખેરાલી મુકામે પણ એક ૬૬ કે.વી.નું સબ સ્ટેશન મંજૂર કર્યુ છે તે માટે તેમનો આભાર પણ માનું છું અને અભિનંદન આપું છું સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે આ નવા સબ સ્ટેશનોથી વીજ ગ્રાહકોને અને ખેડૂતોને શું ફાયદો થવાનો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર વીજળીનું કન્ઝમ્શન ખૂબ મોટું છે. અને તેના કારણે આપણે ખાસ છેલ્લા બે-ચાર વર્ષથી સુરેન્દ્રનગર જિલ્લાની ઉપર વધારે ધ્યાન આપીએ છીએ. આજની તારીખમાં સુરેન્દ્રનગર જિલ્લાને ૫૭ સબ સ્ટેશનો કાર્યરત છે તેની અંદર જે સભ્યશ્રીના વિસ્તારમાં વઢવાણની અંદર આપ્યું છે ખેરાલીમાં તેમાં જમીન સંપાદનનું કામ અત્યારે કલેકટરશ્રી જોડે પેન્ડીંગ છે. તે કામ ટૂંક સમયની અંદર પૂરું કરીને આ વર્ષની અંદર સબ સ્ટેશન ચાલુ થાય તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓને સુરેન્દ્રનગર જિલ્લાને ખાસ કરીને આ તાલુકાઓની અંદર પાણીના લેવલ્સ ખૂબ નીચા ગયા છે અને તેના કારણે દિવસે દિવસે વીજ માગ વધતી જાય છે અને તે વીજ માગને પહોંચી વળવા માટે ગુણવત્તાવાળી વીજળી આપવા માટે આપણે અને મોટાભાગના જે નવા સબ સ્ટેશનો કર્યા છે તે માત્ર અને માત્ર ગામડાંઓમાં કર્યા છે, ખેડૂતોના લાભ માટે કર્યા છે અને સુરેન્દ્રનગર જિલ્લાની અંદર લોડ વધતો હોવાને કારણે ગુણવત્તાવાળી વીજળી મળે તેના માટે આપણે આ સબ સ્ટેશનો કરી રહ્યાં છીએ.

**જામનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

***૧૦૬૫૦ પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની જામનગર જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક કેટલી થયેલ છે, અને
(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો કયાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી:**

(૧)

| **નાણાકીય વર્ષ** | **આવક (રૂપિયા લાખમાં)** |
|---|---|
| **૨૦૦૬-૦૭** | ૪૮૪૧.૦૭ |
| ૨૦૦૭-૦૮ | ૫૫૯૦.૦૨ |
| ૨૦૦૮-૦૯ | ૫૯૫૨.૧૦ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આર.ટી.ઓ. કચેરીમાં પૂરતા પ્રમાણમાં મહેકમ છે કે કેમ? અને ઘટ હોય તો ઘટ પૂરવા માટે ખાતાકીય રાહે કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ?

**શ્રી અમિત શાહ**: મહેકમમાં ઘટ તો છે જ. એટલે એ વાત મારે સ્વીકાર્યા વગર ચાલે તેમ નથી. પરંતુ આ ઘટ પૂરવા માટે દરેક સ્તરેથી પગલાં ભરીએ જ છીએ. એક તો રાજય સરકારના બીજા વિભાગોમાં ફાજલ કર્મચારીઓ હોય, જેમને માથે ઓછા કામનું ભારણ હોય, એવા વિભાગમાંથી વાહન વ્યવહાર વિભાગમાં કર્મચારીઓ ડેપ્યુટેશન પર આવે એ બાબતમાં એક મોટું અભિયાન ચલાવવામાં આવે છે. છેલ્લા ૪ વર્ષમાં ઘણી મોટી ઘટ આ રીતે પૂરવામાં આવી છે. બીજું ડાયરેકટ ભરતી માટે પણ બન્ને કક્ષાની ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરી છે અને ઈન્ડેન્ટ પણ ભરતી મંડળોને મોકલી આપવામાં આવ્યા છે. ત્રીજું ફીડર કેડરમાંથી ઉપરની કેડરમાં પ્રમોશન માટે વહીવટી પ્રક્રિયા હાથ ધરવાની છે એ પણ છઠ્ઠા મહિનામાં હાથ ધરી છે. આમ લગભગ ડિસેમ્બર સુધીમાં ઘટ અમે ૫-૭ ટકાથી ઓછી થાય એ દિશામાં બધા જ પ્રયત્નો હાથ ધર્યા છે.

**સુરત જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો**

***૧૦૬૫૫ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો કયાં કયાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરત જિલ્લામાં કુલ ૩ (ત્રણ) નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા

| **અનુ. નં.** | **સબ સ્ટેશનનું નામ** |
|---|---|
| ૧ | સામપુરા |
| ૨ | નિયોલ (કડોદરા-૨) |
| ૩ | ખજોદ (મગદલ્લા) |

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : હું એ જાણવા માગું છું કે જે તે જિલ્લામાં નવા સબ સ્ટેશનો સ્થાપવાથી વીજ ગ્રાહકોને શું શું લાભ થાય છે અને ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજયમાં કેટલા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, તે પૈકી જિલ્લામાં કેટલા સબ સ્ટેશનો સ્થપાયા?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપની પાસે રાજયનો જવાબ હોય તો પણ હું ના પાડું છું, એટલા માટે કે રાજયના પ્રશ્નો આવે છે, ત્યારે અતિ વિસ્તૃત માહિતી છે એમ કરીને અમે અનેક પ્રશ્નોને દાખલ કરતા નથી અને પૂરક પ્રશ્નમાં રાજયનો જવાબ આપવાનો હોય તો પછી રાજયનો પ્રશ્ન પૂછાય ત્યારે હું એને દાખલ કરું.

**શ્રી સૌરભ પટેલ** જિલ્લા માટેનો જ જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, એટલે આપણે નકકી કરીએ પહેલા કે રાજયના પ્રશ્નનો જવાબ આપવાની પદ્ધતિ પાડવી હોય તો મુખ્ય પ્રશ્ન પૂછાય ત્યારે રદ ન કરીએ.

**શ્રી સૌરભ પટેલ** : જી સાહેબ. હું જિલ્લાનો જ જવાબ આપું છું. સુરતની અંદર ૪ સબ સ્ટેશનોની જે કામગીરી ચાલે છે, એમાં ૬૬ કે.વી. સિહોરમાં ૯૫ ટકા કામ પૂર્ણ થયેલ છે. ૬૬ કે.વી. કોસદમા જમીન સંપાદન પૂરું થઈ ગયું છે. ૬૬ કે.વી. જીવાયમાં અને ૬૬ કે.વી. મોરામાં જે અરજીઓ કલેકટર પાસે અરજી પેન્ડિગ છે. અને જેમ મેં પહેલા પ્રશ્નના જવાબમાં કહ્યું તેમ ગુણવત્તાસભર વીજળી મળી રહે તે માટે આ સબ સ્ટેશનો કાર્યરત કર્યા છે અને આવતા દિવસોમાં જયાં જયાં જરૂર પડશે અને જયાં ગુણવત્તાવાળી વીજળી આપવાની થશે એ પ્રમાણે આપણે નવા નાંખીશું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯માં ૩ નવા સબ સ્ટેશનો બનાવવામાં આવ્યા એમ માહિતી મળી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સુરત જિલ્લામાં આ સબ સ્ટેશનની કેટલી જરૂરિયાતની ડીમાન્ડ આવેલ છે અને એ ડીમાન્ડ મુજબ આ બધા સબ સ્ટેશનો કયારે સ્થાપવામાં આવશે?

**શ્રી સૌરભ પટેલ** : સુરત જિલ્લાની અંદર ૨૦૦૯-૧૦ની માહિતી તો આપી અને વર્ષોવર્ષ ૨૦૦૮-૦૯માં પણ જોઈએ તો ત્રણ કર્યા છે. આવતા દિવસોમાં ધારાસભ્યશ્રીનો તાલુકો હોય કે જિલ્લાના જે કોઈ ધારાસભ્યશ્રીઓ હોય એ લોકોના વિસ્તારમાં એ લોકોને કોઈપણ જાતની ફરિયાદ હોય, લાંબા ફીડર છે અને ટ્રાયબલ વિસ્તાર છે. લોડ વધારે ન હોય છતાં પણ એ જરૂરી લાગે તો ટેકનિકલ સરવે હું કરાવી લઈશ. ચોકકસપણે મેં પહેલા પણ કહ્યું હતું કે ૫ વર્ષના કામો આપણે ૩ વર્ષમાં પૂરા કર્યા છે. અગિયારમી પંચવર્ષીય યોજનાના બે વર્ષ હજુ બાકી છે. આવતા બે વર્ષમાં આખા રાજયમાં બને તેટલા સબ સ્ટેશનો કરીને ખેડૂતો અને ગામડાઓને ગુણવત્તાવાળી વીજળી મળે એ આપણો સંકલ્પ છે. જે કોઈ સભ્યશ્રીની રજૂઆત હશે તો હું ટેકનિકલ સરવે કરાવીને જોવડાવી લઈશું.

### બનાસકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ.ચેક પોસ્ટનું મહેકમ

***૯૪૩૭ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી આર.ટી.ઓ. ચેક પોસ્ટ આવેલી છે?

(૨) આ ચેક પોસ્ટમાં પૂરતા પ્રમાણમાં મહેકમ છે કે કેમ, અને

(૩) જો મહેકમની ઘટ હોય તો ઘટ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી:**

(૧) ૫ (પાંચ)

(૨) રાજયની બધી જ ચેક પોસ્ટો સમપ્રમાણ છે.

(૩) બઢતી તથા નિવૃત્તિના કારણસર જગ્યાઓ ખાલી પડવાના કારણે મહેકમની ઘટ છે. આ ઘટ ભરવા માટે ખાતાકીય રાહે કાર્યવાહી ચાલુમાં છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે બનાસકાંઠા જિલ્લામાં ૫ ચેક પોસ્ટ છે અને બઢતી અને વય મર્યાદાના કારણે નિવૃત્તિના કારણોસર ઘટ છે. તો બનાસકાંઠા જિલ્લામાં આવેલ ચેક પોસ્ટોનું સંવર્ગવાર મહેકમ, હાજર મહેકમ અને ખાલી મહેકમ કેટલું છે. આ ચેક પોસ્ટોની સંવર્ગવાર જગ્યાઓ ખાલી છે એ કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૫ ચેક પોસ્ટ આવેલી છે તેમાં અમીરગઢ ચેક પોસ્ટમાં વર્ગ-૨ ની ૫ જગ્યા મંજૂર થયેલ છે અને એમાંથી ૪ ભરાયેલ છે અને એક ખાલી જગ્યા છે, વર્ગ-૩ ની કુલ ૯ જગ્યા મંજૂર થયેલ છે એમાંથી ૭ જગ્યા ભરાયેલી છે અને ૨ જગ્યા ખાલી છે, વર્ગ-૪ માં ૪ જગ્યા મંજૂર થયેલ છે અને ચારે ચાર જગ્યા ભરાયેલી છે., ગુંગળી ચેક પોસ્ટમાં વર્ગ-૨ ની ૭ જગ્યા મંજૂર થયેલ છે એ ૪ ભરાયેલ છે, વર્ગ-૩ ની ૭ જગ્યા મંજૂર થયેલ છે અને એમાંથી ૬ ભરાયેલી છે અને એક ખાલી છે, વર્ગ-૪ ની ૪ જગ્યા મંજૂર થયેલ છે અને ચારે ચાર ભરાયેલી છે, થરાદ ચેક પોસ્ટમાં વર્ગ-૨ માં ૩ જગ્યા મંજૂર થયેલ છે એમાંથી ૧ ભરાયેલી છે અને ૨ ખાલી છે, વર્ગ-૩ માં ૧ જગ્યા મંજૂર થયેલ છે અને એ ૧ જગ્યા ભરાયેલી છે અને વર્ગ-૪ માં ૪ જગ્યા મંજૂર થયેલ છે એ ચારે ચાર જગ્યા ભરાયેલી છે. અંબાજી ચેક પોસ્ટમાં વર્ગ-૨ ની ૨ જગ્યા મંજૂર થયેલ છે એ બે એ બે જગ્યા ખાલી છે, વર્ગ-૩ ની એક જગ્યા મંજૂર થયેલ છે એ એક જગ્યા ભરાયેલી છે અને વર્ગ-૪ ની ૪ જગ્યા મંજૂર થયેલ છે એ ચારે ચાર ભરાયેલી છે. આમ જે ખાલી જગ્યાઓ છે એ વર્ગ-૨ ની ૮, વર્ગ-૩ ની ૪ અને વર્ગ-૪ ની એકપણ જગ્યા ખાલી નથી અને કયારથી ખાલી છે તો ૧૯-૬-૦૮, ૨૪-૨-૦૯ અને પછી પાછો ૮ મો મહિનો છે એટલે નૂનામાં જૂના એમાં ૨૦૦૮ ના એપ્રિલ મહિનાથી લગભગ ખાલી છે. અને કયારે ભરવાનો સવાલ છે ત્યાંસુધી વર્ગ-૨ ની જે જગ્યાઓ છે એમાં ૧૨ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની કાર્યવાહી ચાલુ કરી દીધી છે અને ૨૩ જગ્યાઓ ફીડર કેડરમાંથી વર્ગ-૩ માંથી બઢતી કરવા માટે તા. ૩૦-૬-૨૦૦૯ ના રોજ કમિટી મળી ગઈ છે અને એના ઓર્ડરની પ્રક્રિયા ચાલે છે. વર્ગ-૩ ની કુલ ૫૪ જગ્યા મંજૂર થયેલ છે એમાંથી ૩૯ જગ્યા પ્રતિનિયુકિતથી ભરી છે અને ૧૫ જગ્યા ખાલી છે એના માટે ૨૯ જગ્યા ફાજલ લાંબા સમયથી રહેવાના કારણે નાબૂદ થઈ હતી. આ બધી જગ્યાઓ માટે નાણા વિભાગ સાથે પરામર્શ ચાલે છે અને એમાંથી ૨૩ જગ્યા સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી થશે અને વર્ગ-૩ ની જે જગ્યાઓ ખાલી છે એ બધી જ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને દરખાસ્ત કરી દીધી છે. આમ ટૂંક સમયમાં જ આ બધી જગ્યાઓ ભરાઈ જાય અને રેવન્યુ અર્ન કરવા માટેની જગ્યાઓ ખાલી ના રહે એ રાજય સરકારનો અભિગમ છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બનાસકાંઠાની ચેકપોસ્ટો છે એમાંથી કુલ કેટલી આવક થઈ અને એની સલામતી માટે વિશેષ સગવડ છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : બનાસકાંઠાની ચેકપોસ્ટમાં અમીરગઢ ચેક પોસ્ટની આવક ૨૦૦૬-૦૭ માં ૧૩.૧૨ કરોડ,૨૦૦૭-૦૮ માં ૨૦.૪૧ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં ૨૧.૩૫ કરોડ છે. ગુંગળીમાં ૧૪,.૧૬ કરોડ, ૨૩ કરોડ અને ૨૬ કરોડ, થરાદમાં ૩ કરોડ, ૬ કરોડ અને ૮.૮૬ કરોડ અને અંબાજીમાં ૩.૨૩ કરોડ, ૩.૮૧ કરોડ અને ૪.૪૦ કરોડ છે અને કુલ આવક જે છે એની અંદર ૩૪ કરોડ, ૫૩ કરોડ અને ૬૦ કરોડની આવક છેલ્લા ૩ વર્ષમાં આ પાંચેય ચેક પોસ્ટની થઈ છે અને જયાંસુધી સુરક્ષાનો સવાલ છે ત્યાંસુધી ત્યાં આગળ પોલીસનું મહેકમ પણ મંજૂર કરેલ છે અને કેશને લાવવા લઈ જવા માટે સુરક્ષાવાળી ગાડીની જોગવાઈ પણ કરેલ છે. અને નજીકના પોલીસ સ્ટેશન જોડે એલાર્મ વગાડાય એવા પ્રકારની વ્યવસ્થા પણ ૫ માંથી ૩ પોલીસ સ્ટેશનમાં કરેલ છે. અંબાજીમાં અત્યારે કામગીરી ચાલી રહી છે એટલે અંબાજી છોડીને બધી ચેક પોષ્ટની કનેકટીવીટી મુખ્ય કચેરી સાથે જોડોયેલી છે એટલે એ દૃષ્ટિએ મોનિટરીંગ મુખ્ય કચેરી કક્ષાએથી થાય છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક-૧૨.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે, અને જવાબ આપવાની માનનીય મંત્રીશ્રીએ તૈયારી દાખવી છે તો જો આપ અનુમતિ આપો તો પ્રશ્ન પૂછી શકાય.

**અધ્યક્ષશ્રી** : આ પ્રેકટીસ પાડવી હોય તો કાયમ માટે પડી જશે, બાકી મંત્રીશ્રી મંજૂરી આપે તો મને વાંધો નથી. પણ પ્રશ્ન અગત્યનો હોય અને પ્રશ્ન પૂછવા માટે જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એમણે હાજર રહેવું જોઈએ, કારણ કે પ્રશ્ન પૂછયા પછી સભ્યશ્રી ગેરહાજર રહે છે તે પોતાના પ્રશ્નનો જવાબ પણ ગુમાવે છે સાથે સાથે એક પ્રશ્ન પૂછે તેનો જવાબ આપવા માટે કેટલો ખર્ચ થાય છે તે પણ વિચાર કરવો જોઈએ. એટલે પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી પંશ્નોત્તરીમાં હાજર રહે તે ખૂબ જરૂરી છે. અને તે એમની પોતાની સંસદીય ફરજના ભાગ રૂપે છે. એટલો માટે હું આ પ્રથાને ઉતેજીત કરવા માગતો નથી. નેકસ્ટ.

## રાજયના જિલ્લાઓમાં સરકારી વકીલોની નિમણૂક

***૧૦૬૩૧ શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કયા કયા જિલ્લાઓમાં સરકારી વકીલોની નિમણૂકો થયેલ છે, અને

(૨) બાકી જિલ્લાઓમાં સરકારી વકીલોની નિમણૂક કયારે કરવામાં આવશે?

**કાયદા અને ન્યાય તંત્ર મંત્રીશ્રી (રાજય કક્ષા) :**

(૧) પરિશિષ્ટ-ક મુજબ.

**પરિશિષ્ટ-ક**

| ક્રમ | જીલ્લાનું નામ | સરકારી વકીલનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ(રૂરલ) | શ્રી પી.એમ. ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી એમ. બી. સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન. પી. મહિડા |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | શ્રી ઉદય આચાર્ય |
| ૫ | ભરૂચ | શ્રી પી. એન. પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગીરીશ પી. દવે |
| ૭ | દાહોદ | શ્રી એચ. એમ. જાની ઈ.ચા. |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ રાવલ |
| ૯ | જામનગર | શ્રી બી. એચ. ચોટાઈ |
| ૧૦ | જૂનાગઢ | શ્રી એન.ડી. મોરી |
| ૧૧ | કચ્છ-ભુજ | શ્રી યોગેશ ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડીયાદ | શ્રી પરેશ ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી સી. એલ. રાજપૂત |
| ૧૪ | નર્મદા-રાજપીપળા | શ્રી જે. કે. પંડયા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદ એ. રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી પી. એલ. ગાંધી |
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષ ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ. કે. અમલાણી |
| ૧૯ | રાજકોટ | શ્રી નરેન્દ્ર મોહનભાઈ બુંસા |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | શ્રી એ. જે. પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ. સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી જી. સી. પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી પી. આર. ભટ્ટ ઈ.ચા. |
| ૨૪ | વલસાડ | કુ. મીતાબેન એ. પટેલ |

(૨) દાહોદ ખાતે તા. ૧૧-૬-૦૯થી નિમણૂક કરેલ છે જયારે વડોદરા ખાતેની જગ્યા પેનલ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ.:

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સરકારી વકીલની જગ્યાઓ કઈ રીતે ભરવામાં આવે છે, આ જગ્યાઓ ભરવા અંગેના ભરતીના નિયમો કયા છે અને એમના પગારધોરણો શું છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વકીલની જગ્યાઓ રાજય સરકારના લો ઓફિસર્સ રૂલ્સ મુજબ ભરવામાં આવે છે. લો ઓફિસર રૂલ્સ ૨૦૦૯માં અપડેટ કરવામાં આવ્યા છે. તેના નિયમ ૪/૧ની જોગવાઈ અનુસાર કોર્ટ અને ટ્રીબ્યુનલમાં દાખલ થતા સરકારના બધા જ કેસો ચલાવવા માટે સરકારને યોગ્ય લાગે એટલા કાયદા અધિકારીની નિમણૂક કરી શકે છે. નિયમ ૪/૫ અનુસાર ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને સેસન્સ જજ દ્વારા પેનલ પૈયાર કરવામાં આવે છે અને એ પેનલ રાજય સરકારને મોકલવામાં આવે છે, નિયમ ૫/૧ માં વય મર્યાદા નિશ્ચિત કરવામાં આવેલી છે એ અનુસાર ૬૦ વર્ષ સુધીની વ્યકિતની આમાં નિમણૂક થઈ શકે છે અને નિયમ ૬/૧ અનુસાર તેની મુદ્દત નિશ્ચિત કરવામાં આવી છે તે મુજબ ૩ વર્ષ માટે રાજય સરકાર તેની નિમણૂક કરી શકે છે. અને એક વર્ષનું એકસ્ટેન્સન આપી શકે છે. એ જ રીતે તેનું પગાર ધોરણ છે એમાં હમણાં જ સુધારેલા ધોરણ મુજબ દર મહિને પાંચ હજાર રૂપિયા મહેનતાણું અને પરચુરણ ખર્ચ પેટે, ૩ હજાર રૂપિયા ઓફિસ ખર્ચ પેટે અને પછી કેસ પ્રમાણે જુદી જુદી ફી નકકી કરવામાં આવેલ છે તે મજુબ વચ ગાળાની અરજી હોય તો ૨૦૦ રૂપિયા, પુરાવા રેકોર્ડ કરવાના હોય તો ૪૦૦ રૂપિયા, દાવા, પીટીશન અને રેફરન્સ હોય તો ૪૦૦ રૂપિયા, અને દાવા પીટીશનમાં સમાધાન કરાવવાનું હોય તો ૫૦૦ રૂપિયા, દિવાની અને પરચૂરણ અરજી હોય તો ૨૦૦ રૂપિયા, અને અપિલ અને રીવીઝનમાં દાખલ કરવાના તબકકે ૪૦૦ રૂપિયા, આખરી સુનાવણીના તબકકે ૫૦૦ રૂપિયા અને સમાધાન કરાવવાનું હોય તો જવાબ ડ્રાફટ જે સરકાર વતી મંજૂર કરવાનો હોય તેમાં ૫૦૦ રૂપિયા આ રીતે ફી નકકી કરેલ છે. અને એક દિવસના વધુમાં વધુ ૨૫૦૦ રૂપિયા મળે તેવી એક ઉપરની મર્યાદા પણ આપણે રાખેલ છે. અને આના માટે ફી મેળવવા માટે મંજૂર કરવા માટે ત્યાંથી હાજર થવાની અને તેના કોર્ટના રજિસ્ટર્ડમાંથી પુરાવા લઈ અને બિલ મુકવાની પ્રક્રિયા હોય છે.

## મુંદ્રા તાલુકાની ઝૂંપડપટ્ટીઓનું વીજળીકરણ

*** ૧૦૫૯૧ શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ગરીબી રેખા હેઠળના ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોના ઘરોનું વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા):**

(૧) અને (૨) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતગર્ત વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ૧૩ વીજજોડાણ આપવામાં આવ્યા છે. જ્યારે ૨૦૦૮-૦૯માં તાલુકા પંચાયત તરફથી લાભાર્થીઓની અરજી મળેલ નથી.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : આ ઝૂંપડપટ્ટી વીજ કનેક્શન એ ગરીબ અને પછાત લોકો માટે બહુ જ અગત્યની યોજના છે. હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. મારા જવાબમાં ૨૦૦૭-૦૮માં ૧૩ વીજ કનૅક્શન આપવામાં આવ્યા છે. ૨૦૦૮-૦૯માં કોઈ અરજી આવેલ નથી. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત અરજી કરવાના નિયમો છે એ કયા નિયમ પ્રમાણે અરજી અને જોડાણ આપવાના નિયમ છે. આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : ઝૂંપડપટ્ટી યોજના એ છેવાડાના માનવીના ઘરમાં વીજળી કનૅક્શન મળે એ માટેની આ યોજના રાજય સરકારે અમલમાં મૂકેલી છે. એની અંદર બી.પી.અલ.નો લાભાર્થી હોવો જોઈએ એની વાર્ષિક આવક અગિયાર હજાર કરતાં ઓછી હોવી જોઈએ. જે કોઈ અરજીઓ ગામડાંમાંથી તાલુકા વિકાસ અધિકારી પાસે પહોંચતી હોય એ અરજીઓ ડિસ્ટ્રિબ્યુશન કંપનીને ઑટોમૅટીક મળે છે. નગરપાલિકા વિસ્તારની અરજીઓ નગરપાલિકામાં રજૂ થતી હોય છે એ પણ ડિસ્ટ્રિબ્યુશન કંપનીને મળતી હોય છે એને આધારે આ વીજ કનૅક્શનો માત્ર ૫૦ રૂપિયામાં ગામડામાં અને ૧૦૦ રૂપિયામાં નગરપાલિકાની અંદર આ કનૅક્શન કરી આપવામાં આવે છે. સભ્યશ્રીની લાગણી છે કે એમના વિસ્તારમાં એક પણ કનૅક્શન ૨૦૦૮-૦૯માં આપ્યું નથી. કોઈ અરજી જ આવી નથી પરંતુ તાલુકા પંચાયત દ્વારા સભ્યશ્રી પણ એક ઝુંબેશ ઉપાડે હું પણ અમારા ત્યાંના અધિકારીઓને કહીશ કે ફરીથી ગામડામાં તપાસ કરે અને કોઈપણ કનૅક્શન બાકી હોય કોઈને ત્યાં વીજળી ન આવી હોય તેવો એક પણ કેસ મળતો હોય તો પ્રો એકટિવ ટ્રાઈ કરીને મુંદ્રા તાલુકામાં એક પણ ઘર બાકી ન હોય તેવી વ્યવસ્થા કરીશું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણ મેળવનારને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, હોય તો કેટલી? બીજો પ્રશ્ન એ છે કે અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કેટલી અરજીઓ આવી અને કેટલા વીજ જોડાણ અપાયા અને કેટલી પડતર છે? ત્રીજો પ્રશ્ન કચ્છ જિલ્લામાં જુદા જુદા તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ઝૂંપડપટ્ટી યોજના દ્વારા કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા?

**શ્રી સૌરભ પટેલ** : કચ્છ જિલ્લામાં કુલ ૨૦૦૮-૦૯માં ૩૭૧૫ કનૅક્શનો આપણે રીલીઝ કર્યા છે એનો ખર્ચ જોઈએ તો ૧ કરોડ ૪૭ લાખ રૂપિયાનો કરવામાં આવ્યો છે. તાલુકાની વિગતો જોઈએ તો ભુજમાં ૬૩૦, નખત્રાણા ૧૬૪, લખપત ૯૬, માંડવી ૩૨૭, મુંદ્રા ઝીરો, અબડાસા ૧૪૩, અંજાર ૫૦૫, ગાંધીધામ ૪૬૪, ભચાઉ ૩૫૦, રાપર ૧૦૩૭, અને નખત્રાણાની વાત કરી છે અત્યાર સુધી ૨૦૦૯-૧૦માં ૭૧ કનૅક્શનો આપ્યા છે. એક પણ કનૅક્શન બાકી ન રહે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. વીજ બિલમાં રાહત આપવાની વાત છે એમાં જે બી.પી.એલ. લાભાર્થી હોય એને માત્ર ૧ રૂપિયાને ૫૦ પૈસામાં પહેલા ૩૦ યુનિટ સુધી આપવાનો નિર્ણય કર્યો છે. આજની તારીખે બધા બી.પી.એલ. કુટુંબો પાસેથી આ પ્રમાણે બિલ લેવામાં આવે છે.

## રાજયના જિલ્લાઓમાં સરકારી વકીલોની નિમણૂક

***૧૦૬૧૩ શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કયા કયા જિલ્લામાં સરકારી વકીલોની નિમણૂક કરવામાં આવી,

(૨) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

**કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) પરિશિષ્ટ-ક મુજબ.

**પરિશિષ્ટ-ક**

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી વકીલનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ રૂરલ | શ્રી પી.એમ. ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી એમ.બી. સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન.પી. મહિડા |
| ૪ | બનાસકાંઠા પાલનપુર | શ્રી ઉદય આચાર્ય |

| | | |
|---|---|---|
| ૫ | ભરૂચ | શ્રી પી.એન. પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગરીશ પી.દવે |
| ૭ | દાહોદ | શ્રી એચ.એમ.જાની (ઈ.ચા.) |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ રાવલ |
| ૯ | જામનગર | શ્રી બી.એચ. ચોટાઈ |
| ૧૦ | જુનાગઢ | શ્રી એન.ડી.મોરી |
| ૧૧ | કચ્છ-ભુજ | શ્રી યોગેશ ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડિયાદ | શ્રી પરેશ ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી સી.એલ.રાજપૂત |
| ૧૪ | નર્મદા રાજપીપળા | શ્રી જે.કે.પંડયા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદ એ રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી પી.એલ.ગાંધી |
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષ ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ.કે. અમલાણી |
| ૧૯ | રાજકોટ | શ્રી નરેન્દ્ર મોહનભાઈ બુંસા |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | શ્રી એ.જે.પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ. સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી જી.સી.પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી પી.આર.ભટ્ટ (ઈ.ચા.) |
| ૨૪ | વલસાડ | કુ.મીતાબેન એ.પટેલ |

(૨) દાહોદ અને વડોદરામાં ખાલી હતી.

(૪) દાહોદ ખાતે તા. ૧૧-૬-૦૯થી નિમણૂક કરેલ છે, જ્યારે વડોદરા ખાતેની જગ્યા પેનલ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૧૩માંથી મને મારો જવાબ મળી ગયેલ છે.

**અધ્યક્ષશ્રી** : સામાન્ય રીતે કોઈ સભ્ય એમ કહે કે મને સંતોષ છે, એટલે પછી પ્રશ્ન મુવ કરતા નથી. એટલે મંત્રીશ્રી તેનો જવાબ આપતા નથી. આપ હવે પૂછી શકો છો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા લેવલે આ એક સીંગલ પોસ્ટ છે. મારે એ જાણવું છે કે સમગ્ર ગુજરાતના જિલ્લાના સરકારી વકીલોની સંખ્યા કરતા આ સંખ્યા લગભગ ૨૪ જેટલી થાય છે. ત્યારે આ જિલ્લા સરકારી વકીલોની પોસ્ટમાં એસ.સી. કે એસ.ટી.ના સરકારી વકીલોની નિમણૂંક થઈ છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : હા, માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૬ સરકારી વકીલો છે, તેમાં ૨ એસ.સી. અને એક એસ.ટી. સરકારી વકીલોની નિમણૂંક થઈ છે. કુલ ત્રણ એસ.સી., એસ.ટી. વર્ગમાંથી સરકારી વકીલ તરીકે નિમણૂંક થઈ છે. સામાન્યત: આ ઓપન સ્પર્ધામાંથી આવતા હોય છે. જેમના મેરીટ્સ હોય તેમને સરકાર ચોક્કસ અગ્રતાક્રમ આપીને એસ.સી., એસ.ટી.ના વર્ગના વકીલોને પણ નિમણૂંક આપે છે. મને કહેતાં આનંદ થાય છે કે ઘણાં લાંબા સમય પછી જિલ્લા સરકારી વકીલ તરીકે એસ.સી., એસ.ટી.ને આ સરકારે સ્થાન આપ્યું છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્રમ-૧થી ૮માં જે નિમણૂંકો આપવામાં આવી છે તેમાં ખાસ કરીને નં.૭. દાહોદ, તો તેમાં નિમણૂંક આપી છે. ફરી ઈન્ચાર્જ લખવામાં આવ્યું છે. તો આ કાયમી પોસ્ટ છે કે કેન્ડીડેટ મળેલા નથી એ માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી અમિત શાહ** : દાહોદમાં જે જિલ્લા સરકારી વકીલ હતા તેમણે તેમના વ્યકિતગત કારણોથી રાજીનામું આપેલ હતું. એટલે ઈન્ચાર્જ તરીકે જે સિનિયર મોસ્ટ મદદનીશ સરકારી વકીલ હતા તેમની નિમણૂંક કરી છે અને તેમના ઈન્ટરવ્યુ કાઢવાની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે અને એ પૅનલ પણ રાજય સરકારને ટૂંક સમયમાં મળી જશે. એટલે નિમણૂંક્ની કાર્યવાહી પણ અમે પૂરી કરી દઈશું.

**ભાવનગર જિલ્લામાં મુખ્ય અને ગૌણ રૉયલ્ટીની વસૂલાત**

*** ૧૦૬૨૦ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં મુખ્ય અને ગૌણ ખનીજની કુલ કેટલી રૉયલ્ટીની વસૂલાત થયેલ છે અને

૨. બાકી રહેતી રૉયલ્ટીની વસૂલાત માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ):

૧. મુખ્ય ખનીજની રૉયલ્ટી રૂા. ૭૫૫.૯૮ લાખ
ગૌણ ખનીજની રૉયલ્ટી રૂા. ૩૭૬.૧૪ લાખ
રૂા.૧૧૩૨.૧૨ લાખ

૨. તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષના સમયગાળાની કોઈ રૉયલ્ટીની રકમ બાકી નથી. ફક્ત એક કેસમાં ડેડરેન્ટ પેટે રૂા. ૮૭,૨૩૨/- વસૂલ કરવાના બાકી છે. જેમાં પટ્ટેદારને કરાર ખત શરતભંગ કરવા બદલ લીઝ રીન્યુઅલ અરજી રદ માટે નોટિસ આપી સુનાવણી રાખવામાં આવી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અંદર ખનિજોમાં કિંમતી ખનીજ લીગ્નાઈટ ઉપલબ્ધ કરાવી આપવા બદલ અને ઉદ્યોગોની સાથે સાથે ભાવનગર જિલ્લાને રોજગારી પૂરી પાડવા બદલ સરકારશ્રીને અને મંત્રીશ્રીને, મુખ્યમંત્રીશ્રીને ભાવનગર જિલ્લાના તમામ લોકો વતી હું લાખ-લાખ અભિનંદન પાઠવું છું. સાથે સાથે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રશ્નના જવાબમાં જણાવ્યા મુજબ એક વર્ષમાં ૧૧ કરોડથી વધુ જે રૉયલ્ટીની આવક થયેલ છે તેમાં લીગ્નાઈટ ખનીજમાંથી કેટલી રોયલ્ટીની આવક થયેલ છે અને આ લીગ્નાઈટ જે કિંમતી ખનીજ ઉપલબ્ધ થયેલ છે એ તાલુકાવાર કેટલી લીઝ આવેલી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ લીગ્નાઈટ વિશે વાત કરી છે. લીગ્નાઈટની કુલ ત્રણ લીઝ ભાવનગર જિલ્લામાં આપી છે. તેમાં ૫,૧૮૦ હેકટર એરિયાનો સમાવેશ થાય છે. સભ્યશ્રીએ બીજો સવાલ પૂછ્યો છે કે રાજયની અંદર લીગ્નાઈટ આધારિત કેટલી આવક થઈ? રાજયની કુલ રૉયલ્ટીની આવક ૧૧ કરોડ ૩૨ લાખ હતી. તેની અંદર લીગ્નાઈટની આવક ૭ કરોડ ૫૧ લાખ રૂપિયા હતી. આ જે નવી માઈનીંગ ચાલુ કરી તેનાથી ઓછામાં ઓછા ૭ કરોડ રૂપિયા રાજય સરકારને લીગ્નાઈટમાં આવક વધી છે અને ૨૦૦૪-૦૫માં માત્ર ૩૫ લાખ રૂપિયા હતી. તેના આજે ૭ કરોડ ૫૧ લાખ રૂપિયા થયા છે. અગત્યનું એ છે કે રાજય સરકારની આવક કરતા લીગ્નાઈટના કારણે આજુબાજુના વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઉભી થઈ છે. આજની તારીખમાં માસિક ૬૦ હજાર મેટ્રિકટન લીગ્નાઈટ આપણે ત્યાંથી કાઢીએ છીએ અને તેના કારણે રોજની ઓછામાં ઓછી ૧૫૦થી ૨૦૦ ટ્રકો ફેરા કરે છે. તેના કારણે તેના કારણે સર્વીસ સૅક્ટરને ખૂબ મોટી તકો ઉભી થઈ છે. વધારે આપણે આ લીગ્નાઈટ જે આવતા દિવસોમાં કાઢવાનો છે તેના કારણે વધારે રોજગારી મળે. એ માટે નાના મોટા ઉદ્યોગો એ વિસ્તારના હોય કે બાજુના વિસ્તારના હોય એમના માટે નીતિ બનાવીને લાભ કેવી રીતે મળે એના માટેની પૉલિસી બનાવવાનું વિચારી રહ્યા છીએ.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે લાઈમ સ્ટોનની રૉયલ્ટી છે એ સમગ્ર રાજયની કેટલી આવે છે? ભાવનગર જિલ્લાની પ્રતિવર્ષ લાઈમ સ્ટોનની રૉયલ્ટી કેટલી છે? એ હું જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લાઈમ સ્ટોનની રાજયની કેટલી રૉયલ્ટી છે એની માહિતી મારી પાસે નથી. પરંતુ લાઈમસ્ટોનનું માઈનીંગ કરીએ છીએ એ લીઝ છે, ૨૦૦૮-૦૯ના વર્ષની રૂ.૧.૪૭ લાખની રૉયલ્ટી લાઈમ સ્ટોનની મળી છે અને એ સ્થળ મહુવા તાલુકાની અંદર આવેલું છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ખનીજ ચોરી અને રૉયલ્ટીની ચોરી અટકાવવા શું કરવા માગે છે અને આ અંગે કોઈ પગલાં લીધાં હોય તો એની વિગતો શું છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ જિલ્લા પૂરતું મર્યાદિત રહેજો. રાજયની વિગતો નહીં.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની નીતિ હોય એ જ રાજયની અંદર લાગુ પડતી હોય છે. ઓવર ઑલ શું કરવા માગીએ છીએ એની માહિતી આપું. જે મિનરલ્સ અને માઈનીંગની અંદર મુખ્યમંત્રીશ્રીની સૂચના પ્રમાણે માસ્ટર પ્લાન બનાવ્યો છે અને એ માસ્ટર પ્લાન દ્વારા આવતા દિવસોમાં હાઈટૅકનો ઉપયોગ કરીશું. દરેક માઈનીંગની લીઝની અંદર કેવી રીતે આઈ.ટી.નું કનૅક્શન આપી શકાય? એમાં વ્યવસ્થા એવી ગોઠવવા માગીએ છીએ કે આવતા દિવસોમાં મેજર મિનરલ્સને પહેલાં લઈએ એ મેજર મિનરલ્સની રૉયલ્ટી ભરવાની પ્રક્રિયાથી માંડીને, એના ટ્રાન્સપોર્ટેશનની પ્રક્રિયાથી માંડીને આ એડવાન્સ રૉયલ્ટીથી માંડી આ બધું જ આઈ.ટી. દ્વારા કરવામાં આવે એવું રાજય સરકાર દ્વારા આયોજન કરવામાં આવશે અને એના દ્વારા ઑન ધ સ્પૉટ ચૅકીંગ કરવામાં આવશે. એ ચૅકીંગની અંદર પહેલેથી જ ખબર પડી જાય, કયાંથી માલ કોણ વાપરે છે. એ પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવશે. આજની તારીખે ફલાઈંગ સ્કવૉર્ડ દ્વારા અને કલેકટરશ્રી દ્વારા અને અમે અહીંથી પણ ટીમો મોકલીને ચૅકીંગની કામગીરી કરીએ છીએ. એ રીતે ચોરી પકડવાનું કામ કરીએ છીએ.

**સન ૨૦૦૫માં થયેલ વાઈબ્રન્ટ સમિટ હેઠળ જુનાગઢ જિલ્લામાં રોજગારી**

***૯૭૩૯ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સન ૨૦૦૫માં થયેલ વાઈબ્રન્ટ સમિટના કારણે જુનાગઢ જિલ્લામાં કેટલા લોકોને રોજગારી મળવાનો અંદાજ હતો, અને

(૨) તે પૈકી મે-૨૦૦૯ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કેટલા લોકોને રોજગારી પ્રાપ્ત થઈ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)

(૧) વર્ષ ૨૦૦૫માં થયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સમયે એમ.ઓ.યુ. કરવા માટે સૂચિત રોજગારીનો અંદાજ મેળવવામાં આવેલ ન હતો.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૨૦૦૫ની અંદર વાઈબ્રન્ટ ગુજરાતમાં કેટલા એમ.ઓ.યુ. થયા અને રાજયમાં કેટલી રોજગારી મળી?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાની અંદર ૨૦૦૫ની અંદર બે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. એની અંદર પૉર્ટ ડૅવલપમેન્ટ માટે જી.એમ.બી.એ એક કરાર કર્યો હતો અને સ્ટીમર પૉર્ટનો એ કરાર હતો. બીજો કરાર ટુરીઝમ ડીપાર્ટમેન્ટનો પ્રોજૅક્ટ હતો. આવી રીતે બે એમ.ઓ.યુ. ૨૦૦૫માં કરવામાં આવ્યા હતા. ઓવર ઑલ જોવા જઈએ તો ટુરીઝમનો પ્રોજૅક્ટ ડ્રોપ કરવામાં આવ્યો હતો અને જે જી.એમ.બી.નો પ્રોજૅક્ટ હતો એની અંદર પ્રીકવોલિફિકેશન બીડ કાઢ્યા હતા અને એમાંથી જે પાર્ટી જોડે પ્રોજૅક્ટનો કરાર કર્યો હતો એ પાર્ટી જોડે કરાર ન કર્યો પણ શાપુરજી પાલનજીએ સ્ટીમર અને છારા જગ્યાએ આ પ્રોજૅક્ટ હાથમાં લીધો છે અને આવતા દિવસોમાં એની કામગીરી ચાલશે.

## સુરત જિલ્લા ન્યાયાલયનું મંજૂર થયેલ મહેકમ

*** ૧૦૫૯૮ શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લા ન્યાયાલય માટે વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર કરેલ મહેકમમાંથી કેટલી જગ્યાઓ ભરી છે, અને કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, અને

(૩) બાકી રહેવાના કારણો શાં અને આ ખાલી જગ્યાઓ કયારે ભરાશે?

**કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી :**

(૧) સુરત જિલ્લા ન્યાયાલય માટે ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કોઈ કોર્ટ સ્થાપવામાં આવેલ ન હોય સંવર્ગવાર મહેકમ મંજૂર કરવાનો પ્રશ્ન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સુરત જિલ્લામાં ન્યાયાલય ખાતેનું મંજૂર મહેકમ કેટલું છે અને જે મંજૂર છે એમાંથી હાજર કેટલું છે અને ખાલી કેટલું છે અને જે ખાલી છે એ ભરવા માટેનું આયોજન શું છે અને કયારે ભરાશે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાની અંદર કુલ ૪૯ કોર્ટો આવેલી છે અને ૪૯ કોર્ટોની અંદર જે જુદા જુદા સંવર્ગ પ્રમાણેનું જે મહેકમ છે એ આ પ્રમાણે છે અને એની ખાલી જગ્યાઓ આ પ્રમાણે છે. અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ની ૮ જગ્યાઓ મંજૂર થઈ છે. એમાંથી ૬ ખાલી છે. ગુજરાતી સ્ટેનોની ૨ મંજૂર થઈ છે એમાંથી ૧ ખાલી છે. રજીસ્ટાર અને અધિક રજીસ્ટારની ૩ મંજૂર થઈ છે એમાંથી ૩-૩ ભરાયેલી છે. અંગ્રેજી સ્ટેનો -૨ ની ૧૯ છે એમાંથી ૧૦ ભરાયેલી છે. ૯ ખાલી છે. ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ એમાં ૨૦ મંજૂર થયેલી છે અને ૨૦-૨૦ ભરાયેલી છે. હેડકલાર્ક ૧૧ મંજૂર થયેલા છે એમાંથી ૧૦ ભરાયેલા છે અને ૧ ખાલી છે. સીનીયર કલાર્કની ૬૧ની જગ્યા મંજૂર થયેલ છે એમાંથી ૫૯ ભરાયેલી છે અને ૨ ખાલી છે. ગ્રંથપાલની ૧ જગ્યા છે એ ખાલી છે. ઝેરોક્ષ ઑપરેટરની ૨૩૩ જગ્યાઓ મંજૂર થયેલ છે એમાંથી ૨૧૧ ભરાયેલ છે અને ૨૨ ખાલી છે. બેલીફની ૬૭ જગ્યાઓ મંજૂર થયેલ છે એમાંથી ૬૪ ભરાયેલી છે ૩ ખાલી છે. ડ્રાઈવરની ૭ જગ્યાઓ મંજૂર થયેલ છે એમાંથી ૪ ભરાયેલ છે ૩ ખાલી છે. હવાલદારની ૨ જગ્યાઓ મંજૂર થયેલ છે એમાંથી બેય જગ્યા ખાલી છે. નાયકની ૫ જગ્યાઓ મંજૂર થયેલ છે ૫-૫ ભરાયેલી છે. બુકબાઈન્ડરની ૧ જગ્યા મંજૂર થયેલ છે ૧ ભરાયેલ છે. પટાવાળાની ૧૦૫ જગ્યા મંજૂર થઈ છે. ૧૦૦ ભરાયેલી છે. ૫ જગ્યા ખાલી છે. વોચમેનની ૧૫ જગ્યા મંજૂર થઈ છે એમાંથી ૧૨ ભરાયેલી છે. ૩ ખાલી છે. લીફટમેનની ૩ જગ્યા મંજૂર થઈ છે ૩-૩ ભરાયેલી છે. વોટર સર્વરની ૩ જગ્યાઓ મંજૂર થયેલ છે ૩-૩ જગ્યાઓ ભરાયેલી છે. આસીસ્ટનની ૨૩૩ જગ્યાઓ મંજૂર થઈ છે એમાંથી ૨૧૧ જગ્યાઓ ભરાયેલી છે. અને ૨૨ ખાલી છે. જેલ વોર્ડનની ૩ જગ્યાઓ મંજૂર થઈ છે એમાંથી ૩-૩ જગ્યાઓ ભરાયેલી છે. અને સ્વીપરની ૧ જગ્યા મંજૂર થઈ છે અને ૧ જગ્યા ભરાયેલી છે. બધા જ તબકકાની જુદીજુદી પ્રકારની ભરતીની પ્રક્રિયા અત્યારે હાલ કાયદા વિભાગની અંદર ચાલી જ રહી છે પરંતુ એટલું હું ચોકકસ કહેવા માગુ છું કે છેલ્લા ૪ વર્ષની અંદર ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮ની અંદર જૂદાજૂદા વર્ગની રાજયની અંદર કુલ ૧૨૦૨ જગ્યાઓ જૂની ભરતી કરી છે અને લગભગ ૧૪૦૦ જેટલી જગ્યાઓ નવી ઉભી કરી અને એની ભરતી કરી છે અને આ જગ્યાઓ માટે પણ જે ભરતીની પ્રક્રિયાઓ છે એ જુદાજુદા તબકકે ચાલુ જ છે અને પછી એ જગ્યાઓ સુરત ન્યાયાલય માટે પણ ભરવામાં આવશે.

**સાબરકાંઠા જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશન**

*** ૧૦૬૩૪ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કાર્યરત થયેલ છે, અને

(૩) બાકીના કેટલા સમયમાં કાર્યરત થશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧), (૨) અને(૩)

સાબરકાંઠા જિલ્લામાં તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના કુલ ૩(ત્રણ) નવા સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા. જે તમામ કાર્યરત થયેલ છે.

| સબ સ્ટેશનનું નામ | તાલુકાનું નામ |
|---|---|
| ચન્દ્રાણી | હિંમતનગર |
| નાન્દોજ (કાલી ડુંગરી) | ભિલોડા |
| સામ્બાલિયા (હિંગટીયા ) | ખેડબ્રહમા |

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રી મહોદયશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે સાબરકાંઠા જિલ્લામાં રાજયમાં જે સબસ્ટેશનો સ્થાપવાનું ૨૦૦૯-૧૦માં આયોજન છે એમાંથી સાબરકાંઠામાં કેટલા સ્થાપવામાં આવનાર છે. મારો બીજો પ્રશ્ન એ છે કે આ જે સાબરકાંઠા જિલ્લામાં સબસ્ટેશનો સ્થપાયા છે તે તાલુકાવાઈઝ અને લોકોને સરળતાથી લાભ મળી શકે એવી પરિસ્થિતિમાં છે કે કેમ અને એક તાલુકાના ગ્રાહકોને બીજા તાલુકામાં બિલ ભરવા અથવા તો વીજળીની ખામીના કારણે જવું પડે છે અને એની ઓફીસ દૂર હોય તો ઘણી તકલીફ અનુભવવી પડે છે તો જે તે તાલુકામાં આ ઓફીસીયલ કાર્ય અને સબસ્ટેશનો તાલુકામાં હોય અને ત્યાંથી પ્રવાહ આપવામાં આવે તો ઘણી સરળતા રહે તો આ આયોજન આપ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી.એ. સબ સ્ટેશન અંગે જે માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછયો છે એમાં ૨૦૦૯-૧૦માં રાજ્ય સરકારે સાબરકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી.એ. સબ સ્ટેશન મુનપુર તા. હિંમતનગર ખાતે કરવાનું આયોજન લીધું છે. જમીન સંપાદનનું કામ થઈ ગયું છે. ટૂંક સમયમાં કામગીરી ચાલું થશે. હાલમાં તાલુકાવાર સબ સ્ટેશનોમાં બાયડમાં ૫, ભિલોડામાં ૩, ધનસુરામાં ૨, હિંમતનગરમાં ૧૦, ઈડરમાં ૮, ખેડબ્રહ્મામાં ૨, માલપુરમાં ૧, મેઘરજમાં ૩, મોડાસામાં ૪, પ્રાંતિજમાં ૬, તલોદમાં ૨, વડાલીમાં ૨ અને વિજયનગરમાં ૩ એમ કરીને કુલ ૫૧ સબ સ્ટેશનો સાબરકાંઠા જિલ્લામાં છે. સભ્યશ્રીએ વાત કરી કે ૬૬ કે.વી.એ. સબ સ્ટેશન એક તાલુકામાં હોય અને વીજળીનું બિલ બીજે આપવા જવું પડતું હોય છે. જે ઉત્તર ગુજરાત વીજ કંપની છે એનું ટ્રાન્સમિશન ડિવિઝન છે એ જેટકોમાં છે અને ડિસ્ટ્રીબ્યુશન ડિવિઝન જુદું હોય છે. અને આ તાલુકાવાઈઝ નથી. એ લોકોને એરિયા સોંપાય, એ લોકો પોતાના ડિવિઝન અને સબ ડિવિઝન મુજબ કરતા હોય છે. એટલે સબ ડિવિઝનની અંદર જે ગ્રાહક હોય એણે સબ ડિવિઝન ઑફિસમાં જવું પડતું હોય છે. પરંતુ જો સભ્યશ્રીને કોઈ તકલીફ હોય અને કોઈ વ્યવસ્થા થઈ શકતી હોય તો ચોક્કસ મારી પાસે આવે તો હું કોઈ વ્યવસ્થા ગોઠવવાની કોશિશ કરીશ.

**ગુજરાત વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની જગ્યાઓ**

*૧૦૬૨૩ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ગુજરાત વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે,

(૨) આ પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે, અને

(૩) ખાલી રહેલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

**કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ગુજરાત વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની કોઈ જગ્યા મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, હાઈકોર્ટમાં નહીં તો અમદાવાદની અન્ય કોઈ કોર્ટમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની નિમણૂંક કરવામાં આવી છે? એના માટે લાયકાત શું છે અને એની શરતો શું છે તથા એને કેટલા સમય માટે લઈએ છીએ.

**શ્રી અમિત શાહ** : આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટર એ મેજિસ્ટ્રેટની કોર્ટ અને જે.એમ.એફ.સી. કોર્ટમાં ભરતી કરવામાં આવતા હોય છે. કોઈ એક જિલ્લા માટે પર્ટીક્યુલર ભરતી થતી નથી. સમગ્ર રાજ્ય માટે ભરતી થાય છે અને જિલ્લાઓમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટર મૂકવામાં આવે છે. અત્યારે ૨૪૨ આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની ભરતીની પ્રક્રિયા ચાલું છે અને ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે એની સ્પર્ધાત્મક પરીક્ષાનું કામ પણ પૂરું થઈ ગયું છે. એનું પરિણામ પણ ત્રણ દિવસ પહેલાં જાહેર થઈ ગયું છે અને ટૂંક સમયમાં જ એમની નિમણૂંકની પ્રક્રિયા પૂરી થશે. એ પૂરી થવાથી અમદાવાદ શહેરમાં કુલ ૪ જગ્યા ખાલી છે એ ચાર જગ્યા ભરાઈ જવાની છે. ગ્રામ્યમાં ૩ જગ્યા ખાલી છે એ પણ ભરાઈ જવાની છે અને સાણંદમાં એક જગ્યા ખાલી છે એ પણ ભરાઈ જવાની છે. એમણે લાયકાત અને પ્રક્રિયા અંગે પૂછ્યું છે. આની અંદર આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની ભરતી માટે ૨૫ થી ૩૫ વર્ષની વચ્ચે ઉંમર હોય એવી વ્યક્તિને લાયક ગણવામાં આવે છે. કાયદાના સ્નાતકની ડિગ્રી ધરાવવી ફરજિયાત છે અને રાજ્યની કોઈપણ કોર્ટમાં ત્રણ વર્ષની સળંગ વકીલાત અને ફોજદારી બાજુ વકીલાતનો અનુભવ ધરાવતા હોય એને પ્રાથમિકતા આપવામાં આવે છે. આસિસ્ટંટ પબ્લિક પ્રોસીક્યુટરની જગ્યાઓ ભરવા માટે જાહેર સેવા આયોગ મારફતે એક સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે અને એ પરીક્ષામાં જે લોકો પાસ થાય છે એમને નિમણૂંક આપવામાં આવે છે. ક્યાં સુધીની નિમણૂંકનો સવાલ છે એના જવાબમાં જણાવીશ કે નિવૃત્તિની વય મર્યાદા સુધીની નિમણૂંકનો ઑર્ડર કરવામાં આવે છે. રાજ્ય સરકારના મહેકમની અંદર જ એમનો સમાવેશ કરવામાં આવે છે.

## વડોદરા જિલ્લામાં વાહનોની નોંધણી

*૧૦૬૪૫ **શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા ટુ વ્હીલર અને ફૉર વ્હીલર વાહનોની નોંધણી કરવામાં આવી છે, અને

(૨) તે પેટે સરકારને કેટલી આવક થયેલ છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) કુલ ૫૧,૮૮૩ ટુ વ્હીલર અને ૧૧,૭૪૧ ફૉર વ્હીલર વાહનોની નોંધણી કરવામાં આવી છે.

(૨) રૂપિયા ૪૦.૯૦ કરોડની આવક થયેલ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા મહાનગરમાં અત્યારે જે આર.ટી.ઓ. કચેરી છે એની આજુબાજુમાં ચારેય બાજુ નિવાસસ્થાનો આવેલા છે અને બહુ ગીચ રોડ ઉપર ટ્રાફિકનું ભારણ થઈ ગયેલ છે. તો આ ઑફિસ, કાર્યાલયને શહેર બહાર વિશાળ કાર્યાલયમાં લઈ જવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. કચેરીની અંદર શહેરના બધા નાગરિકો એ જેઓ લાઈસન્સ ધારકો હોય, જે વાહન ખરીદતાં હોય અને બીજા પરચૂરણ કામો હોય, દંડની જોગવાઈ લાગું પડી હોય કે દરેક પ્રકારના કામો માટે ખૂબ અવરજવર કરવી પડતી હોય છે એટલે એકદમ શહેરની બહાર લઈ જવું તો શક્ય નથી. પરંતુ એનું વિભાજન અને વધુ મોટી જગ્યા મળે એ માટે અમારો વિભાગ તપાસી જ રહ્યો છે. સભ્યશ્રીની લાગણી બરોબર છેકે ટ્રાફિકની સમસ્યાઓ અને બીજી સમસ્યાઓ છે. પરંતુ યોગ્ય જગ્યા મળે નહિ ત્યાં સુધી તો અત્યારે આ કચેરી આ જગ્યાએ ચાલુ રાખવાનો અમારો નિર્ણય છે.

## ભૂજ એરપોર્ટને પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું નામાભિધાન

***૮૦૨૨શ્રીજયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ભૂજ એરપોર્ટને પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું નામાભિધાન કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગત શી છે?

**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) હા, જી.

(૨) ઉ.ખા.વિભાગના તા.૬-૬-૦૫ ના પત્રથી કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે. ત્યારબાદ કેન્દ્ર સરકારને તા.૩૧-૮-૦૫, તા.૨૮-૨-૦૮ અને તા.૫-૫-૦૮ના રોજ સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે એ વ્યકિતનું નામ લીધું હોય તો પણ આજે આપણા સૌનું માથું ગૌરવભેર ઊંચું થાય કે જેમણે દેશ માટે પ્રથમ ક્રાંતિકારી અને ક્રાંતિનો માર્ગ

બતાવ્યો અને દેશને સાચી આઝાદી આપી હોય એવી વિરલ વ્યકિતનું નામ અને એ પણ અમારાં કચ્છ સાથે જોડાયેલું હોય ત્યારે આપણા સૌને ગૌરવ થાય અને આઝાદી માટે જેમણે ખૂબ બલિદાન આપ્યું છે એવા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું નામ કચ્છના એરપોર્ટ સાથે જોડવા માટે કેન્દ્ર સરકારની * (xxxx) નીતિ એ ખરેખર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ * (xxxx) શબ્દ કાઢીને આગળ વાત કરો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : કેન્દ્ર સરકારની જે નકારાત્મક નીતિ છે એ નીતિ માટે રાજ્ય સરકારે, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ચાર વખત એના માટે પત્રો લખવામાં આવ્યાં પણ હજુ સુધી કેન્દ્ર સરકારનું વલણ સ્પષ્ટ થતું નથી ત્યારે ખરેખર આવા ક્રાંતિવીરો માટે પણ જો કેન્દ્ર સરકારનો આ અભિગમ છે એ ખૂબ * (xxxx) છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ *(xxxx) શબ્દ કાઢી નાંખું છું. કારણ કે મેં અગાઉ પણ કહ્યું છે કે આપ આપનો પ્રતિભાવ ચોક્કસ આપો પણ વ્યંગ અને ટીકા વીના આપો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : દુઃખદ છે તો રાજ્ય સરકાર આ બાબતે કોઈ વધુ ચોક્કસ અભિગમ કરી અને કેન્દ્ર સરકાર પાસેથી આ માગણીનો કોઈ સુખદ રીતે ઉકેલ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સમજી શકાય એવી છે. સરકારે આના માટે એક સ્પેશ્યલ કમિટી રચી હતી અને એ કમિટીએ રાજ્યના ઘણાં બધા એરપોર્ટના નામકરણ કરવા માટે આપણે દિલ્હી રજૂઆત મોકલી હતી. એમાં ભૂજ એરપોર્ટમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માજીના નામે એરપોર્ટ બનાવવાની દરખાસ્ત આપણે તા.૬-૬-૨૦૦૫એ મોકલી હતી. આ પછી તા.૩૧-૮-૨૦૦૫, ૨૮-૨-૨૦૦૮ અને તા.૫-૫-૨૦૦૮ એમ ત્રણ રિમાઈન્ડર આપણે કેન્દ્ર સરકારને મોકલ્યાં હતા. પરંતુ આ સેન્ટ્રલ સેકટરનો સબ્જેકટ હોવાના કારણે આપણને કેન્દ્ર સરકાર પાસેથી કોઈ જ ઉત્તર મળ્યો નથી. પરંતુ આવતાં દિવસોની અંદર ફરીથી આપણી રજૂઆત આપણે ભારપૂર્વક ચોક્કસ કહીશું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે રાજ્ય સરકાર કોઈ મંત્રીશ્રીના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર પાસે વિચારણા કરવા માટે કોઈ કમિટી બનાવવા સરકાર ઈચ્છે છે કે શું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓલરેડ્ડી નામકરણ કરવા માટેના સૂચનો માટેની કમિટી ઓલરેડ્ડી હાજરમાં જ છે. પરંતુ સભ્યશ્રીની લાગણી છે. ચોક્કસપણે એકવાર રિમાઈન્ડર આપી, હું પોતે સમય માગી લઈશ અને સમય માગ્યાં પછી હું કેન્દ્રના મંત્રી પાસે જઈને આનો ખાસ ભારપૂર્વક આગ્રહ કરીશું કે ભાઈ અમારાં કચ્છના બધા ધારાસભ્યશ્રીઓની અને ગુજરાતની પ્રજાની લાગણી છે કે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના નામે ભૂજ એરપોર્ટ કરવામાં આવે.

### પોલીસ દળના આધુનિકરણ માટે ફાળવેલ રકમ

*** ૯૫૬૭ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે ૨૦૦૮-૦૯ના નાણાકીય વર્ષમાં કેટલી રકમનું આયોજન કરેલ હતું.

(૨) તે પૈકી કેટલી રકમ વપરાઈ, અને કેટલી રકમ બાકી રહેવા પામી હતી, અને

(૩) ઉકત રકમ બાકી રહેવાનાં કારણો શાં છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા કરાતી ફાળવણી મુજબ રાજ્યમાંથી દરખાસ્ત મોકલવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯ના નાણાકીય વર્ષમાં રૂા.૫૩૩૩ લાખની દરખાસ્ત મોકલવામાં આવેલ હતી.

(૨) અને (૩)

આ પૈકી રૂા.૪૬૭૪.૭૦ લાખ રૂપિયા એટલે કે ૮૫ ટકા ખર્ચ કરવામાં આવેલ હતો. રૂા.૬૫૮.૩૦ લાખની રકમ બાકી રહેવા પામી હતી. રાજ્ય સરકારે રૂા.૫૩.૩૩ કરોડના પ્લાનની દરખાસ્ત ભારત સરકારને તા.૨૨-૪-૦૮ના પત્રથી મોકલેલ. પરંતુ ભારત સરકારે તા.૧૪-૮-૦૮ના રોજ રૂા.૪૪૫૭.૦૩ લાખની અને તા.૨૨-૧૨-૦૮ના રોજ રૂા.૮૫૭.૯૭ લાખની મંજૂરી આપેલ. ભારત સરકાર દ્વારા યોજના હેઠળ જેમ જેમ રકમ મંજૂર થતી રહી તેમ તેમ ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોલીસ દળના આધુનિકરણની આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી? શરૂ થઈ ત્યારથી પહેલા કેટલી રકમ કેન્દ્રએ ફાળવી હતી? અત્યારે હાલની પરિસ્થિતિમાં કેટલો ઘટાડો કરવામાં આવ્યો છે અને ભવિષ્યમાં કેટલી ફાળવશે? ત્રીજું, આ આધુનિકરણ માટે કેન્દ્ર ફાળવણી કરતી હોય તો તેની શરતો શું છે?

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસ આધુનિકરણની યોજના, જે M.P.F. તરીકે જાણીતી બની છે એ જ્યારે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની શ્રી અટલબિહારી બાજપાઈજીના નેતૃત્વવાળી સરકાર હતી એ વખતે ૨૦૦૦-૦૧માં શરૂ કરવામાં આવી હતી અને હું એવું ચોક્કસ માનું છું કે, જો M.P.F.ની યોજના શરૂ કરવામાં ના આવી હોત તો દેશભરના પોલીસ દળો અત્યારે જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે એ સામનો કરવા માટે ચોક્કસપણે સજ્જ ના હોત, એટલું મોટું યોગદાન પોલીસ દળોને આધુનિક કરવામાં આ યોજનાનું રહ્યું છે અને ખૂબ મોટી સહાય રાજયોને મળી છે. આ યોજના સમગ્ર દેશમાં ૨૦૦૦-૦૧થી લાગુ કરવામાં આવી હતી, ૨૦૦૦-૦૧માં ૧૧૯.૫૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલા હતા, ૨૦૦૧-૦૨માં ૧૦૦ કરોડ, ૨૦૦૨-૦૩માં ૧૦૦ કરોડ, ૨૦૦૩-૦૪માં ૧૦૦ કરોડ, અને મને જણાવતાં થોડું દુ:ખ થાય છે કે, છેલ્લા ત્રણ વર્ષથી આમાં એટલો મોટો કાપ મૂકવામાં આવ્યો છે. ૨૦૦૬-૦૭માં ૫૩ કરોડ, ૨૦૦૭-૦૮માં ૬૯ કરોડ અને ૨૦૦૮-૦૯માં ૬૪ કરોડ. આ M.P.F. ની યોજનામાં ગુજરાત જેવા સરહદી રાજયને પણ જો કાપ સહન કરવાનો આવે, એ યોગ્ય નથી લાગતું પરંતુ જે છે એ આ હકીકત છે અને ગુજરાત ખર્ચ કરવામાં આખા દેશમાં પહેલા નંબરે રહ્યું છે, એક પણ વખત આપણી ગ્રાન્ટ પડી નથી રહી અને એક પણ વખત આપણી ગ્રાન્ટ બીજા કોઈ હેડે નીચે નથી વાપરવામાં આવી. અનેક જગ્યાએ બીજા હેડ નીચે વાપરી છે આપણા રાજયનો રૅકૉર્ડ આ દૃષ્ટિએ એકદમ સુંદર રહ્યો છે કે જે હેડ નીચે ગ્રાન્ટ આપવામાં આવી છે એ હેડ નીચે જ એનો ખર્ચ કર્યો છે અને સો ટકા ખર્ચો આપણે કરી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે એમાં શરતો શું હોય છે? એમાં દરેક વર્ષે જુદી જુદી શરતો બદલાતી રહી છે. શરૂઆતમાં ૨૫ ટકા કેન્દ્રીય ફાળો, ૨૫ ટકા લોન અને ૫૦ ટકા રાજયનો ફાળો હતો પછી ૬૦ ટકા કેન્દ્રીય ફાળો, લોન નાબૂદ થઈ, ૪૦ ટકા રાજયનો ફાળો નક્કી થયો, અને અત્યારે ૭૫ ટકા કેન્દ્રનો ફાળો અને ૨૫ ટકા રાજયનો ફાળો એ રીતે હોય છે. અને બીજી શરતમાં શરૂઆતમાં થોડુંક એનું વાયોલેશન જુદા જુદા રાજયો દ્વારા થયું અને એ પછી કેન્દ્ર સરકારે નવી શરત ઉમેરી છે આનો ટોટલ પ્લાન બનાવી રાજયે ભારત સરકારને મોકલવાનો હોય છે અને એ પ્લાનમાં કેટલા હાઉસીંગમાં ખર્ચ કરીશું, કેટલા વાહનોમાં ખર્ચ કરીશું, કેટલા પોલીસ મથકોને આધુનિક કરવામાં ખર્ચાશે, કેટલા દૂરસંચારમાં ખર્ચ કરીશું, કેટલા કનેકટીવીટીમાં ખર્ચ કરીશું, કેટલા સર્વેલન્સમાં ખર્ચ કરીશું આની ડિટેઈલ માહિતી, કિંમતો સાથે, ઉપકરણોના નામો સાથે મોકલવાની હોય છે અને પછી ભારત સરકાર મંજૂર કરે છે એ રીતે જ આપણે એમાં ખર્ચ કરી શકીએ છીએ, એ પ્રકારની શરતો આમાં રાખવામાં આવી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે આતંકવાદીઓ સહિત અસામાજિકતત્વો આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને પ્રજા વિરુદ્ધ ગુનાઓ કરે છે ત્યારે પોલીસના આધુનિકરણ માટેની આ અત્યંત ઇચ્છનીય યોજનામાં આપના દ્વારા જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં આ આધુનિકરણના ભાગરૂપે શું કાર્યવાહી થઈ છે અને અદ્યતન સાધનો પોલીસ વિભાગને આપવા માટેની આવતા સમયમાં શું આયોજન છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સૌથી પહેલાં તો હું કહેવા માગું છું કે, સેટીસફેકશન રેશિયો પોલીસ હાઉસીંગનો પ્રશ્ન છે ત્યાં સુધી ૯૦ ટકાને ક્રોસ કરી ગયા છે અને ૧૦ ટકા લોકો જોડે પોતાના મકાનો છે એટલે ૧૦૦ ટકા લોકોને રહેવાની સુવિધા આપણે કરી લીધી છે અને છેલ્લા ત્રણ વર્ષોમાં ૧૩ નવા પોલીસ સ્ટેશનોના મકાનો બાંધ્યા છે, મહેસાણા જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનોની કનેકટીવીટી પણ પૂરી કરી દીધો છે અને વાહનો પણ ૧૯૯૭ પછીનું એક પણ વેહિકલ આજે મહેસાણા જિલ્લામાં કામ કરતું નથી, અતિ આધુનિક રાયફલો આપવાનું કામ પણ મહેસાણા જિલ્લામાં આ વર્ષની અંદર હાથ ધરવાનું છે અને કૉમ્પ્યુટર, ફેકસ અને ઝેરોક્ષ મશીનો એ પણ દરેકે દરેક પોલીસ સ્ટેશનોને મહેસાણા જિલ્લામાં પૂરા પાડવાની કામગીરી પૂરી કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### સુરતમાં ચાલુ વાહને થયેલ સામૂહિક બળાત્કાર

૯૭૫૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૨-૬-૦૯ના રોજ સુરતમાં ચાલુ વાહને થયેલ સામૂહિક બળાત્કાર પ્રકરણમાં આરોપીઓએ પોલીસ ખાતાના સરકારી વાહનનો ઉપયોગ કર્યો હતો તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સરકારી વાહન કઈ પોલીસ કચેરી અને ક્યા અધિકારી હસ્તક હતું, અને

(૩) અતિ ગંભીર ગુન્હાહીત પ્રવૃત્તિમાં વપરાયેલ પોલીસ વાહન માટે જવાબદાર પોલીસ અધિકારી સામે શાં પગલાં લેવાયાં ?

**જવાબ**

(૧) આ કિસ્સામાં આરોપીઓએ પોલીસ ખાતાના સરકારી વાહનનો ઉપયોગ કર્યાની હકીક્ત ખોટી છે. કોઇ સરકારી વાહનનો ઉપયોગ થયેલ નથી.

(૨) અને (૩) આ ગુનાની ઘટના બનતા તા. ૧૨-૬-૦૯ના રોજ ખટોદરા પો.સ્ટે. I ગુ.ર. નં. ૧૯૧/૦૯, ઇપીકો કલમઃ ૩૬૩, ૩૬૬, ૩૭૬(જ), ૫૦૬(૨), ૧૧૪ અન્વયે ત્રણ આરોપીઓની સામે ૦ નંબરથી ૧૨.૨૦ ક્લાકે ગુનો નોંધવામાં આવેલ અને આ ગુનામાં સંડોવાયેલ ત્રણેય આરોપીઓની ૨૦.૦૫ ક્લાકે અટકાયત કરવામાં આવેલ છે.

ગુનો બન્યા બાદ સાહેદની પૂછપરછ કરવામાં આવેલ અને સાહેદે આપેલ કાર તથા આરોપીઓના વર્ણનના આધારે ત્વરિત તપાસ કાર્ય હાથ ધરવામાં આવેલ આ ગુનાની તપાસમાં ક્રાઇમ બ્રાન્ચને પણ જોડવામાં આવેલ.

ક્રાઇમ બ્રાન્ચે પેટ્રોલીંગ દરમ્યાન સાહેદે આપેલ વર્ણન મુજબની કાર નાનપુરા હબીબશા મહોલ્લાના નાકેથી શોધી કાઢેલ જે કાર એક આરોપીના નામે છે. આમ સાહેદે શોધી કાઢેલ કારના આધારે આ ગુનામાં સંડોવાયેલ ત્રણેય આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે.

આમ, આ ગુનાના કામે સભાનતાપૂર્વકના સઘન પ્રયાસના ફલસ્વરૂપે આ ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે.

### સી.પી.આઈ. કચેરી દેડીયાપાડાની મરામત

૯૮૫૭ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોજે દેડીયાપાડા જિ. નર્મદામાં આવેલ સી.પી.આઈ. કચેરી છેલ્લા ઘણાં વર્ષથી જર્જરિત હાલતમાં છે તે હકકીતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ જર્જરિત મકાન મરામત કરવા સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) અને (૨) સી.પી.આઇ. કચેરી, દેડીયાપાડાના મકાન માટે ફાળવેલ જમીન રોડ માર્જીનમાં આવતી હોવાથી અન્ય જગ્યાએ જમીન મેળવવાની કાર્યવાહી ગતિમાં છે. સી.પી.આઇ. કચેરી માટે પોલીસ ખાતા પાસે પોતાનું મકાન ન હોવાથી હાલ તાલુકા પંચાયતના મકાનમાં કાર્યરત છે, જેના રીપેરીંગ માટેની કાર્યવાહી પણ અલગથી હાથ ધરવામાં આવી રહી છે.

------------

### આણંદ જિલ્લામાં ખેતી માટેના વીજ કનેક્શનોની અરજીઓ

૧૦૧૩૯**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કૂવા ઉપર ૭.૫ હો.પા. કે તેથી વધુ હો.પા.ની મોટર મુક્વા વીજ જોડાણ મેળવવાની ખેડૂતોની

**જવાબ**

(૧) વર્ષ ૧૯૯૬ થી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કૂવા ઉપર ૭.૫ હો.પા. કે તેથી વધુ હો.પા. ની મોટર મુક્વા વીજ જોડાણ મેળવવાની

તાલુકાવાર કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

ખેડૂતોની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા | ક્યારથી પડતર છે |
|---|---|---|
| આણંદ | ૪૮૮ | ૧૯-૧૧-૯૮ |
| બોરસદ | ૪૮૪ | ૨૪-૧૦-૯૬ |
| પેટલાદ | ૨૯૪ | ૧૦-૪-૯૭ |
| ખંભાત | ૪૨૨ | ૭-૬-૯૭ |
| ઉમરેઠ | ૨૮૯ | ૪-૮-૯૮ |
| આંકલાવ | ૨૫૩ | ૩-૮-૯૮ |
| તારાપુર | ૩૨ | ૨૦-૧૨-૯૮ |
| સોજીત્રા | ૧૩૭ | ૨૬-૨-૯૯ |

(૨) લાંબા સમયથી જે અરજીઓ પડતર છે તેવા ખેડૂતોને સરકાર વહેલી તકે વીજ જોડાણ મળે તેવું આયોજન કરવા માગે છે કેમ, અને

(૨) સામાન્ય યોજના હેઠળ અરજીઓની નોંધણીની તારીખના અગ્રતાક્રમ મુજબ કામગીરી થતી હોય છે. નાણાકીય જોગવાઇ, વીજ ઉત્પાદન, વીજમાંગ ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ તથા વીજતંત્ર પર પડનાર બોજાને લક્ષમાં લઇ પ્રતિવર્ષ પડતર અરજીઓના સપ્રમાણ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. આ તમામ પાસાઓને લક્ષમાં લઇ બાકી વીજજોડાણોની કામગીરી હાથ ધરાય છે.

(૩) આવા અરજદારોએ ફી પેટે ભરેલી કેટલી રકમ સરકારમાં જમા છે ?

(૩) અરજદારોની રજીસ્ટ્રેશન ફી પેટે રૂ. ૩,૯૪,૩૫૦ રકમ સંબંધિત વિજ કંપનીમાં જમા છે.

------------

**ભરૂચ જિલ્લામાં માટી, રેતી અને મેટલની લીઝ**

૯૪૧૩**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર માટી, રેતી તથા મેટલની કેટલી લીઝ આપવામાં આવેલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં માટી, રેતી તથા મેટલની ૧૯ લીઝો આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | બ્લેક્ટ્રેપ | રેતી | માટી | કુલ |
|---|---|---|---|---|
| ઝઘડીયા | ૪ | ૩ | ૦ | ૭ |
| ભરૂચ | ૦ | ૨ | ૫ | ૭ |
| વાગરા | ૦ | ૦ | ૪ | ૪ |
| અંકલેશ્વર | ૦ | ૦ | ૧ | ૧ |
| **કુલ :** | **૪** | **૫** | **૧૦** | **૧૯** |

(૨) સરકારને રોયલ્ટીનું નુક્સાન ન થાય તે માટે વર્ષમાં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૨) કુલ ૪૯ વખત.

(૩) ચેકીંગ દરમ્યાન તેમની સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

(૩) ચેકીંગ દરમ્યાન ૧૫૮ કેસોમાં પકડાયેલ કસુરદારો સામે એમ.એમ.(ડી.આર.) એક્ટ-૧૯૫૭ ની કલમ ૨૧(૫) હેઠળ નિયમોનુસાર રૂ. ૪૪.૩૯ લાખ દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે.

------------

**ભિલોડા તાલુકામાં ખેતી માટેની વીજળી**

૧૦૮૦૮ **ડૉ.અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્યા ક્યા વિસ્તારોમાં ખેતી માટેની વીજળી દરરોજ ચાર કલાક પણ આપી શકાઈ નથી,

(૨) એના કારણો શાં છે, અને

(૩) દરરોજ ઓછામાં ઓછા આઠ કલાક વીજળી

**જવાબ**

(૧) અને (૨) ભિલોડા તાલુકામાં બધાજ વિસ્તારોમાં ખેતી માટે દરરોજ સરેરાશ આઠ(૮) કલાક વીજ પુરવઠો આપવામાં આવેલ છે.

(૩) કૃષિ ક્ષેત્રે સામાન્ય સંજોગોમાં આઠ કલાક

ખેતી માટે આપવા સરકારનું શું આયોજન છે ?

વીજળી અપાતી હોય છે. રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે માટે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડિયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ ક્લાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદઉપરાંત જ્યારે આઠ ક્લાક કરતા ઓછી વીજળી આપવામાં આવે ત્યારે તેને પછીના દિવસોમાં સરભર કરી આપવામાં આવે છે. તદઉપરાંત સમયાન્તરે પાક્ની જરૂરિયાતને ધ્યાને લઇને ઉભા પાક્ને બચાવી લેવા અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મુકીને પણ ખેડૂતોને જરૂરીયાત મુજબ પૂરતા સમય માટે વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

------------

**રાજ્યની કોર્ટોમાં કેસોનો ભરાવો**

૧૦૬૨૮**શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યની કોર્ટોમાં દિન-પ્રતિદિન થઈ રહેલ કેસોનો ભરાવો દૂર કરવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) સરકારે વડી અદાલતના પરામર્શ હેઠળ જુદા જુદા જિલ્લા/તાલુકા સ્તરે જુદા જુદા સંવર્ગની કુલ-૮૦ નવી કોર્ટોની સ્થાપના કરેલ છે.

(૨) ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા કેસોનો ઝડપી નિકાલ કરવામાં આવેલ છે.

(૩) સાંધ્યકોર્ટના અમલથી પેટી કેસોની સંખ્યામાં ભારે ઘટાડો થયેલ છે અને તેથી પેટી કેસોના ભરાવામાં ઝડપી નિકાલ થયેલ છે.

(૪) સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટી દ્વારા રેગ્યુલર લોક અદાલતોનું આયોજન કરી પડતર કેસોના નિકાલ માટે અભિયાન સતત ચાલે છે.

(૫) કોર્ટોમાં કેસોના ભરાવાના નિકાલ માટે વડી અદાલત અસરકારક પગલાં લઈ રહી છે અને જ્યાં જરૂર જણાય ત્યાં જરૂરી સૂચનાઓ જારી કરે છે.

(૬) તકરારોના નિવારણ/શાંતિપૂર્વક ઉકેલ માટે અમદાવાદ સીટી સીવીલ કોર્ટ, ફેમીલી કોર્ટ અમદાવાદ, રાજકોટ અને જામનગર ખાતે ""મેડીટેશન સેન્ટરો""ની સ્થાપના કરેલ છે જેથી કેસોનો ઝડપી નિકાલ થાય છે.

(૭) પડતર કેસોના ઝડપી નિકાલ કરવા માટે સરકાર વડી અદાલત સાથે ઘનિષ્ટ પરામર્શમાં છે.

------------

**વીજળીના દરમાં ફ્યુઅલ એડજસ્ટમેન્ટ કોસ્ટમાં થયેલ વધારો/ઘટાડો**

૭૫૪૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજળીના દરમાં ફ્યુઅલ એડજસ્ટમેન્ટ કોસ્ટમાં ક્યારે અને કેટલો વધારો, ઘટાડો કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) ઈલેક્ટ્રિસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ, ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે.

નામ. આયોગના તા.૨૫/૦૬/૨૦૦૪ના હુકમથી બળતણ ખર્ચ/વીજ ખરીદીનાં ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસૂલ કરવાની પધ્ધતિ નક્કી કરેલી છે. વીજદરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાના ભાવોમાં

કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમ જ આ બળતણોનાં પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા, જે તે બેઝીક વર્ષના બળતણ/વીજ ખરીદીના કિંમતોની સરખામણીએ થતાં બળતણ/વીજ ખરીદીની કિંમતોના વધારાને ધ્યાનમાં લેતાં, ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ, નામ. આયોગે નક્કી કરેલી પધ્ધતિ મુજબ વસૂલ કરવાની જરૂર પડે છે. ફ્યુઅલ સરચાર્જને કારણે થતો કોઈ પણ વધારો કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી અને તે સંપૂર્ણપણે રાજ્ય સરકાર ભોગવે છે.

તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાંની વિજ વિતરણ કંપનીઓ દ્વારા ત્રિમાસિક સમયગાળાનો ફ્યુઅલ સરચાર્જ, ગ્રાહકો પાસેથી વસૂલ કરેલ છે. જે નીચે મુજબ છે.

મે-જુન ૨૦૦૬માં પાયાના વર્ષ ૨૦૦૩-૦૪ની સરખામણીએ બળતણના ભાવોમાં કોઈ વધારો ન થતાં, કોઈ ફ્યુઅલ સરચાર્જ ન હતો.

જુલાઈ-૦૬થી ડિસેમ્બર-૦૭ના સમયગાળામાં ૧૨ પેસાનો ફ્યુઅલ સરચાર્જ થયેલ. જે પેકી કૃષિ વપરાશના ફ્યુઅલ સરચાર્જનું રૂા. ૧૯૪ કરોડનું ભારણ સરકારે ભોગવેલ છે.

જાન્યુઆરી-માર્ચ ૨૦૦૮માં ફ્યુઅલ સરચાર્જમાં ૧૮ પેસા પ્રતિ યુનિટ ઉમેરાતાં તે વધીને ૩૦ પેસા થયેલ. જે પેકી કૃષિ વપરાશના રૂા. ૧૦૪ કરોડનું ભારણ સરકારે ભોગવેલ છે.

એપ્રિલ-જુન ૨૦૦૮માં ફ્યુઅલ સરચાર્જ વધીને ૧૦૦ પેસા પ્રતિ યુનિટ થયેલ. પરંતુ કૃષિ વપરાશનો રૂ.૨૬૮ કરોડનો સંપૂર્ણ બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે. આ ઉપરાંત બિન ખેતી વપરાશના ગ્રાહકો પાસેથી માત્ર ૬૫ પેસા પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ વસુલ કરી બાકીના ૩૫ પેસા પ્રતિ યુનિટ પેટે રૂ.૨૭૫ કરોડનો બોજો સરકારે ભોગવેલ છે.

જુલાઈ-સપ્ટેમ્બરમાં ફ્યુઅલ સરચાર્જ ૮૪ પેસા પ્રતિ યુનિટ હતો. જે પેકી કૃષિ વપરાશનો રૂ.૧૬૬ કરોડનો સંપૂર્ણ બોજો સરકારે ભોગવેલ છે. જ્યારે કૃષિ સિવાયના ગ્રાહકો પાસેથી માત્ર ૭૫ પેસા પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ વસુલ કરી બાકીના ૯ પેસા પ્રતિ યુનિટ પેટે રૂ.૭૧ કરોડનો બોજો સરકારે ભોગવેલ છે.

ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૦૮માં ફ્યુઅલ સરચાર્જ ૯૧ પેસા પ્રતિ યુનિટ હતો. જે પેકી કૃષિ વપરાશનો રૂ.૩૧૦ કરોડનો સંપૂર્ણ બોજો સરકારે ભોગવેલ છે.

જાન્યુઆરી-માર્ચ ૨૦૦૯માં ફ્યુઅલ સરચાર્જ રૂ. ૧.૨૯ પેસા પ્રતિ યુનિટ થયેલ પરંતુ વધારાની વસુલાત કરવાને બદલે અગાઉના ક્વાર્ટરના ધોરણે ૯૧ પેસા પ્રતિ યુનિટની વસુલાત ચાલુ રાખેલ છે. જેમાં કૃષિ વપરાશ માટે સરકારે રૂ.૩૩૧ કરોડનો બોજો ભોગવેલ છે.

એપ્રિલ-મે ૨૦૦૯ના ક્વાર્ટરમાં ફ્યુઅલ સરચાર્જ ૯૯ પેસા પ્રતિ યુનિટ હતો. તે પેકીની ૮ પેસા પ્રતિ યુનિટ

વધારાની વસુલાત કરવાને બદલે અગાઉના ક્વાર્ટરના ધોરણે ૯૧ પેસા પ્રતિ યુનિટ ગ્રાહકો પાસેથી વસુલાત ચાલુ રાખેલ છે. જેમાં કૃષિ વપરાશનો રૂ.૨૪૦ કરોડનો બોજો સરકારે ભોગવેલ છે.

ફ્યુઅલ કોસ્ટમાં થયેલ વધારાના કારણો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) | વીજ ઉત્પાદન માટે વપરાતા કોલની કિંમતોમાં ભારત સરકાર દ્વારા વધારો કરવામાં આવતાં. |
| (૨) | ભારત સરકાર દ્વારા અવાર-નવાર કોલસાના નુર-પરિવહનમાં વધારો કરવામાં આવતાં. |
| (૩) | ભારત સરકાર દ્વારા રાજ્યને સ્થાનિક કોલસાની ઓછી ફાળવણી કરીને રાજ્યના વીજ મથકોને ફ્યુઅલ તરીકે મોંઘા આયાતી કોલના વધુ વપરાશ કરવાની ફરજ પાડવામાં આવતાં. |
| (૪) | ભારત સરકાર દ્વારા રાજ્યના ગેસ આધારિત મથકોને ગેસનો પૂરતો પૂરવઠો ન ફાળવવાના કારણે, તેમજ ગેસના ભાવોમાં વધારો કરવામાં આવતાં. |
| (૫) | પેટ્રોનેટ એલએનજી મારફત રાજ્યના વીજ મથકો માટે અગાઉ મળતાં ગેસના પુરવઠાના ભાવોમાં ભારત સરકાર દ્વારા "પુલીંગ ઓફ પ્રાઈસ" થતાં પેટ્રોનેટ એલએનજી પાસેથી રાજ્યને વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ થનાર ગેસનો પુરવઠો દહેજથી પાઈપલાઈન નાંખીને મહારાષ્ટ્ર ખાતે સ્થપાયેલ ડાભોલ પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવતાં. |
| (૬) | ભારત સરકાર દ્વારા રાજ્યના વીજ મથકોને આપવામાં આવતાં એપીએમ ગેસમાં અવાર-નવાર ઘટાડો થતાં. |
| (૭) | ભારત સરકાર દ્વારા પન્ના-મુક્તા-તાપ્તી ફિલ્ડમાંથી રાજ્યના વીજ મથકો માટે ફાળવવામાં આવતો ગેસનો પુરવઠો ગેલ ઈન્ડીયાને ફાળવવાના પરિણામે રાજ્યના વીજ મથકોએ મોંઘાભાવે સ્પોટ આરએલએનજીનો વપરાશ કરવો પડતો હોવાથી. |

(૨) આ દરેક વધારા-ઘટાડાથી રાજ્યના દરેક પ્રકારના વિજ ગ્રાહકો ઉપર કેટલો બોજો/રાહત આપવામાં આવ્યો, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ઉપર મુજબ ફ્યુઅલ સરચાર્જ વસુલ કરવામાં આવ્યો છે. પરંતુ, તેની સાથોસાથ અનુક્રમે;

(૧) કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સરકાર ભોગવે છે નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા.૯૦/- કરોડ, વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા.૧૧૫/- કરોડ, ૨૦૦૮-૦૯માં રૂા.૭૯૪/- કરોડ અને વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૧-૬-૨૦૦૯ સુધીમાં રૂા.૨૪૯.૯૭૫૦ કરોડની સબસીડી રાજ્ય સરકારે ચૂકવેલ છે.

(૨) જ્યારે, કૃષિ સિવાયના વીજ ગ્રાહકો પર અનુક્રમે; વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા.૨૩૪/- કરોડ, વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા.૪૬૮/- કરોડ, વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા.૨૫૧૪/- કરોડ તથા વર્ષ ૨૦૦૯-૧૦માં એપ્રિલ-મે ૦૯માં રૂા.૪૪૦/- કરોડ જેટલો બોજો છે. કૃષિ સિવાયના

ગ્રાહકોએ આ ફ્યુઅલ સરચાર્જ જે તે ગ્રાહકોએ સંપુર્ણ રીતે ભોગવવાનો હોય છે. પરંતુ, એપ્રિલ-જુન ૨૦૦૮ અને જુલાઇ-સપ્ટેમ્બર ૨૦૦૮નાં બે ક્વાર્ટરમાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ અસામાન્ય વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, એપ્રિલ-જુનનાં ક્વાર્ટર માટેનાં ૭૦ પેસા પ્રતિ યુનિટની વધારાની રકમ પેકીની ૫૦% રકમ એટલે કે, ૩૫ પેસા પ્રતિ યુનિટ તેમજ જુલાઇ સપ્ટેમ્બરનાં ક્વાર્ટર માટેનાં ફ્યુઅલ સરચાર્જનાં વધારા પેકીની ૦૯ પેસા પ્રતિ યુનિટની રકમ વીજ વિતરણ કંપનીઓને સબસીડી આપીને રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. આમ, આ બંને ક્વાર્ટરના અનુક્રમે રૂા.૨૭૫/- કરોડ અને રૂા.૭૧/- કરોડ, એમ કુલ રૂા.૩૪૬/- કરોડનો બોજો ભોગવેલ છે.

(૩) વધુમાં, જાન્યુ.-માર્ચ, ૨૦૦૯ના ત્રિમાસિક સમયગાળા દરમ્યાન વસુલાતપાત્ર રકમ રૂા.૧.૨૯ પ્રતિ/યુનીટ તથા એપ્રિલ-જુન ૦૯ના રૂા.૦.૯૯ પ્રતિ/યુનીટની સામે ગ્રાહકો પર વધારાનું ભારણ ન આવે તે હેતુથી અગાઉના ક્વાર્ટરના ધોરણે રૂા.૦.૯૧ પ્રતિ/યુનીટની વસુલાત ચાલુ રાખેલ છે.

(૩) પેટ્રોલીયમ પેદાશોના ભાવમાં ઘટાડો થયા પછી ફ્યુઅલ એડજસ્ટમેન્ટ કોસ્ટમાં તુરત જ રાહત ન અપાઈ તે હકીક્ત સાચી છે અને જો હા, તો તેના કારણો શા છે?

(૩) ડિઝલ-પેટ્રોલના ભાવો કેન્દ્ર સરકાર દ્વારા નિયંત્રિત હોવાથી તેનો વીજ ઉત્પાદન માટે વપરાતાં અન્ય ફ્યુઅલના ભાવો સાથે કોઇ સીધો સંબંધ નથી.

વધુમાં વીજ ઉત્પાદન માટે વપરાતા ફ્યુઅલ એટલે કે, કોલના ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી. તેમજ કોલના પરિવહન કે રોયલ્ટીના દરોમાં પણ કેન્દ્ર સરકાર દ્વારા કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી.

પરંતુ આંતર-રાષ્ટ્રીય માર્કેટમાં આરએલએનજીના ભાવોમાં ઘટાડો થતાં, તદ્દનુસાર ફ્યુઅલ કોસ્ટમાં ઘટાડો થયેલ છે. અને તેથી જાન્યુઆરી-માર્ચ ૦૯ના ક્વાર્ટરના ખરેખર રૂા.૧.૨૯ પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ સામે એપ્રિલ-જુન ૦૯માં ખરેખર ફ્યુઅલ સરચાર્જ ઘટીને ૯૯ પેસા પ્રતિ યુનિટ થયેલ છે. વાસ્તવમાં જાન્યુઆરી ૨૦૦૯ થી કેન્દ્ર સરકાર દ્વારા ગેસના ભાવોમાં ૩૦ ટકા વધારો થયેલ છે. પરિણામે રાજ્યના વીજ મથકોને પ્રતિ માસ રૂા.૨૦ કરોડનું ભારણ આવેલ છે. આ ભાવ વધારો કેન્દ્ર સરકાર દ્વારા ન થયો હોત તો એપ્રિલ-જુન ૨૦૦૯માં ફ્યુઅલ સરચાર્જ ૯૯ પેસાથી વધારે ઘટાડી શકાયો હોત.

રાજ્યના વિજ મથકો માટે રિલાયન્સના ૧૦૦ ટકા ગેસની સંપૂર્ણપણે ફાળવણી અને ડોમેસ્ટીક ગેસ તેમજ ગુણવત્તાવાળો કોલ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવે તો, રાજ્યના વીજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને રાજ્યના ગ્રાહકોને તેનાથી ફ્યુઅલ સરચાર્જના દરોમાં ચોક્કસ રાહત આપવામાં આવશે.

------------

## અમદાવાદમાં બોડી મસાજ પાર્લરમાં ચાલતા ધંધાઓ

૯૫૧૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદમાં બોડી મસાજ પાર્લરના નામે સંખ્યાબંધ જ્યાએ જાહેરમાં વેશ્યાવૃત્તિના ધંધા ચાલી રહ્યા છે તે અત્યંત ગંભીર હકીક્તથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) અમદાવાદ શહેરમાં સન-૨૦૦૭, ૨૦૦૮

**જવાબ**

(૧) અમદાવાદમાં બોડી મસાજ પાર્લરના નામે સંખ્યાબંધ જ્યાએ જાહેરમાં વેશ્યાવૃત્તિનાં ધંધા ચાલી રહ્યા છે તે હકીક્ત સાચી નથી. સરકારના સઘન અને સભાનતા પુર્વક્ના પ્રયાસોને કારણે રેડ દરમ્યાન આવા અમુક બનાવો ધ્યાન ઉપર આવેલ છે. આવા અનેતિક ધંધાઓને ડામી દેવા સરકાર કટીબધ્ધ છે.

(૨) આ અંગેની વિગતો નીચે મુજબ છે.

અને ૨૦૦૯માં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કઈ કઈ જ્યાએ આવા ગેરકાનૂની દેહવ્યાપાર ચાલતો હોવાનું ધ્યાન પર આવેલ છે.

**સને-૨૦૦૭**

૧) નિકુલ કોમ્પ.ની દુકાન નં.૪/૨, ગુરુકુળ ત્રણ રસ્તા, અમદાવાદ.

૨) ન્યુ બંધુ નગર સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ.

**સને-૨૦૦૮**

૧) વિજ્ય કોમ્પ.ની દુકાન નં.૬, ગુંજન હેર એન્ડ કેર તથા દુકાન નં.૨૦ તાજ હેર એન્ડ કેરમાં ગુજ. યુનિ. રોડ.

૨) સ્ટેડીયમ સર્કલ પાસે આવેલ ઇશ્વર કોમ્પ.ના બેઝમેન્ટમાં આવેલ ફોરમ બ્યુટી પાર્લર તથા ડેની હેર એન્ડ કેર બ્યુટી પાર્લર.

૩) એ/૧, રાધે એપાર્ટમેન્ટ, રાજનગર પાસે, પાલડી, એલીસબ્રીજ.

**સને-૨૦૦૯**

૧) અવાલ કોમ્પ. માનસી પાર્લર તથા વેલકમ બ્યુટી પાર્લર, ઇન્કમટેક્ષ સર્કલ પાસે, નારણપુરા.

૨) ઇન્કમટેક્ષ સર્કલ પાસે આવેલ અવાલ કોમ્પ.ના ભોંયરામાં દુકાન ૯, એપોલો બ્યુટી પાર્લર, નારણપુરા.

૩) જુના વાડજ યુનિયન બેન્કની બાજુ સુપથ બિલ્ડીંગ વિ.૨ દુર વિરાજ હેર એન્ડ બ્યુટી પાર્લરની દુકાનમાં.

૪) જુલી બ્યુટી પાર્લર તથા લાજ બ્યુટી પાર્લર, જીતેન્દ્ર કોમ્પ., વસ્ત્રાપુર.

૫) કિંજલ બ્યુટી પાર્લર હેર એન્ડ કેર દુકાન નં.૩૬ મેનેજમેન્ટ એન્ક્લેવ, વસ્ત્રાપુર.

૬) સાનીયા બ્યુટી પાર્લર, ગોયલ પ્લાઝા, પ્રેમચંદનગર, વસ્ત્રાપુર, અમદાવાદ.

૭) પીયુસ હેર એન્ડ કેર બ્યુટી પાર્લર, ચીનમય કોમ્પ. વસ્ત્રાપુર, અમદાવાદ.

૮) વેલડન હેર એન્ડ કેર બ્યુટી પાર્લર, ચીનમય કોમ્પ. ક્રીસ્ટલ ટાવર, વસ્ત્રાપુર.

૯) રાધીકા બંગ્લોઝ, શોપીંગ સેન્ટરની અંદર આવેલ આરતી હેર આર્ટસ સલુનમાં.

૧૦) મોતી હોટલના ખાંચામાં આવેલ મોનીકા હેર સલુન.

(૩) ઉક્ત સ્થિતિએ આવા ગુન્હાઓ બદલ કેટલા કેસો રજીસ્ટર થયા.

(૩) ૧૫ ગુના રજીસ્ટર થયા. આવા ગુનાઓમાં કુલ સંડોવાયેલ ૬૩ પૈકી ૬૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

(૪) આવી પ્રવૃત્તિઓ ચાલતી હોવાથી સંબંધીત વિસ્તારના પોલીસ અધિકારીઓ સામે શાં પગલાં લેવાયાં છે, અને

(૪) આવી પ્રવૃત્તિ ચાલતી હોવાની માહિતી મળ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે તેથી પોલીસ અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) આવા દેહવ્યાપારને સદંતર ડામી દેવા સરકારે શી વ્યવસ્થા કરી છે?

(૫) આવી પ્રવૃત્તિ ડામી દેવા સારું

૧. સ્થાનિક પોલીસ તરફથી અવાર નવાર આવા સ્થળોની ખાનગી રીતે તપાસ કરી પ્રવૃત્તિ જણાયે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

૨. સ્થાનિક પોલીસ ઉપરાંત ક્રાઇમ બ્રાન્ચ

તરફથી પણ રેઇડો કરી કેસો કરવામાં આવે છે.

૩. આવી પ્રવૃત્તિ બંધ કરાવવા સારું ઇસમો વિરુધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવાની તજવીજ જારી છે.

૪. ખાનગી બાતમીદારોથી તપાસ કરાવી તેમજ પ્રજાજનો તરફથી કોઇ હકીકત, બાતમી, કે રજુઆત મળેથી કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**ઉના તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૦૫૮૫**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના)માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : જિલ્લા પંચાયત દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં તમામ ૧૨૬ પેટાપરાંનું અગાઉ વીજળીકરણ થઇ ગયેલ હોવાથી કોઇ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

**સુરત જિલ્લામાં જ્યોતિગ્રામની સુવિધા**

૯૩૯૧ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના તમામ તાલુકાના તમામ ગામડા.માં જ્યોતિગ્રામની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ, અને

(૨) જો હા, તો દરેક ગામ જ્યોતિગ્રામ વીજ કનેક્શનથી જોડાયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨) : સુરત જિલ્લાના તમામ તાલુકાના પરંપરાગત વીજળીકરણ થયેલ હોય તેવાં તમામ ૧૧૬૭ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળીકરણથી આવરી લેવાયેલ છે.

------------

**અમદાવાદ શહેર અને જિલ્લાના પોલિસ સ્ટેશનોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૯૪૫૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલા પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક* ૧ અને ૨ મુજબ

(૨) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેકટીવ પ્લાન તૈયાર કરેલ છે તેના ભાગરૂપે વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટરોની તથા ૧૬૫ ખાસ સ્પર્ધાત્મક બઢતીના પોલીસ સબ ઈન્સ્પેકટરોની નિમણૂંકો કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં સીધી ભરતીના ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટરો અને ખાસ સ્પર્ધાત્મક બઢતીના ૫૪૪ પોલીસ સબ ઈન્સ્પેકટરોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે. વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૫૩૯૦ લોકરક્ષકોને નિમણૂંક આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં ૮૭૩૪ સીધી ભરતીના લોકરક્ષકોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## ખેડા જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર મહેકમ

૯૮૧૮**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ મંજૂર થયેલું મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ મુજબ

### પત્રક નં. ૧

| અ.નં. | પો.સ્ટે. | હેડ | તા. ૩૧-૦૩-૦૯ની સ્થિતિએ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | P.I. | P.S.I. | અ.હે.કો. A.S.I. | પો.કો. | આ.હે.કો. A.S.I. | આ.પો.કો. |
| ૧ | નડીયાદ ટાઉન | મંજુર મહેકમ | ૧ | ૮ | ૩૧ | ૧૦૫ | ૨૧ | ૭૬ |
| | | હાજર મહેકમ | ૧ | ૭ | ૩૯ | ૮૧ | ૨૦ | ૬૪ |
| | | ખાલી જગ્યા | -- | ૧ | + ૮ | ૨૪ | ૧ | ૧૨ |
| ૨ | નડીયાદ પશ્ચિમ | મંજુર મહેકમ | -- | ૧ | ૧૫ | ૩૬ | ૧ | ૩ |
| | | હાજર મહેકમ | -- | ૧ | ૧૪ | ૩૦ | ૩ | ૮ |
| | | ખાલી જગ્યા | -- | -- | ૧ | ૬ | + ૨ | + ૫ |
| ૩ | નડીયાદ રૂરલ | મંજુર મહેકમ | | ૨ | ૧૩ | ૨૨ | ૧ | ૩ |
| | | હાજર મહેકમ | | ૧ | ૧૫ | ૨૦ | ૨ | ૬ |
| | | ખાલી જગ્યા | | ૧ | + ૨ | ૨ | + ૧ | + ૩ |
| ૪ | કપડવંજ ટાઉન | મંજુર મહેકમ | | ૧ | ૧૭ | ૩૯ | ૭ | ૨૪ |
| | | હાજર મહેકમ | | ૨ | ૧૩ | ૨૬ | ૭ | ૧૯ |
| | | ખાલી જગ્યા | | + ૧ | ૪ | ૧૩ | - | ૫ |
| ૫ | કપડવંજ રૂરલ | મંજુર મહેકમ | | ૧ | ૨૦ | ૩૪ | ૨ | ૭ |
| | | હાજર મહેકમ | | ૨ | ૧૮ | ૩૨ | ૧ | ૮ |
| | | ખાલી જગ્યા | | + ૧ | ૨ | ૨ | ૧ | + ૧ |
| ૬ | આંતરસુંબા | મંજુર મહેકમ | | ૧ | ૯ | ૧૦ | ૧ | ૬ |
| | | હાજર મહેકમ | | ૧ | ૮ | ૫ | - | ૮ |
| | | ખાલી જગ્યા | | - | ૧ | ૫ | ૧ | + ૨ |
| ૭ | બાલાસિનોર | મંજુર મહેકમ | ૧ | ૧ | ૧૫ | ૨૭ | ૮ | ૩૧ |
| | | હાજર મહેકમ | ૧ | ૧ | ૧૪ | ૨૧ | ૮ | ૨૦ |
| | | ખાલી જગ્યા | - | - | ૧ | ૬ | - | ૧૧ |
| ૮ | ચકલાસી | મંજુર મહેકમ | | ૨ | ૧૭ | ૪૩ | ૨ | ૬ |
| | | હાજર મહેકમ | | ૨ | ૧૩ | ૩૪ | ૨ | ૯ |
| | | ખાલી જગ્યા | | - | ૪ | ૯ | - | + ૩ |
| ૯ | મહુધા | મંજુર મહેકમ | | ૨ | ૧૪ | ૨૬ | ૩ | ૯ |
| | | હાજર મહેકમ | | ૨ | ૧૩ | ૨૧ | ૬ | ૧૩ |
| | | ખાલી જગ્યા | | - | ૧ | ૫ | + ૩ | + ૪ |
| ૧૦ | માતર | મંજુર મહેકમ | | ૧ | ૧૬ | ૨૬ | ૩ | ૧૩ |
| | | હાજર મહેકમ | | ૧ | ૧૨ | ૧૦ | ૪ | ૬ |
| | | ખાલી જગ્યા | | - | ૪ | ૧૬ | + ૧ | ૭ |
| ૧૧ | લીંબાસી | મંજુર મહેકમ | | ૧ | ૧૧ | ૧૫ | ૧ | ૩ |
| | | હાજર મહેકમ | | ૧ | ૧૧ | ૯ | ૧ | ૫ |
| | | ખાલી જગ્યા | | - | - | ૬ | - | + ૨ |
| ૧૨ | ખેડા ટાઉન | મંજુર મહેકમ | | ૧ | ૧૪ | ૨૭ | ૨ | ૭ |
| | | હાજર મહેકમ | | ૨ | ૧૪ | ૨૮ | ૨ | ૮ |
| | | ખાલી જગ્યા | | + ૧ | - | + ૧ | - | + ૧ |
| અ.નં. | પો.સ્ટે. | હેડ | તા. ૩૧-૦૩-૦૯ની સ્થિતિએ | | | | | |
| | | | P.I. | P.S.I. | અ.હે.કો. A.S.I. | પો.કો. | આ.હે.કો. A.S.I. | આ.પો.કો. |
| ૧૩ | કઠલાલ | મંજુર મહેકમ | | ૧ | ૧૬ | ૩૩ | ૧ | ૬ |
| | | હાજર મહેકમ | | ૨ | ૧૪ | ૨૭ | ૨ | ૧૨ |
| | | ખાલી જગ્યા | | + ૧ | ૨ | ૬ | + ૧ | + ૬ |
| ૧૪ | મહેમદાવાદ | મંજુર મહેકમ | | ૨ | ૧૮ | ૪૧ | ૫ | ૧૯ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હાજર મહેક્મ | | ૨ | ૧૭ | ૩૯ | ૫ | ૧૪ | |
| | | ખાલી જગ્યા | | - | ૧ | ૨ | - | ૫ | |
| ૧૫ | વસો | મંજુર મહેક્મ | | ૧ | ૧૨ | ૧૭ | ૧ | ૩ | |
| | | હાજર મહેક્મ | | ૧ | ૧૪ | ૭ | ૧ | ૩ | |
| | | ખાલી જગ્યા | | - | + ૨ | ૧૦ | - | - | |
| ૧૬ | વીરપુર | મંજુર મહેક્મ | | ૧ | ૧૦ | ૧૩ | ૧ | ૩ | |
| | | હાજર મહેક્મ | | ૧ | ૯ | ૧૧ | ૨ | ૬ | |
| | | ખાલી જગ્યા | | - | ૧ | ૨ | + ૧ | + ૩ | |
| ૧૭ | ઠાસરા | મંજુર મહેક્મ | | ૨ | ૧૫ | ૩૦ | ૪ | ૧૪ | |
| | | હાજર મહેક્મ | | ૨ | ૧૪ | ૨૦ | ૫ | ૧૩ | |
| | | ખાલી જગ્યા | | - | ૧ | ૧૦ | + ૧ | ૧ | |
| ૧૮ | ડાકોર | મંજુર મહેક્મ | | ૨ | ૧૬ | ૩૩ | ૪ | ૧૫ | |
| | | હાજર મહેક્મ | | ૨ | ૧૩ | ૨૫ | ૭ | ૧૦ | |
| | | ખાલી જગ્યા | | - | ૩ | ૮ | + ૩ | ૫ | |

(૨) તે પેકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સામેલ પત્રક-૨ મુજબ

**પ ત્ર ક -૨**

| અ. નં. | પો.સ્ટે. | ૬ માસ સુધીના | | | | | ૭ થી ૧૨ માસ સુધીના | | | | | ૧૨ માસ થી ૨ વર્ષ સુધીના | | | | | ૧૨ માસ થી ૨ વર્ષ સુધીના | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PSI | UHC | UPC | AHC | APC | PSI | UHC | UPC | AHC | APC | PSI | UHC | UPC | AHC | APC | PSI | UHC | UPC | AHC | APC |
| ૧ | નડીયાદ ટાઉન | ૧ | ૦ | ૧૮ | ૧ | ૬ | ૦ | ૦ | ૬ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | નડીયાદ પમિ | ૦ | ૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | નડીયાદ રૂરલ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | કપડવંજ ટાઉન | ૦ | ૩ | ૬ | ૦ | ૫ | ૦ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | કપડવંજ રૂરલ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | આંતરસુંબા | ૦ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | બાલાસિનોર | ૦ | ૧ | ૪ | ૦ | ૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ચકલાસી | ૦ | ૩ | ૬ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | મહુધા | ૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | માતર | ૦ | ૨ | ૧૦ | ૦ | ૭ | ૦ | ૨ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | લીંબાસી | ૦ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ખેડા ટાઉન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | કઠલાલ | ૦ | ૨ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | મહેમદાવાદ | ૦ | ૧ | ૨ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | વસો | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | વીરપુર | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ઠાસરા | ૦ | ૧ | ૬ | ૦ | ૧ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ડાકોર | ૦ | ૩ | ૮ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૨ | ૨૨ | ૯૦ | ૩ | ૩૪ | ૦ | ૪ | ૪૨ | ૦ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેકટીવ પ્લાન તેયાર કરેલ છે તેના ભાગરૂપે વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટરોની તથા ૧૬૫ ખાસ સ્પર્ધાત્મક બઢતીના પોલીસ સબ ઈન્સ્પેકટરોની નિમણૂંકો કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં સીધી ભરતીના ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટરો અને ખાસ સ્પર્ધાત્મક બઢતીના ૫૪૪ પોલીસ સબ ઈન્સ્પેકટરોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે. વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૫૩૯૦ લોકરક્ષકોને નિમણૂંક આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં ૮૭૩૪ સીધી ભરતીના લોકરક્ષકોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે.

------------

## જાફરાબાદ તાલુકાના દરિયાઈ ટાપુ શિયાળ બેટ ગામે વીજળીકરણ

૧૦૫૨૦**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાફરાબાદ તાલુકાના દરિયાઈ ટાપુ શિયાળબેટ ગામે વીજળીકરણ કરવા માટે દરીયામાં મરીન

**જવાબ**

(૧) હા, જી.

કેબલ નાખી તેના દ્વારા વીજળી આપવા અંગેની યોજના કરાયેલ છે તે ખરૂં છે,

(૨) જો હા, તો આ યોજના કેવા પ્રકારની છે અને તેમાં કેટલો ખર્ચ થવાની સંભાવના છે, અને

(૨) અમરેલી જિલ્લામાં આવેલ જાફરાબાદ તાલુકાનું શિયાળબેટ ગામ દરિયાની મધ્યમાં ૬ કિ.મી. દુર આવેલા બેટ પર છે. સામાન્ય રીતે દરિયાઈ બેટમાં વસેલા ગામમાં પરંપરાગત રીતે વીજળી પહોંચાડવી અતિ મુશ્કેલ હોય છે. પરંતુ શિયાળબેટના રહેવાસીઓને સતત વિક્ષેપ વગરની ગુણવત્તાસભર વીજળી મળી રહે તે માટે દરિયાના ક્ષારયુક્ત પાણી સામે ટકી રહે એવો મરીન કેબલ નાખી ટાપુ પર વસતા ૪૭૬ ઘરોને રૂ. ૧૯.૬૨ કરોડના ખર્ચે વીજળીકરણની સગવડ પૂરી પાડવાનું આયોજન છે.

(૩) મરીન કેબલ દરીયામાં પાથરીને શિયાળબેટને કેટલા સમયમાં વીજળી પહોંચાડવાનું આયોજન છે ?

(૩) કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન- ભારત સરકારની મંજૂરી મળ્યેથી સમગ્ર કામગીરી ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**૩૧**

## દાહોદ જિલ્લામાં દારૂબંધી સફળ બનાવવા પાડવામાં આવેલ દરોડા

૯૫૨૫**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દારૂબંધી સફળ બનાવવા તાલુકાવાર કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| તાલુકો | તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાડેલ દરોડા |
|---|---|
| દાહોદ | ૧૬૯૦ |
| ગરબાડા | ૦૩૭૬ |
| ધાનપુર | ૦૨૩૬ |
| દે. બારીયા | ૦૫૧૩ |
| લીમખેડા | ૦૫૯૩ |
| ઝાલોદ | ૦૮૧૪ |
| ફતેપુરા | ૦૫૧૧ |
| કુલ : | ૪૭૩૩ |

(૨) આ દરોડા દરમ્યાન કેટલા ગુનેગારો પકડાયા ?

(૨) આ દરોડાઓ દરમ્યાન ૪૩૮૭ ગુનેગારો પકડાયા. તેઓ વિરૂધ્ધ ""પાસા"" ""હદપારી"" તથા પ્રોહીબીશન ની કલમ ૯૩ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે. રાજ્યમાં દારૂબંધી સફળ બનાવવા નશાબંધીના પ્રચાર-પ્રસાર માટે વર્ષે રૂ. ૭૦ લાખની નાણાંકીય જોગવાઈ કરવામાં આવે છે. જેથી લોકોમાં જાગૃતિ આવે. ખાતાના વડા તથા ઉચ્ચ કક્ષાએ દર મહિને કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવે છે.

------------

## રાજ્યમાં સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનના શહેરો

૧૦૫૮૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં ક્યા ક્યા શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબના શહેરોનો સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં સમાવેશ કરવામાં આવેલ છે.

| અ.નં. | શહેરનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| | વાપી |
| | સારીગામ |
| | વલસાડ |
| | નવસારી |
| | હજીરા |
| | ખંભાત |
| | હાલોલ |
| | નડિયાદ |
| | ગાંધીનગર |
| ૧ | પેથાપુર |
| ૧ | ચાંદખેડા |
| ૧ | મોટેરા |
| ૧ | થાનગઢ |
| ૧ | રાજકોટ |
| ૧ | મોરબી |
| ૧ | સુરેન્દ્રનગર |
| ૧ | મહેસાણા |
| ૧ | હિંમતનગર |
| ૧ | કલોલ |
| ૨ | સુરત |
| ૨ | અંકલેશ્વર |
| ૨ | ભરૂચ |
| ૨ | અમદાવાદ |
| ૨ | વડોદરા |
| ૨ | આણંદ |
| ૨ | કડી |
| ૨ | છત્રાલ |

(૨) વધુ ક્યા શહેરોને સમાવવાનું આયોજન છે ?

(૨) આગામી ૫ (પાંચ) વર્ષના સમયગાળામાં જી.એસ.પી.સી. ગેસ કંપની દ્વારા નીચે દર્શાવેલ યાદી પ્રમાણેનાં શહેરોનો તબક્કાવાર સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટ દ્વારા સમાવેશ કરી લેવાનું આયોજન છે.

| **વિસ્તાર** | **જિલ્લો** | **તાલુકા** |
|---|---|---|
| દક્ષિણ ગુજરાત | વલસાડ | પારડી<br>ધરમપુર<br>કપરાડા<br>ઉમરગામ |
| | નવસારી | ગણદેવી<br>ચિખલી<br>વાંસદા<br>જલાલપોર |
| | નર્મદા | નાંદોદ<br>સાગબારા<br>ડેડીયાપાડા<br>તીલકવાડા |
| | ડાંગ | ડાંગ (આહવા) |

| | | |
|---|---|---|
| | | લુણાવાડા<br>શહેરા<br>ખાનપુર(બાકોર)<br>મોરવા<br>ઘોઘંબા<br>સંતરામપુર<br>કડાણા |
| | દાહોદ | દેવગઢ બારીયા<br>દાહોદ<br>ઝાલોદ<br>ગરબાડા<br>લીમખેડા<br>ધાનપુર<br>ફતેહ પુર |
| | આણંદ<br><br><br><br><br>આણંદ | સોજીત્રા<br>આણંદ<br>ઉમરેઠ<br>તારાપુર<br>પેટલાદ<br>આંકલાવ<br>બોરસદ |
| | ખેડા | ખેડા<br>મહેમદાવાદ<br>માતર<br>ઠાસરા<br>બાલાસીનોર<br>કપડવંજ<br>વીરપુર<br>મહુધા<br>કઠલાલ |
| ઉત્તર ગુજરાત | ગાંધીનગર | માણસા<br>દહેગામ |
| | મહેસાણા | વિજાપુર<br>વિસનગર<br>ખેરાલુ<br>સતલાસણા<br>વડનગર<br>બેચરાજી<br>ઉંઝા<br>કડી |
| | પાટણ | પાટણ<br>ચાણસ્મા<br>સિધ્ધપુર<br>સમી<br>હારીજ<br>રાધનપુર<br>સાંતલપુર |
| | બનાસકાંઠા | ધાનેરા<br>દાંતીવાડા<br>દિયોદર<br>ભાભર<br>વાવ<br>પાલનપુર<br>અમીરગઢ<br>દાંતા<br>ડીસા<br>વડગામ<br>કાંકરેજ<br>થરાદ |
| | સાબરકાંઠા<br><br><br>સાબરકાંઠા | વડાલી<br>તલોદ<br>ધનસુરા<br>ખેડબ્રહ્મા<br>વિજયનગર<br>ઈડર<br>ભીલોડા<br>મેઘરજ<br>મોડાસા<br>માલપુર<br>બાયડ<br>પ્રાંતિજ |

| | | |
|---|---|---|
| ઉત્તર સોરાષ્ટ્ર | સુરેન્દ્રનગર | વઢવાણ<br>સલાયા<br>ચોટીલા<br>લીમડી<br>મુળી<br>હળવદ<br>ધ્રાંગધ્રા<br>દસાડા (પાટડી)<br>લખતર<br>ચુડા |
| | રાજકોટ | વાંકાનેર<br>પડધરી<br>માલિયા<br>કોટડા સાંગાણી<br>ગોંડલ<br>જેતપુર<br>ધોરાજી<br>ઉપલેટા<br>જામ કંડોરણા<br>લોધીકા<br>જસદણ<br>ટંકારા |
| | જામનગર | જામનગર<br>લાલપુર<br>જામજોધપુર<br>ભાણવડ<br>કલ્યાણપુર<br>ઓખામંડલ<br>ખંભાલીયા<br>જોડીયા<br>ધ્રોલ<br>કાલાવાડ |
| | કચ્છ | ભુજ<br>મુન્દ્રા<br>માંડવી<br>અબડાસા<br>લખપત<br>નખત્રાણા<br>રાપર<br>ભચાઉ<br>ગાંધીધામ<br>અંજાર |
| દક્ષિણ સોરાષ્ટ્ર | ભાવનગર | ભાવનગર<br>ઘોઘા<br>મહુવા<br>તલાજા<br>ગારીયાધાર<br>પાલિતાણા<br>સિહોર<br>ઉમરાળા<br>ગઢડા<br>બોટાદ<br>વલભીપુર |
| | અમરેલી | અમરેલી<br>ધારી<br>રાજુલા<br>જાફરાબાદ<br>કુંકાવાવ(વાડલા)<br>ખાંભા<br>લીલીયા<br>બાબરા<br>લાઠી<br>સાવરકુંડલા<br>બગસરા |
| | જુનાગઢ | જુનાગઢ<br>મેંદરડા<br>તલાલા<br>માલીયા<br>માંગરોળ |

| | | |
|---|---|---|
| | જુનાગઢ | કેશોદ<br>માણાવદર<br>વિસાવદર<br>વંથલી<br>ભેસણ<br>ઉના<br>વેરાવળ<br>સુત્રાપાડા<br>કોડીનાર |
| | પોરબંદર | પોરબંદર<br>રાણાવાવ<br>કુતીયાણા |

------------

**ભાવનગર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ**

૯૪૯૦**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની તાલુકાવાર કેટલી માંગણીઓ પડતર છે,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની પડતર માગણીઓની તાલુકાવાર માહિતિ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર | ૧૫૩૬ |
| ઘોઘા | ૨૨૪૪ |
| તળાજા | ૪૯૪૯ |
| મહુવા | ૬૪૬૩ |
| પાલીતાણા | ૩૮૫૦ |
| ઉમરાળા | ૨૦૫૭ |
| વલ્લભીપુર | ૧૧૪૪ |
| ગઢડા | ૬૨૩૭ |
| બોટાદ | ૫૧૯૭ |
| શિહોર | ૩૬૧૬ |
| ગારીયાધાર | ૨૯૩૭ |

(૨) આ ખેતી વિષયક જોડાણ મેળવવા માટેની અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૨) આ ખેતી વિષયક જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની વર્ષવાર માહિતિ આ સાથેનાં પત્રક ""અ"" મુજબ છે.

**પત્રક ""અ""**

| વર્ષ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| ૧૯૯૧ | ૭૨૬ |
| ૧૯૯૨ | ૨૪૨૧ |
| ૧૯૯૩ | ૧૭૪૮ |
| ૧૯૯૪ | ૧૫૯૯ |
| ૧૯૯૫ | ૩૪૨૫ |
| ૧૯૯૬ | ૨૬૭૯ |
| ૧૯૯૭ | ૨૭૪૧ |
| ૧૯૯૮ | ૩૧૪૯ |
| ૧૯૯૯ | ૧૮૦૪ |
| ૨૦૦૦ | ૧૬૫૪ |
| ૨૦૦૧ | ૩૩૬ |
| ૨૦૦૨ | ૧૦૩૦ |
| ૨૦૦૩ | ૧૦૬૪ |
| ૨૦૦૪ | ૪૪૪ |
| ૨૦૦૫ | ૮૬૧ |
| ૨૦૦૬ | ૧૫૬૫ |
| ૨૦૦૭ | ૩૨૭૭ |
| ૨૦૦૮ | ૬૫૦૭ |
| ૨૦૦૯ | ૩૨૦૦ |
| **કુલ :** | **૪૦૨૩૦** |

(૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) અગાઉ નોંધાયેલ અરજીઓ પૈકી વર્ષ ૨૦૦૮-૦૯ માં **૩૯૮૪** તથા વર્ષ ૨૦૦૯-૧૦ માં મે-૨૦૦૯ અંતિત **૩૯૧** વીજ જોડાણો આપવામાં આવેલ છે, જ્યારે બાકી રહેતી અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજમાંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેનાં નાણાંકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

## રાજ્યમાં વીજળીની અછત

૧૦૭૮૬**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી વીજળીની અછત છે,

(૨) તેને પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ૧૧૨૭ મેગાવોટની અછત હતી.

(૨) **(અ)** ટૂંકાગાળા માટેની ગોઠવણ : સમય સમયને અનુલક્ષીને ટૂંકાગાળાની વિજ ખાધને પહોંચી વળવા ટૂંકાગાળાની વ્યવસ્થા કરવામાં આવે છે. જરૂરિયાતના પ્રસંગે પાવર એક્ષચેન્જમાંથી દૈનિક ધોરણે વીજળી ખરીદી શકાય છે.

**(બ)** રાજ્ય સરકારે ઓદ્યોગિક માંગ સહિતની વધતી વિજ માંગને પહોંચી વળવા ૧૧ મી પંચવર્ષિય યોજનાના બાકી ના વર્ષોમાં ૯૩૯૬ મેગાવોટની વિજ ક્ષમતા વધારવા આયોજન હાથ ધરેલ છે.

**(ક)** રાજ્યની ભવિષ્યની માંગને પહોંચી વળવા તથા ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા યોજનાકીય વિસ્તરણ અને સ્પર્ધાત્મક બીડ દ્વારા જુદા જુદા સ્ત્રોત થી વીજળી મેળવવાનુ આયોજન કરેલ છે.

(૩) ક્યાં સુધીમાં આ વીજ અછત પૂરી કરવામાં આવશે ?

(૩) ૧૧ મી પંચવર્ષિય યોજનાના અંતે વીજ અછત પૂરી કરવાનુ આયોજન કરેલ છે.

------------

**સુરત જિલ્લા ન્યાયાલયમાં કર્મચારીઓની ભરતી**

૧૦૫૯૭**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લા ન્યાયાલયમાં કર્મચારી/અધિકારીની જગ્યાઓ ભરવા માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કોઈ પ્રતિક્ષાયાદી પડતર છે કે કેમ, અને

(૨) જો હા, તો આ પ્રતિક્ષાયાદી વાળા અરજદારોને ક્યારે નિમણૂક આપવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રતિક્ષા યાદી પડતર નથી, પરંતુ બે કેડરની પસંદગી યાદી પડતર છે.

(૨) ભવિષ્યમાં આ કેડરની જગ્યા ખાલી પડેથી પસંદગી યાદીમાંથી અરજદારોને નિમણુંક આપી શકાશે.

------------

**મોરબી તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૦૬૦૩**શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન મોરબી તાલુકાના કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં તમામ ૨૭ પેટાપરાંનું અગાઉ વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

**બાવળા તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૦૫૮૪**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેટલા પેટાપરાઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં તમામ ૬ પેટાપરાંનું અગાઉ વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

**રાજ્યમાં સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનના શહેરો**

૧૦૫૭૭**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં ક્યા ક્યા શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબના શહેરોનો સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં સમાવેશ કરવામાં આવેલ છે.

| અ.નં. | શહેરનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧ | વાપી |
| ૨ | સારીગામ |
| ૩ | વલસાડ |
| ૪ | નવસારી |
| ૫ | હજીરા |
| ૬ | ખંભાત |
| ૭ | હાલોલ |

| | |
|---|---|
| ૮ | નડિયાદ |
| ૯ | ગાંધીનગર |
| ૧૦ | પેથાપુર |
| ૧૧ | ચાંદખેડા |
| ૧૨ | મોટેરા |
| ૧૩ | થાનગઢ |
| ૧૪ | રાજકોટ |
| ૧૫ | મોરબી |
| ૧૬ | સુરેન્દ્રનગર |
| ૧૭ | મહેસાણા |
| ૧૮ | હિંમતનગર |
| **અ.નં.** | **શહેરનું નામ** |
| ૧૯ | કલોલ |
| ૨૦ | સુરત |
| ૨૧ | અંકલેશ્વર |
| ૨૨ | ભરૂચ |
| ૨૩ | અમદાવાદ |
| ૨૪ | વડોદરા |
| ૨૫ | આણંદ |
| ૨૬ | કડી |
| ૨૭ | છત્રાલ |

(૨) વધુ ક્યા શહેરોને સમાવવાનું આયોજન છે ?

(૨) આગામી ૫ (પાંચ) વર્ષના સમયગાળામાં જી.એસ.પી.સી. ગેસ કંપની દ્વારા નીચે દર્શાવેલ યાદી પ્રમાણેનાં શહેરોનો તબક્કાવાર સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટ દ્વારા સમાવેશ કરી લેવાનું આયોજન છે.

| **વિસ્તાર** | **જિલ્લો** | **તાલુકા** |
|---|---|---|
| દક્ષિણ ગુજરાત | વલસાડ | પારડી<br>ધરમપુર<br>કપરાડા<br>ઉમરગામ |
| | નવસારી | ગણદેવી<br>ચિખલી<br>વાંસદા<br>જલાલપોર |
| | નર્મદા | નાંદોદ<br>સાગબારા<br>ડેડીયાપાડા<br>તીલકવાડા |

| | | |
|---|---|---|
| મધ્ય ગુજરાત | પંચમહાલ | લુણાવાડા<br>શહેરા<br>ખાનપુર(બાકોર)<br>મોરવા<br>ઘોઘંબા<br>સંતરામપુર<br>કડાણા |
| | દાહોદ | દેવગઢ બારીયા<br>દાહોદ<br>ઝાલોદ<br>ગરબાડા<br>લીમખેડા<br>ધાનપુર<br>ફતેફ પુર |
| | આણંદ | સોજીત્રા<br>આણંદ<br>ઉમરેઠ<br>તારાપુર<br>પેટલાદ<br>આંક્લાવ<br>બોરસદ |
| | ખેડા | ખેડા<br>મહેમદાવાદ<br>માતર<br>ઠાસરા<br>બાલાસીનોર<br>કપડવંજ<br>વીરપુર<br>મહુધા<br>કઠલાલ |
| ઉત્તર ગુજરાત | ગાંધીનગર | માણસા<br>દહેગામ |
| | મહેસાણા | વિજાપુર<br>વિસનગર<br>ખેરાલુ<br>સતલાસણા<br>વડનગર<br>બેચરાજી<br>ઉંઝા<br>કડી |
| | પાટણ | પાટણ<br>ચાણસ્મા<br>સિધ્ધપુર<br>સમી<br>હારીજ |
| | પાટણ | રાધનપુર<br>સાંતલપુર |
| | બનાસકાંઠા | ધાનેરા<br>દાંતીવાડા<br>દિયોદર |

| | | |
|---|---|---|
| | | ભાભર<br>વાવ<br>પાલનપુર<br>અમીરગઢ<br>દાંતા<br>ડીસા<br>વડગામ<br>કાંકરેજ<br>થરાદ |
| | સાબરકાંઠા | વડાલી<br>તલોદ<br>ધનસુરા<br>ખેડબ્રહ્મા<br>વિજયનગર<br>ઈડર<br>ભીલોડા<br>મેઘરજ<br>મોડાસા<br>માલપુર<br>બાયડ<br>પ્રાંતિજ |
| ઉત્તર સોરાષ્ટ્ર | સુરેન્દ્રનગર | વઢવાણ<br>સલાયા<br>ચોટીલા<br>લીમડી<br>મુળી<br>હળવદ<br>ધ્રાંગધ્રા<br>દસાડા (પાટડી)<br>લખતર<br>ચુડા |
| | રાજકોટ<br><br><br><br><br><br>રાજકોટ | વાંકાનેર<br>પડધરી<br>માલિયા<br>કોટડા સાંગાણી<br>ગોંડલ<br>જેતપુર<br>ધોરાજી<br>ઉપલેટા<br>જામ કંડોરણા<br>લોધીકા<br>જસદણ<br>ટંકારા |
| | જામનગર | જામનગર<br>લાલપુર<br>જામજોધપુર<br>ભાણવડ<br>કલ્યાણપુર<br>ઓખામંડલ<br>ખંભાલીયા |

| | | |
|---|---|---|
| | | જોડીયા<br>ધ્રોલ<br>કાલાવાડ |
| | કચ્છ | ભુજ<br>મુન્દ્રા<br>માંડવી<br>અબડાસા<br>લખપત<br>નખત્રાણા<br>રાપર<br>ભચાઉ<br>ગાંધીધામ<br>અંજાર |
| દક્ષિણ સોરાષ્ટ્ર | ભાવનગર | ભાવનગર<br>ઘોઘા<br>મહુવા<br>તલાજા<br>ગારીયાધાર<br>પાલિતાણા<br>સિહોર<br>ઉમરાળા<br>ગઢડા<br>બોટાદ<br>વલભીપુર |
| | અમરેલી<br><br><br><br><br>અમરેલી | અમરેલી<br>ધારી<br>રાજુલા<br>જાફરાબાદ<br>કુંકાવાવ(વાડલા)<br>ખાંભા<br>લીલીયા<br>બાબરા<br>લાઠી<br>સાવરકુંડલા<br>બગસરા |
| | જુનાગઢ | જુનાગઢ<br>મેંદરડા<br>તલાલા<br>માલીયા<br>માંગરોળ<br>કેશોદ<br>માણાવદર<br>વિસાવદર<br>વંથલી<br>ભેસણ<br>ઉના<br>વેરાવળ |

| | | |
|---|---|---|
| | | સુત્રાપાડા<br>કોડીનાર |
| | પોરબંદર | પોરબંદર<br>રાણાવાવ<br>કુતીયાણા |

------------

**વડોદરા જિલ્લામાં ગૌણ ખનિજોની લીઝ માટેની અરજીઓ**

૧૦૬૪૨**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર ગૌણ ખનીજોના લીઝ માટે કુલ કેટલી અરજીઓ મળેલ છે,

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકીની અરજીઓ પડતર રહેવાના ક્યા કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨) :

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર ગૌણ ખનીજોના લીઝની મળેલ અરજીઓ અને મંજૂર થયેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| **અ. નં** | **તાલુકો** | **મળેલ અરજીઓની સંખ્યા** | **મંજુર થયેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧. | છોટાઉદેપુર | ૭ | ૫ |
| ૨. | ક્વાંટ | ૧ | ૧ |
| ૩. | નસવાડી | ૧૪ | ૦ |
| ૪. | જેતપુર પાવી | ૯ | ૩ |
| ૫. | સંખેડા | ૯૫ | ૫૯ |
| ૬. | ડભોઈ | ૧૩ | ૪ |
| ૭. | શિનોર | ૩૧ | ૦ |
| ૮. | કરજણ | ૧૨ | ૧૧ |
| ૯. | સાવલી | ૧૭ | ૧૨ |
| ૧૦. | વડોદરા | ૨ | ૨ |
| ૧૧. | પાદરા | ૨ | ૦ |
| ૧૨. | વાઘોડીયા | ૯ | ૪ |
| | કુલ : | ૨૧૨ | ૧૦૧ |

(૩) જમીન ફાજલ પડવાના મહેસુલી અભિપ્રાય ન મળવાથી તથા અરજદારોના અસહકાર વિગેરે કારણોથી.

------------

**બનાસકાંઠા જિલ્લાના નવા વીજ સબ સ્ટેશનો**

૧૦૬૫૧**શ્રી અનિલભાઈ માળી(દિયોદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો ક્યાં ક્યાં છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ ૭ (સાત) નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા.

(૨)

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | જાખેલ |
| ૨ | ડામા (રામપુરા) |
| ૩ | કેસરગ્રામ |
| ૪ | ધરણોધર |
| ૫ | બલોધર |
| ૬ | ત્રૂમ્બા |
| ૭ | ગંગવા (ભેમાલ) |

------------

**ખેતી માટેની ખુશી યોજના**

૧૦૬૪૭ **શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેતી વિષયક વીજ જોડાણો ઉપર પૂરતા દબાણથી વિદ્યુત પુરવઠો પૂરો પાડવા સરકાર દ્વારા ખુશી યોજના અમલમાં મુકેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન આ યોજના અંતર્ગત શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૪) આ યોજનાથી શો ફાયદો થયો છે?

**જવાબ**

(૧) અને (૨) હા જી. રાજ્યના ખેડૂતોના વિશાળ જનહિતમાં ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વકાંક્ષી યોજના ""કિસાન હિત ઉર્જા શક્તિ યોજના- KRUSHY"" અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન **૪૨૫૩** ટ્રાન્સફોર્મર્સ હયાત વીજ જોડાણો ઉપર જ્યારે **૩૨,૮૬૦** ટ્રાન્સફોર્મર્સ નવા વીજ જોડાણો ઉપર આમ કુલ **૩૭,૧૧૩** નાની ક્ષમતા (૧૦,૧૬ અને ૨૫ કેવીએ) નાં ટ્રાન્સફોર્મર્સ મૂકવામાં આવેલ છે.

(૩) તે માટે રૂા.**૩૯૮.૫૮** કરોડનો ખર્ચ થયેલ છે.

(૪) ખુશી યોજનાથી ખેડૂતોને નીચે મુજબના ફાયદા થયેલ છે.

* દરેક ટ્રાન્સફોર્મર સાથે ઓછા વીજ ગ્રાહકો જોડાયેલા હોવાથી ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થતાં ઓછા વીજ ગ્રાહકોને અસર થયાનું નોંધાયેલ છે.
* વોલ્ટેજમાં વધ-ઘટનું પ્રમાણ ઘટવાના કારણે તથા પૂરતા દબાણથી વીજ પુરવઠો મળવાના કારણે મોટર બળવાના કિસ્સાઓમાં ઘટાડો નોંધાયેલ છે.
* નોંધાયેલ વીજ ગ્રાહકોમાં માલિકીપણાનો તથા જવાબદારીનો ભાવ ઉભો થવાથી તેઓ બીજા ખેડૂતોને હળવા દબાણની વીજ રેષાઓ સાથે ચેડા ન કરવા દેતા હોવાથી વીજ ચોરીના પ્રમાણમાં ઘટાડો નોંધાયેલ છે.
* ક્ષમતા કરતાં વધુ લોડના કારણે ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થવાના કિસ્સાઓનું પ્રમાણ ઘટવાથી વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે.
* નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર ગ્રાહકોના વીજ સ્થાપનની નજીક મૂકવાથી લો-વોલ્ટેજના પ્રશ્નો નોંધપાત્ર રીતે નિવારી શકાયેલ છે.
* આ યોજના અંતર્ગત નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર્સ વીજ કંપનીઓ દ્વારા સ્વખર્ચે મૂકાતા હોવાથી ગ્રાહકો પર કોઇ જ વધારાનો નાણાંકીય બોજ પડેલ નથી.

------------

**અમરેલી, ભાવનગર અને રાજકોટ જિલ્લામાં પાકા કામના કેદીઓને ફાળવાતી જગ્યા**

૯૮૯૮ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)અમરેલી, ભાવનગર અને રાજકોટ જિલ્લામાં પાકા કામના કેદીઓ માટે વ્યક્તિદીઠ કેટલી જગ્યા ફાળવવામાં આવે છે,

(૨) હાલ તા. ૧૮-૬-૨૦૦૯ની સ્થિતિએ અમરેલી, ભાવનગર અને રાજકોટ જિલ્લામાં પાકા કામના કેદીઓ કેટલા છે, અને

(૩) આ કેદીઓને તેના નિયમ મુજબ જગ્યા ફાળવવામાં આવે છે કે નહીં અને ન ફાળવવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) વ્યક્તિ દીઠ ૪૦ ચોરસ ફૂટ

(૨) અને (૩)

| જેલનું નામ | જિલ્લો | પાકા કેદીની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ |
| અમરેલી સબ જેલ | અમરેલી | ૦૫ | ૦૨ | ૦૭ |
| ખુલ્લી જેલ અમરેલી | અમરેલી | ૧૯ | ૦૦ | ૧૯ |
| ભાવનગર જિલ્લા જેલ | ભાવનગર | ૨૦ | ૦૦ | ૨૦ |
| રાજકોટ જિલ્લા જેલ | રાજકોટ | ૧૮૭ | ૦૧ | ૧૮૮ |
| મોરબી સબ જેલ | રાજકોટ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ગોંડલ સબ જેલ | રાજકોટ | ૦૬ | ૦૦ | ૦૬ |

રાજકોટ જિલ્લા જેલ ખાતે ૧૦૦૦ કેદીઓની ક્ષમતા સાથેની નવી અંડર ટ્રાયલ જેલ બંધાઇ રહેલ છે, તેમજ રાજકોટ જિલ્લામાં ગોંડલ સબ જેલનું બાંધકામ પૂર્ણ થયેલ હોઇ, ૧૫૦ કેદીઓની સમાવેશ ક્ષમતા ધરાવતી જેલ શરૂ થઇ ગયેલ છે. આમ, જેલોમાં ઓવરક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા ઘનિષ્ટ પ્રયો કરવામાં આવી રહ્યા છે.

------------

## પંચમહાલ જિલ્લામાં કુટિર ઉદ્યોગની લોન માટે આવેલ અરજી

૯૭૩૧**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટેની લોન માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ગોધરા | ૪૬૩ | ૫૩૩ | ૯૯૬ |
| ૨ | શહેરા | ૨૯૦ | ૮૦૫ | ૧૦૯૫ |
| ૩ | કાલોલ | ૨૯૪ | ૪૬૭ | ૭૬૧ |
| ૪ | હાલોલ | ૧૦૨ | ૧૭૫ | ૨૭૭ |
| અ.નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મળેલ અરજીઓ | | |
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૫ | મોરવા(હ) | ૧૨૪ | ૨૨૭ | ૩૫૧ |
| ૬ | જાંબુઘોડા | ૬૦ | ૨૩ | ૮૩ |
| ૭ | લુણાવાડા | ૩૭૧ | ૮૧૧ | ૧૧૮૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ઘોઘંબા | ૨૧૫ | ૧૮૫ | ૪૦૦ |
| ૯ | ખાનપુર | ૧૬૫ | ૩૩૦ | ૪૯૫ |
| ૧૦ | સંતરામપુર | ૪૧૩ | ૭૬૫ | ૧૧૭૮ |
| ૧૧ | કડાણા | ૧૫૯ | ૧૪૯ | ૩૦૮ |
| | **કુલ :** | **૨૬૫૬** | **૪૪૭૦** | **૭૧૨૬** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | બેંક દ્વારા મંજૂર કરેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ગોધરા | ૨૦૭ | ૧૩૮ | ૩૪૫ |
| ૨ | શહેરા | ૧૧૪ | ૩૩૦ | ૪૪૪ |
| ૩ | લલોલ | ૯૬ | ૧૬૯ | ૨૬૫ |
| ૪ | હાલોલ | ૪૩ | ૩૬ | ૭૯ |
| ૫ | મોરવા(હ) | ૫૦ | ૬૪ | ૧૧૪ |
| ૬ | જાંબુઘોડા | ૩૪ | ૬ | ૪૦ |
| ૭ | લુણાવાડા | ૧૬૦ | ૩૮૨ | ૫૪૨ |
| ૮ | ઘોઘંબા | ૭૨ | ૫૮ | ૧૩૦ |
| ૯ | ખાનપુર | ૬૯ | ૧૧૩ | ૧૮૨ |
| ૧૦ | સંતરામપુર | ૧૬૯ | ૨૪૦ | ૪૦૯ |
| ૧૧ | કડાણા | ૪૫ | ૪૯ | ૯૪ |
| | **કુલ :** | **૧૦૫૯** | **૧૫૮૫** | **૨૬૪૪** |

(૩) બાકીની અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે?

(૩) **<u>પંચમહાલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ તારીખ ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ૨૧૦૮ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. જેના કારણો નીચે મુજબ છે.</u>**

(૧) અરજદારે સાધનીક પુરાવા પૂરા પાડેલ ન હોવાથી
(૨) અરજદારની ઉંમર વધારે તથા ઓછી હોવાથી
(૩) અરજદારનો અપૂરતો અભ્યાસ હોવાથી
(૪) અરજદારે અન્ય યોજના હેઠળ લાભ લીધેલ હોવાથી

**<u>બેંક કક્ષાએ નામંજૂર થવાના કારણો :</u>**

પંચમહાલ જિલ્લામાં બેંક કક્ષાએ ૨૪૭૧ અરજીઓ નામંજૂર થયેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) ધંધો અર્થક્ષમ ન હોવાથી
(૨) અરજદાર તથા તેઓના કુટુંબીજનો બાકીદાર હોવાથી
(૩) ધંધાની જાણકારી ન હોવાથી
(૪) અરજદારે બેંકમાં જરૂરી માહિતી રજૂ કરેલ ન હોવાથી
(૫) બેંકો દ્વારા અગાઉ કરેલ ધીરાણ સામે વસુલાત ઓછી હોવાથી.

## નવસારી જિલ્લામાં ગૌણ ખનીજોની લીઝ માટે અરજી

૧૦૬૪૦**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ગૌણ ખનીજોના | (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ગૌણ ખનીજોની લીઝ |

લીઝ માટે કુલ કેટલી અરજીઓ મળેલ છે,

માટે મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ ક્વોરીલીઝ અરજીઓની સંખ્યા |
|---|---|
| ગણદેવી | ૧૨૯ |
| નવસારી | ૩૨ |
| જલાલપોર | ૮ |
| ચીખલી | ૩૦ |
| વાંસદા | ૬૫ |
| કુલ : | ૨૬૪ |

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૧૮ અરજીઓ

(૩) બાકીની અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે?

(૩) જુદા જુદા ખાતાના અભિપ્રાયો અને અરજદાર તરફથી ખૂટતી માહિતી ન મળવા વિગેરે કારણોથી ૧૩૬ અરજીઓ પડતર છે.

------------

## સુરત જિલ્લામાં રેતી, ક્વોરી, કપચી, મેટલની લીઝ

૯૪૭૨**શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં માર્ચ-૦૮ થી માર્ચ-૨૦૦૯ દરમિયાન રેતી, ક્વોરી, કપચી, મેટલની કુલ કેટલી લીઝ-પરમીટ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં માર્ચ-૦૮ થી માર્ચ-૨૦૦૯ નીચે મુજબ ક્વોરીલીઝ અને ક્વોરી પરમીટ મંજૂર થયેલ છે.

| વિગત | ખનિજ | સંખ્યા |
|---|---|---|
| ક્વોરીલીઝ | બ્લેકટ્રેપ<br>સાદી રેતી | ૭<br>૧૧ |
| | કુલ | ૧૮ |
| ક્વોરી પરમીટ | બ્લેકટ્રેપ<br>સાદી રેતી | ૧૪૯<br>૧૩૯ |
| | કુલ | ૨૮૮ |

(૨) માર્ચ-૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯ દરમ્યાન આવી લીઝ પેટે રોયલ્ટીની કેટલી રકમ સરકારમાં જમા થયેલ છે?

(૨) સુરત જિલ્લામાં માર્ચ-૦૮ થી માર્ચ-૨૦૦૯ દરમ્યાન ઉક્ત મંજૂર કરેલ લીઝ પરમીટ પેટે નીચે મુજબની રોયલ્ટી સરકારમાં જમા થયેલ છે.

| વિગત | ખનિજ | જમા થયેલ રોયલ્ટી |
|---|---|---|
| ક્વોરીલીઝ | બ્લેકટ્રેપ<br>સાદી રેતી | ૧૭,૭૨,૧૨૦/-<br>૨,૯૦,૦૦૦/- |
| ક્વોરી પરમીટ | બ્લેકટ્રેપ<br>સાદી રેતી | ૬૫,૧૧,૫૦૦/-<br>૨૦,૪૦,૦૦૦/- |
| | કુલ | ૧,૦૬,૧૩,૬૨૦/- |

------------

**ભરૂચ જિલ્લામાં મુખ્ય અને ગોણ ખનીજની રોયલ્ટી**

૧૦૬૪૩**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં મુખ્ય અને ગોણ ખનીજની રોયલ્ટી પેટે કુલ કેટલી રકમ મળી છે, અને | (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોયલ્ટી પેટે મુખ્ય ખનીજની રૂા. ૬,૯૬,૩૧,૯૧૩/-અને ગોણ ખનીજની રૂા. ૮,૧૭,૭૫,૨૮૬/-મળી કુલ રૂા. ૧૫,૧૪,૦૭,૧૯૯/-ની રકમ મળેલ છે. |
| (૨) રોયલ્ટીની બાકી રહેલી વસૂલાત માટે શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૨) રોયલ્ટી એડવાન્સમાં વસુલ થતી હોવાથી રોયલ્ટીની વસુલાત બાકીમાં નથી. પરંતુ જે પટ્ટેદારો મંજૂર થયેલાં વિસ્તારમાં ખાણકામ કરતાં નથી તેમની પાસેથી તે વિસ્તાર માટે લાગુ પડતા દરે ડેડરેન્ટની વસુલાતો બાકી રહે છે. તેવા ૩૮ કેસોમાં રૂા. ૧૪,૯૬,૪૦૧/-ની રકમ બાકી છે અને તે માટે નોટિસો આપવાની, જમીન મહેસૂલ ધારા હેઠળ રીકવરી પ્રમાણપત્ર ઈસ્યુ કરવા, બોજો નોંધાવવાની કામગીરી કરવામાં આવેલ છે. |

------------

**વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં સમાવિષ્ટ ઉદ્યોગો માટે વીજળીની જરૂરિયાત**

૧૦૨૪૪**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં નવા ઉદ્યોગો માટે જે એમ.ઓ.યુ. થયા છે અને તેવા ઉદ્યોગો સ્થપાશે ત્યારે તેમને કેટલા મેગાવોટ વીજળીની જરૂરીયાત રહેશે, તે અંગેનો પ્રાથમિક અંદાજ ક્યારે તેયાર કરવામાં આવ્યો, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં જે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા તેમાં એકમો એ વીજળીની જરૂરીયાત દર્શાવવી ફરજીયાત નથી. આમ છતાં કાચા અંદાજ મુજબ આવતા પાંચથી છ વર્ષમાં આશરે ૧૪૦૦૦ મેગાવોટ વીજળીની જરૂરીયાત રહેશે. |
| (૨) આ વીજળીની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ શું પ્રકારનું આયોજન કરેલ છે? | (૨) ભવિષ્યમાં ઉભી થનારી વીજ જરૂરીયાતને પહોંચી વળવા વીજ ઉત્પાદનની ક્ષમતા વધારવાનું આયોજન સામાન્ય રીતે પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં કરવામાં આવે છે. તદ્દનુસાર હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજના એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.<br>રાજ્યમાં લાંબાગાળાના વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધિકરણ દ્વારા હાથ ધરવામાં આવે છે. ૧૭મા ઈલેક્ટ્રીક પાવર સર્વેના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજમાંગ આશરે ૧૪૩૭૪ મેગાવોટ જેટલી રહેશે. જેને માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીના સમયગાળા માટે હાલની સ્થિતિએ વર્ષ ૨૦૧૨ સુધી માં કુલ ૧૯૨૫૯ મેગા વોટની સ્થાપિત વીજ ક્ષમતા કરવાનું આયોજન કરવામાં આવેલ છે. |

**રાજ્યના જિલ્લાઓમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યાઓ**

૧૦૬૦૫**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના | (૧) પરિશિષ્ટ--ક મુજબ. |

જુદા જુદા જિલ્લાઓમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની
કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

**પરિશિષ્ટ--ક**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪ | ૫. | ૬. | ૭. |
| ૧. | અમદાવાદ | ૨૯ | અમદાવાદ (શહેર) | ૧૮ | ૧૪ | ૪ ખાલી |
| | | | અમદાવાદ(ગ્રામ્ય) | ૭ | ૦૪ | ૩ ખાલી |
| | | | વિરમગામ | ૧ | ભરેલી | -- |
| | | | ધોળકા | ૧ | ભરેલી | -- |
| | | | ધંધુકા | ૧ | ભરેલી | -- |
| | | | સાણંદ | ૧ | ભરેલી | -- |
| ૨. | અમરેલી | ૮ | અમરેલી | ૩ | ૧-ભરેલી | ૨-ખાલી |
| | | | ધારી | ૧ | -- | ખાલી |
| | | | રાજુલા | ૧ | -- | ખાલી |
| | | | સાવરકુંડલા | ૧ | -- | ખાલી |
| | | | બગસરા/વડીયા | ૧ | -- | ખાલી |
| | | | લાઠી/લિલીયા | ૧ | ભરેલી | -- |
| ૩. | આણંદ | ૬ | આણંદ | ૨ | ૧-ભરેલી | ૧ ખાલી |
| | | | બોરસદ | ૧ | ભરેલી | -- |
| | | | ખંભાત | ૧ | ભરેલી | -- |
| | | | પેટલાદ | ૧ | ભરેલી | -- |
| | | | ઉમરેઠ | ૧ | ભરેલી | -- |
| ૪. | બનાસકાંઠા | ૯ | પાલનપુર | ૪ | ભરેલી | -- |
| | | | દિયોદર | ૧ | ભરેલી | -- |
| | | | ડીસા ધાનેરા | ૧ | ભરેલી | -- |
| | | | થરાદ-વાવ | ૧ | ભરેલી | -- |
| | | | દાંતા | ૧ | ભરેલી | -- |
| | | | ડીસા | ૧ | ભરેલી | -- |
| ૫. | ભરૂચ | ૮ | ભરૂચ | ૪ | ભરેલી | -- |
| | | | વાલીયા | ૧ | -- | ખાલી |
| | | | જંબુસર | ૧ | ભરેલી | -- |
| | | | અંકલેશ્વર | ૧ | ભરેલી | -- |
| | | | ઝગડીયા | ૧ | ભરેલી | -- |
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ પવન વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકોને રાજ્ય સરકાર દ્વારા શું પ્રોત્સાહન આપવામાં આવે છે. | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પવન વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકોને રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ લાભ આપવામાં આવે છે.<br>૧. હાલમાં ઉત્પાદીત વીજળીની રૂા. ૩.૩૭ પ્રતિ યુનિટે ખરીદી કરવામાં આવે છે. પરંતુ, તાજેતરમાં જાહેર કરાયેલ પવન ઉર્જા નીતિમાં રૂા. ૩.૫૦ પ્રતિ યુનિટે ખરીદી કરવા સરકારે સૂચવેલ છે.<br>૨. ઉત્પાદીત વીજળી ઉત્પાદકના ઓદ્યોગિક એકમ સુધી ૪% ના દરે વહન કરી આપવી.<br>૩. ઉત્પાદન કરેલ વીજળી, સ્વવપરાશ અથવા વિતરણ પરવાનદારને વેચાણથી આપવાના કિસ્સામાં વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણ માફી.<br>૪. ડિમાન્ડ કટમાં પવનચક્કીની સ્થાપિત ક્ષમતાનાં ૩૦% માફી.<br>૫. સરકારી ખરાબાની જમીનની ૨૦ વર્ષના ભાડા પટ્ટેથી રાહત દરથી ફાળવણી. |
| (૨) પવન ઉર્જાથી રાજ્યને શું ફાયદો થાય છે, અને | (૨) પવન ઊર્જાથી વીજ ઉત્પાદન કરવાના કારણે નીચેના ફાયદા થાય છે.<br>૧. વીજળી ઉત્પાદન દરમ્યાન કોઈ પ્રદુષણ થતું નથી.<br>૨. વીજળી ઉત્પાદન કરવા ૨૦ વર્ષ સુધી કોઈ ઈંધણનો ખર્ચ નથી.<br>૩. પારંપરિક ઈંધણ (કોલસો, ગેસ લિગ્નાઈટ વગેરે)ની બચત થાય છે. |
| (૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પવન ઉર્જા દ્વારા કેટલું વીજ ઉત્પાદન થયું છે? | (૩) ૧૮૪૩.૭૧ મીલીયન યુનીટ. |

------------

## રાજ્યની ફેમીલી અદાલતો અને સુરત જિલ્લાના નવા દાખલ થયેલા કેસો

૯૪૭૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલી ફેમીલી અદાલતો કાર્યરત છે, અને | (૧) ૮ |
| (૨) સુરત જિલ્લા અને શહેરમાં ૨૦૦૮ ના વર્ષ દરમ્યાન કેટલા નવા કેસો દાખલ થયા છે? | (૨) |

| કેસોનાં પ્રકાર | સુરત શહેર | સુરત જિલ્લો |
|---|---|---|
| દિવાની | ૬૨૬૭ | ૧૯૭૦ |
| ફોજદારી | ૭૩૩૩૬ | ૧૫૧૦૧ |

------------

**અગ્રતા ક્રમ : ૮૪**

* આ પ્રશ્ન રદ કરવામાં આવેલ છે.

------------

## રાજ્યના વીજ પ્લાન્ટોમાંથી વધુ વીજ પેદા કરવા અંગે

૧૦૬૧૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના હયાત વીજ ઉત્પાદક મથકોના પ્લાન્ટોમાંથી વધુ વીજ ઉત્પાદન મેળવવા માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. હસ્તક્ના ઉકાઈ યુનીટ નં. ૧ અને ૨ તેમજ ગાંધીનગર યુનીટ નં. ૧ અને ૨ ના નવીનીકરણ અને આધુનિકરણની કામગીરી હાથ ધરેલ છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ઉકાઈ યુનીટ નં. ૧ અને ૨ માટેનો ખર્ચ રૂા. ૧૪.૩૪ કરોડ અને ગાંધીનગર યુનીટ નં. ૧ અને ૨ માટેનો ખર્ચ રૂા. ૬૩.૩૯ કરોડ થયેલ છે. |

------------

## કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાં ઓઈલ અને ગેસનું ઉત્પાદન

૧૦૬૨૯**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષ્ણા-ગોદાવરી બેઝિન ખાતે રાજ્ય હસ્તકની પેટ્રોલિયમ કંપની જી.એસ.પી.સી. હસ્તક્ના બ્લોકમાં ઓઈલ અને ગેસનું ઉત્પાદન ક્યારે ચાલુ કરવામાં આવશે, અને | (૧) કૃષ્ણા ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તક્ના બ્લોક્નો ફીલ્ડ ડેવલોપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપરત કરેલ છે. આ પ્લાનની મંજુરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| (૨) આ ઉત્પાદન ચાલુ થતા રાજ્યને તેનાથી શો ફાયદો થશે? | (૨) રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘ ુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતાં પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃતિઓમાં સમગ્રતયા વૃધ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃધ્ધ થશે, પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે અને તેથી રાજ્યના લોકોની જીવનશેલીની ગુણવત્તા વધશે. |

## આણંદ અને ખેડા જિલ્લામાં દેશી અને વિલાયતી દારૂ પકડવા દરોડા

૧૦૧૪૧ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર દેશી દારૂ બનાવતા અને વિલાયતી દારૂ વેચતા ઈસમો ઉપર કેટલી જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) આણંદ ખેડા

| અ.નં | તાલુકો | તા. ૧૬-૬-૦૮થી તા. ૧૫-૬-૦૯ | તાલુકો | તા.૧૬-૬-૦૮થી તા.૧૫-૬-૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૬૪૩ | નડીયાદ | ૩૩૨૫ | | |
| ૨ | ઉમરેઠ | ૬૩૩ | ઠાસરા | ૧૦૪૨ | | |
| ૩ | પેટલાદ | ૧૧૯૧ | માતર | ૫૧૫ | | |
| ૪ | બોરસદ | ૧૧૧૫ | કપડવંજ | ૬૯૪ | | |
| ૫ | આંકલાવ | ૨૭૦ | કઠલાલ | ૪૮૨ | | |
| ૬ | ખંભાત | ૧૨૪૬ | મહેમદાવાદ | ૮૪૬ | | |
| ૭ | તારાપુર | ૧૨૦ | ખેડા | ૫૧૨ | | |
| ૮ | સોજીત્રા | ૧૯૨ | મહુધા | ૩૩૫ | | |
| ૯ | | | બાલાસીનોર | ૨૪૭ | | |
| ૧૦ | | | વિરપુર | ૧૦૩ | | |
| | કુલ : | ૭૪૧૦ | કુલ : | ૮૧૦૧ | | |

(૨) દરોડા દરમ્યાન તાલુકાવાર કેટલો દેશી દારૂ બનાવવાના સાધનો તથા વિલાયતી દારૂ પકડવામાં આવ્યો,

| | આણંદ | | | ખેડા | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકો | તા. ૧૬-૬-૦૮ થી તા. ૧૫-૬-૦૯ | | તાલુકો | તા. ૧૬-૬-૦૮ થી તા. ૧૫-૬-૦૯ | |
| | | દેશીદારૂ બનાવવાના સાધનો | બોટલ વિદેશી દારૂ | | દેશીદારૂ બનાવવાના સાધનો | બોટલ વિદેશી દારૂ |
| ૧ | આણંદ તાલુકો | દેશી દારૂ ૮૩૦૫ વોસ-૨૫૮૯૭ | ૬૬૦ | નડીયાદ | દેશી દારૂ ૫૧૦૨ વોસ-૧૮૩૨૦ | ૩૬૧૯ |
| ૨ | ઉમરેઠ | દેશી દારૂ ૧૧૦૮ વોસ-૫૭૫૦ | ૬૦૩ | ઠાસરા | દેશી દારૂ ૩૦૮૨ વોસ-૯૫૬૫ | ૨૪૨૯ |
| ૩ | પેટલાદ | દેશી દારૂ ૨૧૦૬ વોસ-૧૭૦૫ | ૫૯૭૭ | માતર | દેશી દારૂ ૧૦૬૧ વોસ-૭૦૦ | ૧૧૦૦૨ |
| ૪ | બોરસદ | દેશી દારૂ ૨૧૫૯ વોસ-૨૩૮૧ | ૧૦૮૮૪ | કપડવંજ | દેશી દારૂ ૧૫૮૦ વોસ-૧૫૪૩ | ૨૮૨૧ |
| ૫ | આંકલાવ | દેશી દારૂ ૯૪ વોસ-૨૫૪૦ | ૨૮૪ | કઠલાલ | દેશી દારૂ ૨૦૬૭ વોસ-૫૬૩૫ | ૧૮૦૮૪ |
| ૬ | ખંભાત | દેશી દારૂ ૩૨૮૬ વોસ-૬૧૫ | ૫૬૬ | મહેમદાવાદ | દેશી દારૂ ૨૮૭૦ વોસ-૫૮૪૭૧ | ૦ |
| અ.નં. | તાલુકો | તા. ૧૬-૬-૦૮ થી તા. ૧૫-૬-૦૯ | | તાલુકો | તા. ૧૬-૬-૦૮ થી તા. ૧૫-૬-૦૯ | |
| | | દેશીદારૂ બનાવવાના સાધનો | બોટલ વિદેશી દારૂ | | દેશીદારૂ બનાવવાના સાધનો | બોટલ વિદેશી દારૂ |
| ૭ | તારાપુર | દેશી દારૂ ૩૧૧ વોસ-૦૦ | ૨૭૨ | ખેડા | દેશી દારૂ ૨૯૪ વોસ-૧૪૦ | ૮૨ |
| ૮ | સોજીત્રા | દેશી દારૂ ૩૮૪ વોસ-૮૪ | ૫૭ | મહુધા | દેશી દારૂ ૧૦૩૯ વોસ-૮૦૫ | ૭૫૩ |
| ૯ | | | | બાલાસીનોર | દેશી દારૂ ૩૫૯ વોસ-૧૭૪ | ૩૧૫ |
| ૧૦ | | | | વિરપુર | દેશી દારૂ ૧૩૮ વોસ-૨૫૪ | ૦ |
| | **કુલ :** | **લીટરદેશી ૧૭૭૫૩ લીટરવોસ ૩૮૯૭૨** | **૧૯૩૦૩ વિદેશી દારૂ બોટલમાં** | **કુલ :** | **લીટરદેશીદારૂ ૧૭૫૯૨ ૯૫૬૦૭ લીટરવોસ** | **૩૯૧૦૫ વિદેશીદારૂ બોટલમાં** |

દેશી દારૂ બનાવવાના સાધનોમાં વોસ તથા દારૂ પકડાયેલ છે.

(૩) પકડાયેલ ઈસમો ઉપર શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) દારૂની બદી દૂર થાય તે માટે સરકાર શાં પગલાં ભરવા માગે છે?

(૩) અને (૪) આ પકડાયેલ ઈસમો સામે ગુન્હા દાખલ કરી જરૂર જણાયે આરોપીઓ વિરૂધ્ધ પાસા, હદપારી અને પ્રોહીબીશનની કલમ-૯૩ મુજબ અટકાયતી પગલાં લીધેલ છે

આ સમય દરમ્યાન આણંદમાં પાસા ના-૧૩, તડીપારના-૫૩ અને, પ્રોહીબીશનની કલમ-૯૩ હેઠળ ૧૮૧૩ અને ખેડામાં પાસા ના -૧૯, તડીપારના ૬૧ અને પ્રોહીબીશન ની કલમ-૯૩ હેઠળ ૧૦૯૯ અટકાયતી પગલાં લીધેલ છે. દારૂની પ્રવૃતી સાથે સંકળાયેલ ઈસમોની પ્રવૃતી ઉપર વોચ રાખી બાતમી દારોથી બાતમી મેળવી અવાર નવાર પ્રોહીબીશનની રેઈડો કરી, આ પ્રવૃતી અટકાવવા પ્રયાસો કરવામાં આવે છે, અને કાયદાકીય પગલાં ભરવામાં આવે છે. બે કે તેથી વધારે ગુન્હા કરનાર આરોપીઓ વિરૂધ્ધ પાસા, હદપારી અને પ્રોહીબીશનની કલમ-૯૩ મુજબ અટકાયતી પગલાં ભરવાની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

------------

## અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં સામૂહિક આપઘાતના બનાવો

૧૦૫૪૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં વર્ષવાર આપઘાત અને સામૂહિક આપઘાતની કેટ કેટલી ઘટનાઓ બની, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં વર્ષવાર આપઘાત અને સામૂહિક આપઘાતની નીચે જણાવ્યા મુજબની ઘટનાઓ બની.

| | આપઘાતના બનાવો | |
|---|---|---|
| **સમય** | **સામૂહિક** | **વ્યક્તિગત** |
| તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૫-૦૭ | ૯ | ૧૪૬૨ |
| તા. ૧-૪-૦૭થી તા. ૩૧-૫-૦૮ | ૫ | ૧૫૧૪ |
| તા.૧-૪-૦૮થી તા. ૩૧-૫-૦૯ | ૪ | ૧૫૮૯ |

(૨) ઉક્ત ઘટનાઓમાં કેટલાના મૃત્યુ થયા?

(૨) ઉક્ત ઘટનાઓમાં નીચે જણાવ્યા મુજબ મૃત્યુ થયા.

| | આપઘાતમાં મૃત્યુ | |
|---|---|---|
| **સમય** | **સામૂહિક** | **વ્યક્તિગત** |
| તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૫-૦૭ | ૨૧ | ૧૪૬૨ |
| તા. ૧-૪-૦૭થી તા. ૩૧-૫-૦૮ | ૧૮ | ૧૫૧૪ |
| તા.૧-૪-૦૮થી તા. ૩૧-૫-૦૯ | ૧૦ | ૧૫૮૯ |

------------

## દાહોદ જિલ્લામાં તાલુકાવાર વાહન ચોરીના કેસ

૯૫૨૭**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ૧ (એક) વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા વાહન ચોરીના કેસ નોંધાયા, અને

(૨) આ પૈકી કેટલા કેસોનો ભેદ ઉકેલાયો?

**જવાબ**

(૧) અને (૨) : દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ૧ (એક) વર્ષમાં વાહન ચોરીના કુલ ૧૦૩ કેસો નોંધાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | નોંધાયેલ કેસ | ઉકેલાયેલ ભેદ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૬૮ | ૧૯ |
| ૨ | ગરબાડા | ૦૧ | -- |
| ૩ | ધાનપુર | -- | -- |
| ૪ | દેવગઢ બારીયા | ૦૮ | ૦૪ |
| ૫ | લીમખેડા | ૦૨ | -- |
| ૬ | ઝાલોદ | ૧૮ | ૦૫ |
| ૭ | ફતેપુરા | ૦૬ | ૦૨ |
| | **કુલ.. ..** | **૧૦૩** | **૩૦** |

વાહન ચોરીના ગુનાઓ બનતા અટકાવવા સારૂ ડીવીઝન લેવલે ૧૦-૧૦ પોલીસ માણસોની ટીમો બનાવી નાયબ પોલીસ અધિક્ષકશ્રીના સીધા સુપરવીઝન હેઠળ વાહન ચેકીંગ રાખી શકદારો ઉપર કોમ્બીંગ કરી ઘનિષ્ઠ પૂછપરછ કરી ગુના બનતા અટકાવવા તથા અગાઉના વણશોધાયેલ ગુના શોધી કાઢવાના પ્રયાસો ચાલુ છે.

નાઈટ રાઉન્ડ વધુ સઘન બનાવી શકમંદ ઈસમો ચેક કરી, સી.આર.પી.સી. ૧૦૯, બીપીએ ૧૨૨ જેવા અટકાયતી પગલાં લેવા જિલ્લાની ડીવીઝનની ટીમોને તથા સ્થાનિક એલસીબી શાખાના માણસોને આવા ગુના કરતી ટોળકીના સભ્યોને ઝબ્બે કરી, જરૂરી પૂછપરછ કરી ગુના

બનતા અટકાવવા તથા અનડીટેક્ટ ગુના શોધી કાઢવા સૂચના આપેલ છે.

મિલક્ત સંબંધી ચોરી, ધાડ, લૂંટ જેવા ગુના બનતા અટકાવવા નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓને અસરકારક કોમ્બીંગ કરવા સૂચના આપેલ છે.

આજુબાજુના જિલ્લા તથા સીમાવર્તી એમ.પી. તથા રાજસ્થાનના પાડોશી જિલ્લાના પોલીસ અધિક્ષક સાથે મળી ગુનેગારો અંગે લાયઝનીંગ રાખી તેમજ એલસીબી તથા સ્થાનિક પોલીસની મદદથી કોમ્બીંગ કરવામાં આવે છે.

વાહનની ચોરી કરતી ટોળકી પકડાયેથી સ્થાનિક એલસીબી ધ્વારા તેઓની ઘનિષ્ઠ પૂછપરછ કરી વાહનચોરીના અનડીટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલવા માટેના પૂરતા પ્રયાસો કરવામાં આવે છે.

પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારીશ્રી ધ્વારા આવા ગુનાઓ બનતા અટકાવવા તેઓની કક્ષાએથી મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

------------

**અમદાવાદ શહેરમાં ચાલતા હુક્કાબાર**

૧૦૭૮૯**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા લાયસન્સવાળા અને લાયસન્સ વિનાના હુક્કબાર ચાલે છે,

(૨) ગેરકાનૂની પ્રવૃત્તિ કરતા, નશીલા પદાર્થો અને તમાકુની બનાવટો પીરસતા કેટલા હુક્કાબારો સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) બાકીના હુક્કાબારો સામે ક્યારે પગલાં લેવાશે?

**જવાબ**

(૧) હુકકાબારના અલગથી કોઈ લાયસન્સ આપવામાં આવતા નથી. રેસ્ટોરન્ટવાળા ગ્રાહકોને હુકકાબારની સગવડ અલગથી સ્મોકીંગ ઝોન બનાવી જાહેરનામાની શરતોને આધીન સગવડ આપતા હોય છે.

(૨) અને (૩) :

૨૬ હુકકાબાર વાળાઓ વિરૂધ્ધ તપાસ કરવામાં આવેલ છે. જે પૈકી ૧૦ હુકકાબારવાળાઓ વિરૂધ્ધ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે. આ તમામ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ગુન્હા દાખલ કરવામાં આવેલ છે. જેનું પત્રક "અ" સામેલ છે.

બાકીના ૧૬ હુકકાબારોમાં તપાસ કરી ચેક કરેલ છે. કોઈ ગુનાહિત કાર્ય જણાયેલ નથી.

**પત્રક - અ**

**સને-૨૦૦૭**

| અ.નં. | પો.સ્ટે., ગુ.ર.નં. અને કલમ | ગુનાની જગ્યા | ગુનાની ટુંક વિગત | આરોપીઓના નામ |
|---|---|---|---|---|
| ૧ | ગુજ.યુનિ.પો.સ્ટે., સે.૩૦૧૨/૦૭, ઇ.પી.કો.ક.૧૮૮, ૧૧૪ મુજબ | જહાનવી રેસ્ટોરન્ટ ગુલબાઇ ટેકરા, નવરંગપુરા, અમદાવાદ. | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ ન હતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | (૧) ભંવરસીંહ કાળુસીંહ ભાટી (૨) રીસીત સુરેશ શાહ |

તા.૦૧-૬-૨૦૦૮ થી તા.૩૧-૫-૨૦૦૯

| અ.નં. | પો.સ્ટે.,ગુ.ર.નં. અને કલમ | ગુનાની જગ્યા | ગુનાની ટુંક વિગત | આરોપીઓના નામ |
|---|---|---|---|---|
| ૨ | નવરંગપુરા પો.સ્ટે., સે.૩૧૫૬/૦૯, ઇ.પી.કો.ક.૧૮૮ મુજબ તા.૯-૫-૦૯ | ફ્લેવર હુકકાબાર, ચોઇસ રેસ્ટોરન્ટની બાજુમાં, સી.જી.રોડ, અમદાવાદ | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | અર્જુનભાઇ જયંતીભાઇ શર્મા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | વસ્ત્રાપુર પો.સ્ટે., સે.૩૧૧૩/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ તા.૯-૫-૦૯. | આદત હુકકાબાર, હિમાલયા ફસ્ટ ફ્લોર, દુ.નં. ૧૦૨, વસ્ત્રાપુર, અમદાવાદ. | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | રઘુભાઇ ભાનુભાઇ ગઢવી |
| ૪ | વસ્ત્રાપુર પો.સ્ટે., સે.૩૧૧૨/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ | બ્લેક ઓશન હુકકાબાર, વસ્ત્રાપુર બેન્ક સામે હંટલીની કેમ્પ ફસ્ટ ફ્લોર, એફ/૧, વસ્ત્રાપુર, અમદાવાદ. | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | (૧) અનુપમભાઇ પ્રફુલ્લભાઇ સોની (૨) ઇન્દ્રપાલસીંગ જગજીવનસીંગ અરોરા (વોન્ટેડ) |
| ૫ | સેટેલાઇટ પો.સ્ટે., સે.૩૦૮૩/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ તા.૯-૫-૦૯. | મુન લાઇટ હુકકાબાર, નીલકંઠ પેલેસ, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | રાજુભાઇ પ્રહલાદભાઇ પટેલ |
| ૬ | સેટેલાઇટ પો.સ્ટે., સે.૩૦૮૧/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ તા.૯-૫-૦૯. | ફ્યુઝન ધ લાઉન્ઝ હુક્કાબાર, રીવરા આર્કેડ, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | વિશાલભાઈ કમલેશભાઈ પરીખ |
| ૭ | સેટેલાઇટ પો.સ્ટે., સે.૩૦૮૪/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ તા.૯-૫-૦૯. | જેનીથી ગેમીંગ ઝોન હુકકાબાર, સચીન ટાવરની સામે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ. | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | (૧) નવીનભાઇ ચંદ્રકાંન્ત ચોરસીયા (૨) જીગર હસમુખ પટેલ (૩) સચીન મુકેશ ગાંધી (વોન્ટેડ) |
| ૮ | સેટેલાઇટ પો.સ્ટે., સે.૩૦૮૨/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ તા.૯-૫-૦૯. | ટેમ્પરેચર હુકકાબાર, દુ.નં. ૧, ૨, ૩ કેમ્પસ કોર્નર, પ્રહલાદનગર, ગાર્ડન સામે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | જીગર હસમુખભાઇ પટેલ |
| ૯ | ગુજ.યુનિ. પો.સ્ટે., સે.૩૦૬૫/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮, ૧૧૪ મુજબ તા.૯-૫-૦૯. | મરહબા હુકકા એન્ડ લોન્જ હુકકાબાર, વિજય કોમ્પલેક્ષ, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ. | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | (૧) સરદારસીંગ ધુળસીંગ સીસોદીયા (૨) સરદારસીંગ અંદ્રસીંગ સીસોદીયા (૩) સમીર છબીલા પાંડે |
| ૧૦ | ઘાટલોડીયા પો.સ્ટે., સે.૩૦૨૫/૦૯, ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબ તા.૧૦-૫-૦૯. | આર/૩, મોલ ટર્નલ ડીસ્કોથેક રેસ્ટોરન્ટ માલીક તથા સાયક્લોન રેસ્ટોરન્ટ, ઘાટલોડીયા, અમદાવાદ. | હુકકાબાર માટે શરત મુજબ અલગ કેબીન રાખવામાં આવેલ નહતી તેવા હુકકાબાર વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ ઇ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો નોંધેલ છે. | (૧) મહેશસીંગ દાનસીંગ મહેરા (૨) સુધીર લક્ષ્મીકાન્ત પાત્ર |

------------

# માનનીય અધ્યક્ષશ્રીની ટકોર

### પ્રોકસી દ્વારા પ્રશ્નો પૂછવા અંગે

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી દરમિયાન કેટલાક સભ્યોએ જે ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો પૂછવા માટેની ઈચ્છા વ્યકત કરી અને મેં એટલા માટે ના પાડી કે એના પરિણામે ગેરહાજર રહેલા સભ્યશ્રીઓની ગેરહાજર રહેવાની મનોવૃત્તિને હું પ્રોત્સાહિત કરવા માગતો નહોતો. બીજી વસ્તુ એવી છે કે પ્રશ્ન પોતે જ પૂછેલો હોય અને એનો જવાબ પોતાને મળે એ આપણે ત્યાં અગત્યનું છે. પ્રોક્ષી પદ્ધતિ એમાં આવે કે હું આજે ગેરહાજર છું અને તમે પ્રશ્ન પૂછી લેજો એ વાત સારી નહીં લાગે અને લોકશાહીમાં પણ એ સારું નથી. સામાન્યતઃ હાઉસ ઓફ કોમન્સમાં હોય, લોકસભામાં હોય કે રાજયોની વિધાનસભાની અંદર હોય પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યશ્રીઓનો અને સંસદીય લોકશાહીનો એ જીવંત કાળ ગણવામાં આવે છે, જયારે એને જીવંત કાળ ગણતા હોઈએ ત્યારે ચૂંટાયેલા લોક પ્રતિનિધિ આ પક્ષના હોય કે પેલા પક્ષનો હોય એ અગત્યનું નથી, પરંતુ તેઓએ ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે પોતાના વિસ્તાર માટે પૂછાયેલો પ્રશ્ન હોય તો એનો જવાબ મેળવવા માટે એ ખૂબ આગ્રહી હોય છે, તો જવાબ સાંભળવા માટે પણ એ આગ્રહી રહેવો જોઈએ અને તો જ આપણે લોકશાહી પરંપરાને વરેલા ગણાઈશું અને એટલા માટે પ્રશ્ન પૂછનાર સભ્ય એ ગેરહાજર રહે તો એનાથી બે નુકસાન થાય છે એક તો પ્રશ્નનો જવાબ આપવા માટે રાજય સરકારને જે ખર્ચ થાય છે તે અગણિત રૂપિયાનો થાય છે એનો ચોકકસ અંદાજ કાઢવો એ ઘણું અઘરું છે. એક પ્રશ્નનો જવાબ લોકસભાની અંદર લાખો રૂપિયામાં થાય આપણે ત્યાં હજારોનો થતો હશે કારણકે એક પ્રશ્નનો જવાબ તૈયાર કરવામાં જિલ્લા, તાલુકા અને ગામડાં સુધીથી એની માહિતી એકત્રિત કરવામાં આવે છે. તારાંકિત પ્રશ્નનો જવાબ મેળવવા માટે ૨૧ દિવસનો સમય આપવામાં આવે છે અને એ સમયની અંદર એ પ્રશ્ન વિધાનસભા સમક્ષ લાવવો એ વિધાનસભાના નિયમોને કારણે અમે આગ્રહી હોઈએ છીએ તો જે પ્રશ્નનો જવાબ ખૂબ જ મહેનત કરીને રાજયના મંત્રીમંડળે તૈયાર કર્યો હોય તે પ્રત્યે પ્રશ્ન પૂછનાર સભ્ય માટે પોતાનો આદર બતાવવો આવશ્યક છે અને જે સન્માનનીય પ્રવૃત્તિના એક ભાગરૂપ છે એટલા માટે જ એ આપણા નિયમો, પ્રણાલિકા અને લોકશાહીની અંદર ખૂબ અગત્યની વસ્તુ છે એટલે એ પ્રશ્નનો જવાબ આપવા માટે જે મહેનત કરીને પ્રશ્ન તૈયાર થઈને ગૃહ સમક્ષ આવ્યો હોય ત્યારે પ્રશ્ન પૂછનાર સભ્ય એ સમયે ગૃહમાં ગેરહાજર રહે એ આપણી સંસદીય પ્રણાલિકામાં અનિચ્છનીય છે કે હું મારો પ્રશ્ન પૂછયા પછી તે દાખલ થયા બાદ ગૃહમાં ગેરહાજર રહું તો એ યોગ્ય પણ નથી. આથી તમામ સભ્યોને મારી વિનંતી છે કે તેઓ પ્રશ્ન પૂછે અને એનો જવાબ ગૃહમાં આવવાનો હોય ત્યારે એ સમયે ગૃહમાં હાજર રહીને જ પ્રશ્નનો જવાબ મેળવવાનો પ્રયત્ન કરે. ગેરહાજર રહીને બીજા સભ્ય દ્વારા, પ્રોક્ષી દ્વારા જો પ્રશ્ન પૂછાવવાનું મનમાં હોય તો એને હું ઉત્તેજીત કરી શકીશ નહીં.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### તાજેતરમાં વડોદરા જિલ્લામાં ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે કેળના પાકને ભારે નુકસાન થતાં ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થવા અંગે

**સચિવશ્રી:** તાકીદની જાહેર અગત્યની બાબત, ... માનનીય સભ્યશ્રી ધીરૂભાઈ ભીલ **(થોડીવાર બાદ)** માનનીય સભ્યશ્રી ગેરહાજર

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૮૩૯૦ (અગ્રતાક્રમ-૭) ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૬/૭/૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય પ્રો. વસુબેન ત્રિવેદીના " રાજયમાં પેટાપરાઓનું વીજળીકરણ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૮૩૯૦ (અગ્રતાક્રમ-૭)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૮૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનો સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૭૯,૩૭,૭૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૫,૪૪,૨૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૮૫ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૮૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૮૬**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૫૭,૦૨,૮૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬,૪૧,૦૬,૩૩,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૮૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૮૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૮૭**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૧૫,૨૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬૪,૦૫,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૮૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૮૭ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક: ૧૦૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૬૨,૩૫,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૦૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા ૨૦-૭-૨૦૦૯ (સાતમા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>માગણી નં.૮૫ | | |
| ૧ * | ૨૨૧૬-આવાસન<br>૦૧-સરકારી...મકાનો<br>૧૦૬-સામાન્ય....સમુચ્ચય<br>રુ.૨,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૪૩ ભાગ-૧ | ૧૦૦ | સરકારી મકાનોની જાળવણીમાં દાખવવામાં આવતી ઉદાસીનતા | |
| ૨ * | --"-- | ૧૦૦ | બંધ હાલતમાં રહેલા સરકારી આવાસોની મરામતની કામગીરી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩ * | --"-- | ૧૦૦ | કર્મચારીઓને સરકારી આવાસો મેળવવામાં પડતી મુશ્કેલીઓ તેમજ આવાસ ફાળવવામાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| | | માગણી નં.૮૬ | | |
| ૪ * | ૩૦૫૪-માર્ગ અને પુલ | ૧૦૦ | માટીકામ થયેલા રસ્તાઓના કામો ઝડપથી | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૪-જિલ્લા અને અન્ય માર્ગો<br>૩૩૭-માર્ગ કામો<br>૧૧-માર્ગ અને પુલ<br>રૂા.૨,૮૦,૦૨,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૬૭ ભાગ-૧ | | હાથ પર લઈ પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | મેટલ સપાટીવાળા કામો ડામર સપાટીથી પૂરા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | ગ્રામીણ માર્ગોને તાલુકા/ જિલ્લા કક્ષાના મુખ્ય માર્ગો સાથે જોડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૭ * | --"-- | ૧૦૦ | રસ્તાના કામો સમયસર પૂર્ણ ન કરનાર એજન્સીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮ * | --"-- | ૧૦૦ | માર્ગોના કામોમાં હલકી કક્ષાનો સામાન વાપરી આચરવામાં આવતી ગેરરીતિ રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯ * | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૪-જિલ્લા અને અન્ય માર્ગો<br>૩૩૭-માર્ગ કામો<br>૧૧-માર્ગ અને પુલ<br>રૂા. ૨,૮૦,૦૨,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૬૭ ભાગ-૧ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોની ગુણવત્તા સુધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦ * | --"-- | ૧૦૦ | પંચાયતોને માર્ગો માટે પૂરતા નાણા ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧ * | --"-- | ૧૦૦ | માર્ગોની મરામત કામગીરી સમયસર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૨ * | ૫૦૫૪-માર્ગ....જોગવાઈ<br>૦૩-રાજય ધોરીમાર્ર્ગ<br>૧૦૧-પુલો<br>રૂા. ૫૮,૮૯,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૩૬૭-૩૬૮ ભાગ-૧ | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓની પુલો બનાવવાની માગણીને દ યાને લઈ સત્વરે મંજૂરી આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૩ * | --"-- | | પુલોના અધુરા રહેલા કામો સત્વરે પૂર્ણ કરવા માં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪ * | --"-- | ૧૦૦ | જુના અને નબળા થઈ ગયેલા હયાત પુલોને નવા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૫ * | ૫૦૫૪-માર્ગ ....જોગવાઈ<br>૦૩-રાજય....માર્ગ<br>૧૯૦-જાહેર....રોકાણ<br>રૂા.૧૩,૭૦,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૩૯૧ થી ૩૯૩ ભાગ-૧ | ૧૦૦ | ધોરી માર્ગો ઉપર ઉઘરાવવામાં આવતા ટોલટેકસના દર સામાન્ય જનતાને પરવડે તેવા રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬ * | --"-- | ૧૦૦ | ધોરી માર્ગોની મરામત/જાળવણી સમયસર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭ * | ૫૦૫૪-માર્ગ ....જોગવાઈ<br>૧૭-પ્રવાસી પથ<br>૧"પ્રવાસી"..સુધારણા<br>રૂા.૭,૭૯,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૪૬૬ ભાગ-૧ | ૧૦૦ | પ્રવાસી પથ હેઠળના મહત્વના પ્રવાસ કેન્દ્રોને જોડતા માર્ગોની સુધારણાની કામગીરીને ઝડપી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૮૭** | | |
| ૧૮ * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૧ રાજય...વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૯,૨૨,૮૫,૦૦૦ | ૧૦૦ | ગાંધીનગરના આંતરિક માર્ગોની મરામતની કામગીરીમાં થતો વિલંબ દૂર કરવા તથા માટી/રોડાના ઢગલાઓ ઉપાડવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૨<br>પા.નં.૫૫ થી ૬૦ ભાગ-૧ | | | |
| ૧૯ * | --"-- | ૧૦૦ | ગાંધીનગરના જાહેર માર્ગો ઉપરની ગટરોના મેઈન હોલના ઢાંકણા ન હોવાના કારણે વારંવાર બનતા અકસ્માતના બનાવો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦ * | --"-- | ૧૦૦ | ગાંધીનગરના રહીશોને પૂરતા પ્રેસરથી નિયમિત પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>માગણી નં.૧૦૫ | | |
| ૨૧ * | ૨૨૫૧-સચિવાલય.....સેવાઓ ૦૯૦-સચિવાલય ૦૧-મહિલા..... વિભાગ<br>અં.પ્ર. નં. ૨૭<br>રૂા. ૧,૯૪,૦૦,૦૦૦<br>પાન નં.૨૮-૨૯ | ૧૦૦ | ગરીબ પ્રસૂતા તેમજ નવજાત શિશુને પોષણક્ષમ આહાર મળે તેવુ આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨ * | ---"--- | ૧૦૦ | વિધવા ત્યકતા મહિલાઓને સમયસર પેન્શન મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩ * | ---"--- | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચાર સામે સત્વરે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૪ * | ---"--- | ૧૦૦ | આંગણવાડી વર્કરોને નિવૃતિ સમયે પોણા બે લાખ રૂપિયા આપવાની થયેલ જાહેરાતનું સત્વરે પાલન કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૫ * | ---"--- | ૧૦૦ | આંગણવાડીઓમાં સેવા બજાવતી આંગણવાડી હેલ્પર બહેનો માટે સરકારે ડ્રેસ કોડ લાગુ પાડેલ છે તે રદ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૬ * | --- "--- | ૧૦૦ | બઢતી અપાયેલ આંગણવાડી સુપરવાઈઝરોને પુરતું વેતન આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭ * | | ૧૦૦ | આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનો પાસેથી આરોગ્ય પોષણ સિવાયની સખી મંડળ સહિતની અન્ય કામગીરીઓ લેવાનું સત્વરે બંધ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૮ * | ---"--- | ૧૦૦ | આંગણવાડીઓમાં સેવા બજાવતી આંગણવાડી કાર્યકર તથા હેલ્પરની નિવૃ્ઢિ વય મર્યાદા લંબાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૯ * | ---"--- | ૧૦૦ | બાલ વિકાસની કામગીરી માટે તાકીદે જરૂરી મહેકમ મંજૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે રજૂ થયેલી માગણીઓ ઉપર ચર્ચા શરૂ કરવામાં આવશે, માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ માર્ગ મકાન વિભાગ અને મહિલા અને બાળવિકાસ વિભાગની માગણી ક્રમાંક અનુક્રમે ૮૫,૮૬,૮૭ અને ૧૦૫ લઈને આવ્યાં છે, તેના સમર્થમાં મારા વિચાર વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આપણે સૌ જાણીએ છીએ કે વિકાસના કાર્યનો કયારેય અંત જ હોતો નથી. એટલે જ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીનું માળખાકીય વિકાસ માટે માર્ગોને અગ્રીમતા આપવાનું જે એમનું આયોજન એ આપણા માટે હંમેશા માર્ગદર્શક રહ્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દો કહું તો રસ્તાઓ એ વિકાસનો સાચો રસ્તો બતાવી રહ્યા છે. કોઈપણ માણસને કે જેના હૈયે ગુજરાતનું હિત વસેલું હોય એમને પૂછીએ કે ૧૦ વર્ષમાં કયા પ્રકારની સુખ સગવડમાં વધારો થયો? તો એક જ જવાબ આવશે કે રાજયની અંદર રસ્તાની સગવડોમાં વધારો થયો છે. આ વર્ષે રાજયના આ વિભાગના મંત્રી જ્યારે એમની માગણી લઈને આવ્યા ત્યારે કહેવું છે કે એમણે આ વિભાગની અંદર માત્ર રસ્તાઓ બનાવવા પુરતો સંતોષ નથી માન્યો, પરંતુ રસ્તાઓ ટકાઉ બને, રસ્તા મજબૂત બને એના માટે પણ આ વિભાગે ખૂબ જ ચિંતા કરી છે. રાજયની અંદર આખા ટેન્ડર સિસ્ટમથી માંડીને અનેક સુધારાઓ સુચવ્યા છે. રાજ્યની અંદર પહેલા રોડમાં ભ્રષ્ટાચાર થતો હતો એ નાબૂદ થયો છે, કારણ કે ટેન્ડરની અંદર નિયમો દાખલ કર્યા છે. ટેન્ડર પડે એ રોડનો વર્ક ઑર્ડર અપાય એ ઈજારાદાર રસ્તાની ૩ વર્ષની

ગૅરન્ટી આપે, મેઈન્ટેનન્સ કરવાની જવાબદારી પણ એમની. કોંગ્રેસના શાસનમાં એવું હતું કે રસ્તાઓ બની જાય અને ઈજારાદાર પૈસા પણ લઈ જાય, પછી કોઈ જવાબદારી એમની નહીં. એ રસ્તાના ખાડા પુરવાથી માંડી અન્ય મેઈન્ટેનન્સ કરવામાં તેઓ હાથ ઊંચા કરી દેતા. રાજ્યની સરકારે પ્રમાણિકતાથી સારું કામ થાય એ માટે નિયમોમાં સુધારા કર્યા છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગના બજેટની અંદાજની વાત કરીએ તો આ રાજયમાં ૨૦૦૨ માં બજેટનો પ્લાન અને નૉન પ્લાન જે બજેટ હતું, એમાં ૧૪૫૯ કરોડની ફાળવણી હતી. જ્યારે આ વર્ષે રાજ્યના માર્ગ અને મકાન મંત્રીશ્રીએ ૨૦૦૯-૧૦ માં ૩૬૧૪.૨૦ કરોડની સૂચિત જોગવાઈ કરી છે. જ્યારે ૧૫૦ ટકા જેટલો વધારા સાથે આ માગણી લઈને આવ્યા છે, ત્યારે હું તેને અવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રાજયના રસ્તાનું નૅટવર્ક છે તેના ઉપર નજર નાંખીએ તો રાજયની અંદર ૭૪૧૧૧ કિલોમીટરની લંબાઈના રસ્તા છે. તેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૨૩૩ કિલોમીટર, રાજય ધોરીમાર્ગ ૧૮૫૯૦ કિલોમીટર, મુખ્ય જિલ્લાના માર્ગો ૨૦૮૧૧ કિલોમીટર, અન્ય જિલ્લાના માર્ગો ૧૦૫૮૮ કિલોમીટર, ગ્રામ્ય માર્ગો ૨૦૮૮૯ કિલોમીટરના છે. આટલું મોટું રાજયનું જ્યારે નૅટવર્ક છે ત્યારે રાજયના આ માર્ગ મકાન વિભાગની અંદર જે સર્વગ્રાહી રસ્તા માટે આયોજન થયું છે અને તેના કારણે માર્ગોથી માંડીને છેક રાજય માર્ગો સુધી આ વિભાગે પ્રગતિ કરી છે તેને આવકારું છું. આ રાજયે પ્રગતિપથ, વિકાસપથ, કિસાનપથ, પ્રવાસીપથ, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તાઓ, નાબાર્ડની અનેક યોજનાઓ અમલમાં મૂકી આ રાજયની અંદર રસ્તાના કામો ચાલુ કર્યા છે. તાલુકાથી તાલુકાને જોડતા અને ચોમાસાની અંદર વિખૂટા પડેલા રસ્તાને કાયમી જોડાણ આપવા માટે બજૅટની અંદર મોટું પ્રાવધાન છેલ્લા બે વર્ષથી કર્યુ છે. ત્યારે મારા વિસ્તારની એક આભાર માનવા માટેની ઈચ્છા થઈ છે. માંડલની અંદર માંડલથી શંખેશ્વરનો રોડ દર ચોમાસાની અંદર ૭૫ કલાક માટે બંધ રહેતો હતો. કારણકે માંડલના ઝાંપાની અંદર જે પુલ છે નીચો હતો અને તેના ઉપર પાંચ ફૂટ પાણી ભરાતું હતું , ત્રણ ત્રણ દિવસ સુધી રસ્તો બંધ રહે અને ગામ આખા રાજયની વિખૂટું પડી જાય, આવા રસ્તા બારમાસી રસ્તા કરવા માટે રાજયના માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીએ મારા વિસ્તારનો આ પુલ ઉંચો બનાવવા માટે છ કરોડ રૂપિયા બજૅટમાં આપ્યા છે ત્યારે વિશેષ આ તબક્કે તેમનો આભાર માનું છું. માર્ગ અને મકાન વિભાગની આ બજેટરી જોગવાઈ સિવાય પણ ખાનગી રોકાણકારો માટે આ રાજયની સરકારે આયોજન હાથ ધરેલ છે તે પણ આવકારદાયક છે. રાજયની અંદર રસ્તા અને પુલો માટે જે ખાનગીકરણ મારફત વિકાસ કરવા માટે રાજયની સરકારે ગુજરાત માર્ગ વિકાસ નિગમની પણ સ્થાપના કરી છે. આમ સરકારી નાણાં ઉપરાંત ખાનગી નાણાંનો જે સ્ત્રોત આ રાજયની અંદર વપરાય તેના માટે અને જે રસ્તા બને તે ઉંચી ગુણવત્તાના બને, ટકાઉ બને અને લાંબા અંતરના જે રસ્તા બને તેના માટે આ ખાનગીકરણની યોજનામાં જે રોકાણ થયું છે, ખાનગી રોકાણકારોએ આ રાજયની અંદર આવા રસ્તા પાછળ ૫૧૭ કરોડ રૂપિયાનું રોકાણ કર્યુ છે અને આર.ઓ.બી. યોજના પ્રોજૅકટ માટે ૨૭ કરોડનું રોકાણ થયું છે અને નજીકના ભવિષ્યની અંદર ખાનગી રોકાણકારો જ્યારે આ યોજનાની અંદર ૨૭૫૫ કરોડનું રોકાણ થવાની તૈયારી કરી છે ત્યારે રાજયના માર્ગ અને મકાન મંત્રીની કામગીરીને હું આવકારું છું. ખાનગી રોકાણકારો જે રસ્તાઓ બનાવે છે તેના કારણે ઝડપી ટ્રાફિક થશે અને વાહનોની ગુણવત્તા જળવાશે, મેન્ટેનન્સ ઓછું થશે તેથી આવા રસ્તાઓ બાબતે આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. મહત્વના રાજયના રસ્તાઓમાં અમદાવાદ-વિરમગામ-માળીયા માર્ગ, જે વી.જી.એફ યોજના નીચે ૧૮૦ કિલોમીટરનો રસ્તો છે અને ૧૦૧૫ કરોડના ખર્ચે આ કામ હાથ ધરાનાર છે. બીજો એક મહત્વનો રાજયનો રસ્તો હાલોલ-ગોધરા- શામળાજી માર્ગ તે પણ વી.જી.એફ. યોજના નીચે ૧૭૩ કિલોમીટરનો રસ્તો છે અને તેમાં ૮૦૯ કરોડનો ખર્ચ કરવા રાજય સરકાર જઈ રહી છે. ત્રીજો મહત્વનો રસ્તો રાજકોટ-જામનગર-વાડીનાર માર્ગ વી.જી.એફ. યોજના નીચેનો ૧૩૧ કિલોમીટરનો રસ્તો છે અને ૭૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આમાં ઈજારદાર દ્વારા ટોલટેક્ષ ઉઘરાવવામાં આવશે તેમાંથી રાજય સરકારને હિસ્સો મળનાર છે. આ હિસ્સાની કિંમત ૧૮૦૦ કરોડ રૂપિયા થવા જાય છે. તે સિવાય ડીસા- પાંથાવાડા- ગુંદરી માર્ગ ૪૪.૨૦ કિલોમીટર ૩૫ કરોડનો ખર્ચ અને કીમ-માંડવી માર્ગ ૩૮.૨૦ કિલોમીટર ૨૧ કરોડના ખર્ચે આ સરકારે કામ હાથ ધર્યુ છે. રાષ્ટ્રીય ધોરી માર્ગની વાત કરીએ તો આ રાજયની અંદર રાષ્ટ્રીય ધોરીમાર્ગ આમ તો કેન્દ્ર સરકારનો વિષય છે. પરંતુ આવા જે નેશનલ હાઈવે છે તેની સઘળી કામગીરી જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા કરવાની આવતી હોય ત્યારે રાજય સરકારે આવા આપણા રાજયમાં ૩૨૨૪ કિલોમીટરના નેશનલ હાઈવે છે તેના વિકાસ માટે કેન્દ્ર સરકારનો જ્યારે મહત્વાકાંક્ષી પ્રોજૅકટ એન.એફ.ડી.પી. હેઠળ અને તેમાં ફોરલેન, સીકસ લેન રસ્તાનું આયોજન છે અને રાજય સરકારે તેની જે મહત્વની કામગીરી કરી છે તેની અંદર જે જમીન સંપાદનની પ્રક્રિયા હોય તે આ રાજય સરકારે ઝડપથી કરવા માટેની કાર્યવાહી કરી છે. એ સિવાય ફૉરૅસ્ટનું કિલયરન્સ પણ જલદી મળે એના માટે પણ આ રાજય સરકારે આની અંદર અગ્રતા આપી છે અને યુટિલિટી સિફટીંગને લગતી પણ કામગીરી સમયસર પૂરી થાય જેના કારણે આ બધા પ્રોજૅકટો જલદી પૂરા થાય કારણ કે બીજાં રાજયોમાં આવા બધા રસ્તાઓ આવાં બધાં કારણોસર, આ મુશ્કેલીઓ રાજય સરકાર હલ ના કરે એના કારણે બીજાં રાજયોમાં આવા પ્રોજૅકટો શરૂ થઈ શક્યા નથી. રાષ્ટ્રિય ધોરી માર્ગની વાત કરીએ તો પ્રોએકટીવ અને કાર્યદક્ષ અભિગમને કારણે ગોલ્ડન કવોર્ડીલેટર અને ઈસ્ટવેટ કોરીડોરની કામગીરી પણ પ્રગતિમાં છે. આ જ રીતે વડોદરા-સુરત છ માર્ગની કામગીરી પણ

સમયસર પૂર્ણ થયેલ છે. બીજા ઘણા રસ્તાઓની કામગીરી રાજયમાં શરૂ થઈ છે. બંદરોને જોડતો જે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો આપણો છે ત્યારે એને પણ ૪૫૬ કિલોમીટરની ત્રણ વર્ષની અંદર જે સુધારણા કરી છે અને ૧૫૧ કિલોમીટરનો જે રસ્તો છે એ પણ ૧૦૧ કરોડ રૂપિયાના ખર્ચે પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મહિલા અને બાળ વિકાસ વિભાગની વાત કરવા માગું છું. મહિલા અને બાળ વિકાસ વિભાગ એ સમગ્ર રાજયની મહિલાઓ અને બાળકોની ચિંતા કરે છે. આ વિભાગે સને ૨૦૦૮-૦૯ની અંદર ૩૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી. સને ૨૦૦૯-૧૦ની અંદર સૂચિત જોગવાઈ ૭૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ જ્યારે વિભાગ આજે લઈને આવેલ છે, ૯૨ ટકાનો આમાં વધારો કર્યો છે અને અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે ત્યારે આ માગણીને પણ હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું 'બેટી બચાવો'ની વાત કરવા જઈ રહ્યો છું. આ રાજયની અંદર દીકરીને જન્મતા પહેલાં જ ગર્ભમાં મારી નાખવાની સમાજની જે ઘાતક માનસિકતા હતી એને બદલવા માટે, અને એના કારણે જ રાજયની અંદર ૧૦૦૦ દીકરા સામે જ્યારે ૮૦૨ દીકરીનો રેશિયો હતો ત્યારે આ વિભાગે ખૂબ જ મોટી કામગીરી કરી છે. આપણે સૌ જાણીએ છીએ કે સમાજની અંદર કેટલીક વિકૃતિઓ જોવા મળે છે દીકરીનો જન્મ થાય તો જલેબી વહેંચાય જ્યારે દીકારાનો જન્મ થાય તો પેંડા વહેંચાય. આ માનસિકતા સમાજની અંદરથી બદલાવા માટે પણ રાજયના આ વિભાગે મોટી જેમ કે જન અંદોલન સ્વરૂપે કાર્યક્રમો શરૂ કર્યા છે અને આ સમાજને પાપના માર્ગે વળેલા સમાજને પાછો લાવવા માટે, અને માતાના પેટને કબ્રસ્તાન બનતું અટકાવવા આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ 'બેટી બચાવો' કાર્યક્રમનું નેતૃત્વ કર્યુ છે. આજે એ નેતૃત્વના કારણે, આંદોલનના કારણે આજે જન આંદોલન બન્યું છે આ આંદોલન આ વિભાગના વડા શ્રીમતી આનંદી બહેન આગળ ધપાવી રહ્યા છે. ૧૧મી વિધાનસભાની વાત કરીએ તો ૧૧મી વિધાનસભાની અંદર, આ સભાગૃહની અંદર 'બેટી બચાવો'ની ચિંતા થઈ હતી. અને એ સમયે મને ખ્યાલ છે કે આ મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી જ્યારે એક અજન્મી દીકરીનો પત્ર વાંચ્યો હતો અને એ પત્ર દ્વારા એ ડૉકટરની પણ વેદના વ્યક્ત કરી હતી. મને યાદ છે કે એ દિવસે માનનીય મંત્રીશ્રીની આંખોમાં આંસુ આ સભાગૃહના આપણે સૌએ જોયા હતા. એના કારણે આપણે પણ એમની સાથે ચિંતા વ્યક્ત કરીને આપણી આંખોમાં પણ આંસુ આવ્યાં હતાં, આવા સમયે પરિણામ શું આવ્યું કે, આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ રાજયની અંદર જન અંદોલન સ્વરૂપે પાંચમી માર્ચ ૨૦૦૬ના રોજ આખો કાર્યક્રમ લોન્ચ કર્યો અમદાવાદમાં ટાગોર હૉલની અંદર, માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાવો આ કાર્યક્રમની અંદર રાજયની અંદરથી મોટા મોટા સંતો, મહંતો, પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદ, પરમપૂજય મા કનકેશ્વરી દેવી, આ રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી જેવા અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં બેટી બચાવો કાર્યક્રમ વિધિવત રીતે મૂકી અને આખા રાજયની અંદર લાઈવ પ્રસારણ કરીને આખું જન અંદોલન શરૂ કર્યુ હતું. આજે એ પ્રજાનું આંદોલન બન્યું છે ત્યારે એમાંથી આપણને પરિણામ મળ્યું છે કે જે ૮૦૨નો રેશિયો હતો એ રેશિયો આજે ૮૯૪ સુધી પહોંચ્યો છે અને જ્યારે ૨૦૧૦ની અંદર આ રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થયા જાય છે ત્યારે રાજયની અંદર સુવર્ણજયંતી મહોત્સવ ઉજવવા આપણે જઈ રહ્યા છીએ ત્યારે આ વિભાગે જે પ્રયત્ન કર્યા છે. એ એક દીકરાની સામે એક દીકરીનો જન્મ થાય આ રેશિયો જળવાય, આવા પ્રયત્નો પણ આ વિભાગના ખૂબ જ આવકારદાયક છે અને આ રાજયની અંદર કાયદા પણ કરવામાં આવ્યા છે દીકરીની ખોટી રીતે ભ્રૂણહત્યા ના થાય એના માટે રાજય સરકારે કાયદા કર્યા છે, એના માટે આ રાજયની અંદર ૭૮ જેટલા કોર્ટ કેસ પણ કર્યા છે અને ડૉકટરોના ૧૪૮ જેટલા મશીનો પણ જપ્ત કરવામાં આવ્યા છે આની અંદર સમાજે પણ કંઈક કર્યુ છે. સમાજે, સુરતની અંદર પાટીદાર સંમેલનમાં, દશથી પંદર લાખની સંખ્યાની અંદર એકઠા થઈ અને સ્ત્રીભ્રૂણહત્યા ન થાય એવા સોંગધ લીધા છે. એ સિવાય માનનીય મુખ્ય મંત્રીશ્રીની હાજરીમાં ચૌધરી સમાજે પણ ડગવાડિયા ગામે એક લાખ કરતાં પણ વધારે લોકો ભેગા થઈ સ્ત્રીભ્રૂણહત્યા ન થાય એવો સંકલ્પ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં તમામ સમૂહ લગ્નમાં મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી જ્યારે પધારે છે ત્યારે એમણે પણ જોયું છે કે સમૂહ લગ્નમાં ૧૦ થી ૧૫ હજાર લોકોની મેદની હોય ત્યારે પણ આવા સંકલ્પો લેવાય છે ત્યારે આવું મહત્ત્વનું અને સમાજનું કામ આ રાજ્યની સરકારે કર્યું છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ બધી જ જે માગણીઓ લઈને આવ્યા છે એને હું આવકારુ છું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલા અને બાળ કલ્યાણ વિભાગનો એક અલગ વિભાગ કરીને આ રાજ્યમાં આ વિભાગને ખૂબ કાર્યરત કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીનો હંમેશ માટે એ ઉદેશ રહ્યો છે કે, છેવાડાના બાળકો અને છેવાડાની જે ગરીબ બહેનો છે એમને સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ મળે એ માટે થઈને આજે અનેક યોજનાઓ કામ કરી રહી છે. આ રાજ્યમાં ઘણી નિરાધાર બહેનો છે, વિધવા બહેનો છે અને એ વિધવા બહેનોના પુનઃસ્થાપન માટે થઈને આ રાજય સરકારે દર વર્ષે આવી ૧૦ હજાર બહેનોને પોતે પોતાની રીતે આર્થિક પગભર થાય એના માટે થઈને જુદા જુદા ટ્રેનિંગ ક્લાસ દ્વારા ટ્રેનિંગ આપીને આ બહેનોને પહેલા ૩૦૦૦

રૂપિયા સુધીની કીટ આપવામાં આવતી હતી એમાં વધારો કરીને આ બહેનોને ૫૦૦૦ રૂપિયા સુધીની કીટ આપવામાં આવે છે કે જેથી આ બહેનો પોતાના કુટુંબની અંદર, ઘરની અંદર વ્યવસ્થિત રીતે પગભર થાય અને પોતાના નાના નાના બાળકોનું પોતે સારી રીતે પોષણ કરી શકે એ માટે આવી ઘણી બહેનો છે એ ઘરે બેઠા ટ્રેનિંગ મેળવીને સારો વ્યવસાય આજે રાજ્યની નિરાધાર બહેનો કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિધવા પેન્શનની વાત કરીશ. જે બહેનોને આ રાજ્ય સરકાર વિધવા પેન્શનના પૈસા ચૂકવે ત્યારે એમને એ પૂરતા પૈસા મળતા ન હતા ત્યારે આ રાજ્યની અંદર આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે અને અમારા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી આનંદીબેને આ બહેનોને સમયસર પૈસા મળે અને પોતાના હાથમાં જ એ પૈસા આવે એ માટે થઈને અગાઉથી જ એમની ગ્રાન્ટ જમા કરાવવામાં આવે છે અને પોસ્ટ ઑફિસમાં એમનું ખાતું ખોલાવવામાં આવે છે અને પોસ્ટ ઑફિસમાં આ બહેનોનું વિધવા પેન્શન જમા થાય છે અને એ રીતે સીધા જ એમના હાથમાં પૈસા આવે છે એ રીતે એ બહેનોને પૈસા આજે મળી રહ્યા છે. આવી ગરીબ ઘરની બહેનો માટે થઈને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ કામ કરી રહ્યું છે. આ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા અને એની જુદી જુદી યોજનાઓ દ્વારા ગરીબી રેખા નીચે જીવતી બહેનો હોય એમને સ્વ-રોજગારી મેળવવી હોય, આર્થિક રીતે પગભર થવું હોય તો એને રાષ્ટ્રીયકૃત બૅન્કો દ્વારા વિવિધ વ્યવસાય માટે અને વિવિધ ઉદ્યોગ માટે પણ ૫૦ હજાર રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે તેમજ આ નિગમ દ્વારા બહેનો પોતે પગભર થાય અને પોતાની ઘરે ખૂબ સારી વસ્તુઓ ભરતગૂંથણથી માંડીને સીવણની અને બીજી અનેક વસ્તુઓ પોતે ઘરે બનાવે છે એ આ નિગમ દ્વારા એક પ્રદર્શન સહ સેલ યોજના ચાલે છે એના દ્વારા એ બહેનો છે એ પોતે આપણે જાણીએ છીએ કે ગુજરાતની બહાર અને ગુજરાતની અંદર આવા પ્રદર્શન સહ સેલ યોજવામાં આવે છે એમાં એ બહેનો પોતે એ સેલમાં ભાગ લઈ ત્યાં પોતે પોતાની વસ્તુનું વેચાણ કરી શકે છે.કચ્છની બહેનોનો હું દાખલો આપીશ કે કચ્છની બહેનો અભણ હોવા છતાં પોતાની સુઝબુઝથી ખૂબ સારું વર્ક કરીને, ભરતકામ કરીને આવા જ્યારે પ્રદર્શન સહ સેલ જ્યારે હોય છે ત્યારે એની અંદર પોતે એક પોતાનો સ્ટોલ ઊભો કરીને આવી વસ્તુઓનું વેચાણ કરીને ગુજરાતનું નામ બીજા રાજયની અંદર રોશન કરે છે અને આવી બહેનો પોતે આજે પગભર થાય છે, જે આવી બહેનો સારું કામ કરતી હોય, સામાજિક ક્ષેત્રે કામ કરતી હોય અને સાથે સાથે કોઈ સારી સંસ્થાઓ જ્યારે બહેનો માટે કામ કરતી હોય ત્યારે એમને બિરદાવવા માટે, એમને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે મહિલા એવોર્ડ જાહેર કરેલા છે અને આવા મહિલા એવોર્ડ મહિલાઓને અને સારી સંસ્થાઓને આપવામાં આવે છે, જે સંસ્થાઓએ ઉમદા કામગીરી કરી હોય, સ્વૈચ્છિક સંસ્થાઓએ અને એમને સારું કામ કર્યુ હોય તો રાજય સરકાર એને એક લાખ રૂપિયા સુધીનો એવોર્ડ આપે છે અને કોઈ સારી બહેન હોય અને એણે સમાજની અંદર સારું કામ કર્યુ હોય તો આવી બહેનોને પ્રોત્સાહિત કરવા માટે થઈને રાજય સરકાર ૫૦,૦૦૦ રૂપિયા પ્રોત્સાહક રૂપે ઈનામ આપે છે, ત્યારે આવી રીતે આ રાજયની મહિલાઓ છે પોતે પગભર ઊભી રહી શકે, પોતે સમાજની અંદર પોતે ઊંચું માથું કરીને કમાઈ શકે એ માટે થઈને રાજય સરકાર બહેનો માટે થઈને ખૂબ કામ કરી રહેલ છે, હું આંગનવાડીની વાત કરું તો આ રાજયની અંદર ચાલીશ હજારથી વધારે આંગણવાડીઓ આજે ચાલી રહી છે અગાઉ જે આંગણવાડીઓ ચાલતી તે કાગળ ઉપર ચાલતી, અને આજે જ્યારે હું ઘણી જગ્યાએ આંગણવાડીની મુલાકાત લઉં છું ત્યારે આપણને જોવા મળે છે કે આંગણવાડીની અંદર કેટલી બધી ચોખ્ખાઇ હોય છે અને જે બાળકો આજે આંગનવાડીની અંદર આવે છે તે ગરીબ ઘરના બાળકો હોય છે, ગરીબ કુટુંબના બાળકો હોય છે એ બાળકોને, એમની માતાઓને ખૂબ સારું એમને સમજાવીને પોતાના બાળકને સ્વચ્છ રીતે, સારા કપડાં પહેરાવીને બાળકો આંગણવાડીમાં આવે, આંગણવાડીમાં સ્વચ્છતા આજે આ બધું આ રાજયની અંદર જોવા મળે છે, સાથે સાથે જે આવા બાળકો આવે છે કે એમના માબાપને વાલીને ખબર નથી કે પોતાનું બાળક છે એ પોષણથી પીડાય છે અને આવા બાળકોને સારું પોષણ મળે અને આવા બાળકોમાં જે શારીરિક ખામી હોય એના માટે થઈને આ રાજય સરકારે 'બાળભોગ' નામની યોજના આજે કાર્યરત કરી છે અને મને આજે ગૌરવ થાય છે કે આ યોજના રાજયની અંદર દરેક આંગનવાડીની અંદર ખૂબ સારી રીતે આજે આ યોજના ચાલી રહી છે, બાળભોગ યોજના દ્વારા બાળકોને સારો નાસ્તો મળે, બાળકોને અઠવાડિયાની અંદર જુદી જુદી વાનગીઓ દ્વારા સારો પોષણયુક્ત નાસ્તો મળે એની ચિંતા આ રાજય સરકારે કરીને ફોર્ટીફાઈડ આટા હોય કે ન્યુટ્રી કેન્ડી પોષણ યુક્ત ચૉકલેટ હોય તો આવા બાળકોને પૂરતું પોષણ મળે એના માટે થઈને રાજય સરકારે આજે બાળભોગ નામની યોજના જે કાર્યરત કરી છે એ આંગણવાડીમાં ખૂબ સારી રીતે ચાલી રહી છે. સાથે સાથે આ સરકાર હંમેશા જે લોકભાગીદારીના કામ કરે છે, વિકાસના કોઈપણ કામ હોય કે ગમે તે કામ હોય તે લોકભાગીદારીથી આ રાજય સરકાર કામ કરે છે ત્યારે લોકોને સાથે રાખીને આંગનવાડીની અંદર આવતા બાળકોને દરેક ગામમાં જે દૂધની ડેરીઓ આવેલી હોય છે એમાં લોકો લોકફાળા તરીકે દૂધ આપે છે અને આંગનવાડીની અંદર આવતા બાળકોને એ દૂધ આપવામાં આવે છે અને એનાથી બાળકોને અનેકગણો ફાયદો થાય છે ત્યારે આવા લોકભાગીદારીમાં જે લોકો આવું સારું કાર્ય કરે છે તેમને હું આ તકે ખૂબ ખૂબ અભિનંદન આપું છું, આંગણવાડીમાં, ગામની અંદર સગર્ભા માતા હોય છે આજસુધી કોઈને આ ગરીબ બહેનોની કોઈ ચિંતા નહોતી કે જે ગરીબ ઘરની બહેન હોય, જે બી.પી.એલ. લાભાર્થી હોય અને

સગર્ભા હોય, એમનો કોઈ હાથ પકડવાવાળું નહોતું, પરંતુ આ રાજય સરકારે એમની ચિંતા કરીને આ સગર્ભા માતાઓને ગામની અંદરથી જે આંગણવાડી આવેલી હોય છે ત્યાં નિયમિત આ બહેનોને આર્યનની ગોળી આપવામાં આવે છે, આયોડીનયુકત નમક આપીને પણ આવી બહેનોનું સ્વાસ્થ્ય એમનું આવનારું જે બાળક છે, આવનારું બાળક ખૂબ સારું જન્મે તેની પણ ચિંતા આ રાજય સરકારે કરી છે. આવી બહેનોને લોકફાળા દ્વારા પણ સુખડીનું વિતરણ કરવામાં આવે છે તેનાથી તેના અંતરના આશીર્વાદ મળે છે. આવી ગરીબ ઘરની બહેનોને લોકફાળા દ્વારા જે સુખડી આપવામાં આવે છે, આંગણવાડીમાંથી બહેનોને સુખડી આપવામાં આવે છે ત્યારે આ પણ એક ખૂબ સારું કાર્ય છે. ઈશ્વરીય શકિત યોજના તે ૧૧ થી ૧૮ વર્ષની જે દીકરી હોય અને આવી દીકરીઓને લોહીના ટકા ઓછાં હોય છે. તેમના મા-બાપને પણ આ વાતની ખબર હોતી નથી કે પોતાની દિકરી છે તેના શરીરની અંદર જે લોહીના કણો છે, રક્તકણો છે તે ખૂબ ઓછાં છે. તો આવી દીકરીઓને પણ, જે ગામની અંદર આવી દીકરીઓ હોય તેમને પણ આ આંગણવાડી કેન્દ્રની અંદરથી પોષણનું સ્તર ખૂબ ઉંચુ લાવવા માટે રાજય સરકાર કાર્યવાહી કરી રહી છે. ( સમય-સૂચક ઘંટડી )

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની અંદર આવતી તેડાગર બહેનો અને કાર્યકર બહેનો માટે પણ આ રાજય સરકારે ચિંતા કરી છે. આવી આંગણવાડી બહેનો અને તેડાગર બહેનો પોતાનો માન-મોભો પોતાના ગામની અંદર ઉંચો લાવે તેના માટે થઈને રાજય સરકારે દરેક બહેનોને બે નંગ સાડી આપવાનું આયોજન કર્યુ છે. ગામની અંદર આ બહેનો ચાલી જતી હોય તો એમ લાગે કે આ આંગણવાડી બહેન છે. તો આવી રીતે પણ આ રાજય સરકારે બહેનોનું સ્થાન ઉંચુ રહે તેના માટે થઈને, તેનો મોભો જળવાય તેના માટે થઈને આવી એક સરસ યોજના મૂકી છે અને તે પણ આજે કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે આંગણવાડીની અંદર બહેનો છે, જે બહેનો કામ કરે છે અને તેને વીમાનું એક કવચ આપીને પણ આ બહેનોને પોતાના મૃત્યુ પછી પણ તેમના કુટુંબને સહાય મળે તે માટે થઈને રાજય સરકાર આજે ૫૦ રૂપિયા જમા કરાવે છે અને ૫૦ રૂપિયા બહેનો પોતે જમા કરાવે છે તે રીતે આ રાજય સરકારે બહેનોને માટેનું એક વીમાનું કવચ પણ આવરી લીધું છે. સાથે સાથે રાજય સરકારે આ બહેનોને પ્રોત્સાહિત કરવા માટે થઈને માતા જશોદા એવોર્ડ આજે આ બહેનોને ખૂબ ગૌરવ થાય કે માતા જશોદા એવોર્ડ આપીને દરેક રાજયની અંદર, દરેક જિલ્લાની અંદર, દરેક તાલુકાની અંદર આવી બહેનોને એક માતા જશોદા એવોર્ડ પણ આપવામાં આવે છે અને તેના દ્વારા આંગણવાડી બહેનો અને તેડાગર બહેનોને પ્રોત્સાહન મળે છે. તો માનનીય બહેનશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેને મારું અનુમોદન આપું છું અને સમર્થન આપું છું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ જે માગણીઓ ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ જે લઈને આવ્યાં છે તેને હું મારું સમર્થન આપું છું અને મારી વાત કહેવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ૨૦૦૮-૦૯ની જોગવાઈ રૂપિયા ૩૮૦ કરોડની સામે ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂપિયા ૭૩૦ કરોડ કરેલ છે જે ગયા વર્ષ કરતાં લગભગ ડબલ જેવી જોગવાઈ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, નાણાંમંત્રીશ્રી વજુભાઈ વાળા અને મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું. મારે આજે વિધવા બહેનોની વાત કરવી છે. એક સમય એવો હતો કે કોઈ પણ નાની ઉંમરે બહેન કે દીકરી વિધવા બને તેમાં અમુક સતીપ્રથાનો ભોગ બનતી બાકી વિધવાને જીવવા માટે બીજા ઉપર આધાર રાખવો પડતો અને વિધવા બહેનોનું શોષણ થતું. માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રીને આ દુનિયામાં માતા તરીકે પૂજવામાં આવે છે પરંતુ આ સ્ત્રી વિધવા થયા પછી કહેવાતા સુધરેલા લોકો સ્ત્રીને અપશુકન ગણતાં. અગાઉની કોંગ્રેસ સરકારે વિધવા બહેનો માટે વિધવા આર્થિક સહાય યોજના તા.૨૬-૬-૭૯એ અમલમાં મૂકેલ. ત્યારે ફક્ત વિધવા બહેનને ૩૦ રૂપિયા માસિક અને બે બાળક દીઠ ૫૦ રૂપિયા આપવામાં આવેલ. જે બતાવે છે કે નિરાધાર વિધવા બહેનો માટે કોંગ્રેસે બિલકુલ કાળજી લીધેલ નથી.જે તેની જવાબદારી થકી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને અભિનંદન આપું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં આવતાની સાથે આ વિધવા બહેનો માટે રૂપિયા ૨૦૦ અને બાળક દીઠ રૂપિયા ૮૦ની જોગવાઈ કરી. ૧૯૯૭માં ભારતીય જનતા પાર્ટીની સરકારે વધારે ઉદારતા દાખવીને વિધવા બહેનો માટે એક બહેન દીઠ ૫૦૦ રૂપિયા અને બે બાળક દીઠ ૧૬૦ની જોગવાઈ કરેલ છે. જે રૂપિયા ૬૬૦ પોસ્ટ ઓફિસના બચત ખાતામાં જમા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે જે કામ કર્યુ તે અને ભારતીય જનતા પાર્ટીના કામની મારે સરખામણી કરવી છે. કોંગ્રેસે વિધવા બહેનોને ફકત ૩૦ રૂપિયા આપીને તેમની ક્રુર મશ્કરી કરી હોય એવું દેખાય છે. ત્યારપછી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૫૦૦ રૂપિયા સુધી કર્યા છે, તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને તથા માનનીય આનંદીબેન પટેલને ધન્યવાદ આપું છું. ૧૮ થી ૬૦ વર્ષની ઉંમરની ૧,૧૦,૦૦૦ વિધવા બહેનો આ યોજનાનો લાભ લઈ રહી છે, જેના પરથી કહી શકાય કે જેનું કોઈ નથી એવી નિ:સહાય બહેનોને મદદ કરનાર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. સાચા અર્થમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આ ગરીબ વિધવા બહેનોના માટે ભાઈ અથવા વીર કહી શકાય.

આ ઉપરાંત વિધવા બહેનોને વર્ષ ૨૦૦૯-૧૦થી ૧ લાખનો અકસ્માત જૂથ વીમો આપવામાં આવેલ છે અને એનું પ્રીમીયમ પૂરેપૂરું રાજય સરકાર ભોગવે છે. હું માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું કે વિધવા બહેનો સમાજમાં ઉંચું મસ્તક રાખીને જીવી શકે તે માટે ૧૮થી ૪૦ વર્ષની ઉંમરની વિધવા બહેનો ફકત સરકારની સહાય ઉપર આધારિત ન રહે અને પોતાનો સ્વ રોજગાર ચાલુ કરી પોતાનું અને પોતાના બાળકોનું પાલન પોષણ કરી શકે અને સમાજમાં સારી રીતે જીવી શકે તે માટે રાજય સરકારે ૨૦૦૫-૦૬થી સામાજિક સંસ્થાઓ દ્વારા રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે. ૨૦૦૫થી ૨૦૦૮ સુધીમાં ૩૫,૫૦૦ લાભાર્થી બહેનોને આ રીતે તાલીમ આપવામાં આવી છે. આ તાલીમમાં ૩૩ જેટલા મેન્યુફેકચરીંગ, ૨૪ જેટલા ટ્રેડીંગ અને ૨૫ જેટલા સર્વિસ બિઝનેસની તાલીમ આપવામાં આવી છે. તેમને મારકેટનો અનુભવ કરાવવામાં આવે છે અને આ બહેનો તાલીમ લે એને જયાં બિઝનેસનું મારકેટ હોય ત્યાં સાથે આ સંસ્થા દ્વારા લઈ જવામાં આવે છે અને કેવી રીતે બિઝનેસ કરી શકાય એની તાલીમ આપવામાં આવે છે. કોઈપણ વસ્તુ કેટલી સસ્તી અને કયાં મળે છે, એ લઈ બહેનો પોતાની રીતે વેચાણ કરી શકે અને એમાંથી નફો થાય, એનાથી એમને પ્રોત્સાહન મળે છે.

માનનીય આનંદીબેન પટેલ એ ગરીબ અને વિધવા બેન માટે એક મોટી બેનની જેમ કાળજી લે છે, તેથી હું માનનીય આનંદીબેનને અભિનંદન આપું છું. વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૧,૧૮૭ તાલીમાર્થી પાછળ ૬.૯૨ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે પણ ૧૧ હજારથી વધારે બહેનોને તાલીમ આપવાનું રાજય સરકારે આયોજન કરેલ છે. તાલીમ અપાયેલ ૭,૪૦૦ બહેનોને રૂપિયા ૩૦૦૦ સુધીની સાધન સહાય કીટ પણ આપવામાં આવેલ છે. અને આ વર્ષના બજેટમાં ૫ હજાર સુધીની સાધન સહાય કીટ આપવાનું વિચારણા હેઠળ છે. સાધન સહાય આપ્યા પછી તાલીમ આપનાર સંસ્થા દ્વારા એક વર્ષ સુધી વખતોવખત મુલાકાત લેવામાં આવે છે અને મારા વિસ્તારમાં મેં પણ આવી મુલાકાત લીધેલ.

આવી જ રીતે મારા વિસ્તારમાં નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ સંસ્થા દ્વારા ૪૦૦ વિધવા બહેનોને તાલીમ આપેલ અને રાજય સરકાર મારફતે રૂપિયા ૩૦૦૦ ની સાધન સહાય આપેલ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો હું આભાર માનું છું કે મારા વિસ્તારમાં પોતે હાજર રહીને રાજય સરકારની બેંકેબલ યોજના દ્વારા ૧૨૦૦ બેરોજગાર બહેનોને સિલાઈ મશીન જાતે આપેલ છે અને દર માસે બેંક તરફથી આવી બહેનોના ઘેર ઘેર જઈને મુલાકાત લેવાય છે અને તેમને પડતી મુશ્કેલીઓનો નિકાલ કરવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની એક નેમ છે કે મારા રાજયમાં કોઈપણ માતા સગર્ભા હોય ત્યારે એને પૂરતો પોષણયુકત આહાર મળવો જોઈએ જેથી માતા તંદુરસ્ત રહેશે અને આવનાર બાળક પણ તંદુરસ્ત જન્મશે અને તંદુરસ્ત રહેશે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીની હાજરીમાં મારા વિસ્તારમાં ૨૧૦૦ સગર્ભા બહેનોને સુખડી આપવાનો કાર્યક્રમ કરેલો અને લોક ભાગીદારીથી ૯ માસ સુધી સગર્ભા માતાઓને દર માસે એક કિલો સુખડી પહોંચાડવામાં આવે છે. રાજયમાં અનાથ અને નિરાધાર નાની ઉંમરની બહેનો પણ સ્વમાનભેર પોતાનું જીવન જીવી શકે એ માટે સરકારી વિકાસ ગૃહમાં એમને આશ્રય આપવામાં આવે છે અને તેમને ભોજન, મેડીકલ સારવાર અને શિક્ષણની સહાય આપવામાં આવે છે. આ બહેનો પૂખ્ત ઉંમરની થતાં લોક સહકારથી યોગ્ય ઉમેદવાર સાથે લગ્ન પણ કરાવી આપવામાં આવે છે. સરકાર તરફથી આર્થિક સહાય રૂા. ૧૦ હજારનાં એન.એસ.સી. પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. આ વર્ષે ૨૦૦૮-૦૯ માં સરકારી સંસ્થા દ્વારા ૧૭ બહેનોનાં લગ્ન કરાવી આપવામાં આવેલ છે અને એમાં માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ અને દિલીપભાઈ પણ હાજર હતા. (સમયસૂચક ઘંટડી) માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યાં છે તેને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં વડોદરા જિલ્લા અને ટ્રાયબલ તાલુકાઓમાં ગામડા મથકેથી તાલુકા મથકે જયારે કોઈ બહેનની ડિલીવરીનો સમય હોય ત્યારે ખાટલામાં લઈને તાલુકા મથકે જયારે લઈ જવામાં આવે ત્યારે રસ્તાઓ સારા ન હોવાને કારણે તેમનું રસ્તામાં જ મૃત્યુ થતું હતું અને આવા અનેક કિસ્સાઓ તે વખતની સરકારમાં બન્યા હતા, પરંતુ જયારથી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, આદરણીય ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જયારે સરકારની ધુરા સંભાળી ત્યારથી ગુજરાતમાં જે ટ્રાયબલ પોકેટના ૪૨ તાલુકા છે એ ૪૨ તાલુકામાં તાલુકા મથકેથી ગામડામાં અને ગામડામાંથી તાલુકા મથકે જવા માટે જે રસ્તાઓની બજેટ જોગવાઈ છેલ્લા ૨ વર્ષમાં તેમણે સુદૃઢ વહીવટ કરીને કરી છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે અને મારા તાલુકામાં જે કિસાન પથની યોજના ૨૦૦૫ થી લાવ્યા છે તેમાં માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારના ખેડૂતોની ખેત પેદાશ, વાહન વ્યવહાર, આરોગ્ય અને શિક્ષણ અને સામાજીક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રસ્તાનું સુદૃઢમાળખું ગોઠવવાનું મોટાભાગનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે ગામોને જોડતા એપ્રોચ રોડ અને ગ્રામીણ વિસ્તારની ખેત પેદાશોને શહેરોમાં લઈ જવા માટે ૨૦૦૫-૦૬ માં આ કિસાન પથ યોજના મૂકવામાં આવી છે ત્યારથી કુલ ૩ તબકકામાં ૧૨૪૭ રસ્તા, ૫૫૭૯ કિલોમિટર લંબાઈ અને ૪૭૯ કરોડનાં કામ મંજૂર કરવામાં

આવેલ છે જે પૈકી ૧૦૪૬ રસ્તા, ૪૫૨૫ કિલોમિટર લંબાઈ અને ૩૬૯ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજનાથી ગુજરાતનાં ૨૫૧૫ ગામોને લાભ મળેલ છે. મારા જિલ્લાની વાત કરું તો ૨૦૦૫-૦૬માં ૩૮ કામોમાં કુલ ૧૩૫ કિલો મિટરની લંબાઈ અને ૧૧૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. અને તેનાથી કુલ ૩૮ ગામોને લાભ મળેલો છે. ૨૦૦૮-૦૯માં કુલ ૮ કામો મંજૂર કરવામાં આવેલા છે અને ૩૫ કિલો મિટરની લંબાઈ અને ૮૬૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જયારે વન બંધુ યોજના સ્વીકારી ત્યારથી ટ્રાયબલ વિસ્તારના જે સ્તાઓ બન્યા છે તેમાં એક ગામડાંથી તાલુકામાં બીજા મથકે જવું હોય તો જે ડુંગર વિસ્તાર ગામડાંમાં હોય ત્યાં બહુ મુશ્કેલી હતી, ગઈકાલે જ અમારા સંસદ સભ્યશ્રી રામસિંહ રાઠવા અને અમે વિસ્તારના પ્રવાસમાં હતા ત્યારે નસવાડી તાલુકામાં વન બંધુ યોજના હેઠળ ૩૩ કામો મંજૂર કરવામાં આવેલ છે અને રસ્તાઓ પણ મંજૂર થયા છે. મારા તાલુકાની વાત કરું તો ૨૭ રસ્તાઓ આ વર્ષે મંજૂર થયા છે. એ જ રીતે તાલુકા સેવા સદનના મકાનો પણ મંજૂર કરવામાં આવેલા છે. ત્યારે મારા તાલુકાની વાત કરું તો મારા વિસ્તારમાં જે હેરન નદી વહે છે તે નદી ઉપર નસવાડી અને સંખેડાને જોડતો રસ્તાનો પુલ બનાવવામાં આવે તો ૮૦ ગામોને તેનાથી ટૂંકો રસ્તો મળી શકે, એટલે અત્યારે આ બજેટમાં લઈ અને તે પુલ બનાવવામાં આવે તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. એ જ રીતે ડભોઈમાં રૂા. ૭ કરોડના ખર્ચે માનનીય મંત્રીશ્રી આનંદીબહેને તાલુકા સેવા સદનનું મકાન બનાવ્યું છે, તે મકાન સારું બને, લોકો બેસી શકે અને લોકોને અહીં થી ત્યાં દૂર ન જવું પડે અને બધી જ ઓફિસોનો એમાં સમાવેશ થાય તેવી વિનંતી છે. આ ૭ કરોડ ૯૧ લાખ રૂનિયાની રકમ માનનીય મંત્રીશ્રીએ વડોદરા જિલ્લાને આપી છે તો આ માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ જે માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપી અને મારા વિચારો વ્યકત કરું છું. મહિલાઓનો આર્થિક, સામાજિક અને સર્વાંગી વિકાસ થાય તેના માટે આ ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રીએ જે કામ કર્યુ છે તે બદલ હું તેમને અભિનંદન આપું છું. અને આ રાજયમાં પાછલા જમાનમાં જે સ્ત્રી ભૃણ હત્યા થતી હતી અને દીકરીઓને જન્મવાનો અધિકાર નહોતો, દીકરીઓની માના ઉદરમાં જ હત્યા કરવામાં આવતી હતી તેમાં આજે સ્ત્રી ભૃણ હત્યા રોકી અને બેટી બચાવો આંદોલન કરીને દીકરીને સમાજમાં જીવવાનો પુરેપુરો અધિકાર મળ્યો છે તે સાબિત કરે છે. તેના માટે માનનીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. હું જે વિસ્તારમાંથી આવું છે તે અતિ પછાત અને દરિયા કાંઠાનો વિસ્તાર છે. ત્યાં જે સગર્ભા બહેનો હોય છે તેમને પુરેપુરી સારવાર મળતી નથી. અને સારવારના અભાવે માતા અને બાળકના મૃત્ય થતા હતા , આજે ચીરંજીવી યોજના દ્વારા આવી મહિલાઓને પૂરેપૂરી સારવાર મળે છે અને માતા અને બાળકના મૃત્ય થતા અટકાવી શકયા છીએ. આજે દરેક સ્ત્રીની એવી ઈચ્છા હોય છે કે તે સગર્ભા હોય ત્યારે તેને પૂરે પૂરી સારવાર સારા ડોકટર આગળથી મળે, અને સારા દવાખાનામાં મળે, પણ આર્થિક રીતે પછાત હોવાને કારણે તે આવી સારવાર મેળવી શકતી નહોતી, જયારે આ ચીરંજીવી યોજના દ્વારા આવી અતિ પછાત વિસ્તારની મહિલાઓને સારી સારવાર મળી રહે છે અને તેનો સંપૂર્ણ ખર્ચ પણ રાજય સરકાર ભોગવે છે. અને તેની સાથે આવનાર વ્યકિતને પણ ભાડું આપવામાં આવે છે. આ યોજના દ્વારા ગામડે ગામડે સુખડી વિતરણનો કાર્યક્રમ પણ કરવામાં આવે છે. જે સગર્ભા બહેનો કે ધાત્રી બહેનો કુપોષણથી પીડાતી હોય એને પૂરતું પોષણ મળી રહે અને એના બાળકો નિરોગી જન્મે એના માટે સુખડી વિતરણનો કાર્યક્રમ ગામડે ગામડે કરવામાં આવ્યો છે. ગામડામાં સુખી સંપન્ન લોકોને પણ એમાં જોડવામાં આવે છે. લોક ભાગીદારીથી આ કાર્યક્રમ કરવામાં આવે છે. આ ચિરંજીવી યોજના પછી રાજય સરકારે બીજી બાલસખા યોજના અમલમાં મૂકી છે. માતાને સારવાર તો ચિરંજીવી યોજના દ્વારા મળી રહે છે પરંતુ એના બાળકને પૂરતી સારવાર ન મળવાને લીધે બાળકનું જન્મ્યા પછી પહેલા અઠવાડિયામાં કે પહેલા મહિનામાં મૃત્યુ થતું હતું. આ બાલમૃત્યુ દર ઘટાડવા માટે આ બાલસખા યોજના અમલમાં મૂકી છે એના દ્વારા બાળકને એક વર્ષ સુધી જે ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ ડોકટર આગળ સારવાર આપવામાં આવે છે એનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવે છે. ૨૦૦૮-૦૯ના વર્ષને નિરોગી બાળ વર્ષ તરીકે જાહેર કર્યુ છે. બાળક નિરોગી જન્મે અને ત્યારપછી પણ નિરોગી રહે એવું દરેક મા-બાપ ઇચ્છ઼તા હોય છે. દરેકને ઇચ્છા હોય કે પોતાનું બાળક નિરોગી રહે પરંતુ આ રાજય સરકાર એના માટેનો વિચાર કરે છે જે ખૂબ જ અગત્યની બાબત છે.

આપણા રાજયમાં આગણવાડી કાર્યકરના વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. આંગણવાડી દ્વારા બાળભોગ યોજના હેઠળ બાળકને પૂરતુ પોષણ મળી રહે એનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આંગણવાડી દ્વારા બાળકોને ન્યૂટ્રી કેન્ડી પોષણ યુક્ત ચોકલેટ પણ આપવામાં આવે છે. આંગણવાડી દ્વારા દરેક ગામમાં મમતા દિવસ ઉજવવામાં આવે છે. ગામમાં દૂધની ડેરી આવેલી હોય ત્યાં ભગવાનનો ભાગ એમાં દૂધની ડેરી ઉપર કેન રાખવામાં આવે છે એમાં દૂધ એકઠું કરીને આંગણવાડીના બાળકોને આપવામાં આવે છે. વિધવા બહેનોને પેન્શન પણ આપવામાં આવે છે. જેને સાધન સહાય રૂપે ત્રણ હજાર રૂપિયાની કીટ પણ આપવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ લઈને બહેનશ્રી આવ્યાં છે એને હું અનુમોદન આપું છું.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતના લોક લાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રી શ્રીમતી આનંદીબહેન વિવિધ વિભાગને પ્રોત્સાહિત કરવા માટે સક્ષમ છે એ જ રીતે અતિ મહત્ત્વનો વિભાગ એવો છેકે મહિલા અને બાળ વિકાસ કરનાર પ્રત્યે પણ તેઓ દિર્ઘ દ્રષ્ટિથી વાકેફ છે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને એ માટે અભિનંદન પાઠવવા છે કે ગત વર્ષના નાણાકીય વર્ષમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂપિયા ૩૮૦ કરોડની જોગવાઈ કરેલ હતી. પરંતુ મને લાગે છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીનો મહિલા અને બાળકો પ્રત્યેનો અધિક પ્રેમ અને એમની પાછળ કરી છૂટવાની ભાવના સાથે આ વરસે એટલે કે ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષ દરમિયાન ૭૩૦ કરોડની જંગી જોગવાઈ કરી છે તે બદલ હું મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને ખૂબ ખૂબ આભાર માનું છું. રાજયના મહિલાઓ અને બાળકોનો સંર્વાંગી વિકાસ થાય એ માટે સરકાર સક્રિય વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. જેનાં મીઠાં ફળ આખા ગુજરાત રાજયમાં તથા આદિવાસી વિસ્તારમાં પહોંચાડવા અગ્રેસર છે. આ માટે સમગ્ર દેશની મહિલાઓ અને બાળકો માટે માર્ગદર્શન રૂપ બની રહેશે. આ યોજના થકી સરકારશ્રી નાના બાળકો તંદુરસ્ત રહે એ હેતુથી પૂરક પોષણ કાર્યક્રમ , નાના બાળકો માટે નવી આંગણવાડીઓ તેમજ જે ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં બાળકો આંગણવાડીમાં આવે છે. તે માટે આ સરકારે મોબાઈલ વાનની વ્યવસ્થા કરેલી છે. જે અતિ પ્રસંશાને પાત્ર છે. આ સરકારશ્રીએ વિવિધ યોજનાઓ જેવી કે માતા યશોદા પુરસ્કાર યોજના, માતા યશોદા ગૌરવનીધિ યોજના અમલમાં મૂકેલ છે. જે આ બાળકો તેમજ મહિલાઓને આકર્ષવામાં ખૂબ જ સફળ પૂરવાર થયેલ છે. આ મુખ્યમંત્રીશ્રીની સરકારે બાળકોના કલ્યાણ માટે ૨૬ જેટલા સર્વીલન્સ હોમ, જે સંઘર્ષના સમયે બાળકો માટે કામ કરે છે. રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા બાળકોને ચીલ્ડ્રન હોમમાં રાખવામાં આવે છે. જેમાં મફત ખાવાનું, પીવાનું તેમજ કેટલીક તાલીમ તથા શિક્ષણ આપવામાં આવે છે અને આવા હોમમાંથી મુદત પૂરી થયે બાળકોને આગળના ઉચ્ચ અભ્યાસ અર્થે ૧૬,૦૦૦ રૂપિયા જેવી માતબર શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના ઉત્કર્ષ માટે આ સરકારે કોઈ પીછેહઠ કરી નથી. જેમ કે મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની મહિલાઓને પગભર થવા માટે રાષ્ટ્રીયકૃત બેંક દ્વારા ૫,૦૦૦/- સુધીની લોન જે આપવામાં આવે છે તેના પર સરકારશ્રી તરફથી ૨૫ ટકા સુધીની સબસિડી પણ આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીની વર્તમાન સરકારે મહિલાઓ માટે નારી સંરક્ષણ ગૃહ કેન્દ્રો શરૂ કર્યા છે. જેમાં આશ્રિત બહેનોને લાંબા સમય સુધી તેમજ ટૂંકા ગાળા માટે રહેવા માળખાકીય સુવિધા મારફત ભોજન અને કપડાં વગેરે મળી રહે છે. આવા ગૃહ કેન્દ્રોમાં આશ્રિત મહિલાઓ અને બાળકો માટે કુટુંબીજનો સાથે પુન:સ્થાપન કરવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિરાધાર વિધવા બહેનો માટે પુન:સ્થાપન માટે કોઈ કચાશ છોડી નથી. આવી મહિલાઓને દર માસે રૂા. ૫,૦૦૦/- અને જે કોઈ બહેનને આધારિત બે બાળકો હોય તેને બાળક દીઠ રૂા. ૮૦ પ્રમાણે ચૂકવવામાં આવે છે. આવી મહિલાઓ અને બાળકોની ચિંતા કરવાવાળા સમગ્ર દેશના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ હશે એવું કહેવું યથાયોગ્ય ગણાશે. આ સાથે મારું વક્તવ્ય પૂરું કરું છું. જે આ માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી નં. ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજય કે દેશનું પાટનગર એ સમગ્ર રાજય કે દેશનું પ્રતિબિંબ પાડે છે ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદૃષ્ટિ અને માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી આનંદીબેનની કુશળતાને લીધે આ ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર, એક મોડેલ પાટનગર તરીકે જ્યારે વિકસી રહ્યું છે ત્યારે હું તેમને મારા વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની સ્થાપના ૨જી ઑગસ્ટ, ૧૯૬૫ના દિવસે થઈ. ગાંધીનગરના આ છેલ્લા ૩૦-૩૫ વર્ષના શાસનમાં ગાંધીનગરનો જે રીતે વિકાસ થવો જોઈતો હતો એ વિકાસ અગાઉની સરકારોએ ન કર્યો અને છેલ્લા સાત-આઠ વર્ષમાં ગાંધીનગરનો જે વિકાસ થયો છે એ વિકાસ એક મોડેલ પાટનગર તરીકે થઈ રહ્યો છે ત્યારે ૧૯૭૮માં ગાંધીનગર કોર્ટની સ્થાપના થઈ. આ માગણી અમારી સતત ચાલુ હતી ત્યારે ૧૯૭૮થી અમારી માગણી ન સંતોષાઈ અને એક રહેણાંકના મકાનમાં આ કોર્ટ બેસતી હતી. આટલા વખતમાં અમારી આ માગણી સંતોષાઈ અને ગાંધીનગરનું એક સુંદર ન્યાયાલય અમોને ભેટ મળ્યું ત્યારે આ ગાંધીનગરની સ્થાપનાથી અત્યાર સુધીના વિકાસના કામો થયા. અને અત્યાર સુધી જે ૩૦-૩૫ વર્ષના ગાળામાં જે ગ્રાન્ટ ન ફાળવવામાં આવી એ ગ્રાન્ટ છેલ્લા બે વર્ષથી ગાંધીનગરના વિકાસ માટે ફાળવવામાં આવી છે. ગયા વર્ષે બજેટમાં ગાંધીનગર માટે લગભગ ૧૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ વખતે માર્ગ અને મકાન વિભાગ તરફથી ૫૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને શહેરી વિકાસ વિભાગ તરફથી રૂ.૩૮.૭૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળી કુલ રૂ.૮૮.૭૦ કરોડની ગ્રાન્ટ ગાંધીનગર પાટનગર માટે ફાળવવામાં આવી છે. ગાંધીનગરની રચના

એ રીતે થઈ છે કે, જે એના પૂર્વ પશ્ચિમ રસ્તાઓ છે એ ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ એ રીતે નામ આપવામાં આવ્યા છે. ઉત્તર અને દક્ષિણના રસ્તાઓ ક, ખ, ગ, ઘ, ચ, છ અને જ  એ રીતે રસ્તાઓના નામ આપવામાં આવ્યા છે. જ રોડ એ આપણો નેશનલ હાઈવે -૮(ક) પસાર થતો હતો. પરંતુ અક્ષરધામ ઉપર આતંકવાદી કૃત્ય થયું અને અક્ષરધામની સલામતી માટે તેને હાઈવે રોડ તરીકે બંધ કરવામાં આવ્યો હતો. ત્યારે આ હાઈવે રોડને ગાંધીનગર શહેરમાં ઘ અને ચ રોડ મોટા વાહનો માટે પ્રતિબંધિત હતો ત્યારે ગ રોડ અને ખ રોડ ઉપરથી વાહનોને માર્ગ આપવામાં આવ્યો. ગ અને ખ રોડને ચાર માર્ગીયમાંથી છ માર્ગીય કરવામાં આવ્યો છે અને તેની સુંદર ફૂટપાથ બનાવવામાં આવી છે. ક, ખ અને ગ રોડને બે માર્ગીયમાંથી ચાર માર્ગીય રોડ બનાવવામાં આવશે અને હાલ હાઈવે ગ રોડ અને ખ રોડ ઉપરથી પસાર થાય છે. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે ત્યારે આ ગાંધીનગરને શરૂઆતમાં ૫૦૦૦૦ની વસ્તી પ્રમાણે એની ગટર લાઈન અને એ રીતનો પ્લાન સ્થાપવામાં આવ્યો હતો. જ્યારે આ ગટર લાઈન અને પ્લાન ખૂબ જ નાની વસ્તીને અનુલક્ષીને કરવામાં આવ્યો હતો અને ગઈ સાલે આ પ્લાન્ટ ૭૬ એમ.એલ.ડી.નો બનાવ્યો છે એટલે ભવિષ્યમાં ગાંધીનગરની વસ્તી ૩.૫ લાખની થાય તો એ પ્લાન્ટ અને મશીનરી એ રીતે કરવામાં આવશે. સુએઝ પ્લાન્ટ જાસપુરથી ત્યાં સુધી પાકી ઢાંકણાવાળી ગટર લાઈન કરવાનું આયોજન છે. સદસ્ય નિવાસના જે ૬૦ મકાનો છે એ મકાનોના રીનોવેશન માટે પણ સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. નં.૧, ૨, ૩ અને ૪ બે માર્ગીય હતા એ ખૂબ નાના રોડ હતા તેથી આ રોડને ચાર માર્ગીય કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જૂની ગટર લાઈન હતી એ લાઈનને બદલવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ક, ખ અને ગ પ્રકારના મકાનો હતા આવા ૧૬ મકાનો બનાવવાનું કામ પણ સરકારશ્રીએ હાથ પર લીધેલું છે. તે સિવાય ગાંધીનગરની અંદર નાના કર્મચારીઓ છે. એ કર્મચારીઓ માટેના મકાનો જૂના અને જર્જરિત થયા છે. એના રીનોવેશનનું કામ હાથ પર લીધું છે. ગાંધીનગરની વિધાનસભાના રીનોવેશન માટે પણ સરકારશ્રીએ આ વખતે બજેટમાં આયોજન કર્યું છે. સચિવાલયના જુદા જુદા વિભાગોના રીનોવેશન માટે અને એની લિફ્ટ માટે પણ સરકારશ્રીએ આયોજન કર્યું છે. ગાંધીનગરના રોડ જે રીતે બન્યા છે અને એના સર્કલોનો વિકાસ અને રોડનો વિકાસ એ રીતે કરવામાં આવે છે કે જે દેશના પાટનગરોની હરોળમાં ઊભા રહે એવા સર્કલો અને રોડ બન્યા છે. ગાંધીનગરમાં સૅકટરોના વરસાદી પાણીના નિકાલ માટેની ગટર લાઈન કરવામાં આવી છે. મુખ્ય રોડના વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા થઈ ગઈ છે. સૅકટરોની વ્યવસ્થા છે એના પાણીના નિકાલ માટેનું સરકારશ્રીએ આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મીંગ અને કલાયમેટ ચેંજ વિભાગ આ ગાંધીનગરના સરકારી મકાનોને પહેલેથી જ લક્ષમાં લઈ અને એના માટે પહેલેથી જ વૃક્ષારોપણ અને જમીન ડેવલપીંગનું કામ આ સરકારશ્રીએ કર્યુ છે.  વરસાદી પાણી,  જે સરકારી મકાનોમાં વરસાદનું પાણી પડે છે એના રીચાર્જ માટેનું આયોજન પણ સરકારશ્રીએ કર્યુ છે.  ગાંધીનગરની કલેકટર કચેરીના નવા જ મકાન માટે આ બજેટમાં સરકારશ્રીએ ગ્રાન્ટ ફાળવી છે.  જયારે  ગાંધીનગર સર્વાંગી રીતે વિકાસ પામી રહ્યું છે ત્યારે માણસનો છેલ્લો વિસામો હોય એ સ્મશાન ગૃહ, આ સ્મશાનગૃહ માટે સરકારશ્રીએ ૫ કરોડના ખર્ચે આધુનિક સ્મશાન ગૃહ બનાવ્યું છે.  માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે આ ગાંધીનગર શહેરના વિકાસ માટે ગાંધીનગરના રસ્તાઓ માટે આટલો જયારે પ્રયત્ન કરતા હોય અને એના માટે માર્ગ અને મકાન વિભાગના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન જયારે આ ગાંધીનગર માટે જયારે આટલું કામ કરતા હોય ત્યારે છેલ્લે હું આ ગાંધીનગરને જે સોલાર સીટી બનાવવાનું સરકારશ્રીનું આયોજન છે એ બદલ હું ગાંધીનગરની પ્રજા વતી સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માનું છું.  ગાંધીનગરનું  આ ગ્રીન સીટી, નૈસર્ગિક સીટીનું જે આયોજન સરકારશ્રીએ કર્યુ છે એ બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.  હું છેલ્લે મારી મેં જે કવિતા બનાવી છે એ ગાઈ અને પૂર્ણ કરીશ.

ગાંધીનગર આ મારું, લીલીછમ નગરી,
ગાંધીનગર આ મારું સૂર્યશકિતની નગરી,
ગાંધીનગર આ મારું સુંદર રોડ અને સર્કલની નગરી,
ગાંધીનગર આ મારું, આધુનિકતાની નગરી.

આટલું કહી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય  મંત્રીશ્રી મહિલા અને બાળવિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમના સમર્થનમાં હું મારી વાત રજુ કરુ છું.  આપણી સંસ્કૃતિમાં નારીને શકિતનું સ્વરૂપ ગણીને એની પૂજા અને અર્ચન કરવાનો મહિમા છે.  આવી સંસ્કૃત પરંપરા હોવા છતાં સમાજમાં મહિલાઓ ઉપેક્ષિત રહી છે.  પરંતુ હવે આ પરિસ્થિતિ બદલાઈ રહી છે.  આજે મહિલાઓ સશક્ત થઈને દરેક ક્ષેત્રમાં આગળ ધપી રહી છે.  જેનો શ્રેય માત્ર અને માત્ર કોઈને પણ આપવો હોય તો તે મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી અને મહિલાઓના સાચા તારણહાર માનનીય મુખ્યમંત્રીશ્રીને ફાળે જાય છે.  આઝાદીના ૫૦ વર્ષ સુધી મહિલાઓના ઉત્કર્ષ માટેની ખૂબ વાતો થઈ છે અને અનેક યોજનાઓ બની છે પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે.. ..

**અધ્યક્ષશ્રી** : ગીતાબેન મહિલાઓની વાત ચાલે છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે મહિલાઓના ઉત્થાન માટેના કોઈ સંનિષ્ઠ પ્રયાસો થયા ન હતા અને તેના કારણે મહિલાઓના વિકાસ માટેની યોજનાઓ કાગળ ઉપર રહી છે. પરંતુ આજે મને કહેતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૦૨ થી મહિલાઓને સશકત અને સબળ બનાવવા માટે મહિલા અને બાળ વિકાસના વિભાગનો અલગથી દરજજો આપવાનો નિર્ધાર માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે અને જયારથી આ વિભાગની જવાબદારી માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલના શિરે આવી છે ત્યારથી મહિલાઓના વિકાસ માટે સાચા અર્થમાં કામની શરૂઆત થઈ છે. બહેનોને જે મળતો લાભ હતો તે સરકારની યોજનાઓનો લાભ સીધો બહેનોને મળતો થયો છે તેનું જ્વલંત કોઈ ઉદાહરણ હોય તો એ સખીમંડળો છે. જયારે રાષ્ટ્રીય સ્તરે દેશને એકવીસમી સદીમાં આગળ લઈ જવા માટે ઈનકલુસીવ ગ્રોથની ચર્ચાઓ ચાલે છે ત્યારે આપણી સરકારે સખી મંડળની જેવી યોજનાઓની શરૂઆત કરી, મહિલાઓને વિકાસમાં ભાગીદાર અને હકદાર બનાવી ઈનકલુસીવ ગ્રોથનું ઉદાહરણ પૂરું પાડેલ છે. આ સખી મંડળોને સ્થાપિત કરવા પાછળ સ્ત્રી સશકિતકરણનો અભિગમ રહ્યો છે. આજે એક લાખથી પણ વધારે સખીમંડળો કાર્યરત છે. બહેનો જાતે જ તેમની મુશ્કેલીઓને તકમાં બદલી સંગઠિત થઈને આ સખી મંડળો ચલાવી રહી છે. ૧૩ લાખથી વધારે મહિલાઓ આ સખી મંડળની સભ્ય બની છે. આ સખી મંડળો ૧૦૦ ટકા લોકશાહી પદ્ધતિથી સંચાલન કરે છે. આ સખી મંડળોની લીડર પણ બહેન જ હોય છે અને તેના કારણે બહેનો દ્વારા સંચાલન થતું હોવાના કારણે સામાજિક સદ્‌ભાવ, નારી સન્માન અને સહકારને પણ બહુ બળ મળે છે. આ સખી મંડળની રચના કરી બહેનો તેમની બચત દર માસે બેંકમાં જમા કરાવે છે અને આંતરિક ધીરાણ પણ કરે છે. આ સખી મંડળો આજે પરંપરાગત બેંકીંગથી પણ આગળ છે. કારણ કે આ મારી બહેનોને બેંક પાસે લોન લેવા જતી હતી ત્યારે મકાન કે વસ્તુ ગીરવે મૂકવી પડતી હતી એ મૂકવી પડતી નથી પરંતુ રાજ્ય સરકારના વિશ્વાસના દરજ્જે બહેનો લોન મેળવે છે. જે ખૂબ જ સરાહનીય છે. સખી મંડળના માધ્યમથી રાજ્યની લાખો બહેનોને રોજગારી ઉપરાંત સ્વાભિમાન અને સ્વમાન અપાવવામાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ખૂબ જ સફળ રહ્યા છે, એ બદલ હું આ તબક્કે તેમને અભિનંદન આપું છું. મને કહેતાં આનંદ અને ગૌરવ છે કે આપણી સરકારે અત્યારે સૌથી વધારે હ્યુમન ઈન્ડેક્ષ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એના કારણે મહિલાઓ તેમાંથી બાકાત રહેવાની નથી. જેમ જેમ હ્યુમન ઈન્ડેક્ષનો આંક ઊંચો આવશે તેમ તેમ મહિલાઓની શક્તિ અને સશક્તિકરણનો આંક પણ ઊંચો આવવાનો છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીશ્રી પોતે મહિલા હોવાથી મહિલાઓની સમસ્યાઓને સમજવામાં ખૂબ સફળ રહ્યા છે. મહિલાઓમાં આત્મવિશ્વાસનો સંચાર થયો છે, એક બળ મળ્યું છે. એનું જ્વલંત ઉદાહરણ જો કોઈ હોય તો હું પોતે જ છું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી અદાલતો પણ ચલાવવામાં આવે છે. આજે ગુજરાતમાં પાંચ જિલ્લાઓમાં ૧૯ જેટલી નારી અદાલતો ચાલી રહી છે. આ નારી અદાલત કોઈ એવી મોટી અદાલત નથી પરંતુ મહિલાઓ પોતાની કોઠાસૂઝથી ન્યાય અપાવવામાં સફળ રહી છે. આ ન્યાય ખૂબ જ ઝડપથી અને સરળ બની રહ્યો છે. આ વાત કહેતા મને આનંદ થાય છે કે આ નારી અદાલતમાં ન્યાય આપવા માટે જે મહિલા બેસે છે એ બહુ ભણેલી હોતી નથી. પરંતુ કોઠાસૂઝથી પોતાના ગામમાં પરિસ્થિતિથી એ વાકેફ હોય છે અને મહિલાની સ્થિતિ અને પરિસ્થિતિ જાણતી હોય છે ત્યારે એ મહિલાઓને સાચો ન્યાય અપાવવામાં એ સફળ રહેતી હોય છે. આપણે બધા જાણીએ છીએ કે કોર્ટ કચેરીના ધક્કા અને એની અટપટી કાર્યવાહી કેટલી મુશ્કેલીજનક હોય છે. પરંતુ નારી અદાલતમાં આ પ્રકારની કોઈ મુશ્કેલી પડતી નથી. ન્યાય સરળતાથી મળી રહે છે. ન્યાય આપનાર પણ મહિલા જ હોવાના નાતે મહિલાઓની સામાજિક પરિસ્થિતિથી પણ વાકેફ હોવાના કારણે નારી અદાલતોનું કામકાજ પણ સફળતાથી થઈ રહ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે એમાં ભાઈઓ પણ ન્યાય મેળવવા માટે આવે છે અને એમાં અરજી કરે છે. માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસની જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું,

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી બજૅટની જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના વિકાસમાં, આમેય કોઈપણ રાજ્યના વિકાસમાં ટ્રાન્સપોર્ટ એ સૌથી વધારે વિકાસની મહત્ત્વની કડી છે અને એના વિકાસને બેકબોન કહેવામાં આવે છે. જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ કોરીડોરને મજબૂત કરવા માટે સુંદર રસ્તાઓનું આયોજન થયું હતું. સરકાર બદલાતા કદાચ એ અભિગમમાં બદલાવ આવ્યો હશે. પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પુણ્યભરી દ્રષ્ટિ અને માર્ગ અને મકાન મંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે આપણે ક્યાંય કચાશ રાખી નથી. પ્રગતિ પથ, વિકાસ પથ, કિસાન પથ, પ્રવાસન પથ આ બધા જુદા જુદા નામે આપણી યોજનાઓ જાહેર કરી છે એના આધારે ગુજરાત રાજ્યમાં આપણે સાચે જ ટ્રાન્સપોર્ટ માટે અત્યંત આધુનિક દ્વિમાર્ગી અને ચાર માર્ગી લાઈનો બનાવી અને સુંદર રસ્તાઓ બનાવ્યા છે. આ રસ્તાના આધારે ગુજરાત રાજ્યમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું હોય ત્યારે કોરીડોર ઉપર ૮૦ કિલોમીટરની સ્પીડથી વાહનો દોડી શકે છે. અકસ્માત થાય નહિ અને એના માટે અત્યંત આધુનિક રિફલેકટર, સાઈડ પાર્કિંગ અથવા તો જે કાંઈ જરૂરિયાત જરૂરી છે એ તમામ જરૂરિયાત સંતોષીને પણ આપણે સુંદર મજાના રસ્તાઓની વ્યવસ્થા પૂરી પાડવામાં આગળ રહ્યાં છીએ. આને કારણે આપણા જે વાહન છે

એ સ્પીડથી ચાલી શકશે. એમાં ફ્યુઅલ પણ બચશે, અકસ્માત ઘટશે અને પહેલા જે અકસ્માત વધારે થતા હતા એ હવે ઘટવાની શરૂઆત થઈ ગઈ છે અને સારા રસ્તાના કારણે વાહનમાં જે મરામત આવતી હતી એ અગાઉ કરતા મરામત ખર્ચ ધીરે ધીરે ઘટવા માંડશે. મને ખબર છે હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં એક ડભાડ-ખેરાલું જૂનો રાજ્ય ધોરીમાર્ગ રસ્તો હતો. ત્યાં એવું હતું કે જો આપણે સાઈકલ લઈને નીકળ્યાં હોય તો એક વીલ ખાડામાં હોય અને બીજું વીલ સપાટી ઉપર હોય અને એ વીલ ખાડામાંથી બહાર નીકળે સપાટી પર આવે તો બીજું વીલ ખાડામાં પડે. તમે ફોરવીલ લઈને નીકળ્યાં હોય તો ફોરવીલના ઓછામાં ઓછા બે વીલ છે એ ખાડામાં હોય અને એ જ રીતે તમારે પૂરો ૧૫ કિલોમિટરનો રસ્તો પસાર કરવો પડે અને આના કારણે જ્યારે જ્યારે એ રસ્તા પરથી પસાર થવાનું થાય ત્યારે અમે સરકારને વારંવાર યાદ કરીને મનભરી સરાહના કરતા કે રસ્તાઓ કેમ આવા બનાવતા હશે? આજે ગુજરાત રાજ્યની અંદર કોઈપણ રસ્તો હોય, નાળા હોય એ એટલા સુંદર મજાના બનાવ્યા છે. જૂના સમયમાં ૧૦ કિલોમિટરમાં ૧૦ વર્ષ પહેલાના જે રસ્તા થયા હતા. જ્યાં પાણી જવા માટેની રિપટ બનાવવામાં આવેલ એ રિપટમાં પાણી જવાના કારણે ઘણીવાર ચોમાસામાં એક-બે કલાક વિરામ કરવો પડતો હતો. આ તમામ રસ્તાઓને હવે આપણે સ્લેબ ટર્ન બનાવી પાણી જવાનો સરસ માર્ગ આપી અને રસ્તા સારા બનાવ્યાં છે એને કારણે પણ હવે લોકોએ ચોમાસામાં પાણીમાં કોઈને વિરામ કરવો પડતો નથી અને આમ સુંદર મજાના રસ્તાઓ અને એની સુવિધા આપવા માટે માર્ગ અને મકાન મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા ધ ાન્યવાદ આપીએ એટલા ઓછા છે. ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેને હું મારું અનુમોદન આપવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી નરેન્દભાઈ મોદીને અભિનંદન એટલા માટે આપવા માગું છું કે મહિલાઓનો વિકાસ થાય તે માટે અને ભારતીય નારીનું ગૌરવ સાતત્યપૂર્ણ જાળવતા નારીની રહેનસહેન ઉપર વર્તમાન સમયમાં જ્યારે ભયંકર વેદનાત્મક વાતાવરણ ઊભું થયું છે ત્યારે આ સમયે મહિલા અને બાળ વિકાસનો અલાયદો વિભાગ એમણે શરૂ કર્યો છે અને આજે આ વિભાગમાં માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ જ્યારે પોતે મહિલા છે અને મહિલાની આવશ્યકતાનો તેમને ખ્યાલ છે ત્યારે આ આવશ્યકતાને સમજીને જે રીતે વિભાગ ચલાવી રહ્યાં છે ત્યારે ગુજરાત આખાની બહેનોના એમને આશીર્વાદ અને શુભેચ્છા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ ઉપર બોલવા ઊભી થઈ છું ત્યારે કહીશ કે- "નારી તુ નારાયણી, નારી તુ રતનની ખાણ." નારીમાં પડેલી શકિતઓને પારખીને એ સન્માનપૂર્વક જીવી શકે, પગભર થઈ શકે એના માટે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવી. ગુજરાત રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાના આર્થિક ઉત્કર્ષના ઉદ્દશેથી માર્ચ ૧૯૮૧માં નિગમની રચના કરવામાં આવી અને તા.૧૬-૮-૮૮ નાં રોજ નોંધવામાં આવી છે અને આ નિગમ દ્વારા કંપની તરીકે તા.૧-૧-૮૯ નાં રોજ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની શરૂઆત કરી. તાલીમમાં જેવી કે- એપરલ પાર્ક, બી.પી.ઓ., કોલ સેન્ટર, બ્યુટી પાર્લર જેવા કોર્ષોનો સમાવેલ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલાઓના આર્થિક વિકાસ માટે તેઓ આત્મનિર્ભર બને અને તેઓ આર્થિક વિકાસ માટે આગળ વધે અને પોતાનો ફાયદો આ નિગમ દ્વારા લઈ શકે તેના માટે નિગમ દ્વારા ગૃહઉદ્યોગ, રોજગારલક્ષી, વિકાસલક્ષી અને યાંત્રિક તાલીમ આપે છે અને જરૂરિયાતવાળી મહિલાઓએ તાલીમ લીધેલ હોય તેમને ઉદ્યોગ કે વ્યવસાય શરૂ કરવો હોય તો આ નિગમ દ્વારા બેન્કેબલ યોજના હેઠળ તેમને સહાય આપવામાં આવે છે. જ્યારે મહિલાઓ આ નિગમ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા માટે શિબિરો, સંમેલનો અને વર્કશૉપનું પણ આયોજન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી આ આયોજનો દ્વારા તેમણે જે પોતાની વસ્તુઓનું ઉત્પાદન કર્યુ હોય અને એ વસ્તુઓનું ઉત્પાદન તેઓ પોતાના પ્રદર્શન-સહ-વેચાણ દ્વારા બજારમાં મૂકી અથવા સરકારના આ નિગમ દ્વારા જે તે જગ્યાએ તેઓનું આ પ્રદર્શન યોજી અને તેમાંથી ઊભી થતી જે આવક છે એ પોતાના પગભર થવા માટેનો પણ આ બહેનોને અહેસાસ થાય છે. આ નિગમ દ્વારા આ બહેનોને પોતાને આર્થિક લાભો પણ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિગમ દ્વારા મહિલા કલ્યાણકારી કાર્યક્રમો પણ કરવામાં આવે છે આ નિગમ દ્વારા ૪ લાખ, ૩૦ હજાર મહિલાઓને લાભ અપાયો હતો અને આ લાભ આપવા માટે કુલ રૂપિયા ૬૧૨ લાખનો ખર્ચ થયો હતો, તો આ કલ્યાણકારી કાર્ય કરવા બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મહિલા બાળ કલ્યાણના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને બહેનોને સ્વાભિમાનભેર જીવવા માટેનો જે રાહ ચીંધ્યો છે તેના માટે હું એમને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિગમ દ્વારા ઘરદિવડાની એક યોજના ચલાવવામાં આવે છે. આ યોજના દ્વારા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોમાં મહિલાઓને પોતે સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે પગભર થાય તે માટે રાષ્ટ્રીયકૃત બેન્કો દ્વારા વિવિધ વ્યવસાયો, વેપાર, ઉદ્યોગ માટે તેઓને રૂપિયા ૫૦ હજાર સુધીની લોન મળી રહે તે માટેની ભલામણ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ લોનમાં ૨૦ હજાર રૂપિયા સુધીની લોન હોય તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને ૪૦ ટકા સબસિડી આપવામાં આવે છે, જ્યારે અન્યને ૨૦ થી ૨૫

ટકા સબસિડી આપવામાં આવે છે અને જો ૨૦,૦૦૧/- થી ૫૦,૦૦૦/- રૂપિયા સુધીની લોન હોય તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને ૨૫ ટકા અને અન્ય માટે ૨૦ ટકાની પણ સબસિડીની જોગવાઈ કરવામાં આવે છે. આ નિગમ દ્વારા તાલીમ યોજના જેવા કાર્યક્રમો કરવામાં આવે છે. આ નિગમ દ્વારા આપણે ત્યાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની ૧૮ થી ૩૫ વર્ષની વયની મહિલાઓને સ્વરોજગારીલક્ષી તાલીમ દરેક જિલ્લાના તથા તાલુકાના આઈ.ટી.આઈ. અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત તાલીમ કેન્દ્રો દ્વારા વિનામૂલ્યે આ શિક્ષણ આપવામાં આવે છે, તાલીમ આપવામાં આવે છે અને તેમને માસિક ૨૫૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે અને આ તાલીમ લીધા પછી આ બહેનો પોતે પગભર થઈ શકે તેના માટે તેઓને ગૃહઉદ્યોગ પણ કરે છે અને એમાંથી જે આર્થિક ઉપાર્જન થાય છે તેનાથી તેઓ પોતાના કુટુંબોને પણ સહાય આપી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, નિગમે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂપિયા ૮૬૦ લાખની નાણાકીય જોગવાઈની સામે રૂપિયા ૬,૮૨,૯૦૦/- મહિલાઓને લાભ આપવાનું આયોજન કરેલ છે. તો માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરું કે, આપણે અહીં બેઠેલા સૌ ગુજરાતની ગૌરવવંતી નારીની કૂખે જન્મ લઈને આ ગૃહનું સ્થાન શોભાવી રહ્યા છીએ ત્યારે આપણા રાજયની તમામ બહેનો માટે, વિકાસના કાર્યો માટે માંગણીઓનો સહર્ષ સ્વીકાર કરીએ અને રાજયની આધાર-સ્તંભ ગણાતી મહિલાઓ પોતાના સ્વમાન સાથે જીવે, તેવા સ્વપ્નને સાકાર કરવા માટે આપણે સૌ સાથે રહીએ, મહિલા અને બાળ કલ્યાણના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ જે માગણી નંબર ૧૦૫ લઈને આવ્યા છે તેનો હું સ્વીકાર કરું છું, મારું અનુમોદન આપું છું. ગૃહના સર્વ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ માગણીનો સ્વીકાર કરો અને ગુજરાતની મહિલા અને બાળ વિકાસ માટે આપ સૌનો ઉમદા ફાળો આપો એ જ અભ્યર્થના સાથે. ભારત માતાની જય.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આજે સમગ્ર દેશમાં વિકાસનું એન્જીન બનીને ન માત્ર દેશને પણ દુનિયાને દિશા ચિંધી રહયું છે ત્યારે તાજેતરમાં ગુજરાતમાં લગભગ સાડાબાર લાખ કરોડથી પણ વધારે રકમના એમ.ઓ.યુ. ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે થયાં છે. આ ઉદ્યોગો ગુજરાતમાં આવે અને એના માલનું ઉત્પાદન થાય ત્યારે આ રાજયના બંદરોનો પણ વિકાસ થાય એ પણ અત્યંત જરૂરી છે. ગુજરાતમાં ૪૧ થી પણ વધારે નાનામોટા, મધ્યમ કદના બંદરો આવેલાં છે. આ ઉદ્યોગોમાં ઉત્પાદિત થયેલો માલ એ દેશના અન્ય રાજયોમાં કે વિદેશમાં જાય ત્યારે એના માટે બંદરોથી જોડતા રસ્તાઓનું હોવું અતિ આવશ્યક છે ત્યારે આ વાતને ધ્યાનમાં રાખીને આ વિભાગે બંદરોને જોડતા રસ્તાઓનું મહત્વ સમજીને છેલ્લા ત્રણ વર્ષમાં ૪૫૬ કિલોમીટરના રસ્તાઓની સુધારણા માટે રૂ.૨૦૧.૩૩ કરોડના ખર્ચે હાથ ધરી છે. આ પૈકી ૩૦૫.૧૦ કિલોમીટર લંબાઈના રસ્તાઓ રૂ. ૯૯.૪૭કરોડનો ખર્ચ કરીને પૂર્ણ કરેલ છે. બાકી રહેતા ૧૫૧.૧૦ કિલોમીટરના રસ્તા રૂ.૧૦૧.૮૬કરોડના કામ પ્રગતિમાં છે. આ બંદરો જે ગુજરાતની સમૃદ્ધિના વિકાસના દ્વાર છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાગર ખેડૂ યોજના હેઠળ આ પેકેજ આપીને કોસ્ટલ વિસ્તારના ૧૨ જિલ્લાઓના ૩૮ તાલુકામાં માછીમારી તથા બંદર પ્રવૃત્તિ કરતા રસ્તાઓ ખૂબ જરૂરી હોઈ બનાવવાનું નકકી કર્યું છે. આ કાંઠાના વિસ્તારને સાંકળતા હાઈવે આ સમગ્ર વિસ્તાર માટે આર્થિક અને સામાજિક ઉત્થાન માટે અતિ મહત્વના બની રહેવાના છે. આ પેકેજ અંતર્ગત વિવિધ યોજના અન્વયે ૨૮૩૩ કિલોમીટરની લંબાઈને આવરી લેતા રસ્તાઓની સુધારણા રૂ.૪૩૩કરોડની રકમનું આયોજન કરેલ છે. જે પૈકી ૨૭૧૬ કિલોમીટરની લંબાઈને આવરી લેતા રસ્તાઓ રૂ. ૪૧૪કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં વિભાગે વિવિધ યોજનાઓમાં ૨૨૪૭ કિલોમીટરની લંબાઈને આવરી લેતા રસ્તાઓની સુધારણાનું કામ રૂ.૬૧૨ કરોડની અંદાજીત રકમ સાથે કરવાનું આયોજન કર્યું છે. જે પૈકી ૯૯૩ કિલોમીટરની લંબાઈને આવરી લેતા રસ્તાઓનું કામ૩૫૨કરોડરૂપિયાનાખર્ચેપૂર્ણ કરેલ છે અને બાકીનું કામ પ્રગતિમાં છે. મારા મત વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં રાજય તથા પંચાયતમાં મળીને કુલ ૯ કામ ૩૬.૫૦ કિલોમીટર લંબાઈ ધરાવતા રસ્તાઓ રૂ.૧૫૩૨લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત કુલ ચાર કામ ૨૫.૨૦ કિલોમીટરના ૧૮૮૭લાખના કામ પ્રગતિમાં છે. એકંદરે કુલ ૫૭.૪૫ કિલોમીટરના ૩૪૨૦.૨૪લાખના કામ થયેલ છે. ગામ અને ગામ, તાલુકા અને તાલુકા અને જિલ્લાને જોડતા ટુંકા અંતરથી અવરજવર થાય એ માટે પુલોની પણ અત્યંત આવશ્યકતા હોય છે. પ્રજાની સુખાકારી માટે આ આંતર માળખાકીય સુધારણા પણ કરવી જરૂરી હોય છે. રાજય સરકારે આ બાબત ધ્યાનમાં લઈને વિભાગ હસ્તકના પુલોનું કામ ઝડપથી પૂર્ણ કરવાની અગ્રિમતા આપી સરકારની દિર્ઘદ્રષ્ટિ સાથે છેલ્લા ત્રણ વર્ષમાં ૨૫ પુલો બનાવવાનું કામ પૂર્ણ કરેલ છે. રૂ. ૭૮.૬૩ના ખર્ચે આ ૨૫ પુલો બનાવવામાં આવેલ છે. આ પુલોના બાંધકામથી નદી કાંઠે સામસામે આવેલા ગામડાંઓથી તથા તાલુકાઓના જોડાણથી અંતર ઘટશે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. વિરામ બાદ સભાગૃહ ૩-૧૫ વાગે મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિશ્રી, દોલતરાય દેસાઈ અધ્યક્ષ સ્થાને**

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, તેના અનુસંધાનમાં અને સમર્થનમાં વાત કરી રહયો હતો.. હમણાં ઈન્ક્લુઝિવ ગ્રોથની વાત થાય

છે. ઈન્ટીગ્રેટેડ એપ્રોચ ગ્રોથ શક્ય છે, ત્યારે મને ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે ખેડા જિલ્લામાં ગઈ કાલે જ માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી આનંદીબેન પટેલ અને અમારા પ્રભારી મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબની હાજરીમાં માતર જેવા અંતરિયાળ, છેવાડાના તાલુકામાં લગભગ સવા કરોડના ખર્ચે મામલતદાર ઑફિસનું ગઈ કાલે જ ઉદ્‌ઘાટન કર્યુ અને લોકાર્પણ કર્યુ. ઑફિસ કેવી? તમે અત્યાર સુધીની મામલતદાર ઑફિસમાં જ્યારે ગયા હોય તો કદાચ બેસવાની સગવડ ન હોય. ગામડામાંથી આવેલો માણસ થાકી જાય, ક્યાં બેસવું એ એના માટેનો પ્રશ્ન હોય અને બેસે તો ગંદકીના ઢગલા વચ્ચે બેસે. ગરમીમાં આવ્યો હોય તો એના માટે કયાંય પંખાની સગવડ ન હોય! જ્યારે આ મામલતદાર ઑફિસ જેનું મંત્રીશ્રીએ ગઈ કાલે લોકાર્પણ કર્યુ. જેની અંદર પ્રવેશો તો લાગે કે હું કોઈ કૉર્પોરેટ ઑફિસમાં આવ્યો છું. કૉર્પોરેટ ઑફિસની જેમ અદ્યતન સગવડો હોય, એવી અદ્યતન સગવડો સાથેની માતરની ઑફિસનું લોકાર્પણ થયું છે. કદાચ કહી શકાય કે અધિકારી પાસે પણ બેસવાની સગવડ ન હોય તેવી સગવડ તો ગામડામાંથી આવતા માણસને માટે કરેલ છે! ભૂતકાળમાં મામલતદાર ઑફિસમાં ટોયલેટની સગવડ નહોતી. આ મામલતદાર ઑફિસમાં ટોયલેટની સારામાં સારી સગવડ કરી છે. આવી મામલતદાર ઑફિસ ન માત્ર એક માતરમાં થઈ, પણ વીરપુરમાં ખેડા જિલ્લામાં એમ બે મામલતદાર ઑફિસનું લોકાર્પણ કર્યુ. મને કહેતાં આનંદ થાય છે કે ભૂતકાળની સરકાર હતી. મને એક દ્રશ્ય યાદ આવે છે. હું તો ગામડામાં રહેલો છું. ગામડામાં ઊછરેલ છું અને મોટા ભાગનો સમય હું ગામડામાં રહ્યો છું. ઘાસની છત અને માટીના ઘરમાં બેસી રહેલ વૃદ્ધ મા એને મૅડિકલની સગવડ જોઈતી હોય, એને અણીના સમયે, આફતના સમયે જ્યારે કોઈ મદદ પહોંચાડવી હોય ત્યારે રસ્તા નહોતા. એને માટે ૨૦૦૦ સી.સી.ની ગાડી દોડાવવી નથી, પણ ૧૦૮ નંબરની ગાડી એને માટે સમયસર પહોંચે એવી આશા હોય છે. મને કહેતાં આનંદ થાય છે કે એ ગરીબ વૃદ્ધ માતાની પાસે ઘડીના છઠ્ઠા ભાગમાં ૧૦૮ પહોંચી જાય છે. એ વૃદ્ધ માને પેન્શન જોઈતું હોય, એને કોઈ શહેરમાં રહેતા દીકરાએ મનીઑર્ડર મોકલેલ હોય કે એને કોઈ રાશન પહોંચાડવું હોય ત્યારે એનું કાર્ય ઝડપથી થઈ શકે એ માટે સારા રસ્તાનું હોવું અતિ આવશ્યક છે. એ ૬૦ વર્ષની વૃદ્ધા, આઝાદીના ૬૦ વર્ષ પછી પણ જો કોઈએ એ વૃદ્ધા તરફ દ્રષ્ટિ નાખી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે એ ગરીબ વૃદ્ધાના આંસુ લૂંછવાનો પ્રયાસ કર્યો છે અને હું શ્રી નરેન્દ્રભાઈ મોદીનો એક વૃદ્ધાના પ્રતિનિધિ તરીકે આભાર માનું છું. ઈન્ક્લુઝિવ ગ્રોથ તમામ ક્ષેત્રમાં પહોંચી રહેલ છે. ગરીબને, છેવાડાના માનવીને માટે વિકાસના ફળ ઘર સુધી પહોંચી રહ્યા છે. અત્યારે જેમ શહેરમાં રહેતા હોય અને વીજળી જતી રહેતા ટીવી સિરિયલો તારક મહેતાના ઊલટા ચશ્માં કે મણીબેન ડોટ કોમ જોવાનો અહેસાસ ન રહે, પણ એના ઘરમાં ૪૦ વોલ્ટનો બલ્બ સળગે એ એના માટે જરૂરી હોય છે અને એ સગવડ આપી છે, તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનું છું. માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે. ગરીબ અને સામાન્ય વર્ગના પ્રતિનિધિ તરીકે હું એમનો આભાર માનું છું અને અભિનંદન આપું છું અને માગણીને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલ માર્ગ અને મકાન વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તે માગણીઓમાં મારું સમર્થન કરી મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલ જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં માર્ગ અને મકાનની માગણીઓ ઉપર કેટલાક મિત્રોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. મારે માર્ગ મકાનની માગણી ઉપર એટલું જ કહેવું છે કે અત્યારે ગુજરાતમાં તમે જે સમય નક્કી કરો તે સમયે ગુજરાતના કોઈપણ ખૂણામાં પહોંચી શકો તે પ્રકારના સલામત અને વ્યવસ્થિત માર્ગોનું આયોજન થયું છે. મારે દાખલો એટલા માટે આપવો છે કે મને ખ્યાલ છે ૧૯૯૨-૯૩ના એ દિવસો. જે દિવસોમાં દક્ષિણ ગુજરાતમાંથી કે સુરતમાંથી ગાંધીનગર પહોંચતાં સાત થી આઠ કલાક થાય અને આજે અમે સવારે આઠ વાગ્યે નીકળીને વિધાનસભામાં હાજરી આપી શકીએ છીએ અને તેનું શ્રેય કોઈને જતું હોય તો ગુજરાતની ભાજપની વર્તમાન સરકારને જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું રહું છું સુરતમાં અને ઇલૅક્શન સૌરાષ્ટ્રના ગઢડા મત વિસ્તારમાંથી લડું છું. મને ખ્યાલ છે કે શરૂઆતના દિવસોમાં મારે ત્યાં જવું હોય તો દસ થી અગિયાર કલાક જાય. દસથી અગિયાર કલાક જાય સાહેબ. આજે ગુજરાતની ભાજપની સરકારના સતત પ્રયત્નોને લીધે આજે સવારે સાત વાગ્યે નીકળીને બપોરે બાર વાગ્યે ભાવનગરમાં પહોંચી મીટિંગ એટેન્ડ કરીને સાંજે સાત વાગ્યે પાછા સુરત પહોંચી શકીએ છીએ. તે પ્રકારના માર્ગો આપવાનું કામ આ ભાજપની સરકારે કર્યુ છે એટલા માટે અભિનંદન તો આપવા જ પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના તે દિવસો યાદ છે. જે રીતે ભૂતકાળમાં ટ્રાફિક જામ થાય હાઈવે પર. તેના માટે કોઈ ઓલ્ટરનેટ નહીં, ટ્રાફિક જામ થઈ જાય, વાહનો એક ઈંચ આગળ ચાલી શકે નહીં તેવી પરિસ્થિતિમાં લગ્નની જાન લઈને નીકળેલા વરરાજાના લગ્નની તારીખ અને તીથી બદલાઈ જતા હતા. આવા અનેક બનાવો આપણે જોયા છે અને તેના આપણે સાક્ષી છીએ અને તેવા સંજોગોમાં આજે મેં કહ્યું તે પ્રમાણે તીથી અને તારીખ બદલાતી નહીં અને નક્કી કરેલા સમયે અને નક્કી કરેલી તારીખે લગ્નની વિધિ થઈ શકે છે. મારું તો ઘણા વખત પહેલાંનું છે. હું તો ટ્રેનમાં જાન લઈને ગયા હતો. આજે સાહેબ લગ્નના મૂર્હુત સચવાઈ રહે છે

તેનો અમને આનંદ છે. ખરેખર સાહેબ ગુજરાત રાજયના જે રસ્તાઓ બન્યા છે માર્ગ મકાનનું જે પ્લાનિંગ છે તેમાં અનેક પ્રકારની સિસ્ટમ આપી છે. માનો કે ગુજરાતમાં આ વર્ષનું જે બજૅટ છે તે ૨૦૭૫ કરોડનું માર્ગ મકાનનું બજૅટ છે. જે ગત વર્ષ કરતાં ૧૭ થી ૨૦ ટકા જેટલો વધારો સૂચવે છે. ૨૦ ટકા રકમ નાની સૂની રકમ નથી. એટલી મોટી રકમનો વધારો લઈને માનનીય મંત્રીશ્રી જ્યારે ગૃહ સમક્ષ પોતાની માગણીઓ રજૂ કરીને, માગણીઓ મંજૂર કરાવવા આવ્યા છે ત્યારે તેને સમર્થન આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોઈ જ નહીં શકે. આટલી સરસ માગણીઓને સ્વીકારવી પડે અને મંજૂર પણ કરવી પડે. પહેલાં માર્ગ અને મકાન એટલે પંચાયત અને સ્ટેટ આ બેમાં રસ્તાઓ અમારા પૂરા થઈ જતા. બે જગ્યાએ જવાનું. માનનીય અધ્યક્ષશ્રી, હવે એનાથી થઈને વિકાસ પથની યોજનાઓ, પ્રગતિ પથની યોજનાઓ, નાના નાના ગામડાંઓ હજુ ગામડાંઓમાં પહોંચવા માટેના માર્ગ ન હતા, આ સરકાર આવી ત્યારે ઉબડખાબડ રસ્તાઓ હતા. એમાં વિકાસપથની યોજનાઓ અને કિસાનપથની યોજનાઓ જે અમલમાં આવી છે એના લીધે છેવાડાના માણસ સુધી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવાનું કામ આ સરકારે કર્યું છે.

મારે બીજી વાત આપને એ કહેવી છે કે, આગામી દિવસોમાં ગુજરાત જ્યારે વિકાસ માટેનું હબ બની રહ્યું છે, સમગ્ર દેશના વિકાસ માટેનું ગ્રોથ એન્જિન ગુજરાત બની રહ્યું છે ત્યારે આ એન્જિનને પાટા ઉપર ચલાવવાની જવાબદારી પણ આપણી છે અને પાટા એટલે ફક્ત રેલવેના પાટા નહીં, પણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે રોડ અને રસ્તાઓનું નિર્માણ થાય છે એ પાટાઓ પણ એટલા જ જરૂરી છે કરોડો રૂપિયાનું રોકાણ વાયબ્રન્ટ ગુજરાતના નામે આજે અનેક ઉદ્યોગપતિઓ દેશ અને વિદેશમાંથી આવીને કરી રહ્યા છે ત્યારે એમને એટલો વિશ્વાસ છે કે, ગુજરાતમાં મારો ઉત્પન્ન થયેલો માલ ચોક્કસ સ્થળે ચોક્કસ સમયે પહોંચી શકશે અને ચોક્કસ તારીખે પહોંચી શકશે એ પ્રકારનો વિશ્વાસ પેદા કરવામાં ગુજરાતની સરકાર સફળ થઈ છે અને એના પરિણામે ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાતના દિવસોમાં કરોડો રૂપિયાનું જે ઔદ્યોગિક મૂડી રોકાણ થયું છે એનો યશ આ ભૌતિક સુવિધાઓને જાય છે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આપણે જે માર્ગો બનાવી શક્યા છીએ એ રસ્તાઓને પણ એટલો જ યશ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બીજી પણ માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મને ખબર છે કે મહિલા વિકાસ અને બાળ કલ્યાણ, એમાં દશ- બાર પંદર વર્ષ પહેલાંના બજૅટના આંકડા જોઈએ તો બે કરોડ- પાંચ કરોડ સુધી પહોંચતા હતા, માનનીય અધ્યક્ષશ્રી, પાંચ કરોડ રૂપિયાનું મહિલા બાળ વિકાસ અને બાળ કલ્યાણનું બજૅટ, આપ જુઓ ભૂતકાળનાં પાનાં પલટાવીને, સાહેબ, આ સરકારને મારે અભિનંદન એટલા માટે આપવાં છે અને માનનીય આનંદીબહેનને અભિનંદન એટલા માટે આપવા છે કે, ગત વર્ષે ૩૮૦ કરોડ રૂપિયાની સામે આ વર્ષે ૭૩૦ કરોડ રૂપિયા, સાહેબ, સીધું ડબલ બજૅટ. આ સરકાર મહિલાઓના વિકાસ માટે કેટલી ચિંતિત છે, આ સરકાર મહિલાઓની ઉન્નતિ થાય એ માટે કેટલી ચિંતિત છે એનું માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે પરામર્શ કરીને આ જે બજૅટ લઈને આવ્યા છે, અને માનનીય આનંદીબહેને જે માગણીઓ રજૂ કરી છે, એમાંથી ફલિત થાય છે કે આ સરકાર મહિલાઓના વિકાસને માટે ચિંતિત છે, કન્યાઓના ઉત્થાન માટે ચિંતિત છે, આ ગુજરાતની દીકરીઓ માટે ચિંતિત છે, એની વાત આ બજેટમાંથી, આ માગણીઓમાંથી આવે છે, માગણીઓની રકમમાંથી આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે એટલા માટે કહેવી છે કે, અમે ઈતિહાસમાં ભણ્યા હતા કે રાજા રામમોહનરાયે બેટીઓને, દીકરીઓને જન્મ વખતે દૂધ પીતી કરવાનો જે રિવાજ હતો એનો વિરોધ કર્યો હતો. એનો રાજા રામમોહનરાયે વિરોધ કર્યો હતો ત્યાર પછી વચ્ચેના સમયગાળા દરમિયાન આવા કોઈ પ્રશંસનીય કે ટારગેટેડ આંદોલનો થઈ શક્યા નથી. હું ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન એટલા માટે આપું છું કે, આ બેટી બચાવોના અભિયાન દ્વારા અનેક એવી દીકરીઓને આ પૃથ્વી પર અવતરવા માટેની માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે તક પૂરી પાડી છે એના માટે ઈતિહાસમાં પ્રાચીનમાં જેમ રાજા રામમોહનરાયનું નામ લખાયું છે, એવી રીતે અર્વાચીનયુગમાં, હાલના યુગમાં આ બેટીઓના રક્ષક તરીકે કોઈનું નામ લખાશે તો ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નામ લખાશે. આ થયેલી હકકીતો છે. આ બજૅટની માગણી લઈને આવ્યા છે એમાં રકમની જે ફાળવણી છે એ એનો પૂરતો પુરાવો છે. નહીં તો પરિસ્થિતિ એ હતી કે, મને મહાભારતનો એક દાખલો ઘણી વાર યાદ આવે છે કે જ્યારે દ્રૌપદીની સ્વયંવરમાંથી જીતીને લઈને બધા ઘરે જાય છે અને દરવાજો ખખડાવે છે ત્યારે માતા અંદરથી કહે છે કે બેટાઓ, જે કંઈ લઈને આવ્યા હોય એ બધા વહેંચીને ખાજો. એ તો જમાનો હતો કે માતાના શબ્દોને પુત્રોએ પાળી બતાવ્યા હતા પણ અત્યારે માનનીય અધ્યક્ષશ્રી, એવી સિસ્ટીમ નથી. બધાને સુઅંગ જોઈએ પોત પોતાનું આગવું, હવે તમે આંકડો જુઓ કે એક હજાર પુરુષોની સામે જે તે વખતે ૭૯૦ કે ૮૧૦ દીકરીઓનો જનમ હતો. કઈ પરિસ્થિતિ પેદા થાય વિચાર કરી લો ? દર વર્ષે ગામમાં ચાલીશ પચ્ચાસ અપરણીતો રહી જાય તો એની સંખ્યાનો ઉમેરો કરતા જાવ તો પરિસ્થિતિ કયાં પહોંચે? સામાજિક સમતુલા જાળવવાનો મોટામાં મોટો પ્રશ્ન આગામી દિવસોમાં આ સરકારને પણ ચિંતિત કરતો હતો અને સામાજિક સમતુલા ન જળવાય તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે, સામાજિક સમતુલા ન જળવાય તો સમાજમાં અનેક પ્રકારના ગુનાઓ આચરવા માટેની પ્રવૃત્તિને વેગ મળે ત્યારે શાંત ચિત્તે અમે ઘણી

વાર કહીએ છીએ ગુજરાતની પ્રજા જ્યારે શાંતિથી ઊંઘે છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી રાત્રે જાગીને આવા જે સમાજના પ્રશ્નો છે એ પ્રશ્નોનું કઈ રીતે નિરાકણ થઈ શકે અને વિથ કમિટેડ એનું આ રીતે પરિણામ આવવું જોઈએ. સ્ત્રી ભ્રુણ હત્યાની વાત કર્યા પછી જરૂર પડે તો તરત ચમરબંધી ડૉકટર હોય કે ગમે તે હોય એને જેલના સળિયા પાછળ ધકેલવાની વાત એની વાત જ નથી કરી પણ એને અમલમાં મૂકીને આજે આપણે જોઈ શકીએ છીએ કે સમગ્ર દેશની સરખામણીમાં ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં સ્ત્રી જન્મ પ્રમાણદરમાં વધારો થયો છે. આ બતાવે છે કે સરકાર જેની ચિંતા કરે છે એને લોકોએ પણ સ્વીકાર્યું છે. એની સાથે સમગ્ર સમાજ પણ એ રીતે જોડાયો છે અને બેટી બચાવો અભિયાન ઠેર ઠેર આખા ગુજરાતમાં સમગ્ર સમાજોમાં થયા છે અને અમારે ત્યાં સુરતમાં તો એક ખૂબ મોટું સંમેલન પાટીદાર સમાજનું થયું હતું, મારે યાદ એટલા માટે અપાવવું છે કે, એમાં પણ તમામ સમાજના લોકો હાજર હતા અને ત્યાં આ રીતે બેટી બચાવોના સરકારના કાર્યક્રમો છે એને સમાજમાં સ્વીકૃતિ મળે અને સમગ્ર સમાજ એમાં જોડાયને એ પોતાનો કાર્યક્રમ છે, પોતાના સમાજ માટેનો કાર્યક્રમ છે, પોતાના દીકરા-દીકરી માટેનો આ કાર્યક્રમ છે એમ કરીને આ જે રીતે બેટી બચાવો અભિયાન ગુજરાતમાં શરૂ થયું છે એ ખરેખર અત્યારની પરિસ્થિતિમાં આ સમાજને માટે ખૂબ મોટી અને ઉપકારક બીના છે, એને ક્યારેય ભૂલી શકાય એમ નથી. એની સાથે સાથે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અનેક પ્રકારની મહિલાઓના ઉત્થાન માટેની યોજનાઓ અમલમાં મૂકી છે. હું લગભગ ત્રણેક વર્ષ પહેલા દિલ્હી ગયો ત્યારે કેન્દ્ર સરકારના માજી મંત્રીશ્રી સાથે મારી મુલાકાત થઈ, એમણે એમ કહ્યું કે, 'યે ગુજરાતમેં કયા ચલતા હૈ? સબ લોગ નરેન્દ્ર મોદી કે સાથ હૈ. યે જો ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ આતે હે વો સબ વહાં હી આ રહે હૈ પર કોઈ ગરીબો કી યોજના હે કયા આપકે પાસ ?' મેં એમને એમ કહ્યું અમારે ત્યાં ગુજરાતમાં ગરીબો માટેની યોજનાઓથી જ શરૂઆત થાય છે. પાપા પગલી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં માંડતી હોય તો ગરીબોના નામે માંડે છે. મેં એમને વંચિતોના વિકાસની વાત કરીને એમ કહ્યું કે સાગર ખેડુ માટે ૧૧૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવી છે, શહેરી વિસ્તારમાં રહેનારા ગરીબો-દલિતો, પછાતો માટે, વંચિતો- પિડિતો માટે ૧૩૦૦૦ કરોડ રૂપિયાની યોજનાની વાત કરી અને પછી જ્યારે મેં એમને એમ કહ્યું કે જંગલ અને ગિરીજન વિસ્તારમાં રહેતા મારા આદિવાસી મિત્રો માટે ૧૫૦૦૦ કરોડ રૂપિયાની યોજના લઈને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવે છે અને એની સાથે મેં કન્યા કેળવણીની વાત કરી ત્યારે મારે એમને કહેવું પડ્યું કે, ગુજરાતના આ પહેલા મુખ્યમંત્રી છે, કદાચ હિન્દુસ્તાનમાં પણ પહેલા મુખ્યમંત્રી હશે કે એમને મળેલી ભેટ સોગાદો આવે છે એની જાહેરમાં હરાજી કરીને જે કરોડો રૂપિયાની રકમ મળી છે એ ગરીબની દીકરીને ભણાવવા માટે અને એના ઉપયોગમાં લેવા માટેનું જાહેરમાં વચન આપ્યું છે. આ વાત સાંભળ્યા પછી એમણે એમ કહ્યું કે 'યે દેશમેં તીન ચાર નરેન્દ્ર મોદી મીલ જાય તો કૈસા હો આત્મારામભાઈ?' મારે વાત આપને એ કહેવી છે કે જે વ્યકિતને ગુજરાતની પરિસ્થિતિ વિશેનો ખ્યાલ ન હતો પણ એને જ્યારે આ સરકારની યોજનાઓ અને ગુજરાતના મુખ્યમંત્રીની નિષ્ઠાનો ખ્યાલ આવ્યો ત્યારે એને એમ થયું કે આવા જો ચાર પાંચ લોકો આ દેશમાં મળે તો આ દેશનો ઉધ્ધાર થઈ જાય એવી પરિસ્થિતિ છે. ગુજરાતમાં અનેક પ્રકારની કલ્યાણકારી પ્રવૃત્તિઓ થઈ છે. મારે સખી મંડળની વાત કહેવી છે, આપણા વિસ્તારમાં પણ દરેક જગ્યાએ સખી મંડળોએ અનેક પ્રવૃત્તિ શરૂ કરી છે, હમણાં થોડાક સમય પહેલાં એક કમનસીબ બનાવ ગુજરાતમાં ૦અને અમદાવાદમાં બન્યો છે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના એમાં વીઝન હોય છે, એમણે સખીમંડળોની સ્થાપના કરાવી, વલસાડ જિલ્લો, સુરત જિલ્લો, નવસારી જિલ્લાઓમાં આ સખી મંડળોએ કઈ કામગીરી શરૂ કરી? એમણે ગેરકાયદેસર રીતે જ્યાં કોઈક આવા અડ્ડાઓ ચાલતા હોય ત્યાં જઈને પીકેટીંગ કરીને એક મહત્વનું સમાજનું પરિવર્તન કરી શકાય સમાજને દિશા ચિંધી શકાય, સમાજને માર્ગદર્શન આપી શકાય એ પ્રકારની પીકેટીંગની કામગીરીઓ શરૂ કરીને ખરેખર સખી મંડળની પ્રવૃત્તિઓના માધ્યમથી આ સરકારે અનેક સમાજ ઉત્કર્ષની અને સમાજ કલ્યાણની પણ વાત કરી છે ત્યારે આવી અનેક પ્રકારની યોજનાઓ લઈને અને આ યોજનાઓનો આ બજેટમાં સમાવેશ છે ત્યારે મારે એટલા માટે આ વાત કરવી છે કે મહિલા વિકાસ માટેની અનેક પ્રકારની, મહિલા કલ્યાણ માટેની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ આ ગુજરાતમાં થઈ રહી છે ત્યારે અને મેં કહ્યું એ પ્રમાણે ગત વર્ષ કરતાં ડબલ બજેટ અને રૂપિયા ૭૩૦ કરોડ જેટલી રકમ આ વિભાગ માટે ફાળવીને હું એમ કહીશ કે ખૂબ મોટી કામગીરી આ સરકાર કરવા જઈ રહી છે ત્યારે માર્ગ મકાન વિભાગની માગણીઓ લઈને આવેલા માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને આ ગૃહમાં સમર્થન આપીને મારું પ્રવચન હું પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૮૫, ૮૬ અને ૮૭ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી નંબર-૧૦૫ લઈને આવ્યા છે એમાં હું મારો સુર પુરાવવા માટે ઉભો થયો છું. અગાઉના મારા સાથી મિત્રોએ વાત કરી કે ૨૦૦૮-૦૯ના ૧૭૭૫ કરોડ સામે ૨૦૦૯-૧૦માં ૨૦૭૫ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગમાં ફાળવવામાં આવ્યા છે, ગુજરાતની અંદર માર્ગ અને મકાન વિભાગ એટલે આપણા ગુજરાતની અંદર આવતા તમામ ઉદ્યોગકારો હોય કે પ્રવાસીઓ હોય એમના માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ છે બધા એમ કહે છે કે ગુજરાતની અંદર આટલા બધા ઉદ્યોગો શાના માટે આવવા મંડ્યા છે, આટલું બધું મૂડીરોકાણ શા માટે થાય છે, ગુજરાતના રસ્તા અને રસ્તાની સાથે સાથે

ગેસ ગ્રીડ હોય, જી.ઈ.બી. હોય કે હમણાં ગુજરાત સરકારે ચાર એરપોર્ટ પણ નવા મંજૂર કર્યા છે આ એક ઉદ્યોગો ગુજરાતના વિકાસ માટે રસ્તાની સાથે આ એક કડી પણ જોડાયેલી હોય છે એના કારણે ગુજરાતની અંદર વિકાસ હરણફાળ રીતે થઈ રહ્યો છે. મેં એક વખત સાંભળેલું કે કેન્દ્રના સંસદની અંદર એક હાલના સંસદ અને પૂર્વમંત્રી એમ કહેતા અમારા બિહારની અંદર 'મોસંબીની છાલ અને હેમામાલિનીના ગાલ જેવા રસ્તા અમારે ત્યાં બન્યા છે' સાચા અર્થમાં આજે ગુજરાતમાં જો જોવું હોય તો જે એવી કલ્પના હતી એ કલ્પના પ્રમાણેના રસ્તા આજે ગુજરાતમાં છે આજે આત્મારામભાઈએ જે વાત કરી કે રસ્તા કેવા છે ખરા અર્થમાં ૧૯૯૫માં મને યાદ છે કે મોરબીથી અમારે નીકળવું હોય અને અહીંયા પહોંચવું હોય તો હું અહીંયાથી પાંચ વાગ્યે નીકળું ત્યારે અગિયાર વાગ્યે હું મોરબી પહોંચતો. આજનો જ દાખલો દઉં તો સવારે હું છ વાગ્યે નીકળતો હતો ત્યારે એક કારણ એવું બની ગયું કે, મારે નીકળવામાં બહુ લેઈટ થયું તો ૯-૨૦ મોરબીથી નીકળ્યો અને ૧૨-૨૦ કલાકે હું વિધાનસભામાં પહોંચી ગયો હતો, ત્રણ કલાકમાં, આજે આ ગુજરાતની અંદર આ રસ્તાના કારણે વિકાસ પણ ઝડપથી થઈ રહ્યો છે મારે એ વાત કરવી છે કે ગુજરાતની અંદર કિસાનપથ હોય, વિકાસપથ હોય આના કારણે આપણે વિચાર કરો કે આ ગુજરાતમાં કિસાનપથમાં એક ખેડૂતને પોતાના ખેતરથી અને પોતાના ગામથી માર્કેટયાર્ડ સુધી માલ લઈ જઈને વેચવા માટેની સરળતા રહે, પોતાનો માલ કોઈપણ શહેરની અંદર ઝડપથી લઈ જઈ શકે એના માટે ૯૧.૭૫ કરોડ રૂપિયા ફાળવેલ છે, એ જ રીતે વિકાસપથમાં શહેરોની ૧૩૧ નગરપાલિકાઓ માટે શહેરની અંદર પણ વિકાસપથ માટે ૫૧ કરોડ રૂપિયાની ફાળવણી કરી,શહેરની અંદર પણ સારા રસ્તા થઈ શકે તેના માટેના પણ પ્રયત્ન કર્યા.• (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : પડોશી રાજયોની ટીકાત્મક વાતો ના થાય જે આ ગૃહમાં હાજર ના હોય તેની વાત ના થાય. હું એ કાઢી નાંખુ છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા નંબરની અંદર ગ્રામ્ય રસ્તાઓ હોય, શહેરી રસ્તાઓ હોય સાથે સાથે ગામડાંની અંદર પોતાના ખેતર જવાના રસ્તા જીઆરવાયની અંદર અત્યારે ગામડાંની અંદર સરપંચો એમ કહે કે અમારા તો ખેતરના રસ્તાઓ પણ બનવા લાગ્યા. ખરા અર્થમાં અમારું રાજકોટને સૌરાષ્ટ્રનું સેન્ટર ગણે છે તો રાજકોટથી નારણ સરોવર જવું હોય, રાજકોટથી દ્વારકા જવું હોય, રાજકોટથી પોરબંદર જવું હોય, રાજકોટથી વાપી જવું હોય તમામ જગ્યાએ વન લાઈનથી માંડીને સીકસ લેનના રસ્તા આ ગુજરાતની અંદર બન્યા. ખરા અર્થમાં જે અત્યારે આપણી પાસે ૧૦૮ એમ્બ્યુલન્સો આવી પણ જો આવા રસ્તા જ ના હોત તો આ એમ્બ્યુલન્સની કોઈ કિંમત થવાની નહોતી. આ ૧૦૮નો મેકસીમમ ગામડાંની અંદર ઉપયોગ થાય છે. અને ફોન કર્યા પછી આ એમ્બ્યુલન્સ દશથી પંદર મિનિટમાં જ સ્થળ ઉપર પહોંચી જતી હોય છે. આજે ગુજરાતનું એક પણ ગામ એવું નથી કે જે ડામરના રસ્તાથી જોડાયેલું ના હોય. ખરા અર્થમાં ગુજરાતની અંદર જે રસ્તાના કામ થયા છે તે ખરેખર અતિ સારા અને ગુણવત્તા સભર કામો થયા છે.

બીજા નંબરની અંદર જે બહેન વાત લાવ્યા છે મહિલા અને બાળ વિકાસ. તેમાં મારે થોડીક વાતો કરવી છે. જે હમણાં આત્મારામભાઈ વાત કરતા હતા કે ગુજરાતની અંદર જે આપણે દીકરી- દીકરાનું સૌતનપણું થઈ ગયું હતું તેના કારણે પટેલ સમાજે જ્યારે કડવા પાટીદાર અને લેઉવા પાટીદાર સમાજ ભેગાં થઈ અને સુરતની અંદર મહા સંમેલન કર્યુ. આ સંમેલનમાં જે લોકોના પેટની અને દિલની વાત હતી આપણાં ગુજરાતના મુખ્યમંત્રીએ ઉપાડી લીધી. આખા ગુજરાતના તમામ ધારાસભ્યોએ ગામો ગામ જઈ બેટી બચાવો રથયાત્રા કાઢી અને એકે એક ગામની અંદર જઈને આ લોકોને વાત કરી. ખરા અર્થમાં માનવ ઉદરની અંદર જે દીકરીઓ હોય છે તેમાં એ એક તેની માને પત્ર લખે છે કે, " હે મારી માં, હું તને એક વિનંતી કરું છું મને એવું જાણવા મળ્યું છે કે તારા ઉદરની અંદર હું એક કન્યા તરીકે ઉછરી રહી છું તે તમારા ઘરનાને બધાને જાણ થઈ ગઈ. ત્યારે હે મારી માં હું તને એટલી વિનંતી કરું કે મને એક વખત જનમ દઈ અને આ પૃથ્વી ઉપર પા પા પગલી પાડવા દે. ત્યારે એ તેની માને વિનંતી કરે છે કે જ્યારે હું આ પૃથ્વી ઉપર જનમ લઈશ ત્યારે કુદરત મને પાંખો આપશે ત્યારે ઉડીને હું જતી રહેવાની છું. તો એક વખત આ તારા મમતાભર્યા ખોળાની અંદર મને ખૂંદવા દે અને આ પૃથ્વી ઉપર મને પા પા પગલી કરવા દે માં. "

**અધ્યક્ષશ્રી** : શ્રી.લક્ષ્મણભાઈ પટેલ...

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારાં સૂચન બે કરી દઉં.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે બીજા પાંચ નામો છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન જ કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપ આપના દંડકશ્રીને કહો.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી અમારું જે શહેર છે તે એક વિકસતું શહેર છે અને મોરબીથી ગ્રામ્ય વિસ્તારમાં જવાના રસ્તા જે રસ્તા છે એ ત્રણ-ચાર રસ્તા એવા છે કે તે રસ્તા ગામડાંમાં જાય છે તેની અંદર પુષ્કળ ઉદ્યોગ હોવાના કારણે અને ઉદ્યોગની અંદર ૩૦-૩૦,૪૦-૪૦ ટનની ગાડીઓ આવતી હોય પંચાયતના રસ્તા આપણે બનાવીએ ઘણાં સારા પણ વધારે લોડની ગાડીઓ  હોવાના કારણે આ રસ્તાઓ બાર મહિનામાં તૂટી જતાં હોય છે. તો આનું મજબૂતી કરણ કરી અને ખરેખર આ  સ્ટેટના રસ્તામાં જો કન્વર્ટ કરવામાં આવે તો આ રસ્તા સારા થઈ શકે અને લાંબો સમય ટકી શકે. આ જ રીતે જે ગામડાંમાં નદીઓ આવેલી છે તે નદીની અંદર રેત ઉપાડવા માટે તે પંચાયતના રસ્તાની અંદર રેતી ભરેલી ગાડી આવતી હોવાના કારણે આ રસ્તાઓનું મજબૂતી કરણ થાય અને આ જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગોની વાત આવે ત્યારે આદરણીય બાજપાઈજીને યાદ કરવા પડે. એમણે એમ કહ્યું હતું કે માર્ગોની વ્યવસ્થા એ હથેળી પરની રેખાઓ છે. હથેળી પરની રેખાઓ વ્યકિતના વિકાસનો દર નકકી કરે છે, તેમ માર્ગો પર રાજયની પ્રગતિનો આધાર છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એના સમર્થનમાં એટલા માટે કહેવા માગું છું કે માર્ગ અને મકાન વિભાગની અનેક યોજનાઓ છે. કિસાન પથ, પ્રગતિ પથ, પ્રવાસી પથ કે બીજી કોઈપણ યોજના હોય. નાબાર્ડની યોજના હોય, બાજપાઈ યોજના હોય કે મરુન વીલેજ હોય. કે પછી તાલુકાને તાલુકા સાથે જોડવાની યોજના હોય કે પછી જિલ્લાને જિલ્લા સાથે જોડવાની યોજના હોય. અનેકવિધ રીતે રસ્તાઓનું નેટવર્ક ગુજરાતમાં ઉભું થયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પહેલી જ વાર કહેવું પડે છે કે ગુજરાતનું જે રીતે શહેરીકરણ થઈ રહ્યું હતું અને ગામડાના લોકો શહેરો તરફ આકર્ષાયા હતા, તેને રોકવાનું કામ ગુજરાતના માર્ગોએ કર્યુ છે. કોઈપણ માણસ ગામડામાંથી શહેર સુધી માત્ર ૧૦ મિનિટમાં જ પહોંચી શકે છે. મારું ગામ અંબિકા નદીના કાંઠે આવેલું છે, અને શહેર સુધી જતા બે કલાક લાગતા હતા, તેના બદલે માત્ર ૫ મિનિટમાં જ બિલિમોરા સ્ટેશન સુધી પહોંચી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના ઔદ્યોગિક વિકાસની સાથે આપણા રાજયના ઔદ્યોગિક વિકાસની સરખામણી કરીએ તો ગુજરાતનો વિકાસ વધારે કેમ થયેલો છે? અહીં ઔદ્યોગિક વિસ્તારોને, બંદરોને અને કૃષિ બજારોને જોડી દેવાયા છે. ગામડાનો ખેડૂત પોતાના ખેતરનો કોઈપણ પાક કે શાકભાજી કે કોઈપણ પેરીશેબલ આઈટમ તાત્કાલિક શહેરમાં યાર્ડ સુધી પહોંચાડી શકે છે અને એને લીધે એને સારા ભાવ મળી રહે છે. એટલે કૃષિ વિકાસમાં અને ઔદ્યોગિક વિકાસમાં માર્ગોએ ખૂબ મોટો ભાગ ભજવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે એક બીજી યોજના લાવ્યા છે, મરુન વીલેજ, એટલે કે બારમાસી રસ્તા નથી એને જોડવાની એક મહત્વની યોજના લઈને આવ્યા છે. મંત્રીશ્રીને એટલું યાદ અપાવવું છે કે અમારા તાલુકામાં આ યોજના હેઠળ ખૂબ મોટી રકમ પંચાયત હસ્તકના રસ્તાઓ માટે ફાળવી છે અને એ જ રીતે સ્ટેટ હસ્તકના રસ્તાઓ માટે ફાળવાય તો તે ખૂબ અગત્યનું બની રહેશે.

બીજું મારે એ કહેવું છે કે અમે તો પુર વિસ્તારમાં રહીએ છીએ. અમારા વિજયભાઈ અને નરેશભાઈના વિસ્તારમાં જરાક પાણી પડે એટલે ડૂબી જવાય. "ઘાયલકી ગત ઘાયલ જાને, ઔર ન જાને કોઈ." અમારી આ પુરની પરિસ્થિતિ હતી, એમાં મરુન રસ્તા બનાવવા માટેનું કામ આ સરકારે કર્યુ છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય આનંદીબેનને ખૂબ ખૂબ અભિનંદન. અમારા વિસ્તારમાં રસ્તાના નવીનીકરણ અને મજબૂતીકરણના કામના ખાતમુહૂર્ત વખતે અને મારા ગંડેરી ખાતેના મામલતદાર કચેરીના ખાતમુહૂર્ત પ્રસંગે માનનીય મંત્રીશ્રી આનંદીબેન આવેલા ત્યારે તેમને મેં કીધેલું કે દક્ષિણ ગુજરાતમાં જેમ વરસાદ ખૂબ પડે છે, તેમ સરકારની નીતિઓએ પણ માર્ગોને સાંકળીને દક્ષિણ ગુજરાત ઉપર મહેર કરી છે. માર્ગોને સાંકળીને લોકોને સુખાકારી આપવાને લીધે લોકોના આરોગ્ય અને શિક્ષણ ઉપર ખૂબ મોટી અસર પડી છે. કોઈપણ વિદ્યાર્થી બાઈક ઉપર જઈને સંસ્થામાં એડમિશન લઈ એજયુકેશન લઈ શકે છે, તે માર્ગોની સવલતને આભારી છે.

ખાસ કરીને કહેવામાં આવે છે કે માર્ગોએ જે રીતે નેટવર્ક ઉભું કર્યુ છે, તેણે દેશમાં ગુજરાતને પ્રથમ નંબરે મૂકયું છે. એટલું જ નહીં, રસ્તાની ગુણવત્તા અને વધારેમાં વધારે ટેકનોલોજીનો એમાં ઉપયોગ થાય એની પણ ખાતાએ કાળજી રાખી છે. એટલે ખરેખર મારે અભિનંદન આપવા પડે. જો નબળી કામગીરી હોય તો એને નોટિસ આપીને સારું, ગુણવત્તાસભર અને ટકાઉ કામ કેમ થાય એની કાળજી લીધી છે. પહેલા રસ્તા બનાવતા અને ધોવાઈ જતા તો એની કોઈ કાળજી લેતું નહોતું. આજે ગેરંટી છે કે ૫ વર્ષની મેન્ટેનન્સની જવાબદારી કોન્ટ્રાકટરના શિરે હોય છે. એટલે રસ્તા અને મકાનમાં જે કામ કર્યુ છે, અમે તો જાહેરજીવનમાં પડયા છીએ, ત્યારે લોકો કહે છે કે ભાજપની સરકારે નંબર વન કામ કર્યુ હોય તો આ રસ્તા અને પુલોમાં ખૂબ મોટું કામ કર્યુ છે. એને લીધે આપણી પ્રતિભા જાળવી છે.

મારું સૂચન એ છે કે જે રીતે રાજય સરકારના રસ્તાને મરુન વીલેજ બનાવવાનું જે થોડું કામ બાકી છે, એમાં અગ્રતા આપવામાં અપાય, તો અમારા કાંઠા વિસ્તારને મરુનમાં સાંકળી શકાશે.

બીજું સૂચન એ છે કે એમ.ડી.આર., ઓ.ડી.આર. અને વી.આર. પ્લાન માટે ગ્રાન્ટ ફાળવી છે, પણ આજે રાજયના ઝડપી વિકાસની સાથે કેટલાક નોન પ્લાન રસ્તા છે, એની પણ મરામત કરવાની ખૂબ જરુર છે. થોડુંક બજેટ આપી લમ્સમ્ બજેટમાં સમાવેશ કરીએ છીએ, પણ એનાથી આગળ જઈને આ રસ્તાની જાળવણીની કામગીરી કરાય તો સોનામાં સુગંધ ભળે તેવું થશે. ાનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવી છે કારણ કે આજે અંતર ખૂબ ઘટી ગયું છે. એક કવિએ કહ્યું હતું કે " અંતરના અંતર વધ્યા, સ્થળ ઘટયા ભાઈ, દુનિયા બનતી સાંકળી એ જ મોટી નવાઈ." આજે દુનિયાને સાંકળી બનાવી દીધી છે આ સરકારની મહેરબાનીથી, પરંતુ અંતરની વિશાળતા રાખવાની છે. એ જ આ માર્ગ અને મકાન ઉપરથી આપણે શીખવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ માર્ગ અને મકાન ઉપર હું ઘણી બધું બોલી શકું તેમ છું કારણ કે મેં આ વિભાગમાં ૧૦ વર્ષ કામ કર્યુ છે, પરંતુ બીજા મિત્રોને પણ બોલવાનો ચાન્સ આપવાનો છે. એટલે ટૂંકમાં માર્ગ અને મકાન થકી આ જે કાંઈ કામો થયાં છે એને હું બિરદાવું છું અને હજુ પણ આ કામો ખૂબ જ સારાં થાય એવી અભ્યર્થના સાથે વિરમું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૮૫, ૮૬ અન. ૮૭ લઈને આવ્યાં છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગે ૧૭૧૨૭ કિલોમિટરના રસ્તા બનાવ્યા છે. એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા રસ્તા બનાવ્યા છે, ધોરી માર્ગ બનાવ્યા છે અને પ્રગતિ હેઠળ પણ ઘણાં કામો થઈ રહ્યાં છે. પૂરાં થયેલ કામેની વાત કરું તો સાબરકાંઠામાં ૪ કરોડ, બનાસકાંઠામાં ૪.૯૫ કરોડ, જામનગર-ધ્રોલ ૪ કરોડ અને સુરેન્દ્રનગર-ધ્રોલ ૩.૯૦ કરોડનાં કામ થયાં છે. મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે અમે જયાં રહીએ છીએ એ અમદાવાદમાં બોપલથી સાણંદના ફોરલાઈન રસ્તાનું ઉદ્‌ઘાટન કર્યુ છે અને એ કામ પ્રગતિમાં છે, અમદાવાદથી સાણંદ બાવળા રોડનો ૧૦ કરોડ રપિયા, મહેસાણા કડી કલ્યાણપુરા રાંચરડા એ ૭ાા કરોડ રૂપિયા, સુરેન્દ્રનગરથી ચોટીલા ૬ાા કરોડ રૂપિયા, રાજકોટ જામનગર ૬ કરોડ રૂપિયા, અમરેલીથી બાબરા ૫ાા કરોડ રૂપિયા, વડોદરાથી કરજણ ૫ કરોડ ૭૫ લાખ રૂપિયા આ રીતે પ્રગતિ હેઠળ કામો ચાલી રહ્યાં છે. મારા બારેજાની વાત કરું તો બારેજામાં નગરપાલિકામાં સરકારે એક મોટો રોડ બનાવી આપ્યો છે. એના પણ હું અભિનંદન આપું છે. માર્ગ અને મકાનમાં ફોર લાઈન અને સીકસ લાઈન રોડ બનાવ્યા છે અને બીજી વાત કરું તો માત્ર પોલીસ આવાસ સિવાય તમામ વિભાગનાં આવાસોનું કામ આ વિભાગ તરફથી કરવામાં આવી રહ્યું છે. • (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : સદસ્ય નિવાસની કોઈ ટીકા ના કરી શકો. આપના પ્રવચનમાંથી એ ભાગ હું કાઢી નાંખું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : આ રાજયમાંથી ઉધઈ દૂર કરી છે અને સારાં નિવાસો બનાવ્યાં છે એ માટે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું તો માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટેલે. ખૂબ સરસ વાત કરી કે એ.બી. બાજપાઈની કે બાજપાઈએ કહ્યું હતું કે માનવીની હથેળીની રેખાઓ માનવીનું ભવિષ્ય બતાવે છે. તો એ રીતે આ રોડની રેખા આ જે રોડ બનાવ્યા છે એની માળખાકીય પ્રગતિના લીધે દેશની અંદર એક રાજયની રેખા બતાવે છે. એન.ડી.એ.ની સરકારમાં મારે કહેવું જોઈએ કે રોજના ૧૧ કિલોમિટરના રોડ બનતા હતા અને આજે માત્ર ૫ કિલોમિટરના પણ રોડ બનતા નથી આ વાસ્તવિકતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંની વાત કરીએ તો જૂના વખતમાં કયાંય રસ્તો સારો નહોતો અને જૂના વખતમાં ગાડીવાળાને હોર્ન પણ રાખવું પડતું ન હતું કારણ કે રસ્તા જ એવા ખાબડખૂબડ હતા કે લોકોને કોઈ વાહન આવે તો તુરત જ ખબર પડી જતી કે કોઈ વાહન આવી રહ્યું છે. આ બહુ નગ્ન સત્ય વાત છે, કયારેય ગામડાંને જોડતા રસ્તાઓ નહોતા, કયારેય ગામડાંથી તાલુકાને જોડતા રસ્તાઓ નહોતાં, કયારેય તાલુકાથી જિલ્લાને જોડતા રસ્તા નહોતા, અને મારે તો એ વાત પણ કરવી છે કે કોંગ્રેસના શાસનના કોઈ પણ પાંચ વર્ષ લઈ લો, અને આ સરકારના આ વિભાગના છેલ્લા પાંચ વર્ષના શાસનની વાત કરીએ તો કોંગ્રેસના શાસનના કોઈ પણ પાંચ વર્ષ લઈ લો અને અમારા આ છેલ્લા પાંચ વર્ષના શાસનના કામો જુઓ તો અગાઉના કરતાં ૫૦ ગણા કામો થયા છે. એ હું ખાતરી આપી શકું તેમ છું. રોડ અને રસ્તા ગુજરાતમાં જેવા છે તેવા કયાંય નથી, આખા દેશમાં ગમે તે રાજયમાં જઈએ તો કોઈ પણ જગ્યાએ ગુજરાત જેવા રોડ અને રસ્તાઓ નથી. માટે ગુજરાત નંબર વન છે. આ વાત કરીએ ત્યારે હું મારા વિસ્તારની વાત પણ કરું, મારા વિસ્તારમાં કાંઠા ગાળાના ગામડાં છે. ત્યાં પ્રગતિ પંથની અંદર અટલ બિહારી બાજપાઈ યોજનામાં મારા વિસ્તારમાં કાંઠા ગાળાના ઓછામાં ઓછા સાત રસ્તાઓ બનાવ્યા છે. અને તેના પછી જોઈએ તો પહેલાના વખતમાં ગાડું કે બળદ પણ ન ચાલી શકે, આ દસ વર્ષ અગાઉની હું વાત કરું તો ગાડું કે બળદ પણ જઈ શકતા નહોતા, રેતાળ રસ્તાઓ હતા અને લોકો ત્યાં જ રહેતા હતા. આજે ફોર ટ્રેક રસ્તાઓ ગામડાંઓમાં પણ બન્યા છે. એટલે દરેક ગામડાંમાં થયેલ રોડ અને રસ્તાઓને હું આવકારું છું. માનનીય મંત્રીશ્રી આનંદીબેન જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવી ત્યારથી જે રીતે ફૂલ સ્પીડથી, અને જે ગતિથી સરકાર ચાલી રહી છે તેવી જ ગતિથી રોડ અને રસ્તાઓ બની રહ્યા છે. નરેન્દ્રભાઈ મોદીની સરકાર જે સ્પીડથી ચાલી રહી છે તે સ્પીડને ધીમી પાડવા માટે કોંગ્રેસના મિત્રો વચ્ચે બમ્પ બનાવવાનું કામ કરી રહ્યા છે. તેઓ બમ્પ બનાવી અને આ ગતિને ઉભી રાખવા માટે, આ સ્પીડને ઘટાડવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે. આ સ્પીડ ઘટવાની નથી, અને જેમ માખણ જેવા રસ્તા ગુજરાતમાં બન્યા છે તેમ માખણની જેમ આ સરકાર પણ ચાલવાની છે. આપણે બજેટની વાત કરીએ તો ગયા વર્ષના બજેટની જોગવાઈના અનુસંધાનમાં આ વર્ષે ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૨૦૭૫ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાતની સમૃદ્ધિ અને વિકાસની કરોડરજ્જુ સમાન ગામડાંઓથી શહેર અને બંદરો સુધીના રસ્તાઓ જોડી અને વિકાસની ગતિને વેગ આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માર્ગ અને મકાન વિભાગ તરફથી પ્રગતિ પથની યોજના હેઠળ રાજયના છેવાડાના ગામડાંને જોડતા ૯ જેટલા રસ્તાઓનું આયોજન કરવામાં આવેલ છે.અને ૧૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ પથની અંદર ૧૩૧ નગરપાલિકઓમાંથી રાજયના જે રસ્તાઓ પસાર થતા હતા તે રસ્તાઓને અદ્યતન કરવા માટે ૫૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજયના ધોરી માર્ગોને ભારે વરસાદ અને પુરના કારણે થતા નુકસાનની મરામત કરવા માટે ૭૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. કિસાન પથ માટે ચાલુ વર્ષે નવા ૫૩૩ કિલો મીટરના રસ્તાઓ માટે ૯૧ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવેલ છે. ભારે વરસાદ અને પુરથી ગંભીર રીતે અસર પામેલા ૮૩ ગામોને બાર માસી રસ્તાઓથી જોડવા માટે ૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુજરાતની અંદર પ્રથમ વખત મદદનીશ ઈજનેરોની ભરતી કરવામાં આવી છે. ૨૫૦ જેટલા મદદનીશ ઈજનેરોની ભરતી કરવામાં આવી છે. પારદર્શક રીતે ભરતી કરીને સ્થળ ઉપર બોલાવીને એમને કોલ લૅટર આપીને પોતાની પસંદગી પ્રમાણે, પારદર્શક વહીવટ કરીને પ્રથમ વખત ગુજરાતની સ્થાપના પછી ભરતી કરવામાં આવી હોય તો એ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આનંદી બહેનના શાસનમાં ભરતી કરવામાં આવી છે. એક પણ રૂપિયાના ભ્રષ્ટાચાર કર્યા સિવાય આ ભરતી કરીને તમામ ૨૫૦ જેટલા મદદનીશ ઈજનેરોને નોકરી આપવાનું કામ આ સરકારે કરેલું છે.

અમારા પંચમહાલ જિલ્લાની અંદર હાલોલથી શામળાજી સુધીના રસ્તાને છ લેનનો રસ્તો બનાવીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રી આનંદીબહેને ૧૪૦૦ કરોડની ફાળવણી કરી છે એ બદલ પંચમહાલની જનતા વતી ગુજરાતની જનતા વતી માનનીય મુખ્યમંત્રી અને આનંદીબહેનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ખૂબ સારી રીતે સરકારનું સંચાલન કરે તેવી ભગવાનને પ્રાર્થના કરુ છું ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગુજરાતના ગામડાંની અંદર મરુન વિલેજ રસ્તા માટે ભારે વરસાદના પુરના કારણે વિખુટા પડેલા ગામોને બારમાસી રસ્તો આપવા માટે ૨૫૯ કરોડ રૂપિયાની યોજના કરેલી છે. વર્ષ ૨૦૦૯-૧૦માં ૩૫ કરોડની જોગવાઈ કરેલી છે અને આ યોજનામાં કુલ ૮૦ ગામોને લાભ મળવાનો છે.

પ્રધાનમંત્રી સડક યોજનાની વાત કરીએ તો ગુજરાતની અંદર પ્રધાનમંત્રી સડક યોજના એન.ડી.એ.ની સરકારે બાજપાઈ વડાપ્રધાન હતા ત્યારે આ યોજના અમલમાં મૂકી અને ગામડાંની એક હજારની વસતિથી ૫૦૦ની વસતિ ધરાવતા ગામો સુધી જો કોઈ ગામથી ગામ અને વિલેજથી વિલેજ અને શહેરથી વિલેજ સુધીના રસ્તા આપવાનું કોઈપણ સરકારે કામ કર્યુ હોય તો એ ભારતીય જનતા પક્ષની સરકારે અને માનનીય નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગની વાત કરીએ તો મને યાદ આવે છે કે આનંદીબહેન દરેક પોગ્રામ વખતે દરેક ગામોની અંદર જતાં, શિક્ષણના પોગ્રામ વખતે મારા વિસ્તારની અંદર આવ્યા હતા ત્યારે ખરેખર મહિલા અને બાળકોનો વિકાસ કરવા માટેની વાત કરીએ તો બહેન પોતાના ઘરે થી ફોર્ટી ફાઈ આટામાંથી સુખડી બનાવીને ગામડાંની બહેનોને આપીને સાહેબ જે પ્રયત્ન કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. મારા વિસ્તારમાં પોતાના ઘરેથી બનાવીને આવ્યા હતા એની અંદર પણ બાળકને શારીરિક માનસિક અને સામાજિક વિકાસનો પાયો નાખવા માટેનું જે કામ કર્યુ છે. (સમય સૂચક ઘંટડી) બાળભોગી યોજના, ફોર્ટી ફાઈ આટાની યોજના, ન્યુટ્રી કેન્ડી પોષણયુક્ત ચૉકલેટ આપવાનું કામ, કિશોરીને સશકિતકરણની યોજના આયોડીન યુક્ત મીઠાની યોજના બાલિકા સમૃદ્ધિ યોજના , મોબાઈલ વાહન આંગણવાડી યોજના આ ગુજરાતની સરકારે ચાલુ કરી છે. અને બહેનશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

જે રીતે ગામડામાંથી આવીએ છીએ ત્યારે ભૂતકાળ યાદ આવી જાય છે. ૧૯૯૫ સુધી સ્થિતિ એવી હતી કે અમારી સામેના પક્ષના ધારાસભ્ય કે મંત્રીશ્રી અમારે ત્યાં હાર્ડ મોરમ નાખવા આવે તો અમે વાજિંત્રો સાથે આવકારવા જતા હતા. ૧૯૯૫ સુધી ગડેર ગામડાંની ભાષામાં કહેવાય એને રસ્તો કહેવાય નહિ. મને વિચાર આવે છે કે ૪૦ વર્ષના શાસન સુધીમાં ગામડાંને કોઈ સારા રસ્તાની જરૂર જ નહોતી? ભારતીય જનતા પક્ષની સરકાર

બન્યા પછી અપેક્ષા જાગી? ૧૯૯૫માં ફક્ત એક ગામમાં કનેકટીવિટી માટે મેટલનો સારો રસ્તો નહોતો એટલા માટે ભૂતકાળને યાદ કરુ છું. અને જ્યારે રસ્તાના નામ આજે પ્રગતિ પથ સાંભળે, વિકાસ પથ સાંભળે, કિસાન પથ સાંભળે. પ્રવાસી પથ સાંભળે, એ સાંભળ્યા પછી આજે અમારા સામેના મિત્રોને વિચાર આવે કે આ બધા પથ આવ્યા કયાંથી? મને આ સભાગૃહના મારા તમામ મિત્રોને કહેતાં આનંદ થાય કે જ્યારે ગામડું કનેકટીવીટીમાં ૧૯૯૫ પછી જે રીતે ભારતીય જનતા પાર્ટીની સરકારે વિચાર કર્યો કે શહેરોમાં અનેક રીતે વિકાસ થતો હોય તો ગ્રામીણ વિસ્તારનો વિકાસ કેમ નથી થતો? અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતે શાસનની ધૂરા સંભાળી ત્યારથી જે રીતે ગ્રામીણ વિસ્તારમાં ચાહે નાબાર્ડ યોજના હોય, ૧૨મું નાણાપંચ હોય, અનેક વિવિધ યોજનાઓમાં બને ત્યાં સુધી ગામડાંઓને કનેકટીવીટીમાં આવરી લીધા છે. મારી દૃષ્ટિએ આજની તારીખે એકેય ગામડું બાકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ તાલુકા મથકે જવા માટે જે ખાસ કરીને ગામડાંમાંથી ૨૦થી ૨૫ કિલોમીટર સુધીનો એક મુખ્ય રસ્તો હોય, કોઈ રસ્તાના ઠેકાણા નહીં, કોઈ પણ રીતે નહીં. જ્યારે ૨૦-૨૫ કિલોમીટર કાપવાના હોય, આરોગ્યની રીતે વિચારીએ તો અમારા ગામડાંનો કોઈ વ્યકિત બિમાર પડ્યો હોય, કદાચ તેના શિક્ષણ માટે ચિંતા કરતો હોય, ત્યારે એ ૨૦-૨૫ કિલોમીટરને કાપતા-કાપતા અમને દોઢથી બે કલાક કે અઢી કલાક થતા હતા. આજે મારે ગર્વ સાથે કહેવું પડે કે ૨૦થી ૨૫ મિનિટમાં અમે તાલુકા મથકે પહોંચી શકીએ છીએ. અમે તો ગ્રામીણ વિસ્તારમાંથી આવીએ. મારા જીવનમાં એવા એવા અનુભવો થયા છે. સર્પદંશના જે કિસ્સાઓ બને, અમારે ત્યાં ડુંગરી અને ધરમપુર સિવાય તેની સુવિધા ન હતી. ૧૫થી ૨૦ મિનિટમાં કોઈ પણ આવા પેશન્ટને દવાખાને પહોંચાડવા પડે. માનનીય કાનજીભાઈ અમારા મંત્રી તરીકે પણ હતા અને એમ.એલ.એ. તરીકે પણ વર્ષો સુધી રહ્યા. ત્યારે એક કાર્યકર્તા તરીકે મારી વિનંતી હતી કે કાનજીભાઈ, કમસેકમ એક તાલુકા મથકે સારો રસ્તો હોય તો આપણે અનેક લોકોના જીવ બચાવી શકીએ. આજે મારે ગર્વ સાથે કહેવું પડે કે સાઈનાથ હૉસ્પિટલ ધરમપુરની હોય કે પછી ડુંગરી હોય, પણ આવી હૉસ્પિટલોમાં અમે ૨૦-૨૫ મિનિટ કે વધારેમાં વધારે અડધો કલાકમાં આવા પેશન્ટને પહોંચાડીએ છીએ અને અનેક લોકોના જીવ બચાવી શક્યા હોય તો ફક્ત આ માર્ગોના લીધે. આ રસ્તા સિવાય ગામડાંઓનો વિકાસ અશક્ય છે. કેવી રીતે વિકાસ થઈ શકે? કેવી રીતે આપણે અપેક્ષા રાખી શકીએ? અમારા ગામડાંનો કોઈ પણ યુવાન, આજે અમે વાપીથી નજીક આવેલા માણસો, સેલવાસ નજીકના લોકો, આજે અમારે ત્યાંના યુવાને કદાચ તેની રોજગારી માટે જવું હોય, ત્યાં રહેવા માટે તેની વ્યવસ્થા ન હોય તો, જવામાં કદાચ દોઢ-બે કલાક થતાં હોય, આજે મારે આનંદ સાથે, ગર્વ સાથે કહેવું પડે કે પાંચ-દસ જુવાનિયા પોતે પ્રાઇવેટ ફૉર વ્હીલર નક્કી કરીને રોજ અપ-ડાઉન કરે છે. સારી રીતે કમાઈને ઘરે લાવી શકે છે. એ ફક્ત માર્ગોના લીધે. માર્ગો પાછળ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે રીતે ધ્યાન આપ્યું છે, ગામડાંઓની અંદર અનેક જગ્યા નદીઓથી, કોતરોથી, જે રીતનો અમારો વિસ્તાર છે, કેટલા દિવસો સુધી વિખૂટા પડી જતા હતા. આજે મારે બહેનને અભિનંદન આપવાં છે કે જે રીતે મરૂન વિલેજમાં એના માટે જે જોગવાઈ થઈ, ડૂબતા નાળાઓ, ડૂબતા કૉઝવે, તે ડૂબાઉ કૉઝવેને આપણે ગયા વર્ષથી જે રીતે મરૂન વિલેજમાં તેની જોગવાઈ કરી, આજે સારા સારા રસ્તાઓ ઉપર ગામડાંઓ જે છૂટા પડી જતા હતા તેને ચોક્કસ સારી રીતે લોકો બારમાસી ઉપયોગ કરતા થઈ ગયા અને પોતાના વ્યકિતગત કામ માટે મુશ્કેલીઓ પડતી એ મુશ્કેલીઓ મોટા ભાગે હું માનું છું ત્યાં સુધી બિલકૂલ દૂર થવા આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માર્ગો અને પુલોની જો વાત કરીએ તો ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂરેપૂરું ધ્યાન આપ્યું છે અને તેના કારણે જે લક્ષ્મણભાઈએ કહ્યું તે પ્રમાણે શહેરીકરણ હતું એ ચોક્કસ ઘટવા પામ્યું છે અને આજે કોઈ પણ સારો માણસ એવું વિચારે છે કે મારે પણ ગામડાંમાં સારું ઘર બનાવીને રહેવું જોઈએ. કદાચ મારા ધંધા અર્થે કે નોકરી અર્થે મારા ઘરથી અપડાઉન કરવું જોઈએ એ રીતે વિચાર કરી શક્યા એ માર્ગો થકી છે. જેથી બહેન જે માર્ગ અને મકાન વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી વિજયભાઈ ૨. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થન માટે ઊભો થયો છું. કોઈપણ રાજયનો વિકાસ એ એમના માર્ગોની સ્થિતિને અવલંબે છે. જો એ રાજયના માર્ગો સારા હોય, કોઈપણ ઉદ્યોગ હોય, કૃષિ હોય, રાજકાજ હોય, કોઈપણ વિભાગનું ડૅવલપમેન્ટ ત્યારે જ થઈ શકે છે એના રસ્તાઓ સારા હોય. હું પછાત વિસ્તાર ડાંગમાંથી આવું છું. ડાંગ જિલ્લો એ પછાત જિલ્લો છે. એટલે ત્યાં રસ્તાઓ નહીં હોય, પુલો નહીં હોય, પણ ૧૯૯૫ પહેલાં આવી સ્થિતિ હતી. ૧૯૯૫ પછી જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ગુજરાતની અંદર આવી અને આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ આ રાજયની ધૂરા સંભાળી ત્યારથી મારા ડાંગ જેવા પછાત વિસ્તારમાં પણ રસ્તાઓ બન્યા છે, પુલોનું નિર્માણ થયું છે, અનેક શૈક્ષણિક સંકુલો બન્યા છે. આ જે માર્ગ અને મકાન વિભાગે જે વિકાસના કામો કર્યા છે તે બદલ માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભૂતકાળમાં અમારા ડાંગ જિલ્લાની ખરાબ પરિસ્થિતિ હતી. આદિવાસી વિસ્તારોની અંદર રસ્તાઓ નહોતા, પુલોનું નિર્માણ નહોતું થયું, અનેક નદીઓ વચ્ચેથી પસાર થતી હતી. આદિવાસી બંધુ જ્યારે ચોમાસું આવવાનું હોય તેના પહેલાં છ માસનું

રૅશન ભરી રાખતા હતા. કારણ કે, ચોમાસાના સમય દરમિયાન શહેરમાં જઈ શકાતું નહોતું, રસ્તાઓ બધા બંધ થઈ જતા હતા. એટલે ભૂતકાળની અંદર વન બંધુ ભાઈઓ છ મહિના માટે રૅશન ભરી રાખતા હતા. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી પુલોનું નિર્માણ થયું છે. વન બંધુ ભાઈઓના વિદ્યાર્થીઓ ભણવા માટે અપડાઉન કરતા થયા છે. કૃષિ પેદાશો શાકભાજી હોય એને માર્કેટ યાર્ડ સુધી કેવી રીતે પહોંચાડી શકાશે એવી મૂંઝવણ પહેલાં રહેતી હતી. આજે આ રાજયનો વહીવટ સુધારી આદરણીય નરેન્દ્રભાઈએ જે પ્રકારે આ ગુજરાતને આગળ લઈ જવાનું કામ કર્યું છે એ બદલ ખરેખર આ રાજયની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આગળ અમને એવો અનુભવ થતો હતો. આદિવાસી વિસ્તારની અંદર જ્યારે પણ અમે કોઈપણ બસ-જીપમાં પ્રવાસ કરતા તો અમે કોઈ ઉંટગાડીમાં ફરતા હોય એવો અનુભવ થતો હતો. આજે જ્યારે આદિવાસી વિસ્તારમાંથી વાપીથી શામળાજી સુધીનો રસ્તો છે. એ રસ્તા ઉપર આવીએ ત્યારે ભારતીય જનતાપાર્ટીની સરકારમાં એવો અનુભવ થાય છે કે, જાણે અમે પ્લેનમાં આવતા હોય. આ રસ્તાઓ ઉપર કાયમી આવીએ છીએ. આજે પણ આવ્યા છીએ ત્યારે વાપી - શામળાજી રસ્તા ઉપરથી આવ્યા છીએ અને રેગ્યુલર સમયે અહીં હાઉસમાં પહોંચી શક્યા છીએ. આ ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે. આજે અમારા વન બંધુ ભાઈઓ પણ ખૂબ ગૌરવભેર કહી શકે છે કે આ રાજયનો વિકાસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના કારણે થયો છે. મારા ડાંગની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને એમણે સરકારી એન્જિનિયરીંગ અને પૉલિટૅક્નિક કૉલેજો આપવામાં આવી. વડનગર, વઘઈ અને ગોધરાના પૉલિટૅક્નિકના મકાનો બાંધવા રાજય સરકારે રૂ.૪૧ કરોડની જોગવાઈ કરી છે. આ જ આદિવાસી વિસ્તારોમાં છ નિવાસી શાળાઓના મકાનોના બાંધકામ માટે રાજય સરકારે રૂ.૨૯ કરોડની મંજૂરી આપી છે. માર્ગ અને પુલોના નિર્માણના કારણે આજે કોઈપણ વસ્તુ સરળતાથી અને ઝડપભેર કરી શકાય છે. એટલા માટે માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન પૂરાવું છું.

**અધ્યક્ષશ્રી** : આ સત્રમાં સૌથી વધારે ૧૯ સભ્યોએ આજે ચર્ચામાં ભાગ લીધો છે. કહ્યા વિના રહેવાતું નથી. વનવાસી વિસ્તારના લક્ષ્મણભાઈ, નરેશભાઈ, અને વિજયભાઈ પોતાના વિસ્તારની વાતને બહુ સરસ રીતે મૂકવામાં સફળ રહ્યા છે. જે સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો છે એ બહાર ગયા હોય તો પાછા આવી જાય. કારણ કે મંત્રીશ્રીનો જવાબ એમણે સાંભળવો જરૂરી હોય છે. અનિવાર્ય હોય છે. માનનીય મંત્રીશ્રી..

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાન, મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ મકાન અને પાટનગર યોજનાની સને ૨૦૦૯-૧૦ની માગણીઓ લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થઈ છું. આ માગણીઓ ઉપર પ્રાગજીભાઈ, શ્રીમતી જશુબેન, શ્રી વલ્લભભાઈ, શ્રી અભેસિંહભાઈ, ભાવનાબેન મકવાણા, ભારતીબેન , શંભુજીભાઈ, વર્ષાબેન, ગોવિંદભાઈ, ગીતાબેન, દેવુસિંહભાઈ આત્મારામભાઈ, મોહનભાઈ, લક્ષ્મણભાઈ બી.જે.પી.એ., જેઠાભાઈ ભરવાડ, નરેશભાઈ અને વિજયભાઈએ એમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા છે એટલું જ નહીં પરંતુ કેટલાકે એમના વિસ્તારોની વાત પણ અહીં રજૂ કરી છે. એટલા માટે એમણે જે માગણીઓ અહીં મૂકી છે એના ઉપર પણ ચોકકસ વિચાર કરવામાં આવશે અને ભવિષ્યની અંદર જયારે પણ બજેટની જોગવાઈઓ થશે ત્યારે એને એની અંદર ઉમેરી લેવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સર્વાંગી વિકાસ માટે ઉત્તમ રસ્તાની આવશ્યકતા હોય, અદ્યતન રસ્તાઓની આવશ્યકતા હોય અને રસ્તાઓ સલામતીસભર હોય એવું નેટવર્ક આખાએ રાજયની અંદર અનિવાર્ય હોય છે અને મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર આ પ્રકારનું નેટવર્ક ઉભું થઈ ગયું છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ જહોન એફ. કેનેડીએ રસ્તાઓની અગત્યતા સમજાવતા એમ કહ્યું છે કે It is not our wealth that has created our roads, but it is our roads that have created our wealth.

એટલે કે અમૅરિકાના રસ્તાઓ તેની સંપત્તિના કારણે નિર્માણ થયેલા નથી પરંતુ અમેરિકાની સંપત્તિ તેના રસ્તાઓને કારણે છે. આપણા પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈના શબ્દો પણ હું અહીં યાદ કરવા માગું છું. એમણે કહ્યું છે કે The roads in our country are like lines on one઼s palms, but they are lines of India઼s destiny. એટલે કે આપણા દેશના માર્ગો આપણી હથેળીની હસ્તરેખાઓ જેવા છે. આ માર્ગો ભારતના ભવિષ્યની રેખાઓ છે. એ જ રીતે ગુજરાતના સ્વપ્નદૃષ્ટા એવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયના રસ્તાઓને ખૂબ જ મહત્વ આપીને આંતર માળખાકીય વિકાસ થકી ગુજરાતના વિકાસ અન્વયે માર્ગ વિકાસની મહત્વની યોજનાઓ જેવી કે પ્રગતિપથ, પ્રવાસીપથ અને વિકાસપથની આ રાજયને ભેટ ધરી છે. જયારે ગુજરાતનો ઔદ્યોગિક રીતે સામાજિક અને આર્થિક રીતે ઝડપથી વિકાસ થઈ રહ્યો હોય ત્યારે ચારે બાજુએ રસ્તાઓ સરળ અને સલામત જોવા જોઈએ જેથી માર્ગ પરિવહનની સવલતો ઉભી થાય. ખેડૂતોને પોતાના માલની પેદાશો એ ખેતીવાડી ઉત્પન્ન બજાર સુધી લઈ જવા માટેના માર્ગો એમને ગ્રામ્ય કક્ષાએથી માંડીને શહેર સુધી એમને મળવા જોઈએ. વિદ્યાર્થીઓ પણ હાઈસ્કૂલોમાં અથવા તો કોલેજોની અંદર જયારે અભ્યાસ કરવા માટે જતા હોય ત્યારે એમને તાલુકા કક્ષાએ કે જિલ્લા કક્ષાએ જવું હોય ત્યારે પણ માર્ગો સરળ હશે, સારા હશે તો ઝડપથી પહોંચી શકશે અને અભ્યાસ કરવામાં પણ એમને સવલતો ઉભી થશે. એ જ રીતે વેપારીઓ અને વાણિજય વહેવારો પણ સરળતાથી કરી શકાય એના માટે પણ સારા રસ્તાઓની આવશ્યકતા હોય છે. એ જ રીતે

વિદેશથી આવતા માલસામાનોનું પણ બંદરોથી એના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે પણ રસ્તાઓ સુવિધાયુકત હોવા જોઈએ. અને એ જ પ્રમાણે આપણા રાજયના રસ્તાઓ સુવિધાયુકત અને સલામતભર્યા બન્યા છે અને આવી સુંદર માર્ગવ્યવસ્થાના એ પરિણામ સ્વરૂપ છે. જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૧માં રાજયનું સુકાન સંભાળ્યું ત્યારે માર્ગ અને મકાનને માત્ર ૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ મળતું હતું પરંતુ ૨૦૦૯-૧૦માં માર્ગ અને મકાન માટે ૧૯૧૮ કરોડનું આયોજન આપણને આપ્યું છે. ગત વર્ષની સરખામણીમાં ૨૯૨ કરોડ રૂપિયા વધારે આપવામાં આવ્યા છે અને એટલા જ માટે મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યમાં કુલ ૭૪,૧૧૧ કિલોમીટર લંબાઈના રસ્તાઓ છે. એમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ ૩૨૩૩ કિલોમીટર છે. રાજ્ય ધોરી માર્ગ ૧૮,૫૯૦ કિલોમીટર છે. મુખ્ય જિલ્લા માર્ગ ૨૦,૮૧૧ કિલોમીટર છે. અન્ય જિલ્લા માર્ગ ૧૦,૫૮૮ કિલોમીટર છે અને ગ્રામ્ય માર્ગો ૨૦,૮૮૯ કિલોમીટર છે. આ પ્રકારનું માળખું આપણા રાજ્યમાં છે. જ્યારે બીજા રાજ્યોની તુલનામાં જોઈએ છીએ ત્યારે ગુજરાતના રસ્તાઓ બીજા રાજ્યો કરતાં ખૂબ સારા અને શ્રેષ્ઠ છે. નજીકમાં જઈને પાછા આવીએ છીએ ત્યારે એવું લાગે છે કે આના કરતાં ગુજરાતના રસ્તાઓ ખૂબ સારા છે. ૨૯૮ કિલોમીટરના રસ્તાઓ આપણે ત્યાં છ માર્ગીય છે. ૧૫૨૮ કિલોમીટરના રસ્તાઓ ચાર માર્ગીય છે. કુલ લંબાઈના ૨૫ ટકા રસ્તાઓ રાજ્ય ધોરી માર્ગના છે. કુલ રાજ્ય ધોરી માર્ગના ૯૯.૨૬ ટકા રસ્તાઓ ડામર સપાટીવાળા છે. કુલ રાજ્ય ધોરી માર્ગોની ૬.૫૧ ટકા લંબાઈ ૧૦ મીટર પહોળાઈવાળી છે. કુલ રાજ્ય ધોરી માર્ગોની ૩૭..૯૭ ટકા લંબાઈ ૭ મીટર પહોળાઈવાળી છે. કુલ મુખ્ય જિલ્લા માર્ગોના ૯૫ ટકા લંબાઈ ડામર સપાટીવાળા રસ્તાઓ છે. જે બજૅટની જોગવાઈઓ કરવામાં આવે છે એ યોજનાઓના હેડ નીચે મૂકવામાં આવે છે. એમાં ખાસ કરીને ખાનગીકરણ, પ્રગતિ પથ, કિસાન પથ, વિકાસ પથ, પ્રવાસી પથ, બંદરો, પુલો, નાબાર્ડ સહાયિત, મરુન વિલેજ, સાગરખેડૂ અને વનબંધુ. નાણાકીય સ્ત્રોત જે ખાનગી ધોરણે ગુજરાતની અંદર આવી રહ્યો છે અને બી.ઓ.ટી. અંતર્ગત આપણે એમની સાથે કરાર કરેલા છે એમાં ૫૨૮ કિલોમીટર લંબાઈ માટે ૨૬૩૪ કરોડના એમ.ઓ.યુ. સાઈન કર્યા છે. એમાંથી ટૂંકમાં શરૂ થનાર રસ્તાઓમાં અમદાવાદ વિરમગામ માળિયા ૧૦૧૫ કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવાનું કામ, રાજકોટ-જામનગર-વાડીનાર ૭૭૫ કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવાનું કામ, હાલોલ-ગોધરા-શામળાજી ૮૦૯ કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવાનું કામ, ડીસા-પાંથાવાડા-ગુંદરી ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે ૧૦ મીટર પહોળાઈનો રસ્તો બનાવવાની આપણે તૈયાર કરી રહ્યા છીએ. ટેન્ડર સ્ટેજે જે કામો આવ્યા છે એમાં બગોદરા-વટામણ-તારાપુર-વાસદ ૮૮૪ કરોડ રૂપિયાના ખર્ચે છ માર્ગીય રસ્તો બનવા જઈ રહ્યો છે. અમદાવાદ-ધોલેરા-ભાવનગર ૯૨૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય બનાવવાના છીએ અને બગોદરા-ભાવનગર રોડ ૧૦૨૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય બનાવવા માટેના ટેન્ડરો બહાર પડવાની તૈયારીમાં છે. મુખ્યમંત્રીશ્રીની વિચારધારા પ્રમાણે બંદરો, ઉદ્યોગો, ખેત ઉત્પાદન અને શહેરી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે આપણા રાજ્યમાં ઉત્તર-દક્ષિણના રસ્તાઓ હતા પરંતુ પૂર્વ-પશ્ચિમને જોડતા રસ્તાઓ બહુ ઓછા પ્રમાણમાં હતા. એટલા માટે સૌથી પહેલા પૂર્વ-પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને રાજ્યને જોડતા ૩૭૧૦ કિલોમીટરના વિસ્તારોને નવ હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરીને એની કામગીરી આપણે શરૂ કરી અને ૮૫ ટકા કામગીરી આપણે પૂર્ણ કરી દીધી છે. ૨૦૦૯-૧૦માં ૩૧૨ કરોડ રૂપિયાના ખર્ચે ૨૪૭ કિલોમીટરના રસ્તાઓ આપણે કરવા જઈ રહ્યા છીએ. નેત્રંગ-ડેડીયાપાડા-મહારાષ્ટ્ર બૉર્ડર ૫૨ કરોડ, સાવરકુંડલા-અમરેલી-લાઠી ૪૬ કરોડ, ખેરાળુ-ઈડર ૪૩ કરોડ, નવસારી-ચીખલી ૪૪ કરોડ, એ ઉપરાંત ૩૬૩ કરોડના ૩૨૩ કિલોમીટરની કામગીરી આયોજન હેઠળ છે. હારીજ-પાટણ ૩૬ કરોડ, રાજુલા-સાવરકુંડલા ૫૫ કરોડ, સાયલા-સુદામડા-પાળીયાદ ૫ કરોડ, વિરમગામ-માંડલ-શંખેશ્વર ૧૨ કરોડ, દાંતા-અંબાજી-રાજસ્થાન બોર્ડર ૪૦ કરોડ, વાલીયા-નેત્રંગ ૨૫ કરોડ, ચીખલી-વાંસદા-વઘઈ-આહવા મહારાષ્ટ્ર બૉર્ડર સુધી ૧૬૦ કરોડ, મહેસાણા-હિંમતનગર ૩૦ કરોડનું આયોજન આપણે કર્યું છે. આ જે રસ્તાઓ હું બોલી છું તે ૨૦૧૦નું વર્ષ આપણે સ્વર્ણિમ જયંતી તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે ૨૦૧૧માં આ બધા રસ્તાઓ પૂર્ણ કરવા માટેનું આયોજન માર્ગ અને મકાન વિભાગે કર્યું છે. આ પ્રગતિ પથ જ્યારે તૈયાર થઈ જશે ત્યારે મારે યાદ એટલા માટે કરાવવું છે કે અમારા રાધનપુરના ધારાસભ્યશ્રી શંકરભાઈને જો શામળાજીના દર્શન કરવા જવું હોય તો સીધેસીધો રસ્તો મળી જશે અને કોઈપણ જાતના હર્ડલ્સ વગર પહોંચી શકશે. રાજુલાના ધારાસભ્યશ્રી હીરાભાઈને અંબાજીના દર્શન માટે આવવું હશે તો સીધો અને સરળ માર્ગ આના કારણે મળી જશે. માનનીય અધ્યક્ષશ્રી, જો અમારા સુરતના કિરીટભાઈને જો વિજયભાઈને ત્યાં ડાંગ-આહવા જવું હશે અને રોટલા ખાવા હશે તો આ સીધેસીધો માર્ગ એમને મળી જવાનો છે અને નાગલીના રોટલામાં ૯૦ ટકા જેટલું આર્યન પ્રાપ્ત થાય છે. કોઈપણ આવે ત્યારે તમે નાગલીના રોટલા ખવડાવજો, જેથી આર્યન મળે. વિકાસ પથ દ્વારા મહાનગરો અને નગરપાલિકાઓને રસ્તાઓને જોડવા માટે નવી યોજના પણ મુખ્યમંત્રીશ્રીએ આપી એનું કારણ એ છે કે ગુજરાતમાં લગભગ ૪૦ ટકા જેટલું શહેરીકરણ થયું છે અને ૨૦૧૧ સુધીમાં ૫૦ ટકા જેટલું શહેરીકરણ થશે એવી આપણી ધારણા છે અને એટલા જ માટે શહેરમાંથી જે રસ્તાઓ પસાર થવાના છે તેનું મજબુતીકરણ કરવા અને પહોળા કરવા જોઈએ જેથી અકસ્માત ના થાય અને શહેરની વચેથી જે માર્ગ પસાર થાય એ પણ ઝડપથી પસાર થઈ શકે. આપણાં રાજ્યની અંદર ૧૫૯ નગરપાલિકાઓ છે એમાંથી ૧૩૧ નગરપાલિકાઓમાંથી જે રસ્તા પસાર થાય છે એ માર્ગોની સુધારણા પણ હાથ

ધરવામાં આવશે. ૩૦૨ રસ્તા માટે ૩૩૧ કરોડની મંજૂરી આપણને મળી છે એમાંથી કેટલા રસ્તાઓ આપણે પૂર્ણ કર્યા છે. પરંતુ નવી નગરપાલિકામાં આપણે સમાવેશ કરવા જઈએ છીએ એવા ૨૫ રસ્તાના ૫૩ કરોડની રકમથી પ્રગતિ હેઠળ છે. ખેડા ૩.૫૦ કરોડ, બાયડ ૨.૭૦ કરોડ, ધ્રોલ ૨.૫૦ કરોડ, જામજોધપુર ૨ કરોડના ખર્ચે અત્યારે હાલ કામ ચાલુ છે. પરંતુ નવી નગરપાલિકા જે આ નવા આયોજનની અંદર લેવામાં આવી છે એમાં આ નગરપાલિકાઓનો સમાવેશ કર્યો છે એમાં વિરમગામ, બોટાદ, વઢવાણ, મોરબી, અમરેલી, અંજાર, વલસાડ, ગોધરા, કેશોદ, અને વિસનગર એ નગરપાલિકાઓની અંદર રોડ પહોળા કરવા એના માટે પણ આયોજનની અંદર એનો સમાવેશ કરી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ અને સુરત જેવા મહાનગરોને જોડતા ત્રણ રસ્તાઓના કામો ૪૮ કરોડના ખર્ચે શરૂ કર્યા છે. એમાં આંબલી-બોપલ-ધુમા-સાણંદ ચાર માર્ગીય તથા ૧૦ મીટર પહોળા કરવા ૧૫ કરોડના ખર્ચે. થલતેજ-શીલજ-રાંચરડા એને ચાર માર્ગીય અને ૧૦ મીટર પહોળા કરવા ૧૫ કરોડના ખર્ચે. જહાંગીરપુરા-વરીઆવ-નવીપારડી-સુરત ૧૮ કરોડના ખર્ચે ચાર માર્ગીય અને રસ્તો બનાવવાના કામ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન પથ યોજના પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપી એમાં ગ્રામીણ વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય અને ગ્રામીણ અર્થકારણને ગતિ મળે એ રસ્તાની આધુનિકતા અને એના વિકાસ માટે કેટલીક યોજનાઓ હાથ ધરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે ૧૨૪૭ મંજૂર રસ્તાઓને મંજૂરી મળી હતી અને આ રાજ્ય સરકારે માર્ગ ૧૦૪૬ રસ્તાઓના કામો પૂર્ણ કરી દીધા છે અને ૨૫૧૫ ગામોને એના માટે લાભ પ્રાપ્ત થયો છે. થોડા જે કામો બાકી છે જે આવતા બે-ચાર મહિનામાં પૂર્ણ કરી દેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ધીરેથી કરીને ટુરિઝમ ઉપર ટુરિઝમના માધ્યમ દ્વારા વધુને વધુ રોજગારી પ્રાપ્ત થાય છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ પ્રવાસીપથ વિકાસ યોજના ધડી કાઢી અને ગુજરાતનીઅંદર પર્ટટકોને આકર્ષવા માટે જે સ્થળો છે તે અને ધાર્મિક સ્થળોને જોડતા રસ્તા બનાવવા માટે પણ ૮૭ કરોડ રકમની જોગવાઈ કરવામાં આવી હતી એમાં ૫૦ રસ્તાઓમાંથી ૪૮ રસ્તાઓના કામ પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. બે રસ્તાના કામો અત્યારે હાલ પ્રગતિમાં છે અને ૧૨ રસ્તાઓના કામો ૩૬ કરોડના ખર્ચે હાથ ધરવા માટે આયોજનની અંદર જોગવાઈ કરી છે જેની અંદર અમદાવાદ-ડાકોર પદયાત્રીઓ માટે સગવડતાનું આયોજન, અમદાવાદનું નળસરોવળ, હિંમતનગરનું અંબાજી, વડોદરાનું આજવા, તળાજાનું ગોપનાથ, ધ્વારકા નાગેશ્વર અને વધઈ સાપુતારાના ધાર્મિક સ્થળોને આ વર્ષે આપણે ૨૦૦૯-૧૦ ના બજેટની અંદર આવરી લેવામાં આવ્યાં છે. એ ઉપરાંત ઉભરાટ, સાપુતારા, નળસરોવર, ડાકોર, વડનગર, અંબાજી, ધ્વારકા, પાલીતાણા, તરણેતર જેવા પર્યટન સ્થળોને પણ આની અંદર આવરી લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરો જ્યારે ૨૦૦૯ ની અંદર વાયબ્રન્ટ ગુજરાતનું આયોજન થયું અને ૧૨ લાખ કરોડના જ્યારે M.O.U. સાઈન થયા ત્યારે સ્વભાવિક છે અને ઔદ્યોગિક વિકાસ ઝડપથી વધી રહ્યો છે ત્યારે એ ઔદ્યોગિક વસાહતોને જોડવા માટે પણ રસ્તાની અને પૂલોની આવશ્યકતા હોય. એ ઉપરાંત ગુજરાતમાં ૪૦ જેટલા બંદરો છે અને આ બંદરો દર વર્ષે ૨૧ કરોડ મેટ્રિક ટન માલની હેરફેર કરે છે અને જે દેશના તમામ બંદરોથી જે માલની ફેરાફેરી થાય છે. એમાં ૨૫ ટકા ભાગ માત્ર ને માત્ર ગુજરાતના બંદરોમાંથી થાય છે અને એટલા માટે એના રસ્તાઓ પણ વધારે સારા હોવા જોઈએ અને એ કરવા માટે પણ રાજય સરકારે પ્રયાસ શરૂ કર્યો છે. એમાં ૭૪ રસ્તાઓના કામો હાથ ધરવામાં આવ્યા હતા, એમાંથી ૪૪ રસ્તાઓના કામો પૂર્ણ કરી દીધા છે, ૨૦ રસ્તાઓના કામો પ્રગતિ હેઠળ છે અને નવા જે રસ્તાઓ આપણે લઈ રહ્યા છીએ એમાં દેશલપર-સિરાચા મોટા કુંડરડા રોડ ૧૨ કરોડ, ઈચ્છાપોર- જહાંગીરપુરા ૧૦ કરોડના ખર્ચે આપણે કરવા જઈ રહ્યા છીએ. એ ઉપરાંત ૧૩૮ કરોડની રકમના બીજા કામો પણ હાથ ધરવા જઈ રહ્યા છીએ. એમાં વિલાયત ઔદ્યોગિક વસાહતને જોડતા દેરોલ - દયાપરા - નબીપુર રોડ જે ૯૫ કરોડના ખર્ચ થશે. પ્રાગપર- મુદ્રા જે ૨૬ કરોડ રૂપિયાના ખર્ચે થશે અને સિરાચા- મુદ્રા રોડ એ ૧૭ કરોડ રૂપિયાનો સમાવેશ કરી અને કામ આગળ ધપાવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં અનેક ગામો એવા આવ્યા છે કે, એક ગામ સામે કિનારે હોય બીજું ગામ આ કિનારે હોય વચ્ચે નદી અને નાળા પસાર થતા હોય ત્યારે ચોમાસાના દિવસોની અંદર એક ગામથી બીજે ગામ જવું હોય તો ૩૦-૪૦ કિલોમીટરનું અંતર કાપવું પડે, અને પૈસાનો ખર્ચ પણ વધારે થાય અને સમય પણ વધારે જતો હોય છે. મેં પણ આ છેલ્લા દોઢ-બે વર્ષની અંદર જોયું છે, કે સામે કિનારે ગામ હોય અને આ બાજુએ ગામ હોય, દીકરી પરણાવી હોય પણ પિયર જવું હોય તો ૪૦ કિલોમીટરનું અંતર પાર કરીને જ જવું પડે આમ એક કિલોમીટરનું જ અંતર હોય પરંતુ વચ્ચે પુલ ન હોવાના કારણે આ તકલીફો ઊભી થતી હતી અને એટલા માટે રાજય સરકારે આવા પુલો બાંધવાનું પણ આયોજન કર્યુ છે અને ૨૫ પુલોના કામો આપણે પૂર્ણ કર્યા છે, ૩૫ પુલો પ્રગતિ હેઠળ છે અને જે નવા પુલોનો આપણે સમાવેશ કરવા જઈ રહ્યા છીએ એ આ પ્રમાણે છે, ખેડા જિલ્લામાં શેઢી નદી ઉપરનો પુલ ૧૧ કરોડના ખર્ચે , પોરબંદર જિલ્લામાં ખાડી પરનો પુલ ૧૦ કરોડ, દાહોદ જિલ્લામાં અનાસ નદી પરનો પુલ -૬ કરોડ, ૨૦૦૯-૧૦માં હાથ ધરાનાર ૧૯ પુલો બીજા પણ ૮૯ કરોડના ખર્ચે આપણે કરવા જઈ રહ્યા છીએ એમાં વડોદરા જિલ્લામાં જાંબુવા નદી પર બે તથા વિશ્વામિત્રી અને મેશ્વી નદી ઉપર પુલ -૧૩ કરોડ રૂપિયા, પંચમહાલ જિલ્લામાં પાનમ નદી પર બે પુલ ૧૮ કરોડ, અમરેલી જિલ્લાના વડી અને ઠેબી નદી પરના

પુલો ૮ કરોડ, ભરૂચ જિલ્લામાં વાલમ ખાડી પરનો પુલ ૫ કરોડ, દાહોદ જિલ્લામાં સુખી નદી પરનો પુલ ૭ કરોડ અને મહેસાણા જિલ્લામાં પુષ્પાવતી નદી પરનો પુલ ૪ કરોડ રૂપિયાના અંદાજે નવા બજેટમાં આપણે જોગવાઈ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૫૯ પુલોના સરવેની કામગીરી માટે એજન્સી નક્કી કરી દેવામાં આવી છે, જે ૨૦૧૦-૨૦૧૧માં આપણે કરીશું પરંતુ એનો સરવે કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે અને એમાં જામનગર જિલ્લામાં રોઝિયા નદી પરનો પુલ, ભાવનગર જિલ્લામાં નાવલી તથા શેત્રુંજી નદી પરનો પુલ, અમરેલી જિલ્લામાં સાંકડી નદી પરનો પુલ, વલસાડ જિલ્લામાં પોલક નદી પરનો પુલ, પંચમહાલમાં ગોમા નદી પરનો પુલ, સાબરકાંઠામાં મેશ્વો નદી પરનો પુલ, સુરત જિલ્લામાં તાપી નદી પરનો બેઠો પુલ, આ નવા પુલો જે હવે પછીના આયોજનમાં લઈશું પરંતુ અત્યારે હાલ આપણે એનો સરવે કરવા જઈ રહ્યા છીએ. મારે આ સન્નમાનીય સભાગૃહના ધ્યાન પર એક લાવવું છે કે, ગુજરાતમાં સૌ પ્રથમ ભાવનગરની પાસે લાકડીયા પુલ જે ખરાબ થઈ ગયો અને એનું ખાતમહૂર્ત મુખ્ય મંત્રીશ્રીએ કર્યુ પરંતુ એની વચ્ચેના જે ગાળાઓ છે એ પહોળા છે વચ્ચે ખાડીમાં કોઈ પાઈપ વગેરે નાખી શકાય એવી સ્થિતિમાં નથી અને એટલા માટે આખાય ગુજરાતમાં પહેલી વાર કેબલ સ્ટૅન્ડ પુલ બનાવવા માટે રાજય સરકારે નિર્ણય કર્યો છે. ખાડીના પટમાં જ્યારે કોઈ પાયો ના મૂકી શકાતો હોય અને બંને કાંઠા વચ્ચે ઘણું મોટું અંતર હોય ત્યારે આવા કેબલ સ્ટૅન્ડ પુલ બનાવવામાં આવે છે અને આ પુલ આપણે ૩૧ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવા જઈ રહ્યા છીએ એનું ટેન્ડર બહાર પડી ગયું છે અને ટૂંક સમયમાં એના કામનો આરંભ થશે. માનનીય અધ્યક્ષશ્રી, મરુન વિલેજ અને ડૂબમાં ગયેલા રાજય ધોરી માર્ગોની વાત અમારા ધારાસભ્યશ્રીએ કરી છે એ વાત તદ્દન સાચી છે કે, જ્યારે પુર આવે અને ભારે વરસાદ પડે ત્યારે કેટલાક ગામડાઓની ચારેય બાજુ પાણી ભરાઈ જાય અને રસ્તાઓ ઉપર પણ ચાર-છ ફૂટ પાણી આવે, દસ કલાક, બે દિવસ, પાંચ દિવસ સુધી રસ્તાઓ બંધ રહે, બાળકોનું શિક્ષણ બગડે, કૉલેજમાં જઈ ન શકાય, કોઈ બહેન-દીકરીને સુવાવડ આવવાની હોય તો એને હૉસ્પિટલમાં ન લઈ જઈ શકાય અને એને ભગવાન ભરોસે છોડી દેવામાં આવે, ગામમાં કોઈને હાર્ટ એટૅક આવે કે અચાનક કોઈ બીમાર પડે ત્યારે કોઈ વાહન ન જઈ શકે અને એને પણ ભગવાન ભરોસે છોડી દેવામાં આવે એવી સ્થિતિ વર્ષોથી ગુજરાતમાં હતી અને એટલે માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જ્યારે વધારે બજૅટ આપવાની વાત કરી ત્યારે માર્ગ અને મકાન વિભાગે એનો સરવે કર્યો અને આ સરવેમાં આવા વિખુડા પડેલા ૧૫૩ જેટલા ગામો આપણને મળી આવ્યા.અને એ ગામોની અંદર અત્યારે હાલ ૩૭૬કરોડના ખર્ચે ૧૭૧ રસ્તાઓના કામોને આપણે મંજૂરી આપી દીધી છે અને ૧૩૫ કરોડના ૭૬ રસ્તાઓના કામો અત્યારે હાલ પ્રગતિ હેઠળ છે. એ ઉપરાંત નવા વર્ષના બજેટની અંદર વૌઠા જે ૩૦૦૦ની વસ્તી છે પણ સાત નદીઓ ત્યાં ભેગી થાય છે એટલે વૌઠામાં જઈ ન શકાય એવી સ્થિતિ હોય છે એટલે એ ગામોનો પણ આપણે આની અંદર સમાવેશ કરવા માગીએ છીએ. સમૌનો પણ સમાવેશ કરવા માગીએ છીએ. સેગવાનો પણ સમાવેશ કરવા માગીએ છીએ અને હનુમંત માલનો પણ આમાં સમાવેશ કરવા માગીએ છીએ. સાગર ખેડૂ યોજના સાગર કાંઠે વસતા સાગર ખેડૂઓની સુખાકારી માટે અનેકવિધ યોજનાઓ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જ વિધાનસભા ગૃહની અંદર જાહેરાત કરી હતી અને અગિયાર હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું હતું. સાગર ખેડૂ યોજના નીચે ૫૦૮૦ કિલોમીટરના ૧૦૪૫કરોડ રૂપિયાની રકમની મંજૂરી આપણને આપવામાં આવી એમાંથી ૩૭૦૯ કિલોમીટરની કામગીરી આપણે પૂરી કરી છે અને ૭૬૬કરોડની રકમના કામ આપણે પૂરા કર્યા છે ૨૭૯કરોડની રકમના કામો પ્રગતિ હેઠળ છે અને આ વર્ષે નવા બજેટની અંદર જે મોટા કામો આપણે લેવા જઈ રહ્યા છીએ. નાના કામો તો છે જ પરંતુ મોટા કામોની વાત કરું છું એમાં નારગોલ ખાડી ઉપર ચોત્રીસ કરોડના ખર્ચે આપણે પુલ બાંધીશું અને પોરબંદર-આદીતાણા રોડ ઉપર ૧૧કરોડના ખર્ચે એના ઉપર પુલ બંધાશે આ એક નવી યોજના પણ સાગર ખેડૂની છે. એ જ રીતે વનબંધુ યોજના પણ ૧૫૦૦૦કરોડ રૂપિયાની જાહેરાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જ ધારાસભા ગૃહની અંદર કરી હતી અને એમાં રસ્તાઓ માટે પણ વધારાની ગ્રાન્ટો મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ આપણને ફાળવી. જેમાં આદિવાસી અને વનવિસ્તારની અંદર રહેતા લોકોની સુખાકારી માટે સારા માર્ગો માટે આપણે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. એમાં ૩૯૩૮ કિલોમીટરની સુધારણા ૮૯૨કરોડના ખર્ચની આપણે મંજુરી આપી એમાંથી ૨૨૨કરોડના કામો આપણે પૂર્ણ કર્યા છે. ૬૭૦કરોડની રકમના કામો પ્રગતિ હેઠળ છે અને આ નવા ૨૦૦૯-૧૦ના આયોજનની અંદર સરવલ્લા-ટાંકર-કરંજલી રોડ ૩૬ કિલોમીટરનો છે એને ૨૨કરોડના ખર્ચે આપણે પૂર્ણ કરવાના છીએ. રાજપારડી-નેત્રંગ રોડ ૨૨ કિલોમીટરનો એને ૧૭કરોડના ખર્ચે પૂર્ણ કરીશું. નિર્મળ ગુજરાત મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્નુ છે. આખુંયે ગુજરાત ગામ હોય, શહેર હોય કે મહાનગરો હોય એ સ્વચ્છ હોવા જોઈએ એ સ્વચ્છ હશે તો ગંદકી દુર થશે, રોગોનું પ્રમાણ ઘટશે અને એની સીધી અસર મહિલાઓ અને બાળકો ઉપર થશે અને એટલા માટે એની પરિપૂર્તિ કરવા માટે ૬કરોડની જોગવાઈ પણ અમે અમારા બજેટની અંદર કરી છે. આપણા રાજયની અંદર રાષ્ટ્રિય ધોરી માર્ગો માટે ૧૪૦કરોડનો ખર્ચ થવાનો છે એમાં ૨૪૮ કિલોમીટરનું કામ મજબુતીકરણ અને સપાટી સુધારણા માટે છે અને છમાર્ગીય છ કિલોમીટરનું કરવાનું છે એમાં ૨૦૦૯-૧૦માં જે આપણે આયોજન કર્યું છે એમાં અડાલજ ખાતે કલોવર લિફ્ટ કરવા પૂર્ણ કરવામાં ૧૬કરોડનો ખર્ચ થવાનો છે લગભગ કામ પૂર્ણ થવા આવ્યું છે. ૨૬કરોડના ખર્ચે ઈસ્કોન જંકશન ખાતે ફલાયઓવર અમદાવાદની અંદરથી જે પસાર થાય છે એને કરવાનું આયોજન છે.

૨૬કરોડ રૂપિયાના ખર્ચે કચ્છમાં ખારી તથા મીઠી નદી ઉપર મોટા પુલો પણ ટુંક સમયમાં શરૂ થશે. ૬૦કરોડના ખર્ચે નારોલ-બાવળા વચ્ચે ૨૬ કિલોમીટર લંબાઈના છ માર્ગીય રસ્તાની કામગીરી હાથ ધરાશે. કોંગ્રેસના સદસ્યો અત્યારે અહીં છે નહીં પરંતુ હું સભાગૃહના ધ્યાન ઉપર એટલા માટે મુકવા માગું છું કે કોંગ્રેસના કાર્યકર્તાઓએ એમના નેતાઓએ ભેગા મળીને ગાંધી આશ્રમથી દાંડીયાત્રાની શરૂઆત કરી હતી અને છેલ્લા દિવસે દાંડીની અંદર આપણા વડાપ્રધાન મનમોહનસીંઘ આવ્યા હતા અને એ સમયે એમણે જાહેરાત કરી હતી કે દાંડીયાત્રા, પૂજય મહાત્મા ગાંધીએ જે દાંડીયાત્રાનો આરંભ કર્યો હતો અને દાંડી સુધી પહોંચ્યા હતા એ જે માર્ગ છે એને હેરીટેજ માર્ગ અને બનાવીશું એવી જાહેરાત એમણે તા. ૬-૪-૨૦૦૫ ના દિવસે કરી હતી. એના પહેલા આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાનને પત્ર લખ્યો હતો કે આ માર્ગને રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરો અને એ રસ્તા માટે બજેટ ફાળવી એ રસ્તાને હેરીટેજ રૂટ બનાવો. એમણે કર્યું શું? તો તા. ૬-૪-૨૦૦૫ના દિવસે મનમોહનસિંઘે જાહેરાત કરી કે અમે હેરીટેજ રૂટ બનાવીશું. ત્યારપછી તા. ૧-૬-૨૦૦૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા દાંડીમાર્ગને રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૨૦૨૮ તરીકે એમણે જાહેર કર્યો. તા. ૨૧-૭-૨૦૦૬ના રોજ કેન્દ્ર સરકારને આ અંગેનું "ના વાંધા પ્રમાણપત્ર" આપણે આપ્યું.ત્યારપછી તા. ૩૦-૧૦-૨૦૦૬ ના રોજ દાંડી માર્ગને રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરી અને કામગીરી નેશનલ હાઈવે ઓથોરિટીને એમણે સોંપ્યો. તા. ૧૨-૩-૨૦૦૭ ના રોજ કેન્દ્રીય મંત્રી વહાણવટુ માર્ગ પરિવહન અને સડક મંત્રાલયને એન.એચ.એ.આઈ. દ્વારા રસ્તાઓનો ચાર્જ ન સંભાળેલ હોવાની ફરિયાદ કરી અને કામ શરૂ કરવા માટેની વિનંતી કરી, પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટીએ આ કામનો સ્વીકાર જ ન કર્યો અને કામની શરૂઆત પણ ન કરી. ત્યારપછી ફરીથી તા. ૨૪-૭એ પત્ર લખ્યો. આ કામ જલ્દીથી નેશનલ હાઈવે ઓથોરિટી શરૂ કરે, પરંતુ એ કામ પણ એમણે શરૂ ન કર્યુ. આખરે બે-ત્રણ વર્ષ પછી ૪-૧-૨૦૦૮ ના રોજ કેન્દ્ર સરકારે દાંડી રૂટના વિકાસ માટેની ફેઝ-૧ ની કામગીરી રાજય સરકારને સોંપવાનો નિર્ણય કર્યો. ૩ વર્ષ પછી રાજય સરકાર આ રોડ બનાવે એવો આપણને હુકમ કર્યો અને તા. ૨૧-૪-૨૦૦૮ ના રોજ જાહેરનામાની નકલ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને જાણ અર્થે મોકલી આપવામાં આવી. આ પ્રમાણેની કામગીરી કેન્દ્રીય સરકારની છે. એ આપના ધ્યાન ઉપર મુકવા માટે મેં આપની વચ્ચે કરી. જેવો પત્ર આપણને મળ્યો તરત જ માર્ગ મકાન વિભાગે આયોજન કર્યુ અને એના માટે અમને પહેલા ફેઝમાં ૧૯ કામો ૨૭૧ કિ.મી.ની સુધારણા ૧૬૭ કરોડના અંદાજો બનાવીને કેન્દ્ર સરકારને મંજૂરી માટે મોકલી આપ્યા. અમને ૨-૪ મહિના પછી..

(દરમિયાનમાં એક પટાવાળા ગૃહમાંથી અધિકારી દીર્ઘામાં ફાઈલ આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી હ કે, "એ ફાઈલ પાછી આપી દો. અહીયાથી ફાઈલની આપ-લે ન કરો. આપ આપની ફાઈલ આપી દો. સીધી ઑફિસમાં જઈને લઈ લેજો. અધિકારી ગેલેરીમાં પોત પોતાની જવાબદારી સમજે. ફાઈલો આપવા માટેની જગ્યા નથી. .કોઈ ચિઠ્ઠી કે ફાઈલ આપવા માટેની નોંધ મોકલતા હોય તો બરાબર છે.")

આ જેટલાં કામો ૧૬૭ કામના અંદાજો મંજૂર થયાં છે. ટેન્ડર બહાર પડી ગયાં છે. કામનો આરંભ પણ થયો છે. હું આ સન્માનનીય સભાગૃહને આશ્વાસન આપું છું કે ૧૦મી માર્ચ સુધીમાં આ કામો આપણે પૂર્ણ કરીશું. બીજા તબક્કામાં ૧૦ મીટર પહોળો કરવા માટે નર્મદા, મહી, વાત્રક અને કિમ ઉપર મોટા પુલો બનાવવાનો અંદાજ ૧૭૦૦ કરોડ રૂપિયાનો છે. એનો ડીટેઈલ પ્રોજેક્ટ રિપૉર્ટ આપણે લગભગ પૂરો કર્યો છે. ટૂંક સમયમાં કેન્દ્ર સરકારની અંદર મોકલી આપીશું. એ જ રીતે સરહદી વિકાસ યોજના પણ એની અંદર છે. એમાં સરહદી જિલ્લામાં આવેલ ૯૬૫ કિ.મી.ની લંબાઈના રસ્તાઓને ૧૧૯૦ કરોડના ખર્ચે વધુ મજબૂતીકરણ અને ૧૦ મીટર પહોળા કરવા કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે રજૂ કરી દીધા છે. ભૂજ-ભચાઉ ૭૩ કરોડ, લખપત-નખત્રાણા ૮૪ કરોડ, દેશલપર-નલિયા-જખૌ ૧૨૧ કરોડ, ભૂજ-ખાવડા ૮૭ કરોડ, ઉંઝા-પાટણ-શિહોરી ૬૫ કરોડ અને સૂઈ ગામ-સીધાડા ૪૯ કરોડના લક્ષ્યાંકો કરીને કેન્દ્ર સરકારની અંદર મંજૂરી માટે મોકલી આપ્યા છે. હમણા જ ભારત સરકારના ગૃહ મંત્રાલયે ઘડુલી-સાંતલપુર રસ્તાની ૨૫૫ કિ.મી. લંબાઈના સુધારણા અને બાંધકામ માટેના રસ્તાઓ માટે ૫૭૯.૨૨ કરોડની દરખાસ્ત સડક પરિવહન અને રાજ માર્ગ મંત્રાલયના ભલામણ માટે મોકલી આપી છે. હું આશા રાખું છું કે થોડા ક સમયમાં મંજૂર કરીને મોકલી આપશે. તો એ કામ શરૂ થશે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૭ તબક્કા પૂર્ણ કર્યા. ૮ તબક્કાની પહેલી બૅન્ચ શરૂ થઈને ૩૯૬ કરોડના ૪૬૬ રસ્તાઓને મંજૂરી મળી છે અને ટેન્ડર આવી ચૂક્યા છે. એ પણ પહેલીવાર ૧૯૧ પરાઓને ડામર સપાટીથી જોડીશું. બીજા ફેઝમાં ૭૦૦ કરોડના ૧૧૨૮ રસ્તાઓની મંજૂરી માટે કેન્દ્રમાં મોકલી આપ્યા છે. એ આપણને મળશે. જેમાં આદિજાતિ વિસ્તારના દાહોદ જિલ્લાના ૨૨૨ રોડનો સમાવેશ થયો છે. પંચમહાલ જિલ્લાના ૫૮ અને અન્ય વિસ્તારોના ૫૬ ગામનો સમાવેશ કર્યો છે. કેન્દ્ર સરકાર ઝડપથી મંજૂરી આપે તેવી માગણી કરીએ. કેન્દ્રીય માર્ગ નિધિ ૧૦૦ ટકા કેન્દ્ર આપણને આપે છે. એમાંથી લાડવેલ-પાંખિયા-ખેડાનો ૨૦ કરોડનો રોડ મંજૂર કરીશું. વ્યારા-ઘડત તાપી નદી ઉપર ૬ કરોડ, જરોદ-રવાલ-વાઘોડિયા ૧૦ કરોડ, દાવણ-દેશોદર સાબરકાંઠા અને એના પણ ૧૦ કરોડ રૂપિયા આપણે મંજૂર કર્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકાર, મારો માર્ગ મકાન વિભાગ, પુલ રસ્તાઓ

ઉપરાંત મકાનોનાં કામ એ હાથ ધરતા હોય છે. મકાન સરકારી મકાન બાંધવા અને આ સરકારી મકાનો એવા હોય કે જેની અંદર સરકારી કર્મચારીઓની કાર્યક્ષમતા વધે. માનનીય અધ્યક્ષશ્રી, મકાનો આકર્ષક હોય, સ્થાપત્યવાળા હોય, આધુનિક ડિઝાઈનવાળા હોય અને પૂરી સગવડતાઓ હોય તે પ્રકારના મકાનો બાંધવા માટેની માર્ગ અને મકાન વિભાગે શરૂઆત કરી છે. તેમાં નિર્મળ ગુજરાતની મુખ્યમંત્રીશ્રીની જે કલ્પના છે તેને પણ ઉજાગર કરવામાં આવી છે. આ જે મકાનો થાય તેમાં પહેલેથી વૃક્ષારોપણ થાય, ઉર્જા બચત માટે પ્રયત્ન કરવો અને તે ઉપરાંત જળસંચયની કામગીરી પણ આ સાથે સાંકળી લેવામાં આવી છે. ૨૦૦૯-૧૦ના બજેટની અંદર વિભાગના મકાનો બાંધવા માટે ૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સુરત ખાતે વધારાનું બહુમાળી મકાન ૨૯ કરોડના ખર્ચે બાંધવા જઈ રહ્યા છીએ. લીમડી ખાતે તાલુકા સેવા સદન આઠ કરોડના ખર્ચે કામ શરૂ થયું છે. ડભોઈ ખાતે તાલુકા સેવા સદન આઠ કરોડ, ટૂંક સમયમાં કામ શરૂ કરીશું. તે ઉપરાંત જે બીજા કામો હાથ ધરવાના છે તેમાં જુનાગઢ ખાતે કલેકટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને જિલ્લા પોલીસ અધિકારી કચેરીનો સમાવેશ કરતા ૩૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ગ્રીન બિલ્ડીંગ, તાપી જિલ્લો અલગ પડયો અને વ્યારા મુખ્ય મથક બન્યું ત્યારે ત્યાં જિલ્લા મથકે જિલ્લા સેવા સદન, જિલ્લા વડાની કચેરીઓ વગેરે હોવું જોઈએ તેના માટે ૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તે ઉપરાંત આઠ તાલુકા મથકોએ જ્યાં તાલુકા સેવા સદનો બનાવવાના છીએ તેમાં ગોંડલ, ધોળકા, અંકલેશ્વર, કપડવંજ, ખેડબ્રહ્મા, બોરસદ, ભાણવડ, વિસનગર ખાતે તાલુકા સેવા સદનો માટે અને તે ઉપરાંત જે તાલુકા સેવા સદનોની આપણને જમીનો ઉપલબ્ધ થઈ ગઈ હશે તેનો પણ આમાં સમાવેશ કરીને કુલ ૧૮ તાલુકા સેવા સદનો બનાવવા માટે રૂપિયા ૭૦ કરોડની જોગવાઈ આપણે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ પોતાનું જ કામ કરે છે એટલું જ નહીં પરંતુ અન્ય વિભાગોના કામો એણે કરવાના હોય છે. તેમાં મહેસૂલના ૧૧૭ કરોડના કામો આ વર્ષે થશે, શિક્ષણના ૨૭૨ કરોડના, કાયદા વિભાગના ૫૨ કરોડ, આદિજાતિ વિકાસ વિભાગના ૨૯ કરોડ અને આરોગ્ય વિભાગના ૧૧ કરોડના કામો મારો વિભાગ કરી રહ્યો છે. જે પાટનગરની અંદર આપણે બેઠા છીએ તે પાટનગરના વિકાસ માટે, બ્યુટીફીકેશન માટે, રોડ, રસ્તા વગેરેના માટે રાજય સરકારે રૂપિયા ૮૮.૭૦ કરોડની જોગવાઈ કરી છે. જેની અંદર જે નવા કામો આપણે ૨૦૦૯-૧૦માં કરવા જઈ રહ્યા છે તેમાં જાસપુરથી ચેખલજ ગામ સુધી ડ્રેનેજ લાઈન ૧૨ કરોડના ખર્ચે કરવાની છે. ૫૦ હજારની વસ્તી હતી ત્યારે જે ડ્રેનેજ બની પરંતુ આપણે ૩.૫ લાખની પાટનગરની વસ્તી થાય ત્યારે કેટલું પાણી જશે તેનો અંદાજ લગાવીને આપણે આ કામ અત્યારે શરૂ કર્યું છે. માર્ગ ૧, ૨ , ૩, ૪ અને ગ-માર્ગને ફોરલેન કરવા માટે ૨૦ કરોડનો ખર્ચ થશે. ૭૨૪ સરકારી આવાસોને સંગીન બનાવવા, જેની અંદર પટાવાળા, કલાર્ક, સામાન્ય સરકારી કર્મચારીઓ છે તેને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને ૯ કરોડના ખર્ચે તે કામ થશે. ડ્રેનેજ લાઈનો નવી નાંખવા અને બદલવા માટે ૪ કરોડનો ખર્ચ થશે. વિધાનસભાના સુધારા વધારા કરવા જઈ રહ્યા છે તેમાં ૭ કરોડ, સચિવાલય કૅમ્પસમાં જુદી જુદી સુવિદ્યાઓ માટે ૧૨ કરોડ, સચિવાલયમાં નવી લીફટ માટે ૧૫ કરોડ અને તેનું ટેન્ડર આવી ગયું છે. રહેણાંકના મકાનોમાં જળસંચયની કામગીરી કરવા માટે ૩ કરોડ, પાણી પુરવઠાની સિસ્ટમ બદલવા માટે ૧૫ કરોડ, સરકારી રહેણાંકમાં ગેસ પૂરો પાડવા માટેની કામગીરી ૩ કરોડ, ક, ખ અને ગ કક્ષાના ૧૬ મકાનો મંજૂર કરવા માટે ૮ કરોડનું કામ કરવામાં આવશે. મારા વિભાગને વધારે મજબૂત બનાવવાની આવશ્યકતાઓ છે. કારણકે દિવસે દિવસે તેના કામમાં અનેકગણો વધારો થતો જાય છે. એટલા માટે ૨૫૦ જેટલા ઈજનેરી સહાયકોની નિમણૂક હમણાં જ પારદર્શકતાથી કરી છે. ૫૦૦૦ કરતાં વધારે અમારા ઈજનેરોને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવી છે. આખા વિભાગનું કોમ્પ્યુટરાઈઝેશન માટે ૪૦૦ કૉમ્પ્યુટરનો ઉપયોગ કરી રહ્યા છીએ. ૧૧૧૯ ઈજનેરોને કૉમ્પ્યુટરની તાલીમ આપી દેવામાં આવી છે. કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા પુલો અને મકાનોના સ્ટ્રકચરના એનાલીશીસ કરી રહ્યા છીએ અને સ્થાપત્યના નકશાઓ સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝ કરી રહ્યા છીએ.

**અધ્યક્ષશ્રી** : બહેનશ્રી, બીજા વિભાગ માટે આપની પાસે ૨૦ મિનિટ રહે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરું. માર્ગ અને મકાન વિભાગ અને પાટનગરની વિવિધ યોજનાઓની જાહેરાત કરી છે અને હું ઈચ્છું કે અમારા ધારાસભ્યશ્રીઓ તેને સર્વાનુમતે મંજૂરી આપે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે મહિલા બાળ કલ્યાણ વિકાસ વિભાગ ઉપર હું થોડીક વાત આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. ૧૯૬૦ની પહેલી મેના રોજ ગુજરાત રાજયની સ્થાપના થઈ, અને સૌથી પહેલો વિભાગ મહેસૂલ વિભાગ બન્યો. જે રાજયની અંદર ૫૦ ટકા મહિલાઓ, જે રાજયની અંદર ૨૫ ટકા બાળકો, એવા ગુજરાતનો ૭૫ ટકા ભાગ કે જે મહિલાઓ અને બાળકોનો હોય પણ મહિલાઓ માટે કોઈ અલગ વિભાગ નહીં. લગભગ ૪૨ વર્ષ થયાં આ ૪૨ વર્ષ સુધીની અંદર આ કોંગ્રેસના શાસકોએ મહિલાઓ અને બાળ કલ્યાણ માટે, બાળકોના સર્વાંગી વિકાસ માટે, એના આરોગ્ય, એના શિક્ષણ અને આર્થિક ઉપાર્જન માટે જે કોઈને કોઈ વિવિધ યોજનાઓ હોવી જોઈએ એના તરફ દુર્લક્ષ સેવ્યું. મને કહેતાં આનંદ થાય છે કે, ૨૦૦૧-૦૨માં જ્યારે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતનો હવાલો સંભાળ્યો, અને અમે એમને જ્યારે રજૂઆત કરી કે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અલગ હોવો જોઈએ, આમ તો વિભાગ હતો પણ નામનો હતો અને માત્ર બે મહિનાની અંદર જ મહિલા બાળ કલ્યાણ વિભાગનો સ્વતંત્ર વિભાગ તૈયાર કરવામાં આવ્યો, એને મહેકમ આપવામાં આવ્યું અને એને નવું

બજેટ પણ આપવામાં આવ્યું. પહેલો વિભાગ મહેસૂલ, અને છેલ્લો વિભાગ મહિલા- બાળ વિકાસ વિભાગ. આ બંને વિભાગ મારી પાસે છે. સૌથી પહેલો વિભાગ બન્યો એ પણ મારી પાસે છે અને સૌથી છેલ્લો બન્યો વિભાગ એ પણ મારી પાસે છે. અને એટલા માટે મને આનંદ છે કે અમારી ગુજરાતની લગભગ ૫૦ ટકા મહિલાઓ...

**અધ્યક્ષશ્રી** : એન્જિન અને ગાર્ડનો ડબ્બો બંને આપની પાસે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગને ગાર્ડનો ડબો ના કહેશો, સાહેબ. એને તો એન્જિન બનાવવું જોઈએ. એને એન્જિન બનાવવાની આવશ્યકતા હતી પણ આપણે એને એન્જિન ન બનાવ્યું અને ડબ્બા તરીકે અને ડબ્બામાં પણ વર્સ્ટ ડબ્બો બનાવી દીધો અને એટલા માટે હું વિશેષ વાત અમારા જેટલા પણ માનનીય ધારાસભ્યશ્રીઓ મહિલા અને બાળ કલ્યાણ વિશે બોલ્યા છે એ એમણે ખૂબ સુંદર રીતે રજૂઆતો કરી છે. પરંતુ જ્યારે ૪૦ લાખ જેટલા બાળકોને - માતાઓ, સગર્ભા માતાઓને અને ધાત્રી માતાઓને આપણે આંગણવાડીની અંદર આવરી લેવા માગીએ છીએ ત્યારે અને જે આપણી પાસે બાળકો છે અને જ્યારે આપણે નિરોગી બાળ વર્ષ ઉજવી રહ્યા છીએ ત્યારે બાળકો સશક્ત, મજબૂત અને નિરોગી બને એના માટે આ આંગણવાડીઓ છે અને એટલે જ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપણને જે બજેટ આપ્યું છે, એમાં ૨૦૦૮-૦૯નું બજેટ ૪૬૨ કરોડ રૂપિયાનું હતું અને ૨૦૦૯-૧૦ની અંદર એમાં બમણો વધારો કરીને ૮૯૨ કરોડ રૂપિયાનું બજેટ આપણને ફાળવવામાં આવ્યું છે. અત્યાર સુધી જે બાળકોને ભોજન આપતા હતા એમાં ૩૦૦ કૅલરી બાળકોને આપતા હતા અને બે રૂપિયાનો ખર્ચ કરતા હતા, પણ હવે આપણે ૫૦૦ કૅલરી બાળકોને આપવાની છે અને દરેક બાળક પાછળ ચાર રૂપિયાનો ખર્ચ આપણે કરવાના છીએ. માતાઓને પણ જે કૅલરી અપાતી હતી એમાં પણ આપણે વધારો કરીને ૬૦૦ કૅલરી તરફ જઈ રહ્યા છીએ અને એટલે જે સગર્ભા માતાઓ અને બાળકોને આપણે ખોરાક આપીએ છીએ એમાં આ વખતે ઘણો બદલ આપણે કરવા જઈ રહ્યા છીએ. એમાં સુખડી, શીરો અને ઉપમા બનાવી શકાય, આવા સુંદર મજાના લોટ તૈયાર કરવામાં આવ્યા છે જેની અંદર સાત પ્રકારના પોષક તત્ત્વો ઉમેરી દેવામાં આવ્યા છે. અમારા માનનીય રમણભાઈના મોંમાં પાણી આવી ગયું. સુખડી કહ્યું એટલે, અને આ પાવડર એવો છે કે એને તવીની અંદર નાખીને સહેજ ગરમ કરવામાં આવે અને થાળીમાં પાથરવામાં આવે એટલે સુખડી તૈયાર થઈ જાય એમાં બધું જ નાખી દેવામાં આવ્યું છે, બહેનોને કંઈ જ એની અંદર નાખવાનું નથી. એવી રીતે શીરો અને ઉપમા બનાવવા માટેનો રાજય સરકારે ઑર્ડર આપ્યો છે અને આવતા એકાદ મહિનાની અંદર આપણે આ કામ પૂરું કરીશું અને બાળકો અને માતાઓ સુધી પહોંચાડવા માટેનો પ્રયાસ કરીશું. યોજનાઓ તો ઘણી બધી છે, પરંતુ આપણે એક નવો અભિગમ અપનાવ્યો. મોબાઈલ આંગણવાડીનો, આ એટલા માટે કરવું પડ્યું કે અંતરિયાળ વિસ્તારો, વનવાસી ક્ષેત્રોના વિસ્તારો, ઝુંપડપટ્ટીઓ, જયાં મકાનો બંધાય છે એવી સાઈટો, એ જ રીતે શેરડીમાં કામ કરતી માતાઓ અને એમની સાથે રહેલાં બાળકો, જ્યાં ઈંટોના ભઠ્ઠાઓ હોય છે ત્યાં પણ ઘણા બધા મજૂરો કામ કરતા હોય છે, ખેતરોમાં પરિવારો રહેતા હોય છે, એમનાં બાળકો અને ત્યાં રહેતી સગર્ભા અને ધાત્રી માતાઓને આવો બાલભોગ પહોંચાડવો અમારા માટે મુશ્કેલ હતો અને એટલા માટે ગયા વર્ષે ૨૦૦૮-૦૯ની અંદર દશ મોબાઈલ વાન અમે તૈયાર કરાવી, એમાં અમે અમદાવાદને બે આપી, રાજકોટને બે આપી, સુરતને બે, વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશનને બે, વલસાડને એક અને નવસારી જિલ્લાને એક મોબાઈલ વાન આપી જેને કારણે આ અંતરિયાળ વિસ્તારોની અંદર બાલભોગ આપણે પહોંચાડી રહ્યા છીએ અને બાળકો એનો લાભ ઉઠાવી રહ્યા છે. ૨૦૦૯-૧૦ની અંદર પણ દશ નવી મોબાઈલ વાન આપણે ખરીદવા જઈ રહ્યા છીએ, એનું આયોજન કરી દેવામાં આવ્યું છે, અને લગભગ દશેક જિલ્લાની અંદર આ દશ મોબાઈલવાનો આપણે પહોંચાડીશું જેથી આંગણવાડીમાં આવતી માતાઓ ૬ મહિનાથી ૬ વર્ષના બાળકો અને એમને ફોર્ટિફાઈડ આટો અને આ બધી જ વાનગીઓ અને ન્યુટ્રીકેન્ડી એટલે કે ચૉકલેટ એ બધું જ આ મોબાઈલ આંગણવાડી દ્વારા પહોંચે એ માટેનો રાજ્ય સરકારનો અભિગમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭ની ૧૫મી ઑગસ્ટે શ્રી અટલબિહારી બાજપેયીજીએ એક જાહેરાત કરી હતી અને એ જાહેરાત એટલા માટે કરવી પડી હતી કે ઘરની અંદર એક દીકરી જન્મે એટલે ઠીક છે સ્વીકારે, બીજી દીકરી જન્મે એટલે તિરસ્કારે અને ત્રીજી દીકરી ન જન્મે એના માટેનો પ્રયાસ થાય. આ જે પરિસ્થિતિ આખા દેશમાં હતી એને નિવારવા માટે અને જે દીકરી જન્મે એને સમાજ સ્વીકારે, એનું શિક્ષણ કરે, એના આરોગ્યનું ધ્યાન આપે એટલા માટે ૧૯૯૭ની ૧૫મી ઑગસ્ટે બાલિકા સમૃદ્ધિ યોજનાની જાહેરાત કરી હતી અને એ વખતે એમણે એમ કહ્યું હતું કે જે દીકરી, બે દીકરી જન્મે ત્યાં સુધી એના એકાઉન્ટની અંદર ૫૦૦ રૂપિયા જમા કરાવવામાં આવશે અને એ દીકરી પહેલા ધોરણથી સાતમાં ધોરણ સુધી ભણશે ત્યારે એને ૩૦૦ રૂપિયાથી માંડીને ૧૦૦૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ એના ખાતામાં જમા થશે. જેથી ૧૮ વર્ષની ઉંમરની જ્યારે દીકરી થાય ત્યાં સુધીમાં જેટલી રકમ એને મળી હોય એ બધી જ રકમ એને આપી દેવામાં આવે કે જેથી એ લગ્ન કરીને જાય ત્યારે એનો ખર્ચ અથવા તો એના અભ્યાસમાં એ રકમનો ઉપયોગ થાય. પરંતુ ૨૦૦૬-૨૦૦૭માં જ્યારે યુ.પી.એ.ની સરકાર આવી, શ્રીમતી સોનિયા ગાંધીની સરકાર આવી ત્યારથી આ યોજના બંધ કરી દેવામાં આવી, આ યોજનાને સદંતર બંધ કરી દેવામાં આવી અને એના માટે અપાતી ગ્રાન્ટ હતી એ ગ્રાન્ટ પણ બંધ કરી દીધી અને બાલિકા સમૃદ્ધિ યોજના ઉપર ચોકડી મૂકી દેવામાં આવી. પરંતુ રાજ્ય સરકારે, ભલે કેન્દ્ર સરકાર આ યોજના

બંધ કરતી હોય, રાજ્ય સરકારે પોતાના બજૅટથી આ યોજનાને ચાલુ રાખવાનો નિર્ણય કર્યો અને એના માટે વિશેષ ગ્રાન્ટ પણ આપણે ફાળવી અને એટલે ૨૦૦૭-૨૦૦૮ની અંદર ૧,૯૦,૭૪૬ દીકરીઓને ૨૦૦૮-૨૦૦૯ની અંદર ૨,૦૮,૬૧૯ બાલિકાઓને આ યોજનાનો લાભ આપણે આપ્યો છે અને ૨૦૦૯-૨૦૧૦ની અંદર ૧૦ કરોડ રૂપિયાની બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે. આંગણવાડીની શરૂઆત તો કરી ૧૯૭૫માં પણ આંગણવાડીનું પોતાનું મકાન હોવું જોઈએ, મકાનની અંદર પૂરી સગવડ હોવી જોઈએ, મકાનમાં ટોયલેટ, પાણી, વીજળી આ બધી સગવડ હોવી જોઈએ. એના તરફ ન કેન્દ્ર સરકારે ધ્યાન આપ્યું કે ન કૉન્ગ્રેસના શાસનમાં ધ્યાન અપાયું. પણ આપણી સરકારે જે ૪૩,૮૪૮ આંગણવાડીઓ રાજ્યની અંદર છે એમાંથી પાછલા સાત આઠ વર્ષમાં ૨૨,૬૧૯ આંગણવાડીઓના મકાનો અમે બાંધી દીધા છે અને આ ગયા વર્ષે ૫૦ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી એમાંથી આંગણવાડીના મકાનો લગભગ ૩૦૦૦ આપણે બાંધી રહ્યા છીએ અને આ ૨૦૦૯-૨૦૧૦ના બજૅટની અંદર ૧૦૦ કરોડ રૂપિયા રાજ્ય સરકારના બજૅટમાં મૂકવામાં આવ્યા અને એમ.પી. ફંડ વગેરે કરીને આ વર્ષે બીજી ૫૦૦૦ આંગણવાડીના મકાનો બાંધવા માટે આપણે નિર્ણય કર્યો છે આંગણવાડીના મકાનોની અંદર લાઈટની સગવડ કરવા માટે, રીપેરીંગ કરવા માટે વિશેષ ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ પહેલીવાર આપણે કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ લાખ બાળકોની જે કાળજી લેતું હોય, ઘરમાં એક બાળકની પણ સારી રીતે આપણે કાળજી નથી રાખી શકતા જ્યારે ૪૦ લાખ બાળકોની કાળજી આંગણવાડીની કાર્યકરો અને હેલ્પર બહેનો રાખતી હોય ત્યારે એમના માનદ વેતનમાં વધારો કરવો જોઈએ એટલે ૨જી, ઑક્ટોબરના રોજ ૨૦૦૭માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બહેનોના માનદ વેતનમાં અનુક્રમે વર્કરને ૫૦૦ રૂપિયા અને હેલ્પરને ૨૫૦ રૂપિયાનો સીધો જ વધારો કર્યો અને એના માટે પણ રાજ્ય સરકારે વિશેષ જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બહેનોની આગવી ઓળખ થાય, ગામની અંદર આટલા બધા બાળકોને સાચવતી હોય પણ ગામમાં એની કોઈ કિંમત ન હોય અને એટલે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ૨જી, ઑક્ટોબરે જાહેરાત કરી હતી કે આંગણવાડીની બહેનોને ગામની અંદર એનું ગૌરવ વધે, એની ઓળખ વધે, લોકો એના કામની કદર કરે એટલા માટે એને ઓળખ આપવી જોઈએ અને એટલે હું દર વર્ષે બે સાડીની યોજના બનાવું છું અને અત્યાર સુધીમાં ૬ કરોડના ખર્ચે ૨ લાખ ૪૦ હજાર બહેનોને ૩ સાડીઓનું વિતરણ આપણે પૂરું કરી દીધું છે અને જ્યાં જાવ ત્યાં રસ્તામાં પણ આ બહેનો આપણને દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના મકાનમાં રસોઈ થતી હોય છે ત્યારે બાળકો પણ ત્યાં હોય છે, માતાઓ પણ ત્યાં હોય છે. લાકડાથી રસોઈ થાય, છાણાથી રસોઈ થાય, કેરોસીનથી પણ રસોઈ થાય ત્યારે બાળકો અને માતાઓની આંખો ઉપર એના ધુમાડાની અસર થાય. અને એટલે પહેલી વાર અમે એ જનભાગીદારીથી કરવા જઈ રહ્યા છીએ અને બજૅટમાં પણ કેટલીક જોગવાઈ કરી છે કે બહેનોને ગેસની સગડી આપવી જેથી ગેસ ઉપર એ રસોઈ કરી શકે અને કૂકર આપવું જેથી ઝડપથી રસોઈ થઈ શકે અને બહેનો વધારે સારી કામગીરી કરી શકે. જે બહેનો શ્રેષ્ઠ કામગીરી કરતી હોય, કલેકટર કામ કરે તો ૩૫,૦૦૦ રૂપિયા આપીએ, બીજા કામ કરે તો એને એવોર્ડ અપાય પણ જે પાયાનું કામ કરે છે એને કોઈ ધ્યાન આપતું નથી અને એટલા માટે માતા યશોદા એવોર્ડની જાહેરાત મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૭ની અંદર કરી અને એના કારણે આખાય રાજયની અંદર ૬૪૮ બહેનોને ૧.૧૦ કરોડની રકમ માતા યશોદા એવોર્ડ તરીકે આપણે આપી, એમાં રાજયની શ્રેષ્ઠ આંગણવાડી હોય તો એ આંગણવાડીની બહેનને એવોર્ડ સ્વરૂપે ૫૧,૦૦૦ રૂપિયા આપણે આપીએ છીએ, જિલ્લાની શ્રેષ્ઠ આંગણવાડીની બહેન હોય તો ૩૧,૦૦૦ રૂપિયા અને તાલુકાની શ્રેષ્ઠ આંગણવાડીની બહેન હોય તો ૨૫,૦૦૦ રૂપિયા અને એ જ રીતે હેલ્પરને પણ આપણે આપીએ છીએ અને એ રીતે આપણે કામ કરીએ છીએ. તેના કારણે બહેનોના ખૂબ સારા પરિણામ આવ્યા છે, શિક્ષકો નિવૃત્ત થાય, સરકારી કર્મચારીઓ નિવૃત્ત થાય અને નિવૃત્ત થાય ત્યારે બે લાખ, પાંચ લાખ, દસ લાખ, પંદર લાખ રૂપિયા લઈને બધા ઘરે જતા હોય છે અને એ જ્યારે રૂપિયા લઈને ઘરે જતા હોય ત્યારે એમનું કંઈક ગૌરવ, છોકરાઓ કંઈક કરતા હોય તો બાપા કંઈક લઈને આવ્યા છે અને છે એટલે એમને ખવડાવવું, પીવડાવવું પડશે અને સારી રીતે રાખવા પડશે, અમારી બહેનો ૨૦ વર્ષ, ૨૫ વર્ષ, ૩૦ વર્ષ સુધી નાના નાના બાળકોને તૈયાર રાખ્યા હોય, તૈયાર કર્યા હોય, માંદગીમાં સાચવ્યા હોય, દવાખાના લઈ ગયા હોય, બહેનોની સારવાર કરી હોય પણ એ જ્યારે નિવૃત્ત થઈ હોય અને એના ઘરે જાય ત્યારે એક રૂપિયો પણ એ નહોતી લઈ જઈ શકતી અને એટલા માટે આપણે એક બીજી જાહેરાત કરી અને એ માતા યશોદા ગૌરવ નીધિ યોજનાની જાહેરાત કરી અને એમાં, આ રાજયની ૭૭,૮૨૫ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને એની અંદર આવરી લીધી છે અને રાજય સરકાર પોતે પચાસ રૂપિયાનો ફાળો આપી રહી છે, પચાસ રૂપિયા આંગણવાડીની બહેનો આપે છે અને જયારે બહેનો નિવૃત્ત થઈને વીસ-પચીસ વર્ષની સર્વિસ કરીને જશે ત્યારે દોઢથી બે લાખ રૂપિયા એ પોતે લઈને જશે જેથી એમના ઘરની અંદર પણ એમનું ખૂબ સારું સન્માન અને માન જળવાય અને પોતે પણ જે ધાર્યુ હોય તે કામ કરી શકે. વિવિધલક્ષ્મી મહિલા કલ્યાણ કેન્દ્રો પણ રાજયની અંદર ૨૨૭ સ્થાનો ઉપર કામ કરે છે, બાયસેગ સાથે સેટેલાઈટ કોમ્યુનિકેશનથી પણ એમને જોડવા માટે અમે પ્રયાસ કરી રહ્યા છીએ, વિધવા સહાય ૧,૧૦,૬૦૦ બહેનોને પાંચસો રૂપિયા દર મહિને આપણે આપી રહ્યા છીએ, પરંતુ ૧૮

થી ૪૦ વર્ષની બહેનો  જે ક્ષમતાવાળી છે જેમનામાં આવડત છે, કૌશલ્ય છે, કલા છે, શિખવા માટે તૈયાર છે તો એવી બહેનોને પણ એનું પુન:સ્થાપન કરી શકે, કોઈની સામે હાથ લંબાવવો ન પડે એ માટે એને તાલીમ આપી, એને રોજગારીની સહાય કરવી, કીટ આપવી, એના માટે રાજય સરકારે ગયા વર્ષે ૬.૯૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે ૨૦૦૯-૧૦ની અંદર ૯ કરોડ રૂપિયા અમે યોજનામાં મૂક્યા છે અને ૩૦૦૦ રૂપિયાની સાધન સહાય આપતા હતા, પરંતુ ૩૦૦૦માંથી વધારો કરીને, સાધન સહાય માટે ૫,૦૦૦ રૂપિયા આપવાનું અમે નક્કી કર્યુ છે.

નારી સંરક્ષણ કેન્દ્રોની વાત અને એમાં જનભાગીદારીથી દીકરીને પરણાવવાની વાત, હું લાંબી વાત ન કરતાં હિંમતનગરની અંદર પ્રફુલભાઈ પટેલે અને સુરતની અંદર બે દીકરીઓને પરણાવવા માટે કદાચ એના મા બાપ હોત તો પણ એટલો કરિયાવર ન આપી શક્યા હોત, એટલો કરિયાવર અમારા સમાજના લોકોએ આપી અને દીકરીને વાજતે ગાજતે પરણાવીને વિદાય કરી હતી અને એની સાક્ષી હું પોતે છું.

નોંધણી ફી, આપણા કુટુંબની અંદર પણ જમીન ખરીદવી હોય તો પુરુષના નામે, મકાન ખરીદવું હોય તો પુરુષના નામે, પણ સ્ત્રીઓના નામે ભાગ્યેજ ખરીદાતું હતું, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક યોજના બનાવી કે જો કોઈ પરિવાર મહિલાઓના નામે દસ્તાવેજ કરશે તો હું રજિસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ આપીશ, આટલી જ જાહેરાત કરી. પછી પુરુષોને એમ લાગ્યું કે પાંચ હજાર રૂપિયા બચે છેને, દસ હજાર રૂપિયા બચે છેને, લાવો મહિલાઓના નામે આ બધું આપણે ખરીદીએ અને એટલા માટે આમ તો દર વર્ષે ૧૦૦૦૦ બહેનોના નામે આવી મિલકતો ખરીદાતી હતી પણ રજિસ્ટ્રેશન ફીમાંથી જ્યારે મુક્તિ આપવાની જ્યારે વાત કરી ત્યારે ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં ૬,૬૯,૫૩૦ મહિલાઓના નામે સંપત્તિઓ ખરીદાઈ અને રાજય સરકારને ૧૫૭.૫૯ કરોડ રૂપિયાની આવક જતી કરવી પડી પરંતુ હું માનું છું કે ૧૫૭ કરોડ રૂપિયા ભલે રાજય સરકારની તિજોરીમાં ના આવ્યા હોય પણ મારી મહિલાઓના ખિસ્સામાં આ રૂપિયા રહ્યા છે અને બહેનો સંપત્તિવાન બની છે એટલા માટે મને આનંદ છે,

આ રાજયની અંદર ભ્રૂણ હત્યાની વાત ઘણા બધાએ અહીં કરી છે, મેં પણ કરી છે, અહીંયા આ સભાગૃહની અંદર અનેક ભાઈઓ, બહેનોએ પોતાના વિસ્તારોની અંદર અથવા તો આ સભાગૃહની અંદર જે સ્ત્રીભૃણ હત્યા અથવા તો સ્ત્રી પુરુષ ગુણોત્તર જે ઘટી રહ્યો છે, દીકરીઓની સંખ્યા દિનપ્રતિદિન ઓછી થતી જઈ રહી છે એની ચિંતા અહીંયા વ્યક્ત કરી છે.  તેની ચિંતા અહીં વ્યક્ત કરી છે. છેલ્લાં પાંચ વર્ષથી આપણે અહીંયા જે કામ કરી રહ્યાં છીએ લાખો બહેનોને મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કર્યા છે અને અનેક વિષયો તેમની સામે મૂક્યા છે. તેનું પરિણામ એ આવ્યું છે કે રાજયનાં ૪૩ તાલુકાઓ ૨૦૦૫માં અતિ સંવેદનશીલ હતા. આપણાં આ પ્રયાસોને કારણે ૨૦૦૬માં ૪૩ તાલુકાઓમાંથી ઘટીને હવે ૨૬ તાલુકાઓ રહ્યાં. ત્યાર પછી ૨૦૦૭માં ૨૬ તાલુકાઓમાંથી ઘટીને ૧૭ તાલુકાઓ રહ્યાં. અને ૨૦૦૮ની અંદર ૪૩ તાલુકાઓમાંથી હવે ૯ તાલુકાઓ અતિ સંવેદનશીલ છે. આ નવ તાલુકાઓની અંદર પણ આવા કાર્યક્રમો ઉભાં કરીને પણ દીકરીઓની સંખ્યા વધે તેના માટેનો અમારો પ્રયાસ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ પ્રયાસ શરૂ કર્યો ત્યારે ૨૦૦૪માં એક હજાર પુરુષોની સામે ૮૨૪ સ્ત્રીઓનું પ્રમાણ હતું જ્યારે ૨૦૦૮ની અંદર ૮૨૪માંથી ૮૯૪ સ્ત્રીઓનું પ્રમાણ થયું છે અને જો આપણે સતત પ્રયત્ન કરતાં રહીશું તો હું માનું છું કે છોકરીઓનું પ્રમાણ ધીરે ધીરે વધશે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ઘટના બે મિનિટમાં આપની વચ્ચે કહેવી છે. આ ઘટના ૧૯૮૪માં બનેલી  ' નેશનલ રાઈટસ ટૂ લાઈફ કન્વિશન ' કનાસ સીટી, મિસ્સુરીમાં ભરાયું હતું એ ( કન્વિશન) સંમેલનમાંથી એક પ્રતિનિધિ MRS. Sandy RESSAL  એ  D Bernard Nathanson દ્વારા એક SUCTION ABORTION ગર્ભપાતની બનાવેલી અલ્ટ્રાસાઉન્ડ ફિલ્મનો જે અહેવાલ આપ્યો હતો તે તેમના જ શબ્દોમાં હું રજૂ કરું છું.

ગર્ભની એ માસુમ બાળકી હજી દસ અઠવાડિયાની હતી અને પૂરતી ચુસ્ત હતી. અમે તેને તેની માની કૂખમાં રમતી, પાસાં ફેરવતી અને અંગૂઠો ચૂસતી જોઈ રહ્યા હતા. તેના હ્દયના ધબકારા પણ અમે જોવા પામ્યા અને તે વખતે ૧૨૦ની સામાન્ય ગતિએ હ્દય ધબકતું હતું. સઘળું બિલકુલ નૉર્મલ હતું. પરંતુ જેવું પહેલું ઓજાર ( સકશન પંપ ) ગર્ભાશયની દીવાલને અડક્યું તેવી જ તે માસુમ બાળકી ભયની મારી એકદમ ફરીને સંકોચાઈ ગઈ અને તેના હ્દયના ધબકારા ઘણાં વધી ગયા. જો કે હજી સુધી કોઈ ઓજાર બાળકીને અડક્યું પણ ન હતું તેમ છતાં કોઈ ચીજ તેના આરામ ગૃહ-તેના સુરક્ષિત ક્ષેત્ર પર હુમલો કરવા કોશિશ કરી રહી છે એવું એ અનુભવતી હતી. અમે દહેશતથી જોતા હતા કે તે ઓજાર એ નાનકડી માસુમ ઢીંગલી જેવી બચ્ચીના કેવાં ટુકડે ટુકડા કરી રહ્યું હતું. પહેલાં કમર (સ્પાઈન) પછી પગ વગેરેના ટુકડા તે જાણે જીવતો જીવ ન હોય અને કોઈ ગાજર-મૂળો હોય તે રીતે થઈ રહ્યા હતાં અને તે બાળકી દરદ અને પીડાથી તરફડતી સંકોચાઈને-સંકોચાઈને ફરી ફરીને તરફડતી આ હત્યારા હથિયારથી બચવાની કોશિશ કરી રહી હતી. તે એટલી ભૂંડી રીતે ડરી ગઈ હતી કે એક સમયે તેના હ્દયના ધબકારા ૨૦૦ સુધી પહોંચી ગયા. મેં મારી સગી આંખે તેને માથું પાછળ પટકતી અને મોં ફાડીને ચીસ પાડવાનો પ્રયત્ન કરતી, જેને ડો.નેથાન્સને ઉચિત રીતે સાઈલન્ટ સ્કીમ ( silent scream ) મૂંગી ચીસ યા મૂક-પોકાર કહ્યો છે. તે જોયા પછી અંતે અમે સાણસી યા ચીપિયો તેની ખોપરીને તોડવા માટે શોધી રહ્યો હતો તે ભયંકર બીભત્સ દ્રશ્ય  પણ જોયું અને પછી દાબી ભચડીને તે કડક ખોપડીને તોડી રહ્યો હતો, કેમ કે માથાનો એ

ભાગ તોડ્યા વગર તેને સકશન ટ્યૂબના માધ્યમથી બહાર કાઢી શકાય એમ ન હતું. હત્યારાની આ બીભત્સ રમતને પૂરી કરવામાં આશરે ૧૫ મિનિટનો સમય લાગ્યો અને તે દર્દનાક દ્રશ્યનો એથી વધુ અંદાજ કેવી રીતે લગાવી શકાય કે જે ડોકટરે આ ગર્ભપાત કર્યો હતો અને જેણે માત્ર કુતૂહલવશ એની ફિલ્મ ઉતરાવી હતી તેણે પોતે આ ફિલ્મ જોઈ ત્યારે તે દવાખાનું છોડીને ચાલ્યો ગયો અને પછી કદી પણ પોતાની હૉસ્પિટલમાં પરત ન ફર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું કે મારા વિભાગની દરખાસ્તો મંજૂર કરે.

**અધ્યક્ષશ્રી** : હું મત માટે મૂકું એ પહેલાં માનનીય દંડકશ્રી બે સભ્યો આત્મારામભાઈ અને જેઠાભાઈએ ચર્ચામાં ભાગ લીધો છે પણ મંત્રીશ્રીનો જવાબ સાંભળવા હાજર નથી રહ્યાં તો તેમને તાકીદ આપશો.

**માગણી ક્રમાંક: ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૫-૧૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૧મી જુલાઈ, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા. ૨૧મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૩૦, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે ચૂકવેલ સહાય**

*** ૧૦૯૫૪ શ્રીગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અનુસૂચિત જાતિના ધો. ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) કોઈ અરજી મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે, સામાન્ય પ્રવાહમાં કોઈ અરજી નથી પણ વિજ્ઞાન પ્રવાહમાં કેટલી અરજી આવી ? કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ? અને નામંજૂર થઈ હોય તો તેનાં શાં કારણો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અનુસૂચિત જાતિના જે તેજસ્વી વિદ્યાર્થીઓ છે અને ૧૦મું ધોરણ પાસ કરીને ૧૧ અને ૧૨માં ધોરણમાં જતાં હોય છે તેમને પ્રોત્સાહિત કરવા માટેની આ એક સુંદર યોજના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં શરૂ થઈ છે. તેમાં સામાન્ય પ્રવાહમાં એક પણ અરજી મળી નથી પરંતુ વિજ્ઞાન પ્રવાહ છે તેની અંદર ૨૧ અરજીઓ મળી છે તેમાંથી ૧૪ મંજૂર થઈ છે અને ૭ નામંજૂર થઈ છે. માનનીય સભ્યશ્રીએ બીજું નામંજૂરીના જે કારણો પૂછયાં છે તેની અંદર એક અરજી છે તે આવકની મર્યાદાના કારણે નામંજૂર થઈ છે અને બીજી ૬ અરજીઓ છે તે મેરિટ પ્રમાણે આવતી નહોતી કારણ કે આના માટે ૭૫ ટકા અને સમગ્ર રાજયની અંદર ૧૦૦ વિદ્યાર્થીઓને આપણે આમાં આવરી લેતા હતા અને મેરિટની અંદર ના આવવાને કારણે આ અરજી નામંજૂર થઈ છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવકનું કોઈ ધોરણ છે કે કેમ? અને હોય તો તેમાં સરકાર વધારો કરવા માગે છે કે કેમ ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે ૬૦ હજારની આવકનું ધોરણ હતુ પણ આ વર્ષે તેમાં આપણે સુધારો કરીશું આજની જે માગણીઓ છે તેની અંદર તે આવક મર્યાદા આપણે અઢી લાખની કરવા જઈ રહ્યા છીએ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર અનુસૂચિત જાતિના જે ૧૧મા અને ૧૨માં જે ટ્યુશન ફી ચૂકવીએ છીએ તેમાં કુલ ૨૫૬ વિદ્યાર્થીઓને ૨૬.૮૨ લાખની ચૂકવણી કરવામાં આવી છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આવી ગયો છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે એ જાણવું છે કે, રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાની અંદર વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની કેટલી અરજી આવી હતી? અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર માહિતી આપું તો જે મારી પાસે ઉપલબ્ધ છે તેમાં જેતપુર તાલુકામાં એક પણ અરજી મળી નથી એટલા માટે મંજૂર કરવાનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી.

## કર્મચારીઓના પગાર વધારાથી પડેલ બોજાની રકમ અંગે

*** ૯૪૭૭ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સરકારી કર્મચારીઓના પગાર વધારાનાં કેન્દ્રના નિર્ણયનો અમલ થતાં રાજયની તિજોરી પર કેટલો બોજ વધ્યો, અને

(૨) સરકારના કુલ કેટલા કર્મચારીઓને આની અસર થશે ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) વર્ષવાર બોજાનો અંદાજિત વધારો નીચે મુજબ છે.

| વર્ષ | વધારો (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૮૭૧.૩૩ |
| ૨૦૦૭-૦૮ | ૩૧૪૪.૩૩ |
| ૨૦૦૮-૦૯ | ૩૯૮૬.૧૨ |
| ૨૦૦૯-૧૦ | ૪૩૧૩.૯૭ |

(૨) રાજયના અંદાજિત ૪.૪૯ લાખ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણોના અમલીકરણનો લાભ મળેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગુજરાત રાજયના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ કઈ તારીખથી મળશે? બીજું, પંચાયત બોર્ડ નિગમ એ સહાયક ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને આ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે છઠ્ઠા પગાર પંચનો લાભ માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે તમામ કર્મચારીઓને મોંઘવારી ભથ્થું અને પગાર તેનો લાભ ૧-૧-૨૦૦૬થી તે બધા લોકોને આપ્યો છે. અને ભથ્થાંનો જે વધારો છે એ ૧/૪/૦૯થી બધાને આપ્યો છે. કારણ કે પગાર પંચમાં ચોથું પગાર પંચ ૧૯૮૬માં, પાંચમું પગાર પંચ ૧૯૯૬માં અને છઠ્ઠુ પગાર પંચ ૧/૧/૦૬થી આ બધા કર્મચારીઓને આપવામાં આવેલ છે. નાણા વિભાગના તારીખ ૧૨/૨/૦૯ના ઠરાવથી રાજયના તથા પંચાયતના તથા સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને ૧૨/૨/૦૯ના ઠરાવથી લાભ આપ્યો અને નાણા વિભાગના તા. ૨૭/૫/૨૦૦૯ના ઠરાવથી બોર્ડ, નિગમના કર્મચારીઓને લાભ આપ્યો છે. આ લાભ તારીખ ૧/૧/૦૬થી તારીખ ૩૧/૩/૦૯ સુધીના પગાર અને ભથ્થાં છે, એના તફાવતની રકમ જોઈએ એ રકમ રાજય સરકારે ૧/૧/૦૬ થી ૩૧/૩/૦૯ ની ૫૪૧૧.૨૭ કરોડ ચૂકવવી પડશે અને તારીખ ૧/૪/૦૯થી સુધારેલા પેન્શનની રકમ છે એમાં કર્મચારીઓ ઉપરાંત પેન્શનર છે એને પણ એનો લાભ આપવાની વાત છે. આ પેન્શનરોને પણ ૬૬૧.૧૫ કરોડ રૂપિયા વાર્ષિક, એ રીતે મળવાની વાત છે. એટલે જે કર્મચારીઓ, રાજયના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓ અને બોર્ડ નિગમના કર્મચારીઓ. આ તમામ લોકોને આ છઠ્ઠા પગાર પંચનો લાભ મળેલ છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજય સરકારના કર્મચારીઓ માટે કેન્દ્રના ધોરણે પગારધોરણનો અમલ કયારથી કર્યો છે?

**શ્રી વજુભાઈ વાળા**: કેન્દ્રના ધોરણે જે છે એ આપણા ધોરણો છે, એમાં ચોથા અને પાંચમાં પગાર પંચથી એને આપણે સ્કેલ ટુ સ્કેલ આપીએ છીએ. અને કેન્દ્ર અને આપણી વચ્ચે અમુક બાબતમાં તફાવત છે. અમુક ભથ્થામાં કેન્દ્ર જે આપે છે અને આપણે એ આપતા નથી. અમુક ભથ્થામાં રાજય સરકાર આપે છે અને કેન્દ્ર સરકાર આપતી નથી. એ રીતે આ બધું કર્મચારીઓ સાથે બેસીને સમજણથી આ બાબત ગોઠવવામાં આવેલ છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકારના કર્મચારીઓને કયા ભથ્થાં કેન્દ્રના ધોરણે સુધારી આપવામાં આવ્યા છે?

**શ્રી વજુભાઈ વાળા**: માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ૧/૧/૦૬થી સુધારેલા પગાર માળખામાં પગારધોરણની સુધારણા કરવામાં આવી છે અને એ જ રીતે આપણે પણ ૧/૧/૦૬થી સુધારેલા પગાર માળખામાં પગારધોરણની સુધારણા કરેલ છે. આપણે આપણી રીતે પગાર ધોરણની સુધારણા કરેલ છે. સુધારેલા મકાન ભાડા ભથ્થાં કેન્દ્ર સરકાર ૧/૯/૦૮થી આપે છે, રાજયમાં કેન્દ્રના ધોરણે મકાન ભાડા ભથ્થાં ૧/૪/૦૯થી અમલમાં છે. મોંઘવારી ભથ્થાં સુધારેલા દર એનો અમલ ૧/૧/૦૯ થી, એટલે કે ૨૨ ટકા છે એ મુજબ કેન્દ્ર આપે છે અને એ મોંઘવારી ભથ્થાંના સુધારેલા દરનો આપણે પણ ૧/૧/૦૯થી ૨૨ ટકા મુજબ એ રીતે આપેલ છે. જે નથી આપતા, એમાં કેન્દ્ર સરકાર શિક્ષણ ભથ્થું ૧/૯/૦૮થી આપે છે, એ અમે રાજય સરકારે એ વસ્તુ સ્વીકારેલ નથી. એ જ રીતે વાહન વ્યવહાર ભથ્થું અને પરિવહન ભથ્થું ૧/૯/૦૮થી સુધારેલા દર કેન્દ્ર સરકાર આપે છે. આપણે રાજય સરકારે આ અગાઉ જે ભથ્થાંના દર મળતા હતા એ જ રીતે યથાવત ચાલુ રાખ્યા છે. સી.એલ.એ. કેન્દ્રમાં રદ કરવામાં આવેલ છે, જે આપણે ચાલુ રાખેલ છે. ફરજ દરમ્યાન પ્રવાસ ભથ્થાં, દૈનિક ભથ્થાં અને પી.ટી.એ.ના દર સુધારેલા મુજબ કેન્દ્ર સરકાર આપે છે, આપણે પ્રવર્તમાન દર સુધાર્યા પૂર્વે પગાર ધોરણમાં હતા એ યથાવત

રાખ્યા છે. ફેમિલિ પ્લાનિંગ એલાવન્સ કેન્દ્ર સરકારમાં આપવામાં આવે છે. આપણે આજે આપીએ છીએ એ સુધારેલા પૂર્વેના દર યથાવત રાખેલ છે. અન્ય ભથ્થાં, ખાસ પગાર, ચાર્જ એલાવન્સ પછી કર્મચારીને મળવાપાત્ર કેશ એલાવન્સ દરમાં સુધારો કરેલ છે, જયારે નાણા વિભાગના તારીખ ૨૭/૫/૦૯ ના ઠરાવથી :લેવાયેલ નિર્ણય મુજબ તમામ ભથ્થાંઓ જે પ્રવર્તમાન દરે એટલે કે સુધાર્યા પહેલાંના પગારધોરણ મુજબ હતાં એ રીતે આપવામાં આવે છે અને પગારપંચની ભલામણની તા. ૧-૧-૦૬ થી મળેલ તફાવતની રકમ ચૂકવવાની છે એ કેન્દ્ર સરકારે એરીઅર્સ તફાવતની ચૂકવણીની પધ્ધતિ વાર્ષિક ૪૦ ટકા અને ૬૦ ટકા એમ બે હપતામાં રોકડમાં આપવાનો નિર્ણય કર્યો છે જયારે રાજય સરકાર દ્વારા દર વર્ષે ૨૦ ટકા પ્રમાણે ૫ વાર્ષિક હપતામાં સામાન્ય ભવિષ્ય નિધિમાં ૫ વર્ષના લોક ઈન પિરિયડ માટે જમા કરવામાં આવશે એ રીતે નકકી કર્યુ છે અને જે પેન્શનરો છે તેમને દર વર્ષે ૨૦ ટકા પ્રમાણે ૫ વાર્ષિક હપતામાં પેન્શનરના ખાતામાં જમા કરવામાં આવશે એ રીતે પેન્શનરો માટે છે અને કેન્દ્ર સકારે ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે મળવાપાત્ર એસ્યોરન્સ કેરિયર પ્રોગ્રેસ યોજના લાગુ પાડી છે જે આપણે એમાં કોઈ સુધારો કરેલ નથી. આ રીતે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે તફાવત છે, પરંતુ મોટાભાગની વાત આપણે કેન્દ્ર સરકારની સ્વીકારેલી છે અને આપણે જૂનાં જે ભથ્થાં હતાં એ પણ એમને એમ ચાલુ રાખ્યાં છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશના અર્થતંત્રના વિકાસ સાથે ખાનગી ક્ષેત્રમાં પણ જયારે પગાર વધ્યો હોય ત્યારે સરકારી કર્મચારીઓને પણ પગાર વધારાનો લાભ મળે એ ઈચ્છનીય ગણાય, પરંતુ રાજયની તિજોરી ઉપર આના કારણે જે ભારણ આવે છે તેની સામે જે પ્રમાણે ખાનગી ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવા માટે તાલીમ આપીને ગુણાત્મક સુધારા દ્વારા વધારે એફિશિયન્ટ કર્મચારીને બનાવીને કામ કરવા માટેનું જે આયોજન કરવામાં આવે છે એ રીતે રાજય સરકારના કર્મચારીઓને પણ કર્મચારીમાંથી કર્મયોગી બનાવીને આ જે છઠ્ઠા પગારપંચની ભલામણોમાં એવી કોઈ જોગવાઈ છે કે જેના કારણે ઉત્પાદકતા એટલે કે તેમની પ્રોડકિટીવીટીમાં સુધારો થાય અને આ રીતે આ દિશામાં કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : એ છઠ્ઠા પગારપંચમાં નથી, પાંચમા પગારપંચમાં હતું કે કર્મચારી પાસેથી વધારે કલાક કામ લેવાનું જેટલો પગાર વધારો કરીએ, પરંતુ પાંચમા પગારપંચમાં એમણે એ પધ્ધતિ ચાલુ રાખી, આપણે સ્વીકારી નહોતી, પછી તમામ કર્મચારી પોતાનું કર્તવ્ય બજાવવા માટે એ કર્મચારીમાંથી કર્મયોગી બને એના માટે અવારનવાર તાલીમ આપીને એ બધું કરીએ છીએ અને અત્યારે એ કર્મચારી તરફથી વધું સારો એવો રિસ્પોન્સ મળેલ છે અને સારી એવી કામગીરી કરે છે. વિશેષ જયારે જરૂર પડશે ત્યારે કર્મચારી પાસેથી ઓછા સમયમાં વધારે કામ લેવું એના માટેની યોજના પણ રાજય સરકાર ચોકકસ કરશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૪ હજાર કરોડ રૂપિયાનો બોજો ગુજરાત સરકાર ઉપર પડયો એમાં કેન્દ્ર સરકારની કોઈ સહાય કે લોન જેવું છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, નવાઈની વાત એ છે કે આમાં કેન્દ્ર સરકારની કોઈ સહાય નથી. આપણો બોજો ૪ હજાર કરોડ નહીં, પરંતુ ૪૫૧૧ કરોડ કર્મચારીઓના અને જે પેન્શનરોના છે એ પણ ૪૭૨.૬૦ કરોડ રુપિયા છે એ પણ એમને આપવાના છે એમાં કેન્દ્ર સરકાર કાંઈ આપતી નથી. ખરેખર ગણતરી કરીએ તો કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓને ૨૫ ટકા અંદાજે પગાર વધારો આપ્યો એ ૨૫ ટકામાંથી કેન્દ્ર સરકારને ઈન્કમ ટેકસના ૨૦ ટકા લેખે એટલે ૨૫ ટકાના ૨૦ ટકા લેખે એટલે ૨ાા x ૨ એટલે ૫ થાય. એટલે એ ૫ ટકા તો એમને ઈન્કમટેકસમાં મળશે. એટલે એને એનો લાભ મળે છે. એટલે ખરેખર પગાર વધારો ૨૫ ટકા કર્યો, પરંતુ આ ૫ ટકા ઈન્કમટેકસના કાપી લે એટલે ૨૦ ટકા જ વધારો થયો. આખા હિન્દુસ્તાનના તમામ રાજયના કર્મચારીઓનો જે પગાર વધારો થાય એમાંથી પણ એમને ૨૦ ટકા ઈન્કમટેકસના મળે. એટલે કેન્દ્ર સરકારના કર્મચારીઓ કરતાં રાજય સરકારોના કર્મચારીઓની સંખ્યા અનેકગણી વધારે હોવાથી કેન્દ્ર સરકાર છઠ્ઠું પગારપંચ આપીને અને કેન્દ્ર સરકાર પોતે આપે છે એમ કહે પરંતુ રાજય સરકારના કર્મચારીઓ પાસેથી ઈન્કમટેકસ મારફતે પણ લઈને આ કેન્દ્ર સરકાર આમાં પ્રોફિટ કરે છે, રાજય સરકારને કોઈ મદદ કરતી નથી.

## આણંદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજનાની મળેલ અરજીઓ

***૧૦૯૫૨ શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ(આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯નીસ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૪૨૦.

(૨) ૩૬૫.

**શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આણંદ જિલ્લાની કુલ અરજીઓ પૈકી ૫૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તેના કારણો શું છે? જે અરજીઓ

આણંદ જિલ્લામાં આવી તેમાં અનુસૂચિત જાતિની કેટલી અને વિકસતી જાતિની કેટલી? અને તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી છે? અને આ અરજીઓ મંજૂર થઈ છે એમાં આણંદ તાલુકામાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે અન કેટલી નામંજૂર કરવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં કુલ ૪૨૦ અરજીઓ આવી હતી એમાંથી ૩૬૫ મંજૂર થઈ છે, પણ ૫૫ નામંજૂર નથી થઈ, ફકત ૭ અરજીઓ જ નામંજૂર થઈ છે, બાકીની ૪૮ પડતર છે. એમનો બીજો પ્રશ્ન એ છે કે આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ આવી હતી, તો અનુસૂચિત જાતિની એક અરજી આવી હતી, અને વિકસતી જાતિની ૩૬૪ અરજીઓ આવી હતી. લાભાર્થીઓ વધારે હોવાથી ૪૧૯ વત્તા ૧ એમ કુલ ૪૨૦ અરજીઓ થઈ, અને જે નામંજૂર થઈ છે એમાં ૭ અરજીઓ જે વિકસતી જાતિની હતી તે નામંજૂર થઈ છે. અને એક અરજી જે પેન્ડીંગ છે તે સંસ્થા એક છે પણ ૪૮ યુગલો છે અને રંગ અવધુત કેળવણી મંડળ બોરસદની છે તેની પુર્તતા બાકી હોવાથી તે પેન્ડીંગ રહી છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આવેલ અરજીઓ પૈકી ખંભાત તાલુકાની કેટલી આવી છે અને બીજું કે સમૂહ લગ્નના આયોજન કરનારને કયા કયા લાભ મળે છે?ખાસ આ યોજનામાં પહેલા આવી સંસ્થાઓમાં આયોજન કરવામાં આવતું ત્યારે ધારાસભ્યશ્રીની સહી કરાવવામાં આવતી હતી. તે બંધ કરાવવામાં આવેલ છે. તો તે ફરીથી સહી લેવાનું શરૂ કરવામાં આવશે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન એમનો ખંભાત તાલુકા માટેનો છે, આણંદ જિલ્લામાં ખંભાત તાલુકામાં અનુસૂચિત જાતિની એક અરજી આવી હતી અને એક મંજૂર થઈ ગઈ છે. બીજી કોઈ ખંભાત તાલુકામાં અરજીઓ આવેલ નથી. બીજો પ્રશ્ન એમનો એ હતો કે જે સમૂહ લગ્ન કરે છે તેને શું શું પ્રોત્સાહન આપવામાં આવે છે. તો બધા સમૂહ લગ્નના આયોજન કરનાર સંસ્થાઓ છે તેને દસ યુગલ કરતા વધારે યુગલ હોય તો એક યુગલ દીઠ એક હજાર રૂપિયા અને વધુમાં વધુ ૨૫ હજાર રૂપિયા સુધીની સહાય સરકાર તરફથી આપવામાં આવે છે. ત્રીજો એમનો પ્રશ્ન એ સૂચન છે.

**વડોદરા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ**

***૧૦૪૪૦ શ્રીજીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી,

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૪૮.

(૨) રૂા. ૪૩૧.૦૦ લાખ.

(૩) ૧૬૬૨.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ યોજનામાં મકાન સહાયની રકમમાં કોઈ વધારો કરવામાં આવ્યો છે કે કેમ? અને કર્યો હોય તો કેટલો કર્યો છે અને કયારથી કર્યો છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મકાન સહાયના વધારાની વાત કરી તો મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે અત્યાર સુધી મકાન સહાય ૪૦ હજાર રૂપિયા આપવામાં આવતી હતી તે આ વખતથી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અસીમ કૃપાથી ગુજરાત રાજયના તમામ ઓ.બી.સી. લાભાર્થીઓને ૪૦ હજારમાંથી વધારો કરીને ૪૩૫૦૦ રૂપિયા સહાયનું ધોરણ અમલમાં મુકવામાં આવેલ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ૪૮ આવાસ મંજૂર કરવામાં આવ્યા છે તે કયા કયા વિસ્તારોમાં કરવામાં આવ્યા છે? અને આ યોજનામાંથી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા છે અને એક યુનિટ દીઠ લાભાર્થીઓને કેટલો લાભ આપવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય સભ્યશ્રીએ આખા જિલ્લાની વાત કરી છે. વડોદરા જિલ્લામાં પાંચ વસાહતોમાં ૧૪૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૪૮ લાખ ૯૦ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૪૮ લાખ ૯૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. વાઘોડિયા તાલુકામાં ૭ વસાહતો મંજૂર કરવામાં આવી છે જેમાં ૨૫૯ લાભાર્થીઓ પાછળ ૮૦ લાખ ૪૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાદરા તાલુકામાં ૧૦ વસાહતો મંજૂર કરવામાં આવી છે. જેમાં ૩૭૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે જેની પાછળ ૭૬ લાખ ૧૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. ડભોઈ તાલુકામાં ૬ વસાહતો મંજૂર કરવામાં આવી છે, ૨૫૬ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે જેની પાછળ ૪૮ લાખ ૫૫ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. શિનોર

તાલુકામાં ચાર વસાહતો મંજૂર કરવામાં આવી છે. ૧૭૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે જેની પાછળ ૩૯ લાખ ૩૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. સાવલી તાલુકામાં ચાર વસાહતો મંજૂર કરવામાં આવી છે. ૨૫૩ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે જેની પાછળ ૬૩ લાખ ૩૫ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. પાવી-જેતપુર તાલુકાની બે વસાહતો મંજૂર કરવામાં આવી છે, જેમાં ૬૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે જેની પાછળ ૧૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. સંખેડા તાલુકામાં ૮ વસાહતો મંજૂર કરવામાં આવી છે. જેમાં ૧૬૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે જેની પાછળ ૪૩ લાખ ૮૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. નસવાડી તાલુકામાં એક વસાહત મંજૂર કરવામાં આવી છે, જેમાં ૩૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે જેની પાછળ ૮ લાખ ૬૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. કરજણ તાલુકામાં એક વસાહત મંજૂર કરવામાં આવી છે. જેમાં ૧૦ લાભાર્થીઓની પાછળ ચાર લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. છોટાઉદેપુર તાલુકામાંથી એક પણ અરજી મળી નથી. એ જ રીતે કવાંઠ તાલુકામાંથી એક પણ અરજી મળી નથી. ૩૩ અરજીઓ અપૂર્ણ બતાવવામાં આવી છે. પરંતુ એની સહાય ચૂકવી આપવામાં આવી છે. લાભાર્થીઓ પોતાનો લોકફાળો આપે જેમ બને તેમ કામ ગતિમાં છે. બે હપતામાં સહાય આપી દીધી છે. પહેલો હપતો ૨૦ હજાર અને બીજો હપતો ૨૩,૫૦૦ ચૂકવી આપવામાં આવ્યો છે. લાભાર્થીઓ પોતાની કામગીરી સત્વરે પૂરી કરે તેવી અપેક્ષા છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : પંડિત દિનદયાળ આવાસ યોજના નીચે કેટલી અરજીઓ આવી એમાં કેટલી મંજૂર થઈ અને કેટલી પડતર છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : અગાઉ મેં કહ્યું તેમ ૧૬૬૨ લાભાર્થીઓની અરજી આવી. ૧૬૬૨માંથી ૧૬૨૯ અરજીઓ પૂર્ણ થઈ છે. અગાઉ કહ્યું તેમ ૩૩ લાભાર્થીઓને મંજૂરી આપી દીધી છે, હપતા પણ આપી દીધા છે એક પણ અરજી પેન્ડિગ નથી.

**મહેસાણા જિલ્લામાં સફાઈ કામદાર યોજનાની મળેલ અરજીઓ**

***૧૦૯૯૪ શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સફાઈ કામદાર યોજના હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી,
(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને
(૪) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરકારે કેટલી રકમની જોગવાઈ કરેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ હસ્તકની સફાઈ કામદારો માટેની વિવિધ યોજનાઓ હેઠળ લાભ મેળવવા ૨૦૦ અરજીઓ મળેલ છે.
(૨) ૧૭૨
(૩) ૨૮
(૪) જિલ્લા કક્ષાની કોઈ અલગ જોગવાઈ કરવામાં આવતી નથી., પરંતુ સમગ્ર રાજયમાં સફાઈ કામદાર વિકાસ નિગમની વિવિધ યોજનાના અમલ માટે રૂા. ૨૬૪૧.૪૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે સફાઈ કામદાર યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં ૨૦૦ અરજીઓ મળી એમાં ખેરાલુ અને સતલાસણાની કેટલી અરજીઓ મળી, એમાંથી કેટલી મંજૂર અને કેટલી નામંજૂર થઈ, જો નામંજૂર થઈ હોય તો એના કારણો શું?

મારો બીજો પ્રશ્ન એ છે કે મહેસાણા જિલ્લામાં ૨૦૦ અરજીઓ મળી એમાં ડો. આંબેડકર આવાસ યોજના માટે કેટલી અને મહિલા સમૃદ્ધિ યોજના માટે કેટલી અરજીઓ આવી, એમાં કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : મહેસાણા જિલ્લામાં જે ૨૦૦ અરજીઓ મળી છે એમાં ખેરાલુ તાલુકાની ૩૬ અને સતલાસણા તાલુકાની ૩૪ અરજીઓ છે. જે મંજૂર થઈ એમાં ખેરાલુ તાલુકાની ૩૦ અને સતલાસણા તાલુકાની ૨૮ છે. જે નામંજૂર થઈ એમાં ખેરાલુ તાલુકાની છ અને સતલાસણા તાલુકાની છ અરજીઓ નામંજૂર થઈ છે. જે નામંજૂરીના કારણો છે એમાં આ યોજના સફાઈ કામદારોના આશ્રિતો માટેની યોજના છે એના પુનઃવસન માટેની છે. એ વખતે એના આશ્રિત ન હોય એનું પણ કારણ છે, ઉંમર વધારે હોય એ પણ કારણ છે. અપૂરતા પૂરાવાના કારણે પણ આવી અરજીઓ નામંજૂર કરવામાં આવે છે. એમણે એમ પૂછયું કે ૨૦૦ અરજીઓ છે એમાં આંબેડકર આવાસ યોજના માટે કેટલી અરજીઓ આવી છે તો એવી ૭૭ અરજીઓ આવી છે. એમાં ૭૩ મંજૂર અને ૪ નામંજૂર કરવામાં આવી છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લામાં સફાઈ કામદાર યોજના હેઠળ કડી તાલુકામાં કેટલી અરજીઓ મળી? કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ કડી તાલુકામાં કુલ ૧૫ અરજીઓ મળી, તેમાંથી ૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સફાઈ કામદારો આર્થિક રીતે પછાત હોય છે, અજ્ઞાન હોય છે. તેમના સુધી આ યોજના પહોંચતી નથી તો તેના માટે સરકાર વધુ પ્રચાર-પ્રસાર કરવા માગે છે કે કેમ? અને ઉંઝા તાલુકામાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કામદારો માટેની સરકારની વિવિધ યોજનાઓ છે. તેમાં ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના છે, વ્યકિતગત સીધા ધિરાણની યોજના છે. મહિલા સમૃદ્ધિ યોજના છે, સેનેટરી માર્ટની યોજના છે. આ બધી યોજનાઓનો સમયાનુસાર પ્રચાર પણ થતો હોય છે. પ્રચાર માટેના જુદા કૅમ્પ પણ રાખવામાં આવતા હોય છે. સમાજ કલ્યાણ અધિકારી દ્વારા તેના જે કોઈ લાભાર્થી હોય છે તેમની સાથે મિટિંગો ગોઠવીને આ યોજનાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. તેમણે ઉંઝા તાલુકાનું પૂછયું છે. તો ઉંઝા તાલુકામાં આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના નીચે ત્રણ અરજી આવી અને ત્રણે અરજીઓ મંજૂર કરવામાં આવી છે. વ્યકિતગત સીધા ધિરાણની યોજનામાં એક અરજી આવી અને એક અરજી મંજૂર કરવામાં આવી છે. મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ એક પણ અરજી આવી નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ગના યુવાનોને મુખ્ય પ્રવાહની સાથે જોડી શકાય તેના માટે તાલીમ દ્વારા અને શિક્ષણના ક્ષેત્રમાં પણ જે તેજસ્વી તારલાઓ આ સમાજમાંથી આવતા હોય તેના માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા કોઈ યોજના ઘડવામાં આવી છે કે કેમ? કારણ કે આજે આર્થિક વિકાસના કારણે હ્યુમન રીસોર્સીસની વિશેષ જરૂરિયાત આવતા સમયમાં ઉભી થવાની છે. ત્યારે આ વર્ગમાંથી ટેકનિકલ તાલીમ, આઈ.ટી.આઈ. પ્રકારની તાલીમ અને જે તેજસ્વી હોય એ મુખ્ય પ્રવાહના વિદ્યાર્થીઓ સાથે જોડાઈ શકે તેવા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સુધીની સુવિધા આપવા માટેનું કોઈ આયોજન આ નિગમ દ્વારા વિચારવામાં આવેલ છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની જે વિવિધ યોજનાઓ છે તેમાં આર્થિક ઉપાર્જન માટેની યોજનાઓ આ નિગમ દ્વારા કરવામાં આવે છે અને બાકીની જે યોજનાઓ છે એ વિભાગના નિયામક ઑફિસમાંથી કરવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓ હોય છે એ જનરલ બધા માટે જે યોજનાઓ દાખલ કરી છે તેનો લાભ આ વાલ્મિકી સમાજના યુવાનોને પણ મળે છે. તેમાં યોજનાઓમાં અતિ પછાતમાં વાલ્મિકી સમાજ આવતો હોવાથી આવકનું કોઈ ધોરણ તેમાં રાખવામાં આવ્યું નથી.

### સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે ચૂકવેલ સહાય

***૧૦૪૮૧ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા કલાવૃન્દોને રાજય બહાર અને વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી અને
૨. કેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવી?

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી :**

૧. વર્ષ ૨૦૦૮-૦૯માં (૧) રાજય બહાર કાર્યક્રમ રજૂ કરવા માટે ૩૧ (એકત્રીસ) કલાવૃંદોને તથા (૨) વિદેશ ખાતે કાર્યક્રમ રજૂ કરવા માટે ૫ (પાંચ) કલાવૃંદોને મંજૂરી આપવામાં આવી. કુલ ૩૬ કલાવૃંદોને મંજૂરી આપવામાં આવી.
૨. સને ૨૦૦૮-૦૯માં કુલ રૂપિયા ૪૩,૭૫,૭૬૧-૦૦ની આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજયમાં સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ જે કલાવૃંદોને રાજય અને રાષ્ટ્રની બહાર મોકલવામાં આવે છે, તે કાર્યક્રમ રજૂ કરનાર સંસ્થાને કેટલી સહાય આપવામાં આવે છે અને બીજું એ પૂછવું છે કે ૨૦૦૮-૦૯માં ગુજરાતની બહાર કેટલી સંસ્થાઓએ આવી માગણી કરી અને આ પૈકી કેટલી સંસ્થા અને કેટલા કલાવૃંદો મોકલી આપવામાં આવ્યા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે રાજય બહાર જે સંસ્થાઓને મોકલવામાં આવે છે તેને ૧,૭૫,૦૦૦ની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. અને રાષ્ટ્રની બહાર જે સંસ્થાઓને મોકલવામાં આવે એને બે લાખ રૂપિયાની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે ૨૦૦૮-૦૯માં ગુજરાત બહાર કેટલી સંસ્થાઓએ માગણી કરી અને કેટલી મોકલવામાં આવી?

તો એમાં ૧૯ સંસ્થાઓએ આપણી ગુજરાતની સંસ્થાઓના કલાવૃંદોની માગણી કરી હતી. તે પૈકી ૧૩ સંસ્થાઓના ૧૮ કલાવૃંદોને રાજય સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા મોકલી આપવામાં આવ્યા છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે જે કલાવૃંદો રાષ્ટ્ર કે રાજયની બહાર જાય છે તે કલાકારોને કેટલી સહાય આપવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ કહ્યું તે પ્રમાણે જે સંસ્થાઓ અને જે કલાકારો હોય છે એમને આવવા-જવાનું પૂરેપૂરું ભાડુ, મુસાફરી દરમિયાન રૂ.૯૦ની મર્યાદામાં દૈનિક ભથ્થું તથા પરફોમન્સના રૂ.૨૫૦ પ્રમાણે એમને પુરસ્કાર આપવામાં આવે છે અને જે પરફોમન્સ કરે તે માટેનો ગણવેશ પેટે રૂ.૧૦૦ આપવામાં આવે છે.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે યજમાન સંસ્થા ગુજરાતના કલાકારોને બોલાવે એને વ્યવસ્થા કરવાની હોય છે કે કેમ? અને કઈ કઈ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે યજમાન સંસ્થા ગુજરાતના કલાકારોને બોલાવે તો તેમણે સ્થાનિક રહેવા જમવાની વ્યવસ્થા કરવાની, સ્થાનિક વાહન-વ્યવહારની વ્યવસ્થા કરવાની, કાર્યક્રમ માટે સ્ટેજ, માઇક વગેરેની વ્યવસ્થા. ટૂંકમાં ત્યાં ગયા પછી સઘળી વ્યવસ્થા યજમાન સંસ્થાએ જે બોલાવતા હોય તેમણે કરવાની હોય છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજયમાં જૂના વખતમાં ગામડામાં ભવાઈ, નાટક, આખ્યાન ચાલતા અને ગામડાના લોકોને એના દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવતું હતું. એ હાલમાં ટી.વી. અને અન્ય માધ્યમોથી લુપ્ત થયું છે. ત્યારે આવો જે સાંસ્કૃતિક વારસો છે એને જીવંત રાખવા માટે રાજય સરકાર તેમને ટ્રેનિંગ, તાલીમ આપવાનું આયોજન વિચારે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એના માટે ગયા વર્ષે જ આયોજન કરવામાં આવ્યું છે. આપણે ત્યાં પહેલાં જે નાટક, ભવાઈ તૂરી અને બારોટ સમાજ અને એના કલાકારો ગામે ગામ જતા હતા. આજે આ કલા લુપ્ત થયેલી દેખાય છે. એટલા માટે ગયા વર્ષના બજેટમાં રૂ.૪૫ લાખની જોગવાઈ આ તૂરી અને બારોટ સમાજ સાંસ્કૃતિક વારસો જાળવી રાખે એના માટે કરી છે. મને કહેતાં આનંદ થાય છે કે, એમનો તાલીમ વર્કશૉપ અને સાથોસાથ ગાંધીનગરની અંદર જે કાર્યક્રમો થાય છે એની અંદર પણ એમને જોડીને એમનો કલા વારસો જીવંત રહે એ માટેનો પ્રયત્ન રાજય સરકાર કરી રહી છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વિદેશ જતા કલાવૃંદોની અંદર શ્રેષ્ઠ કલાકારો હોય છે અને તેઓ ગુજરાત અને હિંદુસ્તાનનું નામ રોશન કરનાર હોય છે. આપણા કલાકારો નિવૃત્ત થાય છે કે જ્યારે એમની આર્થિક પરિસ્થિતિ ખરાબ થાય છે ત્યારે એમને જીવન જીવવાની પણ તકલીફ પડતી હોય છે. તો આવા કલાકારોને ગુજરાત સરકાર કોઈ માનદ વેતન આપે છે કે નહીં?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આવા કલાકારો માટે એક સ્કીમ છે એના દ્વારા આવા કલાકારોને સહાય આપીને એમને મદદ કરી શકીએ છીએ.

### જામનગર જિલ્લામાં સફાઈ કામદાર યોજના હેઠળ મળેલ અરજીઓ

*** ૧૦૯૪૬ શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સફાઈ કામદાર યોજના હેઠળ તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) વર્ષ ૨૦૦૮-૦૯માં સરકારે કેટલી રકમની જોગવાઈ કરેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ હસ્તકની સફાઈ કામદારો માટેની વિવિધ યોજનાઓ હેઠળ લાભ મેળવવા ૧૫૨ અરજીઓ મળેલ છે.

(૨) ૮૮

(૩) ૬૪

(૫) જિલ્લા કક્ષાએ કોઈ અલગ જોગવાઈ કરવામાં આવતી નથી. પરંતુ સમગ્ર રાજયમાં સફાઈ કામદાર વિકાસ નિગમની વિવિધ યોજનાના અમલ માટે રૂ.૨૬૪૧.૪૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સફાઈ કામદારો માટેની યોજના માટે જામનગર જિલ્લામાં ૧૫૨ અરજીઓ મળી એમાં જામનગર તાલુકાની કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ? અને બીજું જામનગર જિલ્લામાં જે ૬૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં જે અરજીઓ મળી એમાં જામનગર તાલુકાની કુલ ૯૫ અરજીઓ મળી છે. જેમાંથી ૫૦ મંજૂર કરવામાં આવી છે અને ૪૫ નામંજૂર કરવામાં આવી છે. જે ૬૪ નામંજૂર કરવામાં આવી છે એમાં મકાન સહાયની જે યોજના છે એમાં મકાન વિહોણા માટે આ યોજના છે પણ જેમણે અરજી કરી એવા ૮ મિત્રોએ મકાન હયાત હોવા છતાં પણ અરજી કરી હતી માટે એ નામંજૂર કરવામાં આવી છે. ૯ અરજીઓ જે સફાઈ કામદાર આશ્રિત ન હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે. ૧૦ અરજીઓ પૂરા પુરાવા ન આપવાને કારણે નામંજૂર કરવામાં આવી છે. અને બેન્કેબલ જે યોજનાઓ છે એમાં બેન્કો દ્વારા ૧૨ અરજીઓ નામંજૂર થઈ છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે સફાઈ કામદારો માટેની જે જામનગર જિલ્લામાં ૧૫૨ અરજીઓ મળેલ છે તેમાં ખંભાળીયા તાલુકાની કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી છે. બીજો પ્રશ્ન છે જામનગર જિલ્લામાં સીધા ધીરાણ હેઠળ કેટલી અરજી મળી, કેટલી નામંજૂર કરી અને નામંજૂર કરી એના કારણો શું?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જામનગર જિલ્લામાં સીધા ધિરાણની જે યોજનાઓ છે એની ૩૧ અરજીઓ મળી હતી એમાંથી ૨૨ મંજૂર થઈ છે અને ૯ નામંજૂર થઈ છે. એમણે જે બાણવડ તાલુકાનો પ્રશ્ન પૂછયો છે તો એની અંદર ર્ડા. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના નીચે ૯ અરજીઓ મળી હતી એમાંથી નવે નવ મંજૂર કરવામાં આવી છે. એ સિવાય બેન્કેબલ યોજનાની અંદર ૧ અરજી હતી એ બેન્ક દ્વારા નામંજૂર કરવામાં આવી છે. બીજી જે એસ.આર.એમ.એસ. બેન્કેબલ યોજના નીચે જે ૧૫ અરજીઓ મળી હતી એમાંથી ૩ મંજૂર કરવામાં આવી છે અને ૧૨ બેન્કો દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

**મહેસાણા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ લાભાર્થીઓ**

***૧૦૪૩૮ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી,
(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** :

(૧) ૧૨
(૨) રૂા. ૬૪.૩૦ લાખ
(૩) ૨૧૮

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદયના પુરસ્કર્તા સ્વ. પંડિત દિનદયાળ ઉપાધ્યાયના નામ સાથે જોડાયેલી આ યોજના હેઠળ આવાસો મંજૂર કરવા માટેના માપદંડ અને ધોરણો શું છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના અમલીકરણમાં જે કંઈ ભ્રષ્ટાચારની કચાશો હોય એને દૂર કરવા માટે જેમ કે એમાં વપરાતા માલસામાન, એની મંજૂરી માટેની પ્રક્રિયા આ બધા માટે કોઈ ખાસ કાર્યવાહી કરવા માટે મંત્રીશ્રી એના માટે કોઈ આયોજન કરવા ધારે છે કે કેમ? મહેસાણા જિલ્લામાં જે ૧૨ વસાહતો મંજૂર થઈ છે એમાંથી કેટલી બની ગઈ છે અને કેટલી બાકી છે અને બાકીની વસાહતો એ કયાં સુધીમાં પૂરી થઈ જશે એ આપના માધ્યમ મારફતે જાણવું છે.

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આ યોજના માટેના માપદંડ વિશે જે પ્રશ્ન કર્યો છે એમાં અરજદાર સામાજીક અને શૈક્ષણિક આર્થિક પછાત વર્ગ વિચરતી અને વિમુક્ત જાતિનો હોવો જોઈએ, બી.પી.એલ.નો લાભાર્થી હોવો જોઈએ. અરજદારને પોતાની માલિકીની ખુલ્લી જમીનનો પ્લોટ હોવો જોઈએ. ઘરથાળ યોજના હેઠળ પ્લોટ મળેલ હોવો જોઈએ. અરજદારનું પોતાનું ગાર માટીનું કાચું કે જર્જરીત મકાન હોય તો એને લાભ આપવામાં આવે છે. શહેરી વિકાસ મંડળ દ્વારા પ્લોટ મળેલ હોય તો એને પણ લાભ આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે મહેસાણા જિલ્લામાં કેટલી અરજીઓ મંજૂર કરી અને નામંજૂર કેટલી થઈ? તો માનનીય અધ્યક્ષશ્રી, વિજાપુર તાલુકામાં ૩ વસાહતો મંજૂર કરવામાં આવી છે. ૬૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. ૨૨ લાખ ૮૦ હજાર રુપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. વિસનગરમાં ૧ વસાહત મંજૂર કરવામાં આવેલ છે. ૧૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.૩.૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ખેરાળુ તાલુકામાં એક વસાહત મંજૂર કરવામાં આવી છે. એમાં ૧૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૩.૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સતલાસણા

તાલુકામાં બે વસાહતો અને ૪૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે તથા ૧૩.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. કડીમાં બે વસાહતોમાં ૩૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૮.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. બેચરાજીમાં એક વસાહતમાં ૧૦ લાભાર્થીઓને લાભ આપી એની પાછળ બે લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. મહેસાણામાં બે વસાહતો મંજૂર કરવામાં આવી એમાં ૨૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૧૧.૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, કુલ જે અરજીઓ મળી છે એ માટે ૧૨ વસાહતો મંજૂર કરવામાં આવી છે. ૨૧૮ લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો છે અને કુલ રૂપિયા ૬૪.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ ત્રીજો પ્રશ્ન પૂછ્યો છે કે આ યોજનામાં ભ્રષ્ટાચાર રોકવા માટે સરકારે શું પગલાં લીધાં છે? ગામડામાં રહેનાર અતિ પછાત લોકો આ યોજનાઓનો લાભ લેતા હોય છે. આ યોજના હેઠળના લાભાર્થીને ડાયરૅક્ટ પેમેન્ટ કરવામાં આવે છે. આમાં કોઈ વચ્ચે હોતું નથી. લાભાર્થીએ પોતાની રીતે પોતાનું શ્રમ દાન કે બાકીનો લોકફાળો આપવાનો હોય છે અને એ રીતે મકાન બનાવતા હોય છે. એટલે વચ્ચે કોઈ એજન્સી આવતી હોતી ન હોવાના કારણે ભ્રષ્ટાચારની કોઈ શક્યતા રહેતી નથી.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં આ યોજના હેઠળ કેટલી જોગવાઈ કરવામાં આવી છે અને કેટલો ખર્ચ થયો છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ હમણાં વાત કરી તેમ જેટલી અરજીઓ અમારી પાસે આવી એટલી તમામ અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે અને કુલ ખર્ચ રૂા. ૬૪.૩૦ લાખનો કરવામાં આવ્યો છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમણે લિસ્ટ વાંચ્યું એમાં ઉંઝા તાલુકાની એકેય વસાહતનું નામ આવ્યું ન હતું. તો એની અરજી આવી હતી કે કેમ અને અતિ પછાત લોકો પણ ઉંઝા તાલુકામાં રહેતા હોઈ, આ અંગે શું વિચાર્યું છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય સભ્યશ્રીએ વાત કરી તેમ આપણી પાસે જે કોઈ અરજીઓ આવી એને ઈન્વર્ડ કરવામાં આવે છે. ઉંઝા તાલુકામાંથી એક પણ અરજી આવી નથી. માનનીય સભ્યશ્રી નારાયણભાઈ લાભાર્થીઓની તપાસ કરાવી અરજી કરાવશે તો હું એમનો આભાર માનીશ.

## પાટણ જિલ્લામાં પકડાયેલ બાળમજૂરો

*૧૦૪૭૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા બાળમજૂરો પકડવામાં આવ્યા, અને

(૨) બાળ મજૂરી રોકવા માટે સરકારે શાં પ્રયત્નો કર્યા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ-૬ (છ) બાળ મજૂરો શોધેલ છે.

(૨)

(અ) પાટણ જિલ્લામાં બાળ શ્રમિકોને મુક્ત કરાવવા માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કારખાનાઓ/ સંસ્થાઓમાં કુલ ૫૨૮ નિરીક્ષણો/મુલાકાતો કરવામાં આવેલ છે.

(બ) બાળશ્રમિક નાબૂદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.

(ક) બાળ શ્રમયોગી પ્રથા નાબૂદીને વેગ મળે તે હેતુથી પ્રચાર અને પ્રસાર માધ્યમ મારફતે જાગૃતિ અભિયાન કરેલ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ચાની કિટલી પર કે કારખાનામાં અથવા વગડે ભટકતા બાળપણને પ્રાથમિક શાળાઓમાં લાવીને એના જીવનમાં દીવો પ્રગટાવવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે એ બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેતી વ્યવસાય અને નિયત કરેલ બીજા વ્યવસાયોમાં ગ્રામ શ્રમ આયુક્ત દ્વારા પ્રતિબંધિત કરતી વખતે કઈ કઈ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : જે બાળ મજૂરો છે એના માટે પ્રતિબંધ હોય એવા ૧૬ પ્રકારના ધંધા છે અને ૬૫ પ્રકારની પ્રક્રિયાઓ છે. આ ૧૬ પ્રકારના ધંધા અને ૬૫ પ્રકારની પ્રક્રિયાઓ છે એની અંદર ૧૪ વર્ષથી નાનું કોઈપણ બાળક કામ કરતું હોય તો એ પ્રતિબંધિત છે. ખાસ કરીને રેલવે ઉતારું હોય, રેલવેની જગ્યામાં હોય એવો બળેલો કોલસો ઉપાડવાની વાત હોય, રેલવે સ્ટેશને ખાવા-પીવાની દુકાનો ઉપર, પ્લૅટફૉર્મ ઉપર ખાવા-પીવાનું વહેંચવાનું કામ કરતા હોય, રેલવે સ્ટેશનના બાંધકામ અને બીજા કામો અંગે હોય, કોઈપણ બંદરની હદમાં સત્તાધિકાર સાથે સંકળાયેલ કોઈપણ ધંધો હોય એ પ્રતિબંધિત છે. હંગામી લાયસન્સ ધરાવતી દુકાનમાં ફટાકડા અને દારૂખાનું વેચવાને લગતા કામ હોય ત્યાં પણ બાળક કામ ન કરી શકે. કતલખાનામાં કામ ન કરી શકે. ઑટોમોબાઇલ વર્કશોપ અને ગૅરેજ હોય ત્યાં પણ કામ ન કરી શકે. ધાતુઓ ઓગાળવાની ભઠ્ઠીઓ અને ફાઉન્ડ્રી

હોય ત્યાં પણ કામ ન કરી શકે. ટોક્સિન એટલે કે ઝેરી અને જ્વલનશીલ પદાર્થ અથવા સ્ફોટક પદાર્થનું હેન્ડલીંગ થતું હોય ત્યાં પણ કામ ન કરી શકે. હેન્ડલૂમ અને પાવરલૂમ ઉદ્યોગ હોય ત્યાં પણ કામ ના કરી શકે. ખાણો જમીન નીચેની કે પાણી નીચેની કોલસાની ખાણો હોય ત્યાં કામ ના કરી શકે. પ્લાસ્ટિક એકમો અને ફાયબર ગ્લાસના વર્કશોપ હોય ત્યાં પણ કામ ના કરી શકે. ઘરેલું મજૂર અથવા તો નોકર તરીકે બાળક નોકરી કરતું હોય તો પણ આવા ઘરેલું નોકર તરીકે પણ કામ ના કરી શકે. પછી ધાબા, રેસ્ટોરન્ટ, હોટલ, મોટેલ, ચાની દુકાનો, રિસોર્ટ અને મનોરંજન કેન્દ્રો હોય ત્યાં કામ ના કરી શકે અને સોળમું એટલે ડ્રાયવિંગ કરવાનું હોય ત્યાં પણ આ બાળક છે એ પ્રતિબંધિત છે અને આ સિવાય બાકીની ૬૫ પ્રકારની પ્રક્રિયાઓ છે એમાં સામાન્ય રીતે બીડી બનાવવાની હોય, કારપેટ વણવાની હોય, દિવાસળી બનાવવાનું, અબરખ કાપવાનું, સાબુ બનાવવા માટે કે ચામડું સાફ કરવા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ટેબલ ઉપર મૂકી દેજોને.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આજ્ઞાંકિત માણસ છું, માનનીય સભ્યશ્રી પૂછે એટલે મારે કહેવું પડે.

**અધ્યક્ષશ્રી** : તો મારે ત્યાર પછીના જે પ્રશ્નાર્થી હોય છે એને ન્યાય પણ આપવાનો હોય છે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જે આ ૧૬ પ્રકારના ધંધા વર્ણવ્યા અને ૬૫ પ્રકારની પ્રક્રિયા. હવે ચાની લારી કે ગલ્લો એવો કોઈ ધંધો કરતા હોય અને એનું પોતાનું જ બાળક ૧૨-૦૦ વાગે સ્કૂલે જવાનું હોય એ પેહલા એના બાપુજીને એમાં મદદ કરતું હોય તો એના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવે છે કે એને છૂટછાટ મળે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ ઉદ્યોગ હોય અને પોતાનું બાળક કામ કરતું હોય એમાં નહિ પણ આ જે બાળ મજૂરીએ રાખે, એટલે રૂપિયા દઈને રાખતા હોય છે એને પ્રતિબંધિત છે. ખરેખર તો આપ કહો છો એ રીતે પણ હોવું જોઈએ. ભલે પોતાના ઘરનો ધંધો હોય બાળક પાસે ઘરનું કામ પણ પણ ના કરાવવું જોઈએ. એ રીતે છે. આ કાયદો છે એ કેન્દ્ર સરકારે આપણને એ રીતે આપ્યો છે. ઓલઓવર ઈન્ડિયામાં આનો કન્સેપ્ટ આ જ પ્રમાણે આ રીતે ચાલે છે. ખરેખર ઘરના કામની અંદર પણ બાળક પાસેથી મજૂરી ના કરાવવી જોઈએ. એ સિદ્ધાંત અને આપની વાત છે એ સાચી છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ પ્રકારના જો બાળ મજૂરો પકડાય તો એમને પછી ક્યાં રાખવામાં આવે છે? એમને શું સગવડ આપવામાં આવે છે અને કઈ રીતે છુટા કરવામાં આવે છે અને જ્યાંથી પકડાયા હોય એમના માટે દંડની શું જોગવાઈ છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બાળ મજૂરો પકડાય તો લગભગ કોઈ ને કોઈ હોય છે એ કુટુંબના હોય તો એ લોકોને એના કુટુંબને સોંપી દેવામાં આવે છે. કોઈ કુટુંબના ના હોય તો એને ઓબ્ઝર્વેશન હોમની અંદર રાખે છે અને જે જગ્યાએથી બાળ મજૂરો પકડાયા હોય એની સામે ફોજદારી કેસ કરવામાં આવે છે અને એનો દંડ પણ કોર્ટ કરે છે અને આવા સામે કોર્ટમાં કેસ થાય એની સામે કાયદેસર કાર્યવાહી પણ કરવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં બાળ મજૂરીએ રાખવા માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા છે એમાં જવાબમાં (અ) (બ) (ક) જે પગલા લીધા છે એ બતાવ્યું છે પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આના સિવાય પણ કોઈ પ્રયત્નો કરવામાં આવ્યાં છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બાળ મજૂરી આના માટે થઈને તો આ બધા મુખ્ય કારણો એ રીત છે પણ એના માટે થઈને બાળ મજૂરી રોકવા માટે થઈને રાજ્ય સરકારે એની ગંભીરતા લઈ અને મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને પણ કમિટી બનાવી છે. એ સિવાય અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગાર એના અધ્યક્ષસ્થાને પણ કમિટી બનાવી છે, એ જ રીતે મોનીટરિંગ સેલ માટે થઈને શ્રમઆયુકતના અધ્યક્ષસ્થાને પણ એક કમિટી બનાવી છે અને તમામ જિલ્લાની અંદર કલેકટરશ્રીઓના અધ્યક્ષસ્થાને પણ કમિટી બનાવી છે. આ જુદી જુદી ચાર પ્રકારની કમિટી બનાવીને એનું મોનીટરિંગ કરવામાં આવે છે અને જે શ્રમ વિભાગનો સ્ટાફ છે એ સ્ટાફ જે તે તાલુકાની અંદર, જે તે શહેરની અંદર જે તે નગરપાલિકામાં જઈ અને આનું ચેકિંગ કરે છે અને બાળ મજૂરી આ જે ૧૬ ધંધા અને ૬૫ પ્રક્રિયા છે એમાં કયાંય બાળ મજૂરો કામ ના કરે એના માટે થઈને પૂરી તકેદારી રાખવામાં આવે છે.

**અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓના વિદેશ અભ્યાસ માટે લોન અન્વયે કરેલ ખર્ચ**

***૧૦૪૪૨ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અનુસુચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની વિદેશ અભ્યાસ માટે લોનની યોજનામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા વિદ્યાર્થીઓને લોન આપવામાં આવી,

(૨) તે પૈકી કેટલી અતિપછાત વિદ્યાર્થીનીઓને વિદેશ અભ્યાસની લોન આપી, અને

(૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૮૫

(૨) ૧ (એક)

(૩) રૂ. ૮૪૧.૨૦લાખ

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વિદેશ અભ્યાસ કરવા માટેની લોનની ૨૦૦૮-૦૯માં કેટલી અરજીઓ આવી, અગાઉ પડતર કેટલી અરજી હતી, કેટલી અરજી મંજુર થઈ, કેટલી નામંજુર થઈ અને એના કારણો શા છે? અને કેટલી અરજીઓ પડતર છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની ૨૦૦૮-૦૯માં ૧૧૦ અરજીઓ આવી હતી. અગાઉની ૪૧ અરજીઓ પડતર હતી એ પૈકી ૮૫ મંજુર થઈ, ૧૨ નામંજુર થઈ અને જયારે જવાબ પુછાયો ત્યારે ૫૪ પડતર હતી. આજની તારીખે એ ૫૪ અરજીમાંથી ૧૯ અરજી મંજુર કરવામાં આવી, પાંચ નામંજુર કરવામાં આવી અને ૩૦ પડતર છે આ પડતરનું કારણ એ છે કે એમણે જે પૂર્તતા કરવાના હોય એ માટેના ડોકયુમેન્ટ હજુ સુધી આપ્યા નથી. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન એ પણ પૂછયો કે નામંજુરના કારણો શા છે? આ યોજનામાં ૫૦ટકા કરતાં વધારે ગુણ હોય એવા જ વિદ્યાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવે છે એટલે ૫૦ ટકા કરતાં ઓછા ગુણ હોય એવા વિદ્યાર્થીઓને આ લાભ મળતો નથી અને બીજું વિદેશ ગયા પછી જો કોઈએ અરજી કરી હોય એમને પણ આ લાભ આપવામાં આવતો નથી અને એ રીતે આ અરજીઓ નામંજુર કરવામાં આવી છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું પરંતુ એ પહેલાં હું સરકારને અભિનંદન આપવા માગું છું કે ૮૫ વિદ્યાર્થીઓને સાડાઆઠ કરોડ રૂપિયા જેવી રકમ વિદેશ અભ્યાસ માટે જે લોન સ્વરૂપે આપવામાં આવી છે એ બદલ હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું પરંતુ મારે એ જાણવું છે કે ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના માટે જે લોન આપવામાં આવે છે એના પાત્રતાના ધોરણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનામાં બારમા ધોરણમાં જેમને ૫૦ટકા કે તેથી વધુ ગુણ આવ્યા હોય તેમને ડિપ્લોમા અથવા તેની સમકક્ષ ટેકનીકલ કોઈ કોર્ષ કરવા માટે જવું હોય તો તેમને આનો લાભ આપવામાં આવે છે. એક કુટુંબમાં એક જ વ્યકિતને આ લાભ આપવામાં આવે છે પણ એમાં જો એ કુટુંબમાં જો દીકરાએ લાભ ન લીધો હોય અને પુત્રવધુ જો જવા માગતા હોય તો તેમને પણ લાભ આપવામાં આવે છે. બીજું અભ્યાસ બાદ પાંચ વર્ષ માટે એમને ભારત દેશમાં પોતાની સેવા આપવી એ પણ એમાં એક આયોજન કર્યું છે એના માટે વિઝા આપ્યા બાદ જ એની ચૂકવણી થાય છે. આ રીતે એના પાત્રતાના ધોરણો છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજયના મુખ્યમંત્રીશ્રીનો પહેલાં તો આભાર માનું છું કે અતિ પછાત વિદ્યાર્થીઓને આ પહેલી એવી સરકાર છે કે વિદેશમાં ભણવા જાય તો એમને લોન આપવામાં આવે છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે એમના જવાબમાં બીજા પ્રશ્નમાં અતિ પછાત જાતિના એક વિદ્યાર્થીની અરજી મંજુર થઈ તેમ દર્શાવે છે જે તા. ૩૧-૩-૨૦૦૯ની પરિસ્થિતિ છે. આજે અતિ પછાત કેટલી અરજીઓ મંજુર થઈ, વિદેશમાં અભ્યાસ લોન માટે સુરત જિલ્લામાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજુર થઈ, કેટલી નામંજુર થઈ અને કેટલી પડતર છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના બીજા પ્રશ્નનો જવાબ પહેલાં આપું તો સુરત જિલ્લામાં ચાર અરજીઓ આવી, એક મંજુર થઈ, એક પણ નામંજુર થઈ નથી. ત્રણ પડતર છે એ પૂર્તતા માટે છે. એમનો જે પહેલો પ્રશ્ન હતો અતિ પછાત વિદ્યાર્થીઓમાટે તો જવાબ વખતે ૨૦૦૮-૦૯માં એ મંજુર કરવામાં આવી હતી.પણ આજની તારીખે ૨૦૦૮-૦૯ માં કુલ ૫ અતિ પછાત વિદ્યાર્થીઓને આ લોન આપવામાં આવી છે અને યોજનામાં અત્યાર સુધીમાં ૩૩૩ જે અરજી મંજૂર થઈ એમાં ૨૧ અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને લોન આપવામાં આવી છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રૂપિયા ૮૪૧.૨૦ લાખનો ખર્ચ થયો છે, એ બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને માનનીય શ્રમ અધિકાર મંત્રીશ્રીને ખૂબ ધન્યવાદ આપું છું. મારો પ્રશ્ન છે કે કચ્છ જિલ્લામાં આ વિદેશ અભ્યાસ માટે કેટલા વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ માં કચ્છ જિલ્લામાંથી એક પણ અરજી આવી ન હોવાથી કોઈને લાભ આપી શકાયો નથી.

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈના મામેરાની મળેલ અરજીઓ**

***૧૦૪૫૫ શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી?

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલી રકમ ચુકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૨૩૬૮

(૨) મંજૂર- ૧૮૭૬
નામંજૂર- ૪૬૮

(૩) રૂપિયા ૯૨.૨૫ લાખ.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો રાજ્યના મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. તેમણે ૯૨.૨૫ લાખની કુંવરબાઈ મામેરા યોજના નીચે સહાય આપી તે બદલ રાજય સરકારને અભિનંદન આપું છું. હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં ૨૩૬૮ અરજીઓ આવેલ હતી, તે પૈકી ૧૮૭૬ મંજૂર થઈ અને નામંજૂર ૪૬૮ થઈ? તો ૨૪ અરજીઓનું શું થયું અને કુંવરબાઈ મામેરા યોજનામાં ૨૩૬૮ અરજીઓ પૈકી અનુસૂચિત જાતિની કેટલી અને વિકસતી જાતિની કેટલી મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ? અને ના મંજૂરીનાં કારણો શાં છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં જે ૨૩૬૮ અરજીઓ આવી, તે પૈકી ૧૮૭૬ મંજૂર થઈ અને ૪૬૮ નામંજૂર થઈ. બાકી ૨૪ અરજીઓ પડતર હતી. એ ૨૨-૬ સુધીમાં આ બધી અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે. હવે એક પણ અરજીઓ પડતર નથી. એમનો બીજો પ્રશ્ન એ હતો કે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ માટેની કેટલી અરજીઓ મંજૂર અને નામંજૂર થઈ? તો અનુસૂચિત જાતિની ૧૭૯૪ અરજીઓ આવી એમાંથી ૧૪૦૯ મંજૂર થઈ અને ૩૬૧ નામંજૂર થઈ છે. વિકસતી જાતિ માટેની ૫૭૪ અરજીઓ આવી એમાંથી ૪૬૭ મંજૂર થઈ અને ૧૦૭ નામંજૂર થઈ છે. નામંજૂરીનાં કારણો પણ માનનીય ધારાસભ્યશ્રી જાણવા માગે છે તો એના માટે જે આવક મર્યાદા છે એ આવક મર્યાદા કરતા વધારે આવક હોવાથી પછી સમય મર્યાદામાં અરજી ન આવી હોવાથી અને એક કુટુંબમાં એક કન્યાને આ યોજનામાં લાભ મળ્યો હોય, એટલે બીજી કન્યાને આ લાભ નથી મળતો એ રીતે નામંજૂર કરવામાં આવી છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ કુંવરબાઈનું મામેરુ એ યોજનાની અંદર જે યોજના છે એમાં કેટલી સહાય ક્યારે ચુકવવામાં આવી છે અને કઈ રીતે ચુકવવામાં આવે છે? તેની પાત્રતાના ધોરણો શું છે અને બીજું અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિના તથા વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી? અને એમાંથી કેટલી મંજૂર અને કેટલી નામંજૂર થઈ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા પ્રશ્નનો જવાબ પહેલા આપી દઉં. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં બે વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અરજીઓ મળી છે. એમાં અનુસૂચિત જાતિની ૨૧ મળી એમાં ૧૯ મંજૂર થઈ અને ૨ નામંજૂર થઈ. વિકસતી જાતિની ૧૫ મળી અને ૧૩ મંજૂર કરવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)**

**ગુજરાત સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પાસેથી વેચાણવેરાની વસુલ લેવાની રકમ અંગે**

૧૦૮૨૦**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગુજરાત સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પાસે સેલ્સ ટેક્ષની (GSSIC) બાકી રક્મ વસુલ થઈ નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો આ સ્થિતિએ આ બાકી રક્મ વસુલ કરવા ગત ત્રણ વર્ષમાં શી કાર્યવાહી ક્યારે ક્યારે | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન નિગમની મિલક્તની હરાજી દ્વારા રૂ. ૨.૩૬ કરોડ વસુલ કરેલ છે. |

કોની કોની સામે કરવામાં આવી, અને

➢ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન લેન્ડ-રેવન્યુ કોડ હેઠળ નિગમની મિલક્ત ઉપર ટાંચ અંગેની નોટીસો આપવામાં આવેલ છે. તે ઉપરાંત નિગમની લેણદાર બેંક્ની બાકી વસુલાત અંગે Debt Recovery Tribunal (DRT) ના આદેશ મુજબ રીક્વરી ઓફીસરે એક્મની મિલ્ક્તોની ગોઠવેલ હરાજી સામે DRT સમક્ષ દાવો / વાંધો નોંધાવી હરાજી મુલતવી રખાવેલ.

➢ વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્ય સરકારે નિગમને વાઈન્ડ અપ કરવાનો નિર્ણય લીધેલ હોઈ ઓફીશીયલ લીક્વીડેટર સમક્ષ બાકી વસુલાત માટે દાવો નોંધાવેલ છે.

(૩) જો ના, તો તા. ૩૧-૩-૦૯ સુધીમાં ગત ત્રણ વર્ષમાં વર્ષવાર બાકી રકમની વસુલાત કઈ કઈ રીતે ક્યારે ક્યારે કોની પાસેથી કરવામાં આવી અગર કઈ કઈ કાર્યવાહી કોની કોની સામે થઈ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રમત ગમત ક્ષેત્રે મહાનુભાવોને આપેલ એવોર્ડ**

૯૪૪૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સને ૨૦૦૮ના વર્ષમાં સાંસ્કૃતિક તેમજ રમતગમત ક્ષેત્રે કેટલા મહાનુભાવોનું સન્માન કરી એવોર્ડ આપવામાં આવ્યા?

**જવાબ**

૨૦૦૮ના વર્ષ દરમિયાન રમતગમત ક્ષેત્રે ૧૫ એવોર્ડ આપવામાં આવેલ છે. તથા લલિતકલા ક્ષેત્રે ૧૮ એવોર્ડ આપવામાં આવેલ છે.

------------

**પંચમહાલ જિલ્લામાં વિકલાંગ ઈસમોને સહાયતાની મળેલ માગણીઓ**

૯૭૩૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ કેટલા વિકલાંગ ઈસમોએ સહાયતા માટે માગણી કરી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | સહાયતા માટે માગણી કરેલ ઈસમોની સંખ્યા |
|---|---|
| ગોધરા | ૨૦૦ |
| કાલોલ | ૧૬૮ |
| હાલોલ | ૪૫ |
| ઘોઘંબા | ૫૨ |
| જાંબુઘોડા | ૨ |
| મોરવા (હ) | ૫૫ |
| લુણાવાડા | ૧૬૫ |
| શહેરા | ૮૫ |
| ખાનપુર | ૪૭ |
| કડાણા | ૨૪ |
| સંતરામપુર | ૯૯ |
| કુલ : | ૯૪૨ |

(૨) કેટલા ઈસમોની માગણી ગ્રાહ્ય રાખવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | માગણી ગ્રાહ્ય રાખેલ ઈસમોની સંખ્યા |
|---|---|
| ગોધરા | ૧૯૬ |
| કાલોલ | ૧૬૩ |
| હાલોલ | ૪૪ |
| ઘોઘંબા | ૫૦ |
| જાંબુઘોડા | ૨ |
| મોરવા (હ) | ૫૪ |
| લુણાવાડા | ૧૫૯ |
| શહેરા | ૮૧ |
| ખાનપુર | ૪૪ |
| કડાણા | ૨૪ |
| સંતરામપુર | ૯૪ |

| | |
|---|---|
| સંતરામપુર | ૯૪ |
| **કુલ :** | **૯૧૧** |

(૩) કેટલી રકમની સહાયતા આપવામાં આવી?

(૩)

| તાલુકાનું નામ | કુલ સહાયતા |
|---|---|
| ગોધરા | ૫,૭૬,૮૦૦-૦૦ |
| લલોલ | ૨,૮૩,૮૦૦-૦૦ |
| હાલોલ | ૨,૧૦,૯૦૦-૦૦ |
| ઘોઘંબા | ૧,૧૭,૬૦૦-૦૦ |
| જાંબુઘોડા | ૩૬,૫૦૦-૦૦ |
| મોરવા (હ) | ૮૭,૨૦૦-૦૦ |
| લુણાવાડા | ૪,૦૯,૫૦૦-૦૦ |
| શહેરા | ૩,૪૬,૫૦૦-૦૦ |
| ખાનપુર | ૧,૨૩,૬૦૦-૦૦ |
| કડાણા | ૮૮,૭૦૦-૦૦ |
| સંતરામપુર | ૧,૫૩,૭૦૦-૦૦ |
| **કુલ :** | **૨૪,૩૪,૮૦૦-૦૦** |

------------

**વડોદરા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ**

૧૦૪૪૦ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી,

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૪૮

(૨) રૂા. ૪૩૧.૦૦ લાખ

(૩) ૧૬૬૨

------------

**ભરૂચ જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ અન્વયે કરેલ ખર્ચ**

૯૪૫૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કરેલા આયોજનમાં સરકારને કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ કેટ કેટલી બેઠકો રાખી અને તે અંતર્ગત કેટ કેટલો ખર્ચ થયો, બસ સેવા અને ટ્રાન્સપોર્ટેશનના હેડ ઉપર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથયાત્રાના આયોજનમાં સરકારને કુલ રૂા.૨૩,૮૨,૮૯૯/- નો ખર્ચ થયો છે.

(૨) આ કાર્યક્રમ અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કોઈ બેઠક રાખેલ ન હતી, પરંતુ તા.૩૧-૧-૦૯ના રોજ અંકલેશ્વર ખાતે સ્વર્ણિમ સંકલ્પ જ્યોત રથયાત્રા કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહેલ, તે કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ અંતર્ગત કુલ રૂા. ૨૨,૩૧,૭૧૦/- ખર્ચ થયો. બસ સેવા અને ટ્રાન્સપોર્ટેશનના હેડે કોઈ ખર્ચ થયો નથી.

------------

**વડોદરા અને પંચમહાલ જિલ્લામાં લઘુત્તમ વેતન ધારાના ભંગના એકમો**

૧૦૬૭૧ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ(સાવલી) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લઘુત્તમ વેતન ધારાનો ભંગ કેટલા ઓદ્યોગિક એકમોએ કરેલ છે, અને
૯૫૨૪ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રમતોત્સવ પાછળ કુલ કેટલાં નાણાં ફાળવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ રમતોત્સવ પાછળ નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **૨૦૦૭-૦૮ની ફાળવણી** | **૨૦૦૮-૦૯ની ફાળવણી** | **કુલ ફાળવણી** | |
|---|---|---|---|---|
| ફતેપુરા | રૂા.૪૭૦૦ | રૂા.૫૮૦૦ | રૂા.૧૦૫૦૦ | |
| ઝાલોદ | રૂા.૬૩૮૦ | રૂા.૫૮૦૦ | રૂા.૧૨૧૮૦ | |
| દાહોદ | રૂા.૬૧૬૭૦૨ | રૂા.૨૫૬૨૫ | રૂા.૬૪૨૩૨૭ | રૂા. |
| ગરબાડા | રૂા.૯૮૭૪ | રૂા.૧૮૯૯૫ | રૂા.૨૮૮૬૯ | |
| ધાનપુર | રૂા.૪૭૦૦ | રૂા.૫૮૦૦ | રૂા.૧૦૫૦૦ | |
| લીમખેડા | રૂા.૧૨૪૧૨ | રૂા.૬૮૫૦ | રૂા.૧૯૨૬૨ | |
| દેવગઢ બારીયા | રૂા.૨૧૭૫૮૨૪ | રૂા.૮૧૫૬૯૨ | રૂા.૨૯૯૧૫૧૬ | |
| **કુલ** | **રૂા.૨૮૩૦૫૯૨** | **રૂા.૮૮૪૫૬૨** | **રૂા.૩૭૧૫૧૫૪** | |

(૨) આ પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) આ પૈકી નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| **તાલુકાનું નામ** | **૨૦૦૭-૦૮નો ખર્ચ** | **૨૦૦૮-૦૯નો ખર્ચ** | **કુલ ખર્ચ** | |
|---|---|---|---|---|
| ફતેપુરા | રૂા.૪૬૫૦ | રૂા.૫૦૦૦ | રૂા.૯૬૫૦ | |
| ઝાલોદ | રૂા.૬૩૫૦ | રૂા.૫૨૫૦ | રૂા.૧૧૬૦૦ | |
| દાહોદ | રૂા.૬૧૬૬૫૨ | રૂા.૨૫૬૦૦ | રૂા.૬૪૨૨૫૨ | રૂા. |
| ગરબાડા | રૂા.૯૮૨૪ | રૂા.૧૮૯૪૫ | રૂા.૨૮૭૬૯ | |
| ધાનપુર | રૂા.૪૬૫૦ | રૂા.૫૭૫૦ | રૂા.૧૦૪૦૦ | |
| લીમખેડા | રૂા.૧૨૩૬૨ | રૂા.૬૮૦૦ | રૂા.૧૯૧૬૨ | |
| દેવગઢ બારીયા | રૂા.૨૧૬૩૦૩૯ | રૂા.૭૮૮૫૯૭ | રૂા.૨૯૫૧૬૩૬ | |
| **કુલ** | **રૂા.૨૮૧૭૫૨૭** | **રૂા.૮૫૫૯૪૨** | **રૂા.૩૬૭૩૪૬૯** | |

------------

**વડોદરા જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૧૦૯૬૬**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૬૯,૦૫૨ વિદ્યાર્થીઓને |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂા.૧,૦૩,૫૭,૮૦૦/- |

------------

**વડોદરા જિલ્લામાં બાળમજૂરોનું શોષણ કરતા એકમો**

૯૪૫૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર ઓદ્યોગિક એકમો અને હોટલોમાં કામ કરતા કેટલા બાળ મજૂરો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પકડયા,

**જવાબ**

(૧) **પત્રક-ક** મુજબ.

| ક્રમ | તાલુકો | શોધવામાં આવેલ બાળ શ્રમયોગીની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૩૦ |
| ૨ | વાઘોડીયા | ૦૪ |
| ૩ | કરજણ | ૦૦ |
| ૪ | ડભોઈ | ૦૦ |
| ૫ | પાદરા | ૦૦ |
| ૬ | સાવલી | ૦૦ |
| ૭ | છોટા ઉદેપુર | ૦૦ |
| ૮ | શિનોર | ૦૦ |
| ૯ | ક્વાંટ | ૦૦ |
| ૧૦ | પાવી જેતપુર | ૦૦ |
| ૧૧ | નસવાડી | ૦૦ |
| ૧૨ | સંખેડા | ૦૦ |
| | કુલ | ૩૪ |

(૨) બાળ મજુરોનું શોષણ કરતા આવા એકમો પર શાં પગલાં લેવાયા?

(૨) બાળ મજુરોનું શોષણ કરતા ૨૭ એકમોના જવાબદાર ઈસમો સામે બાળ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સક્ષમ અદાલતમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

**ભાવનગર જિલ્લામાં સાતફેરાં સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૯૪૭૮**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સાતફેરાં સમૂહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તાલુકાદીઠ કેટલી અરજીઓ આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સાતફેરાં સમૂહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તાલુકાદીઠ આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|
| ભાવનગર | ૭૨ |
| પાલીતાણા | ૧૮ |
| તળાજા | ૦૮ |
| ઘોઘા | ૦૪ |
| **કુલ** | **૧૦૨** |

જ્યારે અન્ય તાલુકામાં કોઈ અરજી મળેલ નથી.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી રકમના ચેક ઈસ્યુ કરવામાં આવ્યા?

(૨) મંજુર કરેલ અરજી અને ચુકવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **મંજુર કરેલ અરજીઓ** | **ચુકવેલ રકમ રૂા. લાખમાં** |
|---|---|---|
| ભાવનગર | ૬૫ | ૩.૨૫ |
| પાલીતાણા | ૦૭ | ૦.૩૫ |
| તળાજા | ૦૬ | ૦.૩૦ |
| ઘોઘા | ૦૩ | ૦.૧૫ |
| **કુલ** | **૮૧** | **૪.૦૫** |

**અમરેલી જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ વિદ્યાર્થીઓને ચૂકવેલ સહાય**

૧૦૯૩૩**શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧,૦૯,૮૫૨ વિદ્યાર્થીઓને

(૨) રૂા.૧,૬૪,૭૭,૮૦૦/-

------------

**આણંદ જિલ્લામાં નાની બચત યોજના હેઠળ થયેલ રોકાણ**

૧૦૧૯૩**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નાની બચત યોજના હેઠળ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું રોકાણ થયું,

(૨) નાની બચત યોજનામાં રોકાણ કરવાથી જિલ્લામાં સરકાર દ્વારા કોઈ લાભ આપવામાં આવે છે, અને

(૩) જો હા, તો આ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લાને પ્રતિ વર્ષ ક્યા ક્યા લાભ સરકાર દ્વારા આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) **પત્રક** સામેલ છે.

તા.૧/૬/૨૦૦૬ થી તા.૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં રોકાણોનું પત્રક

(રૂા. કરોડમાં)

| અ.નં. | તાલુકાનું નામ | રોકાણ વર્ષ તા.૧/૬/૦૬ થી તા.૩૧/૫/૦૭ | રોકાણ વર્ષ તા.૧/૬/૦૭ થી તા.૩૧/૫/૦૮ | રોકાણ વર્ષ તા.૧/૬/૦૮ થી તા.૩૧/૫/૦૯ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૭.૮૧ | ૪૫.૯૭ | ૧૬.૬૯ |
| ૨ | ઉમરેઠ | ૯.૧૨ | ૬.૯૭ | ૪.૩૫ |
| ૩ | બોરસદ | ૨૨.૧૮ | ૧૨૦.૦૯ | ૨.૨૮ |
| ૪ | આંકલાવ | ૫.૯૭ | ૬.૮૮ | ૫.૬૧ |
| ૫ | પેટલાદ | ૩૬.૭૨ | ૪૭.૦૩ | ૯૭.૧૨ |
| ૬ | સોજીત્રા | ૭૯.૯૭ | ૨૪.૦૯ | ૨૯.૩૧ |
| ૭ | ખંભાત | ૨૬.૫૨ | ૧૨૧.૨૬ | ૧૫.૯૩ |
| ૮ | તારાપુર | ૧૨૪.૭૧ | ૪૮.૦૪ | ૩૪.૯૪ |
| | **કુલ** | **૩૬૩.૦૦** | **૪૨૦.૩૩** | **૨૦૬.૨૩** |

(૨) અને (૩) નાની બચત યોજનામાં રોકાણની સામે જિલ્લાવાર લાભ આપવાની નીતિ નથી.

------------

**સુરત જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૧૦૯૬૨ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજના હેઠળ સુરત જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૫૨,૪૫૪ વિદ્યાર્થીઓને

(૨) રૂા. ૭૮,૬૮,૧૦૦/-

------------

**જામનગર જિલ્લામાં ખાનગી ટયુશન પેટે ચૂકવેલ સહાય**

૧૦૯૫૭ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિના ધો-૧૧ અને ૧૨

**જવાબ**

(૧) હા, જી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે, | |
| (૨) જો હા, તો જામનગર જિલ્લામાં વર્ષ, ૨૦૦૮-૦૯માં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૧ (એક) |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂા. ૧૦,૦૦૦/- |

------------

**રાજકોટ જિલ્લામાં કુંવરબાઈના મામેરા યોજનાની મળેલ અરજીઓ**

૧૦૨૪૮**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈના મામેરાની યોજનામાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ માન્ય રાખવામાં આવી, અને કેટલા લાભાર્થીઓને ચેક આપવાના બાકી છે, અને | (૨) ૨૦ માન્ય રાખી.<br>એકપણ લાભાર્થીને ચેક આપવાનો બાકી નથી. |
| (૩) આ બાકી લાભાર્થીઓને ચેક આપવાનું ક્યારે આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વિદેશ અભ્યાસ માટે લોન અન્વયે થયેલ ખર્ચ**

૧૦૪૯૨ **ડૉ.નીમાબેન આચાર્ય(અંજાર ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિઓના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ માટે લોનની યોજનામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા વિદ્યાર્થીઓને લોન આપવામાં આવી, | (૧) ૮૫. |
| (૨) તે પૈકી કેટલી અતિ પછાત ક્ન્યાઓને વિદેશ મોક્લેલ છે, અને | (૨) ૧ (એક). |
| (૩) આ યોજનામાં કેટલો ખર્ચ ક્રેલ છે? | (૩) રૂા. ૮૪૧.૨૦ લાખ. |

**સાબરકાંઠા જિલ્લામાં નોકરી માટે ભલામણ કરેલ ઉમેદવારોને ચુકવેલ ભાડાની રકમ**

૧૦૯૩૨**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રોજગાર ક્ચેરી દ્વારા નોક્રી માટે ભલામણ ક્રવામાં આવેલ ઉમેદવારોને રહેણાંક્ના સ્થળથી ઈન્ટરવ્યુના સ્થળ સુધી આવવા-જવાના એસ.ટી. ભાડું ચુકવવાની યોજના અન્વયે સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઉમેદવારોને ભાડાની રક્મ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

| ક્રમ | તાલુકાનું નામ | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૪૨ |
| ૨ | ઇડર | ૨૦૧ |
| ૩ | વડાલી | ૨૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૧૪ |
| ૫ | વિજયનગર | ૧૨૯ |
| ૬ | ભીલોડા | ૨૨૬ |
| ૭ | મેઘરજ | ૧૫૪ |
| ૮ | મોડાસા | ૪૨૩ |
| ૯ | ધનસુરા | ૭૯ |
| ૧૦ | માલપુર | ૧૪૯ |
| ૧૧ | બાયડ | ૧૫૩ |
| ૧૨ | તલોદ | ૧૦૪ |
| ૧૩ | પ્રાંતિજ | ૧૦૫ |
| | **કુલ :** | **૨૩૦૪** |

------------

**ખેડા જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૧૦૯૬૫ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજના હેઠળ ખેડા જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૨,૧૯,૫૩૨ વિદ્યાર્થીઓને. |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂા. ૩,૨૯,૨૯,૮૦૦/- |

------------

**અમરેલી જિલ્લામાં ખેત મજૂરનાં મૃત્યુ વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૦૮૯૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાં ખેતમજૂર મૃત્યુ વિમા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) કુલ ૭૬ અરજીઓ આવી. જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | સાવરકુંડલા | ૨૩ |
| ૨ | ખાંભા | ૦૫ |
| ૩ | રાજુલા | ૧૨ |
| ૪ | જાફરાબાદ | ૧૬ |
| ૫ | લીલીયા | ૦૩ |
| ૬ | કુકાવાવ | ૦૨ |
| ૭ | ધારી | ૦૨ |
| ૮ | અમરેલી | ૦૯ |
| ૯ | લાઠી | ૦૨ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૨ |
| | **કુલ :** | ૭૬ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) આ પૈકી કુલ કેટલા ખેતમજૂરોને વીમા રકમ ચુકવવામાં આવેલ છે, અને | (૨) ૩૫ (પાંત્રીસ). |
| (૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૩) બાકી રહેલ અરજીઓમાં નિયમોનુસારની પૂર્તતા થયેથી બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

------------

**વિભાગીય કચેરી ગાંધીનગર દ્વારા બાકી વેચાણવેરાના કિસ્સાઓમાં મિલકત પર મૂકેલ ટાંચ અંગે**

૯૪૫૮**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગરની વિભાગીય વેચાણવેરા કચેરી દ્વારા તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન વેચાણવેરાની બાકી વસુલાતના કેટલા કિસ્સાઓમાં જમીન મહેસુલ સંહિતા અધિનીયમ હેઠળ મિલક્ત ઉપર ટાંચ મુક્યા પછી, વસુલાત થયા વિના ટાંચ ઉઠાવી લેવામાં આવી, | (૧) બે કેસમાં. |
| (૨) ટાંચ ઉઠાવી લેવાથી સરકારની આવકને કેટલું નુક્સાન થયું, આવી નાણાકીય ક્સુર કરનાર અધિકારીઓ સામે કોઈ પગલા ભરવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) અને (૩) એક કેસમાં બે સ્થાવર મિલક્ત ઉપર ટાંચ મુક્વામાં આવેલ હતી. જે પૈકી એક મિલક્ત ઉપરની ટાંચ ઉઠાવીને બીજી મિલક્ત ઉપર ટાંચ મુકીને ચાલુ રાખવામાં આવેલ. અન્ય કેસમાં સરકારી આવકને નુક્સાન થયેલ નથી. જેથી કોઇ અધિકારી સામે પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે? | |

------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૭-૦૮ના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના વિનિયોગ હિસાબો/ નાણાંકીય હિસાબો**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૦૭-૦૮ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) તથા ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૦૭-૦૮ના વર્ષના નાણાંકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૦૭-૦૮ના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના વિનિયોગ હિસાબો/ નાણાંકીય હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**માગણી નં.૯૨**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૨,૮૧,૫૭,૧૯,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂા.૧૦,૩૨,૨૭,૦૦૦ની માગણી ક્રમાંક: ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૨ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૯૨ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી નં.૯૩**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી) :** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓની કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૬૧,૭૬,૬૦,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂા.૩,૪૭,૩૩,૦૦૦ની માગણી ક્રમાંક: ૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૩ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૯૩ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી નં.૯૫**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૦,૩૦,૪૬,૨૧,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂા.૭૩,૮૦,૯૧,૦૦૦ની માગણી ક્રમાંક: ૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૫ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૯૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી નં.૭૦**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫,૧૦,૫૭,૧૯,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૭૦ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૦ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી નં.૭૧**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૩,૮૧,૯૩,૯૫,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૭૧ રજૂ કરવામાં આવી.ગ**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૧ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા ૨૧-૭-૨૦૦૯ (આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માગણી નં.૯૨ | | | |
| ૧ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનુ કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-બીસીકે-૧૨૬ પ્રચાર.... સહાય રુા.ર,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૨૧ ભાગ-૧ | ૧૦૦ | પછાતવર્ગોના પ્રમાણપત્રો મેળવવામાં લાભાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨ * | --"-- | ૧૦૦ | લાભાર્થીઓની અરજીઓ પ્રત્યે દાખવાતુ ઉદાસીન વલણ સુધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાત વર્ગોનુ કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨ બીસીકે-૧૨૮ સામાજીક...બનાવવુ<br>રુા.૪,૦૦,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૨૨-૨૩ ભાગ-૧ | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની નબળી કામગીરીને સુદ્રઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪ * | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની યોજનાઓને સમયસર નાણાની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની યોજનાના લાભ છેવાડાના માનવી સુધી પહોંચતા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિમુકત કલ્યાણ<br>૦૧બીસીકે-૧૪૬ કુટીર..સહાય<br>રુા.૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૨૭ ભાગ-૧ | ૧૦૦ | કુટિર ઉદ્યોગમાં સ્વરોજગાર માટે વાંસકામ અને પરંપરાગત વ્યવસાયોમાં નાણાકીય સહાય સમયસર મેળવવામાં પડતી હાડમારી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિમુકત કલ્યાણ<br>૧૦બીસીકે-૧૪૨ વિદ્યાર્થીઓ..નિભાવ<br>રુા.૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૨૮ભાગ-૧ | ૧૦૦ | પુસ્તક બેંકના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૩-પછાતવર્ગોનું કલ્યાણ<br>૧૯૦-જાહેર સહાય<br>૦૧બીસીકે-૧૦૮ આર્થિક ....બોર્ડ રુા.૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૩૯ ભાગ-૧ | ૧૦૦ | આર્થિક વિકાસ નિગમ અને બોર્ડને અપાતી નાણાકીય સહાયનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯ * | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાતવર્ગોનું કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ<br>૨૯-બીસીકે-૮૧(ઈ)લઘુમતિ..શિષ્યવૃત્તિ (કે.પુ.યો)<br>રુા.૨,૭૦,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૬૦ ભાગ-૧ | ૧૦૦ | લઘુમતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી.પછીની ભારત સરકારની શિષ્યવૃત્તિની સહાય સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ * | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાતવર્ગોનું કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૪બીસીકે-૧૨૩-મામેરૂ...યોજના રુ.૩,૦૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૬૬ ભાગ-૧ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કન્યાઓને મામેરૂ- મંગળસૂત્ર યોજનાનો લાભ સમયસર મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧ * | ૨૨૩૫-સામાજિક .... કલ્યાણ<br>૦૨-સમાજ કલ્યાણ..<br>૧૦૧-વિકલાંગોનું કલ્યાણ..<br>૦૩-એચસીડબલ્યુ-૮<br>વિકલાંગોના...યોજના<br>રુા.૩૨,૦૫,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૭૪-૭૫ ભાગ-૧ | ૧૦૦ | વિધવા વિકલાંગોને મકાન સહાય માટે આપવામાં આવતી રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૨ * | --"-- | ૧૦૦ | વિકલાંગોને આજીવિકા મેળવવા માટે પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૩ * | --"-- | ૧૦૦ | વિકલાંગો માટેની યોજનાઓના લાભ સત્વરે મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૯૩** | | |
| ૧૪ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત ...કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧બીસીકે-૨૧૨ વહીવટી..બનાવવું<br>રુા.૬૯,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૧૧૭-૧૧૮ ભાગ-૧ | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિના છાત્રાલયોમાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓની બદલીઓ ન થતા વહીવટી તંત્રની કથળતી જતી પરિસ્થિતિ સુધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૫ * | --"-- | ૧૦૦ | અનુસુચિત આદિજાતિના કલ્યાણ માટેની યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરાવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત ...કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧બીસીકે-૨૧૨ વહીવટી..બનાવવું<br>રુા.૬૯,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૧૧૭-૧૧૮ ભાગ-૧ | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિ કલ્યાણ માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭ * | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિના કલ્યાણ માટેના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૯૫** | | |
| ૧૮ * | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨ - માધ્યમિક શિક્ષણ<br>૧૦૬-પાઠયપુસ્તક....<br>૦૧ઈડીએન-૨૦ અનુસૂચિત..સ્થાપવી<br>રુા.૯૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૧૪ ભાગ-૨ | ૧૦૦ | અનુસૂચિત જાતિના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલોમાં સમયસર પાઠયપુસ્તકો પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯ * | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૧૦૭-શિષ્યવૃત્તિ....<br>૦૧ઈડીએન-૨૩ અનુસૂચિત-શિષ્યવૃત્તિ<br>રુા.૧૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૧૫ ભાગ-૨ | ૧૦૦ | અનુસૂચિત જાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦ * | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૧ * | ૨૨૧૫-પાણી ...સ્વચ્છતા<br>૦૧- પાણી પુરવઠો<br>૧૦૨-ગ્રામીણ....કાર્યક્રમ<br>રુા.૫૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૪૦ ભાગ-૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લોકોને પીવાના પાણી માટે અલગ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨ * | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામીણ આવાસન | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકોને પૂરતા પ્રમાણમાં આવાસનની સુવિધા મળી રહે તે માટે અસરકારક આયોજન કરવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૮૦૦-અન્ય ખર્ચ<br>રુા.૯૧,૪૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૪૪-૪૫ ભાગ-૨ | | તંત્રની ઉદાસીનતા | |
| ૨૩ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૧- અનુસૂચિત ...કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-સમાજ....કચેરી રુા.૨,૭૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૫૫-૫૬ ભાગ-૨ | ૧૦૦ | તાબાની કચેરીઓમાં ફરજ પ્રત્યે પૂરતું ઘ્યાન ન આપતા કર્મીઓની અન્યત્ર બદલી કરી વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૪ * | --"-- | ૧૦૦ | સફાઈ કામદારોના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫ * | ૨૨૨૫-અનુસૂચિત ...કલ્યાણ<br>૦૧- અનુસૂચિત ...કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-સમાજ....કચેરી રુા.૨,૭૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૫૫-૫૬ ભાગ-૨ | ૧૦૦ | ધારાસભ્યો/સંસદ સભ્યોએ કરેલ રજૂઆતો પ્રત્યે પૂરતું ઘ યાન આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૬ * | --"-- | ૧૦૦ | તાબાની કચેરીઓમાં કર્મચારીઓ ઘ્વારા યોજનાના લાભાર્થીઓની અરજીઓના નિકાલ પરત્વે દાખવવામાં આવતી તંત્રની નિષ્ફળતા | |
| ૨૭ * | ૨૨૨૫- અનુસૂચિત ...કલ્યાણ<br>૦૧- અનુસૂચિત ...કલ્યાણ<br>૧૦૨-આર્થિક વિકાસ<br>૧૨-અતિ ....મુકિત<br>રુા.૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૭૨ ભાગ-૨ | ૧૦૦ | અતિ પછાત સમુદાયો અને વાલ્મીકી સમાજને વીજળી જોડાણ ચાર્જમાંથી મુકિત આપવા માટેની કાર્યવાહીમાં અરજદારોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ**<br>**માગણી નં.૭૦** | | | | |
| ૨૮ * | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમ<br>૦૦૩-તાલીમ<br>૦૧-સીડીપી-૨ સમૂહ...તાલીમ<br>રુા.૭૭,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૪૮-૪૯ | ૧૦૦ | સમૂહ વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમ લીધા બાદ પણ કર્મચારીઓની કાર્ય પઘ્ધતિમાં કોઈ ફેરફાર જણાતો નથી તે પરિસ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૯ * | --"-- | ૧૦૦ | સમૂહ વિકાસ કાર્યક્રમ હેઠળ માહિતીથી જાણકાર હોય તેવા તાલીમબઘ્ધ અધિકારી ઘ્વારા તાલીમ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦ | ૨૫૧૫-અન્ય ... કાર્યક્રમો<br>૧૦૧-પંચાયતી રાજ<br>રુા.૨,૨૭,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૫૦-૫૪ | ૧૦૦ | મંડાલી વિહાર તા.માણસામાં સન ૧૯૯૨ થી થયેલ દબાણો દૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧ * | --"-- | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીનો ઉપર થયેલા દબાણો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૨ * | --"-- | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીનો અન્ય કોઈને ન આપવાના થયેલા ઠરાવનો કડક અમલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૩ * | --"-- | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વહીવટમાં થતી દખલગીરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪ * | --"-- | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વિકાસ માટે અપાતી ગ્રાન્ટ પૂરતી અને સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૫ * | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૧-સીડીપી-વિકાસ આયુકત<br>રુા.૨,૨૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૫૫-૫૬ | ૧૦૦ | તલાટીઓ ફરજ પર સમયસર આવતા નથી તેવી વ્યાપક ફરીયાદો હોવા છતાં તેઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૬ * | --"-- | ૧૦૦ | તલાટીઓની બદલીઓમાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૭ * | --"-- | ૧૦૦ | તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| ૩૮ * | --"-- | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકતને ગ્રામ પંચાયતોના વિકાસના કામોને બદલે ગ્રામ પંચાયતોને સુપરસીડ કરવામાં વધુ રસ છે તેવી ફરિયાદો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૯ * | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં સેનીટેશનના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૦ * | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૨-ગુજરાત...બોર્ડ<br>રુા.૪૫,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૫૭-૫૮ | ૧૦૦ | ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારોની નિમણૂકના હુકમો સત્વરે કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૭૧** | | |
| ૪૧ * | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨-ભૂમિહીન....જોગવાઈ<br>રુા.૬૬,૦૨,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૧૬-૧૮ | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા મકાનોની ગુણવત્તા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૨ * | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહ નિર્માણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રુા.૧,૫૪,૦૯,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૧૯-૨૦ | ૧૦૦ | ઈન્દિરા આવાસ યોજના માટે પૂરતી રકમ સત્વરે ફાળવી લક્ષ્યાંકો પૂરા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૩ * | ૨૫૦૧-ગ્રામીણ...કાર્યક્રમો<br>૦૬-સ્વરોજગાર કાર્યક્રમો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૨ આરડીડી-૧૭ ગોકુલ...યોજના<br>રુા.૨૬,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૪૦ | ૧૦૦ | ગોકુળ ગ્રામ યોજના હેઠળ જાહેર થયેલ ગામોની પૂરતી કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંગુભાઈ આપે ૨૦ મિનિટમાં પૂરું કરવાનું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : હાજી.

**અધ્યક્ષશ્રી :** માનનીય ફકીરભાઈ આપને ૫૦ મિનિટ આપી છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૫૦-૫૫ મિનિટ આપો સાહેબ.

**અધ્યક્ષશ્રી :** માનનીય નરોત્તમભાઈ આપને ૪૫ મિનિટ આપેલ છે. તે પ્રમાણે હું સભ્યશ્રીઓને સમય ફાળવી શકું. ઓ.કે. હવે રજૂ થયેલ માગણીઓ પર ચર્ચા શરૂ કરવામાં આવશે. માનનીય લીલાધરભાઈ વાઘેલા.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી માગણી નંબર ૭૦ અને ૭૧ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ જીવનમાં પંચાયત વિભાગ એ ખૂબ મોટું મહત્ત્વ ધરાવે છે કારણ કે એની સીધી અસર સમાજ જીવનના ઘડતર સાથે છે અને એટલા માટે આ વિભાગ ખૂબ મહત્ત્વનો છે અને અમારા માનનીય મંત્રીશ્રી ખૂબ ઉત્સાહી હોવાના કારણે વિભાગને જે દોરવાનું કામ કર્યુ છે એ ગુજરાતને માટે ગૌરવ લઈ શકાય એવી બાબત છે. પંચાયત શબ્દ છે એ ખૂબ પુરાણો છે, પંચાયતમાં પંચનો અર્થ થાય છે એ પાંચ અને ચાયતનો અર્થ થાય છે મેળો મળવાની જગ્યા એટલે પંચાયત એટલે એક જગ્યાએ મળીને કામ કરવાની જગ્યા. આવા અર્થવાળો પંચાયત ' જયાં પંચ ત્યાં પરમેશ્વર'ની ભાવના પુરાણા કાળથી ચાલી આવી છે. પંચાયતની વ્યવસ્થા એ ખૂબ પુરાણા સમયથી ચાલી આવે છે.

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ઋગ્વેદ અને અર્થવવેદમાં પણ એના સંકેતો છે. સાથે ગંગા- જમનાના પટ્ટ વચ્ચે જ્યારે માનવ વસવાટ હતો ત્યાં પૃથુ રાજાએ પણ પંચાયત નામે વહીવટ શરૂ કરેલો. મહાભારતનું સભા પર્વ હોય કે મહાભારતનું શાંતિ પર્વ હોય કે મનુ સ્મૃતિમાં જાતક કથાઓ હોય એ તમામ જગ્યાએ પંચાયતને જુદી જુદી રીતે પણ રજૂ કરવામાં આવેલ છે. કયાંક જનપદના નામે પણ એને જોવામાં આવે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તો માનનીય અધ્યક્ષશ્રી, એનાં ખૂબ વર્ણન જોવા અને સાંભળવા મળે છે એ જ રીતે ગ્રીક મુસાફર મેગસ્થેનીસ તો અને એને તો પંચાયતનો પેટાડ નામે ખૂબ સુંદર વર્ણન કર્યુ છે. એ જ રીતે ચીનના જે મુસાફરો આવેલા

હયુએનસેંગ અને ફાહિયાન, એમણે પણ ઈસવીસન ૬૩૦ અને ૬૪૪માં ગ્રામીણ ભારતની સમૃદ્ધિ અંગે એમણે ખૂબ સુંદર વર્ણન કરેલાં છે. આમ ખૂબ જૂના વખતથી પંચાયતનો વહીવટ આ દેશમાં હતો પરંતુ કેટલીક વખતે આપણા દેશમાં પણ જૂના વખતમાં જુદા જુદા દેશોમાંથી, જુદા જુદા વિસ્તારોમાંથી અનેક પરદેશીઓ આપણા દેશમાં આવ્યા. એમનાં આક્રમણો થયાં અને આ આક્રમણોના અંતે આ દેશમાં એમણે રાજ પણ કર્યુ અને એને કારણે આપણી જે જૂની પ્રથા, પંચાયતની જે પ્રથા હતી એના ઉપર વિપરીત અસરો પણ થઈ. એ વિપરીત અસરો હોવા છતાંય, અંગ્રેજોના શાસનમાં તો આપણને વધારેમાં વધારે નુકસાન થયું અને આપણી વ્યવસ્થા લગભગ એમ કહીએ કે તોડી નાખવાની પરિસ્થિતિ થઈ. કોર્ટો આવી, પોલીસ રાજ આવ્યું આ બધાના કારણે આપણી સમાજ વ્યવસ્થામાં મોટું અંતર થયું. તેમ છતાંયે દેશની આઝાદીની માટેની ચળવળો અવારનવાર ચાલુ જ હતી અને એ ચળવળોની સાથે સાથે આ દેશની અંદર આપણી સુંદર વ્યવસ્થાવાળું પંચાયતી શાસન હતું એને માટેની વાતો પણ સમાજની અંદર જીવતી અને જાગતી રહી હતી અને એમ કરતાં કરતાં માનનીય અધ્યક્ષશ્રી, આપણે જૂના વખતથી માંડી એને આપણે ત્રણ ભાગમાં વહેંચી શકીએ એમ કહી શકાય. એક ભાગ એવો હતો કે શરૂઆતથી માંડીને ૧૯૭૭-૭૮ સુધીનો ભાગ કહી શકાય. બીજી પેઢી એમ કહી શકાય કે ૧૯૭૮ થી ૨૦૦૫ની, આ તમામ સમયમાં આપણા દેશની અંદર પરદેશીઓના કારણે આ દેશના સમાજ જીવનની ઉપર વિપરીત અસર થઈ અને આપણા પંચાયતી શાસનને ઘણું બધું નુકસાન થયું હતું. તેમ છતાંય 'પંચ ત્યાં પરમેશ્વર'ની ભાવના જે આપણી પ્રજામાં શ્રદ્ધાનો વિષય બનેલી હતી એને છોડી શકેલા નહીં અને એને જ કામ કરીને ધીમે ધીમે આપણા રાષ્ટ્રમાં આઝાદીની ચડવળમાં આપણા આગેવાનોએ પણ આ યોજના ચાલુ રાખી અને પંચાયતી રાજને કેમ કરીને ઝડપભેર લાવવા માટેના પ્રયાસો ચાલુ રાખ્યા એ પ્રયાસોમાં શ્રી બળવંતરાય મહેતાના વખતમાં ૧૯૬૧માં પંચાયતી રાજનું ઘડતર થયું. ત્યાર પછી ૧૯૬૩માં ંત્રીસ્તરીય પંચાયતી રાજનું અસ્તિત્વ આપણે ત્યાં નિર્માણ થયું. અને ગુજરાતના ૧૮૦૦૦ ગામોમાં એ પંચાયતી રાજનું માળખું આજે અસ્તિત્વમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા પંચાયતની સાથે જોડાયેલું છે ગામ. અને જ્યાં સુધી ગામનો વિકાસ ન થાય ત્યાં સુધી દેશનો કે સમાજનો વિકાસ થયો એમ કહી શકાય નહી. અને એટલા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી ત્યારથી નિર્ણય કર્યો છે કે જે સુવિધા શહેરને મળે છે, જે વિકાસ શહેરોનો થયો છે એટલો જ અને એવો જ વિકાસ ગ્રામ્ય કક્ષાએ પણ થાય એ જાતના પ્રયાસો સરકારે આદર્યા છે એ એની નેમ છે અને નિષ્ઠાપૂર્વક આજે એ પ્રયાસો ચાલુ જ છે. ગામડાને બેઠું કરવા માટે, ગામડાના લોકોને બેઠા કરવા માટે, ગામડાના લોકો સ્વમાનભેર જીવતા થાય, પોતાની વસ્તુ કરતા થાય અને પોતાના પ્રશ્નોને ઉકેલવા માટે એ સક્ષમ બનીને આગળ આવે એટલા માટે રાજયની સરકારે પણ મોકળાશ આપી છે. જે આ સરકારે ગ્રામસભાનું આયોજન કર્યું, ગ્રામસભા તો અગાઉ પણ થતી. એ ગ્રામસભાઓ મળે સંખ્યા હોય ન હોય અને એ છૂટી પડતી. પણ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના શાસનમાં આપણી ગ્રામસભાઓ છે એ અર્થસભર બની. આપણા આઈ.એ.એસ. અધિકારીઓ એ ગ્રામસભામાં જવા લાગ્યા, તમામ કક્ષાના અધિકારીઓ ત્યાં જાય, ગામમાં ગ્રામસભા થાય, ગામ લોકો ત્યાં આવે અને એમના પ્રશ્નોની રજૂઆત કરે અને એ પ્રશ્નોના ઉકેલ માટેના પ્રયાસો થવા લાગ્યા. એજ રીતે આજે ગુજરાતની અંદર દર વર્ષે ગ્રામસભાઓ રીતે થાય છે, ગામના પ્રશ્નોનું નિરાકરણ થાય છે અને એ નિરાકરણ દ્વારા એ ગામની અંદર પ્રજાની સુખાકારી વધી છે, પ્રજાના વિકાસના કામો થાય છે અને એની અંદરથી એના રસ્તા નીકળે છે. એજ રીતે ગ્રામસભાની સાથે સમરસ ગામની યોજના બની, જ્યારથી પંચાયતી રાજ આવ્યું ત્યાર પછી કૉન્ગ્રેસના શાસનમાં ગ્રામ પંચાયતને જે રીતે મૂલવવામાં આવતી એમાં એની કાળજી લેવામાં ન આવી અને એને પરિણામે ગ્રામ પંચાયતોમાં ચૂંટણીઓ થવા લાગી અને એ ચૂંટણીઓને કારણે વેરઝેર વધવા લાગ્યા. એ વેરઝેરને ડામવા માટે આપણે છેવટે સમરસ ગ્રામ પંચાયતની યોજના મૂકી એને કારણે લોકો હળીમળીને ચાલે, ગ્રામ પંચાયત સમરસ બને અને સમરસ ગ્રામ પંચાયતને પ્રોત્સાહન આપવા માટે ઈનામની યોજના પણ દાખલ કરી. આમ આ ઈનામની યોજના દ્વારા આપણે સમરસ ગામની યોજનાને બળ આપતા રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની દૃષ્ટિ છે એ ખૂબ ઝીણી અને બારીક છે. એમણે નાનામાં નાની બાબતની ચિંતા કરીને ગામના લોકોને શું જોઈએ, ગામના લોકો કઈ રીતે આગળ વધે એ બધી બાબતોની ઝીણવટભરી તપાસ કરીને કેટલીય યોજનાઓ મૂકી છે. એમણે ૧૨માં નાણાપંચની યોજના દ્વારા ગામની અંદર જે કેટલાક વિકાસના કામો કરવાપાત્ર હોય એના નાણાં મૂકીને એની યોજના દ્વારા પણ કામો કર્યા છે. તિર્થ ગામ અને પાવન ગામ, જે ગામની અંદર કોઈ પણ કેસ ન બન્યો હોય ક્રિમિનલ કેસ ન બન્યો હોય એવા ગામોની પસંદગી કરીને એ ગામને તિર્થ ગામ તરીકે ગણી એવા ગામને રાજ્ય સરકારે પ્રોત્સાહન આપ્યું અને એ તિર્થ ગામની યોજના પણ કરી. માનનીય અધ્યક્ષશ્રી, પંચવટી યોજના, માણસ સુખી થાય, બધી રીતે કમાયેલો હોય, ગામમાં અબાલ વૃદ્ધ સૌ હોય, શહેરોની અંદર તો બગીચા હોય, તો સાંજના બીજા, ત્રીજા, જુદા જુદા રિક્રિએશનના સ્થળો હોય તો એમાં જઈ શકે, પણ ગ્રામ્ય કક્ષાએ આ નહોતું, એટલા માટે પંચવટી યોજના મૂકીને ત્યાં નાનકડો સરસ મજાનો બગીચો થાય, એની અંદર બેસવાની હરિયાળી જગ્યા હોય તો વૃદ્ધો પણ ત્યાં જઈને બેસી શકે, મનન કરી શકે, ચિંતન કરી શકે, બાળકોને લઈને માતાઓ જાય, પોતાના બાળકોને પણ ત્યાં ફેરવી શકે એ રીતેની

પંચવટી યોજના પણ કરી, સૌથી મહત્ત્વની બાબત, જુદી જુદી આપણી ગ્રામ પંચાયતની યોજનાઓમાં ગ્રામ મિત્રની યોજના દાખલ કરી, દરેક ગામની અંદર પાંચ ગ્રામ મિત્રો મૂકવાની યોજના કરી, એ કૃષિ ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, વિકાસના ક્ષેત્રે અને જન કલ્યાણના ક્ષેત્રે હોય, આ ગ્રામ મિત્ર દ્વારા જુદી જુદી યોજનાઓની વાત એ ગ્રામીણ આપણા જે લોકો હોય એમને સમજાવે, ગામની અંદર રહીને સમજાવે, એ યોજનાનો લાભ કેવી રીતે લેવો, એની વાત કરે અને એ દ્વારા જુદી જુદી રીતે આ ગ્રામ મિત્રો આપણી ગ્રામ પંચાયતોની અંદર રહીને અને ગામની સુખાકારીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, સાથે સાથે આ બધા નવજુવાન હોય, ભણેલો ગણેલો હોય અને બેકાર હોય એ બેકારીમાંથી દૂર કરીને પ્રોત્સાહન રૂપે ૧,૦૦૦ રૂપિયા જેટલું એને માનદ્ વેતન આપીને અને એને કામે લગાડવાનું કામ કર્યુ, એને કામ મળે અને ગામને પણ એની જરૂરિયાત હતી એ પ્રમાણે ગામ લોકોને માર્ગદર્શન મળે. એ માટેની એ યોજના કરી.

નિર્મળ ગામની યોજના પણ થઈ, ગામ ચોખ્ખું હોય તો આરોગ્ય સચવાય, ગામના લોકોનું આરોગ્ય સચવાય, અને ગામનું આરોગ્ય સચવાય એને માટે થઈને એમણે જુદી જુદી યોજનાઓ મૂકી, ગામની ચોખ્ખાઇ થાય, શૌચાલયો થાય, સફાઈ થાય ગટરની સફાઈ થાય, વિગેરે સફાઈ થાય તો ગામનું આરોગ્ય સુધરે એ જાતની પણ યોજના મૂકી. એ જ રીતે સ્વચ્છતા અને સ્વસ્થ ગામ, સ્વચ્છતાના આજ દિન સુધી ગ્રામ્ય કક્ષાએ કોઈ વખતે એવી કાળજી લેવાતી નહોતી કે જે કાળજીને કારણે ગામડું ચોખ્ખું બને, ગામડું તો આવું જ હોય એવી વાત કરીને લોકો ચાલતા હતા. પરંતુ જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ગ્રામ પંચાયત દ્વારા જુદી જુદી યોજનાઓ મૂકી એની અંદર સ્વચ્છતા ઉપર વધારેમાં વધારે ભાર મૂકવામાં આવ્યો અને નિર્મળ ગામ બનાવવાની વાત થઈ ત્યારે ચારેય બાજુ જુદી જુદી યોજનાઓ એના રસ્તાની સફાઈ, એની ગટરોની સફાઈ, એના મકાનોની આજુબાજુની સફાઈ અને એ રીતે પાણી વિગેરેના ભરાવા હોય તો એના નિકાલની વ્યવસ્થા આ રીતે નિર્મળ ગામ કરવાની વાત થઈ અને નિર્મળ ગામ થાય તો બાળકો પણ નીરોગી રહી શકે એ દૃષ્ટિએ નિર્મળ ગામની યોજનાને મહત્ત્વ આપ્યું. જેટલી બાબત પંચાયતની છે એની જ સાથે ગ્રામ વિકાસની એટલી જ યોજનાઓ મુકાઈ હતી, જેને કારણે ગ્રામ પંચાયતના વિકાસમાં એ આગળ વધી શકે. એમાં સરદાર આવાસ યોજના મૂકી. એ યોજના દ્વારા જે લોકો બી.પી.એલ.ના લોકો હોય, ગરીબી રેખાથી નીચે જીવતા હોય એ લોકો માટે આવાસ યોજના મૂકી. ભૂતકાળમાં પણ આવાસ યોજના હતી. તો એ ક્યાંક ૭,૦૦૦ રૂપિયાની હતી, ક્યાંક ૧૧,૦૦૦ રૂપિયાની હતી, એમાંથી બહાર નીકળીને વાસ્તવિકતાની ભૂમિ ઉપર આવીને રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે આજે એની યુનિટ કોસ્ટ જેને કહીએ કે એ રૂપિયા ૩૬,૦૦૦/- ની અને રૂા.૭,૦૦૦/- નો લાભાર્થીનો ફાળો, એમ મળીને રૂા.૪૩,૦૦૦/- ની યોજના એ સરદાર આવાસ યોજના તરીકે મૂકી. એ જ રીતે ઈન્દિરા આવાસ યોજના પણ મૂકી. જેના કારણે ઈન્દિરા આવાસમાં સામાન્ય રીતે ૨૫:૭૫નું પ્રમાણ હતું એ રીતે મૂકી હતી,

એ જ રીતે આ વખતે પંચાયતી રાજના વિકાસમાં આપણે આગળ વધ્યા અને આપણા સીમાડા દૂર કરીને અને આપણે સીમાડા બહાર ગયા અને ઈ-ગ્રામ, વિશ્વગ્રામની યોજના આપણી પંચાયતમાં દાખલ થઈ અને એ પંચાયતની યોજનામાં આજે આપણી તમામ પંચાયતો ઈ-કનેક્ટીવીટીથી જોડાયેલી છે.
અને તેના દ્વારા આપણા ખેડૂતોને, આપણા લોકોને તેની જરૂરિયાતના દાખલાઓ તે વગેરે તેમને પંચાયતમાં બેઠા મળી શકે એવું આયોજન થઈ રહ્યું છે અને તે દિશામાં આપણે આગળ વધી રહ્યાં છીએ.

**સભાપતિશ્રી :** શ્રી લીલાધરભાઈ, આપને ફળવાયેલો સમય પૂરો થાય છે. તમારે કેટલી મિનિટ જોઈએ છીએ ?

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : હું માપસર લઈશ એટલે માપસરનો સમય જોઈશે.

**સભાપતિશ્રી :** નહીં, એમ નથી. ફાળવેલો સમય તમારો પૂરો થાય છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : પાંચ મિનિટ જોઈએ.

**સભાપતિશ્રી :** બે મિનિટ આપવામાં આવે છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે ગ્રામ વિકાસને લઈને સર્વોદય યોજના બની. સામાન્યમાં સામાન્ય માણસનું તેના વિકાસનું આયોજન થાય તે રીતે સર્વોદય યોજના બની. તે જ રીતે માનનીય અધ્યક્ષશ્રી આપણી ગ્રામ સચિવાલયની યોજના. ગામડાંની અંદર પણ એવી પરિસ્થિતિ અને એવું આયોજન થાય કે ગામડાનો માણસ પોતાની કોઈ પણ જાતની કામગીરી તે પોતાને ત્યાં સચિવાલયમાં જાય અને થાય તે રીતે ગ્રામ્ય કક્ષાએ કરી શકે તે માટેની યોજના પણ તેમાં મુકાઈ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજના વિકાસમાં, ગ્રામ્ય વિકાસમાં તેનું મહત્ત્વનું પાસુ છે અને તે ગ્રામ્ય વિકાસ દ્વારા જુદી જુદી યોજનાઓ મૂકવામાં આવી. જેની અંદર સ્વર્ણ જયંતી ગ્રામ વિકાસ યોજના છે. તે ૧૯૯૯થી શરૂ થઈ અને તે રીતે ચાલે છે. તે જ રીતે ખૂબ મહત્ત્વની યોજના વોટર શેડ યોજના છે. તે વોટર શેડ યોજના આજે પણ આપણા વિસ્તારમાં અને ખાસ કરીને, હું તો સરહદી જિલ્લામાંથી આવું છું. મેં જોયું છે આજે કચ્છનું રણ કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે. આ રણ આગળ વધે છે તેના પરિણામે આજે જે મીઠા પાણીવાળા વિસ્તારો હતા તેના ભૂતળમાં પણ આજે ખારાં પાણી આવ્યાં. તે પરિસ્થિતિને દૂર કરવી હોય તો વોટર શેડની યોજના સિવાય તેનો બીજો કોઈ ઉપાય નથી. અને તે યોજનાનો ઉપયોગ કરીને આપણે તેને દૂર કરી

શકીએ અને આપણાં વિસ્તારોને બચાવી શકીએ. તેના માટે એવું પણ થઈ શકે કે ખારાં પાણીને રોકવા માટે મીઠાં પાણીને રિચાર્જ કરવા માટે આડબંધ, મોટા ચેક ડેમ ઉભાં કરી તે મીઠું પાણી રોકીને રિચાર્જ કરીએ તો મીઠાં પાણી જમીનમાં ઉતરે અને ખારાં પાણી બહાર ધકેલાઈ જાય. અને સાથે સાથે જ્યાં જ્યાં મોટા ચેક ડેમ કરીએ ત્યાં ખારા પાણીની આબોહવા વાળા વિસ્તારમાં ઉછરે એવા વૃક્ષોનો પટ્ટો તૈયાર કરવામાં આવે કે જે રણમાંથી ઉડીને ખારી રેતી આવે છે અને આપણી ભૂમિને બગાડે છે તે રોકાય અને જો આમ ગોઠવણી કરવામાં આવે તો માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ યોજના દ્વારા આપણી કિંમતી જમીનોને અને આપણાં વિસ્તારોને બચાવી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે સખી મંડળોએ પણ મહિલા સશકિતકરણમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે અને તેણે બહેનોને વિકાસમાં ખૂબ મહત્ત્વની કામગીરી કરી છે એ પણ આપણે ઉપયોગી થાય તેમ છે.

**સભાપતિશ્રી** : લીલાધરભાઈ, તમારા માગ્યા મુજબનો પણ સમય પૂરો થયો. બસ.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની સૂચનાનું પાલન કરી અને આ બધી બાબતોને સાથે રાખી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિ અને અમારા ઉત્સાહી પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તે માગણીઓને હું સમર્થન કરી અને વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઈને આવ્યાં છે તેને સમર્થન આપી મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય મંત્રીશ્રીની જે માગણીઓ છે તેમાં જે નાણાંકીય જોગવાઈ છે કદાચ પહેલી વખત ગુજરાત રાજયના ઈતિહાસમાં ૧૨૯૪ કરોડ જેવી માતબર રકમની ફાળવણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં થઈ છે ત્યારે વંચિતોના વિકાસના પથદર્શક એવા ગુજરાતના માર્ગદર્શક માનનીય મુખ્યમંત્રીશ્રી અને દલિતોના એવા ઝુઝારું અને જાંબાઝ નેતા માનનીય ફકીરભાઈને પણ હું હ્દયપૂર્વકથી અભિનંદન આપું છું. માનનીય ધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરના સમગ્ર જીવનનો નીચોડ એમના જ શબ્દોમાં કહેવો હોય તો, "શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો." ગુજરાત રાજયના વર્તમાન બજેટમાં દલિત સમાજને શિક્ષિત કરવા પર જે ભાર મૂકયો છે, એનાથી એમ લાગે છે કે ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનો પ્રયત્ન ગુજરાત સરકારે કર્યો છે. એટલે જેટલાં અભિનંદન આપીએ તેટલા ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે ગામડામાં રહેતા અનુસૂચિત જાતિના દીકરા અને દીકરીઓને આજે પણ સારી રહેવાની સુવિધાના અભાવે, ગામડામાં સારું શિક્ષણ આપી શકે એવી શિક્ષણ સંસ્થાઓના અભાવે શહેરી વિસ્તારમાં જઈને શિક્ષણ મેળવવું પડે છે. આ રીતે એમને શિક્ષણ મેળવવાનું થાય ત્યારે એમની પાસે કોઈ આર્થિક સગવડ હોતી નથી, કે જેને લીધે તેઓ શહેરોમાં રહી સારું શિક્ષણ મેળવી શકે. આવા સંજોગોમાં આ સરકારે આ વર્ષે ફરીથી ૨૫ જેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરુ કરવાનું નકકી કર્યુ છે, તેને હું આવકારું છું. સાથે સાથે હું અભિનંદન એટલા માટે આપું છું કે આ પૈકીનું એક છાત્રાલય મારા ગઢડા, ઉમરાળા વિસ્તારમાં મંજૂર કરવામાં આવેલ છે ત્યારે વર્ષોની મારી માગણીને એમણે સ્વીકારી છે, એ માટે હું મારા મત વિસ્તારની પ્રજા તરફથી તેમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે એ કરવી છે કે આવા જે છાત્રાલયો વર્ષોથી ચાલે છે, તેમાં પણ ૧૦૦૦ જેટલા નવા વિદ્યાર્થીઓનો ઉમેરો આ વર્ષે કરીને આ છાત્રાલયોને પણ સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીઓનો વધારો કરીને શિક્ષણની જે ભૂખ ઉઘડી છે, કારણ કે સરકારે શરુ કરેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમો છે. છેલ્લા સાત વર્ષથી સતત શિક્ષણ વિભાગનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હોય છે, એની પાછળ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની કે શિક્ષણમંત્રીશ્રીની જે દૃષ્ટિ છે કે છેવાડાના વ્યકિત છે કે જેના માબાપને દીકરાઓને ભણાવવાનો સમય નથી, દીકરાઓને નિશાળમાં મૂકવા માટે માટે જેઓ વિચારી શકે તેમ નથી, દીકરાઓને ભણાવવા જોઈએ એવી એની માનસિકતા હોવા છતાં પણ સામાજિક પરિબળોને લીધે તેમને નિશાળમાં ભણવા મૂકી શકતા નથી, એવા દલિતોના, વંચિતોના, શોષિતોના, પીડીતોના સંતાનોને માટે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ એમના વિકાસની ખૂબ ઉજળી બાજુ કહી શકાય. આના પરિણામ આપણે જોઈ શકીએ છીએ કે છેલ્લા સાત વર્ષમાં શિક્ષણનું જે પ્રમાણ વધ્યું, એમાં આ વર્ષે જે શિક્ષિત વિદ્યાર્થીઓ બહાર નીકળ્યા, એમાંયે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પણ સાતમાં ધોરણમાંથી બહાર નીકળે છે, એવા વિદ્યાર્થીઓને સમાવવા માટે ૨૫ નવા છાત્રાલયો અને ૧૦૦૦ જેટલા નવા વિદ્યાર્થીઓનો પ્રવેશ અને સાથોસાથ કન્યાઓ માટે જે નિવાસી શાળાઓનું આયોજન પણ થયું છે, એ આ સરકારનું એક પ્રી-પ્લાનિંગ જેને કહી શકાય, દીર્ઘદૃષ્ટિ કહી શકાય, તેનું આ પરિણામ છે. એટલે આ રીતે શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ, સમાજના વિકાસ દ્વારા રાજયનો વિકાસ અને રાજયના વિકાસ દ્વારા સમગ્ર દેશનો વિકાસ થાય એ પ્રકારની વિકાસની પરંપરા શરૂ કરનાર આ બજેટને હું આવકારું છું.

આની સાથોસાથ મારે જે વાત કરવી છે કે ખાસ કરીને ડો. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે જોડાયેલી કેટલીક યોજનાઓ છે. ડો. બાબાસાહેબ આંબેડકર એટલે સમગ્ર દેશની આઝાદી માટે જે કેટલાક નેતાઓએ સતત પ્રયત્નો કર્યા હતા, રાષ્ટ્રની આઝાદી માટેના લડવૈયાઓ પૈકીના એક એટલે ડો. બાબાસાહેબ આંબેડકર. એમના નામને અમરત્વ આપવાના પ્રયત્નો ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં શરૂ થયા. ડો. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે દરેક જિલ્લા કક્ષાએ આંબેડકર ભવનોનું આયોજન થયું હોય તો એ પહેલવહેલું ગુજરાતમાં

ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારપછી થયું છે એ આવકારને પાત્ર છે, પરંતુ ત્યારપછી એનાથી પણ આગળ વધીને દરેક તાલુકા કક્ષાએ આંબેડકર ભવનોનું નિર્માણ થાય એ માટે પણ જરૂરી રકમની ફાળવણી આ બજેટમાં કરી છે એને આવકારું છું અને એની સાથે સાથે એ પણ કહેવા માગું છું કે આ ડો. બાબાસાહેબ આંબેડકરના ભવનો એ ઈંટ કે ચૂનો કે પથ્થરોના બનેલા ભવનો નથી, પરંતુ આ ડો. બાબાસાહેબ આંબેડકર ભવનોમાં ગુજરાતના દલિતોનું હ્દય ધબકે છે, દલિતો માટેની જે પ્રવૃત્તિઓ ત્યાંથી શરૂ થઈ છે કે શરૂ થઈ હતી એ ડો. બાબાસાહેબ આંબેડકર ભવનો એ સમગ્ર દલિત સમાજ માટે ચેતના કેન્દ્ર અને પ્રેરણા કેન્દ્ર છે કે જયાં આ ચેતના અનેપ્રેરણા એ આ ગુજરાતના દલિતોના  વિકાસ સુધી પહોંચી શકે એ પ્રમાણે આ આંબેડકર ભવનોનું નિર્માણ પસંદ કર્યુ છે. એની સાથે સાથે  ખૂબ મહત્વની અનુસૂચિત જાતિઓના વિકાસ માટેની શરૂ કરી છે અને એની સાથે પણ ખાસ કરીને કેટલીક કલ્યાણકારી યોજનાઓ શરૂ થઈ છે. આ સરકારના સમયમાં. મને ખ્યાલ છે ત્યાંસુધી વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે  ડો. બાબાસાહેબ આંબેડકર લોન આપવાની યોજનાની વાત છે. એમાં કદાચ શરૂઆતના તબકકે  જયારે આ જ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા એ યોજના શરૂ કરી ત્યારે પણ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી હતા ત્યારે શરૂઆતના વર્ષોમાં ૫ લાખ રૂપિયા લોન આપવાની યોજના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે જાહેર કરી હતી. આજે આ સરકારને અભિનંદન આપી શકાય કે હું ભૂતકાળના દિવસો યાદ કરું છું કે અનુસૂચિત જાતિના વર્ગને, અનુસૂચિત જાતિના લાભાર્થીઓને લોન કે ગ્રાન્ટો આપવામાં આવે એ દૂધાળાં ઢોર માટેની લોન હોય એ ૫ હજાર હોય કે કોઈ શિક્ષિત કે સિવણની તાલીમ લીધી હોય  એવી ગરીબ દલિત દીકરીઓને માટેની યોજના હોય તો એ ૧ હજાર રૂપિયાના સિલાઈનો સંચો આપવાની યોજના હોય. તો આ રીતે આવી નાની નાની સહાય આપવાની યોજનાઓ માટેની જાહેરાતો મોટા પાયા ઉપર થતી હતી. આજે હું ગર્વ  સાથે કહી શકું છું કે ૫ લાખની યોજનાની શરૂ કરેલ વિદેશ અભ્યાસ સહાય ડો. બાબાસાહેબ આંબેડકર લોનને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૦ લાખ રૂપિયા કરીને ગુજરાતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટેની જે કલ્પના હતી એ કલ્પનાને સાકાર કરવા માટેની તક પૂરી પાડી છે અને એને આ સમાજ કયારેય ભૂલી શકે તેમ નથી. અનેક વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા ગયા છે અને એમાં ફકત વિદ્યાર્થીઓ જ ગયા છે એવું નથી, એમાં કેટલીક દલિત દીકરીઓ પણ વિદેશમાં જઈને અભ્યાસ કરે છે અને એ સંજોગોમાં જેને અતિ પછાત કહી શકાય એવા સમાજમાંથી પણ દલિત દીકરીઓ કે દીકરા અભ્યાસ કરવા જાય છે ત્યારે ૧૦ લાખ રૂપિયાનો ચેક એ દલિત દીકરા કે દીકરીને મળે અને આ ૧૦ લાખ રૂપિયાનો ચેક જયારે એ દલિત દીકરાનો કે દીકરીનો બાપ સ્વીકારે એ પ્રસંગ ખૂબ જ લાગણીભીનો હોય છે. જેને કોઈ ૫ હજાર કે ૧૦ હજાર આપે નહીં એને આ સરકાર એના વાલી થઈને  જાહેર સમારંભમાં અને જાહેર કાર્યક્રમમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીના હાથે ૧૦ લાખ રૂપિયાનો ચેક એ દલિત દીકરાને કે એના બાપને અર્પણ થાય ત્યારે હું માનું છું કે ગુજરાતની આઝાદીના ઈતિહાસમાં ગુજરાતની સ્થાપના પછીના ઈતિહાસમાં સૌથી સારો સ્વર્ણ અક્ષરો સાથે લખી શકાય એવો દલિત સમાજ માટે કહી શકાય એ પ્રસંગ હતો કે ચેક આપનારની આંખમાં એક આનંદ હતો અને ચેક સ્વીકારની આંખમાં આંસુ હતાં એ હર્ષનાં આંસુ હતાં.

માનનીય અધ્યક્ષી, મારે બીજી પણ વાત એ કરવી છે કે બીજી પણ અનેક યોજનાઓ છે એમાં ૫૦૦ રૂપિયા, હજાર રૂપિયા કે બે હજાર રૂપિયાની યોજા નહીં, પરંતુ એક બીજી યોજના અનુસૂચિત જાતિના દીકરા કે દીકરીને પાયલોટ બનાવવા માટેની યોજના છે.

**સભાપતિશ્રી**: માનનીય આત્મારામભાઈ, આપને ફાળવેલો સમય પૂરો થયો છે, આપે કેટલી મિનિટ જોઈશે? આપ જે બોલો છે એ સાંભળવામાં મને પણ રસ છે અને આપને અટકાવતાં મને દુ:ખ પણ થાય છે, પરંતુ સમયની મર્યાદા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે મિનિટમાં જ પૂરું કરું છું. સરકારે અનુસૂચિત જાતિઓ અને જનજાતિની કેટલી ચિંતા કરી છે એની મારે વાત કરી છે. અનેક દલિત કુટુંબોને શિક્ષિત કરવાનું કામ , એની સાથે સાથે  વ્યવસાયિક રીતે પણ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેમની પાસે શકિત છે, એની પાસે તાકાત છે, પરંતુ એને તક મળી નથી.આ તકથી વંચિત રહેલા લોકોને, તકથી વિહોણા રહેલા વિદ્યાર્થીઓને આ સરકારે તક પૂરી પાડી અને એમ કહ્યું દરેક છોકરા-છોકરીને, દરેક વિદ્યાર્થીને કે તમારે આકાશમાં વિહરવું હોય, ગગનમાં વિહરવું હોય તો એ તક પણ પાઈલોટ તાલીમ યોજના મારફત સરકાર પૂરી પાડશે, અને ૧૫ લાખ રૂપિયા જેવી રકમ આજે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પાયલોટની તાલીમ માટે મળે છે, અત્યાર સુધીના ગુજરાત સરકારના પ્રયત્નોથી ૨૬ જેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાઈલોટ થઈને બહાર નીકળ્યા છે, ત્યારે હું આજે એક દલિત દીકરી હેતલ સોંદરવા જે આજે એર ઈન્ડિયામાં પાઈલોટ છે તેની યાદ દેવડાવું છું. એક સમય  એવો હતો કે દલિતો માટે વીમાનના રમકડે રમવાનું હોય, બહુ બહુ તો ચોપડીમાં ફોટા જોવાના હોય, આ ફોટા જોતા જોતા અને રમકડા જોડે રમતા દલિત દીકરી પાઈલોટ બનીને વીમાનને ગગનમાં ઉડાડે તેનાથી સારામાં સારી બીજી કોઈ યોજના હોઈ શકે નહીં, આવી અનેક પ્રકારની યોજનાઓ લઈને

સરકાર જયારે અહીં આવી છે અને માનનીય મંત્રીશ્રી માગણી લઈને આવ્યા છે તેને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, કુંવર બાઈનનું મામેરું યોજનાનું વર્ણન કરીને હું મારા વિચારો પૂર્ણ કરીશ.

**સભાપતિશ્રી** : આપની બે મિનિટ પૂરી થઈ ગઈ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : આ એક બહુ જ અગત્યની યોજના વિષે વાત કરીને હું પુરું કરું છું. કુંવરબાઈનું મામેરું પણ એવી જ યોજના છે, એક દલિત પોતાની દીકરી પરણાવવા જેવડી થાય, પણ એમના મા-બાપ ગરીબ હોય, દીકરીને પરણાવવી છે પણ એમને આવક નથી, એમના મા-બાપ, અથવા કોઈ વિધવા માતા હોય જે દીકરીના હાથ પીળા કરવા તૈયાર હોય પણ એ ગરીબ વિધવા માતાને કોઈ આવક નથી, ત્યારે એ ગરીબ વિધવા માતાના ડૂસકા અથવા એ મા-બાપના ડૂસકા રાત્રે દીકરી સાંભળે અને જયારે પૂછે ત્યારે એમને ખ્યાલ આવે છે, અને મા-બાપ કહે છે કે દીકરી તારી ઉમર થઈ છે, માગા પણ આવે છે તારા લગ્ન કરવાના છે પણ અમારી આર્થિક પરિસ્થિતિ નથી કે અમે તને પરણાવી શકીએ, તારા સેંથામાં સિંદૂર પૂરી શકીએ અને તારા લગ્નનું આયોજન કરી શકીએ, ગામડાંની એ ગરીબ દીકરીનો અવાજ ગાંધીનગરમાં બેઠેલી ભારતીય જનતા પાર્ટીની સરકારે સાંભળ્યો અને આવી દીકરીને પરણાવવાનું કામ કુંવર બાઈનું મામેરું યોજના દ્વારા આ સરકારે શરૂ કર્યું, તેથી હું આ સરકારને અભિનંદન આપું છું. આ યોજના દ્વારા દલિત દીકરીઓને પરણાવી અને આવા સમાજના સમૂહ લગ્ન સફળ થાય તે માટે પણ સરકાર મદદરૂપ થઈ રહી છે ત્યારે આવા તમામ પ્રકારની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને સમર્થન આપું છું. અને હું મારા વિચારોને વિરામ આપું છું. જય હિન્દ, જય ભારત.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે આખા દેશનું શાસન લોકસભા દ્વારા થાય છે અને રાજયનું શાસન વિધાનસભા દ્વારા થાય છે. એ જ રીતે પંચાયતી રાજની સ્થાપના થઈ તેનો હેતુ ઘણો સારો હતો, દરેક ગામના લોકો પોતે પણ પોતાની ગ્રામ પંચાયતની ચૂંટણી કરી અને ગામના લોકો ભેગા મળી અને જે લોકોને ચૂંટી લાવે તેના દ્વારા ગામના લોકો જાતે ગામનું શાસન કરે. પરંતુ જયારથી આ ચૂંટણીઓ આવી તે પછી છેલ્લા ઘણા વર્ષો દરમિયાન આપણે જોયું કે ગામોની અંદર એટલા બધા ઝગડા થયા, મારા મારી થઈ, અને ખરાબ બનાવો બન્યા, જેના લીધે આ ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવતા એમણે પંચાયત વ્યવસ્થામાં નવી યોજના દાખલ કરી અને સમરસ ગ્રામ પંચાયતની યોજના અમલમાં આવી, તેના દ્વારા ગામના લોકો ભેગા થઈ અને સર્વ સંમતિથી સરપંચ અને સભ્યોને ચૂંટી લાવે અને તેના દ્વારા સુંદર શાસન થઈ શકે તેવી યોજના આવી, અને તે યોજનાનો લાભ સમગ્ર ગુજરાતમાં આપણે જોઈ રહ્યા છીએ. આ યોજનામાં જે કેટલીક કરવા જેવી બાબત છે તેના તરફ હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. એક ગામ હોય અને તે ગામમાં એક પણ મતદાર આદિવાસી ન હોય, અને ગામના સરપંચ અને સભ્યો એ બધા જ બિનહરીફ તરીકે ચૂંટાઈ આવે છે. પરંતુ ગામની એક સભ્યની સીટ આદિવાસી તરીકે જાહેર થયેલ હોય તેથી તે સીટ ભરાતી નથી. અને તેના લીધે એ ગ્રામ પંચાયતને આ સમરસ યોજનાનો લાભ મળતો નથી. એટલે એવી ગ્રામ પંચાયતને પણ આ સમરસ ગ્રામ પંચાયતના લાભ મળે તેવી મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે. આપણા રાજયની અંદર નવી જિલ્લા પંચાયતો, નવી તાલુકા પંચાયતો અને નવી ગ્રામ પંચાયતો બની. ગ્રામ પંચાયતોનું વિભાજન કર્યુ પરંતુ દરેકે દરેક જગ્યાએ નવું મહેકમ મંજૂર કરવાનું અને એ કર્યા પછી એ જગ્યાઓ ભરવા માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે.

દરેક ગામની અંદર ગૌચરના દબાણો, ગામતળના દબાણો વધી ગયા છે. આ દબાણો દૂર કરવા માટે વ્યવસ્થા એવી છે કે અત્યારે ગ્રામ પંચાયતને સત્તા આપવામાં આવી છે. પરંતુ આપણે જાણીએ છીએ કે ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યશ્રીઓની અવારનવાર ચૂંટણીઓ આવતી હોવાને લીધે તેઓ આ નિર્ણય લેતા નથી. તેથી આ સત્તા તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને આપવા માટે સરકારશ્રી વિચારે તેવી મારી અંગત લાગણી છે. આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓની પણ લાગણી હશે . આપણા રાજયની અંદર ગૌચર અને ગામતળના દબાણો વધી ગયા છે પરંતુ આપણે દૂર કરી શકતા નથી.

જે ગામની અંદર પંચાયત ઘર બેસવા લાયક ન હોય જેને આપણે જર્જરિત પંચાયત ઘર કહીએ છીએ એની જગ્યાએ નવીન પંચાયત ઘર બનાવવા માટે સરકારે આ વર્ષના બજેટમાં જોગવાઈ કરી છે એ બદલ માનનીય મંત્રીશ્રીને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન સાબરકાંઠા જિલ્લાના ૨૧ જેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા હતા એના વર્ક ઑર્ડર પણ આપી દીધા, કામો પણ પૂર્ણ થઈ ગયા પરંતુ સરકારે લક્ષ્યાંક ઘટાડી ત્રણ કરી દીધો છે. તેથી બાકીની ૧૮ની ગ્રાન્ટ બાકી છે તો એ ગ્રાન્ટ રીલીઝ કરવા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

અગાઉ બિન ખેતીની સત્તા જિલ્લા પંચાયતને નહિ પરંતુ તાલુકા પંચાયત પાસે હતી, જેના લીધે ઘણી જ સરળતા રહેતી હતી. જે તે અરજદારે બિન ખેતીની જમીન કરાવવી હોય તો તાલુકા પંચાયતમાં બિન ખેતી થઈ શકતી હતી પરંતુ થોડાક વર્ષથી આ સત્તા જિલ્લા પંચાયતને આપી દીધી છે એના લીધે અરજદારોને તકલીફ પડે

છે. જિલ્લા પંચાયતમાં બિન ખેતીની કરાવવી હોય તો ઘણી બધી જગ્યાએથી એન.ઓ.સી. લાવવા પડે છે એમાં દ ણો જ સમય જાય છે અને અરજદારને તકલીફ પડે છે. તેથી ઓછા એન.ઓ.સી. લાવવા પડે અને જિલ્લા પંચાયતના બદલે તાલુકા પંચાયતને આ સત્તા મળે તેવી મંત્રીશ્રીને વિનંતી કરું છું.

આપણે સૌ જાણીએ છીએ કે આપણે ૨૧મી સદીમાં જવાના એ ગ્લોબેલાઈઝેશનનો જમાનો છે. અગાઉના સમયની અંદર ટેલિફોનના ડબલા વાપરતા હતા એની જગ્યાએ મોબાઈલ આવી ગયા છે. ગ્લોબેલાઈઝેશનના જમાનામાં આપણે સૌ જાણીએ છીએ કે મોબાઈલ રીચાર્જ કરાવીએ એ પહેલા લાઈફ ટાઇમ રીચાર્જ કરાવતા હતા. અને નવી સ્કીમ આવી છે છોટા રીચાર્જ એટલે આપણે બિન ખેતી કરાવીએ છીએ એ ડીમ ડેએ કરાવવી જોઈએ, એટલે કે સમય પૂરતું જે હેતુ માટે બિન ખેતી કરીએ એ હેતુ પૂર્ણ થઈ જાય એટલે બિન ખેતી ઑટોમૅટીક કૅન્સલ થઈ જવી જોઈએ. ખાસ કરીને જે અરજદારો પોતાના ખાણ કામના વ્યવસાય માટે જ્યારે મંજૂરી માગે ત્યારે તેમને એમ કહેવામાં આવે છે કે તમે બિન ખેતી કરાવો. બિન ખેતી કરાવ્યા પછી જ્યારે એનું ખાણ કામ પૂરું થઈ જાય પછી એના વિસતદારો, લોકલ ફંડ અને શિક્ષણ ઉપકર ચાલુ રહે છે. તેનું જો લીઝનું કામ પુરુ થઈ ગયું હોય, ખાણ કામ પૂરું થઈ ગયું હોય તો આ જે વેરો લેવામાં આવે છે તે બંધ થવો જોઈએ.

૧૨મા નાણા પંચના કામો આપણે જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા મંજૂર કરાવીએ છીએ. આ કામો મંજૂર કરાવવા માટે જિલ્લા પંચાયતમાંથી આ ફાઇલ વિકાસ કમિશ્નર પાસે આવે છે અને વિકાસ કમિશ્નર પાસેથી ફરી પાછી જિલ્લામાં જાય છે આ પ્રક્રિયામાં ઘણો સમય જાય છે તો આની સત્તા જિલ્લા પંચાયતને આપવા માટે મારી વિનંતી છે.

ગોકુળ ગ્રામ અંતર્ગત જે આંગણવાડી અને બીજા વિકાસના કામો આપણે રીલાયન્સને આપ્યા હતા. આ રીલાયન્સના એક પણ કામ હજી સુધી થયા નથી. તો આ કામ સત્વરે પૂરા કરાવવા મારી વિનંતી છે.

જે ગામની અંદર સરદાર આવાસ ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત જે મકાનો બન્યા હોય આ મકાનો જો ૨૦ની સંખ્યામાં હોય તો માળખાગત સુવિધા વધારવા માટે આપણે જે તે ગામને પાંચ લાખ રૂપિયા આપીએ છીએ. આ યોજનામાં થોડોક સુધારો કરીને જે ગામમાં બી.પી.એલ. લાભાર્થી જે વિસ્તારમાં રહેતા હોય એ વિસ્તારમાં ૨૦ની સંખ્યામાં હોય ત્યાં પણ માળખાગત યોજનાનો લાભ આપવા માટે મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ મિત્રની યોજના ઘણી સારી છે અને છેલ્લા વર્ષમાં દરેકે દરેક ગામમાં પૂછયું કે ગ્રામ મિત્ર તમારા ગામમાં કોણ છે? તે કેવી કામગીરી કરે છે? બીજા જિલ્લામાં પણ અમારે વિસ્તાર યોજના હેઠળ જવાનું થયું ત્યાં આગળ મેં પૂછયું તો દરેકે દરેક ગ્રામ મિત્રની કામગીરી ઘણી જ સારી છે અને છેલ્લા વર્ષમાં અમે જ્યારે સુંદર કામગીરી કરી છે ત્યારે આવનારા વર્ષોમાં પણ તેની કામગીરીનો ગુજરાત રાજયના વિકાસમાં આપણને સૌને લાભ મળી રહે તે માટે ફરીથી તેમને નિમણૂંકના ઑર્ડર આપવા માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. જ્યારે જ્યારે પણ માનનીય પંચાયત મંત્રીશ્રી સમક્ષ અમે ગુજરાત રાજયના વિકાસ માટે, પંચાયતના વિભાગના વિકાસ માટે ગયા છીએ ત્યારે સુંદર પ્રતિભાવ આપ્યો છે. તો તેઓ જે માગણીઓ લાવ્યા છે તેને મારું સમર્થન આપીને વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ૭૦ અને ૭૧ લઈને પંચાયત મંત્રીશ્રી આવ્યા છે તેના અનુમોદનમાં હું ઉભો થયો છું. માગણી ક્રમાંક-૭૦માં ૫,૧૦,૫૭,૧૯,૦૦૦ની મહેસૂલી ખર્ચ સમુહ વિકાસ માટે અને માગણી ક્રમાંક-૭૧ હેઠળ ૩,૮૧,૯૩,૯૫,૦૦૦ની મહેસૂલી ખર્ચ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે રજૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ આ વિભાગમાં બજૅટનું કદ ૧૬૬૫ કરોડ,૨ લાખ,૪૧ હજાર ફાળવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસના કામ પંચાયતમાં ગોકુળિયા ગામથી થયા. જ્યારે જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે વિકાસના કામોની શરૂઆત થઈ. ગોકુળિયા ગામ જે ગંદકીમય ગામ હતા, જ્યારે ગામમાં જઈએ તો ગટરની વ્યવસ્થા ન હોવાને કારણે એ પાણીમાં વચ્ચે થઈને આપણે જવું પડે. પાણી ફેલાતું હોય તેમાંથી જવું પડે. એવી પરિસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગોકુળિયા ગામની યોજના મૂકી. ૧૮,૩૧૮ ગોકુળિયા ગામનો લક્ષ્યાંક નક્કી કર્યો. તેમાં ૧૪,૧૬૮ ગ્રામ પંચાયતોમાં ગોકુળિયા ગામના કામ પૂર્ણ થયા. આ ગોકુળિયા ગામમાં ગટરની વ્યવસ્થા હોય, પાણીની વ્યવસ્થા હોય તેમજ કોમ્યુનીટી હૉલ હોય, પંચાયત ઘર હોય, આંગણવાડી હોય, સ્કૂલના ઓરડા હોય આમ વિકાસના કામ અને ગોકુળિયા ગામના પૈસા એમાં વપરાય. આજ સુધીમાં ૧૬૫૭ કરોડ ૨૪ લાખ રૂપિયા ગોકુળિયા ગામની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરાજ યોજના. જેને એસ.જી.એસ.વાય કહેવાય છે. જે અતિ ગરીબ લોકો માટે આશીર્વાદરૂપ છે. જ્યારે જ્યારે દુષ્કાળ પડ્યો હોય, પૂર આવ્યું હોય ત્યારે આ યોજના ૭૫ ટકા કેન્દ્રના અને ૨૫ ટકા ગુજરાત રાજયના એમ સંકલન કરીને આ યોજના બનાવી છે અને જ્યારે જ્યારે અછત હોય, ગમે તે આપત્તિ આવી હોય ત્યારે ગરીબ લોકોને રોજગારી પૂરી પાડવાની આ અતિ મહત્ત્વની યોજના છે. તેવી જ રીતે સુવર્ણ રાષ્ટ્રીય યોજના. જે કેન્દ્રની યોજના છે. એ પણ કોઈ પણ કામદારને, કોઈ પણ બી.પી.એલ. યાદી હોય, અતિ ગરીબ હોય તેમને ૧૦૦ દિવસની રોજગારી પ્રાપ્ત થાય અને કુટુંબનું પૂર્ણ થાય તે માટે યોજના

કરવામાં આવી છે અને આપણી નિરાધાર બહેનો હોય, આર્થિક રીતે પછાત હોય તો તેના માટે સખી મંડળ યોજના ખૂબ સરસ બનાવવામાં આવી છે. તેમાં રકમ નિશ્ચિત કરી હોય, રોજની રકમ ઉઘરાવવામાં આવે અને એ રકમ જ્યારે ભેગી થાય ત્યારે આર્થિક રીતે પછાત હોય, જેને જરૂરિયાત હોય એ લોકોને મદદ કરવાની આ સખી મંડળની યોજના છે. આજ સુધીમાં ગુજરાત રાજયમાં કુલ ૯૫૬૨૦ સખી મંડળોની રચના થઈ છે. એમની કુલ બચત રૂ.૪,૮૦,૪૯૭ની બચત થઈ છે અને ૫૨૮૦૦ સખી મંડળોને આંતરિક ધિરાણ કરેલ છે. તેવી જ રીતે ઇન્દિરા આવાસ યોજના હેઠળ ક્રમે ક્રમે આપણે રકમ વધારતા ગયા. પહેલાં આપણે જોતા હતા કે, ઇન્દિરા આવાસ યોજનાના પાંચ વર્ષમાં એના ઝૂંપડા હોય નહીં, એનું કાંઈ હોય નહીં એવી યોજના હતી કે જેનું પૂર્ણ મકાન ન બની શકે. એટલે ભારતીય જનતા પાર્ટીએ રૂ.૪૩,૫૦૦/- એમાં નક્કી કર્યા અને એના રૂ.૭૦૦૦/- એ શ્રમ કરીને આપે કે એના ઉમેરે એ રીતે ઇન્દિરા આવાસ યોજના આપણે શરૂ કરી છે અને ૨૦૦૮-૦૯માં ઇન્દિરા આવાસ યોજનાના મકાનો બનાવ્યા, શૌચાલયો ન હોય તો એને બહાર જવું પડે. સરકારે એવો નિર્ધાર કર્યો છે કે, દરેક ઘરમાં શૌચાલય હોવા જોઈએ. એના માટે રૂ.૨૨૦૦/- વધારાના આપવા. એ જ રીતે આજની વીમા યોજના - કોઈપણ મજૂર હોય, કોઈપણ અતિ ગરીબ હોય, મજૂરી કરતો હોય એ અકસ્માત થાય અને મરી જાય કે કુદરતી રીતે મરી જાય તો એમાં એને રૂ.૩૦,૦૦૦/- આપવાના અને અકસ્માતથી મરી જાય તો રૂ.૭૫,૦૦૦/- આપવાની જોગવાઈ કરી છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : તમને ફાળવેલ સમય પૂરો થયો છે હવે કેટલી મિનિટ લેશો?

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આપ કહેતા હોવ તો બે મિનિટમાં પૂરું કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વની બાબત એ છે કે, અમારા મહેસાણા જિલ્લામાં બારમા નાણા પંચમાં સીસી રોડ ફાળવેલ છે. પણ અહીંયાં સચિવ કક્ષાએથી મંજૂર કરવામાં આવતા નથી. મુખ્યમંત્રીશ્રી સુધી આ માટેની રજૂઆતો થઈ છે. તેમ છતાં હજુ સુધી એનો નિકાલ આવ્યો નથી. દબાણનો પ્રશ્ન ખૂબ વિકટ હોય છે. દબાણ ગ્રામ પંચાયત દ્વારા દૂર થતા નથી. પણ જિલ્લા લેવલે રૂ.૮૦ લાખની ફાળવણી કરી હોય અને જ્યારે પંચાયત એમ કહેતી હોય કે આ કામ અમારાથી નહીં થાય તો જિલ્લા પંચાયતમાં એક ખાસ સેલ હોય છે. એના દ્વારા આ દબાણ દૂર થાય. ગૌચરના દબાણ દૂર કર્યા એનાથી પ્રજાને ખૂબ રાહત થઈ છે.

**શ્રી કાન્તિલાલ ર. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ૯૨, ૯૩ અને ૯૫ નંબરની માગણીઓ લઈને ગૃહમાં આવ્યા છે તેમને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. ગુજરાતની અંદર જે અનુસૂચિત જાતિની વસ્તી છે એ વસ્તીને વાચા આપી એના વિકાસ માટે આ બજૅટની અંદર રૂ.૧૨૯૪/- કરોડ જેટલી મોટી રકમ મંજૂર કરી છે અને આ માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે ગુજરાતની અંદર અનુસૂચિત જાતિની જે વસ્તી છે એ ૩૫.૯૩ લાખ જેટલી થાય છે અને એ કુલ વસ્તીના ૭.૯ ટકા જેટલી થાય છે. અનુસૂચિત જાતિની વસ્તી આખા ગુજરાતની અંદર પથરાયેલ છે. ગુજરાતના ૧૮૨૭૫ ગામ છે. એ પૈકી ૧૨૮૦૮ ગામની અંદર અનુસૂચિત જાતિની વસ્તી છે અને એમાં ખાસ કરીને રાજયના અમદાવાદ, બનાસકાંઠા, જુનાગઢ, મહેસાણા અને વડોદરા જિલ્લાની અંદર અનુસૂચિત જાતિની વસ્તીની ગીચતા છે. આ અનુસૂચિત જાતિના વિકાસ માટે જે જુદી જુદી વિવિધ યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી છે,

એમાં અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ નામના એક નિગમની સ્થાપના કરવામાં આવી છે. આ નિગમ એ વ્યકિતલક્ષી લોકોને લોન સહાય આપે છે. જુદીજુદી યોજનાઓ દ્વારા એની આવક વધે એ માટેની યોજનાઓ લઈને આવે છે. હમણાં જ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું આ નિગમ છે એને રાજયના ગરીબી રેખા હેઠળ જીવન જીવતા અનુસૂચિત જાતિના વ્યકિતઓનું આર્થિક ઉત્કર્ષ માટે કામ કરવાનું ગુજરાત અનુસૂચિત આર્થિક વિકાસ કૉર્પોરેશન જે કામ કરે છે એમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતી નાણા અને વિકાસ નિગમ પાસેથી લોન મેળવી અને લોકોને જે લોન આપે છે એમાં ભારત સરકારે રાષ્ટ્રીય અનુસૂચિત જાતી નાણા અને વિકાસ નિગમ દ્વારા સ્ટેટ ચેનલાઈઝ એજન્સી એક ઉભી કરી અને જુદાજુદા રાજયોના અંદરથી કેવી કામગીરી થાય છે એનું મૂલ્યાંકન કર્યુ તો એમાં આપણી ગુજરાતની અંદર એનો પ્રથમ નંબર આવ્યો અને ૨૦૦૭-૦૮ની અંદર રેટીંગ ઓફ સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સી સ્કીમ જે દાખલ કરી છે એમાં આપણો નંબર પ્રથમ આવ્યો અને આપણને એક સારી કામગીરી બદલ શીલ્ડ એનાયત કર્યો અને એમાં ૫ લાખનું રોકડ ઈનામ આપણને ગુજરાતને મળવા પામ્યું છે. એ બતાવે છે કે અનુસૂચિત જાતિના વિકાસમાં રાજયની અંદર આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી તથા આપણા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી કેટલું કામ કરી રહ્યા છે અને અનુસૂચિત જાતિના વિકાસમાં કેટલો ગુજરાત સરકારનો સિંહફાળો છે. આંબેડકર આવાસ યોજના જે ગુજરાતની અંદર મોટામાં મોટું કામ કરી રહી છે જેને રહેવા માટે મકાન ના હોય એને આ મકાન ફોર્મ ભરે અને એને ગરીબી રેખા નીચે જીવતો હોય અને મકાન ના હોય તો એને મકાન આપવાની કામગીરી કરે છે. ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન કોમર્શિયલ પાયલોટ તાલીમ આ યોજના પણ અમલમાં મૂકેલી છે. એમાં વિદેશમાં અભ્યાસ માટે અનુસૂચિત જાતિના લોકો ખાસ કરીને પહેલા સ્વપ્ન આવે કે વિદેશમાં જવાય, અમેરિકા કેવું હશે, ઈગ્લેન્ડ કેવું હશે ત્યાં કેવા લોકો રહેતા હશે એવા સ્વપ્ના આવતા, પણ અત્યારે આ અનુસૂચિત જાતિના લોકો એ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે અને એમાં પહેલા ૫ લાખ

આપતા હતા એના બદલે ૧૦ લાખ અને અત્યારે ૧૫ લાખ રૂ પિયા આપવાનું અત્યારે સરકારે આયોજન કરેલ છે. એવી જ રીતે આ માનનીય મુખ્યમંત્રીશ્રીના વડપણ નીચે ૮૫ વિદ્યાર્થીઓ વિદેશમાં મોકલવામાં આવ્યા છે અને એમાં ખાસ કરીને વાલ્મિકી, ગરો સમાજ, તુરી સમાજ અને અતિ પછાત સમાજના લોકો પણ આમાં સામેલ છે. કોમર્શિયલ પાયલોટની હમણાં આત્મારામભાઈએ વાત કરી એમાં માનનીય આત્મારામભાઈ એ સજ્જન કહેવાય કારણ કે એમના છોકરાએ પણ આ તાલીમનો લાભ લીધો છે અને અત્યારે એ પણ પાયલોટ છે એટલે હવામાં ઉડ્યન કરે છે. બીજી વાત એ છે કે આ પાયલોટની તાલીમની અંદર બે કન્યાઓએ પણ તાલીમ લીધી છે અને એ પણ અત્યારે હવાની અંદર પાયલોટનું કામ કરી રહ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે છેવાડાના માનવીઓ માટે એમણે જે કામગીરી કરી રહ્યા છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. અનુસૂચિત જાતિના લોકો માટે જન્મથી મરણ સુધીની આખી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

**સભાપતિશ્રી** : કાંતિભાઈ આપનો ફાળવેલો સમય પૂરો થઈ ગયો છે. હવે કેટલો સમય લેવાના છો આપ?

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : ૩ મિનિટ આપો સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, એના બાળકનો જન્મ થાય ત્યારથી એની યોજનામાં ઘરમાં મુખ્ય કમાનાર વ્યકિતને ટી.બી. કે એવો રોગ લાગુ પડ્યો હોય તો સરકારશ્રી તરફથી સહાય મળે, દીકરી દીકરાનું ભણવાનું બંધ કરી એને મંજૂરી કરવામાં જોતરે અને મુખ્ય કમાનાર વ્યકિતની દવા પાછળ ખર્ચો કરવાનો થાય ત્યારે એને સરકાર તરફથી સહાય આપવામાં આવે છે. એવી જ રીતે મૃત્યું થાય ત્યારે પણ એને કફન માટે એની પાસે પૈસા હોતા નથી. આવા લોકોને ૨૫૦૦ રૂપિયા કફન માટે પણ આપવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૭૧૪૬ મૃતકોના વારસદારોને આ રકમની સહાય આપવામાં આવેલ છે. હમણાં વાત કરી કે કુંવરબાઈનું મામેરું યોજના, આ યોજનામાં પણ દીકરીના લગ્ન કરવા માટે એની પાસે સગવડતા ન હોય ત્યારે એને પણ આ યોજનાના લાભો આપી એને બૉન્ડ આપવામાં આવે છે અને રોકડ રકમ પણ આપવામાં આવે છે. જે લોકો સમૂહલગ્નમાં જોડાય એમને પણ આ નાણાની સહાય આપવામાં આવે છે. શિષ્યવૃત્તિની યોજનાની વાત કરીએ તો ધોરણ-૮માં ભરતી બાળાઓ છે એમને ૨ હજાર રૂપિયાની સાઈકલ આપવામાં આવે છે અને એ દીકરી સાઈકલ લઈને હોંશે હોંશે સ્કૂલે જાય અને ભણે છે. એના માટે રાજ્ય સરકારે રૂપિયા ૮૪.૩૧ કરોડનો ખર્ચ કરેલ છે. આવી અનેક યોજનાઓ લઈ જ્યારે માનનીય મંત્રીશ્રી આ ગૃહમાં આવ્યા છે ત્યારે હું આ માગણીઓને મારું સમર્થન આપું છું અને મારી વાણીને વિરામ આપું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી માગણી નં. ૭૦ અને ૭૧ જે લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર પંચાયતી માળખું ગામ, તાલુકો અને જિલ્લા સ્તરે ત્રિ સ્તરીય માળખાની પદ્ધતિ હાલમાં પણ ચાલું છે ત્યારે સ્વ. બળવંતરાય મહેતાનું જે સ્વપ્ન હતું કે ગુજરાતની અંદર અમારા પંચાયતી રાજની અંદર ગામડું કેવું હોય? આ વાત એટલા માટે યાદ કરવી છે કે જ્યારે ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ અને બળવંતરાય મહેતા સમિતિનો પંચાયતી રાજનો અહેવાલ ૧૯૬૩માં અમલમાં આવ્યો ત્યારથી આજ સુધી, ૧૯૯૫ સુધી સત્તા કોની હતી એ કહેવાની જરૂર નથી. પરંતુ ગામડું કેવું હતું એ મારે કહેવું છે. આજે સામેના મિત્રો બેઠા નથી નહીં તો વાત યાદ કરાવતો કે જાણે ગામડાની અંદર વર્ષો સુધી બે-ત્રણ વસ્તુ યાદ કરી અને લોકોને *(xxxxxx) સિવાય કાંઈ કામ કર્યું નથી. જ્યારે ગામડું અને પંચાયતો ભાંગતી ગઈ ત્યારે ૧૯૯૫ પછી પંચાયતમાં જ નહીં પણ સમગ્ર ગુજરાતની અંદર ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું ત્યારથી ગુજરાતની અંદર ૧૯૯૫ પહેલાનું ગામડું કેવું હતું અને ૧૯૯૫ પછીનું ગામડું હાલમાં કેવું છે? એમાં પણ ગ્રામ પંચાયતો જ્યારે કાર્યરત છે ત્યારે આ પંચાયતો કેવું કામ કરી રહી છે અને સરકાર એને કેવું પ્રોત્સાહન આપી રહી છે એ વાત ફક્ત બોલવા ખાતર બોલતો નથી.

**સભાપતિશ્રી** : માનનીય રાજશીભાઈ, (xxxxxx) આ શબ્દ કાઢી નાખું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : સોરી, ગામડામાં આપણે વાસ્તવિકતા જોઈએ છીએ ત્યારે આપણને ખરેખર અનુભવ થાય છે. હમણાં જ અમારા મિત્ર વાત કરતા હતા કે ભૂતકાળમાં ગામડામાં બાળકો શાળાએ જતા હોય, કોઈને બહાર જવું હોય તો બજારમાં ભરપૂર કાદવ-કીચ્ચડ હોય અને એમાં નાના બાળકો પણ ચાલે અને ગામડાની વ્યક્તિઓ પણ ચાલતી હતી. એની કોઈ ચિંતા કરી ન હતી કે આની જગ્યાએ સી.સી. રોડ કે પેવર રોડ બનાવવા જોઈએ. ગામડાને સમૃદ્ધ બનાવવા જોઈએ. પરંતુ હું ગુજરાત સરકારના મુખ્યમંત્રી અને ભારતીય જનતા પક્ષની સરકારને અને પંચાયત મંત્રીને અહીંયા અભિનંદન આપીશ કે ૧૯૯૫ પછીનું ગામડું આજે લોકોની નજર સામે તરી રહ્યું છે અને ગામડાની અંદરથી જે લોકો શહેર તરફ પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે શહેરોમાં ઝૂંપડપટ્ટી બનતી અને ગામડું ખાલી થતું. પરંતુ ૧૯૯૫ પછી અને ખાસ કરીને ગુજરાતના મુખ્યમંત્રીએ ગ્રામ પંચાયતોની અંદર દરેક ગામડાની અંદર જ્યારથી જ્યોતિ લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારથી ગામડાનો વિકાસ અને

* (xxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

પંચાયતનો વિકાસ થયો છે. આજે પંચાયતની અંદર જાવ, ગામડાની અંદર જાવ તો ગામનો નાનો માણસ શહેર તરફ જતો બંધ થયો છે અને ગામડું સમૃદ્ધ બનાવવા માટે આ સરકાર જ્યારે પ્રયત્ન કરી રહી છે ત્યારે ગ્રામ પંચાયતોની અંદર દરેક ગામડાઓમાં એક સમરસની યોજના આ સરકારે આપી અને સમરસની યોજના એટલા માટે હું એને આવકારું છું કે અમારા વેરાવળ તાલુકાની અંદર આજે પણ ૬૦ ટકા ગ્રામ પંચાયતો સમરસ થાય છે અને હું જે ગામડામાંથી આવું છું ત્યાં પાંચમી વખત સમરસ ગ્રામ પંચાયત થઈ છે ત્યારે આ સરકારને એટલા માટે અભિનંદન હું આપું છું કે જ્યારે ૫,૦૦૦ની વસ્તીવાળા ગામડા છે એને પ્રોત્સાહનરૂપે ૫૦,૦૦૦ સમરસમાં અને ૫,૦૦૦ ઉપરના છે એમાં ૧,૦૦,૦૦૦ લાખ રૂપિયાની સીધી સહાય કરી આ માળખાકીય સુવિધા ઊભી કરવા માટે આ સરકારે જબરજસ્ત પ્રયત્ન કર્યો છે ત્યારે હમણાંજ એક મારા મિત્ર વાત કરતા હતા કે ગામની અંદર ગ્રામમિત્રો આપ્યા. ગ્રામમિત્રો શા માટે આપ્યા? તો એટલા માટે હું યાદ કરીશ કે ગ્રામમિત્રો આપ્યા છે એમને ફક્ત ગ્રામમિત્રોની અંદર પાંચ ગ્રામમિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં કૃષિનો સમાવેશ થયો છે, શિક્ષણનો સમાવેશ થયો છે, આરોગ્યનો સમાવેશ કર્યો છે અને વિકાસ અને જનકલ્યાણ માટેની એમાં યોજનાઓ મૂકવામાં આવી છે. આ પાંચ ગ્રામમિત્રોને એક નવી રોજગારીની તક તો મળી જ છે. પરંતુ ગામની અંદરથી પાંચેય યોજનાની અંદરથી તાત્કાલિક સરવે મળે, તાલુકા મથક અને જિલ્લા મથક સુધી અને સરકાર સુધી તાત્કાલિક માહિતી પૂરી પાડે એના માટેના આ સરકાર પ્રયત્ન કરી રહી છે ત્યારે ફરી ફરી પંચાયત મંત્રીને અભિનંદન આપું છું.

**સભાપતિશ્રી :** રાજશીભાઈ કેટલી મિનિટ લેશો? આપનો સમય પૂરો થવા આવ્યો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : એક મિનિટ સર, ગ્રામ વિકાસની વાત કરીને પછી મારી વાત પૂરી કરીશ. ગ્રામ વિકાસની અંદર જ્યારે ખાસ કરીને વોટર શેડ યોજના અમારાં ખેડૂતો માટે ઘણી ઉપયોગી છે અને વોટર શેડ યોજના એવી સારી અને ઉપયોગી યોજના આવી છે કે એનાથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી આ યોજના ચાલતી હોય ત્યારે મારે અહીંયા કહેવું છે અને આજે મારી પાસે એક કાગળ પણ છે કે વોટર શેડની અંદર અમારા જિલ્લાની અંદર બારમી બેચ ચાલુ છે અને બાર બેચોમાંથી નવમી બેચની હજુ અમલવારી નથી થઈ અને થઈ છે તો નહિવત થઈ છે. હું એના કારણો આપું છું અને પછી મારી વાત પૂરી કરીશ. કેન્દ્ર સરકારમાંથી આવતી ગ્રાન્ટો છે એ નવમી બેચમાં પણ અમને પુરતી મળી નથી અને હાલમાં પણ નવમી બેચના ચાર હપતા બાકી છે અને બાકીના સાતમી બેચના પાંચ હપતા બાકી છે અને આઠમી બેચના પાંચ હપતા બાકી છે. આ ફક્ત દ ણાં વર્ષોથી કેન્દ્ર સરકાર પાસેથી કરોડો રૂપિયા લેવાના બાકી છે એટલે ગુજરાતનો વિકાસ અટક્યો છે એટલે ફરી ફરી જે મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમને અભિનંદન આપી મારી વાત પૂરી કરીશ.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી લઈને આવ્યા છે એને મારું સમર્થન આપવા ઊભો થયો છું. ગુજરાતમાં છેલ્લા સાત વર્ષથી જયારથી મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઈ મોદી બેઠા છે ત્યારથી ગુજરાતનો જે સર્વાંગી વિકાસ થયો છે એ અકલ્પનીય વિકાસ ગુજરાતનો થયો છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના સતત માર્ગદર્શન હેઠળ હકારાત્મક પ્રતિભાવને કારણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની જે કલ્યાણકારી યોજના બનાવવામાં આવી છે અને આ પછાત વર્ગના લોકોના કલ્યાણ માટે, સર્વાંગી વિકાસ માટે, શૈક્ષણિક વિકાસ માટે, આર્થિક વિકાસ માટે અને સામાજિક વિકાસ માટે આ યોજનાઓ જે અમલમાં આવી છે અને પછાત વર્ગના લોકોને સમાજની એક સારી હરોળમાં લઈ જવા માટે આ સરકારે જે પ્રયત્ન કર્યો છે એ ખૂબ જ પ્રશંસનીય છે અને ભવિષ્યમાં આ કચડાયેલો સમાજ, કચડાયેલો વર્ગ ખૂબ આગળ આવે એ માટે આ સરકાર પ્રયત્ન કરી રહી છે ત્યારે આ સમાજના ઉત્કર્ષ માટે આ સરકારે ઘણી એવી યોજના બનાવી છે જેને કારણે આ પછાત કચડાયેલા વર્ગનો ઉત્કર્ષ થાય, વિકાસ થાય બીજા સમાજની હરોળમાં એ આગળ વધે એના માટે પ્રયત્નશીલ છે ત્યારે આ સરકાર દ્વારા ગુજરાતના દરેક જિલ્લામાં આંબેડકર ભવન બનાવવા માટે ૩પલાખની સહાય ચૂકવવામાં આવે છે અને દરેક જિલ્લામાં આવા આંબેડકર ભવન બનાવવામાં આવી રહ્યા છે ત્યારે આ ભવનનો જે આર્થિક અને સામાજિક રીતે કચડાયેલા લોકો છે એ ઉપયોગ કરે અને સમાજની હરોળમાં આવવા માટેના પ્રયત્ન થાય એના માટે આ આંબેડકર ભવન બનાવવામાં આવી રહયા છે ત્યારે મારે આ સરકારને અને આ મુખ્યમંત્રીને ધન્યવાદ એટલા માટે દેવા છે કે આ છેલ્લા બજેટમાં આ કચડાયેલા લોકોને ઉત્કર્ષ માટે કરોડો, કરોડો રૂપિયા આ બજેટમાં ફાળવવામાં આવેલા છે ત્યારે આ વર્ગમાં કોઈપણ ગરીબ માણસ કચડાયેલો વર્ગ છે એને તબીબી સહાય પણ આપવામાં આવે છે એમાં ટી.બી. ના દર્દીને દર મહિને ૨૫૦ રૂપિયા જેટલી સહાય આપવામાં આવે છે. કેન્સરનો દર્દી હોય તો મટે ત્યાં સુધી સતત એને ૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. પછાત મહિલાઓને પ્રસુતિ વખતે એને ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. સામાન્ય દર્દ હોય એને ૧૫૦ રૂપિયા જેટલી સહાય ચૂકવવામાં આવે છે જયારે સમાજનો બધી રીતે વિકાસ થાય એ માટે સરકાર બધી રીતે પ્રયત્ન કરતી હોય ત્યારે ગામડાંમાં છાત્રાલયમાં ભણી અને એને ત્યાં રહેવાની, જમવાની વ્યવસ્થા થાય અને સારી રીતે શિક્ષણ પ્રાપ્ત કરે અને આગળ વધે એના માટે છાત્રાલયોની સ્થાપના કરવામાં આવેલી છે અને એ છાત્રાલયોમાં વિદ્યાર્થી ભણે અને બીજા સમાજની હરોળમાં આવે એ માટે છાત્રાલયો પણ બનાવવામાં આવેલા છે. આદર્શ નિવાસી શાળા પણ બનાવવામાં

આવેલી છે અને એમાં જે શિષ્યવૃત્તિ છે એ શિષ્યવૃત્તિના દર અત્યાર સુધી સાવ સામાન્ય હતા પરંતુ આ સરકાર આવ્યા પછી શિષ્યવૃત્તિના દરમાં પણ વધારો કરવામાં આવેલો છે. કોમર્શિયલ પાઈલોટ. પાઈલોટની ટ્રેનિંગ લેવા જાય એને અત્યાર સુધી આઠલાખની સહાય ચૂકવવામાં આવતી હતી પરંતુ આ વખતે એને ૧૫ લાખ જેવી સહાય આપવામાં આવશે. માનનીય આત્મારામભાઈએ કીધું કે અમારી પછાત વર્ગની એક દીકરી પણ પાઈલોટ છે. મારે તો ગૌરવ સાથે કહેવું પડે કે એ દીકરી છે એ માંગરોળ તાલુકાની વતની છે અને અત્યારે પાઈલોટીંગ કરી રહી છે. બીજું સાગર ખેડુ પેકેજ જે જાહેર થયું છે એ સાગર ખેડુ તાલુકામાં પણ વિદ્યાર્થીઓને રહેવા અને જમવા માટેની સંયુકત સુવિધાવાળા આવા ૧૫ છાત્રાલયો ખોલવામાં આવેલા છે. મૅડિકલ અને એન્જીનીયરીંગમાં વિદ્યાર્થીઓને ભોજનમાં આપવામાં આવતી બીલ રાહત માસિક રૂ. ૨૫૦થી વધારીને રૂ. ૬૦૦/- કરવામાં આવેલી છે અને ધોરણ-૮માં જે કન્યાઓ ભણવા જાય છે એ શાળાએથી સમયસર ઘરે પહોંચી શકે અને ઘરેથી સમયસર શાળાએ પહોંચી શકે અને વ્યવસ્થિત અભ્યાસ કરી શકે.ઘરકામ કરી શકે. સાઈકલની યોજના બનાવીને સાઈકલમાં ૨૦૦૦ રૂપિયા જેવી સહાય આ રાજય સરાર દ્વારા આપવામાં આવે છે. જ્યારે બે વર્ષ પહેલા રક્ષા બંધનના દિવસે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી..

**સભાપતિશ્રી** : તમારો ફાળવેલ સમય પૂરો થાય છે. આપ કેટલી મિનિટ લેશો?

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : એક જ મિનિટ. રક્ષા બંધનના દિવસે રાખડી બાંધવા માટે બહેનો આવી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિચાર્યુ આ ગુજરાતની બહેનોને મારે શું દેવું? તો તેમણે અભ્યાસ કરવા જતી હોય તે બહેનને બસમાં મફત મુસાફરીની સગવડ આ સરકારે કરી આપી છે. પ્રસૂતિની પીડા સહન કરતી હોય ત્યારે આ સરકારે પ્રસૂતિ માટે સરકારી દવાખાને જવા માટે બહેનોને હૉસ્પિટલ પહોંચાડવા માટેની પ્રસૂતિનો ખર્ચ આવે એ આ રાજય સરકાર ભોગવે છે અને સાથે વ્યકિત જાય તેને પણ ૧૦૦ રૂપિયા આપી આ સરકારે તમામ પાસાઓનો વિચાર કરી આ સમાજના ઉત્કર્ષ માટે ખૂબ જ પ્રયત્નશીલ છે અને પ્રયત્ન કર્યો છે, એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું.

ભારતના લોકકલ્યાણ, હેતુલક્ષી બંધારણ અને રાજનીતિક સિદ્ધાંતની જોગવાઈઓમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ અને ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને રાષ્ટ્રના નબળા વર્ગ માટે વિકાસની ખાસ માવજતની ગોઠવણી કરી છે. બંધારણની કલમ-૬૪માં દર્શાવ્યા મુજબ સમાજના નબળા વર્ગના અને ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અને શૈક્ષણિક નબળા વર્ગના ખાસ કરીને એમના શૈક્ષણિક હિતની અભિવૃદ્ધિ માટે રાજ્ય વિશેષ કાળજી લે એ પ્રકારે ગુજરાત સરકારશ્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી હું દલિતોના વિકાસની દ્રષ્ટિને ધ્યાનમાં રાખીને કામ કરી રહ્યા છે. ગુજરાત સરકાર દલિત, પીડિત, વંચિતો અને શોષિતો માટે જે કઈ અનેક પ્રકારની યોજનાઓ સાથે કામ કરી રહી છે એ મને લાગે છે કે આઝાદીના ઈતિહાસમાં ગુજરાત સરકાર છેલ્લા જે કઈ ૬-૭ વર્ષથી કામ કરી રહી છે, એ સર્વશ્રેષ્ઠ કામગીરી છે અને દલિતોના હિતોને ધ્યાનમાં રાખીને દલિત સમાજના હ્દય સુધી પહોંચી તેમને આગવા કદમ સુધી લઈ જવા માટે તેમનું હિત ધ્યાનમાં રાખીને આ કામ કરનાર સરકારનું કામ છે. મારે અભિનંદન એટલા માટે મુખ્યમંત્રીશ્રીને અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીને આપવા પડે કે એમણે જે સુત્ર છે કે ચલો જલાયે દીપ, જહાં અભિ ભી અંધેરા હે. અંધેરાને ઉલેચવા માટેનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી કરી રહ્યા છે. ગુજરાત રાજયની ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ રાજયની કુલ વસ્તી ૫૦૬.૭૧ લાખની છે. એ પૈકી અનુસૂચિત જાતિની વસ્તી ૩૫.૯૩ લાખની છે અને આ કુલ વસ્તીના ૭.૦૯ ટકા વસ્તીનું પ્રમાણ છે. ગુજરાત સરકારે ઉક્ત બંધારણીય જોગવાઈને અનુલક્ષીને અત્યાર સુધીમાં લગભગ સામાન્ય દ્રષ્ટિએ ૧૦૧ યોજનાઓ અનુસૂચિત જાતિઓને માટે મુકવામાં આવી છે. એમાં ખાસ કરીને ૪ વિભાગ પાડવામાં આવ્યા છેઃ એ ૪ વિભાગમાં શૈક્ષણિક યોજના, આર્થિક ઉત્કર્ષ યોજના, આરોગ્ય વસવાટ અને અન્ય યોજના અને નિર્દિષ્ટ અને વહીવટી આ પ્રકારની યોજના સાથે આ સરકાર કામ કરી રહી છે. યોજનાઓ તો અનેક પ્રકારની છે. કહેવા બેસીએ તો ખૂબ સમય જાય. ટૂંકમાં કહીએ તો અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૧ થી ૧૦ ધોરણ સુધી ભણતા હોય તેમની આવક મર્યાદા ધ્યાનમાં રાખ્યા સિવાય કુલ ૭૫ થી ૨૦૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ સહાય અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ખ્યાતનામ ખાનગી શાળામાં અભ્યાસ કરવા માટે તેમને પ્રોત્સાહન આપવા ૫૦,૦૦૦ અથવા ખરેખર ખર્ચ થાય એ બેમાંથી જે ઓછું હોય તે પ્રકારની યોજના અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૪૦ થી ૩૭૫ માસિક શિષ્યવૃત્તિ. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ધોરણ-૧૦માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓ કે જેઓ ૮૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરે તેવા ૧૦૦ વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવામાં આવે છે. તેના માટે ૬૦ હજાર રૂપિયાની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસ કરવા માટે દસ લાખ જેટલી લોનની સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણવેશ માટે ૧૫૦ રૂપિયા રોકડા આપવામાં આવે છે. તે

જ રીતે એમ.ફીલ અને પી.એચ.ડી.માં અભ્યાસક્રમોમાં મહાનિબંધ લખતા વિદ્યાર્થીઓ માટે એમ.ફીલમાં ૨૫૦૦ રૂપિયા અને પી.એચ.ડી.માટે ૩૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. મારા સન્માનનીય પૂર્વ સાથી સદસ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે જે સમાજમાં દીકરીનું સ્થાન ન હોય, તેનું સમાજમાં સન્માન ન જળવાય, જે સમાજમાં દીકરી શિક્ષણ પ્રાપ્ત ન કરે તો તે સમાજનો કયારેય પણ વિકાસ થતો નથી. એટલા માટે દીકરીનું સન્માન જળવાય તે માટે અને તેના અભ્યાસ માટે વિશેષ ચિંતા આ સરકારે કરી છે. આવા અનેક પ્રકારના આયોજનો સાથે બહારગામ ભણવા માટે જતી વિદ્યાર્થીઓને શાળામાં જવા આવવા માટે માટે રૂપિયા ૨૦૦૦ની સાઈકલ સહાય આ સરકાર દ્વારા આપવામાં આવે છે. ફક્ત શૈક્ષણિક હેતુઓને માધ્યમ બનાવીને સરકાર કામ કરે છે એવું નથી. પણ આ ક્ષેત્રે વિશિષ્ટ સેવા પ્રદાન કરે છે તેવા મહાનુભાવોને મહાત્મા ગાંધી એવોર્ડ અને ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડથી નવાજવામાં આવે છે. જેઓને એવોર્ડમાં એક લાખ રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવે છે. ૫૦ હજાર સુધીનો સંત કબીર એવોર્ડ આપવામાંં આવે છે. શ્રેષ્ઠ કૃતિઓ માટે ૨૫ હજારનો દાસી જીવણ એવોર્ડ અને પત્રકાર માટે ૨૫ હજારનો મહાત્મા ફૂલે એવોર્ડ આપવામાં આવે છે. વિવિધ પ્રકારની ગ્રાન્ટેડ છાત્રાલયો જેમાં ભોજન માટે ૬૦૦ લેખે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ભોજન ગ્રાન્ટ દર માસે આપવામાં આવે છે. ૧૭૮૨૪ વિદ્યાર્થીઓ આનો લાભ લઈ રહ્યા છે. ૮૮ આશ્રમશાળાઓમાં ૯૨૮૮ વિદ્યાર્થીઓ પણ લાભ લઈ રહ્યા છે. કૉલેજ કક્ષાએ શિક્ષણ માટે ૪૬ છાત્રાલયો ચલાવવામાં આવી રહ્યા છે. જેમાં ૨૨૪૨ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. તે રીતે રાજયમાં ૧૮ આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવી રહી છે. જેમાં ૨૧૪૫ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં રંગીન ટી.વી. પણ મૂકવામાં આવ્યા છે. ૧૮ આદર્શ નિવાસી શાળાઓમાં ૮૫ કૉમ્પ્યુટર પણ આપણે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ તરફથી પૂરા પાડવામાં આવ્યા છે. સરકારી સંસ્થાઓમાં સોલર, વોટર હીટર અને સોલર લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રમાણે નાના બાળકો માટે બાલવાડી દ્વારા સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ૭૪૭ બાલવાડી દ્વારા ૧૪૯૪૦ બાળકો લાભ લે છે. આવી અનેક યોજનાઓ સાર્થક કરવા માટે કામ કરતી આ સરકાર ખૂબ અભિનંદનને પાત્ર છે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબ માટે તેમના દિલની વાત જો હું કહેતો હોઉં તો છેલ્લી વાત રજૂ કરીને મારી વાત પૂરી કરું છું. તેમની વાત આ પ્રકારની છે.

**"ખુશી દે જે દલિતોને, ખુશી દે જે દલિતોને**
**ભલે તુ મને હરદમ રુદન દેજે, દલિતોને આપજે ગુલશન**
**પછી તુ ભલે મને વેરાન વન દેજે "**

એ પ્રકારની ભાવનાઓને સાર્થક કરતા સામાજિક અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જે દરખાસ્ત લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને તેમને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વે કેટલીક ચર્ચાઓ આ વિભાગ અંગે થઈ છે. હું એવા ગામમાંથી આવું છું કે જે ગામમાં આજે છેલ્લા ત્રીસ વર્ષથી ચૂંટણી થઈ નથી. ૩૦ વર્ષથી મારું ગામ સમરસ થતું આવ્યું છે. ત્રીસ વર્ષથી સમરસ ગામ તરીકે મારું ગામ આવતું રહ્યું છે. હું એવી વિટંબણામાંથી પણ આવું છું કે, જે ગામમાં હું જ્યારે અભ્યાસ કરતો હતો ત્યારે એ ગામમાં સ્કૂલ પણ નહોતી, લાઈટ પણ ન હતી, રસ્તા ન હતા, વર્ષમાં છ- છ મહિના સુધી વરસાદ થાય એટલે એસટીનો વ્યવહાર બંધ થતો હતો એવા ગામમાંથી હું આજે અહીં પહોંચ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગોકુળ ગ્રામથી શરૂઆત કરીને ઈ-ગ્રામ વિશ્વગ્રામ સુધીનું જે જોડાણ કર્યુ છે, જેની અંદર અનેક પ્રકારના આયામો આ રાજય સરકારે ઉભા કરીને ગ્રામ્ય વિસ્તારના વિકાસની દૃષ્ટિએ જે પ્રકારનાં કામો કર્યા છે એ અભિનંદનને પાત્ર છે. છેલ્લા ભૂતકાળના ચાલીસ વર્ષમાં જે પ્રકારે ગામડામાં કોઈ માણસ જીવે છે કે નહીં, ગામડું જીવવાલાયક છે કે નહીં, એ પ્રકારની કોઈ સુવિધાઓ ભૂતકાળમાં અપાતી ન હતી, પછી એ પીવાનું પાણી હોય, સફાઈ હોય, કે સ્કૂલ હોય એકપણ પ્રકારની સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારમાં અપાતી ન હતી જેના કારણે ગામડું ભાંગતું જતું હતું,

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, ગોકુળ ગ્રામની યોજનાથી શરૂ કરીને જે પ્રકારે ગામડામાં આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનો એક પ્રયાસ થયો જેના કારણે આજે ગામડામાં કોઈપણ ગામડામાં, ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંમાં જઈએ તો આપણને સીસીરોડ, ગટર, સારી સ્કૂલ, આંગણવાડી, આ બધું જ જોવા મળે છે. જેના પાયાની અંદર આ રાજય સરકારે જે પ્રકારે વ્યવસ્થા કરી, આ તમામ પ્રકારની વ્યવસ્થાઓ ગામના સરપંચના અધ્યક્ષસ્થાને સમિતિ બનાવીને રાજય સરકાર એને સીધા પૈસા આપે અને ગામના સરપંચની દેખરેખ નીચે જે કામગીરી થાય એના પરિણામ સ્વરૂપ આજે ગ્રામ્ય વિસ્તારમાં સારાં પરિણામ મળ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, ૨૦૦૮-૦૯ની સાલમાં આ રાજય સરકારમાં ગ્રામ્ય વિકાસનું બજેટ ૩૮૪.૩૬ કરોડ રૂપિયાનું હતું, ચાલુ વર્ષે ૨૦૦૯-૧૦માં ૬૯૩.૫૬ કરોડ રૂપિયા એટલે કે લગભગ ડબલકક્ષાએ આ બજૅટ પહોંચ્યું છે એનો અર્થ એ થાય કે આ તમામ પૈસાનો જ્યારે વપરાશ ગ્રામ્ય વિસ્તારોમાં થશે ત્યારે એક પ્રકારની હરીફાઇ અને હોડ આજે ચાલે છે એ હોડની અંદર દોડવા માટે ગામડાનો માણસ પણ, ગ્રામ્ય વિસ્તારનો નાગરિક પણ સક્ષમ બને ગ્રામ્ય વિસ્તારના નાગરિકને પણ તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ થાય એ પ્રકારનો રાજય સરકારનો જે પ્રયાસ છે એના કારણે આ જે બજૅટ વપરાશે એના કારણે ગામડું એક વિકાસશીલ ગામડું આવતા દિવસોમાં બનવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવદિનની રોજગારની ગૅરન્ટી યોજના હોય, ઈન્દિરા આવાસ હોય કે સરદાર આવાસ યોજના હોય, આ તમામ પ્રકારની યોજનાની અંદર રાજય સરકારે જે પૈસાના ભંડોળ ફાળવ્યા છે સરદાર આવાસ યોજનામાં બીપીએલ ધારકો છે એમને પોતાનું આવાસ મળે એ આવાસમાં ૪૩૫૦૦ રૂપિયા પર યુનિટ કિંમત નક્કી કરીને વધારાની અને એવા ૨૬૪૦૦ ધારકોને એક વર્ષમાં મકાન બને એના માટેનું પ્લાનિંગ ચાલુ વર્ષના બજૅટની જોગવાઈમાં કરવામાં આવ્યું છે.

નિર્મળ ગુજરાત અંતર્ગત અનેક ગામડાઓ નિર્મળ ગામ બન્યા છે, અને એના કારણે જે શહેરની અંદર આજે સુવિધાઓ છે એ પ્રકારની સુવિધાઓ ગામડાંની અંદર પણ ઉભી થતી જાય છે, આના કારણે આજે ગ્રામ્ય વિસ્તારમાં લોકો ફરીથી જેમ ગામડું ભાંગીને શહેરમાં જતું હતું, એના બદલે આજે શહેરના લોકો ગામડામાંથી શહેરમાં આવ્યા હતા એ ફરીથી પાછા પોતાના ગામમાં જઈને ધંધો વ્યવસાય કરી શકે એ જયોતિગ્રામના પ્રતાપે, માનનીય અધ્યક્ષશ્રી, આ જયોતિગ્રામ યોજના ચોવીસ કલાક વીજળી ગ્રામ્ય વિસ્તારમાં અપાઈને કરવામાં આવી છે, જેના કારણે ભૂતકાળમાં ગ્રામ્ય કક્ષાનો કારીગર હોય, લુહાર હોય, સુથાર હોય, કુંભાર હોય, કડિયા હોય કે વેલ્ડર હોય એ લોકોને વીજળીના અભાવે જે કામ કરી શકતા ન હતા પણ આજે ચોવીસ કલાકની વીજળી મળવાના કારણે આ ગ્રામ્ય વિસ્તારનો કારીગર શહેરમાં માંઘા ભાડા ખર્ચીને, શહેરમાં મોંઘવારીને કારણે રહી શકતો ન હતો એ કારીગર પુન:પોતાના ગામમાં જઈને ધંધો વ્યવસાય શરૂ કર્યા છે અને રોજી રોટી કમાતો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, એકીસાથે, માનો કે, જયોતિગ્રામ ૨૪ કલાકની વીજળીના કારણે ગ્રામ્ય વિસ્તારમાં આજે શહેરની જેમ ગામડું પુન:ધબકતું થયું છે, અનેક પ્રકારની સુખ સુવિધાઓ ગામડાંમાં ઉભી થઈ છે.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે, માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૨૩૦ થી ૩૧૫ કલાક)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રીગોવિંદભાઈ ઉ. પટેલ: (ક્રમશ:)** માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા જઈ રહ્યો હતો કે ગ્રામ્ય વિસ્તારો માટેનું આ જે બજૅટ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે અને જે વિકાસની ગતિ છે અને જે ગતિથી કામ ચાલે છે જેના કારણે ખરા અર્થમાં આજે ગામડું જીવવા લાયક ગામડું બન્યું છે. આજે જે હરીફાઇ યુક્ત જમાનો છે એમાં શહેરી વિસ્તારમાં જે પ્રકારનો વિકાસ થયો છે, એ વિકાસની પેરલલ વિકાસ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કરવાનો પ્રયત્ન આ રાજય સરકારે કર્યો છે અને એના કારણે જ આ રકમ ફળવાઈ છે અને એ રકમનો ઉપયોગ થશે ત્યારે આવતા દિવસોમાં ખરા અર્થમાં જે પ્રકારની આપણી કલ્પના છે કે એક આદર્શ ગોકુલ ગામ બને, સંપીલું અને ખંતીલું ગામ બને, સારામાં સારું અને સ્વરોજગાર લક્ષી ગામ બને એ પ્રકારની જે યોજના છે એ યોજના સાકાર થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય મંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા એ વખતે જે ખાલી પાટલીઓ છે એ પાટલીઓ પરથી જ એની ટિપ્પણીઓ થતી હતી એનો ઉલ્લેખ કર્યા વગર હું આજે રહી શકતો નથી. એ વખતે એમ કહ્યું હતું કે આ બજૅટમાં કાંઈ છે નહીં, તો મને લાગે છે કે મારે કબીર સાહેબની પંકિત મને યાદ આવે છે એ કહેવી જોઈએ.' રંગી કો નારંગી કહે ફટે દૂધ કો કોયા દેખ કબીરા રોયા' આવું સરસ મજાનું બજૅટ હોય અને સારામાં સારી વ્યવસ્થા હોય છતાં પણ જો એમને ફિક્કું દેખાતું હોય તો મને લાગે છે કે આ કબીર સાહેબની પંકિત બરાબર એમને લાગશે. આટલું કહી હું આ બજૅટની માગણીઓને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નં.૭૦ અને ૭૧ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું તે પહેલા હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું. ગુજરાત રાજ્યના ગામડા બે વિભાગમાં વેચાયેલા છે. એક વિસ્તાર જંગલ વિભાગનો છે બીજો વિસ્તાર દરિયા કાંઠાના વિસ્તારોમાં વેચાયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારા બે યોજના થકી આ ગામડાનો વિકાસ થવાનો છે, એક વનબંધુ કલ્યાણ યોજના અને બીજી સાગર ખેડૂ યોજના દ્વારા ગામડાનો વિકાસ થવાનો છે. હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આવ્યો છું એ મારો ઓલપાડ તાલુકો અને ચોર્યાશી તાલુકાના ગામડા કાંઠાળ વિસ્તારને અડીને આવેલા ગામડા છે એટલે જ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગુ છું. આ વિસ્તારમાં ગુજરાત રાજયની સાગર ખેડુ યોજનામાં ૧૧ હજાર કરોડ રૂપિયાનું જે પૅકેજ આપ્યું છે એ પૅકેજ થકી મારા ગામડાઓનો વિકાસ થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ પ્રભાગ હેઠળ ૨૦૦૮-૨૦૦૯માં રૂા. ૩૮૪.૩૬ કરોડની જોગવાઈમાં ધરખમ વધારો કરીને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂા.૬૯૩.૫૬ કરોડની કરવામાં આવી છે એટલે કે ગ્રામ વિકાસ વિભાગની જોગવાઈમાં ૭૯.૫૧ ટકાનો વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ગ્રામીણ વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોને ગરીબી રેખાની ઉપર લાવવા અને તેઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા અને રોજગારી આપવા માટે કેટલી ચિંતિત છે તે આ જોગવાઈમાં થયેલ ૭૯.૫૧ ટકાના વધારા થકી પ્રમાણિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂપિયા ૭૩૧ કરોડ કરવામાં આવી છે. આમ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે કુલ રૂા.૧૧૧૪ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. જે ગુજરાત સરકારની ગ્રામ્ય વિસ્તરણ અને વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. દરેક નાગરિકને પોતાને ઘરનું ઘર હોય એવું સ્વપ્નું હોય છે અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી અને ખેતમજૂરો કે જેની પાસે નથી પોતાની જમીન કે નથી પોતાનું દ ાર એ નાગરિકનું જિંદગીનું એકમાત્ર સ્વપ્નું હોય છે ઘરનું ઘર. આ છેવાડાના માનવીના સ્વપ્નાને સાકાર કરવા માટે રાજય સરકાર સરદાર પટેલ આવાસ યોજનાનું અમલીકરણ કરી રહી છે, તે માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું. આજ દિન સુધીમાં સરકારે સરદાર પટેલ આવાસ યોજના હેઠળ રૂપિયા ૩ કરોડ ૧૩ લાખ ૩૭૯ આપીને એ ઘરવિહોણા લોકોને પોતાનું ઘરનું ઘર આપીને પાકા છત નીચે રહેતા કર્યા છે. રાજય સરકારના છેવાડાના માનવીને ગુણવત્તા સભર આવાસ મળે તે માટે ચિંતિત છે, પરંપરાગત ડિઝાઇનમાં ધરખમ ફેરફાર કરીને હવે એ મકાનોને ધાબા કે મેંગલોરી નળિયાની છત નાંખવા અને ઈંટોના બદલે સિમેન્ટનો હોલો બ્લૉક વાપરવાની પણ છૂટ આપી છે. સરદાર આવાસ યોજનાની સૌથી અગત્યની બાબત એ છે કે તમામ મકાનોની ડિઝાઇન અર્થક્વેકપ્રુફ બનાવવામાં આવે છે, ભૂકંપ ગ્રસ્ત ઝોન-૩, ૪ અને ૫ની વિગત ધ્યાનમાં રાખીને ભૂકંપ પ્રતિરોધક મકાન બનાવવામાં આવે છે. ગુજરાત સરકાર રિબન પ્રોજૅકટ લઈને આવી છે, ગુજરાત રાજયે કૃષિ ક્ષેત્રમાં અને ઔદ્યોગિક ક્ષેત્રમાં જે રીતે વિકાસ કર્યો છે તેના કારણે રાજયમાં શહેરીકરણ અને અર્ધ શહેરીકરણમાં ખૂબજ વેગ આવેલ છે. આ માટે સરકારને અભિનંદન આપીને માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ક્રમાંક-૯૩ છે આમ તો મારા વિભાગની માગણી ક્રમાંક-૯૩ અને માગણી ક્રમાંક-૯૬ હોય છે પરંતુ આજે માગણી નંબર-૯૩ ઉપર મારે ચર્ચા કરવી છે. આમ તો કોઈપણ ધારાસભ્યશ્રીએ આ ચર્ચામાં ભાગ નથી લીધો પરંતુ મારા વિભાગની કેટલીક વાત મારે આ ગૃહ સમક્ષ મૂકવી છે. ગુજરાતમાં જે ગુજરાતનો પૂર્વ ભાગ છે બનાસકાંઠાથી ઉંમરગામ સુધીનો બાર જિલ્લા અને ૪૩ તાલુકામાં આદિવાસીઓની વસતિ છે. કુલ વસતિ ૭૫,૦૦,૦૦૦ની છે. આદિવાસી વિસ્તારમાં લગભગ ૬૧.૪૩ લાખ અને આદિવાસી વિસ્તાર છોડીને ગુજરાતના અનેક જિલ્લાઓમાં લગભગ ૧૩.૪૨ લાખ જેટલી વસતિ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી ત્યારથી ગુજરાત માટે એક ગુજરાત પૅટર્ન કરીને જે યોજના બની છે એના કારણે આજે ગુજરાતના તમામ આદિવાસી વિસ્તારમાં જે વિકાસના કામો થયા છે એ ગુજરાત પૅટર્નથી આખા આદિવાસી વિસ્તારનો વિકાસ થયો છે. બીજા પ્રાંતના લોકો પણ અહીંયા આવીને આ ગુજરાત પૅટર્નનો અભ્યાસ કરે છે. આવી આ યોજના જેમાં જે આદિવાસી વિસ્તાર છે બાર જિલ્લા છોડીને એના આદિવાસી ભાઈઓ માટે પણ જુદી જુદી યોજનામાં ગુજરાત પૅટર્નની યોજના છે. તેમાં ચાર ટકા જેટલો ફાળો આમ તો સામાન્ય જે વિભાગના કામો થતાં હોય તે થતાં જ હોય છે. પરંતુ ગુજરાત પેટર્નનો ચાર ટકા ભાગ તે વિસ્તારમાં વાપરવાનું થયું છે અને તેના કારણે છૂટા છવાયા વસતા અનુસૂચિત આદિજાતિના લોકો માટે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લાં બે વર્ષમાં એટલે કે ૨૦૦૭ અને ૨૦૦૮-૦૯માં જુદી જુદી યોજનામાં લાભાર્થીઓને શાકભાજી, મીની કીટસ, જમીન સમતળની કામગીરી, પશુ સારવાર કૅમ્પ્સ, પુર સંરક્ષણની દીવાલ, સી.સી.રોડના કામો, ટેલી શોપ ની તાલીમ, અનાજ દળવાની ઘંટી માટે સહાય, પાણીની પાઈપ લાઈન જેવા વિવિધ પ્રકારના કામો માટે ૧૫૬૨.૪૧ લાખ જેટલો ખર્ચ કરવામાં આવેલો છે. અને લગભગ ૩૫૯ જેટલાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ૫૫૨ જેટલાં કામો અત્યારે પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં ખાસ કરીને શિક્ષણ વિભાગને ખૂબ મહત્ત્વ અપાયું છે. મને બરાબર યાદ છે કે જ્યારે ૧૯૯૦માં હું પહેલી વખત ચૂંટાયો તે વખતે મારો પ્રશ્ન હતો કે આદિવાસીમાં શિક્ષણની ટકાવારી કેટલી છે? અને તે વખતના શિક્ષણ મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો હતો કે આદિવાસીમાં ૨૯ ટકા પૂરુષોમાં શિક્ષણ અને બહેનોમાં ૧૮ ટકા શિક્ષણ છે. મને જાણીને એટલું દુઃખ થયું કે આટલા વર્ષોથી જે કંઈ સરકાર ચાલે છે તેમાં શિક્ષણ આદિવાસીઓમાં આટલું કેમ ? પણ ભૂતકાળમાં એવા લોકો હતા કે જો આદિવાસી ભણશે તો આપણી સામે આવશે તેમ કરીને શિક્ષણ તરફ જરા પણ ધ્યાન અપાયું નથી એવું મારું ચોક્કસ માનવું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી માનનીય આનંદીબેન મંત્રી બન્યા પછીની વાત જો મારે કરવી હોય તો અત્યાર સુધીના મારા અભ્યાસ પ્રમાણે માનનીય શિક્ષણ મંત્રી આનંદીબેન બન્યા પછી શિક્ષણમાં જે સુધારા-વધારા, નવી નવી યોજના જે આવી છે તેના કારણે આજે ચોક્કસ એવું કહી શકાય કે આદિવાસીમાં પણ શિક્ષણ વધ્યું છે અને

આજે બહેનોમાં કહીએ તો ઓછું કહેવાય પરંતુ ૩૬ ટકા બહેનોમાં શિક્ષણની ટકાવારી છે અને ભાઈઓમાં લગભગ ૫૯ ટકા જેટલી છે. માનનીય આનંદીબેનના સમયમાં જે પ્રમાણે જે કામ ચાલ્યું છે તે જ પ્રમાણે અત્યારે મારા પાડોશી અને મારા મિત્ર શ્રીરમણભાઈ શિક્ષણ મંત્રી બન્યા છે અને જ્યારથી વિભાગ સંભાળે છે ત્યારથી વિધાનસભામાં મારી સાથે વાત પણ નથી કરતા. કંઈને કંઈ વાંચતા કે કંઈને કંઈ લખતાં જ રહેતાં હોય છે.

**અધ્યક્ષશ્રી** : એટલા સબંધો બગડી ગયા છે ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : મારે આનંદીબેન કરતાં પણ વિશેષ કામ કરવું છે એવી ધગશથી કદાચ તે કામ કરતા હશે અને તેનો લાભ મારા આદિજાતિ સમાજને પણ મળશે એવી હું આશા રાખું છું. મેં આગળ કહ્યું તેમ મારા વિભાગમાં આદિજાતિ કલ્યાણમાં લગભગ ૫૪૭ જેટલી આશ્રમ શાળા છે. તેમાં ૭૩૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ ભણે છે. ૪૩ આદર્શ નિવાસી શાળાઓ છે તેમાં ૬૪૨૭ વિદ્યાર્થીઓ છે. ૯૨૯ જેટલી છાત્રાલયો ચાલે છે તેમાં ૪૩૩૫૩ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. ૫૯ જેટલી સરકારી ડ્રાય હોસ્ટેલ છે તેમાં ૩૪૫૦ જેટલાં વિદ્યાર્થીઓ ભણે છે. ૬૦ જેટલી સરકારી કોલેજ લેવલની સંસ્થાઓ જેમાં ૬૬૦૦ જેટલાં વિદ્યાર્થીઓ ભણે છે. આમ ૧ લાખ ૩૩,૩૩૦ જેટલાં આદિજાતિના વિદ્યાર્થીઓ લાભ લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે કેટલાક મારા વિભાગમાં હાયર એજ્યુકેશન માટે પણ ખૂબ ધ્યાન અપાયું છે અને તે પ્રમાણે કામગીરી થઈ છે. કૃષિ અને ઈજનેરી અને વેટરનરી કોલેજ ગોધરા અને નવસારી ખાતે શરૂ કરવામાં આવી છે. એન્જીનીયરીંગ, પૉલિટૅક્નિક દાહોદ, ડેડિયાપાડા, અમીરગઢ અને ખેડબ્રહ્મા ખાતે શરૂ કરવામાં આવેલ છે. એગ્રીકલ્ચર ટ્રેનિંગ સેન્ટર અને પૉલિટૅક્નિક દેવગઢબારીયા અને દાહોદ ખાતે શરૂ કરવામાં આવેલ છે. ૩ નર્સિંગ સ્કૂલ દાહોદ, રાજપીપળા અને વ્યારા ખાતે શરૂ કરવામાં આવેલ છે. આદિજાતિ વિદ્યાર્થી માટે એક ફિઝિયોથેરાપી કોલેજ અને એક ઈજનેરી કોલેજ દાહોદ અને ગોધરા ખાતે શરૂ કરવામાં આવી છે. :૨૫ જેટલી હાયર સેકન્ડરી સ્કુલ પણ વિજ્ઞાન પ્રવાહમાં પરિવર્તિત કરવામાં આવેલ છે. ૧૫૮ જેટલી અત્યારે નવી માધ્યમિક શાળાઓની મંજૂરી પણ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યાઓમાં શિક્ષણ ઓછું છે તો કેન્દ્રમાંથી લો લિટરસી માટે ૩૪ જેટલી નવી ગર્લ્સ રેસિડન્સી સ્કૂલ શરૂ કરવામાં આવી રહી છે અને અમારું માનવું છે કે એમાં પણ જે લો લિટરસી છે એ પણ અમારી બહેનો બીજા સમાજની બહેનો સાથે અમારા સમાજની દીકરીઓ પણ ભણીને એમની હરોળમાં આવશે આવી બધી યોજનાઓથી એવું અમારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં એક દૂધ સંજીવની યોજના છે. અમારે ત્યાં આદિવાસી ઘણાં પરિવાર એવાં છે કે જેમને જમવા માટે બે ટંકનું ધાન પણ મળતું નથી. એવા પરિવારનાં બાળકોને જયારે સરકારની યોજનામાં શાળા પ્રવેશ કે કન્યા કેળવણીને જયારે મહત્વ આપ્યું છે ત્યારે એવાં બાળકોને ૨૦ ગ્રામ દૂધ મળી રહે એ માટેનું ફોર્ટિફાઈડયુકત દૂધ આપવામાં આવે છે અને એ અમે અમીરગઢ અને દાંતા તાલુકા જે બનાસકાંઠામાં આવેલ છે ત્યાંથી શરૂઆત કરી છે અને એની સાથે બીજા પણ તાલુકા લીધા છે એમાં ઝાલોદ, ઉચ્છલ, કવાટ અને સંતરામપુર એમાં લગભગ ૧૨૫૩ શાળાઓ છે એમાં ૨,૧૯,૬૬૦ જેટલાં બાળકોને આ દૂધ અપાય છે અને રોજના કહીએ તો ૫ લાખ રૂપિયાના ખર્ચે દૂધ આ બાળકોને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં વીજળીકરણની વાત કરું તો વીજળીકરણમાં ૨૦૦૭-૦૮ માં લગભગ ૯૨ હજાર ઘરોને કુટિર જયોત યોજનાનો લાભ આપવામાં આવ્યો છે, ૨૦૦૮-૦૯ માં ૯૩૮૩૩ ઘરોને કુટિર જયોત યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. આમ જોઈએ તો ૧૧ ગણી કામગીરી થયેલ છે. અમારા આદિવાસી વિસ્તારોમાં કેટલાક કૂવાઓ હોય છે એ કૂવાઓમાંથી પણ વીજળીકરણને અભાવે પાણી મળતું નથી. તો એવા પણ લગભગ ૧૦૭૦૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું છે અને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં પેટાંપરાં છે એમાં દૂર સુધી લાઈન ખેંચવી હોય તો ઘણી મુશ્કેલી પડતી હતી, પરંતુ એમાં પણ દસ વર્ષે થોડું થોડું કરીને ગયા વર્ષે ૩૦૯ જેટલાં પેટા પરાંઓને વીજળી પહોંચાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો સરકારની ચિરંજીવી યોજના છે. ખાસ કરીને આદિવાસીઓમાં ઉંડાણનાં ગામોમાં બહેનો ઘરે જ ડિલિવરી કરાવતી હોય છે એના કારણે ડિલીવરી વખતે ઘણી વખત માતાનું મૃત્યુ કે બાળકનું મૃત્યું થાય છે, પરંતુ જયારથી આ સંજીવની યોજના આવી છે ત્યારથી અમારા આદિવાસી વિસ્તારની બહેનો પણ હવે હોસ્પિલમાં જઈને જ ડિલિવરી કરાવે છે એના લીધે બાળક અને માતાની જીંદગી બચી જાય છે અને આ યોજના આવ્યા પછી ૮૨૬૦૬ જેટલી માતાઓની સારી રીતે ડિલીવરી થઈ છે. આજે આપણે ૧૦૯ એમ્બ્યુલન્સ સેવાની પણ ખૂબ વાહ વાહ સાંભળીએ છીએ. તો એનો પણ આદિવાસી વિસ્તારમાં ઉપયોગ કરીને ૨ વર્ષમાં લગભગ ૬૩૭૫૨ જેટલી મહિલાઓએ આ ૧૦૮ નો ઉપયોગ કરીને નવજાત શિશુઓને જન્મ આપ્યો છે અને આ રીતે આદિવાસી બહેનોમાં મૃત્યુ કે બાળકોનાં મૃત્યુનો દર ઓછો કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસની વાત કરું તો ૨૦૦૭-૦૮ માં ૩૬૫૦૦ જેટલા આદિવાસી લોકોને ઈન્દિરા આવાસ, સરદાર આવાસ યોજના અને ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ વગેરેમાંથી લગભગ ૩૬૫૦૦ અને ૨૦૦૮-૦૯ માં ૩૪૭૩૦ કુટુંબોને આનો લાભ આપવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,એ જ રીતે અમારા વિભાગમા ગુજરાત પેટર્નની વાત કરીએ કે બીજી રીતે રસ્તાઓનું આયોજન થાય છે અને ગુજરાત પેટર્નમાંથી પણ સારા એવા રસ્તા બનાવવામાં આવ્યા છે. એક આદિવાસી પ્રિમેટિવ ટ્રાયબલ વિકાસમાં લગભગ ગુજરાતમાં ૧લાખ ૯ હજારની વસતિ આવેલ છે એ વસતિ માટે ખાસ કેન્દ્ર સરકારમાંથી લગભગ અમને ૭૨.૮૩ કરોડની ગ્રાન્ટ મળે છે એમાંથી અમે આ બધાં જ કુટુંબો છે એને મહત્વના પ્રોજેકટ હાથ ધરીને જેમાં મુખ્યત્વે એમની આવક ડબલ કરવી, સૌના માટે રહેઠાણ બનાવવાં, વીજળીકરણથી એને કનેકશન આપવું.પીવાનું પાણી સો ટકા મળે, આરોગ્યની સુવિધા મળે અને આ તમામ સુવિધાઓ તેમને મળે તેવી આખી વ્યવસ્થા કરી છે. અને બાકીનું જે કંઈ બજેટ રાજય સરકારે વાપરવાનું છે તે આ રીતે બજેટમાં વપરાય અને આ પ્રીમીટીવ ગૃપ વાળા જે લોકો છે તેને તમામને સારી રીતે આઝાદીના ફળ ચાખવા મળે તેવો મારા વિભાગનો પ્રયત્ન રહેવાનો છે. આ રીતે આ મારી માગણી ક્રમાંક ૯૩ આ સભાગૃહ સર્વાનુમતે મંજૂર રાખે તેવી હું વિનંતી કરું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપરની ચર્ચામાં આજે કુલ ૧૦ ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો હતો, એમાં માનનીય શ્રી આત્મારામ પરમાર, શ્રી કાંતિભાઈ લકુમ, શ્રી ભગવાનભાઈ તથા લાલજીભાઈએ પોતાના વિચારો મૂકી અને સરકારને અભિનંદન આપ્યાં છે અને જે સમર્થન આપેલ છે તે...

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, હું રોજ કહું છું, આજે પણ દિલીપસિંહ ભાઈ, નારાયણભાઈ અને કાંતિભાઈ લકુમે ચર્ચામાં ભાગ લીધો છે અને મંત્રીશ્રીનો જવાબ સાંભળવા હાજર નથી. દિલીપસિંહ આવી ગયા.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૧મી જુલાઈ છે, ૧૯૪૬માં આજના દિવસે દલીતોના મસીહા ડો. બાબા સાહેબ આંબેડકરે અંગ્રેજો અને કોંગ્રેસ સામે દલીતોના અધિકાર માટેનું શ્વેતપત્ર એટલે કે વ્હાઈટ પેપર બહાર પાડવાની માગણી સાથે સત્યાગ્રહની શરૂઆત પુનાથી કરી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મારી આજની માગણીઓ દલિતોના અધિકારના શ્વેતપત્ર જેવી છે. આ ગૃહ તેને મંજૂર કરશે તેવી આશા સાથે હું શરૂઆત કરું છું. સામાજિક ન્યાય મંત્રી તરીકે પછાત વર્ગોના કલ્યાણની માગણીઓ સાથે આ સન્માનનીય ગૃહમાં ઉપસ્થિત થવાનો મારો આજે ૯મો પ્રસંગ છે. જે મારા માટે આનંદ અને ગૌરવની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદે પછાત વર્ગોને દરીદ્ર નારાયણ કહ્યા છે. અને આવા દરીદ્ર નારાયણની સેવાની પરંપરામાં આજે એક વધુ ઉજ્જવળ પ્રકરણ ઉમેરવા હું મારા વિભાગની ૮૬૬.૬૧ કરોડની માગણી લઈને ઉપસ્થિત થયો છું. જે ગત વર્ષ કરતા ૧૦૧.૨૭ કરોડ વધારે છે. સૌ પ્રથમ હું અનુસૂચિત જાતિઓના કલ્યાણંની વાત કરું તો અનુસૂચિત જાતિઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના કુલ ૩૭૧.૦૪ કરોડ સહિત કુલ ૧૨૯૪ કરોડની અનુસૂચિત જાતિ પેટા યોજનાની માગણીઓ સાથે હું આજે ઉપસ્થિત થયો છું. આ રકમ રાજયના આશરે ૨૬,૩૭,૦૦૦ લાભાર્થીઓના જીવનમાં સીધી કે આડકતરી રીતે ચોકકસપણે અજવાળા પાથરશે તેનો મને વિશ્વાસ છે. ભારત દેશમાં ૨૮ રાજય, ૭ કેન્દ્ર શાસિત પ્રદેશો પૈકી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પાર્ટીની એક માત્ર એવી ગુજરાત સરકાર છે જે પ્રાથમિક શાળાના બાળકોને પ્રવેશના દિવસે જ શિષ્યવૃત્તિ અને ગણવેશની રોકડ ચૂકવે છે. ચાલુ વર્ષમાં હજુ નિયમીત બજેટ પાસ થયું નહોતું છતાં વોટ ઓન એકાઉન્ટ દ્વારા મળેલા નાણામાંથી અનુસૂચિત જાતિ અને બક્ષીપંચની જાતિઓના આશરે ૫૧ લાખ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવની અંદર ૧૧૦ કરોડ અને ૪૭ લાખ ચૂકવવામાં આવ્યા તેનો મને આનંદ છે. તાજેતરમાં જ ભારતના માનનીય ગૃહ મંત્રીશ્રી પી. ચીદમ્બરમે એમ કહ્યું કે ભારતમાં આતંકવાદ કરતા નકસલવાદ અને તેનાથી થતી હિંસા વધારે ખતરનાક છે. રોટી, કપડા અને મકાનની સમસ્યામાંથી આ નકસલવાદ ઉદભવે છે. એકબાજુ ધનના ઢગલા બીજી બાજુ ગરીબોના ઉકરડા જ્યારે વધતા જતાં હોય ત્યારે નકસલવાદ સાથેની હિંસાની હોળી શરૂ થાય છે. આઝાદીના આશરે ૬૦ વર્ષમાં જે જે રાજયોમાં કોંગ્રેસ કે સામ્યવાદીઓની સરકાર લાંબા સમય સુધી રહી છે ત્યાં ત્યાં ગરીબો દલિતો, પછાતો અને આદિવાસી વધારેને વધારે પછાત રહ્યા છે. આર્થિક અને સામાજિક ખાઈ ઊંડી થઈ છે ત્યાં ત્યાં નકસલવાદ પ્રસરી રહ્યો છે. કોંગ્રેસે લઘુમતીની તૃષ્ટિકરણની નીતિથી કોમવાદ વકરાવ્યો છે. એકબાજુ કોમવાદીની ઉધઈ ભારતને કોતરી રહી છે ત્યારે બીજી બાજુ નકસલવાદે ભારતમાં અજગરી ભરડો ચાલુ કર્યો છે. ફક્ત ગુજરાત જ નહિ આપણું ગુજરાત જ એક એવું રાજય છે ત્યાં નકસલવાદ શું છે એ પ્રજાને ખબર નથી. એનું કારણ એ કે ગુજરાતની ભાજપની સરકાર છેલ્લા બાર વર્ષમાં ગુજરાતના વંચિતોને રોટી, કપડા અને મકાનની સમસ્યામાંથી મુક્ત કરી રહી છે. જો કોંગ્રેસનું શાસન ચાલુ રહ્યું હોત તો આજે પણ ગુજરાત કોમવાદ અને નકસલવાદની આગમાં ભડભડ બળતું હોત. ગુજરાતના પ્રથમ જ્ઞાનપીઠ વિજેતા કવિ ઉમાશંકર જોષીનો પણ આજે જન્મ દિવસ છે. વંચિતો ગરીબો આદિવાસીઓ અને પછાતોની ચિંતા ન કરનારા અને તેમની ઉપહાસલીલા કરનારાઓને એમણે ચેતવણી આપી હતી અને કવિ ઉમાશંકર જોષીએ લખ્યું છે.

" ચણો ચણો ગગન ચુંબી મંદિરો ઊંચા ચણો મહેલ અને ચણો મિનારા, ગરીબની એ ઉપહાસલીલાને સંકેલવા, કોટીક જીભ ફેલાવતો ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડરની ભસ્મકણી ન લાદશે."

પશ્ચિમ બંગાળમાં લાલગઢની અંદર જે ગરીબો તોફાન અને તાંડવ કરી રહ્યા છે તે ઉમાશંકર જોષીની કવિતાનો જ પડઘો છે. આંધ્ર પ્રદેશમાં પણ કોંગ્રેસ લાંબા સમયથી શાસનમાં છે અને એટલા માટે ત્યાં પણ નકસલવાદ વકર્યો છે. ગુજરાત જ એકમાત્ર એવું રાજય છે કે જ્યાં ગરીબની આંતરડી ઠારવા માટે જન્મથી માંડીને મૃત્યુ સુધીની અનેક કલ્યાણકારી યોજનાઓ આજે ધમધમી રહી છે.

અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતી જાતિ કલ્યાણ ક્ષેત્રે મળેલી કેટલીક સિદ્ધિઓ કહેવાની લાલચ હું રોકી શકતો નથી. વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડે ડો. આંબેડકરને લોન અને સ્કોલરશીપ આપીને વિદેશ અભ્યાસ કરવા મોકલ્યા હતા અને તેમાંથી પ્રેરણા લઈને ભારતીય જનતા પાર્ટીની સરકારે ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના રૂપિયા પાંચ લાખથી શરૂ કરી હતી. આજે એને વધારીને દસ લાખ કરવામાં આવ્યા છે. આ યોજનામાં અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિની ૭૨ બહેનો ૨૧ અતિ પછાત સહિત ૩૪૦ વિદ્યાર્થીઓને ૨૫ કરોડ અને બક્ષીપંચના ૯૯ વિદ્યાર્થીઓને ૭ કરોડ અને ૧૫ લાખના ખર્ચે વિદેશ અભ્યાસ માટે મોકલવામાં આવ્યા છે.

કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા આ લોકપ્રિય ભાજપ સરકારના શાસનમાં સરસ્વતી સાધના યોજના શરૂ કરી, ધોરણ ૮માં ભણતી કન્યાઓને સાયકલ ખરીદવા માટે રૂપિયા ૧૫૦૦ની રોકડ સહાય શરૂ કરી અને એમાં પણ ગયા વરસે ૨૦૦૮-૦૯થી વધારો કરી હાલ ૨૦૦૦ રૂપિયાની સાયકલ સહાય આપવામાં આવે છે. અને અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિની એક લાખ ૯૭ હજાર ૨૫૩ અને બક્ષીપંચ જાતિની અને સવર્ણ આર્થિક પછાત જાતિની મળીને ૨ લાખ ૩૮ હજાર ૫૪૯ કન્યાઓને ૬૦ કરોડ ૪૯ લાખની સાયકલ સહાય આપવામાં આવી છે.

અગાઉ કોંગ્રેસની સરકારોમાં ખાનગી ટ્યુશન ફી તો શું શિષ્યવૃતિના ફાફા હતા. ૨-૨, ૩-૩ વર્ષ સુધી શિષ્યવૃત્તિ ન મળે માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં અનુસૂચિત જાતિના ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ખાનગી ટ્યુશન માટે વાર્ષિક રૂપિયા ૧૫ હજારની સહાયની નવી યોજના દાખલ કરવામાં આવી અને છેલ્લા પાંચ વર્ષમાં ૫૮૮ વિદ્યાર્થીઓને એક કરોડની સહાય આ યોજના નીચે આપવામાં આવી છે.

ગુજરાતના ઇતિહાસમાં ફક્ત નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈનું મામેરું ફક્ત એકજવાર ભગવાન શ્રીકૃષ્ણે ભર્યુ હતું ભા.જ.પ.ની સરકારે કુંવરબાઈનું મામેરું યોજનામાં રૂા. ૫૦૦૦ની સહાયની યોજના દાખલ કરી. છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિની ૨૩, ૬૪૨ અને બક્ષી પંચની ૨૨,૨૪૧ કન્યાઓને ૨૧ કરોડ ૧૦ લાખની સહાય આપવામાં આવી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ, રમણભાઈ કંઈક કહે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : રમણભાઈ તો કહેવાના, તેમને કુંવરબાઈના નામ સાથે કંઈક તકલીફ લાગે છે.

**અધ્યક્ષશ્રી** : કુંવરબાઈના નામ સાથે સ્નેહ છે. (અંતરાય) કોઈ ઘટસ્ફોટ નથી કરતા ને?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : રમણલાલ શું કરશે એ કંઈ ખબર ન પડે.

**શ્રી વજુભાઈ વાળા** : ફકીરભાઈના વાઈફનું નામ કુંવરબાઈ છે એ આ હાઉસ જાણતું નથી અને મહેરબાની કરીને જાણતા પણ નહીં.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના, ખોટા ખર્ચા બંધ કરીને એક સામાજીક સુધારણાની યોજના ભારતીય જનતા પાર્ટીએ દાખલ કરી. છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિની ૧,૪૮૬ અને બક્ષી પંચની ૩,૮૮૫ કન્યાઓને સમુહ લગ્ન નિમિત્તે ૩ કરોડ ૧૩ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. વૈદિક કર્મકાંડમાં ગરો બ્રાહ્મણ અને અન્ય બ્રાહ્મણો જેટલું જ્ઞાન અને શકિત પ્રાપ્ત કરે એ માટે પૂ. સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના દાખલ કરી છે. એમાં ૧૦૦૦ જેટલા ગરો બ્રાહ્મણ સમાજના યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે અને વૈદિક પદ્ધતિથી લગ્ન વિધિ સહિત સોળ સંસ્કારની વિધિ કરાવે છે અને સન્માનપૂર્વક આર્થિક ઉપાર્જન કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષમાં આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ૨૩,૯૩૧ લાભાર્થીઓને ૯૫ કરોડ ૭૨ લાખ રૂપિયા અને પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ બક્ષી પંચની જ્ઞાતિના ૭૩,૩૯૬ લાભાર્થીઓને ૧૪૦ કરોડની સહાય આ રાજય સરકાર દ્વારા ચૂકવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસન વખતે દલિતો માટે પાયલટ બનવાનું તો દૂર પણ નજીક જઈને પ્લેન જોવા પણ ન મળતા. જ્યારે અમારી સરકાર દ્વારા ૧૫ લાખની પાયલટ તાલીમ યોજના શરૂ કરી અને તેમાં અનુસૂચિત જાતિના ૨૬ યુવાનો ૩ કરોડ ૬૮ લાખ અને બક્ષી પંચના ૧૭ યુવાનો ૧ કરોડ ૭૬ લાખની લોન કોમર્શીયલ પાયલટની લઈને તાલીમ મેળવી રહ્યા છે. મારે સહર્ષ જણાવવું છે કે આ પાયલટની તાલીમમાં મારી બે દલિત બહેનો હેતલ સોંદરવા અને મીના ચાવડા આજે પણ પ્લેન ઉડાડી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક સમરસતા માટે અમારી સરકાર દ્વારા ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન યોજના અંતર્ગત સવર્ણ અને અનુસૂચિત જાતિ વચ્ચેના થયેલ આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપવા તેમજ અસ્પૃશ્યતા નિવારણના ભાગ રૂપે રૂા. ૫૦ હજારની સહાય આપવામાં આવે છે. આ યોજના તહત પાંચ વર્ષમાં

૧,૪૭૮ યુગલોને ૭.૩૯ કરોડની સહાય આપવામાં આવી છે. રાજય સરકારે પછાત વર્ગના યુવક-યુવતીઓને એરહોસ્ટેસ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટની તાલીમ આપવાની યોજના શરૂ કરી છે. આ વર્ષે અનુસૂચિત જાતિના ૧૩૦, જે ગયા વર્ષે અને વિકસતી જાતિની ૫૬ વિદ્યાર્થીઓને તાલીમ આપી અને એમને નોકરીની તક પૂરી પાડી. આ વર્ષે અનુસૂચિત જાતિના ૧૨૦ યુવક-યુવતીઓ અને બક્ષી પંચના ૧૦૦ યુવક-યુવતીઓને તાલીમ આપવાના વર્ગો શરૂ કર્યા છે. આ તાલીમ પાછળ રાજય સરકારને એક વિદ્યાર્થીદીઠ એક લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. જેમાં ૧૦૦ ટકા નોકરી મળતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કામદારોને અસ્વચ્છ વ્યવસાયમાંથી મુકત કરી ગરીમાપૂર્ણ જીવન બક્ષવા માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સીધું ધિરાણ, બેંકેબલ, આંબેડકર આવાસ યોજના, સેનેટરી માર્ટ અને વીમા કવચની યોજનામાં ૪૦,૫૯૩ સફાઈ કામદારોને તેમના આશ્રિતોને ૧૦૮.૪૭ કરોડની લોન-સહાય આપવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં નિગમની જુદી જુદી યોજનાઓમાં અંદાજે ૧૮ હજાર જેટલા વાલ્મિકી લાભાર્થીઓને ૩૦ કરોડ રુપિયાનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિઓ માટે, લઘુમતી વિકાસ નિગમ સહિત ૪ નિગમો કાર્યરત છે. આ નિગમોને સરકારે રૂ.૧૦૨ કરોડની બૅન્ક ગૅરન્ટી આપી છે. છેલ્લા ૩ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે રૂ.૨૬.૩૧ કરોડનું ધીરાણ કરીને ૬૫૨૮ લાભાર્થીઓને રોજગારી અને શિક્ષણ સહાય પૂરી પાડી છે. મારા વિભાગ હસ્તક છ નિગમો છે. અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, પછાતવર્ગ વિકાસ નિગમ, સફાઈ કામદાર વિકાસ નિગમ, લઘુમતી વિકાસ નિગમ, ઠાકોર-કોળી વિકાસ નિગમ અને ગોપાલક વિકાસ નિગમ. આ **નિગમોના વર્ષે ૧૮૦૦૦ લાભાર્થીઓને રૂ.૬૦,૦૦૦/-નું ધીરાણ કર્યું છે.** અગાઉ ધીરાણની અંદર સરકારી કર્મચારી અને એના ખાતાના વડાની બાંહેધરી લેવામાં આવતી હતી અને લાભાર્થી પૂરી મિલકતની જામિનગીરી આપે અથવા તો નજીકના સગાની જામીનગરી આપે તો ધીરાણ આપવામાં આવતું હતું. હવે તે બધી આંટીઘૂંટી દૂર કરી છે અને કર્મચારીની જામીનગરી હોય કે જાત જામિનગીરી હોય કે અન્ય જામિનગીરી લઈને સરળતાથી ધીરાણ આપવાનો નિર્ણય આ સરકારે કર્યો છે. આવા સુધારા માટે સમાજના અનેક આગેવાનો તેમજ માનનીય ધારાસભ્યશ્રીઓએ માગણી કરી હતી અને તે સ્વીકારીને આ ધીરાણની પ્રક્રિયાને સરળ કરવામાં આવી છે. સમગ્ર સત્ર દરમિયાન કૉન્ગ્રેસી મિત્રોએ લઠ્ઠાકાંડની ઓથા નીચે વિધાનસભામાં તોફાનો કર્યા, ગુજરાતમાં કોઈ ઘટના બને તો કૉન્ગ્રેસના મિત્રોને એ ઘટનાને સીડી બનાવીને ગાંધીનગરની ગાદીએ પહોંચવા સુધીનો આશાવાદ જાગે છે. આશરે ૧૩૦ ગરીબોનો ભોગ લેનાર આ દુઃખદ ઘટનાથી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત ગુજરાતની ૫.૫ કરોડની જનતા દુઃખી છે. પરંતુ તેમાંથી પોલિટીકલ માઈલેજ લેવાનો કૉન્ગ્રેસનો પ્રયાસ સર્વદા નીંદનીય છે. લઠ્ઠાકાંડના કારણે ગરીબોના માતમ ઉપર * (xxxxxx) મારા વિપક્ષના મિત્રોને (અંતરાય) કહેવું છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો કાઢી નાખું છું.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : વિપક્ષના મિત્રોને કવિશ્રી ચીનુ મોદીની પંકિતઓ કહું છું.

" પથ્થરો પોલા હશે કોને ખબર, મિત્ર સહુ બોદા હશે કોને ખબર,
એમની આંખો ભીંજાઈ તો ખરી, પણ આંસુઓ કોરા હશે કોને ખબર."

કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટે પણ લખ્યું છે કે,

" જૂઠ કે દામન મેં વો સચ કો છૂપાને આ ગયે,
આયને કે સામને વો અંગૂલિ ઉઠાને આ ગયે."

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા તેમને ઓળખી ગઈ છે. તેથી સત્તાથી તેમને બહાર રાખ્યા છે. સામાજિક મંત્રી તરીકે મારી વિશેષ જવાબદારી એ છે કે, આ લઠ્ઠાકાંડમાં અનુસૂચિત જાતિના ૫૭, બક્ષીપંચના ૪૮, લઘુમતી સમાજના ૭ અને બી.પી.એલ.ના ૧૫ મર્યા છે. આ બધા ગરીબ છે. ભોગ બનનારાઓની વિધવાઓને નિયમ પ્રમાણે વિધવા સહાય મળે, અનાથ થયેલા બાળકોનું પુનઃવસન થાય, ભણતરની અંદર શિષ્યવૃત્તિનો પ્રશ્ન હલ થાય. જ્યાં જ્યાં રોજગારીનો પ્રશ્ન ઊભો થાય ત્યાં મારા વિભાગ દ્વારા આર્થિક સહાયની બાબત ચકાસીને જ્યાં જ્યાં જે લાગુ પડતું હશે, તેવી યોજનાઓની શક્યતાઓ ચકાસી, જે યોજનાઓ લાગુ પડતી હશે ત્યાં મારા અધિકારીઓ તરફથી ઝુંબેશ સ્વરૂપે લઈ ચૂકવવાપાત્ર બધી સહાય ચૂકવવામાં આવશે તેની હૈયાધારણ આપું છું. કૉન્ગ્રેસના શાસનમાં ૨૫ લઠ્ઠાકાંડ થયા, ૫૭૬ ગરીબોના મૃત્યુ થયા પરંતુ કમિશન નિમાયા સિવાય કૉન્ગ્રેસે કાંઈ કર્યું નથી. તે વખતે કાયદો કડક બનાવવો જોઈતો હતો. ગૃહના નેતાશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીને લાખ લાખ અભિનંદન આપું છું કે છેવટે ગુજરાતમાં એક વીર પેદા થયો. જેથી હવે ગુજરાતમાં કદી લઠ્ઠાકાંડ ન થાય અને થાય તો તેના કરવાવાળાને સખતમાં સખત સજા થાય તે માટે સરકારે નશાબંધી કાયદામાં સંશોધન કરી આજીવન કેદ અને ફાંસીની સજા કરવાની જોગવાઈ કરવાનું ક્રાંતિકારી પગલું ભર્યું છે.માનનીય અધ્યક્ષશ્રી, આજે એ દિવસ છે કે જયારે ૭૧ વર્ષ પહેલા આજના દિવસે એટલે કે ૨૧-૭-૧૯૩૮, જૂના મુંબઈ રાજયમાં ગુજરાતમાં સૌ પ્રથમ અમદાવાદ અને તેની આસપાસના ૪ માઈલ વિસ્તારમાં દારૂબંધી દાખલ કરવામાં

* (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આવી હતી. આજના દિવસે. ૭૧ વર્ષ પછી હવે નવા સુધારેલા કાયદાથી સાચા અર્થમાં નશાબંધી હવે આવશે અને ઈતિહાસમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નામ સુવર્ણ અક્ષરે લખાશે. કોંગ્રેસના મિત્રોએ લઠ્ઠાકાંડ દ્વારા પણ સત્તા સુધી પહોંચવા માટેનો જે પાંગળો પ્રયત્ન કર્યો છે ત્યારે મારે તેમને યાદ દેવડાવવું છે કે પૂજય મહાત્મા ગાંધી આદરણીય સ્વ. મોરારજી દેસાઈ એ દારૂબંધીના ચુસ્ત હિમાયતી હતા. કોંગ્રેસ દ્વારા અત્યાર સુધી નશાબંધી અને લઠ્ઠાકાંડો અંગે દેખાવો અને શેરી નાટકો જ થયા છે પરંતુ ભા.જ.પ.ની સરકારે લઠ્ઠાને અને દારુને કાયમી દેશવટો આપવા માટેનો જે કાયદો સુધારવાનું કામ કર્યુ છે તે પૂજય મહાત્મા ગાંધી અને મોરારજી દેસાઈને સાચી શ્રદ્ધાંજલિ છે. કવિ દુષ્યંતની પંકિતઓમાં આ જે શેરી નાટકો કરી રહ્યા છે એમને મારે કહેવું છે, એમણે એમ કહ્યું છે,

સડકો પર લીખે સેંકડો નારે ન દેખ , ઘર મેં અંધેરા દેખ તું આકાશ કે તારે ન દેખ.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતી કલ્યાણ અંગેની હું નવી જાહેરાતો કરું તે પહેલા પૂજ્ય ડાૅ. બાબાસાહેબ આંબેડકર દલિતો અને પછાતો માટે કેટલા ચિંતિત હતા અને તે બાબતે તેમણે પંડિત નહેરુજીના પ્રધાન મંડળમાંથી કેવા સંજોગોમાં રાજીનામું આપ્યું એ ઘટનાને મારે યાદ કરવી છે. ડાૅ. બાબાસાહેબ આંબેડકરે આપેલ રાજીનામા માટે તેમણે દર્શાવેલા પાંચ કારણોમાંનું એક કારણ દલિતો, આદિવાસી અને પછાત વર્ગના ભોગે મુસ્લિમોનું થતું તૃષ્ટિકરણ હતું. તેમના રાજીનામા પાછળ એવી હકીકતની સ્પષ્ટતા કરતા ડાૅ. બાબાસાહેબ આંબેડકરે સંસદમાં રજૂ કરવા માટે તા:૧૦-૧૦-૧૯૫૧ના રોજ એક નિવેદન તૈયાર કર્યુ. જે તેમનો અધિકાર હતો પણ સંસદમાં આ નિવેદન વાંચવાની અધ્યક્ષ મહોદયે એમને મનાઈ ફરમાવી અને ડાૅ. બાબાસાહેબ આંબેડકર નારાજ થઈને સંસદની બહાર નીકળી ગયા અને આ નિવેદન સંસદ સભ્ય અને પ્રેસને એમણે વહેંચ્યું હતું. આ નિવેદનમાં તેમણે જે લખ્યું હતું, ભારત સરકારની મુસ્લિમો અને બીજા પછાત વર્ગો માટેની ચિંતાની સરખામણી કરો. પ્રધાન મંત્રીશ્રી નહેરુજીનો બધો સમય અને ધ્યાન ફકત મુસ્લિમોની સલામતી માટે જાય છે. મુસ્લિમોને યોગ્ય ન્યાય મળે તેનો હું વિરોધી નથી પરંતુ મારે જાણવું છે કે શું મુસ્લિમોને જ રક્ષણની જરૂર છે. શું અનુસૂચિત જાતી, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગોને રક્ષણની જરૂર નથી. શ્રી નહેરુજીને આ લોકો માટે કોઈ ચિંતા છે? મારું સ્પષ્ટ મંતવ્ય છે કે મુસ્લિમો કરતા પણ દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોને વધારે સલામતી અને રક્ષણની જરૂર છે. આ બાબા સાહેબના શબ્દો હતો. ડાૅ. બાબાસાહેબનું પંડિત નહેરુજી પ્રત્યેનો આક્રોશ અને પછાતો માટેની વેદનાનો.. .. ..

**અધ્યક્ષશ્રી** : જે પત્રનો ઉલ્લેખ કરો છો એ પત્રના રેફરન્સીસ બધા મૂકી દેજો. આ જે પુસ્તકમાંથી લીધો હોય એનો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ચોકકસ, ચોકકસ હું પુસ્તકનો રેફરન્સ આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, પંડિત નહેરુજી પોતે કહેતા કે આઈ એમ ક્રિશ્ચન બાય બ્રિથ, મુસ્લિમ બાય કલ્ચર, એ હિન્દુ બાય એકસીડન્ટ. એટલે કે હું ઉછેરથી ખ્રિસ્તી છું. સંસ્કારથી મુસ્લિમ છું અને અકસ્માતે હિન્દુ છું અને આ પ્રકારની માનસિકતાવાળા વડાપ્રધાન પાસેથી દલિતો અને પછાતોને ન્યાય મળે તેવી ડાૅ. બાબાસાહેબને કોઈ આશા નહોતી. એ સર્વસિધ્ધ છે. કોંગ્રેસની એ જ પરંપરા ચાલુ રાખતા વર્તમાન આદરણીય વડાપ્રધાનશ્રી ડાૅ. મનમોહન સિંહે એમ કહ્યું કે ભારતના નાણાકીય સ્ત્રોતો ઉપર સૌથી પ્રથમ હક્ક મુસલમાનોને છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફકીરભાઈ, આપ આપની માગણીઓ ઉપર આવશો તો વધારે સારું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સાહેબ એની સાથે સંલગ્ન છે.

**અધ્યક્ષશ્રી** : એની જોડે જરા પણ નથી એટલે હું આપને કહુ છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સો ટકા. સાહેબ કોંગ્રેસની એની સાથે જ.. ..

**અધ્યક્ષશ્રી** : આપ આપના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છો એના ઉપર રહો. આપે જે બે-ત્રણ ઉલ્લેખો કર્યા ત્યાં સુધી બરાબર છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સાહેબ આટલું પૂરું કરી દઉ. માનનીય અધ્યક્ષશ્રી, અમે એમ માનીએ છીએ કે આ દેશની સંપત્તિ ઉપર પહેલો અધિકાર આ દેશના ગરીબોનો છે. અને એટલા માટે અમે કોંગ્રેસની પરંપરામાં નહીં પણ ડાૅ. આંબેડકરની પરંપરામાં માનીએ છીએ.ડાૅ. બાબા સાહેબ આંબેડકરે રાજીનામું આપવાનું બીજું કારણ જે આપ્યું હતું એ ભારતના બંધારણમાં ઓ.બી.સી. જાતિના કલ્યાણ માટે બંધારણના આર્ટિકલ-૩૪૦ માં કમિશન નીમવાની વાત હતી. પરંતુ એ વખતની સરકારે કમિશન નીમ્યું નહીં. ડાૅ. બાબા સાહેબ આંબેકડરના કહેવા પ્રમાણે જો આવું કમિશન આઝાદીની શરૂઆતમાં નીમાયું હોત તો અને એની ભલામણોનો સ્વીકાર થયો હોત તો અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગની જાતિઓનો વિકાસ પણ શરૂઆતથી શક્ય બન્યો હોત. મારે આ ગૃહ વતી બક્ષીપંચના સમાજને કહેવું છે કે બંધારણના આદેશ અને ડાૅ. બાબા સાહેબ આંબેડકરની ચિંતા પ્રમાણે માંડલ કમિશન ૧૯૭૮માં બીન કોંગ્રેસી સરકાર મોરારજી દેસાઈની જનતા પાર્ટીમાં નીમાયું હતું, જેમાં ભારતીય જનતા પક્ષ એક ભાગીદાર હતો અને માંડલ કમિશનની ભલામણોનો સ્વીકાર પણ બીન કોંગ્રેસી જનતાદળની વી.પી.સિંહની સરકારમાં થયો હતો. તે વખતે પણ ભારતીય જનતા પક્ષનો એને ટેકો

હતો. હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાનો આભાર વ્યક્ત કરી અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની નવી જાહેરાતો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માધ્યમિકથી માંડી અનુસ્નાતક સુધીના અભ્યાસક્રમોનો અભ્યાસ કરવા માટે વિનામૂલ્યે રહેવા જમવાના છાત્રાલયો ચલાવવામાં આવે છે. વધુને વધુ વિદ્યાર્થીઓને આ સગવડ મળે એટલા માટે ૨૫ નવા સરકારી છાત્રાલયો, ૨૫ ગ્રામીણ છાત્રાલયો અને ૪ જિલ્લા કક્ષાના મળીને કુલ ૫૪ છાત્રાલયો માટે રૂપિયા ૪.૬૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિ અને પછાત જાતિના યુવાનોને પાયલોટની તાલીમ માટેની યોજનામાં રાજ્ય સરકાર દ્વારા ૧૫ લાખની લોન આપવામાં આવે છે. પાયલોટ તાલીમમાં ખર્ચ વધુ થાય છે. દલિત સમાજના આગેવાનો અને માનનીય ધારાસભ્યોની આ લોનની રકમમાં વધારો કરવાની માગણી હતી. મારે સહર્ષ જાહેરાત કરવી છે કે પાયલોટની તાલીમ માટે પહેલા ૧૫ લાખ આપવામાં આવતા હતા એમાં ૫ લાખનો વધારો કરીને હવે ૨૦ લાખ રૂપિયા આપવામાં આવશે. આઈ.ટી.આઈ. તેમજ તાંત્રિક અભ્યાસક્રમો માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ત્વરિત મળતી રોજગારી તરફ વાળવા જે માસિક રૂપિયા ૨૦૦ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવતું હતું એના બમણો વધારો કરીને હવે રૂપિયા ૪૦૦ કરવામાં આવે છે. એના માટે રૂપિયા ૧.૪૦ કરોડની જોગવાઈ કરી છે. સજ્જનોને સન્માનવા અને દુર્જનોને દંડવા એ સમાજનું મુખ્ય કાર્ય છે. રાજ્ય સરકારે તેજસ્વી વિદ્યાર્થીઓને નવાજવા માટેની યોજના દાખલ કરી છે. ધોરણ ૧૦ અને ૧૨માં રાજ્ય કક્ષાએ બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવનાર એક જ વિદ્યાર્થીને રૂપિયા ૨૫ હજાર અપાતા હતા. હવે ધોરણ- ૧૦માં એક થી ત્રણ સ્થાન પ્રાપ્ત કરતાં અનુસૂચિત જાતિના ત્રણ તેજસ્વી તારલાઓને પુરસ્કારમાં વધારો કરીને ૪૧ હજાર, ૨૧ હજાર અને ૧૧ હજાર પુરસ્કાર આપવાની હું જાહેરાત કરું છું. એ જ રીતે ધોરણ ૧૨માં બોર્ડમાં ચાર પ્રવાહ છે. વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ. આ ચારેય પ્રવાહમાં જે વિદ્યાર્થીઓ એક થી ત્રણ નંબરમાં આવશે એને અનુક્રમે ૩૧ હજાર, ૨૧ હજાર અને ૧૧ હજાર રૂપિયાના ઈનામની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઈ કામદારો માટે રૂપિયા એક લાખનું વીમા કવચ પૂરું પાડતી યોજના છે. પરંતુ ગટર સાફ કરતા સફાઈ કામદારનું ફરજ દરમિયાન ગૂંગળામણથી મૃત્યું થાય તો એના માટેની કોઈ યોજના ન હતી. મેં રૂબરૂ જોયું છે કે જ્યારે જ્યારે હું દલિત અને વાલ્મિકી વિસ્તારમાં જાઉં છું, આવી રીતે ગટર સાફ કરતાં વાલ્મિકી સમાજના વ્યક્તિનું મૃત્યું થાય ત્યારે એનું આખું કુટુંબ નિરાધાર બનતું હોય છે. આ સરકારે એના માટેની યોજના જાહેર કરી છે. આવા કિસ્સામાં તેમના કુટુંબીજનોને રૂપિયા ૨ લાખ આપવાની નવી યોજનાની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય વિનોબા ભાવે અમીર પાસેથી જમીન મેળવીને ગરીબને વહેંચતા અને ભૂદાન યજ્ઞ શરૂ કર્યો હતો. તેની પ્રેરણા સ્વરૂપ ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકારે અનુસૂચિત જાતિના લોકોને ખેતીના વ્યવસાયમાં મદદરૂપ થવા માટે બે એકર જમીન ખરીદવા માટે ૫૦ હજારની સહાય આપવાની યોજના હતી. પરંતુ જમીનના ભાવો વધતા હોવાથી આ રકમ વધારીને બે એકર જમીન ખરીદવા માટે ૫૦ હજારના બદલે હવે રૂપિયા ૨ લાખની યોજનાની હું જાહેરાત કરું છું. હાલમાં દલિત સમાજને સમાજ કલ્યાણ ક્ષેત્રે પ્રવૃત્તિઓ માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ,સંતકબીર દલિત સાહિત્ય એવોર્ડ, મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ, સંત શ્રી દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃત્તિ એવોર્ડ આ બધા એવોર્ડો છે. આજે હું એક નવા એવોર્ડની જાહેરાત કરું છું. વર્ષ ૨૦૦૯-૧૦ થી દર વર્ષે દલિત મહિલા સાહિત્યકારને રૂા.૫૦,૦૦૦નો સાવિત્રીબાઈ ફૂલે દલિત મહિલા સાહિત્ય એવોર્ડની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં જ્યાં આદર્શ નિવાસીશાળાઓ ભાડાના મકાનમાં બેસે છે ત્યાં મકાનો બનાવવા માટેની પણ યોજના શરૂ કરી છે. અમારા માનનીય ધારાસભ્યશ્રી છે વંદનાબેન મકવાણા એમના કેશોદ વિસ્તારમાં એક, અમદાવાદના ધારાસભ્ય ડો. માયાબેન કોડનાની એમના ઓઢવ વિસ્તારમાં એક, શ્રી બાબુભાઈ પટેલના ભાડજ વિસ્તારમાં એક એમ મળીને ત્રણ નિવાસી શાળાઓ બનાવવા માટે ૧.૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે અસ્વચ્છ વ્યવસાય છે. કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને ધોરણ ૧ થી ૧૦માં માસિક રૂા.૪૦થી કરીને રૂા.૩૭૫ની શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. એ શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરીને માસિક રૂા.૧૧૦ થી કરીને રૂા.૭૦૦ સુધી શિષ્યવૃત્તિ આપવાનું નક્કી કર્યુ છે અને ૮૪ કરોડની જોગવાઈ આ બજેટમાં કરી છે જેનો ૨.૭૫ લાખ બાળકોને લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.એસ.સી.બોર્ડમાં સેન્ટ ઝેવિયર્સ, ગુરૂકૂળ સંસ્થાઓ, લોયેલા, સંત કબીર કે દીવાન બલ્લુભાઈ જેવી હાઈસ્કુલમાં ૯૦ થી ૧૦૦ ટકા પરિણામ આવે એ હવે ભૂતકાળની બાબત બની ગઈ છે. જૂન ૨૦૦૯માં એસ.એસ.સી.બોર્ડના જાહેર થયેલા પરિણામોમાં સમગ્ર રાજ્યનું પરિણામ ૫૬.૪૩ ટકા હતું. સરકારી શાળાઓનું પરિણામ ૩૦ ટકા હતું. મારે હર્ષ સાથે જણાવવું છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ચલાવાતી બક્ષીપંચ જાતિની નિવાસી શાળાઓનું સરેરાશ પરિણામ ૯૫ ટકા આવ્યું છે અને એમાં ૧૪

નિવાસી શાળાઓનું પરિણામ ૧૦૦ એ ૧૦૦ ટકા આવ્યું છે. હું આ વિભાગના નિયામક અને મારી નિવાસી શાળાના આચાર્યે અને શિક્ષકોને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાલાજી તિરુપતિ હોય કે દ્વારકા, સોમનાથ હોય કે હરિદ્વાર, અમૃતસરનું મંદિર હોય કે અંબાજી હોય આ તમામ હિંન્દુઓના શ્રદ્ધાના કેન્દ્રો છે અને ગુજરાતમાં પણ દલિતોની આસ્થાના વિશેષ કેન્દ્રો છે. વિધર્મિઓના આક્રમણ સામે ભયંકર ધમકી અને લાલચની વચ્ચે દલિત સંત, મહંત અને તપસ્વી પુરુષોએ દલિતોની ભારતીય સંસ્કૃત્તિ, સંસ્કાર અને ધર્મમાં આસ્થાને બુજાવા દીધી નથી. દલિતો અને પછાતો અને તેમના સંતો, મહંતોની ધાર્મિક શ્રધ્ધા અને ભારતીય સંસ્કૃત્તિ માટે તેમણે આપેલા બલિદાનોને ભાવાંજલિ આપતા રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના દ્વિતિય સર સંચાલક પરમ પુજ્ય ગુરુજીએ તેમના પુસ્તક **Bunch of Thought** માં એમણે એમ લખ્યું છે કે-

"ઈતિહાસ સાક્ષી હૈ કિ ગત એક હજાર વર્ષો કે રાષ્ટ્રીય મુકિત સંઘર્ષો મેં યે દલિત હી અગ્રણી રહે હૈ. મહારાણા પ્રતાપ, ગુરૂ ગોવિંદસિંહ ઔર છત્રપતિ શિવાજી સેનાઓં કે સર્વાધિક પરાક્રમી ઔર કટ્ટર યોદ્ધાઓં મેં યહી લગ રહે હૈ. શિવાજી કે કુછ અતિ મહત્ત્વપૂર્ણ યુદ્ધો મેં હમારે દલિત શુરવીર ઔર સાહસી બંધુઓને હી નેતૃત્વ પ્રદાન કીયા થા. કેવલ યુદ્ધક્ષેત્ર મેં હી નહીં. અપિતુ આધ્યાત્મિક જગત મેં હમારે દલિત બંધુ શ્રેષ્ઠ સિદ્ધ હુએ હૈ. દલિતો મેં એૈસે અસંખ્ય સાધુ-સંન્યાસિયોંને જન્મ લિયા હૈ જિન્હોને હમારે સમાજકે સભી વર્ગો કી અસીમ શ્રધ્ધાભકિત પ્રાપ્ત કી હૈ. ધર્મ કે નામ પર શેષ સમાજ કે હાથોં સભી પ્રકારકા અપમાન તથા પીડા સહકર ભી ઈન દલિત બંધોએને ધર્મ પરિવર્તન કે પ્રલોભનોં કા દઢતાસે પ્રતિકાર કિયા હૈ."

માનનીય અધ્યક્ષશ્રી, દલિત સમાજના ભવ્ય ત્યાગ, બલિદાન અને ધર્મપ્રેમને બિરદાવતાં વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય અશોક સિંધલે જે કહ્યું છે કે- " મેં કહતા હૂં જિન્હેં દલિત કહે જાતે હૈ વે હમ સબસે બડે હૈ, વે હમારે ધર્મ સ્વાતંત્ર્ય સેનાની હૈ, ધર્મ કે લીએ ઉન્હોંને જો સહા હૈ ઉતના ઔર કીસીને નહીં સહા હૈ, હમેં ઉનકે ચરણ સ્પર્શ કરના ચાહીએ. ઉન્હોને શતાબ્દીઓં તક જો કષ્ટ ઔર ભેદભાવ સહન કીયા લેકિન ધર્મ નહીં છોડા ઉસે દેખતે હુએ વે હમારે પૂજનીય હૈ"

માનનીય અધ્યક્ષશ્રી, પછાત વર્ગોને રોટી, કપડા અને મકાન આપી દેવાથી બધું બરાબર થઈ જવાનું નથી. સદીઓના પછાતપણાથી અને અવગણનાથી એમની અસ્મિતામાં જે ઊણપ આવી છે અને ખોવાયેલી અસ્મિતાને પુનઃ તાજી કરાવવી પડશે. ડો. બાબાસાહેબ આંબેડકરે આ બાબતે પહેલ કરીને અઢળક સાહિત્ય લખ્યું છે. ચાર વેદ,૧૮ પુરાણ, ૧૦૮ ઉપનિષદ, રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક સ્મૃતિ જેવી અનેક સ્મૃતિઓ અને ભારત સહિત વિશ્વના ઈતિહાસનો એમનો અભ્યાસ કર્યો છે. ડો. બાબાસાહેબ આંબેડકરે પ્રસ્થાપિત કર્યું છે કે ભારતના દલિતો આર્યો છે, ક્ષત્રિયો છે અને ક્ષત્રિયોમાં પણ મહત્વનો વર્ગ છે. હજારો વર્ષો સુધી તેમણે ભારતીય ઉપખંડમાં સામ્રાજય સ્થાપીને રાજય કર્યું હતું. મધ્ય પ્રદેશના ઈન્દોર ખાતે મહુ છાવણી ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની જે ૧૧૭મી જન્મજયંતીની ઉજવણી થઈ. મધ્ય પ્રદેશની ભા.જ.પા. સરકારે ભીમ જન્મભૂમિ સ્મારક બનાવ્યું અને એનું અનાવરણ પૂર્વ ઉપપ્રધાનમંત્રી અને લોકસભાના વિપક્ષના નેતા આદરણીય શ્રી એલ.કે.અડવાણીજીએ કર્યું અને એમાં જે એમણે કહ્યું હતું કે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મભૂમિ મહુ, દીક્ષા ભૂમિ નાગપુર અને ચૈત્યભૂમિ દાદર કરોડો ભારતવાસીઓ માટે અપાર શ્રદ્ધાના તીર્થસ્થાનો છે. દલિતો અને પછાતોની અસ્મિતાને પૂનઃ પ્રગટ કરવાની આ પરંપરાને માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર આગળ ધપાવી રહી છે. રાજય સરકારની કલ્યાણકારી યોજનામાં એનો પડઘો પડે છે. આ સરકાર દલિતોને મજબુર નહીં પણ મજબુત બનાવવા માગે છે. યાચક નહીં પણ અધિકારી બનાવવા માગે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર એવી છે કે જેણે * (xxxxxx) બિનસાંપ્રદાયિકતાની પરવા કરી નથી. ભારતના જે ૬૮ તીર્થસ્થાન પામ્યા છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (xxxxxx) શબ્દ કાઢી નાખું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૬૮ તિર્થસ્થાનોમાં દલિત સમાજ સાથે સંકળાયેલા ધાર્મિક સ્થાનકોનું પણ ઉદ્ધારનું બીડું ઝડપ્યું છે. ભા.જ.પા. સરકારે કચ્છના રાપર તાલુકામાં ચિત્રોડ ગામે સંતશ્રી ત્રિકમ સાહેબના સ્થાનકને વિકસાવવા માટે ૪૫લાખ રૂપિયા ફાળવ્યા. ગોંડલ તાલુકાના ઘોઘાવદર ખાતે સંતશ્રી દાસીજીવણના સ્થાનક માટે ૬૬.૫૫લાખ રૂપિયા આપ્યા. કરજણ તાલુકાના હરસુંડા મુકામે શ્રી કબીર મંદિર માટે રૂા. ર કરોડ ૭૦લાખ, દસાડા તાલુકાના ઝીંઝુવાડા ખાતે સંતશ્રી તેજાનંદ સ્વામીની જગ્યા માટે રૂા. ૭૭લાખ, બાવળા તાલુકાના કેસરડીના જોધલપીરના સ્થાનક માટે રૂા. ૫૭લાખ, પાટણ ખાતેના વીર મેઘમાયા દેવસ્થાન માટે રૂા. ૧કરોડ૩૧લાખ, વિસાવદર તાલુકાના સરસઈ મુકામે સંતશ્રી રોહીદાસ મહારાજના સ્થાનક માટે રૂ. ૬૦લાખ, મહેસાણા જિલ્લાના ગાંભુ મુકામે સંતશ્રી કાનપીર સ્થાનક માટે રૂ. ૪૮લાખ, કલોલના સંતશ્રી ગેબી મંદિર માટે રૂ. ૫૧લાખ, લીંબડી તાલુકાના ભોજુપુરા મુકામે સંતશ્રી સવૈયાનાથ સ્થાનક માટે રૂ. ૯૦લાખ, જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના આમરણ મુકામે સંતશ્રી ભીમસાહેબ સંસ્થાન માટે રૂા. ૩૫લાખ, સિદ્ધપુર ખાતે રાવત રામજી મંદિર

* (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

માટે રૂ. ૬૪લાખ તેમજ જેમના ગાદીપતિ ધારાસભ્ય તરીકે અહીં બિરાજમાન હતા તેવા વંદનીય શંભુજીપ્રદાસજી મહારાજના ઝાંઝરકા મુકામે સંતશ્રી સવગુણ સમાધિ સ્થાન માટે રૂા. ૬૭લાખની ફાળવણી કરવામાં આવી છે. દરેક જગ્યાએ બાંધકામની પ્રક્રિયા ચાલુ છે. આ માટે રાજય સરકારે કુલ રૂ. ૧૦કરોડથી વધુ નાણાં આ દલિતોના સ્થાનક માટે ફાળવ્યા છે. દલિતોની ધાર્મિક આસ્થા અને અસ્મિતાને ઊંચે ઉઠાવવા માટે આ તબકકે હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ માનનીય પવિત્ર યાત્રાધામ વિભાગના મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસને અભિનંદન આપી, આભાર પ્રગટ કરું છું.

વિકસતી જાતિઓમાં બક્ષીપંચ જાતિઓ, વિચરતી વિમુકત જાતિઓ, આર્થિક પછાત વર્ગો અને લઘુમતીઓનો સમાવેશ થાય છે. જે રાજયની કુલ વસ્તીના ૭૦ટકા થવા જાય છે. છેલ્લા છ વર્ષમાં આ ખાતાએ ૧૦૦ ટકા કરતા વધારે સિદ્ધિ હાંસલ કરેલ છે.૧૯૯૮ માં ભારતીય જનતા પાર્ટીની સરકારે કાર્યભાર સંભાળ્યો. એ વખતે આ વિભાગનું બજેટ ૭૦.૫૭ કરોડનું હતું. ૨૦૦૯ માં એ વધીને ૩૧૬.૮૦ કરોડનું થયું છે. મારે આ વિભાગ માટે નવી બાબતોની જાહેરાત કરવી છે. અનુસૂચિત જાતિની જેમ બક્ષીપંચ જાતિ માટે પણ ચાલુ વર્ષે ૨૫ ગ્રાન્ટ ઈન છાત્રાલયો શરૂ કરવામાં આવશે. બક્ષીપંચની કુલ ૩૩ નિવાસી શાળાઓ છે, તે પૈકી હાલ ૧૨ શાળાઓ માટે મકાન બંધાયેલાં છે. ચાલુ સાલે હિંમતનગર, પાટણ, પોરબંદર, થરાદ, અમદાવાદ, ડીસા અને રાજુલા એ રીતે ૭ નિવાસી શાળાઓ માટે ૬.૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પશુ પક્ષીઓ ઘર વિના નથી રહી શકતા. ચકલીને માળો હોય, સુઘરીનો કલાત્મક માળો હોય, જેની કલાના નમૂનો ઘરમાં લટકાવીએ છીએ. કરકલીયો કુંભાર વૃક્ષના થડને કોતરીને ઘર બનાવે છે. શાહુડી ધરતીના પેટાળમાં ઘર બનાવે છે. સિંહને બોડ હોય છે. તેની સામે માણસ જેવી માણસ જાતની ૪૦ વિચરતી વિમુક્ત જાતિઓના આશરે ૫૦ લાખ માનવો યુગોથી પશુઓ કરતા પણ બદતર સ્થિતિમાં જીવતો હતો. એમાં વાદી-મદારી, નટ- બજાણિયા, સરાણિયા, વાંસફોડિયા, દેવી પૂજક, જોગી, મીયાણા, ડફેર, રબારી, ભરવાડ ચારણ, ગઢવી, ઠાકોર, ભોઈ, કાંગસિયા, કોળી, ચામઠા, સલાટ આવી જે આવી ભટકતી, અર્ધ ભટકતી જાતિઓ છે એના માટે ૪૬ કરોડ રૂપિયાના ખર્ચે ૧૨,૪૮૦ મકાન બન્યા. આ વર્ષના બજેટમાં ૧૫,૦૦૦ મકાનો બનાવવા માટે ૪૪ કરોડની જોગવાઈ આ વખતના બજેટમાં કરવામાં આવી છે. બક્ષીપંચના અને આર્થિક પછાત વર્ગની ધોરણ ૮ માં ભણતી ૨૯,૦૦૦ દીકરીઓને સાઈકલ ખરીદવા માટે ૨૦૦૦/- ની સહાય આપવા માટે ૫.૮૦ કરોડની જોગવાઈ કરી છે.

હવે હું સમાજ સુરક્ષા વિભાગની વાત કરીશ. હિન્દી કવિ ચંદ્રસેન વિરાટે નિરાધારો, વૃદ્ધો અને વિકલાંગોની વેદનાને વાંચા આપતા લખ્યું છે કે- " **જિનકા કહી ન હો કોઈ, પક્ષધર ઉન્હીકે હૈ હમ. જો બેજુબાન હૈ સબ, ઉનકી જુબાન હૈ હમ".** આદરણીય નરેન્દ્ર મોદીની ગુજરાત સરકારે આ ક્ષેત્રે પણ ભારતભરમાં મોખરે છે. અનાથ, નિરાધાર મહિલાઓ, વૃદ્ધ, વિકલાંગોના કલ્યાણની વાત કરું તો ૨૦૦૯-૧૦ માં આ ખાતા માટે ૧૭૮.૭૭ કરોડની જોગવાઈ કરી છે. એમના માટે હું નવી જાહેરાતો કરવા માગું છું. અનાથ બાળકો માટેની પાલક માતા પિતા યોજના રાજ્યની ફક્ત ૪ મહાનગરપાલિકા અને ૨૨ ભૂકંપગ્રસ્ત તાલુકા પુરતી મર્યાદિત હતી. તેમાં વધારો કરીને બાકીની ૩ મહાનગર પાલિકા અને ૧૫૯ નગરપાલિકાના ૧૮,૦૦૦ ગામડા સુધી વિસ્તારીને જે ૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી, તેમાં બમણો વધારો કરીને ૧,૦૦૦ રૂપિયા આપવાનું નક્કી કર્યુ છે અને ૫૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે. સમગ્ર વિશ્વની અંદર એઈડ્સની સમસ્યા વધતી જાય છે. ભારતમાં આશરે ૩૦ લાખ અને ગુજરાતમાં આશરે ૧.૪૪ લાખ એઈડ્સગ્રસ્ત દર્દીઓ છે. ત્યારે સમગ્ર દેશમાં પહેલ કરીને રાજય સરારે એચ.આઈ.વી. એઈડ્સથી માતા-પિતા ગુમાવી અનાથ બનેલ બાળકો માટે ૩૨ લાખના ખર્ચે સુરત અને ગાંધીનગર એમ બે ચિલ્ડ્રન હોમ ઊભા કરવાનું નક્કી કર્યુ છે. રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત એમ ૪ શહેરોમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીઓ માટે અલાયદા છાત્રાલય શરૂ કરવાનું નક્કી કર્યુ છે. રાજય, રાષ્ટ્ર અને આંતર રાષ્ટ્રીય સ્તરે રમત-ગમતમાં ભાગ લેવા માટે વિકલાંગો માટે ૧૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજય સરકારે રાષ્ટ્રીય વિકલાંગ નાણાકીય નિગમને ૫ કરોડની ગેરંટી આપી, છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધીમાં ૧૨૭૦ વિકલાંગોને ૪.૯૨ કરોડની લોન આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯-૧૦ માં ૨,૦૦૦ વિકલાંગો માટે ૮ કરોડની લોન આપવાનું આયોજન કર્યુ છે.માનનીય અધ્યક્ષશ્રી, હાલ રાજયમાં ૨૧ વૃદ્ધાશ્રમો ચાલે છે તેમાં વધારો કરીને ગાંધીનગર, ખેડા, આણંદ, પોરબંદર ખાતે ચાર નવા વૃદ્ધાશ્રમો ચાલુ કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફકીરભાઈ હવે આપની પાસે પાંચ મિનિટ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સાહેબ, હું ત્રણ મિનિટમાં પૂરું કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, માતા પિતા અને વરિષ્ઠ નાગરિકો માટેના ભરણ પોષણ અને કલ્યાણનો કાયદો હવે ગુજરાતમાં અમલી છે અને તેના કારણે પાંચ લાખ પ્રભાવિત નાગરિકોને તેમના સગા સંબંધીઓ અવગણના કરી શકાશે નહી અને તેમને ન્યાય અને સલામતી આપશે.

સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના મળીને હાલ ૧૦૪ ચિલ્ડ્રન હોમ છે તેમાં ત્રણનો વધારો કરી પાટણ,પોરબંદર અને આણંદ ખાતે નવા ચિલ્ડ્રન હોમ શરૂ કરવા માટે ૨૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ૨૦૦૮-૦૯ની અંદર વય વંદના યોજના હેઠળ વૃદ્ધ સહાય માટે એક લાખ વૃદ્ધોને ૨૬ કરોડ રૂપિયા ચૂકવાયા હતા. તેની સામે

આ વર્ષે બીજા એક લાખ વધારાના વૃદ્ધોને ૭૫ કરોડની સહાય આપવા માટે ૪૯ કરોડની વધારાની જોગવાઈ આ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. રાજય સરકારના ઈ-ગવર્નન્સના અભિગમને ધ્યાનમાં લઈને ગુજરાતના બે લાખ વિકલાંગોને જૂના ઓળખકાર્ડને બદલે રૂા.ર.૫૭ કરોડના ખર્ચે સ્માર્ટકાર્ડ આપવાની જાહેરાત હું કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીસના મહાન તત્વચિંતક એરીસ્ટોટલે કહ્યું છે કે કોઈપણ સરકાર સદાકાળ તમામ વર્ગોને, તમામ સ્થળે સંપૂર્ણ સંતોષ આપી શકતી નથી. એરીસ્ટોટલને ખોટા ઠેરવીને આદરણીય માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આ સરકાર ગુજરાતના દલિતો, પછાતો, આર્થિક પછાતો, લઘુમતીઓ, વિધવા, અનાથો અને નિરાધારો એમ સર્વને બધી રીતે દરેક જગ્યાએ સંતોષ આપતી હોવાથી મારી આ માગણીઓ આ સન્માનનીય ગૃહ સર્વાનુમતે પસાર કરે તેવી વિનંતી કરું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક: ૭૧ અને ૭૧ લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત, ગ્રામ વિકાસ તે દેશનો આત્મા છે. પૂજય ગાંધીજી અને સાચા લોક સેવકોએ ગ્રામીણ પ્રજાની, ગરીબ પ્રજાની, ખેડૂતોની અંત્યોદય જીવન જીવતા લોકોની સેવા કરી છે અને ગ્રામ્ય લોકોની પડખે રહેવાની આપણને સૌને શીખ પણ આપી છે. આ દેશમાં આજે પણ ૭૦ ટકા લોકો ગામડામાં રહે છે. આઝાદી મળી ત્યારે ગામડાં તદ્દન મરવાના વાંકે જીવતાં દોજખ જેવાં બની ગયેલાં હાડપિંજર હતાં. ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં નાનો પ્રદેશ પણ ખૂબ જાગૃત પ્રદેશ હતો અને છે. ગુજરાતે ગાંધીજી અને સરદાર પટેલ, રવિશંકર મહારાજ અને દયાનંદ સરસ્વતી જેવા મહા તપસ્વી આપ્યા છે. ગુજરાતનો ગુજરાતી દેશ-પરદેશ ખેડનારો જણ છે. ભૂતકાળમાં દરિયામાં તરાપા ઉપર બેસીને વેપાર ખેડવાની ગજબ શકિત ગુજરાતના ગુજરાતીમાં છે. સરદાર પટેલ જેવો વ્રજ અને મૃદુ હ્દયવાળા માણસો પેદા કરનારો આ પ્રદેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ કોઈપણ સારામાં સારો ગમે તેવો પ્રદેશ હોય, કોઈપણ સારામાં સારા હાઈબ્રીડ બિયારણને ખેતરમાં રોપવામાં આવે પણ જો ખેડૂત સારો ન હોય તો બિયારણ શું કરે? * (xxxxxx) (xxxxxx) તેવી સ્થિતિ ગુજરાતની પ્રજાની અને ગુજરાતના વિકાસની છે. આઝાદી મળી ત્યાં સુધી પરદેશીઓએ પીંખી નાંખ્યા. ૧૯૬૦ થી ૧૯૯૦ સુધી તે વખતના શાસકોએ કોઈ નોંધપાત્ર ગામડાંઓની કામગીરી ન કરી. પરિણામે ગુજરાતનો ગામડાંનો માણસ વિકાસનું કોઈ કામ ન કરી શક્યો. પૂર્વ સરકાર ગામડાનો વિકાસ કરવાનો કોઈ ઈરાદો હોય તેવું આપણને કદાપિ પ્રતીત થયું નહીં અને એટલા માટે જ અમારી સરકારે..

**અધ્યક્ષશ્રી** : (xxxxxx) (xxxxxx) તે શબ્દો હું રેકર્ડમાંથી કાઢી નાંખું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીને વાંધો ન હોય તો આ શબ્દોની જગ્યાએ હું કોંગ્રેસની સરકાર બોલવા માગું છું અને એટલા માટે જ અમારી સરકારે ગામડાંનો વિકાસ ગ્રામ પંચાયતો દ્વારા ઝડપભેર કરવાનો નિર્ધાર કર્યો છે, ગ્રામ્ય વિસ્તારના લોકોને ગ્રામ્ય વિકાસના ફળ આપવાં છે. પૂર્વ શાસકોએ અમને ગુજરાતનાં ગામડાં કેવી હાલતમાં આપ્યાં હતાં? ભાજપને કરિયાવરમાં મળેલાં ગામડાં રોડ, રસ્તા વગરના, કાદવ-કીચડવાળાં, આંગણવાડી અને શાળા વિહિન, માખી- મચ્છરોથી ઊભરાતાં, ફ્લૉરાઇડ અને ખારાશવાળા પીવાના પાણીવાળાં, આવાં ગામડાં અમને કરિયાવરમાં મળ્યાં હતાં. હવે આપણે જોઈએ એક તપસ્વી મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નનું ગુજરાતને, અમને રચનાત્મક કામોમાંથી નવરાશ આવતી નથી અને આ નવરા લોકોને પાણીમાંથી પોરાં કાઢવા સિવાય બીજું કોઈ કામ નથી. જે સમય મળ્યો તેનો ઉપયોગ અપપ્રચાર કરવામાં તેઓ કરે છે, પરંતુ અમારે તો રચનાત્મક કામો કરવાં છે અને એટલા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નનું ગુજરાત મારે આપની સમક્ષ રજૂ કરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું ગુજરાત, અમારી પંચાયતો, અમારાં ગામડાં એટલે આંગણવાડીથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીનું ગામડું સંપૂર્ણ સુવિધાવાળું હોય, જયાં સ્વચ્છતા અને સુઘડતા હોય, જ્યાં શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા હોય, જયાં આરોગ્ય માટે આરોગ્ય કેન્દ્રો હોય, જયાં મુખ્ય રસ્તાઓથી ગામડાના પાકા રસ્તા જોડાયેલા હોય, જયાં કાંસ અને નદીઓ પર ચેકડેમોમાં પાણી ભરાયેલાં હોય, અને તળાવો પણ પાણીથી ભરેલાં હોય, જ્યાં ખેડૂતોના ખેતરોમાં સિંચાઈનું પાણી અને ખેતરમાં ટપક વ્યવસ્થા હોય, જયાં પશુપાલકોને પશુ સારવારના દવાખાનાં હોય, જયાં ગામેગામ દુધની ડેરીઓ હોય, જયાં વિશ્વ સાથે જોડાણ કરે તેવી ઈ-ગ્રામની વ્યવસ્થા હોય, ગ્રામ સચિવાલય હોય, અને તમામ અગત્યના શહેરો અને સત્તા કેન્દ્રો સાથે જોડાયેલાં હોય, ૨૪ કલાક ગામડાઓમાં થ્રી ફેઈઝ વીજળી હોય, અને ગામડામાં રોજી મળે તેવી યોજનાઓ હોય, જ્યાં સમરસ ગ્રામ પંચાયત હોય, ગામડાંઓમાં ઝઘડા ન થતા હોય, જ્યાં તીર્થ ગ્રામ હોય, જ્યાં ગરીબો માટે આવાસો હોય, માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને ભૂતકાળના થોડાક આંકડા આપવાના છે. ગામડાનો વિકાસ કેવી રીતે થાય? ૧૯૮૫-૮૬ થી ૧૯૯૪-૯૫ સુધી દશ વર્ષનું પંચાયતનું બજૅટ ટોટલ ૨૦૧ કરોડ રૂપિયાનું હતું. જ્યારે અમારી સરકારે જ્યારથી અમે શાસનમાં આવ્યા ત્યારથી આજ સુધીમાં ૩૯૧૮.૨૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી

* (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે. કયાં ૨૦૧ કરોડ રૂપિયા દશ વર્ષના અને કયાં અમારું આ બજૅટ? ટકાવારીમાં જોઈએ તો ૧૯૪૨ ટકાનો વધારો થયો છે. આપણે ગ્રામ વિકાસના બજૅટમાં આ પ્રમાણે ખૂબ વધારો કર્યો છે. ગામડાંમાં પાયાનો વિકાસ કરવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિંતન કર્યુ છે અને ટૂંક સમયમાં ગામડાંઓને શહેરી સુવિધાઓ મળી રહે તેવી ગતિ પકડી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એ પણ સંશોધન કર્યુ છે કે ગામડાનું સ્ટ્રકચર શહેરનું અને આત્મા ગામડાનો. આ તેમની નેમ છે ત્યારે મને એક પંકિત ખૂબ ગમે છે, અને એટલા માટે હું એ આપને આપું છું, એ પંકિત એ છે કે " ન ધરા સુધી, ન ગગન સુધી, ન ઉન્નતિ સુધી, ન પતંગ સુધી, અમારે તો જાઉં છે, છેવાડાના ગામ સુધી."

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારનો ધ્યેય છે કે, માનવ સૂચકાંકના માપદંડોને પહોંચીને ગરીબ જીવન ધોરણને ઉન્નત લઈ જવાનો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગામડાના વિકાસ માટે, ગ્રામીણ જીવનને ઉન્નત કરવા માટે ૪૩ ટકા બજૅટ તો સામાજિક સેવાઓ માટે આપ્યું છે, અમારી માગણીઓ એ પૈકીનું એક પૂરક બજૅટ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું થોડાક આંકડાઓ આપવા માગું છું. મેં કહ્યું કે, ૧૯૮૫-૮૬થી ૧૯૯૪ સુધી ૨૦૧ કરોડ રૂપિયા બજૅટ હતું. અને અમારું બજૅટ છે રૂા. ૩૯૧૮ કરોડ. ૨૦૦૯-૨૦૧૦ના બજૅટની તાસીર હું આપવા માગુ છું. જ્યારે ૨૦૦૮-૨૦૦૯માં રૂા. ૬૮૧ કરોડ રૂપિયાની જોગવાઈ હતી એક વર્ષની અમારી એની સામે ૨૦૦૯-૨૦૧૦ માટે રૂા.૭૩૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ પ્રમાણે ૨૦૦૯-૨૦૧૦માં રૂા.૧૫૧.૫૨ કરોડની ગ્રામીણ આવાસ માટે જોગવાઈ કરી છે. ગામડામાં રહેતા ગરીબ જરૂરિયાત વાળા લોકો માટે ૧૫૧.૫૨ કરોડની યોજનાની જોગવાઈ કરી છે. સમૂહ વિકાસ ડૅવલપમેન્ટ માટે રૂા. ૫૧૦.૯૮ કરોડ રૂપિયાની વ્યવસ્થા અને ગ્રામ્ય મિત્ર સદર ઉપર ૬૮.૫૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. ૨૦૦૯-૨૦૧૦ની જોગવાઈમાં ૭૩૧ કરોડ રૂપિયા પૈકી ૧૦૭ કરોડ રૂપિયા આદિજાતિ પેટા યોજના માટે આયોજન છે. ખાસ અંગભૂત પેટા યોજના માટે ૬૨.૭૩ કરોડ રૂપિયાની વ્યવસ્થા બજૅટમાં રાખવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ આવાસ યોજના અંગે મારે થોડુંક સન્માનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે ગરીબોની વ્યાખ્યા કેંદ્ર સરકારમાં જે રીતે કરવામાં આવી એનાથી ગુજરાતને ખૂબ મોટું નુકસાન થયું હતું. અમે કહ્યું કે ગુજરાતમાં ૨૪ લાખ કરતાં વધારે લોકો ગરીબી રેખા નીચે જીરોથી વીસ સૂચિકાંક ગુણાંક સુધી છે. પરંતુ કેંદ્ર સરકારે ફક્ત જીરોથી સોળ ગુણાંક સુધી ગણીને ૧૦.૯૩ લાખ લોકોને ગરીબો ગણ્યા અને બાકીના લોકોને ભગવાન ભરોસે છોડી દીધા. પરંતુ ગુજરાત તો એની જવાબદારી સમજતું હતું એટલા માટે ગુજરાત સરકારે સત્તરથી વીસ ગુણાંક સુધીના જે લોકો ૧૧ લાખ લોકો રહી ગયા હતા એના માટેનું અલગ આયોજન કર્યું અને એના માટે જેવી રીતે ઈન્દિરા આવાસ આપવા માટે જીરોથી સોળ ગુણાંક સુધીના માટે જે રીતે કેંદ્ર સરકારે વ્યવસ્થા કરી ૭૫/૨૫ની યોજના મોકલી અને એમાં પણ ૭૫ ટકા કેંદ્ર સરકાર આપે અને ૨૫ ટકા ગુજરાત સરકાર આપે. એમાં જે રહી ગયા હતા એના માટે સો ટકા ગુજરાત સરકારે આયોજન કરીને સરદાર પટેલ આવાસ યોજના બનાવી. કેન્દ્ર સરકારે બનાવેલી ઈન્દિરા આવાસ યોજના પણ સમજવા જેવી છે, એ હું આપને ચાલુમાં સમજાવીશ. ૨૦૦૯-૨૦૧૦ માટે ૧૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ સરદાર પટેલ આવાસ યોજના માટે અમે કરી. ઘણી વખત જમીન નથી મળતી ગામડામાં લોકોના ઘર બનાવવા માટે એટલે જમીન સંપાદન માટે ૨૧ કરોડ ૬૨ લાખ રૂપિયાની જોગવાઈ અમે આ બજૅટમાં કરી છે. સરદાર આવાસ યોજના અંતર્ગત ફળવાયેલા પ્લોટ સમતલ કરવા માટે ૧૦ લાખ રૂપિયાનું આયોજન કર્યું છે. દર વર્ષે ૨૫ હજાર કરતા વધારે આવાસ બાંધવાનું ગુજરાત સરકારનું લક્ષ્યાંક છે. સો ટકા સહાય એમાં ગુજરાત સરકાર આપે છે, સરદાર આવાસ યોજના ૧-૫-૧૯૯૭થી શરૂ કરવામાં આવી અને ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ગ્રામીણ આવાસો છે એની કિંમત દિવસે દિવસે જેમ આવાસો બનાવવાની કિંમત વધતી ગઈ એટલે એક આવાસની કિંમત ગયા વખતે ૩૬,૦૦૦ રૂપિયા હતી એની સામે અમે અત્યારે ૫૦,૫૦૦ રૂપિયાની કિંમત આ આવાસની કરી છે અને ૨૫ હજાર કરતા વધારે આવાસો બાંધવાનું લક્ષ્યાંક આ સરકારે રાખ્યું છે. આ ૫૦,૫૦૦ રૂપિયાની જે કિંમત છે એમાં સો ટકા ગુજરાત સરકાર ભોગવે છે. ઈન્દિરા આવાસ યોજનામાં જે ૫૦,૫૦૦ રૂપિયાની જે કિંમત કરી છે એમાં કેંદ્ર સરકારે જાહેર કર્યું છે કે, ઈન્દિરા આવાસની કિંમત ૩૫,૦૦૦ રૂપિયા એના ૭૫ ટકા એટલે ૨૬,૨૫૦ રૂપિયા જેટલી કિંમત આપવાની થાય છે એની સામે ૩૬,૦૦૦ રૂપિયામાં મકાન ન પૂરું કરી શકે એટલે ગુજરાત સરકારે વધારે સહાય કરીને ગરીબોને એ વખતે ૧૭,૨૫૦ રૂપિયાની કિંમત ગુજરાત સરકારે આપી ૬૦/૪૦ ના રેશિયામાં ઈન્દિરા આવાસ બને છે. તમામ ઈન્દિરા આવાસ બને છે એ ૬૦/૪૦ ના રેશિયામાં બને છે પણ કહેવા છે ૭૫/૨૫ નો રેશિયો પણ ખરેખર તો એ ૬૦/૪૦ ના રેશિયા ઉપર બની રહ્યા છે. આજસુધીમાં સરદાર આવાસો જે ગુજરાત સરકારે બનાવ્યા ૩,૧૩,૩૭૯ મકાનો આપણી સરકારે ગરીબ લોકો માટે અહીંયા બનાવ્યા છે અમારા વિભાગ દ્વારા. ગ્રામીણ આવાસન યોજના હેઠળ ગામતળ ન હોય તો એના માટે જમીન પણ અપાવીએ છીએ. સરદાર આવાસ બાંધવા માટે જે ખર્ચ થયો પાંચ વર્ષમાં તે ૪૮૨.૨૭ કરોડ રૂપિયાના સરદાર આવાસો આપણી સરકારે બાંધ્યા છે, ગામડાના ગરીબ લોકોના આવાસોની ચિંતા કરી, રસ્તાઓ, ગોકૂળ ગ્રામની યોજના દ્વારા પણ ગામડાઓનો વિકાસ કર્યો. પરંતુ જો ખરો વિકાસ ગુજરાતે કર્યો હોય ૨૦૦૫-૦૬ થી ૨૦૦૮-૦૯ સુધી તો જે બજેટ જોગવાઈ ઈ-ગ્રામ વિશ્વગ્રામની વ્યવસ્થા ગુજરાત સરકારે જે રીતે કરી છે આ યોજના માનનીય

મુખ્યમંત્રીશ્રીએ જે ગુજરાતમાં આમેજ કરી છે સમગ્ર દેશમાંથી લોકો એ જોવા આવે છે, મને કહેતાં આનંદ થાય છે કે ૨૦૦૫-૦૬ થી ૨૦૦૮ સુધી ૧૭૧.૧૩ કરોડ હતી તે ૨૦૦૯-૧૦માં આ વર્ષે પણ ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ રાખી છે. ગુજરાતના ગ્રામજનોને વિશ્વજનોની હરોળમાં લાવવા વર્તમાન ગુજરાત સરકાર કટિબધ્ધ છે, ગુજરાતના ગામડાઓનું આધુનિકરણ કરી લોકોના જીવનમાં કમ્પ્યુટર દ્વારા નૂતન પ્રભાતના અજવાળા પાથરવાનો સરકારનો ધ્યેય છે અને તે માટે રાજયની તમામ ગ્રામ પંચાયતોમાં તબક્કાવાર ૨૦૦૩-૦૪ થી ૨૦૦૮ સુધી કમ્પ્યુટર હાર્ડવેરની ફાળવણી કરી દેવામાં આવી છે. આપ સૌને મારે કહેવું છે મેં ઈ-કનેક્ટીવીટીની વાત કરી હતી ગઈ વખતે, આજે મને કહેતા આનંદ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રેરીત ઈ-ગ્રામ યોજનાનું સ્વપ્નું પૂર્ણ થવા પર જઈ રહ્યું છે. હરિપુરા ખાતે આ પ્રોજેકટ રાજયને સમર્પિત કરેલ છે. પંચાયતની વિવિધ કામગીરીને ઈન્ફરમેશન ટેકનોલોજી દ્વારા અદ્યતન સુવ્યવસ્થિત, સમયબદ્ધ, સરળ, ઝડપી, ક્ષતિરહિત, પારદર્શક બનાવવા તમામ ગ્રામ પંચાયતોને ૨૫૬ કે.બી.પી.એસ.ની ઈ-કનેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે. આમ ગુજરાત રાજય દેશમાં ગ્રામ્ય કક્ષાએ ઈ-કનેક્ટીવીટીના જોડાણ સાથે ઈ સેવાઓ આપતું પ્રથમ રાજય બન્યું છે. ગ્રામ પંચાયતો ખાતે ઈ-કનેક્ટીવીટી ઉપલબ્ધ થવાથી ઘણી સગવડો મળે છે. ગ્રામ પંચાયત ખાતે ઈન્ટરનેટ વીડીયો કોન્ફરન્સની સુવિધાઓ થઈ શકી છે મલ્ટીકાસ્ટીંગ સગવડતાથી જિલ્લા કક્ષાએ અથવા રાજય કક્ષાએથી સંબોધન કરી શકાય છે. આ સગવડથી જીવંત પ્રસારણ જિલ્લા કક્ષાએથી તથા રાજય કક્ષાએથી શકય બનશે તથા જરૂરી જાણકારી, માહિતી, તાલીમ પૂરી પાડી શકાશે. વોઈસની સગવડતાના કારણે તમામ ગ્રામ પંચાયતો એકબીજા સાથે વિનામૂલ્યે વાત કરી શકશે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત ગામડાઓને ઘરઆંગણે ઈ-સેવાઓ ઉપલબ્ધ કરાવી શહેરમાં મળતી સગવડતાઓ જેવી સગવડતાઓ ઉપલબ્ધ કરાવવાનું માન માનનીય મુખ્યમંત્રીશ્રીને પ્રાપ્ત થયું અને તેમનું સ્વપ્નું આજે સાચા અર્થમાં સાકાર થયું છે. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તારીખ ૫-૨-૨૦૦૯ના રોજ બાયસેગ સ્ટુડિઓ ખાતેથી ગ્રામપંચાયતો ખાતેના બ્રોડબેન્ડ કનેક્ટીવીટી તેમજ કે.વી. બેન્ડના માધ્યમથી સમગ્ર રાજયમાં આવેલ પ્રાથમિક શાળાના ધોરણ - ૫ ના વિદ્યાર્થીઓને તજજ્ઞ શિક્ષકો દ્વારા શહેરી બાળકો જેવી જ શિક્ષણથી સુવિધા મળી રહે તે હેતુથી સાયબર ક્લાસનો પ્રારંભ કરેલ હતો. ધોરણ - ૫ ના ૫ વિષયના ૫ સાયબર ક્લાસનો શિક્ષણ વિભાગ દ્વારા આ નેટવર્કની મદદથી આયોજન કર્યુ હતું. જેનો લાભ રાજયની તમામ ગ્રામ પંચાયતોને મળવાનો છે. આ સન્માનનીય સભાગૃહને જણાવતાં મને ગૌરવ થાય છે કે, ગુજરાતના ઈ-ગ્રામ મોડેલને દેશના અન્ય રાજયોએ પણ અનુસરવાનું શરૂ કર્યુ છે. મલ્ટીકાસ્ટીંગની સુવિધા અંતર્ગત નોક ખાતેથી માહિતી ખાતાની મદદથી રાજય સરકારના જુદા જુદા વિભાગની યોજનાઓની ગ્રામજનોને જાણકારી મળે તે હેતુથી પાવન ચેનલનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. ઈ-ગ્રામ પંચાયત દ્વારા જુન ૨૦૦૯ અંતિત વિગતો એ છે કે, આપણે ઈ-ગ્રામ વિશ્વગ્રામનું આયોજન કર્યુ એના કારણે જન્મમરણના દાખલાઓ ગામડાઓમાં ૨૦,૮૯,૦૫૫ પ્રમાણપત્રો આપી શકાયા છે ચારિત્રના દાખલા ૯,૯૧,૨૩૧ પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા છે. ટેકસ કલેકશનના ૨,૬૨,૯૫૨ પ્રમાણપત્રો આપ્યા છે. અન્ય વિભાગના પ્રમાણપત્રો ૬,૬૩,૯૨૬ ઈસ્યુ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, રહેઠાંણનું પ્રમાણપત્ર વગેરેને સરકારી વિવિધ યોજનાઓમાં ફૉર્મ્સ, અરજી પત્રકોની ઉપલબ્ધતા કરી ગ્રામ્ય કક્ષાએ ૭/૧૨ અને ૮-અના જૂન-૦૯ અંતિત કુલ ૧૦ લાખ ૩૩૨૮૩ પ્રમાણપત્રો ઈશ્યુ કરવામાં આવ્યા છે. એ જ રીતે ઈ-ગ્રામ પંચાયત ખાતે વીજળી બિલ કલેકશનની કામગીરી અમે શરૂ કરી છે. જે અંતર્ગત ૭૫૨ ગ્રામ પંચાયતો તે ખાતેથી વીજ બિલ કલેકશનની કામગીરી શરૂ થઈ છે. વીજ બિલ કલેકશન ગામમાં કરવાના લીધે જે વી.સી.ઈ.છે તેને પાંચ રૂપિયા મળે છે તેમાંથી એક રૂપિયો તે ગ્રામ પંચાયતને આપે છે અને એન્ટરપ્રિનિયરને ચાર રૂપિયા મળે છે. બી-૨-સી સર્વિસમાં સાયબર સેવાઓ, ખાલી મોબાઈલ સંસ્થાઓના રિચાર્જ, ડી.ટી.પી. વર્કસ, ઝેરોક્ષ, રેલવે ટિકિટ, રિઝર્વેશન, વિડિયો કોન્ફરન્સ, શૈક્ષણિક તાલીમ વિગેરે જેવી સેવાઓ ગ્રામજનોને પૂરી પાડવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા ઈન્ટરનેટ કનેકટીવીટીની મદદથી ગ્રામજનોને ગ્રામ પંચાયત કક્ષાએથી તેની સેવાઓ મળશે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા એન.આર.ઈ.જી.એસ. બી.પી.એલ.યાદીની ઉપલબ્ધિ થશે. એન.આર.ઈ.જી.એસ. યોજનાની ડેટા એન્ટ્રીની અને મોનીટરીંગની કામગીરી કરી શકાશે. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના રિઝલ્ટ મેરિટ યાદી, વિદેશ અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકાશે. રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા આગામી સમયમાં ઈન્ટરનેટ કનેકટીવીટીની મદદથી ગ્રામજનોને ગ્રામ પંચાયત કક્ષાએથી સેવા મળી શકશે અમારી કલ્પના છે. ગૃહ વિભાગ દ્વારા પોલીસ ફરિયાદની ઓન લાઈન નોંધણી, નવા પાસપોર્ટની સ્થિતિ, આરોગ્ય વિભાગ દ્વારા ટેલી મેડીસીન સર્વિસ, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બેરોજગારોની નોંધણી અને તેનું મોનીટરીંગ, કાયદા વિભાગ દ્વારા ચાલતા વિવિધ કોર્ટોમાં ચાલતા કેસોની વિગતોની માહિતી, વાહન-વ્યવહાર વિભાગ દ્વારા વાહનોની નોંધણીની માહિતી. તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોના ઈ-મેઈલ આઈ.ડી તેમજ ગ્રૂપ ઈ-મેઈલ આઈ.ડી. તૈયાર કરવામાં આવેલા છે. સચિવાલય કક્ષાએથી એક જ કલીક કરવાથી તમામ ગ્રામ પંચાયતોને સીધો ઈ-મેઈલ મોકલી શકાશે. મને કહેતાં આનંદ થાય છે કે ઈ-ગ્રામ પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય કક્ષાના ત્રણ એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યાં છે. સ્કોચ ચેલેન્જર એવોર્ડ ૨૦૦૮માં મળ્યો, CAPAM Certificate for Achievement ૨૦૦૮

કૉમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા રાષ્ટ્રીય કક્ષાના આઉટ સ્ટેન્ડીંગ પ્રોજૅકટ તરીકે બેસ્ટ ઈ-ગવર્નર્સ પ્રોજેકટ ૨૦૦૮, ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના Close User Group દુનિયામાં પ્રથમ ઈન્ટરનેટ કનેકટીવીટી અંતર્ગત એશિયાનું સૌથી મોટું VSAT નેટવર્ક આપણી પાસે છે. ગ્રામ પંચાયતો પાસે કૉમ્પ્યુટર સાધન સામગ્રી અને ઈન્ટરનેટ કનેકટીવીટીના ઈન્સ્ટોલેશનમાં ગુજરાત એ દેશમાં પ્રથમ એક માત્ર રાજય છે. ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ્ય યોજના ગ્રામ અને શહેરી વિસ્તારો વચ્ચે રહેલી અવકાશની પૂર્તિ કરવા માટે ગુજરાતને એક ડગલું આગળ ધપાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પંચાયતની બીજી જવાબદારીઓની વાત કરવી છે. પંચાયત ઘર બાંધવામાં આવે છે આમ તો ૧૩૬૯૩ ગ્રામ પંચાયતો છે. તેના તમામ ગ્રામ પંચાયતોને સો ટકા બાંધી દીધા છે. પરંતુ ગુજરાત રાજયની રચના થયા વખતે પંચાયતોની જે ઑફિસો ઉભી કરવામાં આવી હતી એવા જર્જરિત ઘણાં મકાનો છે. ૧૬૩૯ જર્જરિત પંચાયતોને નવા પંચાયત ઘરની વ્યવસ્થા અમારે કરવાની છે. પંચાયત ઘર માટે તબક્કાવાર અમે ખૂબ જલદી આ કામ પૂર્ણ કરવા માગીએ છીએ. પહેલાં ૨.૪૦ લાખની પંચાયત ઘરની કિંમત હતી આજે અમે ૩ લાખ ૩૨ હજારનો રિવાઈઝ એસ્ટીમેટ કર્યો છે. ૩ લાખ ૬૫ હજાર ધરતીકંપનો જ્યાં આગળ વિસ્તાર હોય ત્યાં તેની કિંમત વધારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત રાજયમાં બારમા નાણાં પંચની, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારમાંથી આપણને અને દરેક રાજયને મળે છે એવી આપણને ગ્રાન્ટ મળે છે. પાંચ વર્ષ માટે ૯૩૧ કરોડની સહાય મળી, ૭૪૪ કરોડની ગ્રાન્ટ આપણને મળી એ અમારા પંચાયત દ્વારા વાપરવામાં આવે છે. ૭૧૦૩૫ કામોનું આયોજન કરવામાં આવ્યું છે અને ૩૧-૩-૦૯ સુધીમાં ૪૬૯ કરોડની સામે ૪૪૮૯૮ કામો ગામડાંઓમાં પૂર્ણ કરવામાં આવ્યાં છે. :જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા ખર્ચ નકકી કરતાં સિધ્ધાંતો છે. ૪૦ ટકા જિલ્લા પંચાયત, ૩૦ ટકા તાલુકા પંચાયત અને ૩૦ ટકા ગ્રામ પંચાયત વાપરે છે. આ પ્રમાણે દર વર્ષે અને આ વર્ષે આપણને ૧૮૬.૨૦ કરોડ રૂપિયા ગ્રાન્ટ મળી છે અને એને આપણે ગામડાંના વિકાસમાં વાપરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અગત્યનું એ છે કે ગામડાંને કેવી રીતે આગળ લાવવાં? એક તો ગામડાંમાં શું જરૂરિયાત છે, ગામડાંની સેન્ટીમેન્ટ શું છે, ગામડાંની લાગણી શું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અહીંયાં જયારે જવાબદારી લીધી ત્યારે ગામડાને તીર્થગ્રામ બનાવવું છે, દરેક ધાર્મિક સ્થળની જેમ કિંમત છે એમ ગામડાને તીર્થ ગ્રામ બનાવવાની વ્યવસ્થા ગોઠવી છે અને પાવન ગામ બનાવાય એના માટે એવું સેટ અપ આપ્યું અને તેમણે કહયું કે જે ગામમાં છેલ્લા ૩ વર્ષમાં કોઈપણ ગુનો ના નોંધાયો હોય તો એવા ગામને પાવન ગામ કહેવાય અને એવું પાવન ગામ હોય તો એને ૫૦ હજાર રૂપિયાનું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. જે ગામ તીર્થગામ હોય ત્યાં ૫ વર્ષસુધી કોઈ ગુનો ના નોંધાયો હોય કે પોલીસ કેસ ના થયો હોય તો એ ગામને પણ તીર્થગામ ગણીને ૧ લાખ રૂપિયાનું ઈનામ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે આપવામાં આવે છે અને એમાં ખાસ ધ્યાન એ રાખવામાં આવે છે કે સ્વચ્છતાનું ધોરણ જોવામાં આવે છે, કન્યા કેળવણીનો ઉંચો દર હોય, ડ્રોપ આઉટ દર નીચો હોય, માદક દ્રવ્યો કે કેફી દ્રવ્યોનું ઉત્પાદન કે વેચાણ કે સેવન ના થતું હોય, જે ગામમાં સામાજીક સદ્ભાવનાનો વિકાસ હોય એવાં ગામડાંને તીર્થગ્રામ કહેવાય છે. આ કાંઈ લાગવગથી કરવામાં આવતું નથી અહીંયાં ખૂબ સારી રીતે તીર્થગ્રામ અને પાવન ગામ ઉભાં થાય છે..

માનનીય અધ્યક્ષશ્રી, પંચવટી યોજનાની વાત કરું તો ગામડામાં બાગ જોઈએ. આવી કલ્પના કરી. અમમને તો ગામડાં ખાડાખૈયાવાળાં અને કાદવકીચડવાળાં મળ્યાં હતાં અને એમાં આ પંચવટી યોજનાની કલ્પના. તો આ પંચવટીની યોજનામાં દરેક ગામમાં બગીચો જોઈએ, વૃધ્ધ લોકોને બાગમાં બેસવા મળે,મહિલાઓને ફરવા જવા મળે, ગામડાંના બાળકોને રમવા મળે. તો આ પંચવટી યોજનાની કલ્પના કરી અને ૨૦૦૯-૧૦ માં આના માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ૨૦૦૪-૦૫ થી આ પંચવટી યોજનાની કામગીરી શરૂ કરી અને આજે મને કહેતાં આનંદ થાય છે કે જોતજોતામાં ૫ વર્ષમાં ૨૮૧૯ ગામોમાં આ પંચવટી યોજના પૂરી કરી છે એમાં ૧ લાખ રૂપિયા સરકાર આપે છે અને ૫૦ હજાર રૂપિયાનો લોકફાળો હોય છે. આ યોજના જન ભાગીદારીથી ઉભી કરીને કામગીરી હાથ ધરેલ છે. એ પ્રમાણે અમારી એક વધારાની જવાબદારી છે ઈ.વી.એમ.મશીનો લાવવાની એના માટે ૮ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં રાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાત એ મોટી જવાબદારી અમારા માથે છે અને મને કહેતાં આનંદ થાય છે કે ૮૦ કરોડ રૂપિયાનું સન ૨૦૦૯-૧૦ ના બજેટમાં પ્રોવિઝન રાખ્યું છે. ૨૦૦૭ થી અમલ કર્યો છે. શુધ્ધ હવા, શુધ્ધ પાણી અને શુધ્ધ જમીનને અગ્રતા. ગામડાંને સ્વચ્છ અને નિર્મળ બનાવવા માટે ગટર વ્યવસ્થા શરૂ કરવી, સાધનો પૂરાં પાડવાં, ઉકરડા દૂર કરવા, ગામડાંમાં સફાઈવેરો દાખલ કરવો, એ.પી.એલ. શૌચાલય બનાવવાં આ બધા મુખ્ય ઉદ્દેશ છે. મને કહેતાં આનંદ થાય છે કે સફાઈળવેરાનો ૨૦૦૭-૦૮ થી અમલ કરીને એક ઈન્સેન્ટિવ આપવામાં આવ્યો કે જેટલો સફાઈવેરો ગામડામાં એકઠો થાય એટલા જ રૂપિયાનું અનુદાન આપવામાં આવશે. આ રીતે ૨ કરોડ રૂપિયાનો સફાળવેરો એકઠો કર્યો તો ૨ કરોડ રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું.

૨૦૦૮-૦૯ માં ૧૦ કરોડ રૂપિયાનો સફાઈવેરો એકઠો કર્યો તો એની સામે ૧૦ કરોડ રૂપિયાનું અનુદાન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમરસ ગામ યોજનામાં અમારા મુખ્યમંત્રીશ્રીની કલ્પના હતી કે ગામડામાં લોકો લડવા ના જોઈએ, ઘણા લોકો એમ ઈચ્છે છે કે લોકો રોજ લડે તો એમાંથી મતોના બે ભાગ પડે અને એટલા માટે જ આ સમરસ યોજના દાખલ કરી અને આ યોજના જયારે દાખલ કરી ત્યારે એમ કહેતા હતા કે આ તો લોકશાહીનું ખૂન છે. આવી વ્યાખ્યા કરનાર લોકો આજે સામે બેઠા નથી, નહીંતર એમને અમારે સમાચાર આપવાનું સરળ પડત, પરંતુ આ સમરસ ગામ યોજનામાં ગામમાં કોઈ વાદ વિવાદ નહીં, સમાજની ભાવનાને ઉજાગર અને એ રીતે આ સમરસ ગામ પંચાયત યોજના કરવી એ અઘરું કામ છે, સમરસ ગ્રામ પંચાયત એ અઘ ારો વિષય છે, પરંતુ ગામડાંના લોકો સંપીને રહે છે અને આના લીધે એ લોકો પંચાયતને સમરસ કરે છે. જે ગ્રામ પંચાયત સમરસ થાય એને ૫ હજારની વસતિ સુધી ૧ લાખ રૂપિયનું અનુદાન આપવામાં આવે છે અને બીજી વખત પણ સમરસ કરે તો એમાં ૨૫ ટકાનો વધારો આપવામાં આવે છે. હવે તો મહિલા ગ્રામ પંચાયતોને પણ આપણે ઈન્સેન્ટિવ આપીએ છીએ. ગામડામાં મહિલા ગ્રામ પંચાયતને જો સમરસ કરવામાં આવે તો જે ૧ લાખ રૂપિયાનું અનુદાન અપાય છે. એના બદલે મહિલા ગ્રામ પંચાયતે ૨ લાખ રૂપિયા મળે છે.સવા લાખ મળતા હોય તો અઢી લાખ મળે છે અને દોઢ લાખ મળતા હોય તો ૩ લાખ આપવામાં આવે છે. આ પ્રમાણે મહિલા ગ્રામ પંચાયતને પણ અમે ઈન્સેન્ટીવ આપીને એન્કરેજ આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : આપ કહો છો તે મહિલા ગ્રામ પંચાયતને આપો છો ને ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મહિલા ગ્રામ પંચાયત પણ તે સમરસ હોવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ૩ વર્ષમાં ૨૭૩૧૧ જેટલી ગ્રામ પંચાયતની તબકકાવાર થઈ છે. એમાંથી ૭૭૯૩ ગ્રામ પંચાયત સમરસ ગ્રામ પંચાયત થઈ છે. ૬૬.૬૯ કરોડ રૂપિયાનું અનુદાન અમે ચૂકવ્યું છે. અને મને કહેતા આનંદ થાય છે કે લગભગ ૨૮.૫૩ ટકા પંચાયતો સમરસ બની છે અને ઉત્સાહમાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજો વિચાર માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ચિંતનનું ગુજરાત, તેના માટે ગ્રામ્ય મિત્ર, પુરક, ખુટતી કડીઓને ફીટ કરવા માટે પાંચ ગ્રામ મિત્રની રચના, ગ્રામ મિત્ર કૃષિ, ગ્રામ મિત્ર શિક્ષણ, ગ્રામ મિત્ર આરોગ્ય, ગ્રામ મિત્ર વિકાસ, ગ્રામ મિત્ર જન કલ્યાણ, ગામડાંનો યુવક કે ગામડાંની યુવતિ પોતાના ગામમમાં રહીને પોતે તેનું સ્ટેટસ બનાવે અને એક હજાર રૂપિયા તેને માનદ વેતન આપવામાં આવે છે. અને તેના માટે પણ ૬૮.૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં રાખેલ છે. ઘણા મિત્રો કહેતા હતા કે ગ્રામ મિત્રની નિમણૂક કરજો, મને આનંદ થાય છે કે કમસેકમ આપના દ્વારા સૂચનો આવ્યા છે, આ કર્યા પછી પણ માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંના પ્રશ્નો પહેલાના વખતમાં પંચાયતો દ્વારા ઉકેલવામાં આવતા હતા. હવે ગ્રામ સચિવાલયની કલ્પના પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી છે. ગામડાંના જે શિક્ષીત લોકો હોય, તેનું એક બોડી બનાવવાનું છે, એમાં સરપંચ હોય, એમાં આચાર્ય હોય, એની અંદર ચૂંટાયેલા ગ્રામ્ય મિત્રો હોય, તલાટી હોય એ પ્રમાણેની બોડીનું આખરીકરણ કરવાનું હજુ બાકી છે, પણ ગ્રામ સચિવાલયની રચના કરવાની છે, અને આ વર્ષે તેના માટે પણ દસ કરોડ રૂપિયાની જોગવાઈ અમે રાખેલી છે. અને તેનું આયોજન અમે ચર્ચા કરીને કરવાના છીએ. તેનાથી આગળ કહું તો રરબન માથાદીઠ સુવિધા જે આપવાની છે, એક વિચાર, સતત ચાલતો વિચાર પંચાયતોના ડેવલપમેન્ટ માટેનો, નગરપાલિકા હોય તેને અલગ રીતે ઈનીસીએટીવ મળે છે. એના માટે અલગ બજેટ આવે છે. પણ નગરપાલિકાની નજીકનું જે ગામ છે જેની વસતિ દસ હજાર કરતા વધારે છે. ૧૫ હજારની વસતિ હોય તો નગરપાલિકા બને છે. પણ તેનાથી ઓછી વસતિ વાળા ગામો છે તે રહી જાય છે અને ગામડાં જ રહે છે. અને તેને એટલા બધા ઈનીસીએટીવ નથી મળતા , તેવા સંજોગોમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિચાર કર્યો કે આવા ગામડાં એ લગભગ નગરપાલિકા છે, તેના માટે પણ આયોજન કરવું જોઈએ. મને કહેતાં આનંદ થાય છે કે રરબન ઈન્ફ્રાસ્ટ્રકચર અને તેની વ્યવસ્થા કરવાની છે, રરબન જેની વ્યાખ્યામાં દસ હજાર કરતાં વધારે વસતિ માટેના ગામો હોય, અને આદિવાસી વિસ્તારમાં ૭ હજાર કરતા વધારે વસતિ વાળા મોટા ગામ હોય તેવા ગામોને અમે રરબન ઈન્ફ્રાસ્ટ્રકચરમાં લીધા છે અને તેના માટે ૧૧૫ કરોડ રૂપિયાનું બજેટ આયોજન કરવામાં આવેલ છે. અરબનને શહેરી વિકાસમાં જેવા કામો થાય છે તેવા કામો કરવાના છે. ગામડાંનો વિકાસન શહેર કક્ષાનો કરવાનો છે, રસ્તાઓ કરવાના છે, ગટર વ્યવસ્થા કરવાની છે, પહેલા તબકકામાં અમે ગટરની વ્યવસ્થા કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેનું હું મારા પંચાયત વિભાગનું બજેટ લઈને આવ્યો છું અને મારો બીજો વિભાગ જે છે ગ્રામ વિકાસ તેનું બજેટ હું આપની સામે રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપની પાસે દસ મિનિટ છે. ૪૫ મિનિટ આપે માગી હતી તેના બદલે ૫૦ થશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે ગામડાંનો વિકાસ પંચાયતો દ્વારા કરવાનો વિચાર કર્યો છે. ગામડાંમાં રહેતા ગરીબો, મધ્યમવર્ગ, આદિજાતિ અને અનુસૂચિત જાતિના જીવન નિર્વાહનો પણ વિચાર કરવો પડે, ગામડાંમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવું એ એક બાબત છે, જયારે ગ્રામ્ય પ્રજાને રોજી રોટી આપવી તે બીજી બાબત છે. ગ્રામ વિકાસનું અમારું બજૅટ ગરીબ સંજોગો સામે ટક્કર આપવાનું સહાય

કરતું સાધન બને છે. ગ્રામ વિકાસની જવાબદારી મારી પાસે છે. એના માટે ૨૦૦૭-૦૮માં ૩૬૯.૫૨ કરોડનું બજેટ હતું. ૨૦૦૮-૦૯માં ૫૫૬.૫૬ કરોડનું બજેટ હતું જે વધીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ૨૦૦૯-૧૦માં ૬૯૩.૫૬ કરોડ રૂપિયાની રકમ આપી છે. આ રીતે ૨૪.૬૨ ટકાનો વધારો આ વરસે અમારા ગ્રામ વિકાસના બજેટમાં આપ્યો છે.

હું એની ત્રણ ભાગમાં જાહેરાત કરું છું. ૮૭.૬૩ કરોડ સ્પેશ્યલ કમ્પોનન્ટ પ્લાન માટે, ૧૬૩.૫૫ કરોડ આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે, ૪૩૨.૩૭ કરોડ નૉર્મલ પ્લાન હેઠળ સૂચવવામાં આવ્યા છે. સૌથી સારી યોજના ગુજરાતમાં નારેગા યોજના તરીકે ઓળખાય છે આમ તો એ ૯૦:૧૦, અને ૭૫:૨૫ ના કેન્દ્ર સરકારની યોજના છે એ પ્રમાણે આપે છે. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ જોતા શરૂઆતમાં છ જિલ્લા આપ્યા ત્યારે એને ગીઅર અપ કરતાં ટાઇમ ગયો અને બીજા વરસે ૨૦૦૬માં ત્રણ જિલ્લા આપ્યા અને ૧-૪-૨૦૦૮થી સમગ્ર રાજયમાં આ યોજના દાખલ કરી છે. ૨૦૦૯-૧૦માં ૮૧ કરોડની જોગવાઈ કરી છે. ૮૧ કરોડની જોગવાઈ એટલે ૯૦ ટકા આપણે લેવાના બાકી છે. ૨૦૦૯-૧૦ દરમિયાન ૬૫૦ કરોડના કામો ઉપલબ્ધ કરાવવાનું આયોજન કર્યુ છે. આપણી પાસે એટલા માર્જીનલ મની રાખેલા છે એમાં ૮૧ કરોડનું બજેટ રાખ્યું છે. આપણે ૬૫૦ કરોડના કામો તાત્કાલિક કરી શકીએ તેવી સ્થિતિમાં છીએ. યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ વિસ્તારમાં રોજગારીની માગણી આવે કે અમારે કામ જોઈએ છીએ એને કામ આપવા માટે ગુજરાત સરકાર તૈયાર છે. ૮-૪-૨૬થી અમલમાં આવેલ આ યોજનામાં લઘુતમ વેતન દર ૧૦૦ રૂપિયા છે. મારે કહેવું છે કે ૨૦૦૮-૦૯ની અંદર આ પ્રવૃત્તિને ગીયરઅપ કરી અને કહી શકાય કે જોબ કાર્ડ આપ્યા ૨૮,૭૭,૭૯૨ લોકોને. જોબકાર્ડ આપ્યા ૮,૫૦૬૯૧ કુટુંબોની રોજગારની માગણી થતાં અમે આપ્યા. ૨૧૩ માનવ દિન રોજગારી પૂરી પાડી. ૨૦૦૮-૦૯ દરમિયાન આ યોજના હેઠળ ઉપલબ્ધ ભંડોળ ૨૮૨ કરોડ હતું જેમાં ૧૯૬.૧૫ કરોડનો ખર્ચ કર્યો છે. કુલ ૩૨૫૬૧ કામો પૂર્ણ કર્યા છે. જળ સંચયના ૧૭૪૧૫ કામ કર્યા, દુષ્કાળ પ્રતિરોધક કામો ૬૩૨૮ કામો પૂર્ણ કર્યા. માઈક્રો અને માઈનોર સિંચાઇના ૮૬ કામો પૂર્ણ કર્યા, અનુસૂચિત જાતિ જન જાતિ અથવા જમીન સુધારણાના લાભાર્થીઓ અને ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા ધારણ કરેલ જમીન પર સિંચાઇની સવલતો પૂરી પાડવા ૧૮૮૪ કામો કર્યા. કાંસ, વાવ, તળાવ, વોકળા, કૂવા એવા ૧૫૧૩૪ કામો, જમીન વિકાસના ૨૨૧૬૧ કામો, ડ્રેનેજ સહિતના ૧૬૬૬૧, ગ્રામ જોડાણના રસ્તાઓના ૩૦૫૦૫ કામોનું આયોજન અમે આ વરસે તૈયાર રાખ્યું છે. ૧,૮૫,૧૬૩ કામોનું આયોજન ત્રણ કરોડ કરતાં વધુ માનવ દિન ઉત્પન્ન કરવાની આ વરસે અમારા આ વિભાગની કલ્પના છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે હાઉસમાં એક ધ્યાન વધારાનું દોરવું છે અને તમામ માનનીય મંત્રીશ્રીઓ જ્યારે હાજર છે ત્યારે થોડી જવાબદારી તેમના માથે પણ છે ત્યારે આપના દ્વારા થોડા સૂચન કરું છું. આ યોજના હેઠળ ઘણાં વિભાગો એવા છે કે જેમાં નારેગા યોજનાનો લાભ લઈ શકાય. મને બધાં જ મંત્રીઓની સાથે સરકારમાં બેઠક કરીને વન અને પર્યાવરણ વિભાગના ૧૩,૫૨૪ કામો કરવાની એમણે સંમતિ આપી છે. નર્મદા અને જળ સંપત્તિ વિભાગના ૨૪,૬૯૯ કામો હાથ ધરવા માટેની સંમતિ આપી છે.

માર્ગ અને મકાન વિભાગે ૮,૬૪૬ કામો નારેગા દ્વારા કરવાની સંમતિ આપી છે. સરદાર સરોવર નિગમ મારફતે ૧,૩૪૮ કામોની મંજૂરી આપી છે. આ કામોને ઘનિષ્ઠ મોનીટરીંગ અને સંકલન થઈ શકે તે હેતુથી લાઈન ડિપાર્ટમૅન્ટ માટે નોડલ ઑફિસરની નિમણૂંક થઈ છે. જિલ્લા કક્ષાએ કલેકટરો આનું મોનીટરીંગ કરે છે. આપણને આનું ફંડ અવેલેબલ છે. આમ તો આપણી જે ઝડપ છે એ પ્રમાણે કેન્દ્ર સરકારમાંથી આપણને પૂરક ફંડ મળે છે કે કેમ, ઘણાં એવા કડવા અનુભવ થાય છે કે આપણને ફંડ મળતું નથી અને ઘણી વખત મુશ્કેલી થાય છે. ગુજરાત સરકાર કોઈ પણ રીતે કામ કરનાર જોબ હોલ્ડર્સને અમે પેમેન્ટ કરીએ છીએ અને મુશ્કેલીઓનો ઉકેલ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં ૮૧.૮૩ કરોડનો ખર્ચ કરેલો. ૨૦૦૮-૦૯માં ૧૯૬. ૧૫ કરોડનો ખર્ચ કરેલો. ૨૦૦૯-૧૦માં આ સાલે ૯૬.૮૯ કરોડનો ખર્ચ ત્રણ મહિનામાં કરવામાં આવેલો છે એ આપની જાણ માટે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈંદિરા આવાસ યોજના એક એવી યોજના છે કે જેના દ્વારા આપણે ગરીબો માટે આવાસો બનાવીએ છીએ. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૬૦/૪૦ની યોજના થાય છે. કહેવામાં ૭૫/૨૫ની આ યોજના છે. આના માટે આપણું રાજયના બજેટમાં ૨૭૯.૧૩ કરોડની જોગવાઈ આપણે રાખી છે. ઈંદિરા આવાસ યોજનામાં કુટુંબની મહિલા સભ્યના નામે જ આવાસની ફાળવણી કરવામાં આવે છે. આ સાલે અંદાજે ૧,૮૨,૪૨૯ જેટલા બી.પી.એલ. કુટુંબોને આવાસ માટે સહાય આપવાનું આયોજન છે. આ બધા હપતા જે ચૂકવાય છે, પહેલાં તેમાં ઘણી ગેરરીતિઓ થતી હતી. હવે બેંકના ખાતામાં લાભાર્થીને ત્યાં સીધે સીધા હપતા જાય છે. હમણાં આપણે કિંમત ૩૬,૦૦૦માંથી..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે પાંચ મિનિટ છે હજુ.

**નરોત્તમભાઈ પટેલ** : પાંચેક મિનિટ હજુ વધારે આપો. માહિતી પછી આપવાનો બીજો ટાઈમ છે નહીં.

**અધ્યક્ષશ્રી** : જે આપે માગી હતી એ બધી આપી છે.

**નરોત્તમભાઈ પટેલ** : આપની અનુમતિ મળશે તો આગળ બોલીશ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે પહેલાં ઈંદિરા આવાસમાં જે ૩૬,૦૦૦ની કિંમત હતી તેના બદલે ૫૦,૫૦૦ ની કિંમત થઈ છે. તેની ચૂકવણી પહેલા ૨,૫૦૦ રૂપિયા એડવાન્સ હપતો આપવામાં આવતો હતો. મિત્રો, ઈંદિરા આવાસ માટે તમે સેવા કરો છો. પહેલા એડવાન્સ હપતો જે ૨,૫૦૦ રૂપિયાનો આપવાનો આવતો હતો તેના બદલે ૫,૦૦૦ રુપિયાનો પહેલો હપતો આપવામાં આવશે. આ જાહેરાત હું હાઉસમાંથી કરું છું. પ્રથમ હપતો ૧૨,૫૦૦નો હતો તેને ૧૬,૦૦૦ રૂપિયાનો આપવામાં આવશે. બીજો હપતો ૧૦,૦૦૦ રૂપિયાનો આપવામાં આવતો હતો તે ૧૪,૦૦૦ રૂપિયાનો આપવામાં આવશે. છેલ્લો હપતો ૧૧,૦૦૦નો હતો, છેલ્લો હપતો ઘટાડીને ૮,૫૦૦નો કર્યો છે. એમ ૩૬,૦૦૦ના બદલે ૪૩,૫૦૦ની આ રકમ આપવામાં આવે છે. ૭,૦૦૦ રૂપિયા જે છે એનું પોતે કામ કરવાનું હોય છે. જન ભાગીદારીમાં.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીનો એક સંકલ્પ છે. સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦માં ગરીબી રેખા નીચે જીવતા પ્રત્યેક કુટુંબને પાકું મકાન આપવું છે. અનુસૂચિત જાતિના મિત્રો, ઘણી વખત અમારા મિત્રો અહીં ચિંતા કરે છે કે આ બી.પી.એલ.માં અનુસૂચિત જાતિના લોકોને લાભ મળે છે કે કેમ? અનુસૂચિત જાતિના લાભાર્થીઓમાં ૧૩,૭૭૨ મકાનો આપણે બાંધ્યા છે અને અનુસૂચિત જનજાતિના ૪૩,૭૬૧ મકાનો મળી કુલ ૫૭,૫૩૩ આવાસો આપણે બનાવ્યા છે. કુલ ૧,૮૨,૪૨૯ લાભાર્થીઓને અમે આ સાલે આવાસોની સહાય પૂરી પાડવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન બાબતમાં આપને થોડી વાત કરવી છે. ૨૦૦૯-૧૦ દરમ્યાન નિર્મળ ગુજરાતના રૂા. ૬૦ કરોડની રાજ બજૅટમાં જોગવાઈ. નિર્મળ ગુજરાત હેઠળ એ.પી.એલ. કુટુંબોને શૌચાલયો માટે ૨૧ કરોડની જોગવાઈ રાખી છે. રાજયના દરેક જિલ્લા દીઠ એક સામુહિક ગોબર ગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે. અને દસ કરોડની નવી બાબત આ વખતે મૂકી છે. વર્ષ ૨૦૦૯-૧૦માં વ્યકિતગત શૌચાલયોમાં બી.પી.એલ.ના કુટુંબો માટે ૬.૨૮ લાખ શૌચાલયોનું અમે આયોજન કર્યું છે. ૨૦૦૯-૧૦માં એ.પી.એલ.ના ૫.૧૬ લાખ શૌચાલયો બાંધવાનું આયોજન છે. ૨૦૦૯-૧૦ની સાલમાં ૧૩૫૦ આંગણવાડીઓ અને બાલવાડીઓ માટે ૩૫૦૦ શૌચાલય સંકુલ બાંધવાનું આયોજન છે. ચાલુ વર્ષે ભારત સરકાર દ્વારા અપાતા નિર્મળ ગામ પુરસ્કારમાં ૧૦૩૦ ગામોને નિર્મળ ગામ માટે કેન્દ્ર સરકારમાં મોકલ્યા છે. ૨૦૦૪-૦૫માં એક નિર્મળ ગામ હતું, ૨૦૦૫-૦૬માં ૫ ગામ હતા, ૨૦૦૬-૦૭માં ૫૭૬ ગામ હતા, ૨૦૦૭-૦૮માં ૭૩૯ નિર્મળ ગામ માટે મોકલ્યું છે. રાજય સરકારના ફાળા પેટે ૬૧.૩૦ કરોડનો ખર્ચ, બી.પી.એલ.ના પરીવારો માટે ૧૪૩૮૩૫૨ અને એ.પી.એલ.ના પરિવારો માટે ૧૫૪૪૯૦૫ શૌચાલયો બાંધવામાં આવ્યા છે. (પાટલીઓ થપથપાવાનો અવાજ)

**અધ્યક્ષશ્રી** : શા માટે? એમણે કોઈ જાહેરાત જ નથી કરી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે હું મારું બજૅટ લઈને આવ્યો છું. એ સન્માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ બજૅટને મંજૂર રાખે. આભાર.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : ગ્રામ પંચાયત વિસ્તારમાં ગામ તળના પ્લૉટ હોય તેની હરાજી કરવામાં આવે છે. આ હરાજીની રકમ ટીડીઓ પીએલએમાં જમા કરવામાં આવે છે. એ પછી રાજય સરકારમાં જમા કરવામાં આવે છે. આ રકમ રાજય સરકાર પાસેથી ગ્રામ પંચાયતને આ પૈસા પાછા લેવામાં વર્ષોના વર્ષો નીકળી જાય છે. આ પદ્ધતિમાં ફેરફાર કરી જે તે વર્ષમાં ગ્રામ પંચાયતને મળી જાય તેવું આયોજન સરકાર કરવા માગે છે કે કેમ? (અંતરાય) એના અનુદાનની રકમની વાત છે. એ જે તે વર્ષમાં મળી જાય તેવું આયોજન થાય તો સારું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એવો કોઈ કેસ હોય તો ચોક્કસ ધ્યાન દોરજો.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે અને પંચાયતી રાજ આખા દેશમાં આપણું સર્વોપરી છે. પણ એમાં ક્યાંક ક્ષતિ હોય તો આપણને ઠીક લાગે નહીં અને હું તો પંચાયતી રાજનો માણસ છું અને મને તો ગમે જ નહીં. અહીં સ્થિતિ એવી છે કે, ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે અને એની જિલ્લા પંચાયત છે એ ચાર અલગ અલગ જગ્યાએ બેસતી હોય, એક જગ્યાએ બેસી ન શકે એટલું નાનું મકાન હોય તો આપ અહીંયાં ગાંધીનગરમાં નવી જિલ્લા પંચાયતનું મકાન બનાવવા માગો છો કે કેમ? સીધી વાત છે મારી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે, આના માટે અમે નિર્ણય કર્યો છે. માનનીય નાણા મંત્રીશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને હું અને અધિકારીઓએ બેસીને એ નિર્ણય કર્યો છે કે, અહીંયાં ગાંધીનગરમાં જિલ્લા પંચાયતનું નવું મકાન થાય અને એના માટે જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે, જે ગામડાઓમાં ગ્રૃપ ગ્રામ પંચાયત છે, એ ગ્રૃપ પંચાયતના નાના ગામો છે એમને ફાળો કે ગ્રાન્ટ મળતી નથી અને અલગ ગ્રામ પંચાયત થઈ શકે એવી દરખાસ્તો પણ સરકાર પાસે પડતર છે. તો અલગ ગ્રામ પંચાયત કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ એક નીતિ બનાવેલ છે. ગ્રૃપ ગ્રામ પંચાયત છે એમાંથી જે ગામડા છૂટા પડવા માગતા હોય, એમની ૧૦૦૦ની વસ્તી હોય, આવક રૂ.૧૦ પર કેપીટા હોય, બે કી.મી. બે ગ્રામ પંચાયતો વચ્ચે અંતર હોય તો છૂટા પડી શકે છે. પરંતુ આંતરિક નાના-મોટા ડિસ્પુટના કારણે આ નિર્ણય કરી શકતા નથી. જરૂર લાગશે તો નીતિમાં ફેરફાર કરવાનું જોઈશું.

**માગણી ક્રમાંક-૯૨, ૯૩, ૯૫, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૨મી જૂલાઇ ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૨મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૩૧, ૧૯૩૧**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષ શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

*** ૧૦૭૨૫ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનાજ/કેરોસીનના વિતરણ અંગે પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો સામે કેટલી ફરિયાદો મળી,
(૨) આ પૈકી કેટલા ભંડારોની તપાસણી કરવામાં આવી, અને
(૩) ઉકત ગેરરીતિ બદલ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૩૧.
(૨) ૪૦.
(૩) જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| | |
|---|---|
| (૧) | રૂા. ૪૭૨૩૬/- ની કિંમતનો જથ્થો કબજે કરવામાં આવ્યો. |
| (૨) | રૂા. ૨૩,૩૪૭નો જથ્થો રાજયસાત કરવામાં આવ્યો. |
| (૩) | રૂા.૨૭,૦૦૦/- પરવાના અનામત રાજયસાત કરવામાં આવી. |
| (૪) | રૂા.૧૧,૦૪૦/- ની રકમનો દંડ કરવામાં આવ્યો. |
| (૫) | ૨ (બે) પરવાના રદ કરવામાં આવ્યા. |
| (૬) | ૩ (ત્રણ) પરવાના મોકુફ રાખવામાં આવ્યા. |

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં દિનદયાળ ગ્રાહક ભંડારોની કેટેગરીવાઈઝ તાલુકાવાર દુકાનોની સંખ્યા કેટલી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ:** સુરેન્દ્રનગર જિલ્લામાં દિનદયાળ ગ્રાહક ભંડારોની દુકાનોની વિગતો છે, એમાં જિલ્લામાં અગિયાર તાલુકા છે. એમાં વઢવાણ, મૂળી, હળવદ, લખતર, પાટડી, ધ્રાંગધ્રા, લીમડી, ચુડા, સાયલા, ચોટીલા અને સુરેન્દ્રનગર. એમાં વઢવાણમાં દિનદયાળ ગ્રાહક ભંડારો છે એમાં વઢવાણમાં સહકારી ધોરણે ૨ છે. અનુસૂચિત જાતિના ૧૬ છે. સામાજિક અને શૈક્ષણિક પછાતના ૨૪ છે. શારીરિક ખોડખાંપણના ૩ છે. અને જનરલ ૧૪ છે. આમ કુલ ૫૭ અને ૨ સહકારી ધોરણે એમ કુલ ૫૯ ભંડારો છે. મૂળીમાં સહકારી ધોરણે ૧, અનુસૂચિત જાતિના ૯ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ૧૦ અને જનરલ ૨૨ મળી કુલ ૪૧ અને ૧ સહકારી ધોરણે મળી કુલ ૪૨ છે. હળવદમાં સહકારી ધોરણે ૧ છે. અનુસૂચિત જાતિના ૫ છે. સામાજિક અને શૈક્ષણિક પછાતના ૨૧, શારીરિક ખોડખાંપણના ૨ છે. જનરલ ૩૦ અને કુલ ૫૮ વત્તા ૧ એમ ૫૯ છે. લખતરમાં ૩ સહકારી, કુલ જનરલ ૭૯ છે અને કુલ્લે ૮૨ છે. ધ્રાંગધ્રામાં ૪ સહકારી, ૧૫ અનુસૂચિત જાતિના છે, ૧૪ સામાજિક અને શૈક્ષણિક પછાતના છે, ૨ શારીરિક ખોડખાંપણના છે. ૪૩ જનરલ છે અને કુલ ૭૫ વત્તા ૪ એમ ૭૯ થાય છે. લીમડીમાં ૫ સહકારી ધોરણે છે. ૨૮ અનુસૂચિત જાતિના છે. ૩ અનુસૂચિત જનજાતિના છે. ૧૭ સામાજિક અને શૈક્ષણિક પછાત લોકોના છે. ૧૨ જનરલ છે. કુલ પુરુષોના ૫૮ અને ૨ મહિલાઓના મળી ૬૦ અને વત્તા ૫ સહકારી મળી કુલ ૬૫ ભંડારો લીમડીમાં આવેલા છે. ચુડામાં ૧ સહકારી ધોરણે આવેલો છે. ૧૦ અનુસૂચિત જાતિના છે. ૧૨ સામાજિક અને શૈક્ષણિક પછાતના છે. ૧૫ જનરલ છે. કુલ ૩૭ વત્તા ૧ એમ ૩૮ થાય છે. સાયલામાં સહકારી ધોરણે કોઈ નથી. અનુસૂચિત જાતિના ૧૧ છે. સામાજિક અને શૈક્ષણિક પછાતના ૩૧ છે. ૩ શારીરિક ખોડખાંપણના છે અને ૨ જનરલ છે. આમ કુલ ૪૮ ભંડારો આવેલા છે. ચોટીલામાં સહકારી ધોરણે ૧ છે. અનુસૂચિત જનજાતિના ૭ છે. ૩૫ સામાજિક અને શૈક્ષણિક પછાતના છે. શારીરિક ખોડખાંપણના ૧ છે અને જનરલ ૧૫ છે. કુલ ૫૮ અને ૧ મળી ૫૯ ભંડારો ચોટીલામાં આવેલા છે. અને છેલ્લે સુરેન્દ્રનગર અગિયારમો તાલુકો, એમાં ૪ સહકારી ધોરણે છે. અનુસૂચિત જાતિના છે. ૧૪ સામાજિક અને શૈક્ષણિક પછાતના છે. ૨૦ જનરલ છે. કુલ્લે ૩૯ અને ૪ એમ ૪૩ થાય છે. આમ કુલ ૨૫ સહકારી ધોરણે છે. ૧૩૫ અનુસૂચિત જાતિના છે. ૪ અનુસૂચિત જનજાતિના છે. ૨૧૬ સામાજિક અને શૈક્ષણિક પછાતના ભંડારો આવેલા છે અને ૧૩ શારીરિક ખોડખાંપણના છે અને ૨૧૩ જનરલ છે. એમ કુલ ૫૭૯ અને ઓવરઓલ કુલ ૬૦૭ થાય છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એપ્રિલ ૨૦૦૮ થી મે ૨૦૦૯ સુધીના સમયગાળામાં તાલુકાવાર કેરોસીનની જે ફાળવણી થઈ છે એની સામે વિતરણની

ટકાવારી કેટલી છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે જિલ્લામાં ભૂતિયાં કાર્ડ રદ થવાને કારણે કાર્ડધારાકોને કેરોસીનના પ્રમાણમાં કોઈ ફાયદો થયો છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપની પાસે વિગતો છે? આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી, છતાં આપની પાસે વિગતો હોય તો આપો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે વિગતો છે એટલે આપું છું. આ ભૂતિયાં કાર્ડ નાબૂદ કરવાનું કામ ગયા વર્ષથી એપ્રિલ ૨૦૦૮ માં એની શરૂઆત થઈ અને મે ૨૦૦૯ સુધીમાં આ બધી વ્યવસ્થા ગોઠવાઈ એના આધારે વિગતો આપું તો એપ્રિલ ૨૦૦૮ માં શરૂ થયેલ ત્યારે ૩૨૧૪ કિલોલિટરની કેરોસીનમાં જરૂરિયાત હતી ૩૦૦૪ કિલોલ્ટિર ગયા વખતે કરી હતી એપ્રિલ ૨૦૦૮ માં, એટલે ૯૩.૪૮ ટકા વિતરણ કરી શકતા હતા, .ત્યારપછી ભૂતિયાં કાર્ડ નાબૂદ કરવાની પ્રક્રિયા ચાલી. જે લોકો ગેસ વાપરતા હતા એમાં કાર્ડમાં સ્ટેમ્પીંગ કરવાની પ્રક્રિયા કરી એના કારણે મે ૨૦૦૮ માં ૩૨૧૪ અને ૩૦૦૬ કિલો લિટર વિતરણ કરતા હતા ૯૩.૪૮ ટકા મે મહિનામાં વિતરણ કરી શકતા હતા. મારે એ ધ્યાન દોરવું છે કે કુલ ૩૨૫૦ કિલોલિટરની આશરે જરૂરિયાત હતી માસિક એના બદલે ૩૧૬૬,૩૧૪૨ અને ૩૧૭૧ કિલોલિટર માસવાર એનો થોડોક ફેરફાર કરતાં ૩૧૮૬ કિલોલિટરની જરૂરિયાત અને ૩૨૧૭ મે મહિનામાં જે જરૂરિયાત હતી એની સામે ૩૧૮૬ કિલોલિટરનું વિતરણ કર્યુ અને ૯૯.૦૪ ટકા જે અગાઉ એપ્રિલ ૨૦૦૮ માં ૯૩.૪૮ ટકા વિતરણ થતું હતું, પરંતુ આ કેરોસીન ભૂતિયાં કાર્ડની નાબૂદીના કારણે ૯૯.૦૪ ટકા વિતરણ કરી શકયા એ સિધ્ધિ હતી. આ ભૂતિયાં કાર્ડ રદ થવાને કારણે ગ્રાહકોને કેરોસીનમાં આ ફાયદો થયો હતો.

**મહેસાણા જિલ્લામાં સામાજીક વનીકરણ**

*૧૦૬૮૧ **શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. મહેસાણા જિલ્લામાં સામાજીક વનીકરણ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને
૨. તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**વનમંત્રીશ્રી:**

૧. મહેસાણા જિલ્લામાં સામાજીક વનીકરણ વિભાગમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૬૭.૫૭ લાખ રોપા ઉછેરવામાં આવેલ છે.
૨. આ વનીકરણ પાછળ કુલ રૂા. ૧૮૧.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ વન તલાવડીના ફાયદા શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધયક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તાલુકાવાઈઝ જોઈએ તો મહેસાણા ખાતે વન મહોત્સવ, નર્સરી અને ખાસ અંગભૂત યોજના હેઠળ કુલ ૧૪,૧૬,૦૦૦, કડી તાલુકામાં ૧૦ લાખ ૩૪ હજાર, વિજાપુર તાલુકામાં ૮ લાખ ૭૩ હજાર, વિસનગર તાલુકામાં ૮ લાખ ૧૭ હજાર,વડનગર તાલુકામાં ૫ લાખ ૪૪ હજાર, ખેરાળુ તાલુકામાં ૫ લાખ ૬૮ હજાર,સતલાસણા તાલુકામાં ૫ લાખ ૩૬ હજાર, ઉંઝા તાલુકામાં ૪ લાખ ૯૫ હજાર અને બેચરાજી તાલુકામાં ૫ લાખ ૧૪ હજાર રોપાઓ ઉછેરવામાં આવેલ છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક વનીકરણ હેઠળ જિલ્લામાં ૨૦૦૮-૦૯ માં સામાજીક વનીકરણમાં વિભાગમાં તાલુકાવાર કેટલી કિસાન નર્સરીમાં કેટલા રોપાઓ ઉછેરેલા છે અને તે અંગેનો કેટલો ખર્ચ થયો છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૨૦૦૮-૦૯ માં તાલુકાવાર જોઈએ તો મહેસાણા તાલુકામાં ૩૫ કિસાન નર્સરીમાં ૩ લાખ ૩૮ હજાર રોપાઓ ઉછેરેલા જેનો અર્ચ ૪ લાખ ૧ હજાર થયેલ છે, કડી તાલુકામાં ૨૬ કિસાન નર્સરીમાં ૨ લાખ ૧૮ હજાર રોપાઓ ઉછેરેલ છે જેનો ખર્ચ ૨ લાખ ૫૮ હજાર થયેલ છે, વિજાપુર તાલુકામાં ૨૦ કિસાન નર્સરી જેમાં ૧ લાખ ૯૨ હજાર રોપાઓ ઉછેરેલ છે અને જેનો ખર્ચ ૨ લાખ ૨૭ હજાર થયેલ છે, વિસનગર તાલુકામાં ૨૨ કિસાન નર્સરીમાં ૧ લાખ ૯૧ હજાર રોપાઓ ઉછેરેલ છે જેનો ખર્ચ ૨ લાખ ૨૬ હજાર થયેલ છે, વડનગર તાલુકામાં ૧૪ કિસાન નર્સરીમાં ૧ લાખ ૧૩ હજાર રોપાઓ ઉછેરેલ છે જેનો ખર્ચ ૧ લાખ ૩૩ હજાર થયેલ છે, ખેરાળુ તાલુકામાં ૧૫ કિસાન નર્સરીમાં ૧ લાખ ૩૦ હજાર રોપાઓ ઉછેરેલ છે જેનો ખર્ચ ૧ લાખ ૫૩ હજાર થયેલ છે, સતલાસણા તાલુકામાં ૧૪ કિસાન નર્સરીમાં ૧ લાખ ૧૬ હજાર રોપાઓ ઉછેરેલ છે જેનો ખર્ચ રૂા. ૧ લાખ ૩૭ હજાર થયેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, ઉંઝા તાલુકામાં ૧૫ કિસાન નર્સરીમાં ૮૬ હજાર રોપા ઉછેરવામાં આવેલ છે અને તેનો ખર્ચ ૧ લાખ ૧ હજાર રૂપિયા થયેલ છે. બેચરાજી તાલુકામાં ૧૩ કિસાન નર્સરીમાં ૧ લાખ ૯ હજાર રોપા ઉછેરેલ છે અને તેનો ખર્ચ ૧ લાખ ૨૯ હજાર થયેલ છે, આમ સમગ્ર મહેસાણા જિલ્લામાં કુલ ૧૭૪ કિસાન નર્સરીમાં ૧૪ લાખ ૯૩ હજાર રોપા ઉછેરેલ છે અને તેનો કુલ ખર્ચ રૂા. ૧૭ લાખ ૬૫ હજાર થયેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસાણા જિલ્લામાં ૬૭ લાખ ૫૭ હજાર રોપાઓ ઉછેરવામાં આવેલ છે અને તેની પાછળ કુલ ૮૧ લાખ ૪૧ હજારનો ખર્ચ કરવામાં આવ્યો, જો મહેસાણા જિલ્લામાં જ આટલા રોપા ઉછેરવામાં આવ્યા હોય તો સમગ્ર ગુજરાતમાં કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં અવ્યો, બીજું કે સામાજિક સંસ્થાઓ, રોટરી કલબ, લાયન્સ કલબ જેવી સંસ્થાઓ આ રોપા લઈ જતી હોય છે અને વન મહોત્સવ કરે છે. પણ તેનું મોનીટરીંગ નહીં થવાને કારણે આપણે જે રોપાઓ માટે ફળ ઈચ્છતા હોઈએ તે ફળ પ્રાપ્ત થતું નથી. તો તેના માટે મોનિટરીંગ કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : સમગ્ર ગુજરાતનો જવાબ આપવો એ જરૂરી નથી, કારણ કે બહુ વિસ્તૃત માહિતી થાય છે. આપ સામાજિક સંસ્થાઓ વાળા પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વન મહોત્સવમાં સામાજિક સંસ્થાઓ છે તેને સસ્તા દરે વૃક્ષોના રોપાઓ આપીએ છીએ. અને તે લઈ ગયા પછી એનું વાવેતર કરવાની અને જતન કરવાની જવાબદારી એમની છે. અમે તો માત્ર વન મહોત્સવમાં વિતરણ કાર્યક્રમ કરીએ છીએ.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જે રોપાઓનો ઉછેર થાય છે તે રોપાઓ લોકોને આપવા માટેના ધોરણો શું છે અને કઈ રીતે આપવાના હોય છે ? અને આપ્યા પછી તેના ઉછેર માટે કોઈ ખર્ચ વગેરે આપવાનું હોય છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન નર્સરી માટે જે રોપાઓ આપીએ છીએ એમાં ૧ રૂપિયો અને ૧૫ પૈસા પ્રમાણે તેને પાંચ હજારથી ૩૦ હજાર સુધીના રોપાઓ આપવામાં આવે છે.

**માતર તાલુકામાં ઈન્દિરા આવાસના મકાનો**

***૧૦૭૦૩ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના માતર તાલુકામાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને

(૩) બાકી રહેલાઓને સનદો કયાં સુધીમાં આપવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા. ૩-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના માતર તાલુકામાં ૪૯૮ ઈન્દિરા આવાસો બનાવવામાં આવ્યા.

(વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૪૫ તથા વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૫૩ આવાસો)

(૨) ઈન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસ બાંધકામ શરૂ કરી પૂર્ણ કરે છે. તેથી સનદ આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ ઈન્દિરા આવાસ યોજનામાં અગ્રતા કેવી રીતે આપવામાં આવે છે અને આ યોજના સાથે ઈન્દિરાજીનું નામ જોડાયેલું હોવાથી ગામડાંમાં ભ્રામક પ્રચાર ચાલે છે કે આ કોંગ્રેસ દ્વારા ચલાવવામાં આવે છે. તો માનનીય મંત્રીશ્રી એ સ્પષ્ટતા કરે કે આ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો હિસ્સો શું હોય છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈન્દિરા આવાસ યોજનામાં સામાન્ય રીતે માનનીય સભ્યશ્રીએ કહ્યું તેવી ઈમ્પ્રેસન લઈને ચાલે છે કે આ ફકત કેન્દ્ર સરકાર કરે છે. પરંતુ હું આની વિગતો આપું કે આ રાજય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી ચાલતી યોજના છે. અને મોટા પાયે ગુજરાતમાં ચાલે છે. તેના માટે એમનો પ્રશ્ન છે કે આ યોજના કેવી રીતે નકકી કરવામાં આવે છે અને કોના માટે છે, તો આમાં પહેલા કેટેગરી નકકી કરવામાં આવે છે કે આ યોજનાનો લાભ કોણ મેળવી શકે, ઈન્દિરા આવાસ યોજનામાં મુકત થયેલા વેઠીયા મજૂરો માટે સૌથી પહેલી પ્રાયોરીટી છે. તેના પછી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઘર માટે આ વ્યવસ્થા છે, એમાં અત્યાચારનો ભોગ બનેલા અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જન જાતિના લોકો હોય તેના માટે છે, બીજું કે જે અનુસૂચિત જાતિના કુટુંબના વડા તરીકે વિધવા અને અવિવાહિત સ્ત્રી હોય તો તેના ઘર માટે આ વ્યવસ્થા છે. ધરતીકંપ, વાવાઝોડા જેવી કુદરતી આફતોથી અસરગ્રસ્ત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ હોય તેના માટે પ્રાયોરીટી છે. તેના પછી સંરક્ષણ સેવા, અર્ધ લશ્કરી દળોમાં શહીદ થયેલા જવાનના કુટુંબ અને વિધવા માટે પ્રાયોરીટી છે, તેના પછી ગરીબી રેખા નીચે જીવતા બીન અનુસૂચિત જાતિ માટે પણ આ યોજના છે. બિન અનુસૂચિત આદિજાતિના ઘર માટે પણ આ વ્યવસ્થા છે. શારીરિક અને માનસિક રીતે વિકલાંગ વ્યકિતઓ હોય એની એના પછીની પ્રાયોરિટી છે. માજી સૈનિક અને અર્ધ લશ્કરી દળોના નિવૃત્ત જવાનો હોય એમના માટે પણ ઈન્દિરા આવાસો ગોઠવાય છે. એના પછીની પ્રાયોરિટી વિકાસલક્ષી પરિયોજનાઓને કારણે વિસ્થાપિત થયેલી વ્યકિતઓ વિચરતી અને અર્ધ વિચરતી અને વિમુક્ત જાતિઓ શારીરિક અને માનસિક રીતે વિકલાંગ સભ્યો ધરાવતા કુટુંબો લાભાર્થીઓની પસંદગી એ શરતને અધીન રહે છે. એક ફક્ત ત્રણ નંબર સંરક્ષણ સેવાઓ અર્ધ લશ્કરી દળના શહીદ થયેલા જવાનો એમના માટે બી.પી.એલ. નિયમ લાગુ પડતો નથી. બાકીનાને

બી.પી.એલ. નિયમ લાગુ પડે છે. આની અંદર એની જે વહેંચણી કરી છે. ૬૦ ટકામાં ભંડોળ ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે વાપરવાનું હોય છે. ૩ ટકા ભંડોળ શારીરિક રીતે વિકલાંગ માટે વાપરવામાં આવે છે. નવો નિયમ મોકલ્યો છે કે ૧૫ ટકા લઘુમતી માટે પ્રપોઝ કરેલ છે. બીજો પ્રશ્ન હતો કે કેન્દ્ર અને ગુજરાતનો ફાળો કેટલો હોય છે. મોટો પ્રચાર થાય છે કે ૭૫ ટકા અને ૨૫ ટકાના આધારે આ યોજના કેન્દ્ર સરકાર મોકલે છે. એવું નથી મારે આપનું ધ્યાન દોરવું છે કે અત્યારે આપણે આની કિંમત જે ૩૫ હજાર રૂપિયાની કરી છે. ૩૫ હજારની કોસ્ટ કાઢી છે એ ૩૫ હજારમાં ૭૫ ટકા કેન્દ્ર સરકાર આપે છે, ૩૫ હજારમાં મકાન થતું નથી. મેં આ રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રીને કરી હતી અને એમણે મને ખૂબ ઉદારતાપૂર્વક કહ્યું હતું અને કોસ્ટીંગ કાઢીને આપ્યું હતું કે ઈન્દિરા આવાસ બાંધવા હોય તો ૫૦૫૦૦ થી ઓછી કિંમત થઈ શકે નહિ એટલા માટે સાત હજાર રૂપિયા જે પોતે સ્વયં લાભાર્થી છે એની મજૂરી મહેનત કરીને વાપરે, બાકીના ૪૩૫૦૦ રૂપિયા એની કિંમત હોય છે. ૪૩૫૦૦માં ૨૬૨૫૦ કેન્દ્ર સરકાર આપે છે. ૩૫ હજારનો ૭૫ ટકા ભાગ કેન્દ્ર સરકાર આપે છે એની રકમ થાય છે, ૨૬૨૫૦ એની સામે ૧૭૨૫૦ ગુજરાત સરકાર આપે છે. એનો રેશિયો ૬૦:૪૦ ટકાનો થાય છે. વારંવાર કહુ છું કે ૬૦ ટકા કેન્દ્ર સરકારની રકમ થાય છે અને આપણી ગુજરાત સરકારની આશરે ૪૦ ટકા રકમ થાય છે. અને હપતા પણ અમે બદલ્યા છે. જે પહેલો હપતો ૩૭૫૦ એડવાન્સમાં આપવામાં આવતો હતા એના બદલે પાંચ હજાર આપીએ છીએ. બીજો બાર હજારને બદલે સોળ હજાર, ત્રીજો સાડા દસ હજાર આપતા હતા એના બદલે ચૌદ હજાર આપીએ છીએ. ચોથા હપતામાં કેન્દ્ર સરકારની રકમ અમારી પાસે રહેતી નથી. સાડા આઠ હજારનો છેલ્લો હપતો રાજય સરકાર આપે છે. ૪૩૫૦૦ રૂપિયાની રકમ રાજય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી ઈન્દિરા આવાસ બાંધવા માટે આપવામાં આવે છે.

**ગાંધીનગર જિલ્લામાં તાલુકાદીઠ તલાટીઓની ઘટ**

***૧૧૦૧૦ પ્રો. મંગળભાઈ મા. પટેલ(માણસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકા દીઠ કેટલા તલાટીઓની ઘટ છે,

(૨) તે પૈકી માણસા તાલુકાના તલાટીઓની ઘટ કેટલા સમયથી છે, અને

(૩) આ ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:** (૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૦ |
| ૨ | કલોલ | ૧૪ |
| ૩ | દહેગામ | ૨૨ |
| ૪ | માણસા | ૨૩ |

(૨) જુદા જુદા સમયથી.

(૪) બનતી ત્વરાએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : આપના દ્વારા પૂછવા માગું છું કે, ઘટ તો હોય જ એ સ્વાભાવિક છે, કોઈપણ તંત્રમાં ઘટ હોય પરંતુ એ ઘટ સતત દસ વર્ષ સુધી ચાલુ રહે એ ઠીક નહિ. માણસાની અંદર ૪૦ ટકા ઘ ટ તલાટીઓની છે, ૬૦ તલાટી એમાંથી માત્ર ૨૩ હાજર નથી, ૪૦ ટકા ઘટ છે અને આ ઘટ જયારે માણસાનું વિભાજન થયું, અને વરસો પહેલા ગાંધીનગર સાથે જોડાયેલ ત્યારથી છે એટલે આ ઘટ સતત લાંબી ન રહે એના માટે કોઈ યોજનાથી વિચારીથી પૂરી શકાય તો પૂરવી જોઈએ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તાલુકાવાર ઘટ મારે એમને આપવી પડશે. જોકે એમણે માણસાનું કહ્યું છે ૫૩ મંજૂર થયેલી જગ્યાઓ હતી એમાંથી ૩૭ ભરાયેલી છે. પહેલા મેં જે હિસાબ આપ્યો એમાં ફેરફાર થોડોક આવે છે. ફેરફાર એટલા માટે આવે છે પ્રશ્ન પૂછાયેલો હતો ત્યારથી આજદિન સુધીમાં જે પ્રગતિ થઈ છે એને મેં આમેજ કરી લીધી છે. પહેલા ૨૩ ઘટ બતાવી હતી એના બદલે ૧૬ ઘટ છે. સાત તલાટીઓનું માણસા તાલુકામાં પોસ્ટીંગ કર્યુ છે. તેના કારણે ૫૩માંથી ૩૭ ભરાયેલી છે. ૧૬ જગ્યાઓ ખાલી છે અને દહેગામની પણ વિગત આપું. જિલ્લો નાનો છે. ચાર તાલુકાઓ છે.

**અધ્યક્ષશ્રી** : તેમણે એકલા માણસાની જ વિગત માગી છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તલાટી કમ મંત્રી અને પંચાયત સહાયકની ભરતીના નિયમોની જોગવાઈ શું છે અને ગાંધીનગર જિલ્લામાં પંચાયત સહાયકની અત્યાર સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તલાટી કમ મંત્રીના ભરતીના નિયમો નિશ્ચિત કરેલા છે, તેમાં એક તો વય મર્યાદા ૧૮ વર્ષથી ઓછી નહીં હોવી જોઈએ અને મહત્તમ વય મર્યાદા ૨૫ વર્ષની છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક-શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ, માજી સૈનિક માટે મહત્તમ વય મર્યાદામાં નિયમાનુસાર પાંચ વર્ષની છૂટ આપવામાં આવે છે. શૈક્ષણિક લાયકાત છે તેમાં ઉચ્ચતર માધ્યમિક શાળાનું પ્રમાણપત્ર ધોરણ-૧૨ પાસ હોવા જોઈએ. ગુજરાતી, હિંદીનું જ્ઞાન હોવું જોઈએ. નિયમાનુસાર

કૉમ્પ્યુટર કૌશલ્ય અંગેનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. સીધી ભરતી પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા કરવામાં આવે છે. પંચાયત સહાયકની ભરતીની જોગવાઈ તલાટી કમ મંત્રીના ભરતીના નિયમોના ધોરણે કરવામાં આવે છે. પરંતુ તેમની ભરતીનું ધોરણ ૧૨માં મેળવેલ ટકાવારીના આધારે, ગુણવત્તાના ધોરણે મેરીટ નક્કી કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લો અગાઉ પહેલાં એક જ તાલુકાનો જિલ્લો હતો અને તલાટી કમ મંત્રીની ભરતી પહેલાં કરી નહોતી. આ જિલ્લામાં પંચાયત સહાયકની ભરતી ૨૦૦૩-૦૪માં અમે કરી હતી અને ૧૭ જગ્યાઓ ૨૦૦૩-૦૪માં મંજૂર કરી હતી. તેમાં ૧૫ જગ્યાઓ ભરી શક્યા હતા. ૨૦૦૭-૦૮માં પણ તલાટીઓની ભરતી કરી છે. ૩૧ મંજૂરીની સંખ્યા હતી. તેમાં ૩૧ જગ્યાઓ ભરવામાં આવી હતી. ૨૦૦૩-૦૪ અને ૨૦૦૭-૦૮માં ૪૮ જગ્યાઓ મંજૂર કરી હતી તેમાંથી ૪૬ જગ્યાઓ ભરવામાં આવી હતી.

## જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ

*** ૧૦૭૧૬ શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ આવી,
૨. તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરી અલગ ગ્રામ પંચાયતોનો દરજજો આપવામાં આવ્યો અને
૩. બાકી ગ્રામ પંચાયતોને ક્યારે વિભાજીત કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. એક પણ નહીં.
૨. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
૩. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતોના વિભાજનના માપદંડો કયા કયા છે અને મારા માંગરોળ તાલુકામાં ચાર ગામ એવા છે કે જ્યાં ગ્રામ પંચાયતો બે જ છે અને જે ગામમાં ગ્રામ પંચાયત હોય તે ગામના વિકાસના કામો થાય છે અને જ્યાં નથી ત્યાં કોઈ પણ જાતના કામો થતાં નથી. બે કોમ્યુનિટીના લોકો રહે છે. એટલે ગ્રામ પંચાયતના કોઈ કામ માટે જાય ત્યારે અવારનવાર ઝઘડા થાય છે અને એવા પોલીસ કેસો પણ થયા છે. તો આ માપદંડોમાં કોઈ ફેરફાર કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતો જ્યાં જૂથમાં હોય છે ત્યાં ગ્રામ પંચાયતોને જુદા કરવા માટેના પ્રશ્નો આવે છે. તેના માટે સરકારે નીતિ બનાવી છે. ગ્રામ પંચાયતોના વિભાજન અંગેના માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જૂથ ગ્રામપંચાયતોમાં તેના જે ધોરણો છે, સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણની ૨૦૦૦ની સાલમાં નીતિ નક્કી કરવામાં આવેલી છે. જૂથ ગ્રામ પંચાયતનું વિભાજન કરવા માટે વસતિનું ધોરણ ૧૦૦૦ હોવું જોઈએ. કોઈ પણ જૂથ મોટું ગામ થયું હોય અને ૧૦૦૦ની વસતિ જુદી થઈ હોય, બીજું ગામ થઈ શકતું હોય તો, સાથે બીજો એક નિયમ લાગુ પડે છે કે તેની આવક, માથાદીઠ, વ્યકિતદીઠ ૧૦ રૂપિયા ઓછામાં ઓછી હોવી જોઈએ. ત્રીજું, બે ગામ વચ્ચેનું અંતર બે કિલોમીટરથી વધારે હોય તો તેને જુદી કરી શકાય છે. છતાં પણ ઘણી વખત ૧૦ રૂપિયા માથાદીઠ આવક ન હોય પણ ૨૫ રૂપિયા માથાદીઠ આવક હોય તો તેને બે કિલોમીટરના બદલે એક કિલોમીટરનું અંતર હોય તો પણ ગ્રામ પંચાયતનું વિભાજન જૂથમાં કરવામાં આવે છે. આ પ્રમાણે કરતાં આ માગણી વારંવાર આવે છે. ઘણાં ગામોની અંદર વિખવાદ હોવાને કારણે લોકો દબાણ કરે છે પરંતુ જ્યાં સુધી આ માપદંડો સચવાય નહીં ત્યાં સુધી એ અલગ કરવાનું મુશ્કેલ પડે છે. છતાં પણ આવા કોઈ પણ કિસ્સા હોય તો અમારા ધ્યાને મૂકી શકાય.અને ગામના વિખવાદોને ટાળવા માટે ગામને જુદા કરવા આ માપદંડ સચવાતા હોય તો કોઈપણ ગામને સરકાર સહયોગ કરશે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજન માટેની કેટલી દરખાસ્તો પડતર છે એ પૈકી શું નિર્ણય કરવામાં આવ્યો? ગ્રામ પંચાયતના વિભાજન અંગે કાયદાકીય જોગવાઈ શું છે? અને ગ્રામ પંચાયતનું વિભાજન કરવાની સત્તા કોને છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લા પંચાયતમાં ખાસા કોઈ મોટી માગણી આવી નથી. એક માગણી આવી છે. એક દરખાસ્ત પડતર રહી હતી. જુનાગઢ તાલુકાના ડુંગરપુર પાદરીયા પંચાયત વિભાજન અંગેનું તા.૨૭-૮-૦૮ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ થયેલ અને તેમાં ડુંગરપુર પાદરીયા પંચાયતને આદેશ કરવામાં આવ્યો છે અને એક દરખાસ્ત પડતર હતી તે પણ મંજૂર કરવામાં આવી છે. ગુજરાત પંચાયત

અધિનિયમ ૧૯૯૩ની કલમ-૭માં એવું ઠરાવ્યું છે કે, તપાસ કર્યા પછી યોગ્ય સત્તાધિકારી સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સાથે વિચાર વિનિમય કર્યા પછી કોઈપણ સમયે સંવિધાનની કલમ ૨૪૩ અનુસાર નિર્ણય કરવામાં આવે છે. ગુજરાત પંચાયત અધિનિયમની આ સત્તા રાજય સરકારને છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બે વર્ષ પહેલાં ગ્રામ પંચાયતોનું વિભાજન રાજય સરકારે કયા કારણોસર સ્થગિત કર્યું હતું?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, બે વર્ષ પહેલાં ગ્રામ પંચાયતોનું વિભાજન કેમ નહોતું થતું? એ વાત સાચી છે. વિધાનસભા સંસદીય મત વિભાગના સીમાંકનનું કામ ચાલુ હતું. એ વખતે ચૂંટણી કમિશનરને તા.૧૫-૨-૦૪ના રોજ એવી સૂચના આપેલ કે, વહિવટી એકમોની સ્થિતિ યથાવત રાખવી અને નવા વહિવટી એકમો ઊભા કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. એના કારણે આ વિલંબ દેખાય છે. સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૧-૦૭ના પત્રમાં ઉલ્લેખ છે. સીમાંકન પતી ગયા પછી ફરી તા.૧૨-૧૨-૦૬ના રોજ વહિવટી યાદી પ્રસિદ્ધ કરી હતી કે, હવે નવાં વહિવટી સીમાંકન ઊભા કરવાનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે છે. જાન્યુઆરી-૦૭થી પ્રતિબંધ ઊઠી જતાં ગ્રામ પંચાયતોના વિભાજનની કાર્યવાહી હાથ ધરી તા.૩૦-૬-૦૯ સુધીમાં ૭૦ પંચાયતનોનું વિભાજન થયું છે.

## અમદાવાદ શહેરમાં ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવા બાબત

*** ૧૦૭૦૮ શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા કાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા એ.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૯૦૮૯૯ કાર્ડ.

(૨) ૭૯૭૦૪ કાર્ડ.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ભૂતિયા કાર્ડ નાબૂદીની જે ઝુંબેશ ચાલી એ અંતર્ગત કેટલા રૅશન કાર્ડ નાબૂદ થયાં છે અને તેના કારણે સરકારશ્રીને કેરોસીનના જથ્થામાં કેટલી બચત થઈ અને આ જ સમય ગાળામાં તા.૧-૪-૦૮થી તા.૩૧-૫-૦૯ સુધીમાં ગેસ સ્ટેમ્પીંગ થવાથી કેરોસીનના જથ્થામાં કેટલી બચત થઈ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં તા.૧-૪-૦૮થી તા.૩૧-૫-૦૯ સુધી ભૂતિયા કાર્ડને પકડવા માટેની ઝુંબેશ થઈ. આમ તો આ ઝુંબેશ સમગ્ર ગુજરાતમાં કરી હતી. પણ એમણે પ્રશ્ન અમદાવાદ શહેરનો પૂછ્યો છે. સરકારશ્રીને કેરોસીનની ચોક્કસ બચત થઈ છે. મારે સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, આ સમગ્ર ગાળા દરમિયાન ૯૨૪૭૫ ભૂતિયા કાર્ડ નાબૂદ કરવામાં આવ્યા હતા. આ સમય ગાળા દરમિયાન ૭૦૯૧૫ રૅશન કાર્ડમાં ગેસ સ્ટેમ્પીંગ કરવામાં આવ્યું. તેઓ ગેસ વાપરતા હતા અને કેરોસીન પણ પ્રતિબંધ હોવા છતાં વાપરતા હતા અને તેના ઉપર નિયમન આવતું નહોતું. જરૂરિયાતવાળા હતા તે લોકોને કેરોસીન મળતું નહોતું.

એટલે અમે એક બીજી ઝુંબેશ પેરેલલ કરી હતી ભૂતિયા કાર્ડ નાબૂદી અને સાથે સાથે ગેસ સ્ટેમ્પિંગનું કામ કરાવ્યું હતું. એમાં જે કેટેગરીવાઈઝ છે અંત્યોદયના ૧૭૮૩ કાર્ડ નાબૂદ થયા. રેશનકાર્ડ રદ થયા. બી.પી.એલ.ના ૯૫૯૨ રેશનકાર્ડ રદ થયા. એ.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા ૮૧,૧૦૦ છે એમ સ્ટેમ્પિગ કરેલા રેશનકાર્ડ ૭૦,૯૧૫ છે. આ જે ભૂતિયા રેશનકાર્ડ રદ થયા એના કારણે ૨ લાખ ૯ હજાર લિટર, એટલે કે ૨૦૯ કિલોલીટર બચ્યું. ગેસ સ્ટેમ્પિગ થવાને કારણે ૫૬૭ એટલે ૫ લાખ ૬૭હજાર લિટર કેરોસીન બચ્યું. ૭ લાખ ૭૬ હજાર લિટર કેરોસીન અમદાવાદમાં આ ગેસ સ્ટેમ્પિગ અને ભૂતિયા કાર્ડ નાબૂદીના કારણે બચ્યું. એના કારણે જે આપણે ૯૩ ટકા સુધી જ ફક્ત કેરોસીન આપી શકતા હતા એક વર્ષ પહેલા એ કેરોસીનને આપણે આગળ આપી શક્યા છીએ અને ૯૯ ટકા સુધી અને ૧૦૦ ટકા સુધી કેરોસીનનું આપણે વિતરણ કરી શક્યા છીએ. બી.પી.એલ. કાર્ડ કાઢવાની પ્રક્રિયા સતત ચાલે છે. હજી એ ઘણા લોકોએ માગણી કરી હોય છે. બી.પી.એલ.ની તો અમારી જોડે જે એ.પી.એલ.ના કાર્ડ છે એમાં પણ બી.પી.એલ.ના કાર્ડ અંદર નીકળતા હોય એમને કાઢી આપવામાં આવે છે. ઘરના, કુટુંબોના વિભાજન થતા હોય છે ત્યાં પણ એ.પી.એલ.ના કાર્ડ કાઢી આપવામાં આવે છે. આ પ્રમાણે અમદાવાદ શહેરમાં નવા આવેલા કુટુંબોને પણ એના એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. હયાત કુટુંબો મોટા થયા હોય એનું વિભાજન થાય તો એ લોકો એ.પી.એલ. કાર્ડ માગતા હોય છે એના કારણે અમે જે ૯૦હજાર કાર્ડ નાબૂદ કર્યા એની સામે ૮૬,૫૦૪ નવા એ.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા જે પૈકી ૧૭,૪૦૦ ગેસ ધારણ કરતા કાર્ડહોલ્ડરો હતા અને ૬૯,૧૦૪ ગેસ વગરના રૅશનકાર્ડને લીધે કેરોસીનની માગણીમાં ૫૮૭ કિલોલીટરનો વધારો થયો. આ પ્રમાણે આજે આખી સિસ્ટમ છે એના કારણે અમદાવાદમાં જેટલા

કાર્ડ અમે નાબૂદ કર્યા, એ જ પ્રમાણે વિભાજન અને નવા લોકો જે આવ્યા એમના રૅશનકાર્ડ પણ અમે કાઢી શક્યા હતા અને લગભગ ૯૯ ટકા અમે કેરોસીનનું વિતરણ કરી શકયા હતા.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ શહેરમાં ૩૧-૩-૨૦૦૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઝોનવાર અને યોજનાવાર કેટલા ભૂતિયા કાર્ડ રદ કરવામાં આવ્યા?

**અધ્યક્ષશ્રી** : અમદાવાદના ઝોન પ્રમાણે તમારી પાસે વિગત છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ ઝોન આવેલા છે અમદાવાદમાં. એમાં અસારવામાં ૫૦ અંત્યોદય કાર્ડ રદ કરવામાં આવ્યા. ૪૪૯ બી.પી.એલ. રદ કરવામાં આવ્યા. ૪૬૬૩ એ.પી.એલ. રદ થયા. ૫૧૬૨ અસારવામાં રદ થયા. સાબરમતીમાં ૧૫૫ અંત્યોદય કાર્ડ રદ થયા. ૧૨૮૫ બી.પી.એલ. કાર્ડ રદ થયા. ૭૩૦૧ એ.પી.એલ. રદ થયા. ૮૭૪૧ કાર્ડ કુલ સાબરમતીમાં રદ થયા. રખિયાલમાં ૧૨૭ અંત્યોદય રદ થયા. ૩૭૭ બી.પી.એલ. રદ થયા. ૮૧૧૬ એ.પી.એલ. રદ થયા. ૮૬૨૦ કુલ રદ થયા. કાળુપુરમાં ૪૭ અંત્યોદય રદ થયા. ૨૪૪ બી.પી.એલ. રદ થયા. ૧૮૨૯ એ.પી.એલ રદ થયા એના કારણે ૨૧૨૦ કાળુપુરમાં રદ થયા. ખાડિયામાં ૧૫૩ અંત્યોદય રદ થયા. બી.પી.એલ. ૫૫૯ રદ થયા અને એ.પી.એલ. ૧૮૯૭ રદ થયા. ૨૬૦૯ કુલ ખાડિયામાં પણ રદ થયા. મણીનગરમાં અંત્યોદય ૨૬ રદ થયા. ૩૦૬ બી.પી.એલ. રદ થયા, ૧૨૮૫૩ એ.પી.એલ. રદ થયા. ૧૩૧૮૫ રદ થયા છે. શહેર કોટડામાં ૧૧૪ અંત્યોદય રદ થયા. ૪૬૯ બી.પી.એલ. રદ થયા. ૨૫૫૨ એ.પી.એલ. રદ થયા. કુલ ૩૧૩૫ રદ થયા. એલિસબ્રીજ વિસ્તારમાં ૩૬૩ અંત્યોદયના કાર્ડ રદ થયા, ૨૩૯૦ બી.પી.એલ. રદ થયા, ૫૪૪૨ એ.પી.એલ. રદ થયા. આમ, કુલ ૮૧૯૫ કાર્ડ રદ થયા છે. દરિયાપુર-કાઝીપુરમાં ૫૪ અંત્યોદયના કાર્ડ રદ થયા, ૩૧૭ બી.પી.એલ. કાર્ડ રદ થયા, ૩૦૩૧ એ.પી.એલ. કાર્ડ રદ થયા, કુલ ૩૪૦૮ કાર્ડ રદ થયા. શાહપુરમાં ૩૮ અંત્યોદય, ૨૬૮ બી.પી.એલ., ૨૧૬૭ એ.પી.એલ. કાર્ડ રદ થયા, કુલ ૨૪૭૩ કાર્ડ રદ થયા. જમાલપુરમાં ૩૭૮ અંત્યોદય, ૧૨૫૩ બી.પી.એલ., ૮૭૯૪ એ.પી.એલ. કાર્ડ રદ થયા, કુલ ૧૦૪૨૫ કાર્ડ રદ થયા છે. નરોડામાં ૯૨ અંત્યોદય, ૬૧૮ બી.પી.એલ., ૭૩૯૩ એ.પી.એલ. કાર્ડ રદ થયા, કુલ ૮૧૦૩ કાર્ડ રદ થયા. સરખેજ-૧માં ૧૭૩ અંત્યોદય, ૫૮૬ બી.પી.એલ., ૬૧૬૬ એ.પી.એલ. એમ કુલ ૫૯૨૫ કાર્ડ રદ થયાં છે. સરખેજ-૨માં ૧૩ અંત્યોદય, ૨૯૧ બી.પી.એલ., ૭૪૯૩ એ.પી.એલ. એમ કુલ ૭૮૯૭ કાર્ડ રદ કરવામાં આવેલ છે. આમ, એક હજાર ઉપરાંત અંત્યોદય, ૯૪૧૨ બી.પી.એલ., ૭૯૭૦૪ એ.પી.એલ. એમ કુલ મળીને ૯૦૮૯૯ કાર્ડ રદ થયાં છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ રૅશનકાર્ડ કાઢવાની જે પ્રક્રિયા હોય છે એમાં કેટલીક વખત એવું ધ્યાનમાં આવે છે કે ગ્રાહક ભંડાર અને આ કામ કરવા માટેના કેટલાક એજન્ટો હોય છે એ બન્નેની સામેલગીરીના કારણે આ પ્રમાણેના ભૂતિયા કાર્ડ નીકળતા હોય છે. આવા ભૂતિયા કાર્ડ ન નીકળે અને ફુલપ્રુફ સિસ્ટમ બને એના માટેનું કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ ભૂતિયા કાર્ડના નાબૂદ થવાના કારણે કેરોસીનનું પ્રમાણે આપણે સારી રીતે વિતરણ કરી શકીએ છીએ. પણ શું આપણા રાજ્યને મળતો કેરોસીનનો જથ્થો સામાન્ય રીતે શિયાળાના સમયમાં વધારે મુશ્કેલી થાય છે, એ કેન્દ્ર દ્વારા વધઘટ કરવામાં આવે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બિલકુલ સાચો છે અને એમની રજૂઆત પણ જવાબદારીપૂર્વકની છે. આ રૅશનકાર્ડ નીકળતા હતા એમાં મારે કહેવું જોઈએ કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને સૂચના આપી કે કેટલાય રૅશન કાર્ડ ગુજરાતમાં ભૂતિયા કાર્ડ તરીકે ઘુસી ગયા છે. લગભગ આઠ લાખ કરતાં વધારે ભૂતિયા કાર્ડ અમે નાબૂદ કર્યા છે. એક ઝુંબેશના આધારે કલેકટર અને અમારા વિભાગે સાથે રહીને આ કામ સંભાળ્યું હતું. હજુ પણ ઘણા ભૂતિયા કાર્ડ અંદર છે. એના માટે અમે એક પાયલોટ પ્રોજૅકટ શરૂ કર્યો છે. ગુજરાતના ૨૬ જિલ્લાના ૨૬ તાલુકાઓ પસંદ કર્યા છે અને અમે દરેક એફ.પી.એસ. દુકાન ઉપર અધિકારીઓ બેસાડ્યા છે. ત્યાં તેઓ બેસે છે. ગ્રાહક રૅશન લેવા માટે આવે એનું ત્યાં વેરીફિકેશન કરવામાં આવે અને ડાઉટ પડે તો એના ઘેર જઈને પણ વેરીફાઈ થાય અને પોતે રૅશન લેવા માટે ત્યારે એ પોતાની આઈડેન્ટીટી આપે તો જ રૅશન મળે. આ પ્રકારની ૨૬ તાલુકામાં અમે આ એક ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશને સમગ્ર ગુજરાતમાં કરીને આવા ભૂતિયા રૅશન કાર્ડ જે ઘુસી ગયા છે એમને કેવી રીતે સ્ક્રીન કરવા એની સિસ્ટમ બનાવી છે. સેલ્સ ટેક્સ વિભાગના અધિકારીઓનો અમે ઉપયોગ કર્યો છે. વિવિધ વિભાગોમાંથી અધિકારીઓને અમે બોલાવ્યા છે અને ચૅકીંગ શરૂ કર્યું છે. આ અંગેની ઝુંબેશ ચાલું છે, આ પ્રક્રિયા ચાલું છે, દરોડા પાડવાની પ્રક્રિયા ચાલે છે પણ એ વાત સાચી છે કે ભૂતિયા કાર્ડ કાઢવાનું કામ કોઈ મીલી-ભગત સિવાય થઈ શકે નહીં. એને કેવી રીતે નાબૂદ કરવી એનું અમે આયોજન કરેલ છે. ઈ-રૅશન કાર્ડ લાવીને પણ સાચા માણસને માટે સિસ્ટમ તૈયાર કરીને બાયોમેટ્રીક સિસ્ટમથી રૅશન કાર્ડ કરવા માગીએ છીએ. ગરીબ લોકો માટેનું અનાજ આવા લોકો ઉપાડી જાય છે એને કન્ટ્રોલ કરવા જરૂરી છે. અમારો વિભાગ આ માટે જાગૃત છે.

**અધ્યક્ષશ્રી** : બીજો પ્રશ્ન રહી ગયો કે કેન્દ્ર સરકારમાંથી જથ્થો ઓછો આવે છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે આજથી ચાર વર્ષ પહેલા ૭૯,૦૦૦ કિલો લિટર ગુજરાતને કેરોસીનનો જથ્થો ફાળવ્યો હતો. આપણી સંખ્યાની દ્દષ્ટિએ જોઈએ તો આપણને ૯૦,૦૦૦ કિલો લિટર કરોસીનની જરૂર છે. છતાં અમે વારંવાર દબાણ કરીને રજૂઆત કરી પણ કોઈ આપવા માટે તૈયાર થતું નથી. કેન્દ્રમાં આપણો અવાજ આપણે ઘણાં દબાણથી કરીએ છીએ. ૯૦,૦૦૦ કિલો લિટર જરૂરિયાતની સામે આ લોકો પોતાની મનમાની કરીને ગુજરાતને કવોટ આપતા નથી. ઉલટાનું ગયા મહિને ૧૫૦ કિલો લિટર કરોસીન ગરીબોને આપવા માટે જે હતું એને કટ કર્યુ હતું એના માટે અમે રજૂઆત કરી છે અને વધુ કરોસીન મેળવવા માટેની અમારી જે જવાબદારી છે એમાં અમે જાગૃત છીએ.

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

***૧૦૭૮૩ શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા,

(૩) બાકી પંચાયત ઘરો કયાં સુધીમા બનાવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૨૬ (છવ્વીસ).

(૨) તમામ ઘરોના કામ પ્રગતિમાં છે.

(૩) ૨૬ (છવ્વીસ).

(૪) બનતી ત્વરાએ.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જર્જરિત પંચાયત ઘરોને તોડી પાડી નવા પંચાયત ઘર તલાટી-કમ-મંત્રી આવાસો બનાવવા અંગેની શું જોગવાઈઓ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં પંચાયતના ઘરોની બાબતમાં આ પ્રશ્ન મને પૂછયો છે. એમાં અમે એમને જવાબ આપ્યો છે કે મંજૂર કરવામાં આવેલ ૨૬ ઘરો અમે બાંધી રહ્યાં છીએ. એમનું એમ કહેવું છે કે જર્જરિત મકાનો માટેની શું જોગવાઈ છે? હયાત જર્જરિત ગ્રામ પંચાયત કચેરીના મકાનોને જમીન દોસ્ત કરવાની અનુમતિ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીએ આપવાની હોય છે. મંજૂરી આપતાં પહેલાં માર્ગ મકાન ખાતાના કાર્યપાલક ઈજનરે મારફતે સ્થળની મુલાકાત લઈ, ગ્રામ પંચાયતનું મકાન જર્જરિત હાલતમાં હોય, તૂટી પડે તેવું હોય, જોખમકારક હોય તો તેનું સંયુકત પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારી અને કાર્યપાલક ઈજનેર બંને આપવાનું હોય છે. જર્જરિત ગ્રામ પંચાયતના મકાનની સક્ષમ અધિકારી મારફત અપસેટ પ્રાઈસ પણ નક્કી કરવાની હોય છે. જર્જરિત ગ્રામ પંચાયતને જમીનદોસ્ત કરતા પહેલા એના જુદા જુદા એંગલથી એના ફોટોગ્રાફ લઈએ છીએ અને જિલ્લા પંચાયતના રેકોર્ડ રાખવાના હોય છે. જિલ્લા વિકાસ અધિકારીને ફાળવેલી જે નાણાકીય રકમ હોય છે એમાં જ્યારે પંચાયતો ઘરને બાંધકામની નવીન મકાન બનાવવાની મંજૂરી આપવાની એના પછી આવે છે પણ એના પછી જે અપસેટ વેલ્યુ આવે છે એ વેલ્યું એમાંથી બાદ કરીને ત્યાં મકાન બાંધીએ ત્યારે એનો ઉપયોગ કરીએ છીએ. નવા બનનાર મકાન, તલાટી-કમ-મંત્રી આવાસ પંચાયત વિભાગ તા.૬-૨-૨૦૦૬ ના ઠરાવની જોગવાઈઓ મુજબ ટાઈપ-ડિઝાઈન પણ નકકી કરવામાં આવેલી છે. વિકાસ કમિશનર વિભાગના પરામર્શમાં એ આખરીકરણ કરે છે અને યાદી જે તૈયાર થાય એમાં અમે મંજૂરી આપીએ છીએ.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જે ૨૬ પંચાયત ઘરો મંજૂર કરવામાં આવેલ છે એ કયા કયા તાલુકાના અને કયા કયા ગામના છે? બીજો પ્રશ્ન મારો એ છે કે આ ૨૬ પંચાયત ઘરોની પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો છે અને એમાં રાજ્ય સરકારની કેટલી ભાગીદારી છે અને લોકભાગીદારીનું કાંઈ છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : ગામના નામ પૂછાયા છે તો એ બહુ લાંબુ થઈ જશે, ટૂંકાણમાં કહી દોને.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને એક જવાબ આપું કે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ટૂંકો જવાબ આપો કે જેથી કરીને બીજા સભ્યશ્રીઓને પ્રશ્ન પૂછવાનો લાભ મળે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩,૬૫,૦૦૦/- હજારની કિંમતનું એક મકાન બને છે અને ૨૬ મકાનો છે એની કુલ કિંમત ૩,૬૫,૦૦૦/- અને ૨૬ મકાનોનું મલ્ટીફીકેશન કરતા જે રકમ આવે એટલી રકમનો એમાં ખર્ચ થવાનો છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં બેસવાલાયક પંચાયત ઘરોની સંખ્યા કેટલી છે, જર્જરિત પંચાયત ઘરો કેટલા છે અને તૈ પૈકી પંચાયત ઘ ારો બાંધવા માટેની રાજ્ય સરકારની શું યોજના છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં તાલુકાવાર બેસવા લાયક અને જર્જરિત થયેલા એના જે તાલુકાવાર એમણે આંકડા માગ્યા છે એમાં પાલનપુરમાં કુલ ૯૯ પંચાયતો છે એમાં ૮૯ વાપરવા લાયક છે, મતલબ કે પંચાયત ઘર બેસવા લાયક છે, જર્જરિત ૧૦ છે. વડનગરમાં ૮૧ કુલ પંચાયતો છે એમાં ૭૭ બેસવા લાયક છે અને ૩ મકાનો જર્જરિત છે. ડીસામાં ૧૨૫ ગ્રામ પંચાયતો છે, ૧૦૫ બેસવા લાયક, મતલબ કે સારા મકાનો છે, ૨૦ મકાનો જર્જરિત છે, જૂના વખતના જે મકાનો છે. ધાનેરામાં કુલ ૩૮ પંચાયતો છે, એમાં ૩૪ બેસવા લાયક છે અને ૪ જર્જરિત છે. દાંતીવાડામાં કુલ ૩૧ પંચાયતો છે, એમાં ૩૦ બેસવા લાયક છે અને ૧ જર્જરિત છે. અમીરગઢમાં ૨૮ કુલ ગ્રામ પંચાયતો છે એમાં ૨૮ બેસવા લાયક છે અને કોઈ જર્જરિત નથી. દાંતામાં કુલ ૫૩ પંચાયતો છે, એમાં ૪૮ બેસવા લાયક છે અને ૫ જર્જરિત છે. કાંકરેજમાં ૭૬ કુલ પંચાયતો છે એમાં ૬૭ બેસવા લાયક છે અને ૯ જર્જરિત છે. દિયોદરમાં ૫૪ કુલ ગ્રામ પંચાયતો છે એમાં ૫૨ બેસવા લાયક છે અને ૧ જર્જરિત છે. ભાભરમાં કુલ ૪૧ ગ્રામ પંચાયતો છે એમાં ૪૦ બેસવા લાયક છે અને ૧ જર્જરિત છે. થરાદમાં ૮૨ કુલ પંચાયતો છે એમાં ૫૦ બેસવા લાયક અને ૩૧ જૂની થયેલી અને જર્જરિત થયેલ છે. વાવમાં ૭૮ કુલ પંચાયતો છે એમાં ૬૪ બેસવા લાયક અને ૧૩ જર્જરિત છે. આ પ્રમાણે ૭૮૬ ગ્રામ પંચાયતોમાં ૬૮૫ બેસવા લાયક છે અને ૯૮ જર્જરિત થયેલ છે. જર્જરિત એટલે તૂટી ગઈ એવું નથી પરંતુ એની તપાસ કરવા એંજિનિયરો દ્વારા એની અમે તપાસ કરીશું અને એ ચોક્કસપણે વાપરવા લાયક નહીં હશે તો અમારી જોડે ૧૬૦૦ કરતાં વધારે જર્જરિત પંચાયત ઘરો આવા થયા છે એના માટે બજેટ પણ અમે બનાવ્યું છે અને અમે તબક્કાવાર બાંધવાનું હાથમાં લઈશું.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ. પ્રશ્ન ક્રમાંક. ૧૩.

### અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ રોપા ઉછેરવા બાબત

***૧૦૬૮૮ શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ(બાવળા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**વન મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કુલ ૭૭.૯૬ લાખ રોપાઓ ઉછેરવામાં આવેલ છે.

(૨) આ વનીકરણ પાછળ કુલ રૂા. ૧૪૭.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિભાગ છે એણે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પહેલા જંગલ ખાતું કહેવામાં આવતું હતું અને જંગલ ખાતામાં જે તે વખતે પદાધિકારીઓ અને ચૂંટાયેલા અધિકારીઓએ જંગલmને કાપી નાખ્યું એના લીધે આખું ક્લાયમેટ ચેઈન્જ થયું અને વરસાદ અનિયમિત થયો, આ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી વન વિભાગ અને વન ઉગાડવા માટેના જે કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે એમાં વન ઉગાડવા માટે ત્યાં રોપાઓ સામાજિક વનીકરણમાં રોપાઓ આપવામાં આવે છે, એ કોને આપવામાં આવે અને એમાં કોઈને આવક થાય છે કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, જે ગ્રામ વનો અને પટ્ટી વાવેતરો જે થાય છે એમાંથી જે આવક ઊભી થાય છે એ આવક ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત અને વન વિભાગ એની વહેંચણી કેવી રીતે કરવામાં આવે છે? આ આવક થતી હોય છે તે ગામને જે લોકફાળો મળે છે એનાથી ગામનો વિકાસ થાય છે એટલે આ કેવી રીતની પદ્ધતિ છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, લોકોને સ્થાનિક રીતે બળતણ, નાનું ઈમારતી લાકડું મળી રહે તે માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ગૌચરની જમીન તેમજ રસ્તાની બાજુમાં, નહેર કાંઠા જમીનોમાં વનીકરણ કરવામાં આવે છે. લોકોને વન પેદાશોની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમ લોકો આ કાર્યક્રમમાં સહભાગી થાય તે હેતુથી આ વનીકરણ કાર્યક્રમ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષો પરિપકવ થતાં તેમાંથી મળતી પેદાશોની વહેંચણી અને આવકનો ભાગ પંચાયતોને આપવામાં આવે છે. ગૌચરની જમીનમાં વનીકરણ કરવા માટે ગ્રામ પંચાયતો દ્વારા ઠરાવ કરી વન વિભાગને મોકલવામાં આવે છે અને તે જ જમીનમાં વનીકરણ કરવા માટે કલેકટરશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવે છે. આવો ઠરાવ મળેથી વન વિભાગ દ્વારા ગૌચરની જમીનમાં ગ્રામ્ય વનો ઉછેરવામાં આવે છે. સામાન્ય રીતે ચાર હેકટર ગૌચરની જમીનમાં ગ્રામ્ય વન ઉછેરવામાં આવે છે. આ ગ્રામ વનો પરિપકવ થાય ત્યાં સુધી વચગાળાની પેદાશો જેવી કે, પાન, સુકાં જલાઉ કાઠી, ફળ, ફૂલ, સૂકું ઘાસ, ગુંદર વગેરે ગામના લોકો વાવે અને હયાત વૃક્ષોને નુકસાન ન થાય તે રીતે વિનામૂલ્યે લઈ જાય છે.અને પરિપકવ થયા બાદ ગ્રામવનોના વૃક્ષોની હરાજી કરવામાં આવે છે જેની કુલ આવકમાંથી ગ્રામવનોના ઉછેરનો ખર્ચ બાદ કરતા અને જો કાપણી અંગે કોઈ ખર્ચ કરવામાં આવે તો તે ખર્ચ પણ બાદ કરતા ચોખ્ખી આવકની રકમમાંથી ૭૫ટકા રકમ ગ્રામ પંચાયતના જાહેર હિતાર્થે વાપરવામાં આવે છે અને ૨૫ટકા આવક વન વિભાગ અને ગ્રામ વનોના સંયુકત ખાતામાં રાખવામાં આવે છે જેમાંથી પુનઃ વનીકરણ થઈ શકે છે એમણે પટ્ટી વાવેતરની વાત કરી. પટ્ટી

વાવેતર એટલે કે રસ્તાની બાજુમાં વાવેતર અને કેનાલની બાજુમાં વાવેતરમાં આવકની વહેંચણી તાલુકા પંચાયત સાથે કરવામાં આવે છે. પટ્ટી વાવેતરના કિસ્સામાં ચોખ્ખી આવક ખર્ચ બાદ કરીને ૫૦ટકા જે તે તાલુકા પંચાયત તાલુકા વિકાસના કામો માટે ફાળવે છે અને ૫૦ટકા રકમ વન વિભાગમાં જમા કરાવવામાં આવે છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મિંગની અસર નીચે હોય ત્યારે ગુજરાત સરકારે વિરાંજલી વન, તપોવન, નંદનવન, નવગ્રહવન, ઔષધવન, વનકુટિરો આવા અનેક કાર્યક્રમો આપીને ગુજરાતને હરિયાળું બનાવવા પ્રયત્ન કર્યો છે તે બદલ ગુજરાતના મુખ્યમંત્રી અને વન મંત્રીને અભિનંદન આપું છું અને સાથોસાથ સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલા વિસ્તારમાં તાલુકાવાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે તે જણાવવા કૃપા કરશો.

: માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં દસક્રોઈ તાલુકામાં વાવેતર ૧૪૦ હેકટર, ખર્ચ ૨૧,૮૭,૦૦૦, સાણંદ તાલુકામાં વાવેતર ૮૨ હેકટર, ખર્ચ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે અમદાવાદ જિલ્લાના જ માગ્યા છે. કુલ આપી દો કારણકે હજી બીજા બે પ્રશ્નો બાકી છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : સાહેબ, હું કુલ આપી દઉં. અમદાવાદ જિલ્લામાં કુલ વાવેતર ૧૬૭૭હેકટર ખર્ચ ૩૦૧,૮૦,૦૦૦ છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં ૨૦૦૮-૦૯ દરમિયાન જે રોપાનું વાવેતર થયું છે એના કારણે કેટલા માનવદિનની રોજગારી ઉત્પન્ન થયેલ છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ૨૦૦૮-૦૯માં કિસાન નર્સરીમાં ૭૦૫૨ માનવદિન, ખાસ અંગભૂત નર્સરીમાં ૮૪૬૨ માનવદિન તેમજ ખાતાકીય વાવેતરમાં એકલાખ ચારસો બાસઠ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે. આમ કુલ બેલાખ પાંચસો એંસી માનવદિન રોજગારી ઉત્પન્ન થઈ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સામાજિક વનીકરણ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં જે રીતે આયોજન કરવામાં આવ્યું છે. એ શહેર અને જિલ્લો લગભગ સાથે છે તો અમદાવાદ શહેરમાં વન વિભાગ આનું નેતૃત્વ લઈને જયાં સરકારી સંકુલો છે, મહેસૂલ વિભાગના ખાલી પ્લોટો છે ત્યાં વન વિભાગની નિગરાણી હેઠળ આમાં સામાજિક વનીકરણના ભાગરૂપે આપણે કોઈ આયોજન કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કેટલાક સમયથી આપણા ગૃહના ધારાસભ્ય ભરતભાઈ બારોટ દર વર્ષે વન મહોત્સવમાં એમના વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખે છે અને એ રીતે અમદાવાદ શહેરમાં પણ અમે જુદીજુદી જગ્યાએ મહેસૂલ વિભાગ જગ્યા જો આપે તો અમે વનીકરણ કરવા માટે તૈયાર છીએ.

## રાધનપુર તાલુકામાં રેશનકાર્ડ માટેની અરજીઓ

*** ૧૦૬૭૭ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પાટણ જિલ્લાનાં રાધનપુર તાલુકામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી, અને
(૨) તે પૈકી પ્રકારવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને
(૩) બાકી અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૧૫૯૧ અરજીઓ મળેલ છે.
(૨) તમામ અરજી એપીએલ હતી અને તમામ મંજૂર કરેલ છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના રાધનપુરમાં રેશનકાર્ડ માટે ૧૫૯૧અરજી કરેલ હતી એ તમામ અરજીઓ સરકારશ્રીએ મંજૂર કરેલ છે તે માટે હું રાજય સરકારનો આભાર માનું છું પરંતુ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એ.પી.એલ. માટેના તો કાર્ડ મળી ગયા પણ બી.પી.એલ. કાર્ડ માટેની અરજી કરી હોય અને એનો સરવે કરવા માટે આવે છે ત્યારે ચોમાસામાં મચ્છર ન કરડે એના માટે ૪૦૦-૫૦૦ રૂપિયાનો પંખો લાવીને લગાડયો હોય તો એ વ્યકિત બી.પી.એલ.માં દાખલ થઈ શકતી નથી અને પૂછીએ છીએ તો એમ જાણવા મળે છે કે કેન્દ્ર સરકારના ધારાધોરણોની અંદર આ નથી આવતું તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે બી.પી.એલ. અને અંત્યોદયના કાર્ડ મેળવવા માટેના ધારાધોરણો શું છે?અને આ ધારાધોરણ ગુજરાતની સ્પેશ્યલ સ્થિતિ છે જે અલગ પ્રકારની એને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સુધારે એ માટે રજૂઆત કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ બી.પી.એલ. કાર્ડની જે આખી નીતિ મોકલવામાં આવે છે તે કેન્દ્ર સરકાર તરફથી આપણને મોકલવામાં આવે છે અને ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર રૅશનકાર્ડ કાઢીએ છીએ. એના પ્રમાણે કાઢીએ છીએ તો પણ આપણા જે ટોટલ કાર્ડ નીકળે છે, એના ક્વોટા કેન્દ્ર સરકાર આપતી નથી. એમને પસંદ પડે તેટલા ક્વોટા આપણને આપતા હોય છે. આજે ગુજરાતમાં રૅશન કાર્ડ, બી.પી.એલ. કાર્ડ ઘણાને આપી શકતા નથી. એનો લાભ આપી શકતા નથી. એમણે પ્રશ્ન પૂછયો છે કે એના જે નિયમો બનાવ્યા છે એ જાણવાની જરૂર છે કે જે અંત્યોદય માટે છે એના નિયમોમાં કુટુંબના વડા જે વિધવા હોય, કાયમી અશક્ત હોય તો તેવી વ્યકિતઓ અંત્યોદયમાં લેવાય છે. શારીરિક ખોડખાપણવાળી વ્યક્તિ અંત્યોદયમાં લેવાય છે. ૬૦ કે તેથી વધુ વર્ષની ઉમંરના વૃદ્ધો કે જેમને જીવન નિર્વાહ માટે કોઈ કૌટુંબિક, સામાજિક આધાર ન હોય, આદીમ જુથના કુટુંબો, એચ.આઈ.વી. એઈડ્સગ્રસ્ત લોકો હોય તેમને બી.પી.એલ. માટે રાજ્ય સરકાર બી.પી.એલ.ની યોજનામાં લાભ આપીએ છીએ. અરજદાર અરજી સાથે નિયત નમૂનામાં ચેકલિસ્ટમાં વિગતો ભરી અને પુરવઠા મામલતદારને અરજી કરે તો કાઢી આપવામાં આવે છે. બી.પી.એલ. કાર્ડમાં એક મર્યાદા છે. ગામડામાં માણસ વ્યકિત છે એ ૩૨૪ રૂપિયાની માસિક આવક હોય, શહેરી વિસ્તારમાં ૫૦૧ રૂપિયાની માસિક આવક હોય અને કરેલો નિયમ ભારત સરકારનો એ છે કે પંખા ન હોવા જોઈએ, લાઈટ ન હોવી જોઈએ આ બધી વ્યવસ્થાને ચેક કરતાં એના પૅરામીટરમાં આવે તો બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. ગ્રામસભામાં કોઈપણ વ્યકિતને જેટલું ગામ ઓળખે એટલું આપણે નથી ઓળખતા. અધિકારીઓ કઈપણ મનમાની કરે અથવા કઈક ખોટું થયેલ હોય તો તેમાં બી.પી.એલ., એ.પી.એલ., અંત્યોદય કાર્ડ તૈયાર કરવામાં આવે છે, એ કાર્ડને ગ્રામસભામાં મુકવામાં આવે છે. ગામના લોકો મંજૂર કરે તો આખરીકરણ કરવા માટે એ કેસ અધિકારી હાથમાં લે છે એ પ્રમાણે અંત્યોદય, બી.પી.એલ. કાર્ડ કાઢવામાં આવે છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : રાધનપુર તાલુકામાં પડિત દીન દયાલ ગ્રાહક ભંડાર સંચાલિત વ્યાજબી ભાવની દુકાન એ પ્રકારવાર કેટલી?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન કાર્ડનો છે. દુકાનના પ્રશ્નમાં કયાં જઈશું? પૂરક પ્રશ્ન મુખ્ય પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો હોય તો જવાબ માગીએ તો વધારે સારું રહેશે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : રાધનપુર તાલુકામાં જે વ્યાજબી ભાવની દુકાન કેટેગરીવાઈઝ માગી છે. કુલ દુકાન ૫૮ છે. સરકારી મંડળી આધારિત રાધનપુરમાં ૩ દુકાનો છે. ખાનગી ઈસમો માટે ૫૫, પુરુષ સંચાલિત ૪૯ અને મહિલા સંચાલિત ૬ છે, એમાં પણ અનુસૂચિત જાતિની ૬ છે. અનુસૂચિત જનજાતિની ૧ છે. શારીરિક શૈક્ષણિક પછાત ૩૧ છે. શારીરિક ખોડખાપણવાળી ૩ છે. સામાન્ય વર્ગની ૧૪ છે. આ પ્રમાણે દુકાનની વ્યવસ્થા રાધનપુર તાલુકામાં છે.

## રાજકોટ જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો

***૧૦૮૨૩ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત તરીકે જાહેર કરવામાં આવી?

(૨) રાજય સરકાર આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં
વધારો કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માગે છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) શૂન્ય

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે

**સમરસ ગ્રામ પંચાયતની યોજનામાં પ્રોત્સાહક અનુદાન ગ્રામ પંચાયતની વસ્તીના આધારે શું આપવામાં આવે છે અને** મહિલા સમરસ ગ્રામ પંચાયતને પ્રોત્સાહક અનુદાન શું આપવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : સમરસ પંચાયતની યોજના તે ગુજરાત સરકાર અને ખાસ કરીને મુખ્યમંત્રીશ્રીએ જવાબદારી લીધી તે પછી સમરસ યોજના અહીયા શરૂ થઈ. એ પહેલા હતી પણ તે સો કોલ્ડ યોજના જેવી લાગે, પણ હકીકતમાં આખું એનું મોમેન્ટમ આવ્યું એ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આનો બેઈઝ બનાવ્યો. ગામડાઓમાં એનકરેજ કરેલ છે કે જે ચૂંટણીમાં લડે છે, વિખવાદ કરે છે, એના આધારે ગામડા તૂટી જાય છે.

**અધ્યક્ષશ્રી**: પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### ખેડા જિલ્લામાં રોડની સાઈડમાં તારની વાડ

૯૮૨૨**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા રોડની સાઈડોમાં કેટલી લંબાઈની તારની વાડ કરવામાં આવી છે,

(૨) ઉક્ત તારની વાડ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) તેનાથી શો ફાયદો થયો છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ખેડા જિલ્લામાં તાલુકા દીઠ નીચે મુજબની લંબાઇની તારની વાડ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રોડની સંખ્યા | તારની વાડ રનીંગ મીટર |
|---|---|---|---|
| ૧ | માતર | ૧ | ૭૨૦ |
| ૨ | કપડવંજ | ૧ | ૨૩૫૦ |
| ૩ | ઠાસરા | ૨ | ૬૮૫૦ |
| | કુલ | ૪ | ૯૯૨૦ |

(૨) ઉક્ત વાડ પાછળ રૂા. ૪.૧૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) તારની વાડથી ગાય, ભેંસ, ઘેટાં, બકરાં તથા અન્ય ચરીયાણ કરતા પશુઓથી રક્ષણ મળે છે, રોપાના ગેરકાયેદસર કટીંગથી નુકશાન તેમજ અન્ય બિન અધિકૃત તત્વો દ્વારા થતા નુકશાનમાં મહ્દ અંશે ઘટાડો થાય છે. આથી જીવંત ટકાવારીનો ગ્રાફ ઉંચો રહે છે.

------------

### લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં નર્સરીઓમાં રોપા તૈયાર કરવા બાબત

૯૬૬૮**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વન વિભાગ ધ્વારા ક્યા ક્યા પ્રકારની નર્સરીઓમાં કેટલા રોપા તૈયાર કરવામાં આવેલ છે,

(૨) તે માટે સરકારે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વન વિભાગ દ્વારા વિવિધ પ્રકારની નર્સરીઓમાં નીચે મુજબના રોપાઓ તૈયાર કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | નર્સરીનો પ્રકાર | ૨૦૦૮ના વરસાદ માટે | ૨૦૦૯ના વરસાદ માટે |
|---|---|---|---|
| લુણાવાડા | ખાતાકીય નર્સરી (ક્ષત્રિય) | ૧.૫૮ | ૨.૨૧ |
| | ખાતાકીય નર્સરી (સા.વ.યો.) | ૧.૪૯ | ૦.૬૫ |
| | કીસાન નર્સરી (સા.વ.યો.) | ૧.૫૦ | ૪.૫૦ |
| | વનમહોત્સવ નર્સરી (સા.વ.યો.) | ૩.૦૦ | ૨.૦૫ |
| | **કુલ :** | **૭.૫૭** | **૯.૪૧** |
| ખાનપુર | ખાતાકીય નર્સરી (ક્ષત્રિય) | ૨.૯૮ | ૧.૫૬ |
| | ખાતાકીય નર્સરી (સા.વ.યો.) | ૧.૨૫ | ૦.૫૬ |
| | કીસાન નર્સરી (સા.વ.યો.) | ૧.૫૦ | ૩.૨૦ |
| | વનમહોત્સવ નર્સરી (સા.વ.યો.) | ૩.૦૦ | ૨.૦૫ |
| | **કુલ :** | **૮.૭૩** | **૭.૩૭** |

(૨) તે માટે સરકારે કુલ ૫૯.૩૫ લાખની ગ્રાન્ટ ફાળવી છે.

(૩) તે પૈકી રૂા. ૫૩.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

------------

**વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિવાસીઓને જંગલની જમીનોની સનદ**

૧૧૧૦૪**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદીવાસીઓને જંગલની જમીનોની સનદો તાલુકાવાર આપવામાં આવી,

**જવાબ**

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી પરંતુ અધિકાર પત્ર આપવામાં આવે છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | વન અધિકારપત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૫૮ |
| ૨ | વિજયનગર | ૧૩૬ |
| ૩ | ભિલોડા | ૨૭૪ |
| ૪ | મેઘરજ | ૨૮૫ |
| | **કુલ :** | **૭૫૩** |

(૨) કેટલા લોકોને સનદો આપવાની બાકી છે,

(૨) ૧૭૧૪૩ વ્યક્તિઓની અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૩) બાકી રહેવાના શાં કારણો છે, અને

(૩) અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૪) ઉક્ત સનદો ક્યાં સુધીમાં આપી દેવામાં આવશે ?

(૪) ટૂંક સમયમાં.

------------

**દાહોદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકો**

૯૬૭૬**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા બી.પી.એલ. કાર્ડધારકો નોંધાયેલ છે,

**જવાબ**

(૧) તાલુકાવાર બી. પી. એલ. કાર્ડ ધારકોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બી. પી. એલ. કાર્ડ |
|---|---|---|
| ૧ | ઢાહોદ | ૭૧૬૬ |
| ૨ | ગરબાડા | ૩૩૪૦ |
| ૩ | ઝાલોદ | ૯૦૨૩ |
| ૪ | ફતેપુરા | ૪૦૨૮ |
| ૫ | લીમખેડા | ૫૯૩૯ |
| ૬ | ધાનપુરા | ૪૨૧૫ |
| ૭ | દેવગઢબારીયા | ૩૧૧૪ |
| | **કુલ :** | **૩૬૮૨૫** |

(૨) આ કાર્ડધારકોને માસવાર કુલ કેટલો જથ્થો ખરેખર મળવાપાત્ર થાય છે, અને

(૨) કાર્ડ ધારકોને માસવાર નીચે મુજબ જથ્થો મળવાપાત્ર થાય છે.

| ક્રમ | યોજના/વસ્તુ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|
| ૧ | બીપીએલ ઘઉં | ૩,૩૧,૪૨૫ કિ.ગ્રા. |
| ૨ | બીપીએલ મકાઇ અથવા બીપીએલ ચોખા | ૧,૨૮,૮૮૭ કિ.ગ્રા. |
| ૩ | બીપીએલ સ્પે. ઘઉં | ૧,૮૪,૧૨૫ કિ.ગ્રા. |
| ૪ | બીપીએલ સ્પે. ચોખા | ૯૨,૦૬૨ કિ.ગ્રા. |
| ૫ | બીપીએલ ખાંડ | ૧,૩૮,૦૮૪ કિ.ગ્રા. |
| ૬ | પામોલીન તેલ | ૩૬,૮૨૫ લીટર |
| ૭ | કેરોસીન | ૨,૫૭,૭૭૫ લીટર |

(૩) માસવાર કેટલો જથ્થો ફાળવવામાં આવે છે ?

(૩) માસવાર નીચે મુજબ જથ્થો ફાળવવામાં આવે છે.

| ક્રમ | યોજના/વસ્તુ | જથ્થો |
|---|---|---|
| ૧ | બીપીએલ ઘઉં | ૨,૯૬,૦૦૦ કિ.ગ્રા. |
| ૨ | બીપીએલ મકાઇ | ૧,૨૬,૦૦૦ કિ.ગ્રા. |
| ૩ | બીપીએલ સ્પે. ઘઉં | ૧,૪૦,૦૦૦ કિ.ગ્રા. |
| ૪ | બીપીએલ સ્પે. ચોખા | ૭૬,૦૦૦ કિ.ગ્રા. |
| ૫ | બીપીએલ ખાંડ | ૧,૩૬,૭૭૪ કિ.ગ્રા. |
| ૬ | પામોલીન તેલ (એપ્રિલ-૦૮ થી નવેમ્બર-૦૮) | ૩૬,૮૨૫ લીટર |
| ૭ | કેરોસીન | ૨,૫૩,૩૯૨ લીટર |

------------

## ભરૂચ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર

૯૬૫૫ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારની સંખ્યા કેટલી છે,

(૨) તે અન્વયે કેટલા કેન્દ્રો સંચાલકો વિનાના છે, કે આવા કેન્દ્રો અન્ય ગ્રાહક ભંડાર હેઠળ ચલાવવામાં આવે છે, અને

(૩) આવા કેન્દ્રોમાં સંચાલકો સત્વરે મૂકવા શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોની સંખ્યા |
|---|---|---|
| (૧) | ભરૂચ | ૧૫૧ |
| (૨) | અંક્લેશ્વર | ૮૫ |
| (૩) | આમોદ | ૩૯ |
| (૪) | ઝઘડીયા | ૭૬ |
| (૫) | જંબુસર | ૭૩ |
| (૬) | વાલીયા | ૫૧ |
| (૭) | વાગરા | ૩૨ |
| (૮) | હાંસોટ | ૨૮ |
| | **કુલ :** | **૫૩૫** |

(૨) ૪૭

(૩)

| અ.નં. | દુકાનની સંખ્યા | કરેલ આયોજન |
|---|---|---|
| (૧) | ૧૮ | જાહેરનામું બહાર પાડેલ છે. |
| (૨) | ૧૮ | દુકાનો અપીલ હેઠળ છે. |
| (૩) | ૦૧ | વારસાઇથી દુકાન શરૂ થઇ છે. |
| (૪) | ૧૦ | દુકાનો જાહેરનામા પાડવા ઉપર બાકી છે. |
| **કુલ :** | ૪૭ | |

------------

## પોરબંદરના બરડાના જંગલમાં આવેલ નેસમાં પ્રાથમિક શાળાના મકાનો

૧૦૫૩૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ પોરબંદરના બરડાના જંગલમાં કેટલા નેસમાં પ્રાથમિક શાળાના મકાનો છે,

(૨) બાકી રહેલા નેસમાં પ્રાથમિક શાળાના મકાનો બાંધવા વન વિભાગ મંજૂરી આપવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) પોરબંદરના બરડાના જંગલોમાં એક નેસમાં પ્રાથમિક શાળાનું મકાન છે.

(૨) જરૂરી જમીનની માગણીની સંપૂર્ણ દરખાસ્ત મળ્યા બાદ મંજૂરી મેળવવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(વન્યપ્રાણી અધિનિયમ-૧૯૭૨ અન્વયે મંજૂરી આપવા માટે રાજ્યની સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફ, ભારત સરકાર તથા ભારત સરકાર દ્વારા ગઠિત સ્ટેન્ડીંગ કમિટી ઓન નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફ, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગઠિત સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી તેમજ નામદાર સુપ્રિમ કોર્ટની મંજૂરી મળ્યા બાદ, વન વિભાગ આવી મંજૂરી આપવા રાજ્યના મુખ્ય વન્યજીવ સંરક્ષકને અધિકૃત કરે છે.)

(૩) સંપૂર્ણ દરખાસ્ત મળ્યા બાદ ઉપર ખંડ-૨ માં જણાવ્યાનુસાર તબક્કાવાર મંજૂરી મળ્યેથી, મુખ્ય વન્યજીવ સંરક્ષક મંજૂરી આપી શકે છે.

## મહેસાણા જિલ્લામાં વન તલાવડીઓ

૧૦૬૮૨**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સને ૨૦૦૮-૨૦૦૯માં કેટલી વન તલાવડી બનાવવામાં આવી છે, અને | (૧) મહેસાણા જિલ્લામાં સને ૨૦૦૮-૨૦૦૯ માં કોઇ વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૦૭૧૪**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૩૯. |
| (૨) ઉક્ત જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ? | (૨) બનતી ત્વરાએ. |

**સાબરકાંઠા જિલ્લામાં વનીકરણ કરવા બાબત**

૧૦૬૮૦**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને | (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન વન વિભાગ દ્વારા ૮૩૩૫ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) આ વનીકરણ પાછળ રૂ. ૧૦૨૦.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસો**

૧૦૬૯૮**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા નવા કેસો રજૂ થયા, | (૧) ૨૨૧૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૧૫૨૫. |
| (૩) કેટલા કેસો પડતર છે ? | (૩) ૫૫૬૪. |

**આણંદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૦૨૫૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) કેટલા તલાટી-કમ-મંત્રીઓ પાસે વધારાના ગામોનો ચાર્જ છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૦ |
| ૨ | ઉમરેઠ | ૦૫ |
| ૩ | બોરસદ | ૨૦ |
| ૪ | આંકલાવ | ૦૯ |
| ૫ | પેટલાદ | ૧૪ |
| ૬ | સોજિત્રા | ૦૭ |
| ૭ | ખંભાત | ૨૨ |
| ૮ | તારાપુર | ૦૫ |

(૨) ૩૦

(૩) ખાલી જગ્યાઓ ભરવાની બાબત વિચારણા હેઠળ છે.

------------

### અમદાવાદ જિલ્લામાં પંચાયત ઘર અને તલાટી મંત્રી આવાસો

૧૦૬૮૭**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પંચાયત ઘર અને તલાટી-મંત્રી આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૭ (સત્તર) |
| (૨) તે પેકી કેટલા આવાસોનું કામ પૂર્ણ થયું, અને | (૨) ૧ (એક) |
| (૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ.૩.૩૨ લાખ (રૂપિયા ત્રણ લાખ બત્રીસ હજાર) |

------------

### ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો

૧૦૮૩૦**શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર કુલ-૨૦૬૨ આવાસો બાંધવામાં આવ્યા.(*પત્રક સામેલ છે) |

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | લક્ષ્યાંક | | તે પેકી બાંધેલ આવાસોની સંખ્યા | | તા.૩૧-૫-૦૯ સ્થિતિએ બાંધેલ આવાસોની કુલ સંખ્યા | થયેલ ખર્ચ | | તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ થયેલ કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૦૮-૦૯ (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૩-૦૯ સુધી | ૨૦૦૯-૧૦ (તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૫-૦૯ સુધી) | | ૨૦૦૮- ૦૯ (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૩-૦૯ સુધી | ૨૦૦૯-૧૦ (તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૫-૦૯ સુધી) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ભાવનગર | ૪૦૧ | ૯૪૨ | ૨૨૭ | ૮ | ૨૩૫ | ૭૦.૫૦ | ૧૦.૮૦ | ૮૧.૩૦ |
| ૨ | બોટાદ | ૩૧૭ | ૭૫૯ | ૨૨૧ | ૨૮ | ૨૪૯ | ૭૨.૫૪ | ૧૪.૦૧ | ૮૬.૫૫ |
| ૩ | ગઢડા | ૨૧૬ | ૫૨૫ | ૨૫૬ | ૦ | ૨૫૬ | ૫૯.૬૪ | ૦.૦૦ | ૫૯.૬૪ |
| ૪ | ગારીયાધાર | ૩૯ | ૨૦ | ૪ | ૦ | ૪ | ૧.૬૧ | ૦.૦૦ | ૧.૬૧ |
| ૫ | ઘોઘા | ૧૮૭ | ૪૩૯ | ૩૦ | ૫ | ૩૫ | ૧૦.૪૫ | ૦.૫૨ | ૧૦.૯૭ |
| ૬ | મહુવા | ૩૧૨ | ૭૪૭ | ૨૪૮ | ૧૨ | ૨૬૦ | ૬૭.૦૦ | ૧.૮૨ | ૬૮.૮૨ |
| ૭ | પાલીતાણા | ૩૩૨ | ૭૯૪ | ૩૨૬ | ૦ | ૩૨૬ | ૯૮.૪૬ | ૪.૩૮ | ૧૦૨.૮૪ |
| ૮ | સિહોર | ૨૯૧ | ૬૯૩ | ૨૬૭ | ૦ | ૨૬૭ | ૮૦.૫૫ | ૧.૪૩ | ૮૧.૯૮ |
| ૯ | તળાજા | ૬૮૬ | ૧૬૧૫ | ૨૮૯ | ૦ | ૨૮૯ | ૭૮.૭૦ | ૫.૯૬ | ૮૪.૬૬ |
| ૧૦ | ઉમરાળા | ૧૦૫ | ૨૪૬ | ૭૦ | ૦ | ૭૦ | ૩૦.૦૨ | ૦.૦૭ | ૩૦.૦૯ |
| ૧૧ | વલભીપુર | ૧૧૫ | ૨૭૨ | ૭૧ | ૦ | ૭૧ | ૨૫.૯૭ | ૦.૦૦ | ૨૫.૯૭ |
| | કુલ | ૩૦૦૧ | ૭૦૫૨ | ૨૦૦૯ | ૫૩ | ૨૦૬૨ | ૫૯૫.૪૪ | ૩૮.૯૯ | ૬૩૪.૪૩ |

| | |
|---|---|
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તેની પાછળ કુલ રૂ.૬૩૪.૪૩ લાખ ખર્ચ કરવામાં આવ્યો, અને |
| (૩) બાકી રહેલ આવાસોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) મકાનો લાભાર્થી પોતે બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરવામાં આવશે. |

------------

### શિહોર અને ગારિયાધાર તાલુકામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ માટેની અરજીઓ

૯૬૭૫ **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકામાં બી.પી.એલ. યાદીમાં સમાવવા માટેની કેટલી અરજીઓ આવેલ છે, અને

(૧) તા. ૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ૧૩૩૮૮ અને ગારીયાધાર તાલુકામાં ૪૩૯૪ અરજીઓ બી.પી.એલ. યાદીમાં સમાવવા માટે મળેલ છે.

(૨) તે પેકીનાં કેટલા નામોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ છે ?

(૨) તે પેકી જે નામોને બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે તેની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ |
|---|---|---|---|
| શિહોર | ૪૬૯ | ૧૦૦૨ | ૧૪૭૧ |
| ગારીયાધાર | ૧૫ | ૧૮૯ | ૨૦૪ |
| કુલ | ૪૮૪ | ૧૧૯૧ | ૧૬૭૫ |

------------

## સુરત જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૦૮૪૦**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કોઈ વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં થયેલ કેસો

૧૦૬૮૬ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૨૦૦૮ના કેલેન્ડર વર્ષમાં કુલ કેટલા કેસો નવા રજૂ થયા,

(૧) ૨૪૨૮

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) ૧૭૩૯

(૩) કેટલા કેસો પડતર છે ?

(૩) ૫૪૨૪

------------

## વડોદરા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર જ્ગ્યાઓ

૧૦૭૦૧**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨)

| | મંજૂર જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૬ | ૪ |
| વર્ગ-૨ | ૧૫૬ | ૩૫ |
| વર્ગ-૩ | ૩૩૪૭ | ૧૦૩૭ |
| વર્ગ-૪ | ૨૨૪ | ૨૪ |

(૩) આ ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

(૩) બનતી ત્વરાએ

## ગીરના જંગલમાં સિંહની વસ્તી

૯૬૫૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગીરના જંગલમાં સિંહ-સિંહણ અને બાળસિંહની કેટલી વસ્તી છે,

(૧) સને ૨૦૦૫ની છેલ્લી વસ્તી ગણતરી મુજબ ગીર જંગલમાં સિંહોની વસ્તી ૨૯૧નો અંદાજ છે, જે નીચે મુજબ છે.

| નર | માદા | બચ્ચા | કુલ |
|---|---|---|---|
| ૬૮ | ૧૦૦ | ૧૨૩ | ૨૯૧ |

(૨) તે અન્વયે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંહના અપમૃત્યુ/શિકારના કેટલા બનાવો બન્યા, અને

(૨) તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક પણ સિંહનું અપમૃત્યુ કે શિકાર થયેલ નથી.

(૩) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં

(૩) અપમૃત્યુ અને શિકારથી થતા મૃત્યુ અટકાવવા

લીધાં ?

સરકારશ્રી દ્વારા નીચેની વિગતે પગલાં લેવામાં આવેલ છે.

૧. બૃહદ ગીરની યોજના અમલમાં મૂકેલ છે.
૨. જંગલ ફેરણાને સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી ફોરેસ્ટર તથા બીટગાર્ડને ૨૦૦ મોટર સાયકલની ફાળવણી કરવામાં આવેલ છે.
૩. વન્યપ્રાણી મિત્રોની નિમણૂંક કરવામાં આવેલ છે.
૪. સમયાંતરે ગ્રામ્ય કક્ષાએ મીટીંગ યોજી અજાણી શંકાસ્પદ વ્યક્તિની જાણકારી મેળવવા લોકોનો સહકાર લેવામાં આવેલ છે.
૫. ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રી તથા ગામ લોકો સાથે મીટીંગ રાખવામાં આવે છે.
૬. પોલીસ અને વન ખાતા વચ્ચે કામગીરીમાં મદદરૂપ થવાના ઉદ્દેશથી જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષકશ્રીના વડપણ હેઠળ મંથલી મોનીટરીંગ કમીટીની રચના કરવામાં આવેલ છે. ૮ મીટીંગ યોજેલ છે.
૭. જંગલ વિસ્તારમાં જતા વાહનોની નોંધ તથા તેમાં જતી વ્યક્તિઓના નામ સરનામાં સાથેની યાદી રાખવામાં આવેલ છે. તેમજ કોઈપણ વ્યક્તિ જંગલમાં ગેરપ્રવૃત્તિ નથી કરતી તેની ઉપર વોચ રાખવામાં આવે છે.
૮. ૫ર પ્રાંતિય મજૂરોના ઢંગા ચકાસણી કરવામાં આવે છે.
૯. સ્ટાફને વાયરલેસ સુવિધા ફાળવવામાં આવેલ છે.
૧૦. ગીર વિસ્તારમાં રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિઓ જોવા મળે તેની જાત માહિતી મેળવાવમાં આવે છે.
૧૧. ગીર જંગલ વિસ્તારમાં ૬ કી. મી. વિસ્તારમાં ખેડૂતોના ખેતરમાં આવેલ ખુલ્લા કુવાને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવાની કામગીરી કરવામાં આવે છે. ૯૩૬૪ કુવાઓ સને ૨૦૦૭-૦૮થી મે -૨૦૦૯ દરમિયાન સુરક્ષિત કરેલ છે.
૧૨. જનજાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવે છે.
૧૩. નિયમિત સિંહ અવલોકનની કામગીરી તથા તેની સમીક્ષા કરવામાં આવે છે.
૧૪. ૫મિ ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓની સાથે ગેરકાયદેસર વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવે છે.
૧૫. સઘન પેટ્રોલીંગ અને અસરકારક ફેરણું કરવામાં આવે છે.

------------

## સાવલી તાલુકામાં સસ્તા અનાજની દુકાનોનું ચેકીંગ

૧૦૬૬૯ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ(સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં પુરવઠા અધિકારીઓ ધ્વારા સસ્તા અનાજની કેટલી દુકાનોમાં ચેકીંગ કરી ક્યા ક્યા પ્રકારની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

**જવાબ**

(૧) પુરવઠા અધિકારીઓ દ્વારા સસ્તા અનાજની ૨૬ દુકાનોમાં ચેકીંગ કરવામાં આવ્યું, તેમાં નીચે મુજબની ગેરરીતિઓ પકડવામાં આવી.

૧ હાજર જથ્થાની પ્રત્યક્ષ ખાતરી કરતા વગર વેચાણે હાજર જથ્થામાં વધ-ઘટ જણાઈ આવેલ છે.

૨ ભાવ જથ્થાનું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી.

૩ ફરિયાદ પેટી રાખેલ નથી.

૪ બી.પી.એલ/અંત્યોદય લાભાર્થીઓની યાદી કાર્ડધારકો જોઈ શકે તે રીતે મુક્વામાં આવેલ નથી.

૫ કાર્ડ રજીસ્ટરે તારીજ કાઢવામાં આવેલ નથી.

૬ અનઅધિકૃત જગ્યાએ જથ્થાનો સંગ્રહ કરેલ છે.

૭ બેરલ ઉપર નામ, સરનામું, પરવાના નંબર દર્શાવેલ નથી.

૮ મુદતી પત્રકો સક્ષમ અધિકારીશ્રીને મોકલવામાં આવેલ નથી.

૯ નિયત પ્રમાણ મુજબ વિતરણ કરવામાં આવેલ નથી.

૧૦ કાર્ડ ક્રોસ ચેકીંગ કરતા કાર્ડધારકના કાર્ડમાં નોંધ કર્યા સિવાય વેચાણ બિલો બનાવી જથ્થો અનધિકૃત વગે કરેલ છે.

૧૧ હિસાબી રેકર્ડ અદ્યતન રાખેલ નથી. તેમજ હિસાબો સાચા નિભાવેલ નથી.

૧૨ નિયત ભાવ કરતાં વધુ ભાવ લેવામાં આવેલ છે.

૧૩ નિયમિત દુકાન ખોલવામાં આવતી નથી.

(૨) ગેરરીતિ આચરનારા સામે શાં પગલાં લીધાં ?

(૨) નીચે મુજબના પગલાં લીધા.

૧ રૂા. ૬૬,૪૩૬/- ની કિંમતનો જથ્થો જપ્ત કર્યો.

૨ રૂા. ૪૬,૪૫૪/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.

૩ રૂા. ૨૭,૮૬૦/- ની પરવાના ડીપોઝીટ રાજ્યસાત કરી.

૪ એક પરવાનો મોકુફ રાખ્યો.

------------

**અબડાસા તાલુકામાં ભૂતિયા રેશનકાર્ડ**

૧૦૭૨૯**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા બી.પી.એલ. એ.પી.એલ. અને અંત્યોદય હતા, અને

**જવાબ**

(૧) ૧૬૦૭ રેશનકાર્ડ

(૩) નીચે મુજબ કાર્ડ રદ કરવામાં આવ્યા.

(૪)

| ક્રમ | કાર્ડનો પ્રકાર | રદ કરેલા કાર્ડ |
|---|---|---|
| ૧ | બી.પી.એલ. | ૨૭૫ |
| ૨ | એ.પી.એલ. | ૧૦૫૦ |
| ૩ | અંત્યોદય | ૨૮૨ |
| | કુલ | ૧૬૦૭ |

(૩) ભૂતિયા રેશનકાર્ડ બનાવનાર કર્મચારી સામે કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ ?

(૩) ભૂતિયા રેશનકાર્ડ નાબુદી ઝુંબેશના ભાગરૂપે રદ કરવામાં આવેલ હોઈ, કર્મચારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આણંદ જિલ્લામાં ગ્રામ મિત્રોની નિમણૂક**

૯૬૬૪ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલાં ગ્રામમિત્રોની નિમણૂક કરવામાં આવી,

(૨) કેટલી જ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) પુનઃનિમણૂક બાકી છે.

(૨) અને (૩) : ખાલી જ્યાઓ ભરવા માટે વિચારણા હેઠળ છે.

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં તલાટીઓનું મહેકમ**

૧૧૧૦૦ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતોમાં તલાટીઓનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જ્યા ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) :

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જ્યાઓ |
|---|---|---|---|
| ૧ | નડીઆદ | ૬૦ | ૧૬ |
| ૨ | મહુધા | ૩૨ | ૦૬ |
| ૩ | મહેમદાવાદ | ૪૩ | ૧૦ |
| ૪ | ખેડા | ૩૪ | ૧૧ |
| ૫ | માતર | ૪૪ | ૧૩ |
| ૬ | કપડવંજ | ૫૮ | ૧૫ |
| ૭ | કઠલાલ | ૩૩ | ૧૧ |
| ૮ | બાલાસિનોર | ૨૫ | ૦૮ |
| ૯ | વીરપુર | ૨૨ | ૦૪ |
| ૧૦ | ઠાસરા | ૬૬ | ૧૯ |

(૩) બનતી ત્વરાએ ભરવા આયોજન છે.

------------

**સુરત જિલ્લામાં ઘઉં અને ચોખાનું વિતરણ**

૧૦૬૯૪ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગરીબ કુટુંબોને કુલ કેટલા ટન ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) આ વિતરણ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) રાજ્ય સરકાર દ્વારા કેટલી સબસીડી ભોગવવામાં આવી ?

**જવાબ**

(૧)

| | યોજના | વિતરણ જથ્થો |
|---|---|---|
| ૧ | બીપીએલ ઘઉં | ૩૦,૧૦૦ મે. ટન |
| ૨ | અંત્યોદય ઘઉં | ૧૪,૬૯૨ મે. ટન (૧૨૩૩૦ મે. ટન ફોર્ટીફાઈડ આટો) |
| ૩ | બીપીએલ ચોખા | ૧૪,૦૩૬ મે. ટન |
| ૪ | અંત્યોદય ચોખા | ૧૧,૭૬૭ મે. ટન |

(૨) રૂા. ૩૩,૨૪,૯૦,૯૮૨-૦૦

(૩) રૂા. ૧૧,૨૪,૧૭,૮૯૪-૦૦

------------

**આણંદ જિલ્લામાં સ્મશાન સગડી આપવા બાબત**

૧૦૮૫૫ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સ્મશાન સગડી આપવાની યોજના છે કે કેમ,

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ગામ અને શહેરમાં ઉક્ત સ્થિતિએ સ્મશાન સગડી આપવામાં આવી છે, અને

(૩) બાકી રહેલ ગામોને સરકાર આવી સ્મશાન સગડી ક્યારે આપવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં તાલુકાવાર નીચેની વિગતે ગામ અને શહેરમાં સ્મશાન સગડી આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામ/શહેરની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૨ |
| ૨ | આંક્લાવ | ૨ |
| ૩ | બોરસદ | ૩ |
| ૪ | ખંભાત | ૨ |
| ૫ | પેટલાદ/સોજીત્રા | ૨ |
| ૬ | તારાપુર | ૧ |
| ૭ | ઉમરેઠ | ૨ |
| | **કુલ :** | **૧૪** |

(૩) સ્મશાન સગડીઓ નાણાંકીય ઉપલબ્ધતાના આધારે માંગણીઓનો અગ્રતાક્રમ ધ્યાને રાખી આપવામાં આવે છે.

------------

**સુરત જિલ્લામાં દીપડાએ કરેલ હુમલાઓ**

૯૬૬૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દીપડાએ કેટલા હિંસક હુમલા કર્યા છે,

(૨) તેમાં કેટલા મનુષ્ય, ગાય, ભેંસ અને બકરાના મૃત્યુ નોંધાયા છે, અને

(૩) આવા હિંસક દીપડાને પકડવા માટે સરકારે શી યોજના કરી છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ - ૬ હુમલાઓ થયેલ છે.

(૨) જેમાં માનવ મૃત્યુ - ૩ તથા ૧ - ભેંસ વાછરડીનું મૃત્યુ થયેલ છે.

(૩) આવા હિંસક હુમલાઓ કરતા દીપડાઓને યોગ્ય રીતે પકડવામાં આવે છે. અને તેમનો અભ્યાસ કરી, જો પ્રાણી સ્વસ્થ હોય તો અન્ય જંગલ ભાગમાં છોડવામાં આવે છે. અન્યથા ઝુ માં ખસેડવામાં આવે છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘર બનાવવા બાબત**

૧૦૬૮૪**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા,

(૨) પંચાયત ઘરો બનાવવાની ઉક્ત સ્થિતિએ કેટલી માગણીઓ પડતર છે, અને

(૩) ઉક્ત માગણીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૦ (શૂન્ય)

(૨) ૮૨ (બ્યાંસી)

(૩) બનતી ત્વરાએ.

## ગાંધીનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોની ચકાસણી

૧૦૭૦૬ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા ખાદ્યપદાર્થ અંગે કેટલા કેસોની ચકાસણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા કેસોમાં ફરિયાદના આધારે તપાસ થઈ ?

**જવાબ**

(૧) ૯૪૩

(૨) ૦૪

------------

## અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી આપવા બાબત

૧૦૮૮૮**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાદીઠ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના અન્વયે કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં એન.આર.ઈ.જી.એ. યોજનાનો અમલ તા. ૧-૪-૦૮ થી કરવામાં આવેલ છે.
તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના અન્વયે આપવામાં આવેલ માનવદિન રોજગારી અંગેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | માનવદિન રોજગારી અંગેની વિગતો | | |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (મે-૦૯ અંતિત) | કુલ |
| અમરેલી | ૨૪૩૦૭ | ૧૩૦૫ | ૨૫૬૧૨ |
| બાબરા | ૨૦૮૭૧ | ૧૦૯૧૦ | ૩૧૭૮૧ |
| બગસરા | ૩૬૨૬૯ | ૨૦૦ | ૩૬૪૬૯ |
| ધારી | ૧૪૫૧૩ | ૪૨૯૬ | ૧૮૮૦૯ |
| જાફરાબાદ | ૭૮૧૩ | ૩૦૫૨ | ૧૦૮૬૫ |
| ખાંભા | ૩૪૪૬ | ૧૧૨૧૦ | ૧૪૬૫૬ |
| કુકાવાવ | ૧૧૭૭૯ | ૧૧૨૦ | ૧૨૮૯૯ |
| લાઠી | ૩૩૦૮૧ | ૩૩૨૧૦ | ૬૬૨૯૧ |
| લીલીયા | ૮૭૯૯૭ | ૬૨૦૫૬ | ૧૫૦૦૫૩ |
| રાજુલા | ૨૬૬૬૨ | ૮૧૧૦ | ૩૪૭૭૨ |
| સાવરકુંડલા | ૨૯૨૬૨ | ૨૨૨૦૨ | ૫૧૪૬૪ |
| **કુલ :** | **૨૯૬૦૦૦** | **૧૫૭૬૭૧** | **૪૫૩૬૭૧** |

(૨) તે અન્વયે વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ. ૨૧૭.૭૧ લાખ અને વર્ષ ૨૦૦૯-૧૦માં (મે.-૦૯ અંતિત) રૂ.૧૨૯.૩૮ લાખ મળી કુલ રૂ. ૩૪૭.૦૯ લાખનો ખર્ચ થયેલ છે.

------------

## બનાસકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૧૦૬૭૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવેલ છે,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન ઉક્ત સ્થિતિએ આપવામાં આવ્યું નથી, અને

(૪) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે અનુદાન ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૬ (છવ્વીસ).

(૨) ૨૧ (એક્વીસ).

(૩) ૫ (પાંચ).

(૪) બનતી ત્વરાએ.

------------

**અમરેલી જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટની અરજીઓ**

૧૦૭૧૩ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ૧૦૦ ચો.વારના પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટેની ૧૬૮૬ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલા અરજદારોના ૧૦૦ ચો.વારના પ્લોટ આપ્યા, | (૨) ૧૦૧૩ લાભાર્થીઓને ૧૦૦ ચોરસવારના પ્લોટ આપ્યા.<br>૪૫૩ અરજીઓ રદ કરવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) ૨૨૦ અરજીઓ પડતર છે. |
| (૪) ઉક્ત પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) ૭૨ અરજીઓનો તા. ૧૨-૬-૦૯ ના રોજ નિકાલ કરવામાં આવેલ છે. બાકીની ૧૪૮ અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

------------

**સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન નીચે ચેકડેમ**

૧૦૬૯૫ **શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારમાં ગુજરાત પેટર્ન હેઠળ ચેકડેમ બનાવવાની યોજના અમલમાં છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૨) ૩૫ ચેકડેમ બનાવવામાં આવ્યા. |
| (૩) આ ચેકડેમના નિર્માણ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂા.૨૬૧.૬૯ લાખ. |

------------

**રાજુલા તાલુકાના રામપરા ગામે ગોચરની જમીનની માપણી**

૧૦૫૧૪**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે ગ્રામ પંચાયત દ્વારા ગોચરની જમીનની કોઈ માપણી કરાવવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવી માપણી ક્યારે કરાવેલ છે, | (૨) તા.૩૦-૪-૦૪ થી તા.૨૯-૫-૦૪ દરમ્યાન માપણી કરાવેલ છે. |
| (૩) જમીનની માપણી થતા તેમાં કોઈ ગેરકાયદેસર દબાણ માલુમ પડેલ છે કે કેમ, | (૩) હા, જી. |
| (૪) દબાણ કોના દ્વારા અને કેટલું કરવામાં આવેલ છે, અને | (૪) ચાર ખાનગી કંપની તથા ચાર ઇસમો દ્વારા કુલ હેક્ટર-આરે-ચોરસ મીટર<br>૧૦૮ - ૩૬ - ૧૮ દબાણ કરવામાં આવેલ છે. |
| (૫) ગેરકાયદેસર દબાણ દૂર કરવા માટે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૫) બે ખાનગી કંપની તથા ત્રણ ઇસમોના દબાણ દૂર કરવામાં આવેલ છે. બે ખાનગી કંપનીની દબાણની મેટર સબજ્યુડિશ છે. બાકીના એક ખાનગી ઇસમનું દબાણ દુર કરવા અંગે ગ્રામ પંચાયત દ્વારા નોટીસ આપવામાં આવેલ છે. |

------------

**જામનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર જ્ગ્યાઓ**

૧૦૭૧૯**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર(રુરલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૦૭ ની સ્થિતિએ જામનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જ્ગ્યાઓ ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) :

| | મંજૂર જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૫ | ૦૪ |
| વર્ગ-૨ | ૧૭ | ૦૩ |
| વર્ગ-૩ | ૨૧૨૨ | ૭૦૧ |
| વર્ગ-૪ | ૨૨૪ | ૦૬૮ |

(૩) બનતી ત્વરાએ.

------------

**પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રોજગારી**

૧૦૬૭૮**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) કેટલા માનવદિન રોજગારી ઊભી થયેલ છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા.૭૧૩.૯૮ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ સુધીમાં ૧૧.૨૧ લાખ માનવદિન રોજગારી ઊભી થયેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં ગરીબ કુટુંબોને ઘઉં અને ચોખા આપવા બાબત**

૧૦૭૨૬**ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગરીબ કુટુંબોને રેશનિંગની દુકાન દ્વારા કુલ કેટલા ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) આ વિતરણ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી સબસીડી ભોગવવામાં આવી ?

**જવાબ**

(૧)

| યોજના | વસ્તુ | વિતરણ જથ્થો |
|---|---|---|
| ૧. | બી.પી.એલ. ઘઉં | ૧૫૫૯૩ મે.ટન |
| ૨. | બી.પી.એલ. ચોખા | ૪૬૨૦ મે.ટન |
| ૩. | અંત્યોદય ચોખા | ૫૩૬૦ મે.ટન |
| ૪. | અંત્યોદય ઘઉં | ૬૦૮૩ મે.ટન (૫૩૪૭ મે.ટન ફોર્ટીફાઇડ આટો) |

(૨) રૂા.૧૪,૮૨,૭૮,૧૬૦/-.

(૩) રૂા.૪,૭૫,૦૩,૪૦૦/-

------------

**અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે સીંગતેલનો ભાવ**

૯૬૫૧**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ-વડોદરા, રાજકોટ અને સુરત ખાતે સીંગતેલનો શું ભાવ હતો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૮ની સ્થિતિએ સીંગતેલનો નીચે મુજબનો ભાવ હતો.

| જિલ્લાનું નામ | તેલીયા ટીન ૧૫ કિલો રૂા.માં | લેબલ ટીન ૧૫ કિ.ગ્રા. રૂા.માં | નવા ટીન ૧૫ કિલો રૂા.માં |
|---|---|---|---|
| અમદાવાદ | ૯૨૦ | ૯૭૦ | ૯૭૦ |
| વડોદરા | ૯૫૦ | ૯૮૫ | ૯૬૫ |
| રાજકોટ | ૮૯૦ | ૮૯૦ | ૯૪૦ |
| સુરત | --- | ૯૯૦ | ૯૯૦ |

(૨) આ ભાવ વધારો ડામવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) ખંડ-૧માં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ સીંગતેલના ભાવ દર્શાવેલ છે જે ભાવ વધારો નથી ગતવર્ષની સરખામણીએ સીંગતેલના ભાવ ચાલુ વર્ષે નીચા છે જેથી ખાસ પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમરેલી જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૦૭૧૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામા ંતા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| **અ.નં.** | **કાર્ડનો પ્રકાર** | **રદ કરેલ કાર્ડની સંખ્યા** |
|---|---|---|
| ૧. | અંત્યોદય | ૪૩૨ |
| ૨. | બી.પી.એલ. | ૪૭૯૮ |
| ૩. | એ.પી.એલ. | ૨૧૮૮૭ |
| | **કુલ :** | **૨૭૧૧૭** |

(૨) તેનાથી સરકારને નાણાકીય શું ફાયદો થયો?

(૨) રૂા.૨૩,૨૧,૧૮૩ નો સબસીડીમાં ફાયદો થાય છે.

------------

**માંડવી તાલુકામાં સસ્તા અનાજની દુકાન ઉપર પાડેલ દરોડા**

૧૦૭૨૮**શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી(માંડવી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં માંડવી તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સસ્તા અનાજની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૨૦.

(૨) કોઇ પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ નથી.

(૩) કોઇ પરવાના રદ કરવામાં આવેલ નથી.

------------

**રાપર અને ભચાઉ તાલુકામાં રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા થયેલ કામ**

૧૦૮૪૬**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકામાં રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા મંજૂર થયેલ કામો પૂર્ણ થયા નથી તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા થનાર કામો અન્વયે રાપર અને ભચાઉ તાલુકામાં જિલ્લા કક્ષાએ મંજૂર રાખેલ રકમની સામે કેટલી રકમ વર્ષવાર ફાળવવામાં આવી, અને

(૩) રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ખર્ચ કરવામાં આવતી રકમમાં સરકાર અને આર.આર.ડી.ટી. નો કેટલો હિસ્સો હોય છે ?

**જવાબ**

(૧) જી, હા.

(૨) રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા થતાં કામો માટે સમગ્ર કચ્છ જિલ્લામાં હાથ ધરાનાર કામો માટે કામોની પ્રગતિના અનુસંધાને જરૂરીયાત મુજબની રકમ ટ્રસ્ટને ફાળવવામાં આવે છે. તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાપર તાલુકામાં રૂા.૭૦.૫૪ લાખ અને ભચાઉ તાલુકામાં રૂા.૬૯.૨૭ લાખ રકમના રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા થનાર કામોની મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ખર્ચ કરવામાં આવતી રકમમાં ૧૦૦ ટકા સરકારશ્રીનો હિસ્સો હોય છે.

------------

**ચીખલી તાલુકામાં ભૂતિયા રેશનકાર્ડ**

૧૦૬૯૧**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય હતા, અને

(૩) ભૂતિયા રેશનકાર્ડ બનાવનાર અધિકારીઓ સામે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ૨૬૦૨ રેશનકાર્ડ.

(૨) નીચે મુજબ કાર્ડ રદ કરવામાં આવ્યા.

| ક્રમ | કાર્ડનો પ્રકાર | રદ કરેલ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | બી.પી.એલ. | ૮૪૭ |
| ૨. | એ.પી.એલ. | ૧૬૫૭ |
| ૩. | અંત્યોદય | ૯૮ |
| | કુલ : | ૨૬૦૨ |

(૩) ભૂતિયા કાર્ડ નાબુદી ઝુંબેશના ભાગરૂપે કાર્ડ રદ કરવામાં આવેલ હોઇ, અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઇસ શોપ્સ**

૧૦૭૨૦ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારો મોડેલ ફેર પ્રાઇઝ શોપમાં ફેરવવામાં આવેલ છે ?

**જવાબ**

૧૯૧.

------------

**ગીરના સિંહોના સંરક્ષણ માટે રાજકોટ જિલ્લામાં જમીન ફાળવવા બાબત**

૧૦૦૫૫**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં આવેલ ગીરના સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે લાંબા ગાળાની યોજનાના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ઉક્ત કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જે જમીનનો કબજો મળી ગયો છે તેને સિંહોના રહેઠાણને અનુરૂપ બનાવવાની કાર્યવાહી ચાલુ છે.

------------

**ભરૂચ જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૦૮૨૯ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ માં કોઇ વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં ઇન્દિરા આવાસ બાંધવાની કામગીરી**

૧૦૬૮૫ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કેટલા ઇન્દિરા આવાસો પૂર્ણ કરેલ છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૯૯૦ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૦૦૯ ઇન્દિરા આવાસો પૂર્ણ કરેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂ. ૧૨૮૯.૦૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) મકાનો લાભાર્થી પોતે બાંધતા હોવાથી બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરવામાં આવશે.

------------

**વડોદરા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૦૮૨૮**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને | (૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ માં કોઇ વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જામનગર જિલ્લામાં ચેરના વૃક્ષો**

૧૦૯૭૪ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ચેરના રક્ષિત વૃક્ષ જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જામનગર જિલ્લામાં મે-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેરના વૃક્ષો હતા, | (૨) ચેરના વૃક્ષોની ગણતરી કરવાની પ્રથા અમલમાં ન હોય, આવી કોઇ ગણતરી કરવામાં આવતી નથી. |
| (૩) ૨૦૦૮-૦૯ની સાલમાં જામનગર જિલ્લામાં કેટલા ચેરના વૃક્ષો કાપી લેવામાં આવ્યા, અને | (૩) સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં જામનગર જિલ્લામાં ચેરના વૃક્ષ કપાણનો કોઇ બનાવ ધ્યાને આવેલ નથી. |
| (૪) ચેરના વૃક્ષો રક્ષીત હોવા છતાં તે કપાઇ જવાના શા કારણો છે અને જવાબદારો સામે શાં પગલાં લેવાયા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરત જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૦૮૩૯**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને | (૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ માં કોઇ વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બનાસકાંઠા જિલ્લામાં વોટર શેડની યોજનાઓ**

૧૦૮૩૫ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વોટર શેડ હેઠળ કેટલા તાલુકાઓ આવરી લેવામાં આવેલા છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં વોટરશેડ હેઠળ વાવ, થરાદ, દીયોદર, ભાભર, કાંકરેજ, ધાનેરા, ડીસા, દાંતીવાડા, અમીરગઢ, વડગામ તથા દાંતા તાલુકાઓને આવરી લેવામાં આવેલા છે. |
| (૨) ઉક્ત યોજના હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત યોજના હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એકપણ પ્રોજેક્ટ ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૩) મંજૂર થયેલ પ્રોજેક્ટ પાછળ કેટલો ખર્ચ કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મોડાસા તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

૧૦૯૯૬**શ્રી દિલીપસિંહ પરમાર(મોડાસા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મોડાસા તાલુકા પંચાયતમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી રહેલ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨)

| | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૨ | ૦૧ | ૦૦ |
| વર્ગ-૩ | ૭૨ | ૧૪ |
| વર્ગ-૪ | ૦૭ | ૦૨ |

(૩) બનતી ત્વરાએ.

------------

**બરડા અભયારણ્યની હદ નક્કી કરવા અંગેનો સેટલમેન્ટ એવોર્ડ**

૯૬૪૯**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના બરડા અભયારણ્ય માટે હદ નક્કી કરવા અંગેનો સેટલમેન્ટ એવોર્ડ સરકારે તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જાહેર કરેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર ક્યાં સુધીમાં સેટલમેન્ટ એવોર્ડ જાહેર કરવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સેટલમેન્ટ અહેવાલ સરકારશ્રીની વિચારણામાં છે.

------------

**કેશોદ તાલુકામાં સરદાર આવાસો**

૧૦૭૧૫**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ આવાસો લાભાર્થીઓને ક્યાં સુધીમાં સોંપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૧૨૨ સરદાર આવાસો બનાવવામાં આવ્યા.

(૨) ૧૨૨ લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા.

(૩) પ્રશ્ન નથી.

------------

**ખંભાત તાલુકામાં ઇન્દિરા આવાસ યોજનામાં આવાસો**

૧૦૭૦૨ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલા ઇન્દિરા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદો આપવામાં આવી, અને

(૩) બાકી રહેલાઓને ક્યાં સુધીમાં સનદો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૨૦ ઇન્દિરા આવાસ બનાવવામાં આવ્યા, (વર્ષ ૨૦૦૫-૦૬ માં ૨૪૮ તથા વર્ષ ૨૦૦૬-૦૭ માં ૨૭૨ આવાસો)

(૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસ બાંધકામ શરૂ કરી પૂર્ણ કરે છે. તેથી સનદ આપવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જંબુસર અને આમોદ તાલુકાની ગ્રામ પંચાયતના સરપંચો સામે પોલીસ કેસ**

૯૬૫૯ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર-આમોદ તાલુકાની કેટલી ગ્રામ પંચાયતના સરપંચો વિરૂધ્ધ પોલીસ કેસો થયા, અને | (૧) જંબુસર-૪<br>આમોદ- શુન્ય |
| (૨) આવા દાગી સરપંચોને દૂર કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) ૩ (ત્રણ) સરપંચને ફરજ મોકુફ કરવામાં આવેલ છે. ૧ (એક) સામે કાર્યવાહી ચાલુ છે. |

------------

**મોરબી તાલુકામાં ઇન્દિરા આવાસ યોજનામાં મકાનો**

૧૦૭૨૩ **શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં કેટલા ઇન્દિરા આવાસ બનાવવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં વર્ષ ૨૦૦૭-૦૮ માં ૭૦ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં ૨૬૬ ઇન્દિરા આવાસો એમ કુલ ૩૩૬ ઇન્દિરા આવાસો બનાવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને | (૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસ બાંધકામ કરે છે. તેથી સનદ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલાઓને સનદો ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં ગોચર દબાણ સેલ બનાવવા બાબત**

૧૦૯૨૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ(શાહપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગોચર દબાણ સેલ કાર્યરત છે, | (૧) રાજ્યમાં નીચે જણાવેલ જિલ્લાઓમાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ ગોચર દબાણસેલ કાર્યરત છે. |

| | | | |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧ | મહેસાણા |
| ૨ | અમરેલી | ૧૨ | નર્મદા |
| ૩ | બનાસકાંઠા | ૧૩ | પંચમહાલ |
| ૪ | ભાવનગર | ૧૪ | પોરબંદર |
| ૫ | ભરૂચ | ૧૫ | રાજકોટ |
| ૬ | ગાંધીનગર | ૧૬ | સુરેન્દ્રનગર |
| ૭ | જામનગર | ૧૭ | સાબરકાંઠા |
| ૮ | જુનાગઢ | ૧૮ | સુરત |
| ૯ | ખેડા | ૧૯ | વડોદરા |
| ૧૦ | કચ્છ | ૨૦ | વલસાડ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) જે જિલ્લામાં ગોચર દબાણ સેલ બનાવાયા નથી તેનાં શાં કારણો છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) બાકી રહી ગયેલા જિલ્લામાં ગોચર દબાણ સેલ ઉભા કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૩) વહેલી તકે વ્યવસ્થા કરવામાં આવશે. |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેડૂતોને જંગલની જમીન આપવા બાબત

૯૮૪૪**શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂતોને સરકારે જંગલની જમીનો આપવાની કાર્યવાહી કરેલ છે,

(૨) તાલુકાવાર કેટલા ખેડૂતો છે, અને

(૩) જો જંગલી જમીનો ફાળવવામાં ન આવી હોય તો તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | મંજૂર કરેલ વન અધિકારપત્ર |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦૧ |
| ૨ | નર્મદા | ૧૫૩ |

(૨)

| ભરૂચ જિલ્લો | | | | નર્મદા જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | | ક્રમ | તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા |
| ૧ | ઝઘડીયા | ૨૪૨૧ | | ૧ | નાંદોદ | ૧૮૩૨ |
| ૨ | વાલીયા | ૭૭૨ | | ૨ | દેડિયાપાડા | ૧૧૪૫૨ |
| ૩ | વાગરા | ૯૯ | | ૩ | સાગબારા | ૧૮૯૮ |
| ૪ | અંકલેશ્વર | ૦૦૦ | | ૪ | તિલકવાડા | ૦૦૦ |
| ૫ | હાંસોટ | ૦૦૦ | | | | |
| ૬ | આમોદ | ૦૦૦ | | | | |
| ૭ | જંબુસર | ૦૦૦ | | | | |
| ૮ | ભરૂચ | ૦૦૦ | | | | |
| | **કુલ :** | ૩૨૯૨ | | | **કુલ :** | **૧૫૧૮૨** |

(૩) અરજીઓ ચકાસણી હેઠળ છે.

## ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના

૯૮૨૩**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા કામો શરૂ કરવામાં આવ્યા છે,

(૨) કેટલા શ્રમિકોને રોજગારી આપવામાં આવી, અને

(૩) કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ શરૂ કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ એક વર્ષમાં શરૂ થયેલ કામોની વિગત (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધી) |
|---|---|
| બાલાસિનોર | ૪૫ |
| કપડવંજ | ૭૪ |
| કઠલાલ | ૧૬૬ |
| ખેડા | ૧૯ |
| મહેમદાવાદ | ૧૨૪ |
| મહુધા | ૫૮ |
| માતર | ૭૩ |
| નડીયાદ | ૮૯ |
| ઠાસરા | ૧૦૯ |
| વીરપુર | ૫૬ |
| લાઇન ડીપાર્ટમેન્ટ | ૭૭ |
| **કુલ :** | **૮૯૦** |

(૨) ખેડા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ૩૫૨૦૦ શ્રમિકોને રોજગારી આપવામાં આવી જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ એક વર્ષમાં રોજગારી પુરી પાડ્યાની વિગત (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધી) |
|---|---|
| બાલાસિનોર | ૧૦૦૮૦ |
| કપડવંજ | ૧૯૩૭ |
| કઠલાલ | ૩૦૭૭ |
| ખેડા | ૩૧૩ |
| મહેમદાવાદ | ૨૮૪૪ |
| મહુધા | ૧૧૭૬ |
| માતર | ૧૭૪૫ |
| નડીયાદ | ૧૯૧૦ |
| ઠાસરા | ૩૫૭૪ |
| વીરપુર | ૮૫૪૪ |
| **કુલ :** | **૩૫૨૦૦** |

(૩) ખેડા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રૂા. ૩૩૦.૪૭/- લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તેની તાલુકાવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ એક વર્ષમાં થયેલ ખર્ચની વિગત (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધી રૂા. લાખમાં) |
|---|---|
| બાલાસિનોર | ૩૧.૪૫ |
| કપડવંજ | ૧૫.૩૬ |
| કઠલાલ | ૩૭.૮૧ |
| ખેડા | ૨.૫૫ |
| મહેમદાવાદ | ૩૬.૪૯ |
| મહુધા | ૨૭.૧૭ |
| માતર | ૧૭.૨૪ |
| નડીયાદ | ૨૩.૩૯ |
| ઠાસરા | ૬૧.૨૫ |
| વીરપુર | ૬૭.૩૧ |
| લાઇન ડીપાર્ટમેન્ટ | ૧૦.૪૫ |
| **કુલ :** | **૩૩૦.૪૭** |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઘાસની વીડીઓ

૧૦૮૨૨ **શ્રી શંભુપ્રસાદ ટુંડીયા** (દસાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ કેટલી ઘાસની વીડીઓ આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અનામત વીડીઓ અને કેટલી બીન અનામત વીડીઓ છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૨૧ (એક્વીસ) ઘાસની વીડીઓ આવેલ છે.

(૨) તે પૈકી ૬ (છ) અનામત વીડીઓ અને ૧૫ (પંદર) બીન અનામત વીડીઓ છે.

------------

## ખેડા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૦૮૩૬ **શ્રી દેવુસિંહ ચૌહાણ** (માતર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કોઇ વન તલાવડી બનાવવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## લુણાવાડા અને ખાનપુર તાલુકામાં ગોચર, સરકારી પડતર અને ખરાબાની જમીનમાં દબાણો

૯૬૬૯**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં તા. ૩૦-૪-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગોચર, સરકારી પડતર અને સરકારી ખરાબાની જમીનોના દબાણો દૂર કરવાની કેટલી ફરિયાદો સરકાર પાસે પડતર છે,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં તા. ૩૦-૪-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ફરિયાદો પડતર છે.

(૨)

| ક્રમ | વિગત | કુલ ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોચર | ૪૨ |
| ૨ | સરકારી પડતર | ૦૦ |
| ૩ | સરકારી ખરાબો | ૦૨ |
| | **કુલ :** | **૪૪** |

(૨) તે પેકી તાલુકાવાર કેટલી ફરિયાદો આવી છે, અને

(૨) તે પેકી તાલુકાવાર ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | લુણાવાડા તાલુકો | ખાનપુર તાલુકો |
|---|---|---|---|
| ૧ | ગોચર | ૦૫ | ૩૭ |
| ૨ | સરકારી પડતર | ૦૦ | ૦૦ |
| ૩ | સરકારી ખરાબો | ૦૨ | ૦૦ |
| | **કુલ :** | **૦૭** | **૩૭** |

(૩) આવા દબાણો દૂર કરવા કોઇ કાર્યવાહી કરી છે ખરી ?

(૩) હા, જી.
ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઇ હેઠળ દબાણ દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતને સુપ્રત થયેલ છે. દબાણદારોને દબાણો દુર કરવા ગ્રામ પંચાયત મારફતે નોટીસ આપી તે અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

------------

**સાબરકાઠાં જિલ્લામાં પંચાયત કેડરના વર્ગ-૩ના કર્મચારીઓની ખાલી જગ્યાઓ**

૧૧૧૦૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં અને સાબરકાંઠા જિલ્લાની તાલુકા પંચાયતમાં પંચાયત કેડરના વર્ગ-૩ના કર્મચારીઓની કેડરવાર, તાલુકાવાર કેટલી જગાઓ ખાલી છે,

**જવાબ**

(૧) આ સાથે સામેલ **પત્રક** મુજબ.

**પત્રક**

| કચેરી | ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| જિલ્લા પંચાયત, હિંમતનગર | ૧ | નાયબ ચીટનીસ | ૧૧ |
| | ૨ | સીનીયર ક્લાર્ક | ૧૬ |
| | ૩ | જુની. ક્લાર્ક | ૧૧ |
| | ૪ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૨ |
| | ૫ | સર્કલ ઇન્સ્પેક્ટર | ૦૨ |
| | ૬ | ડ્રાયવર | ૦૪ |
| | ૭ | વિસ્તરણ અધિકારી | ૦૧ |
| | ૮ | નાયબ હિસાબનીશ | ૦૨ |
| | ૯ | આંકડા મદદનીશ | ૦૩ |
| | ૧૦ | સંશોધન મદદનીશ | ૦૪ |
| | ૧૧ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૦૧ |
| | ૧૨ | કેળવણી નિરીક્ષક | ૦૨ |
| | ૧૩ | સર્વેયર | ૦૨ |
| | ૧૪ | ડી.ઇ.ઇ. | ૦૧ |
| | ૧૫ | આર્ટીસ્ટ કમ ફોટોગ્રાફર | ૦૧ |
| | ૧૬ | ઇ.સી.એસ.એસ. | ૦૧ |
| | ૧૭ | શાળા આરોગ્ય મદદનીશ | ૦૧ |
| | ૧૮ | શાળા આરોગ્ય નિરીક્ષક | ૦૧ |
| | ૧૯ | પી.એચ.એન. | ૦૨ |
| | ૨૦ | ડી. સેનેટરી ઇન્સ્પેક્ટર | ૦૧ |
| | ૨૧ | પી.એમ.એ. | ૦૧ |
| | ૨૨ | લેપ્ર. આયાઅન | ૦૨ |
| | ૨૩ | મદદનીશ જિલ્લા મેલેરીયા અધિકારી | ૦૧ |
| | ૨૪ | મદદનીશ નકશાગ્રાફર | ૦૧ |
| | ૨૫ | નકશાગ્રાફર | ૦૧ |
| તા. પં. હિંમતનગર | ૧ | જુની. ક્લાર્ક | ૦૨ |
| | ૨ | આંકડા મદદનીશ | ૦૧ |
| | ૩ | ગ્રામ સેવક | ૦૫ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૮ |
| | ૫ | સર્કલ ઇન્સ્પેક્ટર | ૦૨ |
| | ૬ | નાયબ હિસાબનીશ | ૦૧ |

| કચેરી | ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| | ૭ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| તા. પં. ઇડર | ૧ | જુની. ક્લાર્ક | ૦૪ |
| | ૨ | ઓવરસીયર | ૦૧ |
| | ૩ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૪ | ગ્રામ સેવક | ૧૦ |
| | ૫ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| | ૬ | તલાટી કમ મંત્રી | ૧૫ |
| | ૭ | ડ્રાયવર | ૦૧ |
| | ૮ | વિસ્તરણ અધિકારી | ૦૧ |
| | ૯ | મદદનીશ વિસ્તરણ અધિકારી | ૦૧ |
| તા. પં. ખેડબ્રહ્મા | ૧ | વિસ્તરણ અધિકારી | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૧૬ |
| | ૩ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૧૬ |
| | ૫ | આંકડા મદદનીશ | ૦૧ |
| | ૬ | સર્કલ ઇન્સ્પેક્ટર | ૦૨ |
| | ૭ | નાયબ હિસાબનીશ | ૦૨ |
| તા. પં. વડાલી | ૧ | નાયબ ચીટનીશ | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૦૫ |
| | ૩ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૫ |
| | ૫ | વિસ્તરણ અધિકારી | ૦૧ |
| તા.પં. વિજયનગર | ૧ | આંકડા મદદનીશ | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૦૪ |
| | ૩ | નાયબ હિસાબનીશ | ૦૨ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૧ |
| | ૫ | ડ્રાયવર | ૦૧ |
| | ૬ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| તા. પં. ભિલોડા | ૧ | જુની. ક્લાર્ક | ૦૧ |
| | ૨ | આંકડા મદદનીશ | ૦૧ |
| | ૩ | ગ્રામ સેવક | ૧૦ |
| | ૪ | સીનીયર ક્લાર્ક | ૦૨ |
| | ૫ | તલાટી કમ મંત્રી | ૦૮ |
| | ૬ | સર્કલ ઇન્સ્પેક્ટર | ૦૧ |
| તા.પં. મેઘરજ | ૧ | જુની. ક્લાર્ક | ૦૨ |
| | ૨ | વિસ્તરણ અધિકારી | ૦૨ |
| | ૩ | ગ્રામ સેવક | ૧૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૯ |
| | ૫ | ડ્રાયવર | ૦૧ |
| | ૬ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૭ | સર્કલ ઇન્સ્પેક્ટર | ૦૨ |
| તા.પં. મોડાસા | ૧ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૦૯ |
| | ૩ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૧૩ |
| | ૫ | ડ્રાયવર | ૦૧ |
| તા.પં. માલપુર | ૧ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૦૪ |
| | ૩ | ડ્રાયવર | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૯ |
| | ૫ | વિસ્તરણ અધિકારી | ૦૧ |
| તા.પં. ધનસુરા | ૧ | નાયબ ચીટનીશ | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૦૪ |
| | ૩ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૬ |
| | ૫ | વિસ્તરણ અધિકારી | ૦૧ |
| તા.પં. બાયડ | ૧ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૧૦ |
| | ૩ | સર્કલ ઇન્સ્પેક્ટર | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૧૩ |
| | ૫ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| તા.પં. તલોદ | ૧ | નાયબ ચીટનીશ | ૦૧ |
| | ૨ | ગ્રામ સેવક | ૦૬ |
| | ૩ | નાયબ હિસાબનીશ | ૦૧ |
| | ૪ | તલાટી કમ મંત્રી | ૦૯ |
| તા.પં. પ્રાંતિજ | ૧ | જુની. ક્લાર્ક | ૦૧ |

| કચેરી | ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| | ૨ | ગ્રામ સેવક | ૦૭ |
| | ૩ | તલાટી કમ મંત્રી | ૧૩ |
| | ૪ | આંકડા મદદનીશ | ૦૧ |
| | ૫ | સર્કલ ઇન્સપેક્ટર | ૦૧ |
| | ૬ | સીનીયર ક્લાર્ક | ૦૧ |
| | ૭ | વિસ્તરણ અધિકારી | ૦૧ |

(૨) આ જગાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૨) જુદા જુદા સમયથી.

(૩) વહીવટી કારણો.

(૪) બનતી ત્વરાએ.

------------

**દાહોદ જિલ્લામાં તલાટી-ક્મ-મંત્રીનું મંજૂર મહેક્મ**

૯૬૭૭ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-ક્મ-મંત્રીઓનું મંજૂર મહેક્મ કેટલું,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

| | તાલુકાનું નામ | મંજૂર મહેક્મ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૪૪ | ૦૬ |
| ૨ | ગરબાડા | ૨૨ | ૦૫ |
| ૩ | લીમખેડા | ૪૫ | ૦૭ |
| ૪ | ઝાલોદ | ૬૪ | ૧૦ |
| ૫ | ફતેપુરા | ૩૭ | ૦૫ |
| ૬ | દેવગઢબારીયા | ૩૨ | ૧૦ |
| ૭ | ધાનપુર | ૨૬ | ૦૫ |
| | કુલ : | ૨૭૦ | ૪૮ |

(૩) બનતી ત્વરાએ.

------------

**સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો**

૧૦૫૭૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં વર્ષવાર કુલ કેટલા ઈન્દિરા આવાસની ફાળવણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને

(૩) પ્લોટની ફાળવણી ન કરી શકવાને કારણે બાંધકામ થયા ન હોય તેવા આવાસોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં વર્ષવાર કુલ ૭૦૪૦૫ ઇન્દિરા આવાસની ફાળવણી કરવામાં આવી જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ વર્ષવાર ઇન્દિરા આવાસની ફાળવણી | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સુરત | ૬૮૭૪ | ૯૭૨૮ | ૧૯૦૪૦ | ૩૫૬૪૨ |
| ૨ | વલસાડ | ૪૧૫૪ | ૫૮૦૨ | ૧૧૩૨૪ | ૨૧૨૮૦ |
| ૩ | નવસારી | ૨૫૬૯ | ૩૫૬૩ | ૭૩૫૧ | ૧૩૪૮૩ |
| | કુલ : | ૧૩૫૯૭ | ૧૦૦૯૩ | ૩૭૭૧૫ | ૭૦૪૦૫ |

(૨) તે પૈકી ૫૩૪૦૯ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ પૂર્ણ થયેલ ઇન્દિરા આવાસોની વર્ષવાર માહિતી | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સુરત | ૬૯૭૨ | ૯૦૨૯ | ૧૧૮૮૬ | ૨૭૮૮૭ |
| ૨ | વલસાડ | ૪૧૫૪ | ૫૮૦૨ | ૫૭૯૪ | ૧૫૭૫૦ |
| ૩ | નવસારી | ૨૫૭૯ | ૩૫૩૬ | ૩૬૫૭ | ૯૭૭૨ |
| | કુલ : | ૧૩૭૦૫ | ૧૮૩૬૭ | ૨૧૩૩૭ | ૫૩૪૦૯ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## આણંદ જિલ્લામાં નર્સરીઓમાં છોડ ઉછેરવા બાબત

૧૦૨૫૬ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકાર હસ્તકની કેટલી નર્સરીઓ આવેલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકાર હસ્તક નીચે વિગતે કુલ-૧૬ નર્સરીઓ આવેલી છે.

| ક્રમ | તાલુકાનું નામ | નર્સરીની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૪ |
| ૨ | આંક્લાવ | ૨ |
| ૩ | બોરસદ | ૨ |
| ૪ | ખંભાત | ૧ |
| ૫ | પેટલાદ/સોજીત્રા | ૩ |
| ૬ | તારાપુર | ૨ |
| ૭ | ઉમરેઠ | ૨ |
| | કુલ : | ૧૬ |

**પ્રશ્ન** (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ બોરસદ અને આંક્લાવ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા છોડ ઉછેરવામાં આવ્યા,

**જવાબ** (૨) ઉક્ત સ્થિતિએ બોરસદ અને આંક્લાવ તાલુકામાં સને ૨૦૦૭-૦૮ અને સને ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૧૧.૨૩ લાખ રોપા ઉછેરવામાં આવ્યા.

**પ્રશ્ન** (૩) તે પેકી કેટલા છોડ પંચાયત અને ખેડૂતોને વર્ષવાર ફાળવવામાં આવ્યા,

**જવાબ** (૩) તે પેકી સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ ૧.૮૦ લાખ અને સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન કુલ ૨.૩૧ લાખ રોપા પંચાયત તથા ખેડૂતોને ફાળવવામાં આવ્યા.

**પ્રશ્ન** (૪) ઉક્ત ફાળવણીમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે તે અંગેની કેટલી ફરિયાદો મળી, અને

**જવાબ** (૪) ઉક્ત ફાળવણીમાં કોઇ ગેરરીતિની ફરિયાદ મળેલ નથી.

**પ્રશ્ન** (૫) ઉક્ત બાબતે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ** (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## આણંદ જિલ્લામાં ઇન્દિરા આવાસો મંજૂર કરવા બાબત

૯૬૬૫ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઇન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં તાલુકાવાર ૧૧૧૬૦ ઇન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા. (વિગતવાર **પત્રક** સામેલ છે.)

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ આવાસો | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ મંજૂર કરેલ આવાસો |
| | | તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૮ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯ | તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૫-૦૯ | તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ` કુલ મંજૂર કરેલ આવાસો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આણંદ | ૨૮૫ | ૫૬૧ | ૧૨૧૯ | ૨૦૬૫ |
| ૨ | ઉમરેઠ | ૨૧૨ | ૩૨૬ | ૪૫૬ | ૯૯૪ |
| ૩ | બોરસદ | ૪૧૩ | ૮૨૮ | ૧૩૭૪ | ૨૬૧૫ |
| ૪ | આંક્લાવ | ૪૧૮ | ૪૨૫ | ૭૪૦ | ૧૫૮૩ |
| ૫ | પેટલાદ | ૩૩૬ | ૪૯૭ | ૬૧૪ | ૧૪૪૭ |
| ૬ | સોજીત્રા | ૧૫૦ | ૧૪૮ | ૧૪૯ | ૪૪૭ |
| ૭ | ખંભાત | ૩૫૬ | ૩૮૦ | ૭૦૦ | ૧૪૩૬ |
| ૮ | તારાપુર | ૧૮૯ | ૧૯૫ | ૧૮૯ | ૫૭૩ |
| | કુલ : | ૨૩૫૯ | ૩૩૬૦ | ૫૪૪૧ | ૧૧૧૬૦ |

(૨) તેમાં વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

(૨)

| ક્રમ | વર્ષ | વિગત (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૬૩૮.૧૫ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૧૪૬૯.૯૭ |
| ૩ | તા. ૧-૪-૦૯ થી તા. ૧-૫-૦૯ સુધી | ૪૧.૪૧ |
| | કુલ : | ૨૧૪૯.૫૩ |

-------------

## આણંદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડથી મળતા લાભોથી વંચિત રાખવા બાબત

૧૦૮૫૬ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખરેખર ગરીબી રેખા નીચે જીવતા ગરીબ નાગરિકોને બી.પી.એલ. કાર્ડ અને તેનાથી મળતા લાભોથી વંચિત છે એ સરકાર જાણે છે,

(૨) જો હા, તો તાલુકાવાર તેની મોજણી કરાવી સાચા બી.પી.એલ. કાર્ડ ધારકોને કાર્ડ અને તેનાથી થતા લાભો આપવા સરકાર માગે છે કે કેમ,

(૩) જો હા, તો કેટલા સમયમાં ઉક્ત કામગીરી પુરી કરી ગરીબોને લાભ અપાવશે,

(૪) બી.પી.એલ. કાર્ડ મેળવવાની તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૫) તેમાંથી તાલુકાવાર કેટલા લોકોને ઉક્ત કાર્ડ આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) ના, જી.
રેશનકાર્ડથી રાહત દરના અનાજનો લાભ બી.પી.એલ. કુટુંબોને અપાય છે. રેશન કાર્ડ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ધારા ધોરણ મુજબ બી.પી.એલ. રેશનકાર્ડ અપાય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરત જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટ મેળવવાની અરજીઓ

૯૬૬૩**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચો. વારના કેટલા પ્લોટ મેળવવા માટે અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલા પ્લોટો આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો. વારના પ્લોટ મેળવવા માટે તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૦૯૧ અરજીઓ આવી.

| ક્રમ | તાલુકાનું નામ | પ્લોટ મેળવવા આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ઓલપાડ | ૪૩ | ૧૭ | ૬૦ |
| ૨. | ચોર્યાસી | ૧૮ | ૧૯ | ૩૭ |
| ૩. | માંડવી | ૧૨૪ | ૧૦૭ | ૨૩૧ |
| ૪. | માંગરોલ | ૧૦૮ | ૧૩૫ | ૨૪૩ |
| ૫. | મહુવા | ૧૩૦ | ૧૧૬ | ૨૪૬ |
| ૬. | ઉમરપાડા | ૮૩ | ૦ | ૮૩ |
| ૭. | કામરેજ | ૧૯ | ૫૪ | ૭૩ |
| ૮. | પલસાણા | ૨૭ | ૦ | ૨૭ |
| ૯. | બારડોલી | ૮૩ | ૮ | ૯૧ |
| | કુલ | ૬૩૫ | ૪૫૬ | ૧૦૯૧ |

(૨) તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૦૯૧ પ્લોટ આપવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ પ્લોટો | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ઓલપાડ | ૪૩ | ૧૭ | ૬૦ |
| ૨. | ચોર્યાસી | ૧૮ | ૧૯ | ૩૭ |
| ૩. | માંડવી | ૧૨૪ | ૧૦૭ | ૨૩૧ |
| ૪. | માંગરોલ | ૧૦૮ | ૧૩૫ | ૨૪૩ |
| ૫. | મહુવા | ૧૩૦ | ૧૧૬ | ૨૪૬ |
| ૬. | ઉમરપાડા | ૮૩ | ૦ | ૮૩ |
| ૭. | કામરેજ | ૧૯ | ૫૪ | ૭૩ |
| ૮. | પલસાણા | ૨૭ | ૦ | ૨૭ |
| ૯. | બારડોલી | ૮૩ | ૮ | ૯૧ |
| | કુલ : | ૬૩૫ | ૪૫૬ | ૧૦૯૧ |

**આર.બી.ડી. પામોલીન તેલનો જથ્થો**

૧૦૮૩૩ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આર.બી.ડી. પામોલીન તેલનો કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો, | (૧) ૧૯૯૪૧ મે. ટન જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો. |
| (૨) આ પેકી કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) ૧૯૯૪૧ મે. ટન |
| (૩) તે ક્યા ભાવે વેચાણ કરવામાં આવ્યું? | (૩) અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબના ભાવે વેચાણ કરવામાં આવ્યું. |

| <u>સમય ગાળો</u> | <u>વેચાણ ભાવ પ્રતિ ૧ લીટર</u> |
|---|---|
| જુન-૦૮ થી ઓક્ટોબર-૦૮ | રૂ. ૪૪/- |
| નવેમ્બર-૦૮ | રૂ. ૪૦/- |
| ડીસેમ્બર-૦૮ | રૂ. ૩૫/- |

------------

**અમરેલી જિલ્લામાં સરદાર આવાસ યોજના નીચે આવાસો**

૧૦૮૮૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં મંજૂર થયેલા સરદાર આવાસો પેકી તા. ૧૭-૬-૨૦૦૯ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં મંજૂર થયેલા સરદાર આવાસો પેકી તા. ૧૭-૬-૨૦૦૯ સુધીમાં ૭૭૧ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) બાકીના આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

------------

**રાજુલા તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા**

૧૦૫૧૬**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજુલા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા લાંબા સમયથી ખાલી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૨) તા. ૭-૭-૦૮થી પરંતુ આ જગ્યાનો હવાલો જુદા જુદા અધિકારીશ્રીઓને સોંપેલ છે. |
| (૩) ઉક્ત જગ્યા પર કાયમી ધોરણે તાલુકા વિકાસ અધિકારીની ક્યારે નિમણૂંક કરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ. |

------------

**કચ્છ જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો**

૧૦૮૨૧ ડૉ.**નીમાબેન આચાર્ય(અંજાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત તરીકે જાહેર કરવામાં આવી, | (૧) શૂન્ય |
| (૨) રાજ્ય સરકાર દ્વારા આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવા માંગે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સાવરકુંડલા તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાનો**

૧૦૮૩૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા, | (૧) સાવરકુંડલા તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૨ સરદાર આવાસો બનાવવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા, અને | (૨) ૧૮૨ |
| (૩) બાકી રહેલ લાભાર્થીઓને ક્યાં સુધીમાં આવાસો સોંપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**નવસારી જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૦૮૨૭ **શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને | (૧) નવસારી જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ માં કોઈ વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ**

૧૦૭૨૨**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો દાખલ થયા, અને | (૧) ૩૬૫ |
| (૨) ઉક્ત સ્થિતિ દરમિયાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો ? | (૨) ૬૧૨ |

------------

**જામનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો**

૧૦૭૧૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા ઈન્દિરા આવાસો પૂર્ણ કરેલ છે, | (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૪૬૨ અને ૨૦૦૮-૦૯માં ૩૬૩૫ ઈન્દિરા આવાસો પૂર્ણ કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) તેની પાછળ કુલ રૂ. ૧૧૪૫.૨૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) મકાનો લાભાર્થી પોતે બાંધતા હોવાથી બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરવામાં આવશે. |

------------

**જૂનાગઢ જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૦૮૨૬ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને | (૧) જૂનાગઢ જિલ્લામાં વનવિભાગ દ્વારા સને ૨૦૦૮-૦૯ માં ૧૨ (બાર) વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તેની પાછળ કુલ રૂ. ૩.૮૯ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

**આણંદ જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૦૮૩૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી છે, અને | (૧) આણંદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કોઈ વન તલાવડી બનાવવામાં આવી નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિ થતો નથી. |

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં એકલવ્ય મૉડેલ રેસીડેન્સીયલ સ્કૂલો**

૧૦૨૩૨ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં એકલવ્ય મૉડેલ રેસીડેન્સીયલ સ્કૂલો કઈ કઈ જગ્યાએ શરૂ કરવામાં આવી, અને | (૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તિલકવાડા ખાતે એકલવ્ય મૉડેલ રેસીડેન્સીયલ સ્કૂલ શરૂ કરવામાં આવેલ છે. ભરૂચ જિલ્લામાં શરૂ કરવામાં આવેલ નથી. |
| (૨) આ સ્કૂલોમાં ક્યાં સુધીના વર્ગો ચલાવવામાં આવે છે ? | (૨) તિલકવાડા ખાતેની શાળામાં ધો.૬ થી ધો.૧૦ના વર્ગો ચલાવવામાં આવે છે. |

------------

**સિંહના રક્ષણ માટે ટાસ્ક ફોર્સની ભલામણો**

૧૦૯૨૭**શ્રી ગ્યાસુદ્દીન શેખ(શાહપુર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સિંહના રક્ષણ અને સુરક્ષા માટે ટાસ્કફોર્સની રચના તાજેતરમાં થઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ટાસ્ક ફોર્સ દ્વારા મુખ્ય મુખ્ય ભલામણો શી થઈ છે, | (૨) ટાસ્ક ફોર્સ ધ્વારા ગીર તથા બૃહદગીરમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ સારું નીચે મુજબ ભલામણો કરાયેલ છે.<br>૧. સાવચેતી અને દેખરેખ રાખવા અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી જી.પી.એસ. અને જી.આઈ.એસ. આધારિત પ્રણાલી અપનાવવાની તથા<br>૨. સિંહોના જનીન સુત્રોનું જીન મેપીંગ કરી લાંબા સમય સુધી જાળવવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિ અમલી બનાવવાની કામગીરી બે તબક્કામાં હાથ ધરી પુરી કરવા સુચવેલ છે. |
| (૩) આ ભલામણોને સરકારે સ્વીકારી છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) તેના અમલ માટે શી વ્યવસ્થા થઈ છે ? | (૪) ટાસ્ક ફોર્સની ભલામણો અનુસાર<br>૧. સંદેશા વ્યવહાર, સાવચેતી, દેખરેખ માટે જી.પી.એસ., જી.આઈ.એસ. સીસ્ટમ જેવી અદ્યતન ટેક્નોલોજીનો વપરાશ તથા<br>૨. જીન મેપીંગ, લીઓજીન લેબોરેટરી એમ બંને કંપોનન્ટ માટે ઈટેન્ડરીંગ કરી પ્રથમ કંપોનન્ટની કામગીરી સારું કન્સલ્ટન્ટ તરીકે મે.સી.એમ.સી. લીમીટેડને કરારબધ્ધ કરેલ છે. બીજા કંપોનન્ટની કામગીરી સારું ગુજરાત બોયોટેક્નોલોજી મીશન સાથે વાટાઘાટો ચાલુ છે. |

------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં આર.એફ.ઓ. ની ખાલી જગ્યાઓ બાબત**

૧૦૧૫૩ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર કક્ષાની કેટલી | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ રેન્જ ફોરેસ્ટ ઓફિસર કક્ષાની નર્મદા જિલ્લામાં કુલ : ૨૪ અને ભરૂચ |

રેન્જો આવેલ છે,

(૨) તે પૈકી આ રેન્જોમાં કેટલા આર.એફ.ઓ ની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જિલ્લામાં કુલ : ૧૩ રેન્જો આવેલ છે.

(૨) નર્મદા જિલ્લામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કુલ : ૧૪ જગ્યાઓ (રેન્જો) ખાલી છે જે પૈકી એક વર્ષ સુધીની ખાલી જગ્યાઓ ૭
એક વર્ષથી બે વર્ષ સુધીની ખાલી જગ્યાઓ ૫
બે વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યાઓ ૨
ભરૂચ જિલ્લામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કુલ : ૫ જગ્યાઓ (રેન્જો) ખાલી છે જે પૈકી
એક વર્ષ સુધીની ખાલી જગ્યાઓ ૨
એક વર્ષથી બે વર્ષ સુધીની ખાલી જગ્યાઓ ૧
બે વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યાઓ ૨

(૩) વહીવટી અનુકૂળતાએ આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

------------

## તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ

૧૧૧૦૬**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૧૨ જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) ૧૫૫ જગ્યાઓ ભરાયેલ છે અને ૫૭ જગ્યાઓ ખાલી છે.

(૩) વહીવટી અનુકૂળતાએ.

------------

## દાહોદ જિલ્લામાં વન મહોત્સવ અને વૃક્ષારોપણ કરવા બાબતે થયેલ ખર્ચ

૯૬૭૮ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન મહોત્સવ અને વૃક્ષારોપણ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ ઉત્સવોમાં કુલ કેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન મહોત્સવ અને વૃક્ષારોપણ પાછળ રૂ. ૧૯.૬૪ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) વન મહોત્સવમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૧૬.૧૫ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

------------

## ગાંધીનગર તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

૧૦૯૯૫**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ગાંધીનગર તાલુકા પંચાયતમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી રહેલ જગ્યાઓ સરકાર દ્વારા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૨ | ૦૧ | ૦૧ |
| વર્ગ-૩ | ૮૯ | ૧૧ |
| વર્ગ-૪ | ૦૬ | ૦૧ |

(૩) બનતી ત્વરાએ

------------

## અમરેલી જિલ્લામાં તલાટી-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૦૮૯૧**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટી મંત્રીની જગ્યાઓ

**જવાબ**

(૧)

ખાલી છે, અને

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૦ |
| ૨ | લાઠી | ૧૦ |
| ૩ | લીલીયા | ૧૪ |
| ૪ | બાબરા | ૦૭ |
| ૫ | કુંકાવાવ | ૧૧ |
| ૬ | ધારી | ૧૫ |
| ૭ | બગસરા | ૦૫ |
| ૮ | સાવરકુંડલા | ૧૫ |
| ૯ | રાજુલા | ૧૨ |
| ૧૦ | ખાંભા | ૧૧ |
| ૧૧ | જાફરાબાદ | ૧૧ |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ.

------------

# અધ્યક્ષશ્રીને અભિનંદન

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રીની અનુમતિથી આ સન્માનનીય સદનના સભ્યશ્રીઓ સામે એક વિગત રાખવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના બધા જ રાજયોની વિધાનસભાના અધ્યક્ષશ્રીઓની દેશમાં અવાર નવાર મહાપરિષદ મળતી હોય છે. તેમાં અનેક પ્રકારના સૂચનો અને રજૂઆતો આવતી હોય છે. તે રજૂઆતોના અમલીકરણ માટે એક સ્થાયી સમિતિની રચના થતી હોય છે. આ સ્થાયી સમિતિની અંદર દેશના બધા જ અધ્યક્ષશ્રીઓ તરફથી સંસદીય કાર્યપ્રણાલિકાઓ અને નિયમોના વખતોવખત જરૂરી કેટલાક વ્યવહારો, સુધારાઓ અંગેની રજૂઆતો આવતી હોય છે. તેના અમલીકરણ માટે લોકસભાના અધ્યક્ષશ્રીએ ખાસ સમિતિની રચના કરેલી છે. તે ખાસ સમિતિની રચના થઈ છે, ખૂબ અગત્યતાવાળી આ સમિતિ છે અને તેના લિમિટેડ સભ્યો હોય છે અને તેવા લિમિટેડ સભ્યો ધરાવતી આ ખાસ સમિતિની અંદર દેશની વિધાનસભાના અધ્યક્ષશ્રીઓમાંના કેટલાક અધ્યક્ષશ્રીઓની નિમણૂક લોકસભાના અધ્યક્ષશ્રી કરતા હોય છે. આવી આ સમિતિમાં ગુજરાત સંસદીય લોકશાહી પરંપરાને વરેલું રાજય છે અને આપણા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીની આ સમિતિમાં સદસ્ય તરીકે નિમણૂક થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને મંત્રીમંડળના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ અને આ ગુજરાત વિધાનસભાના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ આ આપશ્રીની જે નિમણૂંક થઈ છે તેની ગૌરવભેર, હર્ષભેર વધામણી કરે છે અને આપશ્રીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ સન્માનનીય ગૃહ વતી અભિનંદન પાઠવે છે. સાથે સાથે દેશની સંસદીય સંસ્કૃત્તિની ઉજજવળ પરંપરાને જાગૃત્ત રાખવામાં ગુજરાત હંમેશાં અગ્રિમ ભૂમિકા ભજવતું રહયું છે અને ગુજરાતની આ પ્રકારે લોકસભાના અધ્યક્ષશ્રીએ એક જાતની કદર કરી અને જે મહત્વ આપ્યું છે તેને પણ આપણે હર્ષભેર નોંધ લઈએ છીએ. લોકસભાના અધ્યક્ષશ્રીનું પણ આ તકે આપના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપણી આ વિધાનસભા વતી તેમનો આભાર વ્યકત કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી :** નેકસ્ટ.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત**

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી કાળુભાઈ વીરાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક: ૫૧**

**શ્રી જયનારાયણ વ્યાસ ( પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૩૨,૯૯,૯૭,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૨૫,૦૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક:૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫૧ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**મહેસૂલ વિભાગ**

**માગણી ક્રમાંક:૭૬**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૧૧,૨૩,૫૯,૦૦૦/-ની માગણી ક્રમાંક:૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૭૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક:૭૮**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૧,૧૯,૭૭,૫૩,૦૦૦/-ની માગણી ક્રમાંક:૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૭૮ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૮ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક:૭૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૪,૩૯,૬૨,૭૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૧,૫૭,૯૬,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક:૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૭૯ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા ૨૨-૭-૨૦૦૯ (નવમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં.૫૧** | |
| ૧ * | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ...સવલતો | ૧૦૦ | પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૦-જાહેર ક્ષેત્ર....સહાય<br>રુા.૧,૧૯,૨૬,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૭૦-૭૧ | | | |
| ૨ * | --"-- | ૧૦૦ | પ્રવાસન નિગમને અનેક રાહતો આપવા છતાં પ્રવાસન સ્થળોની કથળેલી હાલત સુધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩ * | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-પ્રવાસન.......... કચેરી<br>રુા.૧૫,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૭૩ | ૧૦૦ | વિદેશી પ્રવાસીઓ માટે પૂરતી કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪ * | --"-- | ૧૦૦ | બિનજરૂરી ખર્ચા ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રો ઉપર વિદેશી પ્રવાસીઓની થતી ઉઘાડી લૂંટ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | પ્રવાસનધામોમાંથી અસામાજીક તત્વોના અડ્ડાઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭ * | --"-- | ૧૦૦ | પ્રસિધ્ધ ધાર્મિક સ્થળોના ઈતિહાસની વિગતો પ્રવાસીઓને ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮ * | --"-- | ૧૦૦ | પ્રવાસીઓને વિના મૂલ્યે ગાઈડની સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં.૭૬** | | |
| ૯ * | ૨૦૫૨-સચિવાલય<br>૦૯૦ સચિવાલય<br>૦૧-મહેસૂલ વિભાગ<br>રુા.૮,૦૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૫૮-૫૯ | ૧૦૦ | ઉદ્યોગ ગૃહોને સરકારી જમીનો આપવા અંગેની ધારાસભ્યોની રજૂઆત ઉપર ધ્યાન આપી સત્વરે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦ * | ૨૦૫૨-સચિવાલય<br>૦૯૦ સચિવાલય<br>૦૧-મહેસૂલ વિભાગ<br>રુા.૮,૦૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૫૮-૫૯ | ૧૦૦ | સિંચાઈ કે જળાશયો માટે ફાળવેલ સરકારી જમીનો જે પાછળથી રદ કરી ઉદ્યોગ ગૃહોને ફાળવાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧ * | --"-- | ૧૦૦ | સરકારી જમીનો ઉપર થતા દબાણો તાકીદે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨ * | --"-- | ૧૦૦ | દબાણો દૂર કરવામાં ગરીબ-તવંગર-આશ્રમ ધારકો વચ્ચે રાખવામાં આવતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ * | --"-- | ૧૦૦ | કુદરતી આપત્તિ સમયે કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાયની ચુકવણીમાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪ * | --"-- | ૧૦૦ | દુષ્કાળની સ્થિતિ પહેલા અગાઉથી માસ્ટર પ્લાનની તૈયારી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫ * | --"-- | ૧૦૦ | ચાલુ સાલે વરસાદનું પ્રમાણ નજીવું હોઈ દુષ્કાળની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬* | --"-- | ૧૦૦ | ગાંધીનગર ખાતે બદલીપાત્ર કર્મચારીઓની હાઉસીંગ સોસાયટીને જમીનના કબજા વહેલાસર સોંપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૭ * | --"-- | ૧૦૦ | જંત્રીના ભાવોમાં વારંવાર ફેરફાર કરવાથી જનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮ * | --"-- | ૧૦૦ | સ્ટેમ્પ ડયુટીમાં થતી ચોરી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯ * | --"-- | ૧૦૦ | એન. એ. કરાવવામાં ચાલતો ભ્રષ્ટાચાર તથા ગેરરીતિ અટકાવવા સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૭૮** | | |
| ૨૦ * | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૩-જિલ્લા મહેકમ<br>૦૧-કલેકટર કચેરીઓ<br>રુા. ૫૨,૭૬,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૬૯-૭૦ | ૧૦૦ | જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં ધારાસભ્યોએ રજૂ કરેલા પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપવામાં તથા બેઠકમાં અધિકારીઓ સમયસર હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૧ * | --"-- | ૧૦૦ | કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨ * | --"-- | ૧૦૦ | મોટા બિલ્ડરો ધ્વારા થયેલ ગેરકાનૂની બાંધકામો તોડવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ * | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૩-જિલ્લા મહેકમ<br>૦૧-કલેકટર કચેરીઓ<br>રા. ૫૨,૭૬,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૬૯-૭૦ | ૧૦૦ | કર્મચારીઓ ઉપર કામના ભારણને કારણે પડતર કેસોનો સત્વરે નિકાલ થતો નથી તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪ * | --"-- | ૧૦૦ | કલેકટર કચેરીઓના જનસંપર્ક કાર્યાલયમાં સમયસર કામગીરી ન કરતા કર્મચારીઓને અન્યત્ર બદલવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૫ * | --"-- | ૧૦૦ | મામલતદાર કચેરીઓને તેના પોતાના જ કાર્યક્ષેત્રના કામો માટે અરજદારોને ફરજિયાત કલેકટર કચેરીના જન સંપર્ક કાર્યાલયમાં મોકલતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬* | --"-- | ૧૦૦ | સરકારી મહેસૂલની રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭ * | --"-- | ૧૦૦ | વિદ્યાર્થીઓને ક્રિમીલેયરના દાખલા અને પછાત વર્ગના દાખલાઓ મેળવવા માટે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮ * | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૪-અન્ય કર્મચારીવર્ગ<br>૦૧-પેટા-પ્રભાગીય ..અધિકારીઓ<br>રા. ૬૧,૬૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૭૫-૭૬ | ૧૦૦ | મામલતદાર કચેરીઓમાંથી આવકના દાખલા સત્વરે મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૯ * | --"-- | ૧૦૦ | સર્કલ ઈન્સપેકટરો કચેરીમાં નિયમિત હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૭૯** | | |
| ૩૦ * | ૨૨૪૫-કુદરતી...રાહત<br>૦૨-પૂર, વાવાઝોડુ વગેરે<br>૧૦૧-મફત રાહત<br>રા. ૬,૦૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૯૬ | ૧૦૦ | પૂર વાવાઝોડા વખતે અસરગ્રસ્તોને આપવામાં આવતી મફત રાહત ખરેખર અસરગસ્તોને જ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧ * | ૨૨૪૫-કુદરતી...રાહત<br>૦૨-પૂર વાવાઝોડુ. ...<br>૧૦૨-પીવાના પાણીનો પુરવઠો<br>રા. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૯૬ | ૧૦૦ | પૂર, વાવાઝોડાના સમયે પાણી પુરવઠો ખોરવાતાં ટેન્કરો કે અન્ય રીતે ઝડપથી પીવાનું પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૨ * | ૨૨૪૫-કુદરતી...રાહત<br>૦૨-પૂર,વાવાઝોડુ વગેરે ૧૦૪-ઘાસચારોનો પુરવઠો<br>રા. ૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૯૬ | ૧૦૦ | પૂર વાવાઝોડાના સમયે પશુઓ માટે સત્વરે ઘાસચારો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજ ગઈ નથી.

**અધ્યક્ષશ્રી:** હવે રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ થશે, માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈ

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન અને ઉદ્યોગ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ માગણી નંબર ૫૧ અને મહેસૂલ વિભાગના માનનીય મંત્રી આનંદીબહેન પટેલ જે માગણી નંબર ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યાં છે, તેના સમર્થનમાં હું મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર રાજયના તમામ વિભાગોની અંદર જો પાયાનો વિભાગ હોય તો આ મહેસૂલ વિભાગ છે કારણ કે મહેસૂલ વિભાગ ગામડાના સામાન્ય માણસ સાથે, ખેડૂતો સાથે સીધો સંબંધ ધરાવતો વિભાગ છે અને આ રાજયના માનનીય મહેસૂલ મંત્રીશ્રી આનંદીબહેને જ્યારથી આ વિભાગની કામગીરી સંભાળી છે ત્યારથી આ વિભાગની અંદર વધુમાં વધુ સરળીકરણ કરવા માટેનો અથાગ પ્રયત્ન કર્યો છે. મહેસૂલ વિભાગની વાત કરવા જઈએ, ૭/૧૨, ૮/અના નકલોની વાત કરીએ, હકકપત્રકની નોંધણીની વાત કરીએ, દસ્તાવેજોના નોંધણીની વાત કરીએ, બિનખેતીની પરવાનગીની વાત કરીએ, નવી જૂની શરતની વાત કરીએ કે પછી જમીનની માપણીની વાત કરીએ એટલું બધું આ વહીવટની અંદર સરળીકરણ કર્યું છે જેના કારણે રાજયની આમ જનતાને રાહત થઈ છે. આ રાજયમાં આપણા મહેસૂલ વિભાગમાં ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ની અંદર જે જોગવાઈ કરી છે જે સૂચિત જોગવાઈ ૩૫૧.૫૧ કરોડ રૂપિયા છે જ્યારે કુદરતી આફતિ વ્યવસ્થાપનની અંદર ૨૧૦.૯૫ કરોડ રૂપિયાની માગણી આજે આ સભાગૃહની અંદર લઈને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વહીવટની કામગીરીની વાત કરું તો, મહેસૂલ વિભાગે અનેક પ્રકારની કામગીરી પડકારરૂપ કામગીરી પણ એમને બજાવવાની હોય છે અને એ પણ આ વિભાગે સફળતાપૂર્વક એ કામગીરી પૂરી પાડી છે. જ્યારે રાજયની અંદર અનાવૃષ્ટિ હોય, અછત હોય ત્યારે વિભાગને કામે લગાડવું એ અલગ બાબત છે

પરંતુ ચારેબાજુથી રાજયની અંદર અતિભારે વરસાદના કારણે ચારેબાજુ પાણી હોય, પાણી ઘમ્મરવલોણા લેતું હોય અને સેંકડો લોકોને જ્યારે બચાવવાની વાત હોય ત્યારે આ બચાવની કામગીરીમાં રાતોરાત ગામો ખાલી કરવાની બાબત હોય, લોકોને સલામત સ્થળે લઈ જવાની બાબત હોય કે કાચા મકાનોની નુકસાનીની સરવે કરવાની હોય, અસરગ્રસ્ત રાહતની છાવણીમાં સ્થળાંતર કરીને એમના માટે ભોજનની વ્યવસ્થા કરવાની હોય, તો આવી પડકારરૂપ કામગીરી પણ આ વિભાગે ખૂબ જ સફળતાપૂર્વક પૂરી પાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે રાજયની અંદર જે પડતર પ્રશ્નો પડ્યા હોય રાજય સરકારની અંદર, જે તુમારના સ્વરૂપમાં પડ્યા હોય, સામાન્ય માણસની પહોંચ નથી કે આ રાજયની અંદર પાંચ પચીસ વર્ષ જૂના તુમારો હોય તેનો ઉકેલ લાવી શકે કે તેની રજૂઆત કરી શકે, જ્યારે આ માનનીય મંત્રીશ્રીએ જ્યારથી વહીવટ હાથમાં લીધો ત્યારથી આ જૂના તુમારો માટે એમણે એક અભિગમ દર્શાવ્યો, અને અચાનક એમના મહેસૂલ વિભાગની એમણે મુલાકાત લીધી અને એમના ધ્યાન ઉપર આવ્યું કે, આ વિભાગની અંદર આવા કેટલાક તુમારો પડ્યા છે, તેની જાણકારી મેળવીને એને એક અભિયાન સ્વરૂપે કારણ કે આ તુમારો કોઈના કોઈ જી.આર., અને કોઈના કોઈ નિયમોના કારણે વર્ષોથી પેન્ડિગ હતા આવા જૂના પડતર તુમારો માટે જ્યારે માનનીય મંત્રીશ્રીના ધ્યાનમાં આવ્યું, અને આવા કુલ તુમાર રાજયની અંદર ૬૨૭૧ પડતર હતા. આ તુમાર નિકાલ ઝુંબેશની શરૂઆત જૂન માસથી કરી અને એમાં એમણે પ્રાયોરિટી નક્કી કરી. કે ૧૫ વર્ષથી જૂના જેટલા તુમારો હતા કારણ કે ૧૫ વર્ષથી જૂના તુમારોને પ્રાયોરિટી આપી એવા તુમારો રાજ્યમાં ૧૬૪ હતા અને એમાં માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ અંગત રસ લીધો અને જિલ્લાના અધિકારીઓને બોલાવી અને રાજ્યની અંદર જે આવા તુમારો હતા એના પ્રશ્નો પતાવવાનું કામ કર્યું છે અને એમાં ૧૬૪ માંથી ૧૫૮ તુમારોનો નિકાલ કર્યો છે. હવે ૧૦ વર્ષથી ૧૫ વર્ષના જે રાજ્યના તુમારો પેન્ડીંગ હતા એની સંખ્યા હતી ૨૦૯. એમાં ખાસ રસ લઈ ૧૯૩ તુમારોનો નિકાલ કર્યો છે. ૫ વર્ષથી ૧૦ વર્ષના તુમાર રાજ્યની અંદર ૯૩૦ જેટલા પેન્ડીંગ હતા એમાં પણ આ મહેસૂલ વિભાગે ૬૧૬ જેટલા તુમારનો સુખદ નિકાલ કર્યો છે. ૩ વર્ષથી ૫ વર્ષની વાત કરીએ તો એવા રાજ્યમાં ૧૭૧૧ તુમારો પેન્ડીંગ પડ્યા હતા એમાંથી પણ ૭૧૧ તુમારોનો મહેસૂલ વિભાગે સફળતાપૂર્વક નિકાલ કર્યો છે. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પૂર્ણ ગણતરી કરાઈ રાજ્યની અંદર તો ૪૧૭૮ અગાઉના હતા અને નવા ૧૬૬૯ એમ ૫૮૪૭માંથી આ રાજ્યના મહેસૂલ વિભાગે ૪૧૧૯ તુમારનો નિકાલ કરી અને જે સિદ્ધિ હાંસલ કરી છે એ ખરેખર આવકારદાયક છે. બે વર્ષથી ઉપરના પણ ૭૦ ટકા તુમારોનો આ રાજયના મહેસૂલ વિભાગે નિકાલ કર્યો છે, એજ પ્રમાણે બે વર્ષથી ઉપરના અને રાજય કક્ષાના જે કલેક્ટર કક્ષાએ અને પ્રાંત અધિકારી કક્ષાએ પેન્ડીંગ હતા એ એટલા બધા જૂના પ્રશ્નો હતા એનો નિકાલ કરવા માટે પણ આ મહસૂલ વિભાગે કાર્યવાહી કરી છે એમાં તુમારોની સંખ્યા જિલ્લા લેવલે હતી ૧,૫૮,૦૯૪ કેસો પેન્ડીંગ હતા એમાંથી આ મહેસૂલ વિભાગે ૧,૨૮,૦૪૯ કેસોનો નિકાલ કરી ભવ્ય સિદ્ધિ હાંસલ કરી છે અને ૮૧ ટકા જેટલા જે જૂના તુમારો રાજ્યની અંદર પેન્ડીંગ હતા એમાં આ સરકારે અને આ રાજયના મહેસૂલ વિભાગે ખૂબ જ મોટું ભગીરથ કામ કરી અને એની કામગીરી બતાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી તુમારનો એક દાખલો આપું. કેવા પ્રકારના તુમારોનો રાજ્યની અંદર નિકાલ થયો છે એનો એક દાખલો આપીશ. અમીરગઢ તાલુકાનું ઉમરકોટ ગામ છે એની સીમનો સર્વે નંબર ૪૨/૧/૧ એ જમીન હતી ૩૨૮ એકર ૯ ગુંઠા ૨૧-૧૨-૧૯૬૩ના રોજ ટોચ મર્યાદામાં આ જમીન ફાજલ હતી અને પાલનપુરના મામલદારે આ જમીન ફાળવવા માટે ૧૯૯૦માં જાહેરનામું બહાર પાડેલું ૪૯ ઈસમોને આ જમીન ગ્રાન્ટ કરવાની હતી. એ કેવા ઈસમો હતા? રાજયના પછાત વર્ગના ઈસમો, ગરીબ કુટુંબ કબીલા સાથે રહેતા હોય એવા સામાન્ય ગામડાના માણસોને જ્યારે આ જમીન ફાળવવાની વાત આવી ત્યારે આટલા વર્ષથી ૧૯ વર્ષથી આ પ્રશ્ન પેન્ડીંગ હતો. રાજયના મહેસૂલ મંત્રીએ ખાસ કિસ્સામાં ૪૯ લાભાર્થીઓને આ જમીન ગ્રાન્ટ કરવા માટે એમણે જ્યારે નિર્ણય કર્યો ત્યારે અને ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણીની અંદર અમીરગઢ ખાતે એમને જાહેરમાં આ જમીનના હુકમો આપવામાં આવ્યા ત્યારે ખરેખર એ લાભાર્થીઓની આંખમાં હર્ષના આસું બધાએ જોયા હતા અને આ રીતે આવા જૂના પેન્ડીંગ ગરીબ લોકોના જેમની કોઈ વાત કરવાની પહોંચ ન હોય રાજ્યમાં આવા ગરીબના કિસ્સામાં આ મહેસૂલ વિભાગે આ એમના કામો પૂરા કરી અને સફળ કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામતળ નીમ કરવાની બાબત. આમ તો ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૩૮માં આની જોગવાઈ છે અને આ ગામતળ નીમ કરવાની સત્તા જે તે જિલ્લાના કલેકટરને હોય છે. અત્રે જો કે હાલમાં આ સત્તા પ્રાંત અધિકારીને ડેલિગેટ કરેલ છે. રાજ્યની અંદર ૧૮ હજાર ગામડાની અંદર ૬૦ ટકા વસતિ ગામડામાં વસે છે ત્યારે સરકારમાં ઘર વિહોણાને મકાન આપવાના હોય પણ ગામની અંદર જમીન ન હોય તો ગામતળ નીમ કર્યા સિવાય કેવી રીતે આપી શકાય? એ એક વિકટ પ્રશ્ન હતો. હું મારા માંડલની જ વાત કરુ તો માંડલ તાલુકામાં જેટલા ઘર વિહોણા હતા, બી.પી.એલ.ના લાભાર્થીઓ હતા એવા લોકોને, એક જ મીટિંગમાં ૬ હજાર લોકોને જમીન આપી છે. પરંતુ ગામતળ દરેક ગામમાં નહીં હોવાથી એમને જમીન મળી શકતી ન હતી અને મકાનો બની શકતા ન હતા એટલે રાજ્યની સરકારે આની અંદર પણ એક ઝૂંબેશ ઉપાડી છે કે, ગામતળ નીમ કરવા માટે જે ગામની માગણી હોય એની દરખાસ્ત થાય અને એના માટે

ગામના ઘર વિહોણા માણસોને મકાન મળી શકે. આ સમયે એક ઐતિહાસિક નિર્ણય રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે ત્યારે મારે આ ગૃહમાં વાત કરવી છે કે, જ્યારે ૨૦૧૦માં આપણે રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થાય છે.અને સ્વર્ણ જયંતી મહોત્સવ આપણે જ્યારે ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ રાજયની અંદર ૨૦૧૦ પહેલાં એક સ્વર્ણિમ ગોલ નક્કી કર્યો છે કે તમામ ઘરવિહોણા લોકોને આ આવાસની સુવિધા આપવી અને એવો એક મક્કમ નિર્ધાર નક્કી કર્યો છે એક મોટો સંકલ્પ કર્યો છે અને તે બદલ હું રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આવા ઘરવિહોણાને જ્યારે પોતાના મકાન મળશે ત્યારે આ રાજયની અંદર સાચી લોકશાહી આપણને દેખાશે. કારણકે કેટલાય લોકો આજે ચોમાસામાં શિયાળામાં બહાર સૂએ છે. રાજયની અંદર ગરીબોને પોતાના ઘરમાં રહેવાની વ્યવસ્થા નથી આવા લોકોને ઘરની વ્યવસ્થા પૂરી પાડવાનું કામ આ રાજયની સરકારે કર્યુ છે.

જિલ્લાની અંદર એવી જ રીતે ગામ તળ નીમ કરવાની ઝુંબેશ જે ઉપાડી છે અને જે દરખાસ્ત આવે તેને સમયમર્યાદાની અંદર પણ આ કામ પૂરું કરવાનો મહેસૂલ વિભાગે ખૂબજ સરસ રસ દાખવ્યો છે. ગામતળની બાબતમાં પણ મારે એક કિસ્સાની વાત કરવી છે કે રાજકોટ જિલ્લાની અંદર ૧૯૭૯માં પુર હોનારત આવી હતી. આ પુર હોનારતમાં ન્યારી ડૅમના નીચાણવાળા ગામોમાં મોટાપાયે પાણી ભરાયું હતું અને કેટલાય લોકોને એની અંદરથી સ્થળાંતર કરાવવું પડ્યું હતું, લોધીકા તાલુકાનું વાજડીવઢ ગામ છે એનો સરવે નંબર ૧૦૦ છે તે પૈકી ૨૧ એકર ૩૦ ગુંઠા જમીન ગામતળમાં નીમ કરેલ હતી અને એ ૭૫ કુટુંબને ફાળવવા માટેની વ્યવસ્થા ૩૦ વર્ષથી આ નિર્ણય પેન્ડિંગ હતો, આ રાજયના માનનીય મંત્રીશ્રીએ અને વિભાગના અધિકારીઓએ આ બાબતમાં રસ લીધો અને ૭૫ લાભાર્થીઓને ૩૦ વર્ષ પહેલાંની જૂની કિંમતે, જો આજની કિંમત ગણવા જાય તો આ લાભાર્થીઓ એ કિંમત ભરી શકે એવી પરિસ્થિતિમાં નહોતા પણ રાજય સરકારે મોટું મન રાખીને ૩૦ વર્ષ પહેલાંની જે જમીનની કિંમત હતી એ સસ્તા ભાવે આ ૭૫ કુટુંબોનો પેચીદો પ્રશ્ન હતો તે ઉકેલીને તેમના માટે જમીન ફાળવી આપી એ બદલ આ રાજ્યના માનનીય મંત્રીશ્રીએ લીધેલ આ નિર્ણયને પણ હું આવકારું છું,

સાંથણીની વાત કરીએ તો રાજયની અંદર ૧૯૬૦થી આ અમલી બનેલી નીતિ છે કે જે જમીન સરકારની બીન ઉપયોગી હોય, લેન્ડ બૅન્ક અનામત અથવા જાહેર હેતુ સિવાયની હોય અને એ સાંથણીલાયક જમીન હોય એવી જમીનો પ્રાંત અધિકારીશ્રી લેન્ડ કમિટી બોલાવી એની અંદર ભૂમિહીન ખેતમજૂરો હોય, નાના ખેડૂતો હોય, માજી સૈનિક હોય, પછાત વર્ગની સહકારી મંડળી હોય, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો હોય તો એમને અગ્રતાના ધોરણે આ જમીન ફાળવવા માટેની રાજય સરકારની સાંથણીની નીતિ અમલમાં છે. રાજય સરકારે આમાં પણ એક ઝુંબેશ કરી છે અને એ ઝુંબેશની અંદર વિવિધ જિલ્લાઓના અને રાજયની વાત કરવા જઈએ તો ૭૬૪૦ હેકટર જેટલી જમીન ૬૭૭૬ જેટલા લાભાર્થીઓને ખેતીના હેતુસર આ જમીનની સાંથણી કરી છે એમાં અનુસૂચિત જાતિના ૧૫૯૫ લોકોને આવી જમીનની સાંથણી થઈ છે, અનુસૂચિત જનજાતિના ૧૪૬૪ લોકોને આવા પ્રકારની સાંથણીની જમીન મળી છે અને માજી સૈનિકોને ૧૧૮૪ અને અન્ય વર્ગને ૨૫૩૩ જેટલા લાભાર્થીઓનો આમાં સમાવેશ થયેલ છે જ્યારે રાજયનો નબળો, કચડાયેલો વર્ગ, એના જીવન નિર્વાહ માટે આ નિર્ણયથી પગભર બન્યો છે આની પદ્ધતિ પણ સાવ સામાન્ય છે, લેન્ડ કમિટી મારફત તાલુકા લેવલે જાહેરનામું પ્રસિદ્ધ થાય અને એની પ્રેસમાં અખબાર યાદી આવે અને એની અરજીઓ મંગાવી એનો નિકાલ કરવામાં આવે છે. જો બિન પિયત હોય તો ૧૬ એકર આપવામાં આવે છે, પિયત હોય તો ૮ એકર જમીન આપવામાં આવે છે અને બારેમાસ જો પાણીની વ્યવસ્થા હોય તો એને ૪ એકર જમીન આપવામાં આવે છે.

પ્રવાસન વિભાગની વાત કરીએ તો આ રાજયની અંદર પ્રથમ વખત ગુજરાતનું ગૌરવ એવા ઐતિહાસિક નિર્ણયો જે માનનીય પ્રવાસન મંત્રીશ્રીએ કર્યા છે એના માટે મંત્રીશ્રીને અભિનંદન આપું છું. રાજયની અંદર પ્રવાસ ઉદ્યોગ આપણે સૌ જાણીએ છીએ કે આર્થિક તેમજ રોજગારી પૂરી પાડવા માટેનો એક મહત્ત્વનો ઉદ્યોગ છે ત્યારે આ રાજયની અંદર સને ૨૦૦૮-૦૯માં ૧૦૦ કરોડની જોગવાઈ હતી જ્યારે ચાલુ વર્ષે વર્ષ ૨૦૦૯-૧૦ની અંદર ૧૬૪.૮૩ કરોડની સૂચિત જોગવાઈ કરી છે ૨૦૦૯-૧૦ના બજેટમાં જે દરિયાકાંઠાના સ્થળો છે દસ જગ્યાઓનો વિકાસ કરવા માટે સાપુતારા, સિદ્ધપુર, જુનાગઢ, ચાંપાનેર, પાલીતાણા, પાટણ, દાંડી અને નારાયણ સરોવર એના માટે પણ ૬૬.૩૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે રાજયના પ્રવાસન વિભાગે ગુજરાત પ્રવાસન વિકાસ કંપની સ્થાપી ૫૦ કરોડ રૂપિયાની મૂડી સાથે આ પ્રવાસન ઉદ્યોગને આગળ લઈ જવા માટેની વાત કરી છે સ્વર્ણિમ જયંતી સોરઠ યોજના બનાવી અને સોમનાથ, જુનાગઢ અને સાસણગીરને પણ આગળ લઈ જવા માટે પ્રવાસનમાં વિકસાવવા માટેની વાત કરી છે ત્યારે માનનીય પ્રવાસન મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે, રાજયની અંદર આપણે જાણીએ છીએ ઈકો ટુરિઝમ તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે સમગ્ર રાજયની અંદર શાસણની વાત કરીએ જુનાગઢની વાત કરીએ તો સિંહ દર્શન કરવા માટેની જવાબદારી વન વિભાગ સંભાળે છે જ્યારે તેની પરમિટ આપવાની હોય, લાયસન્સ આપવાના હોય રિસોર્ટને તો તેની કામગીરી મહેસૂલ વિભાગ સંભાળે છે. અને જ્યારે પ્રવાસનની વાત હોય ત્યારે આ બધું પ્રવાસન વિભાગ સંભાળે છે. તો આ ત્રણ વિભાગો જો એક સેન્ટ્રલ કમિટી બનાવે તો મારું એવું સૂચન છે રાજયની અંદર કે જો ત્રણેય વિભાગોની સેન્ટ્રલ કમિટી બનાવવામાં આવે તો આ

રાજયની અંદર જે પ્રવાસ ઉદ્યોગોને પડતી મુશ્કેલી અને તેને આગળ લઈ જવા માટેની જે કંઈ યોજના બને તો તેમાં વધુ સફળતા મળશે. હું માગણીઓને મારું સમર્થન આપું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, પ્રવાસન વિભાગ માટેની માગણી નંબર ૫૧ અને મહેસૂલ વિભાગની માગણી નંબર ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનની ૨૦૦૮-૦૯માં ૧૦૦ કરોડની જોગવાઈ સામે ૨૦૦૯-૧૦માં ૧૬૪.૮૪ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી અને મહેસૂલ વિભાગમાં ૨૦૦૮-૦૯માં ૨૨૫.૨૫ કરોડની જોગવાઈ સામે આ વર્ષમાં ૨૦૦૯-૧૦માં ૩૫૧.૫૧ કરોડની જોગવાઈ કરી છે. ખરા અર્થમાં મહેસૂલ વિભાગ ગામડાં અને શહેર માટે આ હ્રદય જેવું છે કોઈ પણ શહેરની અંદર પોતાની મિલકત ધરાવતાં હોય કે ગામડામાં રહેતાં ખેડૂતો કે અન્ય લોકો પોતાની મિલકત ધરાવતાં હોય આ તમામ રેકૉર્ડ મહેસૂલ વિભાગ નીચે આવતો હોય. ખરા અર્થમાં ગુજરાતની અંદર જે મહેસૂલ વિભાગ છે ઈ-ગ્રામ હોય કે વિશ્વ ગ્રામ આ કોમ્પ્યુટરાઈઝેશનથી ગામડાંને જોડી અને દુનિયા અને દેશની અંદર ગુજરાત રાજય એ પહેલું રાજય છે. ગુજરાતની અંદર આપણા નેતા સુભાષચંદ્રજી બોઝ તેમની જન્મ જયંતી નિમિત્તે ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ બારડોલી તાલુકાના હરિપુરા ગામેથી માનનીય મુખ્યમંત્રી આનું ઓપનીંગ કરી અને ગુજરાતના દરેક ગામડાંની ગ્રામ પંચાયતની અંદર આ ઈ-ગ્રામ સાથે જોડીને આખા દેશની અંદર આ ગુજરાતનો પહેલો નંબર અપાવ્યો. ગુજરાતના બારડોલી તાલુકાના હરિપુરા ગામે એક વખત કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળેલું અને ત્યારે આ ભારતના કોંગ્રેસના નેતા તરીકે સુભાષચંદ્ર બોઝ ચૂંટાયા હતા એવા પ્રખ્યાત ગામની અંદર આ કાર્યક્રમ કરીને આ ગુજરાતના તમામ ગામને ઈ-ગ્રામ સાથે જોડ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગામડાંને જોડવાથી જ્યારે આ ઓપનીંગ થયું ત્યારે મોરબી તાલુકાના લાલપુર ગામની ગ્રામ પંચાયતમાં આ કાર્યક્રમ શરૂ થયો ત્યારે કોમ્પ્યુટર ઉપર ગામડાંના લોકો ભેગાં થયા અને આ કાર્યક્રમને જોવા માટેના પ્રયત્ન કર્યા અને થોડીવારમાં આ કાર્યક્રમને અમે જોઈ શક્યા. ત્યારે ગામડાંના વૃદ્ધ માણસો હતા તેને એમ થયું કે છેક બારડોલી પાસે આપણાં મુખ્યમંત્રી બેઠા હોય અને તે આપણે આપણાં કોમ્પ્યુટરમાં જોઈ શકીએ. ખરા અર્થમાં ગામડાંના લોકોને આ ગ્રામ પંચાયતની અંદર કોમ્પ્યુટર આવવાના કારણે ગામડાંની અંદર પોતે કૃષિ પેદાશની અંદર જો કોઈ પણ વસ્તુની તેને જરૂર પડે મોલાતની અંદર તેને દવા છાંટવી હોય તો કઈ દવા છાંટવી. આપણે કૃષિની વેબસાઈટ ઉપર જઈએ તો તેની અંદરથી આપણને તમામ માહિતી મળે કે તમારા ખેતરની અંદર આ વસ્તુ વાવેલી છે અને તેની અંદર આ જાતની જીંવાત છે તો તેના માટે તમારે આ દવા છાંટવી જોઈએ. કોઈ પણ દેશ અને દુનિયાના કોઈ પણ અનાજ કે કોઈ પણ વસ્તુના ભાવ જાણવા હોય તો તે આ કોમ્પ્યુટરની ઉપરથી આપણે જાણી શકીએ. તો ખરા અર્થમાં આ ગુજરાતને આ વિશ્વ સાથે સાંકળવા માટેના પ્રયત્ન આ ગુજરાતની સરકારે કર્યા છે. આજે વર્ષોની પરંપરા કે જે જૂની નીતિ હતી નવી શરતની જમીનો હોય કે ૧૯૬૦માં પ્રોમલેગશન થયેલું. ૧૯૬૦માં જેની જમીનની માપણી કરવામાં આવી ત્યારે વિઘોટી કરતાં જમીનની કિંમત ઓછી હતી ત્યારે ઘણાં ખેડૂતોએ પોતાની જમીનને અમારે નથી જોઈતી એમ કરીને માપણીમાં ન લઈ અને પોતાના નામમાંથી કમી કરાવી. ખરા અર્થમાં આ જમીન લોકો વર્ષોથી ખેડતા આવે છે જ્યારે આ નવી માપણી થવાની છે ત્યારે ખરા અર્થમાં લોકોને જે અન્યાય થયો છે તેમાં સો ટકા ન્યાય મળવાનો. આ નવી માપણીના કારણે આ આખી ડેટા બેંક તૈયાર થાય તો કોઈપણ માહિતી ગુજરાતની અંદર કયા ગામની અંદર કેટલો ખરાબો છે, કેટલી ગોચરની જમીન છે, કેટલી ખેતીની જમીન છે અને કયા પ્રકારની જમીન છે, આ તમામ વિગતો આ રેકર્ડના કારણે ઉપલબ્ધ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખરા અર્થમાં ગુજરાતની અંદર ઘણા ગામડાની અંદર અગાઉના રાજાશાહી વખતમાં પોતાની જમીન પાછળ એને વાડાઓ મળેલા હતા. આ ભાજપની સરકાર આવ્યા પછી રાજય સરકારે એક જી.આર. બહાર પાડી જે પંચાયતના રેકર્ડની અંદર વાડા રજીસ્ટરમાં વાડા નોંધાયેલા હોય એને એની સનદ મળવી જોઈએ. ત્યાર પછી એક જૂનો કાયદો હતો. રાવડા હકક હોય ચ-હકક હોય, કરામા હકક હોય. આવા હકકના પોતાના માલિકીના પોતાની જગ્યા ભેણીં હોય કે મકાન હોય એની એની પાસે શરત નહોતી. એને કોઈપણ કારણોસર કોઈ લોન લેવી હોય કે વેચવી હોય તો એ તબદીલ ન થાય અને દસ્તાવેજ પણ થઈ શકતો નહોતો. ત્યારે આ ગુજરાતના મુખ્યમંત્રીએ એક જી.આર. બહાર પાડીને ગામડામાં જે લોકોના પોતાના માલિકીના પોતાના હકકના જમીન અને મકાનો હતા એની એને સનદો આપવાના પ્રયત્નો આ ગુજરાતમાં થયા.

માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકાની એક વાત કરું. ટંકારા તાલુકાના મેઘપર ગામમાંથી વાગડ ગામ ૫૦ વર્ષ પહેલા અલગ થયું હતું. આ અલગ થયા પછી એની પંચાયત પણ જુદી. પણ એને રેવન્યુ રકબો ખાલી ગામના મકાનો હતા એટલા પૂરતો એ જમાનામાં ફાળવેલો. પછી એ ગામમાં આપણે આ ગુજરાતની અંદર જે શાળાના ઓરડા અને કોમ્યુનિટી હોલ બનાવવા માટેની જયારે ગ્રાન્ટ આપવામાં આવી, ત્યારે વાગડ ગામમાં કોમ્યુનિટી હોલ અને શાળાના ઓરડાનું કામ શરુ કરવામાં આવ્યું, તો મેઘપર ગામે એનો વાંધો લીધો કે આ જમીન તો અમારા કબજામાં છે અને અમારા રેવન્યુ રેકર્ડ ઉપર છે, એટલે અમે બાંધવા નહીં દઈએ. આવા નિર્ણય તાત્કાલિક

આ ગુજરાત સરકારમાં કરી અને બેય ગામનો રેવન્યુ રકબો અલગ કરવાની જયારે રજૂઆત કરી તો ટૂંક સમયમાં આ રેવન્યુ રકબો અલગ કરીને બન્ને ગ્રામ પંચાયતને પોતાનો રેવન્યુ રકબો ફાળવવામાં આવ્યો.

ગુજરાતની અંદર મહેસૂલ વિભાગખરા અર્થમાં આ જે કામ કરે છે. એ જંત્રીનો પ્રશ્ન હોય કે એન્ટ્રી પાડવાનો પ્રશ્ન હોય કે કોઈપણ પ્રશ્ન હોય. એનો ઝડપથી કેમ નિકાલ થાય એના પ્રયત્ન આ ગુજરાતમાં રાજય સરકાર કરી રહી છે. ત્યારપછી એક ટાઉન પ્લાનિંગના ઘણા પ્રશ્નો ઉભા થયા. તો દરેક નગરપાલિકા અને મહા નગરપાલિકામાં ટાઉન પ્લાનિંગની કામગીરી અને સીટી સરવે સાથે જોડીને શહેરની અંદર રહેતા તમામના મિલકતના રેકર્ડ અને એને કાર્ડ મળી જાય એના માટેના પ્રયત્ન પણ આ ગુજરાત સરકારે કર્યા.

ગુજરાતમાં કોઈપણ મિલકતના ટ્રાન્સફરના દસ્તાવેજ કરવામાં આવે ત્યારે સમયસર દસ્તાવેજ ન મળતો હોવાને કારણે જનસેવા કેન્દ્ર મથક શરુ કરી અને ટૂંક સમયમાં લોકોને જલ્દી પોતાનો દસ્તાવેજ પરત મળે એના માટેના પ્રયત્નો પણ આ રાજય સરકાર કરી રહી છે ત્યારે ખરા અર્થમાં આના કારણે લોકોને પોતાના દસ્તાવેજ જલ્દી મળશે.

ખાસ કરીને મારે એ વાત કરવી છે કે પ્રવાસન નીતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં કચ્છ હોય કે જુનાગઢ હોય કે સોમનાથ હોય કે દ્વારકા હોય. આ બધા અંબાજી હોય કે પાલીતાણા હોય. ખરા અર્થમાં પ્રવાસનના સ્થળો માટે આ રાજય સરકારે પ્રવાસન વર્ષ ઉજવી અને દરેક પ્રવાસન સ્થળોને આધુનિક બનાવવા માટેના જે પ્રયત્નો કર્યા. આ કચ્છની અંદર ગુજરાતમાં મોટામાં મોટું રણ કચ્છમાં આવેલ છે. આ કચ્છ જિલ્લામાં ધોળાવીરા હોય કે કાળો ડુંગર હોય કે નારાયણ સરોવર હોય કે કોટેશ્વર હોય. આવા ઘણા જોવાલાયક સ્થળો છે. ત્યારે કચ્છ મહોત્સવ ઉજવીને દેશ અને દુનિયાના લોકો આ કચ્છની મુલાકાત કરે એટલે ખરેખર ગુજરાતના કચ્છમાં કેટલા જોવાલાયક સ્થળો છે. એ સ્થળોને વિકસાવવા માટે રાજય સરકારે ૧૧૫ કરોડ રૂપિયા જેવો ખર્ચ કર્યો. તો ખરા અર્થમાં ગુજરાતની અંદર બહારથી આવનાર પ્રવાસીઓ કોઈપણ જિલ્લાની અંદર જાય ત્યાં રોકાય અને જે કાંઈ ખર્ચ કરે એનાથી ત્યાંના લોકોને રોજીરોટી મળવાની છે. તો ખરા અર્થમાં ગિરનારની અંદર હમણા સોરઠ વિકાસ યોજનામાં ૬૦૦ કરોડ રૂપિયા ફાળવી દ્વારકા સોમનાથ હોય કે નાગેશ્વર હોય કે ગિરનાર હોય. આનો વિકાસ કરી અને વધારેમાં વધારે લોકો સોરઠમાં આવે અને ત્યાં ઉતરે, હોટલમાં ઉતરે તો હોટલવાળાને આવક થાય. જમવા જાય તો એ જમાડનારને લાભ થાય. વાહન બાંધે તો ટેકસીવાળાને લાભ થાય. આના કારણે દેશ અને દુનિયાના લોકો વધારેમાં વધારે ગુજરાતમાં આવે અને એના કારણે ગુજરાતમાં રોજીરોટી અને આવકમાં કેમ વધુ ફાયદો થાય એના માટે પ્રવાસન વર્ષમાં રાજય સરકારે તમામ મંત્રી અને ધારાસભ્યોને જુદા જુદા રાજયમાં મોકલ્યા અને કઈ રીતે આપણે પ્રવાસન સ્થળોનો વિકાસ કરવો એના માટેના પ્રયત્નો કર્યા. તો ખરા અર્થમાં ગુજરાતની અંદર જે પ્રવાસન માટેની તક છે. આ તકને વધુમાં વધુ લાભ લઈ ગુજરાતમાં કેમ વધુમાં વધુ આવક થાય એના માટેના પ્રયત્નો રાજય સરકારે કર્યા,

માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રવાસન અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રીઓ પોતાની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું. આટલું કહીને વિરમું છું.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં પ્રવાસન મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી નંબર ૫૧ અને તે જ રીતે મહેસૂલ વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યાં છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની વાત કરું તો મહેસૂલ વિભાગ દ્વારા અને એમાં ખાસ જે મહિલાઓને દસ્તાવેજમાં જે રજીસ્ટર ફીની માફી આપી જેના કારણે ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં આ રાજયમાં ૬ાા લાખ બહેનોના નામે દસ્તાવેજો કરવામાં આવ્યા. તો આ રીતે મહિલાઓને મિલકતોના માલિકી હક્ક આપવા માટેનું આ જે જબરજસ્ત કામ થયું છે એ દ્વારા ગુજરાતે સમગ્ર દેશમાં એક નવી રાહ બતાવી છે. મહિલાઓને નામે જમીન કે મિલકત ધરાવતી મહિલાઓને જે પોતાને મિલકતની માલિક બનાવી છે આવો કાયદો પ્રથમવાર લાવીને ગુજરાતે આખા દેશમાં રાહ ચીંધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્ટેમ્પ પેપરની વાત કરવી છે કે ગુજરાતમાં અગાઉ દસ્તાવેજોમાં જે કૌભાંડો થતાં હતાં, કોઈના નામે કોઈની જમીન વેચાઈ જતી હતી અને જે સરળીકરણ થતું હોવાને કારણે કુલમુખત્યારનામાની ફરજીયાત નોંધણીને લીધે બોગસ અને બનાવટી લેખોમાં ઘટાડો થયો છે. દસ્તાવેજોમાં ફોટોગ્રાફ લગાડવાને કારણે અને વેબ કેમેરાથી એની ફીંગરપ્રિન્ટ લેવાની જે સિસ્ટમ દાખલ કરવામાં આવી છે એનાથી પણ બોગસ અને બનાવટી લેખોના પ્રમાણમાં ઘટાડો થઈ રહ્યો છે અને ફરજીયાત નોંધણી થવાથી મિલકત ઉપર બોજો છે કે કેમ તેની માહિતી સરળતાથી મહેસૂલ વિભાગને મળી રહે છે. પહેલાં પોતાની મિલકત હોય, પોતાનો દસ્તાવેજ હોય, પૈસા ખર્ચ કર્યા પછી પણ ગુજરાતમાં પોતાની મિલકતનો દસ્તાવેજ ૧૫-૧૫ વર્ષ સુધી મળતો ન હતો મને યાદ છે કે ૩૨(ક) ને નામે આ ગૃહમાં ૧૯૯૮-૯૯ માં ધારાસભ્યો બોલતા હતા કે ૨૫-૨૫ વર્ષના દસ્તાવેજો મળતા નથી. હવે આ સરળીકરણની નીતિના કારણે મહેસૂલ વિભાગની સરળીકરણની કામગીરીના કારણે આજે કોઈપણ દસ્તાવેજ કરીને જાય તો એક કલાકમાં એ પોતાનો દસ્તાવેજ લઈને પરત આવે છે. આવો સરસ કાયદો માનનીય મહેસૂલ મંત્રીશ્રી લાવ્યાં છે એ બદલ તે.મને હું અભિનંદન આપું છું. સાથે સાથે

મહેસૂલ વિભાગની મારે બીજી પણ વાત કરવી છે કે છેલ્લા એક વર્ષમાં જે પડતર કેસો હતા તો આજે અમે અમારા વિસ્તારનાં ગામડાંની મુલાકાતે જઈએ તો ખેડૂતોને પૂછીએ કે તમારી એન્ટ્રીનો કોઈ પ્રશ્ન છે? તો જવાબ મળે છે કે કોઈ એન્ટ્રી બાકી નથી. મહેસૂલ વિભાગમાં તલાટી-કમ-મંત્રી પાસે આજે કોઈ વારસાઈની એન્ટ્રી બાકી નથી. અમે લોકોને કહીએ કે તમારી કોઈ બાકી વારસાઈ એન્ટ્રી હોય તો કહેજો તો જવાબ મળે છે કે વારસાઈ એન્ટ્રીઓ બધી સમયસર થઈ જાય છે. તો આ રીતે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે જાગૃત્તિ લઈને આવ્યાં છે અને કામ કરે છે અને એના લીધે ગામડાંમાં આ વારસાઈની એન્ટ્રીઓ બાકી રહેતી નથી. અગાઉ મને બરાબર યાદ છે કારણ કે હું ગામમાં ૧૫ વર્ષ સુધી સરપંચ તરીકે રહ્યો છું અને ત્યારે તલાટી-કમ-મંત્રીના ભાવ બોલાતા હતા. એક એન્ટ્રી પાડવાની હોય તો ૫-૫ હજાર રૂપિયાનો ભાવ હતો. અત્યારે સામેથી તલાટી-મંત્રી કહે છે કે તમારી વારસાઈ એન્ટ્રી થઈ ગઈ છે અને તમારે ૭-૧૨ નો ઉતારો જોઈતો હોય તો લઈ જજો. તો આ રીતે વહીવટમાં જે જબરજસ્ત સુધારો આવ્યો છે, જાગૃત્તતા આવી છે અને મહેસૂલ વિભાગમાં સમગ્ર રાજયમાં કલેકટર કચેરી જોઈએ..

માનનીય અધ્યક્ષશ્રી મામલતદાર કચેરી હોય, તો મને એમ લાગે છે કે ગાંધીનગરમાં છે તેનાથી પણ વિશેષ આજે તાલુકા મથકે સુવિધાઓ મળી છે, જે મામલતદાર કચેરીમાં સગવડતાઓ મળી છે તેથી કોઈ પણ વ્યકિત જાય તો તેને બેસવા માટેની વ્યવસ્થા અને કામગીરી ઝડપથી થાય, કોમ્પ્યુટરાઈઝ થયું, આજે ગ્રામ્ય વિસ્તારમાં દરેક ગ્રામ પંચાયતમાં ઈ ગ્રામ ને કારણે એટલી સગવડતા ઉભી થઈ છે કે ૭/૧૨ નો દાખલો લેવો હોય, જાતિનો દાખલો મેળવવો હોય, પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવું હોય, અનેકવિધ સુવિધા આજે ગ્રામ્ય વિસ્તારમાં મળી રહી છે, અને મારે બીજી એ પણ વાત કરવાની છે કે જયારે વહીવટમાં સૂઝ બૂઝથી કામ થતું, હીડ ફાર્મ પ્રોજેકટની નીતિ જે ગુજરાત સરકારે અપનાવી, જેને કારણે વર્ષોથી જમીનો પડતર પડી રહેતી હતી જે જમીનો ભાડા પટ્ટે આપીને એક એકરે ૧૦ હજાર રૂપિયા ભાડું નકકી કર્યુ, અને આ રાજય સરકારને વર્ષે ૨૨ કરોડ રૂપિયાની આવક ઉભી થઈ છે. અને પડતર જમીનની કિંમતનું ભાડું આજે આવી રહ્યું છે અને આવકમાં પણ મહેસૂલ વિભાગમાં ખૂબ જ સરસ વધારો થયો છે. સ્ટેમ્પ ડયુટીમાં મેં અગાઉ કીધું તેમ અનેક મુશ્કેલીઓ પડતી હતી, દસ્તાવેજો મળતા નહોતા, પોતે જો જાણકારી મેળવીને પોતાનો દસ્તાવેજ કરવો હોય તો દસ્તાવેજમાં ફોટોગ્રાફ લગાવીને વેબ કેમેરાથી ફીંગર પ્રીન્ટ લગાવીને સીસ્ટમ દાખલ થવાથી નોધણી તથા બોગસ અને બનાવટી લેખોમાં પ્રમાણમાં મોટો ઘટાડો થયેલો છે. કોમ્પ્યુટરાઈઝેશન થવાથી લોકોના દસ્તાવેજો ઝડપથી નોંધણી થઈ અને ૨૪ કલાકમાં પરત આવે છે. ઈન્ટરનેટની સુવિધા થતા લોકોના મિલકતોના ટાઈઢટલ કીલીયર અંગેની માહિતી સરળતાથી મળી શકે છે. મહિલાઓને રજિસ્ટ્રેશન ફી માં આપેલ માફીના કારણે મહિલાઓનો સામાજિક દરજજો અને મહત્વ ખૂબ વધવા પામેલ છે. ડી વેલ્યુએશન પ્રથા અમલી થતા લોકોને તેઓના નોંધાયેલ દસ્તાવેજ તે જ દિવસે પરત આપી શકાય છે. તેમજ સ્ટેમ્પ એકટની કલમ ૩૨(ક)ના પડતર કેસોનો ઘટાડો થયેલ છે. તેમજ કલમ ૩૨(ક) ના કારણે લોકોને પડતી હાલાકી દૂર થઈ છે. ટ્રુ પેઈઝ કોમ્પ્યુટરાઈઝ પ્રથા અમલમાં આવતા કોઈની મદદ વીના પક્ષકાર જાતે જ નિયમ, નમૂના, દસ્તાવેજ તૈયાર કરીને નોંધાવી શકે છે. અને આ દસ્તાવેજના ખર્ચમાં ફાયદો થયો છે. આવા અનેક મહેસૂલમાં સુધારા વધારા થયા છે તે માટે મહેસૂલ મંત્રીને અભિનંદન આપું છું. બીજી મારે પ્રવાસન અને યાત્રા ધામ માટે વાત કરવી છે. કે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં જુદા જુદા યાત્રા ધામો પાલીતાણા છે, અંબાજી છે, આપણે અગાઉ યાત્રા કરવા કે દર્શન કરવા જતા હતા ત્યારે વ્યકિતઓને બેસવા માટેની વ્યવસ્થા નહોતી, ગંદકીથી ભરેલા હોય, એને બદલે આજે અંબાજી, કે પાલીતાણા કે અન્ય યાત્રાધામોમાં આપણે જઈએ તો ગુજરાત સરકારે કરેલ પરિવર્તનના કારણે યાત્રા ધામોમાં રહેવાની, શુધ્ધ પીવાનું પાણી અને પુરી સગવડતા મળે છે. અને યાત્રા ધામ આજે બીજા રાજયોની જેમ જયારે વિકસીત બની રહયા છે ત્યારે આપણા ગુજરાતના લોકો મોટા પાયે કાશ્મીર અને અન્ય રાજયોમાં જતા હતા એ રીતે સમગ્ર ભારતના લોકો પણ હવે ગુજરાતમાં યાત્રા ધામના દર્શન કરવા આવે છે અને એમ લાગે છે કે ના, હવે ગુજરાત પણ પ્રવાસન માટે ખૂબ આગળ વધ્યું છે અને આવતા દિવસોમાં ગુજરાત યાત્રા ધામમાં પણ ખૂબ આગળ વધશે. જે માગણીઓ માનનીય મંત્રીશ્રીઓ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસનની માગણી નંબર ૫૧, મહેસૂલ મંત્રીશ્રી માગણી નંબર ૭૯ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

હું જે જિલ્લામાંથી આવુ છું એ જિલ્લો આજે આ સરકાર માટે ગૌરવ લઈ શકે છે કે જુનાગઢ જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે ૨૦૦૯-૧૦ની અંદર ૬૦૦ કરોડ જેવી માતબર રકમ પ્રવાસન ક્ષેત્રે ફાળવી છે ત્યારે હું આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. અભિનંદન એટલા માટે આપુ છું કે જે જિલ્લામાંથી હું આવું છું એ જિલ્લાની અંદર ગરવો ગિરનાર આવેલો છે અને પ્રવાસીઓનો ઘસારો ખૂબ જ રહે છે. એથી વિશેષ મારા મત વિસ્તારમાં જેમનું નામ છે તે પ્રસિદ્ધ સોમનાથ મારા જિલ્લામાં અને મારા મત વિસ્તારની સાથે જોડાયેલું છે જેના લીધે આજે હું ખૂબ જ રોમાંચિત થઈ ઊઠું છું. આ ૬૦૦ કરોડ ફાળવ્યા છે તેમાં સ્મર્ણિમ સોરઠ જયંતિ વિકાસ યોજના તેમજ સૌરાષ્ટ્રમાં જુનાગઢ શહેર એ અતિ પ્રાચીન શહેર છે. ગુજરાતના નકશા ઉપર જુનાગઢ ઊભરી આવ્યું છે ત્યારે જુનાગઢ ભગવાન શિવનું અતિપ્રિય સ્થાન છે. જુનાગઢનું

પ્રાચીન નામ  ગિરિનગર હતું. જુનાગઢનો ગઢ કે જે વાદળ સાથે વાતો કરે  તેવો ગઢ ગિરનાર પણ ત્યાં આવેલો છે, જુનાગઢના ગરવા ગિરનારમાં  પ્રવાસનના ઘણા સ્થળો આવેલાં છે. એમાં ગિરનાર ઉપર પ્રાચીન સ્થળો આવેલા છે. રાખેંગા, રાણકદેવી  એવા સ્થળો કે બહું પ્રાચીન સ્થળો છે અને આ પ્રાચીન સ્થળો પુરાતત્ત્વ ખાતું જ્યારે સંભાળતું હતું તે વખતે એની પાછળ ખર્ચ કરવા કે એને રિપેર કરવા માટે કોઈ કદર કે ધ્યાન આપવામાં આવતુ નહોતું.  પરંતુ આ રાજય સરકારે ગયા બજૅટ સત્રની અંદર માનનીય માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આ ગૃહમાં પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે આવા સ્થળો સારા છે અને આવતી પેઢી ભૂલી ન જાય એ આવશ્યક છે. આપણી ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે, ભલે વહીવટ ટ્રસ્ટ કરે એ રિપેર થવા જોઈએ અને એ રિપેર કરવા માટે સરકારે અહીંથી હૈયાધારણા આપી છે એટલે સરકારને હું અભિનંદન આપું છું.  સાથે સાથે જુનાગઢની અંદર એવા ઘણા સ્થળો આવેલા છે  જેમાં ખાસ કરીને અડીકડી વાવ અને નવઘણ કૂવો, ત્યાં અમારી કહેવત છે  કે જેણે ન જોયો હોય તે જીવતો મૂવો. આ પણ અમારી જુનાગઢની કથા છે. ઉપરકોટમાં ખાસ કરીને આવા સ્થળો આવેલા છે ત્યારે ગુજરાતી ચલચિત્રોના મોટા પ્રમાણમાં ત્યાં શુટીંગ ચાલતા હોય છે ત્યારે આ ૬૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે  એનો યોગ્ય જગ્યાએ પ્રવાસન સ્થળના વિકાસ માટે ઉપયોગ થવાનો છે એટલે જુનાગઢ જિલ્લો સો ટકા ગૌર લઈ શકે  છે.

મારે એ પણ કહેવું છે કે મારો મત વિસ્તાર સોમનાથ  છે. સોમનાથની અંદર આપ સૌ આવતા હશો. સોમનાથ પહેલા કેવું હતું  અને આજે કેવું છે અને ભવિષ્યમાં કેવું હશે એ આપણે સૌ જાણીએ છીએ. ભારતમાં પશુપતિ સ્વયંભૂ રીતે જે સ્થળોએ પ્રગટ થયેલા હતા તે પૈકી દ્વાદશ જ્યોતિર્લિંગ સોમનાથ આવેલું છે. એ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ આવેલું છે એ પ્રભાસ ક્ષેત્ર તરીકે ઓળખાય છે. આ પ્રભાસક્ષેત્રમાં આવા અનેક સ્થળો આજે પણ જોવા લાયક છે. ઈતિહાસ તેને વાગોળે છે અને યાદ કરે છે. બે દિવસ પહેલાં એક પેપરમાં વાંચ્યું હતું, સામેના મિત્રો ગેરહાજર છે. ત્યારે વિરોધપક્ષના નેતાએ એમ પણ કહ્યું હતું કે આ ૬૦૦ કરોડથી ફાયદો શું? પરંતુ મારે આપના માધ્યમથી જ્યાં હોય ત્યાં કહેવું છે કે મિત્રો, કાલે જે મેં આ ગૃહમાં કહ્યું હતું કે ૧૯૬૩થી પંચાયતી રાજ આવ્યું ત્યાં સુધી ૩૫ વર્ષ સુધી તમે અહીં બેઠાં હતા અને વજુભાઈ બેસે છે એ જગ્યા ઉપર જૂનાગઢ જિલ્લાના જ એક મંત્રી બેસતા હતા. તો મિત્રો, સૌરાષ્ટ્રને અન્યાયની વાતો કરતા પણ તેના જિલ્લા માટે કે સૌરાષ્ટ્ર માટે ૩૩ વર્ષમાં કંઈ કર્યું છે ખરું? અને જ્યારે મુખ્યમંત્રીશ્રી કરે છે, અમારા મંત્રીઓ કરે છે, ભારતીય જનતા પક્ષની સરકાર જ્યારે કામ કરી રહી છે,  ત્યારે લોકોએ એ વાતને બિરદાવે છે. હોંશભેર વધાવે છે.  મારા વિસ્તારમાં ભાલકા તીર્થ આવેલું છે. ભાલકા તીર્થ એટલે ભગવાન શ્રી કૃષ્ણનો દેહત્યાગ થયો હતો. એવા ભાલકા તીર્થમાં કૃષ્ણ ભગવાનને લોકો યાદ કરે છે.  એ વેરાવળ અને સોમનાથની વચ્ચે આવેલું છે. આ જગ્યા ઉપર હજારો યાત્રાળુઓ આવે છે. પ્રભાસક્ષેત્ર ઉપર ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ થાય છે. એ નદીઓ પર આજે  ઘાટ બની રહ્યા છે. લોકફાળાથી, ટ્રસ્ટ અને સરકારની મદદથી જે કામ થઈ રહ્યું છે અને ૬૦૦ કરોડના કામો થવાના છે તે પૈકી ત્યાં જે પણ મળશે. તે ઘાટ ઉપર પિતૃશ્રાદ્ધ થાય છે. તેના માટે અલગ-અલગ જગ્યાએથી હજારો લોકો આવે છે.  (સમય સૂચક ઘંટડી) એક જ મિનિટમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે વાત કરવી છે.

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને તો હું સમર્થન આપું છું અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે કુદરતી આફતો માટેની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું દરિયાકાંઠા ઉપરથી આવું છું ત્યારે મારે એકાદ વાત કરવી છે. દરિયાકાંઠા ઉપર, દરિયા કિનારા ઉપર રહીએ છીએ ત્યારે લગભગ વર્ષે-બે વર્ષે કુદરતી આફતો આવતી હોય છે અને તેના હિસાબે સરકારે એક અલગ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ શરૂ કર્યો છે. ત્યારે હું સરકારને ધન્યવાદ આપું છું. સમુદ્ર કાંઠા ઉપર રહીએ છીએ ત્યારે રાત્રે શું થવાનું છે એ ખબર નથી પણ આ સરકારના માધ્યમથી આ વિભાગ તરફથી એક ખૂબ અગત્યનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જે ગામોમાં રહીએ છીએ ત્યાં સરકારે ઉંચાણવાળી જગ્યા હોય તેના ઉપર ભૂકંપપ્રુફ સારી બિલ્ડીંગ બનાવીને ગામના લોકો સલામત સ્થળે રહે શકે તેવું આયોજન શરૂ કર્યું છે અને વેરાવળ તાલુકાના ત્રણ ગામોમાં સરવે થઈ ગયો છે અને કામગીરી શરૂ થવાની છે. ત્યારે આ બન્ને વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને મારી વાત અહીં પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગનું કાર્યક્ષેત્ર સમાજના સામાન્ય માનવીને સ્પર્શે છે. અત્યાર સુધી આ પરંપરાગત વ્યવસાય હતો. આ સરકારે આધુનિક ટૅક્નૉલૉજી તથા ઈ-ગવર્નન્સના માધ્યમથી સામાન્ય માનવીના કાર્યમાં સરળતા અને પારદર્શકતા આવે એ હેતુથી સેવા ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ યોજનાઓ હાથ ધરી છે. જેમાં લૅન્ડ રેકર્ડ, દસ્તાવેજોની ઉપલબ્ધિ ઝડપથી મળી રહે તે માટે માલિકી હક્કના વિવાદો ઘટે તેવું આયોજન છે. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક દ્વારા માપણી અંગેની કામગીરી ઝડપી બને તે માટે ખૂબ સુધારાત્મક પગલાં લીધાં છે. સૌથી પ્રથમ તો રાજયની અંદર ૧૧૦ વર્ષ પહેલાં માપણી થઈ હતી અને એ માપણી શંકુ-સાંકળથી થઈ હતી. એ પછી આજ દિન સુધી માપણી થઈ નથી. ત્યારબાદ વધુ ચોક્કસાઈ કરી પ્લેન ટેબલથી માપણી મેળવી અને આ માપણી આવી તેના લીધે ખૂબ ચોક્કસાઈ થતી હતી પણ જે કામ ઝડપથી થવું જોઈએ એ

થતું નહોતું એમાં પ્રગતિ થવી જોઈએ એ થતી નહોતી અને એટલા માટે આ જે આધુનિક સાધનો લાવ્યા છે એના માટે હું એમને અભિનંદન આપું છું. આ સાધનોમાં DGPS ડીફરન્શીયલ ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ મશીન, ETS ઈલેક્ટ્રોનીક ટોટલ સ્ટેશન મશીનનો ઉપયોગ કરીને માપણી કરવામાં આવે છે. ૬ DGPS અને ૫૫ ETS આ સરકારે વસાવ્યાં છે અને નવા વર્ષમાં પણ આ સરકાર ૫ DGPS અને ૧૨ ETS સાધનો વસાવવાનું નક્કી કર્યું છે. આ સાધનોથી ઝડપી કાર્યવાહી થશે. વિવિધ પ્રકારની માપણીઓ મોટા ક્ષેત્રફળ ન હોય ત્યાં આ પ્લેન ટેબલ પદ્ધતિ અમલમાં છે પણ તેનાથી ખૂબ વાર લાગતી હતી અને વધુ ક્ષેત્રફળ વાળા કેસોમાં માપણી કરતાં વધુ સમય થાય છે. જેથી માપણી ઝડપ વધારવા માટે જે માપણી કેસમાં ૨૦ હેકટર કે તેથી વધુ જમીન હોય તો આધુનિક સરવે સાધનોથી માપણી કરવાની ખાતા દ્વારા સૂચના આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાયસન્સી સરવેયર- ખાતામાં સરવેયરોની અછત હોય અને માપણી કેસોની સંખ્યા વધુ હોવાના કારણે કેસો વધુ સમય પડતર ન રહે તે માટે આ ખાતા મંત્રીશ્રીએ લાયસન્સી સરવેયર મૂકવાનું નક્કી કર્યું છે. ખાનગી વ્યકિત, સંસ્થાને હદ હિસ્સા માટે બિનખેતીની માપણી કરવા મંજૂરી આપતા નિયત ક્વૉલિફિકેશન મુજબ આઈ.ટી.આઈ. પાસ સર્વેયર કોર્સ, ડીગ્રી, ડિપ્લોમા પાસ સિવિલ ઈજનેર જેવા ડીગ્રીવાળા ૫૯ વ્યકિતઓને લાયસન્સ આપવામાં આવ્યા છે. જેના લીધે લોકોની અરજીઓ પડતર ન રહે. ખેડૂતોને ખૂબ તકલીફ પડતી હતી. આ નવી પદ્ધતિથી તા.૧૪-૫-૦૯ની સ્થિતિએ કુલ ૬૬ લાયસન્સ આપવામાં આવેલ છે. મિલકત કાર્ડ કમ્પ્યુટરાઈઝેશન- શહેરી વિસ્તારમાં લોકોના મિલકત કાર્ડ પૈકી ૧૩ લાખની ડેટા એન્ટ્રી કરાવવામાં આવી છે. નગરપાલિકા વિસ્તારની સીટી સર્વે કચેરીના મિલકત કાર્ડની વર્ષ ૨૦૦૯-૧૦માં ડેટા એન્ટ્રી કરાવવાનું નક્કી કર્યું છે. મહાનગરપાલિકા (જુનાગઢ સિવાય) દરેક મહાનગર પાલિકાઓની અંદર જમીન દફતર ખાતાના સીવીક સેન્ટર ઉપરથી મિલકત કાર્ડની કોમ્પ્યુટરાઈઝ નકલ આપવાની કામગીરી કરવામાં આવી છે. ફેરફાર નોંધની અરજીઓ સ્વીકારી કૉમ્પ્યુટર ઉપર જ નોંધ પાડી તેની નોંધનો નિકાલ કર્યાની એન્ટ્રી પાડી તેની નોંધનો નિકાલ કર્યાની જાણ સુધીની કામગીરી કરવામાં આવે છે. આવું કયારેય બનતું નહોતું કે એન્ટ્રી પાડ્યા પછી માણસ ધક્કા ખાતો હતો પણ એની એન્ટ્રીના મહીના- બે બે મહીના સુધી ઠેકાણા પડતા નહોતા. મારે અભિનંદન એના આપવાનાં છે કે એન્ટ્રી પાડી અને એને જાણ કરવામાં આવે છે. ભવિષ્યમાં નગરપાલિકાના સ્તર સુધી આ કામગીરીનો વિસ્તાર કરવાનું આયોજન કરેલ છે. બહુમાળી મકાનો અને એપાર્ટમૅન્ટની અંદર જમીનની મિલકતનું કાર્ડ લેવું હોય ત્યારે જમીનની મિલકતનું કાર્ડ મળતું હતું. મને કહેતાં આનંદ થાય છે કે હવે એ બદલીને હાઉસ બનાવ્યું હોય કે ફ્લૅટ બનાવ્યા હોય તો એના ફ્લૅટના નંબર સાથે એની આખી માપણી નવી મળે છે. મકાન નંબર સાથેના મિલકત કાર્ડ તૈયાર કરવા માટેની ૨૦૦૮-૦૯માં મંજૂરી મળેલ છે. માપણીની શીટ ડીઝીટાઈઝ છે. જિલ્લા ઇન્સ્પેક્ટર જમીન રેકર્ડ કચેરીમાં માપણી શીટ ડીઝીટાઈઝ કરવાનું સોફટવેર બાયસેગ દ્વારા વિકસાવવામાં આવેલ છે. આના દ્વારા ૬૮૭૭ માપણીશીટ ડીઝીટાઈઝ કરવામાં આવ્યા છે. આ પ્રથાને કારણે માપણીશીટની કોમ્પ્યુટરાઈઝ નકલ ઝડપથી અને સરળતાથી જયારે જોઈએ ત્યારે મળી રહેશે. રીસરવે, જમીનની રી સરવે માપણી ૧૦૦ વર્ષ પહેલા થઈ હતી. જે તે વખતની જૂની પદ્ધતિથી માપણી થતી હતી. શંકુ આકાર સાંકળથી અને એ વખતે સો-સવાસો વર્ષ પહેલાની માપણીને લીધે ૨૫ ટકા જેટલું રેકર્ડ નષ્ટ થવા પામેલ છે. હાલ આ રેકર્ડ નકશાની અને વાસ્તવિક સ્થળ સ્થિતિ અને જમીન ધારકોમાં બદલાવ આવી ગયેલ છે. કારણ કે જે પરિસ્થિતિ ૧૦૦ વર્ષ પહેલા હતી એ સ્થળની આજે પરિસ્થિતિ બદલાઈ હોય. આ તમામ સમસ્યા નિવારવા માટે હાલના આધુનિક સાધનો તથા ડીઝીટલ રેકર્ડ તથા જમીનની હાલની વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજયમાં જામનગર જિલ્લામાં રીસરવેનો પાયલોટ પ્રોજેકટ હાથ ધરવમાં આવેલ છે. ટૂંક સમયમાં રીસરવેની કામગીરી શરૂ થશે. રાજય સ્તરે તબક્કાવાર તમામ જિલ્લાને આવરી લેવામાં આવશે.

૨૦૦૯-૧૦ની અંદર ગાંધીનગર અને પાટણ જિલ્લાનું રીસરવેનું આયોજન મૂકેલ છે. રીસરવેથી ડીજીટલ નકશા અને કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ મળશે. નકલો ઝડપથી મળી શકશે અને ખૂબ સારી વ્યવસ્થા છે એના માટે હું એમને અભિનંદન આપુ છું. રેવન્યુ રેકર્ડ જોડાણ, ભારત સરકારની નેશનલ લેન્ડ રેકર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ હેઠળ (એન.એલ.આર.એમ.પી.) ભવિષ્યમાં નકશા, રેવન્યુ રેકર્ડ અને દસ્તાવેજ નોંધણીને એક બીજા સાથે સાંકળી લેવાના છે. આ તાલીમ માટે દીનદયાળ મોજણી મહેસૂલ વિભાગ, ગાંધીનગરની અંદર આ તાલીમ માટે ૨૫ એકર જમીન છે જેમાં તાલીમ ભવન, વહિવટી ભવન, ઑડીટોરિયમ, સૅમિનાર હોલ, વર્ગ-૧ હોસ્ટેલ, વર્ગ-૨ હોસ્ટેલ, વર્ગ-૩ હોસ્ટેલ મહિલા હોસ્ટેલ, રીક્રિએશન કલબ, રેસ્ટહાઉસ, કેન્ટીન વિગેરે મકાનો આવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમને મારું સમર્થન આપી મારી વાત હું પૂરી કરું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનની ગૃહમાં પ્રવાસ અને મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન અંગે હું ચોક્કસ એ કહીશ કે આજે આ ગુજરાતની અંદર ગુજરાતી હિંદુઓના પવિત્ર શ્રાવણ માસનો પ્રથમ દિવસ છે. દેવાધિદેવ ભગવાન શ્રી શંકરની આરાધનાની આજથી શરૂઆત થઈ રહી છે ત્યારે ગુજરાતની પ્રજાને હું આ પ્રસંગે શુભેચ્છાઓ આપું છું. એ જ રીતે આપણા દેશમાં અને

દુનિયામાં સવારે મળસકે ગ્રહણની પ્રક્રિયા થઈ અને એમાં વૈજ્ઞાનિકોએ વાયુસેનાના બે વિમાનો મૂકીને એની પ્રત્યક્ષ રીતે પૃથ્વી પર પડનાર અસરો અથવા એના સંશોધન માટે પ્રયાસ થયો છે એટલા માટે એ વૈજ્ઞાનિકોને પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્ર એ આપણા વિવિધ ક્ષેત્રોમાંનું એક મહત્ત્વનું પાસું છે. દેશના અને રાજ્યના અર્થતંત્ર માટે પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. રાજ્ય સરકારે પ્રવાસન વિભાગને ૧૯૯૭માં ઉદ્યોગનો દરજ્જો આપ્યો ત્યારબાદ આ ક્ષેત્ર ખરેખર ખૂબ જ આગળ વધ્યું છે. ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે સરકારશ્રીએ ઉજવણી કરી છે એના કારણે પણ એને ખૂબ વેગ મળ્યો છે. સમગ્ર ગુજરાતની અંદર પ્રવાસ ક્ષેત્રના વિવિધ સ્થળો અને એમાં વિદેશથી આવતા એન.આર.આઈ., ભારતના અન્ય રાજ્યોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા ખૂબ જ મોટી છે. જ્યારે જ્યારે પ્રવાસીઓ આપણા ક્ષેત્રમાં આવતા હોય ત્યારે એ પ્રવાસીઓને ગુજરાતની સુંદરતા અને પ્રવાસીઓને સાચા અર્થમાં મનોરંજન મળી શકે એટલા માટે કેટલાક સ્થળો ઉપર જ્યારે પ્રવાસીઓ જાય છે ત્યારે ત્યાંના સ્થાનિક લોકો એ પ્રવાસન સ્થળને આકર્ષિત કરવા માટે ગૃહ ઉદ્યોગ દ્વારા બનાવેલ બનાવટો અને ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. ઉદ્યોગ વિભાગ દ્વારા વિવિધ ક્ષેત્રમાં ચીજ વસ્તુઓના મૉડલ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં પરંતુ પ્રવાસ સ્થળમાં તળાવમાં બોટીંગ તથા અન્ય સાધનો દ્વારા પ્રવાસીઓનું મનોરંજન થઈ શકે તેના માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. એના કારણે જે સ્થાનિક લોકો હોય એમને પણ મોટી રોજીરોટી મળી રહે છે. છેલ્લા ત્રણ વર્ષના પ્રવાસન નિગમના આંકડા મને મળ્યા છે તેમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ગુજરાતમાંથી ૯૫ લાખ ૯૬ હજાર લોકોએ પ્રવાસન સ્થળની મુલાકાત લીધી છે. બીજા રાજ્યોમાંથી ૨૫ લાખ ૪૦ હજાર લોકોએ મુલાકાત લીધી છે. એન.આર.આઈ. ૧ લાખ ૧૦ હજાર અને વિદેશીઓ ૯૭ હજાર એમ કુલ મળીને ૧ કરોડ ૨૩ લાખ ૪૩ હજાર મુલાકાતીઓએ આ ગુજરાતના પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી છે. વર્ષ ૨૦૦૭-૦૮ ૧૧,૧૨,૮૦૬, બીજા રાજ્યોમાંથી ૨૭,૬૫,૭૪૯, એન.આર.આઈ. ૧,૨૩,૮૪૯ અને વિદેશીઓ ૧,૫૧,૨૦૭ મળીને કુલ ૧,૪૧,૦૦,૦૩૧ લોકોએ અહીંયા મુલાકાત લીધી છે. એ જ રીતે વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૧,૫૮,૦૭,૫૩૫ લોકોએ ગુજરાતની મુલાકાત લીધી છે. આ જેટલી મોટી સંખ્યામાં છેલ્લા ત્રણ વર્ષના આંકડા છે એ કુલ ગણીએ તો કુલ ૪.૨૭ કરોડ જેટલા લોકોએ ગુજરાતની મુલાકાત લીધી છે ત્યારે, સાહેબ, આપણે એ વિચારીએ છીએ કે ગુજરાતની મુલાકાત પાછળ વિદેશીઓ અને **NRI** અને અન્ય દેશના લોકો કેમ આવતા હશે? ગુજરાત એ ખરેખર પ્રવાસન ક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે અને વિવિધ ક્ષેત્રે એક વિકાસનું દૃષ્ટિકોણ બનતું એક રાજ્ય છે. એક મોડલ રાજ્ય તરીકે આગળ વધી રહ્યું છે. આપણે એના દાખલા પણ આપી શકીએ છીએ કે જ્યારે આપણો ભારત દેશ આર્થિક દર ૯ ટકા હાંસલ કરતું હોય ત્યારે આપણું ગુજરાત ૧૨.૭૯ ટકા કરીને આર્થિક ક્ષેત્રે મોખરે રહ્યું છે અને એના માટે વિકાસ વિવિધ ક્ષેત્રે પ્રવાસન નિગમની અંદર થાય એ પણ ગુજરાત સરકારની એક નેમ રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર સૌથી મોટો દરિયા કિનારો મારા મત ક્ષેત્ર ઉમરગામ દેરીગોવાડા ગામથી કચ્છ સુધીનો ૧૬૦૦ કિલો મિટરનો દરિયા કિનારો છે. એ દરિયા કિનારાના બિચો વ્યવસ્થિત રીતે વિકસે અને એટલા માટે સરકારે એની પહેલ કરી છે. એના માટે વલસાડ જિલ્લાની અંદર નારગોલ ગામ, ચોમામંડી જિલ્લો જામનગર, શીવરાજપુર જિલ્લો જામનગર, બેટદ્વારકા જિલ્લો જામનગર, અહેમદપુર માંડવી જિલ્લો જુનાગઢ, પીપલગેટ જિલ્લો કચ્છ, માંડવી જિલ્લો કચ્છ, ગોપનાથ જિલ્લો ભાવનગર, મિંયાણી જિલ્લો પોરબંદર એટલા સ્થળોને આવતા દિવસોમાં સરકારશ્રી તરફથી એક દરિયા કિનારામાં વિકાસ યોજનામાં સારા પ્રવાસન સ્થળો બને એવી એક યોજના મૂકી છે અને એમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે મળીને એનો વિકાસ કરવા માગે છે. અત્યાર સુધી આ દરિયા કિનારો કોઈ બીજી દૃષ્ટિએ ઉપયોગમાં લેવાતો જ નહિ હતો. આજે આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે ઉદ્યોગ નીતિ ગુજરાત સરકારે દાખલ કરી છે ત્યાર બાદ આ દરિયા કિનારાની અંદર એક વિકાસ સાથે જોડવો તો છે જ, પ્રવાસન સાથે જોડવો પણ સાથે સાથે આધુનિક વસ્તી વધારાના કારણે જે ટ્રાફિક સમસ્યા ઊભી થઈ છે એમાં પણ સુરતથી ભાવનગર સુધી સ્પીડ બોટ મૂકીને અવર-જવર માટેની પણ એક વ્યવસ્થા ગોઠવાય. આજ રીતે નારગોલથી બોમ્બે-ગોવા સુધી સ્પીડ બોટ મૂકીને અવર-જવર માટેની પણ વ્યવસ્થા ગોઠવાય એના માટે પણ કલ્પના ચાલી રહી છે અને એટલા માટે પણ માનનીય મુખ્યમંત્રી અને પ્રવાસન અને નાણામંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન નિગમની અંદર યાત્રાધામ પણ ખૂબ મહત્વના ભાવ ભજવે છે. ભાદરવી પુનમ એ અંબાજી માતા માટે સૌથી સારો પવિત્ર દિવસ છે. આ અંબાજી માતાના દર્શનાર્થે જ્યારે ઓછામાં ઓછા ૨૫ લાખ ભારતભરમાંથી આવતા હોય ત્યારે એવા સ્થળને આપણા ગુજરાતને નહિ પણ ભારત દેશની અંદર એક મોડલ ધાર્મિક સ્થળ તરીકે જાહેર કરવો જોઈએ. એ સાથે જ્યાં પણ જાવ, સોમનાથજી જાવ, અત્યારે જુનાગઢની વાત સાથી ધારાસભ્યશ્રીએ કરી ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે એક આધુનિક ડેવલપ કરવા માટેની યોજના મૂકી છે તો એવા પ્રવાસધામની અંદર માનનીય સરકારશ્રી દ્વારા, વિભાગના મંત્રીશ્રી દ્વારા ખૂબ સુંદર કામગીરી કરી છે એટલા માટે આ બજેટની અંદર ૧૫૭ કરોડ ૯૯ લાખ ૯૩ હજારની જે દરખાસ્ત લઈને આવ્યા છે એમાં મારું

અનુમોદન આપી અને આપને પણ શુભેચ્છા પાઠવું છું કે આજે આપ સારા શુભ મુહૂર્તે શ્રાવણ મહિનાની અંદર આપ દિલ્હી ખાતે એક કમિટીમાં નિયુકત થયા તે બદલ આપનો પણ અભિનંદન.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પ્રવાસન નિગમની માગણી નંબર ૫૧, ૭૬, ૭૮, ૭૯ લઈને આવ્યાં છે એમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસુલ મંત્રીશ્રી ગયા વર્ષમાં ૨૦૦૮ની સાલમાં ૨૨૨ કરોડની જોગવાઈની સામે આ વર્ષે ૫૭ ટકા જેટલા વધારા સાથે ૨૦૦૯-૧૦ ની અંદર સુચિત જોગવાઈ ૩૫૧ કરોડનું જે આયોજન કરવામાં આવ્યું છે એના અનુસંધાનમાં મહેસુલ વિભાગ થકી થતી કામગીરીમાં સામાન્યમાં સામાન્ય માણસ સુધી ખેડૂત સુધી સૌને સ્પર્શે, આ કામગીરી સરળ બને અને ઝડપથી સવલતો પ્રાપ્ત થાય તેવા હેતુ સાથે કાયદામાં વ્યાપક પ્રમાણમાં ફેરફારો કરીને. આ સન્નમાનીય ગૃહની મંજૂરી મેળવવા માટે જેથી કરીને ૭x૧૨ના ઉતારા તેમજ જંત્રીની અંદર સુધારા કરીને જે આ દેશમાં પ્રથમ ગુજરાત રાજયે જે કંઈ કામગીરી કરી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી વહિવટી સુધારણાઓ, આધુનિક અને સરળ બનાવી રાજયના નાગરિકોને રોજબરોજની જરૂરિયાતો પ્રમાણે વધુ ને વધુ સાનુકૂળ બનાવવા માટે મહેસૂલ વિભાગે જે કોમ્પ્યુટરાઈઝેશન ઑફ રૅકૉર્ડ, તાલુકા નાગરિક સેવા કેન્દ્ર, વન ડે ગર્વનન્સ તથા ઈ-સ્ટૅમ્પીંગ જેવી યોજનાઓના માધ્યમથી જમીન સંબંધી વ્યવહારો ઝડપથી અને સેવાઓ ઉપલબ્ધ થાય તેના માટેના જે પ્રયત્નો કર્યા છે તે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય એવું પ્રથમ રાજય છે કે જેણે સૌથી પહેલા ઈ-સ્ટૅમ્પીંગની વ્યવસ્થા ગુજરાતમાં થઈ છે, એની પાછળનું કારણ એક તો મહારાષ્ટ્રમાં તેલગી કૌભાંડ અને સ્ટૅમ્પ કૌભાંડ થયું એની અંદરથી જે કરોડો અને અબજો રૂપિયાના સ્ટૅમ્પો બોગસ રીતે લાવી, વાપરી અને તેના દસ્તાવેજો કરીને ગરીબ માણસોની જમીનો પડાવી લેવા માટેનું જે કાવતરું થયું એના પછી ગુજરાત રાજય એવું દેશમાં પ્રથમ રાજય હતું કે તેમણે ઈ-સ્ટૅમ્પીંગ મારફતે આવા બનાવટી કૌભાંડો ન થાય એની વ્યવસ્થા કરવાનું કામ જો કોઈ સરકારે કર્યુ હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે અને ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે. મહેસૂલી રેકર્ડના ગામના નમૂના નંબરોના અગત્યના કાયમી રેકર્ડની ડેટા એન્ટ્રી પાડવાનું રાજયમાં પ્રથમ જો દેશમાં કોઈએ કામ કર્યુ હોય તો એ ગુજરાત રાજયે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયની અંદર નમૂના નંબર-૬નું સ્કેનીંગ કરવા માટેનો કોઈ પ્રોજૅકટ હાથ ધરવામાં આવ્યો હોય તો ગુજરાત રાજયમાં થયું છે. નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના પ્રજાજનોને સીટી સર્વેના અદ્યતન પ્રોપર્ટી કાર્ડના જે નમૂનાના રેકર્ડ કાર્ડ પ્રથમ વાર કોઈએ જો આપવાનું કામ કર્યુ હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. રાજય સરકારે દર વર્ષે જંત્રી રિવિઝન કરવા માટે સૈદ્ધાંતિક નિર્ણય કરી જંત્રીના એ.એસ.આર.૨૦૦૬ અમલમાં મૂકી જેનું વર્ષ ૨૦૦૯-૧૦માં રિવિઝન ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે એવું કોઈ કામ કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને મહેસૂલ વિભાગે કર્યુ છે. ગુજરાત રાજયની આપત્તિ વ્યવસ્થા અને સત્તા મંડળ માટે કરેલ જોગવાઈ ૨૧૦ કરોડ, આપત્તિ સંબંધી પ્રવૃત્તિઓ માટેની જોગવાઈ ૩૭ કરોડ, રાજયની આપત્તિ પ્રતિકાળ એજન્સીઓને સુદૃઢ બનાવવા સાધનો માટેની પ્રાપ્તિ માટે જોગવાઈ, ૬૦ કરોડ, દરિયા કિનારાના નજીકના અંતર તેમજ અંતરિયાળ વિસ્તારોમાં માધ્યમથી વાવાઝોડા વધુ જોખમી વિસ્તારો માટે જોગવાઈ, ૨૫ કરોડ, લાંબાગાળાના પૂર સામાન માટેના પ્રોજૅકટ માટે રૂા. ૨૫ કરોડ, આવી રીતે ગુજરાતના તમામ ખેડૂતોને અને લાભ થાય તેના માટેની વ્યવસ્થા જો કોઈએ કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. રાજયની અંદર વાવાઝોડું આવે આપત્તીજનક કંઈ પણ બનાવો બને તેના માટે, પૂર જો કદાચ આવ્યું હોય તો પણ ખૂબ સારી રીતે એનું સંચાલન કરી શકે એના માટેનું ગુજરાતમાં સંચાલન સારી રીતે કરવાનું જો કોઈએ કામ કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અને માનનીય મુખ્ય મંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીની સરકારમાં થયું છે. મારા વિસ્તારનો એક દાખલો આપું કે, જ્યારે ચોમાસું આવે અને ચોમાસાની અંદર મહિ અને પાનમનું પાણી જ્યારે છોડવામાં આવે ત્યારે મારા શહેરા મત-વિસ્તારના ગામો ડૂબાણમાં જતા રહે, ત્યાં એક બોરડી બાકરીયા એક ગામ છે એમાં ચારે બાજુ પાણી હોય અને વચ્ચે એક બેટ છે એમાં લોકો ફસાઈ જાય ત્યારે એ લોકોને બહાર લાવવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગ તરફથી તાત્કાલિક રાહત અને જે કંઈ જરૂરિયાત હોય એ તમામ પૂરા કરવાનું કામ ભા.જ.પ.ની સરકાર અને ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે કર્યુ છે.

પ્રવાસન નિગમ માટે માનનીય મંત્રીશ્રી અને ગુજરાતની સરકારે જે પાવાગઢને જે હૅરીટેજનો દરરજો આપીને જે કામગીરી ગુજરાત સરકાર અને પ્રવાસન નિગમ તરફથી થઈ છે તે બદલ માનનીય મંત્રીશ્રી અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આવી જ રીતે ભા.જ.પા.ની સરકારમાં ઈસ્ટેમ્પીંગની શરૂઆત કરેલ. પ્રવાસન નિગમ માટે પાવાગઢ અને મંડેશ્વર મારા મત વિસ્તારની અંદર ગામ આવેલું છે. એ મંડેશ્વર ગામની અંદર મહાદેવનું જે સ્વયંભુ લીંગ છે. એ મંડેશ્વર મહાદેવ મરડિયા માટીમાંથી બનેલા છે અને સ્વયંભૂ લીંગ છે તો એનો પ્રવાસન નિગમની અંદર સમાવેશ કરવામાં આવે એવું મારું પ્રવાસન મંત્રીશ્રીને સૂચન છે એમને યોગ્ય લાગે તો ગ્રાહ્ય રાખે અને આ જે માગણીઓ લઈને આવ્યા છે એ તમામ માગણીઓમાં મારું અનુમોદન આપી અને મંજૂર થાય એવી વિનંતી સાથે મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે પ્રવાસન અને યાત્રાધામ તેમજ મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. આમ તો ગુજરાતની અંદર જે પ્રવાસન નિગમ છેલ્લા ૬-૭ વર્ષથી ઝડપભેર કામ કરી રહ્યું છે એનાથી ગુજરાતના ઘણાબધા પ્રવાસન ક્ષેત્રોને રસ્તાથી પણ જોડવામાં આવ્યા છે. ઘણાબધા કોરીડોર પણ કરવામાં આવ્યા છે. એવી જ રીતે પોરબંદરની વાત કરીએ તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું ત્યાં જન્મસ્થળ આવેલું છે અને એ વિશિષ્ટ મહત્વ દેશ અને દુનિયાની અંદર જયારે ધરાવે છે ત્યારે આ પોરબંદરથી દાંડી સુધીની ગાંધી સરકીટ વિકસાવવાનું આયોજન ભા.જ.પા. સરકારે કરેલું છે એ બદલ હું મંત્રીશ્રીને પણ અભિનંદન પાઠવું છું. પોરબંદર-રાજકોટ-અમદાવાદ-ગાંધીઆશ્રમ-દાંડી હેરીટેજ કોરીડોરનું ૨૧ જગ્યાએ જે વિકાસ અને ડેનીટેશન થવાનો છે એમાં અમદાવાદથી દાંડી સુધીનો રાષ્ટ્રીય ધોરી માર્ગ મહત્વાકાંક્ષી પ્રોજેકટ પણ અમલીકરણ હેઠળ છે. એવી જ રીતે પોરબંદર-વેરાવળ-પોરબંદર-દ્વારકાની ટુરીસ્ટ સરકીટ પરિયોજના પણ આ સરકાર જયારે અમલમાં લાવી રહી છે ત્યારે તેનાથી પ્રકાશ અને સુઘ ોષણ, સુશોભન, સાઈનેજીસ પ્રવાસન માહિતી કેન્દ્ર વગેરેનો પણ એમાં સમાવેશ થયેલો છે. સરકીટ પૈકી પોરબંદર ખાતે નીચે મુજબની કામગીરી પણ જરૂરિયાત મુજબ હાથ ઉપર લેવામાં આવશે. વિલાસ સરકીટ હાઉસની પાછળના ભાગે ચોપાટી ઉપર બાગ બનાવવાનું કામ, જિલ્લા કક્ષાનું મ્યુઝિયમ બનાવવાનું કામ, કિર્તીમંદિર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શોના પ્રોજેકટનો રિપોર્ટ તૈયાર કરવાનું કામ એવી જ રીતે આ સરકીટ હેઠળ પ્રવાસન સ્થળો વચ્ચે વીરપુર, માધુપુર અને હર્ષદ માતા ખાતે રસ્તા પરની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવેલ છે. પ્રવાસન સ્થળોએ સાઈનેજીસની કામગીરી પોરબંદર શહેરના સ્થળોના વિકાસ માટે સેફ સંસ્થા મારફતે અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કિર્તીમંદિર, માણેકચોક, વિવેકાનંદ મેમોરીયલ, પોરબંદર પક્ષી અભ્યારણનો પણ આ સ્થળોમાં સમાવેશ કરવામાં આવેલ છે એવી જ રીતે એમ.જી. વિદ્યાલય રાજકોટ એમાં પણ જે કાંઈ ખૂટતી કડીઓ અને જે કાંઈ સ્ટેચ્યૂ મુકવાના હોય એનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. એવી જ રીતે જુનાગઢ જિલ્લો એટલે પ્રવાસન ક્ષેત્રના ખૂબ મોટા સ્થાનો આવેલા છે એમાં સોમનાથ છે, ગિરનાર પર્વત છે. ગિરનાર પર્વતનો તો આપણા શાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે એ હિમાલયના પણ દાદા છે તો આવો ગિરનાર જે જુનો પર્વત છે એના ઉપર પણ આપણે જોઈએ તો ખૂબ જ મંદિરો આવેલાં છે. ગુરુ દત્તાત્રયના બેસણા અને તેનું મંદિર પણ ગિરનાર ઉપર આવેલું છે. એવી જ રીતે માતા અંબાજીના બેસણા અને એનું મંદિર પણ ત્યાં આવેલું છે. એવી જ રીતે જૈન દેરાસર પણ ત્યાં આવેલા છે અને પ્રવાસન ક્ષેત્રના જે મુખ્ય સ્થળો ગુજરાતમાં કહેવાય એમાંના આ મુખ્ય સ્થળો પણ જુનાગઢ જિલ્લાની અંદર આવેલા છે. અત્યારે જે પ્રવાસીઓ છે એ પગથિયા મારફતે અને ડોલી મારફતે આ મંદિરોના દર્શને જતા હોય છે, પરંતુ હમણાં ગુજરાત સરકારે એક જે નિર્ણય કર્યો તે બદલ હું મુખ્યમંત્રીને અને પ્રવાસન મંત્રીને ખૂબ જ અભિનંદન પાઠવું છું કે તેમાં પ્રવાસન વિભાગે ઉષા બ્રેકો કંપનીને જે એનું રોપવેની સુવિધા પૂરી પાડવા માટેનું ટેન્ડર આવ્યું હતું એ ટેન્ડર મંજૂર કર્યું છે અને એના માટે જે ૭.૩ હેકટર જે જમીન જોઈતી હતી એ જમીનને પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપેલી છે.તો આવી રીતે કેન્દ્રની મંજૂરી મળે કે આ રોપ-વે જૂનાગઢની અંદર શરૂ કરવામાં આવનાર છે. તેવી રીતે સોમનાથની વાત કરીએ તો સોમનાથની ચારેબાજુ ખૂબ જ ગંદકી હતી. બીચ ઉપર પણ ગંદકી હતી. આજે આપણે સોમનાથ જઈએ તો બે કલાક બેસવાનું મન થાય તેવું ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી સોમનાથને વિકસાવવાનો ભરપૂર પ્રયત્ન કરવામાં આવ્યો છે. એવી જ રીતે જૂનાગઢ જિલ્લાના પ્રવાસન ઉદ્યોગના વિકાસને ધ્યાનમાં લઈને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વખતે ૬૦૦ કરોડ રૂપિયા જેવું પૅકેજ ફાળવ્યું છે, તેને હું જૂનાગઢ વિસ્તારમાંથી વિસાવદરમાંથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું અને બહુમતીથી આ માગણી મંજૂર થાય તેવી અપેક્ષા રાખું છું.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રી પ્રવાસન અને યાત્રાધામ માગણી નં. ૫૧ જે લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને સૂર પૂરાવું છું.

પ્રવાસન આ એક એવું ક્ષેત્ર છે, જે ગુજરાત રાજ્યના અર્થતંત્રમાં ખૂબ જ વેગ આપી શકે તેમ છે. પ્રવાસનને ૧૯૯૭ માં ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવેલ છે અને ૨૦૦૬ ની અંદર પ્રવાસન વર્ષ તરીકે આપણે ઉજવણી કરેલ છે. એના પરિણામે ગુજરાતના યાત્રાધામ છે, તેના વિકાસમાં ખૂબ ખૂબ વેગ મળેલ છે અને તેના આધારે ગુજરાત રાજયના આર્થિક વિકાસમાં પણ ખૂબ સારાં પરિણામો મળ્યાં છે અને રાજ્યના વિકાસના એન્જિન તરીકે ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવેલ છે. પ્રવાસન ક્ષેત્ર ખૂબ જ વિપુલ પ્રમાણમાં રોજગારીની તક પૂરી પાડે છે. ગરીબી નિવારણ કાર્યક્રમમાં અગ્રેસર ફાળો રહેલ છે. વિદેશી હુંડિયામણની સારી આવક થાય છે. લોકસંસ્કૃતિના આદાન-પ્રદાન માટે પ્રવાસન ક્ષેત્ર ખૂબ જ મહત્ત્વનો ફાળો ભજવે છે. ગ્રામ્ય વિસ્તારને પણ વિકાસશીલ બનાવે છે અને એટલે રાજ્યમાં જુદી જુદી પ્રવાસન સરકીટ બનાવી વિકાસ કરવાની ખૂબ જ અગત્યની બાબત બની છે. હું જ્યારે મનસૂર મધ્યપ્રદેશના પ્રવાસે ગયેલો તો રાત્રિ રોકાણ કરેલ અને બીજા દિવસે મનસૂરમાં રાવણ બાબાના સમાધિના દર્શને ગયેલો, ત્યારે પૂછ્યું કે રાવણનું મંદિર કયાં આવેલ છે? તો ઘણા લોકોને ખબર નહોતી, પણ એક વડીલ મળ્યા મેં એમને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે રાવણ મત બોલીએ, રાવણ બાબા બોલીએ. યે હમારે યહા મનસૂરકે દામાદ લગતે થે. ઈતિહાસને ઉજાગર કરવા માટે પ્રવાસન સ્થળનો વિકાસ ખૂબ ખૂબ અગત્યનો ભાગ

ભજવે છે. ઉત્તર ગુજરાત અને ઉત્તર ગુજરાત સરકીટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં અડાલજની વાવ, ઈન્દ્રોડા પાર્ક, અક્ષરધામ, મોઢેરાનું સૂર્યમંદિર, પાટણની રાણકી વાવ, સહસ્ત્રલિંગ તળાવ, સિદ્ધપુરનું બિંદુ સરોવર, માતૃગયા, રૂદ્ર મહાલય, સિદ્ધેશ્વર મહાદેવ, બાલારામ, જૈસોર, અંબાજી, ખેરાલુ અને વડનગરના વિજય સ્તંભ, શર્મિષ્ઠ તળાવ, હાટકેશ્વર મહાદેવ, તાના-રીરી અને તોરણ, બૌદ્ધ ઉત્ખનનો, વિજયનગરની પોળો અને ઈડરિયો ગઢ આ ખૂબ જ અગત્યના સ્થાન છે, તેનો વિકાસ કરવામાં આવે તો ઉત્તર ગુજરાતનો ઈતિહાસ લોકોને મોઢે થાય. લોકોનું આવન-જાવન વધે અને લોકોના આવન-જાવનના કારણે વિકાસની તક છે, તેમાં આર્થિક રીતે ગુજરાત સમૃદ્ધ બને. પ્રવર્તમાન યુગમાં જે બે જગ્યાએ મલ્હાર ગામ આવેલ હતું. એ વડનગર જેમાં તાના-રીરીએ મલ્હાર રાગ ગાયેલું અને નરસિંહ મહેતાએ પોતાની દીકરીના મામેરા વખતે જે મલ્હાર રાગ ગાયેલુ, તે ઈતિહાસની અગત્યની બાબત છે તે પ્રવાસન ક્ષેત્ર વિકસાવવાથી લોકોના ધ્યાનમાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ અડાલજની વાવ, મોઢેરા ખાતે અગાઉ માત્ર જે તોરણ કાફે ટેરીયા હતા તેના બદલે અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે તેમાં ઈન્ટરપિટેશન સેન્ટર, તવાળનો વિકાસ, જાહેર શૌચાલય, પાર્કિંગ, એપ્રોચ રોડ, કંપાઉન્ડ વોલ, લેન્ડ સ્કેપીંગ વિગેરે બાબતો તૈયાર કરાવવામાં આવી છે અને ટૂંક સમયમાં પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ રીતે પાટણ અને સિધ્ધપુર ખાતે પણ અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાયેલ છે. એક વાત ટૂંકમાં હું કહું તો જયારે બૃહદ મુંબઈ રાજયમાંથી ગુજરાતને અલગ કરવામાં આવેલ ત્યારે આબુરોડ જે બનાસકાંઠામાં હતું તેને રાજસ્થાનમાં આપવામાં આવેલ છે અને તે જયારે આપવામાં આવ્યું ત્યારે આપણને આશ્વસ્થ કરવામાં આવેલ કે જાસૌર હાલ રીંછનું અભ્યારણ્ય છે તેને બનાસકાંઠાની અંદર માઉન્ટ આબું જેવું વિકસાવવામાં આવશે અને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવશે તો મારું મંત્રીશ્રીને એક નમ્ર સૂચન છે કે જાસૌરની અગત્યતાની બાબતને ધ્યાને લઈ વિકસાવવામાં આવે અને આટલું કહી મારો સમર્થનનો સૂર પુરાવું છું અને મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર રાજયની અંદર પ્રવાસન ક્ષેત્રે ખૂબ જ ઝડપભેર વિકાસ થઈ રહયો છે. આપણા રાજયની અંદર પ્રવાસન ક્ષેત્રને ૧૯૯૭ થી ઉદ્યોગ તરીકેનો દરજજો આપવામાં આવેલ છે અને જેના કારણે આ પ્રવાસન ક્ષેત્રનું મહત્વ વધી જવા પામેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કર્યુ ત્યારે આપણને કલ્પના પણ નહોતી આવતી અને આજે તેના લીધે રાજયના અનેક પ્રવાસન સ્થળોનો કઈક ને કઈક વિકાસ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વની અંદર અનેક દેશોની અંદર વિકાસની દૃષ્ટિએ અગ્રેસર બની રહયા છે ત્યારે તે દેશોના જે તે સમયના શાસનકર્તાઓએ આ પ્રવાસન સ્થળો પર ખૂબ ધ્યાન આપી અને ખૂબ વિકાસ કરેલ છે, જેના કારણે તેઓએ એમના દેશ તરફ આપણા પ્રવાસીઓને આકર્ષવાનું કામ કરેલ. આ પ્રવાસીઓ તેમના દેશની મુલાકાત લે છે જેના કારણે તે દેશને ખૂબ સારી આવક થાય છે. તે દેશનો આર્થિક સમૃદ્ધિનો જો કોઈ આધાર હોય તો આ પ્રવાસનનો ખૂબ આધાર છે. પ્રવાસન વિભાગ હેઠળ સન ૨૦૦૭-૦૮માં રૂ.૧૦૦ કરોડની જોગવાઈ હતી તેની સામે વર્ષ ૨૦૦૯-૧૦ના આયોજન હેઠળ આ પ્રવાસન વિભાગ માટે રૂ.૧૬૪.૮૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સન ૨૦૧૦ને આપણે સ્વર્ણિમ ગુજરાત જયંતિ વર્ષ તરીકે જયારે મુખ્યમંત્રીશ્રીએ નકકી કર્યુ છે ત્યારે આ વર્ષ નીમિત્તે આપણા ગુજરાતના જે પ્રવાસન સ્થળો છે એન દરિયાકાંઠાના સ્થળો છે તેના વિકાસ માટે આ રાજય સરકારે ૬૬.૫૩ કરોડની જોગવાઈ કરી છે. આ દરિયા કિનારાના દસ સ્થળો તદઉપરાંત આ રાજયની અંદર આવેલ પ્રવાસન સ્થળો જેવા કે, સાપુતારા, પાટણ, સિધ્ધપુર, જુનાગઢ, દેવલીમોરી, પોરબંદર, પાલીતાણા, નારાયણ સરોવર, કોટેશ્વર, દાંડી જેવા પ્રવાસન સ્થળોએ આંતર માળખાકીય સુવિદ્યા અને પ્રવાસનની સુવિદ્યા ઉભી કરવામાં આવશે. આજે હું ગૌરવભેર કહી શકું છું કે મારા આદિવાસી વિસ્તારના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ભાવના રાખી છે અને આ આદિવાસી વિસ્તારની અંદર આવેલ વનો, નદીઓ, પહાડો અને જે નાના નાના પ્રવાસન સ્થળો છે તે સ્થળોમાં માળખાકીય સુવિદ્યાઓ ઉભી કરી તેનો વિકાસ કરવામાં આવેલ છે. આ સ્થળોનો તબકકાવાર વિકાસ થયેથી શહેરીજનો આપોઆપ એ તરફ આકર્ષાશે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૩.૧૫ વાગ્યે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૨:૩૦ થી ૩.૧૫) સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી વિજયભાઈ ર. પટેલ** : (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન બાબતે બોલી રહ્યો હતો. મારો ડાંગ જિલ્લો એટલે દંડકારણ્ય વિસ્તાર. મારા ડાંગ જિલ્લાની અંદર નદીઓ, પહાડો, ખીણો અને સમગ્ર ડાંગ જિલ્લો જંગલથી ઘેરાયેલો વિસ્તાર છે મારા ડાંગ જિલ્લાના સહ્યાદ્રિ પર્વતમાળાના શીરે બિરાજેલ સાપુતારા આ ગુજરાતનું એક માત્ર ગિરિમથક આવેલું છે. આજે અગાઉના વર્ષ કરતાં આ સાપુતારાનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે. એના કારણે પ્રતિવર્ષ અનેક સહેલાણીઓ આ સાપુતારાની મુલાકાત લે છે. જ્યારથી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ સાપુતારાની અંદર ગ્રીષ્મ મહોત્સવની ઉજવણી કરી ત્યારથી આ સાપુતારાનો વિકાસનો પાયો નંખાયો. આના કારણે સાપુતારાનો ક્રમબદ્ધ વિકાસ થયો છે અને સહેલાણીઓ માટે આ મનગમતુ હવા

ખાવાનું સ્થળ બન્યું છે. સાપુતારાના સર્વાંગી વિકાસ માટે પ્રશાસને સન ૨૦૦૬-૦૭ માટે ૧૨૬ લાખ રૂપિયાના કામો કરેલ, ચાલુ વર્ષે પણ સો લાખ રૂપિયાની ફાળવણી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી છે. સાપુતારાના તળાવના વિકાસ માટે ચાલુ નાણાકીય વર્ષની અંદર ૪.૮૬ કરોડ રૂપિયાની ફાળવણી આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ સાહેબે કરેલ છે. તે બદલ હું આ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીશ્રી અને પ્રવાસન વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાપુતારામાં અનેક પાયાની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. સાપુતારામાં ટ્રાઈબલ આર્ટ, લેક વ્યુ ગાર્ડન, સ્ટેપ ગાર્ડન, સનસેટ પૉઈન્ટ, આદિવાસી મ્યુઝિયમ, લો ઘાટ, આકર્ષક ફૂવારાઓ, મધમાખી ઉછેર કેન્દ્ર, રોપ વે, આયુર્વેદિક ગાર્ડન, સ્પૉર્ટસ કોમ્પ્લૅક્ષ જેવા જોવાલાયક સ્થળો આવેલ છે, નાગેશ્વર મંદિર આવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે સાપુતારાના વિકાસ માટે ખૂબ જ નાણાંની ફાળવણી કરેલ છે અને સાપુતારાનો તબક્કાવાર વિકાસ થઈ રહ્યો છે જેના કારણે ડાંગ જિલ્લામાં આવેલ સાપુતારા એ ગુજરાતનું જ નહીં પણ આ રાષ્ટ્રનું એક સુંદર ગિરિમથક બને એ માટે રાજય સરકાર પ્રયત્ન કરી રહેલ છે એ માટે હું અભિનંદન આપું છું અને આ માગણીઓને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે પોતાની માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રોએ પ્રવાસન અને મહેસૂલ વિભાગની માગણીઓના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કર્યા છે અને સમર્થન કર્યુ છે અને સૂચનો પણ કર્યા છે. માનનીય મંત્રીશ્રીએ મહેસૂલે જે છેલ્લા એકાદ દોઢ વર્ષથી મહેસૂલ વિભાગને લગતા કાયદાઓમાં જે સરળીકરણ કર્યું છે, જેમાં જંત્રીની બાબત હોય, લેન્ડ સ્કેપીંગ માટે એન.એ. ના કાયદાઓ હશે, સ્ટૅમ્પ ડ્યૂટીની બાબતને લગતા કાયદા હશે કે ગણોતધારાને લગતા કાયદા હશે. આ તમામે તમામ કાયદાઓનું સરલીકરણ કરી જે રાજ્યના મહેસૂલ મંત્રીશ્રીએ ઐતિહાસિક નિર્ણયો કર્યા છે આ ઐતિહાસિક નિર્ણય કરવા બદલ રાજયના મહેસૂલ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. અને આ નિર્ણયોના કારણે રાજયના સામાન્ય માનવી, રાજયના ખેડૂત ખાતેદારોને ખૂબ અનુકૂળતા અને સરળતા પણ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં વિશેષ કરી માગણી ક્રમાંક ૭૯ કે જેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટને લગતી બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે અને જેનું આયોજન કરવામાં આવેલું છે. કુદરતી આપત્તિને કોઈ ટાળી શક્યું નથી અને ટાળી શકવાની ક્ષમતા પણ નથી પણ આપત્તિના સમયે લાચાર બનીને બેસી રહેવું એ પણ યોગ્ય નથી. આવા સંજોગોમાં આપણે આપત્તિ તો ટાળી શકતા નથી પરંતુ આવનાર આપત્તિની સમયસર-વહેલાસર જાણ કરવામાં આવે તો થનાર નુકસાન છે એમાં ઘટાડો થઈ શકે અને સાથે સાથે જાનહાનિ થવાની જે સંભાવના છે એમાં નિશ્ચિતપણે ઘટાડો કરી શકાય છે અને આપત્તિ પછી પણ રાહત-બચાવ કાર્ય અને પુનઃવસન આ બધી બાબતોમાં રાજ્ય સરકારે ખૂબ ગંભીરતાપૂર્વક અને સંવેદનશીલતાથી વિચાર કર્યા પછી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની રચના કરી. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના દિવસે આ ગોઝારી ઘટના બની અને જે દિવસે વહેલી સવારે ભૂકંપે આકાર લીધો અને એ ભયાનક ભૂકંપના કારણે માત્ર કચ્છ જ નહીં પણ રાજ્યના સુરેન્દ્રનગર, જામનગર અને અમદાવાદ જેવા ઘણા બધા જિલ્લાઓમાં જે ઘટનાઓ બની અને એના કારણે હજારો લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો અને લાખો મકાનો ધ્વંસ થઈ ગયા અને કેટલાય મકાનો ડેમેજ પણ થયા. આ સ્થિતિ જ્યારે બની એવા સંજોગોમાં રાજયના મહેસૂલ વિભાગે તાત્કાલિક એક નિર્ણય કરી અને નોડલ એજન્સી તરીકે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરી. માત્ર ૧૫ દિવસમાં એટલે કે, ૨૬ જાન્યુઆરીએ ભૂકંપ આવ્યો અને ૮મી ફેબ્રુઆરીએ આ નોડલ એજન્સીની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ આ રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી કે જેણે આ રાજયના આપત્તિના સમયમાં રાજ્યના નાગરિકોની વેદનાને સંવેદના આપવા માટે ૧૫મી મે, ૨૦૦૩માં આ નોડલ એજન્સીને કાયદાનું સ્વરૂપ આપ્યું. આ રીતે ભારત દેશમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે, જેણે કાયદાનું સ્વરૂપ આપી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરી છે. આમ ગુજરાત રાજ્ય આ દેશનું પ્રથમ રાજ્ય છે. આ જે ગુજરાત રાજયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરી એમાં લગભગ ૩૨ પ્રકારની આપત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કેટલીક કુદરતી આપત્તિઓ છે અને કેટલીક માનવ સર્જીત આપત્તિઓ છે. કુદરતી આપત્તિઓનો વિશેષ કરીને વિચાર કરીએ તો સાઈકલોન, પુર રાહત, દુષ્કાળ આવી જે આપત્તિ છે એનો આ કાયદા હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી બે પ્રકારની કામગીરી કરે છે. સ્ટેટ લેવલે ઑપરેશન સૅન્ટર, ડિસ્ટ્રિક્ટ લેવલે રીસ્પોન્સ સૅન્ટર આ બે પ્રકારની અલગ વ્યવસ્થા પણ કરેલી છે. રાજયના પાંચ ઝોનમાં ગાંધીધામ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા અને સુરત આ પાંચ જગ્યાએ ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરોની સ્થાપના કરવામાં આવી છે. આ ઈમરજન્સી સેન્ટરોમાં લગભગ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે અત્યંત આધુનિક સાધનો ત્યાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે જેના કારણે આપત્તિના સમયમાં એટ ધ સેઈમ ટાઈમ સ્ટેટ લેવલે પણ મેં હમણાં

તાજેતરમાં વિભાગના અધિકારીઓ સાથે રહી સ્થળની મુલાકાત લીધી છે એટલે મને ખબર છે કે, ખૂબ જ અદ્યતન સુવિધાઓથી સજ્જ ઈમરજન્સી ઑપરેશન થિયેટર આકાર લઈ રહ્યું છે. આમ આ રાજયની સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે જે કામગીરી કરી છે તેને હું બિરદાવું છું અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, હિંદુઓના પવિત્ર તહેવાર શ્રાવણ માસના પ્રથમ દિવસ દિવાસાના દિવસે આજથી એક મહિના સુધી ગુજરાત રાજયના કરોડો લોકો ભગવાન ભોળા શંકરની પૂજા અર્ચના કરવાના છે એવા પવિત્ર દિવસે મારા વિસ્તારના સેરેશ્વર મહાદેવ અને ભગવાન સોમનાથ ભોળાનાથનું સ્મરણ કરી અને માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ મહેસૂલ વિભાગની માગણીઓ ક્રમાંક - ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી ભગવાન શંકર ભોળિયો નાથ આ ગુજરાત ઉપર રિઝાયમાન જ છે અને આવતા દિવસમાં ભગવાન ભોળિયો નાથ ગુજરાતની ઉપર કૃપા કરે એવી હું સૌ ધારાસભ્યો વતી ભગવાન ભોળાનાથને વિનંતી કરું છું, પ્રાર્થના કરું છું અને શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે ગુજરાતનો વિકાસ ઝળહળતો રહે એવી સ્તુતિ કરું છું. માનનીય મહેસૂલ મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે આ દેશના રાષ્ટ્રપતિ એક મહિલા છે, આ દેશના લોકસભાના અધ્યક્ષ એ એક મહિલા છે, ત્યારે ગુજરાતે એનો ચીલો ચાતરી અને આ દેશના એક નાનકડા રાજય ગુજરાતના પણ મહેસૂલ મંત્રી તરીકે એક નારી તરીકે આનંદીબેન જ્યારે બિરાજતા હોય અને ૩૩ જેટલા સુધારાઓ કરીને મહેસૂલ તંત્રને જ્યારે ધબકતું કર્યુ હોય ત્યારે મહેસૂલ મંત્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

મારે ખેડૂતોની વાત કરવી છે, ખેડૂતોને ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવા માટે ઘણી બધી મુશ્કેલીઓ પડતી, ખેડૂત ખાતેદાર જ્યારે પોતાનું પ્રમાણપત્ર ખાતેદાર તરીકેનું લેવા જાય ત્યારે રાજય સરકારે ઉત્તરોત્તર એમાં સરળીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે એ બદલ મહેસૂલ વિભાગના અધિકારીઓ અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રી અને રાજય સરકારના મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપવા પડે. જ્યારે ખેડૂતની સંપાદિત થયેલી જમીનના બદલે વધારાની જમીન ખેડૂત ખરીદવા માગતો હોય એવા કિસ્સામાં, એને સારા લોકેશનની જગ્યા મેળવવાની હોય પણ એને દિવસો ના મળે, આ કાયદા અનુસાર પહેલાં ૬૦ દિવસ પહેલાં પ્રમાણપત્ર મેળવવાનું હતું અને ૧૮૦ દિવસમાં એને જમીન ખરીદવાની હતી, રાજય સરકારના મહેસૂલ મંત્રીશ્રીએ નવો સુધારો કરીને અને ૧૮૦ દિવસમાં આ ખેડૂત જમીન વેચ્યા પછી માત્ર છ જ મહિનામાં ક્યાંય નવી જમીન ના ખરીદી શકે અને ખેડૂત મટી જતો એનું દુ:ખ જોઈને રાજયના મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીશ્રીએ નક્કી કર્યુ કે ખેડૂત જે દિવસે તેની જમીનનું વેચાણ કરે તે દિવસે વેચાણ રેકૉર્ડના સમયે એને ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર આપોઆપ મળી જાય અને એની સમય મર્યાદા છ મહિનાથી વધારીને અને બે વર્ષ સુધીની કરી છે અને ગુજરાતના કરોડો ખેડૂતોના આશિર્વાદ મેળવ્યા છે એ બદલ રાજય સરકારના મહેસૂલ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. અમુક વ્યકિતગત કિસ્સાઓમાં જ્યારે પોતાનો કૌટુંબિક વહેંચણીનો હિસ્સો હોય ત્યારે કોઈ ખેડૂત ખાતેદાર ભાઈઓ ભાગમાં આવતી જમીનનો હિસ્સો જતો કરતો હોય અને એ હિસ્સો જતો કરતો હોય ત્યારે એને પણ આ રીતે જ ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર મેળવવાનું હતું એમાં પણ સરળીકરણ કરી અને રાજયના મહેસૂલ મંત્રીશ્રીએ ૩ વર્ષ સુધીનો સમયગાળો આપ્યો એ બદલ રાજયના મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. ભારત દેશ આઝાદ થયો એ પહેલાં આ દેશની અંદર ૫૪૭ દેશી રજવાડા હતા ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબે આ ૫૪૭ રજવાડાઓનું એકત્રીકરણ કરીને ગુજરાતની નેતૃત્વ શક્તિનો સારાય હિંદુસ્તાનને પરિચય કરાવ્યો. અને આના કારણે રાજા રજવાડાઓની અંદર સાહેબ નોકર, ચાકરીયાતોને રખોપું કરવા માટે ગામના પગી પસાયતાઓને રખોપું કરવા માટે એક જમીન આપવામાં આવતી અને આ જમીન..

**સભાપતિશ્રી** : હવે, કમાભાઈ

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : સાહેબ, આ એક જ કાયદા વિશે બોલી લઉં અને પછી હું મારી વાત પૂરી કરું છું.

**સભાપતિશ્રી** : કેટલી મિનિટ તે કહોને ? અડધી મિનિટમાં બોલવાનું છે ?

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : સાહેબ, હું આ એક કાયદા વિશે બોલી લઉં છું.

**સભાપતિશ્રી** : નહીં, લાંબુ નહીં બોલતા હો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : સાહેબ, આ કાયદો એટલે મુંબઈ પરચૂરણ ઇનામી નાબૂદ કાયદો ૧૫૫માં થયેલો. અને આ કાયદા દ્વારા સરકાર પસાયતા અને ચાકરીયાતોને ઇનામી સ્વરૂપે જે જમીનો મળેલી તેના હક્ક નાબૂદ કરવામાં આવે છે એવો કાયદો હતો. ઇનામી નાબૂદ ધારા ૧૯૫ની કલમ નંબર-૯,

**સભાપતિશ્રી :** હું જરા પણ હવે છૂટ આપી શકું તેમ નથી. એક મિનિટમાં પૂરું કરી નાંખો. નહીંતર મારે બીજું નામ બોલવું પડશે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : સાહેબ, તેમાં કરેલી જોગવાઈ મુજબ જમીનનો કબજા હક્ક મેળવવા માટે નિયત સમય-મર્યાદામાં આકારના સાંઈઠ ૫ટ્ ભર્યેથી જમીનને રિગ્રાન્ટ કરવામાં આવતી. કાયદાની કલમ-૧૦ મુજબ નિયમ સમય-મર્યાદામાં આ જમીન રિગ્રાન્ટ ના થયેલ હોય તો આ જમીનો ખાલસા પાત્ર થતી.

**સભાપતિશ્રી** : ભાઈ માફ કરો હવે બસ, સોરી સોરી.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : સાહેબ, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેને સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત વર્ષ એક ખૂબજ મોટો ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાવાળો દેશ છે. આ દેશમાં અનેક વિધ ધર્મો  અને અનેક વિધ લોક સંસ્કૃતિનું અસ્તિત્વ છે. દરેક સમાજ કે ધર્મોના લોકો તેમનું જીવન એ પદ્ધતિ મુજબ જીવતા હોય છે. જેના લીધે ધર્મ દર્શનના કે સંસ્કૃતિ દર્શનના આવા સ્થાનોનું મહત્ત્વ ખૂબજ અગત્યનું છે. ધાર્મિક ધરોહરની લોક જીવન પર ઉંડી અસર હોવાના કારણે ભારત દેશ સારાયે વિશ્વમાં એક અલગ છબી ધરાવતો દેશ બન્યો છે, અને તેથી જ આ દેશે અને વિશ્વના મહાન કવિઓ, તત્વચિંતકો, વૈજ્ઞાનિકો અને મહાપુરૂષોની અનેરી ભેટ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સતત વિચરતા રહેવું, સતત ચિંતનશીલ રહેવું એ આ દેશના મહાપુરૂષોનું આગવું લક્ષણ રહ્યું છે ત્યારે ગુજરાતના એક ગામઠી કવિએ એક કાવ્ય કહ્યું છે.

**" કે જાણવા જોવા તણી દિલ ઝંખના ખટકી રહી**
**બ્રહ્માંડ ને ભટકી રહી, અંતે મતી અટકી ગઈ**
**આકાશનાં ઘડનારા નાં ઘરને ઘડ્યા કોણે હશે**
**આકાશની માતા તણા, કોઠા કહો કેવડા હશે**
**બે બે મશાલો બાળતો વળી વાળતો જોતો હશે**
**સંભાળતો અંજવાળતો ઉભો મશાલી કયાં હશે**
**દરિયા તણો ક્યારે કર્યો અને કૂવો ઈનો કેવડો હશે**
**એ કોશનો હાંકણહાર ખેડૂત હાયે કેવો હશે**
**ધરતી તણો પિંડો કર્યો રજ લાવતો કયાંથી હશે**
**જગ-ચાક ફેરણહાર એ કુંભાર બેઠો કયાં હશે."**

માનનીય અધ્યક્ષશ્રી, સચરાચર વિશ્વના કલ્યાણની કામના સાથે અનેક સ્થાનો અને આસ્થા કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યા છે. આ અગાઉની સરકારોએ કયારેય આવા શ્રદ્ધા કે આસ્થા કેન્દ્રોની દરકાર કરી નથી ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન હાથમાં લીધા પછી આવા તમામ સ્થાનોના વિકાસ માટે જાણે કમર કસી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સૌ પ્રથમ વખત પ્રવાસન સ્થાનોને વિકસાવવા પ્રવાસન વિભાગને ૧૯૯૭માં ઉદ્યોગનો દરજજો આપ્યો. વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરીને તેની ઉજવણી કરી છે. આ રાજયની વિકાસગાડીમાં મહત્ત્વની ભૂમિકા રૂપ આ પ્રવાસન ક્ષેત્ર વિપુલ રોજગારીની તકો, ગરીબી નિવારણ કાર્યક્રમો, વિદેશી હૂંડિયામણ, લોક સંસ્કૃતિનું આદાન-પ્રદાન, ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધિ અનેક પ્રકારે પ્રવાસન વિભાગમાં રાજય સરકારે એક આગવી સિદ્ધિ હાંસલ કરી છે. અને આના માટે આપણાં ગુજરાતની અંદર ખૂબ મોટો અવકાશ રહેલો છે. લાંબો દરિયા કિનારો હોવાને કારણે પ્રવાસન ક્ષેત્રને વિકસવાની ખૂબ ઉજળી તકો મળી છે ત્યારે રાજય સરકાર દ્વારા અનેક પ્રકારના મહોત્સવોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગ્રીષ્મ મહોત્સવ, તરણેતરનો લોકમેળો, રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, નવરાત્રી મહોત્સવોનું સફળતાપૂર્વક આયોજન કરી રાજય સરકારે ખૂબ આગવી સિદ્ધિ હાંસલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનને પુન:ગઠિત કરવા રાજય સરકારે જે પગલાં લીધાં છે, તેમાં નવમી પંચવર્ષીય યોજનાની રૂપિયા ૩૦ કરોડની જોગવાઈ સામે દશમી યોજનામાં ૧૦૦ કરોડની જોગવાઈ કરી છે અને વર્ષ ૨૦૦૬-૦૭ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવ્યુ છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૫૬૧.૧૭ કરોડની જોગવાઈ કરી છે. જે પૈકી વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૦૦ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૦૦ કરોડની જોગવાઈ મંજૂર કરી અને રાજય સરકારે અનેક પ્રકારના પ્રવાસન સ્થાનોનો વિકાસ કર્યો છે. આ મુજબ જિલ્લા વહીવટી તંત્રને એક સ્થાનિક મહત્વ ધરાવતા સ્થળોના આંતર માળખાકીય વિકાસ માટે અલગ જોગવાઈ કરીને રાજયના અગત્યના પ્રવાસન સ્થાનો, પ્રવાસન સરકીટ, દરિયા કિનારાના સ્થળો તેમજ કેન્દ્ર સરકાર તરફથી મંજૂર થનારા મેગા પરિયોજનાના સર્વાંગી વિકાસ સુવિધા ઉભી કરવા, નવીનીકરણ કરવા પણ અલગ જોગવાઈ કરેલી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માત્ર બે મિનિટ લઈશ. મારી વાતને પૂરી કરતા પહેલા, કેમ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે મંદિરમાંથી હું આવું છું, (અંતરાય)

**સભાપતિશ્રી:** મને આકારા થવાનું ગમતું નથી, પણ સમય નથી એટલે મારે કહેવું પડે છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે મંદિરમાંથી હું આવું છું, એ ઝાંઝરકા મંદિર, સંત સવૈયાનાથ સમાધિ સ્થાન. હું આ સભાગૃહનો સભ્ય પણ છું અને એ મંદિરનો મહંતશ્રી પણ છું. ત્યારે મારે ગૌરવ સાથે એ વાતને કહેવી છે કે અગાઉની અનેક પ્રકારની સરકારો હતી એ સરકારોના મુખ્યમંત્રી અને મંત્રીઓ પણ એ મંદિરની વારંવાર મુલાકાત લેતા હતા. પરંતુ કયારેય કોઈ મંત્રીઓ દ્વારા આ મંદિરના વિકાસની ચિંતા કરવામાં આવી નથી. અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એ ઝાંઝરકા મંદિર, ચિત્રોડનું મંદિર અને દલિત સમાજના જે આસ્થા કેન્દ્રો અને શ્રદ્ધા કેન્દ્રો છે, એકેએક દાસી જીવણ સાહેબની જગ્યા જે છે, ઘોઘાવદરની અંદર જે મંદિર છે, એ મંદિરમાં, ત્રિકમ સાહેબનું મંદિર છે, ચિત્રોડમાં, એના વિકાસ માટે. ભીમ સાહેબની જગ્યા આમરણ ખાતે છે, જામનગર જિલ્લામાં, એના વિકાસ માટે. સંત સવગુણ સમાધી સ્થાન, ભોજપુરા, લીમડીના વિકાસ માટે કરોડો રૂપિયાના ખર્ચે આંતર માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવી અને દલિત સમાજ પ્રત્યે પોતાનો આદર પ્રગટ કરવાનું માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈને શ્રેય જાય છે. ત્યારે માનનીય અધ્યક્ષ મહોદય, મારે આમ તો કહેવાના વિષયો ઘ ણા હતા. પરંતુ છેલ્લે મારે એક કાવ્યનું વાંચન કરવું છે. કે અગાઉની સરકારોમાં જે લોકો આવતા હતા એ લોકોની તરફદારીમાં મારે મારી સામી પાટલી આજે ઉપસ્થિત નથી, પણ મારે એ કહેવું છે કે પહેલા જે ઠાલી પોકળ વાતો, વચનો આપીને જે લોકો જતા હતા, તેમના પ્રત્યે (અંતરાય)

**સભાપતિશ્રી:** હું પણ આપને અત્યંત આદરથી જોઉં છું, પણ સમય નથી. સમયની પાબંધી છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માત્ર ૩૦ સેકન્ડ હું માગું છું, આપની. એક જ છેલ્લે કહીશ કે,

**કોઈકની થોડી શરમ રાખો તો સારી વાત છે,**
**ને બધો બાંધ્યો ભરમ રાખો તો સારી વાત છે.**
**સાવ •(xxxx) થઈ જવું એ આપને શોભે નહીં,**
**કાંઈક પરદાનો ભરમ રાખો તો સારી વાત છે.**
**ગેરરસ્તે કોઈકને દોરી જવું એ સારું નથી.**
**વાત પોતાની મભમ રાખો તો સારી વાત છે.**
**સાવ નાસ્તિક થઈ જવાનો અર્થ કંઈ રહેતો નથી,**
**દૃષ્ટિમાં દયરો હરમ રાખો તો સારી વાત છે.**
**સાવ બસ (xxxx) નાજીર બોલવું સારું નથી.**
**કોકની થોડી શેહશરમ રાખો તો સારી વાત છે.**

અંતમાં માત્ર એટલું જ કે,

**ઘોડા અને ઉંટ ઘણા, જોજન સો ઝપટું દીએ**
**પણ ભોંગળ ભાંગે નહીં, કુંભાથળ વિણ કાગડા**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પોતાની વાત લઈને આવ્યા છે, તે માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**સભાપતિશ્રી:** માનનીય શંભુપ્રસાદ, આ ખુરશી માટે નથી ને આ બધું? આ ખુરશી માટે નહીં કહેવાય હો આ બધું. જે તમે બોલી ગયા છો તે. (અંતરાય) આને માટે નથી ને?

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : ના, ના, ના. માનનીય અધ્યક્ષશ્રી,

**સભાપતિશ્રી:** થેન્ક યુ, બસ.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** (xxxx) (xxxx) (xxxx) (xxxx)

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહેસૂલ પ્રધાન બહેન શ્રી આનંદીબેન પટેલ આજે મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારું સમર્થન આપવા મારી વાત કરી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કન્યા કેળવણીના હિમાયતી, યુવાનોના પ્રણેતા અને ખેડૂતોના હમદર્દ એવા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરતી સરકારે આજે એક વિકાસની હરણફાળ ભરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સામાન્ય માણસથી લઈને ખેડૂત અને ઉદ્યોગપતિઓને જે વિભાગ કાયમી અસર કરે છે તે મહેસૂલ છે. મહેસૂલ વિભાગમાં જયારથી મંત્રીશ્રી તરીકે બહેન શ્રી આનંદીબેન આવ્યાં છે, ત્યારથી તેમાં પરિવર્તનની અને લોકોને સરળ રીતે ન્યાય મળી રહે તેવી કામગીરી અંગે ભૂતકાળમાં ૫૦ વર્ષ સુધીના જડ અને પ્રજાને અસરકર્તા કાયદાઓ અને નિયમો જે હતા, તેમાં વ્યાપક સુધારા કરી નવી દિશા અને જટિલ પ્રક્રિયાઓમાંથી મૂકિત અને ઝડપી ન્યાયની પ્રક્રિયા શરુ કરવામાં આવેલ છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહેસૂલ મંત્રી શ્રી આનંદીબેન પટેલને આજે હું લાખ લાખ અભિનંદન પાઠવું છું કે મારા મત વિસ્તારનો ૩૦ વર્ષ જૂનો જમીન સંપાદનનો પ્રશ્ન બહેનશ્રીએ ફકત ૬ મહિનામાં નિરાકરણ કરેલું છે તે માટે બહેનને હું મારા મત વિસ્તારના માણસો થકી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં લોધીકા તાલુકાનું વાજડીવડ અને રાજકોટ તાલુકાનું વીરડાવાજડી આ બે ગામ આવે છે એને ૧૯૭૯ માં પૂર હોનારતને કારણે અને ન્યારી ડેમનો નીચાણવાળો વિસ્તાર હોવાને કારણે આ ગામોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. જેમાં લોધીકા તાલુકાના વાજડીવડ ગામમાં આશરે ૭૫ કુટુંબોને સરવે નંબર ૧૦૦ માં ૨૧.૩૦ ગુંઠા જમીન ગામતળ માટે ફાળવીને સ્થળાંતર કરવામાં આવેલ હતૃં. આ સ્થળાંતર થયેલ ગામમાં જેની પાસે જૂના ગામમાં જે જમીન ધારણ કરતા હતા તેની સનદો તેમને આપવામાં આવેલ ન હતી. જે અંગે વધારાની જમીન માટે શું કિંમત કરવી એ લગભગ ૩૦ વર્ષથી આ પ્રશ્ન ચાલતો હતો. આ વીજવાવડી ગામના લોકોને ન્યાય ના મળ્યો . હું જયારે ધારાસભ્ય તરીકે ચૂંટણી લડી રહી હતી ત્યારે પ્રચાર અર્થે આ ગામમાં ગઈ ત્યારે મને ગામલોકોએ આ પ્રશ્નની રજૂઆત કરી અને કહયું કે બહેન, તમે ચૂંટાઈને આવો તો અમારો આ ૩૦ વર્ષ જૂનો પ્રશ્ન છે એનો અમને ન્યાય અપાવશો તેવી અમારા વડીલોની અને બધાની ઈચ્છા છે. મને કહેતાં ગર્વ અને આનંદ થાય છે કે આ પ્રશ્ન અંગે મેં જયારે ગામલોકો સાથે માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને રજૂઆત કરી તો તેમણે પણ આશ્ચર્ય વ્યકત કર્યુ કે આ પ્રશ્ન આટલા બધા વર્ષો જૂનો પ્રશ્ન છે? અમે રજૂઆત કરી કે ન્યારી ડેમમાં ડૂબમાં જવાથી રાજકોટ તાલુકાનું વીરડાવાજડી ગામને જે તે કિંમતે જમીન આપવાનો પ્રશ્ન ૧૯૮૦ માં નિર્ણય લેવાયો છે અને આ વાજડીવડ ગામનો પ્રશ્ન પણ એનો એ જ છે અને તેની કઈ કિંમત લેવી એ નિર્ણય લેવામાં આવતો નથી. તો આ અંગે માનનીય મંત્રીશ્રીએ ખાસ રસ લઈને વીરડાવાજડી ગામ અને ૧૯૮૦ માં સ્થળાંતર થયેલ તે સમયે જે બજાર કિંમત હતી એ જ બજાર કિંમત આપવાનું નકકી કરેલ. આમ જે લોકોનો ૩૦-૩૦ વર્ષ જૂના પ્રશ્નનો નિકાલ થતો ન હતો તે માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ વિભાગ સંભાળતાં જ ગામના કુટુંબોને ન્યાય આપેલ છે જે બદલ હું તેમને ફરી ફરીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને વિશેષ વાત એ પણ કહેવા માગું છું કે જયારે આ પ્રશ્નનું નિરાકરણ થયું અને ગામલોકાને વાત કરી તો ગામલોકો ખબ જ ખૂશ થયા. હું ગામમાં પણ ગઈ હતી ત્યારે ગામલોકોએ મને કહયું કે અમારા ગામના આ પ્રશ્નના નિરાકરણનું શ્રેય બે બહેનોના હાથે હતું. તો આ રીતે જયારે ગામલોકોએ વાત કરી ત્યારે મને ખૂબ જ ખુશી થઈ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આમ ગુજરાત રાજયમાં ભૂતકાળમાં શિક્ષણ ક્ષેત્રે આમુલ પરિવર્તન કરવાનો જેમને શ્રેય જાય છે અને તે જ રીતે મહેસૂલ વિભાગને પણ સુદૃઢ ,આધુનિક અને સરળ બનાવી જંત્રીના તેમજ નવી શરતની જમીનને જૂની શરતની જમીનમાં ફેરવવા માટેના ખાસ નિયમો બનાવીને રાજયના નાગરિકોને રોજબરોજની જરૂરિયાતો તેને વધુ સાનુકૂળ બનાવવા કોમ્પ્યુટરાઈઝેશન ઓફ લેન્ડઝ રેકર્ડઝ, તાલુકા નાગરિક સેવા કેન્દ્રો, વનડે ગવર્નન્સ તથા ઈ સ્ટેમ્પીંગ જેવી યોજનાઓના માધ્યમથી જમીન સુધારણા સંબંધી વ્યવહારોમાં આમૂલ પરિવર્તનનો પ્રયાસ કરવામાં આવ્યો છે. (અંતરાય) આમ બહેનશ્રી જે મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યાં છે તેને હું મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેને સમર્થન આપીને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે પ્રવાસન વિભાગને મહત્વ આપીને ૨૦૦૬ ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું છે. આનાથી લોકોમાં આનંદ અને ઉલ્લાસ ફેલાયો અને એનાથી પ્રવાસીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. મારે ફરીવાર પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય પ્રવાસન મંત્રીશ્રીને અભિનદન આપવાં છે કે આ પ્રવાસન ઉદ્યોગને એક ઉદ્યોગ તરીકે સ્વીકારીને ફકત . ઉદ્યોગ તરીકે જ નહીં, પરંતુ પ્રવાસનનો એક ઉદ્યોગ તરીકે વિકાસ થાય એ રીતે એને મહત્વ અપાયું અને રાજયના ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થળો અને બીજાં પ્રવાસન સ્થળો તેનો શુભારંભ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાતે કર્યો છે. આ પ્રવાસન વિભાગે ખૂબ જ નોંધપાત્ર કામગીરી કરી છે અને હરણફાળ ભરી છે. એમ તો આ પ્રવાસન ઉદ્યોગ એ વિશ્વનો સૌથી મોટો અને હરણફાળ ભરતો એક પ્રવાસન ઉદ્યોગ છે. ગુજરાત પણ એમાંથી બાકાત ના રહે એવી આ સભાગૃહની પણ લાગણી છે જ.માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ પ્રવાસનનો ફકત હેતુ વાણીજય અને ઔદ્યોગિકરણ હતો. પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઈએ છીએ, આપણા વડવાઓએ એમ કીધું છે કે જીવવા કરતા જોયું ભલું, એવી આપણી એક માનસિકતા છે. પ્રવાસી યાત્રા ધામ સાથે યાત્રાધામને જોડવામાં પણ આ સરકારે કચાશ રાખી નથી. આ દેશ ભવ્યતમ સંસ્કૃતિનો અને આધ્યાત્મનો દેશ છે. એટલે પ્રજાની લાગણી અને પ્રજાની માગણી અને પ્રજાની આસ્થા આવા ધાર્મિક સ્થળો સાથે પણ જોડાયેલી છે ત્યાં તેના વિકાસ માટે પણ સરકારે ખૂબ કામગીરી કરી છે એટલે તેને બીરદાવ્યા સિવાય રહેતો નથી. આપણી પાસે ખૂબ પ્રાકૃતિક સ્થળો છે, ગીરી માળાઓ છે, ગીરી કંદરાઓ છે, ગીરી કંદરામાં ઝૂમતા વૃક્ષો છે ત્યાં છલકાતાં

ઝરણાંઓ છે, નદીઓ છે અને સદાય ઘુઘવતો રહેતો ૧૬૦૦ કિલો મીટરનો લાંબો દરિયા કિનારો પણ છે ત્યારે પ્રવાસનની અનેક તકો આ ગુજરાત રાજયમાં છવાયેલી છે. આ સરકારે ખૂબ ધ્યાન આપ્યું છે. અને પ્રવાસીઓની સંખ્યામાં ખૂબ મોટો વધારો થયો છે. સરકારે એ પણ વિચાર્યુ છે કે સ્થાનિક કક્ષાએ આની પ્રગતિ થાય તે માટે કલેકટર હસ્તક ૧ કરોડ રૂપિયા મુકીને એમાં પણ આ યાત્રાધામ અને પ્રવાસનનો ઉલ્લેખ થઈ શકે અને તેની વૃધ્ધિ થઈ શકે તેવો પણ સરકારે ખૂબ સારો પ્રયત્ન કર્યો છે. મારે એ કહેવું છે કે આ સરકારે ફકત પ્રવાસન જ નથી રાખ્યું પણ પ્રસંગ આધારિત પ્રવાસન કર્યુ છે. પતંગોત્સવ, રણોત્સવ, ગ્રીષ્મોત્સવ એવા અનેક ઉત્સવો દ્વારા આ પ્રવાસન ઉદ્યોગને આગળ લઈ જવા ખૂબ સારો પ્રયત્ન કર્યો છે. મેં અગાઉ કહયું તેમ આ દેશની પ્રજાની આસ્થા ધાર્મિક સ્થળો સાથે જોડાયેલી છે એટલે આ ધાર્મિક સ્થળો માટે આ સરકારે ખૂબ કામ કરીને આ જે આપણા પવિત્ર સ્થાનો છે તેના વિકાસ માટે પણ ખૂબ સારી યોજના કરી છે તે બદલ ફરીથી અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એક વાત મૂકવા માગું છું. કે સરકારે હમણાં જુનાગઢ માટે એક ખૂબ સારી યોજના બનાવી અને અમારી માહિતી પ્રમાણે તીથલ ખાતે એક સુંદર બીચનું આયોજન પણ નિર્માણ થઈ રહયું છે ત્યારે તીથલના કાંઠે દરિયા કિનારાનું જે ધોવાણ છે તે પણ ધ્યાનમાં લેવાય તે હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકવા માગું છું. બીજી એ વાત પણ કહેવા માગું છું કે બીલીમોરા ખાતે આવેલ સોમનાથ મંદિર ખૂબ ઐતિહાસિક છે શ્રાવણ માસ દરમિયાન હજારો શ્રધ્ધાળુ ત્યાં આવે છે તે સોમનાથ મંદિરને પણ વિકસાવવામાં આવે તેવું મારું સૂચન છે. હું એક જ મિનિટ લઈશ.

માનનીય મહેસુલ મંત્રીશ્રી મહેસુલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારે ટૂંકમાં બે ચાર વાત કરવી છે. કે એમ તો એમ કહેવાતું મહેસુલ ખાતા માટે કે, તુ-માર, અને તુમારની અથડામણમાં ઘણાં બધા આપણા અરજદારો અટવાતા, પણ આજે જયારે એવું બન્યું છે કે રાજય કક્ષાએ પણ તુમારની ગણતરી કરવામાં આવે છે. એવું કહેવાતું કે રાજય કક્ષાએ તુમાર આવે પછી તેનું શું થાય તે માટે ખૂબ તકલીફ પડતી. એવું પણ કહેવાય છે કે મહમ્મદ ગો ટુ માઉન્ટેન, માઉન્ટેન ડઝ નોટ ગો ટુ મહમ્મદ, પણ આજે પરિસ્થિતિ એ આવી છે કે સરકાર કાળજી રાખે છે, મારા એક બે અનુભવ છે કે સરકારે સામેથી વિગત મંગાવી કે આમાં શું કરવાનું છે, આ એક મોટો આવેલો ફેરફાર છે. એજ રીતે જન સેવા કેન્દ્ર શરૂ કર્યા, અને સરકારે જે સુધારા કર્યા છે જે હિસ્ટોરીકલ એમેનડમેન્ટ છે, એન્ડરસને જે રેવન્યુ મેન્યુઅલ બનાવ્યો ત્યાર પછી જો ઐતિહાસિક સુધારા કર્યા હોય તો માનનીય મુખ્ય મંત્રીશ્રી અને આનંદી બહેનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મેં આ વિભાગમાં કામ કર્યુ છે, એક જ મિનિટ લઈશ, કે એને માટે અનરજદારને એટલી બધી તકલીફ પડતી કે જાણે એની જવાબદારી હોય, આજે એટલું સરળીકરણ કર્યુ છે, નવી શરત અને જુની શરત આજે નજીવું પ્રીમીયમ ભરીને આ વસ્તુ સરળ કરી શકયા છીએ, એવા ઘણાં બધા દાખલા છે. હું ઈ સ્ટેમપીંગનો દાખલો આપુ, સમયની મર્યાદા છે પણ આ સરકારે આ વહીવટને જે સરળીકરણ અને જે પારદર્શક બનાવ્યું છે તેને ફરીવાર અભિનંદન આપીને મારી વાતને સમર્થન આપીને સમયની પાબંદી હોય મારી વાતને વિરામ આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય લક્ષ્મણભાઈ, એન્ડરસન અને આનંદી બેનની રાશી એક જ છે, બીજા શરૂઆત કરે તે પહેલા શ્રી શંભુપ્રસાદજી, આપના પ્રવચન દરમિયાન બે શબ્દો વપરાયા હતા એક • (xxxx) અને એક (xxxx) એ બન્ને શબ્દો હું અસંસદીય જાહેર કરું છું અને કાર્યવાહીમાંથી રદ કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (પ્રવાસન મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગની માગણી ક્રમાંક ૫૧ લઈને હું આવ્યો છું એના સમર્થનમાં જે જે માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે એમનો હું આભારી છું. એમણે જે સૂચનો કર્યા છે એની અમે ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે અને આગામી સમયમાં અમારા વિભાગની કામગીરી ગોઠવવામાં એમના એ સૂચનો અમને ખૂબ ઉપયોગી થશે.

પ્રવાસન ક્ષેત્રને લાગેવળગે છે ત્યાં સુધી સમગ્ર વૈશ્વિકક્ષેત્રે જબરજસ્ત પરિવર્તન આવ્યું છે. વિશ્વમાં કુલ વેપાર ચાલે છે એમાંથી દસ ટકા પ્રવાસનને ફાળે જાય છે. આ દસ ટકા એટલે કે સાત હજાર અબજ અમૅરિકન ડોલર થયો. આ દેશની કુલ અર્થ વ્યવસ્થાનું કદ છે એના કરતાં પાંચ ઘણું વધારે કદ પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ પ્રવૃત્તિ ચાલે છે એનું છે. એની સાથે આરોગ્ય વિષયક પ્રવાસન ચાલે છે એને જોડીએ તો બીજા છ હજાર અબજ અમૅરિકન ડોલર જેટલી health related tourism activity વિશ્વમાં ચાલે ટલે આરોગ્ય અને અન્ય પ્રવાસન બંનેને જોડીએ, આ બંને વિભાગ સાથે હું જોડાયેલો છું. તો આ દેશની કુલ અર્થ વ્યવસ્ છે. એ થા છે એની કુલ જી.ડી.પી.ના છ થી સાત ગણું કદ પ્રવાસન ક્ષેત્ર અને પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલી પ્રવૃત્તિનું છે, એનાથી જ એના વ્યાપનો ખ્યાલ આવે છે.

વિકસિત દેશોની વાત કરીએ તો દર દસ માણસોમાંથી એક માણસ પ્રવાસન ક્ષેત્ર સંલગ્ન રોજગારી મેળવે છે. અમૅરિકાની વાત કરીએ તો દર દસ માણસમાંથી બે માણસ પ્રવાસન અને પ્રવાસન સંલગ્ન ક્ષેત્રે રોજગારી મેળવે છે. આ દેશની વાત કરીએ તો ઉદ્યોગ ક્ષેત્રે જે રોકાણ થાય છે એમાં દસ લાખના રોકાણ દીઠ

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અસંસદીય જાહેર કરી કાર્યવાહીમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

૧૩ માણસોને રોજગારી મળે છે. જેમાં લઘુ ઉદ્યોગ અને માઈક્રો ઇન્ડસ્ટ્રીઝને પણ આવરી લઈએ તો પણ. ખેતી ક્ષેત્ર એ ખૂબ જ મોટું ક્ષેત્ર છે તેમ છતાં ખેતીવાડીમાં દસ લાખના રોકાણ સામે ૪૫ લોકોને રોજગારી મળે છે. જ્યારે પ્રવાસન ક્ષેત્રે દસ લાખના રોકાણ સામે ૮૯ માણસોને રોજગારી મળે છે, અને એટલા માટે આ દેશની કે જેની વસતિ ઝડપથી વધતી જાય છે. હમણાં જ યુનાઇટેડ નેશન્સે World Population report જે વિશ્વની વસતિ અંગેનો અહેવાલ છે એને સુધાર્યો છે. આ અગાઉ આપણે ૨૦૩૫ સુધીમાં ચીનને વટાવી જવાના હતા. હવે ઈશ્વરની આ જ દયા ચાલુ રહી તો ૨૦૩૦ પહેલા દુનિયાનો સૌથી વધારે વસતિ ધરાવતો દેશ બની જઈશું. આ દેશ એ વયજૂથની દૃષ્ટિએ ખૂબ યુવાન દેશ છે. સરેરાશ વયની દૃષ્ટિએ એ જોતા રોજગારી માટે ખૂબ મોટી જરૂરિયાત આ દેશમાં ઊભી થશે. આ રોજગારીની જરૂરિયાત પૂરી કરવી હોય તો આ દેશમાં અને અર્થ વ્યવસ્થાના મૂળમાં સેવાકીય ક્ષેત્ર અને સેવાકીય ક્ષેત્ર સાથે જોડાયેલ પ્રવાસન ઉદ્યોગના વિકાસ સિવાય કોઈ આરો નથી. Time has come to look at the tourism as an industry capable of providing large number of employment rather than something which is sinmply an entertainment or spare time activity. કમનસીબી એ છે કે આપણે પ્રવાસનને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ અથવા તો આનંદપ્રમોદ માટેની અથવા ક્યાંક એક જોડકા પ્રવૃત્તિ તરીકે જોઈએ છીએ. જે પ્રવૃત્તિમાં ઉદ્યોગ અથવા તો ખેતી કરતાં પણ વધારે રોજગારી આપવાનું બળ છે. એ પ્રવૃત્તિને સાચા સ્વરૂપે આપણે ઓળખીશું તો દેશમાં રોજગારી માટેની જરૂરિયાત છે એ જરૂરિયાતને પહોંચી વળીશું.

ગુજરાતની વાત કરીએ તો ગુજરાતના વિકાસનું પ્રથમ ચરણ છે એ ઔદ્યોગિક વિકાસને જાય છે. આપણને અલગ રાજય મળ્યું ત્યારે માથાદીઠ એક એકર કરતાં ઓછી ખેડાણ લાયક જમીન હતી. એટલા માટે ઔદ્યોગિક વિકાસના રસ્તે આપણે આર્થિક વિકાસ ભણી પગરણ માંડ્યા. ત્યાર પછીનો બીજો તબક્કો આવ્યો કે જ્યારે નર્મદા યોજનાના પાણી ગુજરાતમાં વહેતા થયા અને હજી ૨૦ લાખ હેકટરમાંથી એક લાખ હેકટર જેટલા જ વિસ્તારમાં સિંચાઈ પહોંચી છે પણ કૃષિ ક્ષેત્રે જે પ્રયોગો ગુજરાતના કૃષિ વિભાગે કર્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રીની કૃષિ મહોત્સવ પાછળની દૃષ્ટિ છે તેના કારણે ગુજરાતનું કૃષિ ઉત્પાદન ૪૮,૫૦૦ કરોડે પહોંચ્યું અને કૃષિ અને પશુપાલનની દૃષ્ટિએ આપણે એક મુખ્ય વ્યવસાય અથવા મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ધરાવતું રાજય બન્યા. ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને ગાંધીનગર, આ પાંચ જિલ્લાઓ માત્ર દૂધમાંથી વર્ષે-દહાડે ૧૧,૦૦૦ કરોડ રૂપિયા જેટલું ટર્નઓવર કરે છે. જે આનું ઉદાહરણ છે. ત્યાર પછીના ત્રીજા તબક્કામાં આપણે પ્રવેશ્યા છીએ, which according to me is infrastructure led growth દિલ્હી, મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરનો લગભગ ૪૦ ટકા ભાગ આપણાં રાજયમાંથી પસાર થાય છે. દેશનો ત્રીજા ભાગનો દરિયાકાંઠો આપણી પાસે છે. પૉર્ટ અને સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રકચરના રસ્તે આપણે ગુજરાતના આર્થિક વિકાસનું ત્રીજું ચરણ લઈને આગળ ચાલીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, I stand on my feet today, inthis House to say કે આવનારું ચોથું ચરણ છે ગુજરાતના વિકાસનું, એ ગુજરાતના વિકાસનું ચોથું ચરણ લખવાની જો કોઈ પ્રવૃત્તિમાં ક્ષમતા હોય તો એ પ્રવાસન પ્રવૃત્તિમાં છે. પ્રવાસન ઉદ્યોગના રસ્તે આપણે ગુજરાતને આર્થિક વિકાસની દૃષ્ટિએ વિકસીત દેશોના કરતા પણ આગળ મૂકી શકીશું. When I say it, I say it with full confidence that we are capable to surpass the best economies anywhere in the world provided we treat tourism with due dignity and respect. I think, Sir, we have started learning that અને એ શરૂઆત કરી છે ત્યારે અમારા વિભાગ થકી જે કામગીરી થઈ રહી છે એ કામગીરી સ્વાભાવિક રીતે બહુહેતુક એટલે કે મલ્ટી સૅક્ટર રીલેટેડ કામગીરી છે અને એ કામગીરીની કેટલીક બાબતો મારે આજે મારી માગણીઓના સમર્થનમાં સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અત્યાર સુધી આપણે એવું માનીએ છીએ કે ગુજરાતમાં પ્રવાસનનો વિકાસ એટલા માટે નથી થતો કે કદાચ આપણે ત્યાં આપણે દારૂબંધીની નીતિનો ચૂસ્તતાપૂર્વક અમલ કરીએ છીએ. મારે જે લોકો આવું માનતા હોય તેમને એવું કહેવું છે કે ઈરાનમાં દર વર્ષે પાંચ લાખ અમૅરિકનો ઈરાનની મુલાકાત લે છે. દર વર્ષે આઠ લાખ જર્મનો ઈરાનની મુલાકાત લે છે અને ૧૫ દિવસ કરતાં વધારે સરેરાશ સમય ઈરાનમાં ગાળે છે. It is obsolutely total dry country અને છતાં પણ ત્યાં પ્રવાસનને આટલો વેગ મળ્યો છે. એટલે ગુજરાત પાસે જે વૈવિધ્યપૂર્ણ વારસો છે, આ દેશમાં ગુજરાત પાસે જે છે, પ્રવાસનના ક્ષેત્રે ગુજરાત પાસે જે પ્રોડકટ છે, I don't think, Sir, any State got that kind of variety. માનનીય અધ્યક્ષશ્રી, મેં દેશના ત્રીજા ભાગના દરિયાકાંઠાની વાત કરી. ગુજરાત પાસે રણ પણ છે. કચ્છની વાત થઈ ત્યારે મારા સાથી મંત્રી માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ કહેલું કે કચ્છ એટલે મરૂ, મેરૂ અને મહેરામણનો વિસ્તાર છે. દેશનો બીજા નંબરનો મોટામાં મોટો જિલ્લો અને રણ અને રણની સાથે અનેકવિધ વિવિધતાઓ એ કચ્છનો વારસો છે. એશિયાટીક લાયનની એક માત્ર sanctuary જો કોઈ જગ્યાએ હોય તો કચ્છમાં ગુજરાતમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ફલેમીંગો કૉલોની કયાંય જોવા જવું હોય તો આપણી પાસે જોવા આવવું પડે. પ્રવાસનના ક્ષેત્રે આજે સૌથી વધારે ટર્નઓવર ધરાવતો જો કોઈ વ્યવસાય હોય, સૌથી વધારે ટર્ન ઓવર ધરાવતી કોઈ પ્રવૃત્તિ હોય તો that is bird watching. પક્ષીઓને જોવા માટે વિશ્વ પ્રવાસીઓ નીકળી પડે છે. That is the largest turnover industry anywhere in the

world અને આપણી પાસે નળ સરોવર, કચ્છમાં છારીધાન, ડભોઈ, પોરબંદર, જામનગર પાસે ખીજડીયા, કડી પાસેનું થોળ સરોવર, આવી અનેક જગ્યાઓ છે કે જ્યાં યાયાવર પક્ષીઓ મોટી સંખ્યામાં ઉતરી પડે છે અને તેને વિકસાવીએ તો વિશ્વભરમાંથી પ્રવાસીઓ અહીંયા આકર્ષી શકાય તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૂર્યના છેલ્લા કિરણો આ દેશ પર નારાયણ સરોવર પર પડે છે. આથમતા સૂર્યનું છેલ્લું કિરણ નારાયણ સરોવર પર પડે છે. દક્ષિણના પક્ષીદ્વિપની વાત કરીએ છીએ. કચ્છના કાળા ડુંગર પર દત્તાત્રેયના મંદિરે નિર્ધારીત સમયે શિયાળ પ્રસાદ લેવા આવે છે. આ આપણી જાણ બહાર ન જવું જોઈએ. આપણી પાસે કાળિયાર છે, આપણી પાસે વાઈલ્ડ એસ્સ છે. વ્હેલનું એશિયામાં સૌથી મોટું હાડપિંજર જો કોઈપણ જગ્યાએ હોય તો એ આપણે ત્યાં ભુજમાં છે. આપણી પાસે લોથલ અને ધોળા વીરાના પુરાતત્ત્વ સાથે જોડાયેલ સ્થળો છે. એમાં વડનગરમાં જે રીતે પુરાતત્ત્વ ખાતું એક પછી એક સફળતા મેળવી રહ્યું છે એની સાથે જોડાઈ રહ્યું છે. આપણી પાસે અશોકનો શિલાલેખ છે, આપણી પાસે દેવની મોરી છે, અમરેલી, વડનગર, ભરૂચ કોઈપણ જગ્યાએ ભગવાન બુદ્ધના અવશેષો હોય તો એ આપણી પાસે એમ.એસ. યુનિવર્સિટીના મ્યુઝિયમમાં છે. Relics of Buddha is available in one only in the country. આપણી પાસે ડાંગનો હરિયાળો પ્રદેશ છે. આપણી પાસે ગાંધીજી જન્મ્યા એ પોરબંદર છે, ગાંધીજી જ્યાં ભણ્યા એ રાજકોટ છે, ગાંધીજીએ જ્યાં સત્યાગ્રહ કરીને દેશની આઝાદીની લડત ચલાવી તે અમદાવાદ છે અને ગાંધીજીએ જ્યાં મુઠ્ઠીભર મીઠું ઉઠાવીને અને બ્રિટિશ સલ્તનત કે જેનો સૂરજ કદી આથમતો નથી તેના પાયા હચમચાવી નાખ્યા એ દાંડી છે. આપણી પાસે પાટણમાં રાણકીવાવ છે, વડનગરમાં હાટકેશ્વર મહાદેવ છે. આપણી પાસે ડભોઈમાં હીરા ભાગોળ છે, વડોદરામાં ગાયકવાડી સુરાજ્યના અનેક સંસ્મરણો સંકળાયેલા પડ્યા છે. આપણી પાસે મોઢેરાનું સૂર્ય મંદિર છે, આપણી પાસે પાવાગઢ અને ચાંપાનેર સાથે જોડાયેલ સંસ્કૃતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે આકર્ષવા માટે જે વૅરાઇટી છે એ કોઈ રાજય પાસે નથી અને એક વાતની જરૂર હોય તો If at all one thing required as far as this State is concerned is the mindset that needs to be changed. I think, Sir, we are on the way of changing the mindset under the leader of Hon'ble Chief Minister.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬માં પ્રવાસન વર્ષ થકી અને પછી વિવિધ ઉત્સવો થકી આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસનની દિશામાં એક નવી દૃષ્ટિ, એક નવો વિચાર અને એક નવી સૂઝ અમને આપી છે અને એ સૂઝ, વિચાર અને દૃષ્ટિ લઈને આજે રાજયનો પ્રવાસન વિભાગ રાજયની આર્થિક પ્રવૃત્તિમાં અગ્રેસર બનવા તરફ આગળ વધી રહ્યો છે. હું તો એવા દિવસોનું સ્વપ્ન જોવું છું કે, જ્યારે આ રાજયમાં ઉદ્યોગ એ કદાચ સાઇડ એકટીવીટી હશે. Tourism will be occupying the center stage in this State. એ દિવસો તરફ જવા માટેનું આયોજન કરીને આપણે ચાલીએ છીએ. એની જ્યારે વાત કરીએ ત્યારે પહેલી વાત મારે અમારી કેટલીક યોજનાઓ અંગેની કરવી છે. મેં ગાંધીજી અંગેની વાત કરી, એની આખી જે ગાંધી સરકીટ છે, અત્યારે વિશ્વમાં ગાંધી વિચાર અને ગાંધી સાથે જોડાયેલ તત્ત્વજ્ઞાન એ વધુને વધુ રીલેવન્ટ અથવા તો સ્વીકૃત બનતું ચાલ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે કૃષ્ણ સાથે જોડાયેલ દ્વારિકા, જ્યાં ભગવાન કૃષ્ણે જાતે વિષ્ણુનું પૂજન કર્યું તે શામળાજી, જ્યાં રણછોડ સાક્ષાત બિરાજમાન છે અને ભક્ત બોડાણાની કથા અમરત્વ પ્રાપ્ત કરી ચૂકી છે અને જેના વિકાસનો પાયો આપના સમયમાં અને આપના હસ્તે નખાયો હતો એ ડાકોર, કૃષ્ણ સાથે જોડાયેલી આખી સરકીટ આપણી પાસે છે. આપણી પાસેના તિર્થસ્થાનોની વાત કરીએ તો, આપણી પાસેના શકિત પીઠની વાત કરીએ તો, આપણી પાસે અંબાજી છે, આપણી પાસે મહાકાળીના બેસણા ચાંપાનેર છે, આપણી પાસે મા ચામુંડા ચોટીલામાં બિરાજે છે, આપણી પાસે મા ખોડિયાર ભાવનગરમાં સાક્ષાત હાજર છે, બહુચરાજી શંખલપુરમાં પ્રગટ થયેલા તે છે અને મા ભુવનેશ્વરી ગોંડલમાં આ રાજયના રખોપાં કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આપણી પવિત્ર શકિતપીઠો છે. કચ્છમાં કોટેશ્વર, નારાયણ સરોવર છે કે જ્યાં આજે પણ નારાયણ બલીનું મોટું મહત્વ છે. એક વિશિષ્ટ વાત મારે કહેવી છે. હું સિધ્ધપુરથી આવું છું અને મારા મતવિસ્તાર સિધ્ધપુર છે. દરેક માણસના માથે ચાર દેવા હોય છે. એના માથે પહેલું દેવું એ ઈશ્વરનું છે જેણે આ દુનિયા પર એણે મોકલ્યો છે. માણસ માથે બીજું દેવું એ એના માબાપનું છે જે એને મોટો કરે છે. માણસ માથે ત્રીજું દેવું એ એના ગુરુનું છે જે એને માણસ બનાવે છે અને માણસ માથે ચોથું દેવું એ સમાજનું છે. જે એને સામાજિક જીવનમાં હૂંફ આપે છે. માતૃશ્રાધ્ધ માટે હું જે શહેરમાંથી આવું છું એનું વિશિષ્ટ મહત્વ છે. કપિલમુની, એ દેવહુતી માતાના પનોતા પુત્ર ભગવાન કરદમ ઋષિનું એ તેજસ્વી સંતાન એણે દેવહુતી માતાને જે ઉપદેશ આપ્યો અને એ ઉપદેશ પછી દેવહુતી માતા કદાચ એમને તો મોક્ષ મળી ગયો હતો પણ આપણી સંસ્કૃતિ જુઓ, એ સમયે દેવહુતી માતાની આંખમાંથી આંસુ પડયું અને એમાંથી જે સરોવર પડયું એ બિંદુ સરોવર. ત્યારે કપિલમુનિએ પોતાની માતાને પૂછયું કે, તને તો મોક્ષ મળ્યો છે આનંદ થવો જોઈએ, તારી આંખમાં આંસુ કેમ આવ્યું? ત્યારે દેવહુતી માતાએ જે જવાબ આપ્યો એ જગતની કોઈપણ માતાનું માથું ગર્વથી ઉંચું કરી દે એવો હતો. એમણે કહ્યું કે હું સ્વાર્થી નહીં થાઉ મારો તો ઉધ્ધાર થવાનો છે તેં મને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે માટે, પણ આ જગતની અનેક માતાઓ છે કે જેના પુત્રો તારા જેવા તેજસ્વી નથી. તારા જેવા શકિતશાળી નથી. એમનું શું થશે અને ત્યારે કપિલમુનિએ એમને વરદાન

આપ્યું કે આ બિંદુ સરોવરના તીર્થક્ષેત્રમાં માતૃશ્રાધ્ધ જે કોઈ કરશે એની માંનો મોક્ષ થશે એ મહિમાવાળા ક્ષેત્રમાંથી હું આવું છું. મને એનું ઋણ ચૂકવવાનો મોકો મારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યો એનો મારે આ ગૃહમાં ઉલ્લેખ કરીને આભાર એટલા માટે માનવો છે કે બિંદુ સરોવરના વિકાસનું કામ ઘણીબધી સરકારો આવી, ઘણીબધી સરકારોએ વાતો કરી, ઘણીબધી સરકારોએ એના માટેની મથામણ કરી પણ એને મંજૂરી અમારા મુખ્યમંત્રીશ્રીએ આપી અને એનો વિકાસ કરવા માટે અમે આગળ વધી રહ્યા છે. માતૃશ્રાધ્ધ માટેનું બિંદુ સરોવર, જેના દર્શનથી ગંગામાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે. યમુનાનું પાન કરવાથી મોક્ષ મળે છે પણ નર્મદાના દર્શન માત્રથી મોક્ષ મળે છે એવી પશ્ચિમ ભારતની મોટામાં મોટી પશ્ચિમ તરફ વહેતી નદી નર્મદા જ્યાં એક કંકર પણ શંકર છે એ આપણી પાસે છે. માનનીય અધ્યક્ષશ્રી, સૂર્યપુત્રી કહેવાય છે તાપી. અને સૂરજનું નામ સૂર્યપુર છે. ડાંગની વાત મારા સાથી ધારાસભ્યશ્રી લક્ષ્મણભાઈએ કરી. ડાંગમાં શબરીધામ છે. આશ્ચર્યની વાત એ છે કે સમગ્ર ડાંગમાં આપણે ફરીએ તો કયાંય કાંટાવાળી વનસ્પતિ નથી દેખાતી પણ શબરીનો આશ્રમ છે ત્યાં બોર થાય .છે. પુરાણોમાં માને કે ના માને કેટલીક વિચારસરણીઓ એવી હોય છે. કે જે ભગવાન રામ કાલ્પનિક પુરુષ હતો. અને રામાયણ પણ કંઈક ફીકશન છે એવું માનતી હોય છે. અમે એમાંના નથી. ત્યાં શબરીધામ છે. શનિના દોષના નિવારણ માટે સાંગણપુર જવાની એક પ્રથા છે. શનિના દોષના નિવારણ માટે તો ભગવાન બજરંગબલી સાક્ષાત જયાં જન્મ્યા હતા એ અંજનીકુંડ, એ અંજનીકુંડ ડાંગમાં છે. ઉનાઈ માટેની એવી લોકવાર્તા ચાલે છે કે માતા સીતાજીને નહાવાનો વિચાર આવ્યો ત્યારે ભગવાન રામે જયાં બાણ મારીને સાક્ષાત જયાં ઝરણું પેદા કર્યુ અને સીતાજીએ સ્નાન કર્યા પછી કીધું કે મેં નહાઈ, હું નહાઈ એના પરથી ઉનાઈ શબ્દ પડયું આ ડાંગની સંસ્કૃતિ છે જેને અમે રામાટ્રેલ કહીએ છીએ. જૈન તીર્થોમાં પાલીતાણામાં ભગવાન શત્રુંજયજીનું નામ આવે એટલે જૈન સમુદાયમાં અને જૈનેતરોમાં પણ આપણું શ્રદ્ધાથી માથું નમી જાય છે. મહુડી અને આગલોડ, માનનીય જૈન જૈનેતરો બધા જાય છે. શંખેશ્વર એ જૈનોનું એકમાત્ર એવું તીર્થ છે કે જે મહાતીર્થ છે અને જમીન પર છે.અને જમીન પર છે. જૈન તીર્થો મોટાભાગે પર્વતો ઉપર છે. શંખેશ્વર મંદિર જમીન ઉપર આવેલું ઉત્તર ગુજરાતમાં જૈનોનું મોટું તીર્થ છે અને જૈનેતરો માટે પણ અત્યંત શ્રદ્ધાનું સ્થાન છે. એ જ રીતે તારંગા આ બધા તીર્થસ્થાનોના વિકાસની વાત અમારા તીર્થસ્થાન વિકાસની સાથે અમે જોડવા માગીએ છીએ. શંભુપ્રસાદજીએ વાત કરી એ ઝાંઝરકા હોય, ત્રિકમ બાપુની ગાદી હોય કે ફાગવેલના ભાથીજીનું મંદિર હોય, ગુજરાતની આ ધરતી ઉપર દરેક સમાજને જોડવાનું કામ અમે કરવા માગીએ છીએ અને દરેક સમાજને સાથે લઈને અમારે ચાલવું છે. પારસી ભાઈઓ આ દેશમાં આવ્યા એની સૌથી જૂની અગિયારી ઉદવાડા ગામમાં છે. આ અમારા વિભાગનો વારસો છે. I just mentioned all these things because અમે આ બધા અમારા વ્યાપમાં આવે. આખા દેશમાંથી શ્રદ્ધાળુઓને આકર્ષી શકે તેવી તાકાત આ તીર્થસ્થાનોમાં છે ત્યારે અમે નક્કી કર્યું છે કે અમે કેટલાંક તીર્થસ્થાનોને વિશિષ્ટ વિકાસ માટે પસંદ કર્યા છે. એમાં અંબાજી, મારે માનનીય ગોવિંદભાઈને કહેવું છે, એમના મત વિસ્તારની બિલકુલ બાજુનો વિસ્તાર છે. અંબાજીને અમે વિશિષ્ટ વિકાસ માટે પસંદ કર્યું છે. ગઈ ૧૫મી ઑગસ્ટે ત્રણ મહત્ત્વના પ્રોજેકટોની શિલાન્યાસ વિધિ અમારા મુખ્યમંત્રીશ્રીના હસ્તે થઈ. એક ગબ્બર પરિક્રમા, બીજી ચાચર ચોકનું વિસ્તૃતીકરણ અને ત્રીજું ગબ્બર ટોપનું વિસ્તૃતીકરણ. આ ઉપરાંત જીતુ ભગતના વાડામાં એક નેચરોપથી અને આયુર્વેદ બન્નેને સાથે જોડીને વેલનેસ સૅન્ટર કરી રહ્યા છીએ. લાખો રંગો એક રાતમાં, બીજી રાત્રે તમને એ કલરો જોવા ન મળે એટલી અદ્‌ભુત રોશનીથી રાત્રે અંબાજી પરિસર દીપી ઊઠે છે. અંબાજીમાં એટલા બધા આકર્ષણો છે, ત્યાં એટલું બધું અફાટ કુદરતી સૌંદર્ય વેરાઈને પડ્યું છે કે મારે આ સન્માનનીય સભાગૃહના સભ્યો થકી એમના મત વિસ્તારના પ્રજાજનોને સંદેશો મોકલવો છે કે આપ મા જગતજનની અંબાજીના દર્શને જજો. વર્ષે બે કરોડ કરતાં વધારે શ્રદ્ધાળુઓ આવે છે. આપના થકી સંદેશો મોકલવો છે કે એકાદ રાત અંબાજીમાં રોકાઈ જજોને? અંબાજીના વિકાસ માટેનું એક વિશિષ્ટ આયોજન લઈને અમે ચાલી રહ્યા છીએ. આવનારા ત્રણ ચાર વર્ષમાં ૩૦૦ થી ૪૦૦ કરોડ રૂપિયા અમારે અંબાજીના વિકાસ માટે ખર્ચવા છે. એ માટેનું આયોજન અત્યારે અમે લઈને ચાલીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને ટેમ્પલ ટાઉન રેવન્યુ મૉડલ અંગેની પણ સૂચના આપી છે અને એ દિશામાં પણ અમે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકા એ એક બીજું વિશિષ્ટ તીર્થસ્થાન છે, જેને અમે વિકાસ માટે પસંદ કર્યું છે. દ્વારકામાં ખાસ વાત તો એ છે કે જે વિકાસના કામો અને હાથમાં લીધા છે એમાં દ્વારકાને લાગે વળગે છે ત્યાં સુધી ઘણા બધા કામો અમે હાથ ધરવા માગીએ છીએ. ગોમતી ઘાટના નવ નિર્માણનું કામ છે, છપ્પન સીડીથી હાઈ-વે જોડતા એપ્રોચ રોડનું કામ છે. દ્વારકાધીશ મંદિર ટ્રસ્ટ દ્વારા એની વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. ટેમ્પલ સ્કવેરનો વિકાસ, સુદામા સેતુ એ લગભગ બે કરોડના ખર્ચે થશે. ટેમ્પલ સ્ક્વેરના વિકાસ માટે મારે દ્વારકાથી જે મિત્રો આવે છે એમને કહેવું છે કે વર્ષોથી પુરાતત્ત્વ વિભાગની મંજૂરી જૂના બાંધકામ તોડવા માટે મળતી ન હતી. ગયા વર્ષે આ મંજૂરી આપણે મેળવી લીધી છે અને લગભગ ૭ થી ૮ કરોડના ખર્ચે એ માટેના વિકાસ કામોનું આયોજન કરી અમે દ્વારકાના વિકાસ માટે આગળ વધી રહ્યા છીએ. મને ખબર નથી માનનીય બાબુભાઈ દેસાઈ ગૃહમાં છે કે નહીં પણ દ્વારકામાં વિશેષ શ્રદ્ધા ધરાવે છે. એમને મારે ખાસ કહેવું છે કે દ્વારકા પરિસરના વિકાસનું કામ લગભગ દોઢ કરોડના ખર્ચે અમે કામ શરૂ કરીએ છીએ. મને આ સન્માનનીય ગૃહને

જણાવતાં આનંદ થાય છે કે સુદામા સેતુનું કામ ૧.૭૦ કરોડના ખર્ચે અમે શરૂ કરવાના છીએ. પંચકુઈ આઈલેન્ડ વિકાસ યોજના બે તબક્કામાં ૪.૩૬ કરોડના ખર્ચે, સમુદ્ર પથ, ફુડ કોર્ટ, કુદરતી ઉપચાર અને ધ્યાન યોગ વિગેરનું કામ હાથ પર લેવાના છીએ અને સૌથી અગત્યનું તોએ છે કે દ્વારકાને હવાઈ પટ્ટીની સવલત મળે એ માટે જમીનનું સંપાદન કરીને સિવિલ એવીએશન ડિપાર્ટમેન્ટના હસ્ત મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી સમયમાં જે બીજા વિકાસ કાર્યો શરૂ થવાના છે એમાં આંતર માળખાકીય સુવિધા દ્વારા પરિક્રમા પથનું વિકાસ કાર્ય સ્ટેશનથી ચોક અને બલભદ્ર શિલ્પનું સમારકામ, સનસેટ પોઈન્ટ અને ભડકેશ્વર મંદિરનો વિકાસ અને સમુદ્ર નારાયણ મંદિરને અડીને બિચનો વિકાસ, ગોમતિ ઘાટ સુધારણા, દ્વારકા ઉત્સવ ઉજવણી, રાવળા તળાવનું પ્રવાસી મનોરંજન સ્થળ તરીકે વિકાસ અને મંદિર ચોક અને બલભદ્ર તિર્થના વિકાસના કામો મુખ્ય છે. કેટલાક સભ્યશ્રીઓએ સોમનાથ અંગેની વાત કરી. મારે એમને ખાસ કહેવું છે કે આ નયનરમ્ય વિકાસ યોજના જે છે સમુદ્ર રત્નાકર તટ વિકાસ યોજના એ બે તબક્કામાં પૂરી કરવામાં આવશે અને એ માટેની બીજા તબક્કાની ૧૯૦ લાખની કામગીરી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અનુસંધાનથી મંજૂર કરવામાં આવી છે. મારે રાજશીભાઈને ખાસ કહેવું છે કે બે કરોડ રૂપિયા સમુદ્ર રત્નાકર તટના વિકાસ માટે, સોમનાથ માટે મંજૂર કર્યા છે અને એની કામગીરી માનનીય રાજશીભાઈ સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન પૂરી કરવાનું આયોજન લઈને અમે ચાલીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડાકોર અને એ જ રીતે ગિરનાર વિકાસ કામના પણ અનેક વિકાસ કામો હાથ ધરવામાં આવ્યાં છે અને એ બધાનો હું અત્યારે ઉલ્લેખ્ કરીને એની વિગતમાં જવા માગતો નથી પણ પાલીતાણાના વિકાસની મારે ખાસ વાત કહેવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં થોડા સમય પહેલાં આ ગૃહમાં જે કાંઈ બન્યું એનો આપે પણ અફસોસ વ્યકત કર્યો છે. આપણને સૌને એનો રંજ છે કે આપણે આવા પવિત્ર યાત્રાધામ પ્રત્યે આસ્થા અને ભાવના ધરાવવી જોઈએ એમાં ક્યાંક આપણે ચૂક ખાધી છે તો કદાચ એના પ્રાયશ્ચિતરૂપે ગણવું હોય તો પવિત્ર યાત્રાધામ પાલીતાણાના વિકાસ માટે અમે બે કરોડની યોજના લઈને એને અમે યાત્રાધામ વિકાસ બોર્ડના અનુદાનથી મંજૂરી આપી છે અને એની કામગીરી પણ સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન પૂરી થનાર છે. પાલીતાણા તળેટીથી ટૂંક સુધીના ચઢાણના પગથિયાની આજુબાજુ પ્લાન્ટેશન, બ્યટીફીકેશન, લેન્ડસ્કીપિંગ, કલાત્મક કાસ્ટ સાયરન બેંચીશ, સોલારથી પ્રકાશિત કરવા માટેનો એક કરોડ રૂપિયાના ખર્ચે પ્રોજેકટ અમે મંજૂર કર્યો છે. હવા મહેલ દર્શન, શહેર પાલીતાણા રેલવે સ્ટેશનથી તળેટી સુધીનું દર્શન, પાલીતાણામાં દિન દયાળ બાગ અપગ્રેડેશન જેમાં કાસ્ટ સાયરનની કલાત્મક બેંચિશ તેમજ બાલ કિડાંગણ અને ખાસ નદી ઉપર રિવર ફ્રંટ બ્યુટીફીકેશન અંદાજીત રૂપિયા એક કરોડ ખર્ચવાનું અમારું આયોજન છે. આ રીતે પાલીતાણામાં પણ અમે જે કામગીરી કરી રહ્યા છીએ એનાથી કંઈક અંશે આ ગૃહમાં જે થોડાક સમય પહેલાં જે ઘટના ઘટી છે એમાં આપણે કાંઈક પ્રાયશ્ચિત કર્યુ એમ હું માનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી આ સન્માનનીય ગૃહને અમારા પ્રવાસન વિભાગે છેલ્લા એક વર્ષમાં ભારત સરકાર પાસે પણ જે આમ તો ભારત સરકાર પાસેથી કાંઈ પણ કામગીરી કઢાવવી એટલે મુશ્કેલ બાબત હોય છે પણ અમે છેલ્લા એક વર્ષમાં ટુરિસ્ટ સરકીટ દ્વારા દ્વારકા, નાગેશ્વર અને બેટ દ્વારકાને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કેટલો સમય જોઈશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : થોડુંક, અગર આપ કેટલો સમય આપશો.

**અધ્યક્ષશ્રી** : આપનો લગભગ સમય પૂરો થવામાં છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : દસેક મિનિટમાં પૂરં કરીશ.

**અધ્યક્ષશ્રી** : પણ પછી તો એમના માટે કાંઈ રહેશે નહિ. તમે ૩૫ મિનિટ માગી હતી એ ૪-૨૫ વાગે પૂરી થાય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સર, પ્રવાસનનો વ્યાપ વધી ગયો છેને.

**અધ્યક્ષશ્રી** : ત્યાર પછી આનંદીબેનની ૪૫ મિનિટ, આજે આપણે સમય લંબાઈ શકીએ એ સ્થિતિમાં નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : ના, નહિ લંબાવીએ સર, ૨૯ મિનિટ થઈ છે ને, સાહેબ, ૬-૭ મિનિટમાં સાહેબ પૂરું કરી દઈશ. સર, ભારત સરકાર દ્વારા છેલ્લા વર્ષમાં નીચે મુજબની પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટુરિસ્ટ સરકીટ, દ્વારકા, નાગેશ્વર અને બેટ દ્વારકા. માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથનો ઉલ્લેખ્ થયો પણ ગુજરાતમાં બારમાંથી બે જ્યોર્તિલિંગ આવેલા છે. નાગેશમ્ દારૂકા વને એ વાતથી પણ આપ સુવિદિત છો એના માટે ૭૯૮.૯૦ લાખ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ ઓફ તરણેતર માટે ૩૧૦.૬ લાખ, ઈન્ફાસ્ટ્રકચર એન્ડ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ ઓફ ચાપાનેર માટે ૩૬૦ લાખ. Integrated development at અંબાજી માટે ૩૫૩.૯૪ અને Integrated tourist facility of પાટણ માટે ૨૯૫.૨૨ લાખ, માનનીય બહેનશ્રીને આનંદ થશે કે પાટણ માટે પણ અમે ત્રણ કરોડ રૂપિયાની Integrated tourist facility development માટેની (આ તકે માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન કાંઈક બોલતાં) હા.જી, હવે નેકસ્ટ ફેઝમાં એ માટેનું લઈશું પણ આ કામગીરી અમે હાથ ધરવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે, ``અન્ય

ક્ષેત્રે કૃત્મ: પાપમ્, તિર્થ ક્ષેત્રે વિનશ્યતિ.`` એટલે તિર્થક્ષેત્રોનો વિકાસ કરીને અમે જે કાંઈ આ પાપો ક્યાંય પણ થતા હોય એનો નાશ થાય એ દિશામાં અમે કામગીરી કરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે મારે આપના થકી આ સન્નમાનીય ગૃહને એ સમાચાર આપવા છે કે, અમે આ રાજયમાં પ્રવાસનનો વિકાસ થાય અને પ્રવાસન ઉદ્યોગ એકદમ ઝડપભેર આગળ વધે એ માટેની એક મહત્ત્વાકાંક્ષી કામગીરી હાથ પર લીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિભાગ અત્યારે પ્રવાસનના વિકાસ માટે પ્રોત્સાહક નીતિ નથી, માનનીય અધ્યક્ષશ્રી, અમે પ્રવાસનનો વિકાસક થાય એ માટેની Tourism development policy પ્રવાસન માટેની પ્રોત્સાહક નીતિ લઈને ટૂંક સમયમાં અમે પ્રવાસન ઉદ્યોગોના વિકાસ માટે ખાસ તકો અને ઉદ્દીપક તરીકેની સવલતો આ રાજયમાં મળે તે પ્રકારની નીતિ ઘડવાનું કામ હાથ કર્યુ છે. એ માટે અમે Stack Holders સાથેની ચર્ચા પૂરી કરી છે અને વહેલામાં વહેલી તકે આ નીતિ અમે નક્કી કરીએ એ જાતની કામગીરી સાથે આગળ વધી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, Destination developmentની મેં વાત કરી, એ સદરે ૬૬ કરોડ અને ૫૨ લાખની જોગવાઈ કરી છે, જેમાં અગત્યના પ્રવાસન સ્થળો જેવા કે, જુનાગઢ, સિદ્ધપુર, નારાયણ સરોવર, શામળાજી, સાપુતારાનો વિકાસ, બીચ ટુરિઝમના વિકાસનો સમાવેશ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા જે કંઈ યોજનાઓ બનશે તેને આમાં આવરી લેવાનો અમે પ્રયત્ન કરીશું. અમારો પ્રયાસો આવનાર સમયમાં એ પણ રહેવાનો છે કે, Palace on Wheels જેવી ટ્રેન ચાલતી હતી અને જે ટ્રેન તત્કાલીન રેલવે મંત્રીશ્રીએ Gauge conversion ના નામે ગુજરાતમાં તે બંધ કરી દીધી અને ત્યાર પછી ચાલુ નથી થઈ એ Palace on Wheels જેવી પ્રવાસી ટ્રેન પણ ગુજરાત માટે ચાલુ થાય એ દિશામાં અમારા પ્રયાસો આવનાર સમયમાં રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, સમય ખૂબ ઓછો છે એટલે હું વિશેષ વિગતોમાં નથી જતો પણ એનું સમાપન કરતાં હું એટલું ચોકક્સ કહેવા માગીશ કે, આ માત્ર શરૂઆત છે, પાશેરામાં પૂણી જેને કહેવાય તે પ્રકારની શરૂઆત ટુરિઝમ ડિપાર્ટમૅન્ટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટુરિઝમ અને પ્રવાસન સંલગ્ન વિકાસ માટે આ રાજયમાં એટલી બધી તકો છે કે, રોજગારીથી માંડીને અર્થ વ્યવસ્થા સુધીની સમગ્ર રાજયની કાયા પલટ કરવાનું બળ આ વિભાગમાં અને આ વિભાગ સાથે જોડાયેલ કામગીરીમાં રહેલું છે અને એ જોતાં માનનીય અધ્યક્ષશ્રી, અમે જે માગણીઓ લઈને આવ્યા છીએ, ખૂબ નાની માગણીઓ છે, અમારી માગણી છે એ માત્ર ૧,૩૨,૯૯,૯૭,૦૦૦/-ની મહેસૂલી ખર્ચ માટેની અને ૨૫,૦૦,૦૦,૦૦૦/-ની મૂડી ખર્ચ માટેની માગણી છે, ખૂબ નાની માગણી છે, જે રીતે સભ્યશ્રીઓએ પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી છે, ગુજરાતની અને ગુજરાતના માનનીય ધારાસભ્યશ્રીઓની અમારી પાસેથી ખૂબ મોટી અપેક્ષાઓ છે, આવનાર સમયમાં એ અપેક્ષાઓ પૂરી કરવા માટે અમારે ખૂબ મોટું ફંડ જોઈશે અને એટલે ચર્ચાનું સમાપન કરતાં હું એવું કહેવા માગું છું કે, અમે એક Venture capital fundની કંપની લઈને આવી રહ્યા છીએ, ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ માટે આ બજૅટમાં કરી છે, ખાનગી જે રોકાણકાર એમાં જોડાશે અમારા સંયુક્ત સાથી એ ૨૫ કરોડ લાવશે અને એના થકી ૪૦૦ કરોડ જેટલા નાણાકીય સાધનો ઊભા કરવા માટેનું આયોજન અમે ગોઠવ્યું છે અને એટલે જે જે વિકાસની મેં વાતો કરી એ વિકાસને નાણાના કારણે કયાંય અટકવું ન પડે તે માટેની પુરી ચિંતા કરીને અમારો વિભાગ ચાલ્યો છે ત્યારે આ સંજોગોમાં અમે જે માગણીઓ લઈને આવ્યા છીએ એ માગણીઓ માનનીય ધારાસભ્યશ્રીઓ અને આ સન્નમાનીય ગૃહ સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી સાથે મારી માગણીઓમાં જેમણે ટેકો પુરાવ્યો એ સૌનો આભાર માની મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી શરૂ કરે એ પહેલાં દંડકશ્રી, બે સભ્યો કાળુભાઈ અને જેઠાભાઈ ચર્ચામાં ભાગ લઈ અને મંત્રીશ્રીનો જવાબ સાંભળવા હાજર રહેવું જોઈઅ. જેઠાભાઈ, તો કાયમ આ રીતે ગેરહાજર રહે છે. આપ એમને સૂચના આપજો કે આને તેઓ ખૂબ ગંભીરતાથી લે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯-૧૦ મહેસૂલ વિભાગની બજેટની જોગવાઈ લઈને હું સન્માનનીય સભાગૃહમાં આવી છું. ૨૦૦૮-૦૯માં મહેસૂલ વિભાગની નાણાકીય જોગવાઈ ૨૨૨,૨૫,૦૦,૦૦૦ રૂપિયાની હતી. ૨૦૦૯-૧૦માં નાણામંત્રીશ્રી અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ એમાં ૫૭.૭૦ટકાનો વધારો કરી ૩૫૦કરોડ અને ૫૧લાખ રૂપિયા મહેસૂલ વિભાગને આપ્યા છે. આમ તો રેવન્યુ ડિપાર્ટમેન્ટનું કામ સરકારને રેવન્યુ આપવાનું હોય છે, પરંતુ ૨૦૧૦ને જયારે સ્વર્ણીમ ગુજરાત તરીકે આપણે ઉજવી રહયા છીએ ત્યારે સમગ્ર ગુજરાતની વહીવટી કચેરીઓનું આધુનિકરણ થાય, નવી કચેરીઓ બને. કોમ્પ્યુટરાઈઝેશન કરી રહયા છીએ ત્યારે એના માટે કોમ્પ્યુટર વગેરેની જોગવાઈ કરવા માટે આટલું મોટું બજેટ આ વિભાગને ફાળવવામાં આવ્યું છે. આ વિભાગ સૌથી જુનામાં જુનો વિભાગ છે. સામાન્ય રીતે એ જમીનનું કાર્ય કરે છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટનું કામ કરે છે. ૧૮૭૯માં જયારે બોમ્બે રેવન્યુ એકટ બન્યો ત્યારપછી સમયે સમયે એમાં સુધારા વધારા કરીને મહેસૂલ વિભાગ આટલા વર્ષો સુધી ચાલ્યો છે. જયારે મને આ વિભાગ સોંપવામાં આવ્યો ત્યારે મને આ આખાય વિભાગને સમજવામાં ઘણીબધી મુશ્કેલીઓ હતી કારણકે એના જમીનના પ્રકારની વાત હું કરું તો કેટલા બધા પ્રકારની જમીન નવી શરતની જમીન, જુની શરતની જમીન, સાથણીની જમીન, ઈનામી જમીન, પસાયતા, ચાકરીયા જમીન, ગણોતધારાની જમીન, યુ.એલ.સી.ની જમીન, સરકારી જમીન, ગૌચરની જમીન કલમો જોઉં તો કલમો ગોખવા જઉં તો પણ છ મહિના લાગે એવી પરિસ્થિતિ છે. એક જી.આર. બનાવો એટલે એ જી.આર.નો સુધારો વળી પાછો બીજો જી.આર. કરીને કરવો પડે એવી સ્થિતિ. આ બધું સમજવું

મારે માટે મુશ્કેલ હતું. શરૂઆતમાં સોમવાર અને મંગળવારના દિવસે ગુજરાતભરમાંથી ૫૦૦ કરતાં વધારે નાગરિકો પોતાના પેન્ડીંગ પ્રશ્નો લઈને ઓફિસમાં આવતા હતા અને જયારે મને એમ કહે કે આ ૨૦ વર્ષનો પ્રશ્ન છે, ૧૫ વર્ષનો પ્રશ્ન છે, ચાર વર્ષનો પ્રશ્ન છે ત્યારે હું એ માનવા તૈયાર નહોતી કે આટલા જુના પ્રશ્નો હોઈ જ ન શકે અને એટલા માટે મને લાગ્યું કે અહીં ઓફિસમાં બેસીને અથવા તો વિભાગ સાથે ચર્ચા કરીને આ પ્રશ્નનું સોલ્યુશન લાવી શકાય તેમ નથી અને એટલે મારા પોતાના શિક્ષણ માટે, વિભાગને સમજવા માટે, મામલતદાર કચેરી, કલેકટર કચેરી કે પ્રાંત કચેરીમાં કામ કરતા વહીવટી કર્મચારીઓને કામ કરવામાં કયા પ્રકારની સમસ્યાઓ નડે છે, કયા પ્રકારના પ્રશ્નો પેન્ડીંગ પડયા છે એને માટે શું કરવું જોઈએ એના માટે કલેકટરોની ઓફિસની મુલાકાત લેવી જોઈએ અને એટલા માટે કયાંક સરપ્રાઈઝ વિઝિટો કરવામાં આવી અને કયાંક એરેન્જ વિઝિટો કરવામાં આવી. લગભગ દોઢ વર્ષના ગાળાની અંદર ૨૬ જિલ્લાઓની બે વાર કલેકટર ઓફિસોની મુલાકાત લીધી અને ચારથી પાંચ કલાક જેટલો સમય કલેકટર ઓફિસની અંદર મેં વિતાવ્યો અને એકેએક જે કલેકટર કચેરીમાં જે કામો જાય છે એની બહુ જ ડિટેઈલ ચર્ચા આ બધા જ અધિકારીઓની સાથે બેસીને મેં કરી. ત્યાં જાણવા મળ્યું કે કલેકટર ઓફિસમાંથી જે ફાઈલ અહીં વિભાગમાં આવે છે એ ફાઈલો પણ પાંચ પાંચ વર્ષ સુધી, દસ દસ વર્ષ સુધી, વીસ વીસ વર્ષ સુધી પેન્ડીંગ હતી. એ કર્યા પછી વિભાગના અધિકારીઓને મેં સૂચના આપી કે અહીં વિભાગની અંદર ત્રણ માસથી માંડીને ૧૫ વર્ષ સુધીની દરેક ફાઈલો શાખાવાર કેટલી છે એનો મને હિસાબ આપવામાં આવે અને એ પ્રમાણે ૧૫ દિવસની અંદર વિભાગે જે ૩૨ શાખાઓ છે. ૩૨ શાખાઓનું ત્રણ માસ, છ માસ, બાર માસ, બે વર્ષ, એક વર્ષ, પાંચ વર્ષ, દસ વર્ષની, દસથી પંદર વર્ષ અને પંદર વર્ષ ઉપરની કેટલી ફાઈલો છે એનો હિસાબ જયારે મને આપ્યો ત્યારે મને આશ્ચર્ય થયું કે ૬૨૭૧ ફાઈલો વિભાગની અંદર હતી.એમાં ૧૫ વર્ષના તુમારો ૧૬૨. બાકીના તો હું કહેતી નથી, પરંતુ આટલા બધા તુમારો જ્યારે પેન્ડિંગ પડ્યા હોય ત્યારે સ્વાભાવિક છે કે આ કામો કરાવવા માટે લોકોની લાઈનો લાગે જ. આ ૬૨૭૧ જે તુમારો હતા, એમાંથી બે મહિનામાં અમારા વિભાગે ખૂબ પરિશ્રમ કરીને લગભગ સાડા ચાર, પોણા પાંચ હજાર જેટલા તુમારો બે-ત્રણ માસમાં પૂરા કર્યા અને ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ડિસેમ્બર માસમાં બધા જ વિભાગોને એક સૂચના આપી કે તુમારોનો નિકાલ કરો. ૧૫ દિવસનું અભિયાન ચલાવો અને તુમારોનો નિકાલ કરો. એ વખતે પણ ડિસેમ્બરમાં પુનઃ ગણતરી કરવામાં આવી ત્યારે ૪૧૭૮ નવા તુમારો અમને પ્રાપ્ત થયા. આમ કુલ ૫૮૪૭ તુમારો આવ્યા, જેની અંદરથી મારા વિભાગે ૮૦ ટકા તુમારોનો નિકાલ કર્યો. અત્યારે હાલ ૧૭૧૮ તુમારો પેન્ડિંગ પડ્યા છે. મને આશા છે કે બે મહિનામાં આ તુમારો પૂર્ણ કરીશું. એક વર્ષ કરતાં વધારે સમયથી કોઈપણ તુમારો ન કલેક્ટર કચેરીમાં રહે કે ન રાજ્યના વિભાગની કચેરીમાં રહે તે પ્રકારનું આયોજન અમે ગોઠવીશું. કલેક્ટર, પ્રાંત કચેરીઓની અંદર છેલ્લે તપાસ કરવામાં આવી ત્યારે ૧૫,૦૮,૦૯૪ કેસ પ્રાપ્ત થયા, એની અંદરથી તુમારોનો ઝડપી નિકાલ કરવામાં આવ્યો. અત્યારે હાલ બે વર્ષ ઉપરના ૧૭૯૦ તુમારો પડતર છે. એનો પણ ઝડપથી નિકાલ કરવામાં આવશે. અહી ભાનુબેને એમના વિસ્તારની વાત કરી. જ્યારે ભાનુબેન મારી ઑફિસમાં આવ્યા ત્યારે મને કહ્યું હતું, પરંતુ આટલા લાંબા સમયના તુમાર ન હોય. એની વાત તદન સાચી હતી. જ્યારે ફાઈલ મંગાવી, સ્ટડી કર્યો, ત્યારે ૧૯૭૯ સાલની અંદર આ બીના બની હતી. વધારાની જમીન ખેડૂતોએ લીધી એ વધારાની જમીન જે હતી તેની કિંમત કેટલી ગણવી તે કિંમત ગણવામાં ૨૮ વર્ષ ગયાં!

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમના સસરા ન ઉકેલી શક્યા એ એમણે ઉકેલ્યું!

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એ મહિલા છે અને હું પણ મહિલા છું, એટલે ઉકેલાયું. અને ૨૮ વર્ષે આ વિષય જ્યારે મારી સમક્ષ આવ્યો ત્યારે માત્ર પ્રશ્ન હતો કે વધારાની જમીનની કિંમત કઈ ગણવી? આ રિસ્ક લેવા માટે કોઈ તૈયાર નહોતું. આજની કિંમતે જો જમીનની કિંમત ગણવામાં આવે તો શાયદ એટલી ઊંચી જાય કે ત્યાંના ગરીબ ખેડૂતો ન ભરી શકે અને તેમને જમીન પ્રાપ્ત ન થાય. મેં આ નિણર્ય કરાવ્યો. ૧૯૮૦ માં જે કિંમતથી જમીન અપાઈ હતી એ જ કિંમતથી આજે ગણતરી કરીને એ જમીન એમને આપવામાં આવે. અહી કોંગ્રેસના ધારાસભ્યો ઉપસ્થિત નથી. જ્યારે તેઓ બજેટની સ્પીચ ઉપર બોલતા હતા, ત્યારે મહેસૂલ વિભાગ માટે અને ગરીબોને આ સરકાર કોઈ સાથણીની જમીન નથી આપતી, ગામતળ નીમ નથી કરતી, ૨૫ ચો.મી. ના પ્લોટ ગરીબોને નથી મળતા. આવી ઘણી બધી વાતો અર્જુનભાઈ અને શક્તિસિંહ ગોહીલે કરી હતી. જે સમયે મેં એમને કહ્યું હતું કે મહેસૂલ વિભાગની ચર્ચા આવશે ત્યારે જવાબ આપીશું. આજે મારા ધારાસભ્યશ્રીઓએ બહુ સુંદર રીતે એનો જવાબ આપ્યો, પણ સાંભળવા માટે તેઓ આવ્યા જ નહિ. આ રાજય સરકારે ગામતળ નીમ કરવા માટે અભિયાન ચલાવ્યું છે અને એટલા માટે અભિયાન ચલાવ્યું છે કે બી.પી.એલ. ફૅમિલી અને ગરીબોને રાજય સરકાર સરદાર આવાસ યોજના દ્વારા એ ઉપરાંત અન્ય યોજના દ્વારા મકાન આપી રહી છે, ત્યારે એમને ગામની અંદર જમીન ઉપલબ્ધ ન હોય તો એવા પ્રકારની જમીન તેમને મળે નહિ અને આવાસ મળે નહિ. જે ગામની અંદર ગામતળ નીમ થયેલ હોય તેના દર વર્ષે નવાં નવાં મકાનો મળતા જાય. એટલે એક ગમની અંદર બધા ગરીબોને મળી જાય અને બીજા ગામ વર્ષો સુધી રહી જાય. આટલા માટે આ ગામતળ નીમ કરવા માટે કલેક્ટરને સૂચના આપવામાં આવી. એમણે ગામતળ નીમ કરવા માટેનું આયોજન શરૂ કર્યુ. અહીયા મારે બે-ત્રણ ઉદાહરણ એટલા

માટે આપવા છે કે કેટલી ઝડપથી આ કામ શરૂ થઈ રહ્યું છે. માનનીય અધ્યક્ષ શ્રી, તેમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાનું વરવાડીયા ગામ, તેમણે હમણાં જ આઠ એકર જમીન ગામતળ નીમ કરી આપવામાં આવી અને ૨૫૦ જેટલા ગરીબો અને પછાત ઘરના લાભાર્થીઓને આ પ્લોટ એનાયત કરવામાં આવ્યા અને આ ૨૫૦ પ્લોટ જે એનાયત થશે અને મકાનો બંધાશે તેને સ્વર્ણિમ જયંતિ નગર નામ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આવા જે સ્વર્ણિમ જયંતિ નગર બને ત્યાં પાણી, લાઈટ, આંગણવાડીનું મકાન બાંધવા માટેની જગ્યા વગેરે હોય, પ્લોટીંગ થાય અને એક સુંદર નગર બને તેના માટેનો પ્રયાસ અમારો વિભાગ અને કલેકટરશ્રી વગેરે કરી રહ્યા છે. તે જ રીતે દિશા તાલુકાનું દામા ગામ છે તેની અંદર ત્રણસો જેટલા કુટુંબોને પણ હમણાં જ જમીન એનાયત કરવામાં આવી, દસ એકર જમીન એમને આપવામાં આવી. ત્યાં પણ સ્વર્ણિમ જયંતિ નગર નામ અપાયું છે અને પ્લોટ પાડી મકાનો બને તેના માટેનો પ્રયાસ અમે કરી રહ્યા છે. પ્રાગજીભાઈએ હું જે ઉદાહરણ આપવા જઈ રહી છું તેમણે આપ્યું હતું કે ૧૯૯૦માં જાહેરનામું બહાર પડયું પરંતુ ૪૯ ઈસમોને જમીન ગ્રાન્ટ ન થઈ, આ ૪૯ ઈસમોએ ૧૮-૧૮ વર્ષ સુધી જમીન મળે તેના માટેનો પ્રયાસ કરતા રહ્યા, પરંતુ તે હલ ન થઈ શક્યું અને હમણાં જ જ્યારે ૨૬મી જાન્યુઆરી બનાસકાંઠાની અંદર ઉજવાઈ ત્યારે ૭૫ હેકટર જમીન તેમને આપવામાં આવી અને તેમને જ્યારે સનદો મુખ્યમંત્રીશ્રીએ આપી ત્યારે તેમની આંખની અંદર આંસું હતા. આવું એક કાર્ય આ મહેસૂલ વિભાગ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષ શ્રી, છેલ્લા બે-ત્રણ વર્ષની અંદર મહેસૂલ વિભાગે અનેક નવા સુધારાઓ ખેડૂતોના હિતની અંદર અને અન્ય લોકોના હિતની અંદર કર્યા છે. હમણાં જ વિધાનસભાની અંદર આપણે એક બિલ પાસ કર્યું હતું કે ગણોત ધારાની જોગવાઈઓમાં ખેડૂતોને જે હાડમારીઓ છે તેને દૂર કરવા માટે આપણે વિધેયક લાવ્યા હતા. વર્ષોથી ગણોત ધારાની જમીન ખેડૂત પાસે હોય પરંતુ પોતાની હયાતીની અંદર એ પોતાના દીકરા દીકરીઓને વારસાઈ ન કરી શકે, વિભાજન ન કરી શકે અને તે કરવું હોય તો તેણે કલેકટરશ્રીની મંજૂરી લેવી અને કલેકટરની મંજૂરી વગર જો એ કરી દે તો શરતભંગ ગણી જમીન રાજયસાત્ થઈ જતી હતી. આ મુશ્કેલીઓનું નિવારણ કરવા માટે આ ઐતિહાસિક સુધારો વિધાનસભાની અંદર પાસ કરવામાં આવ્યો અને તે હાડમારીઓને દૂર કરવા માટે કલમ-૪૩(૧)માં સુધારો કર્યો અને તે નક્કી કરવામાં આવ્યું કે જ્યારે પણ પોતાના કાયદેસરના વારસદારોને તેમણે વારસાઈ કરવી હશે તો કલેકટરની પૂર્વ મંજૂરીની આવશ્યકતા નથી. જેમ મૂળ માલિક પોતાના જમીનની વારસાઈ પોતાના બાળકોને કરી શકે છે તે જ પદ્ધતિથી ગણોત ધારાની જમીનની વારસાઈ કરી શકશે. પોતાની હયાતીમાં કરી શકશે આ નિર્ણય કરવામાં આવ્યો. એ જ રીતે ગણોત ધારાની કલમ-૩૨(ઓ), કલમ-૬૫, કલમ-૬૫(એ) અને કલમ-૬૬ ને દૂર કરવાનો એક ઐતિહાસિક નિર્ણય લેવાયો તેના કારણે ગરીબ ખેડૂતોને ગણોતિયાના ખેડૂત હક્કોને આપણે સુરક્ષિત બનાવ્યા. નવી શરતની ગ્રાન્ટ થયેલી જમીનો પંદર વર્ષની સમય મર્યાદા બાદ જૂની શરતમાં ફેરવવા માટે અરજી જ કરવાની જોગવાઈ હતી. પંદર વર્ષ થાય ત્યારે ખેડૂતે અરજી કરવી પડે. અરજી કર્યા પછી તેનો પટ ભરવો પડે અને પટ ભર્યા પછી તે નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવામાં આવતી હતી. પણ રાજય સરકારે તે નક્કી કર્યુ કે કોઈએ અરજી કરવાની જરૂર જ નથી. સરકારે પોતે સુઓમોટો કરીને આ જમીનને એકપણ રૂપિયો પટ લીધા સિવાય જૂની શરતમાં ફેરવી આપવાની છે આજે અભિયાનના સ્વરૂપમાં દરેક જિલ્લા મથકોએ આ કાર્ય અત્યારે હાલ ચાલી રહ્યું છે. તે પ્રમાણે જંત્રી આધારિત ખેતીની નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાની હોય ત્યારે પહેલાં એવું હતું કે એ જે જમીન છે તેનું પ્રીમિયમ કરવા માટે ડી.એલ.પી.સી. અને એસ.એલ.પી.સી. વગેરે કરવું પડતું હતું. તે કરવાની અંદર વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ જાય. મકાન બાંધવા માટે અરજી થાય પણ જો પ્રીમિયમ કેટલું છે તે ગણવાની અંદર બે વર્ષ જાય ત્યારે પહેલાં એવું નક્કી કર્યુ હોય કે મકાન આપણે પંદર લાખમાં બનાવી શકીશું પરંતુ બે વર્ષ પછી જ્યારે પ્રીમિયમ નક્કી થાય અને ભરવા માટે જાય ત્યારે મકાનની કિંમત ૨૦ લાખના બદલામાં ૨૫ લાખ રૂપિયા થઈ જાય. આવી સ્થિતિનું નિવારણ કરવા માટે આપણે એ નક્કી કર્યુ કે જંત્રી આધારિત પ્રિમીયમ ગણવું અને એટલા જ માટે આજે જંત્રી આધારિત જ્યારે પ્રીમિયમ ગણાઈ રહ્યું છે ત્યારે આ બધી જ જમીનની કિંમતમાં પારદર્શકતા આવી છે અને કોઈ વિવાદ રહ્યો નથી અને સમયનો બચાવ થઈ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એમ હતું કે, શરત ફેર અને હેતુ ફેર માટેની પરવાનગી આપવા એક કરોડ સુધીના મુલ્યાંકન કેસો કલેક્ટર કક્ષાએથી નિકાલ કરવા સત્તા સોંપણી કરવામાં આપણે આપ્યું, પહેલાં પચાસ લાખ રૂપિયા સુધીની સત્તા એમને આપવામાં આવી હતી આપણે એમને જંત્રીના ભાવ જેમ વધતા જાય છે, જમીનોના અને એટલા માટે જો એક કરોડ સુધીનું મૂલ્યાંકન હોય તો એમને સત્તા સોંપવામાં આવી છે. શરત ફેર કે હેતુ ફેરની જમીન થાય ત્યારે એના સરવે નંબરના આખા ક્ષેત્રફળની ગણતરી કરી અને પ્રીમિયમ લેવામાં આવતું હતું, પણ આપણે સુધારો એ કર્યો કે આખા ક્ષેત્રફળ નહીં પરંતુ ટીપી જેટલી હોય એના ક્ષેત્રફળ ઉપર એમણે પ્રીમિયમ ગણવું જોઈએ. જો ટીપી સ્કીમ તૈયાર થઈ ગઈ હોય તો જમીનની એક એની અંદર જો ટુકડો હોય તો એને ટુકડા ધારામાંથી પણ મુકિત આપવામાં આવી છે. એક એવા પ્રસંગો ધીરેધીરે કરીને સમાજની અંદર ઉભા થયા કે જમીનના જે માલિકો હોય એ કાયદાની અજ્ઞાનતાને કારણે પોતાની જે સંપત્તિ છે એ સંપત્તિનો વહીવટ કરવા માટે અથવા તબદીલી કરવા માટે અથવા કામકાજના હેતુ માટે પાવર ઑફ એટર્ની આપતા હતા. આ પાવર ઑફ એટર્ની આપવાને કારણે કેટલીક

વ્યકિતઓ કે જે દલાલો અને વચેટિયાઓનું કામ કરતી હતી આવા દલાલો અને વચેટિયાઓ ભેગા મળીને મૂળ માલિકો સાથે છેતરપિંડી કરતી અને મૂળ માલિકને પણ ખબર ના હોય, અને બારોબાર આ જમીનો અથવા તો સંપત્તિ વેચી મારવામાં આવે, એના ઉપર સહીઓ કરી દેવામાં આવે, ખોટી સહીઓ કરી દેવામાં આવે, અંગૂઠાનું નિશાન કરી દેવામાં આવે અને ત્યાર પછી જ્યારે ખબર પડે ત્યારે આખા કેસો કોર્ટની અંદર જાય. આ પ્રમાણેની પરિસ્થિતિનું નિવારણ કરવા માટે પહેલીવાર આ પાવર ઑફ એટર્નીનું રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું અને પાવર ઑફ એટર્નીનું જ્યારે ફરજિયાત રજીસ્ટ્રેશન થઈ રહ્યું છે ત્યારે આવા બધા કેસોની અંદર ખૂબ મોટો ઘટાડો થઈ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે દસ્તાવેજ કરવામાં આવે ત્યારે પણ કોઈની જમીનના દસ્તાવેજો કોઈ કરી જાય, એના ઉપર સહી પણ કોઈ કરી નાખે, એના ઉપર અંગૂઠો પણ કોઈકની નિશાની હોય, આ પ્રમાણે જમીનો અથવા તો સંપત્તિ મેળવી લેવાના પણ પ્રયત્નો થતા હતા અને એટલે આપણે આ તબદીલીના જે લેખો છે એ લખાવી લેનાર અને લખી આપનાર, બંનેના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, એમની સહી અને વેબકેમેરાથી એમની ફીંગર પ્રિન્ટ લેવાની જોગવાઈ પણ આપણે કરી જેના કારણે દસ્તાવેજોની અંદર જે છેતરપિંડી અને બોગસ વ્યકિતઓ દ્વારા બનાવટી સહીઓ કરાવીને દસ્તાવેજો કરી લેવાની જે ઘટનાઓ બનતી હતી એ ઘટનાઓને દૂર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિન ખેતી પરવાનગી, એન.એ.ની પદ્ધતિ, કોઈ ઉદ્યોગ ધંધા કે અન્ય હેતુ માટે જમીન બિન ખેતી કરાવવી હોય ત્યારે જમીન માલિકો ત્રાસી જતા હતા. બે વર્ષે, ત્રણ વર્ષે, ચાર વર્ષે પણ એન.એ. થતું નહતું, અને એની અંદર સરળીકરણ કરવાની ખૂબ જરૂરિયાત ઉભી થઈ. બાર થી અઠાર પ્રકારના આધાર પુરાવાઓ આની અંદર આપવા પડતા હતા. જમીનની નજીકમાં કયાંય પણ રેલવેનો પાટો ન દેખાય છતાં પણ રેલવેની મંજૂરી લેવી પડે, નજીકમાં કારખાનું ન હોય તો પણ પ્રદૂષણ બોર્ડની પરમીશન લેવી પડે, કેનાલ નજીકમાં ન દેખાતી હોય તો પણ માર્ગ- મકાન વિભાગની પરવાનગી લેવી પડે, હાઈવે ના હોય તો પણ હાઈવે ઓથોરિટીની પરમીશન મંગાવવી પડતી હતી, અને બધા સમયસર પરમીશન ન આપે એને કારણે એન.એ.ની અંદર વિલંબ થતો હતી અને એની અંદર કોઈ વખત એની અંદર ભ્રષ્ટાચારની પણ બૂ આવતી હતી અને એટલે એન.એ.ની પરમીશન ઝડપી મળે એ માટે રાજય સરકારે પ્રયાસ કર્યો અને એની અંદર એ નક્કી કરવામાં આવ્યું કે, અરજદારે માત્ર એન.એ. કરાવવા માટેની અરજી કલેક્ટર કચેરીમાં કરવાની અને કલેક્ટર પોતે જ જે જરૂરી હોય એટલા જ અભિપ્રાયો મંગાવે, અરજદારે કોઈપણ આધાર પુરાવા આપવાના હોતા નથી, અને એ પણ પંદર દિવસની અંદર આધાર પુરાવા મામલતદારે આપવાના હોય કે હાઈ વે ઓથોરિટીએ આપવાના હોય, જેણે આપવાના હોય એમણે એ પંદર દિવસની અંદર આધાર પુરાવા રજૂ કરવામાં આવે અને એકવીસ દિવસની અંદર વાંધાઓ જ્યારે રજૂ થઈ જાય ત્યારે જો રહેણાંક માટેનું એન.એ. કરવાનું હોય તો ત્રીસ દિવસની અંદર આપવું અને જો અન્ય હેતુ માટે હોય તો પિસ્તાળીસ દિવસની અંદર એન.એ. આપવાનું આવો એક મહત્ત્વનો નિર્ણય રાજય સરકારે કર્યો. અમદાવાદ જિલ્લાની અંદર એક નવી યોજના બનાવીને કલેકટરશ્રીએ એક ખૂબ સારું કામ શરૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની અંદર તત્કાલ એન.એ. પંદર દિવસમાં આપવામાં આવી રહ્યું છે. માત્ર પંદર દિવસની અંદર, જેનું ટાઈટલ કિલયર હોય, જેનું ટાઈટલ કલીયર હોય એ કોમ્પ્યુટરાઈઝેનમાં નાંખીને ટાઈટલ કલીયર હોય અને બધા જ આધાર પુરાવા પોતેજ કલેકટરશ્રી જોઈ લે અને ત્યાર પછી ૧૫ દિવસની અંદર એમને આ એન.એ.આપી દેવામાં આવે છે. આ પદ્ધતિ બીજા જિલ્લાઓમાં કલેક્ટર ઑફિસમાં શરૂ થાય એના માટે પણ અમારો પ્રયાસ છે અને એન.એ.માં જે કોઈ મુશ્કેલીઓ બધાને ઉભી થાય છે એ ન થાય એના માટે રાજ્ય સરકાર સક્રિય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથણીની જમીન. એ પણ અહીં કહેવામાં આવતું હતું કે ગરીબોને સાથણીની જમીન આપવી જોઈએ, ભૂમિહીન ખેત મજૂરોને આપવી જોઈએ, માજી સૈનિકોને આપવી જોઈએ. આ રાજ્ય સરકારે પાછલા ત્રણ ચાર વર્ષની અંદર ભૂમિહીન ખેત મજૂરો, નાના ખેડૂતો અને માજી સૈનિકોને કેટલી જમીન આપી છે એની વાત સન્માનીય સભાગૃહ સમક્ષ હું મૂકવા માગુ છું. સરકારી પડતર જમીનમાંથી સરકારને જેટલી ઉપયોગી જમીન હોય એટલી રિઝર્વ કરી નાંખવામાં આવે ત્યાર પછી જે જમીન બાકી રહે, એ બાકી રહેતી જમીન ભૂમિહીન ખેત મજૂરો, નાના ખેડૂતો અને માજી સૈનિકો અને પછાત વર્ગની સહકારી મંડળીઓને, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્યને લૅન્ડ કમિટી મારફતે આપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો. આ નીતિને કારણે રાજય સરકારે એક ઝુંબેશ ઉપાડી અને જ્યાં પણ આ પ્રકારની માગણી આવી હતી એનો સર્વે કરીને, તપાસ કરીને માગણીદારોને સાથણીની જમીનો આપવા માટેનો નિર્ણય થયો અને સાથણીની જમીનો અપાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ થી ૨૦૦૯માં વિવિધ જિલ્લાઓમાં કુલ મળીને ૭૬૪૦ હેકટર સાથણીની જમીન આ ગરીબોને આપવામાં આવી. એમાં અનુસૂચિત જાતિના ૧૫૯૫ લાભાર્થીઓને આ સાથણીની જમીન અપાય, અનુસૂચિત જનજાતિના ૧૪૬૪ લાભાર્થીઓને સાથણીની જમીન અપાય, માજી સૈનિકો ૧૧૮૪ને આ જમીન અપાય અને અન્ય વર્ગના ૨૫૩૩ લાભાર્થીઓને આ સાથણીની જમીન અપાય. આ રાજય સરકાર ગરીબોને

જમીનો મળે એ જમીન ઉપર ખેતી કરીને પોતાના કુટુંબનું ભરણ પોષણ કરી શકે અને બી.પી.એલ.માંથી બહાર નીકળે એ માટેની જે યોજના બનાવી હતી એ આ જમીનો જે અપાય છે એના આધારે હું કહી શકું છું કે, આવા ગરીબોને જ્યારે જમીન મળી છે ત્યારે ધીરે ધીરે કરીને ઊપજ લઈને પોતાના કુટુંબને આર્થિક બોજમાંથી બહાર કાઢી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાર બનાસકાંઠા કલેક્ટર કચેરીની અંદર અમે બધા તુમારો માટે બેઠા હતા ત્યારે કલેકટરશ્રીએ મારા ધ્યાન ઉપર મૂક્યું કે, બનાસકાંઠા જિલ્લામાં ચાકરિયાત અને પસાયતાની જમીનોના કેસો ૨૪૧૫ પડતર પડ્યા છે પરંતુ એના અંગેનો કોઈ નિર્ણય થતો નથી અને એટલા માટે આવા ગરીબોને અમે જમીન ગ્રાન્ટ કરી શકતા નથી. પાટણની અંદર ૯૯૫ કેસો આવા પેન્ડીંગ હતા, આણંદમાં ૧ કેસ પેન્ડીંગ હતો આમ કુલ ૩૪૧૧ કેસો ચાકરિયાત અને પસાયતાના પેન્ડીંગ હતા. પહેલા રાજા રજવાડાના સમયમાં અને અંગ્રેજોના શાસનમાં સારુ કામ કર્યું હોય, ચાકરી કરી હોય તો એમને ખેડવા માટે અને નાના મોટા વ્યવસાય કરવા માટે આવી અડધો ગુંઠો જમીન, પા ગુંઠો જમીન, એક ગુંઠો જમીન જે તે સમયે અપાય. પરંતુ એ જમીન એમને મળે અને એમના નામે થાય એના માટેનો પ્રયત્ન કરવામાં ન આવ્યો અને આ નિર્ણય ૧૯૭૨માં થયો હતો. ૧૯૭૨થી આજ સુધી આ બધા જ ગરીબો જમીનો એમના નામે થાય અને નિયમિત કરવામાં આવે એની માગણી કરતા રહ્યા પરંતુ ન થઈ. માનનીય અધ્યક્ષશ્રી, અમે આની ચિંતા કરી અને ૧૯૭૨ થી આ પ્રશ્ન પેન્ડીંગ પડ્યો હતો અને વિભાગ સાથે ચર્ચા કરીને ૨૭-૨-૨૦૦૯ના ઠરાવથી કલેકટરશ્રીને સૂચના આપી કે આ જમીનોનો કબજો જેમની પાસે છે એમને જુદા જુદા પ્રકારનો પટ લઈને નિયમિત કરી આપવામાં આવે. આવો એક મહત્ત્વનો નિર્ણય લીધો, અત્યારે હાલ આ ત્રણેય જિલ્લાના કલેકટરશ્રીઓ આ ચાકરિયાત અને પસાયતાની જમીનને નિયમિત કરવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ ફાજલ થયેલી જમીનો એ શહેરી ગરીબોના આવાસો માટે એના પાણીની વ્યવસ્થા માટે આપવા માટેની જોગવાઈ હતી. પરંતુ કોઈને કોઈ કારણોસર આ જમીનો પરત ગઈ, કોર્ટમાં ગઈ, સ્ટે આવ્યો આ બધી સ્થિતિ આટલા વર્ષો સુધી ચાલતી રહી. યુ.એલ.સી.ની જે જમીનો છે, પડતર જમીનો છે એમાંથી શહેરી ગરીબોને આવાસો બાંધવા માટે અમદાવાદ, સુરત, ભાવનગર અને વડોદરાને ૫૭૨૯૦૩ ચોરસમીટર જમીન ફાળવી દેવામાં આવી છે અને મહાનગરપાલિકાઓ એની અંદર શહેરી ગરીબો માટે આવાસ યોજનાઓ માટે એનો ઉપયોગ કરી રહ્યા છે અને આપ બધાઓને પણ ધ્યાનમાં છે જ હજારોની સંખ્યામાં આ આવાસો બાંધીને ગરીબોને આપવા માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. જાહેર હરાજીથી જમીન લેવામાં આવે, પરંતુ તેમાં એ નિર્ણય ન થઈ શક્યો કે જાહેર હરાજીથી જમીન લીધા પછી એ જમીન નવી શરતની ગણવી કે જુની શરતની ગણવી, જ્યારે બજાર કિંમતે, ખુલ્લી હરિફાઈ કરીને જમીન લેતા હોય ત્યારે એ જમીનને નવી શરતની ગણવામાં આવતી હતી, અનેક લોકોએ આના માટેની ફરિયાદો કરી હતી. અમે એના ઉપર પણ ચર્ચા વિચારણા કરીને નક્કી કર્યુ કે જો જાહેર હરાજીથી જમીન લેવામાં આવતી હોય તો એ જમીનને નવી શરતમાં ન ગણતાં જુની શરતમાં ગણવી જોઈએ અને એ નિર્ણય પણ ૯-૯-૨૦૦૮ના દિવસે કરવામાં આવ્યો, જમીન સંપાદન થાય રસ્તા બનાવવા માટે થાય કે ડેમ બનાવવા માટે થાય કે કેનાલ બનાવવા માટે થાય, કોઈની પુરેપુરી જમીન સંપાદન થઈ જાય પરંતુ જયારે ખેડૂતની પુરેપુરી જમીન સંપાદિત થઈ જાય અને ખેડૂત જ્યારે જમીન વગરનો બની જાય ત્યારે એને પ્રમાણપત્ર આપવું જોઈએ, પરંતુ પ્રમાણપત્ર આપવામાં પણ ઠાગાઠૈયા થાય અને છ મહિના કે વર્ષ સુધી પણ આ પ્રમાણપત્ર ન અપાય, પરંતુ નિયમ એવો કે છ મહિનાની અંદર બીજે જમીન લઈ લેવાની પરંતુ છ મહિનાની અંદર એ પ્રમાણપત્ર જ ન મળે તો એ ખેડૂત બીજે જમીન લઈ ન શકે કારણકે એની પાસે પ્રમાણપત્ર નથી હોતું. એટલે એ નિર્ણય કરવામાં આવ્યો કે જ્યારે જમીન સંપાદન થાય અને એવોર્ડની જ્યારે જાહેરાત થાય ત્યારે એવોર્ડની સાથે જ એને પ્રમાણપત્ર આપી દેવામાં આવે જેથી પાછળથી એને પ્રમાણપત્ર આપવાની જરૂર ના રહે, અને પ્રમાણપત્ર મળ્યા પછી છ મહિનાની અંદર જમીન નહિ ખરીદવાની પરંતુ એનો લાંબો સમય આપણે કર્યો અને ત્રણ વર્ષની અંદર ગુજરાતની અંદર એ ગમે ત્યાં એ જમીન ખરીદી શકે અને પહેલાં જમીન ખરીદવા માટેજ કલેકટરને કહેવામાં આવતું કે મારે અહીંયા જમીન ખરીદવી છે તો તમે મને મંજૂરી આપો પણ આપણે એની અંદર પણ ફેરફાર કર્યો કે પ્રમાણપત્ર મળી જાય ત્રણ વર્ષની અંદર તમે સીધી જમીન ખરીદી લો અને ખરીદ્યા પછી તમે કલેકટર પાસે આવો કે મેં આ જગ્યાએ આટલી જમીન ખરીદી છે જેથી એના નામે એન્ટ્રી પડે અને એની નોંધ પ્રમાણિત થાય. કલમ-૬૫ની પરવાનગી મેળવવા માટેનું પણ આપણે સરળીકરણ કર્યું છે.

મહિલાઓની નોંધણી ફી, જ્યારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી હતી ત્યારે વાત કરી હતી પરંતુ છતાં પણ મહિલાનું છે એટલે મને ફરીથી કહેવાની ઈચ્છા થાય છે કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સમાજની અંદર બહેનોનો દરજ્જો વધે, આર્થિક સ્થિતિ એમની મજબૂત બને અને પોતે સંપત્તિવાન બને એવા શુભઆશયથી મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૪માં આની જાહેરાત કરી હતી કે જો કોઈ પરિવાર મહિલાના નામે સ્થાવર મિલકત ખરીદશે તો રજિસ્ટ્રેશન ફીમાંથી અમે મુક્તિ આપીશું, આવી જાહેરાત કરી એટલે જે દર વર્ષે ૧૦,૦૦૦ બહેનોના નામે આવી મિલકતો ખરીદાતી હતી પરંતુ આટલી જાહેરાત કરી કે તુરત જ ૨૦૦૪થી ૨૦૦૯ સુધીમાં

૬,૪૪,૭૯૩ દસ્તાવેજો બહેનોના નામે થયાં અને રાજય સરકારે ૧૫૭ કરોડ રૂપિયાની નોંધણીફી માફ કરી, રાજય સરકાર પાસે એટલી કિંમત ઓછી આવી તેમ છતાં પણ બહેનોના હિતની અંદર આ કામ થયું છે એટલા માટે આપણા સૌના માટે આનંદનો વિષય હોય. મહેસૂલી કચેરીઓની અંદર લોકો અલગ અલગ પ્રકારના વિષયો લઈને કામ માટે આવે પરંતુ અરજીની સાથે કયા પ્રકારના પુરાવા જોડવા, એના કોઈ નિયમો નક્કી નહોતા અને એટલા માટે કોઈ ચાર પુરાવા આપે તો વળી પાછી ફાઈલ ક્વેરી કાઢીને પાછી જાય અને એટલે અમે મહેનત કરીને ૯૧ વિષયની અરજીના ફોર્મ તૈયાર કર્યા અને દરેક ફોર્મની અંદર કયા પ્રકારના પુરાવાઓ જોઈશે એની યાદી પણ એની સાથે જ જોડી દેવામાં આવી. જેથી કરીને અરજી કરનારને ખબર પડે કે મારે અરજીની સાથે મારે કયા આધાર પુરાવા જોડવાના છે. બીજું કામ એ કર્યુ કે નવા નવા કલેકટરશ્રી જવાબદારીઓ નિભાવતા હોય છે. પ્રાંત મામલતદારો પણ હોય છે, નવા મામલતદારોની નિમણૂકો થતી હોય છે, તલાટીઓ પણ નવા આવતા હોય છે તો એ બધાને પોતાઓની કામગીરી અંગે તેમને માહિતી મળે અને તે તૈયાર થાય એટલા માટે મેન્યુઅલ પણ તૈયાર કરવામાં આવ્યાં. અને તે મેન્યુઅલ દરેક તલાટી, કલેકટર, પ્રાંત ઓફિસે આપણે પહોંચાડ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે મહેસૂલી વિષયોના પરિપત્રો બહાર પાડવામાં આવે છે પણ એ પરિપત્રો જ્યારે શોધવા જાવ ત્યારે હોય જ નહીં, ખોવાઈ ગયો હોય..

**અધ્યક્ષશ્રી** : કેટલી વાર લાગશે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પાંચ મિનિટ. ત્યારે એ પરિપત્રોને પણ એક પુસ્તિકા સ્વરૂપે તૈયાર કરવાનો નિર્ણય કર્યો અને ૧૮ વિષયોના પરિપત્રો અને ઠરાવો હતા તેમાંથી ૧૫ પુસ્તિકાઓ અમે તૈયાર કરી દીધી છે જેથી એક જ પુસ્તકની અંદર બધાજ ઠરાવો તમને જોવા મળે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીનના રેકર્ડની ગુણવત્તા સુધારવા માટે ૨૨૫ તાલુકાઓની અંદર ઈ-ધારા કેન્દ્રો અમે શરૂ કર્યા છે. શાળાઓને રમત-ગમતના મેદાનો આપવામાં આવે છે ૧૫ વર્ષે તેની લીઝ લંબાવવામાં આવે પરંતુ બધી જ ફાઈલો અહીં આવે. અને અહીંયાનો ભાર ઓછો કરવા માટે અમે એ પણ નિર્ણય કર્યો કે રમત-ગમતના મેદાનની અંદર કોઈ દબાણ ના થયું હોય તો કલેકટર પોતે જ જિલ્લાની અંદર તે રમત-ગમતના મેદાનની લીઝ લંબાવી આપે જેથી ઝડપથી તે કામ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આવા અને પ્રોપર્ટી કાર્ડ. બહુમાળી મકાનની અંદર જમીનની મિલકતનું કાર્ડ એક જ અપાતું હતું પણ હવે બહુમાળી મકાન હોય કે એપાર્ટમેન્ટ હોય દરેક યુનિટનું પ્રોપર્ટી કાર્ડ દરેકને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જમીન દફતર ખાતામાં પણ સર્વેયરોની નિમણૂક આપણે કરી છે. જમીનની માપણી દર ૩૦ વર્ષે થવી જોઈએ પરંતુ સો વર્ષની અંદર આ કોંગ્રેસના શાસનની અંદર થયું નહીં. આપે કહ્યું તેમ Andersonનો સૌથી પહેલો સર્વે કરાવ્યો હતો અને આનંદીબેનના સમયની અંદર ફરી રિસર્વે થઈ રહ્યો છે. જામનગરથી આપણે શરૂ કર્યુ છે અને ૨૦ કરોડના ખર્ચે કામ શરૂ થયું છે. પાટણમાં ૧૦ કરોડના ખર્ચે, ગાંધીનગરમાં ૧૦ કરોડના ખર્ચે અને પાંચ વર્ષની અંદર ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આપણે માપણી પૂરી કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતની નીતિ અન્વયે આપણી જેટલી પણ કચેરીઓ છે કચેરીઓ બાંધવા માટે ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. તેમાં ખેડાની કલેક્ટર કચેરી તૈયાર થશે. ચાર પ્રાંત કચેરીઓ નખત્રાણા, બારડોલી, રાધનપુર, કેશોદની તૈયાર કરવામાં આવશે અને ૩૭ મામલતદાર કચેરીઓ આ ૨૦૦૯-૧૦ની અંદર બાંધવામાં આવશે. તેમાં વાંકાનેર, માળિયા મિયાણા, રાજપીપળા, કલ્યાણપુર, ઉમરગામ, ધરમપુર, વલસાડ, અબડાસા, નખત્રાણા, સોનગઢ, બારડોલી, દેવગઢબારીયા, લીમખેડા, તલાલા, કેશોદ, ભેંસાણ, માણાવદર, હાંસોટ, વાગરા, આમોદ, વિજયનગર, માલપુર, ભિલોડા, ખેરાલુ, મહેસાણા, રાધનપુર, પાટણ, સિનોર, ઠાસરા, મહેમદાવાદ, ધંધુકા, વિરમગામ, તળાજા, ઉના, ગઢડા, જલાલપુર અને ચીખલી આ ૩૭ મામલતદાર કચેરીઓ ૨૦૦૯-૧૦ની અંદર મંજૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટૅમ્પ ડ્યૂટીની ગણતરીનો પાયો એટલે જંત્રી છે અને આ જંત્રી હમણાં થોડાક જ દિવસોની અંદર નવી જંત્રીની અમે જાહેરાત કરવાના છીએ. પરંતુ જ્યારે રાજય સરકારે નક્કી કર્યુ છે કે દર વર્ષે જંત્રી અદ્યતન થવી જોઈએ અને એટલા માટે જંત્રીને તૈયાર કરવા માટે એક જુદું મૂલ્યાંકન યુનિટ રાજયની અંદર ઉભું કરવું જરૂરી બન્યું છે. અને એ મૂલ્યાંકન યુનિટ અલગ કરવા માટે તેમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવું પડશે. તજજ્ઞ વ્યકિતઓ અને એજન્સીઓની પણ જરૂરિયાત પડશે, consultation પણ રાખવું પડશે. અને એટલા માટે ૪ કરોડ અને ૨૬ લાખના ખર્ચની પણ જોગવાઈ આની અંદર કરવામાં આવી છે. સબ રજિસ્ટ્રારની કચેરીઓને પણ કાર્યક્ષમ બનાવવા માટે દોઢ કરોડ રૂપિયા મૂકવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે અમારા ધારાસભ્યશ્રીઓ જ્યારે મળે છે ત્યારે તલાટીઓની જગ્યાઓ ખૂબ ખાલી છે એવી જ્યારે વાત કરતા હોય છે અને તેમની વાત તદ્‌ન સાચી છે અને મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજયની અંદર ૨૩૮૩ તલાટીઓની ભરતી કરવા માટે અમે જઈ રહ્યા છીએ અને ગૌણ સેવા પસંદગી મંડળને તેની દરખાસ્ત પૂરી કરી છે. અને છ આઠ મહિનાની અંદર તલાટીઓની જગ્યાઓ અમે ભરી દઈશું. એ જ રીતે કારકુનોની પણ ખૂબ જગ્યાઓ ખાલી હતી ૧૦૨૫ કારકુનોની ભરતી અમે કરી દીધી છે અને બાકીની દરખાસ્તો પણ અમે કરી છે. મામલતદારની ખાલી જગ્યાઓ પણ ભરવા માટે ૧૬૫ મામલતદારોની જગ્યા ભરવા માટેના ઈન્ટરવ્યૂ ટૂંક સમયમાં શરૂ થશે જી.પી.એસ.સી. દ્વારા એટલે તે પણ મામલતદારની કચેરીમાં ભરતી થશે. બાકીની ૨૩ જગ્યાઓ માટેની પણ દરખાસ્ત અમે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત Disaster managementની. ૧૮૫ કરોડ રૂપિયાના ખર્ચે અમે જ્યાં પણ આગ લાગતી હોય અથવા તો ભૂકંપ આવ્યો હોય અથવા તો પૂર આવ્યું હોય તો બચાવગીરી કરવા માટેના સાધનો હમણાં જ ખરીદાયા છે અને આ બધા જ સાધનો ૧૮૫ કરોડ રૂપિયાના ખર્ચે ખરીદાયા છે. તેની અંદર multi-functional rescue vehicle વીથ ક્રેઈન સાત ખરીદાઈ છે.જે મહાનગરોમાં આપણે આપી છે અને અત્યારે કામગીરી પણ કરી રહી છે. અર્બન સર્ચ એન્ડ રેસ્કયુ કન્ટેઈનર ૮ ખરીદાયા છે. મેડિકલ માસ્ક એક સાથે ૧૦૦ લોકોની સ્થળ ઉપર સારવાર કરાવી શકે અવી કન્ટેનર ૧૦ કરોડના ખર્ચે ખરીદાઈ છે અને આ બધા જ સાધનોમાં જેટલી આપણી નગરપાલિકાઓ છે, એટલે જિલ્લાના મથકો ઉપર, એમાં વોટર ટેન્કર અને ફોર્મ નર્સર એ બધાને જ આપવામાં આવશે અને જેમ જેમ નગરપાલિકાઓમાં તાલીમ અપાઈ રહી છે, જે નગરપાલિકામાં તાલીમ પૂરી થઈ ગઈ હશે, એમને ત્યાં તાત્કાલિક આ સાધનો પહોંચાડી દેવામાં આવશે. જેને કારણે એનો ઉપયોગ, જયાં પણ આવી આપત્તિ આવે, એની સામે આપણે કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિ વ્યવસ્થાપનને સુસજ્જ કરવા માટે જયારે ૨૦૦૧ની અંદર ૨૬મી જાન્યુઆરીએ ભૂકંપ આવ્યો, ત્યારે સૌથી પહેલા એના આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની રચના કરનાર આપણે આખા દેશની અંદર સૌથી પહેલા ગુજરાત રાજય હતું અને આપણો જે એકટ હતો એ જ એકટ દેશના જુદા જુદા રાજયોએ સ્વીકાર્યો અને એમને ત્યાં પણ આ પ્રકારના એકટ એમણે બનાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પાંચ જગ્યાએ આપણે આપત્તિ વ્યવસ્થાપનને સુસજ્જ કરવા માટે ગાંધીનગર, રાજકોટ, વડોદરા, સુરત. એની અંદર મકાનો બાંધી રહ્યાં છીએ અને જિલ્લામાં પણ એક ઈમરજન્સી રેસ્કયુ ઓપરેશન કરવા માટેની જગાઓ જોઈએ, મકાનો જોઈએ. એ પણ રાજય સરકારે શરુ કર્યુ છે. અને મોટા ભાગના જિલ્લાઓની અંદર ઈ.આર.સી.ના મકાનો

પૂર્ણ થયા છે અને તેના સાધનો પણ આપણે એમને સબમિટ કર્યા છે. જેથી ડિઝાસ્ટર જયારે પણ આવે ત્યારે આપણે એને સુખેથી પહોંચી વળી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગની વાત તો ઘણી બધી હોય, પણ સમયના અભાવે એ બધી વાત આપણે નહીં કરી શકીએ. મારા વિભાગની મહેસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની જે દરખાસ્તો લઈને હું આ સન્માનનીય સભાગૃહમાં આવી છું, હું આશા રાખું છું કે સર્વાનુમતે એને પાસ કરવામાં આવે.

**માગણી ક્રમાંક ૫૧, ૭૬, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૩મી જુલાઈ, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૨૩ મી જુલાઈ, ૨૦૦૯**
**શ્રાવણ ૧, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સૂરત જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી

*૧૦૨૯૭ **શ્રી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. સૂરત જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી સરકાર તરફથી હાથ ધરાયેલ છે તે હકીકત સાચી છે, અને
૨. જો હા, તો તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કેટલી કામગીરી થયેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

૧. હા, જી.
૨. કુલ ૬૮૬ ફાઈલોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે.

**શ્રી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ફાઈલોનું વર્ગીકરણ કરવાના નિયમો શું છે અને સૂરત જિલ્લામાંથી તાપી જિલ્લામાં આ ફાઈલોનું વર્ગીકરણ અલગ થયેલ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :માનનીય અધયક્ષશ્રી, આ તાપી જિલ્લો સૂરત જિલ્લામાંથી અલગ પડયો અને એટલે જે બધી ફાઈલો હતી, દફતર હતું એનું વર્ગીકરણ અને એને અલગ કરવા માટેની કામગીરી શરૂ થઈ હતી અને અત્યારે સૂરત જિલ્લામાંથી તાપી જિલ્લાની જેટલી પણ ફાઈલો હતી એ બધી ફાઈલો તાપી જિલ્લામાં પહોંચાડી દેવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ફાઈલોનું વર્ગીકરણ કરવાનું કામ તો મહેસૂલ વિભાગમાં કરતા હોય છે, પરંતુ એનું કઈ રીતે વર્ગીકરણ કરવું એ જી.એ.ડી. નકકી કરે છે અને જી.એ.ડી.ની ગાઈડ લાઈન્સ પ્રમાણે એનું વર્ગીકરણ કરવામાં આવે છે. એમાં 'ક' વર્ગની કેટલીક ફાઈલો હોય છે જે અનિશ્ચિત મુદત સુધી સાચવવાની હોય છે જેમાં અતિ ચર્ચાયેલ મુદ્દાઓ હોય, અગત્યનાં પૂર્વ દૃષ્ટાંત પ્રસ્થાપિત કરતા હુકમો હોય, કોઈ કોર્ટ મેટર વગેરે હોય એવી ફાઈલોને અનિશ્ચિત મુદત સુધી કાયમ માટે સાચવવામાં આવે છે. 'ખ' વર્ગ-ની ફાઈલો ૩૦ વર્ષ સુધી સાચવવાની હોય છે અને ત્યારપછી એનો નાશ કરવામાં આવે છે. 'ખ-૧' વર્ગની ફાઈલો ૧૫ વર્ષ સુધી સાચવવાની હોય છે જેમાં પણ 'ખ' વર્ગની જેમ સમય માટે રાખવાની જરૂર હોતી નથી. 'ગ' વર્ગની ફાઈલો ૫ વર્ષ સુધી સાચવાવની હોય છે એમાં પ્રાથમિક અગત્યતા ના હોય એવી ફાઈલો આવે છે, 'ઘ' વર્ગની ફાઈલો એ બંધ થયા પછીના વર્ષના અંતે નાશ કરવાની હોય છે અને ટૂંકાગાળાની ઉપયોગિતાવાળી ફાઈલો હોય તો ૫ વર્ષ સુધી એને સાચવવાની હોય છે. દફતરનું વર્ગીકરણ, દફતરની અગત્યતા અને ભાવિ ઉપયોગિતા ઉપર અવલંબે છે. આ રીતે દાખલા સામન્ય વર્ગીકરણના હોય છે, પરંતુ કેટલીક કચેરીઓની વિશેષ જરૂરિયાતની વૈધાનિક જોગવાઈ પ્રમાણે દફતર સાચવાવની સમયમર્યાદા અલગ અલગ હો.ય છે. આમ 'ક', 'ખ', 'ખ-૧', 'ગ' અને 'ઘ' એની યાદી મુજબ ચોકકસ વર્ગીકરણ કરવામાં આવે છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે બાકીની ફાઈલોનું વર્ગીકરણ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે કે કેમ અને કેટલી ફાઈલોનો નાશ થયેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૫-૦૯ સુધીમાં જે ફાઈલો હતી એની સંખ્યા ૨૬૩૭૯ હતી એમાંથી વર્ગીકરણ થયેલ ફાઈલો ૬૮૬ અને નાશ કરેલ ફાઈલો ૧૭૬૫ અને વર્ગીકરણ કરવાની બાકી છે એવી ફાઈલો ૨૫૬૯૩ અને આ જે બાકી છે એને ઝૂંબેશના સ્વરપમાં હાથમાં લીધું છે અને થોડાક જ દિવસોમાં એ પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ગીકરણની પધ્ધિત શું છે એનો જવાબ મને મળી ગયો છે એટલે પ્રશ્ન પૂછવો નથી.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ૬૮૬ ફાઈલોનું વર્ગીકરણ 'ક', 'ખ', 'ખ-૧', 'ગ' અને 'ઘ' માં કર્યુ છે એમાં કયા વર્ગની કેટલી ફાઈલોની સંખ્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણેનું વર્ગીકરણ અત્યારે હાલ મારી પાસે ઉપલબ્ધ નથી.

**વૈદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી ધારામાં સુધારા**

*૧૦૩૫૧ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વૈદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી ધારામાં કયા પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે, અને

(૨) તેને કારણે રાજયની સહકારી મંડળીઓને શું લાભ મળ્યા?

**સહકાર મંત્રીશ્રી:**

(૧) વૈદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી ધારામાં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવામાં આવ્યા છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧

પ્રકરણ-૧ : પ્રારંભિક

પ્રકરણ-૨ : રજીસ્ટાર અને રજીસ્ટ્રેશન

પ્રકરણ-૩ : સભ્યો તેમજ તેમના હક્કો અને જવાબદારીઓ

પ્રકરણ-૪ : મંડળીઓનું સંસ્થાપન, ફરજો અને વિશેષાધિકારો

પ્રકરણ-૫ : મંડળીઓને રાજય સહાય આપવા બાબત

પ્રકરણ-૬ : મંડળીઓના મિલકત અને ફંડ

પ્રકરણ-૭ : મંડળીઓનો વહીવટ

પ્રકરણ-૮ : ઓડિટ, તપાસ, તપાસણી અને દેખરેખ

પ્રકરણ-૧૦-ક: વીમો ઉતરાવેલ સહકારી બેંકો

પ્રકરણ-૧૧-ક: કેટલીક મંડળીઓની સમિતિઓ અને અધિકારીઓની ચૂંટણીઓ

પ્રકરણ-૧૨ : ગુના અને શિક્ષા

પ્રકરણ-૧૪ : પ્રકિર્ણ

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ તા. ૨૩-૧-૨૦૦૮ ના ગેઝેટથી કરવામાં આવેલ સુધારાના કારણે, રાજયની સહકારી મંડળીઓને પોતાના વ્યવસ્થાપન માટે વધુ નાણાકીય , વહીવટી તેમજ આંતરિક બાબતો માટે સત્તા અને સ્વતંત્રતા પ્રાપ્ત થયેલ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષી, વૈદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી કાયદામાં સુધારો કર્યો એના કારણે સહકરી મંડળીઓને લાભ મળવાનો છે અથવા સગવડ મળે છે એમાં વ્યવસ્થાપન માટે વધુ નાણાકીય સહાય, વહીવટી તેમજ આંતરિક બાબતો માટે સત્તા અને સ્વતંત્રતા પ્રાપ્ત થયેલ છે. તો હું જાણવા માગું છું કે રાજયની બેંકોએ જે કલેઈમ કરેલ એ કલેઈમ કર્યો એમાંથી અત્યાર સુધીમાં ૫૬ ટકા પૈસા બેંકોને મળ્યા છે અને ૪૪ ટકા મળવાના બાકી છે. આ ૫૬ ટકા પૈસા મળ્યા એ બેંકોમાં મંડળીઓએ જમા કરાવી દીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જયારથી આ અહેવાલ સ્વીકાર્યો ત્યારથી ૨૯/૨થી આજ દિવસ સુધીમાં ૨૦ માસ થયા અને ખેડૂતોનું વ્યાજ માફ કરી દેવામાં આવ્યું, પણ મંડળીઓનું વ્યાજ આજ દિવસ સુધી સહકારી બેંકોમાં ચાલુ રહ્યું છે, એટલે હું એ જાણવા માગું છું કે, આ મંડળીઓ ઉપર જે વ્યાજ આકારવાનું ચાલુ રાખ્યું છે, ખેડૂતોને તો માફ કરી દીધું પણ મંડળીઓ એ ગુજરાતના ખેડૂતોનું હાર્ટ છે, તો તેમના ઉપર જે વ્યાજ આકારવામાં આવે છે તે બંધ કરવા માગે છે કે કેમ? મંડળીઓ ઉપર જે વ્યાજ આકારવામાં આવે છે તે વ્યાજ સેન્ટ્રલ ગવર્નમેન્ટ પાસેથી માંગણી કરીને વ્યાજ માફ કરાવવું જોઈએ, અને બીજો પ્રશ્ન એ છે કે મંડળીઓમાં જે કેટેગરી પાડવામાં આવી છે એમાં એ, બી અને સી એમાં એ કેટેગરી ની ૩૦ ટકા થી ૫૦ ટકાની વસૂલાત હોય તો આટલા રૂપિયા મળે અને ૩૦ ટકાથી નીચેની વસૂલાત હોય તો આટલા રૂપિયા મળે એવું છે, પણ સી કેટેગરીની મંડળીઓ છે તેને આનો કોઈ લાભ મળતો નથી, જેના કારણે આવી મંડળીઓ બંધ થઈ જવાની શકયતા છે, અને વ્યાજના ભારણમાંથી બહાર નહીં નીકળી શકે, તેથી માનનીય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર પાસેથી આ પ્રકારની કોઈ માગણી કરી છે અથવા કરવા માગે છે કે કેમ?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી સહકારી મંડળીઓના અસરકારક વહીવટ માટે વૈદ્યનાથન સમિતિએ જે ભલામણ કરી તે અનુસાર ૩૧-૧૨-૨૦૦૬માં એમ.ઓ.યુ. કર્યા અને એ એમ.ઓ.યુ. માં એ, બી અને સી કેટેગરીની મંડળીઓ છે તે ત્રણેય કેટેગરીમાં એ કેટેગરીની મંડળી છે તેના સો ટકા કલેઈમ પૂરા થયા છે, બી કેટેગરીની મંડળીઓ છે તેના ૪૧૬ મંડળીઓના કલેઈમ બાકી છે અને સી કેટેગરીની જે મંડળી છે તેમાં આ પેકેજમાં જ એવી જોગવાઈ છે કે ૩૦-૬-૨૦૦૭ પછી આવી કોઈ પણ મંડળીને ધ્યાનમાં લેવાની નથી, કેન્દ્ર સરકારે જયારે આ રીવાઈવલ પેકેજ આપ્યું ત્યારે ગુજરાત સરકારે આ બાબતે એમનું ધ્યાન દોર્યુ છે, સી કેટેગરીના કોઈ પણ કલેઈમ સ્વીકારવાના નથી એવું આ પેકેજમાં છે. સાથે સાથે માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત

કરી છે તે સો ટકા સાચી છે કે જે મંડળીઓ છે તેને પુન:ગઠીત કરવા માટે સી કેટેગરી માટે કેન્દ્ર સરકારે વિચારવું જોઈએ પણ તે એમનો સબ્જેકટ છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : આ વૈદ્યનાથન સમિતિની ભલામણ મુજબનો લાભ મંડળીઓને આપવા માટે એક પૂર્વ શરત તરીકે સહકારી મંડળીના ધારામાં સુધારાઓ કરવાના હતા તે સુધારાઓ કરી અને એક પહેલ કરી છે અને આ રીવાઈવલ પેકેજનો લાભ ખેડૂતોને મળ્યો છે તે બદલ રાજય સરકારને હું અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે આ રીવાઈવલ પેકેજના અમલીકરણની કામગીરી કયારે પૂર્ણ થશે, અને રાજય સરકાર આ રીવાઈવલ પેકેજની જે સમય મર્યાદા છે તે સમય મર્યાદામાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : આ રીવાઈવલ પેકેજના અમલીકરણ માટે જે એમ.ઓ.યુ. કર્યા તે એમ.ઓ.યુ. કરવાની તારીખથી ૩ વર્ષની સમય મર્યાદાની જોગવાઈ કરેલ છે. ૨૧-૧૨-૨૦૦૬ થી ૩ વર્ષ માટે અમલમાં રહેવાનું છે.એટલે ૨૦-૧૨-૨૦૦૯ સુધી અમલી કરણ કરવાનું છે, ત્યાં સુધીમાં અમલીકરણની કામગીરી પૂર્ણ કરવાની રહે છે. સાથે સાથે એમણે બીજો પ્રશ્ન પૂછયો કે રાજય સરકાર આ રીવાઈવલ પેકેજના અમલીકરણની સમય મર્યાદા વધારવા માગે છે કે કેમ? તો આ પેકેજ ભારત સરકારનું છે તેથી આ પેકેજ ભારત સરકારનું હોવાથી આ અંગેની રજૂઆત કરવામાં આવશે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી તે પ્રમાણે રીવાઈવલ પેકેજમાં મંડળીઓ જે કેટેગરીની છે એ, બી અને સી, એ પ્રમાણે એ મંડળીઓએ પોતે વસૂલાત કરવાની હોય છે. જો પોતે કેટેગરી પ્રમાણેની વસૂલચત કરે તો આ રીવાઈવલ પેકજનો લાભ મેળવે છે. એટલે માત્ર સરકાર આધારિત આ યોજના નથી. સહકારી મંડળીઓ અને તેના વ્યવસ્થાપક મંડળોએ વસૂલાતમાં કાળજી લઈ અને ૫૦ ટકા કરતા વધારે વસૂલાત કરે તો પૂરો લાભ મળી શકે એમ છે. એટલે હું આ માધ્યમથી મંડળીઓની કાર્યવાહક સમિતિઓને વિનંતી કરું છું કે સમયસર વસૂલાત કરે તો આ પેકેજનો એમને લાભ મળે.ત્યારે એ દિવસો દરમિયાન વિધાનસભા ચાલુ નહોતી એટલે આપણે કાયદો પસાર કરી શક્યા નહોતા પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ખેડૂતોના હિતમાં વટહુકમ બહાર પાડીને એનો અમલ કર્યો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વૈદ્યનાથ કમિટીના અહેવાલથી ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જે મંડળીઓ આવેલી છે એમાં આર્થિક રીતે કોઈ સુધારો થયેલ છે કે કેમ?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : આ પૅકૅજ સૌરાષ્ટ્ર માટે નહિ પરંતુ સમગ્ર રાજય માટેનું વૈદ્યાનાથ કમિટીનું પૅકૅજ છે. એનો લાભ સૌરાષ્ટ્રને પણ મળ્યો છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જે મંડળીઓના કર્મચારીઓ નિવૃત્ત થાય છે એ નિવૃત્ત થતા કર્મચારીઓને પોતાની રકમ મળતી નથી. તો એના માટે રાજય સરકાર કંઈ વિચારવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : આ ફક્ત મંડળીઓ માટેનો પ્રશ્ન છે. કર્મચારીઓ માટેનું કોઈ પૅકૅજ નથી. ખેડૂતો સમયસર પોતાનું દેવું ભરી શક્યા ન હોય એના માટેની યોજના છે.

### રાજયમાં એન્જિનિયરીંગ કૉલેજોની બેઠકોમાં વધારો

*** ૧૦૩૧૪ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એન્જિનિયરીંગ કૉલેજોની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો વધારો કરવામાં આવ્યો છે?

**શિક્ષણમંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) ૩૬૯૫ બેઠકોનો વધારો થયો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ચાલુ સાલે કેટલી એન્જિનિયરીંગ અને ડિપ્લોમા કૉલેજો શરૂ કરવામાં આવી, એના કારણે કેટલી બેઠકોમાં વધારો થશે અને વર્ષ ૨૦૦૮-૦૯ની સરખામણીમાં એન્જિનિયરીંગ અને ફાર્મસી અભ્યાસક્રમોમાં કેટલી બેઠકો ઉપલબ્ધ છે?

**શ્રી રમણલાલ વોરા** : ચાલુ વરસે કુલ ૫૬ જેટલી નવી સંસ્થાઓ આવી છે. એમાં ડિગ્રી એન્જિનિયરીંગની ૨૯ સંસ્થાઓ આવી છે. એમાં ૭૦૨૦ બેઠકોનો વધારો થયો છે. ડિપ્લોમાની ૧૫ નવી સંસ્થાઓ આવી છે જેમાં ૪૨૬૦ બેઠકોનો વધારો થયો છે. ડિગ્રી ફાર્મસીની આઠ સંસ્થાઓમાં ૭૮૦ બેઠકોનો વધારો થયો છે. આમ કુલ ૫૬ સંસ્થાઓમાં ૧૧૭૬૦ બેઠકોનો વધારો થશે. ૨૦૦૮-૦૯ની સરખામણીમાં ચાલુ વરસે ડિગ્રી એન્જિનિયરીંગમાં ૩૪૩૨૩ એટલે કે ૧૫૪૮૪ બેઠકોનો વધારો થયો છે. ડિપ્લોમા એન્જિનિયરીંગમાં ૪૭૭૫૩ થવાને કારણે ૧૮૦૪૩ બેઠકોનો વધારો. ડિગ્રી ફાર્મસી ૫૫૪૬ બેઠકો થવાને કારણે ૯૮૩ બેઠકોનો વધારો થયો છે. વરસ ૨૦૦૮ની સરખામણીમાં વર્ષ ૨૦૦૯માં ૩૪૫૧૦ બેઠકોનો વધારો થયો છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : ડિગ્રી, ડિપ્લોમા એન્જિનિયરીંગ અને ફાર્મસી કૉલેજોમાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે રાજય સરકારની ફી માફી અંગેની કોઈ યોજના અમલમાં છે કે કેમ? જો હોય તો આ યોજના ક્યારથી અમલમાં આવી અને કેટલા વિદ્યાર્થીઓને એનો લાભ મળ્યો?

**શ્રી રમણલાલ વોરા** : ફી માફીની યોજના ૨૦૦૭-૦૮થી અમલમાં આવી છે. પરંતુ એ વખતે આ ટ્યુશન ફી માફીની વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી. ચાલુ વરસે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનના કારણે જે તે સ્વૈચ્છિક સંસ્થાઓને આ અંગેની અપીલ કરવામાં આવી અને અપીલ કરવાના કારણે વિદ્યા શાખા વાર જેટલી બેઠકો મંજૂર થઈ છે એના દસ ટકા બેઠકો વિકલાંગ, મહિલા અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આપવાનું નક્કી થયું અને એ પ્રમાણે ચાલુ વરસે ૭૧૩૯ જેટલા ગરીબ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી માફીનો લાભ મળી રહ્યો છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ટૅક્નીકલ એજ્યુકેશનમાં રૅકૉર્ડ બેઠકો વધારવાને કારણે વિદ્યાર્થીઑને માટે ખૂબ ઉપયોગી પરિણામો આવ્યા છે. પણ આ વિદ્યાર્થીઑને ગુણવત્તા સભર શિક્ષણ આપવા માટે જે અધ્યાપકોની જરૂર પડે તેના માટે પોસ્ટ ગ્રૅજ્યુએટ એટલે કે માસ્ટર્સ ઈન એન્જિનિયરીંગ કે એમ.ટેક. ડિગ્રીની જરૂર પડતી હોય છે. એટલે એમ.ટેક.ની પણ બેઠકો વધારવા માટે ટૅક્નીકલ શિક્ષણ વિભાગે કોઈ આયોજન કર્યું છે કે કેમ? અને તેમાં પણ જે દેશની શ્રેષ્ઠ આઈ.આઈ.ટી. છે એ આઈ.આઈ.ટી.માં એમ.ટેક. કરવા માટે આપણા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપીને તેમને વિશેષ શિક્ષણ ફીના લાભો વગેરે આપીને વધારેને વધારે આપણા વિદ્યાર્થીઓ આઈ.આઈ.ટી.ના એમ.ટેક. થઈને આવે તો એવા વિદ્યાર્થીઓ મારફતે આપણે એન્જિનિયરીંગ કૉલેજોમાં આ અધ્યાપકો વધારે ગુણવત્તાસભર શિક્ષણ આપી શકશે તો એ દિશામાં શિક્ષણ વિભાગ કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે આપણે બધા જાણીએ છીએ તેમ આઈ.આઈ.ટી.માં ગુજરાતના વિદ્યાર્થીઓ સૌથી વધારે સફળ થયા છે. એમ.ટેક.ની વધારે બેઠકોને માટે રાજય સરકારે સ્વનિર્ભર સંસ્થાઓને મોટા પાયે આવકાર આપ્યો છે. ઘણી બધી નવી સંસ્થાઓ આવવાના કારણે એમ.ટેક.ની સીટોમાં પણ ભવિષ્યમાં વધારો થશે. ગુજરાતનો વિદ્યાર્થી અન્ય રાજયોમાં ન જતા, અન્ય રાજયોના વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવે એ પ્રમાણેની બેઠકો વધારવાનું અને તેનું ગુણવત્તાસભર શિક્ષણ કરવાનું સરકારનું આયોજન છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરીંગ કૉલેજમાં ઑન લાઈન કેટલી અરજીઓ આવી?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે, પહેલી વખત આખા દેશમાં ગુજરાતે ઑન લાઈન એડમિશન પદ્ધતિ દાખલ કરી છે અને આ ઑન લાઈન પ્રવેશ પદ્ધતિ દાખલ કરવાના કારણે અત્યાર સુધીમાં ૧,૩૮,૧૭૨ જેટલા વિદ્યાર્થીઓએ તેમાં અરજી કરી છે અને ઑન લાઈન એડમિશનના કારણે તેમાં ખૂબ પારદર્શકતા આવી છે. નાણાંનો વ્યય અને સમયનો દુર્વ્યય થતો અટક્યો છે અને આના કારણે જે વિદ્યાર્થીઓને પોતાને જે તે ટ્રેડમાં જવું હોય તેને માટેની જે પસંદગી કરવાની હતી તેનો લાભ પણ સારી રીતે મળ્યો છે. આ વિદ્યાર્થીઓને સમયસર પ્રવેશ પદ્ધતિના કારણે આખા દેશમાં ગુજરાત એ પહેલું રાજય છે કે જે એન્જિનિયરીંગ અથવા ટૅક્નીકલ શિક્ષણમાં પ્રવેશ પદ્ધતિથી, પ્રવેશ સમયસર કરી શકે એવું આ ગુજરાત પહેલું રાજય છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારની નવી નીતિ પ્રમાણે પી.પી.પી. એટલે કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ કેટલી એન્જિનિયરીંગ કૉલેજ આ વર્ષે શરૂ થઈ અને ખંભાત માટે કેટલી અરજીઓ આવેલી છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પી.પી.પી. મૉડલ પ્રમાણે ૧૨ એન્જિનિયરીંગ કૉલેજો શરૂ કરવાનું નક્કી કર્યું છે. અત્યારે તેની પ્રક્રિયા ચાલુ છે, પરંતુ ખંભાતને પણ તેનો લાભ મળવાનો છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૦૯નું વર્ષ એવું રહેશે કે જે રીતે સીટો વધી છે એ પ્રમાણે આવતા દિવસોમાં ગુજરાતની સ્વનિર્ભર સંસ્થાઓમાં ડિગ્રી એન્જિનિયરીંગ અને ડીપ્લોમાં એન્જિનિયરીંગની સીટો ખાલી પડશે. આ વર્ષની અંદર આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ ભૂતકાળમાં જેમ બહાર જતા હતા તેમ રાજય સરકાર હવે બહારના વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવે એના માટે જેમ કર્ણાટક, મહારાષ્ટ્રમાં એક નીતિ છે કે ચોક્કસ વિદ્યાર્થીઓને ૫ ટકા, ૧૦ ટકા એવા બહારના વિદ્યાર્થીઓને ખાલી રહેતી જગ્યામાં પ્રવેશ આપવા માટે વિચારે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ગુજરાતનો વિદ્યાર્થી બહારના રાજયમાં જતો હતો. હવે પ્રસંગ એવો ઉભો થયો છે કે અન્ય રાજયોના વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવવા માંડ્યા છે અને એ આવવા માટેનું ધારા-ધોરણ પણ રાજય સરકારે નક્કી કરેલું છે. અને જ્યાં જરૂર લાગે ત્યાં પાંચથી પંદર ટકા બેઠકો અન્ય રાજયોના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે જેથી શિક્ષણનું સ્તર પણ વધશે.

## રાજયમાં જમીન દફતર રીસરવેની કામગીરી

*** ૧૧૨૬૭ શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં જમીન દફતર ખાતા દ્વારા સરવે/ રીસરવેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ? અને

(૨) જો હા, તો વડોદરા જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આ અન્વયે શી કામગીરી કરવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) વડોદરા જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આદિજાતિ એરિયા સબ પ્લાન હેઠળ ૪૩૧ ગામોની રીસરવેની કામગીરી કરવામાં આવેલ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, વડોદરા જિલ્લાની ફેર મોજણીની કાર્યવાહી ક્યારે શરૂ થઈ અને કયા વર્ષમાં કેટલા ગામોની ફેર મોજણી થઈ એની વિગતો આપવામાં આવે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ફેર મોજણી ૧૯૭૪-૭૫થી શરૂ થઈ અને દર દસ-દસ વર્ષે આ મોજણી કરવામાં આવે છે. એમાં ૧૯૭૪-૭૫થી ૧૯૮૫-૮૬ આ દશ વર્ષના ગાળામાં ટ્રાયબલના ૧૨૬ ગામની મોજણી થઈ અને નૉન ટ્રાયબલના ૧૭ ગામોની મોજણી થઈ કુલ ૧૪૩ ગામોની મોજણી થઈ. વર્ષ ૧૯૮૬-૮૭થી ૧૯૯૫-૯૬માં ટ્રાયબલના ૨૧૫ અને નૉન ટ્રાયબલના ૧૭ એમ કુલ ૨૩૨ ગામોની ફેર મોજણી થઈ. ૧૯૯૬-૯૭થી ૨૦૦૬-૦૭ સુધીમાં ટ્રાયબલના ૩૬ અને નૉન ટ્રાયબલના ૮ એમ કુલ ૪૪ ગામોની ફેર મોજણી થઈ. ૨૦૦૬-૦૭થી તા.૩૧-૫-૦૯ સુધીમાં ટ્રાયબલના ૧૨ અને નૉન ટ્રાયબલના શૂન્ય એમ કુલ ૧૨ ગામોની ફેર મોજણી થઈ. ૧૯૭૪-૭૫થી લઈને ૩૧-૫-૨૦૦૯ સુધીમાં ટ્રાયબલના ૩૮૯ ગામોની ફેર મોજણી થઈ અને નૉન ટ્રાયબલના ૪૨ ગામોની મળી કુલ ૪૩૧ ગામોની ફેર મોજણી કરવામાં આવી છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં રીસરવેની કામગીરી કરવામાં આવી તેનું આયોજન શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાની અંદર કેટલાક ગામોની ફેર મોજણી થઈ ગઈ છે અને જે બાકી ગામો છે એના માટેનો વિચાર કર્યો છે. આદિજાતિના સાત તાલુકા છે અને બીન આદિજાતિના ૫ તાલુકાઓ છે. એમાં આદિજાતિના ૮૯૭ ગામો છે અને બીન આદિજાતિના ૬૯૩ ગામો છે. આદિજાતિના ૩૮૯ ગામોની ફેર મોજણી કરી દીધી છે અને બીન આદિજાતિના ૪૨ ગામોની ફેર મોજણી થઈ ગઈ છે અને આદિજાતિના ૫૦૮ ગામ બાકી છે. બિન આદિજાતિના ૬૫૧ ગામ બાકી છે. આ ગામની ફેર મોજણી કરવાની છે. નેશનલ લૅન્ડ રિકોર્ડસ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ હેઠળ જે ગાઈડ લાઈન આપવામાં આવી છે એ ગાઈડ લાઈન મુજબ ૨૦૦૯-૧૦માં ચાલુ મહેકમથી એનું રીસરવે કરવાનું આયોજન કર્યું છે. એના માટે ટ્રાયબલ સબ પ્લાનમાંથી રૂ.૨.૫૦ કરોડ ફેર મોજણી માટે ફાળવવામાં આવ્યા છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સરવેનો હેતુ શું છે? રીસરવે શા માટે કરવામાં આવે છે અને કયા સાધનોથી કરવામાં આવે છે અને તેની ઉપયોગિતા શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સારો પ્રશ્ન છે અને હું માનું છું કે, સરવે અને રીસરવેની પદ્ધતિ અને વિગતો આપણે જાણીએ તો વધારે સારું. સરવેનો હેતુ નકશા સરકારી વિભાગોના આયોજન માટે, જમીનનું વ્યવસ્થાપન, જમીનનું સંપાદન, જમીનની સાંથણી કરવાની, ખેતરની હદ, નિશાન કરવા માટે ઉપયોગી બને છે. મહેસૂલની આવક માટે ઉપયોગી છે, બિન ખેતી ધારા માટે ઉપયોગી થાય છે. એ જ રીતે કાયદાકીય રીતે ઉપયોગી થાય છે અને ખેતર અને પ્લૉટની હદ નક્કી કરી હદ અંગેનું અગત્યનું રેકર્ડ તૈયાર કરવું. તકરાર થઈ હોય તો એનું નિવારણ કરવું, ન્યાયીક પ્રક્રિયાનું ભારણ ઓછું કરી શકાય છે. રીસરવે શા માટે કરવામાં આવે છે? તો બ્રિટિશ સમયમાં સરવે થયું હતું. બ્રિટિશ સમયમાં થયેલ સરવે ઓછી ચોક્કસાઈવાળું અને જૂનું છે. ૨૫ ટકા રેકર્ડ ઝીર્ણ અને નાશ પામ્યું છે. ૧૦૦ વર્ષ જૂના નકશાનો ઉપયોગ બદલાઈ ગયો હોઈ રેકર્ડનું રીસરવે કરવાની જરૂરિયાત પડી છે. ઈલેકટ્રોનીક સાધનોથી રેકર્ડ તૈયાર થશે. ખેતર અને પ્લૉટના હદની ચોક્કસાઈવાળા નકશા તૈયાર થશે. સરકારી જમીન, રસ્તા, નદી, નાળાના ચોક્કસ નકશા તૈયાર થશે. એના ડિઝિટલ રેકર્ડ તૈયાર થવાથી ઓછી જગ્યા રોકશે.અને આધુનિક રેકર્ડ રુમ પણ એના માટે તૈયાર કરવામાં આવશે. પૃથ્વીના અક્ષાંશ રેખાંશના સંદર્ભના નકશા તૈયાર થશે. જે સાધનોની વાત કરી છે એમાં રીસરવે કરવા માટે આધુનિક સાધનોનો આપણે ઉપયોગ કરી રહ્યા છીએ એમાં ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ (જી.પી.એસ. )જેને ટૂંકમાં કહેવામાં આવે છે. ઈલેકટ્રોનીક ટોટલ સ્ટેશન (ઈ.ટી.એસ.) મશીનથી આ રીસરવેની કામગીરી આપણે શરૂ કરી રહ્યા છીએ. એની જે ઉપયોગીતા છે એમાં આ પદ્ધતિથી માપણી કરતા જીઓઈન્ફર્મેટીક સિસ્ટમ તૈયાર થશે અને

તેનો બહુહેતુક ઉપયોગ થશે. ચોકસાઈવાળું રેકર્ડ મળશે. આયોજન, વહીવટ પ્રજાકીય કામગીરી સંશોધનમાં ચોકસાઈવાળા રેકર્ડ અને નકશા ખૂબ જ ઉપયોગી હોય છે. રાજયના વિકાસને ગતિમાન બનાવશે. સરવે ઑફ ઈન્ડિયાની સરવે ગ્રીડ સાથે રાજયના નકશાનો મેળ રહેશે. દરિયાની સપાટીથી જમીનનું લેવલ જાણી શકાય તેવા નકશાઓ પણ તૈયાર થશે..

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લામાં તાલુકાવાર ટોટલ કેટલા ગામોમાં ફેરમોજણી કરવામાં આવી અને આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૪ તાલુકાઓમાં આ રીસરવે કરવામાં આવ્યો છે. એમાં છોટાઉદેપુર તાલુકામાં ૧૪૫ ગામો છે એમાંથી રીસરવે થયેલા ગામો ૯૩ છે અને પ્રમોલગેશન થયેલું પણ ૯૩ છે. પૂરેપૂરું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. કવાંટ તાલુકામાં ૧૩૩ ગામ છે એમાંથી રીસરવે થયેલા ૧૨૦ છે અને પ્રમોલગેશન પણ ૧૨૦નું થઈ ગયું છે. જેતપુર પાવીની અંદર ૨૧૩ ગામ છે. ૧૫૬નો રીરસવે થયો છે અને ૮ ગામનું પ્રમોલગેશન થયું છે બાકીના ગામોનું કામ ચાલુ છે. નસવાડીમાં ૨૧૯ ગામો છે એમાં ૬૨ ગામોનો રીસરવે થયો છે અને ૬૨-૬૨ ગામનો પ્રમોલગેશન થયું છે. રીસરવેની કામગીરી માટે ૭ કરોડ ૪૪ લાખનો ખર્ચ થયેલ છે. વડોદરા જિલ્લામાં ૨૦૦૯-૧૦માં આદિજાતી વિસ્તારના ૨૦ ગામોની રીસરવેનું કામ હાલના ચાલુ મહેકમથી આપણે કરી રહ્યા છીએ અને એના માટે ટી.એસ.પી.ની અંદરથી ૨ કરોડ અને ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

**રાજયમાં કલેક્ટર કચેરીઓના મકાનો**

***૧૦૩૪૩ શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સૂરત શહેર (ઉત્તર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી કલેકટર કચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યાં,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાંધકામની કામગીરીમાં શી પ્રગતિ છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૬ (છ) કલેકટર કચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યાં છે.

(૨) રૂા. ૮૨.૧૦ કરોડનો ખર્ચ થનાર છે.

(૩)

| ક્રમ | કલેકટર કચેરી મકાન બાંધકામ | વિગત |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૨ | પોરબંદર | તા:૧૦-૭-૦૯ના રોજ વર્કઓર્ડર આપેલ છે. |
| ૩ | આણંદ | તા:૮-૭-૦૯ થી ટેન્ડર મંજૂર કરેલ છે |
| ૪ | નવસારી | તા:૧૧-૬-૦૯ સરકારશ્રી કક્ષાએથી તાંત્રિક મંજૂરી આપેલ છે. |
| ૫ | અમરેલી | પ્રાઈસ બીડ ખોલવાના બાકી છે. |
| ૬ | જૂનાગઢ | તા:૮-૭-૦૯ થી ટેન્ડર મંજૂર કરેલ છે. |

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જે જવાબ આપેલ છે તેમાં ૬ જિલ્લાઓમાં કામ અત્યારે પ્રગતિ નીચે છે. ૬માંથી ૩ જિલ્લાઓ નવા જિલ્લાઓ છે એટલે ત્યાં વહિવટી કચેરીઓની જરૂરિયાત ખૂબ હશે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ ૬ એ ૬ જિલ્લા કચેરીઓનું કામ પૂરું કરવાની કોઈ સમયમર્યાદા રાખવામાં આવેલ છે અને જો હા તો કઈ સમયમર્યાદાઓ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની જે કલેકટર કચેરી છે એને હમણાં જ વર્કઓર્ડર આપેલ છે એટલે લગભગ ૧૮ માસ જેટલો સમય જાય. પોરબંદરની કચેરી છે એમાં પણ તા:૧૦-૭-૨૦૦૯ના રોજ વર્કઓર્ડર આપ્યો છે. એટલે એને પણ ૧૮ માસનો સમય જોઈએ. આણંદમાં પણ ૮-૭-૨૦૦૯થી ટેન્ડર મંજૂર કર્યુ છે અને ડિપોઝીટ કોલ માટેનો ઓર્ડર આપ્યો છે અને ૧૩ કરોડનું કામ છે અને એટલા માટે એને પણ ૧૮ માસ જેટલો સમય જશે. નવસારીમા પણ ૧૨.૬ કરોડનું કામ છે એમને ૧૧-૬-૨૦૦૯ કક્ષાએ તાંત્રિક મંજૂરી આપેલ છે અને અત્યારે હાલ ડી.ટી.પી. હેઠળ છે. અમરેલીમાં ૧૦.૯૨ કરોડનું કામ છે એમાં વર્કઓર્ડર આપવા માટેનું પ્રાઈઝ બીડ ખોલ્યું છે. વર્કઓર્ડરનો સમય તાત્કાલિક આપી દેવામાં આવશે અને જૂનાગઢનું જે કામ છે એ ૧૬.૯૨ કરોડનું છે. ૨૧-૭-૨૦૦૯ના રોજ એમને વર્કઓર્ડર આપવામાં આવશે. આમ કુલ ૬ કલેકટર કચેરીઓ આવતા ૧૮માસની અંદર પૂર્ણ કરવા માટેનું અમારું આયોજન છે જેની પાછળ ૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૬ કલેક્ટર કચેરીઓ મંજૂર કરવામાં આવી છે એમાં કઈ કઈ સગવડો આપવામાં આવશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ જે કલેક્ટર કચેરીઓ તૈયાર થઈ રહી છે એમાં રેકર્ડ અને કૉમ્પ્યુટર વ્યવસ્થિત રહી શકે. સ્ટાફને બેસવાની સારી અને વ્યવસ્થિત જગ્યા મળવાથી કામની ગુણવત્તામાં તથા કર્મચારીની કાર્યક્ષમતામાં વધારો થશે. બહારથી આવતા અરજદારો અને વકીલોને બેસવાની વ્યવસ્થા થશે. મીટિંગ હોલ જનસેવા કેન્દ્રો રેકર્ડરુમ એની અંદર મળશે. કોર્પોરેટ ટાઈપની કચેરી બનતા સ્વચ્છ અને સુઘડ કૉર્પોરેટ કલ્ચરનું વાતાવરણ મળી શકશે.કલેક્ટર કચેરીની તમામ શાખાની કચેરીઓ એક જ પ્રિમાઈસિસમાં આવશે. જેથી અરજદારોનું કામ સરળતાથી થઈ શકે અને ઝડપી ન્યાય મળી શકશે. આ પ્રકારની વ્યવસ્થાઓ આ કલેક્ટર કચેરીઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા અમરેલીમાં ગાયકવાડ સ્ટેટના બિલ્ડીંગમાં કલેક્ટર કચેરી બેસે છે. નવી કચેરી મંજૂર કરવામાં આવેલ છે એ બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ મકાન પાછળ કેટલી રકમ ફાળવેલ છે અને ક્યા સ્થળે બાંધકામ કરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી** : જવાબ આવી ગયેલ છે. અગાઉ માનનીય મંત્રીશ્રીએ જવાબમાં વિગતો આપી દીધી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આપ્યો છે. એની પાછળ રૂપિયા ૧૦.૯૨ કરોડનો ખર્ચ થશે અને અમરેલીમાં પ્રાઈસ બીડ હવે ખોલવામાં આવશે અને ૧૮ માસમાં તૈયાર થશે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા બજૅટના પ્રવચનની અંદર મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન આપેલા. જયારે અમારા નવરચિત નવસારી જિલ્લામાં કલેક્ટર કચેરી બાંધવાની તાંત્રિક મંજૂરી મળી છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ડી.ટી.પી. બનાવવાની કાર્યવાહી ચાલુ છે. મારે જાણવું છે કે આ કલેક્ટર કચેરીના મકાનની ઉદ્‌ઘાટન વિધિ અંદાજીત ક્યારે થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૧૮ માસે પૂરું કરશે પછી આપણે ઉદ્‌ઘાટન કરીશું.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં નવીન કલેક્ટર કચેરી બાંધવાનું જે આયોજન છે તેના માટે કયા સૅકટરમાં જમીન ફાળવવામાં આવી છે અને કેટલી ફાળવવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જમીનની માહિતી મારી પાસે નથી. પરંતુ વર્ક ઑર્ડર આપી દેવામાં આવ્યા છે અને રૂા. ૧૬.૬૪ કરોડના ખર્ચે આ કચેરી થશે અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે ટૂંક સમયમાં એનું ખાતમુહૂર્ત કરાવીશું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**પાટણ જિલ્લામાં ઈ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધ**

*૧૧૧૧૧ **શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

ઈ-ધરા હેઠળ હક્ક પત્રક નોંધની પાટણ જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

૯૩૮૫.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે પાટણ જિલ્લામાં તા. ૧૫-૭-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલી નોંધો બાકી હતી? તેમાં ૬ થી ૧૨ માસ ઉપરની કેટલી નોંધો બાકી છે અને બાકી રહેવાના કારણો શું છે? મારે ખાસ એ જાણવું છે કે હક્ક પત્રકની નોંધોના નિકાલમાં વિલંબ થાય છે એના કારણો શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જ્યારે જવાબ આપ્યો ત્યારે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જવાબ આપ્યો હતો ત્યારે ૬ થી ૧૨ માસ સુધીની ૧૬ નોંધો પાડવાની બાકી હતી અને ૩ થી ૬ માસ વચ્ચેની ૧૩૧૩ નોંધો બાકી હતી. પરંતુ એના પછી જે કામગીરી થઈ એમાં તા. ૧૫-૭-૦૯ના રોજ જે માહિતી મારી પાસે છે એમાં ૬ માસ ઉપરની એક પણ નોંધ પાડવાની બાકી નથી. ૧૨ માસ ઉપરની પણ એક પણ નોંધ પાડવાની બાકી નથી. ૩ માસ ઉપરની પાટણની ૪ નોંધો બાકી છે, સિદ્ધપુરની ૧૯ નોંધો પાડવાની બાકી છે, ચાણસ્માની ૫ નોંધો, સાંતલપુરની ૧ નોંધ પાડવાની બાકી છે. આમ કુલ ૨૯ નોંધો પાડવાની બાકી છે. આ નોંધો પાડવામાં વિલંબ થવાનું કારણ એ છે કે સમગ્ર જિલ્લાનો સ્ટાફ લોકસભાની ચૂંટણીની કામગીરીમાં હતો તેમજ જંત્રીના સરવે અંગેની અગત્યની કામગીરીમાં રોકાયેલો હતો એટલા માટે નોંધોનો નિકાલ કરવામાં થોડો વિલંબ થયો છે. પરંતુ સમયમર્યાદામાં આ કામ પૂર્ણ થાય એના માટે અમારા પ્રયત્નો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે જે સરવે નંબરની તકરારી નોંધો હોય એમાં ફીફો (FIFO)ને કારણે આ નોંધો પડતર રહેતી હોય છે એ વાત સાચી છે? બીજું કે રેકર્ડને અદ્યતન કરવાની વાત ચાલે છે તો એની શું પદ્ધતિ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એ વાત સાચી છે કે જે સરવે નંબરની તકરારી નોંધ પડતર હોય એવા કિસ્સામાં નોંધો પડતર રહે છે. એનું કારણ એ છે કે નોંધોનો ક્રમાનુસાર નિકાલ થાય છે અને એ માટે First in First Out Concept softer મૂકવામાં આવ્યું છે એટલે કે નોંધ મંજૂર થયે જ્યારે નોંધ નિકાલ ૭/૧૨ અને ૮-અ માં ફેરફાર માટે કોમ્પ્યુટરને સૂચના આપવામાં આવે છે ત્યારે જો અગાઉના ક્રમની નોંધ બાકી હશે તો કોમ્પ્યુટર ક્રમ તૂટવા માટેનું કારણ ફરજીયાત દાખલ કરવાનું જણાવે છે. ૧૩૫-ડી નોટિસ જનરેશન તબક્કે તે ઈશ્યું થયા બાદ અને લોકિંગના તબક્કે તેમજ પ્રિન્ટિંગના તબક્કે પણ First in First Out ચેક મૂકવામાં આવેલ છે. આથી જે તે સરવે નંબર પૂરતું First in First Out ના કારણે નોંધ પડતર રહે છે એ વાત સાચી છે. પરંતુ બીજા સરવે નંબરની નોંધ તેના કારણે પડતર રહેતી નથી અને તેનો ક્રમાનુસાર નિકાલ કરવામાં આવે છે. આ ઉપરાંત ઈ-રજિસ્ટ્રેશનના માધ્યમથી તમામ ઈ-ધરા કેન્દ્ર ખાતેથી દસ્તાવેજોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવાનું આયોજન કરેલ છે જેના કારણે ઈ-ધરા સબરજિસ્ટાર કચેરીની કામગીરી વચ્ચે લીંક સ્થપાશે અને સબ-રજિસ્ટાર કચેરી ખાતે દસ્તાવેજોની નોંધણી થાય તેની સાથે સાથે સબરજિસ્ટાર અને ઈ-ધરાની લીંક સ્થાપીને નોંધોની ઓટોમેટિક એન્ટ્રી પડે તેવું પણ આયોજન વિચાર્યુ છે અને અત્યારે હાલ એના માટે પ્રયાસ ચાલી રહ્યો છે. રેકર્ડ અદ્યતન કેવી રીતે થાય એની વાત માનનીય ધારાસભ્યશ્રીએ પૂછી છે એમાં ટૂંકમાં વાત કરું કે ફેરફાર અરજી ગામે તલાટીને ઈ-ધરા કેન્દ્ર ખાતે અરજદાર દ્વારા સીધી જ રજૂ કરવામાં આવે છે. અરજી મળ્યા પછી તરત જ કોમ્પ્યુટર જનરેટેડ પ્રિન્ટિંગ પહોંચ આપવામાં આવે છે. મળેલી અરજીની વિગતોની ચકાસણી કોમ્પ્યુટર લાઈવ ડેટા સાથે કરે છે. નોંધનું સ્ટાન્ડર્ડ લખાણ તૈયાર કોમ્પ્યુટરમાં કરવામાં આવે છે અને ઈ-ધરા કેન્દ્રમાં કર્મચારીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે અને ૧૩૫-ડીની નોટિસ જનરેટ કરવામાં આવે છે. નોટિસ તૈયાર થયા પછી બજવણી UPC થી કરવામાં આવે છે. મંજૂર થયેલ નોંધ ખાતેદારોના સંબંધોના સહીવાળી ૧૩૫-ડી ની નોટિસ કોમ્પ્યુટરમાં સ્કેન કરવામાં આવે છે ત્યાર પછી એસ-ફોર્મ તૈયાર કરવામાં આવે છે અને સક્ષમ અધિકારી દ્વારા એનું વેરીફિકેશન થાય છે. ત્યાર પછી કોમ્પ્યુટરને નોંધ નિકાલની સૂચના આપી કોમ્પ્યુટર જાતે જ ૭/૧૨ અને ૮-અ માં યોગ્ય ફેરફાર કરે છે અને તે માટે અધિકૃત અધિકારીના અંગૂઠાની ઓળખ આપવી પડે છે. અદ્યતન ૭/૧૨ અને ૮-અની કોમ્પ્યુટર પ્રિન્ટિંગ કોપી ગામ રેકર્ડ માટે તલાટીને આપવામાં આવે છે આવી રીતે હંમેશા ૭/૧૨ અને ૮-અ અદ્યતન રહે છે.

### મહેસાણા જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

***૧૦૨૯૩ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાની કેટલી કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) **પ્રાથમિક શાળા :**

૧૫૯૩ કન્યાઓને રૂા.૧૫,૯૩,૦૦૦/-ની રકમના.

**માધ્યમિક શાળા :**

૧૮૦ કન્યાઓને રૂા.૩,૬૦,૦૦૦/- ની રકમના.

(૨) પ્રાથમિક શાળા માટે કન્યા દીઠ રૂા.૧,૦૦૦ અને ધોરણ-૮ ની કન્યાઓને કન્યાદીઠ રૂા.૨,૦૦૦

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં સને ૨૦૦૯-૧૦ માં થયેલ નામાંકન તેમજ મળેલ લોકસહયોગ તથા બોન્ડ પેટે થયેલ ખર્ચની વિગત જણાવશો?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં પ્રવેશ મેળવેલ બાળકો-વિદ્યાર્થીઓનું કુલ નામાંકન છે ૨૫,૬૫૦ એમાં જે લોકસહયોગ મળેલો છે રૂા.૭૨,૫૭,૬૨૭/- આ નિમિત્તે લાભાર્થી કન્યાઓને જે બોન્ડ આપવામાં અવેલા છે એવી લાભાર્થી કન્યાઓની સંખ્યા છે ૧૪૨૦ અને એમના વિદ્યાલક્ષ્મી બોન્ડ પેટે જે ખર્ચ થયો છે એ છે રૂા.૧૪,૨૦,૦૦૦/-.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી બોન્ડ પ્રાથમિક શાળા ઉપરાંત માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓને આપવામાં આવે છે કે કેમ અને કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે, તેના ધારા-ધોરણો શું છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળા ઉપરાંત માધ્યમિક શાળાઓની કન્યાઓને પણ આવા વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાનું નક્કી કરેલું છે એમાં વિદ્યાલક્ષ્મી બૉન્ડ પેટે રૂા.૨,૦૦૦/- આપવામાં આવે છે. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દ્વારા સ્ત્રી સાક્ષરતા વધારવાના હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતી કન્યાઓને જે ગામમાં કન્યા કેળવણીનો દર ૩૫ ટકા કરતાં ઓછો સાક્ષરતાનો દર છે તેવા ગામોની કન્યાઓ તથા જેઓના માતા-પિતા ગરીબીની રેખા નીચેની આવક જૂથમાં આવતા હોય તેવી કન્યાઓને આવા વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી યોજનાનો ઉદ્દેશ શું છે અને આ યોજના ક્યારથી શરૂ કરી છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી સાક્ષરતાનો દર વધે તે માટે કન્યાઓનું સો ટકા નામાંકન થાય, નામાંકન એકલું અગત્યનું નહીં, નામાંકન થાય સાથે સાથે સો ટકા એમનું સ્થાયીકરણ થાય તે માટે ધોરણ-૧માં નવીન પ્રવેશ મેળનાર કન્યાને રૂપિયા એક હજારના નર્મદા નિધિ બૉન્ડ આપવામાં આવે છે અને એ ધોરણ-૭ પાસ કરે પછી એને વ્યાજ સહિત રકમ એમને ચૂકવવામાં આવે છે. આ યોજના ૨૦૦૨-૦૩થી અમલમાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક-૯, શ્રીમતી જયોત્સનાબેન પટેલ.

**આણંદ જિલ્લામાં વિધવા સહાય માટેની યોજના**

*** ૧૦૩૫૫ શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ(આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી મંજૂર થઈ, અને
(૩) કેટલી મંજૂર થવાની બાકી છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૯૯૭ અરજીઓ.
(૨) ૫૫૭ અરજીઓ.
(૩) નિકાલ કરવાની બાકી રહેલ ૨૪૮ અરજીઓની ચકાસણી કરી, મંજૂર કરવાપાત્ર અરજીઓ મંજૂર કરવામાં આવશે.

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જણાવા માગું છું કે, આણંદ જિલ્લામાં વિધવા સહાય યોજનાની તા.૧૯-૭-૦૯ સુધીમાં તાલીમ મેળવેલ લાભાર્થીઓની સંખ્યા કેટલી તથા તાલીમ પાછળ કેટલો ખર્ચ થયો? વિધવા પુનઃસ્થાપન માટે આર્થિક સહાય યોજનામાં પાત્રતાના ધોરણો શું છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધવા સહાયની જે યોજના છે એમાં આપણે જે વિધવા બહેનો હોય એમને ૫૦૦/- રૂપિયા આપણે દર મહિને એમને આપતા હોઈએ છીએ અને એમના જે બાળકો હોય એમાં બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ માસિક ૮૦/- રૂપિયા એમને આપવામાં આવે છે અને એમના જે બૅન્કમાં, પોસ્ટ ઑફિસમાં એમનું બચત ખાતા ખોલાવવામાં આવે છે એમાં સીધી જ એ રકમ જમા થાય છે અને જૂન સુધીમાં આપણે આ રકમ જમા કરી દીધી છે. એમાં ૨૪૦૦/- રૂપિયાની આવક હોય તો મળવાપાત્ર એમને થાય છે. એજ રીતે નિરાધાર વિધવા બહેનોને પુનઃસ્થાપન કરવા માટેનો નિર્ણય ત્રણ વર્ષ પહેલા આપણે લીધો અને એમાં ૧૮ થી ૪૦ વર્ષની જે નિરાધાર વિધવા બહેનો હોય એમને આપણે તાલીમ આપીએ છીએ અને તાલીમનો ખર્ચ એ રાજય સરકાર ભોગવે છે અને જે પ્રકારની તાલીમ એમણે લીધી હોય એ પ્રકારની એમને સાધન સહાય આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં આપણે ત્રણ હજાર સાધન સહાય આપતા હતા પરંતુ હવે એમાં વધારો કરીને પાંચ હજાર રૂપિયાની સાધન સહાય આપણે આપવાના છીએ.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વિધવા સહાય કયાં સુધી ચાલુ રાખવામાં આવે છે અને આ વિધવા સહાય માટે બે વર્ષની મુદત હતી એ મુદતમાં વધારો કરવા માગો છો કે નહીં? બીજો પ્રશ્ન કે એના પુનઃસ્થાપન માટે જ્યારે ૧૮ થી ૪૦ વર્ષની વિધવાને પહેલા પગભર થવા માટેની યોજનામાં લાભ આપી દેવામાં આવે પછી પણ પેન્શન ચાલુ રાખવામાં આવે છે કે નહીં?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિધવા બહેનો છે એમને ૬૦ વર્ષ સુધી આપણે વિધવા પેન્શન આપીએ છીએ ત્યાર પછી ઑટોમૅટીક એ વૃદ્ધ પેન્શનમાં ચાલ્યા જાય છે અને એમને તુરત જ વૃદ્ધ પેન્શન એમને લાગુ પડે છે. જૂન સુધીમાં આપણે એમને પેન્શન ચૂકવી દેવામાં આવ્યું છે અને જે બહેનોને આપણે તાલીમ આપીએ છીએ એ બહેનોને તાલીમ લીધા પછી સાધન સહાય આપીએ ત્યાર પછી એ પોતે આર્થિક કમાણી કરે તો પણ વિધવા પેન્શન ચાલુ જ રહે છે એનું આપણે વિધવા પેન્શન બંધ નથી કરતાં.

**કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના બાડા-બાયડ રસ્તાને ડામરવાળો કરવા અંગે**

*** ૧૦૩૧૫ શ્રી ધનજીભાઈ ગો. સેંઘાણી(માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લાનાં માંડવી તાલુકાના બાડા-બાયડ રસ્તો કાચો હોઈ પાકો ડામરવાળો કરવા સરકાર માગે છે કે કેમ, અને
(૨) જો હા, તો આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) આ કામગીરી તા. ૨૬-૫-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં માંડવી તાલુકાના ગામ બાડા-બાયડનો રસ્તો મંજૂર કરેલ તે બદલ માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ રસ્તા પાછળ રાજય સરકાર દ્વારા કેટલું બજૅટ ફાળવેલ છે અને તેમજ હાલમાં આ રસ્તાનું ટેન્ડર બહાર પડેલ છે કે કેમ અને કઈ એજન્સીને આ કામ સોંપવામાં આવેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧ કરોડ, ૨૦ લાખ રૂપિયાની રકમ આપણે મંજૂર કરી છે, ૧૮ માસ એનો સમય છે, એમાં માટી કામ, બે નાળા કામ જે પૂર્ણ થયા છે અને એક બકસ કલ્વર્ટનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં લગભગ ૨૬-૫-૨૦૧૦ સુધીમાં આ કામને આપણે પૂર્ણ કરીશું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ રસ્તાની કેટલી લંબાઈમાં કામગીરી મંજૂર થયેલ છે અને એનું અંદાજપત્ર મુજબ શું કામગીરી કરવાની હતી તથા આ રસ્તાથી કેટલા ગામોને અને કેટલી વસ્તીને લાભ મળે એમ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આમાં પાંચ કિલોમીટરની લંબાઈનું કામ કરવાનું છે. એમાં માટીકામ, મેટલ કામ, નાળાનું કામ, બોકસ કલ્વર્ટ, ડામર કામ, ગામ તળમાં સી.સી.રોડ. આપણે એક નવું શરૂ કર્યું છે કે ગામની અંદરથી રસ્તો પસાર થાય તો એને ડામર નહીં કરવાનો પણ સી.સી.રોડ બનાવવાનો જેથી ટકાઉ રહે. પ્રોટેકશન વોલની કામગીરી મંજૂર થયેલી છે અને એમાં બે ગામ બાડામાં ૨૦૯૯ની વસ્તી છે અને બાયડમાં ૧૪૭૪ની વસ્તી છે. આ બંને ગામોને આ રસ્તા રસ્તાથી ફાયદો થશે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે રસ્તો મંજૂર થયો છે એ કઈ યોજનામાંથી મંજૂર થયો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અંગભૂત યોજનામાંથી મંજૂર થયો છે.

**સરકારી જમીન વ્યવસ્થાપનને સરળ અને ઝડપી બનાવવા લીધેલ પગલાં**

*** ૧૦૨૯૧ શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકારી જમીન વ્યવસ્થાપનને વધુ સરળ અને ઝડપી બનાવવા સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં ભરવામાં આવ્યાં?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) હાજી.

(૨) રાજય સરકાર દ્વારા ભરવામાં આવેલા પગલાં:-

(૧) રાજયના દરેક જિલ્લામાં વિવિધ અરજી માટેનાં ફોર્મના નમૂનામાં એકસૂત્રતા જળવાય તે હેતુથી જુદા જુદા ૯૧ વિષયોનાં અરજી માટેનાં ફોર્મ તથા અરજી સાથે રજૂ કરવાના થતા પુરાવાઓની યાદી તૈયાર કરવામાં આવી છે.

(૨) અરજી મળ્યા બાદ તેના ઉપર કચેરીએ કરવાની થતી કાર્યવાહી માટેનાં ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવ્યાં છે.

(૩) કાયદા, નિયમો અને તે હેઠળની સરકારની વખતો વખતની સૂચનાઓ ધ્યાનમાં લઈ કલેકટર, પ્રાંત, મામલતદાર તથા તલાટીએ કરવાની થતી કામગીરી અંગે માર્ગદર્શન આપતા પુસ્તકો (મેન્યુઅલ) તૈયાર કરવામાં આવ્યા છે.

(૪) સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ મહેસૂલી કામગીરીને લગતા જુદા જુદા ૧૮ વિષયોના પરિપત્રો, ઠરાવો, જાહેરનામા એકત્રિત કરી તેને પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે પૈકી ૧૫ પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

(૫) સરકારી જમીનની ફાળવણી કરતી વખતે ધ્યાને લેવાની થતી બાબતો અંગેનું ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવેલ છે.

(૬) રાજયના જમીનના રેકર્ડઝની ગુણવત્તા સુધારવા માટે ઈ-ધરા કેન્દ્રો તાલુકા મથકોએ કાર્યરત કરવામાં આવેલ છે.

(૭) મહેસૂલ વિભાગના તા. ૨૨-૧૦-૦૮ના પરિપત્ર ક્રમાંક: જમન-૩૯૦૭-મુ.ન.-૫-અ થી સરકારનું હિત સમાયેલું હોય તેવી જમીનના બિનખેતી હેતુ માટે જમીનની કિંમત આકારવા માટે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

(૮) મહેસૂલ વિભાગના તા. ૧૯-૨-૦૯ના પરિપત્ર ક્રમાંક: જમન-૩૯-૨૦૦૮-૧૦૫૪-અ થી સરકારનું હિત સમાયેલું હોય તેવી જમીન બાબતમાં મંત્રી મંડળ સમક્ષ રજૂ કરવાના થતા કેસોના સંદર્ભમાં અગાઉની રૂ. ૫૦ (પચાસ) લાખ અને ૫ (પાંચ) લાખની નાણાકીય મર્યાદા વધારીને એક કરોડ અને દશ લાખ કરવાનો નિર્ણય કરેલ છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી જમીનના વ્યવસ્થાપનને વધુ સરળ અને ઝડપી બનાવવા માટે જે ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવે છે તે કેવી રીતે તૈયાર કરવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સર્વે જિલ્લાઓમાં દિનપ્રતિદિન અરજદારો પોતાના પ્રશ્નો અને માગણીઓ લઈને રાજયની વિવિધ કચેરીઓમાં કલેકટર કચેરી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી, પંચાયતની કચેરીમાં પ્રમાણપત્રો કે સરકારી આધાર પુરાવા જેવી હુકમની નકલો વગેરે લેવા માટે આવે છે ત્યારે આ અરજદારોને આવા દસ્તાવેજો રેકર્ડ મેળવવા માટે કેવી રીતે અરજી કરવી? અરજી સાથે પોતાના કયા કયા આધાર પુરાવા સામેલ રાખવા એની કાયદાની અને નિયમોની અજ્ઞાનતાને લીધે કોઈ જાણકારી હોતી નથી. પરિણામે સરકારી કચેરી અને અરજદાર વચ્ચે વહીવટી ઉણપ ઉભી થવા પામે છે. ભૂતકાળમાં આવા અનેક પ્રસંગોના થયેલા પુનરાવર્તનના અનુભવોને ધ્યાને લેતાં રાજય સરકારને અરજદારશ્રીને જે બાબતે અરજી કરવી હોય તે અંગેની અરજીના નિયત નમૂના બહાર પાડવાની, તેમજ તેની માગણી મુજબના પ્રમાણપત્ર કે નકલ દરેક કચેરી માટે એકસરખા નિયત કરાયેલા ફોર્મેટમાં જ મળી રહે તેવી જરૂરિયાત જણાઈ આવતા મહેસૂલ વિભાગ મારફતે અરજદારોની આવી વિવિધ માગણીઓ માટે વિવિધ ચેકલીસ્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લઈ ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવેલ છે. છેલ્લા ઘણા વર્ષથી આ પદ્ધતિ અમલી છે. તાજેતરમાં રાજય સરકારે નવેમ્બર-૨૦૦૮માં આવા વિવિધ હેતુઓ માટેના કુલ -૯૧ પ્રકારના ચેકલીસ્ટ તેમજ અરજીપત્રકો તૈયાર કરીને પ્રસિદ્ધ કર્યા છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જમીનની કિંમત નકકી કર્યા બાદ મહેસૂલ વિભાગના તા. ૧૯-૨-૨૦૦૯ના પરિપત્ર મુજબના નિર્ણયથી કિંમત નકકી કરવા શું પદ્ધતિ કરી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીનો બીન ખેતીના વિવિધ હેતુઓ માટે ફાળવતી વખતે જે જમીનોની કિંમત ૫૦લાખ કે તેથી વધુ થતી હોય તેવા કિસ્સાઓમાં જમીન મંજૂર કરવાની સક્ષમ સત્તા મંત્રીમંડળની હતી પરંતુ રાજયમાં વિકાસકૂચને પરિણામે તાજેતરમાં જમીનની કિંમતમાં ઘણો વધારો થવાથી નાના ક્ષેત્રફળ ધરાવતી મિલકત પણ પચાસ લાખની મર્યાદા વટાવી જતી હોઈ આવા પ્રકરણના નિકાલ માટે પણ મંત્રીમંડળ સમક્ષ જવાથી નિકાલમાં ઘણો જ વિલંબ થતો હતો એ નિવારવા માટે પુખ્ત વિચારણાને અંતે આ મર્યાદામાં ફેરફાર કરીને એક કરોડ કરવાનો નિર્ણય કરી રાજય સરકારે મહેસૂલ વિભાગમાં તા. ૧૯-૨-૨૦૦૯ના પરિપત્રથી તેની સૂચનાઓ પરિપત્રિત કરેલી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કિંમતની આકારણી છે એના માટે શું સૂચનાઓ બહાર પાડવામાં આવી છે જયારે સુધારેલી જંત્રી ઉપલબ્ધ છે ત્યારે આકારણીની પ્રક્રિયા ટુંકાવી શકાય કે કેમ અને મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે શિક્ષણની સાથે સુસંગત હોય એવી શૈક્ષણિક સંસ્થાઓને જમીનની ફાળવણી માટે રાજય સરકારની શું નીતિ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જમીનની કિંમત આકારવા માટેની જે સૂચનાઓ વિભાગે આપી છે એમાં સરકારી જમીનો બીનખેતીના વિવિધ હેતુંઓ માટે ફાળવતી વખતે કરવામાં આવતા મૂલ્યાંકન અંગેના અમલી સિદ્ધાંતોના કારણે ઘણી વાર વર્તમાન કિમતમાં ઘણો મોટો તફાવત રહેતો હતો. પરિણામે જમીનની કિંમત અંગે રહેતા અસંતોષને ધ્યાને લઈને રાજય સરકારે મહેસૂલ વિભાગના તા.૨૨-૧૦-૨૦૦૮ ના પરિપત્રથી મૂલ્યાંકન અંગેના સિદ્ધાંતોમાં ફેરફાર કરીને નવા સિદ્ધાંતો સંબંધમાં સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના પરિપત્રિત કરવામાં આવી. જેમ કે જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા જમીનના મૂલ્યાંકન અંગે નિર્ણય લેતી વખતે સરખાવવા પાત્ર છેલ્લા એક વર્ષના વેચાણો, મૂલ્યાંકનની તારીખ, મૂલ્યાંકન માટે અસરકર્તા પરિબળો, વિકાસ યોજનાની દરખાસ્તો તથા વિસ્તારનો વિકાસ, રસ્તાઓનો પ્રવેશ વગેરે બાબતો ધ્યાને લઈને માર્ગદર્શક સિદ્ધાંત પ્રમાણે નગર નિયોજકશ્રીએ નક્કી કરેલ મૂલ્યાંકન ધ્યાને જમીનની કિંમત આકારણી કરવા સંબંધે સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા મૂલ્યાંકન થયા બાદ જે જમીનની કિંમત ૫૦ લાખથી વધતી હોય તેવા કિસ્સામાં પ્રકરણ સરકાર કક્ષાએ નિર્ણય થવા આવે ત્યારે આવા કિસ્સઓમાં જિલ્લા કક્ષાની સમિતિએ કરેલ મૂલ્યાંકન ઉપર નગર આયોજન અને મૂલ્યાંકન શાખાના રાજયના મુખ્ય નગર નિયોજકશ્રીને મૂલ્યાંકનના અભિપ્રાય માટે રજૂ કરવાના રહેશે. આ માટે જિલ્લા કક્ષાની સમિતિની કાર્યવાહી પૂરી થયા બાદ સંબંધિત કલેક્ટરશ્રી પ્રકરણ સરકારશ્રીમાં મોકલવાનું હોય છે અને ત્યાં એસ.એલ.પી.સી. થયા બાદ તેની કિંમત નક્કી કરવામાં આવે છે અને ૫૦ લાખ હોય તો કલેક્ટર કરે અને એક કરોડ ઉપર હોય તો રાજયની અંદર આવે છે. શાળાઓની વાત એમણે કરી છે. શાળા, માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળા અને કૉલેજ એ બધા માટે જમીન કેટલી આપવી, તેના નિશ્ચિત કરેલ

ધોરણ છે. પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા હોય તો કન્સ્ટ્રકશનનું બાંધકામ થાય એના ૫૦ ટકા લેવામાં આવે છે. રમત ગમત મેદાન છે એ એક રૂપિયા ટોકન ભાડેથી જમીન આપવામાં આવે છે.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : ઈ-ધરામાં શું શું કામગીરી કરવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજય સરકારે હક્ક પત્રકમાં ફેરફાર કરવા સંબંધિત તેમજ ૭/૧૨ અને ૮-અ ને કોમ્પ્યૂટરાઈઝેશનની કામગીરી તાલુકા મથકના ઈ-ધરાના કેન્દ્ર ઉપર કરવાની અમલવારી કરી છે, તે માટે ઈ-ધરા મેન્યુઅલમાં નકકી કરેલ કાર્યપદ્ધતિને અનુસરીને કામગીરી કરવામાં આવે છે. અરજદારને તેની જરૂરિયાત અનુલક્ષીને ૭/૧૨ અને ૮-અ અને ગામના નમૂના નં. ૬ ની નકલ માટે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી કરતા દરેક નકલ દીઠ ૫/- રૂપિયા જમા કરાવી તેની પહોંચ ઈ-ધરા કેન્દ્ર ખાતે રજૂ કરતા માંગણીવાળી પ્રમાણિત નકલ અરજદારોને પૂરી પાડવામાં આવે છે.

## કુદરતી આફતોમાં મૃતકોને આર્થિક સહાય

*** ૧૦૩૧૮ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કુદરતી આફતોમાં મૃતકના વારસદારને સહાય આપવાના ધોરણોમાં ફેરફાર કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ તેની વિગતો શી છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧)હા, જી

(૨)તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ કુદરતી આફતોમાં મૃતકના વારસદારને સી.આર.એફ. માંથી રૂપિયા ૫૦,૦૦૦/- અને રાજય સરકારના ફાળામાંથી રૂપિયા ૫૦,૦૦૦/- મૃત્યુ સહાય ચુકવવામાં આવે છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે કુદરતી આફતોમાં મૃતકોના કિસ્સામાં સહાયના ધોરણ શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પુખ્ત વયની વ્યકિતનું કુદરતી આફત દરમ્યાન મૃત્યુ થાય તો ૨૫,૦૦૦/- સરકારી ફંડમાંથી અને કેલેમિટી રિલીફ ફંડમાંથી ૨૫,૦૦૦/- રૂપિયા અને મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી મળીને કુલ ૫૦,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવતી હતી. ૫ વર્ષથી મોટી સગીર વયની વ્યકિતનું મૃત્યુ થાય તો ૧૫,૦૦૦/- સરકારી ફંડમાંથી અને કેલેમિટી રિલીફ ફંડમાંથી અને ૧૫,૦૦૦/- મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી મળીને મૃત્યુ સહાય અપાતી હતી. ૫ વર્ષના બાળકનું કુદરતી આફત દરમ્યાન મૃત્યુ થાય તો ૫,૦૦૦/- રૂપિયા કેલેમિટી રિલીફ ફંડમાંથી અને ૫,૦૦૦/- મુખ્યમંત્રીશ્રીના ફંડમાંથી એમ કુલ ૧૦,૦૦૦/- આપવામાં આવતા હતા. એમાં મુખ્યમંત્રીશ્રીએ એક માનવતાભર્યો નિર્ણય લીધો અને નક્કી કરવામાં આવ્યું કે આમાં ઉંમર રાખવી જોઈએ નહિ. ૫ વર્ષ કે ૧૦ વર્ષ મોટા, નાના તેવું નહિ રાખવું જોઈએ, પરંતુ કોઈપણ વ્યકિતનું કુદરતી આફતમાં મૃત્યુ થાય તો ૧ લાખ રૂપિયા આપવા જોઈએ. બધાને માટે સરખુ રાખવામાં આવે. એમાં સી.આર.એફ. માંથી ૫૦,૦૦૦ અને રાજય સરકારના ફાળામાંથી રૂપિયા ૫૦,૦૦૦ એમ કરીને ૧ લાખ રૂપિયા આપવા માટેનો નિર્ણય તા. ૧-૬-૨૦૦૭ ના રોજ કરવામાં આવ્યો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સહાય મંજૂર કરવાનો સમયગાળો શું છે? એમાં સરકારે કોઈ સુધારો કરેલ છે કે કેમ? કુદરતી આગ લાગવાથી ખેડૂતનું ઘર બળી જાય છે એ કુદરતી આફતમાં ગણશો કે કેમ? **શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એવો નિર્ણય કરેલો હતો કે ૧લી મે થી ૩૦મી નવેમ્બર સુધીના સમયગાળા દરમ્યાન આકસ્મિકરીતે, કુદરતી રીતે મૃત્યુ થાય તો તેને સહાય ચુકવવામાં આવતી હતી. પરંતુ તેમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સુધારા કર્યા, ૩૦-૬-૨૦૦૮ના ઠરાવથી સુધારા કરવામાં આવ્યા કે વર્ષ દરમ્યાન ગમે ત્યારે વાવાઝોડુ, કમોસમી વરસાદ કે ભારે વરસાદ કે આકાશી વીજળી પડવાથી આકસ્મિક મૃત્યુ થાય તો તેને ચુકવવામાં આવે છે. એટલે વર્ષમાં ગમે ત્યારે માનવ મૃત્યુ થાય તો ચુકવવા માટેનો ફેરફાર કરવામાં આવ્યો છે. આગ લાગે તે કઈ રીતે લાગી છે તે બધું શોધવું પડે અને તેના આધારે રાજય સરકાર નિર્ણય કરતી હોય છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અને મહેસૂલ મંત્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે ગરીબ માણસો જે આફતમાં મૃત્યુ પામતા હતા તેમના માટે આજસુધી કોઈ યોજના ન હતી અને કોઈ સહાય નહોતી મળતી. આ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ આ યોજના લાવીને ગરીબ ખેડૂતોને લાભ આપવા માટે જે પ્રયત્ન કર્યો છે તે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. મારો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં કુદરતી આફતો માટે કેટલી સહાય ચુકવાઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ માં ૨૮૭ મૃતકોને ૨,૮૭,૦૦,૦૦૦/- ચુકવવામાં આવ્યા છે અને ૨૦૦૮માં ૧૦૪ મૃતકોને રૂા.૧,૦૪,૦૦,૦૦૦/- ચુકવવામાં આવ્યા છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે કુદરતી આફતના સંજોગોમાં કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની આમાં ભોગ બનેલા હોય તો તેમને આવા કિસ્સામાં એક લાખ રૂપિયા કરતાં વધારે સહાય આપવા સરકાર વિચારવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**રાજકોટ જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી**

***૧૦૨૯૮ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) રાજકોટ જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી સરકાર દ્વારા હાથ ધરાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી થયેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) હા,જી

(૨) જિલ્લાની મહેસૂલી કચેરીઓની કુલ ૨,૮૦,૧૭૮ ફાઈલોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીએ રાજકોટ જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી શરૂ થયેલ છે તે પ્રશ્નનો જવાબ હા,જી બતાવેલ છે. તો હું માનનીય મહેસૂલ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રેકર્ડ વર્ગીકરણના નિયમો શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા પ્રશ્નની અંદર આ વર્ગીકરણ કેવી રીતે થાય છે તેના નિયમો શું છે તેનો જવાબ આપેલ છે. આપ જો મને રજા આપો ફરીથી માનનીય સભ્યશ્રીને જવાબ જણાવું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી બીજા પ્રશ્નો પૂછનાર સભ્યશ્રીઓ છે. તમે જયારે પ્રશ્ન પૂછયો ત્યારે તેમણે સાંભળ્યો જ હશે. શ્રી મોહનભાઈ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨,૮૦,૧૭૮ ફાઈલનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે તો વર્ગીકરણ કરેલી ફાઈલોની સાચવણીની પ્રક્રિયા શું છે અને કઈ કઈ રીતે સાચવવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કલેકટર કચેરીમાં જે જુદી જુદી શાખાઓ અને જિલ્લાની તાબાની પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીઓમાં સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ છે કે એ, બી, સી, ડી.માં રેકર્ડનું વગીકરણ કરવું. ત્યારપછી કલેકટર કચેરીની જુદી જુદી શાખાઓ છે તેમાં જે ફાઈલોનું વર્ગીકરણ થયું છે તે બધું જ ફાઈલોના વર્ગવાર, વર્ષવાર દફતરના પોટલામાંથી રેકર્ડ રૂમમાં સૂરક્ષિત રાખવામાં આવે છે. પોટલા બાંધીને તેના ઉપર બધી જ વિગતો મૂકવામાં આવે છે જેથી જયારે પણ કયા વર્ષની ફાઈલ જોઈએ છે તે વર્ષના આધારે તે ફાઈલ શોધી શકે છે અને કામગીરીમાં પછી કોઈ વિલંબ નથી થતો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિમાં ૬૧,૬૨૫ ફાઈલોનું વર્ગીકરણ બાકી છે તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે ૬૧,૬૨૫ ફાઈલોનું વર્ગીકરણ કરવાનું બાકી છે પરંતુ વચ્ચે ઘણો બધો સમય ઈલેકશનમાં અને સરવેમાં વગેરેમાં ગયો છે એટલી કરી નથી શકયા. પરંતુ અત્યારે અભિયાનના સ્વરૂપમાં જિલ્લાએ આ કામ પોતાના હાથમાં લીધું છે અને આવતા છ માસની અંદર ૬૧,૬૨૫ ફાઈલોનું વર્ગીકરણ થાય તેના માટે વિભાગ જરૂર પ્રયાસ કરશે.

**રાજયમાં મામલતદાર કચેરીઓના મકાનો**

*** ૧૦૩૩૮ શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયમાં ૨૦૦૮-૦૯માં કેટલી મામલતદાર કચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ જનાર છે, અને

(૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાંધકામની કામગીરીમાં શી પ્રગતિ થઈ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૧૧(અગિયાર) મામલતદાર કચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) અંદાજે રૂા.૨૪.૯૧ કરોડનો ખર્ચ થનાર છે.

| ક્રમ | મામલતદાર કચેરી મકાન બાંધકામ | વિગત |
|---|---|---|
| ૧ | ખંભાળિયા | આર.સી.સી. ફાઉન્ડેશન ફૂટીંગ સુધીનું કામ પૂર્ણ થયેલ છે. |
| ૨ | ધ્રોલ | ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબ સુધીનું આર.સી.સી.નું કામ પૂર્ણ. |
| ૩ | વિજાપુર | કામનો વર્ક ઓર્ડર આપેલ છે. જમીનના દબાણને કારણે કામચલાઉ સ્ટે આપેલ હોઈ કામગીરી શરૂ કરેલ નથી. |
| ૪ | ખાંભા | આ કામમાં હયાત સ્ટ્રકચરને તોડવાની કામગીરી ચાલુ છે. |
| ૫ | ચાણસ્મા | પ્રથમ માળના સ્લેબની કામગીરી પ્રગતિમાં |
| ૬ | હાલોલ | કામગીરી શરૂ  થયેલ પરંતુ સ્થળ બદલવા રજૂઆત થયેલ હોઈ કામ હાલ સ્થગિત છે. |
| ૭ | કાલોલ | પાયાની કામગીરી પ્રગતિમાં છે. |
| ૮ | મહુવા | કલેકટરશ્રી, સૂરતના જણાવ્યા મુજબ હાલ નવા મકાનની જરૂર નથી. પરંતુ જે હયાત મકાન સારી હાલતમાં છે તે મકાનમાં સુધારા વધારા કરવા માટે જોગવાઈ કરવા જણાવેલ છે. આથી નવા મકાનના બાંધકામ માટે કાર્યવાહી હાથ ધરેલ નથી. |
| ૯. | પેટલાદ | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૧૦ | ભાવનગર શહેર | ભાવનગર ખાતે તાલુકા તથા સીટી મામલતદાર કચેરીના નવા બાંધકામ અંગે ફાળવેલ જમીન અપૂરતી હોવાનું મુખ્ય સ્થપતિશ્રીએ જણાવેલ છે. પૂરતી જમીન ફાળવવા કલેકટરશ્રીને લખવામાં આવેલ છે. |
| ૧૧ | મહુધા | સ્થળ નકકી થવું બાકી છે. |

**શ્રી શિરિષકુમાર મ. શુકલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આટલી તાલુકા પંચાયતની કચેરીઓ અને જિલ્લા કલેકટરની કચેરીઓ બનાવ્યા પછી હવે ગુજરાતમાં કેટલી કચેરીઓ નવી બનાવવાની બાકી રહે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જ ૨૦૦૯-૧૦ના બજેટની અંદર ૩૮ મામલતદાર કચેરીઓ બનાવવા માટેની મેં જાહેરાત કરી હતી..

**અધ્યક્ષશ્રી** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. આજની પ્રશ્નોત્તરીના પૂરક પ્રશ્નોમાં કેટલીક વિગતો આવતી હતી, એમાં એક વસ્તુ ધ્યાન ઉપર આવી છે અને આ પહેલાં પણ આવી, કે જે તે વિભાગના મંત્રીશ્રીઓ પોતાના વિભાગનું પ્રસિદ્ધ સાહિત્ય છે એ જો ધારાસભ્યશ્રીઓને મોકલી આપો. કેટલુંક સાહિત્ય તો નિયમિત રીતે જતું હશે. બીજું વધારે સાહિત્ય એ જો એમને મળે તો એ પ્રસિદ્ધ સાહિત્યમાંથી ઉપલબ્ધ માહિતીના કારણે એમાંથી પૂરક પ્રશ્ન ન થાય, એટલા માટે  પ્રસિદ્ધ સાહિત્ય અને જનહિતના પરિપત્રનો એક સેટ વિભાગો જો બનાવીને અત્રે અમને ૨૯ પહેલાં આપશે તો અમે એને અહીયાંથી સરકયુલેટ કરીશું.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### નર્મદા જિલ્લામાં પેવર મશીનથી રસ્તો બનાવવા નાણાની ફાળવણી

૯૮૪૬ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મોજે આંબા ગામ-સુક્વાલ તા. દેડીયાપાડા જિ. નર્મદાનો પેવર મશીનથી રસ્તો બનાવવા સરકારે કેટલી રકમની નાણાકીય જોગવાઈ ક્યારે કરી, | (૧) હાલમાં આ કામ કોઈ યોજનામાં મંજૂર થયેલ નથી. |
| (૨) આ રસ્તા માટે કઈ કઈ એજન્સીને કામ સોંપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | |

------------

### તાપી જિલ્લામાં પશુધન નિરીક્ષકોની ખાલી જ્યાઓ

૯૮૮૪**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવનિર્મિત તાપી જિલ્લામાં પશુધન નિરીક્ષક્ની કેટલી જર્ગ ઓ ખાલી છે, અને | (૧) ૧૫ |
| (૨) ખાલી જ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૨) શક્ય તેટલી વહેલી. |

------------

**નેશનલ સ્કીમ ઓફ ઈન્સેટીવ ગર્લ્સ એજ્યુકેશન આધારિત સ્કીમ હેઠળ વિદ્યાર્થીઓની યાદી**

૯૮૦૬**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર પાસે કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ સ્કીમ ઓફ ઈન્સેટીવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન આધારિત સ્કીમ હેઠળ ૧૫ વર્ષથી નીચેની વિદ્યાર્થીનીઓની યાદી મોકલવા માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યારે ક્યારે પત્રો લખી યાદી મોકલવા શિક્ષણ વિભાગને આપી, | (૧) તા. ૨૦-૧૦-૨૦૦૮<br>તા. ૧૮-૧૧-૨૦૦૮<br>તા. ૨-૧-૨૦૦૯<br>તા. ૪-૨-૨૦૦૯<br>તા. ૬-૩-૨૦૦૯<br>તા. ૧૬-૩-૨૦૦૯<br>તા. ૧૬-૪-૨૦૦૯ |
| (૨) વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને આ યાદી ક્યારે મોકલવામાં આવી, અને | (૨) કમિશ્નર મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ એ તેમના તા.૩૦-૬-૨૦૦૯ના રોજ ૧૯ જિલ્લાની અને બાકીના ૭ જિલ્લાની યાદી તા.૧૧-૭-૨૦૦૯ના રોજ ભારત સરકારને મોકલેલ છે. |
| (૩) સમયસર યાદી ન મોકલવાને કારણે કેન્દ્રની આ સહાય ન મળવા સબબ રાજ્યના જવાબદાર અધિકારીઓ સામે સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ? | (૩) ભારત સરકાર પાસેથી વિગતવાર યોજનાની વિગતો મળતાં તેના અમલ માટે કાર્યવાહી શરૂ કરેલ છે કેન્દ્રની સહાય પણ જે તે લાભાર્થીને મળે તેવો પ્રબંધ થયેલ છે. જેથી અધિકારીઓ સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજુલા તાલુકાના ભાક્ષી-૨ ગામને જોડતા રસ્તાની સુવિધા**

૧૦૫૦૮**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા તાલુકામાં ધાતવડી-૧ યોજના પૂર્ણ થતા પુનઃવસન પામેલ ભાક્ષી-૨ ગામને જોડતા એકમાત્ર દોલતી-ભાક્ષી-૨ના રસ્તાની સુવિધા આપવામાં આવેલ નથી તે બાબત સરકાના ધ્યાન ઉપર આવેલ છે કે કેમ, અને<br>(૨) જો ના, તો અસર ગ્રસ્ત પુનઃવસન પામેલ ભાક્ષી-૨ ગામને જોડતા રસ્તાની સુવિધા કેટલા સમયમાં આપવામાં આવશે? | (૧) અને (૨) : ભાક્ષી ગામના પેટા પરા ભાક્ષી-૨ને ધાતરવાડી-૧ ડેમના કારણે પુનઃવસન થતાં રસ્તાની સુવિધા નથી. જે જેમ બને તેમ ઝડપથી આપવાનું આયોજન કરવામાં આવશે. |

**સાબરકાંઠા જિલ્લામાં ઓદ્યોગિક એકમોને ફાળવેલ જમીન**

૧૧૧૬૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ક્યા-ક્યા ઓદ્યોગિક અને વ્યાપારિક એકમોને તાલુકાવાર કેટલી સરકારી પડતર જમીન કઈ કિંમતે ફાળવવામાં આવી છે? | છેલ્લા બે વર્ષમાં સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ નથી. |

**ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારવા આયોજન**

૯૮૮૧ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સન ૨૦૦૮-૦૯ દરમ્યાન કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) ૧. કોલેજ શિક્ષકોને તાલીમની સઘન વ્યવસ્થા કરેલ છે.<br>૨. ૨૮૮ કોલેજો અને ૭ યુનિવર્સિટીએ એક્રેડીશન મેળવેલ છે.<br>૩. કોલેજોને અંગ્રેજી માટેની ૨૧૭ ડીજીટલ |

લેંગ્વેજ લેબથી સજ્જ કરવામાં આવેલ છે.

**વલસાડ જિલ્લામાં ઉદ્યોગોને જમીન આપવા વિરોધ કરતી ફરિયાદો**

૧૦૨૬૧**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ઉદ્યોગ ગૃહોને જમીન આપવા માટે છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ઉદ્યોગોને શા ભાવે જમીન આપવામાં આવી, અને | (૧) કોઈ ઉદ્યોગોને જમીન આપવામાં આવી નથી. |
| (૨) આવી જમીનો ફાળવવા અંગે વિરોધ કરતી કેટલી ફરિયાદો સરકારને મળી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ સરકારી માધ્યમિક શાળાઓ**

૧૦૦૩૩ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯માં ભાવનગર જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) બે. |
| (૨) મંજૂર કરવામાં આવી તો તે ક્યા ક્યા તાલુકામાં કરવામાં આવી છે? | (૨) ભાવનગર. |

------------

**ભાવનગર સ્ટેમ્પ ડ્યુટી કચેરીમાં દસ્તાવેજો**

૯૮૩૯**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૧-૬-૦૯ની સ્થિતિએ ભાવનગર ખાતે આવેલ સ્ટેમ્પ ડ્યુટી ઓફીસમાં ખૂટતી સ્ટેમ્પ ડયુટી ભરાયેલ હોય તેવા કેટલા દસ્તાવેજો અરજદારોને આપવાના બાકી છે? | નવ દસ્તાવેજ પરત આપવાના બાકી છે. |

------------

**રાજ્યમાં ટોલ ટેક્સ પેટે આવક**

૯૮૮૬ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજ્ય સરકારને ટોલટેક્સ પેટે કેટલી આવક થઈ ? | રાજ્ય સરકારના હસ્તકના રસ્તા અને પુલો ઉપર ટોલ પેટે રાજ્ય સરકારને નાણાંકીય વર્ષ ૨૦૦૮માં કુલ ૨૧૦૫.૫૭૨ લાખ રૂપિયાની તથા નાણાંકીય વર્ષ ૨૦૦૯ માં કુલ ૨૬૪૩.૬૪૪ લાખ રૂપિયાની આવક થયેલ છે. તદ્ ઉપરાંત રાજ્ય સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર (કેન્દ્ર સરકારની માલિકી) ખર્ચેલ રકમ અન્વયે રાજ્ય સરકારને નાણાકીય વર્ષ ૨૦૦૮ માં કુલ રૂપિયા ૩૭૫૯.૩૨૦ લાખ તથા નાણાંકીય વર્ષ ૨૦૦૯માં કુલ રૂપિયા ૩૫૧૧.૭૪ લાખની આવક મળેલ છે. |

------------

**ભાવનગર જિલ્લામાં જમીન ધોવાણથી ખેડૂતોને સહાય**

૧૦૪૨૧**શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૭માં ચોમાસાની સીઝનમાં આવેલ પૂરમાં ભાવનગર જિલ્લામાં ખેડૂતોની જમીનમાં ધોવાણ થયેલ તે હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જમીન ધોવાણની ખેડૂતોને સહાયની રકમ કેટલાં તાલુકામાં ચૂકવાઈ, અને | (૨) કોઈપણ નહીં. |
| (૩) અન્ય તાલુકામાં આ રકમ ક્યારે ચૂકવાશે ? | (૩) જેમ બને તેટલી જલ્દીથી. |

------------

**રાજ્યમાં મામલતદાર કચેરીઓના મકાનો**

૧૦૩૩૯ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી મામલતદાર કચેરીઓના મકાનો બાંધવા માટે મંજૂરી આપવામાં આવી, | (૧) ૧૧ (અગિયાર) મામલતદાર કચેરીઓના મકાનો મંજુર કરવામાં આવ્યાં છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) અંદાજે રૂ. ૨૪.૯૧ કરોડનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાંધકામની કામગીરીમાં શી પ્રગતિ થઈ ? | (૩) |

| ક્રમ | મામલતદાર કચેરી મકાન બાંધકામ | વિગત |
|---|---|---|
| ૧ | ખંભાળિયા | આર.સી.સી. ફાઉન્ડેશન ફુટીંગ સુધીનું કામ પૂર્ણ થયેલ છે. |
| ૨ | ધ્રોલ | ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબ સુધીનું આર.સી.સી.નું કામ પૂર્ણ |
| ૩ | વિજાપુર | કામનો વર્ક ઓર્ડર આપેલ છે. જમીનના દબાણને કારણે કામચલાઉ સ્ટે આપેલ હોઈ કામગીરી શરૂ કરેલ નથી. |
| ૪ | ખાંભા | આ કામમાં હયાત સ્ટ્રક્ચરને તોડવાની કામગીરી ચાલુ છે. |
| ૫ | ચાણસ્મા | પ્રથમ માળના સ્લેબની કામગીરી પ્રગતિમાં |
| ૬ | હાલોલ | કામગીરી શરૂ થયેલ પરંતુ સ્થળ બદલવા રજૂઆત થયેલ હોઈ, કામ હાલ સ્થગિત છે. |
| ૭ | કલોલ | પાયાની કામગીરી પ્રગતિમાં છે. |
| ૮ | મહુવા | કલેક્ટરશ્રી-સુરતના જણાવ્યા મુજબ હાલ નવા મકાનની જરૂર નથી. પરંતુ જે હયાત મકાન સારી હાલતમાં છે તે મકાનમાં સુધારા વધારા કરવા માટે જોગવાઈ કરવા જણાવેલ છે. આથી નવા |

| | | |
|---|---|---|
| | | મકાનના બાંધકામ માટે કાર્યવાહી હાથ ધરેલ નથી. |
| ૯ | પેટલાદ | ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| ૧૦ | ભાવનગર શહેર | ભાવનગર ખાતે તાલુકા તથા સીટી મામલતદાર કચેરીના નવા બાંધકામ અંગે ફાળવેલ જમીન અપૂરતી હોવાનું મુખ્ય સ્થપતિશ્રીએ જણાવેલ છે. પૂરતી જમીન ફાળવવા કલેક્ટરશ્રીને લખવામાં આવેલ છે. |
| ૧૧ | મહુધા | સ્થળ નક્કી થવું બાકી છે. |

------------

**જૂનાગઢ જિલ્લામાં ગોચરની જમીનો ઉદ્યોગોને ફાળવવા અંગે**

૧૧૨૪૬ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૮ના વર્ષમાં ક્યા ક્યા ગામની કેટલી ગોચર જમીનો ઉદ્યોગોને ફાળવવામાં આવી, | (૧) કોઈ પણ નહિં. |
| (૨) તે પૈકી ક્યા ક્યા ગામોમાં ગોચરની જમીન ધોરણ કરતા ઓછી હતી. | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા ક્યા ગામોની પંચાયતે જમીન આપવા સંમતિ આપેલ ન હતી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ધોરણ કરતાં ઓછી ગોચર જમીન હોવા છતાં તથા પંચાયતની સંમતિ ન હોવા છતાં ગોચરની જમીનો ઉદ્યોગોને ફાળવવાના શા કારણો છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) પશુધન માટે ગોચર સલામત રાખવા શું આયોજન છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સ્ટેમ્પ ડ્યુટીના સરળીકરણની કામગીરી**

૧૧૧૦૮ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણ કરવા સરકાર માંગે છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી? | (૧) અને (૨) : રાજ્ય સરકારે તા. ૦૧-૦૪-૦૬ થી સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણ અમલી બનાવેલ છે. |

------------

**જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને માસિક સહાય**

૧૦૩૫૪ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી, | (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે ૨૯૨૫ નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચુકવવામાં આવી. |

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ના સમયગાળા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૫૭૧ |
| ૨ | ભેંસાણ | ૮૧ |
| ૩ | વિસાવદર | ૬૦ |
| ૪ | વંથલી | ૧૧૫ |
| ૫ | માણાવદર | ૧૧૬ |
| ૬ | કેશોદ | ૨૨૩ |

| | | |
|---|---|---|
| ૬ | કેશોદ | ૨૨૩ |
| ૭ | માળિયા | ૨૨૪ |
| ૮ | માંગરોળ | ૧૮૦ |
| ૯ | મેંદરડા | ૪૬ |
| ૧૦ | વેરાવળ | ૪૨૦ |
| ૧૧ | ઉના | ૪૪૪ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ના સમયગાળા દરમ્યાન ચૂકવણી કરેલ લાભાર્થીની સંખ્યા** |
| ૧૨ | તાલાળા | ૭૪ |
| ૧૩ | વંથલી | ૨૯૪ |
| ૧૪ | સુત્રાપાડા | ૭૭ |
| | **કુલ :** | **૨૯૨૫** |

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી છે, અને

(૨) ૩૧૪ બહેનોને સહાય બંધ કરવામાં આવી.

(૩) તેના કારણો શા છે ?

(૩) નિરાધાર વિધવા સહાય બંધ કરવાના કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ૬૦ વર્ષની ઉંમર થવાથી | ૧૧૯ |
| ૨. | પુત્ર પુખ્ત ઉંમરનો હોવાથી | ૧૩૩ |
| ૩. | અવસાન થવાથી | ૦૪ |
| ૪. | વાર્ષિક આવક વધારે હોવાથી | ૫૮ |
| | **કુલ :** | **૩૧૪** |

------------

**ભરૂચ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતો હલકી ક્ક્ષાનો નાસ્તો**

૧૦૨૩૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતા નાસ્તા બિલકુલ હલકી ક્ક્ષાના હોય છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) સરકારે આવા હલકા પ્રકારના નાસ્તા બાબતે જવાબદારો સામે પગલા ભરવાં માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતા નાસ્તા હલકી ક્ક્ષાના હોવા અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આણંદ જિલ્લામાં ૨૫ ચો.મી.ના પ્લોટની ફાળવણી**

૧૦૦૮૯**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ)** : તા. ૨૫-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક ૧૮૭૬(અગ્રતા-૧૦)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ઉમરેઠ શહેરમાં ૨૫ ચો.મી.ની જમીનના પ્લોટ ફાળવણીની ૨૫૮ સનદો આપવામાં આવી હતી, જેમાંથી માત્ર ૪૦ નાગરિકો એજ ઘર બનાવ્યા છે, બાકી રહેલ સનદ ધારકો ક્યા કારણસર પોતાના ઘર બનાવી શક્યા નથી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે શી પરિસ્થિતિ છે, અને

(૩) બાકી રહેલ સનદ ધારકોના મકાનો સરકાર કેટલા સમયમાં બનાવવા માગે છે ?

**જવાબ**

(૧) (૧) સ. નં. ૯૪૦/અ/બ વાળી જમીનમાં પાડેલ પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો થવાના કારણસર.

(૨) સ. નં. ૯૩૩ વાળી હરિનગર તરીકે ઓળખાતી જમીનમાં પાડેલ પ્લોટ ઉપર ૧૦૦ ઈસમો ગેર કાયદેસર રીતે રહેતા હોવાના કારણસર.

(૨) પ્લોટ ધારકોને અન્ય જગ્યા પર પ્લોટ ફાળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

(૩) પ્લોટની ફાળવણીની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**સાબરકાંઠા જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૦૩૧૩**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની કેટલી કન્યાઓને કુલ કેટલી રકમનાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) **પ્રાથમિક શાળા :**
૪૯૭૧ કન્યાઓને રૂ. ૪૯,૭૧,૦૦૦/-ની રકમના.

**માધ્યમિક શાળા :**
૧૫૪૭ કન્યાઓને રૂ. ૩૦,૯૪,૦૦૦/-ની રકમના.

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે ?

(૨) પ્રાથમિક શાળા માટે કન્યા દીઠ રૂ. ૧,૦૦૦ અને ધો. ૮ની કન્યાઓને કન્યાદીઠ રૂ. ૨,૦૦૦.

------------

## ગાંધીનગરના સરકારી આવાસો રાહત દરે ફાળવવા અંગે

૧૧૧૩૧ **પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ગાંધીનગરમાં કુલ કેટલા સરકારી આવાસો આવેલા છે, તેમાંથી સરકારી કર્મચારીઓને કેટલા આવાસો ફાળવી આપેલા છે, ન ફાળવેલ આવાસોમાંથી કેટલા ખરાબ હાલતમાં છે,

(૨) જેનું સમારકામ કરીને પણ ઉપયોગ થઈ શકે તેમ ન હોય તેવા જુદી જુદી કક્ષાના કેટલા આવાસો છે,

(૩) આ મકાનો હરાજીથી વેચી નાંખવા સરકાર વિચારી રહી છે, અને

(૪) સરકાર રાહત દરે કર્મચારીઓને આ મકાન ફાળવી આપવા માંગે છે ?

**જવાબ**

(૧) ગાંધીનગરમાં ક્રમનપુલના કર્મચારી/અધિકારી, ના કુલ ૧૬૪૦૧ આવાસ છે તે પેકી તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ૮૨૬૬ આવાસ રાજ્ય સરકારના કર્મચારી/ અધિકારીઓને ફાળવાયેલ છે. ન ફાળવેલ આવાસમાંથી ૧૨ આવાસ ખરાબ હાલતમાં છે.

(૨) સમારકામ કરીને ઉપયોગમાં ન લઇ શકાય તેવા જ-૨ કક્ષાના આવાસ ૧૨ છે.

(૩) આ મકાન ઉતારી પાડવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

(૪) ના જી, હાલ વિચારણામાં નથી.

------------

## પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ

૯૮૬૮**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષણના ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ સત્વરે પુરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ઓરડાઓ |
|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૧૬ |
| ૨ | હારીજ | ૩૫ |
| ૩ | પાટણ | ૧૩૫ |
| ૪ | રાધનપુર | ૭૫ |
| ૫ | સમી | ૭૩ |
| ૬ | સાંતલપુર | ૧૪ |
| ૭ | સિધ્ધપુર | ૧૮ |
| | કુલ : | ૩૬૬ |

(૨) ૨૧૮ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. બાકી રહેતા ૧૪૮ ઓરડાઓનું તબક્કાવાર આયોજન કરી ઘટ પૂર્ણ કરવામાં આવશે.

------------

## રાજ્યમાં જમીનની બિન ખેતીની પરવાનગી

૧૧૨૫૦**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં જમીન બિન-ખેતી કરવા અંગેની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ?

**જવાબ**

રાજ્ય સરકારે પગલાં લીધેલ છે. જમીન બિનખેતી કરવા વિશે તાજેતરમાં તા. ૧-૭-૦૮નો ઠરાવ કરાયેલ છે. જેને લીધે પ્રક્રિયા ઝડપી તથા સરળ બની છે.

------------

**મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો માટે કેન્દ્રો શરૂ કરવા અંગે**

૧૦૩૧૬**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિલાઓને કાયદાકીય તેમજ સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા તાલુકા કક્ષાએ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કોઈ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કેન્દ્રોને કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે? | (૩) તાલુકા કેન્દ્રને કુલ ખર્ચના ૭૫% મુજબ મહત્તમ વાર્ષિક રૂ. ૧.૨૫ લાખ સહાયક અનુદાન આપવામાં આવે છે. |

------------

**બનાસકાંઠા જિલ્લાના ઉચોરાણ એટા-કાતરવાડા રસ્તાને પહોળો કરવા બાબત**

૧૦૩૦૬ **શ્રી અનિલભાઈ માળી(દિયોદર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ઉચોરાણએટા-કાતરવાડા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) બનાસકાંઠા જિલ્લામાં ઉચોરાણએટા-કાતરવાડા રસ્તાને મજબૂતીકરણ કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. |
| (૨) જો હા, તો કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) અંદાજે રૂા. ૧૦૦.૬૨ લાખ. |
| (૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સદર રસ્તાની કામગીરી ભૌતિક રીતે પુર્ણ થયેલ છે. |

------------

**અમદાવાદ જિલ્લામાં રેવન્યુ રેકોર્ડ પ્રમોલગેશનની કામગીરી**

૧૦૩૬૧ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં રેવન્યુ રેકોર્ડ પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ થયેલ છે કે કેમ, અને | (૧) પૂર્ણ થયેલ છે. |
| (૨) જો હા, તો રેવન્યુ રેકોર્ડ પ્રમોલગેશનમાં થયેલી ભૂલો સુધારવા ૨૦૦૯-૧૦ના વર્ષમાં શું આયોજન છે? | (૨) ભૂલ સુધારણા નોંધોની કાર્યવાહી ચાલુમાં છે. જે તા. ૩૦-૯-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**સુરત જિલ્લામાં મહિલાઓ માટે મિલકત ખરીદવાના દસ્તાવેજો**

૧૦૩૫૯**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિલાઓના નામે મિલ્કત ખરીદીના કેટલા દસ્તાવેજો થયા, | (૧) ૧૨,૯૨૧. |
| (૨) આથી મહિલાઓને સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાનો કેટલો લાભ થયો, અને<br>(૩) તેની વિગતો શી છે? | (૨) અને (૩) : મહિલાઓની તરફેણમાં કરવામાં આવતા અને માલીકીફેરખતના દસ્તાવેજોમાં ફક્ત નોંધણી ફીની માફી આપેલ છે, તેથી સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાના લાભનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યમાં કૃષિ વિભાગમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ**

૧૦૫૩૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિભાગમાં વર્ગ-૧ અને વર્ગ-૨ માં અધિકારીઓની | (૧) વર્ગ-૧ : ૪૧૯ જગ્યા.<br>વર્ગ-૨ : ૨૧૦૬ જગ્યા. |

કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) આ પૈકી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) (૧) એક વર્ષથી ઓછા સમયથી. વર્ગ-૧ : ૫૫ વર્ગ-૨ : ૩૫૭

(૨) એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની વર્ગ-૧ : ૬૧ વર્ગ-૨ : ૪૮૫

(૩) ત્રણ વર્ષથી વધુ સમયની વર્ગ-૧ : ૪૦ વર્ગ-૨ : ૨૮૩

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે?

(૩) શક્ય બને તેટલી ઝડપથી.

## જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદથી નુક્સાન

૧૧૧૦૩**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં તા. ૨૩/૨૪ જુન ૨૦૦૯ના રોજ જૂનાગઢ જિલ્લામાં ભારે વાવાઝોડા અને વરસાદથી તાલુકાવાર કેટ કેટલું નુક્સાન થયું છે, અને

(૨) આ નુક્સાન સામે સરકાર તરફથી કોઈ વળતર/સહાય આપવાનું નક્કી થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકો | નુકસાનની વિગત | સહાયની વિગત |
|---|---|---|
| મેંદરડા | બે ભેંસનું વીજળી પડવાથી મૃત્યુ થયેલ છે. | બે ભેંસના રૂા.૧૫,૦૦૦/-ની સહાય તારીખ ૧૪-૭-૨૦૦૯ના રોજ ચુક્વેલ છે. |
| સુત્રાપાડા | એક ભેંસ તથા એક પાડીનું વીજળી પડવાથી મૃત્યુ થયેલ છે. | એક ભેંસના રૂ. ૭૫૦૦/- તથા એક પાડીના રૂા.૧૦૦૦/- ની સહાય તા. ૬-૭-૨૦૦૯ના રોજ ચુક્વેલ છે. |
| કોડીનાર | એક કાચા મકાનને તથા ૨૧ ઝુંપડાને અંશતઃ નુકસાન થયેલ છે. | એક કાચા મકાનને રૂ. ૭૦૦૦/- નું નુક્સાન થયેલ છે જેની સહાય તા. ૧૪-૭-૨૦૦૯ના રોજ ચુક્વવામાં આવેલ છે. તથા આ ૨૧ ઝુંપડા દરિયા કિનારાની તદ્દન નજીક હોઇ અને રહેણાંક વિસ્તારમાં આવેલ ન હોય સહાય ચુક્વવાની રહેતી નથી. |
| વેરાવળ | એક કાચા મકાનને નુક્સાન થયેલ છે. | મકાન પેશકદમી વાળી જ્ગ્યામાં હોવાથી નુક્સાન ની સહાય ચુક્વવા પાત્ર નથી. |

------------

## રાજ્યમાં કન્યા કેળવણીના ઠરાવનો અમલ

૧૦૨૫૭**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કન્યા કેળવણી માટે કન્યાઓને મફત શિક્ષણ આપવાનો સરકારે ક્યારે ઠરાવ કર્યો,

(૨) આ ઠરાવોનો તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં ખાનગી શાળા કોલેજોમાં અમલ થતો નથી તેવી હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આવી ખાનગી શાળા-કોલેજોએ કન્યાઓ પાસેથી લીધેલી ફી સરકાર પરત ચૂક્વવા આદેશો કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) સરકારશ્રી તરફથી તા.૧-૮-૮૫ તથા તા.૧-૧૨-૦૮ના રોજ ઠરાવ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત ઠરાવની જોગવાઇ ખાનગી કોલેજોને લાગુ પડતી નથી.

(૩) જ્યારે ઠરાવ બહાર પડ્યો ત્યારે સેલ્ફફાયનાન્સ કોલેજોનું અસ્તિત્વ ન હતું પરંતુ હવે તેવી કોલેજોની કન્યાઓને ફીની ચૂકવણીથી રાજ્ય સરકાર ઉપર કેટલો નાણાકીય બોજ પડશે તેના અભ્યાસ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯-૬-૦૮ ના ઠરાવથી એક સમિતિની રચના કરવામાં આવેલ છે.

------------

## રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટીનો એકત્રિત દર

૧૦૩૩૪ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણ કરવા સરકાર માંગે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકારે તા.૦૧-૦૪-૦૬થી સ્ટેમ્પ ડયુટીના દરોનું સરળીકરણ અમલી બનાવેલ છે.

------------

**વડોદરા શહેરમાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતી આંગણવાડીઓ**

૧૦૩૪૭ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં કેટલી આંગણવાડીઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા વિસ્તારમાં ચાલે છે,

(૨) આ આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ વડોદરા શહેરમાં કુલ ૩૦૦ આંગણવાડીઓ ચાલે છે.
(પત્રક* સામેલ છે.)

(૨) હા, જી.

(૩) મેડીકલ કેર સેન્ટર સંસ્થા દ્વારા-૪૦ અને તારામંડળ સંસ્થા દ્વારા-૧૧૬ આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.

* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

**મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો માટે કેન્દ્રો શરૂ કરવા અંગે**

૧૦૩૨૫ **ડૉ.નીમાબેન આચાર્ય(અંજાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલાઓને કાયદાકીય તેમજ સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા તાલુકા કક્ષાએ તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ કોઇ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો આ કેન્દ્રોને કોઇ આર્થિક સહાય આપવામાં આવે છે, અને

(૩) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) હા, જી

(૩) તાલુકા કેન્દ્રને કુલ ખર્ચના ૭૫% મુજબ મહત્તમ વાર્ષિક રૂા.૧.૨૫ લાખ સહાયક અનુદાન આપવામાં આવે છે.

------------

**કચ્છ જિલ્લામાં જમીન માપણીની ઓફિસમા સંવર્ગવાર જગ્યાઓ**

૧૦૩૬૩**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફિસમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની ક્ચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે |
|---|---|---|
| હેડ ક્વાટર | ૧ | તા.૧-૫-૦૯ થી |
| આસીસ્ટંટ વર્ગ-૩ | | |
| સર્વેયર વર્ગ-૩ | ૬ | તા.૬-૧૦-૦૬ થી ૧ |
| | | તા.૧-૮-૦૭ થી ૧ |
| | | તા.૪-૬-૦૮ થી ૧ |
| | | તા.૧-૧૦-૦૮ થી ૧ |
| | | તા.૬-૧૦-૦૮ થી ૧ |
| | | તા.૨-૩-૦૯ થી ૧ |
| કારકૂન વર્ગ-૩ | ૧ | તા.૧-૨-૦૫ થી |
| **સંવર્ગ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ક્યારથી ખાલી છે** |
| પટાવાળા વર્ગ-૪ | ૭ | તા.૩૧-૮-૨૦૦૦ થી ૧ |
| | | તા.૧-૯-૦૨ થી ૧ |
| | | તા.૨૯-૩-૦૩ થી ૧ |
| | | તા.૩-૯-૦૫ થી ૧ |
| | | તા.૬-૧૨-૦૫ થી ૧ |
| | | તા.૩-૩-૦૬ થી ૧ |
| | | તા.૨૨-૧૨-૦૬ થી ૧ |
| **કુલ :** | **૧૫** | |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની ખાલી જગ્યાઓ

૧૦૩૫૦**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ખેડૂત અકસ્માત વીમા સહાય યોજના અન્વયે તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૪૦ ખેડૂતોને કુલ રૂ. ૪૦/-લાખ રકમ ચૂકવવામાં આવી. |
| (૨) સહાય ચૂકવવાની કેટલી દરખાસ્તો વિચારણા હેઠળ છે? | (૨) ૨૨. |

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામકરણ કરવાનો ઠરાવ

૯૯૩૧ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામકરણ કરવાનો સેનેટે મંજૂર કરેલ કોઇ ઠરાવ સરકારને મળેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો ક્યારે મળ્યો અને ક્યા કારણોસર મંજૂરી આપવામાં આવતી નથી, અને<br>(૩) વહેલામાં વહેલી ક્યારે મંજૂરી આપવામાં આવશે? | (૧), (૨) અને (૩) : યુનિવર્સિટી તરફથી ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીને દરખાસ્ત મળેલ છે. જે બાબત વિચારણા હેઠળ છે. |

## પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટમાં થયેલ ઘટાડો

૧૦૨૯૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ધોરણ-૫ અને ધોરણ-૧ થી ધોરણ-૭ માં ડ્રોપ આઉટ રેટમાં કોઇ ઘટાડો થયો છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે? | (૨) |

- દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.
- વિદ્યાદીપ યોજના દાખલ કરેલ છે.
- માન. મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીનીઓ માટે અલાયદા શૌચાલય સંકુલના બાંધકામ કરવામાં આવેલ છે.
- વિદ્યાસહાયક ભરતી યોજના દાખલ કરેલ છે.
- વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો, સ્વાધ્યાયપોથીઓ, આપવામાં આવેલ છે.
- બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ પ્રયોજવામાં આવે છે.
- આંગણવાડી ન હોય તેવા ગામોમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળા વચ્ચે સેતુરૂપ ઇસીસીઇ કેન્દ્રો ખોલવાનું ધોરણ રાખેલ છે.
- સર્વ શિક્ષા અભિયાન, એન.પી.ઇ.જી.ઇ. એલ., કે.જી.બી.વી. યોજનાઓની સફળતા પૂર્વક અને ફળદાયી અમલવારી કરવામાં આવી રહી છે.
- મધ્યાહન ભોજન યોજના દાખલ કરવામાં આવેલ છે.

------------

## સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ

૯૮૬૭**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે રાજ્યને કેટલી રકમ ફાળવી છે, અને

(૨) ફાળવેલ રકમમાંથી વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૨૭૮૫.૭૬ |
| ૨૦૦૮-૦૯ | ૨૫૪૩૨.૪૭ |

(૨) માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકારશ્રી ધ્વારા નિયત થયેલ નાણાકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ ભારત સરકારશ્રી ધ્વારા મંજૂર કરવામાં આવે છે તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો નિભાવવામાં આવે છે. આમ તાલુકાવાર હિસાબો નિભાવવામાં આવતા નથી. આથી સમગ્ર આણંદ જિલ્લામાં સમાવેશ તમામ તાલુકાઓની મંજૂર થયેલ પ્રવૃત્તિ મુજબ થયેલ ખર્ચની એકત્રિત વિગતો આ સાથે પત્રક-અ અને બ માં સામેલ રાખેલ છે.

| વર્ષ | એસ.એસએ. | એનપીજીઇએલ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૭૮૨.૪૬ | ૧.૯૫ | ૭૮૪.૪૧ |
| ૨૦૦૮-૦૯ | ૧૦૧૬.૩૯ | ૧.૫૫ | ૧૦૧૭.૯૪ |

### પત્રક-અ

(રૂ. લાખમાં)

| પ્રવૃત્તિનું નામ | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર થયેલ બજેટ | થયેલ ખર્ચ | બચત રકમ | મંજૂર થયેલ બજેટ | થયેલ ખર્ચ | બચત રકમ |
| એસએસએ | | | | | | |
| ટીચર્સ ગ્રાન્ટ | ૩૮.૦૪ | ૩૩.૬૬ | ૪.૩૮ | ૩૮.૦૫ | ૩૩.૭૫ | ૪.૩૦ |
| બ્લોક રિસોર્સ સેન્ટર | ૧૩.૪૦ | ૧૩.૪૦ | ૦.૦૦ | ૧૭.૧૨ | ૧૭.૧૨ | ૦.૦૦ |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર | ૪૪.૮૮ | ૪૪.૮૮ | ૦.૦૦ | ૪૭.૦૦ | ૪૪.૫૮ | ૨.૪૨ |
| ટીચર્સ ટ્રેનીંગ | ૧૧૦.૧૩ | ૯૦.૧૦ | ૨૦.૦૩ | ૧૧૫.૪૭ | ૭૩.૨૬ | ૪૨.૨૧ |
| શાળા બહારના બાળકો | ૬૦.૨૮ | ૫૧.૪૮ | ૮.૮૦ | ૫૮.૨૬ | ૪૭.૦૪ | ૧૧.૨૨ |
| ફ્રી ટેક્સ બૂક | ૨૪.૧૨ | ૧૯.૭૦ | ૪.૪૨ | ૭૯.૪૩ | ૪૩.૮૬ | ૩૫.૫૭ |
| આઇ.ઇ.ડી. (વિકલાંગ બાળકોને સહાય શિક્ષણ) | ૩૧.૩૦ | ૨૮.૯૭ | ૨.૩૩ | ૪૧.૭૮ | ૪૧.૭૮ | ૦.૦૦ |
| સિવિલ વર્ક્સ | ૩૨૦.૩૩ | ૨૧૧.૦૩ | ૧૦૯.૨૦ | ૩૮૬.૦૩ | ૩૦૭.૦૧ | ૭૯.૦૨ |
| મેજર રીપેરીંગ | ૭૨.૦૩ | ૭૨.૦૩ | ૦.૦૦ | ૬૨.૫૫ | ૬૨.૫૫ | ૦.૦૦ |
| સ્કૂલ મેઇન્ટેનન્સ (શાળા મરામત) | ૯૨.૩૫ | ૯૧.૬૯ | ૦.૬૬ | ૧૪૨.૬૪ | ૧૨૭.૦૨ | ૧૫.૬૨ |
| સ્કૂલ ગ્રાન્ટ | ૪૦.૮૮ | ૩૬.૪૨ | ૪.૪૬ | ૧૦૭.૫૩ | ૧૦૬.૦૭ | ૧.૪૬ |
| આર એન્ડ ઇ (રીસર્ચ એન્ડ અવેલ્યુએશન) | ૧૪.૧૪ | ૧૩.૭૮ | ૦.૩૬ | ૨.૮૮ | ૨.૮૮ | ૦.૦૦ |
| મેનેજમેન્ટ અને એમઆઇએસ | ૨૮.૮૨ | ૨૬.૨૫ | ૨.૫૭ | ૫૯.૩૭ | ૫૮.૧૬ | ૧.૨૧ |
| કોમ્યુનિટી (મોબીલાઇઝેશન) | ૨.૨૯ | ૧.૫૯ | ૦.૭૦ | ૨.૧૫ | ૨.૦૦ | ૦.૧૫ |
| ઇનોવેશન | ૬૫.૬૩ | ૪૭.૪૮ | ૧૮.૧૫ | ૧૧૬.૬૦ | ૪૯.૩૧ | ૬૭.૨૯ |
| **કુલ :** | **૯૫૮.૫૨** | **૭૮૨.૪૬** | **૧૭૬.૦૬** | **૧૨૭૬.૮૬** | **૧૦૧૬.૩૯** | **૨૬૦.૪૭** |

### પત્રક-બ

**૨૦૦૭-૦૮** (રૂ. લાખમાં)

| નં. | રીકરીંગ ખર્ચ | બજેટ | ખર્ચ | બચત |
|---|---|---|---|---|
| ૧ | એવાર્ડસ | ૦.૧૫ | ૦.૧૫ | ૦.૦૦ |
| ૨ | ચાઇલ્ડ કેર સેન્ટર | ૦.૨૩ | ૦.૨૩ | ૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | પ્રપોઝન ઓફ ગર્લ્સ મેઇન્ટેનન્સ ઓફ એમ.સી.એસ. | ૧.૧૨ | ૧.૧૨ | ૦.૦૦ |
| ૪ | સ્ટુડન્ટ ઇવેલ્યુએશન | ૦.૫૩ | ૦.૫૩ | ૦.૦૦ |
| ૫ | ટીચર્સ ટ્રેનીંગ | ૦.૧૨ | ૦.૧૨ | ૦.૦૦ |
| ૬ | મોબીલાઇઝેશન અને મેનેજમેન્ટ કોસ્ટ | ૦.૦૫ | ૦.૦૫ | ૦.૦૦ |
| | **કુલ :** | **૧.૯૫** | **૧.૯૫** | **૦.૦૦** |

**૨૦૦૮-૦૯** (રૂ. લાખમાં)

| નં. | રીકરીંગ ખર્ચ | બજેટ | ખર્ચ | બચત |
|---|---|---|---|---|
| ૧ | એવોર્ડસ | ૦.૧૫ | ૦.૧૫ | ૦.૦૦ |
| ૨ | ચાઇલ્ડ કેર નોન રીકરીંગ | ૦.૦૬ | ૦.૦૦ | ૦.૦૬ |
| ૨ | ચાઇલ્ડ કેર સેન્ટર | ૦.૩૦ | ૦.૧૮ | ૦.૧૨ |
| ૩ | પ્રપોઝન ઓફ ગર્લ્સ મેઇન્ટેનન્સ ઓફ એમ.સી.એસ. | ૦.૫૯ | ૦.૫૯ | ૦.૦૦ |
| ૪ | સ્ટુડન્ટ ઇવેલ્યુએશન | ૦.૫૯ | ૦.૫૯ | ૦.૦૦ |
| ૫ | ટીચર્સ ટ્રેનીંગ | ૦.૧૨ | ૦.૦૪ | ૦.૦૮ |
| ૬ | મોબીલાઇઝેશન અને મેનેજમેન્ટ કોસ્ટ | ૦.૧૦ | ૦.૦૦ | ૦.૧૦ |
| | **કુલ :** | **૧.૯૧** | **૧.૫૫** | **૦.૩૬** |

------------

**સાવરકુંડલા તાલુકામાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ સાયન્સ અભ્યાસ માટે ગ્રાન્ટેડ શાળાનું આયોજન**

૧૦૪૨૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં બાઢડા મુકામે સાયન્સ પ્રવાહની ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ નોન ગ્રાન્ટેડ શાળા ચાલે છે જેના કારણે અનુસૂચિત જાતિ, બક્ષીપંચ અને ગરીબ બાળકો ફી ભરી ન શકવાથી સાયન્સનો અભ્યાસ મેળવી શક્તા નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સાયન્સ પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળા શરૂ કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) સાવરકુંડલા તાલુકામાં ૧ વિજ્ઞાન પ્રવાહની ગ્રાન્ટેડ શાળા આવેલી જ છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં રસ્તાના પૂર્ણ થયેલ કામો**

૧૦૨૫૯**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર સેન્ટ્રલ રોડ ફંડ હેઠળ સ્ટેટ રોડમાં કેટલા રસ્તાઓ મંજૂર થયા,

(૨) તે અન્વયે કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સેન્ટ્રલ રોડ ફંડ હેઠળ સ્ટેટ રોડ પૈકી ૩ રાજ્ય ધોરી માર્ગો મંજૂર થયેલ છે.

(૨) એક રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે તથા એક રસ્તાનું કામ પ્રગતિમાં છે.

**ભાવનગર જિલ્લાની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૦૩૪૬**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાની કેટલી કન્યાઓને કુલ કેટલી રકમનાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ, અને

**જવાબ**

(૧) **પ્રાથમિક શાળા :**
૪૯૨૫ કન્યાઓને રૂા. ૪૯,૨૫,૦૦૦ની રકમના

**માધ્યમિક શાળા :**
૮૧ કન્યાઓને રૂા. ૧,૬૨,૦૦૦ની રકમના

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે ?

(૨) પ્રાથમિક શાળા માટે કન્યા દીઠ રૂા.૧,૦૦૦ અને ધો.-૮ની કન્યાઓને કન્યાદીઠ રૂા. ૨,૦૦૦

------------

## વડોદરા જિલ્લામાં રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા અંગે

૧૦૩૨૧ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ટણખલા-ગોવાયાઢ-દુગ્ધા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) મજબૂતીકરણ કરવાની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) મજબૂતીકરણ માટે રૂા.૨૩૧.૧૬ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) કામગીરી પ્રગતિમાં છે. |

------------

## તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ ઊભી કરવા બાબત

૧૦૦૫૧**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર(રુરલ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગની કામગીરી બજાવવા માટે વિભાગના પ્રત્યક્ષ નિયંત્રણ હેઠળ તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ ઊભી કરવા સરકારે વિચારણા કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) તલાટી-કમ-મંત્રી નહીં, પરંતુ તલાટી સંવર્ગની જગ્યાઓ ઊભી કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) મહેસૂલ વિભાગ હેઠળ તલાટીની કુલ ૧૮૦૦ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવેલ છે અને વર્ષ-૨૦૦૯-૧૦ના અંદાજપત્રમાં રૂા. ૨.૭૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. |

## ખેડા, આણંદ અને સાબરકાંઠા જિલ્લામાં હલકી ગુણવત્તાવાળી કૃષિ દવાઓ

૧૦૯૧૭**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા, આણંદ અને સાબરકાંઠા જિલ્લામાં કેટલી કંપનીવાળા એગ્રીકલ્ચર મેડીસીન (કૃષિ દવાઓ) રોગ નાશક દવાઓ હલકી ગુણવત્તાવાળી વેચનારા ઝડપાયા, અને | (૧) ૪૧. |
| (૨) આ કંપનીવાળાના જવાબદારો સામે શા પગલાં લીધા ? | (૨) ૧૭ કંપનીવાળા સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા.<br>૨૪ કંપનીવાળાને નોટીસ આપી. |

## મહેસાણા તાલુકાના છઠીયાદરા-ગોળાદ રોડનું કામ

૧૦૩૦૭ **શ્રી અનિલભાઈ પટેલ(મહેસાણા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા તાલુકાના છઠીયાદરા-ગોળાદ રોડની સપાટી સુધારણાનું કામ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૨) આ કામ માટે રૂા. ૨૫૩.૬૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. |
| (૩) કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) આ કામગીરી તા. ૨-૧૧-૦૯ સુધીમાં પુર્ણ કરવામાં આવશે. |

------------

**ખેડા જિલ્લાના રસ્તાઓના રીપેરીંગ માટે કરેલ ખર્ચ**

૧૧૧૯૨ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા ૨૦૦૮-૦૯ના વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ વિભાગ હસ્તક્ના રસ્તાઓના રીપેરીંગ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૨) કપડવંજ તાલુકામાં ક્યા ક્યા રસ્તાઓ પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ નડીયાદ દ્વારા ૨૦૦૮-૦૯ના વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ નીચે જણાવેલ વિગતે ખાસ મરામત અને ચાલુ મરામત હેઠળ ખર્ચ કરવામાં આવેલ છે.

| તાલુકો | રસ્તાઓના રીપેરીંગ હેઠળ કુલ ખર્ચ (રૂા. લાખ) |
|---|---|
| નડીયાદ | ૧૧૬.૬૨ |
| મહુધા | ૬.૫૭ |
| મહેમદાવાદ | ૧૭.૩૫ |
| ખેડા | ૫.૧૭ |
| માતર | ૬૭.૯૮ |
| ઠાસરા | ૬૪.૦૩ |
| બાલાસિનોર | ૧૭.૬૯ |
| વિરપુર | ૧૬.૨૧ |
| કપડવંજ | ૮૦.૮૫ |
| કઠલાલ | ૨૭.૭૨ |

(૨) કપડવંજ તાલુકામાં ૨૦૦૮-૦૯નાં વર્ષ દરમ્યાન રસ્તાઓ રીપેરીંગ માટે કરેલ ખર્ચ સામેલ **પરિશિષ્ટ-૧માં** દર્શાવેલ છે.

**પરિશિષ્ટ-૧**

તા. ૧-૪-૦૮થી તા. ૩૧-૩-૦૯ દરમ્યાન રસ્તાઓ રીપેરીંગ પાછળ કરેલ ખર્ચની માહિતી

| ક્રમ | રસ્તાનું નામ | કરેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૧ | વ્યાસ વાસણા દાંડીયાપુરા નીરમાલી રોડ | ૧.૬૫ |
| ૨ | કપડવંજ બેટાવાડા નીરમાલી રોડ | ૨.૦૧ |
| ૩ | નીરમાલી તેલનાર બોભા રોડ | ૦.૩૫ |
| ૪ | જલોયા કેવડીયા ભાઈલાકુઈ રોડ | ૦.૭૧ |
| ૫ | વડાલી દંતાણી રોડ | ૦.૮૧ |
| ૬ | તેયબપુરા બાપુજીના મુવાડા રોડ | ૦.૫૪ |
| ૭ | વઘાસ ઘડીયા રોડ | ૦.૪૮ |
| ૮ | વણઝરીયા જુના મુવાડા રોડ | ૦.૧૩ |
| ૯ | તેયબપુરા ઝગડુપુર રોડ | ૦.૦૨ |
| ૧૦ | કોસમ એપ્રોચ રોડ | ૦.૦૪ |
| ૧૧ | નીરમાલી બોભા ઉત્કંઠેશ્વર રોડ | ૦.૪૯ |
| ૧૨ | નારના મુવાડા રોડ | ૦.૧ |
| ૧૩ | થવાદ લાટ દંતાલી રોડ | ૧.૧૭ |
| ૧૪ | અગ્રાજી રમોસડી રોડ | ૦.૨૩ |
| ૧૫ | મોટી ઝેર બ્રીજ એપ્રોચ રોડ | ૦.૦૩ |
| ૧૬ | કપડવંજ વ્યાસ વાસણા ઝંડા રોડ | ૨૨.૮ |
| ૧૭ | કાવઠ પાટીયા થવાદ કાશીપુરા રોડ | ૧.૦૧ |
| ૧૮ | વડાલી પાટીયાથી વડાલી લેટર રોડ | ૦.૪૯ |
| ૧૯ | કપડવંજ ક્લાજીના મુવાડા વ્યાસ વાસણા નાની ઝેર (હીરાપુરા પીક અપ સ્ટેન્ડ) રોડ | ૦.૨૪ |
| ૨૦ | દાસલવાડા આંત્રોલી ખડાલ રોડ | ૦.૧૩ |
| ૨૧ | તોરણા પાટીયા કાણીયેલ છીપડી રોડ | ૦.૦૭ |
| ૨૨ | ચીખલોડ બામણીયા પાટીયા રોડ | ૦.૦૭ |
| ૨૩ | કપડવંજ વ્યાસ વાસણા નીરમાલી બોભા તેલનાર રોડ | ૦.૧૭ |
| ૨૪ | વિરણીયા ગોવિંદપુરા રોડ | ૦.૨૪ |
| ૨૫ | ખડાલ આંત્રોલી મહમદપુરા રોડ | ૨૦.૯૩ |
| ૨૬ | ઘઉઆ એપ્રોચ રોડ | ૦.૮૮ |
| ૨૭ | કપડવંજ દાણા અનારા રોડ | ૦.૬૪ |
| ૨૮ | સુણદા ભુતીયા એપ્રોચ રોડ | ૨૨.૦૨ |
| ૨૯ | પોરડા ભાટેરા રોડ | ૧.૪૯ |
| ૩૦ | ભુંગળીયા એપ્રોચ રોડ | ૦.૯૧ |
| | **કુલ :** | **૮૦.૮૫** |

------------

**જૂનાગઢ જિલ્લામાં ઈ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધ**

૧૧૧૧૬ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના)માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઈ-ધરા હેઠળ હક્ક પત્રક નોંધની જૂનાગઢ જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે ?

**જવાબ**

૧૬૩૩૦.

------------

**પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાના રસ્તાને મજબૂત તેમજ પહોળો કરવા બાબત**

૧૦૩૨૦**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં મોરવા તાલુકામાં કુવાઝર - પરબીયા - ચાંદપુર - વણડેલી રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ માટે અંદાજી રૂા. ૧૦૬ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

------------

**ભરૂચ જિલ્લામાં રેવન્યુ રેકોર્ડ પ્રમોલગેશનની કામગીરી**

૧૦૩૬૨**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં રેવન્યુ રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ થયેલ છે કે કેમ, અને | (૧) ભરૂચ જિલ્લાના ૬૬૭ ગામો પૈકી, ૬૬૪ ગામોનું રેવન્યુ રેકર્ડનું પ્રમોલગેશન થઈ ગયેલ છે. |
| (૨) જો હા, તો રેવન્યુ રેકોર્ડ પ્રમોલગેશનમાં થયેલી ભૂલો સુધારવા ૨૦૦૯-૧૦ના વર્ષમાં શું આયોજન છે ? | (૨) પ્રમોલગેશનની કામગીરી દરમ્યાન શોધેલ ભૂલો અંગે સુધારા હુકમ કરીને તે અંગેની ફેરફાર નોંધો પાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનું આયોજન**

૧૧૧૬૭**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ માલપુર, મેઘરજ, ધનસુરા અને બાયડ તાલુકાઓમાં ચોમાસાની ઋતુમાં આવતાં પૂર અને વાવાઝોડાની સ્થિતિને પહોંચી વળવા માટે સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા કોઈ આગોતરૂં આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આવા અંતરિયાળ તાલુકાઓમાં પૂર અને વાવાઝોડાની આગોતરી જાણ થાય તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૨) પૂર અને વાવાઝોડાની જિલ્લા કક્ષાના કન્ટ્રોલરૂમને માહિતી મળ્યેથી તાલુકા કક્ષાના કન્ટ્રોલરૂમોને ટેલીફોન, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા તેમજ શોર્ટ મેસેજ સીસ્ટમથી જાણ કરવામાં આવે છે. વધુમાં આગોતરા આયોજન તરીકે ચોમાસાનો એક્શન પ્લાન પણ તૈયાર કરવામાં આવેલ છે. |

------------

**ખાસ સચિવશ્રી(અપીલ)ની કચેરીમાં પડતર કેસો**

૯૧૪૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ખાસ સચિવ (વિવાદ)ની કચેરીમાં તા. ૩૧ મે, ૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને | (૧) ૧૨૪૮૭ |
| (૨) પડતર કેસોના જલ્દી નિકાલ માટે સરકાર કોઈ આયોજન કરવા માગે છે કે કેમ ? | (૨) અર્ધન્યાયિક પ્રક્રિયા હોવાને કારણે કેસોના નિકાલમાં સમય-મર્યાદા બાંધી શકાતી નથી. છતાં ઝડપી નિકાલ થાય તે માટે ખાસ સચિવ(વિવાદ)ની કચેરી દ્વારા કાર્યવાહી કરાય છે. |

------------

## મહિલા અને બાળ કલ્યાણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાય

૯૮૬૪ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં મહિલા અને બાળ કલ્યાણ માટેની કઈ કઈ યોજનાઓ પેટે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી,

**જવાબ**

(૧) યોજનાવાર નીચે પ્રમાણે સહાય મળેલ છે
(રકમ રૂા. લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ ૨૦૦૭-૦૮ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | પુરક પોષણ કાર્યક્રમ (૫૦ ટકા) (૫૦ ટકા) | ૩૧૮૭.૫૮ | ૭૪૬૪.૩૩ |
| ૨ | એન.એન.એમ./એન.પી.એ.જી. (૧૦૦ ટકા સીએસએસ) | ૩૧૨.૩૨ | ૨૭૪.૯૩ |
| ૩ | આઈસીડીએસ જનરલ તથા ટ્રાયબલ નોનપ્લાન (૧૦૦ ટકા) સીએસએસ) | ૧૧૫૩૮.૧૮ | ૧૬૬૯૩.૯૬ |
| ૪ | કિશોરી શક્તિ યોજના (૧૦૦ટકા સીએસએસ) | ૧૩૯.૦૦ | ૧૮૮.૮૫ |
| ૫ | એ પોગ્રામ ફોર જુવેનાઈલ જસ્ટિસ યોજના | ૧૪૦.૨૭ | ૧૩૪.૬૦ |
| ૬ | રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળ ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના | શૂન્ય | ૫૯૬.૨૨ |
| ૭ | સ્વયં સિધ્ધા યોજના | ૪૮.૩૬ | શૂન્ય |

(૨) આ યોજનામાં રાજ્ય સરકારનો ફાળો કેટલો, અને

(૨) યોજનાવાર નીચે પ્રમાણે રાજ્ય સરકાર ફાળો આપે છે (રકમ લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ | રાજ્ય સરકારનો ફાળો વર્ષ ૨૦૦૭-૦૮માં | રાજ્ય સરકારનો ફાળો વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ખર્ચના (૫૦ ટકા) |
|---|---|---|---|
| ૧ | પુરક પોષણ કાર્યક્રમ | ૬૧૨૮.૦૮ કુલ ખર્ચના (૫૦ ટકા) | ૬૫૪૮.૩૪ કુલ ખર્ચના (૫૦ ટકા) |
| ૨ | એ પોગ્રામ ફોર જુવેનાઈલ જસ્ટીસ યોજના | ભારત સરકાર દ્વારા નક્કી થયેલ માપદંડના ૫૦ ટકા ભારત સરકાર આપે છે અને બાકીનો ખરેખર થયેલ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. | |
| ૩ | રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળ ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના | તા. ૧૭-૨-૦૯થી યોજના શરુ થયેલ છે. ત્યારબાદ ચુંટણી આચાર સંહિતા હોવાથી રાજ્ય સરકાર દ્વારા આ યોજનાને સ્વીકારવાની બાબત વિચારણા હેઠળ છે. | |
| ૪ | સવ્યં સિધ્ધા યોજના | ૨૫ ટકા | |

(૩) આ પેકી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટ કેટલી રકમ વર્ષવાર ખર્ચ કરવામાં આવી ?

(૩) વર્ષવાર ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે. (રકમ રૂા. લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ | થયેલ ખર્ચ ૨૦૦૭-૦૮ | થયેલ ખર્ચ ૨૦૦૮-૦૯ | ખર્ચની વિગત વર્ષ ૨૦૦૯-૧૦ (૩૧-૫-૦૯ સુધી) | |
|---|---|---|---|---|---|
| ૧ | પુરક પોષણ કાર્યક્રમ | ૧૨૨૫૬.૧૬ | ૧૩૦૯૬.૬૯ | ૩૨૪૫.૬૬ | |
| ૨ | એન.એન.એમ/ એન.પી.એ.જી. | ૧૯૦.૧૬ | ૩૪૨.૫૨ | ૦.૦૦ | |
| ૩ | આઈસીડીએસ જનરલ ટ્રાયબલ નોનપ્લાન | ૧૧૭૮૦.૮૬ | ૧૫૮૫૫.૫૨ | ૩૬૨૧.૧૬ | |
| ૪ | કિશોરી શક્તિ યોજના | ૧૩૦.૦૦ | ૨૮૬.૦૦ | ૦.૦૦ | |
| ૫ | એ પ્રોગ્રામ ફોર જુવેનાઈલ જસ્ટીસ યોજના | ૪૬૪.૬૪ | ૫૪૫.૦૮ | ૭૪.૩૨ | |
| ૬ | રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળ ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના | શૂન્ય | શૂન્ય | શૂન્ય | |
| ૭ | સ્વયં સીધ્ધા યોજના | ૪૭.૪૪ | શૂન્ય | શૂન્ય | |

------------

## અનુસૂચિત જાતિ / જનજાતિના વિદ્યાર્થીઓને મફત પાઠ્ય પુસ્તકો

૧૦૯૬૮ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિ અને જનજાતિના ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે વિતરણ માટે

**જવાબ**

(૧) તા. ૮-૬-૦૯ના રોજથી શાળાના નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થાય તે પહેલાં અનુ.જાતિ /

છપાયેલા પાઠ્ય પુસ્તકો અમદાવાદના ફર્નાન્ડીસ પુલ નીચે, ભુજ-કચ્છ અને રાજકોટ જિલ્લામાં હાલ વેચાઈ રહ્યા છે તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે,

જનજાતિના ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે વિતરણ માટે છપાયેલા પાઠ્ય પુસ્તકો દરેક શાળા કક્ષાએ પહોંચાડી દેવામાં આવેલ હતા આથી વિના મૂલ્યે વિતરણ માટે છપાયેલ પાઠ્ય પુસ્તકો અમદાવાદના ફર્નાન્ડીસ પુલ નીચે, ભૂજ-કચ્છ અને રાજકોટ જિલ્લામાં વેચાઇ રહયા હોવાની વાત ખોટી છે.

(૨) જો હા, તો આ ભયંકર કોભાંડના આરોપીઓ કોણ છે અને આ પુસ્તકો કઈ રીતે બજારમાં પહોંચ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તેમની સામે શી કાર્યવાહી થઈ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજકોટ જિલ્લામાં પી.ટી.સી.ની લાયકાત ન ધરાવતા શિક્ષકોની ભરતી**

૧૦૨૬૩**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ડીપીઈઓ | ડીઈઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૨૯ | ૨૨ | ૫૧ |
| ૨ | જેતપુર | ૪૯ | ૪૫ | ૯૪ |
| ૩ | પડધરી | ૧૯ | -- | ૧૯ |
| ૪ | કોટડા-સાંગાણી | ૧૯ | -- | ૧૯ |
| ૫ | ધોરાજી | ૫૬ | -- | ૫૬ |
| ૬ | જામકંડોરણા | ૦૫ | -- | ૦૫ |
| ૭ | વાંકાનેર | ૪૮ | -- | ૪૮ |
| ૮ | ટંકારા | ૧૩ | -- | ૧૩ |
| ૯ | ગોંડલ | ૧૦૮ | -- | ૧૦૮ |
| ૧૦ | મોરબી | ૧૦૮ | -- | ૧૦૮ |
| ૧૧ | માળીયા- મીયાણા | ૦૧ | -- | ૦૧ |
| ૧૨ | જસદણ | ૮૯ | | ૮૯ |
| ૧૩ | રાજકોટ | ૯૦ | ૬૯૧ | ૭૮૧ |
| ૧૪ | લોધીકા | ૧૫ | -- | ૧૫ |
| | કુલ : | ૬૪૯ | ૭૫૮ | ૧૪૦૭ |

(૨) આ શાળાઓમાં પી.ટી.સી.ની લાયકાત વગરના ઓછી લાયકાત ધરાવતા કેટલા શિક્ષકોની ભરતી થયેલ છે, અને

(૨) આ શાળાઓમાં પી.ટી.સી.ની લાયકાત વગરના ઓછી લાયકાત ધરાવતા શિક્ષકો જોવા મળેલ નથી.

(૩) આ અંગે સરકારે શાં શાં પગલાં લીધા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નતી.

------------

**વડોદરા જિલ્લાના પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાની કામગીરી**

૧૦૫૪૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી, જેતપુર, છોટા ઉદેપુર, ક્વાંટ તાલુકાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, નાબાર્ડના રસ્તાઓમાં જંગલ ખાતાની જમીન આવે છે તેવા કેટલા રસ્તાઓ છે,

**જવાબ**

(૧) ૨૧ રસ્તાઓ છે.

(૨) જંગલ ખાતાની જમીન સંપાદન કરવા કોઈ કાર્યવાહી થઈ છે કે કેમ,

(૨) હા,જી.

(૩) આ રસ્તાઓ પાછળ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) રૂા. ૨૩૧.૬૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૪) સરકાર આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે ?

(૪) જંગલની જમીન સંપાદન કામગીરી પુર્ણ થયેથી આ રસ્તાઓની કામગીરી હાથ ધરી શકાશે.

------------

## ભરૂચ જિલ્લાના દહેજ ઓદ્યોગિક વિસ્તારમાં નાના અને મોટા ઓદ્યોગિક એકમોને જમીન આપવા બાબત

૧૦૬૭૪**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના દહેજ ઓદ્યોગિક વિસ્તારમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નાના અને મોટા ઓદ્યોગિક ગૃહોની જમીન મેળવવા માટેની કેટલી માંગણીઓ આવી છે, | (૧) ૧૫ માગણીઓ આવી છે. |
| (૨) તે અન્વયે ક્યા ક્યા ઓદ્યોગિક ગૃહોને રાહત દરે જમીનો ફાળવવાના ઠરાવો ક્યારે કરવામાં આવ્યા, અને | (૨) કોઈ પણ ઓદ્યોગિક ગૃહોને જમીન ફાળવવામાં આવી નથી. |
| (૩) દહેજ સિવાયના રાજ્યના અન્ય કોઈ ઓદ્યોગિક વિસ્તારમાં આવી રાહત આપવાના ઠરાવો કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) હા, જી. |

------------

## મહેસૂલી કામગીરીના સરળીકરણ માટે સુધારા

૧૦૩૦૪ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસૂલ વિભાગ હેઠળની કામગીરીના સરળીકરણ માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુધારા બહાર પાડવામાં આવ્યા છે તે વાત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા સુધારા કરવામાં આવ્યા ? | (૨) સામેલ **પરિશિષ્ટ** મુજબ. |

### પરિશિષ્ટ

### મહેસૂલી કામગીરીના સરળીકરણ માટેના સુધારા

| | |
|---|---|
| ૧. | મુંબઈ પરચૂરણ ઈનામી નાબૂદી ધારો ૧૯૫૫ અન્વયે ચાકરીયાત/પસાયતા જમીન ઉપરનો કબજો પટની રકમ ભર્યે નિયમિત કરી આપવાનું ઠરાવેલ છે. |
| ૨. | જંત્રી આધારીત મૂલ્યાંકન કરી તબદીલ/હેતુફેર કરવા માટેના પ્રિમિયમના ધોરણો નક્કી કરેલ છે. |
| ૩. | નવી શરતની જમીનને ખેતીના તથા બીનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા સૂચિત ટી.પી./ફાયનલ ટી.પી. મુજબ પ્લોટના ક્ષેત્રફળ મુજબ પ્રિમિયમ લેવા ઠરાવેલ છે. |
| ૪. | ખેડૂતની તમામ જમીન સંપાદનમાં જતી હોય ત્યારે સંપાદનની જમીન માટે ખેડૂતને પ્રમાણપત્ર આપવા તથા ગુજરાત રાજ્યમાં ખેડૂતે એક જગ્યાએ જમીન વેચી બીજે જમીન ખરીદવા માટે ખેડૂતની એન્ટ્રી પ્રમાણપત્રની નકલોના આધારે નોંધ પાડવા ઠરાવેલ છે. |
| ૫. | જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૫ અંતર્ગત બીનખેતી પરવાનગી મેળવવાની કાર્યપદ્ધતિનું સરળીકરણ કરેલ છે. |
| ૬. | રાજ્યમાં આઈ.ટી.(પાર્ક) આઈ.ટી.ઈ.એસ. સ્પેશયલ ઈકોનોમીક ઝોન અને ઓદ્યોગિક ખાસ આર્થિક ઝોનની સ્થાપના માટે જમીન તબદીલીના પ્રસંગે પ્રિમિયમના દર વસૂલ કરવા ઠરાવેલ છે. |
| ૭. | મહેસૂલ કચેરીઓમાં જુદા જુદા ૯૧ વિષયોના અરજી માટેના ફોર્મ તથા અરજી સાથે રજુ કરવાના થતાં પુરાવાઓની યાદી તેયાર કરવામાં આવી છે. |
| ૮. | મહેસૂલી કામગીરીને લગતા કાયદા, નિયમો, અને વહીવટી સુચનાઓ એકત્રિત કરી કલેકટર, પ્રાંત, મામલતદાર તથા તલાટીએ કરવાની થતી કામગીરી અંગે પુસ્તકો (મેન્યુઅલ) તેયાર કરવામાં આવ્યા છે. |
| ૯. | મહેસૂલી કામગીરીને લગતા જુદા જુદા ૧૮ વિષયોના પરિપત્રો ઠરાવો, જાહેરનામા એકત્રિત કરી તેને પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જે પૈકી ૧૫ પુસ્તિકાઓ પ્રસિધ્ધ કરેલ છે. |
| ૧૦. | રાજ્યના જમીનના રેકર્ડઝની ગુણવત્તા સુધારવા માટે ઈ-ધરા કેન્દ્રો તાલુકા મથકોએ કાર્યરત કરવામાં આવેલ છે. |
| ૧૧. | સરકારનું હિત સમાયેલું હોય તેવી જમીનના બીનખેતી હેતુ માટે જમીનની કિંમત આકારવા માટે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. |
| ૧૨. | સરકારનું હિત સમાયેલું હોય તેવી જમીન બાબતમાં મંત્રીમંડળ સમક્ષ રજુ કરવાના થતાં કેસોના સંદર્ભમાં અગાઉની રૂા. ૫૦(પચાસ) લાખ અને ૫ (પાંચ) લાખની નાણાકીય મર્યાદા વધારીને બમણી કરવાનો નિર્ણય કરેલ છે. |
| ૧૩. | શાળાઓને રમત ગમતના મેદાન માટે ગુજરાત જમીન મહેસૂલ નિયમોના નિયમ-૩૨(ક) અન્વયે ભાડાપટ્ટે આપવામાં આવેલ એક કરોડની કિંમતની સરકારી જમીનનો ભાડાપટ્ટો રીન્યુ કરવાની સત્તાઓ જિલ્લા કલેકટરશ્રીઓને આપવાનું ઠરવેલ છે. |
| ૧૪ | ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થયેલ હોય તે વિસ્તારમાં આખરી ટાઉન પ્લાનીંગ રેકર્ડને જ સીધેસીધા સીટી સર્વે રેકર્ડ તરીકે અપનાવવા જોગવાઈ કરવામાં આવેલ છે. |
| ૧૫. | બહુમાળી મકાન/એપાર્ટમેન્ટની જમીનના મિલકત કાર્ડના બદલે દરેક ફ્લેટ યુનિટના પ્રોપર્ટી કાર્ડ તેયાર કરવા ઠરાવેલ છે. |
| ૧૬. | જમીન દફતર ખાતામાં સર્વેયરોની અછત તથા માપણી કેસોનું પ્રમાણ વધારે હોવાને કારણે ખાનગી સર્વેયરોને લાયસન્સ આપવા ઠરાવેલ છે. |
| ૧૭. | રાજ્યના તમામ જીલ્લા મથકોએ ઈ-સ્ટેમ્પીંગથી સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની પ્રથા અમલમાં મૂકેલ છે. |
| ૧૮. | રજીસ્ટ્રેશન એકટમાં સુધારો કરીને પાવર ઓફ એટર્નીથી તબદીલ થતી મિલકતને ફરજીયાતપણે નોંધણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |

## સાબરકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન પાછળ કરેલ ખર્ચ

૧૧૧૫૯ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન માટે સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવવામાં આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૨૩૭.૬૧ |
| ૨૦૦૭-૦૮ | ૧૬૬૪.૩૬ |
| ૨૦૦૮-૦૯ | ૧૬૧૭.૪૯ |
| ૨૦૦૯-૧૦<br>(૩૧-૦૫-૦૯ની સ્થિતિએ) | ૯૮૫.૭૨ |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) (વર્ષવાર થયેલ ખર્ચ રૂ.લાખમાં)

| વર્ષ | કુલ |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૧૮૫.૩૮ |
| ૨૦૦૭-૦૮ | ૧૫૫૮.૦૩ |
| ૨૦૦૮-૦૯ | ૧૫૪૪.૯૬ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૦૫-૦૯ની સ્થિતિએ) | ૨૦.૬૮ |

માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે. તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો નિભાવવામાં આવે છે. આમ તાલુકાવાર હિસાબો નિભાવવામાં આવતા નથી.

(૩) ખર્ચ ઓછો થયો હોય તો તેના કારણો શાં છે ?

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બજેટ નિયત કરેલ નાણાંકીય જોગવાઈ પ્રમાણે મંજૂર થયેલ સંખ્યાને ધ્યાને રાખી બનાવવામાં આવે છે. જ્યારે શાળા ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, શાળા નિભાવણી ગ્રાન્ટ, શિક્ષક તાલીમ ગ્રાન્ટ વગેરે ખરેખર મળવાપાત્ર સંખ્યાને ધ્યાને રાખી ફાળવવામાં આવે છે. વળી સિવિલ વર્ક સ્પીલ ઓવર થતા હોઈ તે અંગેનો ખર્ચ બીજા નાણાંકીય વર્ષમાં કરવામાં આવે છે. તેથી બચત રહે છે.

------------

## રાજ્યમાં ક્લેક્ટર ક્ચેરીઓના મકાનો

૧૦૩૪૨ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલી ક્લેક્ટર ક્ચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૬ (છ) ક્લેક્ટર ક્ચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યાં છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૨) રૂા. ૮૨.૧૦ ક્રોડનો ખર્ચ થનાર છે.

(૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાંધકામની કામગીરીમાં શી પ્રગતિ છે ?

(૩)

| ક્રમ | ક્લેક્ટર ક્ચેરી મકાન બાંધકામ | વિગત | |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ટેન્ડર મંજૂરી હેઠળ છે. | |
| ૨ | પોરબંદર | તા. ૧૦-૭-૦૯ના રોજ વર્ક ઓર્ડર આપેલ છે. | |
| ૩ | આણંદ | તા. ૮-૭-૦૯થી ટેન્ડર મંજૂર કરેલ છે. | |
| ૪ | નવસારી | તા.૧૧-૬-૦૯, સરકારશ્રી કક્ષાએથી તાંત્રિક મંજૂરી આપેલ છે. | |
| ૫ | અમરેલી | પ્રાઈસ બીડ ખોલવાના બાકી છે. | |
| ૬ | જૂનાગઢ | તા. ૮-૭-૦૯થી ટેન્ડર મંજૂર કરેલ છે. | |

------------

## સાબરકાંઠા જિલ્લામાં મહિલાઓ માટે મિલ્ક્ત ખરીદવાના દસ્તાવેજો

૧૦૩૬૦**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર ):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિલાઓના નામે મિલ્ક્ત ખરીદીના કેટલા દસ્તાવેજો થયા,

(૧) ૩૩૯૬

(૨) આથી મહિલાઓને સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાનો કેટલો લાભ થયો, અને

(૩) તેની વિગતો શી છે?

(૨) અને (૩) : મહિલાઓની તરફેણમાં કરવામાં આવતા અને માલીકીફેરખતના દસ્તાવેજોમાં ફક્ત નોંધણી ફીની માફી આપેલ છે. તેથી સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાના લાભનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મુન્દ્રા તાલુકામાં ગોચરની જમીન વિકસાવવા કરેલ ખર્ચ**

૧૦૮૪૭ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કચ્છમાં મુન્દ્રા તાલુકામાં ગોચરની જમીન બીન ગોચર કરી એસ.ઈ.ઝેડ. કે /અને બંદર અને અન્ય ઉપયોગ માટે વેચાણ આપતા વેચાણની કિંમત ઉપર ૩૦ ટકા કિંમત નવા ગોચર બનાવવા વસુલ કરવામાં આવી છે, તે હકીક્ત સાચી છે, | (૧) હકીક્ત સાચી છે. |
| (૨) જો હા, તો આ અન્વયે તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ગોચર ડેવલપ કરવા કેટલી રકમ સરકારમાં જમા આવી, અને | (૨) મુન્દ્રા તાલુકામાં રૂા. ૬,૧૮,૦૨,૭૩૩/- જમા કરવામાં આવેલ છે. |
| (૩) તા ૩૧-૩-૨૦૦૯ સુધીમાં નવા ગોચર વિકસાવવા કેટ કેટલું ખર્ચ ગત ત્રણ વર્ષમાં કોના કોના દ્વારા ક્યાં ક્યાં કરવામાં આવ્યું? | (૩) રૂા. ૬,૦૧,૮૪,૩૪૩/- તાલુકા વિકાસ અધિકારીશ્રી મુન્દ્રાના હવાલે મુકવામાં આવેલ છે. ખર્ચ કરેલ નથી. |

------------

**આણંદ જિલ્લામાં કૃષિ-કાર્યક્રમો પાછળ ખર્ચ**

૧૧૧૬૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કૃષિ વિભાગ દ્વારા ક્યા ક્યા કાર્યક્રમો યોજવામાં આવ્યા, તે અન્વયે આણંદ જિલ્લામાં કેટલી રકમ ફાળવી, | (૧) કૃષિ મહોત્સવ, કૃષિ મેળા, ખેડૂત શિબિર, કૃષિ પ્રદર્શન, બ્લોક નિદર્શન, આદિજાતિ વિસ્તાર કૃષિ સહાય કાર્યક્રમ, કૃષિ કીટસ વિતરણ, અનુસૂચિત જાતિના ખેડૂતોને પાક ઉત્પાદન વધારવાના પ્રોત્સાહક કાર્યક્રમ, કૃષિ પ્રવાસ, બાગાયત કિટસ વિતરણ, ખેડૂત પ્રવાસ, પશુ આરોગ્ય મેળા, પશુ ઉત્પાદક્તા વૃધ્ધિ શિબિર, પશુ ઉત્પાદક્તા શિક્ષણ શિબિર, પશુપાલનની ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનીકેશન શિબિર, મત્સ્યોદ્યોગ તાલીમ, માછીમારોની શિબિર.<br>વર્ષ ૨૦૦૭-૦૮ રૂા. ૨૧૭.૬૯ લાખ<br>વર્ષ ૨૦૦૮-૦૯ રૂા. ૨૫૨.૯૫ લાખ |
| (૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૨) રૂા. ૬૧૧.૪૭ લાખ. |
| (૩) સદર કાર્યક્રમો/યોજનાઓનો કેટલા લોકોએ લાભ લીધો? | (૩) અંદાજે ૫.૬૦ લાખ વ્યક્તિઓએ. |

------------

**વડોદરા અને નર્મદા જિલ્લાના ગામડાઓને મુખ્ય માર્ગથી જોડવા અંગે**

૧૧૦૮૬**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા અને નર્મદા જિલ્લાના ૨૫૦ની વસ્તી ધરાવતા કેટલા ગામડાઓના રસ્તાઓ મુખ્ય માર્ગ સાથે જોડવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યારે મંજૂરી આપવામાં આવી, | (૧) ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા વડોદરા જિલ્લાના ૭૨ ગામોના અને નર્મદા જિલ્લાના ૧૭ ગામોના રસ્તાઓને તા.૪-૪-૦૮ના રોજ મંજૂરી આપવામાં આવી. |
| (૨) તે અન્વયે ક્યા ક્યા રસ્તાઓના કામો ક્યારે સોંપવામાં આવ્યા, | (૨), (૩) અને (૪) : સામેલ પરિશિષ્ટ મુજબ. કામવાર ગ્રાંટ છુટી કરવામાં આવતી નથી. પરંતુ જિલ્લાને |

(૩) આ કામ પાછળ કેટલી રકમ છૂટી કરવામાં આવી, અને — ગ્રાંટની ફાળવણી કરવામાં આવે છે.

(૪) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

## પરિશિષ્ટ

## ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા હયાત મેટલ સપાટીવાળા ગામોને ડામર સપાટી કરવા થયેલ આયોજનવાળા રસ્તા તથા સ્થિતિની યાદી

| ક્રમ | કામનું નામ | અંદાજી રકમ | કામ શરૂ કર્યા તારીખ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|
| જિલ્લો : વડોદરા | | | | |
| ૧ | ઈમ્પ્રુ ટુ વાસણારેફ એપ્રોચ રોડ કી.મી. ૦/૦ થી ૧/૩ | ૩૨.૨૬ | ૨૦-૦૧-૦૯ | ડામર કામ પુર્ણ |
| ૨ | ઈમ્પ્રુ ટુ હરસુંડા એ. રોડ કી.મી. ૦/૦ થી ૨/૬૦ | ૫૬.૩૬ | ૨૮-૦૧-૦૯ | કામગીરી પ્રગતિમાં |
| ૩ | ઈમ્પ્રુ ટુ ગોકુળપુરા એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૫૦ | ૨૭.૨૮ | ૨૯-૦૧-૦૯ | બી. એસ. જી. કામ પુર્ણ |
| ૪ | ઈમ્પ્રુ ટું વાઘપુરા એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૭૦ | ૩૦.૬૬ | ૨૯-૦૧-૦૯ | મેટલ, નાળા કામ પ્રગતિમાં |
| ૫ | ઈમ્પ્રુ ટુ રાજપુર એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૨૦૦ | ૨૩.૬૩ | ૨૯-૦૧-૦૯ | બી. એસ. જી. કામ પુર્ણ |
| ૬ | ઈમ્પ્રુ ટુ ડુગરીપુરા એ. રોડ કી.મી. ૦/૦ થી ૦/૭૦૦ | ૨૮.૯૯ | ૦૩-૧૨-૦૮ | ૦.૭૫ કી.મી. સી. સી. કામ |
| ૭ | ઈમ્પ્રુ ટુ વાવ રોડ કી.મી. ૦/૦ થી ૦/૭૩૫ | ૨૧.૯૮ | ૦૩-૧૨-૦૮ | ૦.૭૪ કી.મી. સી. સી. કામ |
| ૮ | ઈમ્પ્રુ ટુ રાજપુર એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૨૦૦ | ૨૩.૬૩ | ૨૯-૦૧-૦૯ | બી. એસ. જી. કામ પુર્ણ |
| ૯ | ઈમ્પ્રુ ટુ ધરમપુરી જુની માગરોલ નવી માગરોલ રોડ કી.મી. ૦/૦ થી | ૯૩.૧૯ | ૨૨-૦૬-૦૯ | કામ શરૂ કરવાનું બાકી |
| ૧૦ | ઈમ્પ્રુ ટુ માનપુરા એ. રોડ કી.મી. ૦/૦ થી ૨/૫ | ૭૪.૧૯ | ૨૨-૦૬-૦૯ | કામ શરૂ કરવાનું બાકી |
| ૧૧ | ઈમ્પ્રુ ટુ રાજપુરા ગુમાનપુરા રોડ કી.મી. ૦/૦ થી ૧/૫૦૦ | ૪૨.૫૯ | ૨૨-૦૬-૦૯ | કામ શરૂ કરવાનું બાકી |
| ૧૨ | ઈમ્પ્રુ ટુ બનેયા એ. રોડ કી.મી. ૦/૦ થી ૩/૦ | ૮૭.૪૫ | ૨૩-૦૧-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૧૩ | ઈમ્પ્રુ ટુ અરણીયા એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૦ | ૩૧.૬૫ | ૦૬-૦૧-૦૯ | ડામર કામ પુર્ણ |
| ૧૪ | ઈમ્પ્રુ ટુ આસગોલ એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૪૫૦ | ૪૭.૨૫ | ૦૬-૦૧-૦૯ | ૧.૨૦ કી.મી. ડામર ૦.૨૫ |
| ૧૫ | ઈમ્પ્રુ ટુ ધર્મપુરા એ. રોડ કી.મી. ૦/૦ થી ૨/૫૦ | ૭૫.૨૦ | ૦૬-૦૧-૦૯ | ૨.૫૦ કી.મી. ડામર કામ પુર્ણ |
| ૧૬ | કાશીપુરા ભીલોડીયા રોડ | ૨૫૧.૦૬ | - | માટી મેટલની કામગીરી હાલમાં |
| ૧૭ | ઈમ્પ્રુ ટુ દરીયાપુરા બદ્રીકાશ્રમ રોડ. | ૩૫.૫૦ | ૨૬-૧૨-૦૯ | કામ પુર્ણ |
| ૧૮ | ઈમ્પ્રુ ટુ હાંસાપુરા એ. રોડ. કીમી ૦/૦ થી ૨/૫ | ૪૩.૯૧ | ૦૬-૦૧-૦૯ | મેટલ કામ પુર્ણ |
| ૧૯ | ઈમ્પ્રુ ટુ લઢોદ જોગીપુરા રોડ. કી.મી ૦/૦ થી ૨/૩૫ | ૫૯.૬૧ | ૦૬-૦૧-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૨૦ | ઈમ્પ્રુ ટુ અખત્યારપુરા એ. રોડ. કીમી ૦/૦ થી ૧/૨ | ૨૨.૭૫ | ૦૬-૦૧-૦૯ | મેટલકામ તથા નાળા કામ પુર્ણ |
| ૨૧ | ઈમ્પ્રુ ટુ ખંડુપુરા ઝાંપા એ. રોડ. રોડ. કી.મી ૦/૦ થી ૧/૯ | ૩૫.૩૦ | ૩૦-૧૨-૦૮ | વાઈડનીંગ કામ પ્રગતિમાં |
| ૨૨ | ઈમ્પ્રુ ટુ ચાંદપુર થી ધાનપુર રોડ. કી.મી ૦/૦ થી ૧/૨૫ | ૨૭.૦૪ | ૦૬-૦૧-૦૯ | મેટલ કામ પુર્ણ |
| ૨૩ | ઈમ્પ્રુ ટુ ખમાપુરા એ. રોડ. કીમી ૦/૦ થી ૨/૨ | ૪૯.૨૩ | ૧૧-૦૨-૦૯ | ૧.૨૪ કી.મી. ડામર અને ૦.૯૫ |
| ૨૪ | ઈમ્પ્રુ ટુ ખાંડીયા વાંદરડા એ. રોડ. કી.મી. ૦/૦ થી ૩/૯ સે.૧/૩ થી | ૫૯.૪૯ | ૧૧-૦૨-૦૯ | ૨.૪૦કી.મી. ડામર કામ પુર્ણ |
| ૨૫ | ઈમ્પ્રુ ટુ ગામડી શેખલાલ રોડ કી.મી. ૦/૦ થી ૧/૬૦૦ | ૩૬.૫૮ | ૧૧-૦૨-૦૯ | ૦.૯૪કી.મી. ડામર કામ પુર્ણ |
| ૨૬ | ઈમ્પ્રુ ટુ લુણાદ્રા એ. રોડ. કી.મી. ૦/૦ થી ૨/૧૦૦ | ૪૦.૯૯ | ૩૦-૧૨-૦૮ | વાઈડનીંગ કામ પ્રગતિમાં |
| ૨૭ | ઈમ્પ્રુ ટુ જોગપુરા (ગઢ) દુમાલ રોડ કી.મી ૦/૦ થી ૨/૩૦ | ૫૬.૬૧ | ૨૧-૦૧-૦૯ | શરૂ કરવાનાં બાકી |
| ૨૮ | ઈમ્પ્રુ ટુ સાખંદ્રા ધરોલીયા રોડ કી.મી. ૦/૦ થી ૧/૪૦૦ | ૩૮.૫૬ | ૦૬-૦૧-૦૯ | ૧.૩૪કી.મી. ડામર કામ પુર્ણ |
| ૨૯ | ઈમ્પ્રુ ટુ ભીલવાણીયા મોલી રોડ કી.મી. ૦/૦ થી ૨/૪૦૦ | ૭૩.૧૨ | ૦૫-૦૧-૦૯ | શરૂ કરવાનાં બાકી |
| ૩૦ | ઈમ્પ્રુ ટુ ક્રસન રાજપુર એ. રોડ કી.મી. ૦/૦ થી ૨/૭૦૦ | ૯૪.૯૮ | ૦૫-૦૧-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૩૧ | ઈમ્પ્રુ ટુ વાંકી ભાનપરી હાથીપગા રોડ | ૮૬.૫૬ | ૦૬-૦૧-૦૯ | ૩.૧૨ કી.મી. ડામર કામ પુર્ણ |
| ૩૨ | ઈમ્પ્રુ ટુ પંઢરવા એ. રોડ. | ૪૦.૨૮ | ૦૫-૦૧-૦૯ | નાળા કામ પ્રગતિમાં |
| ૩૩ | ઈમ્પ્રુ ટુ ચીમલી પ્રતાપપુરા રોડ. | ૩૧.૮૦ | ૦૬-૦૧-૦૯ | મેટલ કામ પુર્ણ |
| ૩૪ | ઈમ્પ્રુ ટુ ટીંબા એ. રોડ કી.મી. ૦/૦ થી ૧/૧૦ | ૩૦.૭૫ | ૦૬-૦૧-૦૯ | શરૂ કરવાનાં બાકી |
| ૩૫ | ઈમ્પ્રુ ટુ રતનપુરા પીપલેજ રોડ. કી.મી. ૦/૦ થી ૦/૭૧૦ | ૩૨.૧૬ | ૦૬-૦૧-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૩૬ | ઈમ્પ્રુ ટુ મહોબતપુરા ઈટીયા એ. રોડ કી.મી. ૦/૦ થી ૦/૭૩૦ | ૨૯.૮૬ | ૦૬-૦૧-૦૯ | શરૂ કરવાનાં બાકી |
| ૩૭ | ઈમ્પ્રુ ટુ પંખાડા (જી) એ. રોડ. કી.મી. ૦/૦ થી ૧/૪૬૦ | ૩૦.૩૪ | ૦૬-૦૧-૦૯ | શરૂ કરવાનાં બાકી |
| ૩૮ | ઈમ્પ્રુ ટુ કોઠીયા દાજીપુરા એ. રોડ. કી.મી. ૦/૦ થી ૧/૫૨૦ | ૩૧.૧૭ | ૦૬-૦૧-૦૯ | શરૂ કરવાનાં બાકી |
| ૩૯ | ઈમ્પ્રુ ટુ ધનીયા ઉમરવા એ. રોડ. કી.મી. ૦/૦ થી ૦/૩૦૦ | ૯૬.૮૦ | ૦૬-૦૧-૦૯ | નાળા તથા માટી કામ પ્રગતિમાં |
| ૪૦ | ઈમ્પ્રુ ટુ બોઝ સીમલફળીયા રોડ. કી.મી. ૦/૦ થી ૧/૭૫૦ | ૪૯.૧૧ | ૦૬-૦૧-૦૯ | નાળા તથા એક લેયર મેટલ પુર્ણ |
| ૪૧ | ઈમ્પ્રુ ટુ જામલી વાંદરડા છેવટ રોડ. કી.મી. ૦/૦ થી ૩/૮ | ૧૧૧.૦૨ | ૦૬-૦૧-૦૯ | ૦.૪૦ કી.મી. સી.સી. કામ પુર્ણ |
| ૪૨ | ઈમ્પ્રુ ટુ આંબાપુરા હમીરપુરા રોડ. | ૩૮.૬૫ | ૦૬-૦૧-૦૯ | ૧.૧૭ કી.મી. સી.સી. કામ પુર્ણ |
| ૪૩ | ઈમ્પ્રુ ટુ હરીયાબાર એ. રોડ. કી.મી. | ૨૯.૧૦ | ૦૬-૦૧-૦૯ | ૦.૮૦ કી.મી. સી.સી. કામ પુર્ણ |
| ૪૪ | ઈમ્પ્રુ ટુ બલીગામ એ. રોડ. | ૨૭.૯૭ | ૦૬-૦૧-૦૯ | ૦.૫૦ કી.મી. સી.સી. કામ પુર્ણ |
| ૪૫ | ઈમ્પ્રુ ટુ હરીપુરા (બ) એ. રોડ. કી.મી. ૦/૦ થી ૦/૫૫૦ | ૧૮.૧૬ | ૦૬-૦૧-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૪૬ | ઈમ્પ્રુ ટુ બોરવાની કાલકેચ રોડ. | ૬૦.૯૧ | ૦૧-૧૦-૦૯ | શરૂ કરવાનું બાકી |
| ૪૭ | ઈમ્પ્રુ ટુ ડાભેણ વગુમા રોડ. કી.મી. ૦/૦ થી ૧/૮૫૦ | ૭૩.૨૩ | ૦૬-૦૧-૦૯ | ૦.૮૦ કી.મી. સી.સી. કામ પુર્ણ |
| ૪૮ | ઈમ્પ્રુ ટુ ભાડોલખુર્દ અલવા દત્તપુરા રોડ. | ૧૧૪.૭૯ | ૦૪-૦૨-૦૯ | માટી કામ પ્રગતિમાં |
| ૪૯ | ઈમ્પ્રુ ટુ નાની ટોકરી કદ્દાવાંટ રોડ. | ૫૬.૨૪ | ૨૭-૦૨-૦૯ | શરૂ કરવાનું બાકી |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૯ | ઈમ્પ્રુ ટુ નાની ટોકરી ક્વાવાંટ રોડ. | ૫૬.૨૪ | ૨૭-૦૨-૦૯ | શરૂ કરવાનું બાકી |
| ૫૦ | ઈમ્પ્રુ ટુ નાની ટોકરી ક્વાવાંટ રોડ કી.મી. ૦/૦ થી ૨/૫૦૦ | ૫૪.૨૬ | ૨૭-૦૨-૦૯ | શરૂ કરવાનું બાકી |
| ૫૧ | ઈમ્પ્રુ ટુ ક્સારા એ. રોડ. | ૭૭.૬૧ | ૨૭-૦૨-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૫૨ | ઈમ્પ્રુ ટુ બેદેવી ચાઠવાડા રોડ. | ૭૪.૫૯ | ૨૭-૦૨-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૫૩ | ઈમ્પ્રુ ટુ મીઠીબોર માલ ખોટારા રોડ. | ૬૯.૭૨ | ૨૭-૦૨-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૫૪ | ઈમ્પ્રુ ટુ મીઠીબોર ડુન રોડ ૦/૦ થી ૨/૪૦ | ૭૨.૪૬ | ૨૭-૦૨-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| ૫૫ | ઈમ્પ્રુ ટુ બોડગામ એ. રોડ. કી.મી. ૦/૦ થી ૪/૬૫૦સે. ૦/૬ થી ૪/૬૫૦ | ૮૨.૨૭ | ૨૭-૦૨-૦૯ | ૦.૫૦ કી.મી. સી.સી. કામ પુર્ણ |
| ૫૬ | ઈમ્પ્રુ ટુ ક્નાવાંટ ક્સેલ રોડ ૦/૦ થી ૧/૧૫૦ | ૨૬.૩૯ | ૨૭-૦૨-૦૯ | મેટલ કામ પ્રગતિમાં |
| | **કુલ** | **૩૦૬૭.૨૪** | | |

| ક્રમ | કામનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | કામ શરૂ કર્યા તારીખ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|
| **જિલ્લો : નર્મદા** | | | | |
| ૧ | પાનખલા એપ્રોચ રોડ | ૧૭.૧૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૨ | બોદવાવ એપ્રોચ રોડ | ૩૮.૨૫ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૩ | આમલી એપ્રોચ રોડ | ૬૪.૬૬ | ૪-૪-૦૮ | ટેન્ડર મંજુરી હેઠળ |
| ૪ | સજનવાવ એપ્રોચ રોડ | ૮૦.૫૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૫ | ભવરીસાવર એપ્રોચ રોડ | ૪૦.૨૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૬ | ચિત્રોલ ક્ણપોર માયાસી રોડ | ૨૬૬.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૭ | વીરસીંગપુરા એપ્રોચ રોડ | ૪૩.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૮ | વંઢ એપ્રોચ રોડ | ૩૯.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૯ | મોરા નડગામ રોડ | ૬૪.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૦ | ગોધામ એપ્રોચ રોડ | ૧૦૧.૨૫ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૧ | ક્સોટીયા એપ્રોચ રોડ | ૨૫.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૨ | રોઝાનાર એપ્રોચ રોડ | ૨૯.૫૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૩ | ગોચરીયા એપ્રોચ રોડ | ૨૩.૫૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૪ | વીરપુર એપ્રોચ રોડ | ૪૩.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૫ | ટેક્રા (વાડીયા) એપ્રોચ રોડ | ૨૧.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૬ | ખામપાડા એપ્રોચ રોડ | ૧૯.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| ૧૭ | કાકડીયા એપ્રોચ રોડ | ૨૦.૦૦ | ૫-૧-૦૯ | પ્રગતિમાં |
| | **કુલ : ૧૭ કામો** | **૯૩૪.૯૬** | | |

------------

## અમદાવાદ શહેરમાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતી આંગણવાડીઓ

૧૦૩૨૯ **શ્રી બાબુભાઈ પટેલ(દસક્રોઈ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં કેટલી આંગણવાડીઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા વિસ્તારમાં ચાલે છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેરના ઘટક-૧ થી ઘટક-૫માં કુલ ૧૪૧૭ આંગણવાડીઓ ચાલે છે. (વિસ્તારની વિગતો દર્શાવતું પત્રક સામેલ છે.)

**પત્રક**

**અમદાવાદ આઈસીડીએસ ઘટકોના વિસ્તારની માહિતી**

| ક્રમ | વિસ્તારનું નામ | આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| **ઘટક-૧** | | |
| ૧ | રખિયાલ | ૨૭ |
| ૨ | બાપુનગર | ૩૦ |
| ૩ | ગોમતીપુર | ૨૬ |
| ૪ | રાજપુર | ૨૬ |
| ૫ | ભાઈપુરા | ૪૯ |
| ૬ | નિકોલ રોડ | ૩૫ |
| ૭ | ઓઢવ | ૩૫ |
| ૮ | ખોખરા (મહેમદાવાદ) | ૦૪ |
| ૯ | વસ્ત્રાલ-રામોલ | ૨૮ |
| | **કુલ :** | **૨૬૦** |
| **ઘટક-૨** | | |
| ૧૦ | પાલડી | ૭ |
| ૧૧ | વાસણા | ૩૧ |
| ૧૨ | નારણપુરા | ૧૦ |
| ૧૩ | નવરંગપુરા | ૬ |
| ૧૪ | સરદાર પટેલ સ્ટે. | ૨૦ |
| ૧૫ | નવા વાડજ | ૯ |
| ૧૬ | ગાંધીગ્રામ | ૧૫ |
| ૧૭ | જૂના વાડજ | ૪૦ |
| ૧૮ | સાબરમતી | ૩૧ |

| | | |
|---|---|---|
| ૧૮ | સાબરમતી | ૩૧ |
| ૧૯ | રાણીપ | ૦૫ |
| ૨૦ | ચાંદલોડીયા | ૦૨ |
| ૨૧ | ઘાટલોડીયા | ૦૨ |
| ૨૨ | થલતેજ | ૨૪ |
| ૨૩ | બોડકદેવ | ૭ |
| ૨૪ | જોધપુર | ૧ |
| ૨૫ | કાળી | ૩૬ |
| ૨૬ | વેજલપુર | ૧૧ |
| ૨૭ | સરખેજ | ૨૧ |
| ૨૮ | લાંભા | ૨૫ |
| ૨૯ | મોટેરા | ૭ |
| ૩૦ | ચાંદખેડા | ૧૯ |
| ૩૧ | મોબાઈલ આંગણવાડી | ૧ |
| ૩૨ | મોબાઈલ આંગણવાડી | ૧ |
| | **કુલ** | **૩૩૧** |
| **ઘટક-૩** | | |
| ૩૩ | અસારવા | ૭૯ |
| ૩૪ | સરસપુર | ૪૫ |
| ૩૫ | કુબેરનગર | ૪૨ |
| ૩૬ | રાજપુર | ૫૧ |
| ૩૭ | ઠક્કરબાપાનગર | ૮ |
| ૩૮ | ઘાટલોડીયા | ૫ |
| ૩૯ | નરોડા-મુઠીયા | ૩૭ |
| ૪૦ | નવા નરોડા | ૦૭ |
| ૪૧ | નરોડા રોડ | ૪૫ |
| | **કુલ** | **૩૧૯** |
| **ઘટક-૪** | | |
| ૪૨ | મણીનગર | ૧૧ |
| ૪૩ | ઈસનપુર | ૧૧ |
| ૪૪ | કાંકરીયા | ૩૨ |
| ૪૫ | બહેરામપુરા | ૪૮ |
| ૪૬ | દાણીલીમડા | ૩૧ |
| ૪૭ | બાગેફિરદોશ | ૦૫ |
| ૪૮ | વટવા | ૪૧ |
| ૪૯ | અમરાઈવાડી | ૭૩ |
| | **કુલ** | **૨૫૨** |
| **ઘટક-૫** | | |
| ૫૦ | ખાડીયા | ૦૩ |
| ૫૧ | કાળુપુર | ૦૫ |
| ૫૨ | દરિયાપુર | ૦૯ |
| ૫૩ | માધુપુર | ૪૪ |
| ૫૪ | ગિરધરનગર | ૩૭ |
| ૫૫ | દુધેશ્વર | ૩૩ |
| ૫૬ | શાહપુર | ૩૩ |
| ૫૭ | જમાલપુર | ૨૧ |
| ૫૮ | રાયખડ | ૧૪ |
| ૫૯ | સરદારનગર | ૫૬ |
| | **કુલ** | **૨૫૫** |

(૨) આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે, કે કેમ, અને

(૩) જો હા, તો કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે?

(૨) હા, જી. તમામ આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા ચલાવવામાં આવે છે.

(૩)

| અ.નુ. | સ્વૈ. સંસ્થાના નામ |
|---|---|
| ૧ | લોક સેવક મંડળ |
| ૨ | ક્રિશ્ના રેસીડન્ટ વેલ્ફેર |
| ૩ | જયશક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ |
| ૪ | ધ્રુવ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૫ | ઉન્નત ગ્રામ સમાજ |
| ૬ | ગોરીનંદન મહિલા ગૃહ |
| ૭ | વાત્સલ્ય |
| ૮ | માનવ સાધના |
| ૯ | મક્તમપુરા સેવા સમાજ |
| ૧૦ | સંવેદના ટ્રસ્ટ |
| ૧૧ | અરવિંદ સંસ્કાર ટ્રસ્ટ |
| ૧૨ | ક્રિશ્ના યુવક મહિલા |
| ૧૩ | કર્ણાવતી મહિલા સ્વાશ્રય સેવા સંઘ |
| ૧૪ | સમર્થન ટ્રસ્ટ |

| | |
|---|---|
| ૧૪ | સમર્થન ટ્રસ્ટ |
| ૧૫ | ધરતી વિવિધલક્ષી ટ્રસ્ટ |
| ૧૬ | નહેરૂજી સાર્વજનિક ટ્રસ્ટ |
| ૧૭ | ભારતીય ગ્રામીણ મહિલા સંઘ |
| ૧૮ | પટણી શેરી સેવા સંઘ |
| ૧૯ | સુલોચના ચે. ટ્રસ્ટ |
| ૨૦ | અખંડ જ્યોત ફાઉન્ડેશન |
| ૨૧ | કે. એચ. જાની ચે. ટ્રસ્ટ |
| ૨૨ | જનહિત ચે. ટ્રસ્ટ |
| ૨૩ | કર્ણાવતી ચેરીટેબલ ટ્રસ્ટ |

------------

## સુરત જિલ્લામાં સરકારી કચેરીઓ માટે અદ્યતન મકાન

૧૧૨૪૯**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ઓલપાડ ખાતેની સરકારી કચેરીઓને બેસવા માટે અદ્યતન સુવિધાવાળુ મકાન બનાવવા સરકાર માંગે છે તે હકીકત સાચી છે, અને | (૧) હાલ આયોજન નથી. |
| (૨) જો હા, તો આ કામગીરીમાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ શી પ્રગતિ થઈ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## જામનગર જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર જ્ગ્યાઓ

૧૦૩૬૪**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં આવેલ જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે?

**જવાબ**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જ્ગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૮ | તા. ૧-૪-૦૧ થી ૧<br>તા. ૧-૪-૦૩ થી ૩<br>તા. ૧-૬-૦૫ થી ૧<br>તા. ૧-૧૧-૦૫ થી ૧<br>તા. ૧૬-૬-૦૭ થી ૧<br>તા. ૩૧-૫-૦૯ થી ૧ |
| કારકુન વર્ગ-૩ | ૩ | તા. ૩-૧૧-૯૮ થી ૧<br>તા. ૧-૯-૯૯ થી ૧<br>તા. ૧-૧-૦૬ થી ૧ |
| પટાવાળા વર્ગ-૪ | ૮ | તા. ૧-૫-૯૮ થી ૨<br>તા. ૧-૧-૦૩ થી ૧<br>તા. ૧-૨-૦૩ થી ૧<br>તા. ૧-૧-૦૮ થી ૧<br>તા. ૧-૪-૦૯ થી ૩ |
| **કુલ** | **૧૯** | |

------------

## ગાંધીનગર જિલ્લામાં જમીન માપણી કચેરીની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

૧૧૧૧૯ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે? | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જ્ગ્યાઓ ખાલી છે. |

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૩ | એપ્રિલ-૦૮થી ૧<br>જુલાઈ-૦૮થી ૨ |
| કારકુન વર્ગ-૩ | ૧ | જાન્યુઆરી-૦૯થી |
| પટાવાળા વર્ગ-૪ | ૨ | માર્ચ-૦૩થી ૧<br>ઓગસ્ટ-૦૭થી ૧ |
| **કુલ** | **૬** | |

------------

**અમદાવાદ જિલ્લામાં જમીન માપણી કચેરીની સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૧૧૧૭**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**જવાબ**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૧૩ | તા. ૧-૧-૦૬ થી ૮<br>તા. ૧૧-૯-૦૮ થી ૧<br>તા. ૫-૧૧-૦૮ થી ૧<br>તા. ૧-૧-૦૯ થી ૨<br>તા. ૩-૩-૦૯ થી ૧ |
| કારકુન વર્ગ-૩ | ૧ | તા. ૧-૩-૦૮ થી |
| પટાવાળા વર્ગ-૪ | ૫ | તા. ૨-૭-૦૧ થી ૧<br>તા. ૧૨-૭-૦૨ થી ૧<br>તા. ૧-૮-૦૮ થી ૧<br>તા. ૨૩-૯-૦૮ થી ૧<br>તા. ૧૫-૫-૦૯ થી ૧ |
| **કુલ** | **૧૯** | |

------------

**પાટણ જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર જગ્યાઓ**

૧૦૩૬૫**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે?

**જવાબ**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૭ | તા. ૫-૧૦-૦૭ થી ૩<br>તા. ૧-૮-૦૮ થી ૨<br>તા.૩૧-૧૦-૦૮ થી ૧<br>તા. ૧૭-૨-૦૯ થી ૧ |
| **કુલ** | ૭ | |

------------

**સુરત જિલ્લામાં ઈ-ધરા હેઠળ હક્કપત્રકની નોંધ**

૧૧૧૧૩ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઈ-ધરા હેઠળ હક્ક પત્રક નોંધની સુરત જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે ?

**જવાબ**

૧૧૨૭૫.

------------

### વડોદરા તથા ભરૂચ જિલ્લામાં વેચાણ દસ્તાવેજોની પ્રક્રિયા સરળ બનાવવા કામગીરી

૧૧૨૬૬**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર વેચાણ દસ્તાવેજોની પ્રક્રિયા સરળ બનાવવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો વડોદરા તથા ભરૂચ જિલ્લામાં આ કામગીરી માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી,

(૨) સમગ્ર રાજ્યમાં દસ્તાવેજની નોંધણીની પ્રક્રિયા એક્સરખી છે. જેમાં વડેદરા તથા ભરૂચ જિલ્લાનો પણ સમાવેશ થાય છે.

વેચાણ દસ્તાવેજોની નોંધણીની પ્રક્રિયા સરળ બનાવવાના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝડ સીસ્ટમ હેઠળ કરવામાં આવે છે.

વેચાણ દસ્તાવેજો કોઈની મદદ વિના પક્ષકાર જાતે જ તૈયાર કરી શકે, દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા ઝડપી, સરળ અને કરકસરયુક્ત બને અને દસ્તાવેજો ઝડપથી સ્કેન કરી પક્ષકારોને પરત કરી શકાય તેમજ પક્ષકારોને પણ આર્થિક બોજો ઓછો થાય તેવા શુભ આશયથી ટુ-પેઇજ ડોક્યુમેન્ટ સીસ્ટમ દાખલ કરેલ છે.

### રાજ્યમાં પ્રાંત કચેરીઓના મકાનોની મંજૂરી

૧૦૩૪૧**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી પ્રાંત કચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાંધકામની કામગીરીમાં શી પ્રગતિ છે ?

**જવાબ**

(૧) ૨૦૦૮-૦૯ના વર્ષમાં પ્રાંત કચેરીના નવા કામો લેવામાં આવ્યા નથી. પરંતુ ૨૦૦૭-૦૮ના કામો પૈકીના બે કામ ૨૦૦૮-૦૯માં અને એક કામ ૨૦૦૯-૧૦માં પૂર્ણ થયેલ છે. જ્યારે એક કામ પ્રગતિમાં છે,

(૨) આશરે રૂ. ૫૧૪.૩૬ લાખ.

(૩) બાકી કામના પાયાની કામગીરી પ્રગતિમાં છે.

### ભરૂચ અને નર્મદા જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

૯૮૪૭ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની કેટલી સ્કુલો છે,

(૨) આ સ્કુલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ સ્ટાફ સામે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| (૧) ભરૂચ જિલ્લો | | |
|---|---|---|
| માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ |
| ૯૪ | ૪૭ | ૧૪૧ |
| (૧) નર્મદા જિલ્લો | | |
| માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ |
| ૪૪ | ૧૭ | ૬૧ |

(૨)

| (૧) ભરૂચ જિલ્લો | | |
|---|---|---|
| સરકારી | બિન સરકારી | કુલ |
| ૦૭ | ૫૮ | ૬૫ |
| (૧) નર્મદા જિલ્લો | | |
| સરકારી | બિન સરકારી | કુલ |
| ૨૬ | ૯૮ | ૧૨૪ |

વિગતવાર * પત્રક-૧ સામેલ છે.

### પત્રક-૧

### ભરૂચ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ક્યારથી જ્ગ્યા ખાલી છે. તેની માહિતી (સરકારી)

| ક્રમ | તાલુકાનું નામ | જ્ગ્યા | વર્ષ | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | |
| ૧ | ભરૂચ | શૈક્ષણિક | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૩ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૨ | જંબુસર | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૪ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | |
| | કુલ : | શૈક્ષણિક | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૬ | ૦૭ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | |

**નર્મદા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ક્યારથી જગ્યા ખાલી છે તેની માહિતી,**

**(સરકારી)**

| ક્રમ | તાલુકાનું નામ | જગ્યા | વર્ષ | | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૯૯૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | |
| ૧ | નાંદોદ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૫ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | |
| ૨ | તિલકવાડા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૩ | ડેડીયાપાડા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૧૦ |
| | | બિન શૈક્ષણિક | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૯ | |
| ૪ | સાગબારા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૯ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૨ | ૦૪ | ૦૬ | |
| | કુલ : | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૮ | ૨૬ |
| | | બિન શૈક્ષણિક | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨ | ૦૫ | ૦૦ | ૧૮ | |

**ભરૂચ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ક્યારથી જગ્યા ખાલી છે. તેની માહિતી**
**(બિન સરકારી)**

| ક્રમ | તાલુકાનું નામ | જગ્યા | વર્ષ | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | |
| ૧ | ભરૂચ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૨ | ૦૬ | ૧૧ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૫ | |
| ૨ | અંકલેશ્વર | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૫ | ૦૭ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | |
| ૩ | હાંસોટ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૬ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | |
| ૪ | ઝઘડીયા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૫ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | |
| ૫ | વાલીયા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૫ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | |
| ૬ | વાગરા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૫ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | |
| ૭ | અમોદ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૬ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | |
| ૮ | જંબુસર | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૪ | ૧૦ | ૧૩ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ | |
| | કુલ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૨૫ | ૧૪ | ૪૦ | ૫૮ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૫ | ૦૩ | ૧૮ | |

**નર્મદા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ક્યારથી જગ્યા ખાલી છે તેની માહિતી.**

**(બિન સરકારી)**

| ક્રમ | તાલુકાનું નામ | જગ્યા | વર્ષ | | | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૦ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | |
| ૧ | નાંદોદ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૫ | ૦૮ | ૦૧ | ૧૬ | ૫૬ |
| | | બિન શૈક્ષણિક | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૮ | ૧૧ | ૧૪ | ૦૦ | ૪૦ | |
| ૨ | તિલકવાડા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૯ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૫ | |
| ૩ | ડેડીયાપાડા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૬ | ૨૪ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૯ | ૦૧ | ૧૮ | |
| ૪ | સાગબારા | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૯ |
| | | બિન શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૬ | ૦૦ | ૦૭ | |
| | કુલ | શૈક્ષણિક | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૧૦ | ૧૩ | ૦૩ | ૨૮ | ૯૮ |
| | | બિન શૈક્ષણિક | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૯ | ૧૬ | ૩૨ | ૦૩ | ૭૦ | |

(૩) કેટલા સમયમાં તે ભરવામાં આવશે ?

(૩) - સરકારી શાળાઓમાં જેમ બને તેમ જલદી
- બિન સરકારી શાળાની એન.ઓ.સી.ની માંગણી થયેલ છે તે અંગે કાર્યવાહી ચાલુમાં છે. બાકીની શાળાઓની એન.ઓ.સી.ની માંગણીઓ થયેથી કાર્યવાહી કરવામાં આવશે.

------------

**સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ**

૯૮૮૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાની તમામ પ્રાથમિક શાળામાં વીજ જોડાણ આપવામાં આવ્યા છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) કેટલી શાળા બાકી છે, અને | (૨) ૨૬૬ સરકારી પ્રાથમિક શાળા |
| (૩) તમામને વીજ જોડાણ આપવા માંગો છો કે કેમ ? | (૩) હા, જી. |

------------

**કચ્છ જિલ્લાના સીંગલ રોડને ડબલ રોડ કરવા લીધેલ પગલાં**

૧૧૧૮૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભૂજ તાલુકાના દહીસરાથી માંડવી તાલુકાના ગઢશીશા સુધીનો ૨૦ કી.મી.નો રોડ કે જે હાલ સિંગલ રોડ છે તેને ડબલ લેઈન કરવા સરકાર માગે છે કે કેમ, અને | (૧) હાલ કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યની શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ**

૯૮૦૭ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ(સાવલી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અધ્ધવચ્ચેથી શાળા છોડી દીધી હોય તેવો ડ્રોપ આઉટ રેટ કેટલો છે ? | માધ્યમિક શાળાનો ડ્રોપ આઉટ રેટ<br>(ધોરણ-૮ થી ૧૦)<br>વર્ષ-૨૦૦૭-૦૮ ૨૩.૭૦<br>વર્ષ-૨૦૦૮-૦૯ ૨૬.૯૬<br><br>ઉચ્ચતર માધ્યમિક શાળાનો ડ્રોપ આઉટ રેટ<br>(ધોરણ-૧૦ થી ૧૨)<br>વર્ષ-૨૦૦૭-૦૮ ૪૭.૭૪<br>વર્ષ-૨૦૦૮-૦૯ ૩૨.૫૫ |

------------

**સાબરકાંઠા જિલ્લામાં ક્સિાન પથ યોજના હેઠળ રસ્તાના કામો**

૧૧૧૬૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્સિાન પથ યોજના હેઠળ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા રસ્તા તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ક્સિાન પથ યોજના હેઠળ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૧૨ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકા | મંજૂર રસ્તાની સંખ્યા |
|---|---|
| વિજયનગર | ૩ |
| ભીલોડા | ૧ |
| ખેડબ્રહ્મા | ૧ |
| બાયડ | ૨ |
| ધનસુરા | ૨ |
| હિંમતનગર | ૨ |
| મોડાસા | ૧ |
| કુલ : | ૧૨ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલા રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે,

(૩) કેટલા રસ્તાઓના કામો બાકી છે, અને

(૪) બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૨), (૩) અને (૪) : બે રસ્તાના કામ પૂર્ણ કરવામાં આવેલ છે, દસ રસ્તાઓના કામ પ્રગતિમાં છે અને આ દશ રસ્તાઓની નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## વલસાડ જિલ્લામાં ઓદ્યોગિક એકમો માટે જમીન સંપાદન

૧૦૪૧૨ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકાના મરોલી કલગામ વિસ્તારની ૨૦૦૦ એકર જમીનમાં સરકારે ઓદ્યોગિક એકમો સ્થાપવા જાહેરનામું પ્રસિધ્ધ કરી જમીન સંપાદન કરવાની કાર્યવાહીમાં છેલ્લા એક વર્ષમાં તા. ૧૫-૬-૨૦૦૯ની સ્થિતિએ કેટલી જમીન સંપાદન કરી, શા ભાવે,

(૨) જમીન સંપાદન કરવા સામે ગ્રામજનોએ વિરોધ વ્યક્ત કરી જમીન સંપાદન ન થવી જોઈએ તેવી કેટલી ફરિયાદો સરકારને ક્યારે ક્યારે તે અન્વયે મળી, અને

(૩) મળેલ ફરિયાદો પછી સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) સંપાદન અંગે પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયેલ છે. સંપાદનની પ્રક્રિયા ચાલુ છે.

(૨) બે (૨) અરજીઓ અનુક્રમે તા.૨/૧૨/૦૮ અને તા. ૫/૧૨/૦૮ના રોજ મળેલ છે.

(૩) આ અરજીઓ ના. કલેક્ટરશ્રી, જી.આઈ.ડી.સી. સુરતને કલમ-૫-ક, હેઠળ વાંધા સુનાવણી અર્થે મોકલી આપેલ છે.

------------

## રાજકોટ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને માસિક સહાય

૧૦૩૫૩ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી છે, અને

(૩) તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે ૬૪૦૯ નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧/૬/૦૮ થી તા.૩૧/૫/૦૯ના સમયગાળા દરમ્યાન ચૂકવણી કરેલ લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ શહેર | ૨૫૫૨ |
| ૨ | રાજકોટ ગ્રામ્ય | ૧૨૨ |
| ૩ | જસદણ | ૩૬૧ |
| ૪ | કોટડા સાંગાણી | ૫૩ |
| ૫ | લોધીકા | ૩૦ |
| ૬ | મોરબી | ૩૫૮ |
| ૭ | ટંકારા | ૪૨ |
| ૮ | વાંકાનેર | ૧૭૨ |
| ૯ | માળીયા મીંયાણા | ૪૮ |
| ૧૦ | પડધરી | ૭૧ |
| ૧૧ | ગોંડલ | ૯૩૭ |
| ૧૨ | જેતપુર | ૬૦૭ |
| ૧૩ | ધોરાજી | ૫૩૬ |
| ૧૪ | ઉપલેટા | ૪૫૯ |
| ૧૫ | જામ કંડોરણા | ૬૧ |
| | કુલ | ૬૪૦૯ |

(૨) ૨૨૭

(૩) નિરાધાર વિધવા સહાય બંધ કરવાના કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ૬૦ વર્ષની ઉંમર થવાથી | ૭૯ |
| ૨. | પુત્ર પુખ્ત ઉંમરનો થવાથી | ૧૩૩ |
| ૩. | અવસાન થવાથી | ૦૪ |
| ૪. | પુનઃ લગ્ન કરવાથી | ૦૫ |
| ૫. | અન્ય કારણોસર | ૦૬ |
| | **કુલ :** | **૨૨૭** |

------------

**ભાવનગર જિલ્લામાં જમીન પરના અનધિકૃત દબાણો દૂર કરવા અંગે**

૧૦૩૩૭**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જમીન પરના કેટલા અનધિકૃત દબાણો દૂર કર્યા, | (૧) ૬૭ (સડસઠ) |
| (૨) કેટલી કિંમતની જમીન ખુલ્લી થઈ, અને | (૨) રૂા. ૨,૯૧,૦૮,૨૦૦/- કિંમતની જમીન ખુલ્લી થયેલ છે. |
| (૩) બાકી દબાણો દૂર કરવા શી કાર્યવાહી ચાલુ છે ? | (૩) જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૧ નીચે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

------------

**બાલાસિનોર વીરપુર ગંધારી રસ્તાનું કામ**

૯૮૮૮**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લાના બાલાસિનોર વીરપુર ગંધારી સ્ટેટ હાઈવેનું દેવ લીમડી વચ્ચે પુલનું કામ ક્યારે મંજૂર થયું, | (૧) તા. ૨૪/૩/૦૮ના રોજ વહીવટી મંજૂરી આપેલ છે. |
| (૨) આ પુલના બાંધકામની કાર્યવાહી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ પુલના નક્શા અંદાજો આલેખન વર્તુળ પાસે ચકાસણી હેઠળ હતા. |
| (૩) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી. |

------------

**ભાવનગર જિલ્લામાં મહિલાઓ માટે મિલક્ત ખરીદવાના દસ્તાવેજો**

૧૦૩૫૮**શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિલાઓના નામે મિલ્ક્ત ખરીદીના કેટલા દસ્તાવેજો થયેલ છે, | (૧) ૬,૩૬૩. |
| (૨) આથી મહિલાઓને સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાનો કેટલો લાભ થયો, અને<br>(૩) તેની વિગતો શી છે ? | (૨) અને (૩) મહિલાઓની તરફેણમાં કરવામાં આવતા અને માલીકીફેરખત ના દસ્તાવેજોમાં ફક્ત નોંધણી ફી ની માફી આપેલ છે. તેથી સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાના લાભનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં માધ્યમિક શાળા ન હોય ત્યાં પ્રાથમિક શાળામાં ધો-૮ ચાલુ કરવા આયોજન**

૧૧૨૪૮ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ચાલતી ધોરણ-૧ થી ૭ ની પ્રાથમિક શાળા ધરાવતા ગામમાં માધ્યમિક શાળા ન હોય ત્યાં ધોરણ-૮ શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે તાજેતરમાં ક્ર્યો છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ચાલુ શૈક્ષણિક વર્ષથી આવા ગામોની શાળાઓને લાભ મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## ભરૂચ જિલ્લામાં મત્સ્યોદ્યોગના આધુનિક વિકાસ માટે સગવડતા

૧૦૨૩૬**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આધુનિક રીતે મત્સ્યોદ્યોગનો ક્યા ક્યા તાલુકામાં વિકાસ થયો, અને

(૨) સરકાર તરફથી મત્સ્યોદ્યોગના આધુનિક વિકાસ માટે કઈ કઈ સગવડતાઓ આપવામાં આવી ?

**જવાબ**

(૧) અંક્લેશ્વર, હાંસોટ, જંબુસર, ઝઘડીયા, વાલીયા, વાગરા, આમોદ, ભરૂચ.

(૨) મત્સ્યોદ્યોગની તાલીમ, આવાસ, મત્સ્ય જાળ તથા બોટ, ઇન્સ્યુલેટેડ બોક્ષ, સાધન ખરીદી સહાય, સાયક્લ બોક્ષ, મત્સ્યબીજ સહાય.

------------

## આણંદ જિલ્લામાં નવી શાળાઓ બનાવવા અરજીઓ

૧૦૮૫૭ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર નવી શાળા બનાવવા કેટલી અરજીઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી, અને

**જવાબ**

(૧) નવી શાળાઓ બનાવવા અંગે નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| અનું. | તાલુકો | માધ્યમિક શિક્ષણ | | પ્રાથમિક શિક્ષણ | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ૦૮-૦૯ | ૦૯-૧૦ | ૦૮-૦૯ | ૦૯-૧૦ | |
| ૧ | આણંદ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૫ | ૧૧ |
| ૨ | ખંભાત | ૦૧ | ૦૧ | ૦ | ૦૩ | ૦૫ |
| ૩ | બોરસદ | ૦ | ૦૨ | ૦ | ૦૧ | ૦૩ |
| ૪ | ઉમરેઠ | ૦ | ૦ | ૦૧ | ૦૨ | ૦૩ |
| ૫ | પેટલાદ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૬ | આંક્લાવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૦૨** | **૦૪** | **૦૬** | **૧૨** | **૨૪** |

(૨) કેટલી શાળાઓને મંજૂરી આપી શરૂ કરવામાં આવી ?

(૨) ૧૯.

------------

## સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણી કચેરીની સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૧૧૨૨**શ્રી ઉદેસિંહ પું.ઝાલા(બાયડ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૧ | તા. ૧/૧/૦૯થી |
| કારકૂન વર્ગ-૩ | ૧<br>૧ | તા. ૩૧/૧/૦૯થી |
| પટાવાળા વર્ગ-૪ | ૧ | તા. ૧/૨/૦૯થી |
| **કુલ :** | ૩ | |

## બનાસકાંઠા જિલ્લામાં ઈ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધ

૧૧૧૧૨**શ્રી અનિલભાઈ માળી(દિયોદર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઈ-ધરા હેઠળ હક્ક પત્રક નોંધની બનાસકાંઠા જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે ?

**જવાબ**

(૧) ૬૯૪૩.

------------

**સુરત જિલ્લામાં જમીન માપણી ક્ચેરીની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૧૧૧૨૧**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં આવેલ જમીન માપણી ક્ચેરીમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફ્તરની ક્ચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જ્ગ્યાઓ ખાલી છે.

| **સંવર્ગ** | **ખાલી જ્ગ્યાની સંખ્યા** | **ક્યારથી ખાલી છે** |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૧ | તા. ૨/૨/૦૯થી |
| કારકૂન વર્ગ-૩ | ૧ | તા. ૯/૧૦/૦૭થી |
| પટાવાળા વર્ગ-૪ | ૩ | તા. ૭/૬/૦૬થી ૧<br>તા. ૨૮/૨/૦૭થી ૧<br>તા. ૧/૧/૦૯થી ૧ |
| **કુલ :** | **૫** | |

------------

**રાજ્યમાં ક્ન્યાઓને મફ્ત શિક્ષણના અમલ માટે મળેલ ફરિયાદો**

૧૦૨૫૮**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્ન્યાઓને મફ્ત શિક્ષણ આપવાના સરકારી ઠરાવો પછી ખાનગી શાળા કોલેજોએ તેનો અમલ ક્ર્યો નથી તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૦૩ (ત્રણ)

(૨) પ્રવર્તમાન જોગવાઇ પ્રમાણે ખાનગી શાળા-કોલેજોનો સમાવેશ થતો ના હોઇ, અરજદારોને તે મુજબ જવાબ પાઠવેલ છે. છતાં આ બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૯-૬-૦૮ના ઠરાવ ક્ર.અજાક/૧૩૦૭/નબા-૬/ગ થી રાજ્યમાં ઉચ્ચ શિક્ષણના બધા સ્તરે ભણતી ક્ન્યાઓને ટ્યુશન ફીમાંથી મુક્તિ બાબતે સમિતિની રચના ક્રવામાં આવેલ છે.

------------

**ક્ચ્છ જિલ્લામાં મહિલાઓ માટે મિલક્ત ખરીદવાના દસ્તાવેજો**

૧૦૩૫૭**ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિલાઓના નામે મિલક્ત ખરીદીના કેટલા દસ્તાવેજો થયેલ છે,

(૨) આથી મહિલાઓને સ્ટેમ્પ ડ્યૂટી ઓછી થવાનો કેટલો લાભ થયો, અને

(૩) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ૧૦,૯૮૩.

(૨) અને (૩) : મહિલાઓની તરફેણમાં ક્રવામાં આવતા અને માલીકીફેરખત ના દસ્તાવેજોમાં ફક્ત નોંધણી ફી ની માફી આપેલ છે, તેથી સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાના લાભનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજકોટ જિલ્લાની ક્ન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૦૩૨૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની કેટલી ક્ન્યાઓને કુલ કેટલી

**જવાબ**

(૧) **<u>પ્રાથમિક શાળા :</u>**

૨૪૦૬ ક્ન્યાઓને રૂ. ૨૪,૦૬,૦૦૦ની

રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ, અને

રકમના.

**માધ્યમિક શાળા :**

૫૫ કન્યાઓને રૂ. ૧,૧૦,૦૦૦ની રકમના.

(૨) કન્યા દિઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે ?

(૨) પ્રાથમિક શાળા માટે કન્યાદીઠ રૂ. ૧,૦૦૦ અને ધો.-૮ની કન્યાઓને કન્યાદીઠ રૂ. ૨,૦૦૦.

------------

**આણંદ જિલ્લામાં ગોચરની જમીનો**

૧૦૩૬૮**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગોચરની કેટલી જમીનો છે, અને

**જવાબ**

(૧)

| | **તાલુકાનું નામ** | **જમીનનું ક્ષેત્રફળ (એકર-ગુંઠા)** |
|---|---|---|
| ૧ | આણંદ (શહેર) | ૩-૧૦ |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૧૨૯૬-૦૪ |
| ૩ | ઉમરેઠ | ૭૯૬-૦૧ |
| ૪ | આંકલાવ | ૨૩૯૩-૧૮ |
| ૫ | પેટલાદ | ૧૦૧૫-૦૨ |
| ૬ | બોરસદ | ૨૧૦૦-૩૪ |
| ૭ | સોજીત્રા | ૪૮૭-૧૮ |
| ૮ | તારાપુર | ૨૩૩૭-૨૭ |
| ૯ | ખંભાત | ૪૨૪૮-૧૮ |
| | **કુલ :** | **૧૪૬૭૮-૧૨** |

(૨) આ ગોચરની જમીન પશુધન માટે પુરતી છે કે કેમ ?

(૨) ના, જી.

------------

**ભાવનગર જિલ્લામાં જમીન માપણી કચેરીની સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૧૧૨૦**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| **સંવર્ગ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ક્યારથી ખાલી છે** | |
|---|---|---|---|
| હેડ ક્લાર્ક વર્ગ-૩ | ૧ | મે-૦૯ થી | |
| સર્વેયર વર્ગ-૩ | ૨૪ | જાન્યુઆરી-૦૬ થી | ૧ |
| | | મે-૦૬ થી | ૧૦ |
| | | ઓગસ્ટ-૦૬ થી | ૧ |
| | | ઓગસ્ટ-૦૭ થી | ૧ |
| | | સપ્ટેમ્બર-૦૭ થી | ૪ |
| | | જાન્યુઆરી-૦૮ થી | ૧ |
| | | એપ્રિલ-૦૮ થી | ૧ |
| | | ઓગસ્ટ-૦૮ થી | ૩ |
| | | નવેમ્બર-૦૮ થી | ૧ |
| | | ડિસેમ્બર-૦૮ થી | ૧ |
| કારકૂન વર્ગ-૩ | ૩ | મે-૦૪ થી | ૧ |
| | | મે-૦૫ થી | ૧ |
| | | સપ્ટેમ્બર-૦૮ થી | ૧ |
| પટાવાળા વર્ગ-૪ | ૯ | એપ્રિલ-૦૮ થી | ૭ |
| | | જાન્યુઆરી-૦૯ થી | ૧ |
| | | મે-૦૯ થી | ૧ |
| **કુલ :** | **૩૭** | | |

------------

**વડોદરા જિલ્લામાં ૭/૧૨ અને ૮/અ ના ઉતારા આપવા બાબત**

૧૦૭૦૦**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કોમ્પ્યુટર દ્વારા ૭/૧૨ અને ૮/અ ના ખેડૂતોને ઉતારા આપવાની સુવિધા કેટલી ગ્રામ પંચાયતોને આપવામાં આવી, અને

(૨) બાકી ગ્રામ પંચાયતોને આ સુવિધા કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) ૪

(૨) તા. ૩૧-૩-૨૦૦૭ પછી બાકી રહેલ ગ્રામ પંચાયતોને આ સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.

------------

**દસ્તાવેજ નોંધણી ફીમાં સુધારો કરવાની કાર્યવાહી**

૧૦૩૦૫ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દસ્તાવેજ નોંધણી ફી માં સુધારો કરવા અંગેની સરકારે કાર્યવાહી કરેલ છે, અને

(૨) જો હા, તો શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી. તા. ૧-૪-૨૦૦૭ થી સરકારશ્રીએ નોંધણી ફી માં અગાઉના ૧.૫ ટકાના દરમાં ઘટાડો કરી ૧ ટકા મુજબ કરેલ છે.

------------

**ખેડા જિલ્લામાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓ**

૧૦૯૨૧**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓ ફડચામાં ગયેલી છે,

(૨) ફડચામાં ક્યા વર્ષથી ક્યા કારણસર ગયેલ છે, અને

(૩) ફડચામાં ગયેલી મંડળીઓના જવાબદાર સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૧૨.

(૨) સામેલ યાદી મુજબ.

(૩) સેવા સહકારી મંડળીઓ ઘણા વર્ષોથી સ્થગિત રહેતાં સભ્યો ધિરાણ ભરપાઇ ન કરતાં, બેંક આકારણી ચાલુ રહેતાં વ્યાજ ખાધને લીધે મંડળી ઉત્તરોત્તર ખોટમાં જવાથી, મંડળી પાસે નાણાંકીય તરલતા ન રહેતાં તેમજ ફડચામાં ગયેલ મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ ન જણાતાં હોદ્દેદારોની કોઇ જવાબદારી ન જણાતા પગલાં લીધેલ નથી.

**યાદી**

| અ.નં. | મંડળીનું નામ | ક્યા વર્ષથી | ફડચામાં જવાના કારણો |
|---|---|---|---|
| ૧ | પરીએજ સેવા સહકારી મંડળી લી. તા. માતર | ૨૯-૬-૦૬ | ધિરાણ વસુલાત ન આવતા બેંક વ્યાજના કારણે સતત ખોટ રહેતા. |
| ૨ | શત્રુન્ડા સેવા સહકારી મંડળી લી. તા. મહેમદાવાદ | ૧૨-૯-૦૬ | છેલ્લા છ વર્ષથી સ્થગિત અવસ્થામાં હોવાથી. |
| ૩ | ક્યેજ સેવા સહકારી મંડળી લી. તા. મહુધા | ૧૪-૯-૦૬ | ધિરાણ વસુલાત ન આવતા બેંક વ્યાજના કારણે સતત ખોટ રહેતા. |
| ૪ | જાળીયા સેવા સહકારી મંડળી લી. તા. મહેમદાવાદ | ૧૪-૯-૦૬ | મંડળી સ્થગિત થતા ધિરાણ વસુલાત ન આવતા. |
| ૫ | વિઠ્ઠલપુરા સેવા સહકારી મંડળી લી. તા. ખેડા | ૨-૧૧-૦૬ | છેલ્લા ૧૦ વર્ષથી સ્થગિત અવસ્થામાં હોવાથી. |
| ૬ | સરસવણી સેવા સહકારી મંડળી લી. તા. મહેમદાવાદ | ૨-૧૧-૦૬ | છેલ્લા છ વર્ષથી સ્થગિત અવસ્થામાં હોવાથી. |
| ૭ | કોતરબોરગઢના મુવાડા સેવા સહકારી મંડળી લી. તા. બાલાસિનોર | ૬-૧૦-૦૭ | ધિરાણ વસુલાત ન આવતા બેંક વ્યાજના કારણે સતત ખોટ રહેતા. |
| ૮ | વડથલ સેવા સહકારી મંડળી લી. તા. મહુધા | ૧૬-૭-૦૭ | સ્થગિત હોવાથી ખોટ વધવાથી અને ધિરાણ વસુલાત ન હોવાથી. |
| ૯ | ચકલાસી સેવા સહકારી મંડળી લી. તા. નડિયાદ | ૨૯-૪-૦૯ | સભાસદ ધિરાણ અને બેંક ધિરાણમાં મોટો તફાવત રહેવાથી. |

| અ.નં. | મંડળીનું નામ | ક્યા વર્ષથી | ફડચામાં જવાના કારણો |
|---|---|---|---|
| ૧૦ | ખંભાલી સેવા સહકારી મંડળી લી. તા. મહેમદાવાદ | ૫-૧-૦૯ | ખોટ વધવાથી હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ ન રહેવાથી. |
| ૧૧ | તાડના મુવાડા સેવા સહકારી મંડળી લી. તા. કપડવંજ | ૨૮-૪-૦૯ | છેલ્લા છ વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં હોવાથી હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ નથી. |
| ૧૨ | કાકરખાડ સેવા સહકારી મંડળી લી. તા. કપડવંજ | ૨૮-૪-૦૯ | છેલ્લા સાત વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં હોવાથી હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ નથી. |

------------

## મહેસાણા જિલ્લામાં ઇ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધ

૧૧૧૦૯**શ્રી અનિલભાઈ માળી(દિયોદર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઇ-ધરા હેઠળ હક્ક પત્રક નોંધની મહેસાણા જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે ?

**જવાબ**

૧૪૮૨૦.

------------

## પંચમહાલ જિલ્લામાં બાલિકા સમૃદ્ધિ યોજના અંતર્ગત ચૂકવેલ સહાય

૧૧૪૮૬**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને બાલિકા સમૃદ્ધિ યોજના અંતર્ગત સહાય ચૂકવવામાં આવી,

(૨) તે પૈકી સહાય ચૂકવેલ કન્યાઓ કેટલી અને ન સહાય ચૂકવેલ કન્યાઓ કેટલી,

(૩) ન ચૂકવવાના કારણો શાં છે, અને

(૪) તે ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧/૫/૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ કન્યાઓને સહાય ચૂકવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૪૫૯ |
| ૨ | મોરવા (હ) | ૧૧૪૨ |
| ૩ | શહેરા | ૮૭૧ |
| ૪ | જાંબુઘોડા | ૪૫૦ |
| ૫ | ખાનપુર | ૪૪૧ |
| ૬ | હાલોલ | ૮૪૭૮ |
| ૭ | ઘોઘંબા | ૩૮૦૦ |
| ૮ | કડાણા | ૯૦૦ |
| ૯ | સંતરામપુર | ૧૩૭૬ |
| ૧૦ | લલોલ | ૧૩૧૬ |
| ૧૧ | લુણાવાડા | ૧૬૨૦ |
| | **કુલ સરવાળો :** | **૨૧૮૫૩** |

(૨) સહાય ચૂકવેલ કન્યાઓ- ૨૧૮૫૩
- સહાય ન ચૂકવેલ કન્યાઓ - ૧૬૯૦૪

(૩) માંગેલ માહિતી, જન્મના દાખલા તેમજ અસલ પ્રમાણપત્રો સમયસર નહિ મળવાના કારણોસર.

(૪) ઉપર મુજબ પૂર્તતા મળ્યેથી ક્રમાનુસાર ચૂકવવામાં આવશે.

------------

## ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સંસ્થામાં પદાધિકારીઓની નિમણૂક

૧૧૧૬૮ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એવી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર, અમદાવાદમાં પદાધિકારીઓની નિમણૂક કોણ કરે છે,

(૨) આવી નિમણૂકોમાં કોઇ ગેર-બંધારણિય નિમણૂક થયેલ છે કે કેમ અને આવા પદાધિકારીઓની નિમણૂક સામે ગુજરાત તકેદારી આયોગ દ્વારા કોઇ પગલાં લેવામાં આવેલ છે કે કેમ,

**જવાબ**

(૧) લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર, અમદાવાદ એ સંશોધન સંસ્થા છે. આ સંસ્થામાં પદાધિકારીઓની નિમણૂક સંશોધન સંસ્થાના સંચાલક મંડળ કરે છે.

(૨), (૩) અને (૪)

આવી નિમણૂકોમાં કોઇ ગેર-બંધારણીય નિમણૂક થયેલ નથી. આ અંગે નિયામકની નિમણૂક અંગે તકેદારી આયોગમાં અરજી કરવામાં આવેલ હતી, જે બાબત

(૩) અને આવી નિમણૂકો થયેલ હોય તો સરકાર દ્વારા જવાબદારો સામે શાં પગલાં લીધેલ છે અને આવી નિમણૂકો દ્વારા થયેલ નાણાંના વ્યય માટે જવાબદાર કોણ છે, અને

(૪) આવા જવાબદાર વ્યક્તિઓ સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

તકેદારી આયોગમાં હજી આખરી નિર્ણય અર્થે પડતર છે. આમ જ્યાં સુધી આ બાબતે આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે ત્રીજા માળે પ્રાથમિક શાળા ન ચલાવવા અંગે**

૧૦૯૬૯ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોઇપણ બીલ્ડીંગમાં ત્રીજા માળે કે તેની ઉપર પ્રાથમિક શાળા ચલાવી શકાશે નહીં તેવો સુપ્રિમ કોર્ટે તાજેતરમાં ચુકાદો આપ્યો છે તેનાથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ચુકાદાના અમલની શી વ્યવસ્થા ગોઠવાઇ છે, અને

(૩) તેનો અમલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૩) જેમ બને તેમ જલ્દીથી.

------------

**રાજ્યના રાજ્ય ધોરી માર્ગોને રાષ્ટ્રીય ધોરી માર્ગમાં ફેરવવા દરખાસ્તો**

૧૦૨૬૫ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના અગત્યના રાજ્ય ધોરી માર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવવા કેન્દ્ર સરકાર સમક્ષ ક્યા રસ્તાઓ માટે કેટલીવાર દરખાસ્ત કરવામાં આવેલ છે, અને

(૨) આ દરખાસ્ત સામે કેન્દ્ર સરકારનો શો પ્રતિભાવ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં **પરિશિષ્ટ** માં દર્શાવ્યા મુજબ કુલ ૪૧ રસ્તાઓને નેશનલ હાઇવે જાહેર કરવા કેન્દ્ર સરકાર સમક્ષ ત્રણ વખત દરખાસ્ત કરવામાં આવી છે.

(૨) તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઇ પ્રતિભાવ મળેલ નથી.

**પરિશિષ્ટ**

| ક્રમ | રસ્તાનું નામ | કી.મી. |
|---|---|---|
| ૧. | માળીયા-જામનગર-ઓખા-ભાવનગર-કરજણ વડોદરા (દ્વારકા-ભાવનગર રા.ધો.માર્ગ જાહેર થયેલ છે. | ૩૪૦ |
| ૨. | રાજકોટ-જામનગર-વાડીનાર રોડ. | ૧૫૦ |
| ૩. | ભૂજ-ખાવડા-ઇન્ડીયા બ્રીજ ધારમાતા થી ભારતની સરહદ સુધી. | ૧૭૦ |
| ૪. | વડોદરા-પોર, સિનોર-નેત્રંગ-માંડવી-વ્યારા-આહવા-સાપુતારા ગુજરાતની સરહદથી નાસિક. | ૨૪૫ |
| ૫. | પંજાખડી-હજીરા-સચિન-પલસાણા. | ૪૯.૫ |
| ૬. | મહેસાણા-ચાણસ્મા-રાધનપુર. | ૧૬૫ |
| ૭. | સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ-ધાંગધ્રા-હળવદ-માળીયા. | ૧૮૬ |
| ૮. | સ્ટેટ હાઇવે નં.૨૪ જોઇનીંગ રાજકોટ-મોરબી-નવલખી. | ૧૦૯ |
| ૯. | પાલનપુર-ગાંધીનગર-અમદાવાદ. | ૧૫૦ |
| ૧૦. | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા-વાપી. | ૫૦૫ |
| ૧૧. | બગોદરા-વટામણ-પાદરા-કરજણ. | ૧૩૦ |
| ૧૨. | નડિયાદ-કપડવંજ-મોડાસા | ૧૩૫ |
| ૧૩. | અમદાવાદ-ધોળકા-વટામણ. | ૮૦ |
| ૧૪. | ભાવનગર-કરજણ રોડ. | ૨૦૦ |
| ૧૫. | પોરબંદર-પોરબંદર પોર્ટ | ૫.૫ |
| ૧૬. | જામનગર-બેડીપોર્ટ. | ૪.૨૦ |
| ૧૭. | ત્રાપજ-અલંગ પોર્ટ. | ૮ |
| ૧૮. | જખૌ પોર્ટ રોડ, | ૧૩ |
| ૧૯. | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-અંબાજી-આબુ. | ૧૭૦ |
| ૨૦. | હિંમતનગર-વિજાપુર-વિસનગર-ઉંઝા-પાટણ-રાધનપુર. | ૧૨૦ |
| ૨૧. | અમદાવાદ-વિરમગામ-શંખેશ્વર-રાધનપુર. | ૧૫૧ |
| ૨૨. | પાલનપુર-ચંડીસર-દાંતીવાડા-મંદાર-ઝાલોર-જોધપુર. | ૬૫ |
| ૨૩. | ભાંભર-શિહોરી-પાટણ-સિધ્ધપુર-વલાસણા-ઇડર-હિંમતનગર. | ૨૦૦ |
| ૨૪. | ભાંભર-દિયોદર-ખેમાણા-પાટણ-ચાણસ્મા-મહેસાણા. | ૧૩૦ |
| ૨૫. | ભચાઉ-ભૂજ-પાંદ્રો | ૧૩૦ |
| ૨૬. | ચિત્રોડ-રાપર-ધોળાવીરા. | ૧૨૦ |
| ૨૭. | સિધાડા-સૂઇગામ. | ૪૦ |

| ક્રમ | રસ્તાનું નામ | કી.મી. |
|---|---|---|
| ૨૮. | જામનગર-જુનાગઢ. | ૧૩૦ |
| ૨૯. | રાજકોટ-અમરેલી. | ૭૨ |
| ૩૦. | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી. | ૧૮૦ |
| ૩૧. | વડોદરા-ડભોઇ-છોટાઉદેપુર. | ૧૨૫ |
| ૩૨. | ભરૂચ-અંક્લેશ્વર-વાલીયા-નેત્રંગ-સાગબારા. | ૯૦ |
| ૩૩. | હિંમતનગર-ખેડબ્રહ્મા-અંબાજી-આબુ. | ૧૩૦ |
| ૩૪. | જાફરાબાદ-અમરેલી-જસદણ-સુરેન્દ્રનગર-રાધનપુર. | ૪૪૦ |
| ૩૫. | ગણદેવી-વાંસદા-વધઇ-આહવા-મહારાષ્ટ્ર બોર્ડર. | ૧૨૦ |
| ૩૬. | વલસાડ-પારડી-કપરાડા. | ૬૦ |
| ૩૭. | ગાંધીનગર-દહેગામ-લુણાવાડા-સંતરામપુર. | ૨૦૦ |
| ૩૮. | ઉના-દેલવાડા-અહેમદપુર-માંડવી | ૧૧ |
| ૩૯. | વાપી-મોટાપાંડા. | ૯ |
| ૪૦. | વાપી-સિલવાસા રોડ. | ૧૧.૮ |
| ૪૧. | બગોદરા-ધંધુકા-ભાવનગર. | ૧૩૦ |
| | કુલ : | **૫૪૮૦** |

------------

## રાજપીપળા તાલુકામાં માધ્યમિક શાળાના શિક્ષકોને કાનની બિમારી માટે લોન

૧૦૫૪૯ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લાના રાજપીપળા તાલુકામાં માધ્યમિક શાળાના કેટલા શિક્ષકોએ કાનની બિમારીના ઓપરેશન માટે લોનની માગણી કરી છે,

(૨) આ માંગણીઓ સરકારને ક્યારે મળી,

(૩) સરકાર લોન આપવા માગે છે કે કેમ, અને

(૪) જો હા, તો માગણી પ્રમાણેની લોન ક્યારે મંજૂર થશે ?

**જવાબ**

(૧) લોન માટે કોઇ માંગણી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ભરુચ જિલ્લામાં જમીનો ફાળવવા મળેલ અરજીઓ

૯૯૧૬**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસૂલ વિભાગમાં ભરૂચ જિલ્લાની મંદિર-મસ્જીદ-ઇબાદતખાના કોમ્યુનીટી હોલ કે સહકારી મંડળીઓની જમીનો મેળવવાની કેટલી અરજીઓ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પડતરમાં છે, અને

(૨) આવી પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નીચે મુજબ અરજીઓ પડતર છે.

(૧) સહકારી મંડળીઓ - ૧
(૨) કોમ્યુનિટિ હોલ - ૧
(૩) ઇબાદતખાના - ૩

(૨) અરજીઓની ચકાસણીની કામગીરી પૂર્ણ થયેથી.

------------

## રાજ્યમાં પ્રાંત કચેરીઓના મકાનોની મંજૂરી

૧૦૩૪૦**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલી પ્રાંત કચેરીઓના મકાનો મંજૂર કરવામાં આવ્યાં,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાંધકામની કામગીરીમાં શી પ્રગતિ છે ?

**જવાબ**

(૧) ૨૦૦૮-૦૯ના વર્ષમાં પ્રાંત કચેરીના નવા કામો લેવામાં આવ્યાં નથી. પરંતુ ૨૦૦૭-૦૮ ના કામો પૈકીના બે કામ ૨૦૦૮-૦૯માં અને એક કામ ૨૦૦૯-૧૦માં પૂર્ણ થયેલ છે. જ્યારે એક કામ પ્રગતિમાં છે.

(૨) આશરે રૂા. ૫૧૪.૩૬ લાખ.

(૩) બાકી કામના પાયાની કામગીરી પ્રગતિમાં છે.

------------

## રાજ્યમાં ટેક્નોલોજીના ઉપયોગથી જમીન માપણી ઝડપી બનાવવા કાર્યવાહી

૧૧૨૫૩**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ટેક્નોલોજીના ઉપયોગથી પ્રોપર્ટી કાર્ડ તથા જમીન માપણી ઝડપી કરવા સરકાર માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી :- |

**(૧) પ્રોપર્ટી કાર્ડ :-**

- રાજ્યમાં સિટી સરવે કચેરીઓના અંદાજે ૨૩ લાખ મિલક્ત કાર્ડ પૈકી એકંદરે ૧૩ લાખ મિલક્ત કાર્ડની ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ થયેલ છે.
- મહાનગર પાલિકા વિસ્તારમાં (જુનાગઢ સિવાય) મિલક્ત કાર્ડની કમ્પ્યુટરાઇઝડ નક્લ પણ આપવામાં આવે છે.
- રાજ્યમાં અંદાજે કુલ-૨૩ લાખ મિલક્ત કાર્ડની સ્કેનીંગની કામગીરી પૂર્ણ થયેલ છે.

**(૨) જમીન માપણી :-**

- રાજ્યમા જમીન માપણીની કામગીરી ઝડપી અને ચોક્કસ બનાવવા માટે આધુનિક માપણીના સાધનો વસાવવામાં આવેલ છે.
- અમદાવાદ અને સુરત ખાતે ૫-૫ ટી. પી. સ્કીમો પૂર્ણ કરી છે. જે અંગે લે.રે. કોડની ક્લમ-૧૨૬ મુજબનું જાહેરનામું ક્લેકટરશ્રી દ્વારા મંજૂર થતાં રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી કરવામાં આવશે.
- અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની એક-એક ટી.પી. સ્કીમની કુલ ૨૫૪૧૪ મિલક્તોની આધુનિક મશીનોથી માપણી પૂર્ણ કરેલ છે.
- જિલ્લા નિરીક્ષક, જમીન દફ્તરની કચેરીઓમાં ૨૦ હેકટર કે તેથી વધારે ક્ષેત્રફળવાળા માપણી કેસો આધુનિક મશીનોથી માપણી કરવાનું ફરજિયાત કરવામાં આવેલ છે.
- માપણી કેસોના ઝડપી નિકાલ માટે ખાનગી વ્યક્તિ/સંસ્થાને લાયસન્સ આપવાનો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવતાં કુલ-૬૭ લાયસન્સ આપવામાં આવેલ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં ઇ-ધરા હેઠળ હકક પત્રક્ની નોંધ

૧૧૧૧૪**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર ):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ઇ-ધરા હેઠળ હકક પત્રક નોંધની સાબરકાંઠા જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે ? | ૫૦૭૧. |

------------

## મુન્દ્રા તાલુકામાં મીઠાના ઉત્પાદન માટે લીઝ

૧૧૧૨૯**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં મુન્દ્રા તાલુકામાં મીઠાનાં ઉત્પાદન માટે લીઝ પર અપાયેલ જમીનો લીઝ ધારકોએ સરકારને પરત કરી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા લીઝ ધારકોએ મુદત પહેલાં સરકારને ક્યારે ક્યારે આવી જમીનો સુપ્રત કરી, અને

(૩) ગત ત્રણ વર્ષમાં ઉક્ત સ્થિતિએ મહેસૂલ વિભાગ તરફથી મુન્દ્રા તાલુકામાં એસ.ઇ.ઝેડ કે અન્ય બંદરીય ઉદ્યોગો માટે મીઠાના ઉત્પાદનના હેતુ માટેની જમીનો લીઝ કે વેચાતી આપી હોય તો તેની વિગત શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) લીઝ ધારકોના નામ આ સાથે સામેલ **પત્રક**ના કોલમ-૨ મુજબ, સરકારને પરત સુપ્રત કર્યાની તારીખ આ સાથે સામેલ **પત્રક**ના કોલમ-૫ મુજબ.

(૩) આ સાથે સામેલ **પત્રક**ના કોલમ-૬ મુજબ.

**પત્રક**

| ક્રમ | લીઝ ધારકનું નામ | ગામ/તાલુકો | વિસ્તાર (એ.ગુ.) | સરકાર હસ્તક પરત લેવા અંગે તારીખ | જમીનનો હાલનો ઉપયોગ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સૂર્યા સોલ્ટ ઇન્ડસ્ટ્રીઝ | મુંદરા તા. મુંદરા | ૧૫૦-૦૦ | તા. ૧૬-૧-૦૭ | એસ. ઇ. ઝેડ |
| ૨ | સૂર્યા સોલ્ટ ઇન્ડસ્ટ્રીઝ | ધ્રબ, તા. મુંદરા | ૪૦-૦૦ | તા. ૧૪-૧૧-૦૭ | એસ. ઇ. ઝેડ |
| ૩ | શ્રી એન ટી રાયડું જ્યોતી સોલ્ટ વર્કસ. | મુંદરા તા. મુંદરા | ૩૩૦-૦૦ | તા. ૨૪-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૪ | જી. વી. આર. ચોધરી નવજ્યોત સોલ્ટ વર્કસ | મુંદરા તા. મુંદરા | ૧૦૭-૦૦ | તા. ૨૪-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૫ | શ્રી વેંકટેશ કે. એમ. એન. સોલ્ટ વર્કસ | મુંદરા તા. મુંદરા | ૩૩૦-૦૦ | તા. ૨૪-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૬ | શ્રી આદિલ એફ શેઠના રાખી સોલ્ટ વર્કસ | મુંદરા તા. મુંદરા | ૩૩૦-૦૦ | તા. ૨૪-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૭ | શ્રી અદાણી કેમીકલ્સ લી. | ધ્રબ, ઝરપરા, નવીનાળ, શીરાચા ટુન્ડા, તા.મુંદરા | ૨૭૦૮-૦૦ | તા. ૬-૧૨-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૮ | શ્રી રાધાસ્વામી સોલ્ટ વર્કસ | મોટા કાડાંગરા તા. મુંદરા | ૩૫૦-૦૦ | ૨૦-૧૨-૦૮ | એસ. ઇ. ઝેડ |
| ૯ | શ્રી માંજોઠી આમદ લધા, | ધ્રબ, તા. મુંદરા | ૧૦-૦૦ | તા. ૨૦-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૧૦ | શ્રી ખલીફા મામદ ખમીસા, | ધ્રબ, તા. મુંદરા | ૧૦-૦૦ | તા. ૨૦-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૧૧ | શ્રી માંજોઠી દાઉદ જાકબ. | ધ્રબ, તા. મુંદરા | ૧૦-૦૦ | તા. ૨૦-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૧૨ | શ્રી ખલીફા જુસબ સાલેમામદ, | ધ્રબ, તા. મુંદરા | ૧૦-૦૦ | તા. ૨૦-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૧૩ | માંજોઠી ગફુર હારૂન, | ધ્રબ, તા. મુંદરા | ૧૦-૦૦ | તા. ૨૦-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૧૪ | શ્રી કાનજી ગગા પરમાર, | ધ્રબ, તા. મુંદરા | ૧૦-૦૦ | તા. ૨૦-૯-૦૬ | એસ. ઇ. ઝેડ |
| ૧૫ | શ્રી રાજેશ કાનાભાઇ પરમાર, | ભદ્રેશ્વર તા. મુંદરા | ૧૦-૦૦- | તા. ૧૨-૨-૦૯ | એસ. ઇ. ઝેડ |
| ૧૬ | શ્રી રામજી ચોથા આયર, | ભદ્રેશ્વર તા. મુંદરા | ૧૦-૦૦- | તા. ૧૨-૨-૦૯ | એસ. ઇ. ઝેડ |
| ૧૭ | શ્રી વજાભાઇ ચોથા આયર, | ભદ્રેશ્વર તા. મુંદરા | ૧૦-૦૦- | તા. ૧૨-૨-૦૯ | એસ. ઇ. ઝેડ |
| ૧૮ | શ્રી શંભુભાઇ કાના આયર, | ભદ્રેશ્વર તા. મુંદરા | ૧૦-૦૦- | તા. ૧૨-૨-૦૯ | એસ. ઇ. ઝેડ |

## માર્ગ - મકાન વિભાગ હસ્તકની કચેરીઓમાં રોજમદારોને પેન્શન, ગ્રેજ્યુઈટીમાં અન્યાય બાબત.

૧૧૦૮૭ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ માર્ગ અને મકાન હસ્તકની કચેરીઓમાં કાયમી રોજમદારોની તા. ૧૮-૭-૧૯૯૪ના પરિપત્રમાં કાયમી રોજમદાર તરીકે અર્થઘટન થયેલ છે, પરંતુ નોકરીનો સમયગાળો સળંગ ગણવાની બાબતે રોજમદારોને પેન્શન-ગ્રેજ્યુઈટીમાં અન્યાય થાય છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

માર્ગ-મકાન વિભાગના તા. ૨૪-૩-૦૬ના ઠરાવ પ્રમાણે રોજમદારો કાયમી થયા તારીખથી તેમની કાયમી સેવાઓ પેન્શનપાત્ર ગણી પેન્શન, ગ્રેજ્યુઇટીના લાભો આપવામાં આવે છે.

## દસક્રોઇ તાલુકામાં હક્ક પત્રકની નોંધોનો નિકાલ

૧૧૨૫૭**શ્રી બાબુભાઈ પટેલ(દસક્રોઈ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં દસક્રોઇ તાલુકામાં ઇ-ધરા હેઠળ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) ૨૭.૪૫૯.

હકક પત્રક્ની કેટલી નોંધોનો નિકાલ થયો,

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી બાકી છે, અને

(૩) બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

(૨) ૪,૫૦૪.

(૩) હાલમાં હકપત્રક્ની નોંધોના નિકાલની ઝુંબેશ ચાલુ છે. જે અંતર્ગત બાકી નોંધોનો નિકાલ સત્વરે કરવામાં આવશે.

------------

**રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ લેન્ડ રેકર્ડ્સની કાર્યવાહી**

૧૧૨૫૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ સરકાર કોમ્પ્યુટરાઇઝડ લેન્ડ રેકર્ડ્સ વ્યવસ્થાપન ઊભું કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યના તમામ તાલુકા મથકે ઈ-ધરા કેન્દ્રો કાર્યરત કરીને કોમ્પ્યુટરાઈઝડ લેન્ડ રેકર્ડ્સ વ્યવસ્થાપન ઊભું કરવામાં આવેલ છે.

------------

**ખેડા જિલ્લામાં સરકારી જમીન વ્યવસ્થાપન ઝડપી બનાવવા લીધેલ પગલાં**

૧૧૨૬૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી જમીન વ્યવસ્થાપનને વધુ સરળ અને ઝડપી બનાવવા સરકાર કોઇ પગલાં લેવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેડા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ખેડા જિલ્લામાં સરકારી જમીન વ્યવસ્થાપન અંગેની સરકારશ્રીની પ્રવર્તમાન નીતિને અનુરૂપ અમલવારી કરવામાં આવે છે.

**વડોદરા જિલ્લામાં ગોચરની જમીનો**

૧૦૩૬૬**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગોચરની જમીનો ખુલ્લી છે, અને

(૨) આ ગોચરની જમીનો વડોદરા જિલ્લાના પશુધન માટે પુરતી છે કે કેમ?

**જવાબ**

(૧) નીચે મુજબ

| ક્રમ | તાલુકાનું નામ | ક્ષેત્રફળ<br>હે. આરે. ચો.મી. |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૧૧૬-૨૯-૧૮ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૧૫૧૪-૫૨-૭૨ |
| ૩ | કરજણ | ૧૧૮૮-૯૪-૬૪ |
| ૪ | પાદરા | ૧૬૦૭-૫૫-૩૫ |
| ૫ | સાવલી | ૧૬૭૯-૧૭-૭૮ |
| ૬ | ડભોઈ | ૨૭૮૦-૪૩-૫૪ |
| ૭ | વાઘોડીયા | ૧૬૦૪-૬૯-૮૦ |
| ૮ | નસવાડી | ૮૪૦-૬૪-૪૫ |
| ૯ | શિનોર | ૧૩૧૨-૨૭-૮૪ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૧૫૧-૭૨-૯૯ |
| ૧૧ | જેતપુર પાવી | ૧૮૮-૪૭-૭૫ |
| ૧૨ | સંખેડા | ૧૬૨૦-૬૧-૫૪ |
| ૧૩ | ક્વાંટ | ૧૫૫૭-૭૪-૯૩ |
| | **કુલ :** | **૧૭૧૬૩-૧૨-૫૧** |

(૨) ના, જી.

**સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ**

૧૧૧૬૨**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને તાલુકાવાર કાર્ડ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સોઈલ હેલ્થ કાર્ડ આપેલ છે.

(૨)

| તાલુકો | કાર્ડની સંખ્યા |
|---|---|
| ઈડર | ૭૨૨ |
| વડાલી | ૫૮૦ |
| હિંમતનગર | ૮૬૬ |
| ભિલોડા | ૯૦૧ |
| વિજયનગર | ૫૨૨ |
| ખેડબ્રહ્મા | ૬૦૬ |
| મોડાસા | ૫૦૦ |
| માલપુર | ૮૧૬ |
| મેઘરજ | ૯૦૭ |
| ધનસુરા | ૩૯૭ |
| બાયડ | ૮૬૩ |
| પ્રાંતિજ | ૫૧૩ |
| તલોદ | ૯૦૭ |
| **કુલ :** | **૯૧૦૦** |

(૨) કેટલા ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે,

(૩) બાકીના ખેડૂતોને કેટલા સમયમાં કાર્ડ આપવામાં આવશે, અને

(૪) બાકી રહેવાનાં શા કારણો છે?

(૨) ૯૯૮૫૪

(૩) જેમ બને તેમ જલ્દીથી

(૪) તાંત્રીક કારણોસર

------------

**વલસાડ જિલ્લામાં જમીન સંપાદનની થયેલ કાર્યવાહી**

૧૦૨૬૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે જમીન સંપાદન કરવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ભારત સરકારની ગાઇડલાઇન પ્રમાણે આ જમીન સંપાદન થયેલ નથી તે અંગે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) જમીન સંપાદનની કાર્યવાહી પ્રક્રિયા હેઠળ છે.

(૨) સંપાદનની કાર્યવાહી જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ હેઠળ કરવામાં આવે છે.

------------

**જંબુસર અને આમોદ તાલુકામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ**

૧૦૯૭૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવાની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓનો નિકાલ થયો અને કેટલી અરજીઓ પડતરમાં છે, અને

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં થશે?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| | |
|---|---|
| જંબુસર | ૭ |
| આમોદ | ૫ |
| કુલ : | ૧૨ |

(૨) નિકાલ અને પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| | નિકાલ થયેલ અરજીઓની સંખ્યા | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| જંબુસર | ૫ | ૨ |
| આમોદ | ૩ | ૨ |
| કુલ : | ૮ | ૪ |

(૩) સત્વરે

**આણંદ અને ખેડા જિલ્લાના શહેરોમાં આપત્તિ વ્યવસ્થાપનના સાધનો પૂરા પાડવા અંગે**

૧૦૧૫૮**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ આણંદ તથા ખેડા જિલ્લામાં આવેલા શહેરો પૈકી ક્યા ક્યા શહેરોમાં

**જવાબ**

(૧) (અ) આણંદ અને ખેડા જિલ્લાના નીચે જણાવેલ શહેરોમાં આપત્તિ વ્યવસ્થાપનના સાધનો પૂરા

આપત્તિ વ્યવસ્થાપનના સાધનો પૂરા પાડવાના હોય છે અને ક્યા ક્યા સાધનો પૂરા પાડવામાં આવે છે,

પાડવામાં આવે છે.
આણંદ, ઉમરેઠ, બોરસદ, આંક્લાવ, પેટલાદ, સોજિત્રા, તારાપુર, ખંભાત, નડીયાદ, મહુધા, માતર, કઠલાલ, ઠાસરા, બાલાસિનોર, કપડવંજ, મહેમદાવાદ, વિરપુર, ખેડા, ચકલાસી, ડાકોર
(બ) નીચે જણાવેલ સાધનો પૂરા પાડવામાં આવે છે.
લાઈફ જેકેટ, લાઈફ બોયા, મોટા દોરડા, નાના દોરડા, જનરેટર, ડીવોટરીંગ પંપ, યાંત્રિક હોડીઓ, બીન યાંત્રિક હલેસાવાળી હોડીઓ, સેટેલાઈટ ફોન

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેરોમાંથી ક્યા ક્યા સાધનો પૂરા પાડવાના બાકી છે,

(૨) એક પણ નહીં.

(૩) બાકી રહેલ શહેરોમાં બાકી રહેલ સાધનો સરકાર પૂરા પાડવા માગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ખેડા જિલ્લામાં ગોચરની જમીનો

૧૦૩૬૭**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગોચરની જમીનો આવેલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | જમીનનું ક્ષેત્રફળ હે. આરે. ચો.મી |
|---|---|---|
| ૧ | નડીયાદ (શ.) | ૦-૯૧-૦૬ |
| ૨ | ખેડા | ૧૭૪૩-૪૩-૭૭ |
| ૩ | માતર | ૧૬૧૧-૦૦-૦૦ |
| ૪ | મહેમદાવાદ | ૧૨૩૧-૨૫-૯૪ |
| ૫ | મહુધા | ૮૮૩-૦૭-૧૩ |
| ૬ | કપડવંજ | ૨૯૬૬-૪૪-૧૨ |
| ૭ | ઠાસરા | ૨૪૬૭-૫૩-૫૧ |
| ૮ | વિરપુર | ૨૦૮૪-૪૫-૭૫ |
| ૯ | નડિયાદ(ગ્રામ્ય) | ૬૦૬-૭૭-૬૬ |
| ૧૦ | કઠલાલ | ૧૨૫૨-૮૮-૭૪ |
| ૧૧ | બાલાસિનોર | ૫૬૧-૨૧-૨૫ |
| | **કુલ ક્ષેત્રફળ :** | **૧૫,૪૦૮-૯૮-૯૩** |

(૨) પશુધન માટે આ ગોચરની જમીન પુરતી છે કે કેમ?

(૨) મહુધા અને કઠલાલ તાલુકામાં ગોચરની જમીન પુરતી છે. જ્યારે અન્ય તાલુકામાં પુરતી નથી.

------------

## સ્ટેમ્પ ડ્યુટીના સરળીકરણની કામગીરી

૧૧૧૦૭ **ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સ્ટેમ્પ ડયુટીના દરોનું સરળીકરણ કરવા સરકાર ધારે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી?

(૧) અને (૨)
રાજ્ય સરકારે તા. ૦૧-૦૪-૨૦૦૬ થી સ્ટેમ્પ ડયુટીના દરોનું સરળીકરણ અમલી બનાવેલ છે.

------------

## ભાવનગર જિલ્લામાં ૭/૧૨ અને ૮/અ ના ઉતારાની નક્લો

૧૦૮૩૨ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં કોમ્પ્યુટર દ્વારા ૭/૧૨ અને ૮/અ ના ઉતારા આપવાની સુવિધા તા. ૩૧-૫-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને આપવામાં આવી, અને

(૧) ૨૦

(૨) બાકી ગ્રામ પંચાયતોને આ સુવિધા કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે ?

(૨) બાકીની ગ્રામપંચાયતો દ્વારા માગણી થયેથી જિલ્લા પંચાયત દ્વારા તુરત જ.

------------

**વડોદરા જિલ્લામાં ઇ-ધરા હેઠળ હકક પત્રકની નોંધ**

૧૧૧૧૦ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઇ-ધરા હેઠળ હકક પત્રક નોંધની વડોદરા જિલ્લાની એક માસ ઉપરની કેટલી નોંધો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થવા ઉપર બાકી છે ?

**જવાબ**

૪૦૯૨

------------

**મહેસાણા જિલ્લામાં જમીન માપણી કચેરીની સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૧૧૧૫**શ્રી અનિલભાઈ પટેલ(મહેસાણા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| **સંવર્ગ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ક્યારથી ખાલી છે** |
|---|---|---|
| હેડ ક્લાર્ક વર્ગ-૩ | ૧ | તા.૨૭-૫-૦૯થી |
| સર્વેયર વર્ગ-૩ | ૪ | તા.૧-૨-૦૮ થી ૧ |
| | | તા.૧-૫-૦૮ થી ૧ |
| | | તા.૧-૭-૦૮ થી ૧ |
| | | તા.૩-૩-૦૯ થી ૧ |
| કારકૂન વર્ગ-૩ | ૧ | તા.૧-૨-૦૮ થી |
| પટાવાળા વર્ગ-૪ | ૧ | તા.૩૦-૪-૦૯ થી |
| **કુલ :** | **૭** | |

------------

**જૂનાગઢ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે નુકસાન બદલ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય**

૧૧૨૪૭ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૩-૬-૦૯ના રોજ વાવઝોડા અને અતિવૃષ્ટિથી જૂનાગઢ જિલ્લાના વેરાવળ તથા સૂત્રાપાડા તાલુકામાં કેટલુ નુકસાન થયેલ છે,

(૨) તે પૈકી બાગાયતી પાકોમાં કેટલું નુકસાન થયેલ છે, અને

(૩) આ અસરગ્રસ્ત ખેડૂતોને થયેલ નુકસાન પેટે સરકાર શું સહાય આપવા માંગે છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં રૂા.૧૦.૨૦ લાખ અને સુત્રાપાડા તાલુકામાં રૂા.૦.૩૦ લાખનું નુકસાન થયા ના પ્રાથમિક અંદાજ છે.

(૨) બાગાયતી પાકોમાં કુલ રૂા.૧૦.૫૦ લાખનું નુકસાન થયા ના પ્રાથમિક અંદાજ છે.

(૩) વિગતવાર સર્વેની વિગતો મળ્યા પછી યોગ્ય વિચારણા કરવામાં આવશે.

### રાજકોટ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ

૧૦૨૬૬**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કઇ કઇ સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | સરકારી શાળાનું નામ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| ૧ | સરકારી કન્યા વિદ્યાલય, ધોરાજી તા. ધોરાજી | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૨ | ભગવતસિંહજી હાઈસ્કુલ, ધોરાજી તા. ધોરાજી | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૩ | કમરીબાઈ હાઈસ્કુલ, જેતપુર તા.જેતપુર | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૪ | સરકારી હાઈસ્કુલ, અમરનગર તા. જેતપુર | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૫ | મોંઘીબા હાઈસ્કુલ ફોર ગર્લ્સ, ગોંડલ તા. ગોંડલ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૬ | વી.સી.ટેક્નીકલ હાઈસ્કુલ, મોરબી તા. મોરબી | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૭ | સરકારી હાઈસ્કુલ, પડધરી તા. પડધરી | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૮ | બાઈ સાહેબબા ગર્લ્સ હાઈસ્કુલ, રાજકોટ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૯ | મોહનદાસ ગાંધી વિદ્યાલય, રાજકોટ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૧૦ | શ્રી કરણસિંહજી હાઈસ્કુલ, રાજકોટ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા |

(૨) બાકી રહેતી શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ ક્યારથી શરૂ કરવામાં આવશે ?

(૨) બાકી રહેતી એક સરકારી માધ્યમિક શાળા, નાની બરાર તાલુકા માળિયા મિયાણામાં લાઈટની વ્યવસ્થા થયે તથા નવું સરકારી બિલ્ડીંગ તૈયાર થયે કોમ્પ્યુટર શિક્ષણ શરૂ કરવામાં આવશે.

### રાજકોટ જિલ્લામાં જમીન માપણી કચેરીની સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૧૧૧૮**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જમીન માપણી માટેની જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે | |
|---|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૨૪ | તા.૧-૧૧-૯૮ થી | ૧૧ |
| | | તા.૧૧-૬-૦૫ થી | ૬ |
| | | તા.૧-૧૨-૦૬ થી | ૨ |
| | | તા.૧-૯-૦૮ થી | ૩ |
| | | તા.૧-૧૨-૦૮ થી | ૨ |
| કારકૂન વર્ગ-૩ | ૧ | તા.૧૦-૬-૦૮ થી | |
| પટાવાળા વર્ગ-૪ | ૧ | તા.૧૧-૫-૦૬ થી | |
| કુલ : | ૨૬ | | |

------------

**અધ્યક્ષશ્રી** : બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

# બીજી અતારાંકિત યાદી

### દાહોદ જિલ્લામાં ખેતીની જમીનમાં ક્ષારતાનું પ્રમાણ

**અતારાંકિત : ૧૨૬૮ (૨૮-૧-૨૦૦૯) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ક્યા ક્યા તાલુકાવાર ગામોની ખેતીની જમીન અને સરકારી જમીનમાં ક્ષારનું પ્રમાણ વધી ગયું છે,

(૨) આવી ક્ષારવાળી જમીનમાં ગામવાર કેટ કેટલા હેકટર જમીનમાં ક્ષારનું પ્રમાણ જણાયું છે,

(૩) આ ગામોમાં ક્ષાર વધતો અટકાવવા ગામવાર સરકાર દ્વારા શા શા પગલાં ભરી શા શા કામો હાથ ધરેલ છે, અને

(૪) ગામ વાર કેટલો ખર્ચ કરેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૮-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાના તાલુકાવાર લીધેલ તથા ચકાસેલ નમૂનાની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ચકાસણી કરેલ નમૂનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૬૧૫૨ |
| ૨ | ગરબાડા | ૨૧૫૯ |
| ૩ | ઝાલોદ | ૧૦૦૩૭ |
| ૪ | ફતેપુરા | ૫૭૩૦ |
| ૫ | દેવગઢબારીયા | ૫૨૭૭ |
| ૬ | ધાનપુર | ૫૨૫૫ |
| ૭ | લીમખેડા | ૮૧૧૫ |

(૧) રાજકોટ જિલ્લામાંથી ડિસેમ્બર-૨૦૦૮ સુધીમાં કોઈ તીર્થો કે ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કોમ્પ્યુટર અને પ્રિન્ટરની ખરીદી

અતારાંક્તિ : ૧૪૮૧ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે ઓદ્યોગિક તાલીમ સંસ્થા માટે કેટલી રકમના કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર પ્રિન્ટરની ખરીદી વર્ષવાર કરવામાં આવી,

(૨) તે પેકી કેટલા કોમ્પ્યુટર અને પ્રિન્ટર કઈ કઈ ઓદ્યોગિક સંસ્થાઓને ઈસ્યુ કરવામાં આવ્યા, કેટલા ઈસ્યુ કરવાના બાકી છે, અને

(૩) કેટલા કોમ્પ્યુટર ઉક્ત સ્થિતિએ ચાલુ છે અને કેટલા બંધ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૮-૬-૦૯) :

(૧)

| વર્ષ | ખરીદ કરેલ કોમ્પ્યુટરની રકમ | ખરીદ કરેલ કોમ્પ્યુટર પ્રિન્ટરની રકમ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | રૂ. ૯૩૭૫૩૪૦.૦૦ | રૂ. ૫૦૧૧૭૯.૦૦ |
| ૨૦૦૮-૦૯ | રૂ. ૨૦૯૬૭૪૬૮.૦૦ | રૂ. ૭૧૩૮૭૫.૦૦ |

(૨) ઓદ્યોગિક સંસ્થાઓને ઈસ્યુ કરવામાં આવેલ કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર પ્રિન્ટરની વિગતો **પત્રક : અ** મુજબ, તેમજ કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર પ્રિન્ટર ઈસ્યુ કરવાના બાકી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ તમામ કોમ્પ્યુટર ચાલુ છે. અને કોઈ બંધ નથી.

### પત્રક-અ

| ક્રમ | ઓદ્યોગિક તાલીમ સંસ્થા | ઈસ્યુ કરેલ | |
|---|---|---|---|
| | | કોમ્પ્યુટર | પ્રિન્ટર |
| ૧. | કુબેરનગર | ૧૧ | ૩ |
| ૩. | સરસપુર | ૯ | ૦ |
| ૪. | સુરત(મહિલા) | ૨૦ | ૨ |
| ૬. | હિંમતનગર | ૯ | ૧ |
| ૭. | ગાંધીનગર | ૨૪ | ૨૩ |
| ૮. | પલાણા | ૧૭ | ૨ |
| ૯. | દહેગામ | ૦ | ૩ |
| ૧૦. | વિજાપુર | ૬ | ૨ |
| ૧૧. | થલતેજ | ૫ | ૨ |
| ૧૨. | આણંદ (મહીલા) | ૯ | ૨ |
| ૧૩. | સંખેડા | ૧ | ૧ |
| ૧૪. | ઉપલેટા | ૯ | ૧ |
| ૧૫. | ભુજ | ૧૩ | ૧ |
| ૧૬. | કેશોદ | ૯ | ૨ |
| ૧૭. | વલસાડ | ૨ | ૦ |
| ૧૮. | અંકલેશ્વર | ૬ | ૨ |
| ૧૯. | વાલોડ | ૨ | ૦ |
| ૨૦. | મહુવા | ૯ | ૧ |
| ૨૧. | વાંસદા | ૧ | ૧ |
| ૨૨. | ભરૂચ | ૧૦ | ૧ |
| ૨૩. | અગાસી | ૧ | ૦ |
| ૨૪. | આહવા-ડાંગ | ૩ | ૧ |
| ૨૫. | ગણદેવા | ૧૦ | ૧ |
| ૨૬. | શહેરા | ૦ | ૨ |
| ૨૭. | ડેડિયાપાડા | ૪ | ૦ |
| ૨૮. | સરખેજ | ૪૩ | ૪ |
| ૨૯. | ભાવનગર | ૫૧ | ૫ |
| ૩૦. | જામનગર (મહીલા) | ૬૩ | ૩ |
| ૩૧. | કલ્યાણપુર | ૧૮ | ૫ |
| ૩૨. | જામજોધપુર | ૨૨ | ૫ |
| ૩૩. | મુન્દ્રા | ૧૭ | ૩ |
| ૩૪. | રાપર | ૧૮ | ૨ |
| ૩૫. | કપરાડા | ૯ | ૨ |

| ક્રમ | ઓદ્યોગિક તાલીમ સંસ્થા | ઈસ્યુ કરેલ | |
|---|---|---|---|
| | | કોમ્પ્યુટર | પ્રિન્ટર |
| ૩૬. | ઉમરપાડા | ૧૭ | ૨ |
| ૩૭. | સચિન (મહીલા) | ૨૧ | ૭ |
| ૩૮. | સાંતલપુર | ૯ | ૩ |
| ૩૯. | મણિનગર (ખોખરા) | ૪૫ | ૫ |
| ૪૦. | કુંભારીયા | ૮ | ૧ |
| ૪૧. | રાધનપુર | ૮ | ૧ |
| ૪૨. | બાયડ | ૫ | ૨ |
| ૪૩. | ગણેશસીસોદરા | ૯ | ૨ |
| ૪૪. | ધંધુકા | ૯ | ૨ |
| ૪૫. | ડીસા | ૧૧ | ૨ |
| ૪૬. | ઉના | ૯ | ૨ |
| ૪૭. | સાગબારા | ૮ | ૦ |
| ૪૮. | ચોટીલા | ૧૩ | ૦ |
| ૪૯. | તરસાલી | ૦ | ૧ |
| ૫૦. | ધાંગધ્રા | ૯ | ૦ |
| ૫૧. | વાલીયા | ૮ | ૦ |
| ૫૨. | દ્વારકા | ૯ | ૦ |
| ૫૩. | તલાલા | ૯ | ૦ |
| ૫૪. | રાજુલા | ૯ | ૦ |
| ૫૫. | પાટડી | ૯ | ૦ |
| ૫૬. | ઓલપાડ | ૯ | ૦ |
| ૫૭. | વાઘોડીયા | ૮ | ૧ |
| ૫૮. | પલસાણા | ૮ | ૦ |
| ૫૯. | બાલીસણા | ૪ | ૦ |
| ૬૦. | ગોરવા | ૮ | ૧ |
| ૬૩. | નિઝર | ૧ | ૦ |
| ૬૪. | હારીજ | ૯ | ૦ |
| ૬૫. | અમીરગઢ | ૯ | ૦ |
| ૬૬. | થરાદ | ૯ | ૦ |
| ૬૭. | સાવરકુંડલા | ૫ | ૦ |
| ૬૮. | કેવડીયા કોલોની | ૯ | ૦ |
| ૬૯. | ચીખલી | ૯ | ૦ |
| ૭૦. | બગસરા | ૧૯ | ૨ |
| ૭૧. | બરવાળા | ૯ | ૧ |
| ૭૨. | ભચાઉ | ૯ | ૧ |
| ૭૩. | ધોધંબા | ૯ | ૨ |
| ૭૪. | હાંસોટ | ૯ | ૨ |
| ૭૬. | પડધરી | ૯ | ૨ |
| ૭૭. | રધીકપુર | ૯ | ૨ |
| ૭૮. | વડગામ | ૯ | ૨ |
| ૮૦. | દાહોદ (મહીલા) | ૨૦ | ૨ |
| ૮૧. | ધાનપુર | ૯ | ૨ |
| ૮૨. | ગોરવા (મહીલા) | ૨૦ | ૨ |
| ૮૩. | જાફરાબાદ | ૯ | ૨ |
| ૮૪. | જોડીયા | ૯ | ૨ |
| ૮૫. | લાલપુર | ૯ | ૧ |
| ૮૬. | માળીયા (હાટીના) | ૯ | ૨ |
| ૮૭. | સંતરામપુર | ૯ | ૧ |
| ૮૮. | વાવ | ૯ | ૨ |
| ૮૯. | ભિલોડા | ૧૪ | ૩ |
| ૯૦. | તળાજા | ૮ | ૦ |
| ૯૧. | ઉચ્છલ | ૩ | ૦ |
| ૯૨. | માંડવી (કચ્છ) | ૯ | ૦ |
| ૯૩. | સાવલી | ૯ | ૧ |
| ૯૪. | લુણાવાડા | ૦ | ૧ |
| ૯૫. | લીમખેડા | ૧૪ | ૩ |
| ૯૬. | વાકાનેર | ૮ | ૧ |
| ૯૭. | ભિલાડ | ૧૪ | ૩ |
| ૯૮. | મેઘરજ | ૯ | ૦ |
| ૯૯. | ગોધરા | ૫ | ૧ |
| ૧૦૦. | દશરથ | ૦ | ૨ |
| ૧૦૧. | કપડવંજ | ૯ | ૨ |

| ક્રમ | ઓદ્યોગિક તાલીમ સંસ્થા | ઈસ્યુ કરેલ | |
|---|---|---|---|
| | | કોમ્પ્યુટર | પ્રિન્ટર |
| ૧૦૩. | સુરેન્દ્રનગર | ૮ | ૨ |
| ૧૦૪. | મહેસાણા | ૮ | ૨ |
| ૧૦૫. | વાસદ | ૧ | ૧ |
| ૧૦૬. | વ્યારા | ૯ | ૩ |
| | કુલ :- | ૧૦૫૭ | ૧૭૦ |

----------------

## રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૧૪૮૨ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત સરકારને વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે કઈ કઈ વીમા કંપનીને આ સ્થિતિએ વર્ષવાર કેટલું પ્રિમિયમ ચુક્વ્યું,

(૩) તે પેકી કેટલા શ્રમિકોને સુરશ્રા યોજના હેઠળ કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી ચુકવવાની બાકી છે,

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત સરકારને વર્ષવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાઓ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧. | ભરુચ | ૫૬ | ૫૨ | ૨૧ |
| ૨. | નર્મદા | ૧૨ | ૧૪ | ૦૨ |
| ૩. | વડોદરા | ૪૬ | ૨૧ | ૧૦ |
| ૪. | સુરત | ૬૨ | ૬૬ | ૦૭ |
| ૫. | જામનગર | ૩૬ | ૫૪ | ૬૬ |
| ૬. | જુનાગઢ | ૩૬ | ૫૫ | ૭૮ |
| ૭. | પોરબંદર | ૦૬ | ૦૯ | ૧૪ |
| ૮. | કચ્છ | ૨૮ | ૨૨ | ૨૨ |
| ૯. | ખેડા | ૨૪ | ૪૫ | ૧૫ |
| ૧૦. | આણંદ | ૪૨ | ૫૪ | ૩૧ |
| ૧૧. | અમદાવાદ | ૨૮ | ૪૩ | ૩૮ |
| ૧૨. | દાહોદ | ૩૫ | ૨૯ | ૧૪ |
| ૧૩. | પંચમહાલ | ૪૯ | ૫૩ | ૪૬ |
| ૧૪. | મહેસાણા | ૩૨ | ૪૧ | ૨૮ |
| ૧૫. | ગાંધીનગર | ૧૭ | ૨૪ | ૧૯ |
| ૧૬. | વલસાડ | ૧૦ | ૧૯ | ૧૦ |
| ૧૭. | નવસારી | ૦૬ | ૦૬ | ૦૪ |
| ૧૮. | ડાંગ | ૦૧ | ૦૨ | ૦૧ |
| ૧૯. | ભાવનગર | ૮૩ | ૬૩ | ૭૬ |
| ૨૦. | રાજકોટ | ૩૧ | ૩૦ | ૩૫ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦ | ૧૭ | ૧૭ |
| ૨૨. | અમરેલી | ૧૦ | ૨૩ | ૧૧ |
| ૨૩. | સાબરકાંઠા | ૪૨ | ૬૮ | ૫૧ |
| ૨૪. | બનાસકાંઠા | ૧૬ | ૨૭ | ૦૮ |
| ૨૫. | પાટણ | ૨૦ | ૩૪ | ૨૦ |
| | કુલ : | ૭૫૮ | ૮૭૧ | ૬૪૪ |

(૨) તા.૨/૧૦/૦૫ થી તા.૩૧/૩/૦૮ દરમ્યાન આ યોજનાનો ખાતા રાહે અમલ થતો હોઈ પ્રિમિયમ ભરવામાં આવેલ નથી.

તા. ૧/૪/૦૮ થી આ યોજનાનો અમલ વીમા નિયામકશ્રી, ગાંધીનગર હસ્તક હોઈ રૂપિયા ૩,૪૭,૧૭,૭૫૧/- પ્રિમિયમ તરીકે વીમા નિયામકશ્રીને ચુકવેલ છે.

(૩) તે પેકી શ્રમિકોની સંખ્યા તથા યોજના હેઠળ ચુક્વાયેલ રકમ નીચે મુજબ છે.

મંજૂર થયેલ કેસો પેકી કોઈ કેસમાં કોઈ રકમ ચુકવવાની બાકી રહેલ નથી.

| ક્રમ | જિલ્લો | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | શ્રમિકો | ચૂક્વાયેલ રકમ રૂા.લાખમાં | શ્રમિકો | ચૂક્વાયેલ રકમ રૂા.લાખમાં | શ્રમિકો | ચૂક્વાયેલ રકમ રૂા.લાખમાં |
| ૧. | ભરૂચ | ૪૮ | ૪૮.૦૦ | ૨૨ | ૨૧.૫૭ | ૦૦ | ૦૦.૦૦ |
| ૨. | નર્મદા | ૦૬ | ૦૬.૦૦ | ૦૫ | ૦૫.૦૦ | ૦૦ | ૦૦.૦૦ |
| ૩. | વડોદરા | ૩૮ | ૩૮.૦૦ | ૧૪ | ૧૪.૦૦ | ૦૨ | ૦૨.૦૦ |
| ૪. | સુરત | ૨૧ | ૨૧.૦૦ | ૨૬ | ૨૬.૦૦ | ૦૦ | ૦૦.૦૦ |
| ૫. | જામનગર | ૨૬ | ૨૬.૦૦ | ૨૭ | ૨૬.૦૦ | ૧૧ | ૧૦.૬૫ |
| ૬. | જુનાગઢ | ૩૧ | ૩૧.૦૦ | ૩૮ | ૩૮.૦૦ | ૨૬ | ૨૫.૪૫ |
| ૭. | પોરબંદર | ૦૪ | ૦૪.૦૦ | ૦૮ | ૦૮.૦૦ | ૦૪ | ૦૪.૦૦ |
| ૮. | ક્ચ્છ | ૨૨ | ૨૨.૦૦ | ૧૪ | ૧૪.૦૦ | ૧૦ | ૧૦.૦૦ |
| ૯. | ખેડા | ૨૧ | ૨૧.૦૦ | ૧૫ | ૧૫.૦૦ | ૦૬ | ૦૫.૫૦ |
| ૧૦. | આણંદ | ૩૧ | ૩૧.૦૦ | ૩૨ | ૩૨.૦૦ | ૦૬ | ૦૬.૦૦ |
| ૧૧. | અમદાવાદ | ૧૨ | ૧૨.૦૦ | ૧૦ | ૦૯.૦૦ | ૦૫ | ૦૫.૦૦ |
| ૧૨. | દાહોદ | ૨૨ | ૨૨.૦૦ | ૦૮ | ૦૮.૦૦ | ૦૬ | ૦૬.૦૦ |
| ૧૩. | પંચમહાલ | ૨૮ | ૨૮.૦૦ | ૧૬ | ૧૬.૦૦ | ૧૧ | ૧૧.૦૦ |
| ૧૪. | મહેસાણા | ૨૫ | ૨૫.૦૦ | ૩૦ | ૩૦.૦૦ | ૧૧ | ૧૧.૦૦ |
| ૧૫. | ગાંધીનગર | ૦૬ | ૦૬.૦૦ | ૦૮ | ૦૮.૦૦ | ૦૨ | ૦૨.૦૦ |
| ૧૬. | વલસાડ | ૦૯ | ૦૯.૦૦ | ૧૩ | ૧૩.૦૦ | ૦૧ | ૦૧.૦૦ |
| ૧૭. | નવસારી | ૦૬ | ૦૬.૦૦ | ૦૧ | ૦૧.૦૦ | ૦૧ | ૦૧.૦૦ |
| ૧૮. | ડાંગ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦ | ૦૦.૦૦ |
| ૧૯. | ભાવનગર | ૪૬ | ૪૬.૦૦ | ૩૩ | ૩૨.૫૦ | ૨૧ | ૨૧.૦૦ |
| ૨૦. | રાજકોટ | ૧૫ | ૧૫.૦૦ | ૦૯ | ૦૮.૯૫ | ૦૮ | ૦૮.૦૦ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૧૭ | ૧૭.૦૦ | ૧૫ | ૧૫.૦૦ | ૦૫ | ૫.૦૦ |
| ૨૨. | અમરેલી | ૦૯ | ૦૯.૦૦ | ૧૭ | ૧૬.૫૦ | ૦૫ | ૫.૦૦ |
| ૨૩. | સાબરકાંઠા | ૨૫ | ૨૫.૦૦ | ૩૧ | ૩૦.૫૦ | ૧૬ | ૧૬.૦૦ |
| ૨૪. | બનાસકાંઠા | ૦૯ | ૦૯.૦૦ | ૧૪ | ૧૪.૦૦ | ૦૪ | ૦૩.૫૦ |
| ૨૫. | પાટણ | ૧૨ | ૧૧.૫૦ | ૧૯ | ૧૯.૦૦ | ૦૮ | ૦૭.૫૦ |
| | **કુલ :** | **૪૮૯** | **૪૮૮.૫૦** | **૪૨૫** | **૪૨૧.૫૨** | **૧૬૮** | **૧૬૬.૬૦** |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## જેતપુર શહેરમાં સાડીના કારખાનાના કારીગરોના કલ્યાણની સુવિધાઓ અંગે

અતારાંક્તિ : ૧૫૭૧ (૬-૫-૨૦૦૯) **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં સાડીના કારખાનાઓમાં કામ કરતા કારીગરોનો અસંઠીત ક્ષેત્રના મજૂરોમાં સમાવેશ થયેલ છે કે કેમ,

(૨) તેમના કલ્યાણ અર્થે મેડીકલ લોન સહાય જેવી કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને

(૩) કારખાના માલિકોની આ અંગે શું જવાબદારી છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૩-૬-૨૦૦૯) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તળાવો ઉંડા કરવા માટેનો ખર્ચ

અતારાંક્તિ : ૧૩૮૭ (૧૭-૩-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં સને ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં સિંચાઈ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા,

(૨) કેટલા જુના તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૩) તળાવ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨-૬-૨૦૦૯) :

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં (તા. ૩૧-૧૨-૦૮) સુધીમાં અબડાસા તાલુકામાં ૧ તળાવનું કામ પૂર્ણ કરવામાં આવ્યું. લખપત અને નખત્રાણા તાલુકામાં નવા તળાવનું કોઈ કામ કરવામાં આવેલ નથી.

(૨) અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં કોઈ તળાવ ઉંડા કરવાના કામો હાથ ધરાયેલ નથી.

(૩) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં પૂર્ણ થયેલ અબડાસા તાલુકામાં લાખણીયા ટૅન્કનું કામ રૂ. ૮.૯૬ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં ચેકડેમોનું બાંધકામ

અતારાંક્તિ : ૧૪૫૦ (૬-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૧-૧-૦૬ થી તા. ૩૦-૧૨-૦૮ સુધીમાં ૬૦:૪૦ અને ૮૦:૨૦ યોજના હેઠળ કુલ કેટલા ચેકડેમો થયા, અને

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૬-૨૦૦૯) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૧-૧-૦૬ થી તા. ૩૦-૧૨-૦૮ સુધીમાં ૮૦:૨૦ યોજના હેઠળ કુલ ૮૧ ચેકડેમો થયા.

(૨) આ ચેકડેમો પાછળ કુલ રૂ. ૮૭૧.૧૯ લાખનો ખર્ચ થયો.

--------------

## કચ્છ જિલ્લામાં સિંચાઈની માટેની કાચી કેનાલો

અતારાંક્તિ : ૧૫૦૩ (૬-૩-૨૦૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાની કઈ કઈ સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે,

(૨) આ કાચી કેનાલોને પાકી બનાવવા યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે,

(૩) કેટલા સમયમાં આ કાચી કેનાલો પાકી બનાવવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૮-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં બિડેલ *પત્રક મુજબ ૧૯ મધ્યમ કક્ષાની સિંચાઈ યોજનાના કુલ ૩૨૮.૯૪ કિ.મી. લંબાઈની કેનાલમાંથી ફક્ત ૧.૬૦ કિ.મી. લાંબી કાચી કેનાલ છે. અને ૧૬૫ નાની સિંચાઈ યોજનાના કુલ ૫૨૪.૦૩ કિ.મી. લંબાઈની કેનાલમાંથી ૧૪૩.૦૮ કિ.મી. કાચી કેનાલ છે.

(૨) મધ્યમ કક્ષાની સિંચાઈ યોજનાની કેનાલ પાકી કરવા રૂ. ૨૦.૦૦ લાખ અને નાની સિંચાઈ યોજનાની કેનાલો પાકી કરવા ૯૨૬.૬૦ લાખ અંદાજવામાં આવે છે.

(૩) નાણાંકીય ઉપલબ્ધીને અનુલક્ષીને આયોજન કરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

-------------

## કચ્છ જિલ્લામાં નહેર મારફતે સિંચાઈની સુવિધા બાબત

અતારાંક્તિ : ૧૫૦૫ (૬-૫-૨૦૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી, તેના કારણો શાં શાં છે,

(૨) સદર ગામોને ઉક્ત સુવિધા સરકાર આપવા માંગે છે કે કેમ,

(૩) જો હા, તો કેટલા સમયમાં આવી સુવિધા આપવામાં આવશે,

(૪) આ અંગે ગામવાર કોઈ સર્વે કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૫) જો હા, તો તેની વિગતો શી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી તેવા ગામોનું લીસ્ટ આ સાથે સામેલ *પત્રક-૧ મુજબ છે.

કચ્છ જિલ્લાના મર્યાદિત ઉપલબ્ધ જળસંસાધનો અને જિલ્લાની ભોગોલિક પરિસ્થિતિને આધારે દરેક ગામોને નહેર મારફતે સુવિધા આપી શકાય નહીં.

(૨), (૩), (૪) અને (૫) કચ્છ જિલ્લાના મર્યાદિત ઉપલબ્ધ જળ સંસાધનો અને જિલ્લાની ભોગોલિક પરિસ્થિતિને આધારે દરેક ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા આપી શકાય નહી પરંતુ આવા ગામોને તેના વિકલ્પ રૂપે જળસંચયના કામો જેવા કે ચેકડેમ, તળાવો, બંધારા અને નર્મદાના વધારાના પુરના પાણીના સંગ્રહ જેવા કામોથી બાકી રહેતા વિસ્તારને સીધો કે આડકતરો સિંચાઈનો લાભ આપવા માટે સરકાર પ્રયત્નશીલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

------------

## કચ્છ જિલ્લામાં નહેરો મારફતે ખેતી માટે પાણી

અતારાંકિત : ૧૫૦૬ (૬-૩-૨૦૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા ગામોની કઈ કઈ સિંચાઈ યોજના હેઠળ નહેર મારફતે કેટ કેટલા હેકટરની ખેતીની જમીનને કેટ કેટલા પાકો માટે પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે, અને

(૨) આ ગામોની ખેતીની જમીનને ઉક્ત સિંચાઈ યોજના હેઠળ નિયમિત પાણી આપવામાં આવે છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૮-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આ સાથે બિડેલ પત્રક મુજબના ગામોને નહેર દ્વારા સિંચાઈનું પાણી પૂરૂં પાડવામાં આવે છે. *પત્રકમાં યોજના સામે દર્શાવેલ વિગત મુજબની ખેતી લાયક જમીનને દર્શાવ્યા મુજબના પાકો માટે સિંચાઈના પાણીની સુવિધા પુરી પાડવામાં આવે છે.

(૨) જળાશયમાં પાણીનો ઉપલબ્ધ જથ્થો સબંધિત સિંચાઈ યોજનાની સલાહકાર સમિતિમાં થયેલ નિર્ણય અનુસાર પિયત વિસ્તારના ખેડૂતોને પાણીનું વિતરણ કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

------------

## ખેડા જીલ્લામાં સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળના કામો

અતારાંકિત : ૧૨૪૬ (૨૦-૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ ખેડા જીલ્લામાં ક્યા કામો મજુર કરવામાં આવ્યા,

(૨) આ યોજના હેઠળ કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો ચાલુ છે અને ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૮-૬-૨૦૦૯) :

(૧) ખેડા જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ રસ્તાના કામો, બાંધકામના કામો, જળસંચયના કામો, વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રક્ચરના કામો જમીન સંરક્ષણના કામો, વનીકરણના હેતુસરના કામો અને અન્ય કામો મંજુર કરવામાં આવેલ હતા.

(૨) ૨૦૦૬-૦૭માં ૧૫૫૪ કામો શરૂ કરવામાં આવેલ તે તમામ પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૭૧૯ કામો શરૂ કરવામાં આવેલ હતા અને તે પૈકી ૧૭૧૫ કામો પૂર્ણ કરવામાં આવેલ હતા.

(૩) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના તા. ૩૧-૩-૦૮થી બંધ કરવામાં આવેલ છે. અને તા. ૧-૪-૦૮થી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અમલમાં આવેલ છે. ખેડા જીલ્લાના ઠાસરા તાલુકામાં આંગણવાડીના જે ૪-કામો અધુરા હતા તે જે તે સ્ટેજે ફાઈનલ કરવામાં આવેલ છે.

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ગોચર અને પંચાયતની જમીન ઉપર થયેલ દબાણ**

અતારાંક્તિ : ૧૨૫૪ (૨૦-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ગામવાર ગોચર અને પંચાયતની જમીનો ઉપર થયેલ દબાણ દૂર કરવા કેટલી ફરિયાદો તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી છે,

(૨) કઇ કઇ પંચાયતોની જમીન અને ગોચર જમીન ઉપર દબાણ થયેલ છે, અને

(૩) આ દબાણ દૂર કરવા શા શા પગલાં ભરવામાં આવ્યા છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૮-૬-૨૦૦૯) :

(૧) આ અંગેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ | ગોચર દબાણની ફરિયાદો | ગામતળ દબાણની ફરિયાદો |
|---|---|---|---|---|
| બાલાસિનોર | ૧ | કરણપુર | ૦ | ૪ |
| | ૨ | પરબીયા | ૦ | ૧ |
| | ૩ | હાંડીયા | ૦ | ૨ |
| | ૪ | રાજપુર | ૦ | ૧ |
| | ૫ | ઓથવાડ | ૦ | ૫ |
| | ૬ | જેઠોલી | ૦ | ૩ |
| | ૭ | કંમ્બોપા | ૦ | ૨ |
| | ૮ | દોલતપોરડા | ૦ | ૨ |
| | ૯ | સલીયાવડી | ૦ | ૨ |
| | ૧૦ | ગધાવાડા | ૦ | ૧ |
| | ૧૧ | રામાનામુવાડા | ૦ | ૧ |
| | ૧૨ | આલેલા | ૦ | ૨ |
| | ૧૩ | પીલોદ્રા | ૦ | ૧ |
| | | કુલ | ૦ | ૨૭ |
| વિરપુર | ૧ | ખેરોલી | ૦ | ૧ |
| | ૨ | કુંભરવાડી | ૩ | ૩ |
| | ૩ | કોયડમ | ૦ | ૧ |
| | ૪ | વિરપુર | ૦ | ૨ |
| | ૫ | બાર | ૦ | ૩ |
| | | **કુલ :** | **૩** | **૧૦** |

(૨) આ અંગેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ | ગોચરના દબાણ | ગામતળના દબાણ |
|---|---|---|---|---|
| **બાલાસિનોર** | ૧ | કરણપુર | ૦ | ૪ |
| | ૨ | પરબીયા | ૦ | ૧ |
| | ૩ | હાંડીયા | ૦ | ૨ |
| | ૪ | રાજપુર | ૦ | ૧ |
| | ૫ | ઓથવાડ | ૦ | ૫ |
| | ૬ | જેઠોલી | ૦ | ૩ |

| તાલુકાનું નામ | ક્રમ | ગામનું નામ | ગોચરના દબાણ | ગામતળના દબાણ |
|---|---|---|---|---|
| | ૭ | કંમ્બોપા | ૦ | ૨ |
| | ૮ | દોલતપોરડા | ૦ | ૨ |
| | ૯ | સલીયાવડી | ૦ | ૨ |
| | ૧૦ | ગધાવાડા | ૦ | ૧ |
| | ૧૧ | રામાનામુવાડા | ૦ | ૧ |
| | ૧૨ | આલેલા | ૦ | ૨ |
| | ૧૩ | પીલોદ્રા | ૦ | ૧ |
| | | કુલ | ૦ | ૨૭ |
| **વિરપુર** | ૧ | ખેરોલી | ૦ | ૧ |
| | ૨ | કુંભરવાડી | ૩ | ૩ |
| | ૩ | કોયડમ | ૦ | ૧ |
| | ૪ | વિરપુર | ૦ | ૨ |
| | ૫ | બાર | ૦ | ૩ |
| | | **કુલ :** | **૩** | **૧૦** |

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની ક્લમ ૧૦૫ હેઠળ સરકારી અને પંચાયતની જમીનો ઉપરના દબાણો દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતોને સુપ્રત થયેલ છે જેથી આ અંગેની કાર્યવાહી ગ્રામ પંચાયત કક્ષાએ હાથ ધરવામાં આવેલ છે.

-------------

**બાલાસિનોર તાલુકા પંચાયતના મકાનનું બાંધકામ**

અતારાંક્તિ : ૧૩૩૨ (૨૮-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બાલાસિનોર તાલુકા પંચાયતના મકાનનું બાંધકામ ક્યારે કરવામાં આવ્યું, અને

(૨) આ તાલુકા પંચાયતના નવા મકાનનું બાંધકામક્યારે કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૬-૦૯) :

(૧) વર્ષ ૧૯૫૮ માં.

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સરકારી ગ્રાન્ટમાંથી વર્ષ ૧૯૯૬ પછી નવા રચવામાં આવેલા જિલ્લાઓ અને તાલુકાઓની જિલ્લા/ તાલુકા પંચાયતો માટે મકાન બાંધવાની જોગવાઇ કરવામાં આવે છે. તે સિવાયના એટલે કે વર્ષ ૧૯૯૬ પહેલાના જિલ્લા-તાલુકા પંચાયતોએ હયાત કચેરી મકાનના વિકલ્પે નવા મકાન બનાવવાનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવાનો થાય અને આ માટેની દરખાસ્ત સરકારશ્રીની મંજૂરી માટે રજુ કરવાની થાય. બાલાસિનોર તાલુકો વર્ષ ૧૯૯૬ પછી નવો રચાયેલ તાલુકો નથી. તેથી સરકારી ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયતના નવા મકાનનું બાંધકામ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**કચ્છ જિલ્લાની તાલુકા પંચાયતો પાસે પોતાની માલિકીના વાહનો**

અતારાંક્તિ : ૧૩૭૮ (૨૮-૧-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાની કેટલી તાલુકા પંચાયત પાસે પોતાની માલિકીનું વાહન છે,

(૨) જે તાલુકા પંચાયત પાસે પોતાની માલિકીનું વાહન નથી તે તાલુકા પંચાયતને સરકાર વાહન ફાળવવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો આ તાલુકા પંચાયતોને કેટલા સમયમાં વાહન ફાળવવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૬-૦૯) :

(૧) ચાર

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સરકારી ગ્રાન્ટમાંથી વાહનો ફાળવવાની જોગવાઇ કરવામાં આવતી નથી. જે તે જિલ્લા-તાલુકા પંચાયતોએ હયાત વાહન રદ બાતલ થાય તો સ્વભંડોળમાંથી વાહન ખરીદીની મંજૂરી માટેની નિયમોનુસારની દરખાસ્ત કરવાની થાય છે, પરંતુ એક અપવાદરૂપ કિસ્સામાં માઇનસ સ્વભંડોળ-જરૂરીયાત ધરાવતી જિલ્લા-તાલુકા પંચાયતોને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સરકારી ગ્રાન્ટમાંથી ૫૦ વાહનો ફાળવવાના હુકમો કર્યા છે જેમાં તાલુકા પંચાયત લખપત, અબડાસા અને રાપરનો સમાવેશ થાય છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## ભરૂચ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

અતારાંક્તિ : ૧૬૨૮ (૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા)** : : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરી,

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત રકમ પેકી કોઇ રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) જો હા, તો કેટલી અને તેનાં શાં કારણો છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની વર્ષવાર સમરસ જાહેર કરેલ ગ્રામ પંચાયતેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | સમરસ ગ્રામપંચાયતો |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | ૦૭ |
| ૨ | ૨૦૦૮ | ૦૬ |

(૨) રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ પૂરા).

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## દાહોદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

અતારાંક્તિ : ૧૬૩૦ (૭-૫-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરી,

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવેલ છે,

(૩) તે પેકી કોઇ રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) જો હા, તો કેટલી અને તેનાં શાં કારણો છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાની વર્ષવાર સમરસ જાહેર કરેલ ગ્રામ પંચાયતેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | સમરસ ગ્રામપંચાયતો |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | ૦૧ |
| ૨ | ૨૦૦૮ | ૦૧ |

(૨) રૂપિયા ૨,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પૂરા).

(૩) ના. જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કચ્છ જિલ્લામાં સ્ટેટ રોડ અને પંચાયતના રીપેરીંગના કામો માટે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૧૩૬૫ (૯-૩-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ, ૨૦૦૮-૦૯માં તા.૩૧-૧૨-૦૮ સુધીમાં સ્ટેટ રોડ અને પંચાયતના રીપેરીંગ(મરામત) માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧-૬-૦૯) :

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્ય તેમજ પંચાયત રસ્તાઓની મરામત માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(રૂા. લાખમાં)

| રાજ્ય રસ્તા | પંચાયત રસ્તા |
|---|---|
| ૮૫૯.૩૨ | ૬૧૬.૦૦ |

(૨) તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

**કરેલ ખર્ચ**(રૂા. લાખમાં)

| તાલુકો | રાજ્ય રસ્તા | પંચાયત રસ્તા |
|---|---|---|
| (૧) લખપત | - | ૧.૪૫ |
| (૨) નખત્રાણા | ૫૪.૮૫ | ૧૧.૯૩ |
| (૩) અબડાસા | ૬.૭૯ | ૫.૫૦ |
| **કુલ** | **૬૧.૬૪** | **૧૮.૮૮** |

**સાબરમતી-દાંડી હેરીટેજ રોડને કેન્દ્ર સરકાર નેશનલ હાઇવેનો દરજ્જો**

અતારાંક્તિ : ૧૪૧૬ (૨૫-૨-૦૯) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરમતી-દાંડી હેરીટેજ રોડને નેશનલ હાઇવેનો કેન્દ્ર સરકારે દરજ્જો આપેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કેન્દ્ર સરકાર કેટલી રકમનો સહયોગ આપશે,

(૩) સદરહુ રોડના મજબુતીકરણ-વાઇડનીંગ સહિતના કેટલી રકમના ક્યા કામોને મંજૂરી આપવામાં આવી, અને

(૪) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૦૪-૬-૦૯) :

(૧) હા જી.

(૨) રાષ્ટ્રીય ધોરી માર્ગો એ કેન્દ્ર સરકારની માલિકીના હોઇ, તેના બાંધકામ અને મરામતની જવાબદારી કેન્દ્ર સરકારના ખર્ચે હોય છે, તે પ્રમાણે આ રસ્તા હવે રાષ્ટ્રીય ધોરી માર્ગ હોઇ, તેના બાંધકામ, મરામત તથા જાળવણીનો સઘળો ખર્ચ કેન્દ્ર સરકાર આપશે.

(૩) મજબુતીકરણ અને વાઇડનીંગ માટેના રૂા. ૧૬૭.૧૧ કરોડની અંદાજીત કિંમતના ૨૬૭.૦૦કી.મી. લંબાઇમાં ૧૯ કામો મંજૂર કરવામાં આવેલ છે. (પત્રક*મુજબ)

(૪) આ કામો ૩૧-૩-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ઉચાપતના કેસ

અતારાંકિત : ૧૪૩૭ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા)** : : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં કેટલી રકમના ઉચાપતના કેસો સરકારી દફતરે નોંધવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કેસોમાં ક્યારે ક્યારે અને કોની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૩) તે પૈકી કેટલી રકમ વસુલ કરવામાં આવી અને કેટલી વસુલ કરવાની બાકી છે, અને

(૪) ઉચાપત કરનાર અધિકારી / કર્મચારી સામે સરકારે શાં પગલાં ભર્યા ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૫-૦૯) :

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (ખુદ) માં એકપણ ઉચાપતનો કેસ સરકારી દફતરે નોંધવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળના વિજ જોડાણો

અતારાંકિત : ૧૪૮૯ (૭-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા)** : : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાજીવગાંધી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં આદિજાતિ, અનુ. જાતિ અને ઓ.બી.સી. પરિવારોને તેમજ બી.પી.એલ. યોજનામાં સમાવેશ થયેલ ન હોય તેવા પરિવારોને જોડાણો આપવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આવા પરિવારોને જોડાણ આપવા સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) આવા વંચિત પરિવારોને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૯-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાજીવગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર આપવામાં આવેલ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| **ભરૂચ જિલ્લો** | | **નર્મદા જિલ્લો** | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ વીજજોડાણો** | **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ વીજજોડાણો** |
| ભરૂચ | ૧૯૫૩ | નાંદોદ | ૭૫૪૦ |
| વાગરા | ૧૯૩૨ | તીલકવાડા | ૯૭૪ |
| આમોદ | ૧૭૫૯ | સાગબારા | ૦૦ |
| જંબુસર | ૩૬૪૦ | ડેડીયાપાડા | ૧૩૩૭૫ |
| અંકલેશ્વર | ૨૬૪૪ | **કુલ :** | **૨૧૮૮૯** |
| હાંસોટ | ૧૫૫૭ | | |
| વાલીયા | ૫૬૫૯ | | |
| ઝઘડીયા | ૬૭૪૮ | | |
| **કુલ :** | **૨૫૮૯૨** | | |

(૨) રાજીવ ગાંધી ગ્રામિણ વિજળીકરણ યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે અને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ હોય તેમને જ આર.જી.જી.વી.વાય. હેઠળ

વીજળીકરણનો લાભ મળવાપાત્ર છે. જ્યારે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુ.જાતિ વસ્તીનું વિજળીકરણ યોજના તથા ઝુંપડા વિજળીકરણ યોજનામાં બી.પી.એલ. લાભાર્થી ઉપરાંત જેઓની આવક રૂા. ૧૧૦૦૦ કરતા ઓછી છે. પરંતુ બી.પી.એલ. ના લીસ્ટમાં નથી તેવા લાભાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) અને (૪) આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિતજાતિની વસ્તીનું વીજળીકરણ યોજના અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીની આવક રૂા. ૧૧૦૦૦ કરતાં ઓછી હોય તેવા લાભાર્થીઓ અને તદ્દઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની wwwruraldev.Gujarat.gov.in વેબસાઇટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓને પણ આવરી લેવામાં આવે છે. બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘરવપરાશના વીજજોડાણ આપવાનું આયોજન છે.

---------------

## ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાં ઝૂંપડપટ્ટીમાં વિજળીકરણ

અતારાંક્તિ : ૧૪૯૦ (૭-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) કેટલી અરજીઓનો સર્વે થયેલ છે,

(૩) કેટલાને ક્નેક્શન આપવામાં આવ્યા,

(૪) કેટલા ગામોમાં કામગીરી પૂર્ણ થયેલ છે, અને

(૫) આ બાકી રહેલા કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૬-૨૦૦૯) :

(૧), (૨), (૩) અને (૪) : ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ, તે પેકી સર્વે થયેલ અરજીઓ વીજ જોડાણો આપવામાં આવેલ અરજીઓ તેમજ કામગીરી પૂર્ણ થયેલ અરજીઓની તાલુકાવાર માહિતી સામેલ પત્રક-અ મુજબ છે.

**પત્રક-અ**

**જિલ્લાનું નામ : ભરૂચ**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | સર્વે થયેલ અરજીઓની સંખ્યા | ક્નેક્શન અપાયેલ અરજીઓની સંખ્યા | કામગીરી પૂર્ણ થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ભરૂચ | ૧૮૦ | ૧૮૦ | ૧૫૭ | ૧૫૭ |
| વાગરા | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ |
| આમોદ | ૨૬૭ | ૨૬૭ | ૨૬૭ | ૨૬૭ |
| જંબુસર | ૧૨૮૨ | ૧૨૮૨ | ૧૨૪૭ | ૧૨૪૭ |
| અંક્લેશ્વર | ૫૪૦ | ૫૪૦ | ૪૩૪ | ૪૩૪ |
| હાંસોટ | ૧૭૫ | ૧૭૫ | ૧૭૫ | ૧૭૫ |
| વાલીયા | ૩૩૭ | ૩૩૭ | ૩૩૭ | ૩૩૭ |
| ઝઘડીયા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ :** | **૨૭૯૯** | **૨૭૯૯** | **૨૬૩૫** | **૨૬૩૫** |

**જિલ્લાનું નામ : નર્મદા**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | સર્વે થયેલ અરજીઓની સંખ્યા | ક્નેક્શન અપાયેલ અરજીઓની સંખ્યા | કામગીરી પૂર્ણ થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| નાંદોદ | ૭૩૩ | ૭૩૩ | ૫૬૪ | ૫૬૪ |

| | | | | |
|---|---|---|---|---|
| તીલકવાડા | ૭૫૯ | ૭૫૯ | ૭૫૯ | ૭૫૯ |
| સાગબારા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દેડીયાપાડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ :** | **૧૪૯૨** | **૧૪૯૨** | **૧૩૨૩** | **૧૩૨૩** |

(૫) બાકી રહેતા તમામ અરજદારોને શક્ય તેટલાં ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ**

અતારાંક્તિ : ૧૪૯૧ (૭-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણો મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેલી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૯-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૧૫૬૪ અને નર્મદા જિલ્લામાં ૧૨૮૯ ખેતી વિષયક વીજજોડાણો મેળવવા માટેની અરજીઓ આવી.

(૨) તે પૈકી ભરૂચ જિલ્લામાં ૪૦૨ અને નર્મદા જિલ્લામાં ૪૯૧ સુક્ષ્મપિયત પધ્ધતિ સ્વીકારેલ અરજીઓને મંજૂર કરવામાં આવી.

(૩) નાણાંકીય જોગવાઇ, વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ તથા વીજ તંત્ર પર પડનાર બોજાને લક્ષ્યમાં લઇ પ્રતિ વર્ષ પડતર અરજીઓના સમપ્રમાણમાં લક્ષ્યાંકો નક્કી કરી જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

------------

**રાજ્યમાં જિલ્લાવાર વિધવા સહાયના કેસો**

અતારાંક્તિ : ૧૪૨૫ (૬-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિધવા સહાયના કેટલા કેસો રજૂ થયા,

(૨) તે પૈકી કેટલા મંજૂર થયા અને કેટલા નામંજૂર થયા,

(૩) મંજુર કેસો પૈકી જિલ્લાવાર કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) બાકી હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં ચુકવવાનું સરકારનું આયોજન છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૬-૨૦૦૯) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામેલ કરેલ પત્રક્ના કોલમ-૩ ની વિગતે સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૨૦,૩૪૫ કેસો અને કોલમ-૪ ની વિગતે ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૨૧,૭૭૮ મળી વિધવા સહાયના કુલ ૪૨,૧૨૩ કેસો રજૂ થયા.

(૨) તે પૈકી સામેલ કરેલ પત્રક્ના કોલમ-૬ ની વિગતે ૨૪,૫૫૫ કેસો મંજુર થયા અને કોલમ-૭ ની વિગતે ૮,૭૭૪ નામંજૂર થયા.

(૩) મંજુર કેસો પૈકી જિલ્લાવાર કુલ રૂા. ૨૩૩૯.૦૭ લાખની રકમ ચુકવવામાં આવી અને રૂા. ૧૮૪.૯૧ લાખની રકમ ચુકવવાની બાકી છે અને

(૪) પુરતી ગ્રાન્ટ ઉપલબ્ધ નહોવાના કારણોસર જે તે વખતે સહાય ચુકવવાની બાકી રહેલ જે રકમની ચુકવણી થઇ ગયેલ છે.

## પત્રક
## રાજ્યમાં જિલ્લાવાર વિધવા સહાયના કેસો

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮માં રજુ થયેલ કેસો | વર્ષ ૨૦૦૮-૦૯માં રજુ થયેલ કેસો | કુલ કોલમ (૩+૪) | કોલમ-૫ પેકી | | કોલમ-૬ પેકી ચુકવેલ રકમ રૂ. લાખમાં | ચુકવવાની બાકી રકમ રૂ. લાખમાં | બાકી રહેવાના કારણો | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર | નામંજુર | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | અમદાવાદ | ૨૫૩૪ | ૨૭૯૬ | ૫૩૩૦ | ૩૫૫૧ | ૪૩૦ | ૩૫૨.૬૭ | ૨૧.૨૬ | જે તે સમયે ગ્રાંટ અભાવે કેટલાક કેસોમાં સહાય ચુકવવાની બાકી હતી જેની ચુકવણી થઇ જતાં હવે બાકી નથી. | |
| ૨ | અમરેલી | ૪૧૬ | ૩૭૫ | ૭૯૧ | ૫૦૨ | ૧૯૯ | ૫૪.૯૧ | ૯.૯૬ | | |
| ૩ | બનાસકાંઠા | ૧૩૦૭ | ૮૫૩ | ૨૧૬૦ | ૯૮૦ | ૧૦૨૬ | ૭૦.૮૭ | ૨૪.૪૬ | | |
| ૪ | ભાવનગર | ૯૬૪ | ૬૯૪ | ૧૬૫૮ | ૯૬૫ | ૫૦૭ | ૧૬૯.૨૭ | ૦.૪૬ | | |
| ૫ | ભરૂચ | ૪૬૩ | ૫૭૫ | ૧૦૩૮ | ૫૦૯ | ૨૪૨ | ૭૬.૯૩ | ૦૦ | | |
| ૬ | નર્મદા | ૧૭૯ | ૩૨૩ | ૫૦૨ | ૩૧૫ | ૩૨ | ૩૬.૬૯ | ૧.૮૮ | | |
| ૭ | ડાંગ | ૩૧ | ૬૭ | ૯૮ | ૭૧ | ૧૭ | ૩.૮૪ | ૦૦ | | |
| ૮ | ગાંધીનગર | ૪૭૧ | ૪૨૦ | ૮૯૧ | ૫૮૮ | ૨૬૫ | ૮૪.૬૧ | ૧.૫૭ | | |
| ૯ | જામનગર | ૫૩૧ | ૭૪૪ | ૧૨૭૫ | ૬૪૭ | ૪૩૩ | ૩૯.૪૩ | ૬.૫૮ | | |
| ૧૦ | જુનાગઢ | ૬૨૬ | ૭૧૯ | ૧૩૪૫ | ૮૧૩ | ૨૯૮ | ૫૮.૦૬ | ૦.૨૩ | | |
| ૧૧ | પોરબંદર | ૩૦૩ | ૩૬૭ | ૬૭૦ | ૨૫૭ | ૧૮૭ | ૩૨.૦૦ | ૦૦ | | |
| ૧૨ | ખેડા | ૯૧૪ | ૧૫૦૫ | ૨૪૧૯ | ૭૪૦ | ૧૦૭૩ | ૮૮.૫૬ | ૫.૨૮ | | |
| ૧૩ | આણંદ | ૮૧૮ | ૧૦૦૪ | ૧૮૨૨ | ૧૦૭૫ | ૩૯૭ | ૧૫૦.૦૯ | ૭.૭૪ | | |
| ૧૪ | કચ્છ | ૪૫૬ | ૭૧૩ | ૧૧૬૯ | ૬૭૨ | ૨૭૬ | ૫૨.૪૮ | ૧૦.૦૪ | | |
| ૧૫ | મહેસાણા | ૬૧૫ | ૬૭૫ | ૧૨૯૦ | ૮૨૨ | ૧૮૩ | ૩૮.૦૪ | ૩.૬૨ | | |
| ૧૬ | પાટણ | ૬૭૨ | ૪૦૯ | ૧૦૮૧ | ૬૬૩ | ૨૬૭ | ૭૯.૯૫ | ૩.૯૮ | | |
| ૧૭ | પંચમહાલ | ૧૨૫૬ | ૧૨૪૮ | ૨૫૦૪ | ૧૨૯૫ | ૫૧૦ | ૮૫.૦૫ | ૦૦ | | |
| ૧૮ | દાહોદ | ૫૧૧ | ૫૮૪ | ૧૦૯૫ | ૫૮૫ | ૨૬૭ | ૪૫.૧૮ | ૧૦.૬૧ | | |
| ૧૯ | રાજકોટ | ૧૯૪૪ | ૧૫૯૧ | ૩૫૩૫ | ૨૫૨૩ | ૫૯૦ | ૨૭૪.૧૯ | ૧૫.૮૯ | | |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૪૩૦ | ૪૨૦ | ૮૫૦ | ૪૫૦ | ૧૮૪ | ૨૧.૦૬ | ૧૦.૦૮ | | |
| ૨૧ | સાબરકાંઠા | ૭૫૦ | ૮૪૩ | ૧૫૯૩ | ૧૦૮૨ | ૨૭૭ | ૧૩૨.૪૧ | ૧૮.૮૩ | | |
| ૨૨ | સુરત | ૧૧૫૫ | ૧૪૪૮ | ૨૬૦૩ | ૧૬૩૮ | ૨૦૯ | ૧૨૪.૨૧ | ૬.૪૯ | | |
| ૨૩ | વડોદરા | ૧૫૨૭ | ૧૮૭૩ | ૩૪૦૦ | ૧૮૩૩ | ૩૯૫ | ૧૨૪.૪૨ | ૦૦ | | |
| ૨૪ | વલસાડ | ૩૯૫ | ૪૫૬ | ૮૫૧ | ૬૪૬ | ૯૭ | ૩૯.૯૩ | ૧૧.૩૨ | | |
| ૨૫ | નવસારી | ૭૭૫ | ૭૨૫ | ૧૫૦૦ | ૮૯૮ | ૩૨૧ | ૬૮.૭૯ | ૫.૩૯ | | |
| ૨૬ | તાપી | ૩૦૨ | ૩૫૧ | ૬૫૩ | ૪૩૫ | ૯૨ | ૩૩.૨૭ | ૮.૧૬ | | |
| **કુલ સરવાળો :** | | **૨૦૩૪૫** | **૨૧૭૭૮** | **૪૨૧૨૩** | **૨૪૫૫૫** | **૮૭૭૪** | **૨૩૩૯.૦૭** | **૧૮૪.૯૧** | | |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં આંગણવાડીના મકાનો

અતારાંકિત : ૧૪૨૬ (૭-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન નથી,

(૨) આવી આંગણવાડી કેન્દ્રોના મકાનો ન બનાવવાના કારણો શા છે, અને

(૩) આંગણવાડી કેન્દ્રોના મકાનો ક્યાં સુધીમાં બનાવવાનું સરકારનું આયોજન છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૨-૬-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન નથી.

| (અ) ભરૂચ જિલ્લો | | (બ) નર્મદા જિલ્લો | |
|---|---|---|---|
| ભરૂચ | ૭૦ | નાંદોદ | ૪૬ |
| અંકલેશ્વર | ૨૭ | દેડીયાપાડા | ૨૧ |
| ઝઘડીયા | ૧૭ | સાગબારા | ૩૯ |
| હાંસોટ | ૦૭ | તીલકવાડા | ૧૪ |
| વાલીયા | ૨૦ | -- | -- |
| વાગરા | ૧૧ | -- | -- |
| આમોદ | ૧૦ | -- | -- |
| જંબુસર | ૬૩ | -- | -- |
| **કુલ :** | **૨૨૫** | **કુલ :** | **૧૨૦** |

(૨) આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે જમીન ઉપલબ્ધ ન થવાને કારણે.

(૩) જમીન ઉપલબ્ધિની પ્રક્રિયા પૂર્ણ થતાં તબક્કાવાર આયોજન કરીને રાજ્યના બધા જ આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવાનું આયોજન છે.

------------

**ગરબાડા, ધાનપુર અને લીમખેડા તાલુકામાં નિરાધાર વિધવા મહિલાઓને આપવામાં આવતી તાલીમ**

અતારાંક્તિ : ૧૬૩૮ (૩-૬-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિરાધાર વિધવા મહિલાઓ આર્થિક સ્વનિર્ભર બને તે માટે તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરબાડા, ધાનપુર અને લીમખેડા તાલુકામાં કઇ કઇ સંસ્થાઓ ધ્વારા ક્યા ક્યા ટ્રેડની તાલીમો આપવામાં આવી અને તે પૈકી કેટલી બહેનોને તાલીમ આપવામાં આવી,

(૨) આ તાલીમો અંગે કઇ કઇ સંસ્થાને કેટલી ગ્રાન્ટ સહાય ચૂકવવામાં આવી, અને

(૩) તાલીમો મેળવ્યા બાદ કેટલી વિધવા બહેનોને ક્યા ક્યા સાધનો સ્વરોજગારી માટે આપવામાં આવ્યા ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૬-૬-૨૦૦૯) :

(૧) નિરાધાર વિધવા મહિલાઓ આર્થિક સ્વનિર્ભર બને તે માટે તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરબાડા, ધાનપુર અને લીમખેડા તાલુકામાં ૧. આશાદિપ ફાઉન્ડેશન ગોધરા, ૨. પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન, દાહોદ તથા સી.એચ.આર.ડી. અમદાવાદ મળી ૩ સંસ્થાઓ ધ્વારા નીચેની વિગતે ૩૦૦ વિધવા લાભાર્થીઓને વિવિધ ટ્રેડની તાલીમો આપવામાં આવી.

તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૭

| **તાલુકાનું નામ** | **સંસ્થાનું નામ** | **તાલીમ આપેલ ટ્રેડનું નામ** |
|---|---|---|
| ગરબાડા | આશાદીપ ફાઉન્ડેશન, ગોધરા | કરિયાણાની દુકાન, ચા-નાસ્તો, કટલરી, બગસરા આઈટમ, રેડીમેડ ગારમેન્ટ, શાકભાજી, ફ્રુટ, સીંગચણા, ગોળી, બીસ્કીટ, બ્યુટી પાર્લર, સીવણ, સાડી, ફોલબીડીંગ |
| તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ | | |
| ગરબાડા | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન, દાહોદ | સિલાઈ કામ |
| ધાનપુર | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન, દાહોદ | સિલાઈ કામ |
| લીમખેડા | આશાદીપ ફાઉન્ડેશન, ગોધરા | સિલાઈ કામ |
| | સી.એચ.આર.ડી. અમદાવાદ | સિલાઈ કામ, દૂધ દહીં વેચાણ |

(૨) આ તાલીમો અંગે નીચે જણાવેલ સંસ્થાઓને નીચેની વિગતે સહાય ચૂકવવામાં આવી,

| **સંસ્થાનું નામ** | **રકમ (રૂપિયામાં)** |
|---|---|
| આશાદીપ ફાઉન્ડેશન, ગોધરા | રૂા. ૫,૦૦,૬૨૫/- |
| પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન, | રૂા. ૩,૩૭,૫૦૦/- |
| સી.એચ.આર.ડી. અમદાવાદ | રૂા. ૩,૩૭,૫૦૦/- |
| **કુલ સરવાળો** | **રૂા. ૧૧,૭૫,૬૨૫/-** |

(૩) તાલીમ મેળવ્યા બાદ ૩૦૦ વિધવા બહેનોને તેઓની તાલીમને અનુરૂપ સાધનો (આ સાથેના પત્રકના કોલમ નં. ૮માં જણાવેલ વિગતે) સ્વરોજગારી માટે આપવામાં આવ્યા.

**પત્રક**

| **ક્રમ** | **સમયગાળો** | **તાલુકાનું નામ** | **તાલીમ આપનાર સંસ્થાનું નામ** | **તાલીમ આપેલ લાભાર્થીની સંખ્યા** | **તાલીમ આપેલ ટ્રેડનું નામ** | | **તાલીમ પુરી પાડેલ લાભાર્થીઓને સાધન સહાય કીટ -કીટનાં સાધનો પુરા પાડ્યાની વિગત** | **વિશેષ નોંધ** |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ટ્રેડનું નામ | લાભાર્થીની સંખ્યા | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૧-૧-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૦૭ | ગરબાડા | આશાદિપ ફાઉન્ડેશન, ગોધરા | ૭૫ | ક્રીયાણા દુકાન | ૧૮ | ડબ્બા, બાઉલ તથા જરૂરી કીટનો થેલો | |
| | | | | | ચ્હા નાસ્તાની લારી | ૩૫ | પ્રાયમસ, પ્લા. થેલો, તથા કડાઈ તથા સ્ટીલના ડબ્બા અને હાથલારી | |
| | | | | | ક્ટલરી સ્ટોર્સ | ૨ | બાઉલ, પેકિંગ થેલો, શો કેસ કાઉન્ટર | |
| | | | | | બગસરા આઈટમ | ૧ | શો કેસ કાઉન્ટર ગ્લાસ સાથે, પીવીસી બાઉલ, પીવીસી બોક્સ ઢાંક્ણ સાથે | |
| | | | | | રેડીમેઈડ ગારમેન્ટ લારી | ૧ | સિલાઈ મશીન, સ્ટૂલ, કાતર તથા અન્ય એસેસરીઝ વિગેરે | |

| ક્રમ | સમયગાળો | તાલુકાનું નામ | તાલીમ આપનાર સંસ્થાનું નામ | તાલીમ આપેલ લાભાર્થીની સંખ્યા | તાલીમ આપેલ ટ્રેડનું નામ | | તાલીમ પુરી પાડેલ લાભાર્થીઓને સાધન સહાય કીટ -કીટનાં સાધનો પુરા પાડ્યાની વિગત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | શાકભાજી/ફ્રુટ વેચાણ લારી | ૫ | લારી | |
| | | | | | સીંગચણા લારી | ૧ | લારી | |
| | | | | | ગોળી બીસ્કીટ લારી | ૧ | લારી | |
| | | | | | બ્યુટી પાર્લર | ૧ | અરીસો, સ્ટૂલ, વેક્સ હીટ, સ્ટીમ મશીન વિગેરે | |
| | | | | | ગારમેન્ટ મેકીંગ | ૭ | સિલાઈ મશીન, સ્ટૂલ, કાતર તથા અન્ય એસેસરીઝ વિગેરે | |
| | | | | | સાડી ફોલ બીડીંગ | ૩ | સિલાઈ મશીન સ્ટૂલ, કાતર વિગેરે | |
| ૨ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ | ગરબાડા | પ્રેમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન, દાહોદ | ૫૦ | સીવણ તાલીમ | ૫૦ | સિલાઈ મશીન તથા અન્ય એસેસરીઝ વિગેરે | |
| | | ધાનપુર | પ્રેમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન, દાહોદ | ૨૫ | સીવણ તાલીમ | ૫૦ | સિલાઈ મશીન તથા અન્ય એસેસરીઝ વિગેરે | |
| | | | આશાદીપ ફાઉન્ડેશન, ગોધરા | ૫૦ | સીવણ તાલીમ | ૫૦ | સિલાઈ મશીન તથા અન્ય એસેસરીઝ વિગેરે | |
| | | લીમખેડા | સી.એચ.આર.ડી. અમદાવાદ | ૭૫ | સીવણ તાલીમ | ૭૩ | સિલાઈ મશીન તથા અન્ય એસેસરીઝ વિગેરે | |
| | | | | | ગ્રુપ્ર દહીં વેચાણ | ૨ | પ્રાયમસ, કેન, સ્ટીલના તપેલા, માપિયા વિગેરે | |
| | | | **સમગ્ર કુલ** | **૩૦૦** | | **૩૦૦** | | |

## અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્નક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૨૬૮, ૧૩૬૭, ૧૩૬૮, ૧૪૧૭, ૧૪૧૯, ૧૪૭૦, ૧૫૬૩, ૧૬૪૪ | ૦૮ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૨૮૭, ૧૩૩૯, ૧૩૪૦, ૧૩૪૫, ૧૩૭૨, ૧૫૯૫, ૧૬૦૦ | ૦૭ |
| ૩ | નાણા વિભાગ | ૧૪૦૫, ૧૪૦૬, ૧૪૩૦, ૧૪૩૫ | ૦૪ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૩૯૧, ૧૪૫૮, ૧૬૫૪, ૧૬૫૭ | ૦૪ |
| ૫ | ગૃહ વિભાગ | ૧૪૮૮ | ૦૧ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૪૮૩, ૧૪૮૫, ૧૫૭૭ | ૦૩ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૪૮૧, ૧૪૮૨, ૧૫૭૧ | ૦૩ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૩૮૭, ૧૪૫૦, ૧૫૦૩, ૧૫૦૫, ૧૫૦૬ | ૦૫ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૨૪૬, ૧૨૫૪, ૧૩૩૨, ૧૩૭૮, ૧૬૨૮, ૧૬૩૦ | ૦૬ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૧૩૬૫, ૧૪૧૬ | ૦૨ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૪૩૭, | ૦૧ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૪૮૯, ૧૪૯૦, ૧૪૯૧ | ૦૩ |
| ૧૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૪૨૫, ૧૪૨૬, ૧૬૩૮ | ૦૩ |
| | | **કુલ :** | **૫૦** |

# ત્રીજી અતારાંકિત યાદી

## અબડાસા, લખપત, અને નખત્રાણા તાલુકામાં પશુસારવાર માટે યોજાયેલ કેમ્પો

અતારાંક્તિ : ૧૩૭૫ (૯-૩-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કેટલા પશુસારવાર નિદાન કેમ્પ કરવામાં આવેલ છે,

(૨) કેટલા પશુઓને આવરી લેવામાં આવ્યા, અને,

(૩) કેટલો ખર્ચ થયેલ છે?

**માનનીય પશુપાલન મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કરવામાં આવેલ પશુસારવાર નિદાન કેમ્પોની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી યોજવામાં આવેલ કેમ્પોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અબડાસા | ૧૫ |
| ૨ | લખપત | ૧૨ |
| ૩ | નખત્રાણા | ૨૭ |
| | **કુલ :** | **૫૪** |

(૨) આ કેમ્પોમાં આવરી લીધેલ પશુઓની સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી કેમ્પોમાં આવરી લીધેલ પશુઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અબડાસા | ૨૧૦૪૯ |
| ૨ | લખપત | ૧૪૩૫૮ |
| ૩ | નખત્રાણા | ૬૨૯૬ |
| | **કુલ :** | **૪૧૭૦૩** |

(૩)

| અ. નં. | તાલુકાનું નામ | પશુસારવાર નિદાન કેમ્પ માટે થયેલ ખર્ચની વિગત તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી |
|---|---|---|
| ૧ | અબડાસા | રૂા. ૬૫૯૪૧=૦૦ |
| ૨ | લખપત | રૂા. ૨૦૨૯૭=૦૦ |
| ૩ | નખત્રાણા | રૂા. ૧૫૯૨૮=૦૦ |
| | **કુલ :** | રૂા. ૨૦૨૧૬૬=૦૦ |

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને આપેલ બીયારણની કીટ અને જંતુનાશક દવાઓ**

અતારાંક્તિ : ૧૪૨૨ (૬-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(1) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના કેટલા ખેડૂતોને બિયારણની કિટ અને જંતુનાશક દવાઓ કેટલી વખત આપવામાં આવી, અને

(૨) આ યોજના અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**કૃષિ મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) (અ) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને બિયારણની કિટ નીચેની વિગતે એક વાર આપવામાં આવ્યા.

| તાલુકો | નાના સિમાંત | અ.જા. | અ.જ.જા. | બક્ષીપંચ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ૨૦ | ૨૨૪ | ૦ | ૩૫૦ | ૫૯૪ |
| વાગરા | ૩૦ | ૭૭ | ૦ | ૬૦ | ૧૬૭ |
| આમોદ | ૧૨ | ૫૭ | ૫૦ | ૧૩૦ | ૨૪૯ |
| જંબુસર | ૨૮ | ૧૮૭ | ૦ | ૩૦૦ | ૫૧૫ |
| અંક્લેશ્વર | ૧૧ | ૧૩૭ | ૨૨૫ | ૧૫૩ | ૫૨૬ |
| હાસોટ | ૧૫ | ૯૬ | ૭૮ | ૧૬૦ | ૩૪૯ |
| વાલીયા | ૬૪ | ૧૨ | ૧૮૫૧ | ૧૦૫ | ૨૦૩૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઝગડીયા | ૮૦ | ૨૧ | ૧૩૫૪ | ૭૪૦ | ૨૧૯૫ |
| **કુલ** | **૨૬૦** | **૮૧૧** | **૩૫૫૮** | **૧૯૯૮** | **૬૬૨૭** |

(બ) ભરૂચ જીલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને જંતુનાશક દવાઓ નીચેની વિગતે એક વાર આપવામાં આવી.

| **તાલુકો** | **નાના સિંમાત** | **અ.જા.** | **અ.જ.જા.** | **બક્ષીપંચ** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ૨૦ | ૪૦ | ૦ | ૩૭ | ૯૭ |
| વાગરા | ૯ | ૪૦ | ૦ | ૧૦ | ૫૯ |
| આમોદ | ૦ | ૧૫ | ૪૬ | ૦ | ૬૧ |
| જંબુસર | ૧૪ | ૪૧ | ૦ | ૬૦ | ૧૧૫ |
| અંક્લેશ્વર | ૭ | ૪૦ | ૬૫ | ૩૮ | ૧૫૦ |
| હાંસોટ | ૯ | ૪ | ૩૫ | ૨૧ | ૬૯ |
| વાલીયા | ૨૫ | ૦ | ૨૯૯ | ૬૦ | ૩૮૪ |
| ઝગડીયા | ૨૮ | ૦ | ૨૨૭ | ૧૩૦ | ૩૮૫ |
| **કુલ** | **૧૧૨** | **૧૮૦** | **૬૭૨** | **૩૫૬** | **૧૩૨૦** |

(ક) નર્મદા જીલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને બિયારણની કિટ નીચેની વિગતે એક વાર આપવામાં આવ્યા.

| **તાલુકો** | **નાના સિંમાત** | **અ.જા.** | **અ.જ.જા.** | **બક્ષીપંચ** | **કુલ સંખ્યા** |
|---|---|---|---|---|---|
| નાંદોદ | ૦ | ૨૩૧ | ૩૦૮૧ | ૦ | ૩૩૧૨ |
| દેડીયાપાડા | ૦ | ૦ | ૨૩૦૭ | ૦ | ૨૩૦૭ |
| સાગબારા | ૦ | ૦ | ૧૭૭૦ | ૦ | ૧૭૭૦ |
| તિલક્વાડા | ૦ | ૧૦૪ | ૫૬૭ | ૦ | ૬૭૧ |
| **કુલ** | **૦** | **૩૩૫** | **૭૭૨૫** | **૦** | **૮૦૬૦** |

(ડ) નર્મદા જીલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને જંતુનાશક દવાઓ નીચેની વિગતે એક વાર આપવામાં આવી.

| **તાલુકો** | **નાના સિંમાત** | **અ.જા.** | **અ.જ.જા.** | **બક્ષીપંચ** | **કુલ** |
|---|---|---|---|---|---|
| નાંદોદ | ૩૦૯ | ૨૬૨ | ૫૦૮ | ૧૭૪ | ૧૨૫૩ |
| દેડીયાપાડા | ૦ | ૦ | ૧૬૦ | ૦ | ૧૬૦ |
| સાગબારા | ૪૫ | ૦ | ૪૧૬ | ૬૮ | ૫૨૯ |
| તિલક્વાડા | ૮૪ | ૫૫ | ૧૫૪ | ૩૧ | ૩૨૪ |
| **કુલ** | **૪૩૮** | **૩૧૭** | **૧૨૩૮** | **૨૭૩** | **૨૨૬૬** |

(૨) (અ) ભરૂચ જીલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણ કિટસ અને જંતુનાશક દવા મળી કુલ ખર્ચ રૂપિયા નીચેની વિગતે છે.

| **તાલુકો** | **બિયારણ કિટસ** | **જંતુનાશક દવા** | **કુલ રૂા. લાખમાં** |
|---|---|---|---|
| ભરૂચ | ૬.૭૫ | ૨.૨૫ | ૯.૦૦ |
| વાગરા | ૧.૬૦ | ૧.૦૫ | ૨.૬૫ |
| આમોદ | ૨.૯૦ | ૧.૧૦ | ૪.૦૦ |
| જંબુસર | ૫.૭૦ | ૨.૯૦ | ૮.૬૦ |
| અંક્લેશ્વર | ૪.૫૦ | ૨.૭૫ | ૭.૨૫ |
| હાંસોટ | ૩.૦૦ | ૧.૨૫ | ૪.૨૫ |
| વાલીયા | ૧૯.૪૦ | ૭.૯૫ | ૨૭.૩૫ |
| ઝગડીયા | ૧૯.૪૪ | ૮.૧૫ | ૨૭.૫૯ |
| **કુલ** | **૬૩.૨૯** | **૨૭.૪૦** | **૯૦.૬૯** |

(બ) નર્મદા જીલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણ કિટસ અને જંતુનાશક દવા મળી કુલ ખર્ચ રૂપિયા નીચેની વિગતે છે.

| **તાલુકો** | **બિયારણ કિટસ** | **જંતુનાશક દવા** | **કુલ રૂા. લાખમાં** |
|---|---|---|---|
| નાંદોદ | ૩૨.૬૦ | ૧.૫૦ | ૩૪.૧૦ |
| દેડીયાપાડા | ૧૯.૮૫ | ૦.૫૬ | ૨૦.૪૧ |
| સાગબારા | ૨૦.૧૮ | ૧.૩૨ | ૨૧.૫૦ |
| તિલકવાડા | ૬.૬૧ | ૧.૧૩ | ૭.૭૪ |
| **કુલ** | **૭૯.૨૪** | **૪.૫૧** | **૮૩.૭૫** |

-------------

**કચ્છ જિલ્લામાં પશુ દવાખાનામાં લાઈવસ્ટોક ઈન્સ્પેકટરની ખાલી જગ્યા**

અતારાંક્તિ : ૧૫૧૮ (૭-૫-૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(1) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં કેડરવાર મંજુર મહેકમ સેન્ટરવાર કેટલું છે.

(૨) આ કેન્દ્રોમાં કઈ કઈ જગ્યા ભરાયેલ છે.

(૩) ખાલી જગ્યાઓ ક્યારથી છે.

(૪) ઉક્ત સ્થિતિએ એક વર્ષમાં કઈ કઈ જગ્યાઓ ભરવામાં આવી છે, અને

(૫) આ જગ્યાઓ ન ભરવાના કારણો શા છે અને તે કેટલા સમયમાં ભરવામાં આવશે?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાના અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં નીચે મુજબનું મહેકમ મંજુર થયેલ છે.

| **અ.નં.** | **જગ્યાનું નામ** | **મંજુર થયેલ જગ્યા** |
|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૨૫ |
| ૨ | પશુધન નિરીક્ષક | ૨૯ |
| ૩ | ડ્રેસર | ૧૪ |
| ૪ | પટાવાળા | ૬૫ |

તાલુકાવાર પશુદવાખાના તથા પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોના કેડરવાર મંજુર મહેકમની વિગત દર્શાવતું **પત્રક-એ** અને **પત્રક-બી** સામેલ છે.

(૨) આ કેન્દ્રોમાં ભરાયેલ જગ્યાની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| **અ.નં.** | **જગ્યાનું નામ** | **મંજુર થયેલ જગ્યા** | **ભરેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૨૫ | ૧૮ | ૭ |
| ૨ | પશુધન નિરીક્ષક | ૨૯ | ૧૩ | ૧૬ |
| ૩ | ડ્રેસર | ૧૪ | ૧૧ | ૩ |
| ૪ | પટાવાળા | ૬૫ | ૩૭ | ૨૮ |

જે અંગેની વિગતવાર માહિતી અંગેનું પત્રક-એ અને પત્રક-બી આ સાથે સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકા** | **પશુ દવાખાના** | **કઈ તારીખથી ખાલી** | | |
|---|---|---|---|---|---|
| | | | **પશુચિકિત્સા અધિકારી** | **ડ્રેસર** | **પટાવાળા** |
| ૧ | ભૂજ | ભૂજ | ૧-૭-૦૯ | -- | ૧-૨-૦૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ભીરંડીયારી | -- | -- | ૧-૧-૦૫, ૧-૧૨-૦૫ |
| | | લોડાઈ | -- | ૩૦-૫-૦૫ | ૪-૩-૦૫ |
| ૨ | મુન્દ્રા | મુન્દ્રા | -- | -- | ૧-૧૨-૦૨, ૧-૬-૦૪ |
| | | ભદ્રેશ્વર | ૧-૧-૦૮ | ૨૮-૨-૦૯ | -- |
| ૩ | માંડવી | ગઢશીશા | ૧-૭-૦૯ | -- | -- |
| ૪ | અબડાસા | મો. નલીયા | -- | -- | ૧૨-૧-૦૫ |
| | | કોઠારા | -- | -- | ૧-૯-૯૭ |
| ૫ | લખપત | માતાનામઢ | ૧-૭-૦૯ | -- | ૨૦-૨-૦૪ |
| ૬ | નખત્રાણા | નખત્રાણા | -- | -- | ૧૮-૪-૨૦૦૦, ૨૦-૫-૦૨ |
| | | નિરોણા | -- | -- | ૩૧-૮-૯૨ |
| ૭ | રાપર | હીડીયાનગર | ૧-૭-૦૯ | -- | નિમણૂંક થયેલ નથી. |
| | | ફતેગઢ | નવી જગ્યા | -- | ૧-૫-૦૨ |
| ૮ | અંજાર | દૂધઈ | ૧-૭-૦૯ | -- | -- |
| ૯ | ગાંધીધામ | ગાંધીધામ | -- | ૧-૨-૦૬ | -- |

(૪) આ જગ્યાઓ એક વર્ષમાં ભરવામાં આવેલ નથી.

(૫) આ જગ્યાઓ વહીવટી કારણોસર ભરાયેલ નથી, જે શક્ય તેટલા વહેલા ભરવામાં આવશે.

## પત્રક-એ

## જિલ્લા પંચાયત કચ્છ-ભૂજ પશુ દવાખાના ખાતેના મહેકમની વિગત

| અ.નં. | તાલુકો | પશુ દવાખાના | પશુચિકિત્સા અધિકારી | | | ડ્રેસર | | | પટાવાળા/એટેન્ડન્ટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | ભૂજ | ભૂજ | ૧ | - | ૧ | ૧ | ૧ | - | ૨ | ૧ | ૧ |
| | | ભીરંડીયાળ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | - | ૨ |
| | | લોડાઈ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૨ | મુન્દ્રા | મુન્દ્રા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | - | ૨ |
| | | ભદ્રેશ્વર | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| ૩ | માંડવી | માંડવી | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | ૨ | - |
| | | ગઢશીશા | ૧ | - | ૧ | - | - | - | ૧ | ૧ | - |
| | | બિંદડા | - | - | - | - | - | - | ૧ | ૧ | - |
| ૪ | અબડાસા | મો. નલીયા | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | ૧ |
| | | નલીયા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | કોઠારા | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | ૧ |
| ૫ | લખપત | માતાનામઢ | ૧ | - | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | ઘડુલી | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | મો. લખપત | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | લખપત | - | - | - | - | - | - | ૧ | ૧ | - |
| ૬ | નખત્રાણા | નખત્રાણા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | - | ૨ |
| | | નિરોણા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | સુખપર | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | નેત્રા | - | - | - | - | - | - | ૧ | ૧ | - |
| ૭ | રાપર | રાપર | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | ૨ | - |
| | | કોડીયાનગર | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| | | ફતેગઢ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મો. ખડીર | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| | | ભીમાસર | - | - | - | - | - | - | ૧ | ૧ | - |
| ૮ | ભચાઉ | ભચાઉ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | ચોબારી | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - |
| ૯ | અંજાર | અંજાર | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | ૨ | - |
| | | દુધઈ | ૧ | - | ૧ | - | - | - | ૧ | ૧ | - |
| ૧૦ | ગાંધીધામ | ગાંધીધામ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૨ | ૨ | - |
| | **કુલ** | | **૨૫** | **૧૮** | **૭** | **૧૪** | **૧૧** | **૩** | **૩૭** | **૨૩** | **૧૪** |

## પત્રક-બી

## જિલ્લા પંચાયત કચ્છ-ભૂજમાં પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો ખાતેના મહેકમની વિગત

| અ.નં. | તાલુકો | પ્રાથમિક પશુસારવાર કેન્દ્ર | પશુધન નિરીક્ષક | | | પટાવાળા/એટેન્ડન્ટ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | ભૂજ | ખાવડા | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | કેરા | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | ઢોરી | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | ચકાર | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | દેરાલપર | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૨ | મુન્દ્રા | ભૂજપર | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | પન્ત્રી | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૩ | માંડવી | ગોધરા | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | કાટડી | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| | | રામપરવેકરા | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૪ | અબડાસા | બીટા | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| | | ડુમરા | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | વાયોર | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| | | મોથાળા | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૫ | લખપત | બરંદા | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| | | મેઘપર | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૬ | નખત્રાણા | રવાપર | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૭ | રાપર | બેલા | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | સુવઈ | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | પલાસવા | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | રામવાવ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | આડેસર | ૧ | - | ૧ | - | - | - |
| ૮ | ભચાઉ | અઘોઈ | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| | | જનાણ | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | જંગી | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | | લાકડીયા | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૯ | અંજાર | રતનાલ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | | લાખાપર | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૧૦ | ગાંધીધામ | ખંડોઈ | ૧ | - | ૧ | ૧ | ૧ | - |
| | **કુલ** | | **૨૯** | **૧૩** | **૧૬** | **૨૮** | **૧૪** | **૧૪** |

## કચ્છ જિલ્લામાં નવી માધ્યમિક શાળાની મંજૂરી

અતારાંક્તિ : ૧૩૬૯ (૭-૩-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવાકૃપા કરશે કે-

(1) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી નવી માધ્યમિક શાળાઓ મંજૂરકરવામાં આવી,

(૨) સરકાર ક્યારે શરૂ કરવા માંગે છે, અને.

(૩) શાળાના મકાન માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની ગ્રાન્ટ વિનાની ખાનગી માધ્યમિક શાળાઓ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ૧. | ભૂજ | ૩ |
| ૨. | ભચાઉ | ૪ |
| ૩ | ગાંધીધામ | ૪ |
| ૪ | અબડાસા | ૨ |
| ૫ | મુન્દ્રા | ૨ |
| ૬ | લખપત | ૨ |
| ૭ | અંજાર | ૧ |
| ૮ | માંડવી | ૧ |
| | **કુલ ....** | **૧૯** |

(૨) અને (૩) ગ્રાન્ટ વિનાની ખાનગી શાળા હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

## કચ્છ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ મહેકમ

અતારાંક્તિ : ૧૩૭૧ (૧૮-૩-૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર ક્યા ક્યા સ્થળે આવેલી છે,

(૨) શાળાવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાઓ કેટલી અને ક્યા ક્યા વિષયના શિક્ષકોની છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) પત્રક સામેલ છે.

(૨) કુલ મંજૂર મહેકમ-૪૮૨ પત્રક સામેલ રાખેલ છે.

(૩) આચાર્ય (વર્ગ-૨) ૨૭ અને મદદનીશ શિક્ષકોની-૧૯ જગ્યા ખાલી છે. જે પેકી વિષયવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિષય | ખાલી જગ્યા | વિભાગ |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૦૩ | માધ્યમિક |
| ૨ | ગણિત-વિજ્ઞાન | ૦૪ | |
| ૩ | ચિત્ર | ૦૧ | |
| ૪ | સામાજિક વિજ્ઞાન | ૦૩ | |
(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામના તળાવો ઉંડા કરવાની માંગણીઓ આવી, કેટલા ખર્ચે તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) આ માંગણીઓ પૈકી ક્યા ક્યા ગામોની માંગણીઓ મંજૂર કરી તળાવવાર કેટલા ખર્ચના અંદાજો બનાવવામાં આવ્યા છે, અને

(૩) તે પૈકી ક્યા ક્યા ગામોના તળાવોના કામો પૂરા થયા ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૨-૬-૨૦૦૯) :

(૧) (૨) અને (૩) : વર્ષ ૨૦૦૭-૦૮ની વિગતો પત્રક-૧* માં અને વર્ષ ૨૦૦૮-૦૯ની વિગતો પત્રક-૨* માં સામેલ છે. જીલ્લા, તાલુકા અને ગામવાર તળાવો ઉંડા કરવાની માંગણી તેની પાછળ થયેલ ખર્ચ, માંગણી મંજુર કરેલ ગામની વિગત, ખર્ચનો અંદાજ અને ગામવાર પૂર્ણ થયેલ તળાવની વિગત પત્રક-૧ અને ૨ના કોલમ નંબર ૪, ૮, ૫,૭,૯ માં સામેલ છે.

* (પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------------

**લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકામાં સિંચાઇ યોજના હેઠળ બનાવેલ નવા તળાવો**

અતારાંક્તિ : ૧૬૪૮ (૨૬-૫-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તારીખ ૩૧-૧૨-૦૮ સુધીમાં સિંચાઇ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા,

(૨) કેટલા જુના તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તળાવ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૫-૬-૨૦૦૯) :

(૧) એક-લીમખેડા તાલુકો.

(૨) ૧૪૨.

(૩) સામેલ પત્રક* માં તળાવદીઠ થયેલ ખર્ચની વિગતો રજૂ કરી છે.

* (પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

## દાહોદ જિલ્લામાં ચેકડેમો

અતારાંક્તિ : ૧૬૪૯ (૨૬-૫-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦-૪૦ અને ૮૦-૨૦ ની યોજના હેઠળ કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) આ ચેકડેમો પાછળ તાલુકાવાર કુલ કેટલો ખર્ચ થયો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૦-૬-૨૦૦૯) :

(૧) ૬૦ : ૪૦ ની યોજના હેઠળ એક પણ ચેકડેમ બનાવેલ નથી, જ્યારે ૮૦ : ૨૦ની યોજના હેઠળ ૧૪૫૩ ચેકડેમો બનાવવામાં આવ્યા છે.

(૨) તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ચેકડેમની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૬૪ | ૪૦૧.૮૯ |
| ૨ | ગરબાડા | ૧૪૮ | ૩૫૬.૧૭ |
| ૩ | ધાનપુર | ૨૩૯ | ૫૨૪.૯૩ |
| ૪ | દેવગઢ બારીયા | ૪૭ | ૨૦૯.૯૭ |
| ૫ | ફતેપુરા | ૧૯૭ | ૫૬૭.૭૫ |
| ૬ | ઝાલોદ | ૪૧૮ | ૧૨૪૩.૧૦ |
| ૭ | લીમખેડા | ૨૪૦ | ૯૪૧.૨૫ |
| | **કુલ :** | **૧૪૫૩** | **૪૨૪૫.૦૬** |

---------------

## દાહોદ જિલ્લામાં સિંચાઇ યોજનાની કેનાલો

અતારાંક્તિ : ૧૬૫૦ (૨૬-૫-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાની કઇ કઇ સિંચાઇ યોજનાની કેનાલો કાચી છે,

(૨) આ કાચી કેનાલોને પાકી બનાવવા યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને

(૩) કેટલા સમયમાં કેનાલો પાકી બનાવવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૫-૬-૨૦૦૯) :

(૧) વાંક્લેશ્વર (ભે) તથા પાટાડુંગરી સિંચાઇ યોજના તથા નાની સિંચાઇ હેઠળના સામેલ પત્રક મુજબની નહેરો કાચી છે,

(૨)
| | | | |
|---|---|---|---|
| વાંક્લેશ્વર (ભે) | : | રૂા. ૩૮૧.૩૯ | લાખ |
| પાટાડુંગરી | : | રૂા. ૧૪૪૨.૭૮ | લાખ |
| નાની સિંચાઇ | : | રૂા. ૭૭૭.૦૦ | લાખ |
| કુલ | : | રૂા. ૨૬૦૧.૧૭ | લાખ |

(૩) તબક્કાવાર અગ્રિમતાના ધોરણે તથા નાણાંકીય ઉપલબ્ધી મુજબ કામો હાથ ધરવામાં આવશે.

### પત્રક

| ક્રમ | સિંચાઇ તળાવનું નામ | તાલુકો | નહેરની કુલ લંબાઇ | પાકી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરને પાકી કરવાની અંદાજિત કિંમત રૂા. લાખમાં | નહેરને પાકી કરવાનું આયોજન કિ.મી. માં. | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન | આગામી આયોજનમાં સમાવેશ કરાનાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગડોઇ સિંચાઇ તળાવ | દાહોદ | ૧.૨૦૦ | ૧.૨૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | સંપૂર્ણ કેનાલ પાકી છે. |
| ૨ | રાબડાલ સિંચાઇ તળાવ | દાહોદ | ૨.૮૮૦ | ૦.૫૦૦ | ૨.૩૮૦ | ૧૨.૦૦ | ૦.૫૦૦ | ૧.૮૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩ | બાવકા સિંચાઇ તળાવ | દાહોદ | ૬.૧૭૦ | ૦.૦૦૦ | ૬.૧૭૦ | ૨૫.૦૦ | ૦.૨૦૦ | ૨.૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪ | ખરેડી સિંચાઇ તળાવ | દાહોદ | ૩.૫૦૦ | ૩.૫૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | સંપૂર્ણ કેનાલ પાકી છે. |

| ક્રમ | સિંચાઇ તળાવનું નામ | તાલુકો | નહેરની કુલ લંબાઇ | પાકી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરને પાકી કરવાની અંદાજિત કિંમત રૂા. લાખમાં | નહેરને પાકી કરવાનું આયોજન કિ.મી. માં | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન | આગામી આયોજનમાં સમાવેશ કરાનાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૫ | ભાઠીવાડા સિંચાઇ તળાવ | દાહોદ | ૧.૭૦૦ | ૧.૭૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | સંપૂર્ણ કેનાલ પાકી છે. |
| ૬ | ખરોદા સિંચાઇ તળાવ | દાહોદ | ૧.૫૦૦ | ૦.૨૦૦ | ૧.૩૦૦ | ૪.૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | એચ. આર. સ્ટ્રક્ચર્સ તથા કેનાલ બિસ્માર હાલતમાં હોઇ વર્ષોથી સિંચાઇ થતી |
| ૭ | રેટીયા સિંચાઇ તળાવ | દાહોદ | ૧.૫૦૦ | ૦.૦૦૦ | ૧.૫૦૦ | ૫.૦૦ | ૦.૦૦૦ | ૦.૭૦૦ | એચ. આર. સ્ટ્રક્ચર્સ તથા કેનાલ બિસ્માર હાલતમાં હોઇ વર્ષોથી સિંચાઇ થતી |
| ૮ | ચોસાલા સિંચાઇ તળાવ | દાહોદ | ૦.૩૦૦ | ૦.૦૦૦ | ૦.૩૦૦ | ૩.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ક્માન્ડ વિસ્તાર ઉદવહન સિંચાઇ યોજના ક્માન્ડમાં ઓવરલેપ થાય છે. |
| | દાહોદ તાલુકાનું કુલ : | | ૧૮.૭૫૦ | ૭.૧૦૦ | ૧૧.૬૫૦ | ૪૯.૦૦ | ૦.૭૦૦ | ૫.૫૦૦ | |
| ૯ | મીનાક્યાર સિંચાઇ તળાવ | ગરબાડા | ૭.૫૦૦ | ૧.૦૦૦ | ૬.૫૦૦ | ૩૫.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૧૦ | ઝરીબુજર્ગ સિંચાઇ તળાવ | ગરબાડા | ૧૦.૫૦૦ | ૧.૦૦૦ | ૯.૫૦૦ | ૪૫.૦૦ | ૦.૨૦૦ | ૫.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૧૧ | ઝરી ગાંગરડા સિંચાઇ તળાવ | ગરબાડા | ૯.૦૦૦ | ૨.૫૦૦ | ૬.૫૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | બે ગામોના આંતરિક વિવાદનો ઉકેલ કામગીરી હાથ ધરી શકાશે. |
| ૧૨ | અભલોડ સિંચાઇ તળાવ | ગરબાડા | ૧.૭૦૦ | ૦.૭૦૦ | ૧.૦૦૦ | ૭.૫૦ | ૦.૮૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૧૩ | નઢેલાવ સિંચાઇ તળાવ | ગરબાડા | ૨.૦૫૦ | ૦.૦૮૦ | ૧.૯૨૫ | ૧૦.૦૦ | ૦.૧૨૦ | ૦.૬૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૧૪ | રાસ્કી સિંચાઇ તળાવ | ગરબાડા | ૨.૬૦૦ | ૦.૬૦૦ | ૨.૦૦૦ | ૧૦.૦૦ | ૦.૬૦૦ | ૦.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૧૫ | ગરબાડા નવા ફળીયા સિં. તળાવ | ગરબાડા | ૧.૫૦૦ | ૦.૨૦૦ | ૧.૩૦૦ | ૫.૦૦ | ૦.૫૦૦ | ૦.૨૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૧૬ | બોરીયાલા સિંચાઇ તળાવ | ગરબાડા | ૧.૭૦૦ | ૦.૦૦૦ | ૧.૭૦૦ | ૫.૦૦ | ૦.૦૦૦ | ૦.૫૦૦ | ગામલોકોના આંતરીક વિવાદનો ઉકેલ કામગીરી હાથ ધરી શકાશે. |
| ૧૭ | આમરી છરછોડા સિં. તળાવ | ગરબાડા | ૨.૫૦૦ | ૦.૫૦૦ | ૨.૦૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦૦ | ૦.૮૦૦ | એચ. આર. સ્ટ્રક્ચર્સ તથા કેનાલ બિસ્માર હાલતમાં હોઇ વર્ષોથી સિંચાઇ થતી. |
| ૧૮ | પાટીયા સિંચાઇ તળાવ | ગરબાડા | ૧.૫૦૦ | ૦.૦૦૦ | ૧.૫૦૦ | ૮.૦૦ | ૦.૦૦૦ | ૦.૬૦૦ | એચ. આર. સ્ટ્રક્ચર્સ તથા કેનાલ બિસ્માર હાલતમાં હોઇ વર્ષોથી સિંચાઇ થતી. |
| ૧૯ | ગુલબાર સિંચાઇ તળાવ | ગરબાડા | ૧.૦૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | ૫.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ક્માન્ડ વિસ્તારમાં ઉદવહન સિંચાઇ યોજના દ્વારા સિંચાઇ થાય છે |
| | ગરબાડા તાલુકાનું કુલ : | | ૪૧.૫૫૦ | ૬.૫૮૦ | ૩૪.૯૨૫ | ૧૬૫.૫૦ | ૩.૭૨૦ | ૧૧.૧૦૦ | |
| ૨૦ | કાલીયા કોટા સિં. તળાવ | લીમખેડા | ૩.૭૫૦ | ૨.૫૦૦ | ૧.૨૫૦ | ૧૮.૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૧ | અંધારી પરપટા સિં. તળાવ | લીમખેડા | ૨.૩૦૦ | ૦.૭૫૦ | ૧.૬૦૦ | ૧૨.૦૦ | ૦.૩૦૦ | ૦.૬૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૨ | દાભડા સિંચાઇ તળાવ | લીમખેડા | ૨.૫૦૦ | ૦.૩૦૦ | ૨.૨૦૦ | ૭.૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૩ | સરજુમી સિંચાઇ તળાવ | લીમખેડા | ૨.૮૦૦ | ૦.૭૦૦ | ૨.૧૦૦ | ૧૬.૦૦ | ૦.૪૫૦ | ૧.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૪ | જાદાખેરીયા સિં. તળાવ | લીમખેડા | ૨.૩૦૦ | ૦.૬૦૦ | ૧.૭૦૦ | ૧૩.૦૦ | ૦.૭૦૦ | ૦.૩૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| | લીમખેડા તાલુકાનું કુલ : | | ૧૩.૬૫૦ | ૪.૮૫૦ | ૮.૮૫૦ | ૬૬.૦૦ | ૧.૪૫૦ | ૩.૯૦૦ | |
| ૨૫ | આમલીમેનપુર સિં. તળાવ | ધાનપુર | ૫.૯૫૦ | ૧.૪૦૦ | ૪.૫૫૦ | ૨૦.૦૦ | ૦.૫૦૦ | ૧.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૬ | ગઢવેલ સિંચાઇ તળાવ | ધાનપુર | ૫.૭૦૦ | ૦.૦૦૦ | ૫.૭૦૦ | ૨૧.૦૦ | ૧.૨૦૦ | ૨.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૭ | નાકટી સિં. તળાવ | ધાનપુર | ૨.૫૦૦ | ૦.૩૦૦ | ૨.૨૨૦ | ૧૪.૦૦ | ૦.૦૦૦ | ૦.૮૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૮ | ધાનપુર સિં. તળાવ | ધાનપુર | ૦.૫૦૦ | ૦.૦૦૦ | ૦.૫૦૦ | ૪.૦૦ | ૦.૦૦૦ | ૦.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૨૯ | મંડોર સિંચાઇ તળાવ | ધાનપુર | ૧.૨૦૦ | ૦.૩૦૦ | ૦.૯૦૦ | ૭.૦૦ | ૦.૦૦૦ | ૦.૩૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૦ | વેડ સિંચાઇ તળાવ | ધાનપુર | ૧.૫૦૦ | ૦.૦૦૦ | ૧.૫૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | તળાવનો ક્માન્ડ વિસ્તાર અદલવાડા યોજના ક્માન્ડમાં ઓવરલેપ થાય છે. |
| | ધાનપુર તાલુકાનું કુલ : | | ૧૭.૩૫૦ | ૨.૦૦૦ | ૧૫.૩૭૦ | ૬૬.૦૦ | ૧.૭૦૦ | ૪.૯૦૦ | |
| ૩૧ | ટિંટોડી સિંચાઇ તળાવ | ઝાલોદ | ૧૪.૬૦૦ | ૩.૪૬૦ | ૧૧.૧૪૦ | ૪૫.૦૦ | ૦.૪૦૦ | ૬.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૨ | સુકી સિંચાઇ તળાવ | ઝાલોદ | ૭.૫૦૦ | ૧.૯૨૦ | ૫.૫૮૦ | ૨૫.૦૦ | ૦.૫૦૦ | ૩.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |

| ક્રમ | સિંચાઇ તળાવનું નામ | તાલુકો | નહેરની કુલ લંબાઇ | પાકી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરને પાકી કરવાની અંદાજિત કિંમત રૂા. લાખમાં | નહેરને પાકી કરવાનું આયોજન કિ.મી. માં. માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન | નહેરને પાકી કરવાનું આયોજન કિ.મી. માં. આગામી આયોજનમાં સમાવેશ કરાનાર | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૩૩ | કાળીયાહીલ સિં. તળાવ | ઝાલોદ | ૬.૩૦૦ | ૩.૯૦૦ | ૨.૪૦૦ | ૧૨.૦૦ | ૦.૦૦૦ | ૦.૮૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૪ | કારઠ વાંગીવાડ સિં. તળાવ | ઝાલોદ | ૩.૦૦૦ | ૧.૨૦૦ | ૧.૮૦૦ | ૮.૦૦ | ૦.૫૦૦ | ૦.૮૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૫ | મોટી હાંડી સિંચાઇ તળાવ | ઝાલોદ | ૪.૦૧૦ | ૧.૫૫૦ | ૨.૪૬૦ | ૧૨.૦૦ | ૦.૩૦૦ | ૧.૨૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૬ | ધાસીયા સિંચાઇ તળાવ | ઝાલોદ | ૩.૨૧૫ | ૧.૬૨૨ | ૧.૫૯૩ | ૧૨.૦૦ | ૦.૫૦૦ | ૦.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૭ | થેરકા સિંચાઇ તળાવ | ઝાલોદ | ૧.૫૦૦ | ૦.૬૮૬ | ૦.૮૧૪ | ૭.૦૦ | ૦.૨૦૦ | ૦.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૮ | ધોડીયા વગેલા સિં. તળાવ | ઝાલોદ | ૩.૭૦૦ | ૧.૬૭૧ | ૨.૦૨૯ | ૧૦.૦૦ | ૦.૫૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૩૯ | પરથમપુર સિંચાઇ તળાવ | ઝાલોદ | ૨.૫૬૦ | ૧.૦૩૧ | ૧.૫૨૯ | ૧૦.૦૦ | ૦.૩૦૦ | ૦.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૦ | કુંડા ધામેલા સિં. તળાવ | ઝાલોદ | ૨.૭૧૦ | ૦.૬૦૦ | ૨.૧૧૦ | ૧૦.૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૧ | દાંતિયા સિંચાઇ તળાવ | ઝાલોદ | ૨.૧૫૦ | ૦.૬૯૪ | ૧.૪૫૬ | ૬.૦૦ | ૦.૦૦૦ | ૦.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૨ | થાલા સિંચાઇ તળાવ | ઝાલોદ | ૪.૬૦૦ | ૨.૬૦૦ | ૨.૦૦૦ | ૧૨.૦૦ | ૧.૨૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૩ | લાખાના મુવાડા સિં. તળાવ | ઝાલોદ | ૨.૦૦૦ | ૦.૬૦૦ | ૧.૪૦૦ | ૮.૦૦ | ૦.૦૦૦ | ૦.૯૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૪ | મલવાસી સિંચાઇ તળાવ | ઝાલોદ | ૧.૫૫૦ | ૦.૬૯૭ | ૦.૮૫૩ | ૫.૦૦ | ૦.૩૦૦ | ૦.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૫ | સારમારીયા સિં. તળાવ | ઝાલોદ | ૪.૩૦૦ | ૦.૫૬૦ | ૩.૭૪૦ | ૧૦.૦૦ | ૦.૨૦૦ | ૦.૩૦૦ | પોરસ બેઝીન હોઇ તળાવમાં પાણી શ જાય છે. જેથી પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ નથી. |
| ૪૬ | મલવાસી દેવ કમલા સિં. તળાવ | ઝાલોદ | ૦.૫૦૦ | ૦.૦૪૦ | ૦.૪૬૦ | ૫.૦૦ | ૦.૦૦૦ | ૦.૩૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૭ | દેવજીની સરસવાણી સિં. તળાવ | ઝાલોદ | ૧.૭૦૦ | ૧.૧૨૫ | ૦.૫૭૫ | ૬.૦૦ | ૦.૦૦૦ | ૦.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૮ | વાંકોલ સિંચાઇ તળાવ | ઝાલોદ | ૧.૫૦૦ | ૦.૦૦૦ | ૧.૫૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૪૯ | સુથારવાસા સિંચાઇ તળાવ | ઝાલોદ | ૧.૫૦૦ | ૦.૮૫૦ | ૦.૬૫૦ | ૫.૦૦ | ૦.૧૦૦ | ૦.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૦ | ધોળીદાંતી સિંચાઇ તળાવ | ઝાલોદ | ૨.૦૦૦ | ૦.૩૯૦ | ૧.૬૧૦ | ૫.૦૦ | ૦.૩૦૦ | ૦.૭૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૧ | કાળીગામ સિંચાઇ તળાવ | ઝાલોદ | ૧.૦૦૦ | ૦.૦૦૦ | ૧.૦૦૦ | ૪.૦૦ | ૦.૦૦૦ | ૦.૬૦૦ | એચ. આર. સ્ટ્રક્ચર્સ તથા કેનાલ બિસ્માર હાલતમાં હોઇ વર્ષોથી સિંચાઇ થતી. |
| **ઝાલોદ તાલુકાનું** કુલ : | | | ૭૧.૮૯૫ | ૨૫.૧૯૬ | ૪૬.૬૯૯ | ૨૨૭.૦૦ | ૫.૩૦૦ | ૧૯.૮૦૦ | |
| ૫૨ | મારગાળા સિંચાઇ તળાવ | ફતેપુરા | ૫.૦૦૦ | ૩.૬૩૦ | ૧.૩૭૦ | ૧૧.૫૦ | ૦.૭૭૦ | ૦.૪૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૩ | જલાઇ સિંચાઇ તળાવ | ફતેપુરા | ૩.૬૦૦ | ૧.૬૦૦ | ૨.૦૦૦ | ૧૮.૦૦ | ૧.૭૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૪ | ફતેગઢી સિંચાઇ તળાવ | ફતેપુરા | ૫.૦૦૦ | ૨.૬૦૦ | ૨.૪૦૦ | ૨૨.૦૦ | ૧.૪૦૦ | ૦.૬૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૫ | નીદકા સિંચાઇ તળાવ | ફતેપુરા | ૫.૨૦૦ | ૩.૫૦૦ | ૧.૭૫૦ | ૧૦.૦૦ | ૦.૦૦૦ | ૧.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૬ | જવેસી સિંચાઇ તળાવ | ફતેપુરા | ૫.૬૦૦ | ૧.૨૦૦ | ૪.૪૦૦ | ૧૧.૦૦ | ૦.૬૮૦ | ૨.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૭ | મોટી રેલ સિંચાઇ તળાવ | ફતેપુરા | ૧.૫૦૦ | ૧.૦૦૦ | ૦.૫૦૦ | ૫.૦૦ | ૦.૦૦૦ | ૦.૩૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૮ | કંથાગર સિંચાઇ તળાવ | ફતેપુરા | ૧.૩૮૦ | ૦.૩૫૦ | ૧.૦૩૦ | ૧૨.૦૦ | ૧.૦૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૫૯ | છાલોર સિંચાઇ તળાવ | ફતેપુરા | ૧.૭૦૦ | ૦.૬૨૦ | ૧.૦૮૦ | ૬.૦૦ | ૦.૫૩૦ | ૦.૫૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૦ | ફતેપુરા લેલાવા સિ. તળાવ | ફતેપુરા | ૨.૮૦૦ | ૦.૩૦૦ | ૨.૫૦૦ | ૧૨.૦૦ | ૧.૬૦૦ | ૦.૮૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| **ફતેપુરા તાલુકાનું** કુલ : | | | ૩૧.૭૮૦ | ૧૪.૮૦૦ | ૧૭.૦૩૦ | ૧૦૭.૫૦ | ૭.૬૮૦ | ૬.૬૦૦ | |
| ૬૧ | ટીકડી સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૪.૭૦૦ | ૨.૦૧૨ | ૨.૬૮૮ | ૧૨.૦૦ | ૦.૦૬૦ | ૨.૨૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૨ | નાની ઝરી સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૪.૨૭૦ | ૧.૪૭૭ | ૨.૭૯૩ | ૧૪.૦૦ | ૦.૨૫૦ | ૨.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૩ | સેવનીયા સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૩.૧૦૦ | ૨.૭૫૦ | ૦.૩૫૦ | ૪.૦૦ | ૦.૩૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૪ | સાગટાળા સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૧૪.૮૨૦ | ૪.૮૩૫ | ૯.૯૮૫ | ૪૨.૦૦ | ૦.૩૦૦ | ૮.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૫ | રાઠવાના મુવાડા સિં. તળાવ | દે.બારીઆ | ૩.૯૭૦ | ૧.૧૪૦ | ૨.૮૩૦ | ૧૫.૦૦ | ૦.૦૦૦ | ૨.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૬ | બોરસાગર સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૨.૨૦૦ | ૧.૧૩૦ | ૧.૦૭૦ | ૫.૦૦ | ૦.૦૦૦ | ૨.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |

| ક્રમ | સિંચાઇ તળાવનું નામ | તાલુકો | નહેરની કુલ લંબાઇ | પાકી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરની લંબાઇ કિ.મી.માં | કાચી નહેરને પાકી કરવાની અંદાજિત કિંમત રૂા. લાખમાં | નહેરને પાકી કરવાનું આયોજન કિ.મી. માં. | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન | આગામી આયોજનમાં સમાવેશ કરાનાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૬૭ | ભુલ્લર સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૧.૦૦૦ | ૦.૫૨૦ | ૦.૪૮૦ | ૪.૦૦ | ૦.૪૦૦ | ૦.૦૦૦ | અત્યંત જરૂરી કેનાલ પાકી કરવાનું આયો. |
| ૬૮ | બારા સિંચાઇ તળાવ | દે.બારીઆ | ૦.૩૦૦ | ૦.૩૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | સંપૂર્ણ કેનાલ પાકી છે. |
| | | **દે. બારીઆ તાલુકાનું કુલ :** | ૩૪.૩૬૦ | ૧૪.૧૬૪ | ૨૦.૧૯૬ | ૯૬.૦૦ | ૧.૩૧ | ૧૬.૨૦ | |
| | | **દાહોદ જિલ્લાનું કુલ :** | ૨૨૯.૩૩૫ | ૭૪.૬૯૦ | ૧૫૪.૭૨૦ | ૭૭૭.૦૦ | ૨૧.૮૬૦ | ૬૮.૦૦૦ | |

------------

## ભરૂચ જિલ્લા પંચાયતને ઓક્ટ્રોય નાબુદીની મળેલ રકમ

અતારાંક્તિ : ૧૬૨૫ (૨૭-૩-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લા પંચાયતને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદીની પેટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા આ ગ્રાન્ટ પેકી જે તે તાલકા પંચાયતોને કેટલી રકમ કેટલા સમયમાં ફાળવી,

(૩) જે તે તાલુકા પંચાયતોએ કેટલા સમયમાં આ ગ્રાન્ટ જે તે ગ્રામ પંચાયતોના હવાલે મૂકી, અને

(૪) જો ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ મોડી મળેલ હોય તો અથવા હજી ન મળી હોય તો તેના કારણો શાં છે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) ભરૂચ જિલ્લા પંચાયતને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદી પેટે કુલ રૂા. ૪૮૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા આ ગ્રાન્ટ જે તે તાલુકા પંચાયતને મહત્તમ બે માસની અંદર ૪૭૯.૯૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૩) તાલુકા પંચાયતોએ તેઓને ગ્રાન્ટ ફાળવણી થયેથી તુર્તજ જે તે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવી આપેલ છે.

(૪) ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં વિલંબ થયેલ નથી.

------------

## દાહોદ જિલ્લા પંચાયતને ઓક્ટ્રોય નાબુદી પેટે મળેલ રકમ

અતારાંક્તિ : ૧૬૩૧ (૭-૫-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લા પંચાયતને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદી પેટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) દાહોદ જિલ્લા પંચાયત દ્વારા આ ગ્રાન્ટ પેકી જે તે તાલકા પંચાયતોને કેટલી રકમ કેટલા સમયમાં ફાળવવામાં આવી,

(૩) જે તે તાલુકા પંચાયતોએ કેટલા સમયમાં આ ગ્રાન્ટ જે તે ગ્રામ પંચાયતોના હવાલે મૂકી, અને

(૪) જો ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ મોડી મળેલ અથવા હજી સુધી ન મળી હોય તો તેના કારણો શાં છે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૭-૬-૦૯) :

(૧) દાહોદ જિલ્લા પંચાયતને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદી પેટે કુલ રૂા. ૩,૧૮,૩૫,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) દાહોદ જિલ્લા પંચાયત દ્વારા આ ગ્રાન્ટ જે તે તાલુકા પંચાયતને મહત્તમ બે માસની અંદર ફાળવવામાં આવી.

(૩) તાલુકા પંચાયતોએ તેઓને ગ્રાન્ટ ફાળવણી થયેથી નાણાંકીય વર્ષ દરમ્યાન જે તે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવી આપેલ છે.

(૪) ગ્રાન્ટ સમયસર આપવામાં આવેલ છે સિવાય કે કોઈ વિશેષ વહીવટી કારણ હોય.

------------

## પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ડીગ્રી કોલેજોમાં જમીન મેળવવા મળેલ માગણીઓ

અતારાંક્તિ : ૧૫૨૮ (૭-૫-૨૦૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ચોદ નવી ડીગ્રી કોલેજો અને નવ પોલીટેક્નીક શરૂ કરવા સંસ્થાઓને એક રૂા. ટોક્નથી જમીન આપવાનું નક્કી કર્યા બાદ જમીન મેળવવા કઈ કઈ સંસ્થાઓએ માંગણી કરી છે,

(૨) ક્યા ક્યા ગામ-શહેરના ક્યા ક્યા સર્વે નંબર પૈકી કેટલી જમીનની માંગણી કરવામાં આવી છે, અને

(૩) આ દરખાસ્તો ક્યા ક્યા તબક્કે છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૩-૬-૦૯) :

(૧) રાજ્યમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ચોદ નવી ડીગ્રી કોલેજો અને નવ પોલીટેક્નીક્ને એક રૂપિયાના ટોક્નથી જમીન ફાળવવા બાબતે રાજ્ય સરકારે કોઈ નિર્ણય કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

## કચ્છ જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તક્ના ડામર કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિ : ૧૩૬૪ (૯-૩-૨૦૦૯) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના રાજ્ય અને પંચાયત હસ્તક્ના કઈ કઈ યોજનાઓમાંથી ક્યા ક્યા નવા રસ્તાઓ ડામરના કરવામાં આવ્યા,

(૨) કેટલો ખર્ચ રસ્તાવાર કરવામાં આવ્યો,

(૩) આ સમય દરમ્યાન ક્યા ક્યા રસ્તાઓના કામ મંજૂર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી,

(૪) તેનાં કારણો શાં છે, અને

(૫) આ રસ્તાના કામો ક્યારે શરૂ કરી ક્યારે પૂરા કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૩-૬-૦૯) :

(૧) પંચાયત હસ્તક્ના ઓ.ડબલ્યુ.આર. અને પી.એમ.જી.એસ.વાય. યોજના અંતર્ગત અનુક્રમે ૫ અને ૩ નવા રસ્તાઓ નીચે મુજબ ડામરના કરવામાં આવ્યા.

| ક્રમ | યોજનાનું નામ | રસ્તાનું નામ | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧. | ઓ.ડબલ્યુ.આર. | અઘોઈ લાકડીયા રોડ | ૧૪૪.૬૮ |
| ૨. | | હમીર પર મોટી ભુટકીયા રોડ | ૧૧૦.૬૨ |
| ૩. | | શિયાણ કોડાણા રોડ | ૧૦૨.૧૫ |
| ૪. | | ગોધરા દુર્ગાપર રોડ | ૧૨૪.૯૨ |
| ૫. | | માંડવી કોડાય રોડ | ૧૦૦.૮૦ |
| ૬. | પી.એમ.જી.એસ.વાય. | શેરવો શેરાડો રોડ | ૧૪૮.૧૯ |
| ૭. | | દીનારા હારૂનવાંઢ રોડ | ૨૭.૧૭ |
| ૮. | | ડુમાડો એપ્રોચ રોડ | ૫૫.૫૩ |
| | | કુલ : | ૮૧૪.૦૬ |

(૨) રસ્તાવાર ખર્ચ ઉપર મુજબ કરવામાં આવ્યો.

(૩) બધા જ રસ્તાના કામ પુર્ણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ક્સિાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તા**

અતારાંક્તિ : ૧૪૭૬ (૭-૫-૨૦૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ/નર્મદા જિલ્લામાં ક્સિાનપથ યોજના હેઠળ સને ૨૦૦૮-૦૯ના આયોજનમાં કેટલા રસ્તાઓ કેટલી કિંમતના મંજૂર ર્ક્યા, અને

(૨) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) ભરૂચ/નર્મદા જિલ્લામાં ક્સિાનપથ યોજના હેઠળ સને ૨૦૦૮-૦૯ના આયોજનમા_ અનુક્રમે ૬ (છ) અને ૨ (બે) એમ કુલ ૮ (આઠ) રસ્તાઓ અનુક્રમે રૂા. ૪૯૨.૦૧ લાખ અને ૨૧૦.૦૯ લાખની કિંમતના મંજૂર થયા છે.

(૨) જેમ બને તેમ ઝડપથી..

----------------

**અમદાવાદ જિલ્લામાં માર્ગ પહોળા કરવા બહાર પાડેલ ટેન્ડરો**

અતારાંક્તિ : ૧૫૨૩ (૬-૫-૨૦૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા માર્ગ પહોળા કરવા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી ક્યા ક્યા રસ્તાઓ ટોલ ચાર્જની શરતે કઈ કી એજન્સીના ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા,

(૩) રસ્તાવાર કઈ કઈ જ્ગ્યાએ ટોલનાકા બનાવવાની શરતો છે, અને

(૪) વાહનને કેટલો ચાર્જ વસૂલ કરવા કેટલા વર્ષ સુધીની શરતો નક્કી કરવામાં આવી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૫-૬-૦૯) :

(૧) પત્રક-૧ મુજબ

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

| અનુ. નં. | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | થલતેજ શીલજ રાંચરડા રોડ |
| ૨ | આંબલી બોપલ ધુમા રોડ |
| ૩ | સચાણા ક્લ્યાણપુર કડી રોડ |
| ૪ | બાવળા ધોળકા રોડ |
| ૫ | સાણંદ બાવળા રોડ |
| ૬ | સાણંદ બાવળા ધોળકા ખેડા રોડ |
| ૭ | કોઠ અરણેજ જવારજ ગુંદસ રોડ |
| ૮ | ચિલોડ-ગાંધીનગર-સરખેજ રોડ કી.મી. ૩૭/૨ થી ૪૩/૦ |
| ૯ | અમદાવાદ-ભાયલા-બગોદરા રોડ કી.મી. ૬૦/૦ થી ૬૧/૪ |

----------------

## ક્ચ્છ જિલ્લામાં નવા બનાવેલ માર્ગો

અતારાંક્તિ : ૧૫૨૪ (૭-૫-૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માસવાર ક્યા ક્યા જિલ્લા માર્ગો, ગ્રામ્ય માર્ગો નવા બન્યા અને મંજુર કરવામાં આવ્યા,

(૨) રસ્તાવાર કેટલા કિ.મી. ના રસ્તાઓ કઈ કઈ યોજના હેઠળ સમાવવામાં આવ્યા,

(૩) રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને

(૪) રસ્તાવાર રાજ્ય અને કેન્દ્રનો કેટ કેટલો હિસ્સો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ પંચાયત હસ્તક ક્ચ્છ જિલ્લાના ૧૬ ગ્રામ્ય માર્ગ નવા મંજુર કરવામાં આવ્યા જ્યારે કોઈ જિલ્લા માર્ગ મંજુર થયેલ નથી.

(૨) ૨૩.૨૫ કિ.મી. લંબાઈના ૪ ગ્રામ્ય માર્ગો, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તથા ૫૩.૧૦ કિ.મી. લંબાઈના ૧૨ ગ્રામ્ય માર્ગો બજેટ ઉચ્ચક જોગવાઈ હેઠળ સમાવવામાં આવ્યા.

(૩) પત્રક-૧ મુજબ રસ્તાવાર કુલ ૨૮૭૧.૦૫ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

(૪) પત્રક-૧ મુજબ ૧૨ રસ્તાઓના કુલ ૮૭૩.૩૬ લાખનો ૧૦૦ ટકા રાજ્ય સરકારનો તથા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૪ રસ્તાઓનો કુલ ૧૯૯૭.૧૯ લાખનો ૧૦૦ ટકા કેન્દ્ર સરકારનો હિસ્સો છે.

------------------

### પત્રક--૧

| અનુ. | તાલુકો | રસ્તાનું નામ | મંજુર થયા તારીખ | યોજના | ક્ક્ષા | લંબાઈ કી.મી. | અંદાજી રકમ રૂા. લાખમાં | અંદાજી રકમ પેકી રાજ્ય/કેન્દ્ર સરકારશ્રીનો હિસ્સો | | કામની હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | રાજ્ય સરકારશ્રીના હિસ્સા રૂા. લાખમાં | કેન્દ્ર સરકારશ્રીના હિસ્સા રૂા. લાખમાં | |
| કેન્દ્ર સરકારશ્રીની ગ્રાન્ટના કામો | | | | | | | | | | |
| ૧ | ભુજ | ડુમાડો એ. રોડ | ૦૯-૧૨-૨૦૦૭ | પીએમજીએસવાય | ગ્રામા | ૧.૬૦ | ૨૪.૪૮ | | ૧૦૦ % | કામ પુર્ણ |
| ૨ | ભુજ | શેરવો સરાડો રોડ | ૦૯-૧૨-૨૦૦૭ | પીએમજીએસવાય | ગ્રામા | ૭.૪૫ | ૧૧૭.૮૨ | | ૧૦૦ % | કામ પૂર્ણ |
| ૩ | ભુજ | દીનારા હારૂનવાંઢ રોડ | ૦૯-૧૨-૨૦૦૭ | પીએમજીએસવાય | ગ્રામા | ૩.૨૦ | ૪૫.૭૯ | | ૧૦૦ % | કામ પૂર્ણ |
| ૪ | ગાંધીધામ | સંઘડ થી સંઘડ સોલ્ટ વર્કસ માછી વસાહતને જોડતો રોડ | ૦૮-૦૨-૨૦૦૮ | પીએમજીએસવાય | ગ્રામા | ૧૧.૦૦ | ૧૮૦૯.૬૦ | | ૧૦૦ % | ટેન્ડર મંજુર થયેલ છે. વ. ઓર્ડર બાકી. |
| | | **કુલ્લ** | | | | ૨૩.૨૫ | ૧૯૯૭.૬૯ | | | |
| રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટના કામ | | | | | | | | | | |
| ૧ | રાપર | હમીરપર મોટી ભુટકીયા રોડ | ૦૫-૦૫-૨૦૦૭ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૫.૦૦ | ૮૮.૭૭ | ૧૦૦ % | | કામ પૂર્ણ |
| ૨ | અંજાર | શીણાય કીડાણા રોડ | ૦૫-૦૫-૨૦૦૭ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૫.૦૦ | ૧૦૭.૪૭ | ૧૦૦ % | | કામ પૂર્ણ |
| ૩ | ભચાઉ | આધોઈ લાકડીયા રોડ | ૦૫-૦૫-૨૦૦૭ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૯.૦૦ | ૧૪૮.૪૯ | ૧૦૦ % | | કામ પૂર્ણ |
| ૪ | માંડવી | માંડવી કોડાય રોડ | ૦૫-૦૫-૨૦૦૭ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૬.૫૦ | ૭૪.૬૬ | ૧૦૦ % | | કામ પૂર્ણ |
| ૫ | માંડવી | ગોધરા દુર્ગાપર રોડ | ૦૫-૦૫-૨૦૦૭ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૬.૦૦ | ૯૮.૯૭ | ૧૦૦ % | | કામ પૂર્ણ |
| ૬ | અબડાસા | જખે અર્ધોરામ મંદિર | ૨૯-૦૧-૨૦૦૯ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૨.૫૦ | ૬૦.૦૦ | ૧૦૦ % | | બાં.સ.માં |
| ૭ | ભુજ | ગાંધીનું ગામ એ. રોડ | ૨૮-૧૧-૨૦૦૮ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૧.૪૦ | ૪૦.૦૦ | ૧૦૦ % | | કામ પ્રગતિમાં |
| ૮ | ભચાઉ | રામેશ્વર એ. રોડ જોઈનીંગ આમરડી | ૨૯-૧-૨૦૦૯ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૪.૦૦ | ૬૦.૦૦ | ૧૦૦ % | | ટેન્ડર મુજરી હેઠળ |
| ૯ | ભચાઉ | ગુણાતીતપુરથી આમરડી | ૨૯-૧-૨૦૦૯ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૪.૦૦ | ૭૦.૦૦ | ૧૦૦ % | | ટેન્ડર મુજરી હેઠળ |
| ૧૦ | ગાંધીધામ | શાંતિધામ ગળપાદર એ. રોડ | ૨૯-૧-૨૦૦૯ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૧.૨૦ | ૨૦.૦૦ | ૧૦૦ % | | ન. અં. લેવલે |
| ૧૧ | ભુજ | નડાપાથી ચપરેડી રોડ | ૨૯-૧-૨૦૦૯ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૬.૫૦ | ૯૦.૦૦ | ૧૦૦ % | | ત. મં. હેઠળ |
| ૧૨ | ભુજ | સડઈ એ. રોડ | ૨૯-૧-૨૦૦૯ | બજેટ ઉચ્ચક જોગવાઈ | વીઆર | ૨.૦૦ | ૧૫.૦૦ | ૧૦૦ % | | પીએમજીએસવાય માં દરખાસ્ત હેઠળ |
| | | **કુલ્લ** | | | | **૫૩.૧૦** | **૮૭૩.૩૬** | | | |

## રાજ્યમાં જિલ્લાવાર વૃધ્ધાશ્રમોને ફાળવેલ રકમ

અતારાંક્તિ : ૧૪૩૮ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા અને તાલુકાવાર સરકારી અને ખાનગી ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમો ક્યાં ક્યાં અને કેટલા આવેલા છે,

(૨) તે પૈકી સરકારી ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમમાં દર વર્ષે કેટલી રકમ કઈ શરતોને આધીન ફાળવવામાં આવે છે, અને

(૩) આ વૃધ્ધાશ્રમોમાં પુરૂષ તથા મહિલાઓની સંખ્યા કેટલી અને ક્યા અધિકારીઓએ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ નીચે મુજબની માહિતી છે.

(અ) ગ્રાન્ટ મેળવતા વૃધ્ધાશ્રમોની વિગત :

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વૃધ્ધાશ્રમની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ સીટી | ૨ |
| ૨ | જામનગર | જામનગર | ૨ |
| ૩ | સુરેન્દ્રનગર | વઢવાણ સીટી | ૧ |
| ૪ | જુનાગઢ | જુનાગઢ | ૧ |
| ૫ | નર્મદા | મોટા પીપરીયા, તા. રાજપીપળા | ૧ |
| ૬ | સુરત | ચોર્યાસી | ૧ |
| ૭ | ભાવનગર | ભાવનગર | ૧ |
| ૮ | રાજકોટ-૧ | મોરબી-૧ | ૨ |
| ૯ | વડોદરા | વડોદરા | ૨ |
| ૧૦ | ભૂજ-કચ્છ | ભચાઉ | ૨ |
| ૧૧ | હિંમતનગર (સા.કાં.) | રાજેન્દ્રનગર તા. હિંમતનગર | ૧ |
| ૧૨ | મહેસાણા | વડનગર | ૧ |
| ૧૩ | બનાસકાંઠા | પાલનપુર | ૧ |
| ૧૪ | ભરૂચ | ત્રાસલા તા. ભરૂચ | ૧ |
| ૧૫ | દાહોદ | દાહોદ | ૧ |
| ૧૬ | પંચમહાલ | શહેરા | |
| ૧૭ | અમરેલી | અમરેલી | ૧ |
| | કુલ :- | | ૨૨ |

(બ) ગ્રાન્ટ ન મેળવતા વૃધ્ધાશ્રમોની વિગત :-

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વૃધ્ધાશ્રમની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | વઢવાણ | ૧ |
| ૨ | મહેસાણા | કડી | ૧ |
| ૩ | જુનાગઢ | જુનાગઢ | ૧ |
| ૪ | સુરત | ચોર્યાસી | ૧ |
| | **કુલ :-** | | ૪ |
| | **એકંદરે કુલ (અ+ બ)** | | ૨૬ |

(૨) સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રસ્ટ સંચાલીત વૃધ્ધાશ્રમોમાં દર વર્ષે વૃધ્ધ દીઠ માસિક રૂા. ૬૦૦/-લેખે ભોજન ખર્ચ અને માન્ય ખર્ચના ૯૦ ટકા લેખે વાર્ષિક કન્ટીજન્સી ખર્ચ ગ્રાન્ટ ઈન એઈડ કોડની જોગવાઈ મુજબ ફાળવવામાં આવે છે.

(૩) વૃધ્ધાશ્રમોમાં પુરૂષોની સંખ્યા ૮૩૩ અને મહિલાઓની ૫૩૫ છે. છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના વૃધ્ધાશ્રમોમાં અધિકારીઓએ મુલાકાત લીધી છે.

| અ.નં. | સંસ્થાનું નામ | અધિકારીશ્રીનું નામ, હોદ્દો | લીધલ મુલાકાતની તારીખ |
|---|---|---|---|

| અ.નં. | સંસ્થાનું નામ | અધિકારીશ્રીનું નામ, હોદ્દો | લીધેલ મુલાકાતની તારીખ |
|---|---|---|---|
| ૧ | વાનપ્રસ્થ સેવા સમાજ સંચાલિત ઘરડાનું ઘર, જીવન સંધ્યા, અંકુર બસ સ્ટેશન પાસે, ક્લ્પતરૂ ભાગ-૧, ૨ પાસે, નારણપુરા, અમદાવાદ. | ૧. શ્રી સી. પી. જોષી જિ.સ.સુ. અધિકારીશ્રી, અમદાવાદ<br>૨. શ્રી છીપાભાઈ નિરીક્ષકશ્રી, અમદાવાદ | તા. ૫-૫-૦૮<br>તા. ૨૬-૩-૦૯ |
| ૨ | વિકાસ ગૃહ સંચા. શ્રીમતી મણીબેન ત્રિભોવનદાસ માતૃગૃહ, આનંદનગર, ચંદ્રનગર સોસાયટી, પાલડી, અમદાવાદ | ૧. શ્રી સી. પી. જોષી જિ.સ.સુ. અધિકારીશ્રી, અમદાવાદ | તા. ૨૯-૫-૦૮ |
| ૩ | શ્રી એમ. પી. શાહ મ્યુ. વૃધ્ધાશ્રમ, એરોડ્રામ, ખોડીયાર કોલોની પાસે, જામનગર | શ્રી એમ. એન. બલાત, જિ.સ.સુ. અધિકારીશ્રી, જામનગર | તા. ૨૮-૪-૦૮<br>તા. ૨૭-૯-૦૮<br>તા. ૩૦-૯-૦૮<br>તા. ૭-૩-૦૯ |
| ૪ | આણદાબાવા સેવા સંસ્થા ટ્રસ્ટ સંચા, મહિલા વૃધ્ધાશ્રમ લીમડા લેન, આણંદ રોડ, જામનગર | શ્રી એમ. એન. બલાત, જિ.સ.સુ. અધિકારીશ્રી, જામનગર | તા. ૨૮-૪-૦૮<br>તા. ૩૦-૯-૦૮ |
| ૫ | શ્રમ મંદિર ટ્રસ્ટ સંચા. રક્તપિત્ત અશક્તાશ્રમ, મુ. સિધરોડ, જી. વડોદરા | શ્રી આઈ.બી. ચોધરી, જિ.સ.સુ. અધિકારીશ્રી, જામનગર | તા. ૨૭-૮-૦૮<br>તા. ૩૦-૧-૦૯ |
| ૬ | સિંધુ સેવક સંઘ વડોદરા સંચાલિત વૃધ્ધાશ્રમ, સ્વામી પ્રેમદાસ ભવન, ફતેહપુરા, વડોદરા | જિ.સ.સુ. અધિકારીશ્રી, વડોદરા | તા. ૧૯-૯-૦૮ |
| ૭ | શ્રી કાઠીયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ રાજકોટ સંચા. વૃધ્ધાશ્રમ, શોભેશ્વર રોડ, મોરબી-૩૬૩૬૪૨ | કુ. એમ. બી. ભાવસાર. જિ.સ.સુ. અધિકારીશ્રી, રાજકોટ.<br>શ્રી પી. બી. પટેલ, નિરીક્ષક. | તા. ૧૬-૭-૦૮<br>તા. ૧-૧૦-૦૮ |
| ૮ | અંધ, અપંગ વૃધાશ્રમ, ક્રોસમોપ્લસ સીનેમાની બાજુમાં, કાલાવાડ મેઇન રોડ, રાજકોટ- ૩૬૦૦૦૫ | જિ.સુ.સ. અધિકારીશ્રી, રાજકોટ | તા. ૧૨-૬-૦૮ |
| ૯ | નવચેતન અંધજન મંડળ સંચાલિત પ્રવિણચંદ્ર શીવજી શાહ પ્રજ્ઞાચક્ષુ વૃધાશ્રમ , ભચાઉ ક્ચ્છ. | જિ.સ.સુ. અધિકારીશ્રી, ભૂજ | તા.૬-૫-૦૮<br>તા.૮-૧૦-૦૮<br>તા.૧૪-૩-૦૯ |
| ૧૦ | નવચેતન અંધજન મંડળ સંચાલિત વૃધાશ્રમ, ભચાઉ, ક્ચ્છ. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, ક્ચ્છ-ભૂજ | તા.૬-૫-૦૮<br>તા.૮-૦૧-૦૮<br>તા.૧૪-૩-૦૯ |
| ૧૧ | શ્રી કિરચંદભાઇ કોઠારી, વાનપ્રસ્થાનશ્રમ બ્રોડગેજ સ્ટેશન પાસે, કસ્તુરબા સાસાયટી પાસે, સુરેન્દ્રનગર-૩૬૦૦૧ | શ્રી ભટ્ટ, સમાજ સુરક્ષા અધિકારીશ્રી, સુરેન્દ્રનગર | તા.૨૬-૨-૦૯ |
| ૧૨ | વૃધ્ધ નિકેતન નરસિંહ મહેતાના ચોરા પાસે, જુનાગઢ | શ્રી.વાજા, જિ.સ.સુ. અધિકારીશ્રી, જુનાગઢ | તા.૨૯-૧૦-૦૮<br>તા.૧૭-૧૨-૦૮<br>તા.૧૬-૩-૦૯ |
| ૧૩ | ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ, રાજપીપળા સંચાલિત વૃધાશ્રમ, મોટા પીપરીયા, તા. રાજપીપળા, જી. નર્મદા. | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, રાજપીપળા,<br>નિયામકશ્રી, સ.સુ.ખા. ગાંધીનગર. | તા.૫-૧૧-૦૮<br>તા.૨૦-૧૨-૦૮ |
| ૧૪ | શેઠ દલીચંદ્ર શ્રોફ અશક્તાશ્રમ, રામપુર, સુરત | શ્રી એમ. ડી. રાવોલ, નિરીક્ષકશ્રી, જિ. સ. સુ. અધિકારીશ્રીની કચેરી | તા.૨૯-૧૧-૦૮ |
| ૧૫ | ભાવનગર વૃધાશ્રમ ટ્રસ્ટ, ઘોઘા સર્કલ, ટીવી. રીલે કેન્દ્ર પાસે, કૃષ્ણનગર અમદાવાદ. | નિયામકશ્રી, સ.સુ.ખા.ગુ.રા. જિ.સ.સુ.અ. ભાવનગર | તા.૧-૧૦-૦૮ |
| ૧૬ | સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ સંચાલિત અશક્તાશ્રમ, વૃધ્ધશ્રમ રાજેન્દ્રનગર, તા. હિંમતનગર, જી.સાબરકાંઠા | શ્રી ભાસ્કરભાઇ મહેતા વિક્લાંગો વ્યક્તિઓના કમિશ્નરશ્રી | તા.૩-૯-૦૮ |
| ૧૭ | સર્વોદય સેવા ટ્રસ્ટ સંચાલિત વિસામો વૃધાશ્રમ, માનવ મંદિર, અંબાજી રોડ, વડનગર, જી.મહેસાણા | શ્રી વિક્રમસિંહ પરમાર જિ.સ.સુ. અધિકારીશ્રી મહેસાણા | તા.૩૧-૫-૦૮<br>તા.૧૮-૨-૦૯ |
| ૧૮ | જ્યોતિન્દ્ર જીવન સંધ્યા, શ્રી પાલનપુર હિન્દુ સમાજ વડીલ વિશ્રાંત ભવન, આર.ટી.ઓ. ચેક પોસ્ટ સામે, આબુરોડ હાઇવે, પાલનપુર, જી.બનાસકાંઠા. | શ્રી સી. એન. સોલંકી જિ.સ.સુ. અધિકારીશ્રી પાલનપુર | તા.૧-૧૦-૦૮<br>તા.૨૬-૧-૦૯ |
| ૧૯ | શાંતિ એક્તા ચેરીટેબલ ટ્રસ્ટ, ૫૧૬૯, સોનીવાડ, દાહોદ | જિ.સ.સુ. અધિકારીશ્રી, દાહોદ | તા.૧-૫-૦૮ |
| ૨૦ | અસ્મીતા વિકાસ કેન્દ્ર, નબીપુર, દયાદરા રોડ, મુ.ત્રાસલા, જી.ભરૂચ | - | - |
| ૨૧ | સિધ્ધી સાર્વજનિક મનદર્પણ, નાડા રોડ, શહેર જી.પંચમહાલ | જિ.સ.સુ. અધિકારીશ્રી, ગોધરા | તા.૧૭-૨-૦૯ |
| ૨૨ | અમરેલી જિલ્લા અંધજન પ્રગતિમંડળ, ચિત્તલરોડ, દત્ત મંદિર પાસે, અમરેલી | જિ.સ.સુ. અધિકારીશ્રી,<br>શ્રી સી.બી. પંડ્યા, નાયબ નિયામકશ્રી, સ.સુ.ખા. ગાંધીનગર | તા.૧૫-૪-૦૮<br>તા.૧૯-૪-૦૮ |

----------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ યોજના અન્વયે ચૂકવેલ સહાય

અતારાંક્તિ : ૧૪૩૯ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભારત સરકારની રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય આવી, અને

(૨) આ મળેલ સહાય પેકી ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને તેની સામે કેટલાને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) ભારત સરકારની રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના હેઠળ સને, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબની સહાયની ગ્રાન્ટ મળેલ છે.

| ક્રમ | વર્ષ | ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૭૬૩.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૭૭૦.૦૦ |

(૨) ભરૂચ અને નર્મદા જીલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે તેમજ સહાય ચૂકવવામાં આવેલ છે.

રૂા.લાખમાં

| જીલ્લા નું નામ | ક્ર. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | સહાય ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|---|---|
| **ભરૂચ** | ૧ | ભરૂચ | ૧૭૭ | ૧૦૭ | ૧૦.૭૦ |
| | ૨ | જંબુસર | ૭૯ | ૪૦ | ૪.૦૦ |
| | ૩ | આમોદ | ૧૨ | ૧૧ | ૧.૧૦ |
| | ૪ | અંક્લેશ્વર | ૨૮ | ૭ | ૦.૭૦ |
| | ૫ | વાગરા | ૯ | ૩ | ૦.૩૦ |
| | ૬ | હાંસોટ | ૪ | ૦ | ૦.૦૦ |
| | ૭ | ઝઘડીયા | ૪૮ | ૧૫ | ૧.૫૦ |
| | ૮ | વાલીયા | ૨ | ૦ | ૦.૦૦ |
| | | **કુલ** | **૩૫૯** | **૧૮૩** | **૧૮.૩૦** |
| | | | | | |
| **નર્મદા** | ૧ | નાદોદ | ૩૦૬ | ૧૬૨ | ૧૬.૨૦ |
| | ૨ | દેડીયાપાડા | ૪૧ | ૨૯ | ૨.૯૦ |
| | ૩ | સાગબારા | ૧૧ | ૧ | ૦.૧૦ |
| | ૪ | તિલક્વાડા | ૫૮ | ૧૬ | ૧.૬૦ |
| | | **કુલ** | **૪૧૬** | **૨૦૮** | **૨૦.૮૦** |
| | | | | | |
| **કુલ બંન્ને જીલ્લાનો સરવાળો** | | | **૭૭૫** | **૩૯૧** | **૩૯.૧૦** |

---------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં માનવ ગરીમા યોજનાની પડતર અરજીઓ

અતારાંક્તિ : ૧૪૪૧ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૦૩-૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂક્વાઇ, કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૬-૨૦૦૯) :

(૧) તા.૩૧-૦૩-૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| જિલ્લાનું નામ | અનુસૂચિત જાતિ | વિક્સતી જાતિ |
|---|---|---|
| ભરૂચ | ૨૪૦ | ૨૯૦ |
| નર્મદા | ૬૦ | ૧૦૩ |

(૨) તે પેકી મંજૂર કરીને સહાય ચૂક્વાઇ અને નામંજૂર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | અનુસૂચિત જાતિ | | | વિક્સતી જાતિ | | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | કુલ | મંજૂર | નામંજૂર | કુલ |
| ભરૂચ | ૧૨૮ | ૧૧૨ | ૨૪૦ | ૨૪૩ | ૩૫ | ૨૭૮ |
| નર્મદા | ૨૪ | ૩૬ | ૬૦ | ૫૧ | ૫૨ | ૧૦૩ |

(૩) ભરૂચ જિલ્લામાં વિક્સતી જાતિની ૧૨ લાભાર્થીઓની અરજીઓ પડતર છે.

---------

## રાજ્યમાં માનવ ગરીમા યોજના અંતર્ગત અપંગ સાધન સહાયમાં જોગવાઇ

અતારાંક્તિ : ૧૪૪૨ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૦૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માનવ ગરીમા યોજના અંતર્ગત અપંગ સાધન સહાય માટે બજેટમાં કેટલી જોગવાઇ કરવામાં આવી હતી,

(૨) તે પેકી કેટલી રકમના ક્યા ક્યા પ્રકારના સાધનો કોની પાસેથી ખરીદ કરવામાં આવ્યા,

(૩) ખરીદ કરવામાં આવેલા સાધનો આઇ.એસ.આઇ. માર્કાના હતા કે કેમ, અને

(૪) જો હા, તો તેની ખરાઇ કોને કરી હતી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૬-૨૦૦૯) :

(૧) તા.૩૧-૦૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માનવ ગરીમા યોજના અંતર્ગત અપંગ સાધન સહાય માટે બજેટમાં કોઇ અલગ જોગવાઇ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં જિલ્લાવાર રાષ્ટ્રીય કુટુંબ યોજનાના લાભાર્થીઓ

અતારાંક્તિ : ૧૬૨૪ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) આ પેકી યોજના હેઠળ જીલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને કેટલા બાકી છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નીચે મુજબની માહિતી છે.

| અ.ન. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૩૦૩ |
| ૨ | અમરેલી | ૩૮૭ |
| ૩ | આણંદ | ૭૩૭ |
| ૪ | બનાસકાંઠા | ૪૪૮ |
| ૫ | ભાવનગર | ૯૫૦ |
| ૬ | ભરૂચ | ૩૫૧ |
| ૭ | ઝાહોદ | ૩૪૮ |

| અ.ન. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૮ | આહવા-ડાંગ | ૨ |
| ૯ | ગાંધીનગર | ૨૨૩ |
| ૧૦ | જામનગર | ૧૧૨૨ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૨૨ |
| ૧૨ | ખેડા-નડીયાદ | ૧૩૪૨ |
| ૧૩ | કચ્છ | ૬૦૫ |
| ૧૪ | મહેસાણા | ૭૦૧ |
| ૧૫ | નર્મદા | ૩૫૩ |
| ૧૬ | નવસારી | ૬૧૦૭ |
| ૧૭ | પંચમહાલ | ૬૬૨ |
| ૧૮ | પાટણ | ૯૬૨ |
| ૧૯ | પોરબંદર | ૨૩૦ |
| ૨૦ | રાજકોટ | ૭૩૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૧૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૩૮ |
| ૨૩ | સુરત | ૧૫૧૫ |
| ૨૪ | વડોદરા | ૨૨૫૭ |
| ૨૫ | વલસાડ | ૯૪૭ |
| ૨૬ | તાપી | ૮૫ |
| | **કુલ :** | **૨૭૩૩૭** |

(૨) તે પેકી આ યોજના હેઠળ જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. અને ૩૮૦૯ અરજીઓ ચકાસણી હેઠળ બાકી છે.

| અ.ન. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૨૪૫ |
| ૨ | અમરેલી | ૨૦૨ |
| ૩ | આણંદ | ૪૧૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૩ |
| ૫ | ભાવનગર | ૬૦૧ |
| ૬ | ભરૂચ | ૧૮૪ |
| ૭ | દાહોદ | ૧૫૧ |
| ૮ | આહવા-ડાંગ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧૦૨ |
| ૧૦ | જામનગર | ૪૭૨ |
| ૧૧ | જુનાગઢ | ૩૯૪ |
| ૧૨ | ખેડા-નડીયાદ | ૮૦૪ |
| ૧૩ | કચ્છ | ૨૧૮ |
| ૧૪ | મહેસાણા | ૪૫૯ |
| ૧૫ | નર્મદા | ૧૩૭ |
| ૧૬ | નવસારી | ૪૨૮૪ |
| ૧૭ | પંચમહાલ | ૫૦૧ |
| ૧૮ | પાટણ | ૪૭૫ |
| ૧૯ | પોરબંદર | ૮૫ |
| ૨૦ | રાજકોટ | ૨૧૨ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૩૩ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૫૬ |
| ૨૩ | સુરત | ૧૦૨૫ |

| | | |
|---|---|---|
| ૨૪ | વડોદરા | ૧૭૬૧ |
| ૨૫ | વલસાડ | ૬૬૩ |
| ૨૬ | તાપી | ૬૦ |
| | **કુલ :** | **૧૭૧૧૦** |

--------------

**રાજ્યમાં જિલ્લાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ**

અતારાંક્તિ : ૧૬૬૪(૬-૬-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) આ પૈકી યોજના હેઠળ જીલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને કેટલા બાકી છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૬-૦૯) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નીચે મુજબની માહિતી છે.

| અ.ન. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૩૦૩ |
| ૨ | અમરેલી | ૩૮૭ |
| ૩ | આણંદ | ૭૩૭ |
| ૪ | બનાસકાંઠા | ૪૪૮ |
| ૫ | ભાવનગર | ૯૫૦ |
| ૬ | ભરૂચ | ૩૫૧ |
| ૭ | દાહોદ | ૩૪૮ |
| ૮ | આહવા-ડાંગ | ૨ |
| ૯ | ગાંધીનગર | ૨૨૩ |
| ૧૦ | જામનગર | ૧૧૨૨ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૨૨ |
| ૧૨ | ખેડા-નડીયાદ | ૧૩૪૨ |
| ૧૩ | કચ્છ | ૬૦૫ |
| ૧૪ | મહેસાણા | ૭૦૧ |
| ૧૫ | નર્મદા | ૩૫૩ |
| ૧૬ | નવસારી | ૬૧૦૭ |
| ૧૭ | પંચમહાલ | ૬૬૨ |
| ૧૮ | પાટણ | ૯૬૨ |
| ૧૯ | પોરબંદર | ૨૩૦ |
| ૨૦ | રાજકોટ | ૭૩૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૧૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૩૮ |
| ૨૩ | સુરત | ૧૫૧૫ |
| ૨૪ | વડોદરા | ૨૨૫૭ |
| ૨૫ | વલસાડ | ૯૪૭ |
| ૨૬ | તાપી | ૮૫ |
| | **કુલ :** | **૨૭૩૩૭** |

(૨) તે પૈકી આ યોજના હેઠળ જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. અને ૩૮૦૯ અરજીઓ ચકાસણી હેઠળ બાકી છે.

| અ.ન. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૨૪૫ |

| અ.ન. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૨ | અમરેલી | ૨૦૨ |
| ૩ | આણંદ | ૪૧૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૩ |
| ૫ | ભાવનગર | ૬૦૧ |
| ૬ | ભરૂચ | ૧૮૪ |
| ૭ | દાહોદ | ૧૫૧ |
| ૮ | આહવા-ડાંગ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧૦૨ |
| ૧૦ | જામનગર | ૪૭૨ |
| ૧૧ | જુનાગઢ | ૩૯૪ |
| ૧૨ | ખેડા-નડીયાદ | ૮૦૪ |
| ૧૩ | કચ્છ | ૨૧૮ |
| ૧૪ | મહેસાણા | ૪૫૯ |
| ૧૫ | નર્મદા | ૧૩૭ |
| ૧૬ | નવસારી | ૪૨૮૪ |
| ૧૭ | પંચમહાલ | ૫૦૧ |
| ૧૮ | પાટણ | ૪૭૫ |
| ૧૯ | પોરબંદર | ૮૫ |
| ૨૦ | રાજકોટ | ૨૧૨ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૩૩ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૫૬ |
| ૨૩ | સુરત | ૧૦૨૫ |
| ૨૪ | વડોદરા | ૧૭૬૧ |
| ૨૫ | વલસાડ | ૬૬૩ |
| ૨૬ | તાપી | ૬૦ |
|  | **કુલ :** | **૧૭૧૧૦** |

--------------

**રાજ્યમાં મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન માટે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિત : ૧૪૨૯ (૨૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં રાજ્યમાં તાલુકા કક્ષાએ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા કેન્દ્રો છે, કઈ સંસ્થા સંચાલિત છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઈ કઈ બાબત માટે આપવામાં આવી છે, અને

(૪) કેટલી આપવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૬-૦૯) :

(૧) હા, જી.

(૨) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના કેન્દ્રો છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંચાલિત સંસ્થાનું નામ |
|---|---|---|
| ૧ | ભરૂચ | શ્રી ભરુચ જિલ્લા મહિલા કેળવણી મંડળ (જીલ્લાકેન્દ્ર) |
| ૨ | અંકલેશ્વર | શ્રી ભરુચ જિલ્લા મહિલા કેળવણી મંડળ |

| ક્રમ | તાલુકાનું નામ | સંચાલિત સંસ્થાનું નામ |
|---|---|---|
| ૩ | વાગરા | ગુજરાત રોજગાર માર્ગદર્શક શિક્ષણ સમિતિ |
| ૪ | આમોદ | માધવી સાર્વજનિક ટ્રસ્ટ |
| ૫ | હાંસોટ | સિધ્ધિ સાર્વજનિક ટ્રસ્ટ |

નર્મદા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના કેન્દ્રો છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંચાલિત સંસ્થાનું નામ |
|---|---|---|
| ૧ | રાજપીપળા | અખિલ હિંદ મહિલા પરિષદ (જીલ્લા કેન્દ્ર) |
| ૨ | દેડીયાપાડા | સત્યમ એજ્યુકેશન ટ્રસ્ટ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કર્મચારીના પગાર, તાલીમ, શિબિર, આઈ.ઈ.સી. પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે કેન્દ્રવાર ચુકવવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કેન્દ્રનું નામ | ૦૭-૦૮ દરમ્યાન ચુકવેલ ગ્રાન્ટ | ૦૮-૦૯ દરમ્યાન ચુકવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | શ્રી ભરુચ જિલ્લા મહિલા કેળવણી મંડળ (જીલ્લાકેન્દ્ર) | ૬૬૯૧૬ | ૯૪૮૪૩ |
| ૨ | શ્રી ભરુચ જિલ્લા મહિલા કેળવણી મંડળ | ૬૬૩૯૪ | ૫૦૭૫૦ |
| ૩ | ગુજરાત રોજગાર માર્ગદર્શક શિક્ષણ સમિતિ | ૫૩૪૬૯ | ૧૨૪૬૮૮ |
| ૪ | માધવી ગ્રામોદ્યોગ મંડળી | ૫૨૨૦૯ | ૧૨૧૫૦૦ |
| ૫ | સિધ્ધિ સાર્વજનિક ટ્રસ્ટ (હાંસોટ) | -- | -- |

નર્મદા જિલ્લો

| ક્રમ | કેન્દ્રનું નામ | ૦૭-૦૮ દરમ્યાન ચુકવેલ ગ્રાન્ટ | ૦૮-૦૯ દરમ્યાન ચુકવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | અખિલ હિંદ મહિલા પરિષદ, રાજપીંપળા | ૮૭૫૧૩ | ૧૨૨૨૨૭ |
| ૨ | સત્યમ એજ્યુકેશન ટ્રસ્ટ | ૧૩૧૫૯ | ૧૨૩૨૫૦ |

(૪) ઉપરોક્ત વર્ષ માટે કોઈ ગ્રાન્ટ આપવાની બાકી રહેતી નથી.

**નોંધ :--હાંસોટ તાલુકામાં તાજેતરમાં નવું કેન્દ્ર ફાળવેલ છે.**

--------------

**રાજ્યમાં મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન માટે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૧૬૩૭ (૭-૫-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં તાલુકા કક્ષાએ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા તો દાહોદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા કેન્દ્રો છે, અને કઈ કઈ સંસ્થા સંચાલિત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઈ કઈ બાબત માટે આપવામાં આવી છે, અને કેટલી ગ્રાન્ટ આપવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૬-૦૯) :

(૧) હા, જી.

(૩) દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના કેન્દ્રો છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંચાલિત સંસ્થાનું નામ |
|---|---|---|
| ૧ | દાહોદ | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન (જીલ્લા કેન્દ્ર) |
| ૨ | ઝાલોદ | ગુરૂકૃપા સેવા સંઘ |
| ૩ | ગરબાડા | સંસ્કાર એજ્યુ. ટ્રસ્ટ |
| ૪ | દેવગઢ બારીયા | સમન્વય રીસોર્સ સેન્ટર |
| ૫ | લીમખેડા | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન |
| ૬ | ફતેપુરા | ગુ. રા. રચનાત્મક કાર્યકર સંઘ |
| ૭ | ધાનપુર | ઉત્તર વિભાગ બામરોલી વોટર શેડ ડેવ. પ્રોજેક્ટ (શહેરા) |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કર્મચારીના પગાર, તાલીમ, શિબિર, આઈ.ઈ.સી. પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે કેન્દ્રવાર ચુકવવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે. નીચે દર્શાવેલ વર્ષ માટે કોઈ ગ્રાન્ટ આપવાની બાકી રહેતી નથી.

| ક્રમ | કેન્દ્રનું નામ | ૦૬-૦૭ દરમ્યાન ચુકવેલ ગ્રાન્ટ | ૦૭-૦૮ દરમ્યાન ચુકવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન (જીલ્લા કેન્દ્ર) | ૧૬૮૫૨૦ | ૧૯૦૪૩૦ |
| ૨ | ગુરૂકૃપા સેવા સંઘ | ૯૩૩૪૧ | -- |
| ૩ | સંસ્કાર એજ્યુ. ટ્રસ્ટ | ૫૪૪૯૦ | ૮૩૪૯૧ |
| ૪ | સમન્વય રીસોર્સ સેન્ટર | ૪૯૩૦૨ | ૮૬૦૯૨ |
| ૫ | પ્રેસમેન વિવિધલક્ષી વિકાસ સંગઠન | ૫૬૭૫૧ | ૧૨૨૬૨૫ |
| ૬ | ગુ. રા. રચનાત્મક કાર્યકર સંઘ | ૭૮૬૦૧ | -- |
| ૭ | ઉત્તર વિભાગ બામરોલી વોટર શેડ ડેવ. પ્રોજેક્ટ (શહેરા) | ૫૪૯૯૫ | ૫૯૨૨૮ |

**નોંધ :--** (૧) ગુરુકૃપા સેવા સંઘ ઝાલોદના હિસાબોનું સને ૨૦૦૭-૦૮નું ઓડિટ કરતા રૂા. ૧,૧૭,૮૨૫ વસુલ લેવાના હોવાથી વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૫૩,૨૫૦ ચુકવવાપાત્ર ગ્રાન્ટ વસુલ લીધેલ છે. બાકી નિકળતી રકમ રૂા. ૬૪,૫૭૫ ભવિષ્યમાં ચુકવવાપાત્ર ગ્રાન્ટમાંથી વસુલ કરવાની રહે છે.

(૨) ગુજરાત રાજ્ય રચનાત્મક કાર્યકર સંઘ ફતેપુરાનું વર્ષ ૨૦૦૭-૦૮નું ઓડીટ કરતા રૂા. ૧,૧૩,૨૨૫ વસુલ લેવાના હોવાથી વર્ષ ૨૦૦૮-૦૯ ના રૂા. ૬૮૦૦ ચુકવવાપાત્ર ગ્રાન્ટ વસુલ લીધેલ છે. બાકી નિકળતી રકમ રૂા. ૧,૦૬,૪૨૫ ભવિષ્યમાં ચુકવવાપાત્ર ગ્રાન્ટમાંથી વસુલ કરવાની રહે છે.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૩૭૫, ૧૪૨૨, ૧૫૧૮ | ૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૩૬૯, ૧૩૭૧, ૧૩૭૨, ૧૩૯૬, ૧૫૪૫ | ૫ |
| ૩ | નાણા વિભાગ | ૧૪૩૪,૧૬૬૨ | ૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૬૩૪ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૩૮૯, ૧૪૫૯, ૧૪૬૩, ૧૪૬૬, ૧૪૬૭, ૧૬૧૪, ૧૬૧૬, ૧૬૧૯, ૧૬૫૫, ૧૬૫૬, ૧૬૬૦. | ૧૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૪૯૩, ૧૪૯૪ | ૨ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૪૮૬, ૧૪૮૭ | ૨ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૪૧૧ | ૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૩૫૯, ૧૪૧૩, ૧૪૪૯, ૧૫૧૦, ૧૬૦૫, ૧૬૪૮, ૧૬૪૯, ૧૬૫૦ | ૮ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૬૨૫, ૧૬૩૧ | ૨ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૧૫૨૮ | ૧ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૧૩૬૪, ૧૪૭૬, ૧૫૨૩, ૧૫૨૪ | ૪ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૪૩૮, ૧૪૩૯, ૧૪૪૧, ૧૪૪૨, ૧૬૨૪, ૧૬૬૪ | ૬ |
| ૧૪ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૪૨૯, ૧૬૩૭ | ૨ |
| | | કુલ :-- | ૫૦ |

---------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે મૃત્યુ પામનારના પરિવારજનોને સહાય ચૂકવવા તથા ધોવાયેલ નાળાની મરામત કરવા અંગે

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં સૌરાષ્ટ્રમાં થયેલ ભારે વરસાદને કારણે મહુવા તાલુકાના મહુવાથી ગઢડા જવાના રસ્તા પરનું ક્ષાર નિયંત્રણ વિભાગ (જળસંપત્તિ) હસ્તકનું એક નાળું ધોવાઈ જવાથી અને અન્ય વૈકલ્પિક રસ્તો પણ ન હોવાથી મહુવા સાથેનો વાહન વ્યવહાર સદંતર કપાઈ જવાથી એક પ્રસૂતા અને એક સર્પદંશના કેસ સહિત ત્રણ વ્યકિતઓને તબીબી સારવાર ન મળવાથી મૃત્યુ થતાં આ સમગ્ર વિસ્તારની પ્રજામાં ફેલાયેલ ચિંતા અને રોષની લાગણી દૂર કરવા, મૃતકોના પરિવારજનોને જરૂરી નાણાકીય સહાય ચૂકવવા અને નાળા તથા વૈકલ્પિક રસ્તાની યોગ્ય મરામત કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉના-ભાવનગર દરિયાઈ પટ્ટીમાં ક્ષાર નિયંત્રણ યોજના તરીકે માલણ બંધારા યોજનાની વહીવટી મંજૂરી સરકારશ્રી દ્વારા જાન્યુઆરી, ૨૦૦૧માં રૂપિયા ૨૪૮૪.૩૫૮ લાખની આપવામાં આવેલ છે. આ યોજનાના છલતી બંધ, માટીબંધ તથા ડુબમાં જતા રસ્તાને બદલે નવા રસ્તા બનાવવા તથા રસ્તા ઉંચા લેવા અને તેમાં આવતા નાળા-પુલીયાના કામો રૂા. ૧૧૪૯.૬૯ લાખના કામ મે ૨૦૦૪માં મંજૂર કરવામાં આવેલ, માલણ બંધારા યોજનાના સમાવિષ્ટ કામો પૈકી ભૌતિક રીતે ૮૯ ટકા કામ પૂર્ણ થયેલ છે. માટીબંધનું નીચવાસનું પીચીંગ આશરે ૩.૦ કિ.મી.માં અને ૮૮ મી.માં વેસ્ટવીયરનું ૨૦૦ ઘ.મી. કોંક્રીટ કામ મહદ અંશે બાકી છે.

આ બંધારા યોજનામાં ખરેડ, ગઢડા ગામને મહુવા સાથે જોડતો ગ્રામ્ય માર્ગનો અમુક ભાગ ડુબમાં જવાથી હયાત પથરેખાની આશરે ૧ કિ.મી.ની ઉપરવાસમાં મહુવાથી ખરેડ ગામ પૈકી ૩.૭ કી.મી. નવો અને ખરેડથી ગઢડા સુધીનો આશરે ૧.૪૦ કી.મી. હયાત રસ્તાને ઉંચો લેવો તથા નાલા પુલીયા મૂકવાનું કામ વર્ષ ૨૦૦૭-૦૮માં પૂર્ણ કરવામાં આવેલ છે.

૧૫મી જુલાઈ ૨૦૦૯ના દિવસે ગરાસવા નદીના કેચમેન્ટમાં ટૂંકા સમયમાં ભારે વરસાદને કારણે નદીના પૂર બંને કાંઠા પર ફેલાતા મહુવા ખરેડ રસ્તાની સાં. ૧૫૬૦ મી. થી ૨૧૦૦ મી. સુધી પાણી રસ્તા પરથી ઓવર ટોપીંગ થયેલ. આ સમયે રસ્તાની સાં. ૨૦૭૫ મી. નજીક આશરે ૫ મીટરની લંબાઈમાં રાત્રે ૯-૦૦ વાગે ધોવાણથી ભંગાણ પડતાં અવર-જવર માટે બંધ થયેલ. જે તા. ૧૬ જુલાઈના સવારમાં ૧૦-૦૦ વાગ્યા સુધીમાં રીપેર કરી વાહનવ્યવહાર માટે ચાલુ કરવામાં આવેલ. તા. ૧૭મી જુલાઈના રોજ ફરીવાર ગરાસવા નદી પરના કેચમેન્ટમાં વરસાદ થવાથી રીપેર કરેલ જગ્યાએ જ રાતના ધોવાણ થતાં રસ્તો વાહન વ્યવહાર માટે બંધ થયેલ, જે તા. ૧૮ મી જુલાઈના રોજ સવારના ૯-૦૦ વાગ્યે રીપેર કરીને વાહન વ્યવહાર માટે ચાલુ કરવામાં આવેલ છે. નાળા -પુલીયાનું ધોવાણ થયેલ નથી. રસ્તાનાં માટીકામનું ધોવાણ થયેલ છે. માલણ બંધારાના ડુબમાં ગયેલ હયાત મહુવાથી ખરેડ- ગઢડા રોડ પણ ચોમાસા દરમિયાન અવારનવાર બંધ રહેતો હતો.

ગઢડા ગામના ગ્રામજનોને ગઢડાથી મહુવા જવા માટે મહુવા બંદરથી માલણ બંધારાના જમણી બાજુના માટી બંધ ઉપર થઈને મહુવા આવવા જવા માટે વૈકલ્પિક વ્યવસ્થા હયાત છે. જે ચોમાસાના સમયે ટ્રેક્ટર જેવા વાહનો દ્વારા જ અવરજવર માટે ઉપયોગી છે.

યોજનામાં ડુબમાં ગયેલ રસ્તાને સમકક્ષ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ હોઈ, વળતર ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નાળુ ધોવાયું એમ લખાયું છે, પણ નાળાની બાજુની માટી ધોવાઈ અને નદી નાળાની બાજુમાંથી બની ગઈ, આ નાળુ છે એ પાઈપ કન્વર્ટ છે અને ત્યાં પાણીનો જબરજસ્ત પ્રવાહ આવતો હોવાને લીધે, આ બે વર્ષ અગાઉ પણ એકવાર આ નાળુ તૂટી ગયું હતું, અને ત્યારે પણ એને ફરીથી પાછું બીજા વધારાનું પાઈપ કન્વર્ટ જોડીને કરવામાં આવ્યું હતું, પણ પાણીનો એટલો જથ્થો આવે છે કે, આ વખતે ફરીથી પણ એ ધોવાયું, અને એ વખતે માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૪ તારીખની ઘટના બનેલી છે, આમાં પણ કંઈક માહિતીદોષના કારણે ૧૫ તારીખ છે પણ ૧૪ તારીખને મંગળવારેખૂબ વરસાદને કારણે પુર આવેલું હતું ત્યારે રાત્રીના જે પ્રસૂતા બહેનને લાવવામાં આવતા હતા, એ આવી ન શક્યા અને એનું મૃત્યુ થયું, અને પછીના દિવસે બુધવારે એટલે કે પંદર તારીખ આખો દિવસ એ રિપેર કર્યા વગરનું એ રહ્યું, અને ત્યારે એક સર્પદંશનો કેસ અને એક તાવનો કેસ, એ બંને પણ મહુવા સુધી પહોંચી ન શક્યા એટલે એના મૃત્યુ થયાં, અને પછી ૧૬ તારીખે આ રિપેરીંગ થયું, માટીકામ થયું, ટ્રેક્ટર અને જેસીબી દ્વારા અને પછી પાછો એ રસ્તો વાહનવ્યવહાર અને ચાલવા યોગ્ય બન્યો, પણ એ દરમિયાનમાં એક વૈકલ્પિક રસ્તો જે માલણના પાળા ઉપરથી

જાય છે ત્યાંથી પણ કોઈપણ વાહન ન ચાલી શકે એવો  એ દુર્ગમ રસ્તો છે, બે વર્ષ પહેલાં ક્ષાર નિયંત્રકની જ જીપમાં ક્ષાર નિવારણના એન્જિનીયરો સાથે હું જ્યારે સાથે હતો ત્યારે અમારે એ જીપ ત્યાંથી પાછી વાળવી પડેલી હતી, અને ધક્કા મારીને અમારે ખૂબ મુશ્કેલીથી એક કલાક સુધી એ નાળામાં રોકાઈ જવું પડ્યું હતું તો આ રસ્તાનું મેટલિંગ કામ જો થયું હોત તો પણ આ ત્રણ જીવ બચ્યા હોત, અને સારવાર ન મળવાથી આ મૃત્યુ થયા છે, તો માનવીય અભિગમ દર્શાવી એમને રાહત આપવા માટે અને નાણાકીય સહાય માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો. કનુભાઈ કલસરીયાએ જે આ જાહેર અગત્યની બાબત ઉપર ધ્યાન દોર્યુ છે, એમાં અમારા લેખિત જવાબમાં જ અમે બતાવ્યું છે  અને સભ્યશ્રીએ પણ પોતાની વાતમાં રજૂ કર્યુ કે ભારે વરસાદના કારણે નાળુ નહીં પણ નાળાની બાજુમાં માટીકામ ધોવાયેલું છે, અને એ રાત્રે ધોવાયું સવારે દશ વાગ્યા પહેલાં એની અંદર આ વિભાગે પુન:સ્થાપિત કરીને વાહન વ્યવહાર ચાલુ કરી દીધેલો છે, એ રાત્રે ફરી ભારે વરસાદ થતાં એ ધોવાણ ફરીથી ખુલી ગયું અને એ રસ્તો બંધ થયો.  એ કામ પણ અમે તાત્કાલિક બીજા દિવસે પૂરું કરી દીધું એટલે લગભગ રાતથી થોડા સમયના ભાગમાં આ માટી કામ ધોવાયેલું રહ્યું છે એ વાત સાચી છે, પરંતુ રસ્તો બિલકુલ બંધ થઈ ગયો છે એવું કયાંય પ્રસ્થાપિત થતું નથી. ગઢડા ગામથી મહુવા જવા માટે અન્ય એક વૈકલ્પિક રસ્તો પણ ઉપલબ્ધ છે ત્યાં બંધારો છે એ છેક દરિયા કિનારાને અડોઅડ છે. તો આ બંધારાના પાળા ઉપરથી પણ વાહન-વ્યવહાર ચલાવી શકાય છે અને આ વિસ્તાર એટલો બધો દરિયાની નજીક છે કે ત્યાં મહુવા વિસ્તારનું અને આજુબાજુના તમામ ગામોનું બધું પાણી આ કેચમેન્ટ એરિયામાંથી જ પસાર થાય છે એટલે ત્યાં કદાચ વધતું ઓછું નુકસાન થવાની શક્યતા રહેતી હોય છે પણ અમે એના માટે સાધનો મશીનરી એ બધું કાયમ ત્યાં ઉપલબ્ધ રાખીએ છીએ જેથી રીપેરીંગ કામ ભંગાણ થયું હોય તો પણ તાત્કાલિક કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય સભ્યશ્રીએ જે મૃત્યુની વાત કરી છે રસ્તો નહીં વાના કારણે મહુવા ન થઈ શક્યા અને સારવાર નહીં મળવાના કારણે મૃત્યુ થયું છે. તો એ બાબતમાં અમે કલેકટરશ્રીનો અને મામલતદારનો રિપૉર્ટ મંગાવ્યો છે, જિલ્લા આરોગ્ય અધિકારીનો પણ રિપૉર્ટ મંગાવ્યો છે. માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે જોગાનું જોગ એ ગામમાં બે મૃત્યુ થયા હતા, એક સર્પદંશના કારણે અને એક કૅન્સરના દર્દી હતા એટલે કેન્સરના કારણે એમનું અવસાન થયું છે. પણ આ વાહન-વ્યવહાર ચાલુ ન હતો એટલે સારવાર માટે ન આવી શક્યા એ વાત સાચી નથી. કારણ કે, આ ગામની પ્રાથમિક શાળામાં મહુવામાંથી શિક્ષકો અપડાઉન કરે છે એ શિક્ષકોનું પણ આપણે નિવેદન લીધું છે અને એમણે પણ કહ્યું છે કે આ રસ્તો ચાલુ હતો અને આ રસ્તા પરથી અમે અવર-જવર કરી છે અને આજ દિવસો દરમ્યાન ગામના ખેડૂતો શાકભાજી વેચવા માટે મહુવા ગયા છે અને મહુવાના શાકભાજી બજારના વેપારીના પણ અમે નિવેદન લીધા છે તો આ બંને તારીખોમાં આ રસ્તા ઉપરથી ગામના ખેડૂતો શાકભાજી વેચવા માટે મહુવામાં આવ્યા છે એટલે રસ્તો ચાલુ જ હતો પણ થોડી અગવડ હતી, ડાઈવરઝન જેવું હતું અને વરસાદ હતો, માટી કામ થયેલું હતું અને ચીકણું હતું એ બધું સાચું પણ રસ્તો બંધ થયો છે એવું નથી. મેં કલેકટરશ્રીનો પણ અહેવાલ મેળવ્યો છે એમાં કલેકટરશ્રીએ પણ સ્પષ્ટ રીતે ઉલ્લેખ કર્યો છે કે આ કોઈ કુદરતી આપત્તિના કારણે નહીં પણ સ્વાભાવિક પ્રમાણે અને સર્પદંશથી મૃત્યુ થયું છે, કૅન્સરથી મુત્યુ થયું છે એટલે કોઈ વળતર આપવાનું રહેતું નથી.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો બંધ હતો જેથી જઈ શકાયું નહીં એટલે મૃત્યુ થયું છે એ જો સાબિત થાય અને આમાં મેં મૃત્યુના દાખલા પણ આપ્યા છે. એમાં બિલકુલ હકીકત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે કહ્યું તેમ એમણે તપાસ કરાવી છે અને કલેકટશ્રીનો રિપૉર્ટ આવ્યો છે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઓ. કે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)

## કૃષિ અને સહકાર વિભાગ

### માગણી ક્રમાંક-૨

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૭,૦૯,૧૬,૪૨,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂા..૩૩,૩૩,૦૦૦/- ની માગણી ક્રમાંક-૨ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૨ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

### માગણી ક્રમાંક-૪

**શ્રી દિલીપ સંઘાણી ( પશુ પાલન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુ પાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૦૯,૩૭,૦૭,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૪ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

### માગણી ક્રમાંક-૫

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૯૮,૩૫,૮૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૪૧,૩૩,,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

### માગણી ક્રમાંક-૬

**શ્રી દિલીપ સંઘાણી ( મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫૫,૯૫,૬૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૧૩,૩૩,૩૩,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરુવાર,તા.૨૩-૭-૨૦૦૯ (દશમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| <u>કૃષિ અને સહકાર વિભાગ</u><br><u>માગણી નં.૨</u> | | | | |
| ૧ * | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-કૃષિ...કચેરી<br>રૂા.૪,૯૦,૩૫,૦૦૦ અં.પ્ર.નં.૩<br>પા.નં.૧૩ | ૧૦૦ | કૃષિ અંગેની જરૂરી માર્ગદર્શક માહિતી ખેડૂતોને સરળ ભાષામાં ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨ * | --"-- | ૧૦૦ | કૃષિ પાકના ભાવો ધટે ત્યારે બટાટા-ડુંગળી જેવા પાકોની વ્યાજબી ભાવે સત્વરે ખરીદી કરી ખેડૂતોને પાયમાલ થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩ * | --"-- | ૧૦૦ | ખેડૂતોનેકૃષિ પાકોના પોષણક્ષમ ભાવો અપાવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ * | --"-- | ૧૦૦ | કૃષિ કીટસ વિતરણમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો ખેતી માટે ઉપયોગમાં લેવાય તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | કમોસમી વરસાદ અને માવઠાથી ઉભા પાકને થતા નુકશાન અંગે ખેડૂતોને સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૭ * | --"-- | ૧૦૦ | કૃષિ પાકના સાચા અંદાજો રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮ * | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૧૦૩-બિયારણ<br>૦૪-સમાયોજિત...સ્થાપના<br>રૂા.૭,૯૦,૦૦૦ અં.પ્ર.નં.૩<br>પા.નં.૨૦ | ૧૦૦ | ખેડૂતોને તેની જરૂરિયાત મુજબનું બિયારણ પૂરૂ પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯ * | --"-- | ૧૦૦ | ખેડૂતોને નજીકના સ્થળે સારી ગુણવત્તાવાળુ બિયારણ સમયસર મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| **માગણી નં. ૪** | | | | |
| ૧૦ * | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-એએન.એચ-૧.<br>પશુપાલન...વિસ્તરણ<br>રૂા.૨,૧૬,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૭૫ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં ડોકટરની અનિયમિતતા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧ * | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-એએન.એચ-૧.<br>પશુપાલન...વિસ્તરણ<br>રૂા.૨,૧૬,૯૦,૦૦૦ અં.પ્ર.નં.૩<br>પા.નં.૭૫ | ૧૦૦ | પશુદવાખાનાઓની ગુણવત્તા સુધારી ઉંચી કક્ષાએ લઈ જવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨ * | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-પ્રાદેશિક...કચેરીઓ<br>રૂા.૩,૬૧,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૭૬ | ૧૦૦ | પશુઓમાં રોગચાળો ફેલાય ત્યારે પ્રાદેશિક જિલ્લા કચેરીઓ વ્દારા સત્વરે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ * | --"-- | ૧૦૦ | પ્રાદેશિક જિલ્લા કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવા તંત્રની નિષ્ફળતા | |
| **માગણી નં. ૫** | | | | |
| ૧૪ * | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-સહકારી...અધિકારી<br>રૂા.૨,૪૯,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૧૫૧ | ૧૦૦ | નાણા ધીરનારના વ્યવસાય અંગેના લાયસન્સ આપવામાં આવ્યા હોય તેવા ઈસમોની માહિતી જનતાને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૫ * | --"-- | ૧૦૦ | ગેરકાયદેસર અને ઉંચા દરે વ્યાજે નાણા ફેરવતા ઈસમો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | |
| ૧૬ * | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાની નબળી ઓડિટ કામગીરીને સુદ્રઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭ * | --"-- | ૧૦૦ | સહકારી બેંકોનું સમયસર ઓડિટ ન કરી આચરવામાં આવતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮ * | --"-- | ૧૦૦ | રજીસ્ટ્રાર સહકારી મંડળીઓનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯ * | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓના વહીવટમાં ચાલતી દખલગીરીઓ સત્વરે બંધ કરાવવામાં તંત્રની | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| ૨૦ * | --"-- | ૧૦૦ | સહકારી મંડળીઓની નોંધણીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧ * | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-જિલ્લાકચેરીઓ<br>રૂા.૧૦,૮૨,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૫૨ | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં પૂરતી સુવિધાઓ/ સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨ * | ૨૪૨૫-સહકાર ૧૦૮-અન્ય....સહાય<br>૦૨-એફએસટી ૩૮વન ...મંડળીઓ<br>રૂા.૩૯,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૬૪ | ૧૦૦ | વન મજૂર સહકારી મંડળીઓને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ તેના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩ * | ૨૪૩૫-અન્ય...કાર્યક્રમો<br>૧૦૧-ખરીદ વેચાણ સવલતો<br>૦૧-ડબલ્યુઆરએચ-૨ કૃષિ...વેચાણ<br>રૂા.૧,૧૧,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૬૯ | ૧૦૦ | કૃષિ વિષયક વેચાણ સવલતોનો વ્યાપ વધારી ખેડૂતોને મદદરૂપ થવામાં તંત્રની ઉદાસીનતા | |
| **<u>માગણી નં. ૬</u>** | | | | |
| ૨૪ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-આયુકત...અધિકારીઓ<br>રૂા.૬,૭૯,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૨૮-૧૨૯ | ૧૦૦ | માછલીઓ રાખવાના ઈન્સ્યુલેટેડ બોકસના ટેન્ડરીંગમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫ * | --"-- | ૧૦૦ | માછીમારો ભારતીય દરિયાઈ સીમા ઓળંગે નહીં તેની તકેદારી રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬ * | --"-- | ૧૦૦ | મત્સ્યોદ્યોગ તળાવોના ટેન્ડરોમાં ગેરરીતિ આચરનારાઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭ * | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૧૦૩-દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>૦૧-એફએસએચ-૭ દરિયાઈ..પાડવી<br>રૂા.૧,૬૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૩૫ | ૧૦૦ | દરિયાઈ સીમા ઓળંગતાં પકડાયેલ માછીમારો મુકત થતાં તેઓને બોટ ખરીદવા માટે સત્વરે સહાય મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮ * | --"-- | ૧૦૦ | માછીમારોની બોટો માટે રાહત દરનું ડીઝલ પૂરું પાડવામાં તેમજ કેન્દ્ર સરકાર તરફથી મળતી સબસીડીની રકમ સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૯ * | ૫૦૫૧-બંદરો...જોગવાઈ<br>૦૨-નાના બંદરો<br>૨૦૦-અન્ય....નાના બંદરો<br>રૂા.૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં.૧૯૪ | ૧૦૦ | નાના બંદરોના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય ફાળવવા તથા આંતરીક માર્ગો બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦ * | --"-- | ૧૦૦ | નાના બંદરો ઉપર જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપદરખાસ્તો સભગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : આપણી પાસે સમય માત્ર એક કલાક અને વીસ મિનિટ છે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોર પછી બિન સરકારી સંકલ્પો હોવાથી વધુ સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લઈ શકે તે માટે સભાગૃહની બેઠકનો સમય એક કલાક એટલે કે ૬-૧૫ વાગ્યા સુધી લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી :** સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ ૬-૧૫ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે. હવે રજૂ થયેલ માગણીઓ પર ચર્ચા શરૂ કરવામાં આવશે. માનનીય સભ્યશ્રીમતી જસુબેન કોરાટ :

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું અને સમર્થન કરું છું. આપણો ભારત દેશ એ

કૃષિપ્રધાન દેશ છે. આ ભારત દેશની અંદર સંસ્કૃતિ અને કૃષિ આપણને જોવા મળે છે અને ભારત દેશની અંદર આવેલું આપણું ગુજરાત રાજય એ કૃષિ ક્ષેત્રે નંબર-વન રાજય આજે બન્યું છે. આ તકે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કારણકે છેલ્લાં પાંચ વર્ષથી જે કૃષિ ક્ષેત્રે કામગીરી થઈ છે એના કારણે આજે આપણું ગુજરાત રાજય એ કૃષિ ક્ષેત્રે નંબર-વન રાજય બન્યું છે. કૃષિની વાત કરીએ તો ખેતી કરવા માટે થઈને લોકોને જે સૂગ છે અને ખેતીને જે લોકો આજે ખર્ચાળ ગણતા હતા સાથે સાથે લોકોને ખેતી પ્રત્યે રુચિ નહોતી અને ખેતીને એક વ્યવસાય તરીકે ગણીને આજે આ રાજયની અંદર કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમ દ્વારા એક જન આંદોલન ચલાવવામાં આવ્યું અને એના કારણે આજે કૃષિની અંદર લોકો રસ દાખવતા થયા છે.

**સભાપતિ ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

ગુજરાત રાજ્ય ઔદ્યોગિક દ્રષ્ટિએ પણ આજે નંબર-વન છે. એ જ રીતે ખેતીને એક ઉદ્યોગ બનાવીને આજે આ રાજ્ય ખેતી તરફ વળ્યું છે, ગુજરાતને વર્તમાન સમયમાં પ્રગતિશીલ ખેડૂતો મળ્યા છે, વિશાળ કુદરતી સંપત્તિ મળી છે અને કૃષિ વ્યવસાયમાં ઊંડો રસ ધરાવતી આ સરકાર જ્યારે આ રાજયને મળી છે ત્યારે દિનપ્રતિદિન આ રાજય આજે ખેતી પ્રત્યે પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાત રાજય ભારત દેશના પશ્ચિમ ભાગે આવેલું રાજય છે આપણું રાજય અરબી સમુદ્રના દરિયા કિનારા સાથે જોડાયેલું આ રાજય છે અને સૌથી વધારે એટલે કે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો જ્યારે આપણને મળ્યો છે. આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતું આપણું આ રાજ્ય છે ત્યારે આ રાજયની દરેક બાબતે પ્રગતિ થઈ છે અને તેથીજ આજે ગુજરાતની દેશના એક સમૃદ્ધ રાજય તરીકે દરેક રાજ્યની અંદર ગણના થાય છે એવી જ રીતે ખેતીનો જે વિકાસ દર છે એ પણ આજે ખૂબ વધ્યો છે અને ૨૦૦૫ પહેલાં જે કૃષિનો દર હતો અને આજે કૃષિનો દર ૧૦ ટકા ઉપર છે. આ વિકાસ દર વધવાના કારણે ખેતીનું જે ઉત્પાદન થતું હતું એ ૨૦૦૫ પહેલાં ૯ હજાર કરોડ રૂપિયાનું હતું અને આજે એ ઉત્પાદન વધીને ૪૮ હજાર કરોડ રૂપિયા સુધી એ પહોંચ્યું છે. તેનું કારણ છે કે કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા જે ગામડે ગામડે કૃષિ રથ ફેરવીને અને લોકો પણ આની સાથે જોડાઈને લોકોએ સાચી દિશાની અંદર ખેતી કરવી અને સાચું માર્ગદર્શન મેળવ્યું અને તેના કારણે આપણે ખેતી તરફ વળ્યા છીએ અને એક વ્યવસાય તરીકે ખેતીને અપનાવી છે તેના કારણે આપણી પ્રગતિ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કહીએ છીએ કે જેવી પ્રજા એવા રાજા. તો આ ગુજરાતની પ્રજા ખૂબ સારી પ્રજા છે અને આ ગુજરાતના રાજા એટલે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી આજે ખૂબ સારા છે અને કુદરત પણ તેની સાથે છે ત્યારે આજે છેલ્લાં ૫-૬ વર્ષથી ગુજરાતની અંદર દુષ્કાળ નથી પડ્યો. જ્યારે દુષ્કાળના ઓળા ઉતરી રહ્યા હતા પરંતુ કુદરતે આપણી પડખે રહી અને ખૂબ સારો વરસાદ જ્યારે આજે સમગ્ર રાજયની અંદર પડ્યો છે ત્યારે ભગવાન પણ આપણી સાથે છે. ગઈકાલે મહામહિમ રાજયપાલશ્રીએ પણ તેમના પ્રવચનની અંદર કહ્યું કે પાંચ વર્ષથી હું ગુજરાતની અંદર છું પણ દુષ્કાળ નથી જોયો. આવા એક ખૂબ સારા રાજયપાલશ્રીએ પણ અભિનંદન આપણને આપ્યાં છે એટલે કુદરત પણ સાથે રહીને, કુદરતના વરસાદી પાણીને રોકવા માટે પણ સરકારે ખૂબ પ્રયત્નો કરીને ગામડે ગામડે ચેક ડેમો અને ખેત તલાવડીઓ બનાવીને વરસાદી પાણી રોકીને પણ આજે ખેડૂતો ખેતી કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની અંદર જે ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર આપણે કહીએ છીએ તે ૧૯૬.૧૨ લાખ હેકટર છે. અને તેમાંથી ૯૮.૧૨ લાખ હેકટર એટલે ચોખ્ખો જે છે તે વાવેતર આજે ગુજરાતની અંદર કરવામાં આવે છે. અને આ સંપત્તિના લીધે પણ રાજય છે તે કૃષિ ક્ષેત્રે ખૂબ આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતના ખેડૂતો ખેતી કરે તેના માટે થઈને આ રાજયના મુખ્યમંત્રી જ્યારે કૃષિ મહોત્સવ દ્વારા ખેડૂતોને જ્યારે સાચી દિશા બતાવવા માટે થઈને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું નક્કી કર્યું ત્યારે ખેડૂતોને સમજાવવામાં આવ્યું કે તમારી જમીન છે તે જમીનની તમે તપાસણી કરાવો. તમારી જમીન છે તેમાં શું વાવેતર કરવું, તમારી જમીનની કેવી ફળદ્રુપતા છે તે જોવા માટે થઈને ખેડૂતો પોતાની જમીનની નજીકની પ્રયોગશાળા હોય, લેબોરેટરી હોય ત્યાં તે પોતાના ખેતરની માટી લઈ જાય અને ત્યાં તેનું પૃથ્થકકરણ કરાવીને તે ખેડૂતો પોતે પોતાના ખેતરની અંદર એક સારું ઉત્પાદન મેળવે તેના માટે થઈને પણ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં છે. ગુજરાતની અંદર આવાં સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં છે તેના દ્વારા અમે તો જ્યારે ગામડાંમાં જઈએ છીએ ત્યારે કહીએ છીએ કે જે ખેડૂતોને હેલ્થ કાર્ડ આપીએ છીએ ત્યારે તેને સમજાવીએ છીએ કે તમને આ જે હેલ્થ કાર્ડ આપવામાં આવ્યું છે તે તિજોરીમાં મૂકવા માટે આપવામાં આવેલ નથી. તમે તેની અંદરથી જાણકારી મેળવી અને ન જાણકારી મળે તો કૃષિ યુનિવર્સિટી જે આપણા રાજયની અંદર આવેલી છે ત્યાં બેઠેલા અધિકારીઓ છે તેને પૂછીને પણ તમે તેના દ્વારા ખેતી કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બીજી વાત કરીશ કપાસની. આજે સૌરાષ્ટ્રની અંદર મુખ્ય પાક હોય તો એ મગફળી અને કપાસ છે. આ કપાસનું ખૂબ વાવેતર થવાના કારણે બી.ટી.કપાસ આવવાના કારણે આજે ખેડૂતો ખૂબ સમૃદ્ધ બન્યા છે. સાથે સાથે ખેડૂતોને પોતાના માલનો જ્યારે પૂરો ભાવ મળી રહે છે ત્યારે ખેડૂતો આજે ખૂબ સમૃદ્ધ બન્યા છે. બી.ટી.કપાસની અંદર પણ આવા અધિકારીઓ દ્વારા, જ્યારે કૃષિ મહોત્સવની અંદર અધિકારીઓ

જાય છે ત્યારે ખેડૂતોને ખૂબ ઝીણવટભરી રીતે માર્ગદર્શન આપતા હોય છે અને સમજાવતા હોય છે કે તમે આ બી.ટી.કપાસનું જ્યારે વાવેતર કરો તો એ કઈ રીતે કરવું અને કઈ રીતે દવા છાંટવી આ બધું જ માર્ગદર્શન જ્યારે કૃષિના અધિકારીઓ આપતાં હોય છે ત્યારે મને પણ એમ થાય છે કે જ્યારે આ એક ખૂબ સારું માર્ગદર્શન આપતાં હોય ત્યારે તે લઈને આજે આ ખેડૂતો ખેતી કરી રહ્યાં છે અને તેના કારણે આજે બી.ટી.કપાસનું વાવેતર વધવાના કારણે ગુજરાતનો ખેડૂત આજે ચીનની અંદર અને પાકિસ્તાનની અંદર પોતાના કપાસની નિકાસ કરે છે. ચીન અને પાકિસ્તાનમાંથી કપાસ ખરીદવા માટે સુરેન્દ્રનગર જિલ્લામાં જે કપાસ થાય છે, એની ખરીદી પણ ત્યાં મોટા પાયે થાય છે. ખેડૂતોના ઘરે પહેલા તો મોટર સાયકલ લેવાની પણ એની ત્રેવડ નહોતી, આજે ખેડૂતોની ઘરે મારૂતિઓ ફરી રહી છે. એનું કોઈ કારણ હોય તો ગુજરાત સરકાર દ્વારા કૃષિ મહોત્સવ દ્વારા જનજાગૃતિ ચલાવાઈ છે. ખેડૂતો એને લીધે સારી ખેતી કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતી પાક દ્વારા ખેતી માટે પણ ગુજરાત સરકાર દ્વારા ખૂબ સારું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોને પોતાના શેઢા પર જે કાંઈ ઉપયોગમાં આવતી ન હોય એવી જમીન ઉપર બાગાયતી ખેતી કરવા માટે ફળ-ઝાડના રોપા આપવામાં આવે છે. એવા ૫૦ રોપા એ પોતાના ખેતરમાં વાવે, તો એમને પણ સરકારની ૫૦ ટકા જેટલી સહાય મળે છે. એને કારણે ખેડૂત એ રોપા વાવે છે અને એમાંથી ફળ ઉત્પન્ન કરીને પોતાનો માલ વેચીને વધારાની આવક પ્રાપ્ત કરી શકે છે.

સાથોસાથ એમને એ પણ માર્ગદર્શન આપવામાં આવે છે કે પોતાના પાકની અંદર જો કોઈ સારો પાક થતો હોય તો એનું ગ્રેડીંગ કરવું. આજે મારકેટમાં ઉભા રહેવા માટે ખૂબ જરૂરી વસ્તુ છે કે ગ્રેડીંગ કરવામાં આવે. ગ્રેડીંગ થયેલી સારી વસ્તુ હોય તો એની વેલ્યુ વધારે આવે છે. લોકો એવી વસ્તુની ખરીદી વધારે કરતા હોય છે. બાગાયતી પાકમાં પાક સંરક્ષણ દવાઓ છાંટવા માટેના સાધનો પણ ૭૫ ટકા અનુસૂચિત જાતિના ખેડૂતોને આપવામાં આવે છે. એવી જ રીતે બાગાયતી ખેતી માટે મીની ટ્રેકટર આપવામાં આવે છે. એના ઉપર ૩૦ હજાર સુધી સબસિડી રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. જેથી કરીને નાના ખેડૂતો કે અનુસૂચિત જાતિના ખેડૂતો પણ પોતાને મળતી સબસિડી દ્વારા આજે ખેતી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતી ફળ-પાક અને ઔષધીય દવાઓ એનું એક પ્રોસેસિંગ યુનિટ પણ આજે ચાલી રહ્યું છે. એના દ્વારા ખેડૂતો પ્રોસેસિંગ કરીને પોતાને ત્યાં પકવેલો માલ એટલે કે ઔષધીય દવાઓનું વેચાણ કરીને પૂરતા પ્રમાણમાં ભાવ મેળવીને પોતાની રોજગારીની તક આજે ઉભી કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા એક સૂચન પણ કરવું છે કે આજે ખેતીના વ્યવસાય સાથે મોટા ભાગે મહિલાઓ સંકળાયેલી છે. તો જયારે જયારે રાજય સરકાર દ્વારા કૃષિ મહોત્સવના કાર્યક્રમ યોજવામાં આવે ત્યારે એ કાર્યક્રમોની અંદર મહિલાઓ પણ જોડાય, મહિલાઓ પણ એમાં ભાગીદાર બને તો એમને પણ સારું માર્ગદર્શન મળી રહેશે. કેમ કે આજે મોટા ભાગની બહેનો ગ્રેજયુએટ હોય છે. ગ્રેજયુએટ બહેનો પણ ખેતી કરતી હોય છે. તો એ બહેનોને આવા સારા કાર્યક્રમોમાં જોડીને એક સારું માર્ગદર્શન આપવામાં આવે એ જરૂરી છે. મહિલાઓ માટેના તાલીમ વર્ગો ઘણાબધા થાય છે. મારી બાજુમાં જ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી છે, ત્યાં પણ મહિલાઓના તાલીમ વર્ગો થાય છે. તો મારું આ સૂચન છે.

સાથે સાથે હું આજે બીજી એક વાત કરીશ પશુપાલન અંગે. પશુપાલન બાબતમાં મારે એ કહેવું છે કે આજે કોઈને ઘરે પશુ રાખવા ગમતા નથી. એને લીધે આ વ્યવસાય ઓછો થતો જાય છે. એને માટે રાજય સરકાર દ્વારા ૫ વર્ષથી પ્રયત્નો થઈ રહ્યાં છે. તેને લીધે જાગૃતિ આવવાને લીધે આજે પશુપાલનનો વ્યવસાય પણ ખૂબ આગળ વધી રહ્યો છે. પશુપાલન અને દૂધની ડેરીની વાત કરતાં મને આનંદ થાય છે કે આજે આપણે ગામડામાં જઈએ તો દૂધની ડેરી મોટા ભાગે ગામડામાં ચાલતી હોય છે. આ ડેરીઓમાં બહેનો પોતે દૂધની મંડળીઓ બનાવતી હોય છે અને બહેનો પોતે જ દૂધ ભરે છે. એનું વેચાણ અને વહીવટ ખૂબ જ પારદર્શક હોય છે. આવી દૂધ મંડળીઓ ગામડામાં ખૂબ સારી રીતે ચાલે છે. દૂધની ડેરીઓ જે ગુજરાતમાં આવેલી છે, તે આણંદમાં અમૂલ, સાબરકાંઠામાં સાબર અને રાજકોટમાં ગોપાલ ડેરી. આ ત્રણેય ડેરીઓની જે દૂધની બનાવટો છે. બનાવટો આજે દેશ અને વિદેશમાં ખૂબ જ પ્રખ્યાત છે.આજે અમૂલની વાત કરીએ તો એની દૂધની આઈટમો છે એનું વિદેશમાં ખૂબ મોટા પ્રમાણમાં અને દેશમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં વેચાણ થાય છે.રાજકોટમાં પણ ગોપાલ ડેરીના પેંડા ખૂબ જ પ્રખ્યાત છે. એ જ રીતે સાબર ડેરીની પણ ઘણીબધી બનાવટો છે એનું પણ ખૂબ જ સારું વેચાણ થાય છે અને એનું નામ ખૂબ જ પ્રખ્યાત છે. ત્યારે માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી એમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે નિયંત્રણ બજાર સંઘના ચેરમેન તરીકે તેમણે અમારી ઉપર જે સહાય કરી છે એ બદલ એમને બીજી વખત અભિનંદન આપું છું કારણ કે ૯૩ એવી બજાર સમિતિઓ નબળી હતી, આર્થિક રીતે પોષાય એવું નહોતું ત્યારે એમને આર્થિક સહાય કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે અમારી વર્ષોથી માગણી હતી કે ઈઝરાયેલ જેવા ખેતી કક્ષાએ ઉચ્ચ ટેકનોલોજીથી ખેતી કરતા દેશમાં ગુજરાતના ખેડૂત પ્રતિનિધિઓ મોકલવા અને એવા પ્રતિનિધિઓને મોકલવાનું કામ માનનીય કૃષિ મંત્રીશ્રીએ અને કૃષિ વિભાગના સચિવશ્રી પી.એન.રાયચૌધરીએ કર્યુ અને ૨૮ જેટલા પ્રતિનિધિઓ ઈઝરાયેલ જઈ આવ્યા એ બદલ તેમને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલાંક સૂચનો કરવા માગું છું કે બીજ નિગમ દ્વારા પ્રમાણિત દિવેલાના બિયારણના ૨ કિલોના પેકિંગના ભાવ ૨૭૦ રૂપિયા છે ત્યારે ખાનગી વેપારીઓ રિસર્ચના નામે ૧ કિલો પેકિંગના દિવેલાના બિયારણના ભાવ ૫૦૦ થી ૬૦૦ રૂપિયા લઈને કાળાબજાર કરે છે. તો આ કાળાબજાર રોકીને આ ભાવને નિયંત્રિત કરવા જોઈએ. બીજું કે એક બી.ટી. કપાસનું સંશોધન થયું, પરંતુ હજુસુધી આપણી ૪ કૃષિ યુનિવર્સિટીઓ છે, અરે ૨૦૦૫ માં સરકારે નવસારી કૃષિ યુનિવર્સિટીને ૫૦ લાખ રૂપિયા અનુદાન આપ્યું હતું કે કપાસની જાતોનું રિસર્ચ કરવું અને એ સંશોધન કરેલ જાત બજારમાં મૂકવી, પરંતુ દુઃખની વાત એ છે કે એ રિસર્ચ ના કર્યુ અને આજે બી.ટી.કપાસનું બિયારણ ૫૦ લાખ જેટલાં પેકિંગનું બિલિંગથી વેચાણ થાય અને એ પેકિંગની ૧૭૦ રૂપિયા જેટલી રોયલ્ટી મોન્ટેસો કંપનીને મળે છે અને આ રીતે એ કંપનીને ૮૫ કરોડ રૂપિયા જેટલી રકમ ગુજરાતના ખેડૂતો પાસેથી પરોક્ષ રીતે મોન્ટેસો કંપનીને મળે છે. તો આજ દિવસ સુધી કપાસનું બી.ટી.જીન દાખલ કરીને. બિયારણ તૈયાર કરેલ નથી. તો એ અંગે સરકાર આગળ વધે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પછી મારું બીજું સૂચન એ છે કે ખેતીલાયક જમીન બિન ખેતી થાય એના કારણે ભવિષ્યમાં ઉત્પાદન ઘટવાનું છે. બી.ટી.કપાસની સંશોધિત જાતો જેમ એરંડાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ મૂકી છે. એમ મૂકવી જોઈએ.

બીજું કે નીલગાયો તથા ભૂંડથી ખેતીના પાકોને નુકસાન થાય છે એ માટે કૃષિ વિભાગે કાંઈક કરવું જોઈએ. પાક વીમાનું યુનિટ આપણે તાલુકો ગણતા હોઈએ છીએ, પરંતુ એ દરેક તાલુકામાં એકસરખો વરસાદ પડતો હોતો નથી તો એ યુનિટ ગામડાને ગણીને કરવું જોઈએ. ખાનગી જે જાતો સારી હોય એની સાથે યુનિવર્સિટીની જાતો સાથે સરખાવવી જોઈએ. બીજ એ પાક ઉત્પાદન માટેનું અગત્યનું પરિબળ છે. બીજ પ્રમાણિત કાર્યક્રમો વધે એ માટે સબસિડીની સહાય આપવી જોઈએ. ઓર્ગેનિક ખેતીનો વિકાસ થાય એ માટે ખેડૂતોને બીયારણ પ્રમાણિત કરવામાં સબસિડી આપવી જોઈએ અને નિયંત્રણ બજાર સીમતિના નિયામકશ્રી વારંવાર પરિપત્ર મોકલે છે કે સેસ ૫૦ પૈસાથી ૧ રૂપિયા કમ્પલસરી રાખવો ત્યારે બીજી બાજુ રજીસ્ટારો ૫૦ પૈસામાંથી ૩૦ પૈસા કરતા હોય અને આવી ફરિયાદ નિયંત્રણ બજાર સંઘના ચેરમેન પાસે આવતી હોય છે. એટલે એ માટે મારું સૂચન છે કે એના માટેનું એકસરખું નિયમનું ધોરણ હોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિઓમાં અમુલ પેટર્નને એકલા ભારત દેશમાં જ નહીં પણ સમગ્ર દુનિયામાં ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. તે રીતે ખોળના કારખાના, ખાતરના કારખાનાનું જે ઉત્પાદન થાય છે અને ગુજરાતમાં તેની જે વિતરણ વ્યવસ્થા છે તે વિતરણ વ્યવસ્થા સમગ્ર દેશમાં ગૌરવ લેવા જેવી છે. ગુજરાત રાજયમાં ૫૮૪૮૫ જેટલી જુદી જુદી પ્રકારની સેવા સહકારી મંડળીઓ આવેલી છે. આ સહકારી મંડળીઓ આમ જનતાના કાર્યમાં ઉપયોગી થાય તે માટે કામ કરતી હોય છે. નાગરિક સહકરી બેંકોની જે કામગીરી છે તેનું દેશમાં આર્થિક તથા સામાજિક ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન છે. વાણિજય વગર કોઈનું પણ જીવન ચાલી શકે નહીં, નાગરિક બેંકો તેના આધારસ્તંભ તરીકે રહેલી છે. સહકારી બેંકો ગરીબી દૂર કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. નાના નાના વેપારીઓ, કારીગરો અને કામદારોને પણ આર્થિક સહાય કરવાનું કામ આ નાગરિક સહકારી બેંકો કરે છે. રાજયના ૨૫ જિલ્લામાં અને દરેક તાલુકામાં નાગરિક સહકારી બેંકો કામ કરે છે. રાજયમાં ૨૬૦ નાગરિક બેંકો, ૬૧૦ પેટા શાખાઓ અને ૮ જેટલી શીડયુલ બેંકો, ૬ મલ્ટી સ્ટેટ બેંકો કાર્યરત છે. આ બેંકોની ભરપાઈ થયેલ શેર મૂડી ૪૯૮૮૯ કરોડની છે, થાપણો ૧૬૩૭૭૦૯ કરોડ છે, અને ૯૮૩૫૪૫ કરોડનું ધિરાણ છે. પહેલાં બેંકો એન.પી.એ. સાચવી ન શકે ત્યારે રીઝર્વ બેંક તેને તરત જ નબળી બેંક તરીકે જાહેર કરતી હતી અને તેના કારણે થાપણદારોની લાઈનો લાગતી હતી પણ સરકારના પ્રયત્નોથી રીઝર્વ બેંક, સ્ટેટ બેંકના જનરલ મેનેજર અને આપણા ફેડરેશનના ચેરમેનની સંયુકત મિટીંગ કરીને નિર્ણય લેવાયો અને તેના કારણે રીઝર્વ બેંકની આ પ્રવૃત્તિ અટકી ગઈ છે. અત્યારે તેના કારણે નવી ૧૨ અન લાઈસન્સ બેંકોને લાઈસન્સ મળ્યા છે અને ૨૧ બેંકો નબળી પડી હતી તે મોટી બેંકોમાં મર્જર કરવામાં આવી છે. સીકયુરીટી એકટની કલમ ૧૫૯ નીચે શીડયુલ બેંકોને જે પાવર હતા, જે સત્તા હતી કે કોર્ટમાં ગયા વગર મિલકત ઉપર વસુલાત કરી શકે, આ ધોરણ સહકારી બેંકોમાં નહોતું, અને સહકારી બેંકોમાં આ ધોરણ ન હોવાને કારણે વસુલાતમાં ખૂબ જ મુશ્કેલી પડતી હતી. વારંવાર માંગણીઓ આપણે કરી અને આપણી માંગણી રીઝર્વ બેંકે સ્વીકારી અને ૧૫૯ કલમ નીચે નાગરિક બેંકો પણ સીધી વસુલાત કરી શકે તેવી યોજના બનાવી.. એ જ રીતે સહકારી કાયદામાં નવું પ્રકરણ ૧૦-બી, એમાં ચૂંટણીમાં ઉભા રહેવા માટે છેલ્લા ત્રણ વર્ષથી સભ્ય હોવા જોઈએ, અને ૨૦ હજારની ડિપોઝીટ હોય તે જ વ્યકિત ઉમેદવારી નોંધાવી શકે, બીજી વ્યકિત નોંધાવી ન શકે તેવા કાયદાને કારણે દરેક જે બ્લેક મેઈલીંગ થતું હતું, ફોર્મ પાછા ખેંચવા માટે પૈસા આપવા પડતા હતા એમાંથી છૂટકારો થયો છે. ફડચામાં ગયેલ બેન્કોના નાણાં દસ નાગરિક સહકારી બેંકો પૈકી ૬૩ નાગરિક બેંકોના ૧૪,૫૬૩૦૪ થાપણદારોના એક લાખ રૂપિયા વીમા કંપનીઓ

દ્વારા ૧,૫૩,૬૯૨ કરોડની રકમ મંજૂર કરાવી ૩૧-૫-૦૯ સુધીમાં ૧૦,૦૧૧૮૭ થાપણદારોને રૂપિયા ૧,૫૨,૨૨૬ કરોડની રકમ ચૂકવી છે. કોઈપણ સહકારી મંડળી હોય કોઈ મંત્રી હોય કોઈના પૈસા સલવાયા હોય ત્યારે પૈસા વસૂલ થતા ન હોય ત્યારે બેંકો નબળી ન પડે એના માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના સરકારે દાખલ કરી એના કારણે સમજૂતી કરીને જે પૈસા મળે એનાથી એ બેંકોને સદ્ધર કરવાનું કામ કર્યુ છે.

દૂધના ઉત્પાદનમાં ભારત અમેરિક કરતાં પણ આગળ વધ્યું છે. એમાં પણ ગુજરાતનો સિંહફાળો રહ્યો છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

આ દેશ કૃષિ અને ઋષિઓનો દેશ છે. આ દેશના ખેડૂતોને જગતનો તાત કહેવામાં આવે છે. આપણા દેશમાં પહેલાના વખતમાં એક કહેવત હતી. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ક નોકરી. પરંતુ કોંગ્રેસના ૪૦ વર્ષના શાસનમાં ખેડૂત જગતનો તાત, બિચારો, બાપડો, ગરીબ, બેકાર અને નબળો પડ્યો. ખેડૂતની દશા ગામડાંની અંદર ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય અને વધે એ ખેડૂતના ઘરમાં જાય આ પરિસ્થિતિ હતી. ધીરે ધીરે ઉત્તમ ખેતીને બદલે કનિષ્ક ખેતી બની, મધ્યમ વેપાર અને ઉત્તમ નોકરી બની. અમારા ગામડાંની અંદર એવી વાત થાય કે ઉત્તમ નોકરી એટલા માટે કે નોકરી કરનાર અધિકારી હોય, કર્મચારી હોય , કોઈ ફેકટરીમાં જતો હોય પરંતુ ત્યાં કોઈ દિવસ હિમ પડે નહિ, ત્યાં દુષ્કાળ આવે નહિ, ત્યાં કયારેય અતિવૃષ્ટિ આવે નહિ ત્યાં તો પગાર પૂરો મળવાનો છે. એમને કોઈ તકલીફ નથી એટલે નોકરીને ઉત્તમ ગણી. મારે આપને કહેવું જોઈએ કે કોંગ્રેસના શાસન પછી ભારતીય જનતા પક્ષના શાસનમાં ખેતી પ્રત્યે દિન પ્રતિદિન વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. આ સરકારે બધા જ ક્ષેત્રો ઉપર ધ્યાન આપ્યું અને ખેતીની અંદર કૃષિની સફળતા પાછળ માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને લાંબા ગાળાનું આયોજન અને તંત્રની, મંત્રીશ્રીઓની અને ગુજરાતના ખેડૂતોનો સહકાર મળ્યો. મારે એ પણ કહેવું છે કે. લેબ ટુ લેન્ડ અગાઉ કોઈ અધિકારી કે વૈજ્ઞાનિક ગામડે જતો નહોતો. આજે એ કર્મયોગી બનીને ગામડે જાય છે, ખેડૂતની જમીનની ચકાસણી કરે છે. ખેડૂતોને આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિનું માર્ગદર્શન અને માહિતી આપે છે જેના લીધે ખૂબ સફળતા મળી છે અને ખેડૂત સમૃદ્ધ બન્યો છે. બીજું કારણ એ છે કે ખેતીને ઉદ્યોગ ગણ્યો, ખેડૂત એટલે સમૃદ્ધ બન્યો કે ખેડૂતે ખેતીને ઉદ્યોગ ગણ્યો, વ્યવસાય ગણ્યો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ રાજયની અંદર છેલ્લા ઘણા સમયથી આ કૃષિ ખાતાએ ગામડે ગામડે ખેત તલાવડીઓ, બોરીબંધો, ચેકડેમો તથા નર્મદાનું પાણી ગામડે ગામડે પહોંચાડ્યું અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ પાણી ખેતરો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય મંત્રીશ્રીની મહેનતથી વરસાદના પાણી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીએ પડતા વરસાદના પાણીને પ્રભુનો પ્રસાદ ગણીને, ઈઝરાયલમાં જ્યાં ચાર-સાડાચાર ઈંચ વરસાદમાં ખેતી થાય છે. એ જ રીતે ગુજરાતમાં પડતા પાણીને પ્રભુનો પ્રસાદ માનીને ટીપેટીપા પાણીનો ઉપયોગ કરીને ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં રોકીને પાણીનો કયાંય વ્યય ન થાય, માનનીય મુખ્યમંત્રીશ્રીના અતિ પ્રયત્નના લીધે, સારા પ્રયત્નના લીધે ખેડૂત સમૃદ્ધ બનવા માંડ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલની વાત કરું તો ગઈ કાલે રાજયપાલશ્રીનો વિદાય સમારંભ હતો. રાજયપાલશ્રીના વિદાય સમારંભમાં રાજયપાલશ્રીએ વાત મૂકી કે ગુજરાતની ભૂમિ સામાન્ય નથી. આ ભૂમિ દાનવીરોની, સાયન્ટીસ્ટોની અને વીરોની ભૂમિ છે. આ વાત જો કોઈને લાગુ પડતી હોય તો ગુજરાતના ખેડૂતોને લાગુ પડે છે. આ ગુજરાતનો ખેડૂત સાહસિક છે, ગુજરાતનો ખેડૂત સપ્રમાણમાં ખેતી કરતો થયો, ખેડૂતે ખેતીમાં પૂરું ધ્યાન આપ્યું. સપ્રમાણ ખેતી, સપ્રમાણ ખાતર, સપ્રમાણ ખેડ, સપ્રમાણ બિયારણ. તેનું પરિણામ શું આવ્યું કે ખેડ, ખાતર અને પાણી, નસીબને લાવ્યા તાણી. હું એ વાત કરતો હતો કે જૂના શાસનમાં ખેડૂત ગામડાંમાંથી ભાગતો હતો. આજે ખેડૂત ગામડાંમાં રહીને સમૃદ્ધ બનવા માંડ્યો છે. સમૃદ્ધ બનવાની પાછળ ગુજરાતના ખેડૂતોને માર્ગદર્શન મળ્યું છે. કેવું માર્ગદર્શન મળ્યું છે કે કૃષિ મહોત્સવ, કૃષિ મેળા, કૃષિ પ્રદર્શન, કૃષિ સાહિત્ય, દૈનિક સમાચાર પત્ર, કૃષિના મેગેઝીન, કૃષિ ગૌવિદ્યા, કૃષિ જીવન, આકાશવાણી, દૂરદર્શન, કિસાન કોલ સૅન્ટર, વિડિયો કૉન્ફરન્સ, ઈ-મેઈલ, ખેડૂત તાલીમ કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા એગ્રીકલ્ચર ટૅક્નૉલૉજી મેનેજમેન્ટ એજન્સી, ખેતીવાડી ખાતાની કચેરીઓ ઉપર જોઈતી માહિતી. આના લીધે ખેડૂતે વૈજ્ઞાનિક ખેતી, જમીન સુધારણા, જળ સંચય, ટપક સિંચાઈ જેવા આયામો અપનાવનાર કિસાનો એ હરતી ફરતી યુનિવર્સિટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મુખ્યમંત્રીને અને માનનીય કૃષિ મંત્રીને અભિનંદન આપવાં છે. ખેતી ક્ષેત્રે ક્રાંતિ કરીને ગુજરાતના ખેડૂતોએ આખા દેશનું ધ્યાન દોર્યું છે. પશુ રોગચાળો નિવારવા અને સારવાર માટે પણ ગુજરાત અગ્રિમ હરોળમાં છે. કામધેનુ યુનિવર્સિટી, માનવ સંશોધન, વિગેરેનું માધ્યમ પણ બનશે. મૂલ્યવર્ધિત કૃષિ તરફ નવી પેઢીના યુવા ખેડૂતો ખૂબ ઝડપથી આગળ વધવા માંડ્યા છે. ૧૦૦ ટકા ટપક પદ્ધતિની સિંચાઈ અપનાવનાર ગામો ગુજરાતમાં બન્યા છે. આ સરકારે ખેડૂતો માટે એક લાખનો વીમો, ખેડૂતોના દીકરા માટે શાળામાં જતા હોય તો તેનો વીમો, કૉલેજમાં જતા હોય તો તેનો વીમો, ખેડૂતના દીકરા-દીકરી કૉલેજમાં ભણતા હોય તો દીકરીઓ માટે એસ.ટી.માં ફ્રી પાસ, ખેડૂત ગામડાંમાં રહે છે ત્યારે હું ખેડૂતની વાત કરું તો, ગામડાંની વાત કરું તો ગામડાંની અંદર ખેડૂત રહે છે. ગામડાંના વારિગૃહ, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે તેના બિલો

બંધ કર્યા. ગામડાંની શાળાના લાઈટ બિલ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બંધ કર્યા. ગામડામાં આર.સી.સી.ના રોડ પહેલાંના જમાનામાં ફરસબંધી એટલે કે પથ્થર પાથરવામાં આવતા. એ સામે નથી. મારે કહેવું જોઈએ કે, ગામડામાં આર.સી.સી. રોડ, ગટરની વ્યવસ્થા, ટ્રૅક્ટર વર્ષોથી આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યા પછી આ ટ્રૅક્ટરને ગાડાનો દરજ્જો આપ્યો છે. ગામડામાં ૨૪ કલાક લાઈટ, ખેડૂતોને બધી વ્યવસ્થા ભાજપની સરકાર, માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને આભારી છે. ડિઝલ અને પેટ્રોલમાં ભાવ વધારો કરીને કૉન્ગ્રેસની યુ.પી.એ.ની સરકારે એનું પોત પ્રકાશ્યું છે. એનાથી ગુજરાત ઉપર ૮૦૦થી ૧૨૦૦ કરોડ રૂપિયાનો બોજો આવશે. પેટ્રોલ અને ડિઝલના ભાવ વધ્યા એટલા માટે વાત કરી રહ્યો છું. ખેડૂતો માટે પેટ્રોલ અને ડિઝલ એ જીવન જરૂરિયાતની વસ્તુ છે. સામાન્ય માણસને એની ખૂબ જરૂરિયાત રહેતી હોય છે. આપણે ત્યાં ખેડૂતનો યુવાન દીકરો ખેતરમાં આંટો મારવા બાઈક લઈને જાય છે.(અંતરાય) મને બે મિનિટ આપો. મારે ડેરીની વાત કરવી છે. ખેડૂતને એના જરૂરી ખાતર બિયારણ અને અન્ય સામગ્રી લાવવા માટે ટ્રૅક્ટરની જરૂર પડે છે પાકને પાણી પાવા માટે પણ ડિઝલનો ઉપયોગ થાય છે આમ ઘણી બધી બાબતોમાં આ ડિઝલનો ઉપયોગ થાય છે. આમ ખેડૂતો ટ્રૅક્ટરનો ખૂબ ઉપયોગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડેરીની વાત કરું તો પહેલાં પશુ વ્યવસાય એ પૂરક ખેતીનો ધંધો ગણાતો એ આજે પૂરક રહ્યો નથી. આજે આગવો બન્યો છે. દૂધની સેવા મંડળીઓ દ્વારા ઓછા વ્યાજે લોન આપવામાં આવે છે. . આ ડેરીના ધંધાથી કૃષિ ઉત્પાદનમાં ૨૦ ટકાનો વધારો થયો છે. દૂધની વાત કરું તો દૂધ બોલે છે, દૂધ બોલતું હતું કે એક લિટર વેચું છું, એના માલિકને એમ કહે. કેનમાં પડેલું દૂધ માત્ર આઠ કલાક જ રહેતું હતું. આજે આધુનિક ટૅક્નૉલૉજીના કારણે ૨૪ કલાક દૂધ રહે છે. દૂધ એ માનવ જીવન માટે અમૃત સમાન છે. બાળકનો જન્મ થાય કે તરત જ અડધા કલાક પછી વૈજ્ઞાનિકોએ માતાનું દૂધ આપવાનું કહ્યું છે. આંધ્રમાં કિસાનો આપઘાત કરે છે. ગઈ સાલની વાત કરું તો આપણે ત્યાં આપઘાત ખૂબ ઓછા થાય છે. એમણે જોયું કે ગુજરાતમાં આપઘાત કેમ થતા નથી? એમણે ગુજરાતની અંદર અધિકારીઓ મોકલ્યા, એમણે ગુજરાતની અંદર સરવે કર્યો તો સરવેની અંદર જાણવા મળ્યું કે, ગુજરાતના ખેડૂતો ખેતીના ધંધાની સાથે દૂધનો એટલે કે પશુપાલનનો ધંધો કરે છે. પશુપાલનને લીધે એનું ઘર ચાલે છે અને ઘર જીવનમાં કોઈ તકલીફ પડતી નથી. પશુપાલનને લીધે એના દીકરાને અને દીકરીને ભણાવી શકે છે. ત્યારે આંધ્રની સરકાર સારી ભેંસો લઈ ગઈ, પશુપાલનનો વ્યવસાય કેવી રીતે થાય છે એની માહિતી લઈ ગઈ અને પશુપાલનનો ધંધો શરૂ કર્યો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને પશુપાલન મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. કૃષિ મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી બે અને ચાર નંબરની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષમાં બજૅટની અંદર જે જોગવાઈ હતી એના કરતાં ૨૦૦૯-૧૦માં ૧૪૪૩ કરોડ રૂપિયાની જોગવાઈ ગુજરાતના આપણા ખમીરવંતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબના સમયમાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કારણ કે ગુજરાત જ નહીં આખા દેશની અંદર જોઈએ તો ભારત એ ખેતીપ્રધાન દેશ છે. ખેતીપ્રધાન દેશનું જયારે બિરુદ મળ્યું છે ત્યારે આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીએ ગુજરાત એક ખેતીપ્રધાન રાજય બને તેના માટેના પ્રયત્નો ખૂબ એમણે કર્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતની અંદર જે ખેડૂતોની દૂર્દશા હતી જે ખેડૂતોની કફોડી સ્થિતિ હતી એની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી જે ખેડૂતોને ફાયદા આપવા માટેની જે વાતો થઈ છે તેના માટે ખરેખર ખૂબ અભિનંદનને પાત્ર છે. આજે કોઈ ખેડૂત જયારે મરી જાય તો એને ૧ લાખ રૂપિયાનો વીમો ગુજરાત સરકાર તરફથી આપવામાં આવે છે. તમામ ગુજરાતના ખેડૂતોના વીમાની પૉલિસીનું પ્રીમિયમ ગુજરાત સરકાર ભરે છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે આખા દેશની અંદર આ પોલીસી ગુજરાત રાજયે દાખલ કરેલી છે અને એ પણ કહેતાં મને ખૂબ આનંદ થાય છે કે ગુજરાતના જયારે મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ જે ખેડૂતોનું જે આજ સુધીનું ઉત્પાદન હતું એ ઉત્પાદન ૯ હજારનું હતું એની જગ્યાએ આજે ૪૮ હજારની સપાટી પાર કરી છે ત્યારે એમને અભિનંદન આપવાં જોઈએ કે ગુજરાતની આવક ૪૮હજાર કરોડ જેટલી થઈ છે ત્યારે આ વાત કહેતાં ખૂબ આનંદ થાય છે. ગુજરાતની અંદર જે રીતે પહેલા જે ખાતર વપરાતું હતું, યુરિયા વપરાતું હતું અને એના લીધે જે ખેતીની અંદર અને માણસોના આરોગ્યની સાથે ચેડા થતા હતા એના લીધે ગુજરાતના મુખ્યમંત્રી અને માનનીય મંત્રીશ્રીએ જે વર્મીકંમ્પોઝ ખાતર બનાવી, સેન્દ્રીય ખાતર બનાવી અને ખેતીના ઉપયોગમાં વાપરવા માટેનો જે આગ્રહ રાખ્યો એ ખરેખર ખૂબ અભિનંદનને પાત્ર છે. જે રીતે વર્મીકંપોઝ ખાતર સેન્દ્રીય ખાતર અને ખેડૂતોને સારું માર્ગદર્શન મળે, ખેડૂતો સારી રીતે ખેતી કરી શકે તેના માટે ગામેગામ છેલ્લા ૫ વર્ષથી કૃષિ મહોત્સવની અંદર તમામ અધિકારીઓ ધોમધખતા તાપની અંદર ફરીને ગામડે ગામડે ફરીને ખેડૂતોને માર્ગદર્શન આપવાનું કામ કર્યુ છે. આખા દેશની અંદર જો કોઈએ આવી સારી કામગીરી કરી હોય તો તે ગુજરાતની સરકારે કરી છે. શ્રી નરેન્દ્ર મોદીની સરકારે કરી છે. જે રીતે ગુજરાતના ખેડૂતોને માર્ગદર્શન મળતું જાય છે એમ ખેતીની અંદર દિનપ્રતિદિન સુધારો થતો જાય છે અને એમને

જમીનની અંદર કયો પાક થશે, કયો પાક લેવાશે, કયો પાક વધારે વાવવાથી વધારે તમને ફાયદો થશે એનું માર્ગદર્શન આપીને ગુજરાતની યુનિવર્સિટીની અંદર જે વૈજ્ઞાનિકો હતા એ વૈજ્ઞાનિકોએ પણ ગુજરાતના ગામડે ગામડે ફરીને તમામ ખેડૂતોને કઈ જમીનની અંદર શું પાક પાકશે એનું માર્ગદર્શન આપીને અને પ્રશ્નોત્તરીની અંદર પ્રશ્ન પૂછીને કે આ રોગ થયો હોય તો એ રોગનો શું ઈલાજ છે? ઉધઈ આવી હોય તો એનો શું ઈલાજ છે? આ તમામ માર્ગદર્શન આપવાનું કામ પ્રથમ વખત આ દેશની અંદર કોઈ સરકારે કર્યુ હોય તો એ ગુજરાતની સરકાર છે. નરેન્દ્ર મોદીની સરકાર છે. જે રીતે ખેડૂતો માટેનું જે કામ થયું છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. જયાં જયાં જોઈએ ત્યાં સાયન્ટીફીક રીતે ખેડૂતોને માર્ગદર્શન આપીને સિંચાઈ પદ્ધતિથી, સિંચાઇ પદ્ધતિ તો પહેલાના જમાનાની અંદર પણ થતી હતી. પહેલાના જમાનાની અંદર કૂવાની અંદરથી કોશ મારફતે પાણી લાવીને ખેતીના પાક પકવવામાં આવતો હતો, આજે ટપક સિંચાઇ અને સ્પ્રિંકલર પદ્ધતિથી ખેડૂતોને લાભ આપી અને એની અંદર સબસીડી આપીને ગુજરાતના ખેડૂતોને પ્રોત્સાહિત કરવાનું કામ ગુજરાતની સરકાર અને માનનીય મંત્રીશ્રી દિલીપ સંઘાણી સાહેબે જે કર્યુ છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. આપણે જોઈએ કે ગુજરાતની અંદર ખેડૂતોને જે કૃષિ મહોત્સવ દરમિયાન મફત કીટો આપીને જે કામ કર્યુ છે એ ખરેખર ખૂબ અભિનંદનને પાત્ર છે. ગ્રામ્ય કક્ષા સુધી માર્ગદર્શન આપી કૃષિક્ષેત્રે મોટો ચમત્કાર સર્જ્યો છે. પાણીની અછત વખતે આપણા રાષ્ટ્રની અંદર ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ માટે સરકારી સહાય સુજલામ સુફલામ તથા નર્મદાની નહેરો દ્વારા પાણી ઉપલબ્ધ કરાવી કૃષિ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ કરી અને છેલ્લા ૫ વર્ષથી કૃષિ ઉત્પાદનમાં ત્રણ ગણાથી પણ વધારે ઉત્પાદન કરેલ છે. તેમજ કૃષિમાં અન્ય આયોજન કરેલ છે જેના માટે ખૂબ અભિનંદન આપું છું. છેલ્લા પાંચ વર્ષથી ગુજરાતની અંદર ખેડૂતોના ઉત્પાદનો વિદેશ નિકાસ માટે અપ્રતિમ તકનો લાભ મળી શકે તે માટે ઓન લાઈન કૃષિ વિષયક માહિતી અને પાકનું એકવીડેશન થાય તે ખૂબ જરૂરી હતું. સાથે સાથે ખેત બજાર વ્યવસ્થા સુધારવી પણ જરૂરી હતી. આ બધા પાસાંઓને ધ્યાનમાં લઈને નવી એગ્રો બીઝનૅસ પૉલિસી ઘડીને ખેડૂતો માટે ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ૧૭ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું કામ કરી ૨૦ કરોડ જેટલો ખર્ચ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય કૃષિ મંત્રીશ્રીએ કર્યું છે. દરેક ગામમાં પાંચ-પાંચ ગરીબ ખેડૂતોને બે હજારની મર્યાદામાં ઈનપુટ કિટ્સ આપી અને એના ઓઝારો વિનામૂલ્યે આપવાનું કામ માનનીય મંત્રીશ્રીએ કર્યું છે. ગામ દીઠ અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂતોને ઈનપુટ ક્ટ્સિ અને ઓઝારો વિનામૂલ્યે આપવાનું કામ જો દેશમાં કોઈએ કર્યું હોય તો એ ગુજરાત સરકારે કર્યું છે. રાજ્યની અંદર ૧૮ જિલ્લામાં કોમ્યુનિટી સેન્ટરો ઉપર શહેરી અને ગ્રામીણ વિસ્તારની ૧૬ હજાર બહેનોને ફળ અને શાકભાજીના પરીક્ષણની તાલીમ આપવાનું કામ પણ આ સરકારે કર્યું છે. કૃષિ ક્ષેત્રના વિકાસનો આધાર પશુધન ઉપર રહેલો છે. પશુઓના સ્વાસ્થ્ય માટે આદિજાતિ વિસ્તારમાં ૪૦ નવા ફરતા પશુ દવાખાના, ૨૭૦૦ થી વધુ પશુ આરોગ્ય મેળાઓ, ૭૧૦૦થી વધુ જાતિ આરોગ્ય સારવાર કૅમ્પ દ્વારા ૨૦ લાખ પશુઓને સારવાર આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. (સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, મારે પશુઓ વિશે થોડું કહેવું છે. કારણ કે હું પોતે પશુ પાલક છું. પશુ પાલન પ્રવૃત્તિઓ માટે અનેક કાર્યક્રમો થકી પશુ પેદાશો, સારી ઓલાદ અને એના માટેનું ઉત્પાદન થાય તેના માટે ગુજરાત સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. ગુજરાતની અંદર પશુપાલન માટે ડી.સેકની અંદરથી ડેરી મારફતે પણ પશુઓ આપવા માટેનું આયોજન અને દેશની અંદર પ્રથમ વખત જો ડી.સેકની અલગ બ્રાન્ચ બનાવીને પશુઓ આપીને ડેરી ઉદ્યોગને વિકસાવવા માટેનું કામ ગુજરાતની સરકારે જે રીતે કર્યું છે એવું આખા દેશની અંદર કોઈએ કર્યું નથી. એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના માણસોને પશુઓની સબસિડી આપીને શ્વેત ક્રાંતિ સર્જવાનું કામ ગુજરાતની સરકારે જે કર્યું છે તે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે અને ખૂબ જ સારું કામ છે. જાફરાબાદી ભેંસની ઓલાદ અને જાળવણી માટે કૃષિ યુનિવર્સિટી દ્વારા જુનાગઢ ખાતે કાર્યરત કરી અને પાટણમાં એનું એક ઘટક શરૂ કરીને ગુજરાતની અંદર પ્રથમ જો આવું કોઈએ કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે કર્યું છે. ગુજરાતની અંદર જે પશુપાલન પ્રવૃત્તિ માટેની મુખ્ય પેદાશો દૂધ, ઈંડા, ઊન અને દૂધઘર બનાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. દૂધ ઉત્પાદનના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે ભેંસ માટે ઉત્પાદન વધારતા વિદેશી સાંઢ થકી બે લાખ જેટલું કૃત્રિમ બીજ દાન કરવામાં આવેલ. ૯૦ હજાર પશુપાલકોને પશુપાલન વ્યવસાયની આધુનિક તાલીમ આપવાનો લક્ષ્યાંક, સઘન પશુ વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૨ ઘનિષ્ટ પશુ ઘટકો થકી કુલ ૭૫૫ પશુ કેન્દ્રો ચાલુ રાખવાનું કામ અને ૨૦૦૯-૧૦માં પણ આ પશુ ઘટકો ચાલુ રાખવામાં આવેલ છે. ૨૦૦૯-૧૦માં સંકલ્પ પત્ર યોજના હેઠળ ૧ લાખ ૮૦ હજાર પશુઓને વંધ્યત્વ નિવારણ કૅમ્પમાં આવરી લઈ ૯૦ લાખ લોકોને પશુ સંવર્ધનની તાલીમ આપવામાં આવેલ છે. સારી ઓલાદના સાંઢ ખરીદવા માટેના કાર્યક્રમ હેઠળ અનુસૂચિત જાતિના દૂધાળા પશુઓમાં દૂધ ઉત્પાદનની ક્ષમતા વધે એ માટે ૭૫૦૦ લાભાર્થીઓને લાખ આપવાનું કામ કર્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓને મારું અનુમોદન આપું છું અને ગુજરાતની સરકારે સારી કામગીરી કરી છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી જે કૃષિ વિભાગની માગણીઓ લઈને આવ્યાં છે એના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બાબુભાઈએ વાત કરી કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી ભૂતકાળ હતો આ વાત બિલકુલ સાચી મેં ઉદાહરણો જોયાં છે, સાંભળ્યાં છે કે નોકરી કરતા હોય અને ઘરે જમીન હોય અને પરિણામે એના બાપુજી એમ કહે કે દીકરા નોકરી નથી કરવાની કારણ કે આપણી જમીન કોણ સાચવશે અને એટલા માટે નોકરીમાંથી રાજીનામું આપી ખેતી કરવાવાળા લોકો આજે ભૂતકાળમાં એવી ઘટનાઓ બની છે. આજે મારા ગામમાં છે અને એટલા માટે આવો ભૂતકાળ જે ખેતી ઉત્તમ ગણાતો હતો. થોડાક વર્ષમાં એવું શું થયું કે જેના કારણે ખેતીને આપણે કનિષ્ઠ ગણવા લાગ્યા?

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગામડાની જે સ્થિતિ છે કે કોઈ એમની દીકરીનો કોઈ બાપ એની દીકરીનું જો કોઈ સગપણ જોવા આવે છોકરો હોંશિયાર હોય, ભણેલો ગણેલો હોય પણ એમ કહે કે ખેતી કરે છે તો પછી ના પાડે કે ભાઈ ગામડામાં ખેતી કરતા હોય એવા દીકરા સાથે લગ્ન નથી કરવા. અમને એવું મંજૂર છે કે ચોથા વર્ગમાં નોકરી કરતો હોય, કોઈ કારખાનામાં નોકરી કરતો હોય, શહેરમાં રહેતો હોય, એને સામાન્ય નોકરી હોય તો પણ પોતાની દીકરી ત્યાં પરણાવે. આ પ્રકારની માનસિકતા જે ઊભી થઈ એના પાછળનો જો કોઈ મહત્ત્વનું કારણ હોય તો ભૂતકાળની સરકારોએ ખેડૂતો માટેનું જે વલણ એમનું રહ્યું, એમનું માર્ગદર્શન કરવાનો અભાવ રહ્યો, ખેતીની બદલાતી જતી પદ્ધતિ સંદર્ભે કઈ રીતે આગળ વધવું એ પ્રકારની માહિતી આપવાનો અભાવ રહ્યો અને એના કારણે આ પ્રકારની સ્થિતિ નિર્માણ થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે છેલ્લા પાંચેક વર્ષથી જે પ્રકારે કૃષિરથનું આયોજન થયું અને ગુજરાતના પ્રત્યેક ગામડાઓમાં ગુજરાતના કૃષિ વૈજ્ઞાનિકો, ગુજરાતના મંત્રીશ્રીઓ, ગુજરાતના ધારાસભ્યશ્રીઓ, અનેક અધિકારીઓ બળબળતા બપોરે ગામડાઓ સુધી પહોંચ્યાં, ખેડૂતોને એકત્રિત કર્યા અને બદલાતી જતી પદ્ધતિ સામે કઈ રીતે ખેતી કરવી એનું માર્ગદર્શન કર્યુ અને એના ચોક્કસ પરિણામો મળ્યાં. આ બધા જ અધિકારીઓએ ત્યાં જઈને કહ્યું કે ભાઈ સોઈલ હેલ્થકાર્ડ દ્વારા તમારી જમીનનું પરિક્ષણ કરાવો. ધરતીમાતામાં જે આપણે વાવીએ છીએ એના ગમા-અણગમાનો વિચાર કરો અને પરિણામે રાજ્યના આ ખેડૂતોએ પોતાની જમીનનું પરિક્ષણ કરાવતા થયાં, એમાં કયા તત્ત્વો ખૂટે છે, કયા ઉમેરવા, એમાં વાવવાથી શું ઊપજ મળે આ પ્રકારની ચિંતા એ વૈજ્ઞાનિકોના મારફતે ખેડૂતોએ કરી એના ખૂબ સારાં પરિણામો મળ્યાં છે. ખેતીમાં જે ચીલા-ચાલુ બિયારણનો ઉપયોગ થતો હતો એની સામે વૈજ્ઞાનિકોએ પરિક્ષણ કરીને જે બિયારણો સર્ટીફાઈડ કર્યા છે એ બિયારણો વાવવાનો આગ્રહ રાખ્યો અને એના પરિણામે પણ આવકમાં વધારો થયો. ખાતરોનો યોગ્ય ઉપયોગ. ગામડાના ખેડૂતો જેમને કેટલા પ્રમાણમાં ખાતર નાંખવું એની સૂઝબૂઝ ના હોય, પાડોશી એક થેલી યુરિયા નાખે છે એટલે મારે વધુ ઉત્પાદન માટે બે થેલી નાંખવું આ પ્રકારની માનસિકતા હોય એના પરિણામે ખર્ચ વધે અને ઉત્પાદન ઘટે આ પ્રકારની સ્થિતિ નિર્માણ થતી હતી. અમારા અધિકારીઓએ અને વૈજ્ઞાનિકોએ ગામડે ગામડે જઈને ખેડૂતોને વાત કરી કે નાઈટ્રોજન આટલું જોઈએ, ફોસ્ફરસ આટલું જોઈએ અને એના માટે સોઈલ હેલ્થના આધાર પર જમીનનું જે પરિક્ષણ થયું હોય એ જમીનમાં આટલા જ પ્રમાણમાં ખાતર નાંખવાથી વધુ સારી ઊપજ મળે છે આ વાત એમણે શીખવાડી. સુધારેલું બિયારણ વપરાયું અને પાણીનો યોગ્ય ઉપયોગ કરવાનું એમણે સૂચવ્યું તો આમ ખેડ, ખાતર અને પાણી આ બધાના પ્રમાણસરના ઉપયોગથી કુલ મળીને ખેતીનો જે ખર્ચો હતો એ ઘટ્યો અને ઉત્પાદન વધ્યું અને પરિણામે આ જે પ્રકારે વાત થઈ એ પ્રકારે ભૂતકાળમાં ૯,૦૦૦/- કરોડ રૂપિયાની જે આવકની મર્યાદા હતી ખેતીમાં એ વધીને આજે ૪૮,૦૦૦/- કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીની એ કલ્પના છે કે, ૨૦૧૦માં જ્યારે આ રાજય એની પોતાની સુવર્ણ જયંતી ઉજવતું હોય ત્યારે કૃષિ ઉત્પાદન ૫૦,૦૦૦/- કરોડના આંકને વટાવી જાય આ પ્રકારની દીર્ઘદ્રષ્ટિ લઈને આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રી જ્યારે કામ કરી રહ્યા હોય ત્યારે ફરી એક વાર ધીમે ધીમે ગામડાનો ખેડૂત બેઠો થવા લાગ્યો છે, એને એ વાતનો વિશ્વાસ ઊભો થયો છે કે, આવનારા સમયમાં હવે ખેતી એ ઉત્તમ બનવાની છે અને એનું ઉદાહરણ આજે કચ્છમાં આપણે જોઈ શકીએ છીએ. કચ્છમાં આજે જે પ્રકારે મોટા મોટા ફાર્મસો બનવા માંડ્યા છે અને બાગાયતી પદ્ધતિ ખાસ કરીને ટિસ્યુ કલ્ચર પદ્ધતિથી જે છોડવાઓ ડેવલપ ર્ક્યા છે અને એમાં આંતર પાકના આધારે પણ ખૂબ મોટું ઉત્પાદન જ્યારે ખેડૂતો લઈ રહ્યા છે ત્યારે એ વાતનો ચોક્કસ વિશ્વાસ છે કે, આવનારા સમયમાં ફરી એક વાર ગુજરાતનો ખેડૂત નોકરીને તિલાંજલિ આપશે કે અમારે ખેતી કરવી છે, નોકરી નથી કરવી, આ પ્રકારની પરિસ્થિતિ અવશ્ય નિમાર્ણ થવાની છે અને આના કારણે ઘણા બધા અન્ય પણ ફાયદાઓ થયા છે. આ પ્રકારની વાત જ્યારે ગામડાનો ખેડૂત સમજતો થયો છે ત્યારે ગામડાઓ તૂટતા બચ્યા છે, આજે ગામડામાંથી શહેર તરફ આવવાની જે આંધળી દોડ હતી એ પાણીના સંચય થવાના કારણે ડ્રીપ અને સ્પ્રીન્કલર વગેરે પદ્ધતિઓ ઊભી થવાના કારણે ખેડૂતો ફરી એક વાર ખેતીના કામે લાગ્યા છે. આજે ભણેલ ગણેલ યુવાન પણ આ બધા પ્રકારની આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરીને ખેતી કરવામાં ગૌરવ અનુભવતો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષા મેડમશ્રી, ગુજરાતના આદરણીય કૃષિ મંત્રીશ્રી જે કૃષિ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમને પૂરા દિલથી સહકાર આપવા ઊભો થયો છું. આ એ ગુજરાતની પ્રજા છે કે જેણે ગુજરાતના ગાંધીના આઝાદીના આંદોલનમાં એવો લોક જુવાળ ઊભો કર્યો કે, ગાંધીને અને

સરદાર પટેલ કે જ્યારે આ દેશમાં લોખંડી એકતાનું સામર્થ્ય બતાવવાની થઈ ત્યારે આ ગુજરાતની પ્રજા એમની પડખે ઊભી રહી. આ એ ગુજરાતની પ્રજા છે કે, જ્યારે આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ દેશની બીજી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ લીધેલું છે ત્યારે આ ગુજરાતની જનતા એમની પડખે ઊભી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના વખતમાં ખેડૂતોની જે સ્થિતિ હતી એના વિશે મારા આદરણીય સભ્યશ્રીએ ખૂબ વાત કરી છે ત્યારે મારે એ વાતમાં કહેવું છે કે, તાજેતરમાં વિશ્વભરમાં આર્થિક મંદી આવી, આખી દુનિયા આ આર્થિક મંદીની ઝપટમાં હતી ત્યારે ભારત દેશ કે ગુજરાતમાં એની કયાંય અસર દેખાઈ નહીં અથવા તો ઓછી દેખાઈ અને એનું મુખ્ય કારણ હોય તો આ દેશનું અર્થ તંત્ર કૃષિ આધારિત છે તે છે અને આ કૃષિ આધારિત અર્થતંત્રને મજબૂત કરવા માટે, ખેડૂતને મજબૂત કરવો જરૂરી છે અને ખેડૂતને મજબૂત કરવા માટે ખૂબ ગહન ચિંતન અને અભ્યાસ કરીને અને સાચી ચિંતા કરીને કોઈ પણ ક્રાંતિકારી વિચાર આવ્યો હોય તો કૃષિ મહોત્સવનો ક્રાંતિકારી વિચાર અને એ છે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો વિચાર. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જ્યારે આ વિચાર લઈને આવ્યા છે અને ગુજરાતના ખેડૂતોની જ્યારે આ સ્થિતિ બદલાઈ રહી છે ત્યારે એમણે કરેલા આ પ્રયત્ન માટે મને એક શેર યાદ આવે છે. એ શેર હું ગૃહને જણાવતા આનંદ અનુભવું છું.

**" જબ તુટને લગતેં હૈં હોંસલે તો બસ યે યાદ રખતેં હૈ, બિના મહેનત હાંસિલ તખ્તો તાજ નહીં હોતે,**
**ઢુંઢ લેતે હૈં હમ અંધેરોમેં મંઝિલ અપની, કયુંકિ જુગ્નુ કભી રોશની કે મોહતાજ નહીં હોતે "**

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે વ્યકિત કે કોઈ વ્યવસ્થા કે કોઈ નવીન વાતને ત્રણ તબકકામાંથી પસાર થવું પડતું હોય છે. પ્રારંભમાં એની અવગણના થાય છે, એનો ઉપહાસ થાય છે, એની મશ્કરી થાય છે, એનો વિરોધ થાય છે અને છેલ્લે એનો સ્વીકાર થાય છે એમ ગુજરાતમાં કૃષિ મહોત્સવે આ ત્રણે તબકકા પસાર કરીને ગુજરાતને ૯૦૦૦કરોડના કૃષિ ઉત્પાદનમાંથી ૪૯૦૦૦કરોડનું ઉત્પાદન કરીને સાબિત કરી આપ્યું છે અને એની આજે સ્વીકૃતિ થઈ છે. સમગ્ર દેશમાં ભુખમરાથી ૨૦૦૭માં આ દેશને મુકત કરવા માટે ગુજરાતની મુલાકાતે ભારત કમિશનના વડા ફાર્મ્સ કમિશનના વડા સ્વામિનાથન આવ્યા. એ બે દિવસ અહીંયા રોકાયા અને એમણે કૃષિ મહોત્સવની પ્રવૃત્તિ જાણી, સમજયા અને એમણે કહ્યું કે આવનારા વખતમાં ભારતના તમામ ખેડૂતોએ ગુજરાતના આ કૃષિ મહોત્સવના મોડલને અનુસરવુ પડશે અને મને કહેતા આનંદ થાય છે કે એમની એ વાત ન માત્ર ગુજરાત, ન માત્ર દેશ પણ આંતરરાષ્ટ્રિય સંસ્થાએ નોંધ લીધી છે અને ઈન્ટરનેશનલ ફુડ પૉલિસી ઓફ અમેરિકા જે યુ.એસ.એ. દેશની સંસ્થા છે એણે તાજેતરમાં કૃષિ મહોત્સવની સફળતાની નોંધ લઈને કહ્યું છે કે ભારત માટે ગુજરાતના કૃષિ મહોત્સવને અનુસર્યા સિવાય કોઈ જ રસ્તો નથી. આ બતાવે છે કે કૃષિ મહોત્સવની તાકાત કેટલી છે પણ  ઘણા વાંકદેખા લોકોને જેમ ઘરમાં વાંકદેખી પત્ની હોય જાપાનમાં ધરતીકંપ થાય કે ભુકંપ થાય પણ અહીં બિચારા ખુણામાં બેઠેલા પતિનો વાંક કાઢે તેમ ઘણા લોકોને આ સિદ્ધિ દેખાતી નથી. રાજકીય જીવનમાં ન હોય તેવા લોકો પણ જયારે ગુજરાતને હમણાં તાજેતરમાં સિંચાઈ ક્ષેત્રે વાસ્મોને ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યો. અમેરિકાની સંસ્થાએ કૃષિ મહોત્સવની ભારે પ્રસંશા કરી હોય ત્યારે ઘણા લોકો એમ કહે છે કે આ એવોર્ડ તો મેનેજ થઈ ગયા છે. મારે એમને કહેવું છે કે જો મેનેજ થતા હોય કોઈ એવોર્ડ તો યુનોની સંસ્થાનું સ્તર એટલું નીચું છે કે આપણે એને મેનેજ કરી શકીએ છીએ? કોઈ વડાપ્રધાનના કાર્યાલયમાંથી એવોર્ડ મળતો હોય અને એ કાર્યાલયનું સ્તર એટલું નીચું છે કે આપણે એને મેનેજ કરી શકીએ છીએ? પણ ગુજરાતના વિકાસને જોવાની દ્રષ્ટિ નથી. ગુજરાતના સ્વાભિમાનને ઓળખવાની એમનામાં સુઝ નથી માટે તેઓ જયારે પણ આ સિદ્ધિ મેળવતા હોય ગુજરાતના નરેન્દ્રભાઈ મોદીની અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે આ સિદ્ધિ મેળવતી હોય ત્યારે બિલાડી દુધ પીતી હોય ત્યારે આંખ બંધ કરે એમ આંખ બંધ કરીને બેસી જાય છે અને આમેય આપણી માનસિકતા મને ખબર છે અને આપ સૌ જાણો છો કે વિવેકાનંદજી અમેરિકા ગયા ત્યારે ભારતની જનતાએ તેમને ઓળખ્યા. મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે આ ભારતની જનતાએ તેમને ઓળખ્યા. કવિવર રવિન્દ્રનાથ ટાગોરે બંગાળીમાં કવિતા લખી હતી. બંગાળી ભાષામાં કવિતા હોવાથી એમને કોઈ નહોતું ઓળખી શકયું પણ ઈંગ્લીશમાં ટ્રાન્સલેશન થયું ત્યારે એમને આખી દુનિયાએ ઓળખ્યા અને ભારતે ઓળખ્યા. હું આ ગૃહને અને આપ સૌને વિનંતી કરું છું કે માનનીય કૃષિ મંત્રીશ્રીને માગણીઓ લઈને આવ્યા છે એમની સાથે પુરા દિલથી રહીએ અને આવનાર વખતમાં ગુજરાતની પ્રજા માટે આપણે સૌ સાથે મળીને કામ કરીએ.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ ખાતાની અને સહકાર ખાતાની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ભારત દેશ એ કૃષિપ્રધાન દેશ છે.  ભારત દેશની જનતાની ૭૦ ટકા વસ્તી કૃષિ વ્યવસાય સાથે જોડાયેલી છે અને કૃષિ વ્યવસાય એના કારણે ભારત ખેતી પ્રધાન દેશ કહેવાય છે.  એમાં ગુજરાત એક આગવું સ્થાન ધરાવે છે.  ગુજરાતની અંદર ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સને ૨૦૦૫ની સાલથી કૃષિ રથનું આયોજન કર્યુ છે અને કૃષિરથના આયોજન દ્વારા ગામડે ગામડે ફરી અને ગુજરાતના ખેડૂતોની જે તાકાત હતી એ તાકાતને ઢંઢોળવા માટેનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અને કૃષિ મંત્રીશ્રીને ખબર છે કે ગુજરાતના ખેડૂતની તાકાત અને તાસીર શું છે. કૃષિરથ દ્વારા ગામડે ગામડે ગુજરાતના ૧૮૬૦૦

ગામડાઓમાં ભરબપોરે ધોમધખતા તાપમાં ફરી બધા જ ઑફિસરોને ત્યાં મોકલી ગુજરાતના ખેડૂતોને અદ્યતન ટૅક્નૉલૉજી દ્વારા સાચી ખેતી કરવા માટેનું જ્ઞાન આપ્યું છે. ગુજરાત સરકારે ખેડૂતોને ૭ ટકાના વ્યાજથી ટૂંકાગાળાની પાક લોન પૂરી પાડી, સહકારી બૅન્કોને નાબાર્ડમાંથી છૂટી કરેલા વ્યાજના નાણા સહાય ઉપર રાજયમાંથી ૨ ટકા વ્યાજે સહકારી બૅન્કોને નાણાકીય સહાય આપવાનું નક્કી કરેલ છે. વધારાના ૧ ટકા એટલે કે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ ખેડૂતોને ૬ ટકાની ટૂંકાગાળાની લોન આપી સહકારી બૅન્કોને ૩ ટકા વ્યાજે નાણા સહાય આપવાનું નક્કી કર્યુ છે અને અંદાજપત્ર ૨૦૦૯-૧૦ માં ૪૦ કરોડ જેવી માતબાર રકમની જોગવાઈ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. એટલે આના ઉપરથી ફલિત થાય છે કે ગુજરાતના ખેડૂતોનું હિત અને ગુજરાતની જનતાના વિકાસનું હિત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિલમાં અને કૃષિ મંત્રીશ્રીના દિલની અંદર પડેલ છે. હું એક પશુપાલક છું, એટલે માલધારી સમાજ માટે જ્યારે દ્વાપર યુગમાં કૃષ્ણ ભગવાન પરમાત્માએ ગાયની કિંમત કરેલી અને ગામ માતા શું છે, એનું ગણન કર્યુ હતું. ગાયની અંદર ૩૩ કરોડ દેવતાઓનો સમાવેશ થયેલ છે. જ્યારે આપણે ગાયનું પૂજન કરતા હોઈએ, ગાયનું છાણ અને મળમૂત્ર બધાં જ કામમાં આવતું હોય અને એ પવિત્ર ગણાતું હોય તો મારી એક ગોપાલક તરીકે નમ્ર સૂચન છે કે ભેંસના દૂધનો ભાવ છે એ ગાયને માતા તરીકે પૂજતા હોઈએ, એક શક્તિ તરીકે પૂજતા હોઇએ અને ૩૩ કરોડ દેવતાનો એમાં સમાવેશ થયેલ હોય ત્યારે ગાયની દૂધની કિંમત ખરેખર ઊંચી ન હોવી જોઈએ. આ મારું નમ્ર અપીલભર્યુ સૂચન છે. હમણાં મને જાણવા મળ્યું છે કે જૂનાગઢમાં એક ખેડૂત છે. એ ગાયનું દૂધ લિટર ૫૦ રૂપિયાના ભાવે આપે છે. કારણ એને ખબર છે કે ગાય માતાની કિંમત ઊંચી ન હોવી જોઈએ, એટલા માટે ૫૦ રૂપિયા લિટર દૂધ આપે છે. આપણે માતાની કિંમત કરતા હોઈએ એવી ચિંતા કરી હોય તો આજના ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષ્ણરૂપી અવતાર ધરીને કામધેનુ યુનિવર્સિટી દ્વારા ગુજરાતના ગાયની ચિંતા કરી છે. અમારા કચ્છ વિસ્તારમાં માલધારીઓ ઘેંટા, પશુપાલન ધંધો કરે છે. માલધારી સમાજની પરિસ્થિતિ બહુ વિકટ છે. ઘેંટા, પશુપાલન સાથે જોડાયેલા માલધારકો ૧૬મી સદીમાં જીવી રહ્યા છે એમને ઉપર આભ નીચે ધરતી હોય છે. જ્યારે એવા લોકો ૧૫૦૦૦ કુટુંબોને સહાયરૂપ થવા માટે જે કુટુંબો પાસે જમીન પણ નથી, એવા કુટુંબોને સહાયરૂપ થવા માટે એમના ધંધાને પ્રોત્સાહન આપવા માટે વ્યકિતગત વીમા પૉલિસીમાં આવરી લેવા માટે આ બજેટમાં ૩૦ લાખ જેવી જોગવાઈની રકમ ફાળવવામાં આવી છે. હું જે મત વિસ્તારમાંથી ચૂંટાઈને આવું છું તે કાંકરેજ વિસ્તાર છે. કાંકરેજી ગાય સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. ગીરની ગાય સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. જ્યારે આ કાંકરેજી અને ગીરની ગાયની અસલિયત ઓલાદ ન ભૂંસાઈ જાય અને સમગ્ર વિશ્વમાં નામ રહે એ માટે માનનીય કૃષિમંત્રીશ્રી આ વખતના બજેટમાં ગાયની અસલિયત સાચવવા માટે ૨ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરી છે. ગુજરાતના ખેડૂતોના વિકાસ માટે અને એના માટે અદ્યતન કૃષિ માળખાની રચના ઊભી કરવા માટે અને ખેડૂતોને અદ્યતન માર્ગદર્શન મળે એ માટે નવી કૃષિ ઉદ્યોગ નીતિ બનાવીને આ બજેટમાં ૫ કરોડ જેવી માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મોટી મોટી ડેરીઓ આવેલ છે. બનાસ ડેરી, સાબર ડેરી વગેરે આવેલ છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, અમારા બનાસકાંઠામાં બનાસ બૅન્ક આવેલ છે. કૉન્ગ્રેસના શાસનની અંદર આ બનાસ બૅન્કમાં ૩૨૫ કરોડ રૂપિયાની ડિપોઝિટ હતી. જ્યારે તેમાં ભારતીય જનતા પાર્ટીના ચેરમેન આવ્યા એટલે ૬૦૦ કરોડ રૂપિયાની ડિપોઝિટ થઈ. આ બૅન્કમાં કૉંગ્રેસના શાસનમાં ૨૧૦ કરોડનું ધિરાણ હતું જ્યારે ભારતીય જનતા પાર્ટીના ચેરમેન આવ્યા એટલે તેમાં ૫૧૦ કરોડ રૂપિયાનું ધિરાણ થયું. આ બૅન્ક કૉન્ગ્રેસના શાસનમાં ૧૩ ટકાએ ધિરાણ આપતી હતી જ્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૬-૭ ટકાએ ધિરાણ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, ડીફરન્સ એટલો છે કે જ્યારે ૧૩ ટકાએ ધિરાણ કરતા હતા ત્યારે પાંચ કરોડ નફો થતો હતો અને આજે સાત ટકાએ ધિરાણ કરીએ છીએ ત્યારે આઠ કરોડ રૂપિયા નફો થાય છે. એટલે ભારતીય જનતા પાર્ટીની સરકારની તાસીરની સમગ્ર જનતાને ખબર છે. એટલે માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી ખાતુ એ આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી, પદ્ધતિનો ખ્યાલ ખેડૂતોને આપે છે અને વિવિધ યોજનાઓ દ્વારા ખેતીમાં ઉત્પાદકતા વધે અને ખેતીનો વિકાસ થાય તેવું આયોજન કરે છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં વિકાસ દર ૫.૫ ટકા રાખવામાં આવ્યો છે. આ દર હાંસલ કરવા માટે અનેક હેતુઓ પડેલા છે. તે હેતુઓ લક્ષમાં રાખી સરકારે આ દિશામાં અનેક કાર્યક્રમો યોજ્યા છે. આ કાર્યક્રમોમાં એક કાર્યક્રમ યોજ્યો કૃષિ મહોત્સવનો. આ કૃષિ મહોત્સવનો માહોલ ગુજરાતમાં એટલો જામ્યો કે તેના દ્વારા ખેડૂતોએ કૃષિની વૈજ્ઞાનિક પદ્ધતિઓની જાણકારી મેળવી. જે જે ગામોમાં કૃષિરથ ફળ્યો ત્યાં ત્યાં ખેડૂતોના ટોળેટોળાં આવતા હતા. તે વખતે કૃષિ નિષ્ણાતો, વૈજ્ઞાનિકો દરેક પોતાના વિચારો વ્યકત કરી કૃષિ સંબંધી સારુ એવું જ્ઞાન આપતા હતા. તેના કારણે કૃષિના ઉત્પાદનમાં ધરખમ વધારો થયો છે તે આપણે જોઈ શકીએ છીએ. કૃષિના ઉત્પાદન માટે જમીન અને આબોહવા તે અગત્યની બાબત છે. કેટલાક વિસ્તારોમાં જમીન ક્ષારવાળી અને

ભાસ્મિકતાયુકત જમીન છે. આવી જમીનની અંદર ફળો, શાકભાજી, બળતણનું લાકડું કે ઘાસચારો થઈ શકતો નથી. આવી જમીનને સુધારવા માટે સરકારે પ્રયત્નો કરી તેના માટે એક યોજના બનાવી છે. જમીનનું સંરક્ષણ કરવા માટે પણ વિવિધ યોજનાઓ બનાવી છે. ભૂગર્ભમાં કેટલીક જગ્યાએ સારુ પાણી છે અને અમૂક જગ્યાએ કાર્બોહાઈડ્રેડ, નાઈટ્રેટ અને ફલોરાઈડવાળું પાણી છે. જ્યાં આગળ આવું પાણી હોય ત્યાં સારી ખેતી થઈ શકતી નથી. કેટલીક જગ્યાએ જમીનમાં મોળું પાણી છે, સારું પાણી છે અને આવું પાણી ખૂબ ઉપયોગી હોય છે. ત્યાં ખૂબ વાવેતર કરવામાં આવે છે. વિષૃવવૃત્તનો પ્રદેશ નિત્ય લીલા જંગલનો પ્રદેશ કહેવાય છે. આવી જગ્યાએ ઘાસ વાવવામાં આવે તો તેમાં વૃદ્ધિ વધારે થાય છે. ઘાસ વાવવામાં આવે, પાક કરવામાં આવે, તો એની વૃધ્ધિમાં વધારો થાય છે, આપણે ઘાસ વાવીએ અને એ ઘાસ કાપીએ અને થોડાક દિવસમાં એ ઘાસ એની ઊંચાઈ સુધી પહોંચી જાય છે, એટલે ઘાસમાં ઘણી વૃદ્ધિ થાય છે. આ જગ્યાએ મકાઈ જેવા પાક વાવવામાં આવે તો એ મકાઈના પાકના છોડ દળદાર થાય છે, અને એની ઊંચાઈ પણ સારી થાય છે, અને એક છોડમાં બબ્બે ડોડાં બેસે છે, અને એનું ચિત્ર એટલું બધું રળિયામણું લાગે છે કે, આપણે એ ખેતરને જોઈ રહીએ. એવું આ પાણી છે. તો આવું પાણી જ્યાં જયાં છે ત્યાં ખેતીવાડી સારી થાય છે,ત્યાં ઢોર ઉછેરનો પણ સારો ધંધો થાય છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, આટલા મારા વિચારો રજૂ કરીને માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી અને સહકાર મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ જે માગણીઓ લઈને આવ્યા છે એમને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વે મારા સાથી મિત્રોએ કેટલીક વાતો કરી છે, ઉત્તમ ખેતી કહી છે, ખેડૂતને જગતનો તાત કહ્યો છે, પરંતુ મને કહેતાં દુ:ખ થાય છે કે, આઝાદી મળ્યા પછી ચાલીસ વર્ષ સુધી એવા લોકોના હાથમાં શાસન રહ્યું જેના કારણે જે દેશ એક વિશ્વનો બાપ થઈ શકે એવી તાકાત જે દેશમાં પડેલી છે એના બદલે જે દેશમાં સમૃદ્ધિ પડેલી છે, ગંગા, યમુના, કાવેરી, ક્રિષ્ણા જેવી અફાટ પાણી ભરેલી નદીઓ જે દેશને સમૃદ્ધિ બક્ષે છે, એ નદીઓનો કોઈ ઉપયોગ થયો નથી. જેના કારણે આજે અબજો ગૅલન પાણી દરિયામાં જાય છે જેનો કોઈ સદ્ ઉપયોગ થયો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આજે છેલ્લા દશ વર્ષથી ગુજરાતની અંદર જે પ્રકારે કૃષિ ક્ષેત્રમાં ધ્યાન આપીને, એ દિશા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે એના કારણે ગુજરાતનો ખેડૂત ક્રમશ: આજે એ દિશામાં આગળ વધી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈઝરાઈલ દેશ કે એક જે નાનકડો ખોબા જેવડો છે જે દેશ ચારેબાજુ દુશ્મનોથી ઘ ેરાયેલો દેશ છે અને છતાંય ઈઝરાઈલ જ્યાં ઓછામાં ઓછો વરસાદ પડે છે, છતાં દુનિયાના દેશોને આજે ખેતી કેમ થાય એ જોવા માટે ઈઝરાઈલ જવું પડે છે. આ સ્થિતિ આપણે પણ પેદા કરી શક્યા હોત જો એ દિશામાં ધ્યાન કેન્દ્રિત કર્યુ હોત તો. આજે દુનિયાભરમાં ઓર્ગેનિક ખેતીની અને એની ઊપજની ડિમાન્ડ છે, મને કહેતાં આનંદ થાય છે કે, એ દિશામાં આ સરકારે પ્રયાસ કર્યા છે, આવતા દિવસોમાં ઓર્ગેનિક ખેતી આધારિત વિદેશ પાકો જે દેશોમાં જેની ડિમાન્ડ છે, એ દેશોમાં આપણે નિકાસ કરી શકીએ. કેટલીક નવી વાતો આ સરકાર આ બજૅટમાં લઈને આવી છે જેની અંદર ડેડીયાપાડા ખાતે ખાતે એગ્રીકલ્ચર એન્જિનીયરીંગ કૉલેજ શરૂ કરવામાં આવી રહી છે, ખેડબ્રહમા અને અમીરગઢ ખાતે વન બંધુ કલ્યાણ યોજના આધાર બે નવી કૃષિ પૉલિટેકનિક કૉલેજો પણ શરૂ કરવામાં આવી રહી છે, જગુદણ અને ડીસા ખાતે બે નવી પૉલિટૅકનીક શરૂ કરવાનું આયોજન પણ શરૂ કરવામાં આવ્યું છે. આના દ્વારા આવતા દિવસોમાં કૃષિનો વિકાસ કેમ થઈ શકે એ આખા દેશને આ ગુજરાતનું દિશા દર્શન કરાવવા માટેનો આ એક પ્રયાસ છે. જ્યારે ખમીરવંતો ખેડૂત ગુજરાતની તમામ પ્રકારની આમસલાહ લઈને જે ખેતી કરી રહ્યો છે, એમને જે જરૂરિયાત છે, એના અંગેની યોજનાઓ પણ આ સરકારમાં લઈને માનનીય મંત્રીશ્રી લઈને આવી રહ્યા છે આજે જે પ્રકારે ઉત્પાદન થયું છે એ ઉત્પાદનની જાળવણી માટે કોલ્ડ સ્ટોરેજ આધુનિક પદ્ધતિના કે જે કોલ્ડ સ્ટોરેજની અંદર આજે જે માલ રાખ્યો હોય એ માલ છ મહિના પછી બહાર કાઢવામાં આવે તો એ જ કવોલિટીનો, એ જ સ્થિતિમાં મળી શકે એ પ્રકારના આધુનિક કોલ્ડ સ્ટોરેજો માટેની યોજનાઓ લઈને આવી રહ્યા છે. ટીસ્યુ કલ્ચર જે આધુનિક પદ્ધતિ છે, એ આધુનિક પદ્ધતિનો આજ દિવસ સુધી કોઈ ઉપયોગ થયો નથી, આ ટીસ્યુ કલ્ચર દ્વારા એક જબરજસ્ત ક્રાંતિ આવતા દિવસોમાં આવી રહી છે. એનો પણ મને આનંદ છે.

**સભાપતિશ્રી** : સભાગૃહનો વિરામનો સમય થયો છે, સભાગૃહની બેઠક ૩-૧૫ કલાકે ફરી મળશે. માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫ કલાક**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ગોવિંદભાઈ પટેલ : (ક્રમશ:)**માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા જઈ રહ્યો હતો કે, જે દિશામાં દુનિયા આજે પ્રગતિ કરી રહી છે એની સાથે જો આપણે તાલમેલ ન મેળવીએ તો આપણો ક્રમ ક્યાં ધકેલાઈ જશે એની કોઈ કલ્પના નથી. ગુજરાત સરકારે છેલ્લા આઠ-દસ વર્ષમાં કૃષિ ક્ષેત્રમાં જે પ્રકારે હરણફાળ ભરી છે અને એને આનુષાંગિક પગલાંઓ લીધાં છે એના કારણે ચોંકાવનારા અને આશ્ચર્યજનક પરિણામો આવ્યાં છે. ૨૦૦૨-

૨૦૦૩ની સાલમાં જે ઋતુ પ્રમાણે પાકો લેવાય છે એમાં ચોમાસુ ૮૬.૩૦ લાખ હેકટર, શિયાળુ ૧૬.૬૯ લાખ હેકટર, ઉનાળુ ૩.૩૨ લાખ હેકટર કુલ મળીને ૧૦૬.૩૧ લાખ હેકટરમાં પાક લેવાતા હતા. તેની સામે ૨૦૦૭-૨૦૦૮ની સાલમાં ચોમાસુ પાક ૮૮.૯૯ લાખ હેકટર, શિયાળુ ૩૪.૪૦ લાખ હેકટર, ઉનાળુ ૭.૧૨ લાખ હેકટર એમ કરીને કુલ ૧૩૦.૫૧ લાખ હેકટરમાં આજે કુલ પાકનું વાવેતર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, પાકોની દ્રષ્ટિએ પણ જે ઉત્પાદનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ છે એના આંકડાઓ પણ ઉપલબ્ધ છે જે અત્રે હું વાચતો નથી પણ છેલ્લા આઠ વર્ષમાં જે પ્રગતિ થઈ છે એના કારણે માત્ર મારુ એક સજેશન છે કે, આજે આપણે જે બિયારણો મંગાવીએ છીએ બહારથી અને એ બિયારણને એક વખત વાવ્યા પછી ફરીવાર એજ બિયારણનો વાવવા માટે ઉપયોગ થઈ શકતો નથી ત્યારે મારી માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી છે કે, આજ પ્રકારના બિયારણો આપણી કૃષિ યુનિવર્સિટી મારફત, આપણા બિયારણ કેંદ્રો મારફત એનું સંશોધન થાય અને ઉત્પાદન થાય જેના કારણે આવતા વર્ષોમાં આપણો ખેડૂત પાંગળો ન બને એની આપણે ચિંતા કરીએ. આટલું કહી હું મારી વાત પૂરી કરું છું અને માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે કૃષિ સહકાર અને પશુ પાલનની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને મારા મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ કૃષિ અને ઋષિના દેશ તરીકે ઓળખાય છે એ ભારત દેશમાં કૃષિને પ્રાધાન્ય આપવા માટે અને ખાસ કરીને ગુજરાતના લોકો જે ૮૦ ટકા જેવા ખેતી આધારિત છે એના માટે જે સરકારે ૨૦૦૧માં જે બજૅટની ફાળવણી કરી હતી એના કરતા અનેક ગણી ફાળવણી કરી અને આ ખેડૂતોને પ્રાધાન્ય આપ્યું છે એના માટે કૃષિ મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને એમાંય ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જે પાણીની તંગીના કારણે ખેતી કરતા ખેડૂતોને હિજરત કરવી પડે એવી સ્થિતિ જે દસ વર્ષ પહેલા હતી. આઝાદી પછી જે લોકોએ શાસન કર્યું એમને આ ગુજરાતમાં ખેતીને પ્રાધાન્ય આપવાનું આજ દિન સુધી સૂજ્યું નહીં. ૧૯૯૫ પછી જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ૨૦૦૯ સુધીમાં જે ખેતીનો વિકાસ કર્યો છે અને એક ઉદ્યોગ તરીકે એને ગણીને એ પ્રકારે એના માટે બજૅટમાં ફાળવણી કરી છે એ પ્રકારે આજે ગુજરાતમાં વારસાગત ખેતી કરવાનું પસંદ કર્યું છે. જે ખેતીને ઉત્તમ ખેતી ગણી હતી પરંતુ જે ખેતી કરવાવાળો વર્ગ છે, જે ખેડૂત વર્ગ છે એમણે છેલ્લાં દસ વર્ષમાં ફરી પાછું ખેતી કરવાનું પસંદ કર્યુ છે સરકારશ્રીએ અનેકવિધ યોજનાઓ દ્વારા ખેડૂતોને જે પ્રોત્સાહન રૂપે બજૅટમાં જે જોગવાઈ કરી છે એના કારણે ખેડૂતોની આવકો વધી છે એના કારણે ખેડૂતોએ ખેતી તરફ એમનું લક્ષ્ય દોર્યુ છે. વર્ષોથી આપણે ખેતી કરતા આવ્યા છીએ પરંતુ ખેતીમાં ક્યારેય પણ કંઈ વધ્યું નથી એ પ્રકારની ખેડૂતોની ચિંતા હતી પરંતુ ગુજરાત સરકારે એ ચિંતા સેવીને ખેડૂતોના તેમના પાકમાં અનેકગણો વધારો થયો છે. એમની આવકમાં વધારો થયો છે એના કારણે આખા રાજયમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેડૂતો ખેતી તરફ વળ્યા છે. ખેડૂતો વારસાગત અને વર્ષોથી ખેતી કરે છે પરંતુ કૃષિ મહોત્સવ દ્વારા કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિના અધિકારીઓ જેમણે ગામડે ગામડે જઈ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી જે ખેતી કરવાનું માર્ગદર્શન આપ્યું જેના કારણે ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન દ્વારા ઓછા ખર્ચે ખેતી થઈ શકે એ માટે જે સરકારશ્રીએ ડ્રીપ ઈરીગેશન અને એમાં અપાતા વીજ કનેકશનો પણ આપી અને ખેડૂતોને જે પ્રોત્સાહન આપ્યું છે. ઉર્જામંત્રીશ્રીએ ૨૩ હજાર જેટલા વીજ કનેકશનો ખેતીવાડીના આપ્યા છે અને ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન તરફ વાળ્યા છે. ઓછા ખર્ચે ખેતી કરવા તરફ વાળ્યા છે અને ખેડૂતોની આવકમાં અનેકગણો વધારો થયો છે. ખેડૂતો વર્ષોથી ખેતી કરે છે. આઝાદી પછી પણ ખેડૂતો ૧૯૯૫-૯૬ સુધી ખેતીનો ધંધો કરતા આવ્યા છે, પરંતુ તે દરમ્યાન ખેતીમાં અકસ્માતે ખેડૂતનું મૃત્યુ થતું પરંતુ ખેડૂતનું જે આકસ્મિક મૃત્યુ થાય એના માટે કોઈ સહાય હતી નહિ. ૧૯૯૬માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આકસ્મિક વીમા યોજના લાવી. ૨૦૦૯ સુધીમાં આખા રાજયના ખેડૂતોને આવરી લીધા. જ્યારે આ વરસાદનો સમય છે, મોસમ છે, વરસાદ અને વીજળી બન્ને આકાશમાંથી આવે છે એવીજ રીતે પ્રજામાંથી ચૂંટાયેલા અને જેમને લોકોએ સમર્થન આપ્યું છે એવા આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એમણે જે પ્રકારે વરસાદ ભીંજવે છે લોકોને ભીંજવે છે અને વીજળી પણ જલાવે છે એવી જ રીતે આપણા મુખ્યમંત્રી દિલ્હી જાય અને રજૂઆત કરે તો આખા ગુજરાતની પ્રજાને ભીંજવી દે છે મારે કહેવું જોઈએ કે તાજેતરમાં એમણે દિલ્હી જઈ જે રજૂઆત કરી તે ખૂબ સારી કરી છે અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સૂરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી આ ગૃહની અંદર જે કૃષિની માગણીઓ લઈને આવ્યા છે એમને હું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

આ દેશની અંદર ખેડૂતો જે ખેતી કરે છે, એ ખેતી એમના માટે વ્યવસાય નહિ પણ ખેતી એ જીવનનો એક હિસ્સો બની ગયો છે. અનેક મુશ્કેલીઓ, અનેક અવરોધો, અનેક પ્રકારની આફતો આવવા છતાંય ગામડાઓની અંદર રહેતા ખેડૂતો એ ખેતીના વ્યવસાય સાથે લાગેલા રહે છે.રાત-દિવસ મહેનત કરી હોય, હજારો રૂપિયાનો ખર્ચ કર્યો હોય પરંતુ તે ચોક્કસ કહી શકતો નથી કે તેનું ઉત્પાદન અને તેના જે નાણાં તે પોતાના ઘરે આવે. આવી પરિસ્થિતિમાં સરકાર આ ખેડૂતોની મદદે આવી છે અને આવે છે. વિવિધ યોજનાઓ થકી સરકાર

ખેડૂતોને સધીયારો આપે છે કે તમે ચિંતા કરશો નહીં સરકાર તમારી સાથે છે. દુષ્કાળને કારણે ઉત્પાદનનો અભાવ હોય ત્યારે પાક વીમાનો સહારો લઈને આ સરકાર આવે છે. જ્યારે પાકનું ઉત્પાદન ખૂબ થયું હોય પરંતુ તેની કિંમત ના આવતી હોય ત્યારે મિનિમમ સપોટ પ્રાઈઝ લઈને સરકાર ખેડૂતને સહારે આવે છે. ખેતીવાડીની અંદર કોઈ ખેડૂત કામ કરતો હોય અને અકસ્માતે તેનું મૃત્યું થાય ત્યારે તેના પરિવારની સહાય માટે તે કૃષિ કાર યોજના લઈને આવે છે.

મારે કૃષિ વીમા યોજનાની થોડીક વાત કરવી છે. સરકારશ્રીએ જે ખેડૂતોને સધિયારો આપ્યો છે ૧૯૯૯ થી ૨૦૦૭-૦૮ સુધીમાં આ રાજયના ખેડૂતોને વીમા વળતર પેટે ૨૫૫૮ કરોડ રૂપિયાની સહાય ખેડૂતોને આપી છે. તેમાંથી રાજય સરકારનો હિસ્સો પ્રીમિયમને બાદ કરતાં એક હજાર કરોડનો છે. આ એક હજાર કરોડથી ખેડૂત નિશ્ચિંત બન્યો છે કે પાકની અંદર કદાચ આપણને કંઈક ઓછું આવશે તો સરકાર આપણને આપશે. મારે આ ગૃહના સન્માનનીય સભ્યોને જણાવવું છે કે જે વીમાનું પ્રીમિયમ છે તે પ્રીમિયમની અંદર સરકાર ખૂબ મોટી સબસીડી આપે છે. બે-ત્રણ પાકોના જે કોમર્શીયલ રેઈટ દા.ત. બાજરો. તો બાજરાનો ખરેખર કોમર્શિયલ રેઈટ ૧૭.૪૦ છે પરંતુ સરકાર ખેડૂતો પાસેથી સાડા ત્રણ રૂપિયા લે છે. તલનો ૧૬ રૂપિયા અને ૩૫ પૈસા છે પણ સરકાર તેના ઉપર સાડા ત્રણ રૂપિયા લે છે. મગફળીના ૨૬ અને ૨૫ પૈસા છે પણ સરકાર તેના સાડા ત્રણ રૂપિયા લે છે. મગ તેના ૨૧ અને ૧૦ પૈસા છે પણ સરકાર તેના ૨ રૂપિયા અને ૫૦ પૈસા લે છે. મઠ ૨૬ અને ૫૦ પૈસા એકચ્યુલ પ્રીમિયમ કોમર્શિયલ પ્રીમિયમ છે પણ સરકાર તેના ૨ રૂપિયા અને ૫૦ પૈસા લે છે. આ જો પ્રીમિયમ ઉંચુ હોય તો ખેડૂતો લઈ શકતા નથી એટલે આ સરકાર છે તે ખેડૂતોની આવી રીતે સહારે આવે

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે-ત્રણ સૂચનો કરવાં છે. કપાસનું જે ખરેખર પ્રીમિયમ છે તે ગયા વર્ષે ૧૭ રૂપિયા અને ૫૫ પૈસા હતું. અત્યારે ગુજરાતની અંદર ૨૪ લાખ હેકટરની અંદર કપાસનું વાવેતર થાય છે. જે ટોટલ વાવેતર વિસ્તાર છે તેમાં સૌથી વધારે કપાસનું વાવેતર છે. ૧૭ રૂપિયા અને ૫૫ પૈસા જે પ્રીમિયમ છે તે ખૂબ ઉંચુ પ્રીમિયમ હોવાથી ક્રોપ ઇન્સ્યુરન્સની અંદર કપાસના વીમાની અંદર લોકપ્રિયતા નથી. ખેડૂતો કપાસના ઉત્પાદનમાં વીમો લેવા માટે રાજી નથી. કેન્દ્ર સરકારે પ્રીમિયમ નક્કી કરવાની જે સિસ્ટમ ઉભી કરી છે તે સિસ્ટમમાં ફેરફાર કરવાની જરૂર છે. દશ વર્ષના જે ઉત્પાદનના આંકડાઓ આધારિત જે પ્રીમિયમ નક્કી કરે છે તે પ્રીમિયમમાં સુધારો કરીને આપણે જો પાંચ વર્ષનું ઉત્પાદનનું કરીએ તો તેમાં કંઈક થોડોક સુધારો થઈ શકે તેમ છે. મારે માનનીય કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીને અભિનંદન આપવા છે કે ગયા વર્ષે કેન્દ્ર સરકારમાં મજબૂત રજૂઆત કરીને ૧૭ રૂપિયા અને ૫૫ પૈસાના પ્રીમિયમમાંથી ૯ રૂપિયા અને ૨૫ પૈસાનું પ્રીમિયમ કરાવીને લાવ્યા છે. ત્યારે મારે ફરી વખત માનનીય મંત્રીશ્રી દિલીપભાઈને અભિનંદન આપવા છે. પરંતુ હજુ પણ રૂા. ૯.૨૫ પૈસા વધારે છે, ત્યારે સરકાર એમાં કંઈક વ્યવસ્થિત વિચારે એવી મારી રજૂઆત છે. મારે માનનીય મંત્રીશ્રીને બીજું સૂચન એ કરવું છે કે પ્રીમીયમ નકકી કરવા માટેનું એકમ અત્યારે રાજય છે, એમાંથી તાલુકા લેવલે એકમ બને એવી મારી અપીલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને પશુપાલન અને મત્સ્યોદ્યોગ ખાતાના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, એક તો આજે શ્રાવણ માસનો પહેલો દિવસ છે. શંકર ભગવાનની પૂજા-અર્ચનાનો દિવસ પણ છે..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે ૫ મિનિટ છે. પૂજા કરો કે પ્રવચન કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ, એટલા માટે કહું છું કે પાછળ શંકરભાઈ બેઠા છે અને વિષય પણ છે મત્સ્યોદ્યોગનો.

**અધ્યક્ષશ્રી** : આપને વધારે મિનિટો જોઈતી હશે તો દિલીપભાઈની કપાશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : વિષય મત્સ્યોદ્યોગનો છે અને પાછળ શંકરભાઈ બેઠા છે, એટલે શ્રાવણ માસને યાદ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો સર્વાંગી અને સંપૂર્ણ અને સમતોલ વિકાસ થાય એ દરેક શાસકોની ફરજ છે. દૂરના છેવાડાના દરિયા કિનારે રહેતા લોકોનો વિકાસ થાય, દરિયા કિનારાની સંપત્તિનો પણ રાજયના વિકાસમાં મહત્તમ ઉપયોગ થાય એ નીતિ શાસનકર્તાઓની હોવી જોઈએ. પણ ભૂતકાળના શાસકોના શાસનમાં એવી કમનસીબી થઈ કે ગુજરાતના આટલા મોટા ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારાનો લાભ ન મળી શકયો.

આ દેશના ૯ રાજયો એવા છે કે જેને દરિયાઈ સીમા લાગે છે. એ પૈકીનું એક રાજય ગુજરાત છે. આ ૯ રાજયો પૈકી આખા દેશનો વન થર્ડ દરિયા કિનારો જેને સ્પર્શે છે એવું કોઈ રાજય હોય તો તે આપણું ગુજરાત રાજય છે. એટલે સ્વાભાવિક છે કે દરિયા કિનારાના વિકાસની સાથે સાથે ત્યાં વસતા લોકોનો પણ વિકાસ થાય તેવો સરકારનો પહેલો અભિગમ હોવો જોઈએ. પરંતુ આ પરિસ્થિતિ જે સમજવી જોઈએ અને વિકાસની જે પરંપરા શરૂ થવી જોઈએ તેના બદલે કમનસીબી એવી થઈ કે સમતોલ વિકાસ ન થયો. પરિણામે ગત વર્ષથી, હું ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને એટલા માટે અભિનંદન આપું છું કે વર્ષોથી વંચિત અને ઉપેક્ષિત રહેલા વિસ્તારો એવા સાગર કિનારાના, દરિયા કિનારાના વિસ્તારોનો અને ત્યાં વસતા માનવીઓનો પણ વિકાસ કરવા માટેની ૧૧,૦૦૦ કરોડની એક સાગરખેડૂ યોજના લાવવામાં આવી અને એમાં દરિયા કિનારે

રહેતી માનવ વસતિ, દરિયા કિનારાની સંપત્તિ અને દરિયા કિનારાનો સર્વાંગી અને સમતોલ વિકાસ થાય એ મુખ્યમંત્રીશ્રીની દ્રષ્ટિમાંથી આપણને ફળીભૂત થાય છે. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે આ પ્રકારની પરિસ્થિતિ જો ભૂતકાળમાં થઈ હોત, વિકાસની પ્રક્રિયા આ વિસ્તારના વિકાસ માટે શરૂ થઈ હોત તો આવડું મોટું બજેટ અને રાજયના આ વિસ્તારોના વિકાસની ચર્ચા કરવાની કે એને માટે પૈસા ફાળવવાની કોઈ જરુર આજે ન હોત. પરંતુ એવી પરિસ્થિતિ થઈ કે જેથી વિકાસ થઈ શકયો નહોતો. પરંતુ આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીના અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આપણે એ શરૂ કરી શકયા છીએ.

મારે બીજી વાત એ કરવી છે કે સાગર કિનારા સાથે મત્સ્યોદ્યોગ સંકળાયેલો છે. એની સાથે આ મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિને વેગ મળે. અત્યારે જે રીતે સી-ફૂડનું આંતરરાષ્ટ્રીય મારકેટ છે, એમાં આ સી-ફૂડનું મેકસીમમ એકસ્પોર્ટ થવાની શરૂઆત થઈ ગઈ છે. છેલ્લા બે ત્રણ વર્ષથી આપણે એ કરી શકયા છીએ. પરિણામે આપણા જે બે મહત્વના બંદરો છે, તે પૈકી જાફરાબાદ અને ઓખા બંદર, એ બન્ને બંદરોને મત્સ્યોદ્યોગના બંદર તરીકે વિકસાવવાની જાહેરાત ગુજરાત સરકારે કરી છે. આ જ દર્શાવે છે કે આ સરકાર બંદરોના વિકાસની સાથેસાથે દરિયાઈ પટ્ટીમાં રહેલી સાગર સંપત્તિનો પણ વિકાસ થાય એની પણ એમને એટલી જ ચિંતા છે અને આના માટે ૧૬ કરોડ રૂપિયા જેવી રકમ પણ ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે ૧૬૦૦ કિલોમિટરનો સાગર કિનારો અને એ પણ વિદેશી બોર્ડર સાથે સંકળાયેલ છે. ખાસ કરીને પાકિસ્તાન સાથે સંકળાયેલ છે ત્યારે અનેક સાગરખેડુ, અનેક માછીમારો આ બોર્ડર ક્રોસ કરવાના ગુનામાં પકડાઈને પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે. આ પ્રશ્ન વર્ષો પૂરાણો પ્રશ્ન છે અને વર્ષોથી આપણે જોઈએ છીએ આના લીધે નિદોર્ષ સાગરખેડૂતો પાકિસ્તાનની જેલમાં સબડે છે. મારે માનનીય કૃષિ મંત્રીશ્રીને અને સરકારને એટલા માટે અભિનંદન આપયાં છે કે લગભગ ૭૦ કરોડ રૂપિયા જેવી રકમ એમણે માછીમારોને આ થતી હેરાનગતિ અટકાવવા મત્સ્ય બોટો ઉપર સેટેલાઈટ બેઈઝ ટ્રેકિંગ અને વોર્નિંગની સિસ્ટમ લગાડવા માટે ૮૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આનાથી શું થશે કે મત્સ્યોગ માટેની બોટ જાય છે એનું સ્થળ જાણી શકાશે અને આંતર રાષ્ટ્રીય જળ સીમાનો ભંગ કરે તો તાત્કાલિક ચેતવણી આપીને એને ત્યાં અટકાવી શકાય અને કુદરતી આપત્તિના સમયમાં આપણે એને ફરીથી કિનારે બોલાવી શકીએ એ પ્રકારની સિસ્ટમ ગુજરાતમાં આ સરકારે પહેલીવાર અમલમાં મૂકી છે એને અભિનંદન આપીને આ માગણીઓને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભાજપની સરકાર જયારથી ગુજરાતમાં આવી છે ત્યારથી ઈશ્વરને પણ એ ગમ્યું છે અને વરસાદ પણ સારો પડે છે. આ ગુજરાત એ કૃષિ ઉપર આધારિત રાજય છે અને છેલ્લા ૫ વર્ષમાં કૃષિ ઉત્પાદનના આંકડા જોઈએ તો ૫૦૦ ટકાનો વધારો ખેત ઉત્પાદનમાં થયો છે. મારે આજે બે ચાર વાતો એ કરવી છે કે કેન્દ્ર સરકાર વિવિધ જાહેરાતો કરે છે, ખેડૂતોને ૭ ટકા વ્યાજે લોન આપવાની જાહેરાત કરી, પરંતુ નેશનલાઈઝડ બેંકોમાં ખેડૂતો ખૂબ ધક્કા ખાય છે છતાં ત્યાં કોઈને લોન આપવામાં આવતી નથી અને આ તો અત્યારે ખેડૂતોને •(xxxx) આવે છે.

**અધ્યક્ષશ્રી** : એ તમારા * (xxxx) આવે છે એ શબ્દો હું કાઢી નાંખું છું. સીધી વાત કરો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે ત્રણ વાતો કચ્છ માટે કહેવી છે કે રાજયમાં સહકારી બેંકો છે તેમાં સૂચન કરવા માગું છું કે અત્યારે ખેડૂતદીઠ લોન આપવામાં આવે છે. જયાં ૫ એકર જમીન ધરાવતો ખેડૂત હોય તો એને પણ એટલી જ અને ૫૦ એકર ખેતીની જમીન ધરાવતો ખેડૂત હોય તો એને પણ એટલી જ લોન આપવામાં આવે છે. તો આ એકર આધારિત લોન કરવામાં આવે એવું સૂચન છે.

બીજું સૂચન એ છે કે અત્યારે આપણે કૃષિ ક્ષેત્રે ખૂબ જ આગળ વધી રહ્યા છીએ. ગુજરાત રાજયમાં અને એમાં પણ કચ્છમાં ખેતી બાગાયત અને ટપક પધ્ધતિથી થઈ રહી છે ત્યારે ખેડૂતોને માટે જે સિંલિંગ એકટ છે એ ૫૫ એકરની છે એમાં પણ થોડોક વધારો થાય. એક ખેડૂતને મબલખ પાક લેવો હોય તો સિલિંગ એકટમાં સુધારો કરીને લગભગ ૨૫૦ એકરમાં ખેડૂતને ખેતી કરવાની છૂટ મળે તો બાગાયત અને ટપક સિંચાઈ પધ્ધતિને પણ અપનાવીને ખૂબ વિપુલ પ્રમાણમાં પાક લઈ શકશે. મારા મત વિસ્તાર અબડાસા અને નખત્રાણામાં ખૂબ મબલખ પાક થાય છે એમાં કપાસ, ઘઉં અને બાજરી ખૂબ પ્રમાણમાં થાય છે. આ વિસ્તારમાં માર્કેટ યાર્ડ નથી. ખેડૂતોને માલ વેચવા માટે ખૂબ જ દોડધામ કરવી પડે છે. તો ત્યાં આગળ નવાં માર્કેટ યાર્ડ બનાવવાનું મારું સૂચન છે.

કચ્છના રણની વાત કરું તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ રણ આશીર્વાદરૂપ બને અને એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે કચ્છમાં કચ્છના ખેડૂતો એ કચ્છના રણમાં ખેતી કરે એના માટે કોઈ એક તાલીમ અને માર્ગદર્શનનો કેમ્પ થાય અને કચ્છના રણમાં કચ્છના ખેડૂતો ખેતી કરતા થાય એવું મારું સૂચન છે. બીજું મારે એક સૂચન એ પણ કરવાનું છે કે કચ્છમાં મુખ્ય ખેતી અબડાસા, માંડવી, અંજાર અને ભચાઉ બાજુ

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

થાય છે, પણ કમનસીબે અંજાર, ભચાઉ અને માંડવી એ ડાર્કઝોન જાહેર થયેલા છે તેથી તે ડાર્ક ઝોન માટે પુન: વિચારણા કરવામાં આવે તો અબડાસા, માંડવી અને ભચાઉ જે ખેતીવાડી આધારિત તાલુકાઓ છે તેને ફાયદો થાય. માનનીય મંત્રીશ્રી પાસેથી બીજી પણ એ અપેક્ષા રાખું છું કે કચ્છ આખામાં કયાંય પણ ખેડૂતોને ફળ-ફળાદી અને બીજી વસ્તુઓ સાંચવવા માટે કોલ્ડ સટોરેજ નથી. તો કચ્છના મુખ્ય મથકે સરકારશ્રી તરફથી કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે પણ મારું સૂચન છે. તો એ અંગે પણ સરકાર વિચારણા કરે તેવી વિંનંતી છે. કચ્છમાંથી ઘણો માલ એકસ્પોર્ટ થાય છે, કેસર કેરી કચ્છની ખૂબ વખણાય છે, ખારેક પણ આપ સૌએ ખાધી છે, ખારેક પણ ખૂબ વખણાય છે, એટલે કચ્છમાં એક એરપોર્ટ કાર્ગોની વ્યવસ્થા કરવામાં આવે તો આ મબલખ પાકની મબલખ મૂડી કચ્છના લોકોને મળે એમ છે. મારે એક એ વાત પણ કહેવી છે કે અત્યાર સુધી માનનીય વડાપ્રધાન નહેરુજીથી લઈને અટલજી સુધીની કોઈ પણ સરકારોએ ખેડૂતો ઉપર ઈન્કમટેક્ષ નાખવાનો પ્રયત્ન નથી કર્યો પણ ગત સરકારે ડિસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકના નફા ઉપર વ્યાજ નાખવાની કોશીશ કરી છે તે આડકતરી રીતે ખેડૂતો ઉપર ઈન્કમટેક્ષ નાખ્યો છે. એટલે મારી વિનંતી છે કે આ પણ મારું એક સૂચન છે અને કેન્દ્ર સરકાર પાસેથી તે માફ કરાવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે સવા ચાર વાગ્યે પૂરું કરવાનું છે.

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રાવણીયા વરસાદની ભીની માટીના મહેકભર્યા ખુશ્નુમાં વાતાવરણ અને કિસાનોના હૃદયમાં આનંદની હેલીના વાતાવરણમાં રાજયના કૃષિ, પશુ પાલન, મત્સ્યોદ્યોગ વિભાગના અંદાજપત્રની માગણીઓ રજૂ કરવાની મને અનુકૂળતા કરી આપવા માટે સર્વ પ્રથમ પરમકૃપાળુ વરૂણદેવને પ્રણામ સાથે હું આભારી છું. મને આ સમયે બે મુક પંકિતઓ યાદ આવે છે.

**મોસમ છે, મોકો છે, ચાલો મસ્ત થઈ જઈએ,**
**મન દઈને મેઘો વરસ્યો, ચાલો તરબર થઈ જઈએ,**

**અધ્યક્ષશ્રી** : આમાં દિલીપભાઈ, ખાલી ખાલી ન હોય, બીજા પૂર્વ કૃષિ મંત્રીઓ મેઘ લાડુ કરતા હતા.

**શ્રી દિલીપ સંઘાણી** : થશે હવે, કરાવી દઈશું, માનનીય અધ્યક્ષશ્રીનો સમય લઈ ને ગોઠવીશું, બી ઉગશે, મહેનત ઉગશે, ખેડૂતોના ભાગ્ય ઉઘડશે, રાજયનો વિકાસ થશે, ગરવી ગુજરાતના વિકાસની કૂચમાં હવે કૃષિનું બળ ભાગ ભજવશે, મારા દિલની વાત કહું તો આ વાતાવરણમાં કૃષિનું અંદાજપત્ર રજૂ કરવાથી કંઈક ઓર ગૌરવ અનુભવું છું. આજે જયારે વાવણી લાયક વરસાદ સાર્વત્રિક થયો છે અને આગામી સમયની પાણીની ચિંતા દૂર થઈ છે ત્યારે ગુજરાતનો ખેડૂત, પશુપાલક અને ગામડાંઓ ખૂબ ખુશ છે ત્યારે રાજયના કૃષિ મંત્રી તરીકે અને ખેડૂત પુત્ર તરીકે સ્વાભાવિક છે કે મારા અંદાજપત્રની માગણી રજૂ કરતા આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તે પ્રગતિના મૂળમાં અને રાજયના વિકાસના મૂળમાં જે સ્થિતિ આજે છે તે સમગ્ર દેશ અને દુનિયા સૌ જાણે છે. વીસ વર્ષ પહેલા સામી પાટલીએ જયારે બેસવાની તક રાજયની પ્રજાએ અમને આપેલી, ત્યારે હું જોતો કે અમે પણ કેટલાય આંદોલનોનું નેતૃત્વ કરતાં, પરંતુ એ આંદોલનો કેવા પ્રકારના હતા એ જણાવું. પીવાના પાણીના પ્રશ્ન માટે આંદોલન કરતાં, કેરોસીન ન મળતું હોય એના માટે, રસ્તાઓ ખાબડ ખૂબડ હોય એના માટે, વીજળીના પ્રશ્ન માટે આંદોલનો થાય, વિકાસના પ્રશ્ન માટે આંદોલન થાય, શિક્ષકો ન મળતા હોય એના માટે થાય, નિશાળના ઓરડાઓ માટે આંદોલનો. આવા બધા પ્રશ્નો ઉકેલવા માટે આંદોલનો થતા હતા. એના બદલે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચે હવે આંદોલનો શરૂ થયા છે નવા જ પ્રકારે એ પ્રશ્નના ઉકેલ માટે આંદોલનો શરૂ થયા છે. કૃષિ ક્ષેત્રે ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા માટે કૃષિ મહોત્સવનું આંદોલન, પાણીના પ્રશ્નો ઉકેલવા માટે જળ ક્રાંતિના આંદોલનો, કન્યાને બાળકોના શાળાના પ્રવેશ માટે પ્રવેશોત્સવનું આંદોલન, રસ્તાના પ્રશ્નો ઉકેલવા માટે વિકાસ પંથ, ગૌરવ પંથ કિસાન પંથ જેવા આંદોલન પશુના આરોગ્ય સુધારવા માટે આરોગ્ય મેળાના આંદોલન, આ બધા જ આંદોલન ગુજરાતના વિકાસને અને ગુજરાતની જનતાને જે દિશાઓ તરફ લઈ જાય છે ત્યારે મને કંઈક શાસ્ત્રોક્ત રીતે મારા વાચવામાં આવ્યું તે યાદ આવે છે. " સુખસ્ય મૂલ ધર્મ, ધર્મસ્ય મૂલ અર્થ, અર્થસ્ય મૂલ સૂરાજ્ય. સુખનું મૂળ ધર્મ છે, ધર્મનું મૂળ ધન છે અને અર્થનું મૂળ રાજયની સુવ્યવસ્થા છે. કે આ રાજયની સુવ્યવસ્થા છે એના કારણે કૃષિ સહકાર પશુપાલન અને ડેરી તથા મત્સ્યોદ્યોગ વિભાગમાં વર્ષ ૨૦૦૯-૧૦ની અંદાજપત્રીય માગણીઓ હું ગૃહ સમક્ષ લાવ્યો છું એની કેટલીક મુખ્ય વિગતો હું આપના માધ્યમથી ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે દસમી પંચવર્ષીય યોજના દરમિયાન ૨૦૦૨-૦૭ દરમિયાન દેશનો ૨.૭૩ ટકા કૃષિ વિકાસ દરની સામે ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૦.૫૧ ટકા નોંધાયેલ છે. જે દેશના કૃષિ વિકાસદર કરતાં ઘણો ઉચો છે. જે માટે સાનુકૂળ કુદરતી પરિબળો અને માનનીય મુખ્યમંત્રીશ્રીના સબળ અને સફળ નેતૃત્વ અને ઉત્કૃષ્ટ માર્ગદર્શન તથા કૃષિ મહોત્સવના આયોજન અને જળ સંચયના કારણે મોટા પ્રમાણમાં પિયત સગવડ કરવા માટે સફળ આયોજન છે.

કૃષિ ખાતા માટે પાક વ્યવસ્થા સાદરે ૨૦૦૧-૦૨માં રૂપિયા ૮૭.૨૦ કરોડની સામે ૨૦૦૯-૧૦ માટે રૂપિયા ૭૪૨.૪૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે ૮૦૦ ટકા જેટલો વધારો દર્શાવે છે અને એના માટે હું માનનીય નાણામંત્રી જે પોતાનો રેકૉર્ડ પોતે તોડવા માટે સારા દેશ અને ગુજરાતમાં એક સુવિદિત છે તેવા

માનનીય વજુભાઈનો આભારી છું. તાજેતરમાં અમૅરિકાની સંસ્થા ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રીસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા ૨૦૦૧-૦૨ થી ૨૦૦૭-૦૮ દરમિયાન સમગ્ર ભારતમાં ગુજરાત રાજય ૯.૬ ટકા જેટલા ઊંચો સરેરાશ કૃષિ વિકાસ દર મેળવીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. રાજયના ખેડૂતોનો અથાગ પરિશ્રમ માનનીય મુખ્યમંત્રીશ્રીના આગેવાની નીચે અનુકૂળ નીતિઓને કારણે આ શકય બન્યું છે. ગુજરાત રાજયમાં સને ૨૦૦૧ ની સરખામણીએ ગયા વરસે કપાસના પાકમાં સો ટકા જેટલો વધારો નોંધાયો છે. જ્યારે ઉત્પાદન ૧૩ લાખ ગાંસડીથી વધીને ૭૬ લાખ ગાંસડી થયેલ છે. આ રીતે ઉત્પાદનમાં છ ગણો વધારો એ કૃષિ ક્ષેત્રે એક નવો વિક્રમ સર્જાયો છે. ૨૦૦૫-૦૮ સુધીમાં કૃષિ મહોત્સવની ભવ્ય સફળતા, ચાલુ વરસે ચૂંટણીના કારણે આના ઢાંચામાં ફેરફાર કરીને તારીખ ૨૦-૫-૦૯ થી ૫-૬-૦૯ દરમિયાન ખરીફ કૅમ્પો તરીકે રાજયની ચાર કૃષિ યુનિવર્સિટીને ત્રણ દિવસના કાર્યક્રમમાં કૃષિ મેળા,પ્રદર્શન અને સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.કૃષિ મહોત્સવ ૨૦૦૯-૧૦ દરમિયાન ચાર કૃષિયુનિર્વ સિટી કક્ષાએ યોજવામાં આવેલ પ્રદર્શનમાં કુલ ૭ લાખ ૧૦ હજાર ખેડૂતોએ તથા ૧૪ હજારથી વધુ પશુપાલકોએ અને ૪૩ સેમિનારમાં કુલ ૧૨૦૪૪ ખેડૂતોએ ભાગ લીધો હતો.જ્યારે ૨૨૩ તાલુકાઓમાં યોજવામાં આવેલ પ્રદર્શનમાં કુલ ૬,૯૬,૦૦૦ ખેડૂતોએ તથા ૮૩,૦૦૦ પશુપાલકોએ અને ૧,૪૧૮ સૅમિનારમાં કુલ ૪,૪૮,૦૦૦ ખેડૂતોએ ભાગ લીધો હતો. વધુમાં ૫૨૮ જેટલા પશુ સારવાર કૅમ્પો યોજીને ૨,૪૩,૦૦૦ જેટલા પશુઓને સારવાર આપીને તેમજ ૫૪,૦૦,૦૦૦થી વધુ પશુઓમાં રસીકરણ અને ૯૮,૦૦૦થી વધુ પશુઓને કૃત્રિમ બિજદાન કરવામાં આવ્યું. તેમાં કૃષિ મહોત્સવ અન્વયે એક નવી ક્રાંતિ આ રાજયમાં સર્જી છે. ૨૦૦૧ના વર્ષમાં ૧૦૫ લાખ હેકટરના વાવેતર સામે ૨૦૦૮-૦૯માં ૧૨૩ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું. આમ રાજયમાં વાવેતરના ક્ષેત્રે જળસંચયના કામોને કારણે પિયતની સુવિધા અને કૃષિ મહોત્સવના કારણે વાવેતર પણ વધુ શકય બનાવી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ રાજયમાં ૨૦ જેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આપણે ધરાવીએ છીએ. આ સોઈલ હેલ્થ કાર્ડ બનાવવા માટે રાજય સરકારે તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ મળે તેના માટેનો લક્ષ્યાંક લઈને કામગીરી આરંભ કરી છે. તેના કારણે રાજયમાં ૧૭.૩૭ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ પૂરા પાડી શક્યા છીએ. આપણે ગુજરાતી તરીકે ગૌરવ લેવું જોઈએ, તાજેતરમાં જ કેન્દ્ર સરકારે આપણાં જ સોઈલ હેલ્થ કાર્ડને પ્રથમ પુરસ્કાર આપીને અને હમણાં બજૅટ સેશનમાં આપણી જ પૅટર્નથી સમગ્ર દેશમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે. આખા દેશમાં સર્વ પ્રથમ માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સોઈલ હેલ્થ કાર્ડ જેવો શબ્દ આપીને પહેલો પ્રયોગ ગુજરાતની ધરતી ઉપર થયો. એ પ્રયોગ હવે સમગ્ર દેશમાં વટવૃક્ષ બનીને આગળ વધશે. ત્રીજી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ ગુજરાત લઈ રહ્યું છે અને તેની પાછળ કેન્દ્ર સરકાર અને અન્ય રાજયો એક નવી જ દિશા પ્રાપ્ત કરી શકશે. આપણે ગૌરવ લઈ શકીએ કે આ રાષ્ટ્રને કૃષિ ક્ષેત્રે આગળ લઈ જવાનું એન્જિન ગુજરાત બની રહ્યું છે. એવા સમયે ગુજરાતમાં સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ના ગોલ્ડન ગોલને સિદ્ધ કરવાના હેતુથી રાજયમાં અનેકવિધ યોજનાઓ કૃષિ ક્ષેત્રે નક્કી કરેલી છે. રાજયના ખેડૂતોને ખેત ઉત્પાદન, પશુપાલકોને લગતી અદ્યતન તાલીમ આપવા માટે તમામ સુવિધાઓ ધરાવતા તાલીમ ભવનો બાંધવા માટે મંજૂર થયેલ રૂા. ૩૬૦૦ લાખ પૈકી વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૨૦૦ લાખની નવી જોગવાઈ કરવામાં આવેલી છે. ગુજરાત સરકાર દ્વારા રાજયના ખેડૂત ખાતેદારોના અકસ્માત મૃત્યુની યોજના, સમગ્ર દેશમાં એક લાખ રૂપિયા આપવાની યોજના માત્ર ને માત્ર ગુજરાત સરકારે સ્વીકારેલી છે અને ૧૦૦ ટકા પ્રિમિયમ રાજય સરકાર તરફથી ચૂકવવામાં આવે છે. આ યોજનાને ચાલુ વર્ષે પણ ચાલુ રાખવામાં આવી છે. આજે ઓર્ગેનિક ખેતી ઉત્પાદનના આંતરરાષ્ટ્રીય ધોરણ અનુસાર સર્ટીફીકેશનની કામગીરી કરવા માટે ગુજરાત રાજયની બીજ પ્રમાણ એજન્સી દ્વારા રૂા.૮૭,૦૦,૦૦૦ની નવી જોગવાઈઓ કરવામાં આવેલી. રાજયના ખેડૂતો તેમજ કૃષિ પેદાશો માટે આગળની કડીઓને મૂલ્ય વૃદ્ધિ મારફત વધુ વળતર મેળવવા માટે સક્ષમ બને તે માટે રાજયના ખેડૂતોને એગ્રો પ્રોસેસના આંતરરાષ્ટ્રીય પ્રદર્શન, તાલીમ, સૅમિનાર, કૃષિ મેળા વગેરેમાં ભાગ લઈને વિશ્વ કક્ષાની ઉત્તમ ખેતીનું જ્ઞાન મળે તે માટે જરૂરી એવા પ્રવાસના આયોજન માટે રૂા. ૫૦૦ લાખની જોગવાઈ સૂચવેલી છે. પરંપરાગત ઉર્જા માટે બાયોગેસ એ અગત્યનો સ્ત્રોત છે. જે અંગે સહાય આપવા માટે અગાઉના ઢાંચામાં ફેરફાર કરીને પબ્લિક પાર્ટનરશીપનું નવું મૉડલ તૈયાર કરીને ખાનગી રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકોને સહભાગીદારીથી વાણિજ્ય ધોરણે બાયોગેસ પ્લાન્ટ નાખવા માટે કુલ રોકાણના ૫૦ ટકા લેખે સહાયની જોગવાઈ આ બજૅટમાં કરીને ગુજરાતમાં બાયોગેસના આધારે આ વીજળીની ખેંચ પૂરી કરવા માટે એક પ્રયાસ આ ક્ષેત્ર દ્વારા કરવામાં આવશે. ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કૉર્પોરેશન દ્વારા કૃષિમાં આંતરરાષ્ટ્રીય માળખાની સુવિધા પ્રોજૅકટનું અમલીકરણ શરૂ કરેલ છે. ઝઘડીયા ખાતે કેળાઓના વિતરણ અને કલેકશન સૅન્ટર, નરોડા અમદાવાદ ખાતે બાગાયત પાકો માટે ઇન્ટીગ્રેટેડ કલેકશન સૅન્ટર, બાગાયત કલેકશન સૅન્ટર અને સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે અમદાવાદ ખાતે સૅન્ટર ફૉર perishable cargo ઊભા કરવાની કામગીરી માટે રૂ.૧૯ કરોડની જોગવાઈ કરી છે. આ તમામ કામગીરી ૨૦૦૯-૧૦ પહેલાં પૂર્ણ કરવાનો નિર્ધાર છે.

બાગાયત પેટા સદર હેઠળ રૂ.૬૦૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે. એ પૈકી આ સમય ગાળામાં બાગાયત પાકોમાં કુલ વાવેતર વિસ્તાર ૨૦૦૧માં ૫૦૯૩ લાખ હેકટર હતું એ વધીને ૧૩.૧૫ લાખ હેકટર થયું છે. કુલ

પાકો હેઠળના વિસ્તારો નહિવત્ હતા એ ૧૦૦૦૦ હેકટર થઈ છે. ગુજરાતમાં ફૂલો ૨૫ કરોડના થતા હતા તે વધીને ૧૦૦ કરોડ રૂપિયા થયા છે. રાજય સરકારે કેટલીક નવી બાબતો પણ વિચારી છે. જે નાની વાત પોતાના કુટુંબમાં પણ ઉપયોગી થઈ શકે. એટલા માટે સરકારી કર્મચારીઓને ઇનામ અને પ્રોત્સાહન મળે તે માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ કિચન ગાર્ડનની હરીફાઈ યોજવા માટે નવી યોજના માટે પ્રોત્સાહન આપવા રૂ.૧૨ લાખની જોગવાઈ કરી છે. ગુજરાતમાં poultry, grain house, tissue culture laboratory માટે વીજ દર સહાય આપવા માટે ૧૦૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય જયંતિભાઈએ ઉલ્લેખ કર્યો. પ્રાઇવેટ કોલ્ડ સ્ટોરેજ કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે એ સહાય આપવા માટે કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ દ્વારા વાર્ષિક યોજના માટે ૨૦૦૯-૧૦માં ૩૨.૫૩ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. નિગમ દ્વારા કુલ ૧.૫ લાખ હેકટર વિસ્તારમાં જમીન સંરક્ષણની વિવિધ કામગીરી માટે ૮૧૩૯ ખેત તલાવડી, સીમ તલાવડી ૫૪૫, ગામ તળાવ ઊંડા કરવા માટે અને ૧૨૩૭૪ જળ સંચય કેન્દ્ર ઊભા કરવામાં આવશે. ૨૦૦૯-૧૦માં નિગમ દ્વારા દરિયાઇ ક્ષાર નિયંત્રણ માટે સાગર ખેડુ યોજના હેઠળ રૂ.૪.૮૬ લાખના ખર્ચે ૨૦૪૬૦ હેકટર જમીનમાં સુધારણાની કામગીરી કરવામાં આવશે. ગુજરાતના વિકાસ માટે કૃષિ ક્ષેત્રમાં આજ સુધી અવગણના થતી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યા પછી મૂળમાં જઈને આ કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવું હોય તો શું કરવું જોઈએ? એ વિચારણા કરીને રાજયમાં માત્ર એક કૃષિ યુનિવર્સિટી હતી. આ કૃષિ યુનિવર્સિટીમાંથી ગુજરાતના ભૌગોલિક ભાગ પ્રમાણે ચાર-ચાર કૃષિ યુનિવર્સિટીઓ બનાવવાનો નિર્ણય કર્યો છે અને એ ચાર યુનિવર્સિટીઓ બનાવી સંશોધન અને પાક માટે જવાબદારી સોંપવામાં આવી છે અને એના કારણે આ સંશોધન અને શિક્ષણ માટે ચાલુ વર્ષે ૧૧૮.૪૮ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટી માટે નવી જમીન સુપરત કરી છે. ૧૮.૯૮ લાખની જમીન સુધારણા માટે ફાળવણી કરી છે. તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી વૈજ્ઞાનિક કેન્દ્ર દ્વારા અલગ અલગ કૃષિ ક્ષેત્રની તાલીમ આપવાની વ્યવસ્થા કરી છે. Food Processing technology, bio energy, International Agriculture business Management ની ૩ નવી વિદ્યા શાખાઓ શરૂ કરવામાં આવી છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી નીચે Agriculture Business Management ના સ્નાતક અને અનુસ્નાતક લેવલે આધુનિક ટૅક્નૉલૉજી અને એન્જિનિયરીંગ અભ્યાસક્રમો દાખલ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯-૧૦માં અમરેલી ખાતે પોલીટેકનીક ઈન હોમ સાયન્સ કોલેજ બિલ્ડીંગના બાંધકામ તથા હોસ્ટેલનું બાંધકામ અને જૂનાગઢ ખાતે વર્ટીકલ એક્ષ્પાન્શન ઓફ એક્ષીસ્ટીંગ ફેકલ્ટી હાઉસની જોગવાઈ આ ચાલુ બજેટમાં કરવામાં આવી છે. જેથી કરીને અમરેલી ખાતે ચાલતી કોલેજને હવે આવતા દિવસોમાં નવું મકાન મળી શકશે. નવસારીમાં નવા કાર્યક્રમો અંતર્ગત કૃષિશિક્ષણ ક્ષેત્રે માનનીય મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દા કાર્યક્રમ હેઠળ નવસારીમાં પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય સ્થાપવાનો નિર્ણય કરેલ છે. બાગાયત-વ-વનીય મહાવિદ્યાલયનું વિસ્તરણ ઈન્ફરમેશન કોમ્યુનીકેશન ટેકનોલોજીમાં અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ડેડીયાપાડા ખાતે એગ્રીકલ્ચર પોલીટેકનીક શરૂ કરવામાં આવશે. સંશોધન ક્ષેત્રે જૂદાજૂદા પાકોનું બાયોલોજીકલ કંટ્રોલ ફુડ કવોલીટી ટેસ્ટીંગ, કેળના પાકની ઉત્પાદકતા વધારવા માટેના કાર્યક્રમો હાથ ધરાશે.

દરીયાકાંઠા વિસ્તારની ક્ષારીય જમીન સુધારણાનો કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવશે. પશુપાલન ક્ષેત્રે ચાલુ સત્ર દરમિયાન પશુપાલન ડેરી અને મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે કામધેનુ યુનિવર્સિટીનું બિલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ તે અંગે ગૃહના તમામ સભ્યોનો હું આભાર માનું છું. જેઓ હાજર નથી તેમણે પણ કૃષિ અને પશુપાલન ક્ષેત્રે કામધેનુ યુનિવર્સિટીને જે સમર્થન આપ્યું એમનો પણ હું આભાર માનું છું. સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રાજપુરા ગામે ૯૨ હેકટર જેટલી સરકારી ખરાબાની જમીન કામધેનુ યુનિવર્સિટી માટે ફાળવેલ છે. આ યુનિવર્સિટી કાર્યરત કરવા માટે ચાલુ વર્ષે ૬૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટી બીલની ચર્ચા સમયે માનનીય ધારાસભ્યશ્રીઓએ લાગણી વ્યકત કરી હતી. કૃત્રિમ બીજદાન માટે સહકારી ડેરી દ્વારા રૂા. ૧૦ની ફી લેવામાં આવે છે જેની સામે પશુપાલન ખાતા દ્વારા રૂા. ૩૦ની ફી લેવામાં આવે છે તેમાં ઘટાડો કરી સહકારી ડેરી સમકક્ષ કરવા માટે માનનીય સભાગૃહના સભ્યોએ જે લાગણી પ્રગટ કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી મને આનંદ છે કે રાજય સરકારે હવે જે સહકારી ડેરી ૧૦ રૂપિયે કૃત્રિમ બીજદાન કરી આપે છે તે રીતે રાજય સરકારે પણ હવે રાજયભરમાં ૧૦ રૂપિયા લઈને કૃત્રિમ બીજદાન કરવા માટેનો નિર્ણય કર્યો છે. આપણા ગુજરાત રાજયમાં હવે પશુપાલન એ ખેતીનો પૂરક વ્યવસાય ન રહેતા એક સ્વતંત્ર રીતે એક વ્યવસાય તરીકે ઉભરી આવ્યો છે ત્યારે આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે કેટલાક પ્રયત્ન કર્યા છે. અસરકારક પશુ આરોગ્ય સેવાઓ અને રોગ નિયંત્રણ, પશુસંવર્ધન અને વિસ્તરણ સેવાઓને કારણે પશુધનોની પેદાશોની આવકમાં ઉત્તરોત્તર નોંધપાત્ર વધારો થઈ રહેલ છે. જેનો આર્થિક લાભ ખેડૂતો અને પશુપાલકોને મળી રહ્યો છે. ખેડૂત આબાદ તો ગામ આબાદ, ગામ આબાદ તો દેશ આબાદને વળગી રહીને વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં આ વિકાસકૂચ જાળવી રાખવામાં આવશે. વર્ષ ૨૦૦૯-૧૦ માં સ્ટેટ નોર્મલ પ્લાનમાં રૂા. ૬,૯૧૧ લાખ અને ડેરી વિકાસ માટે રૂા. ૩૮૫.૪૮ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન એનીમલ હોસ્ટેલ દ્વારા ગામડાઓને સ્વચ્છ અને આર્થિક સક્ષમ બનાવવાનું જે છે એ ક્ષેત્રને આગળ વધારવા માટે આ ક્ષેત્રમાં નવતર પ્રયોગ સમા આ એનીમલ હોસ્ટેલની પ્રાયોગિક ધોરણે સાબરકાંઠા જિલ્લાના આકોદરા ગામે સ્થાપના કરવામાં આવનાર છે. આ એનીમલ હોસ્ટેલમાં ગામના ૧૦૦૦ દુધાળા પશુઓને સામૂહિક રહેઠાણ અને અન્ય વ્યવસ્થાપનની સવલતો પૂરી પાડવામાં આવનાર છે. આ એનીમલ હોસ્ટેલ સાથે સામૂહિક ગોબર ગેસ પ્લાન્ટ અને ગૌચર વિકાસના કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવશે. એનીમલ હોસ્ટેલનો મુખ્ય ઉદ્દેશ ગામડાઓમાંથી ઉકરડાં દૂર કરી ગોબર બેંક સ્થાપી રાજયના ગામડાઓને ઉકરડા રહિત ધુમાડા વગરના યર્થાથ રીતે નિર્મળ બનાવવાનો છે. રાજયમાં પશુધન માટેની સુદ્રઢ પશુ આરોગ્ય સેવાઓ, સઘન રસીકરણ અને રોગ નિયંત્રણની અસરકારક કામગીરીના પરિણામે પશુઓના ચેપી રોગચાળામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે. ૨૦૦૮-૦૯માં રાજયમાં ૫૪ જેટલા ચેપી રોગચાળા નોંધાયા છે.જે વર્ષ ૨૦૦૩માં નોંધાયેલ ૧૬૧ની સામે ૧૦૭ જેટલો રોગચાળામાં ઘટાડો સૂચવે છે. આરોગ્ય પશુ મેળાઓ થયા એના કારણે આ રાજ્યમાંથી ચેપી રોગોને નિર્મૂળ કરવા માટેની દિશામાં પશુપાલન વિભાગ જઈ રહ્યો છે એ એની સફળતા સૂચવે છે. આના કારણે ખેડૂતોને અને પશુપાલકોને ઘણો આર્થિક લાભ થાય છે. રાજ્ય સ્તરે ઝુંબેશના સ્વરૂપે યોજાતા ૨૭૦૦ થી વધારે આરોગ્ય મેળાઓ, ૨૧૦૦થી વધુ જાતિ આરોગ્ય પશુ મેળાઓ રાજ્યની સઘન પશુપાલન સેવાઓની યશકલગી સમાન છે. ક્ષેત્રીય કક્ષાના દવાખાનાઓના દ્રઢીકરણ અર્થે પશુ રોગ નિદાન અને સારવારના અદ્યતન સાધનો જેવા કે એક્સ-રે મશીન, સોનોગ્રાફી મશીન, ક્રાયો સર્જરી, હીટ ડીટેકટર, મેટલ ડિટેકટર વગેરેથી સજ્જ કરવાનું આયોજન કરેલ છે. રાજ્યમાં પશુ સંવર્ધનની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા માટે ગુજરાત લાઈવ સ્ટૉક ડૅવલપમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે. જેના દ્વારા પશુ સંવર્ધનની સવલતને અંતરિયાળ વિસ્તારના ખેડૂતના ઘર સુધી પહોંચાડવા પ્રયત્નશીલ છીએ. ગુજરાત લાઈવ સ્ટૉક ડૅવલપમેન્ટ બોર્ડ દ્વારા પાટણ ખાતે ફ્રોઝન સીમેન સ્ટેશનની સ્થાપના માટે રૂપિયા ૧૦ કરોડ ખર્ચ થનાર છે. જે દેશમાં સૌ પ્રથમ વખતનું આ પ્રકારની સવલત ધરાવતું હશે અને ચાલુ વર્ષે શરૂ થઈ જવાની ધારણા છે. પશુ પાલકો સારી ઓલાદના પશુઓથી જાણકાર થાય તે માટે તરણેતરમાં પશુ પ્રદર્શન અને ગાંધીનગર મુકામે મેગા અશ્વ શોનું આયોજન કરેલ અને એને આગળ વધારવા માટે આ વર્ષે પણ આ યોજના ચાલુ રાખીને બજૅટમાં વ્યવસ્થા કરેલ છે. સૌથી પછાત જે પશુઓમાં જે છે તે ઘેટા છે. આ રાજ્યમાં ઘેટા પાલકોના આર્થિક ઉત્થાન માટે ઘેટાની ઉત્પાદન ક્ષમતા વધારવા ઊનની પ્રક્રિયા અને ઊનની બજાર વ્યવસ્થાનું કામ નિગમ દ્વારા હાથ ધરવામાં આવે છે. હાલમાં રાજ્યના કુલ ઉત્પાદનના ૨૦ ટકા જેટલી ઊનની નિગમ દ્વારા ખરીદી કરવામાં આવે છે. ચાલુ પંચવર્ષીય યોજનાના અંતે ૫૦ ટકા સુધી વધારવાનું આયોજન છે. માલધારીઓના ઉત્થાન માટે પશુ મૃત્યુ સામે વીમાનું કવચ પૂરું પાડવા માટે માલધારીઓ માટે જૂથ વીમાનું યોજના, ઊન ખરીદમાં વધારો કરવો વગેરે જેવી કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. ડેરી વિકાસ માટે ડેરીને સમૃદ્ધ કરવા માટે અને રાજ્યમાં સ્વરોજગારીની તકો પૂરી પાડવા સાથે તેમના ખોરાકની પૌષ્ટિકતાનું સ્તર ઊંચુ લાવવા માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષે ૩૮૪.૪૮ લાખની જોગવાઈ સ્ટેટ નોર્મલ પ્લાનમાં કરી છે. વર્ષ ૨૦૦૯-૧૦ માં પશુ સંવર્ધન કેન્દ્રોને થીજવેલ બીજની જાળવણી સારું પ્રવાહી નાઈટ્રોજન પૂરું પાડી, સાધન-સામગ્રી, પ્રવાહી નાઈટ્રોજનને કૃત્રિમ બીજદાન માટે સીમેન ડોઝ સંગ્રહ અને પરિવહન માટે જોગવાઈ કરેલ છે. રાજ્યમાં ૧૫ જેટલા દૂધ સંઘો કાર્યરત છે અને એમાં નવા દૂધ સંઘો ભાવનગર અને અમરેલી જેવા દૂધ ઉત્પાદન સંઘ હાલમાં અનુક્રમે દૈનિક ૮૦ હજાર અને ૩૫ હજાર લિટર દૂધ ઉત્પાદન કરે છે. આ લોકો મિલ્ક ફેડરેશનમાં ૧૫ જિલ્લા સહકારી સંઘ તરીકે કાર્યરત છે. આવા દૂધ સંઘો અને ખાસ કરીને સૌરાષ્ટ્ર અને આદિવાસી વિસ્તાર કે જ્યાં દૂધની પ્રવૃત્તિ હજી વિકસવા માટે ઘણી આવશ્યકતા છે અને તકો છે એવા વિસ્તારને પણ મદદ કરવા માટે આ વર્ષે વ્યવસ્થા બજૅટમાં કરી છે. સહકાર ક્ષેત્રે રાજ્યમાં જે ખેડૂતોને વ્યાજ રાહત આપી શકાય એટલા માટે જ્યારે સૂરતમાં ડાયમન્ડની પરિસ્થિતિ નબળી પડી ત્યારે રાજ્ય સરકારે હિંમતભેર નિર્ણય લઈને ૪૧ કરોડ રૂપિયા જેટલી જોગવાઈ કરીને હીરા સાથે સંકળાયેલા પરિવારોને ૬ ટકાના દરથી અને રાજ્ય સરકાર તરફથી ૨ અને ૩ ટકા રાહત આપીને સહકારી ક્ષેત્રે ખૂબ મદદ કરી છે. શ્વેત ક્રાંતિના ભાગ રૂપે ખેડૂતોને સહકારી ક્ષેત્રમાં દૂધ માટે પ્રોત્સાહન આપવા માટે જિલ્લાઓમાં સંઘોને મદદ આપવાની જરૂરિયાત છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં દૂધ ઉત્પાદક સંઘો સક્રિય રીતે ભાગીદાર રહે એ હેતુથી શેર ફાળો આપવા માટે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે, આધુનિક બજાર સંઘો માટે પાયાની સુવિધા મળે એ હેતુથી રાજ્યમાં ૨૦૯ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ કાર્યરત છે. બજાર સમિતિઓને આધુનિક અને પાયાની સવલત ઊભી કરવા માટે કિસાનકલ્પ વૃક્ષ યોજના હેઠળ આશરે ૨૩.૧૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે.

મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે ૨૦૦૮-૦૯ ની ૫૦ કરોડની જોગવાઈ સામે ૨૦ ટકાના વધારા સાથે ૨૦૦૯-૧૦ માં ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ વિકાસ કામો જેવા કે નવા મત્સ્ય બંદરોને વિકસાવવા, હયાત મત્સ્ય બંદરોની મરામત અને જાળવણી કરવા માટે, ડ્રેઝીંગની કામગીરી માટે ગુજરાત મત્સ્યોદ્યોગ પોતાની ક્ષાથી જ કામ કરી શકે એના માટે પોતાનું અલગ તંત્ર ઊભું કરીને કામ વધારવા માટેની આશરે ચાલુ વર્ષે પહેલી વખત ૧૬ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. માછીમારોને તેઓની બૉટોના રજિસ્ટ્રેશન કામગીરીમાં અનુકૂળતા થઈ રહે તે માટે મરચંટ શિપિંગ એકટ હેઠળ બોટોના રજિસ્ટ્રેશનની સત્તાઓ ખાતાના સ્થાનિક

અધિકારીઓને સોંપવામાં આવેલ છે. ૧૫ ઑગસ્ટથી શરૂ થતી નવી મત્સ્ય સિઝનથી માછીમારોને ફિશિંગ લાઇસન્સ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી કરીને સ્થાનિક મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા ભાઈને પાયાની સુવિધા મળશે. રાષ્ટ્રીય સૂરક્ષાને ધ્યાનમાં લઈને દરિયામાં માછીમારી માટે અવર-જવર કરતી બોટોની નોંધણી અને નિયંત્રણ કરવા માટે આઉટ સોર્સથી ફિશરીઝ ગાર્ડની સેવાઓ ઉપલબ્ધ કરવા માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે એક નવી ભાત પસંદ કરેલ છે ત્યારે રંગીન માછલીઓના નિર્દશન અને એકવેરિયમના શોખ દિન-પ્રતિ-દિન વધતો જાય છે. એકવેરિયમમાં ડિસપ્લે માટે જુદી જુદી જાતની રંગીન માછલીઓનું ઉત્પાદન કરીને રોજગારી આપવા માટે રૂા.૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આમ અલગ અલગ ક્ષેત્રમાં અહીંયા મારી સમક્ષ ૧૫ જેટલા આ વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે અને અલગ અલગ સૂચનો કર્યા છે. હું આ બધા જ માનનીય સભ્યશ્રીઓનો આભારી છું. શરૂઆતથી જશુમતિબેન કોરાટ, એમણે મહિલાઓ સાથે કૃષિ મહોત્સવ જોડયો છે અને એમને પ્રોત્સાહન આપવાની વાત કરી. મને જણાવતાં આનંદ થાય છે કે લગભગ કૃષિ મહોત્સવમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ચારેય યુનિવર્સિટીમાં ૪૦ ટકા જેટલા બહેનોની ઉપસ્થિતિ હતી અને એની પૂરી વ્યવસ્થા અને કાળજી લેવામાં આવી છે. માનનીય નારાયણભાઈ પટેલે કેટલાક સૂચનો કર્યા. ઈઝરાયલ જવા માટે આ વખતે એની અલગ વ્યવસ્થા કરી છે અને કોઈપણ સંશોધન કરવામાં આવે બિયારણનું (અંતરાય) વ્યવસ્થા કરી છે. વજુભાઈએ મંજૂરી આપી છે.

**અધ્યક્ષશ્રી** : આપણે કાર્યક્રમ જાહેર થઈને આવે પછી જ કરીએ તો સારું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય મહેસૂલ મંત્રીનું સૂચન સ્વીકારું છું.

**અધ્યક્ષશ્રી** : તમે ચોક્કસ કાર્યક્રમ મૂકશો ત્યારે અમે કહીશું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય વજુભાઈએ બજેટમાં જોગવાઈ આપી દીધી છે પછી શું છે.

**શ્રી વજુભાઈ વાળા** : અહીંયાથી જાતા હોય તો (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ બિયારણ માટેના સંશોધનમાં નવા જીનને ટ્રાન્સફર કરવા માટે ૬ જેટલા જનરેશનનો સમય લાગે છે અને ઓછામાં ઓછા ચાર વર્ષ જેટલો સમય લાગે છે. ત્યાર પછી ત્રણ વર્ષ એના ઉપર ઉત્પાદન અંગેની ટ્રાયલો લેવામાં આવે છે ત્યાર પછી એમને આ ઉપયોગમાં લાવવામાં આવે છે. એટલે એ દિશાની કામગીરી આજે પણ ચાલુ છે. માનનીય રજનીભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, દેવુંસિંહ ચૌહાણે દિલથી ટેકો આપવાની વાત કરી એને પણ હું સ્વીકારું છું. આનંદ છે મને એ વાતનો કે બાબુભાઈ દેસાઈએ કાંકારેજ ગાયની વાત કરી છે એ દિશામાં પણ કામગીરી ચાલુ છે. ઉદેસિંહભાઈ, જયંતીભાઈએ કેટલાક એમની માગણીમાં વાત કરી છે એમાં એક મહત્ત્વની વાત કરી છે એ કચ્છના રણમાં ઈઝરાયલની જેમ કોઈ નવી તાલીમ આપીને ખેતી કરી શકાય કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એક કલાકના સમયની બાંધણી કરી છે, આપના દંડકશ્રીને કહો (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : એકજ મિનિટ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, આપના દંડકશ્રીએ જેટલો સમય માગ્યો છે એટલો મેં આપ્યો છે. કાં તો સભ્યો ઓછા બોલાવવાનું રાખો.

**શ્રી દિલીપ સંઘાણી** : એક જ મિનિટમાં પૂરું થાય છે.

**અધ્યક્ષશ્રી** : ગુરૂવારે આ મુસીબત થવાની જ છે દંડકશ્રી. એમાં હું તો મારી રીતે માગણીઓ સીધી મત માટે મૂકું છું. કારણ કે, મંત્રીશ્રીને આમાં અન્યાય થાય છે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે માત્ર

**અધ્યક્ષશ્રી** : આપના ઉપર સભ્યોનું દબાણ હશે હું સ્વીકારું છું પણ અન્યાય મંત્રીશ્રીને થાય છે.

**શ્રી આર.સી. ફળદુ** : જી. માનનીય અધ્યક્ષશ્રી, હવે માત્ર મંત્રીશ્રી જે ધારાસભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે એના વિષે જ વાત કરે છે, એનો જ ખુલાસો કરે છે.

**અધ્યક્ષશ્રી** : એનો મને વાંધો નથી, મંત્રીશ્રી જવાબ આપે એમાં મારો કોઈ વાંધો નથી. આપ આપના સભ્યશ્રીઓને કહો કે જે લોકોએ એકવાર ચર્ચામાં ભાગ લીધો એ ન આવે ફરીવાર.

**શ્રી આર.સી. ફળદુ** : એ સુધારીશું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : આમાં શું થાય કે મંત્રીશ્રીને અન્યાય થાય છે.

**શ્રી દિલીપ સંઘાણી** : આમ આ સન્નમાનીય ગૃહ સમક્ષ મેં રજૂ કરેલ કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન વિભાગોની માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે તેવી વિનંતી છે.

**માગણી ક્રમાંક : ૨, ૪, ૫ અને ૬ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : એટલીસ્ટ દંડકશ્રી ગુરૂવાર હોય ને ત્યારે તમે સભ્યોને સમજાવજો, બાકીના દિવસોમાં નહીં સમજે તો એ ચાલશે નહીં. કારણ કે, આજે પણ તમે ૧૫ સભ્યોનું લિસ્ટ, બે ગેરહાજર રહ્યા અને ૧૩ સભ્યોએ

ચર્ચામાં ભાગ લીધો. અલ્ટીમેટલી મંત્રીશ્રીએ ૪૫ મિનિટની તૈયારી કરી હતી, એમાં ૩૫ મિનિટમાં પૂરું કરવું પડ્યું. એટલે આગ્રહ રાખનાર સભ્યશ્રીઓ દંડકને બહું પજવે નહીં. નેકસ્ટ.

# બિન સરકારી સંકલ્પો

## કલાઈમેટ ચેન્જની આપત્તિને અવસરમાં પલટાવવા વ્યૂહરચના કરવા અંગે

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જનું નવું સંકટ વિશ્વ પર ઘેરાયેલું છે. ગ્લોબલ વોર્મિંગને કારણે વૈશ્વિક હવામાનમાં મોટા પલટા આવી રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગની આપત્તિના ગંભીર પરિણામ આબોહવામાં થઈ રહેવા અકલ્પનીય ફેરફારોથી મળી રહ્યા છે. પ્રાકૃતિક પ્રકોપ અને કુદરતી આફતોની વિપરીત અસરોનો ભોગ વિશ્વના વિકસિત અને સાધન સંપન્ન દેશો પણ બની રહ્યા છે. આ પ્રકારનું વિષય હવામાન પેદા કરવામાં પ્રદૂષણ ખૂબ મોટો ભાગ ભજવે છે. ઝડપથી કપાતાં જતાં જંગલો અને બેફામ શહેરીકરણને કારણે ઘટતાં જતાં વૃક્ષો તેમજ વાહનોમાં ખૂબ મોટા પાયે વધારો થવાથી વાહનોથી થતું પ્રદૂષણ આ પ્રકારનું વિષય હવામાન ઊભું કરવામાં મોટો ફાળો આપે છે. રાજય સરકારે સમગ્ર દેશમાં આ ક્ષેત્રે નેતૃત્વ લઈ કલાઈમેટ ચેન્જનો અલગ વિભાગ રચી આ ક્ષેત્રે પણ નમૂનેદાર કામગીરી કરી એક નવી પહેલ કરે તેવી દીર્ઘદ્રષ્ટિ દાખવી છે. આ સંજોગોમાં વૃક્ષારોપણ તેમજ વૃક્ષ સંરક્ષણને અગ્રતા આપી તથા વાહનોથી મોટા પાયે થતા પ્રદૂષણને ઘટાડવા માટે લીધેલાં અસરકારક પગલાં વધુ સઘન બનાવી, ગુજરાત પર પડનારી વિપરીત અસરો અને પ્રભાવને વેળાસર પારખીને આ પડકાર ઝીલી લેવા માટે કલાઈમેટ ચેન્જની આપત્તિને અવસરમાં પલટાવવાની દીર્ઘકાલિન અને દૂરોગામી વ્યૂહરચના અમલમાં મૂકવા માટે આ સભાગૃહ સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હવે સંકલ્પ ઉપર ચર્ચા કરવામાં આવશે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુદરતમાં દેવતાઓએ કરેલા સમુદ્ર મંથનમાં નવ રત્નોની સાથે સાથ હળાહળ વિષ મળ્યું હતું. આ હળાહળ વિષથી દેવલોક ત્રાહિ મામ પોકારી ગયું હતું, આ ઝેરના મારણ માટે દેવોના દેવ મહાદેવ વિષ પાન કરીને નીલકંઠ બન્યા હતા, તેવી જ રીતે ઔદ્યોગિક ક્રાંતિએ કેટ કેટલીય આશીર્વાદરૂપ સુવિધાઓ આપી છે તેની સાથે ગ્લોબલ વોર્મિંગ પડકારો પણ આપ્યા છે. આ ગ્લોબલ વોર્મિંગના પડકારોને નાથવા માટે ઉર્જાવાન માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાં પ્રથમ આવ્યા છે. આજે વિશ્વભરમાં જ્યારે પર્યાવરણ ક્ષેત્રે ઊભો થયેલો સૌથી મોટો કોઈ ખતરો હોય તો તે કલાયમેટ ચેન્જ છે. જ્યારથી પૃથ્વીનું સર્જન થયું ત્યારથી જ કલાઈમેટ ચેન્જની પ્રક્રિયા ચાલુ છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પૃથ્વીનું કલાઈમેટ વધુ અસ્થિર બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વીની આબોહવામાં સૂર્યનો હિસ્સો સૌથી મોટો છે. સૂર્યની ઉર્જા પૃથ્વીને હૂંફાળી રાખે છે અને પૃથ્વી પણ ઋતુ ચક્રો ચલાવે છે. મહાસાગરોમાં પાણીના પ્રવાહોની આ હૂંફ સૂર્યની ગરમીની વ્હેચણી કરવામાં મદદરૂપ બને છે અને મેદાનો, પર્વતો, જંગલો, સજીવ સૃષ્ટિ આ બધું જ સ્થાનિક- વૈશ્વિક કલાઈમેટ ઉપર તેનો પ્રભાવ પાડે છે.માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જનું નવું સંકટ વિશ્વ ઉપર ઘેરાયેલું છે ત્યારે ગ્લોબલ વોર્મિંગની આપત્તિના ગંભીર અણસાર આબોહવામાં થઈ રહેલા અકલ્પનીય ફેરફારોથી મળી રહયા છે ત્યારે પ્રકૃતિ પ્રકોપ અને કુદરતી આફતોની વિપરીત અસરોનો ભોગ વિશ્વના વિકસીત અને સાધન સંપન્ન દેશો પણ બની રહયા છે. આર્થિક પ્રગતિ અને વિકાસ ઉપર પ્રતિકૂળ અને અવરોધક અસરો વિશ્વમાં જોવા મળી રહી છે. આ સંજોગોમાં વિકાસને વરેલા અને વિકાસની ગતિને જાળવવા માટે પ્રતિબદ્ધ થવું પડશે. આપણી ભારતીય સંસ્કૃતિની મહાન વિરાસતમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં મુળભૂત સમાધાન આપણા ઋષિ મુનિઓએ દર્શાવેલું છે. જ્ઞાન વિજ્ઞાનના પુરસ્કર્તા એવા આપણા મહાન પૂર્વજોએ પર્યાવરણને વિકાસની અંતર વિરોધી ગણ્યા નથી પણ માનવજાતના શ્રેય માટે પ્રકૃતિ સાથે સંઘર્ષ નહીં, સંવાદ અને પ્રકૃતિનું શોષણ નહીં દોહનની જીવનશૈલી આધારિત સમાજમાં વ્યવહારોને વણી લીધા છે. પ્રકૃતિ પ્રેમના આ ઘૃણ સંસ્કારોથી આપણે કલાઈમેટ ચેન્જની આફતો અને અસરોથી મુકત રહી શકીશું. ગુજરાત પર પડનારી અસરો અને પ્રભાવને આપણે સમયસર સમજવા પડે અને આ પડકારને ઝીલી લેવા માટે કલાઈમેટ ચેન્જની આપત્તિને પહોંચી વળવા માટે દીર્ઘદ્રષ્ટા એવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જ સભાગૃહમાં નિયમ-૪૪ હેઠળ પોતાનું નિવેદન કર્યું હતું. ગ્લોબલ વોર્મિંગ માટે વિશ્વકક્ષાએ સઘન પ્રયાસો થઈ રહયા છે ત્યારે ગ્લોબલ વોર્મિંગના સંકટ સામે લડવા માટે રાજય સરકારે કલાઈમેટ ચેન્જના અલગ વિભાગની રચના કરી અને મહત્વનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય કરવાનો શ્રેય મેળવતું પ્રથમ રાજય ગુજરાત બન્યું છે તે બદલ રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આ એક એવો વિભાગ છે કે જે હજુ સુધી આખી દુનિયામાં માત્ર છ જ દેશોમાં અલાયદા મંત્રાલય તરીકે અસ્તિત્વ ધરાવે છે અને તેમાં સમગ્ર ભારતમાં જ નહીં પરંતુ આખા એશિયામાં માત્ર ગુજરાત

રાજયે જ આ વિભાગની રચના કરવાની પહેલ કરી છે. ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જ જેવી જગતને હંફાવનારી પ્રલયકારી સમસ્યાના ઉપાયમાં ગુજરાત રાજય વિકસિત દેશો કરતાં પણ આગળ છે. પૃથ્વીના કલાઈમેટમાં તેની ધીમી અને ચોકકસ ગતિ કરતાં વધુ ઝડપી બદલાવ આવવા માંડયો છે. વાસ્તવમાં છેલ્લા કેટલાક દાયકાઓથી કલાઈમેટ ચેન્જ જે ઝડપથી ફેરફારો થઈ રહયા છે તે જોતાં વૈજ્ઞાનિક અને હવામાનશાસ્ત્રીઓ પણ આ ફેરફારોથી ચિંતિત છે. કલાઈમેટ ચેન્જમાં થઈ રહેલા ફેરફારો માનવસર્જીત અને દરેકેદરેક જીવને અસરકર્તા છે. આપણે જોઈ રહયા છીએ કે પહેલાંના સમયમાં આપણે ત્યાં ઋતુઓ પ્રમાણે વાતાવરણ બદલાતું હતું ત્યારે શિયાળો, ઉનાળો કે ચોમાસાનો કોઈ નકકી સમય નથી કે ઋતુ પ્રમાણે હવામાનમાં જે ઋતુમાં જેની જરૂર હોય તે વાતાવરણ અત્યારે ઉભું થાય. હાલ આપણે જોઈ રહયા છીએ કે આપણે ત્યાં ચોમાસાનો સમય શરૂ થઈ ગયો છે. આપણે ત્યાં હંમેશા પહેલાં ૧૫ જુનથી વરસાદ શરૂ થતો હતો. અત્યારે હાલ સમય કરતાં તે ઘણો મોડો છે. આનું એક કારણ છે કે હવામાનમાં થઈ રહેલા પ્રદુષણમાં વધુ પડતા પ્રભાવને લીધે વાતાવરણ ચેન્જ થયું છે. તાજેતરમાં જુન માસની પાંચમી તારીખે પર્યાવરણ દિનની ઉજવણી કરી. આજે ચારેય બાજુ પર્યાવરણ ઉપર ખતરો છે. પૃથ્વી ઉપર વસતા માનવી અને સમગ્ર જીવો માટે ભવિષ્ય ખતરામાં છે કારણકે વાયુ, જળ અને જમીન ઉપર પ્રદુષણ ફેલાતા વિશ્વનું તાપમાન દિવસે દિવસે વધી રહયું છે ત્યારે માનવ દ્વારા થતો કુદરતી સંપત્તિનો દુરઉપયોગ, વાહનો દ્વારા હવામાનમાં ભળતા કાર્બનને કારણે તાપમાનમાં ઉત્તરોત્તર ફેરફાર થઈ રહયો છે. મનુષ્યે જે રીતે છેલ્લા ૧૦૦ વર્ષમાં પૃથ્વીનું દોહન કર્યું છે તેની પ્રતિક્રિયા કુદરત દ્વારા આપણને દેખાઈ રહી છે. આને કારણે જમીનના સ્તરમાં અને જળ સ્તરોમાં અનેક સમસ્યાઓ ઉભી થવા પામી છે અને જમીનના પેટાળોમાં ભારે ઉથલ પાથલ થઈ રહી છે. જયારે દુનિયાભરમાં ગ્લોબલ વોર્મિંગનો કલાઈમેટ ચેન્જનો ભય સતાવી રહયો છે ત્યારે વિશ્વમાં જે ઠંડા પ્રદેશો કહેવાતા હતા ત્યાંના તાપમાનમાં પણ ફેરફાર થઈ રહયા છે. જયાં બરફોના ગ્લેશિયર જામતા હતા ત્યાં હવે હિમશિખરો થતાં નથી. વિશ્વ પર થઈ રહેલા હવામાનની અસર આપણા અડગ ઉભેલા હિમાલયને પણ થવા લાગી છે અને આને કારણે હિમશિલાઓ પણ ઓગળી રહી છે. કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા ગુજરાત સરકારે અગમચેતીના પગલાં લેવાની પહેલ કરી છે જેમ કે વાયુ પ્રદુષણ અટકાવવા સી.એન.જી.નો પરિવહન માટે ઉપયોગ કરીને તેનું નેટવર્ક વિકસાવી પ્રદુષણમાં ઘટાડો કરવાના પ્રયત્નો કર્યા છે.ગ્રેસ ગ્રીડની ૨૨૦૦ કિ.મી.ની પાઈપલાઈનનું કામ પૂર્વેથી ચાલુ રહ્યું છે અને વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડથી થતા પ્રદૂષણને નિયંત્રણમાં લેવા પ્રોજેકટની શરૂઆત કરી છે. નર્મદા અને સુજલામ્ સુફલામ્ યોજના સહિત ચેકડેમો દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરીને તથા ભુગર્ભ પાણી રિચાર્જ કરીને જળ વ્યવસ્થાપનું કાર્ય કર્યુ છે. ગુજરાત કે જ્યાં સૂર્યવર્ષના ૩૦૦ દિવસથી પણ વધુ દિવસ પ્રકાશ મળે છે, તેનો લાભ લઈ સૂર્ય ઊર્જામાંથી પર્યાવરણીય રીતે સ્વચ્છ અને હરિત ઊર્જા ઉત્પન્ન કરવા માટેની સર્વ અને સાનુકૂળ નીતિ જાહેર કરી છે. સૂર્ય ઊર્જાને પ્રોત્સાહિત કરવા પાટનગર ગાંધીનગરને સૌર ઊર્જા બનાવવાનું (સમય સૂચક ઘંટડી) સ્વપ્ન સેવ્યું છે. મને જણાવતાં આનંદ થાય છે કે અમદાવાદ શહેરમાં ૨૦૦૧ માં દેશમાં ૮૫ પ્રદૂષિત શહેરોની યાદી પૈકી સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ચોથા સ્થાને હતું, તે વર્ષ ૨૦૦૪ માં ૧૨ માં સ્થાને અને ૨૦૦૬ માં કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડાઓ પ્રમાણે ૪૩ માં સ્થાને. આવેલ છે. આ પગલાંઓને કારણે વાયુ મંડળોમાં પ્રવેશ કરતા ગ્રીન હાઉસ, ગેસીસન ઉત્સર્જનમાં પણ ઘટાડો જોવા મળે છે. લોકોમાં જનજાગૃતિ લાવવા માટે તેમજ વાતાવરણમાં અને પ્રદૂષણમાં ઘટાડો લાવવા માટે સામૂહિક પ્રયાસો માટે સરકારશ્રી દ્વારા વખતો વખત ગ્રીન ટેક્નૉલૉજી ઉપર પરિસંવાદો યોજીને લોકોમાં જનજાગૃતિ આવે તે માટે ઘણા બધા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ વિષયનું જ્ઞાન આપવા માટે સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ શાળાઓના પાઠય પુસ્તકોમાં પર્યાવરણના વિષયનો અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આમ રાજ્યોની સરખામણીમાં આપણું રાજ્ય આ બાબતે અગ્રેસર છે. ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેઈન્જના પડકારો આજની પેઢી નહિ, પણ આવતીકાલની પેઢી માટે ખતરારૂપ અને ગંભીર છે. ગુજરાત જ્યારે સમગ્ર વિશ્વમાં માનવ સુખાકારીના ક્ષેત્રમાં પથદર્શક પહેલ કરી રહ્યું છે, ત્યારે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેઈન્જના પડકારો માટેના નવતર પ્રયોગને આપ સૌનું સમર્થન મળશે તેવી આશા વ્યક્ત કરું છું અને છેલ્લે પ્રકૃતિ પ્રેમી એવા કવિ નરેન્દ્રભાઈ મોદી કહે છે કે-

**"ઉકરડામાં આબોહવાનો અર્થ નથી રે. ગુલાબ થઈને ઊગવાનું અહી વ્યર્થ નથી રે.**
**આવળ-બાવળ દૂર થયા ને અમને એક ગુલછડી જડી છે". અસ્તુ.**

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં સાથી સભ્યશ્રી ગીતાબેન જે સંકલ્પ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેઈન્જના બિલ અંગે મને જે બોલવાની તક મળી છે, તે અંગે હું પણ મારી જાતને ભાગ્યશાળી ગણું છું અને સદ્ભાગ્ય એટલા માટે ગણું છું કે હું પણ આ વિષયમાં બે-ત્રણ વર્ષથી વિશેષ આ વિષયમાં પરિચિત છું. આ એવા વિષયમાં બોલવાની તક મળી છે, જે કોઈ પણ રાજય કે કોઈપણ દેશના કે સમગ્ર વિશ્વસૃષ્ટિને સ્પર્શતો આ

પ્રશ્ન છે. આવનારી પેઢી માટે ઉદ્ભવતો પ્રશ્ન હોય અને તે અંગે એમાં અત્યારથી જ તે અંગે આયોજન એની ચિંતા, શિક્ષણ તથા સામાજિક જવાબદારી સમજીને હું મારો સૂર પૂરાવું છું.

હું સૌ પ્રથમ આ રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું કે સમગ્ર ભારત વર્ષમાં આપણા રાજ્યમાં આ પ્રથમ વિભાગ જ્યારે ચાલુ કર્યો છે. આ અલગ સરકારી વિભાગ રચવાની આ પહેલને આ એકવીસમી સદીના જાંબાજ મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટીને વંદન કરવાનું મન થાય છે. આ ગંભીર વિષયની ચર્ચા પહેલાના કારણો તરફ નજર કરીશું તો આ સૃષ્ટિમાં વસતા માનવી જ આના માટે જવાબદાર છે. પૃથ્વીની હવામાં વાયુની જે માત્રા જોઈએ છીએ અને તેના કરતાં હાનિકારક વાયુ કાર્બન ડાયોકસાઈડ જે મોટા પ્રમાણમાં ભેળવ્યો છે. એના જવાબદાર આપણે સૌ આ માનવ જ છીએ. તેના કારણે ધરતી ઉપરથી પરિવર્તિત થતી ઊર્જા ઉપર નહિ જઈ શકીએ અને અવકાશમાં વિલીન થતા અટકે છે, એના કારણે પર્યાવરણના પ્રશ્નો ઊભા થાય છે.માનનીય
અધ્યક્ષશ્રી, વૃક્ષોનું નિકંદન અને સિમેન્ટના જંગલો આના એક મુખ્ય કારણ છે. કોઈ એક ચોક્કસ વિસ્તારની સરેરાશ આબોહવામાં, સમયગાળામાં ફેરફાર થાય છે તેને કલાઈમેટ ચેન્જ કહે છે. આજકાલ પૃથ્વી પર બનતી તમામ ઘટનાઓ માટે ગ્લોબલ વોર્મિંગ જવાબદાર છે. લાખો વર્ષમાં માણસજાતે સમગ્ર સૃષ્ટિ સાથે જેટલી છેડતી નહીં કરી હોય તેટલી અડધી સદીમાં કરી છે. જો ભારત જેવા પૂર્ણ વિકસિત ન હોય તેવા દેશો પણ વિશ્વના બીજા દેશો જેવું આચરણ કરશે તો આ એક પૃથ્વીમાં તેનો સમાવેશ નહીં થઈ શકે. ગ્લોબલ વોર્મિંગ ઉપર છેલ્લા ત્રણ દાયકાથી વિશ્વના પ્રબુદ્ધ લોકો આ અંગે વિચારતા થયા છે. સૌ પ્રથમ ૧૯૯૨માં એક સંમેલન રીયો ખાતે આ અંગે યોજાયું હતું. ત્યાં વિગતવાર ચર્ચા થઈ હતી. એ પછી પાંચ વર્ષ પછી એટલે કે ૧૯૯૭માં કયુટો પ્રોટોકોલ બહાર પાડવામાં આવ્યો. આ ખૂબ અગત્યનો પ્રશ્ન એટલા માટે છે કે ૧૯૯૭માં જે કયુટો પ્રોટોકોલ થઈ હતી તે કયુટો પ્રોટોકોલે નક્કી કર્યુ હતું કે ૨૦૧૨ સુધીમાં સમગ્ર વિશ્વના વિકસિત દેશોએ પોતાના દેશમાં ૧૯૯૦ની પરિસ્થિતિ પ્રમાણે વાયુ મંડળની સ્થિતિ ઉભી કરવી પડશે તેની જવાબદારી વિશ્વના દરેક દેશોની છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે લગભગ ૧૮૦ કરતાં વધારે દેશોએ આ કયુટો પ્રોટોકોલ ઉપર સહી કરી છે. એ વખતે એ લોકોએ બે સિસ્ટમ નક્કી કરી હતી. જોઈન્ટ ઈમ્પ્લીમેન્ટેશન સાથે અનુકરણ કરવું અને કલીન ડૅવલપમેન્ટ મીકેનીઝમ એટલે કે સી.ડી.એમ. પ્રોજૅકટ કરવા. આ અંતર્ગત ૨૦૦૭ ડિસૅમ્બરમાં બાલી ખાતે, ૨૦૦૮માં એશિયાની કૉન્ફરન્સ સિંગાપુર ખાતે પણ મળી હતી અને મને આ સભાગૃહમાં કહેતાં આનંદ થાય છે કે બે માસ પહેલાં જ ૨૦૦૯માં જ બાર્સેલોના સ્પેન એક આ પ્રકારનો એક વિશાળ સૅમિનાર યોજાયો હતો. તેમાં ગુજરાતના વિભાગના મંત્રી આદરણીય શ્રી નીતિનભાઈ અને વિભાગના અધિકારીઓએ તેમાં ભાગ લીધો હતો. ૩૫૦૦થી વધારે પ્લેયર્સ, એટલે કે વિશ્વના ૩૫૦૦ થી વધારે લોકોએ આ સૅમિનારમાં ભાગ લીધો હતો. આ જોતાં એટલું કહી શકાય કે આ રાજયના મુખ્યમંત્રી આ વિભાગ માટે કેટલા ચિંતિત છે.

માનનીય અધ્યક્ષ મહોદય, આ બધાનો કુલ મિલાકર ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જમાં સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે વિશ્વના વિકસિત દેશોની આ સમસ્યા, પશ્ચિમના દેશોનું પાપ જે અપૂરતા વિકસિત થયેલા દેશોએ પૂરું કરવાનું છે તેના માટે કાર્બન ક્રેડીટ તરીકે તે લોકોએ હિસ્સો મેળવ્યો છે. આ સમસ્યાને આ સરકાર આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર આ આપત્તિને એક અવસરમાં પલટવા જઈ રહી છે તેના એક બે ઉદાહરણ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. જે સી.ડી.એમ. પ્રોજૅકટ સમગ્ર દેશમાં પૂરા ભારત વર્ષની વાત કરું છું તો ૨૯ જેટલા સી.ડી.એમ. પ્રોજૅકટ આપણા રજીસ્ટર્ડ થવા માટે પહોંચી ગયા છે અને ૩૯ જેટલી માતબર લગભગ ૪૦ ટકા જેટલી કાર્બન ક્રેડીટ ગુજરાત રાજય મેળવી ચૂકયું છે. આજે ગુજરાત દેશનું સૌથી વધારે કાર્બન ક્રેડીટ મેળવતું રાજય છે. એટલે કાર્બન ક્રેડીટ મેળવવામાં નંબર વન આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે. સી.ડી.એમ. પ્રોજૅકટની વાત કરતો હતો, તેના આધાર ઉપર એક સી.ઈ.આર. એટલે કાર્બન ઈમરશીયન રેટની ગણતરી થતી હોય છે અને તેને જનરેટ કરી વિદેશી હૂંડિયામણ મેળવવામાં આપણા આ સમર્થ મુખ્યમંત્રીએ ખૂબ પહેલ કરી છે અને ખૂબ આગળ પણ નીકળ્યા છે. સમગ્ર ભારતવર્ષમાં ગુજરાત જ એક એવું રાજય છે કે જે સી.ડી.એમ. પ્રોજૅકટ સૌથી વધારે તૈયાર થયા છે. તે મહાનગરપાલિકામાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એટલે કે કચરામાંથી પણ કાર્બન ક્રેડીટ એટલે કે કચરામાંથી મિથેલ બાળી કાર્બન ક્રેડીટ મેળવવા આ મહાનગરના અધિકારીઓ અને ગુજરાત સરકાર પોતે સક્ષમ થઈ ગઈ છે. તે સિવાય પણ ઉર્જાનું હોય, બાયોગેસનું ક્ષેત્ર હોય, વિન્ડ મીલ હોય ઘણાબધા બીજા એવા ક્ષેત્રો છે, પરિવહન હોય કે જેમાં ગુજરાત સરકાર કાર્બન ક્રેડીટ મેળવે એવી પરિસ્થિતિમાં આજે પહોંચી ગઈ છે. ગુજરાતે વિભાગ ચાલુ કર્યો, માનનીય અધ્યક્ષશ્રી, હું વિશેષ એટલા માટે કહું છું કે, ૨૦૦૯નું વર્ષ હવે પૂરું થવામાં આવ્યું છે, ૨૦૧૨ને હજુ લગભગ બે વર્ષ બાકી છે. આ ૨૦૧૨નો Kyoto protocol પૂરો થવાને ત્યારે હિન્દુસ્તાનના કોઈ રાજય પાસે કોઈ પ્રોજૅકટ લગભગ ઓછા તૈયાર થયા છે, તો ૨૦૧૨ની Kyoto protocol પૂરી થશે, નવી બેઠક થશે નવા કરારો થશે એ પહેલાં સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત જ એવું રાજય હશે કે જે સૌથી વધારે કાર્બન ક્રેડિટ મેળવી શકશે કારણ કે કાર્બન ક્રેડિટ મેળવવા માટે એના પ્રોજૅકટથી બનાવથી માંડી અને છેક યુનાઈટેડ નેશન્સ સુધી પણ એના જો રજીસ્ટ્રેશનમાં કરવા માટેની જે લાંબી પ્રોસીજર છે એના માટે ગુજરાત સરકારે અને શહેરી વિકાસ

વિભાગે જીયુડીસીને એક નોડલ એજન્સી બનાવી છે અને પૂરી સત્તા અને જવાબદારી એ જીયુડીસીને આપી છે. સીડીએમના જે ૩૯ પ્રોજેકટોની વાત કરી એમાં એક એનર્જી એફીસીએન્ટનો એક પ્રોજેકટ એમાં સાથે જોડાયેલો છે. એ બસ પરિવહનનો હોય, એનર્જી ઑડિટનો હોય, સોલીડવેસ્ટ મેનેજમેન્ટનો હોય કે આ જ કારણોસર એના CER જનરેટ કરીને આજે આપણે એવી પરિસ્થિતિમાં પહોંચ્યા છીએ કે વહેલીતકે આપણને કાર્બન ક્રેડિટ મેળવી શકીશું. આજે એવો સમય છે કે ઝડપથી વિકાસ આપણું ગુજરાત કરી રહ્યું છે, ત્યારે એને અવરોધક પોસાય તેમ જ નથી. મને કહેતાં આનંદ થાય છે કે, ગ્લોબલ વોર્મીંગ અને કલાઈમેટ ચેન્જ જેવા ગંભીર વિષયો આ સમાજને પ્રશિક્ષિત કરવા ગુજરાત યુનિવર્સિટીના કોર્સ ચાલુ કર્યા છે, અને શૈક્ષણિક હેતુસર વિવિધ પાઠ્યપુસ્તકો પણ કર્યા છે.

અંતમાં કહું છું કે, કલાઈમેટ ચેન્જની તીવ્ર અસરોને પ્રભાવિત થતી રોકવા આ સરકારનો પ્રાથમિક એજન્ડા અને માનવ વિકાસ સૂચકાંક ઉંચે લઈ જવાનો છે, ત્યારે ગુજરાતે સમગ્ર વિશ્વમાં માનવ સુખાકારીના ક્ષેત્રોમાં પથદર્શક પહેલ કરી રહ્યું છે, ત્યારે કલાઈમેટ ચેન્જના પડકારો માટે નવતર પહેલ કરીને આ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાની પ્રત્યે જાગૃત એવા માનનીય મુખ્ય મંત્રીશ્રી આ વિભાગમાં આવનારી પેઢી માટે આગોતરુ આયોજન કરી ઈતિહાસ સર્જવા જઈ રહ્યા છે ત્યારે સમગ્ર સૃષ્ટિ પણ આ જે પીડાઈ રહી છે એની વેદના સમજીને પોતાના વિભાગ પ્રત્યેની જે કટિબધ્ધતા પ્રગટ કરી છે ત્યારે આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રીમતી ગીતાબહેન પટેલ આજની એકવીસમી સદીનો સૌથી મહત્ત્વનો અને રિલેવન્ટ સબજેકટ અને એના અંગેનો સંકલ્પ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યાં છે, ત્યારે હું એ વિષય પર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર બ્રહ્માંડમાં આજે સમગ્ર યુનિવર્સ છે એમાં આજ સુધીની જાણકારી પ્રમાણે એક માત્ર આપણો જે ગૃહ છે પૃથ્વી...

**અધ્યક્ષશ્રી** : આ પ્રસ્તાવ માટે હું કોઈ સભ્યશ્રીને આગ્રહ નથી કરતો પણ આવનારા દિવસોની અંદર ખૂબ અગત્યનો છે, અને એના વિશે શ્રી રાકેશભાઈ જે રીતે બોલ્યા અને શ્રી અનીલભાઈ જે રીતે બોલી રહ્યા છે એ જોતાં આપણે જે નથી જાણતા એવી ઘણી વસ્તુઓ આ પ્રસ્તાવ પર આવી રહી છે, તો બધા ધ્યાનથી સાંભળે એવી મારી વિનંતી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર યુનિવર્સમાં જ્યારે જીવસૃષ્ટિ એ માનવ સહિતની જે જીવસૃષ્ટિ છે એ આજની જાણકારી પ્રમાણે એક માત્ર પૃથ્વી ઉપર જ એ ઉપલબ્ધ છે અને આ જીવસૃષ્ટિની જાળવણીની જવાબદારી પણ મનુષ્ય ઉપર એટલા માટે વિશેષ છે કે, અન્ય જીવો કરતાં કુદરતે મનુષ્યમાં એક વધારે શકિત, વિચાર અને જ્ઞાન અને એના માટેની જે શકિત આપી છે પણ આજે પ્રદૂષણ જે ઉભું થયું છે, એની પાછળનું કારણ પણ એ કદાચ આ માનવીની જે જ્ઞાનની જે શકિત છે એ શકિતમાંથી કદાચ ઉદ્‌ભવ્યું છે. માત્ર છેલ્લા પચીસ વર્ષથી જ આ વિષય એ એક વૈશ્વિક ધોરણે સમસ્યાના સ્વરૂપે જ્યારે સ્વીકારવામાં આવ્યો છે ત્યારે આ ગ્લોબલ વોર્મીગ અને કલાઈમેટ ચેન્જ માટે ગ્લોબલ વોર્મીગના હલ માટે ગ્લોબલ એકશન એ અનિવાર્ય ગણવામાં આવે છે. આ એક રાજ્યનો કે દેશનો પ્રશ્ન નથી પણ સમગ્ર વિશ્વનો પ્રશ્ન છે અને એટલા માટે જે રાકેશભાઈએ કયુટો પ્રોટોકોલની વાત કરી એમાંથી સમગ્ર વિશ્વના ૧૮૦ કરતાં પણ વધારે દેશો આમાં એક સાથે જોડાયા છે. આપણને સૌને એ વાતનો અવશ્ય આનંદ છે કે, આપણા દેશની સરકારે હજુ જે વિભાગ માટે જે અવેરનેશ નથી ઊભી કરી એ ગુજરાત રાજ્યની સરકારે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ વિભાગની શરૂઆત કરીને સમગ્ર રાજ્યની પ્રજાને આ વૈશ્વિક પ્રશ્નમાં જોતરવા માટે કામગીરીની શરૂઆત કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહના સભ્યોને જણાવવું છે કે, ગ્લોબલ વોર્મિંગ એટલે શું? આ જે સમગ્ર જીવ સૃષ્ટિનું જે અસ્તિત્વ છે એની પાછળનું કારણ એ આ પૃથ્વીની આજુબાજુનું જે વાતાવરણ છે એ વાતાવરણ અને સૂર્ય સાથેનો જે એનો સંબંધ છે એના ઉષ્ણતામાન કારણે જે જીવસૃષ્ટિ ઉદ્‌ભવી શકી છે એને લઈને આ વાતાવરણમાં ૯૯ ટકા એ નાઇટ્રોજન અને ઑકસીજન આવેલો છે ત્યારે એક ટકામાં અન્ય ગેસીસ અને એમાં જેને કાર્બન ડાયોક્સાઈડ કહેવામાં આવે છે એ કાર્બન ડાયોક્સાઈડ ગેસનું પ્રમાણ માત્ર ૨૮૦ પી.પી.એમ. હોય છે એ છેલ્લા ૨૦૦ વર્ષમાં આમાં વધારો થઈને ૩૩૦ પી.પી.એમ. સુધી પહોંચ્યા છે. આની જે વાત છે કે ૧૮૦૦ની સદી સુધી જ્યાં સુધી એનર્જીની શોધ નહોતી થઈ, વીજળીની શોધ નહોતી થઈ, સ્ટીમ એન્જિનની શોધ નહોતી થઈ, ઔદ્યોગિકીકરણ શરૂ નહોતું થયું ત્યાં સુધી માનવી ટ્રાન્સપોર્ટેશન માટે પણ ઘોડાનો, હાથીનો કે ઊંટનો ઉપયોગ કરતો હતો ત્યારે ૧૮૦૦ની સદી પછી જ્યારે ઔદ્યોગિકીકરણમાં એનર્જીનો ઉપયોગ કરીને માનવી જે કુદરતી સંશાધનો છે એનો

ઉપયોગ પોતાના સુખ સગવડ માટે માનવીની કમ્ફર્ટ માટે કવોલોટી ઓફ લાઈફ માટે કરવા માટેનું જે આયોજન કર્યું એમાંથી આ શરૂઆત થઈ છે એમ કહીએ તો ચાલે. કારણ કે છેલ્લા ૨૦૦ વર્ષમાં વીજળીની જે શોધ થઈ તો વીજળીને પેદા કરવા માટે કોલસો, પૅટ્રોલિયમ પ્રોડકટ આ બધાનો વપરાશ કરવો પડ્યો. અને કમ્બસ્ટન વગર આ એનર્જી પેદા થઈ શકતી નથી. અને કમ્બસ્ટન જ્યારે કરવાનું આવે ત્યારે એમાંથી કાર્બનમાંથી કાર્બન ડાયોક્સાઈડની ઉત્પત્તિ થાય છે અને એમાંય જ્યારે અનર્બન્ટ ફ્યુઅલ જેને કહેવાય છે કાર્બન મોનોક્સાઈડ એ અનર્બન્ટ ફયુઅલ જ્યારે વાતાવરણમાં ભળે છે ત્યારે એ હવાને પણ પ્રદૂષિત કરે છે અને માનનીય અધ્યક્ષશ્રી, જે ઊર્જા સૂર્યમાંથી આવીને પરાવર્તિત થતી હોય એ પરાવર્તિત થતી ઊર્જા જ્યારે પાછી જઈ શકતી નથી ત્યારે એ ઊર્જા આ પૃથ્વીની અંદર રહીને એનાથી આ વાતાવરણમાં ટેમ્પરેચરમાં એનો વધારો થાય છે અને આ જે ટેમ્પરેચરનો વધારો છે એના કારણે જે મુશ્કેલીઓ ઊભી થવાની છે એની પણ જો કલ્પના કરવામાં આવે તો ધરતીનું જે ઉષ્ણતામાન છે એ ૧ ડિગ્રીથી ૫ ડિગ્રી સુધી વધવાની શક્યતાઓ રહેલી અને આ ગરમી વધવાના કારણે ધ્રુવ અને હિમ પ્રદેશોમાં આવેલ અને આપણું જે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ કે આપણો જે હિમાલય જેવા પ્રદેશો છે એમાં ગરમી વધવાના કારણે જે હિમ નદીઓ છે એ ઓગળવાની શરૂઆત થાય એના કારણે સમુદ્રનું જળ સ્તર, કારણ કે આ પાણી જે બરફના સ્વરૂપે છે એ પાણી જ્યારે નદીઓ મારફતે દરિયામાં આવે અને નદીઓમાં પણ રેલ આવે અને સમુદ્રનું જે જળ સ્તર છે એ પણ વધીને એ જે નીચાણવાળા પ્રદેશો છે એ ડૂબી જાય અને નીચાણવાળા પ્રદેશોમાં મોટા બંદરો કારણ કે સમગ્ર સંસ્કૃતિનો વિકાસ એ જ્યાં પાણી અને બંદરની ઉપલબ્ધિ છે ત્યાં થયેલો છે ત્યારે આ બંદરો ઉપર પણ આનું જોખમ ઊભું થઈ શકે.એ પ્રકારની આ એક ચેતવણીના સ્વરૂપે થઈ શકે એવી આ ઘટનાઓ છે, જ્યારે ગ્લોબલ વોર્મિંગની જે હકીકતો છે એમાં પણ અમૅરિકાના ૨૦૦૭ના વર્ષ દરમ્યાન એનું જે સરેરાશ ટેમ્પરેચર કરતા ચાર ડિગ્રી ફેરનહીટ જેટલું વધારે નોંધાવવામાં આવ્યું છે અને એના કારણે પશ્ચિમના દેશોમાં છેલ્લાં ત્રીસ વર્ષથી અવારનવાર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાવાની પણ ઘટનાઓ બની છે અને જંગલોમાં જે પ્રચંડ આગ ફાટી નીકળી છે એના કારણે પણ ઈ.સ. ૨૦૦૬ દરમ્યાન એક લાખ કિસ્સાઓ આગના નોંધવામાં આવ્યા છે અને એક કરોડ એકર જમીનમાંથી વનરાજી બળીને સાફ થઈ ગઈ છે અને આ દાવાનળને કાબૂમાં લાવવા માટે જ એક અબજ એટલે કે પાંચ હજાર કરોડ રૂપિયા જેટલું નાણું વેડફવામાં આવ્યું છે, ભારતમાં પણ વાવાઝોડાના કારણે ૧૦ હજાર વ્યકિતઓના મરણ નોંધાયા છે અને બીજી ૧ થી ૧.૫ કરોડ જેટલી વસતિને માઠી અસરો થઈ છે, આવા પ્રકારના સંજોગો જ્યારે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેન્ટ ચેઈન્જના ઊભાં થઈ રહ્યા છે, એર પોલ્યુશન, વોટર પોલ્યુશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, હેઝાર્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ આ બધી જ બાબતમાં જાગૃતિની વિશેષ જરૂરિયાત છે, દરેક નાગરિકના માટે પોતાની આવતી પેઢીઓના જીવનના રક્ષણ માટે આ કામગીરી આપણા સંસ્કારમાં, આપણે કદાચ આપણી જાત કરતાં આપણી આવનારી પેઢીની વિશેષ ચિંતા કરવાના સંસ્કાર ધરાવતી આપણી જે હિંદુ સંસ્કૃતિ છે એની અંદર આવતી પેઢીઓ માટે જો આ ચિંતા નહિ કરવામાં આવે તો આ વૃક્ષારોપણ, વૃક્ષોનું નિકંદન નહિ થવા દેવું આ બધી જ બાબતમાં વિભાગ દ્વારા કામગીરી થશે અને એના દ્વારા ગુજરાત અને એની આવનારી પેઢી જાગૃત બનશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્ય શ્રીમતી ગીતાબહેન જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના સમર્થનમાં મારી વાત વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. 'છોડમાં રણછોડ' એ આપણી સંસ્કૃતિ છે, આપણે વૃક્ષોમાં પણ દેવતાનું સ્વરૂપ જોઈએ છીએ, આ દેશની મહિલાઓ પોતાના અખંડ સૌભાગ્ય માટે વટસાવિત્રીનું વ્રત કરીને પીપળાના પૂજનનું કામ એ આ દેશની સંસ્કૃતિ કરે છે, આપણી સંસ્કૃતિ પ્રમાણે તુલસીના ક્યારે રોજ પાણી ચઢાવીને એ તુલસીના ક્યારાના જતનની સાથે આપણામાં એની પૂજાનો અહોભાવ હોય છે, આપણે નદીને માતા માનીએ છીએ, આપણે સૂરજને દાદા કહીએ છીએ અને આપણે ચાંદાને ચાંદામામા કહીએ છીએ, ધરતી એ આપણી માતા છે અને સાગર એ આપણો દેવતા છે આપણે સૌ પ્રકૃતિ સાથે જોડાયેલા છીએ અને પ્રકૃતિનું દોહન એ આપણી સંસ્કૃતિ છે અને પ્રકૃતિનું શોષણ એ સમાજની વિકૃતિ છે, આ પ્રકૃતિના પૂજનના સંદેશમાંથી ક્યાંક આપણે અને ક્યાંક વિશ્વ કોઈક ભૂલ કરી ચૂક્યું છે અને એના કારણે કોઈ પરિસ્થિતિ ઊભી એ પરિસ્થિતિ એટલે ક્લાયમેટ ચેઈન્જ, એકવીસમી સદી સમક્ષ વિશ્વમાં બે મોટા પડકારો છે એક પડકાર આતંકવાદ અને બીજો પડકાર કલાયમેટ ચેઈન્જના કારણે ઊભી થતી માનવ જીવન પરની અસરો, બ્રિટનની મટિરિયોલોજી વિભાગના પૂર્વ ઑફિસર સર જ્હોન ક્યુટે એક અભિપ્રાય આપ્યો છે કે 'એકવીસમી સદીમાં કલાયમેટ ચેઈન્જની અસરો જ માનવ જાત ઉપર ટેરરીસ્ટ એટૅક સમાન બનશે જેમાંથી માનવ જાત બચી શકવાની નથી,' વર્લ્ડ બૅન્કના ચીફ સાયન્ટીસ્ટ બોબ વોટથને કલાયમેન્ટ ચેઈન્જની કરેલી ધારણા નજર અંદાજ કરી શકાય એટલા માટે નથી કે એમનું તારણ છે કે બ્રિટનમાં આજનું જે હવામાન છે કલાયમેન્ટ ચેઈન્જની અસરના કારણે બ્રિટનમાં આવનારા દિવસોમાં એશિયાના ખંડ જેવું હવામાન ઊભું થવાનું છે. યુ.એન.ડી.પી.નો ૨૦૦૭-૦૮નો જે અહેવાલ છે એ અહેવાલ પ્રમાણે.. એટમોસ્ફીયરમાં નાઇટ્રોજન અને ઓકિસજનનું પ્રમાણ ૯૯ ટકા હોવું જોઈએ પણ હાલ કાર્બનડાયોકસાઈડનું પ્રમાણ ૩૩૦ પી.પી.એમ. થયું છે. એટલે તેના કારણે સૂર્યની ગરમી પૃથ્વી

ઉપર પડતાં અલ્ટ્રા વાયોલેટ રેઝ તે સીધા પૃથ્વી ઉપર પડે છે અને તે અલ્ટ્રા વાયોલેટ રેઝના કારણે ઓઝોન સ્તરની અંદર પીન હોલ થાય છે જે પૃથ્વીનું ટેમ્પરેચર એક ડિગ્રીથી પાંચ ડિગ્રી જેટલું વધારે છે અને આ ઉનાળામાં આ દેશમાં અનેક જગ્યાએ તાપમાન જે ૫૦ ડિગ્રી સુધી પહોંચ્યુ તેનું કારણ કલાયમેટ ચેન્જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એમને એમ નથી બન્યું. આપણે આપણી જરૂરિયાત માટે, આપણાં જરૂરી વિકાસ માટે આ જમીનમાંથી તેલ, ઓઈલ અને કોલસો આપણે ઉર્જા ઉત્પન્ન કરવા માટે ખેંચ્યે જ રાખ્યો છે. એક આંકડા પ્રમાણે વિશ્વનો મનુષ્ય દરરોજ પૅટ્રોલિયમના ૭ કરોડ ૪૧ લાખ ૨૫ હજાર પીપ બાળે છે. જેમાંથી ઉત્પન્ન થતો કાર્બનડાયોકસાઈડ તે ઓઝોનના સ્તરની અંદર પ્રોબ્લેમ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનવીના મનમાં પડેલી આ દુનિયાને લૂંટી લેવાની ઘેલછાના કારણે પ્રકૃતિનું જે આંધળુ શોષણ કર્યુ છે તેના કારણે આ સમસ્યા ઉભી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉનાળાના દિવસોમાં આપણે ગમે ત્યાં સંપર્ક કરીએ તો પહેલામાં પહેલું પૂછીએ કે કેવી ગરમી પડે છે? આ સ્થિતિ એટલા માટે થઈ કે જેમ અનિલભાઈએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે હિમ શિખરો પણ ઓગળી ગયા છે ગ્લેસીયર પણ ઓગળવા માંડ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દર્શન માટે જે બાબા અમરનાથે જઈએ છીએ તે બાબા અમરનાથનું શિવલિંગ પણ તેના નિશ્ચિત સમય-મર્યાદા કરતાં વહેલું ઓગળી જાય છે. આનું કારણ જો હોય તો એ કલાઈમેટ ચેન્જની અસરો છે. માનનીય અધ્યક્ષશ્રી, નાસા સંસ્થાની ચેતવણી પ્રમાણે અત્યારે જે હિમ પર્વતો છે તેના કરતાં ૯ ટકા જેટલાં હિમ પર્વતો ઘટી રહ્યાં છે. અને આ બધાના કારણે સમુદ્રના સ્તરમાં વધારો થાય છે અને સમુદ્રના સ્તરમાં વધારો થવાના કારણે આગામી દિવસોમાં આંદામાન-નિકોબાર જેવા નાના નાના દ્વિપોનું અસ્તિત્વ નહીં રહે. અને આખે આખી ભૌગોલિક પરિસ્થિતિનો બદલાવ આવશે. એક વખત એવો હતો કે ચેરાપુંજીમાં સૌથી વધારે વરસાદ પડતો પણ આજે સ્થિતિ એવી થઈ છે કે ચેરાપુંજીમાં દુષ્કાળ પડે છે. આ અનિયંત્રિત ગરમી જે ૫૦ ડિગ્રી સુધી પહોંચે છે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પ્રમાણે તેણે જે કલાયમેટ ચેન્જના કારણે ઉભી થનારી અસરો અંગે કહ્યું છે કે બિમારોની સંખ્યામાં ૫૦ લાખ જેટલો વધારો થશે અને દોઢ લાખ જેટલાં મૃત્યુ કલાયમેટ ચેન્જના કારણે આજ દિવસ સુધી નોંધાયેલા છે. લૂ લાગવાથી થતા મૃત્યુની સંખ્યામાં અનેકગણો વધારો થશે. ખેત પેદાશો. આપણે આડેધડ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વપરાશના કારણે હવે એવા દિવસોની શરૂઆત થશે કે ખેત પેદાશોમાં ઘટાડો થશે જેના કારણે ૩૦ કરોડ લોકો વિશ્વની અંદર કુપોષણનો ભોગ બનવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્બન ડાયોક્સાઈડ જે ૩૩૦ પી.પી.એમ. કરતાં જેની માત્રા વધારે છે તેમાંથી કેવા કેવા પ્રકારના રોગ થાય છે. આ ઓઝોનના છીંડાના કારણે ચામડીનું કેન્સર, ઝેરી તાવ, હાડકાના દર્દો, ચેપી રોગનો ફેલાવો, રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો, શ્વાસનળીના રોગો, ફેફસાનું કેન્સર અને સૌથી અગત્યનો આપણને ખબર ના પડે એ રીતે એર બોર્ન ટાઈપ એનર્જી આજે માનવની અંદર સ્વભાવિક ક્રમની અંદર જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણે જોતાં કે ચકલીઓ અને કાબરો આપણાં ઘરની આસપાસ ભમ્યાં કરતી. આજે ચકલીઓ ધીમે ધીમે અદ્રશ્ય થવા માંડી છે. અને આ બધી વસ્તુઓને સમુદ્રના જળ જીવન ઉપર પણ અસર થાય છે. બારમાસી નદીઓ લુપ્ત થવા માંડી છે. અને એક સર્વેક્ષણ પ્રમાણે આ દેશની નદીઓના ૭૦ ટકા પાણી પીવા લાયક રહ્યાં નથી. " **રામ તેરી ગંગા મૈલી હો ગઈ** " તેનું મૂળ કારણ હોય તો આ પ્રદૂષણ અને પર્યાવરણની અસરોના કારણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાની સપાટી વધતાં, ખારાશ વધતાં કરોડો એકર જમીનની અંદર ખારાશની માત્રા વધરવાથી તેમાં ખેત ઉત્પાદનમાં ઘટાડો આવશે અને માનવ જીવનના પોષણમાં અનેક પડકારો ઉભાં થશે. ગુજરાતમાં લગભગ ૨૦ ટકા જેટલું રણ છે. અને વાવાઝોડા અને આંધીઓના કારણે આ રણની માટી એ ફળદ્રુપ જમીન ઉપર આવવા માંડી છે. અમદાવાદથી ૧૦૦ કિલોમીટર દૂરના વિસ્તારના ખેતરોમાં રણની માટીના થર જામવા માંડયા છે. જે આગામી દિવસોમાં ખેતપેદાશ ઉપર અસર કરશે. ૨૦૦૬માં વિશ્વના જંગલોની અંદર આગ લાગવાનું કારણ પણ પર્યાવરણ રહ્યું છે. ધરતીકંપ હોય, જવાળામુખી હોય કે સુનામી હોય, કે પછી અતિવૃષ્ટિથી જમીનનું ધોવાણ હોય. એ બધા કારણોમાં આ કલાઈમેટ ચેઈન્જ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વસુંધરાના શોષણના કારણે આજે વિશ્વમાં એસિડિક વરસાદની દિશામાં પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઋતુ ચક્ર બદલાઈ ગયું છે. પહેલાનું જે ચક્ર હતું એના બદલે અત્યારે આપણે લગભગ ૮ મહિના સુધી ઉનાળાનો અહેસાસ કરીએ છીએ. દરેક નવી શોધ નવા પ્રદુષણનું નિર્માણ કરે છે. આજકાલ ઈન્ફર્મેશન ટેકનોલોજીનો યુગ છે. એમાં જે હાર્ડવેર, જે કોમ્પ્યુટર અને સરકીટ બોલ્ટમાં સોલ્ડરીંગ અને જે લેડ વપરાય છે એ લેડનું ડિસ્પોઝલ ન કરવાના કારણે જમીનના તળમાં ઉતરે છે અને પાણીમાં લેડનું પ્રમાણ અનેકગણું વધ્યું છે.

ન્યુકલીયર પાવરની દિશામાં આગળ જતા આનું યોગ્ય ડિસ્પોઝલ જો નહીં કરવામાં આવે તો અનેક શકયતાઓ ઉભી થશે. ગુજરાતની સરકારે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલાઈમેટ ચેઈન્જનો નવો વિભાગ કરીને જેમ મહાત્મા ગાંધીજીએ આઝાદીની લડત કરીને ગાંધી મુવમેન્ટ કરી હતી, એમ આ કલાઈમેન્ટ ચેઈન્જનો વિભાગ કરીને નરેન્દ્રભાઈ મોદીએ મોદી ચળવળ શરૂ કરીને આ દેશને નવી દિશા ચીંધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રો-એકટીવ ગુડ ગવર્નન્સની નીતિને કારણે સી.એન.જી.ના માધ્યમથી આપણે અમદાવાદને પ્રદુષણમાંથી મૂકત કરાવી શકયા છીએ. આ રાજય સરકારના તમામ વિભાગો, પછી એ જળસંપત્તિ વિભાગ હોય, તો એ જળસંચયનું કામ કરે છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં મારી વાત પૂરી કરીશ. આપણે ૨૦૧૧ સુધીમાં ૧૭૨ જેટલા ગેસ ડિસ્ટ્રિબ્યુશન સીસ્ટમના માધ્યમથી સ્ટેટ પેટ્રોલિયમ કોરપોરેશનના માધ્યમથી ગુજરાતનું વાતાવરણ પ્રદુષણ મૂકત બને એના માટે રાજય સરકારે કરેલા કામગીરીને હું અભિનંદન આપું છું અને આ કલાઈમેન્ટ ચેઈન્જનો બિન સરકારી સંકલ્પ રાજય સરકાર સ્વીકારે તેવો અનુરોધ કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે ૫-૧૫ કલાકે પૂરું કરવાનું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્વનો એવો બિન સરકારી સંકલ્પ બેન ગીતાબેન લઈને આવ્યા છે. ગીતાબેન સાથે માનનીય સભ્યશ્રી રાકેશભાઈ, માનનીય અનિલભાઈ અને માનનીય પ્રદિપસિંહજીએ ખૂબ માહિતીસભર વાતો ગૃહમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે ચિંતા પણ ખૂબ વ્યકત કરી છે અને હકીકતમાં આ વાતાવરણમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. પરંતુ આ તમામ મુસીબતો ઉભી કરનારા પણ આપણે માનવજાત જ છીએ. પ્રગતિ પાછળની દોડ, ઉપભોગો, ઝડપથી ભાગવાની પ્રક્રિયા. એને કારણે આજે જે મુસીબત ઉભી થઈ છે. જે લોકોએ ચર્ચા કરી, એમણે એકેએક વસ્તુ લગભગ વણી લીધી છે કે આ પૃથ્વી પર કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ જે વધ્યું છે, એની આડઅસર જે થઈ છે, આપણને કુદરતે આપેલી ત્રણ સીઝન. શિયાળો ચાર મહિના, ઉનાળો ચાર મહિના અને ચોમાસુ ચાર મહિના. તેની જગ્યાએ આઠ આઠ મહિના સુધી આપણે ઉનાળાનો અનુભવ કરીએ છીએ. આજે પણ કેટલાયે પરિવાર એવા છે કે શિયાળાની મોસમમાં કયો ખોરાક લેવો, ઉનાળાની મોસમમાં કયો ખોરાક લેવો અને ચોમાસામાં કયો ખોરાક લેવો એવી રીતે આપણે જીવન પદ્ધતિ જીવતા આવેલા લોકો છીએ. આપણે બધા પ્રકૃતિના પૂજક છીએ એમ કહીએ. અને એ રીતે આપણે જીવતા આવ્યા છીએ. આજે પણ એવા કેટલાયે પરિવારો છે કે બાળકોને સવારમાં ઉઠીને ધરતી પર પગ મૂકવા માટે એને શીખામણ આપતા હોય છે કે બેટા પહેલા આપણે ધરતી માતાને પગે લાગવું જોઈએ. આપણી એ માતા છે. નદીને આપણે માતા કહીએ છીએ, ગંગા અને જમનાને આપણે પવિત્ર નદી માતા તરીકે પૂજીએ છીએ. સવારે સૂર્યદેવને પાણી ભરેલ લોટાથી પાણી ચઢાવીને સૂર્ય દેવતાને પૂજીએ છીએ. પર્વતોને પૂજીએ છીએ, આ રીતે આપણે કુદરતને પૂજતા આવેલા છીએ અને આપણા એકે એક ઈષ્ટદેવ છે એમણે પણ આ પધ્ધતિ શીખવી છે. વૃક્ષોને પણ પૂજવાની વાત આપણા આ ઈષ્ટ દેવતાઓ અને સંતો મહંતો કરતા આવેલા છે. છતાં પણ આજે આ પરિસ્થિતિ આવી છે. આમ તો લગભગ ૧૯૭૭ થી પહેલી સભા જયારે સ્વીડનમાં મળી ત્યારથી આની ચિંતા કરતા આવ્યા છીએ, પરંતુ જે પગલાં ભરવાં જોઈએ એ ભરાયાં નથી. એકે એક દેશે આ ગ્લોબલ વોર્મિંગની જે ચિંતા કરવી જોઈએ એ ચિંતા આજસુધી જે કરવી જોઈએ એ પ્રમાણે નથી કરી અને આજે જયારે એકદમ એમ કહીએ કે પગ તળે રેલો આવ્યો છે ત્યારે આપણે બધા ખૂબ પ્રયત્ન કરીએ તો જ આનો ઉપાય શોધી શકીએ તેમ છીએ. મેં કહયું તે પ્રમાણે ૧૯૭૭ થી માંડીને અત્યારસુધીમાં અત્યારે છેલ્લે માહિતી મળે છે એ પ્રમાણે ૧૮૦ જેટલા દેશો આજે માનતા થયા છે કે આના માટેનો કોઈને કોઈ ઉપાય કરવો જોઈએ નહીંતર આ આપત્તિ ભવિષ્યમાં રોકી શકાશે નહીં. અમેરિકા જેવો સાધન સંપન્ન દેશ આજે પણ ગ્લોબલ વોર્મિંગમાં પોતાની હા પાડવા તૈયાર નથી એવી પરિસ્થિતિ આજે આપણે જોઈ શકીએ છીએ. આવું જે કલાઈમેટ ચેઈન્જ ખૂબ સાદી ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે સરેરાશ તાપમાનમાં વધારાને ગ્લોબલ વોર્મિંગ કહેવાય છે અને ગ્રોબલ વોર્મિંગમાં વધારાને કારણે ઘણી ચર્ચાઓ કરી તેમાં હીમ જે છે એ જો બરફ મોટા પાયા ઉપર પીગળવાનો છે એ ચોમાસાની સીઝન ના હોય તો પણ રેલ કેવી રીતે આવે છે? તો બરફના આ હીમ શિખરો છે એ પણ પીગળવા માંડયાં છે અને એના કારણે ચોમાસા વિના પણ કેટલાક ભાગમાં રેલ આવતી આપણે જોઈ શકીએ છીએ. ગુજરાતમાં તો લગભગ ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો છે અને આ પાણી દીરયામાં આવીને દરિયો ઉભરાઈ જાય ત્યારે દરિયાની આજુબાજુની વસતિ છે એ વસતિને પણ ભવિષ્યમાં મોટા પ્રમાણમાં આનાથી નુકસાન થવાનું છે. અત્યારે જ આપણે જોયું કે શરૂઆતમાં વરસાદ જે રીતે આવ્યો એ ભારે વાવાોડા સાથે વરસાદ આવ્યો. ગાંધીનગરના લોકોને એનો અનુભવ થયો અને એ રીતે ભરૂચના લોકોને પણ અનુભવ થયો અને ભરૂચમાં તો ખૂબ જ મોટું નુકસાન આ વાવાઝોડાને કારણે થયું. ગાંધીનગર વિસ્તારમાં પણ કેટલાંક

ઝાડ પડી ગયાં છે, એના કારણે પણ આવાં વાવાઝોડાં અને વધારે પાણી આવવાથી મોટું નુકસાન થવાનું છે. દરિયામાં પણ ચેરનાં કેટલાંક ઝાડ અન વાવાઝોડાના કારણે ઉખડી ગયાં છે. ગ્લોબલ વોર્મિંગ અનેકલાઈમેટ ચેઈન્જનું નવું સંકટ છે એ આખા વિશ્વને આવરી લે છે. ખાલી એક પ્રાંત કે ૨-૫ દેશને નહીં, પરંતુ સમગ્ર વિશ્વ આના કોપ નીચે આવી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ગુજરાત સરકાર આના માટે વહેલાસર જાગી છે અને એનાથી ગુજરાતમાં જે પડનાર અસરો છે એના માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માટે એમ કહેવાય છે કે દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી છે એમણે આના માટે આગોતરું આયોજન કરીને ગઈ વખતે સભાગૃહમાં નિયમ-૪૪ હેઠળ નિવેદન કરીને આ કલાઈમેટ ચેઈન્જનો નવો વિભાગ શરૂ કરવાની જાહેરાત કરી હતી. એશિયામાં આ ગ્લોબલ વોર્મિંગ માટે કલાઈમેટ ચેઈન્જનો આ નવો વિભાગ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજય છે. આના માટે કલાઈમેટ ચેઈન્જને અટકાવવા માટે, ગ્લોબલ વોર્મિંગ અટકાવવા માટે જે કોઈ ડિપાર્ટમેન્ટો છે એના મંત્રીશ્રીઓ સાથે બેસીને કેટલીક ચર્ચા વિચારણા કરીને એનો ફાઈનલ રિપોર્ટ તૈયાર કર્યો છે એની પણ હું વાત કરવાનો છું, પરંતુ જે કાર્બન ડાયોકસાઈડનો વધારો થાય છે એનો એક મહત્વનો ઉપાય એના માટે બીજાં બધાં પગલાં ભરવાનાં છે, પરંતુ એની સાથે સરકારે જે કેટલીક કલાઈમેટ ચેઈન્જ અટકાવવા માટે, વાયુ પ્રદૂષણ અટકાવવા માટે જે વાહનો છે એ વાહનોમાં સી.એન.જી. કેવી રીતે વપરાય એનું આખું નેટવર્ક તૈયાર કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગેસ ગ્રીડની લગભગ ૨૩૦૦ કિ. મી. ની પાઈપ લાઈનનું કામ ચાલી રહ્યું છે તે ઝડપથી પૂરું થાય તેના માટેના પ્રયત્નો છે. શહેરી વિસ્તારમાં આવેલા રોજીંદા વપરાતા વાહનોમાં બળતણ તરીકે સ્વચ્છ બળતણ જેવા કે સી. એન. જી. ઉપર રૂપાંતરીત કરવા માટે ખૂબ જ ભાર મુકવામાં આવેલ છે જેના કારણે રાજયમાં અંદાજે લગભગ ૮૦૦ જેટલા ઉદ્યોગોએ દૈનિક વપરાતા સામાન્ય બળતણ કોલસો, લીગ્નાઈટ કે ડીઝલ જેવા બળતણનો ઉપયોગ બંધ કરીને સી. એન.જી.નો ઉપયોગ શરૂ કરેલ છે. એ રીતે રાજયના કુલ ૨,૨૬,૮૦૦ જેટલા વાહનોને સી.એન.જી.માં રૂપાંતરિત કરવાની અને હવાના પ્રદૂષણની માત્રામાં નોંધપાત્ર ઘટાડો તેનાથી જોવા મળેલો છે. પાણી જન્ય રોગો, ક્ષાર પ્રદૂષિત પીવાનું પાણી, કલોરાઈડ વાળા દૂષિત પાણીની સમસ્યાથી જનતાને મુકત કરવાના પ્રયત્નો છે. નર્મદા અને સુજલામ સુફલામ યોજના સહિત જન ભાગીદારીથી ચેક ડેમો દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરીને તથા ભૂગર્ભ પાણી રીચાર્જ કરીને જળ વ્યવસ્થા પણ કરી છે. ખનિજ બળતણને આધારે રહેવાને બદલે ગુજરાતે અન્ય બીન પરંપરાગત સ્ત્રોતોમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાની શરૂઆત કરેલી છે. ગુજરાત કે જયાં સૂર્ય વર્ષમાં ૩૦૦ દિવસ દેખાય છે તેની સૂર્ય ઉર્જામાંથી સ્વચ્છ અને હરિત ઉર્જા ઉત્પન્ન કરવા માટેની સર્વને સાનુકૂળ નીતિ જાહેર કરીને ગ્લોબલ વોર્મિંગના ગુણાકમાં ઘટાડો કરવાની નેમ રાખી છે. બીન પરંપરાગત ઉર્જાના અન્ય સ્ત્રોતો જેવા કે પવન, જૈવિક ઉર્જાથી વીજળી ઉત્પન્ન કરવાની પ્રોત્સાહક નીતિ પણ જાહેર કરેલ છે. સૂર્ય ઉર્જાને પ્રોત્સાહિત કરવા પાટનગર ગાંધીનગરને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સોલાર સીટી બનાવવાનું પણ આયોજન કરેલું છે. આમ કરીને કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ કેવી રીતે ઓછું થાય તેને માટેની જુદી જુદી યોજના અને જુદા જુદા પગલાં ભરવામાં આવી રહ્યા છે. ગુજરાત એવું રાજય છે કે જેને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નિર્મળ ગુજરાતનું અભિયાન અને નિરોગી બાળ વર્ષ ઉજવવાનું એક આંદોલન, જે પર્યાવરણને સપોર્ટ કર્તા છે તેને પણ આવરી લીધું છે. અહીંયા કાર્બન ક્રેડીટની પણ વાત થઈ છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ સીસ્ટમમાં ગુણાત્મક પરિવર્તન લાવીને કાર્બન ક્રેડીટ વધુમાં વધુ પ્રાપ્ત કરવા રાજય સરકારે આખા દેશમાં પહેલ કરી છે. સમગ્ર દેશમાં કાર્બન ક્રેડીટ મેળવવામાં ગુજરાત પ્રથમ છે. આ દેશમાં જેટલી કાર્બન ક્રેડીટ મેળવવામાં આવી છે તેમાં ૨૯ ટકા એકલા ગુજરાતની છે અને એ રીતે ગુજરાત આખા દેશમાં પહેલા નંબરે આવે છે. આની સાથે મેં કહ્યું તેમ એક વૃક્ષ વાવવાની વાત ઘણી વાર આપણે કરીએ છીએ. અમે વન વિભાગ પણ વર્ષો થી વધારેમાં વધારે વૃક્ષો વન વિભાગમાં સામાજિક વનીકરણ હેઠળ કે ક્ષેત્રિય વનીકરણ હેઠળ લગભગ વર્ષોથી કામ કરતા આવ્યા છીએ. આમ જો કહીએ તો જે વૃક્ષો છે તે આપણા બધાના ભણવામાં પણ આવ્યું છે કે વૃક્ષો આપણને શુધ્ધ પ્રાણવાયુ આપે છે અને કાર્બન ડાયોકસાઈડ પોતે લે છે. આપણને જીવનની શ્વાચ્છોશ્વાસની ક્રિયામાં વધારેમાં વધારે આપણને જયારે ઓકસીજનની જરૂર છે અને એ ઓકસીજન જયારે આપણને વૃક્ષ આપે છે, આટલી જરૂરિયાત સમજવા છતાં આપણે તેના પ્રત્યે કેટલી કાળજી છે? આજે દિવસે દિવસે સિમેન્ટના અને સળીયાના મોટા મોટા મહેલો તૈયાર થતા જાય છે, કેટલીયે સોસાયટી બને છે, કેટલાય વૃક્ષો કપાય છે. પ્રગતિ હેઠળ કેટલાક રસ્તાઓ મોટા કરવાના આવે છે, અનેક વખત આપણે જોઈએ છીએ તે વખતે વૃક્ષો ખતમ થાય છે. અત્યારે જ માનનીય પ્રદિપસિંહજીએ કહ્યું કે આપણને ઈષ્ટ દેવતાએ એવું કહ્યું છે, આપણા પૂર્વજોએ એવું કહ્યું છે કે વડમાં શંકર ભગવાનનો વાસ છે, પીપળામાં કૃષ્ણ ભગવાનનો વાસ છે, તુલસીની આપણે પુજા કરીએ છીએ, તો આ ભગવાન કંઈ પીપળામાં બેઠા છે? પરંતુ આપણા સાધુ સંતોએ આપણને વૃક્ષની કાળજી રાખવા માટે પહેલેથી ચેતવ્યા છે. એમણે તો એટલે સુધી કહ્યું કે આપણી બહેનો વટ સાવિત્રીના દિવસે વડના ઝાડ પર સુતરના તાંતણા બાંધીને પતિનું આયુષ્ય માંગે છે, આટલું કરવા છતાં પણ આપણે કયાં કાળજી રાખીએ છીએ? વૃક્ષો આપણને પુષ્કળ પ્રમાણમાં ઔષધી આપે છે, ફળ આપે છે, ફૂલ આપે છે છતાં પણ આપણે તેના પ્રત્યે કેટલા દુર્લક્ષ સેવીએ છીએ, કોઈએ સરસ મજાનું ભજન

ગાયુ છે. " **જીતે લકડી , મરતે લકડી દેખ તમાશા લકડીકા."** બાળકનો જન્મ થાય ત્યારે તરત જ લાકડાના ઘોડિયામાં સુવાડીએ, ચાલતા શીખવીએ ત્યારે લાકડાની ગાડી હોય, સ્કૂલે મોકલીએ ત્યારે સ્લેટ પણ લાકડાની હોય. એ સ્કૂલમાં જ્યાં ભણવા બેસે એ બેંચ પણ લાકડાની હોય, જે ઘરમાં રહે એ ઘર પણ લાકડાનું હોય. આ પૃથ્વી ઉપરથી વિદાય લઈએ ત્યારે પણ લાકડામાં જ સ્વાહ થઈએ છીએ. છતાં આપણે વૃક્ષ પ્રત્યે કાળજી નથી લેતા.આપણે ખાલી સાંભળીએ છીએ કદાચ કોઈ ઉત્સવ મનાવીએ, વન મહોત્સવ ઉજવીએ છીએ, એમાં કરોડોની સંખ્યામાં વૃક્ષ વાવીએ છીએ પરંતુ પછી એનું જતન નથી કરતાં એના કારણે કેટલાક આવા ભોગ બનવું પડે છે. જો જતન કરીએ, આપણા ઘરમાં બાળક જન્મે, ત્રણ ચાર વર્ષનો થાય ત્યાં સુધી ચિંતા કરવી પડે. ચાલતા શીખી જાય પછી એ ગમે ત્યાં મહોલ્લામાં ફરી આવે. એ રીતે ત્રણ ચાર વર્ષનું બાળક થાય ત્યાં સુધી આપણે કાળજી લઈએ છીએ એ રીતે એટલા ત્રણ ચાર વર્ષ સુધી વૃક્ષની કાળજી લઈએ તો બાકી તો ભગવાન એને વરસાદ આપે છે. જાતે મોટું થાય છે, પરંતુ તેમ છતાં આપણે કાળજી રાખવી જોઈએ. આટલું બધું વૃક્ષ આપણને આપ્યા પછી અને જે પૃથ્વી ઉપર કાર્બન ડાયોક્સાઈડ વધ્યો છે એ અંગે આપણે અત્યારથી જાગ્યા ત્યારથી સવાર સમજીને સરકારે જે કંઈ પગલાં લેવાનો પ્રયત્ન કર્યો છે. આપણે પોતે કરવાનું છે. આપણે ધારાસભ્ય છીએ બે-ત્રણ લાખના પ્રતિનિધિઓ છીએ, અત્યારે વન મહોત્સવ ચાલે છે, અત્યારે વરસાદની સિઝન પણ છે પણ આપણે આપણા વિસ્તારમાં જ્યાં પણ જગ્યા હોય આપણી પાસે જ્યાં પણ જગ્યા હોય ત્યાં એકે એક વ્યકિત એક એક ધારાસભ્ય પોતે જો નક્કી કરે કે મારે મારા વિસ્તારમાં બરાબર વૃક્ષ વાવવા છે, જતન કરાવવા છે, લોકો પાસે હું એની વાવણી કરાવું એનું જતન કરાવીશ. આજે આપણા બધાના પરિવારમાં જોઈએ છીએ, જ્યારે જન્મ દિવસ આવે છે ત્યારે પશ્ચિમ દેશોનું અનુકરણ કરીને કેક કાપવા લાગી જઈએ છીએ. આટલું બધું વૃક્ષનું મહત્ત્વ સમજીએ છીએ, બધાને વાત પણ કરીએ છીએ, બોલવાનું આવે તો બધી માહિતી મેળવીને બોલીએ પણ છીએ પણ જે આચરણમાં મૂકવાની વાત છે, માણસ સમજે છે ઘણું પણ આચરણમાં મૂકવાની વાત છે. આચરણમાં એકે એક વ્યકિત, આ એકલ દોકલ સમસ્યા નથી. આ સમગ્ર વિશ્વની સમસ્યા છે. અત્યારે એકાદ સામયિકમાં વાચ્યું કે અત્યાર સુધીમાં લગભગ એક દોઢ લાખ લોકોના મૃત્યુ થઈ ગયા છે. આજે પેપરમાં છે કે યુરોપના દેશોમાં ને ફ્રાન્સમાં દરિયામાં માછલી છે એનું કદ નાનું થઈ ગયું છે આ ગ્લોબલ વોર્મિંગને કારણે કાલે કઈ પરિસ્થિતિ આવશે એ આપણે બધાએ વિચાર કરવાની જરૂર છે. એટલા માટે એકે એક વ્યકિત આ ગ્લોબલ વોર્મિંગને બરાબર સમજીને કલાઈમેટ ચેઈન્જમાં અસલ કુદરતે આપેલું કુદરતી વાતાવરણ તૈયાર કરવું હશે તો બધાએ આ રીતે આચરણ કરવું પડશે. ગીતાબહેન ખૂબ મહત્ત્વનો બિન સરકારી સંકલ્પ લાવ્યા છે અને બધા જ ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે એ પણ ખૂબ પોતાની કુશળતાથી લઈને જે કંઈ માહિતી લાવીને ગૃહને બધી માહિતી આપી છે એ બધાની ચિંતા એ સરકારની ચિંતા છે. મેં આગળ કહ્યું તેમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો આગોતરુ આયોજન કરીને એમની દિર્ઘ દ્રષ્ટિ વાપરીને જ્યારે કલાઈમેટ ચેઈન્જનો નવો વિભાગ શરૂ કરવાની વાત કરી છે ત્યારે ગીતાબહેનનો બિન સરકારી સંકલ્પ છે એનો આવકારું છું સ્વીકારું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી ગીતાબહેનનો સંકલ્પ મત ઉપર મૂકું એ પહેલાં મારે આપને જણાવવું છે કે ગઈ લંડન હાઉસ ઑફ કોમન્સ સેમિનારમાં હું ગયો હતો ત્યાં કલાઈમેટ ચેઈન્જનો વિભાગ ગુજરાત સરકારે શરૂ કર્યો છે એ વાત ૨૭ દેશો વચ્ચે મૂકી તો ૨૭ દેશના પ્રતિનિધિઓએ અને કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનના જનરલ સેક્રેટરીએ ત્યાં ગુજરાતની સરકારને અભિનંદન આપ્યા હતા.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે. નેક્સ્ટ.

### કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવના અભિગમથી ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા અંગે

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે-

" રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ-૧થી ૭ સુધી અભ્યાસ કરતા બાળકોમાં અધવચ્ચે શાળા છોડી જનાર બાળકોનું પ્રમાણ અંદાજે ૩૭.૨૨ ટકા જેટલું હતું. આ બાબત રાજય સરકારના ધ્યાને આવતા કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવનો નવતર અભિગમ અપનાવ્યો અને આ અભિગમને પ્રાધાન્ય આપી સરકારના સમગ્ર વહીવટી તંત્રને ત્રણ દિવસ સુધી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના કાર્યમાં જોતરીને ૩૭.૨૨ ટકાના ડ્રોપ આઉટ રેશિયાને સતત નીચે લાવવા પ્રયાસ કર્યો. આ નવતર અભિગમની સફળતાના ભાગ રૂપે આજે અધવચ્ચે શાળા છોડી જનાર બાળકો(ડ્રોપ આઉટ)નું પ્રમાણ ફક્ત ૮.૮૭ ટકા સુધી જ રહેવા પામ્યું છે. આ ઉપરાંત ધોરણ-૧થી ૫માં અભ્યાસ કરતા બાળકોમાં વર્ષ ૨૦૦૧-૦૨માં શાળા અધવચ્ચેથી છોડી જનાર બાળકોનું પ્રમાણ

૨૦.૫૦ ટકા હતું જે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના નવતર અભિગમને કારણે આજે માત્ર ૨.૨૯ ટકા જ રહેવા પામ્યું છે. વર્ષ ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં, રાજય સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરવા જઈ રહ્યું છે ત્યારે આ નવતર અભિગમ થકી ડ્રોપ આઉટ રેશીયો શૂન્ય પર લઈ જવા અસરકારક આયોજન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સરકારે ૧૯૯૮થી જ શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમની શરૂઆત કરી અને એક ધ્યેયને વરેલી આ સરકાર હતી અને શિક્ષણનું સ્તર કોઈ પણ રીતે ઉંચું આવે એવી લગનીથી કામ કરવાની શરૂઆત કરી. આગળ જતા તેમાં કન્યા કેળવણી રથ ઉત્સવ, કન્યા કેળવણી રથયાત્રાનો ઉમેરો કરવામાં આવ્યો અને કન્યા કેળવણીને પણ સાથે જોતરીને વધારે મોટી ઝુંબેશ શરૂ કરવામાં આવી. આ શાળા પ્રવેશ

**સાભાપતિ ડો. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

ઉત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાને કારણે હમણાં મેં જણાવ્યું એ પ્રમાણે ૨૦૦૧-૦૨થી ૨૦૦૮-૦૯ સુધીમાં જે ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨૨ ટકાથી ઘટીને ૮.૮૭ ટકા થયો. એવી રીતે ધોરણ-૧થી ૫માં પણ જે રેશિયો ૧૦.૧૬ ટકા ૨૦૦૪-૦૫માં હતો તે ઘટીને ૨૦૦૮-૦૯માં ૨.૨૯ ટકા થયો. આ જે સિદ્ધિ ગુજરાત સરકારે પ્રાપ્ત કરી છે તેમાં આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને બહુ સ્પષ્ટ પ્રકારનું આયોજન પણ કારણભૂત છે. તેમણે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે તેમને પોતાને મળતી મિલ્કતો અને ભેટ-સોગાદોની જાહેર હરાજી કરીને તેનું જે ફંડ ઉભું થયું તેનાથી પણ દીકરીઓની કેળવણીમાં ઈનામ અને પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી. વિદ્યાલક્ષ્મી બૉન્ડ જેવી એક યોજના બનાવી. જેના કારણે ગામડાંઓ કે જેમાં ૩૫ ટકાથી ઓછી કેળવણી હોય, શિક્ષણનું એટલું સ્તર નીચું હોય એવા ગામડાઓના બાળકોને વિદ્યાલક્ષ્મી બૉન્ડ પહેલાં ધોરણમાં આપવામાં આવે અને એ દીકરી જ્યારે સાત ધોરણ ભણીને નીકળે ત્યારે તેની વ્યાજ સહિત રકમ તેને આપવામાં આવે. આ રીતે કન્યા કેળવણીને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું અને બાળકોને પણ ભણવામાં રસ જાગૃત થયો. વિદ્યાદીપ યોજના દ્વારા ૨૪ કલાક વીમા કવચ. જેનાથી કોઈ પણ બાળક અકસ્માતે અથવા કોઈ કારણથી આકસ્મિક મૃત્યુ પામે તેને ૫૦,૦૦૦ની વાલી અથવા તેના માતા-પિતાને સહાય મળે. આના કારણે માતા-પિતા પોતાના બાળકો માટે વધારે નિશ્ચિંત બન્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ભૌતિક સુવિધાની જે ખામી આપણે ત્યાં ઘણી હતી એ બધી દૂર કરવા માટે આ સરકારે તનતોડ પ્રયાસો કર્યા છે. એક શિક્ષક અને એક ઓરડો એવો જે અભિગમ છે એ છેલ્લા ચાર વર્ષમાં ૮૯૨૯ ઓરડાઓનું નિર્માણ કર્યું છે. સ્વચ્છતા સંકુલો જે અનિવાર્ય જરૂરિયાત છે અને ખાસ કરીને કન્યાઓ માટે, શાળાએ જાય ત્યારે લઘુશંકા અને ગુરુશંકા એ હાજતો માટે ખૂબ જ સંકોચ અનુભવવી પડતી હોય છે. એવા સંજોગોમાં આજ પર્યંત કુલ ૩૧૯૦૧ આવા સ્વચ્છતા સંકુલો ઊભા કરવામાં આવ્યા છે. અગાઉ શિક્ષકોની ઘટ હતી. એ પૂરી કરવા માટે એક ઝુંબેશ ઉપાડીને ૯૪૮૩૯ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે અને આ રીતે ઘટ પૂરી કરીને સમગ્ર ગુજરાતમાં પ્રજાની અંદર એક એવું વાતાવરણ ઊભું કર્યું છે. આપણા બાળકો ભલે સરકારી શાળામાં જાય, સારામાં સારા શિક્ષકો પ્રાપ્ત કર્યા છે, એ શાળાઓમાં સારામાં સારા શિક્ષકો ભણાવશે એને આજુબાજુમાંથી સારામાં સારું કલાયમેટ મળશે. ધોરણ-૧થી ૭માં પાઠ્ય પુસ્તકો વિનામૂલ્યે વહેંચવામાં આવે છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ ધોરણ ૮ના બાળકોને મફત પાઠ્ય પુસ્તકો આપવામાં આવે છે અને ધોરણ-૩થી ૭માં સ્વાધ્યાય પોથીઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. ધોરણ- ૫ થી ૭માં વિજ્ઞાન અને ભૂગોળની સ્વાધ્યાયપોથીઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, માત્ર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ યાત્રા કાઢીને એ જવાબદારી પૂરી થઈ જતી નથી પરંતુ બધી જ દિશામાંથી સરકારે સઘન પ્રયાસો કર્યા છે અને આ પ્રયાસોના કારણે વિશ્વાસ અને શ્રદ્ધાનું વાતાવરણ ઊભું થયું છે. મારી પહેલી ટર્મ હતી ત્યારે અવારનવાર સાંભળવા મળતું હતું કે, સરકારી શાળામાં ભણાવતા નથી. પાંચ વર્ષ સુધી કે પાંચમા ધોરણ સુધી ભણેલા બાળકોને વાંચતા- લખતા આવડતું નથી એટલે એમાં શું ભણવા મોકલવા? હવે કયાંય સાંભળવામાં તો નહીં પણ કોઈની કલ્પનામાં પણ ન આવે. આવી વસ્તુ રહી નથી એવો સુધારો થયો છે. આપણે વારંવાર સાંભળતા હોઈએ છીએ કે, " માણસ કેટલું જીવે એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવે એ મહત્ત્વનું છે." મારે એ સંદર્ભમાં કહેવું કે, " માણસે કેટલું શિક્ષણ મેળવ્યું એ મહત્ત્વનું નથી, પણ કેવું શિક્ષણ મેળવ્યું એ મહત્ત્વનું છે." તો એ દિશામાં આપણી સરકાર પ્રયત્ન કરી રહી છે,

એનું ગૌરવ અને આનંદ છે. એના માટે મુખ્યમંત્રીશ્રી અને સરકારને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. શ્રી કનૈયાલાલ મુનશીએ એક વાક્ય ટાંક્યું છે. " અનુભવે અનુભવે આપણે શીખ્યા, વધારે સૂક્ષ્મ અનુભવ કરવાનો ઉલ્લાસ અને તલસાટ વધે તે જ આનંદ અને પ્રસન્નતા. શિક્ષણ જો આવો તલસાટ બાળકોના હૃદયમાં ન જન્માવે તો એ પ્રયત્નો એ શિક્ષણ વ્યર્થ છે." ખરેખર આપણી સરકારનો પ્રયાસ બાળકના હૃદયમાં તલસાટ પ્રગટાવવા તરફી છે. તે અંતર્ગત કેળવણીનો પહેલો ગુણ છે નમ્રતા, મહાત્મા ગાંધીજીએ ૧૯૩૪માં કરાંચીની દયારામ જેઠમલ સિંધ કૉલેજમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ સમક્ષ ૧૦મી જુલાઇના દિવસે એક ભાષણ આપેલ હતું. એના અંશ અહીં પ્રગટ કરું છું. આ ઘટના છે. ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથના ૧૬૧માં પાન ઉપર નોંધાયેલી છે. ત્યારે એમણે કહ્યું હતું કે, " વિદ્યાર્થીએ પહેલી વસ્તુ શીખવી તે નમ્રતા છે. જેનામાં નમ્રતા ન આવે તે વિદ્યાનો સદુપયોગ ન કરી શકે, ભલે પછી એ ડબલ ફર્સ્ટ ક્લાસ કે પહેલો નંબર લીધો હોય તોય શું? પરીક્ષા પાસ કરીને પાર ઊતરી જવાથી એને સારી નોકરી મળે એ સંભવિત છે. પણ વિદ્યાનો સદુપયોગ કરવો હોય, વિદ્યા ધન ખર્ચવું હોય તો નમ્રતાનું પ્રમાણ વધવું જોઈએ. આપણા ઋષિઓ કહી ગયા છે. રાજકીય ક્ષેત્રે ખુશી છે કે ડ્રોપ આઉટ રેશીયો ઘટવો જોઈએ. એ સાચું. પણ એની સાથે કહેવાતા શિક્ષણનો અહંકાર શૂન્ય ન બને અને નમ્રતાનો રેશિયો જો ૧૦૦ ટકા સિદ્ધ ન થાય ત્યાં સુધી આપણે શાંતિથી બેસી રહેવું ન જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ઋષિઓએ આપણને આપણા વેદોમાં કહ્યું છે કે તેન ત્યકતેન ભુંજીતા, ત્યાગીને ભોગવી જાણો. આપણી સંસ્કૃતિ છે એ ભોગવાદી નથી પણ ત્યાગવાદી છે. ત્યાગમાં જે આનંદ સમાયેલો છે એ ભોગમાં નથી પણ કોઈને કોઈ અકળ કારણોસર આપણે પશ્ચિમની ભોગવાદી સંસ્કૃતિની લપેટમાં સારા એવા આવી ગયા છીએ. હમણાં જ માનનીય મંત્રીશ્રી અને માનનીય સભ્યશ્રીઓ જયારે કલાયમેટ ચેંજમાં બોલતા હતા ત્યારે બધું જ મને સતત એમ લાગતું હતું કે આ બધું શિક્ષણને લાગુ પડે છે. આ પ્રકારનું શિક્ષણ બાળક જયારે પહેલો વહેલો શાળામાં પગ મૂકે ત્યારથી જ એને અપાવું જોઈએ. કારણ કે બાળકના કુમળા મનની અંદર આ વસ્તુ જો સચોટ રીતે દાખલ કરવામાં આવે તો એ જીવનભર એ એને વળગી રહે છે અને પછી એ એ પ્રમાણે વર્તી શકે છે અને આખી દુનિયાનું કલાયમેટ ચેંજ કરવાની એને તાકાત મળે છે. મારે થોડું કહેવું છે હું ટૂંકમાં પૂરું કરીશ કે શિક્ષણને આપણે માત્ર અક્ષરજ્ઞાન માહિતી જ્ઞાનથી સીમીત કરી દીધું છે. ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત કરવા માટે કદાચ આ માહિતીજ્ઞાન પ્રાપ્ત લાગે પરંતુ અંતઃકરણની સમજણ માટે અને અંતઃકરણની શુદ્ધિ માટે આ માહિતીજ્ઞાન કશા કામમાં આવતું નથી. ઋષિ સંસ્કૃતિના આપણે સૌ વારસદારો છીએ. આ સંસ્કૃતિની રખેવાળી કરવાની, તેનું સંવર્ધન કરવાની, કહેવાતા વિકસિત વિશ્વના દબાણો સામે ન ઝૂકવા માટે તેને સશકત કરવાની ગંભીર જવાબદારી આપણા સૌના શીરે છે. સાચું શિક્ષણ મારી દૃષ્ટિએ દયાળુ ભગવાને ૧૯૮૨માં જયારે હું વડનગરમાં સર્જન તરીકે હતો ત્યારે લાડોલની બાજુમાં એક આશ્રમ હતો ત્યાંની મુલાકાત લીધી હતી અને એક જ વાકયમાં એમણે મને બહુ જ ટૂંકમાં કહ્યું હતું. જ્ઞાની પુરુષ હતા. ત્યારે એમની ઉંમર ૯૭ વર્ષની હતી. ત્યારે મને કીધું હતું સમજણ આપીને, એક વાક્ય છે, O Men Know thyself, thoroughly, internally, who are you and what are you. હે માણસ તું તારી જાતને ઓળખ, અંદરથી તું શું છે અને તું કોણ છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારા સાથી ધારાસભ્ય ડૉ. કનુભાઈએ જે કન્યા કેળવણી શાળા પ્રવેશ મહોત્સવના નવતર અભિગમ થકી ડ્રોપ આઉટ રેશીયાને શૂન્ય પર લઈ જવા અસરકારક આયોજન કરવા બાબતે જે સંકલ્પ લઈને આવ્યા છે એના અનુમોદનમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે સતત છેલ્લા સાત વર્ષોમાં ગુજરાતમાં કન્યા કેળવણી માટે અસરકારક અભિયાન ઉપાડયું છે. દર વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે અને સરકારના મંત્રીશ્રીઓ, સરકારના સચિવશ્રીઓ, કલેકટરશ્રીઓ, સામાજિક આગેવાનો, લોકપ્રતિનિધિઓને સાથે રાખીને સમાજમાંથી નિરક્ષરતાના કલંકને નિર્મૂળ કરવા માટે ભગીરથ કાર્ય ઉપાડયું છે. તેની સકારાત્મક અસરો સમાજના દરેક વર્ગ ઉપર પડી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાને મળતી ભેટસોગદોની જે કિંમત ઉપજે છે તે રકમ કન્યા કેળવણી નીધિમાં જમા કરાવે છે. આ ઝુંબેશને ગુજરાતની ખમીરવંતી પ્રજાએ પણ વધાવી લીધી છે. રાજયની પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૪-૦૫માં ધોરણ ૧ થી ૫ ના બાળકોનો ડ્રોપઆઉટ રેટ જે ૧૦.૧૬ ટકા હતો તે વર્ષ ૨૦૦૮-૦૯માં ૨.૨૯ ટકા સુધી નીચે લાવવામાં આવેલ છે. એ જ પ્રમાણે ધોરણ ૧ થી ૭માં બાળકોનો ડ્રોપઆઉટ રેટ જે ૨૦૦૪-૦૫માં ૧૮.૭૯ ટકા હતો તે વર્ષ ૨૦૦૮-૦૯માં ૮.૮૭ ટકા જેટલો નીચો આવેલ છ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૨૪ કલાકનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. રાજ્ય સરકારે વિદ્યા દિપ યોજના અમલમાં મૂકેલી છે. આ યોજનામાં શાળાઓમાં ભણતા વિદ્યાર્થીનું અકસ્માતે અવસાન થાય ત્યારે તેના માતા-પિતા કે વાલીને આકસ્મિક આપત્તિમાં મદદરૂપ થવા માટે ૫૦ હજાર રૂપિયા વીમાની રકમ તરીકે ચૂકવવામાં આવે છે. ગુજરાતની ભાવિ પેઢી કે જેઓ ગુજરાતની આવતીકાલ છે તેઓને શાળા ગમે અને શાળામાં ટકી રહે એ માટે તરંગ ઉલ્લાસમય શિક્ષણનું આયોજન કરવામાં આવેલ છે. હાલમાં વિદ્યાર્થીઓને મળતી સગવડો જોઈએ તો એમ થાય કે અમે જ્યારે ભણતા હતા ત્યારે કોઈને આવો વિચાર કેમ આવ્યો ન હતો? સરકારને આવી કોઈ યોજનાના અમલીકરણની ખબર પડી ન હતી કે નાના ભૂલકાઓની

કાંઈ પડી ન હતી. પરંતુ નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે પ્રાથમિક શિક્ષણમાં પણ આમૂલ પરિવર્તન લાવી અને ગુજરાતનું સ્થાન પર્વતની ઊંચાઈ પર લઈ ગયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા જિલ્લામાં ખાનપુર તાલુકાની શાળાઓમાં કન્યા કેળવણી કાર્યક્રમ અંતર્ગત પધાર્યા હતા ત્યારે પાંચ શાળાઓમાં બાયોમેટ્રિક હાજરી પત્રકો એમણે અર્પણ કર્યા હતા. તેનો અમલ સમગ્ર રાજ્યમાં થાય તે માટે મારું અંગત મંતવ્ય છે. હું જે વિસ્તારમાંથી આવું છું તે જિલ્લો આદિવાસી અને બક્ષીપંચની વસતિ ધરાવતો વિસ્તાર છે. લોકો છુટા છવાયા અને ડુંગરો ઉપર ખેતરોમાં પોતાની નાનકડી ઝૂંપડીઓમાં વસે છે. મારું શિક્ષણ મંત્રીશ્રીને નાનું સૂચન છે કે મહેકમ ધારામાં છુટા છવાયા વિસ્તારોને ધ્યાનમાં લઈ ધોરણ-૧ અને ૨ માં ૧ થી ૬૬ વિદ્યાર્થીઓ હોય તો એક શિક્ષક મળે છે. મારા અંતરિયાળ અને છુટા છવાયા વિસ્તારમાં ધોરણ-૧ અને ૨ માં ૧ થી ૪૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળે તેવું મહેકમ અપનાવવા વિનંતી છે. ધોરણ-૩ અને ૪ માં ૧ થી ૫૬ વિદ્યાર્થીએ એક શિક્ષક મળે છે તેની જગ્યાએ ૧ થી ૩૫ વિદ્યાર્થીએ એક શિક્ષક, ધોરણ-૫,૬,૭ માં ૧૭ વિદ્યાર્થીએ એક શિક્ષક મળે છે એની જગ્યાએ ૧૨ વિદ્યાર્થીએ એક શિક્ષક મળે તેવું આયોજન કરવા મારી વિનંતી અને નિવેદન છે. ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જે આ શાળા પ્રવેશોત્સવના જે કાર્યક્રમો કરવામાં આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને હાલની પરિસ્થિતિએ જે માનનીય ડૉ. કનુભાઈ સાહેબ જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કનુભાઈ કળસરિયા જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ચિંતન કરવું પડે એવો આ વિષય છે. પરંતુ રાજ્ય સરકારના કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના નવતર પ્રયોગના કારણે ડ્રોપ આઉટ રેશિયોનું પ્રમાણ જે વર્ષ ૨૦૦૧-૦૨માં ૩૭.૨૨ ટકા હતું તે આજે ૨.૨૭ ટકા જેટલું થયું છે. આ માટે હું રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આપણા શિક્ષણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. એક ફલડ આઈ.ટી. પ્રોજેકટને ખુલ્લો મૂકતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સુંદર વાત કરી હતી એ આપની સંમતિથી હું ગૃહ સમક્ષ રજૂ કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ગુજરાતને વિશ્વની સામર્થ્યવાન ભૂમિ તરીકે પ્રસ્થાપિત કરવા માટે આપણો દૃઢ નિર્ધાર છે અને આ સંકલ્પ સામૂહિક પરિવર્તનથી થઈ શકે. સંખ્યાબંધ સહકારી આગેવાનોની હાજરીમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે કોઈ કહે છે ૨૧મી સદી એશિયાની છે. તો વળી કોઈ કહે છે કે હિન્દુસ્તાનની છે. પરંતુ વિશ્વમાં જ્યારે જ્ઞાનની ક્રાંતિ થઈ રહી છે ત્યારે તેનું નિયંત્રણ હિન્દુસ્તાન કર્યુ છે. હવે આ સદી એ જ્ઞાનની સદી છે અને તેનું નેતૃત્વ ભારતે કરવું રહ્યું. હું કહેવા માગું છું કે આ દૂરંદેશીતાપણાને કારણે, આપણાં રાજ્યની શિક્ષણ વ્યવસ્થાને કારણે આ જ્ઞાનની સદીનું નેતૃત્વ ભારત કરશે. પરંતુ એની પહેલ અને વિશેષ નેતૃત્વ ગુજરાત કરશે. ક્યારેય એવું સાંભળ્યું છે ખરું કે કોઈ રાજ્યના મુખ્યમંત્રી એ શાળાના પ્રવેશોત્સવમાં જાય અને ગામડે ગામડે ફરે. અથાગ પરિશ્રમ, વિચારશીલ આયોજનના કારણે શાળાનો પ્રવેશોત્સવ એ લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. હું પણ શાળાના પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગઈ હતી. બાળકોને આપવામાં આવતી ગીફટ એમાં એનું દફતર હોય, સ્લેટ-પેન હોય, નોટબુક હોય, મેડિકલ કીટ આપવાની હોય તો એના માટે કોઈની પાસે પણ હાથ લંબાવવાનો પ્રયત્ન કરવો પડ્યો નથી. સૌ લોકો પોતાની ભાગીદારી આ શાળા પ્રવેશોત્સવની અંદર કરતા થયા છે. એટલું જ નહિ પણ આપણાં રાજયના જે અનેક વિભાગના અધિકારીઓએ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમની અંદર ભાગ લીધો છે અને અધિકારીઓએ પણ આ ઉત્સવમાં ભાગ લઈને પોતે સંકલ્પ ડ્રોપ આઉટ ના ઘટે માટે બાળકોને દતક લઈને સરસ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હું રાજ્ય સરકારના અધિકારીશ્રીઓને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી પ્રવેશોત્સવ પણ આની સાથે કરીએ છીએ. મારા જામનગર પ્રવેશોત્સવ વખતે આંગણવાડીમાં જે બાળકોએ વર્ષ પહેલા પ્રવેશ લીધો હતો એ આંગણવાડીની બહેના પહેલા ધોરણમાં પ્રવેશ આપવા માટે આવી હતી ખરી. પરંતુ એનું બાળક બીજા-ત્રીજા ધોરણમાં ભણતું હોય તો અમને એનો પરિચય કરાવતી હતી કે આંગણવાડીનું આ બાળક ચોથા ધોરણમાં છે. મને લાગે છેકે ડ્રોપ આઉટ રેશિયો ઘટવાનું કારણ આવું બધું પણ હોઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સાણંદ તાલુકાના ઝાંપમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ વર્ગખંડમાં પ્રાથમિક શાળામાં જઈ અને શિક્ષક તરીકેની ભૂમિકામાં રહ્યાં. શું ભણાવ્યું એમણે? એમણે કહ્યું -"જનનીની જોડ સખી નહિ જડે રે લોલ, મીઠા મધુર અને મીઠા મહેલા રે લોલ" આપણી ગુજરાતની બહેજને કહ્યું-" ભૈયા મોરે રાખી કે બંધનકો ના ભૂલાના" એક ભાઈની ભૂમિકામાં પોતાના સમાજની બહેનો-માતાઓ પોતાના બાળકોને ભણાવે આ વાત. માતાના જે આદર્શો છે એનું ભાન બાળકોને થાય. મને લાગે છે કે આ હેતુ હોઈ શકે. જે મા-બાપ નથી કરી શકતા. પોતાના બાળકોના ભણાવવાના કામની ચિંતા મા-બાપ નથી કરતા, એ ચિંતા રાજ્યના મુખ્યમંત્રીએ કરી છે. જ્યારે

આ વાત સૌએ જાણી ત્યારે સૌના મનમાં એક સવાલ હતો કે શું આ શકય હશે ખરું? આવું કાંઈ સાચું હોઈ શકે ખરું કે મુખ્યમંત્રી કોઈ ગામડામાં જઈને શિક્ષક બને? પરંતુ જ્યારે આ સત્યની સૌને ખબર પડી ત્યારે એક જબરજસ્ત જનઆંદોલન, જનજાગરણ શિક્ષણ ક્ષેત્રે થયું અને શિક્ષણ માટે સમય ફાળવવા માટેનો સૌએ સંકલ્પ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સંગઠનો, બૌદ્ધિક શિક્ષિત યુવા શકિત અમારાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ અઠવાડિયાના ચારથી પાંચ કલાક શાળાના શિક્ષણ માટે આપે અને ડ્રોપ આઉટ રેશિયો ના રહે એના માટે સંકલ્પબદ્ધ  માટે વિચારતા થયા છે. સરકારનો આ ભાવ મને આશા અને વિશ્વાસ છે કે  ડ્રોપ આઉટ ઝીરો કરાવીને જ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સદીઓ પહેલા ભૃત હરિએ એક વાત કરી હતી કે જીવતર છે ત્યાં સુધી ભણતર છે અને ભણતર છે એટલે જ પ્રકાશ આવે છે એટલે અંધારું  જતું રહે છે. પ્રજવલીતો જ્ઞાનમય્ પ્રદીપ: આપણી પરંપરામાં પણ જ્ઞાનને પ્રકાશ સાથે જોડ્યું છે. સરકારે આ પરંપરાને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. હું સરકારશ્રીને ફરીથી અભિનંદન આપું છું. કન્યા કેળવણી માટે રાજયના મુખ્ય મંત્રીશ્રી ગામડે ગામડે જઈને ભીખ માગે. દીકરા-દીકરી સૌ ભણે, જ્ઞાનની પ્રાપ્તિ સૌ કરે, પોતાને મળતી ભેટ સોગાદો એ આ કન્યા કેળવણીમાં આપવા માટે મુખ્ય મંત્રીશ્રી ઉત્સુકતા બતાવે. આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીઓ જ્યારે કોઈ કાર્યક્રમમાં જાય છે, કોઈ પણ કાર્યક્રમ હોય, કોઈ પણ વિભાગનો કાર્યક્રમ હોય ત્યારે આ કાર્યક્રમમાં કન્યા કેળવણી માટેના ચેક આપવા માટે જન ભાગીદારી કરવા માટે લોકો ઉત્સુક હોય છે અને હોંશે હોંશે આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કહેવા માગું છું, હું મહિલા છું અને હું પ્રોફેસર પણ છું, મને લાગે છે કે, દરેક કાયદાકીય અધિકારો ભલે મહિલાઓને મળ્યા હોય પરંતુ જ્યાં સુધી સામાજિક સશકિતકરણ નહીં થાય ત્યાં સુધી કાનૂની અધિકારોનો યોગ્ય ઉપયોગ કોઈ પણ મહિલાઓ નહીં કરી શકે. શિક્ષણ એક એવું અસરકારક હથિયાર છે કે, એ સામાજિક વિકાસની ગતિને ઝડપી બનાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, દીકરો ભણે કે દીકરી ભણે પણ, સૌએ ભણાવવા જોઈએ, કોઈપણ રાજયની સરકારો કે પોલીટીકલ પાર્ટીઓને સૂઝયું નથી તેવું કામ આ રાષ્ટ્રને દિશા આપવાનું કામ આપણી સરકારે કર્યુ છે. કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ભ્રૂણ હત્યા અટકાવવી, સંકલ્પ બદ્ધ ગુજરાત, ગ્લોબલ વોર્મિંગ સામેની ચળવળ અનેક જનજાગૃતિના કાર્યક્રમો કરે છે ત્યારે સન્નમાનીય ગૃહમાં ઉપસ્થિત સૌ લોકો સંકલ્પ બદ્ધ થાય, ડ્રોપ આઉટ શૂન્ય કરાવીને જ જંપીશું . મને આશા અને વિશ્વાસ છે કે, આ થઈ શકશે. રાજયના આ પ્રયાસોથી ઘણું બધું થયું છે આપણે પણ સરકારના કદમથી કદમ મિલાવીશું તો ઘણું બધું થઈ શકશે. આઝાદી પછીના આટલા વર્ષોની અંદર ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે નોંધનીય કે વિશિષ્ટ કાર્ય થયું હોય એવું લાગ્યું નથી ત્યારે શાળા પ્રવેશોત્સવનો આ કાર્યક્રમ જન ભાગીદારી દ્વારા સ્વીકૃત થઈ લોક પ્રિય થયો છે. શહેરીક્ષેત્રની અંદર પણ આ વાતને સારો એવો પ્રતિસાદ મળ્યો છે. ભવિષ્યની પેઢી આવતી કાલની ગુજરાતની ચિંતા સૌ કોઈ લોકોએ કરી છે. આ સંકલ્પ દ્વારા સરકારને આખું ગૃહ અનુરોધ કરવાની સાથે ડ્રોપ આઉટ રેશિયો આપણે જ્યાં હોઈએ ત્યાં શૂન્ય રહે તેવો સંકલ્પ આપણે સૌ કરીએ એવી મારી લાગણી વ્યક્ત કરી આ સંકલ્પ લાવવા માટે ડૉકટર કળસરિયા સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી રમણલાલ  વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી ડૉ. કનુભાઈ કળસરિયા, જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને એમના આ સંકલ્પને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયસરકાર ૨૦૦૧ના વર્ષથી સતત શિક્ષણનું પ્રમાણ વધે, શિક્ષણની ગુણવત્તા સુધરે, અને આ શિક્ષણનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે એ માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને જ્યારે ૨૦૧૦નું વર્ષ આપણે સ્વર્ણિમ વર્ષ તરીકે જ્યારે ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે રાજય સરકારનો જે સંકલ્પ છે એ સંકલ્પ મુરબ્બી શ્રી કનુભાઈએ દોહરાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ઝીરો પર્સન્ટ ડ્રોપ આઉટ પર જવા માટે રાજય સરકારે અનેક વિધ પગલાંઓ લીધાં છે. આ વાતની સાથે સાથે ભાઈશ્રી અરવિંદસિંહ, અને બહેનશ્રી વસુબેને ખૂબ અગત્યના સૂચનો કર્યા છે. રાજય સરકારના જે પ્રયાસો છે એને અભિનંદન પણ આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ની સાલમાં ધોરણ-૧ થી ૫નો આપણો ડ્રોપ આઉટ ૨૦.૫૦ ટકા હતો, આટલા સમયગાળા દરમિયાન ૨૦.૫૦ એટલે ૨૦.૫થી આજે આપણો ૨૦૦૯માં રેશિયો છે ૨.૨૯ ટકા.એટલે ૨૦ ઉપરથી બે સુધી આપણે આવી ગયા છીએ. એ જ પ્રમાણે ધોરણ-૧ થી ૭ના ડ્રોપ આઉટ રેટની વાત કરીએ તો ૩૭.૨૨ટકા હતો એ પણ ઘ ટીને ૮.૮૭ટકા થયો છે. આ બધાની પાછળનું કારણ એ આ ગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓ, ગુજરાતની આમજનતા અને ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી ધોમધખતા તડકામાં ગુજરાતના ૧૮૬૦૦ ગામડાંની અંદર આલેખ જગાવીને દીકરા અને

દીકરીઓને ભણાવવાનું જે શાળા પ્રવેશોત્સવનું કાર્ય કર્યું છે એને પરિણામ સ્વરૂપ આજે સો ટકા નામાંકન થયું છે, સો ટકા સ્થાયીકરણ પણ થયું છે અને જયાં ખૂટતી કડીઓ છે એ ખુટતી કડીઓને જોડવા માટે રાજય સરકારે અનેકવિધ પગલાં લીધાં છે. અગાઉ બધા લોકોએ ઘણીબધી વાત કરી છે એટલે એના ઊંડાણમાં નહીં જઉં પરંતુ રાજય સરકારે વિદ્યાલક્ષ્મી બોન્ડની યોજના અમલમાં મુકી છે. આ યોજનાને કારણે સામાન્ય રીતે જયાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અથવા આર્થિક રીતે ગરીબ છે એવી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે એ સાથેસાથે અનેક વિભાગોની અંદર વિમાનું સૂરક્ષા કવચ પણ આપવામાં આવે છે. એમાં પ્રાથમિક શાળામાં ભણતા બાળકનું આકસ્મિક અવસાન થાય તો એના વાલી વારસને રૂપિયા પચાસ હજારનું વીમાનું સૂરક્ષા કવચ વિદ્યાદિપ યોજનાના માધ્યમથી આ સરકારશ્રીએ આપ્યું છે. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ ૧૪મા મુખ્યમંત્રી છે અને માનનીય નરેન્દ્રભાઈ મોદીએ પોતાના કાર્યક્રમો દરમિયાન અથવા ગુજરાતના અન્ય ભાગોમાં જયારે પણ કાર્યક્રમના સ્વરૂપે જતા હોય છે ત્યારે જે ફેરફાર થયો છે તે આના અગાઉ જયારે પણ મુખ્યમંત્રીશ્રી કે મંત્રીશ્રી જે પણ ગામમાં અથવા જે પણ નગરમાં જયારે એમનો કાર્યક્રમ થતો ત્યારે લોકો આવેદનપત્ર લઈને ઉભા રહી જતા, આવેદનપત્રો આપતા હતા. આ નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં મંચ ઉપર જયારે માનનીય મુખ્યમંત્રી હોય ત્યારે લોકો લાખો રૂપિયાના ચેક લઈને કન્યા કેળવણી નીધિની અંદર આપતા હોય છે અને પહેલા મુખ્યમંત્રી છે કે એમને જે મળેલી ભેટ સોગાદો છે એ સરકારના તોષાખાનામાં જમા કરાવી એની દર વર્ષે જાહેર હરાજી થાય અને એમાંથી મળેલી ૨૧.૮૭કરોડ રૂપિયાની રકમ આ ગુજરાતની દીકરીઓ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપી આ બધા પ્રયાસોની સાથે સાથે સારું શિક્ષણ પણ મળવું જોઈએ અને સારું શિક્ષણ મળે એ માટે સારા શિક્ષકો પણ જોઈએ. આ અગાઉ જે શિક્ષકોની ઘટ હતી આ રાજય સરકારના પ્રયાસોને કારણે અત્યાર સુધીમાં ૧,૦૫,૦૬૪ જેટલા વિદ્યા સહાયકોની ભરતી થઈ ચૂકી છે તે પૈકીના ૫૪૯૫૨ વિદ્યા સહાયકો કાયમી થયા છે એટલે પૂરતા પગારથી કામ કરે છે. ચાલુ વર્ષે એટલે ૨૦૦૯ના વર્ષમાં ૧૫૪૬૮ નવા વિદ્યા સહાયકો કાયમી થવાના કારણે ૭૦૪૨૦ જેટલા વિદ્યા સહાયકો પૂરા પગારથી કામ કરતા થશે. આ વર્ષે પણ રાજય સરકારે ૭૩૨૮ જેટલા નવા વિદ્યા સહાયકોની ભરતી કરવાનું નકકી કર્યું છે અને વિશેષ કરીને આગામી દિવસોમાં જયારે વિજ્ઞાન પ્રવાહ અને ગણિત સાથે વધારે વિદ્યાર્થીઓ એમાં રુચિ લેતા થાય, રસ લેતા થાય એટલા માટે આ વર્ષે જે પણ ભરતી થવાની છે એમાં ૫૦ટકા વિદ્યાર્થીઓની વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ભરતી કરવાનું રાજય સરકારે નકકી કર્યું છે. સ્પર્ધાનો જમાનો છે.ખાનગી શાળાઓ પણ ચાલે છે. આધુનિક સુસજ્જ સાધનો સાથે ચાલતી હોય છે અને સ્પર્ધાના યુગની અંદર રાજય સરકાર અને મારી શાળાઓ સહેજ પણ પાછી ન રહે એની ચિંતા રાજય સરકારે કરી છે અને એટલા માટે ૨૦૧૦ ના સ્વર્ણિમ વર્ષ નિમિત્તે સેનિટેશન, વીજળીકરણ અને પીવાના પાણીની વ્યવસ્થા આ ૧૦૦ ટકા શાળાઓમાં ૨૦૧૦ના વર્ષમાં રાજય સરકાર પૂરી કરવાનો સંકલ્પ કરે છે. વિદ્યાર્થીઓને બેસવા માટેની અત્યાર સુધીમાં ૩૭,૧૧૫ જેટલા ઓરડાઓનું કામ પૂરું કર્યુ છે. ચાલુ વર્ષે બીજા ૩૫૭૪ નવા ઓરડા ૧૪૬ કરોડના ખર્ચથી બાંધવામાં આવશે. જ્યારે છેવાડાના માનવીની વાત કરતા હોઈએ છીએ ત્યારે આદિવાસી વિસ્તાર હોય, સાગરખેડુ વિસ્તાર હોય કે અતિ પછાત વિસ્તાર હોય આ વિસ્તારોની અંદર જ્યારે શાળાઓમાં શિક્ષકોની ભરતી થતી હોય ત્યારે આ શિક્ષકોને રહેવાના મકાન પણ મળતા હાતા નથી અને એના કારણે શિક્ષણના સ્તરની અંદર ક્યાંક તકલીફ પડતી હોય છે, એટલા માટે રાજ્ય સરકારે નક્કી કર્યુ કે આવા જે દુરોગામી વિસ્તાર છે, જ્યાં શિક્ષકો માટે પૂરતી રહેઠાણની સુવિધા નથી. અત્યાર સુધીમાં રાજ્ય સરકારે આવા શિક્ષકો બધા એકી સાથે રહે, એટલા માટે ૫૬૭ જેટલા આ શિક્ષકોને સ્ટાફ ક્વાર્ટસ પૂરા કર્યા છે. ચાલુ વર્ષે બીજા ૧૯૧ નો વધારો કરીને આ શિક્ષકોને પૂરતી સુવિધા આપવાનો પ્રયાસ રાજય સરકારે કર્યો છે. તમામ વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને વિનામૂલ્યે પાઠ્ય પુસ્તક ધોરણ ૧ થી ૭ ધોરણ સુધી આ રાજય સરકાર આપે છે. આ ૨૦૦૯ ના વર્ષથી પહેલી વખત ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકની ડેસ આપવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે. એ સાથે સાથે ધોરણ ૫ થી ૭ ના વિદ્યાર્થીઓ માટે બેન્ચિસની પૂરતી વ્યવસ્થા કરવાનો રાજય સરકારે વિચાર કર્યો છે. પહેલી વખત વિજ્ઞાનપોથી અને નકશાપોથી આ રાજય સરકારે આપવાનું નક્કી કર્યુ છે. શાળામાં જ્યારે બાળકો આવતા હોય છે, તે પહેલા આંગણવાડીમાં જતા હોય છે. ઘણી બધી જગ્યાએ આઈ.સી.ડી.એસ.ની આંગણવાડી નથી, તો આ રાજય સરકારે આઈ.સી.ડી.એસ ની આવી આંગણવાડી નથી તેવી જગ્યાએ કેન્દ્રો ખોલ્યા છે અને ૭૮ તાલુકા અને ૧૩ જેટલી ઝુપડપટ્ટી વિસ્તારોમાં ૧,૧૪૧ જેટલા ક્લસ્ટરોમાં એમને ભણવાની સુવિધા કરવાની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. એ સાથે સાથે સમય પ્રમાણે જે પણ દીકરીઓ શાળામાં પ્રવેશ મેળવી શકતી નથી, એની ઉંમર ૮, ૯ કે ૧૧ વર્ષની થઈ છે અને હજુ પણ પૂરતી સુવિધા ન હોવાના કારણે ભણી શકી નથી તો કસ્તુરબા ગાંધી વિદ્યાલયના નામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને પછાત વિદ્યાર્થીઓ માટે ૬૩ નિવાસી શાળા જેમાં ૩,૬૨૭ જેટલી કન્યાઓને ભણવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મધ્યાહન ભોજન યોજના રાજય સરકાર સુપેરે ચલાવી રહી છે. એ સાથે સાથે આ નવા વર્ષથી રાજય સરકારે નક્કી કર્યુ છે કે ધોરણ ૫, ૬, ૭ ના વિદ્યાર્થીઓ માટે હવે તાસ પદ્ધતિથી કામ કરીશું, જેના કારણે શાળાના શિક્ષકો જેને જે વિષયમાં રૂચિ હોય તે રૂચિવાળો વિષય પોતે ભણાવે, એના કારણે વિદ્યાર્થીઓને અને શિક્ષકોને ચેઈન્જ મળે, પોતાની રૂચિવાળો વિષય મળે, એના કારણે વિદ્યાર્થીઓમાં ગુણવત્તાસભર

શિક્ષણ મળે તે માટે આ રાજય સરકારે નક્કી કર્યુ છે. સમય અને સંજોગો બદલાતા જાય છે. અત્યારે વિદ્યાર્થી અને વાલી બંને પરિક્ષાર્થી બન્યા છે. વિદ્યાર્થી પણ વિચાર કરે છે કે હું માત્ર પરીક્ષા માટેની તૈયારી કરું. વાલી એ દિશામાં આગળ વધી રહ્યા છે કે મારો પુત્ર અથવા પુત્રી વધારે માર્કસ લાવે. આજે પરિક્ષાર્થી વિદ્યાર્થી વાલી બન્યા છે, ત્યારે રાજય સરકારનો અભિગમ છે પરિક્ષાર્થીના બદલે અમારો વિદ્યાર્થી સાચા અર્થમાં વિદ્યાર્થી બને એ ગુણાંકના બદલે ગુણને પ્રાધાન્ય આપે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે રાજય સરકારે માત્ર શિક્ષણ નહીં, પણ સારું શિક્ષણ મળે, ગુણવત્તાસભર શિક્ષણ મળે એટલા માટે આગામી દિવસોની અંદર ગુણોત્સવ કાર્યક્રમ યોજવાનું નકકી કર્યુ છે. આ ગુણોત્સવના કાર્યક્રમ દરમ્યાન શાળાની ગુણવત્તાની ચકાસણી થશે, તેનું સર્વાંગી મૂલ્યાંકન થશે. સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવશે. તે સાથે સાથે સમાજના અન્ય વર્ગના લોકો પણ આ શૈક્ષણિક સુધારણાની બાબતમાં પોતાનું યોગદાન આપે તે માટે જનભાગીદારીથી તેમનો ઉપયોગ કરવાનું રાજય સરકારે સ્વીકાર્યુ છે. માનનીય કનુભાઈ કલસરિયા જે ૨૦૧૦ના સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે ઝીરો ડ્રોપ આઉટ રેસીયાની વાત લઈને આવ્યા છે, આ વાત રાજય સરકારી સ્વીકારીને ચાલે છે. રાજય સરકારનો પણ સંકલ્પ છે કે આગામી દિવસોમાં ગુજરાતના તમામે તમામ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ શાળાએ જાય, તેઓનું સ્થાયીકરણ થાય અને અધવચ્ચેથી એકપણ વિદ્યાર્થી ઉઠી જવાની પરિસ્થિતિ પેદા ન થાય. આ રાજય સરકારના સંકલ્પને વાચા આપવાનું કામ ડો.કનુભાઈએ કર્યુ છે ત્યારે હું ફરીથી તેમને અભિનંદન આપું છું. તેમના સંકલ્પને સહર્ષ સ્વીકારીને સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં ઝીરો ડ્રોપ આઉટ કરવાની દિશામાં રાજય સરકાર આગળ વધશે તેવી પ્રતિબદ્ધતા સાથે બધાનો આભાર. ધન્યવાદ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સભાપતિશ્રીઃ સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫:૫૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર , તા. ૨૪ જુલાઈ ૨૦૦૯ના રોજ સવારના ૮:૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૪મી જુલાઈ, ૨૦૦૯**
**શ્રાવણ ૨, ૧૯૩૧ શાકે**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ચિરંજજીવી યોજનાની સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી ઉપર અસર

***૧૦૭૪૨ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ચિરંજીવી યોજના હેઠળ રાજયમાં સંસ્થાકીય પ્રસૂતિઓની ટકાવારી ઉપર શી અસર પડી,
(૨) ચિરંજીવી યોજના હેઠળ અપેક્ષિત કામગીરી થયેલ છે કે કેમ, અને
(૩) જો ના, તો આ યોજનાને કાર્યક્ષમ બનાવવા સરકાર શાં પગલાં લેવા માગે છે?
**આરોગ્ય મંત્રીશ્રી :**
(૧) ચિરંજીવી યોજના હેઠળ રાજયમાં સંસ્થાકીય પ્રસુતિમાં ઉત્તરોતર વધારો જવા મળે છે, જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી | ચિરંજીવી યોજનાની સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૬૭.૬૩ | ૫.૮૮ |
| ૨૦૦૭-૦૮ | ૭૭.૮૩ | ૧૩.૫ |
| ૨૦૦૮-૦૯ | ૮૨.૦૪ | ૧૬.૧૮ |

(૨) હા, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આવતીકાલને આવકારવાની અને માત્રુ શકિતના શશકિતકરણ માટેની ચીરજીંવી યોજના અને માત્રુ વંદના યોજના દ્વારા સરકારે જે નવી ભાત પાડી છે એમાં મારે એ જાણવું છે કે આ યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલી પ્રસુતી નોંધાઈ અને એમાંથી ઘરે કેટલી થઈ અને સંસ્થાકીય પ્રસુતિ કેટલી થઈ? અને આ પ્રસુતિમાંથી ચિરંજીવી યોજના હેઠળ કેટલી પ્રસુતિ થઈ અને તે કેટલા ટકા છે? બીજું મારે એ જાણવું છે કે ચિરંજીવી યોજનાનો લાભ કોને આપવામાં આવે છે અને આ યોજના મુજબ પ્રસુતિના એટેન્ડન્ટને, પ્રસુતિ કરાવનાર તબીબને ચુકવણું કરવાના ધોરણો શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કહી તે સાચી છે, ચિરંજીવી યોજના હેઠળ માત્રુ મરણનો દર ઘટાડવા માટેની એક અત્યંત મૌલિક અને અસરકારક યોજના આ રાજયમાં અમલ હેઠળ છે. આ યોજનાનું હાર્દ એ છે કે સંસ્થાકીય પ્રસુતિ વધારવી અને સંસ્થાકીય પ્રસુતિ વધે એટલે સ્વાભાવિક રીતે પ્રસુતા અને નવ જાત શીશુ બન્નેના જીવને કયાંક કોઈક તાત્કાલિક સારવારના અભાવે જોખમમાં મુકાતા હોય તો એ ન મુકાય. અને તેના કારણથી સંસ્થાકીય પ્રસુતી વધે તો માતાનો મૃત્યુ દર ઘટે. આપણા દ્રષ્ટિવાન મુખ્ય મંત્રીશ્રીની ભાવના માનવ વિકાસ સૂચકાંક વધારવા માટેની છે તેના બે અગત્યના તત્વો છે બાળ મરણ ઘટાડવું અને માત્રુ મરણનું પ્રમાણ ઘટાડવું, અને આ યોજના બન્ને ચરણને સ્પર્શ કરે છે. એટલે આ યોજનાનું વિશિષ્ઠ મહત્વ છે. અને આપણે આ યોજના અમલમાં મુકી છે તેના કારણથી મારે આ સન્માનનીય સભાગૃહને આપના થકી કહેવું છે કે યુનિસેફે પણ આ યોજનાના વખાણ કર્યા છે. અને આ યોજના અન્યત્ર અપનાવવા જેવી છે તેવું તેના ચાઈલ્ડ ડેવલપમેન્ટ માટેના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યરીએ જે માહિતી માગી છે એમાં છેલ્લા ૩ વર્ષમાં રજયમાં કુલ પ્રસુતિ ૨૦૦૬-૦૭માં ૧૨,૦૦,૬૫૩ થઈ, ૨૦૦૭-૦૮માં ૧૧૮૨૪૫૭ થઈ, ૨૦૦૮-૦૯માં ૧૦૨૮૦૦૨ થઈ. એમાંથી જે ઘરે પ્રસૂતિ થઈ તેની સંખ્યા ગણીએ તો ૨૦૦૬-૦૭માં ૩૮૮૬૯૦ એટલે ૩૨.૩૭ ટકા, ૨૦૦૭-૦૮માં ૨૬૨૧૧૪ એટલે ૨૨.૧૭ ટકા, ૨૦૦૮-૦૯માં ૧૮૪૬૩૧ એટલે ૧૭.૯૬ ટકા થઈ. તેની સામે સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી ૨૦૦૬-૦૭માં ૮,૧૧,૯૬૩ એટલે ૬૭.૬૩ ટકા, ૨૦૦૭-૦૮માં ૯,૨૦,૩૪૩ એટલે ૭૭.૮૩ ટકા અને ૨૦૦૮-૦૯માં ૮,૪૩,૩૭૧ એટલે ૮૨.૦૪ ટકા થઈ. આમ માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૬-૦૭ થી ૨૦૦૮-૦૯ સુધીમાં સંસ્થાકીય ટકાવારી પ્રસુતિની ૬૭.૬૩ ટકા હતી તે વધીને ૮૨.૦૪ ટકા સુધી થઈ. સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછયો છે કે આ યોજનાનો લાભ કોને આપવામાં આવે છે અને તેની ચુકવણીના ધોરણો શું છે?તો આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ આવતા તમામ કુટુંબોની સગર્ભા મહિલાઓને આપવામાં આવે છે. ગરીબી રેખા ઉપરના જે એ.પી.એલ. છે પરંતુ આવકવેરો ભરતા ન

હોય તેવા અનુસૂચિત જન જાતિના કુટુંબોની સગર્ભા બહેનોને પણ આનો લાભ આપવામાં આવે છે. એના માટે શું ચૂકવણું કરવામાં આવે છે તો ખાનગી તબીબને સો પ્રસૂતિના પૅકેજ માટે ૧,૭૯,૫૦૦ રૂપિયા એટલે કે એક પ્રસૂતિએ ૧૭૯૫ રૂપિયા લેખે ચૂકવવામાં આવે છે. અને આ રકમ પૈકી કસૂરદારને ટ્રાન્સપોર્ટેશનના ૨૦૦ અને એટેન્ડન્ટને ૫૦ રૂપિયા તબીબે ચૂકવવાના રહે છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ પ્રસૂતિઓના અનુસંધાને કેટલી માતાઓના મરણ અને બાળ મરણને અટકાવી શક્યા છીએ, જિલ્લાવાર કેટલા સ્ત્રી રોગ નિષ્ણાંત નોંધાયેલા છે અને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : મેં શરૂઆતમાં કહ્યું તેમ આ યોજનાનો મુખ્ય હેતુ માતા મરણ અને બાળ મરણને અટકાવવાનો છે. બહેનશ્રીએ પ્રશ્ન પૂછ્યો એના જવાબમાં વિગતો આ પ્રમાણે છે. આ યોજના અંતગર્ત ૨૦૦૮-૦૯માં કુલ ૧,૩૫,૭૦૬ પ્રસૂતિ નોંધાયેલ. રાજયમાં માતા મૃત્યુ દર એક લાખ સુધીની વ્યકિત જેનો ૧૭૨ છે આ દર જોતા સંભવિત માતા મૃત્યુ દર ૨૩૩ થવો જોઈતો હતો. આપણે સૌ ગૌરવ સાથે એની નોંધ લઈ શકીએ તેમ છીએ કે એની સામે ૨૫ માતાઓના જ મૃત્યુ નોંધાયા એટલે બીજા શબ્દોમાં કહીએ તો ૨૦૮ માતાની જિંદગી બચાવી શક્યા છીએ. એ જ રીતે ૩૧૨૧ બાળ મૃત્યુ થવાની સંભાવના હતી એની સામે ૪૯૦ બાળકોના મૃત્યુ નોંધાયા છે એટલે ૨૬૩૧ બાળકોને આપણે આ યોજનાનો લાભ આપીને બચાવી શક્યા છીએ. આ યોજના હેઠળ કેટલા સ્ત્રી રોગ નિષ્ણાતો નોંધાયેલા છે. ગાંધીનગર જિલ્લામાં ૧૭, મહેસાણા જિલ્લામાં ૪૦, પાટણ જિલ્લામાં ૩૩, સાબરકાંઠા જિલ્લામાં ૪૫, બનાસકાંઠા જિલ્લામાં ૫૫, અમદાવાદ જિલ્લામાં ૨૧૭, ખેડા જિલ્લામાં ૨૩, આણંદ જિલ્લામાં ૨૯, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૧, વડોદરા જિલ્લામાં ૪૮, પંચમહાલ જિલ્લામાં ૩૪, દાહોદ જિલ્લામાં ૧૨, ભરૂચ જિલ્લામાં ૯, નર્મદામાં ૩, સુરત જિલ્લામાં ૮૩, નવસારી જિલ્લામાં ૧૯, વલસાડ જિલ્લામાં ૧૬, આહવામાં ૪, રાજકોટ જિલ્લામાં ૨૩, જામનગર જિલ્લામાં ૨૩, કચ્છ ભુજમાં ૧૮, ભાવનગર જિલ્લામાં ૧૭, અમરેલી જિલ્લામાં ૧૫, જુનાગઢ જિલ્લામાં ૨૩, પોરબંદર જિલ્લામાં ૬ એમ કુલ ૮૩૩ સ્ત્રી રોગ નિષ્ણાંતો આ યોજના નીચે નોંધાયેલા છે. એમને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ ચૂકવી તો સન ૨૦૦૬-૭માં ૪,૫૩,૦૦૩૧ રૂપિયા, ૨૦૦૭-૦૮માં ૧૮,૯૨,૬૫૯૮૯ રૂપિયા, ૨૦૦૮-૦૯માં ૧૯,૮૨,૫૩,૫૦૨ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સિંગાપોરમાં બીજા દેશોની કૉન્ફરન્સ મળી હતી, જેમાં આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હાજર હતા તેમાં એમણે ચિરંજીવી યોજનાની વાત કરી ત્યારે બીજા દેશોના પ્રતિનિધિઓ આશ્ચર્ય પામ્યા હતા. આ યોજના ગુજરાતે દાખલ કરી એ પછી ભારતના બીજા કોઈ રાજયમાં આ યોજના દાખલ કરવામાં આવી છે કે કેમ? બીજું કે ગુજરાત અને ભારતમાં આર.એસ.એસ. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ મુજબ આ યોજનાનો અભ્યાસ કે એનું કોઈ મૂલ્યાંકન થયું છે, જો હા તો એના તારણો શું આવ્યા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : અન્ય રાજયોની માહિતી ઉપલબ્ધ નથી. માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. ગુજરાતે આ યોજનાની શરૂઆત અને અમલીકરણ ખૂબ સારી રીતે કર્યુ છે, અને એનો પૂરાવો એ યુનિસેફે આ યોજનાની નોંધ લીધી છે એના ઉપરથી આવે છે. તેના પરથી આવે છે. યુનિસેફે પોતાનો ચાઈલ્ડ ડેવલપમૅન્ટ રિપૉર્ટ છે તેમાં આ અંગે મૂક્યું છે. આપની મંજૂરીથી હું કેટલીક વાત આ સભાગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગું છું. In 2006, a United Nations Population Fund study of Chiranjeevi Yojana reported that the programme had successfully raised the number of births delivered in health facilities and that private practitioners were mostly enthusiastic about their participation in the initiative. It also noted the reluctance of patients to utilize facilities for births, and that their spouses and in-laws had great influence on decision making, which limited their ability to actively seek healthcare. The study made several recommendations, including the establishment of an indelpendent body to ensure quality control and equitable implementation. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે અને તેમના દ્રષ્ટિવંત આયોજનના ભાગ રૂપે આ યોજના જે અમલમાં મૂકાઈ. તેને માત્ર રાષ્ટ્રીય કક્ષાએ નહીં, આંતરરાષ્ટ્રીય કક્ષાએ. યુનિસેફના આ અહેવાલમાં તેની નોંધ લેવામાં આવે તેનો અર્થ એ થયો કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ આ યોજનાને અતિ સુંદર પ્રતિસાદ મળ્યો છે અને આ યોજનાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એક સુંદર યોજના તરીકે સ્વીકારવામાં આવી છે, એટલે ગુજરાત એ માટે ગૌરવ લઈ શકે છે. માનનીય સભ્યશ્રીએ એસ.આર.એસ. એટલે કે સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ મુજબના સરવેની સરખામણીની વાત કરી. તો આ સરવે મુજબ જે માતા મરણનો દર છે એ ભારતનો ૧૯૯૯ અને ૨૦૦૧માં ૩૨૭ હતો, તે સમયે ગુજરાતનો ૨૦૨ હતો. ૨૦૦૧-૦૩માં ૩૦૧ સામે ગુજરાતનો ૧૭૨ અને ૨૦૦૪-૦૬માં ૨૫૪ સામે ૧૬૦ એટલે ૧૯૯૯-૨૦૦૧થી ૨૦૦૪-૦૬ સુધીમાં એટલે લગભગ ૬ વર્ષમાં ૨૦૨થી ૪૨ જેટલો માતૃમરણનો દર ઘટાડીને ૧૬૦ સુધી લાવી શક્યા છીએ. આ યોજનાના બે અભ્યાસ થયા છે. UNFPA દ્વારા ઑગસ્ટ-૨૦૦૬માં પાંચ જિલ્લામાં અમલી ચિરંજીવી યોજનાના પાયલોટ પ્રોજૅકટનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને

બાહ્ય મૂલ્યાંકન રિપૉર્ટ મુજબ એવું જણાવ્યું હતું કે આ પાંચ જિલ્લામાં ગરીબી રેખા હેઠળની માતાઓની સંસ્થાકીય પ્રસૂતિમાં નોંધપાત્ર વધારો થયો છે. પહેલાં જે હૉસ્પિટલમાં જવા સામે સંસ્થાકીય પ્રસૂતિ સામે જે અવરોધ હતો, આવકના કારણે અથવા તો સવલતોના કારણે તેનાથી દૂર થયો છે અને લાભાર્થીઓને આ યોજનાથી ખૂબ જ સંતોષ છે. આ સ્કીમનું અમલીકરણ શકય છે અને બીજાં જિલ્લાઓમાં પણ આ સ્કીમનું અમલીકરણ થવું જોઈએ. એથી આગળ જઈને વિશ્વવિખ્યાત ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ-અમદાવાદે આ અંગેનો જે અભ્યાસ કર્યો છે, કારણ કે આપણે જ્યારે જ્યારે રાજય સરકારની સિદ્ધિઓની વાત કરીએ ત્યારે તેની સામે પ્રશ્નાર્થચિહ્નો ઉભા કરવા એવી વૃત્તિથી કેટલાક લોકો ચાલે છે. ત્યારે ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ તો વિશ્વસ્તરીય વ્યવસ્થાપન સંસ્થા છે અને તેણે જે અભ્યાસ કર્યો છે એ દ્વારા તેનો જે પાયલોટ પ્રોજૅકટનો અભ્યાસ કર્યો તેના તારણો એવા છે કે ચિરંજીવી યોજના એ ગરીબી રેખા હેઠળના કુટુંબોને પ્રસૂતિ સેવા અંગેની એક ખરીદશકિત તેમના હાથમાં આપેલ છે. વાઉચર પદ્ધતિ એ સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટરો માટે હરિફાઈનું માનસ ઉભું કરે છે જે તેમને વધારે જવાબદાર બનાવે છે અને લાભાર્થીઓની વફાદારી જીતવી તે લાંબા ગાળે સતત આવક રળવા માટે જરૂરી છે. તેમ આ ડૉક્ટરો માનતા હોઈ સ્પર્ધાત્મક અને ગુણવત્તાસભર સેવાઓ આ યોજનાને કારણે ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઉપલબ્ધ બની છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને વિશ્વમાં આ ચિરંજીવી યોજનાને બિરદાવવામાં આવી છે. ગરીબ મહિલાઓ અને બાળકો માટે આશીર્વાદરૂપ છે. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ માહિતી જાણવા માગું છું કે જે લોકો ફૂટપાથ પર રહે છે, રૈન બસેરામાં રહે છે. જેને બી.પી.એલ. કાર્ડ જેવી કોઈ વસ્તુ છે તેની ખબર નથી. એવા અકિંચન લોકોના માટે આમાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ છે કે નહીં એની મને માહિતી આપે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવું છે કે બી.પી.એલ.નું કાર્ડ ન હોય તો કોઈ જ વાંધો નહીં આવે. તલાટીનું આવકનું પ્રમાણપત્ર અથવા તો even in the extreme cases માનનીય ધારાસભ્યશ્રીની પોતાની ભલામણ હશે.કે આ વ્યકિતની આવક ઓછી અકિંચન છે. તો પણ એવા કિસ્સાઓમાં માનવતાના ધોરણે સારવાર આપવામાં પાછી પાની નહીં કરીએ. એથી આગળ જઈને કહું તો ૧૦૮ની સેવાઓ છે એમાં પ્રસૂતા માટેની જે ઇમરજન્સી છે એમાં ૫૨૦૦ કરતાં વધુ ઑન બોર્ડ થયા છે. આ પ્રકારની કામગીરી અમે કરીએ છીએ.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, આભાર.

**અધ્યક્ષશ્રી** : આપના બીજા પણ પ્રશ્નો છે, જવાબ ટૂંકા થાય તો સારું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ચિરંજીવ યોજના ખૂબ આશીર્વાદ સમાન છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ યોજના ચાલુ કરી એનાથી ગરીબ લોકોને, ગરીબ પ્રસૂતાઓ છે એમને ખૂબ ફાયદો થયો છે. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, દીકરી સાસરે ગઈ હોય, સસરાનું બીપીએલ કાર્ડ હોય અને દીકરીને પહેલીવાર પિયરમાં ડિલિવરી કરવા માટે લઈ જાય તો તેમને બીપીએલ ગણતા નથી અને એનો ચાર્જ આપવો પડતો હોય છે. તો આના માટે કોઈ જોગવાઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, દીકરી માટેની ચિંતાથી સતત માનનીય મુખ્યમંત્રીશ્રી ચિંતિત છે. આ રાજયના આ દ્રષ્ટિવંત મુખ્યમંત્રીશ્રીએ દીકરીઓ માટે જેટલી ચિંતા કરી છે એટલી ઑન રેકર્ડ કહેવા માગું છું કે, આ રાજયના ભૂતકાળના કોઈ મુખ્યમંત્રીશ્રીએ દીકરીઓ માટે ચિંતા નથી કરી અને એટલે હું અમારા નેતા અને મુખ્યમંત્રીશ્રીની અનુમતિની અપેક્ષાએ કહેવા માગું છું કે, જો સસરા બીપીએલ કાર્ડ હોલ્ડર હોય અને પિતા પણ બીપીએલ કાર્ડ હોલ્ડર હશે તો એ કાર્ડને વેલીડ ગણીને જે કિસ્સાઓમાં સેવાઓ આપવી પડે એ આપીશું.

### ભાવનગર જિલ્લાના તાલુકામાં પાણી પુરવઠા યોજનાને મંજૂરી

*** ૧૦૭૫૩ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના કેટલા તાલુકામાં કેટલી પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી પૂર્ણ કરવામાં આવી?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૧૧ તાલુકામાં ૬૪ યોજનાને મંજૂરી આપવામાં આવી.
- -૧૪ યોજના પા.પુ.બોર્ડ હસ્તકની ૧૦૦ ટકા સરકારી ખર્ચે
- - ૫૦ યોજના ૧૦ ટકા લોકભાગીદારીવાળી

(૨) ૬૦ યોજનાના કામો પ્રગતિમાં છે અને ૪ યોજનાની ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની આ જે યોજનાઓ છે એ યોજનાઓની જે કામગીરી છે એના માટે ગુજરાત સરકારને યુનેસ્કો દ્વારા એવોર્ડ મળ્યો છે. વાસ્મોની કામગીરીને આ તબક્કે અભિનંદન આપીને ભાવનગર જિલ્લામાં કુલ ૧૧ તાલુકામાં ૬૪ યોજનાઓ થઈ છે. મારે એ જાણવું છે કે, આ

યોજનાઓને લીધે કુલ કેટલા ગામોને લાભ મળશે? એ પૈકી ગઢડા અને ઉમરાળા તાલુકામાં કઈ યોજનાઓ છે અને એમાં કેટલા ગામોને લાભ મળશે? ગામોના નામ સાથે મારે માહિતી જોઈએ છે. કારણ કે, આ મારા તાલુકાનું છે એટલે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈનો પ્રશ્ન છે એમાં ભાવનગર જિલ્લામાં બે પ્રકારની યોજનાઓ પાણી પુરવઠા બોર્ડ દ્વારા અમલમાં મુકાઈ છે. એક યોજના છે. એક યોજના છે એ ૧૦૦ ટકા સરકારી ગ્રાન્ટમાંથી ચાલે છે. એટલે કે બધો ખર્ચ રાજય સરકાર ભોગવે છે. એ પ્રમાણે ૧૪ યોજનાઓના કામો અમલમાં છે. બીજી ૫૦ યોજનાઓ છે એ ૧૦ ટકા ભાગીદારીવાળી યોજનાઓ છે અને એનો ખર્ચ ૯૦:૧૦ પ્રમાણે આપણી પાણી સમિતિની પદ્ધતિ છે એના આધારે કરવામાં આવે છે અને આ ૯૦ ટકા રાજય સરકારનો ખર્ચ અને ૧૦ ટકા ગામનો લોકફાળો એ પ્રમાણે કામો કરવામાં આવે છે. ભાવનગર જિલ્લાના તમામ ગામને અમે પાણી સમિતિ દ્વારા આવરી લીધેલા છે. અને દરેક ગામની અંદર પાણી સમિતિ બની એણે કામો શરૂ કર્યા છે. અગાઉ આ જ સન્માનનીય સભાગૃહમાં ભાવનગર જિલ્લાની વિસ્તૃત માહિતી હું આપી ચૂકયો છું એટલે બીજો જે પ્રશ્ન છે માનનીય સભ્યશ્રીનો કે ગઢડા તાલુકામાં કયા કયા ગામોમાં કામ ચાલે છે તો ગઢડા તાલુકાનું પડવદર ગામ છે એમાં ૨૨.૩૪ લાખ રૂપિયાના કામો ચાલે છે. ગઢડા તાલુકાનું ટાટમ ગામ છે

**અધ્યક્ષશ્રી** : કુલ કેટલા ગામો છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ એમણે દરેક ગામો પૂછયા છે.

**અધ્યક્ષશ્રી** : ના પણ કેટલા છે. જો વધારે લાંબુ લીસ્ટ હોય..

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ના ના બહુ નથી સાહેબ. કારણ કે એમણે વિસ્તૃત માહિતી માગી છે.

**અધ્યક્ષશ્રી** : વિસ્તૃત માહિતી બરાબર છે પણ પહેલા પ્રશ્નમાં મારે ૧૬ મિનિટ થઈ. કારણ કે પ્રશ્ન ચિરંજીવી યોજનાનો હતો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચાર જ ગામ છે.

**અધ્યક્ષશ્રી** : તો આપી દો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે એક પડવદર ગામ છે, એક ટાટમ ગામ છે, એક વનાડી ગામ છે જેમાં ૧૯ લાખ ૬૨ હજારનું કામ ચાલે છે અને એક કાપરડી ગામ છે જેમાં ૨૩ લાખ ૯૯હજારનું કામ ચાલે છે. એમ ગઢડા તાલુકાના ચાર ગામમાં આ યોજનાઓ અમલમાં છે. એમાં પાણીની ટાંકી પંપ હાઉસ મશીનરી પાઈપલાઈન વગેરેના કામો હાથ ઉપર લેવાયેલા છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષ મહોદય, આપના દ્વારા હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે અને આ યોજનામાં કયા કયા કામો થવાનાં છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કામો થવાનાં છે એ તો દરેક જગ્યાએ લગભગ ગામની જરૂરિયાત પ્રમાણે પાણી સમિતિ નકકી કરે એ પ્રમાણેના કામો થાય છે. કામો જે ચાલે છે એનો ખર્ચ અંદાજીત ૨૪ કરોડ ૪૦ લાખ રૂપિયાનો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે જે રીતે અવકાશમાંથી ડાયરેક ટુ હોમ ડી.ટી.એચ. સિસ્ટમ દ્વારા ટી.વી.નું પ્રસારણ થાય છે એ પ્રમાણે મારે ડાયરૅક્ટ ટુ હોમ એટલે પાણીની ટાંકીમાંથી લઈને સીધું ઘર સુધી પાણી પહોંચાડવાની ડી. ટી. એચ.યોજના આમાં છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ડી.ટી.એચ. અમારો કોઈ શબ્દ નથી. માનનીય સભ્યશ્રીએ પોતે ઉભો કરેલો આ શબ્દ છે. પણ ગામમાં પાણીની ટાંકી થાય એટલે બધા જ ઘરોમાં જેમને જેમને પંચાયત પાણીનું કનેકશન આપે અથવા જે નાગરિક પાણીનું કનેકશન સ્પેશીયલ વોટર ટેક્ષ ભરવાની સંમતિ સાથે માગે એમને પંચાયત પોતે આપી શકે છે.

### દાહોદ જિલ્લાની માછણનાળા જૂથ પાણી પુરવઠા યોજના

***૧૦૭૩૦ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય પાણી પુવરઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લાની માછણનાળા જૂથ પાણી પુરવઠા યોજનાનું અધૂરું કામ સરકાર કયારે પૂર્ણ કરવા માગે છે, અને

(૨) ઉકત યોજના હેઠળ તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ગામોને પાણી પુરવઠો આપવાનું ચાલુ કરવામાં આવેલ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ક્રમશઃ તાઃ ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) પ્રાયોગિક ધોરણે ૧૫ ગામોને પાણી પુરવઠો આપવાનું ચાલુ કરવામાં આવેલ છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે માછણનાળા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે અને માછણનાળા જૂથ પાણી પુરવઠા યોજનાનું કામ કયારે પૂર્ણ કરવાનું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાના માછણનાળા જૂથ યોજનાના કુલ ૨૫ ગામોને એમાં આવરી લીધા છે. ૧૫ ગામોને અત્યારે પ્રાયોગિક ધોરણે પાણી પુરવઠો શરૂ કર્યો છે અને બાકીના ગામોનું પણ આ ઓગસ્ટ મહીનાના અંત સુધીમાં કામ પૂરું કરવામાં આવશે. આ યોજનામાં ૧૨ કરોડ ૨૫ લાખ રૂપિયાનો અંદાજીત ખર્ચ થશે.

**ચોરવાડ નગરપાલિકાને પીવાના પાણીના હેતુ માટે ૧૨મા નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

*** ૧૧૧૩૫ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નગરપાલિકાઓને પીવાના પાણી હેતુ માટે ૧૨મા નાણાપંચ અંતર્ગત જૂનાગઢ જિલ્લાની ચોરવાડ નગરપાલિકાને તા:૨૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) તે થકી કેટલાં કામો પૂર્ણ થયાં અને બાકી કામો કયારે થશે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) નગરપાલિકાને પીવાના પાણી હેતુ માટે ૧૨મા નાણાપંચ અંતર્ગત જૂનાગઢ જિલ્લાની ચોરવાડ નગરપાલિકાને તા:૨૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) આ કામગીરી નગરપાલિકાએ પાણી પુરવઠા બોર્ડને સુપ્રત કરેલ છે. બોર્ડે આ કામો તા:૧-૧-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવા આયોજન કરેલ છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ચોરવાડ નગરપાલિકાને પીવાના પાણીની બારમા નાણાપંચની ગ્રાન્ટ કયા કામ માટે ફાળવવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા દરેક નગરપાલિકા વિસ્તારોને પીવાના પાણી માટે બે યોજનાઓ નીચે અમે ગ્રાન્ટ આપીએ છીએ. એક બારમા નાણાપંચની ગ્રાન્ટ અને એક અમૃતધારા યોજના નીચેની ગ્રાન્ટ.ચોરવાડ નગરપાલિકાને એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે અને આ એક કરોડ રૂપિયાનું રાજ્ય સરકારનું આયોજન અને બાકીની રકમ પાણી પુરવઠા બોર્ડ દ્વારા અલગ રીતે એમ કરીને ૨.૭૫ કરોડ રૂપિયાની પાઈપલાઈનનું કામ મંજૂર કરીને નર્મદાનું પાણી ચોરવાડ ગામે પહોંચે અને ગામમાં નગરપાલિકા દ્વારા જે પાઈપલાઈન નાખવાની છે એ ઈન્ટરનલ આયોજન માટેની એક કરોડની ગ્રાન્ટ રાજ્ય સરકારે આપી છે અને ચોરવાડ નગરપાલિકાએ આ કામગીરી જનરલ બોડીમાં ઠરાવ કરીને પાણી પુરવઠા બોર્ડને સોંપી છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો ચોરવાડ મારા વિસ્તારનું ગામ છે અને માનનીય મંત્રીશ્રીએ રૂપિયા ૨.૭૫ કરોડ ફાળવ્યા છે એ બદલ માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ચોરવાડ નગરપાલિકામાં મંજૂર થયેલા કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા છે અને કેટલા કામો બાકી છે અને એ ક્યારે પૂર્ણ થશે? મારો બીજો પ્રશ્ન એ છે કે પ્રસ્તુત ગ્રાન્ટમાંથી નગરપાલિકા દ્વારા કયા કામો હાથ ધરવામાં આવેલ છે અને તેની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આ એક કરોડની ગ્રાન્ટના કામો બે રીતે થઈ શકે છે. નગરપાલિકા પોતાની રીતે ઈચ્છે તો નગરપાલિકા ટેન્ડર માગે અને કામ કરાવી શકે છે. ઘણી નગરપાલિકાઓ આવી કામગીરી પાણી પુરવઠા વિભાગને સોંપતી હોય છે. ચોરવાડ નગરપાલિકાએ આ કામગીરી પાણી પુરવઠા બોર્ડને સોંપી છે અને પાણી પુરવઠા બોર્ડે આ કામ અંગેના ટેન્ડરો માગ્યા છે. આ કામ નગરપાલિકા વિસ્તારમાં ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવશે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ચોરવાડ નગરપાલિકામાં જે ગ્રાન્ટ આપી છે એ ઘણા સમયથી કામો થતાં નથી. આ કામો ઝડપી પૂર્ણ કરવા માટે શું આયોજન કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : પહેલા ગ્રાન્ટની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ નગરપાલિકાએ શું કામગીરી કરવાની છે એ નગરપાલિકા ઠરાવ કરીને અહીં મોકલી આપે છે. એની વહીવટી મંજૂરી આપવામાં આવે છે અને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. ગ્રાન્ટની ફાળવણી પછી મેં કહ્યું એ પ્રમાણે નગરપાલિકા પોતે ઈચ્છે તો કામ કરી શકે અથવા પાણી પુરવઠા બોર્ડને કામ સોંપી શકે. આ ચોરવાડ નગરપાલિકાએ બોર્ડને કામગીરી સોંપી છે. વચમાં લોકસભાની ચૂંટણીની આચારસંહિતા હતી એટલા માટે એમાં ત્રણ મહિના જેટલા સમય માટે આ કામગીરી વિલંબમાં પડી હતી.

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા અંતર્ગત મંજૂરી**

*૧૦૭૩૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી, અને

(૨) કેટલી દરખાસ્તો પડતર છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કાયદા હેઠળ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિડની પ્રત્યારોપણની ૯૮૦ અને લીવર પ્રત્યારોપણની ૪ મળી કુલ ૯૮૪ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી.

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કિડની પ્રત્યારોપણની ૧ દરખાસ્ત પડતર હતી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ અવયવોના પ્રત્યારોપણની તબીબી કામગીરીમાં આપણી કિડની ઈન્સ્ટિટયૂટ અમદાવાદ છે એમણે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આખા વિશ્વ કક્ષાએ સૌથી વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી છે. એના માટે કિડની ઈન્સ્ટિટયૂટ અને રાજ્ય સરકારે મંજૂરી આપી સહયોગ આપ્યો એના માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કોઈ વ્યક્તિ મૃત્યું પામે, એનું મગજ મૃત્યું પામ્યું હોય અને એનું લીવર બીજાને પ્રત્યારોપણ કરવાનું હોય તો એ માટેની પ્રક્રિયા થઈ શકે કે કેમ અને એ દિશામાં આપણે આગળ વધ્યા છીએ કે કેમ? બીજું કે બ્લડ કેન્સર થયું હોય અને હાડકાનો માવો જેને બોર્નમેરો કહેવાય છે એ પ્રત્યારોપણ કરવાની કામગીરી થઈ શકે કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી માટેની કાયદાકીય પ્રક્રિયા શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી એમાં જેનું મગજ મરી ગયું છે, જેને બ્રેઈન ડેડ પેશન્ટ કહેવાય એની કિડની અથવા લીવરનું પ્રત્યારોપણ કરવાનું શક્ય છે અને તે કામગીરી સુપેરે આપણે ત્યાં કરવામાં આવે છે. આ માટે એક ચોક્કસ પ્રક્રિયામાંથી પસાર થવાનું હોય છે. અને કેડેવર ટ્રાન્સપ્લાંટેશન માટે વેઈટિંગ લિસ્ટ બનાવવાની એક નિશ્ચિત કાર્ય પદ્ધતિ છે. એમાં દર્દીઓના કુટુંબના નજીકના સગાંઓનું બ્લડ ગૃપ કિડની આપવા માટે મળતું ના હોય અથવા સક્ષમ ના હોય દર્દીનું પ્રથમ કિડની ટ્રાન્સપ્લાંટેશન જે કુટુંબના નજીકના સગાં હોય અને નિષ્ફળ ગયું હોય, દર્દીઓ લાંબો સમયથી પ્રતિક્ષા યાદીમાં હોય, બાળકો તથા નાની ઉંમરના દર્દીઓને અગ્રતા આપવામાં આવે અને દર્દીઓએ પોતાના સ્વજનો સાથે ક્રોસ મેચિંગનો રિપોર્ટ કરાવવાનો હોય છે ત્યારે આપણે ત્યાં જેને આ કેડેવર ટ્રાન્સપ્લાંટેશન કહેવાય છે એના થકી પણ નવજીવન બક્ષવા માટેનું અત્યંત સુંદર કામ થાય છે અને એ કામગીરીના અંર્તગત માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એના પૂરક તરીકે હું એમને કહેવા માગીશ કે તા.૧-૬-૨૦૦૭ થી ૩૧-૫-૨૦૦૯ એટલે ૭૩૦ દિવસમાં આપણે ત્યાં ૮૬૨ કિડની ટ્રાન્સપ્લાંટેશન થયા છે. ગુજરાતે કયારેય પણ સંકુચિતતાથી જોયું નથી અને એટલા માટે ૮૬૨ કિડની ટ્રાન્સપ્લાંટેશન થયા એમાં રાજ્યના દર્દી ૪૭૭, રાજ્ય બહારથી આપણે ત્યાં અહીંયા મનસોર સિવિલ હોસ્પિટલ બસ ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપને સુવિદિત છે કે બહારથી ૩૧૯ દર્દીઓનું આપણે પ્રત્યારોપણ કર્યુ. એથી પણ આગળ વધીને ગુજરાતને ગૌરવ થાય એવી વાત આ સભાગૃહના રેકોર્ડ પર મૂકવી છે. અન્ય દેશના ૬૬ દર્દીઓનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું. એટલે કુલ ૬૭૦ પુરુષો, ૧૩૯ સ્ત્રીઓ અને ૫૩ બાળકો મળીને ૮૬૨ વ્યકિતઓને છેલ્લા બે વર્ષમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું અને આમ છતાંય આ પ્રત્યારોપણ માટેની જે પ્રતિક્ષા યાદી છે એ વધતી જાય છે અને રાજ્યનું જે ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડીસીઝ અને રિસર્ચ સેન્ટર પાસે ૧૪૪, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે ૧૪૩, સાલ હોસ્પિટલ પાસે ૧૨૪, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે ૧૭, એપોલો હોસ્પિટલ પાસે અને ભાઈલાલ અમીન વડોદરા ૨૩ એમ કરીને ૪૬૧ પ્રતિક્ષા યાદીમાં છે હજુ કિડની મેળવવા માટે અને હવે આ સન્માનનીય ગૃહને અને ગુજરાતને ગૌરવ થાય એવી બીજી વાત મારે માનનીય સભ્યશ્રીને આપના થકી કહેવી છે કે અત્યાર સુધી આપણે માત્ર કિડનીનું પ્રત્યારોપણ કરતા હતા. હવે આપણે કિડની હોસ્પિટલમાં લીવરનું પ્રત્યારોપણ પણ સફળતાપૂર્વક થાય છે અને કેડેવર લીવર પ્રત્યારોપણના વેઈટિંગ લિસ્ટમાં પણ ૯ દર્દીઓ પ્રતિક્ષા યાદીમાં છે. એટલે આ સન્માનનીય ગૃહ થકી મારે જેમ આપણે ત્યાં ગુજરાત ચક્ષુદાન માટે, દેહદાન માટે અનેક રીતે અગ્રતાક્રમે છે એમ કેડેવર માણસના મૃત્યુ પછી કિડની કે લીવર કામ આવતું નથી. જ્યારે માણસનું બ્રેઈન ડેડ પેશન્ટ હોય, નિશ્ચિત રીતે મૃત્યુ નક્કી થયું હોય એવા સમયે એના કિડની અને લીવર દાન આપવાનો મંત્ર ઘરે ઘરે ગુંજતો કરવો જોઈએ તો આ પ્રકારની પ્રતિક્ષા યાદી નીવારી શકાય અને ૪૫૦ જેટલા વ્યકિતઓ જે લોકો જીવતદાન માટે રાહ જુએ છે એમને નવજીવન બક્ષવાનું કામ થઈ શકે અને ગુજરાત આ દિશામાં દેશને ચોક્કસ એક દિશા બતાવી શકે તેમ છે.

**શ્રી રાકેશ શાહ** : અધ્યક્ષ મહોદય, કિડની ટ્રાન્સપ્લાંટેશન અને લીવર પ્રત્યારોપણ દેશ-વિદેશમાં પ્રખ્યાત સેવા આપનાર આ સંસ્થા સારી અને વિભાગે જે કામ કર્યુ છે એ બદલ વિભાગને તો અભિનંદન આપું છું સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ સ્કૂલ હેલ્થ કાર્યક્રમ નીચે કિડની હોસ્પિટલ અમદાવાદ ખાતે છેલ્લા ૩ વર્ષ એટલે કે તા.૧-૬-૨૦૦૭ દરમ્યાન કેટલા કિસ્સામાં કિડની પ્રત્યારોપણ કરવામાં આવ્યું અને એનો અંદાજીત ખર્ચ કેટલો હતો અને આ ખર્ચ કોણે ભોગવ્યો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલ હેલ્થ કાર્યક્રમ ત્રણ અપવાદોને બાદ કરતાં એક બોનમેરો ટ્રાન્સપ્લાંટ, એક હોર્મોન ઈન્જેકશન અને કોકિલયર ઈમ્પ્લાન્ટ આ ત્રણ અપવાદોને બાદ કરતા આરોગ્ય વિભાગ ૧.૨૫ કરોડ જેટલા વિદ્યાર્થીઓની ચકાસણી કરે છે. ગુજરાતના કુલ વસ્તીના ૨૫ ટકા થાય આ અને આ ત્રણ અપવાદોને બાદ કરતાં કોઈ પણ પ્રકારની સારવાર સંપૂર્ણ પણે વિનામૂલ્યે કરવામાં આવે છે, આપ એનાથી સુવિદિત છો અને આપે જે પ્રણાલિકા પાડી છે એ રસ્તે અમે ચાલી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એમાં ૨૦૦૭માં ૮ બાળકોને, ૨૦૦૮માં ૧૦, અને ૨૦૦૯માં ૮ બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ કિડની પ્રત્યારોપણ કરવામાં આવેલ પણ માનનીય અધ્યક્ષશ્રી, આટલું પૂરતું જ નથી કિડની રોગથી પીડિત હોય એવા બાળકો માટે રાજય સરકારે જે ખર્ચ કર્યો છે, માનનીય સભ્યશ્રીને હું જણાવવા માગું છું કે, ૨૦૦૪-૦૫માં ૧૦,૩૮,૬૩૨/- રૂપિયાનો ખર્ચે ૪૪ બાળકોને સારવાર આપી, ૨૦૦૫-૦૬માં ૨૦૫ બાળકોને, ૧૪,૫૦,૦૦૦/- રૂપિયાના ખર્ચે, ૨૦૦૬-૦૭માં ૫૯૩ બાળકોને ૧,૦૩,૦૨,૮૦૧/- રૂપિયાના ખર્ચે, ૨૦૦૭-૦૮માં ૧૦૭૧ બાળકોને ૭૯,૧૭,૦૯૯/- રૂપિયાના ખર્ચે , ૨૦૦૮-૦૯માં ૭૦૯ બાળકોને, ૧,૯૦,૫૯,૬૨૨/- રૂપિયાના ખર્ચે એમ છેલ્લા ઉપરોક્ત વર્ષોમાં ૨૬૨૨ બાળકોને ૪,૦૩,૬૮,૧૫૪/-રૂપિયાના ખર્ચે સારવાર આપવામાં આવી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે ૯૮૪ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે તો મારે એટલું જાણવું છે કે, આ કિડની અને લીવરના જે પ્રત્યારોપણ કર્યા એમાં એના કુટુંબીજનો કેટલા હતા અને એમાંથી કિડની અને લીવર કેટલી વ્યકિતઓમાંથી લીધા અને ૯૮૪ કેસો પાછળ રાજય સરકારે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : બીજો પ્રશ્ન સરળ છે કારણ કે, રાજય સરકાર બધા કેસો પાછળ ખર્ચ નથી કરતી એટલે એની વિગતો અલગથી ઉપલબ્ધ ન હોય પણ માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પહેલો પ્રશ્ન પૂછયો કે એમાંથી કેટલાના લાઈવ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા અને કેટલાને કેડેવર આપવામાં આવ્યા, તો કુલ જે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા એમાં લાઈવ ટ્રાન્સપ્લાન્ટ ૩૫૮ પુરુષો, ૮૧ સ્ત્રી અને ૩૮ બાળકો, એમ કુલ ૪૭૭ રાજયના દર્દીઓ, ૨૫૯ પુરુષો, ૪૭ સ્ત્રી, ૧૩ બાળકો એમ કુલ ૩૧૯ રાજય બહારના અને ૫૩ પુરુષો, ૧૧ સ્ત્રી અને ૨ બાળકો એમ મળીને ૬૬ દર્દીઓ વિદેશના એમ કરીને લાઈવ પ્લાન્ટેશના કરવામાં આવ્યું. ૬૭૦ પુરુષો, ૧૩૯ સ્ત્રી અને ૫૩ બાળકોને તે સામે કેડેવર એટલે બ્રેઈન ડેડ પેશન્ટમાંથી ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા. ૭૫ પુરુષો, ૩૭ સ્ત્રી, ૬ બાળકો એમ ૧૧૮ને એટલે એ બે આંકડાઓ ભેગી કરીએ તો ૯૮૦ વ્યકિતઓને છેલ્લા બે વર્ષમાં કેડેવર અને લાઈવ બંને પ્લાન્ટેશન કરવામાં આવ્યા.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું જાણવા માગું છું કે, આ કેડેવર પ્લાન્ટેશનની આજકાલ જરૂરિયાત ઘણી ઊભી થાય છે, ઘણા દર્દીઓ હોય છે તો એના એટલે કે દર્દીઓના રજીસ્ટ્રેશન માટે શું પ્રોસેસ કરવાની હોય છે અને છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના કેટલા જિલ્લાઓમાંથી આની પ્રાપ્તિ થઈ છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એના કેડેવર ટ્રાન્સપ્લાન્ટ માટે અલગથી નોંધ કરવામાં આવે છે અને મે જે અગાઉ કહ્યું તે પ્રમાણે એમાં જે પ્રાથમિકતા આપવાના જે ધોરણો છે તે માટેનું વેઇટીંગ લિસ્ટ બનાવવાની કાર્યપદ્ધતિ દર્દીના કુટુંબની નજીકના સગાંઓ આપી દીધી છે તે છે અને જિલ્લાવાર કેડેવર કેટલા મળ્યા એ વિગતો ઉપલબ્ધ નથી પણ હું એટલું ચોક્કસ કહીશ કે મહદઅંશે કેડેવરની પ્રાપ્તિ સુરત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાંથી પ્રમાણમાં અત્યંત વધારે છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કીડની પ્રત્યારોપણમાં ખૂબ જ ખર્ચ થતો હોય છે. સાડા ત્રણ, ચાર લાખનો ખર્ચ થાય છે તો અતિ ગરીબ જે માણસ હોય એને શું રાહત આપવામાં આવે છે કારણકે મારા જિલ્લામાં ક્ષારવાળું પાણી હોવાને કારણે આ રોગ વધુ પ્રમાણમાં થતો હોય છે અને ધારાસભ્ય પાસે આ માટે ચિઠ્ઠી લખાવવા માટે લોકો આવે ત્યારે સરકાર આમાં શું મદદ કરે છે એ મારે જાણવું છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું અવલોકન બિલકુલ સુસંગત છે. ઉત્તર ગુજરાતમાં ખૂબ ઉંડાણથી બોરનું પાણી લોકો ખેંચીને પીતા હતા એને કારણે પથરીના રોગનું મહત્તમ પ્રમાણ અને એને કારણે કીડની ઉપર અસર થાય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થતું હતું પણ માનનીય સભ્યશ્રીને આનંદ થશે કે છેલ્લા સાત વર્ષમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના શાસનમાં ગામેગામ ચકલીનું પાણી પહોંચ્યું છે, મીઠું પાણી પહોંચ્યું છે, નર્મદાનું પાણી પહોંચ્યું છે એને કારણે આ એક મોટામાં મોટી તકલીફ ઉત્તર ગુજરાતમાં હતી ફલોરાઈડવાળું પાણી પીવાને કારણે ફલોરોસીસ થતો હતો જેની આખી દુનિયામાં કોઈ જગ્યાએ દવા નથી. હાડકા રહી જતા હતા, માણસના અંગ જકડાઈ જતા હતા એ અને સૌથી વધારેમાં વધારે પથરીનો રોગ ઉત્તર ગુજરાતમાં થતો હતો આ બંને મુશ્કેલીઓ નર્મદાનું અને ધરોઈનું પાણી ગામેગામ પહોંચતું થવાને કારણે આજે ઉત્તર ગુજરાતમાં ભૂતકાળ બની છે અને ઉત્તર ગુજરાતના એક પ્રતિનિધિ તરીકે મને એનું ગૌરવ અને આનંદ છે ત્યારબાદ માનનીય સભ્યશ્રીએ ખર્ચ અંગેની વાત કરી એમાં બે મુદ્દા છે એક તો આ પ્રકારના દર્દીઓને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી અરજી કરવામાં આવે, સાહેબ, આટલી મિકેનીકલ સિસ્ટમ મેં મારી જીંદગીમાં નથી

જોઈ. અરજી કરો અને વધારેમાં વધારે ૧૦ થી ૧૪ દિવસમાં મંજૂર થઈને એનો ૩૩ટકા રકમનો ચેક પહોંચી જાય એ પ્રકારની વ્યવસ્થા આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાના રાહત ફંડમાંથી not only help but help with dignity and grace. માણસને મદદ તો આપો જ પણ ગૌરવ અને સન્માન સાથે એને મદદ મળે એ પ્રકારની વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી આજે જે સહાય ઉપલબ્ધ છે એને કારણે શકય બની છે ત્યારપછી માનનીય ધારાસભ્યશ્રીઓના, આ ગૃહમાં અહીંયા એવા અનેક સન્માનનીય ધારાસભ્યશ્રીઓ મોજુદ છે કે જેમની પોતાની ભલામણોના આધારે કિડની ઈન્સ્ટીટયૂટના ડિરેકટર ડોકટર ત્રિવેદી સાહેબને મારા તરફથી ભલામણ કરવાથી પણ ખર્ચમાં ઘણીબધી રાહત એમણે પોતે ઈન્સ્ટીટયૂટમાં ખર્ચો વેઠીને આપી છે. એથી આગળ જઈને મારે આપના માધ્યમ થકી ગુજરાતની પ્રજાને ત્રીજી એક વસ્તુ કહેવી છે કે કિડની ટ્રાન્સપ્લાન્ટેશનમાં જ ખર્ચો થાય છે એવું નથી આ અંગ જે છે એ અંગને શરીરમાં આપણે બેસાડીએ પછી એ ફોરેન બોડી છે એટલે શરીર એને સ્વીકારતા પહેલાં પણ ઘણા નખરા કરે છે અને એ નખરા કરે છે એની પાછળ immuno-suppressive જે દવાઓ જોઈએ એ દવાઓ પાછળ પણ ખૂબ મોટો ખર્ચો થતો હોય છે અને આપણી કીડની ઈન્સ્ટીટયૂટ એ તબકકે પહોંચી છે હવે કે એમણે drugless transplantation, stemcellનો અને અન્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને કિડની કે લીવરના પ્રત્યારોપણ પછી દવાની જરૂર ન પડે અને volcart કરીને જે immunosuppressant આપવામાં આવે છે એ અત્યંત મોંઘી દવા છે. લગભગ લાખ, દોઢ લાખ રૂપિયાનો ખર્ચો થતો હોય છે તો આ દવા ન આપવી પડે અને ડ્રગલેસ ટ્રાન્સપ્લાન્ટેશન થઈ શકે એ દિશામાં આ રાજયની કિડની ઈન્સ્ટીટયૂટે જે કામ કર્યું છે Lord Danઆપણે ત્યાં આવ્યા હતા અને એમણે જે શબ્દો વાપર્યા ડો. ત્રિવેદી માટે એ મેં જે સાંભળ્યું છે તેના આધારે મારે કહેવા છે. એમણે એવું કહયું કે But for your skin being of different colour you could have landed with Nobel Prize long back. આ ક્ષમતા અને આ શકયતાઓ આપણે ત્યાં કિડની રિસર્ચ ઈન્સ્ટીટયૂટમાં છે સાહેબ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આરોગ્ય વિભાગને ખૂબ ખૂબ ધન્યવાદ. મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ કાર્યક્રમ હેઠળ દર્દીએ ખર્ચ ભોગવવાનો રહે છે કે સરકાર ઉઠાવે છે, બીજો પ્રશ્ન એ છે કે આ યોજના પાછળ બી.પી.એલ. હોવા જરૂરી છે કે કેમ?વિગતો આપી દીધી છે. પુનરોક્તિમાં નથી પડતો. ફરી માનનીય ધારાસભ્યશ્રીને કહું છું કે આરોગ્ય વિભાગ નિયમોનો ગુલામ કયારેય નથી રહ્યો અને ક્યારેય રહેવા માગતો નથી. આમ સન્માનનીય ધારાસભ્યશ્રીઓ કોઈપણ જેન્યુઅન કેસ માટે ભલામણ કરશે તો ગંભીરતાપૂર્વક વિચારીને મદદરૂપ થવા માટે કિડનીનો કેસ અહીયા માનનીય ધારાસભ્યશ્રી જયંતિભાઈ હાજર છે. બોનમેરો ટ્રાન્સ્પ્લાન્ટનો કેસ હોય, અથવા કોક્લિયર ટ્રાન્સ્પ્લાન્ટેશનનો કેસ હોય, We are not bound by the rules. We are not slaves of the rules. We have overtaken the rules in favour of humanity and we will do so, Sir. એટલે માનવતાના રસ્તે જવાનો અભિગમ અમે આરોગ્ય વિભાગમાં કામ કરવા માટે અપનાવ્યો છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય મંત્રીશ્રીએ ત્રિવેદી સાહેબની જે વાત કરી. મને જાત અનુભવ છે કે ૧૯૯૫ માં ચૂંટાયા પછી સી.એમ. ફંડમાંથી ૩૩ ટકા રકમ મળતી હતી. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આવ્યા પછી ૪-૫ કેસનો અનુભવ છે કે દર્દીને રજા આપ્યા પહેલા પૈસા ચેકથી જમા થઈ જાય, પછી ગરીબ દર્દી હોય અને પૈસાની વ્યવસ્થા ન થઈ હોય તો ત્રિવેદી સાહેબ પાસે એવા દાતા છે કે ૩૩ ટકા એ પણ રકમ ભરી દે અને ત્રિવેદી સાહેબ પણ માફ કરતા હોય તો ત્રિવેદી સાહેબ અમારા મોરબીના છે. લાગણી છે કે ત્રિવેદી સાહેબ જેવા ડૉકટર આપણને મળ્યા હોય તો સરકાર એમનું સન્માન કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : કોઈપણ વિદ્વાનનું સન્માન સ્વદેશે પુજ્યતે રાજા, વિદ્વાન સર્વત્રે પુજ્યતે. કોઈપણ વિદ્વાનનું સન્માન વિશ્વવ્યાપી recognition છે. લૉર્ડ ડાયન જેવા માણસ આવા શબ્દો વાપરે. But for your skin being of different colour you could not landed up with Nobel Prize long back.

**કોટેશ્વર, નારાયણ સરોવર ખાતે પ્રવાસનલક્ષી સવલતો**

***૧૦૭૪૯ ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કચ્છ જિલ્લાના કોટેશ્વર, નારાયણ સરોવર ખાતે પ્રવાસનલક્ષી સવલતો ઊભી કરવાની કાર્યવાહી થઈ રહેલ છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૩) યાત્રાળુઓ માટે કેવા પ્રકારની સવલતો ઊભી થનાર છે?

**પ્રવાસન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) રાજય સરકાર દ્વારા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ મારફત કોટેશ્વર, નારાયણ સરોવર ખાતે પ્રવાસન લક્ષી સવલતો ઊભી કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. નારાયણ સરોવર અને કોટેશ્વર માટે સ્વચ્છ પીવાનું પાણી, પરિસરમાં પથ્થર પેવિંગ

બેસવા માટે કલાત્મક કાસ્ટ આયર્ન બાંકડા, કલાત્મક છત્રી, સોલર સ્ટ્રીટ લાઈટ, સોલર લોન ગાર્ડન, લાઈટિંગ સિસ્ટમ તેમજ મંદિરમાં સામાન્ય મરામતની કામગીરી કરવામાં આવી છે.

વધુમાં નારાયણ સરોવર કોટેશ્વર ખાતે પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફત કાર્યયોજના આધારિત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

નારાયણ સરોવર અને કોટેશ્વરના વિકાસ માટે વિગતવાર અંદાજો તૈયાર કરવામાં આવેલ છે.

(૩) નારાયણ સરોવર અને કોટેશ્વરના વિકાસ માટે વિગતવાર અંદાજો તૈયાર કરવામાં આવેલ છે તેમજ યાત્રાળુઓ માટે સ્થળને જોડતા રસ્તાનો વિકાસ રસ્તા પર સાઈનેજીસ, મેઈન ગેટ, ટ્રી પ્લાન્ટેશન, બેસવાના બાકડા, ડસ્ટબીન તથા લેન્ડ સ્કેપિંગ તથા પાથવે, પાર્કિંગ એરિયા, ડેકોરેટિવ પોસ્ટ, દુકાનો, કમ્પાઉન્ડ વૉલ, જાહેર સૌચાલય, નારાયણ તળાવનો વિકાસ જેમાં ઘાટનું નવિનીકરણ તથા આજુબાજુનો વિકાસ, બાળકો માટે રમત ગમતનાં સાધનો, એમ્યુઝમૅન્ટ પાર્ક, બેસવાની વ્યવસ્થા, તરતો ફુવારો, પ્રકાશ સુશોભન, ચેન્જરૂમ, પ્રવાસી માહિતી કેન્દ્ર તથા બસ સ્ટેશનનો વિકાસ, મેળા અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ખુલ્લા મેદાનનો વિકાસ, કોટેશ્વર મંદિર પાછળ દરિયાકાંઠે જવાના રસ્તાનો વિકાસ, જેટી એરિયાનો વિકાસ અને સનસેટ પૉઈન્ટનો વિકાસની સવલતો ઊભી થનાર છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જે રીતે આ નારાયણ સરોવર કોટેશ્વર એ અમારા કચ્છનું પવિત્ર યાત્રાધામ છે. એ ખરેખર આમ તો ૪ યાત્રાધામ કર્યા પછી આ નારાયણ સરોવર કોટેશ્વરની જાત્રા કરવી જ પડે. એવું હિન્દુ શાસ્ત્રમાં લખેલ છે. અનેક લોકો અહીયા જાત્રાએ આવતા હતા, પણ અત્યાર સુધી કોઈ સગવડતા ત્યાં આપવામાં આવતી નહોતી અને રસ્તાઓ પણ જવા માટે વિકટ હતા, એટલી તકલીફ હતી. તેવા સંજોગોમાં રસ્તાઓ ખૂબ જ સરસ કરી દેવામાં આવ્યા છે, પરંતુ જે રીતે વિકાસના કાર્યક્રમ આ પવિત્ર યાત્રાધામ વિકાસમાં નારાયણ સરોવર કોટેશ્વરને લેવામાં આવ્યું છે, એના માટે હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને કચ્છની પ્રજા વતી તમામ હિન્દુ યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓ વતી પણ રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છુ. તેમાં જે નારાયણ સરોવર કોટેશ્વરના વિકાસમાં કામો નક્કી કરવામાં આવ્યા છે, એનો અહેવાલ જે તૈયાર કરવામાં આવ્યો છે, એમાં મુખ્ય મુખ્ય કામો કયા કયા છે? એના માટે કેટલો ખર્ચ થનાર છે. આ સંકુલની કામગીરી વિકાસની અત્યારે કયાં પહોંચી છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સન્માનનીય બહેનશ્રીએ વાત કહી બિલકુલ શાસ્ત્રને સુસંગત છે. ભારતમાં જે પાંચ સરોવરો પવિત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ તો શાસ્ત્રના જાણકાર છો, એમાં નારાયણ સરોવર એક અતિ પ્રાચીન અને અતિ પવિત્ર સરોવર છે અને એને શ્રીમદ ભાગવતના આધારે એવું કહી શકાય કે આ સ્થળે દક્ષ પ્રજાપતિના પુત્રોએ તપ કર્યુ હતું. ઈસવીસન ૧૭૩૪ માં કચ્છના મહારાણી શ્રી માનકુંવર બાઈએ ત્રિકમજીનું મંદિર ત્યાં બંધાવ્યું છે. વૈષ્ણવો માટે પણ આ જગ્યા એટલી જ પવિત્ર છે, કારણ કે વલ્લભાચાર્ય મહાપ્રભુજી ૧૫૦૮ માં અહી પધાર્યા હતા. અને વૈષ્ણવ સંપ્રદાયની મહાપ્રભુજીની જે ૮૪ બેઠક છે, એમાની ૬૩ મી બેઠક નારાયણ સરોવર ખાતે આવેલી છે. અત્યારે શ્રાવણ મહિનો છે. આપણા સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ શિવ ભક્તિથી તરબોળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે હું કોટેશ્વર અંગે તેમને એક વાત કહેવા માગું છું. આ મંદિર અરબી સમુદ્રની કોરી ક્રિકના કિનારે આવેલ છે. આ મંદિરમાં ભાતીગળ ભૂતકાળની ભવ્યતાનું વર્ણન અતીતની અખાણી આલેખી ગયેલા ચીનના હયુ-એન સંગે કરેલ છે. પૂરાણધામ કોટેશ્વરની કથા એવી છે કે રાવણ પરમ શિવભકત હતો અને શિવે જાતે પ્રસન્ન થઈને તેને પોતાનું લિંગ આપ્યું ત્યારે તે લઈને આકાશ માર્ગે જતો હતો ત્યારે દેવોને એવું લાગ્યું કે આ જો પહોંચી જશે તો આસુરી શકિત એટલી બધી બળવાન બની જશે અને આ કોઈને ગાંઠશે નહીં. એટલે દેવોએ એક રચના કરીને ગાયને કાદવમાં ફસાવી અને તેને બચાવવાનું આખો ત્રાગડો રચ્યો. રાવણે ઉપરથી જોયું તો તેને લાગ્યું કે મારે મદદ કરવી જોઈએ એટલે તે નીચે ઉતર્યો. મદદ કરતાં કરતાં એક સ્થિતિ એવી આવી કે જોમમાં લિંગ નીચે મૂકી દીધું અને પછી આ બધું પછી જોયું તો શીવલિંગના કોટિંગ લિંગ બની ગયા હતા. ઓરીજીનલ લિંગ કયું છે તેની ખબર નહોતી પડતી. એટલા માટે આ સ્થળને કોટેશ્વર કહેવામાં આવે છે. એના વિકાસ માટેની વાત અમારા વિભાગે એક અગ્રિમતાના ભાગરૂપે લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓના કામ અંગે બહેનશ્રીએ વાત કરી. મારે આપના થકી બહેનશ્રીને કહેવું છે કે ૧૧.૫ર કરોડના કામના અંદાજો તૈયાર કરી દેવામાં આવેલ છે. ટેન્ડરની કાર્યવાહી, ટેન્ડર પેપર તૈયાર કરવાની પૂર્ણ કરી છે અને ટૂંક સમયમાં ટેન્ડર મંગાવવામાં આવશે. આ બાબતમાં નીચેની સવલતોનો વિકાસ કરવામાં આવશે. નલિયા પાનન્ધ્રો જંકશનથી નારાયણ સરોવર સુધીનો એપ્રોચ રોડનો વિકાસ, નારાયણ સરોવરથી કોટેશ્વર સુધીના રસ્તાનો વિકાસ, નલિયા પાનન્ધ્રો જંકશન હાઈવે ઉપર મેઈન સાઈનેજીસની કામગીરી, નારાયણ સરોવર કોટેશ્વર રસ્તા ઉપર મેઈન આર્ચ ગેટની કામગીરી, નારાયણ સરોવર ખાતે મેઈન આર્ચગેટનું કામ, મુખ્ય માર્ગથી નારાયણ સરોવર ટેમ્પલ કોમ્પ્લૅક્ષ સુધીના એપ્રોચ રોડનું કામ, મુખ્ય માર્ગથી કોટેશ્વર ટેમ્પલ સુધીના એપ્રોચ રોડનું કામ, હાઈવેથી ચૈતન્ય મહાપ્રભુના સ્થળ સુધી જવાના રસ્તાનો વિકાસ, ચપલેશ્વર મહાદેવને જોડતા એપ્રોચ રોડનો

વિકાસ, નારાયણ સરોવર તળાવનો વિકાસ, નારાયણ સરોવર ખાતે ટુરીસ્ટ ઈન્ફર્મેશન સૅન્ટરની કામગીરી, નારાયણ સરોવર ખાતે પે એન્ડ યુઝ ચેઈન્જ રૂમ, મેળા અને ઉત્સવો માટે ગ્રાઉન્ડનો વિકાસ, કોટેશ્વર મંદિરની પાછળના ભાગે દરિયા તરફ જતા રસ્તાનો વિકાસ, કોટેશ્વર ખાતે જેટી એરીયાનો વિકાસ, નારાયણ સરોવર ખાતે બસ સ્ટૅન્ડને જોડતા રસ્તાનો વિકાસ, કોટેશ્વર અને નારાયણ સરોવર ખાતે બસ સ્ટૉપનો વિકાસ, કોટેશ્વર ખાતે પોલીસ ચોકીની કામગીરી આ બધી જ સવલતો અને આ ભૌતિક સાધનો તૈયાર થશે અને કોટેશ્વરની સુરત બદલાઈ જાય તે જાતના આયોજન સાથે અમે આગળ વધી રહ્યા છે. છેલ્લે એક નાની વાત હું કહેવા માગીશ કે આ દેશ પર આથમતા સૂરજના છેલ્લા કિરણ કોટેશ્વર નારાયણ સરોવર પર પડે છે અને તે રીતે તેની અગત્યતા છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના તરફથી માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવાના છે કે નારાયણ સરોવર કોટેશ્વર માટે જે રૂપિયા ફાળવવામાં આવ્યા છે તે કદાચ આઝાદી પછી પ્રથમ વખત આટલા રૂપિયા રાજય સરકાર તરફથી ફાળવવામાં આવ્યા છે અને માનનીય અધ્યક્ષશ્રી, શ્રાવણ મહિનો ચાલે છે ત્યારે આપના મારફત તમામ સભાગૃહના સભ્યોને હું આમંત્રણ આપું છું કે ત્યાં દર્શને પધારજો

**અધ્યક્ષશ્રી** : અહીંયાં આજે તો બધાએ ભાવ યાત્રા કરી લીધી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રસ્તા સારા છે. તમામને ત્યાં મેઘ લાડુ અને તમામ પ્રકારની વ્યવસ્થા થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી મારે મંત્રીશ્રીને પૂછવું છે કે કોટેશ્વર નારાયણ સરોવરનું આ મહત્ત્વ કહી ગયા છે. તેના સિવાય કોઈ વિશિષ્ટ મહત્ત્વ હોય, અમને ખબર છે પણ સભાગૃહને ખબર પડે તે માટે માનનીય મંત્રીશ્રી કહેશે. પ્રવાસનને લગતી વિશિષ્ટ બાબતોમાં બીજું શું ઉમેરો કરવા માગે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ આ તો આખી કથા તેના વિશિષ્ટ મહત્ત્વ વિશે કરવી પડે તેવું છે.

**અધ્યક્ષશ્રી** : અહીંયાં આપે બધા મહત્ત્વ આપી દીધા છે. માનનીય સભ્યશ્રી કોટેશ્વરનું મહત્ત્વ જાણે છે અને તે સ્વીકાર્યુ છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાક્યમાં કહેવા માગું છું કે તેનું મહત્ત્વ અને માનનીય સભ્યશ્રી બેનશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તેનું મહત્ત્વ એ છે કે અમે બે વર્ષના અંદર આ સંપૂર્ણ કામગીરી પૂરી કરવાનો લક્ષ્યાંક લઈને ચાલીએ છીએ.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, આ જે કોટેશ્વર નારાયણ સરોવર જે સંકુલ છે, જે ધામ છે એ હાલમાં કોના વહીવટ હેઠળ છે, અને હાલમાં કઈ કઈ સવલતો ઉપલબ્ધ છે અને આ સંકુલમાંથી વર્ષે કેટલી આવક થાય છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં મામલતદારશ્રીના તાબા હેઠળ છે અને નારાયણ સરોવર મંદિરના ટ્રસ્ટ દ્વારા ૭૦ રૂમોની એક ધર્મશાળા વિનામૂલ્યે અત્યારે ઉપલબ્ધ છે, સાહેબ, આવકમાં તો ખાસ કંઈ છે નહીં, ૬ લાખ રૂપિયા આવક નારાયણ સરોવર જાગીરની ૨૦૦૬-૦૭માં હતી, ૨૦૦૮-૦૯માં ૭ લાખ ૧૬ હજાર રૂપિયા હતી અને કોટેશ્વર જાગીરની ૪ લાખ ૯૯ હજાર રૂપિયા હતી અને ૫ લાખ ૩૩ હજાર રૂપિયા, એટલે સાહેબ, આવકમાં તો બહુ ઝાઝી આવક નથી.

### આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ

*** ૧૧૧૭૮ શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ(આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની ૫ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે, જેમાં

- ખંભાત નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૨.૫ મૅટ્રિક ટન પ્રતિ દિન છે.
- કરમસદ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મૅટ્રિક ટન પ્રતિ દિન છે.
- આંકલાવ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મૅટ્રિક ટન પ્રતિ દિન છે.
- ઓડ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મૅટ્રિક ટન પ્રતિ દિન છે.
- બોરીયાવી નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મૅટ્રિક ટન પ્રતિ દિન છે.

(૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, ઘન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવો ફરજિયાત છે, જેઓ અમલ થયેલ છે. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતું

ખાતર નગરપાલિકા માટે આવકનું સાધન બનશે. પર્યાવરણ પ્રદુષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકાશે.

**શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટના બાંધકામમાં કેટલો ખર્ચ થયો, આણંદ જિલ્લાની પાંચ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટનું બાંધકામ પૂર્ણ થયું છે તો તેમાં બાકી નગરપાલિકાઓ માટે શું આયોજન છે અને આણંદ જિલ્લાની વિવિધ નગરપાલિકાઓમાં ઘન કચરાના નિકાલ તથા વ્યવસ્થાપનના ભાગરૂપે પ્રાથમિક તથા દ્વિતિય એકત્રીકરણ તથા વહન માટે કેટલો ખર્ચ થયો અને કયા કયા સાધનોની ફાળવણી કરવામાં આવેલી છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ૧૧ નગરપાલિકાઓ છે, એમાં પાંચ નગરપાલિકાઓ ખંભાત, કરમસદ, આંકલાવ, ઓડ અને બોરીયાવીમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સોજીત્રા નવી નગરપાલિકા છે એટલે ત્યાં આગળ આવો પ્લાન્ટ નાખવા માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે, આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ અને વલ્લભવિદ્યાનગરમાં પણ નજીકની અનુકૂળ જગ્યાએ એના આજુબાજુના કોઈ ગામને ડિસ્ટર્બન્સ ના થાય એ રીતની જમીન મેળવવાની કાર્યવાહી અત્યારે હાથ ઉપર લીધેલી છે, અત્યાર સુધી જે કામ થયું છે, એમાં આ પાંચ નગરપાલિકાઓમાં ૧ કરોડ ૨૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, અત્યાર સુધી માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે આ વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ ઉપર સોલીડ વેસ્ટનો કચરો પહોંચાડવા માટે આ નગરપાલિકાઓમાં કચરાનો એકત્રીકરણ કરવાનું હોય છે, વોર્ડમાંથી, મહોલ્લામાંથી, શેરીઓમાંથી, સોસાયટીઓમાંથી , બજારમાંથી આ કચરો કચરાની સાઈટ ઉપર લાવી ત્યાંથી ટ્રકો માં ભરી અને આ ડમ્પીંગ ઝોનમાં પહોંચાડવાનો હોય છે. એ માટે માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા પ્રકારના સાધનો એમાં પીપ, બકેટ્સ, હાથલારી, ત્રણ પૈડાવાળી સાયકલો, કન્ટેનર, ટ્રેક્ટર આ પ્રકારના નાના મોટા સાધનો રાજય સરકાર તરફથી નગરપાલિકાઓને ફાળવવામાં આવ્યાં છે અને આણંદ જિલ્લાની ૧૧ નગરપાલિકાઓને ૪ કરોડ ૧૩ લાખ ૭૧ હજાર ૭૬૨ રૂપિયાની કિંમતના સાધનો ફાળવી આપવામાં આવ્યા છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે,આ પાંચ કમ્પોસ્ટ પ્લાન્ટની અંદર કયાં આગળ ઉત્પાદન શરૂ થયું, અને ક્યારે શરૂ થશે અને આ ઉપરાંત આ કમ્પોસ્ટ પ્લાન્ટના નિભાવવા માટે કોઈ મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ જે વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ ચલાવીએ છીએ એ જે કોન્ટ્રાકટરોએ બનાવ્યા હોય એમના દ્વારા જ લગભગ બધી જગ્યાએ કોન્ટ્રાકટની શરતોના ભાગ તરીકે ચલાવવામાં આવે છે અને અત્યારે જે કચરાની પ્રક્રિયા કરી ખાતરનું ઉત્પાદન થાય છે એમાં કરમસદમાં ૧૭૩ મેટ્રીકટન, આંકલાવમાં ૭૩ મેટ્રિકટન, ઓડમાં ૧૨૧ મેટ્રિકટન અને બોરીયાવીમાં ૩૩ મૅટ્રિક ટન જેટલો ખાતરનો જથ્થો ઉપલબ્ધ થયો છે. આ ખાતર નગરપાલિકા ઇચ્છે તો પોતાના બગીચાઓ, વગેરેમાં વાપરી શકે અથવા પોતે માર્કેટિંગ કરી બજારમાં પણ વેચી શકે છે.

**અમદાવાદ મહાનગરમાં બી.આર.ટી.એસ.નો અમલ**

*** ૧૦૭૭૦ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(૨ખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ મહાનગરમાં વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ.ની અમલવારી કયારે કરવામાં આવનાર છે,
(૨) તે માટે રાજય સરકારે કેટલી રકમનો પ્રોજૅકટ મંજૂર કરેલ છે, અને
(૩) તે પૈકી રાજય સરકાર તથા અમદાવાદ મહાનગર સેવા સદન દ્વારા કેટ કેટલી રકમ ચૂકવવામાં આવશે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ મહાનગરમાં બી.આર.ટી.એસ.ના ૪ પ્રોજૅકટ મંજૂર કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. ભાગ-૧ અને -૨ ના આયોજનની કામગીરી નીચે મુજબ પ્રગતિમાં છે.

- બીઆરટીએસ ભાગ-૧ (લંબાઈ ૧૨ કિ.મી.) તા. ૨૪-૦૧-૨૦૦૭ થી ટેન્ડર મંજૂર થયેલ છે અને ૯૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.
- બીઆરટીએસ ભાગ-૨ (લંબાઈ ૪૬ કિ.મી.) તા. ૨૨-૦૨-૨૦૦૭થી ટેન્ડર મંજૂર થયેલ છે અને ૩૨ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.
- શહેરી પરિવહન માટે બસો ખરીદવા માટેની કામગીરી પ્રગતિમાં છે.

જે હકીકત સાચી છે.

(૨) જે.એન.યુ.આર.એમ. અંતર્ગત પ્રોજૅકટની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી મળે છે. કુલ રૂા. ૧૨૦૪૭૫

લાખના મંજૂર થયેલ પ્રોજેકટસમાં કેન્દ્ર સરકારનો રૂા. ૪૨૧૬૬.૨૫ લાખ, રાજય સરકારનો રૂા. ૧૮૦૭૧.૨૫ લાખ તથા સ્થાનિક સંસ્થા-અમદાવાદ મહાનગરનો રૂા. ૬૦૩૨૭.૫૦ લાખના હિસ્સા પ્રમાણે મંજૂર કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી રાજય સરકાર દ્વારા રૂા. ૧૮૦૭૫.૨૫ લાખની રકમ તથા અમદાવાદ મહાનગર સેવા સદન દ્વારા રૂા. ૬૦૨૩૭.૫૦ લાખની રકમ ચૂકવામાં આવશે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ બીઆરટીએસ પ્રોજેૅકટ અમદાવાદમાં તૈયાર થઈ દેવામાં છે એ બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને પાણીવાળા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે..

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### નર્મદા જિલ્લામાં વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન પ્રોગ્રામ અંતર્ગત કામો

૧૧૦૮૩**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા જિલ્લામાં વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન ધ્વારા ક્યા ક્યા તાલુકામાં કેટલા કામ વર્ષવાર હાથ ધરાયા,

(૨) તે અન્વયે કેટ કેટલો ખર્ચ ગામવાર થયો, અને

(૩) કેટલા કામો બાકી છે ?

**જવાબ**

(૧) કુલ ૩૨૦ યોજના મંજૂર કરવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મંજૂર થયેલ યોજનાઓ | | | |
|---|---|---|---|---|
| | તા. ૧-૦૬-૦૬ થી તા. ૩૧-૫ ૦૭ | તા. ૧-૦૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | તા. ૧-૦૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ | કુલ |
| નાંદોદ | ૦૧ | ૧૩ | ૧૧૩ | ૧૨૭ |
| તિલકવાડા | ૦૦ | ૯ | ૩૫ | ૪૪ |
| સાગબારા | ૦૦ | ૧૯ | ૪૪ | ૬૩ |
| દેડીયાપાડા | ૦૦ | ૨૪ | ૬૨ | ૮૬ |
| કુલ | ૦૧ | ૬૫ | ૨૫૪ | ૩૨૦ |

(૨) ગામવાર વિગતો સામેલ પત્રક*માં આપેલ છે.

(૩) ૧૨૩ યોજનાઓ પૂર્ણ થયેલ છે. અને ૧૯૭ યોજનાઓ પ્રગતિમાં છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

------------

### અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જીનીયરોની ફાળવણી

૧૦૭૭૩**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના)માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનીયરો ફાળવવામાં આવ્યા, અને

(૨) આ એન્જિનીયરો પાસે શી કામગીરી કરાવવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૩૧ ટેક્નોસાથી ફાળવવામાં આવ્યા.

(૨) આ એન્જિનીયરો પેકી સીવીલ એન્જિનીયરો પાસે વિકાસના કામોના સર્વે, નકશા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઈલેક્ટ્રિકલ એન્જિનીયરો પાસે સ્ટ્રીટ લાઈટ રીપેરીંગ તથા જાળવણીની કામગીરીનું સુપરવિઝન, બોર પેનલ તથા સ્ટાર્ટર રીપેરીંગ તથા વિજળી ઉપકરણોની ચકાસણી જેવી કામગીરી કરાવવામાં આવે છે.

------------

### રાજુલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ

૧૦૫૧૦**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ રાજુલા

**જવાબ**

(૧) હા, જી.

ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરો તથા સ્ટાફની જ્ગ્યાઓ ખાલી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને તે ક્યા ક્યા સંવર્ગની છે, અને કેટલા સમયથી ખાલી છે, અને

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સા. આ. કેન્દ્રમાં ડૉક્ટરો તથા સ્ટાફની જ્ગ્યાઓ ખાલી છે.

(૨) સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કઈ તારીખથી ખાલી છે તેની વિગતો દર્શાવતું **પત્રક-અ** આ સાથે સામેલ છે.

## પત્રક-અ

| ક્રમ | વર્ગ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જ્ગ્યાની તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧-૬-૨૦૦૭ | સરકારશ્રીના તા. ૨-૭-૦૯ના આદેશ અન્વયે ડૉ. એ. આર. વિરડીયા તા. ૯-૭-૦૯થી ફરજ બજાવે છે. |
| ૨ | | ઓપ્થ. સર્જન | ૧ | ૦ | ૧ | ૧૭-૯-૨૦૦૮ | |
| ૩ | | આર.એમ.ઓ. | ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૮ | અન્ય તબીબી અધિકારી વર્ગ-૨ કામગીરી સંભાળે છે. |
| | | **કુલ** | **૩** | **૦** | **૩** | | |
| ૪ | વર્ગ-૨ | ત.અ. વર્ગ-૨ | ૩ | ૩ | ૦ | | |
| ૫ | | વ.અ. વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | | |
| | | કુલ | ૪ | ૪ | ૦ | | |
| ૬ | વર્ગ-૩ | સીની. આસી. | ૨ | ૨ | ૦ | | |
| ૭ | | સી. ક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૧૮-૭-૨૦૦૫ | અન્ય સીનીયર આસીસ્ટન્ટ કામગીરી સંભાળે છે. |
| ૮ | | જુ. ક્લાર્ક | ૧ | ૧ | ૦ | | |
| ૯ | | જુ. ફાર્મા. | ૪ | ૩ | ૧ | ૧૭-૪-૨૦૦૭ | અન્ય જુની. ફાર્માશીસ્ટ કામગીરી સંભાળે છે. |
| ૧૦ | | એક્સ-રે ટેક્ની. | ૧ | ૦ | ૧ | ૧-૧૧-૨૦૦૭ | સા. આ. કેન્દ્ર-ઉનાથી પ્રતિનિયુક્તિ અઠવાડિયામાં ૨ દિવસ માટે ફરજ બજાવે છે. |
| ૧૧ | | લેબ. ટેક | ૧ | ૧ | ૦ | | |
| ૧૨ | | હેડનર્સ | ૨ | ૦ | ૨ | ૨૫-૫-૦૪, ૨-૧૨-૦૬ | અન્ય સ્ટાફનર્સ કામગીરી સંભાળે છે. |
| ૧૩ | | સ્ટાફ નર્સ | ૧૩ | ૧૩ | ૦ | | |
| ૧૪ | | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | | |
| ૧૫ | | ઓપ્થ. આસી. | ૧ | ૧ | ૦ | | |
| | | કુલ | ૨૭ | ૨૨ | ૫ | | |
| ૧૬ | વર્ગ-૪ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | | |
| ૧૭ | | પટાવાળા | ૧ | ૧ | ૦ | | |
| ૧૮ | | વોર્ડ સર્વન્ટ | ૧૪ | ૩ | ૧૧ | ૧૮/૧૦/૮૬, ૧/૬/૯૨, ૮/૩/૦૨, ૧/૪/૯૩, ૩૧/૩/૦૧, ૩૧/૩/૦૬ | અન્ય વર્ગ-૪ કામગીરી સંભાળે છે. |
| ૧૯ | | આયા | ૪ | ૩ | ૧ | ૨૪-૪-૨૦૦૯ | અન્ય આયા વર્ગ-૪ કામગીરી સંભાળે છે. |
| ૨૦ | | સ્વીપર | ૯ | ૭ | ૨ | ૪-૮-૯૬, ૪-૬-૯૬ | અન્ય સ્વીપર વર્ગ-૪ કામગીરી સંભાળે છે. |
| ૨૧ | | રસોયા | ૧ | ૦ | ૧ | ૪-૬-૧૯૯૬ | દાખલ થયેલ દર્દીઓને જમવાનું ચામુંડા લોઝ તરફથી પુરુ પાડવાનો કોન્ટ્રાક્ટ આપેલ છે. |
| | | **કુલ** | **૩૦** | **૧૫** | **૧૫** | | |
| | | **કુલ સરવાળો** | **૬૪** | **૪૧** | **૨૩** | | |

**પી.પી. યુનીટ રાજુલા જિ. અમરેલી.**

| ક્રમ | વર્ગ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જ્ગ્યાની તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ગાયને વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | | |
| ૨ | | પીડીયા વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૪-૧-૧૯૯૮ | |
| | | **કુલ** | **૨** | **૧** | **૧** | | |

| ક્રમ | વર્ગ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યાની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | વર્ગ-૩ | ફીલ્ડ વર્કર | ૧ | ૦ | ૧ | ૩૦-૯-૨૦૦૫ | અન્ય પ્રા. આ. કેન્દ્રના ફીલ્ડ વર્કર કામગીરી સંભાળે છે. |
| ૪ | | ઓ.ટી. નર્સ | ૧ | ૧ | ૦ | | |
| ૫ | | એ.એન.એમ. | ૧ | ૧ | ૦ | | |
| ૬ | | લેબ. ટેક. | ૧ | ૧ | ૦ | | |
| ૭ | | હેલ્થ વીઝી. | ૧ | ૦ | ૧ | ૫-૧-૧૯૯૮ | અન્ય પ્રા. આ. કેન્દ્રના હેલ્થ વીઝીટર કામગીરી સંભાળે છે. |
| | | **કુલ** | **૫** | **૩** | **૨** | | |
| ૮ | વર્ગ-૪ | ઓટી. એટે. વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧૦-૪-૧૯૮૬ | અન્ય વોર્ડ સરર્વન્ટ વર્ગ-૪ કામગીરી સંભાળે છે. |
| | | **કુલ** | **૧** | **૦** | **૧** | | |
| | | **કુલ સરવાળો** | **૮** | **૪** | **૪** | | |

(૩) તેમાંથી નિષ્ણાત ડોકટરો તથા ટેક્નીશીયનોની ખાલી જગ્યા ભરવા માટે શું આયોજન છે ?

(૩) રાજ્યમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતેની વર્ગ-૧ની ખાલી જગ્યાઓ ભરવા કમિશનરશ્રી કચેરી ખાતે દર મંગળવારે એડહોક ઓપન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી તેઓની સંમતિ અન્વયે જગ્યાઓ ભરી શકાશે.

એક્સ-રે ટેક્નીશીયન :- આઉટ સોર્સીગ ધ્વારા જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.

------------

**ઢાંકી પમ્પીંગ સ્ટેશનથી મેળવાતા પીવાના પાણીના દરો બાબત**

૧૧૨૭૯**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઢાંકી પમ્પીંગ સ્ટેશનથી મેળવાતા પીવાના પાણીના પુરવઠાના જથ્થાનો પ્રતિ ૧૦૦૦ લીટર દીઠ વીજચાર્જ સહિતનો દર શું છે, અને

(૨) તદ્દઅનુસાર તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં ઢાંકીથી માળીયા (ખીરઈ) લઈ જવાતા પાણીના જથ્થા પેટે વર્ષવાર કેટલા બીલ સામે કેટલી રકમ સંબંધિત ઓથોરીટી કે સરકારે નર્મદા નિગમને ચૂકવી છે ?

**જવાબ**

(૧) ઢાંકી પમ્પીંગ સ્ટેશનથી મેળવાતા પીવાના પાણીના પુરવઠાના જથ્થાનો પ્રતિ ૧૦૦૦ લીટર દીઠ વીજચાર્જ સહિતનો દર નીચે મુજબ છે.

| વર્ષ | રૂ. પ્રતિ ૧૦૦૦ લીટર દર |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧.૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧.૧૦ |
| ૨૦૦૮-૦૯ | ૧.૨૧ |

(૨) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં ઢાંકીથી માળીયા (ખીરઈ) લઈ જવાતા પાણીના જથ્થા પેટે વર્ષવાર સરદાર સરોવર નર્મદા નિગમ લી. ને ચૂકવેલ રકમ

| વર્ષ | બિલ મુજબ રકમ (રૂ.લાખમાં) | ચૂકવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૦૩૫.૧૨ | ૯૫૬.૯૯ |
| ૨૦૦૭-૦૮ | ૩૩૮૪.૦૬ | ૨૧૬૦.૮૨ |
| ૨૦૦૮-૦૯ | ૩૫૯૯.૧૦ | ૨૯૬૮.૭૫ |
| કુલ : | ૧૦૦૧૮.૨૯ | ૬૦૭૬.૫૭ |

------------

**મહી સિંચાઈ નેટવર્કની નહેરો બાબત**

૧૧૩૭૧**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહી સિંચાઈ યોજનાના નેટવર્કમાં કેટલી લંબાઈની નહેરો છે,

(૨) તે પૈકી કેટલી લંબાઈની નહેરો પાકી (આર.સી.સી.) છે અને કેટલી કાચી છે,

**જવાબ**

(૧) ૩૧૭૨.૬૬ કિ.મી.

(૨) પાકી નહેરો : ૧૦૯૯.૫૧ કિ.મી.
કાચી નહેરો : ૨૦૭૩.૧૫ કિ.મી.

(૩) ઉક્ત સ્થિતિએ ગત ૨ વર્ષમાં ડીવીઝનવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩)

| ડીવીઝન | ગત ૨ (બે) વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| નડીયાદ સિંચાઈ વિભાગ, નડીયાદ | ૧૬૬.૦૦ |
| શેઢી સિંચાઈ વિભાગ, નડીયાદ | ૫૨૮.૦૦ |
| આણંદ સિંચાઈ વિભાગ, આણંદ | ૪૭૩.૦૦ |
| પેટલાદ સિંચાઈ વિભાગ, પેટલાદ | ૯૬.૦૦ |
| કુલ : | રૂ. ૧૨૬૩.૦૦ |

(૪) ઉક્ત ગ્રાન્ટ પેકી ક્યા ક્યા કામોમાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૪) સામેલ * પત્રક-૧ મુજબ

## પત્રક-૧

| અ.નં. | કામનું નામ | ૧.૬.૦૭ થી ૩૧.૫.૦૯ સુધી થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧. | પ્રોવાઈડીંગ ફ્રી વોલ ઓન નડિયાદ બ્રાન્ચ કેનાલ ઓન નડિયાદ બ્રાન્ચ કેનાલ ચેઈનેજ ૬૧૨૦૦ ટુ ૮૯૮૬૨ | ૩૦.૦૫ |
| ૨. | મોર્ડનાઈઝેશન ઓફ લીંબાસી કેનાલ બીટવીન ચેઈનેજ ૧૦૯૦૦" ટુ ૧૧૦૦૦૦ | ૪૪.૪૪ |
| ૩. | પ્રોવાઈડીંગ સી.સી.લાઈનીંગ ઓન પણસોરા ડીસ્ટ્રીબ્યુટરી બીટવીન ચેઈનેજ ૦ ટુ ૫૦૦૦ | ૧૭.૭૫ |
| ૪. | રેસ્ટોરેશન ટુ મેઈન કેનાલ બીટવીન ચેઈનેજ ૭૮૩૦૦ ટુ ૮૭૬૦૦ એન્ડ રીપેર્સ ટુ સ્ટ્રક્ચર/સી.આર.એન્ડ પ્રોવાઈડીંગ સી.સી.લાઈનીંગ. | ૧૭.૨૯ |
| ૫. | રીનોવેશન એન્ડ મોર્ડનાઈઝેશન ટુ માતર બ્રાન્ચ કેનાલ બીટવીન ચેઈનેજ ૦" ટુ ૨૬૨૦૦ ફુટ | ૩૫.૬૩ |
| ૬. | પ્રોવાઈડીંગ પાઈપલાઈન ઓન એક્ઝીસ્ટીંગ કેનાલ એસ.એમ. ૭/એલ એક્સ માતર બ્રાન્ચ | ૧૧.૫૩ |
| ૭. | રીનોવેશન ટુ કેનાલ સાયફન એટ ચેઈનેજ ૫૨૦૦૦ ઓફ ત્રાજ ડીસ્ટ્રીબ્યુટરી | ૦ |
| ૮. | રીનોવેશન ટુ દેગામ સ.મા.એક્સ ડભાણ માઈનોર ચેઈનેજ ૦" ટુ ૧૨૫૦૦" | ૫.૫૨ |
| ૯. | રીનોવેશન ટુ માતર સ.મા.એક્સ માતર માઈનોર બીટવીન ચેઈનેજ ૬૩૦૦" ટુ ૮૭૦૦" | ૦ |
| ૧૦. | રીપેર્સ ટુ કેનાલ સાયફન એટ ચેઈનેજ ૨૩૦૦૦ ઓફ ત્રાજ ડીસ્ટ્રીબ્યુટરી | ૨.૦૩ |
| ૧૧. | ભરોડા વિશાખા એક્સ નડિયાદ બ્રાન્ચ | ૨૯.૬૪ |
| ૧૨. | મુખ્ય નહેર સાંકળ ૧,૩૪,૦૦ ફુટથી ૧,૭૯,૦૦૦ ફુટ | ૯.૯૪ |
| ૧૩. | આણંદ વિશાખા એક્સ બોરસદ | ૨૧.૩૭ |
| ૧૪. | ખેરડા વિશાખા | ૪૨.૦૦ |
| ૧૫. | ચિખોદરા વિશાખા | ૪૨.૦૦ |
| ૧૬. | ઝારોલા વિશાખા | ૪૧.૦૦ |
| ૧૭. | આંક્લાવ વિશાખા | ૪૨.૦૦ |
| ૧૮. | સાંસદ વિશાખા | ૬૪.૧૮ |
| ૧૯. | માણેજ વિશાખા | ૬૦.૦૦ |
| ૨૦. | પણસોરા વિશાખા | ૧૮.૦૦ |
| ૨૧. | લીંબાસી વિશાખા | ૧૫.૦૦ |
| ૨૨. | ત્રાજ વિશાખા | ૧૫.૦૦ |
| ૨૩. | ઘુંટેલી વિશાખા | ૨૫.૭૬ |
| ૨૪. | અડાસ વિશાખા | ૧૭.૫૯ |
| ૨૫. | નવાખલ વિશાખા | ૨૮.૨૫ |
| ૨૬. | ૧:૩:૬ સીસી લાઈનીંગ જલસણ વિશાખા | ૫૯.૪૧ |
| ૨૭. | ગોલાણા વિશાખા | ૩૫.૫૦ |
| ૨૮. | રીપેર્સ ટુ ડ્રેઈનેજ સાયફન ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૨૩૧૨૫ મી ૦ વીઆરબી ૨૩૪૧૬ મી શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૨૧ થી ૨૩ કી.મી. | ૧૧.૭૬ |
| ૨૯. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૧૧૪૦ ટુ ૧૭૫૫ મી એન્ડ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૦ થી ૨.૫૦ કી.મી. | ૧૪.૮૧ |
| ૩૦. | રીપેર્સ ટુ ઓડીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૨.૫૦ મી ૬.૦૦ કી.મી. | ૧૯.૦૭ |
| ૩૧. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બી.ચે. ૧૪૨૧૪ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૧૨ થી ૧૬ કી.મી. | ૧૩.૧૦ |
| ૩૨. | રીપેર્સ ટુ ઓડીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બી.ચે. ૧૧૯૭૨ મી એન્ડ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૬ થી ૧૨ કી.મી. | ૨૩.૫૫ |
| ૩૩. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૨૦ થી ૨૧ કી.મી. | ૫.૩૪ |
| ૩૪. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૧૮૬૭૧ મી. ટુ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૧૬ મી ૨૦ કી.મી. | ૧૩.૫૫ |
| ૩૫. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૨૮૯૦૦ મી.ડી/એસ ૨૮૯૫૦ મી. શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૨૮.૯ થી ૩૧.૨૯ કી.મી. | ૧૦.૨૭ |
| ૩૬. | રીપેર્સ ડી/એસ ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ એટ ચે. ૨૫૯૯૦ મી. વી.આર.બી એટ ૨૬૨૦૯૮ મી શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૨૫.૯ થી ૨૭.૦૦ કી.મી. | ૧૦.૬૪ |
| ૩૭. | ફ્લઝીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ બેંક ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૯.૭૩ |
| ૩૮. | રીપેરીંગ ઓફ એમ એન્ડ આર.સી.આર. ગેટ | ૭૦.૦૦ |
| ૩૯. | રીસ્ટોરેશન એન્ડ રીપેર્સ ટુ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૫૭૫૨૦ ટુ ૬૬૦૦ મી | ૮.૫૫ |
| ૪૦. | રીસ્ટોશેહન ટુ ક્લીયરીંગ ધી કેનાલ સાયફન એટ વાત્રક રીવર ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૫૮૩૦૦ ટુ ૫૮૬૩૦ મી. | ૩.૨૮ |
| ૪૧. | રીસ્ટોશેહન ટુ ક્લીયરીંગ ધી કેનાલ સાયફન વી.આર.બી. ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૪૬૦૩૦ ટુ ૭૭૬૯૦ મી. | ૦.૯૩ |
| ૪૨. | રીપેર્સ ટુ વીઆરબી એટ ચે. ૩૩૪૭૧ મી. ૪૧૦૩૯ મી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૯.૨૮ |
| ૪૩. | રીપેર્સ ટુ કેનાલ સાયફન એટ ચે. ૩૭૯૩૨મી ઓન શેઢી બ્રાન્ચ કેનાલ(મહોર સાયફન) | ૨.૭૪ |
| ૪૪. | રીપેર્સ ટુ કેનાલ સાયફન એટ ચે. ૩૨૭૫૬ મી ઓન શેઢી બ્રાન્ચ કેનાલ (લુણી સાયફન) | ૨.૭૪ |
| ૪૫. | રાઈઝીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ બેન્ક ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૧૯.૨૨ |
| ૪૬. | રીસેક્શનીંગ ડ્રેનેજ સાયફન ચે. ૨૨૮૬૮ ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૨૨.૩૧ |
| ૪૭. | રીપેર્સ ટુ ડ્રેનેજ સાયફન ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ૨૭૭૭૦ મી શેઢી બ્રાન્ચ કેનાલ ઓફ મી ૨૭ મી ૨૮.૯૦ મી કી.મી. | ૧૧.૩૫ |
| ૪૮. | રીપેર્સ ટુ શેઢી બ્રાન્ચ કેનાલ બીટ ચે. ૨૩.૮ થી ૨૫.૯ કી.મી. | ૧૩.૭૫ |
| ૪૯. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૩૧૨૯૦ મી. શેઢી બ્રાન્ચ કેનાલ ૩૧.૨૯ થી ૩૨.૮ કી.મી. | ૫.૮૯ |
| ૫૦. | રીપેર્સ ટુ વીઆરબી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૩૧૨૯૦ મી. શેઢી બ્રાન્ચ કેનાલ ૩૧.૨૯ થી ૩૨.૮ કી.મી. | ૫.૮૯ |
| ૫૧. | રીમુવીંગ સીઆર ગેટ રીસેક્સનીંગ કેનાલ સાયફન ચે. ૪૭૧૪ કી. | ૨.૮૨ |
| ૫૨. | રીપેર્સ ટુ કેનાલ સાયફન એટ ચે. ૯૮૯૨ મી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૬.૭૦ |
| ૫૩. | રીપેર્સ ટુ કેનાલ સાયફન એટ ચે. ૭૮૯૦ મી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | |
| ૫૪. | રીસ્ટોરેશન એન્ડ રીપેર્સ ટુ શેઢી બ્રાન્ચ કેનાલ ચે. ૪૩૦૩૦ ટુ ૬૬૭૯૦ મી (પેચવર્ક) | ૮.૩૯ |

| અ.નં. | કામનું નામ | ૧.૬.૦૭ થી ૩૧.૫.૦૯ સુધી થયેલ ખર્ચ |
|---|---|---|
| ૫૫. | રીસ્ટોરેશન ટુ ડેમેજ કેનાલ બેંક નિયર સી.આર.ચે. ૬૮૭૯૦ મી. | ૪.૭૮ |
| ૫૬. | કન્સ્ટ્રકટીંગ સ્લેબ વીઆરબી નિયર વિલેજ ઘોઘાવાડા એટ ચે. ૩૭૨૪૭ મી. ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૨૫.૦૫ |
| ૫૭. | રીસ્ટોરેશન એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ વીઆરબી એટ ચે. ૩૯૨૦૨ મી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૭.૨૩ |
| ૫૮. | રીપેર્સ ટુ વીઆરબી એટ ચે. ૪૩૦૩૮ / ૪૫૨૫૬/૪૩૯૦૦ ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ ૮.૩૬ | ૮.૩૬ |
| ૫૯. | રીપેર્સ ટુ શેઢી બ્રાન્ચ કેનાલ વેરીયસ ડ્રેનેજ બીટ ચે. ૩૪.૭ ટુ ૪૬ મી. | ૯.૭૪ |
| ૬૦. | કન્સ્ટ્રકટીંગ વીઆરબી ચે. ૬૪૬૫ મી. | ૨૧.૭૭ |
| ૬૧. | કન્સ્ટ્રકટીંગ ઓડીઆરબી ચે. ૫૪૧૫ મી. | ૨૦.૭૭ |
| ૬૨. | રાઈઝીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ બેન્ક ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૨૫.૦૫ |
| ૬૩. | કન્સ્ટ્રકટીંગ ડ્રેનેજ સાયફન એટ ચે. ૪૦૧૪૨ મી. | ૧૮.૮૧ |
| ૬૪. | કન્સ્ટ્રકટીંગ ઓફ ડીઆરબી એટ ચે. ૫૪૧૫ (૨૦૦૮-૦૯) | ૫.૦૪ |
| ૬૫. | કન્સ્ટ્રકટીંગ વીઆરબી એટ ચે. ૬૪૬૫ મી. | ૧.૩૫ |
| ૬૬. | રીહબીલીટેશન હોફ બોરડી, ખુમારવાડ, વરસોલા ડીસ્ટ્રી એન્ડ રીપેરીંગ ઓફ સ્ટ્રક્ચર્સ ઓફ મેશ્વો મેઈન કેનાલ. | ૩૫.૯૭ |
| ૬૭. | એમઆરટુ શેઢી બ્રાન્ચ કેનાલ ખુમારવાડ, મહુધા, ડાકોર એન્ડ ટેઈલ ડીસ્ટ્રી. | ૦.૭૪ |
| ૬૮. | રીસ્ટોરેશન એન્ડ ડ્રેનેજ સાયફન ચે. ૨૧૦૪૮ મી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ પ્રોવાઈડીંગ કી વોલ ઓફ મહીસા ડીસ્ટ્રી ૧૫/ટી ઓફ બોરડી ડીસ્ટ્રી. | ૨.૮૭ |
| ૬૯. | રીસ્ટોરેશન ટુ ડાઉન સ્કીમ ઓરશન ઓફ સીઆર ઓફ ચે. ૩૧૬૬૦ મી. | ૬.૮૧ |
| ૭૦. | રીસ્ટોશેન એન્ડ રીપર્સ ટુ મહુધા ડીસ્ટ્રી વીથ સીસ્ટમ એક્સ શેઢી બ્રાન્ચ કેનાલ | ૬.૬૯ |
| ૭૧. | રીસ્ટોરેશન ટુ ડ્રેનેજ કેનાલ બેંક નિયર સીઆર એટ ૬૬૭૯૦ મી ઓફ શેઢી બ્રાન્ચ કેનાલ | ૦.૭૩ |
| | કુલ : | ૧૨૫૭.૨૪ |

------------

## પોરબંદર શહેરના પક્ષી અભયારણ્યને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા બાબત

૧૦૫૨૮**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પોરબંદર શહેરના પક્ષી અભયારણ્યને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા કોઈ યોજના તેયાર કરવામાં આવી છે,

(૨) જો હા, તો કેટલા ખર્ચનો અંદાજ છે, અને

(૩) ઉક્ત યોજના ક્યારે શરૂ થવાની છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂપિયા ૫.૯૫ ક્રોડના ખર્ચનો અંદાજ છે.

(૩) આ યોજનાની મંજુરી મળતાં ઝડપથી કામગીરી શરું કરવામાં આવશે.

પોરબંદર શહેરની મધ્યમાં પક્ષી અભયારણ્ય અંદાજે ૨૪૦૦૦ ચો.મી.માં આવેલ છે. તેની ફરતે ૧૧૦૦૦ ચો.મી. જમીનમાં વોક વે ગાર્ડન લોન, બર્ડ મ્યુઝિયમ, બાળ ક્રિડાંગણ વગેરે સુવિધાઓ ઉભી કરી સમગ્ર વિસ્તારને પિકનિક પોઇન્ટ તરીકે વિક્સાવવા માટે રીપોર્ટ તેયાર કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારશ્રી દ્વારા વેરાવળ-પોરબંદર-દ્વારકાની ટુરીસ્ટ સરકીટ પરીયોજના તા. ૨૧-૬-૨૦૦૬થી મંજૂર કરી છે અને રૂપિયા ૩૨૯.૮૩ લાખ મંજૂર કરવામાં આવેલ છે અને તેના પ્રથમ હપ્તા પેટે રૂપિયા ૨૬૩.૮૬ લાખ મંજૂર કરવામાં આવેલ છે. આ પરિયોજનામાં સ્થળની આજુબાજુનો વિકાસ, પ્રવાસન સ્થળ ખાતે પ્રકાશ સુશોભન સાઇનેજીસ, પ્રવાસન માહિતી કેન્દ્ર વગેરેનો સમાવેશ થયેલ છે. આ સરકીટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા પોરબંદર માટે રૂપિયા ૫૪.૩૪ લાખ ફાળવવામાં આવેલ છે અને તે પેકી રાજ્ય સરકાર દ્વારા તા. ૧૩-૩-૨૦૦૭થી રૂપિયા ૪૩.૨૮ લાખ ફાળવવામાં આવેલ છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ પોરંબદર તેમજ દાંડીયાત્રા અને દાંડી ડેસ્ટીનેશનના પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાની નેમ છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ તરીકે પોરબંદર વિશિષ્ટ મહત્વ ધરાવે છે. પોરબંદર થી દાંડી સુધીની ગાંધી સરકીટ વિક્સાવવાનું આયોજન છે. પોરબંદર, રાજકોટ, અમદાવાદ ગાંધી આશ્રમ, દાંડી

હેરીટેજ રૂટ, દાંડી ડેસ્ટીનેશન, અમદાવાદથી દાંડી સુધીનો રાષ્ટ્રિય ધોરી માર્ગના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

પોરબંદર શહેર અને જિલ્લા માટે નીચે મુજબની કામગીરી આવરી લેવામાં આવેલ છે.

૧. વિલા સરકીટ હાઉસના પાછળના ભાગે ચોપાટી ઉપર રૂપિયા ૧૦.૦૦ લાખના ખર્ચે બાગ બનાવવાનું કામ.
૨. જિલ્લા કક્ષાનું મ્યુઝિયમ બનાવવા માટે રૂપિયા ૨૦.૬૨ લાખનું કામ.
૩. કીર્તિ મંદિર ખાતે લાઇટ અને સાઉન્ડ શોના પ્રોજેક્ટ રીપોર્ટની કામગીરી.
૪. કેન્દ્ર સરકાર દ્વારા આ સરકીટ હેઠળ પ્રવાસન સ્થળો વચ્ચેના રસ્તાઓ ઉપરની સુવિધા માટે રૂપિયા ૮૬.૬૬ લાખ મંજૂર કરવામાં આવેલ છે. જેમાં વીરપુર, માધવપુર અને હર્ષદમાતા ખાતે આવી સુવિધાઓ રૂપિયા ૧૪૦.૫૯ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.
૫. પોરબંદર શહેરના સ્થળોના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. આ અહેવાલ અનુસાર રૂપિયા ૧૧૬૪.૫૦ લાખના આયોજનનો અંદાજ આપેલ છે. તેમાં કીર્તિમંદિર, માણેકચોક, શિતળાચોક, સુદામાચોક, બીચ ચોપાટી, પોરબંદર હેરીટેજ વોક, વિવેકાનંદ મેમોરીયલ, પોરબંદર પક્ષી અભયારણ્યનો સમાવેશ કરેલ છે.

સને ૨૦૦૮-૦૯માં નીચેની યોજનાની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે.

૧. પોરબંદર એસ.ટી. બસસ્ટેન્ડથી રાજમહેલ રોડની સુધારણાનું કામ.
૨. વિલા સરકીટ હાઉસથી નવા ફાઉન્ટેન સુધીના આંતરિક રસ્તાનું કામ.
૩. વિલા સરકીટ હાઉસ પાસેના આંતરિક રસ્તાની સુધારણાનું કામ.
૪. પોરબંદર ખાતે મુલાકાતીઓને બેસવા માટેની સુવિધા, પીવાનું પાણી અને ટોયલેટ બ્લોક જેવી આંતરમાળખાકીય સુવિધાઓનું કામ.

પોરબંદર ખાતે પ્રવાસનના વિકાસ માટે નીચેની કામગીરી કરવાની બાબત આયોજન હેઠળ છે.

૧. પોરબંદરથી દ્વારકા રોડ ઉપર બોખીરા ગામની જમીનમાં ખાદી પ્લાઝા ઉભુ કરવાની કામગીરી.
૨. પોરબંદર શહેરથી છાયાના રસ્તા ઉપર હેન્ડલુમ પ્લાઝા ઉભુ કરવાની કામગીરી.
૩. પોરબંદર થી દ્વારકાના રસ્તા ઉપર વાંસ ક્લસ્ટર ઉભુ કરવાની કામગીરી.
૪. પોરબંદરથી રાણાવાવના નેશનલ હાઇવે ઉપર બોટોનીકલ ગાર્ડન ઉભુ કરવાનું કામ.
૫. ફૂડસ કોર્ટ ઉભુ કરવાનું કામ.
૬. કુતીયાણા તાલુકાના ડાડુકા ગામ તરફ

પોરબંદરમાં પ્રવેશ માટે પ્રવેશદ્વાર બનાવવાનું કામ.
૭. પોરંબદર થી દ્વારકા રોડ ઉપર માછલીઘર બનાવવાનું કામ.
૮. પોરબંદર થી બખરલા રોડ ઉપર ૫૦ એકર જમીનમાં સોલાર સીટી બનાવવાનું કામ.

------------

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલ રકમ**

૧૦૦૭૦**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જવાહરલાલ નહેરુ અર્બન મીશન હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને શહેરી વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી રકમ ફાળવી?

**જવાબ**

જવાહરલાલ નહેરુ અર્બન મીશન હેઠળ અમદાવાદ શહેરના વિકાસ માટે વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૧૨૩૯૩.૧૯ લાખ તથા વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૩૭૮૪૯.૨૯ લાખની રકમ મળી કુલ રૂા. ૫૦૨૪૨.૪૮ લાખની રકમ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ફાળવેલ છે.

------------

**પાટણ જિલ્લાના લોકફાળાની રકમ ભરી ન શકે તેવા ગામોના પાણીના બોર બનાવવા બાબત**

૧૦૦૭૪**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર જે ગામોમાં પાણીના બોર નિષ્ફળ ગયા છે તે ગામો લોકફાળાની રકમ અતિપછાત હોઇ ભરી શકે તેમ નથી તો સરકાર આવા ગામોમાં પાણીના બોર બનાવવા માંગે છે કે કેમ ?

**જવાબ**

આ પરિસ્થિતિમાં અલગ પ્રકારના ધોરણ સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

------------

**સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના હેઠળ બનાવેલ ચેકડેમો**

૧૦૭૫૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના હેઠળ મંજૂર થયેલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) બાકીના ચેકડેમોની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૬૧૩ ચેકડેમો બનાવવામાં આવ્યા.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ માટે મંજૂરી મળેલ બાકી ૬૬૩ ચેકડેમો આગામી તા. ૩૧-૩-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**જામનગર જિલ્લામાં અછત રાહતમાં ખોદેલા તળાવોને સેફ સ્ટેજે લઇ જવા બાબત**

૧૦૭૫૦**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જામનગર જિલ્લામાં અછત-રાહતમાં ખોદેલા તળાવોને સરકાર સેફસ્ટેજમાં લઇ જવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા તળાવો સેફસ્ટેજ સુધી લઇ જવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જામનગર જિલ્લામાં અછત-રાહતમાં ખોદવામાં આવેલ ૩૬૪ તળાવોને સેફ સ્ટેજ સુધી લઇ જવાની સેધ્ધાંત્તિક મંજૂરી આપેલ છે જે પેકી ૧૨૬ કામો પૂર્ણ કરેલ છે અને બાકીના ૨૩૮ કામોને ચાલુ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયરોની ફાળવણી**

૧૦૭૭૨**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનીયરો ફાળવવામાં આવ્યા, અને

(૧) ૨૦ ટેક્નોસાથી ફાળવવામાં આવ્યા.

(૨) આ એન્જિનીયરો પાસે શી કામગીરી કરાવવામાં આવે છે ?

(૨) આ એન્જિનીયરો પૈકી સીવીલ એન્જિનીયરો પાસે વિકાસના કામોના સર્વે. નકશા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઇલેક્ટ્રિકલ એન્જિનીયરો પાસે સ્ટ્રીટ લાઇટ તથા બોરોની જાળવણીની તથા વીજભાર અને વીજબિલોની ચકાસણી જેવી કામગીરી કરાવવામાં આવે છે.

------------

**અમૃતધારા યોજના અંતર્ગત તલોદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૧૩૬**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાઓને પીવાના પાણી માટે અમૃતધારા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લાની તલોદ નગરપાલિકાને તા. ૨૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૧) અમૃતધારા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લાની તલોદ નગરપાલિકાને છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ થકી કેટલા કામો પૂર્ણ થયા અને બાકી કામો કેટલા ?

(૨) બે કામો મંજૂર કરેલ છે અને તે કામોની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે.

------------

**અંબાજી ખાતે પ્રવાસનલક્ષી સવલતો**

૧૦૭૪૮**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજી ખાતે પ્રવાસનલક્ષી સવલતો ઊભી કરવાની કાર્યવાહી થઈ રહેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.

દર્શન પથ, કલાત્મક પ્રવેશ દ્વાર, નૃત્ય મંડપનું કામ, હવન શાળાની કામગીરી, માનસરોવરના જીર્ણોદ્ધારની કામગીરી પૂર્ણ થયેલ છે.

અંબાજી મંદિર ઉપર વિવિધ રંગોની સ્થાપત્યની વિશિષ્ટતા ઉપસી આવે અને યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે તેવી રોશનીની કામગીરી પૂર્ણ થયેલ છે.

ચાચર ચોક વિસ્તૃતિકરણ, ગબ્બર ટોચ વિસ્તૃતીકરણ, ૫૧ શક્તિપીઠ દર્શન, પરિક્રમાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ૨૦૦ બેડની હોસ્પિટલની કામગીરી શરૂ થઈ છે.

(૩) યાત્રાળુઓ માટે કેવા પ્રકારની સવલતો ઊભી થનાર છે ?

(૩) યાત્રાળુઓ માટે નીચે મુજબની સવલતો ઊભી થનાર છે.

યાત્રાળુઓ માટે આંતર માળખાકીય સુવિધાના વિકાસ કામો જેવા કે રસ્તા, વીજળી, ડ્રેનેજ તથા યાત્રિક યાત્રાળુઓ માટે જાહેર સુલભ શૌચાલય, પીવાનું પાણી, યાત્રી નિવાસ, યાત્રી માહિતી સુવિધા સંકૂલ જેવી સવલતો ઊભી થનાર છે. આ ઉપરાંત સર્વગ્રાહી અભ્યાસ કરી એક અદ્યતન મેગા પ્રોજેક્ટ સ્વરૂપે તેના વિકાસનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગબ્બર પરિક્રમાનો વિકાસની સાથે એડવેન્ચર

ટુરીઝમની યોજનાઓ કરવાના છે. હેલ્થ અને વેલ બીઈંગનું લકઝરી રીસોર્ટ ઉભું કરવાનું આયોજન છે. યોગ અને ધ્યાન કુટીરો પણ ઉભુ કરવામાં આવશે. અંબાજીને ટેમ્પલ ટાઉન તરીકે રાખી ટુરીઝમ ફાયનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ભારત સરકારની સંસ્થા)ને સમગ્ર આયોજન કરવા માટે કામ આપવામાં આવેલ છે.

અંબાજીને આંતરરાષ્ટ્રીય ફલક પર મૂકવા માટે એરપોર્ટ ઉભુ કરવા ૧૭૫ એકર જમીન રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મૂકવામાં આવી છે.

------------

**નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર**

૧૦૭૮૩**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર ઊભી કરવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) સરકારશ્રીએ તા. ૨૮-૯-૦૭ના જાહેરનામાથી નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ એકાઉન્ટ્સ ઓફિસર, મ્યુનિસિપલ એન્જિનીયર અને મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર એમ ત્રણ સંવર્ગોની સેવાઓનું ગઠન કરેલ છે. આ ત્રણેય સંવર્ગોના ભરતી નિયમો બનાવવાની કાર્યવાહી હાથ ઉપર છે. |

------------

**ગુંદીયા ગામે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત**

૧૦૦૬૦ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના મોજે ગુંદીયા ગામે પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કેટલી રકમની ફાળવણી ક્યારે કરવામાં આવી, | (૧) રૂા. ૨૦.૭૫ લાખની ફાળવણી વર્ષ ૨૦૦૫-૦૬માં તથા રૂા. ૦૭.૦૦ લાખની ફાળવણી વર્ષ ૨૦૦૯-૧૦ (જૂન-૨૦૦૯)માં કરવામાં આવી. |
| (૨) ઉક્ત નાણાની ફાળવણી પછી કાર્યવાહી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) વર્ષ ૨૦૦૫-૦૬ની નાણા ફાળવણી અન્વયે તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ યોજના પ્રગતિ હેઠળ હતી જે માહે ૭-૨૦૦૯માં પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે.<br>વર્ષ ૨૦૦૯-૧૦ના નાણાની ફાળવણી જૂન-૨૦૦૯માં થયેલ હોઈ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કામો શરૂ થયા નથી. |
| (૩) કેટલા સમયમાં ઉક્ત કામગીરી શરૂ થશે ? | (૩) વર્ષ ૨૦૦૯-૧૦ (જુન-૨૦૦૯)માં ફાળવેલ નાણા અન્વયેની કામગીરી સપ્ટેમ્બર-૨૦૦૯માં શરૂ કરવાનું આયોજન છે. |

------------

**વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ અને ભિલોડા તાલુકામાં તળાવો ઊંડા કરવા બાબત**

૧૧૩૬૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ અને ભિલોડા તાલુકામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | ઊંડા કરેલ તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૫૯ |
| ૨ | ખેડબ્રહ્મા | ૭૪ |

કરવામાં આવ્યા, અને

| | | |
|---|---|---|
| ૨ | ખેડબ્રહ્મા | ૭૪ |
| ૩ | વિજ્યનગર | ૩૦ |
| ૪ | મેઘરજ | ૫૭ |
| | કુલ : | ૨૨૦ |

(૨) તેમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| અ.નં. | તાલુકો | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૭૨.૧૧ |
| ૨ | ખેડબ્રહ્મા | ૨૨૯.૮૩ |
| ૩ | વિજ્યનગર | ૭૩.૮૧ |
| ૪ | મેઘરજ | ૧૭૭.૮૪ |
| | કુલ : | ૬૫૩.૨૩ |

------------

**રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયરોની ફાળવણી**

૧૦૭૬૯ **શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **વાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનીયરો ફાળવવામાં આવ્યા, અને

(૧) ૪૧ ટેક્નોસાથી ફાળવવામાં આવ્યા.

(૨) આ એન્જિનીયરો પાસે શી કામગીરી કરાવવામાં આવે છે ?

(૨) આ એન્જિનીયરો પૈકી સીવીલ એન્જિનીયરો પાસે વિકાસના કામોના સર્વે, નકશા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઈલેક્ટ્રિકલ એન્જિનીયરો પાસે સ્ટ્રીટ લાઈટની જાળવણી તથા ઈલેક્ટ્રિક મોટરોના નિભાવણી અને પાવર સેવિંગ માટે જરૂરી કામગીરી કરાવવામાં આવે છે.

------------

**૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પૂરી પાડતી કંપની સાથે કરારની વિગતો**

૧૦૨૬૮**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં ફરતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના ખર્ચ તથા અન્ય હિસ્સા પેટે કઈ કંપની સાથે ક્યારે કરાર કરવામાં આવ્યા, અને

(૧) ઈમરજન્સીમેનેજમેન્ટએન્ડરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (EMRI) સિકન્દ્રાબાદ સાથે તા.૨૧-૭-૨૦૦૭ના રોજ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ અને તા. ૨૯-૮-૨૦૦૭ના રોજ સર્વિસ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત કરારની વિગતો શી છે ?

(૨) કેપીટલ કોસ્ટ અને ઓપરેશન કોસ્ટ પૈકી (૧) તાલીમ (૨) માર્કેટીંગ અને (૩) પ્રવાસ અંગેના ખર્ચ ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ઉઠાવશે તેમ સર્વિસ એગ્રીમેન્ટમાં ઠરાવેલ છે.

**કપરાડા તાલુકામાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાન**

૧૦૨૭૩**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૧૦૮ની કેટલી એમ્બ્યુલન્સ વાનો છે. અને

(૧) બે.

(૨) કપરાડા તાલુકો વલસાડ જિલ્લાનો સૌથી મોટો રેવન્યુ વિસ્તાર હોઈ ૧૦૮ની વધારે એમ્બ્યુલન્સ વાનો સરકાર ફાળવવા માંગે છે કે કેમ ?

(૨) સન-૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજ્યમાં નવી એમ્બ્યુલન્સ વાનો વસાવવાનું આયોજન છે, ત્યાર બાદ જરૂરીયાતને લક્ષમાં લઈ ફાળવણી કરવામાં આવશે.

**અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયરોની ફાળવણી**

૧૧૦૯૬**શ્રી બાબુભાઈ પટેલ(દસક્રોઈ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનીયરો ફાળવવામાં આવ્યા, | (૧) ૨૬ ટેક્નોસાથી ફાળવવામાં આવ્યા. |
| (૨) આ એન્જિનીયરો પાસે શી કામગીરી કરાવવામાં આવે છે, અને | (૨) આ એન્જિનીયરો પેકી સીવીલ એન્જિનીયરો પાસે વિકાસના કામોના સર્વે, નકશા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઈલેક્ટ્રિકલ એન્જિનીયરો પાસે પમ્પીંગ મશીનરીની ચકાસણી, બોર્ડ વાયરીંગની ચકાસણી તથા સ્ટ્રીટ લાઈટ જાળવણીની કામગીરી કરાવવામાં આવે છે. |
| (૩) એન્જિનીયરોને કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે ? | (૩) ડીપ્લોમા હોલ્ડરને રૂા. ૩૦૦૦<br>ડીગ્રી હોલ્ડરને રૂા. ૩૫૦૦<br>પોસ્ટ ગ્રેજ્યુએટને રૂા. ૫૦૦૦<br>પ્રતિ માસ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે. |

------------

**નગરપાલિકાઓને સફાઈવેરાની વસૂલાત સામે પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની યોજના**

૧૦૭૬૭ **શ્રી લાલજીભાઈ સોલંકી(** (જામનગર ગ્રામ્ય) **: માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓને સફાઈવેરાની વસૂલાત સામે પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સરકારે કેટલી ગ્રાન્ટની રકમ નગરપાલિકાને ચૂકવેલ છે ? | (૨) રૂા. ૫,૨૨,૨૯,૧૭૭/- |

**ઉંડ-૨ ગુણાતીત સિંચાઈ યોજનાના અધૂરા કામ બાબત**

૧૧૩૭૩ **શ્રી રાઘવજીભાઈ પટેલ((** (જોડીયા) **: માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાની ઉંડ-૨ ગુણાતીત સિંચાઈ યોજનાની ડાબી સાઈડની કેનાલનું કામ બાકી હોવાથી મજોઠ, આણંદા તથા કુન્ડ ગામના ખેડૂતોને સિંચાઈના લાભો મળી શકતા નથી તે હકીકત સરકાર જાણે છે કે કેમ, | (૧) અને (૨)<br>જામનગર જિલ્લાની ધ્રોલ તાલુકાની ઉંડ-૨ ગુણાતીત સિંચાઈ યોજનાની ડાબીબાજુની નહેરના બાંધકામ માટેની જમીન સંપાદનમાં ગામ લોકોનાં વિરોધનાં કારણે થઈ શકેલ ન હતું. હવે જમીન સંપાદન થઈ ગયેલ છે. |
| (૨) જો હા, તો લાંબા સમયથી ઉક્ત કામ પડતર રહેવાનાં શાં કારણો છે, અને | |
| (૩) ઉક્ત કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) ઉક્ત કામ ડીસેમ્બર ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

## અમરેલી, બાબરા અને લાઠી નગરપાલિકાને વિકાસ કામો માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૦૮૮૦ **શ્રી બાવકુભાઈ ઉંઘાડ(** (બાબરા) **: માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી, બાબરા અને લાઠી નગરપાલિકાને રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે કેટલી અને ક્યા ક્યા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયા અને કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો, અને

(૩) ગ્રાન્ટ ન વાપરવાના કારણો શાં ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ અને તેના હેતુ

(રૂા. લાખમાં)

| ન.પા. | હેતુ | ફાળવેલ ગ્રાન્ટ | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| અમરેલી | પાણી, રસ્તા, ગટર, અને પે એન્ડ યુઝ ટોયલેટના કામો | ૨૨૮.૩૯ | ૯૨૭.૩૫ |
| | યુ.આઈ.ડી.એસ.એસ. એમ.ટી.મા પીવાના પાણીના કામો | ૪૬૮.૫૮ | |
| | આઈ.એચ.એસ.ડી.પી યોજના હેઠળ આવાસનનુ કામ | ૨૦૫.૪૨ | |
| | ૧૨ મા નાણા પંચ હેઠળ સોલીડ વેસ્ટના કામો | ૨૪.૯૬ | |
| બાબરા | ગટર, ટોયલેટ બ્લોક | ૧૨૫.૦૬ | ૧૩૪.૨૪ |
| | ૧૨ મા નાણા પંચ હેઠળ સોલીડ વેસ્ટના કામો | ૯.૧૮ | |
| લાઠી | પાણી, રસ્તા, ગટર. | ૧૧૮.૦૦ | ૧૫૨.૪૫ |
| | ૧૨ મા નાણા પંચ હેઠળ સોલીડ વેસ્ટના કામો | ૩૪.૪૫ | |
| કુલ | | | ૧૨૧૪.૦૪ |

(૨)

- અમરેલી નગરપાલિકાના પાણી, રસ્તા, ગટર અને પે એન્ડ યુઝ ટોયલેટના ૧૨ કામો, યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટીના ૮૦ ટકા કામ, અને આવાસનની કામગીરીના ૪૦ ટકા કામ પૂર્ણ થયેલ છે, તેમજ ૧૨ માં નાણા પંચ હેઠળ સોલીડ વેસ્ટના કામો પૂરા થયેલ છે અને રૂા. ૬૨૬.૨૦ લાખની રકમ વપરાયેલ છે.
- બાબરા નગરપાલિકાના પે એન્ડ યુઝ ટોયલેટનું ૧ કામ અને ૧૨ માં નાણા પંચ હેઠળ સોલીડ વેસ્ટના કામો પૂરા થયેલ છે અને રૂા. ૮૪.૪૯ લાખની રકમ વપરાયેલ છે.
- લાઠી નગરપાલિકાના પે એન્ડ યુઝ ટોયલેટનું ૧ કામ અને ૧૨ માં નાણા પંચ હેઠળ સોલીડ વેસ્ટના કામો પૂરા થયેલ છે અને રૂા. ૪૩.૧૮ લાખની રકમ વપરાયેલ છે.

(૩)

- ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તરફથી ફાળવેલ ગ્રાન્ટના કેસો પૈકી ૧ માં તાજેતરમાં મંજુરી આપેલ છે. જ્યારે ૧૦ માં નગરપાલિકાઓએ દરખાસ્ત કરેલ નથી. ૪ માં બોર્ડ ને તાજેતરમાં જ દરખાસ્ત મળેલ છે, ૧ માં જીલ્લા ક્ક્ષાની વિકાસ સમિતીની મંજૂરી બાકી છે, અને ૨ કામો ટેન્ડરીંગના તબક્કે છે.
- યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. ટોજનામાં ૨૦ ટકા બાકી કામો અને આઈ.એચ.એસ.ડી.પી. હેઠળ આવાસના કામ પ્રગતિમાં છે.

------------

**ઉમરેઠ નગરપાલિકામાં રસ્તાના કામો**

૧૦૯૪૧**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જીલ્લાની ઉમરેઠ નગરપાલિકાએ શહેરમાં જુદા જુદા રસ્તા બનાવવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રોજેક્ટ મંજૂરી માટે સરકારમાં મોકલ્યા,

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા અને તેની સામે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ રોડના કેટલા કામ પૂર્ણ થયેલ છે, કેટલા પ્રગતિમાં છે અને કેટલા કામ બાકી છે, અને

(૪) બાકી રહેલ કામ કેટલા સમયમાં સરકાર પૂર્ણ કરવા માગે છે?

**જવાબ**

(૧) રસ્તાના ૩૧ કામોના, રૂા. ૫૬,૩૧,૪૮૬/-ના અંદાજીત ખર્ચના ચાર પ્રોજેકટ મંજૂરી માટે મળેલ.

(૨) જે પૈકી ૨૯ રસ્તાઓના કામોના ત્રણ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે અને કુલ રૂા. ૪૨,૭૫,૧૪૫/-ની રકમ ફાળવેલ છે.

(૩) કુલ-૨૧ રસ્તાઓના કામ પૂર્ણ થયેલ છે અને ૮ કામો બાકી છે,

(૪) બાકી રહેલ ૮ કામો ૬ માસમાં પૂર્ણ કરવા નગરપાલિકાએ આયોજન કરેલ છે.

------------

**સુરેન્દ્રનગર નગરપાલિકાને પીવાના પાણીના હેતુ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૧૩૩ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પીવાના પાણીના હેતુ માટે સુરેન્દ્રનગર નગરપાલિકાને તા. ૨૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) તે થકી કેટલા કામો પૂર્ણ થયા અને બાકી કામો ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા. ૨૬-૦૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર નગરપાલિકાને પીવાના પાણીના હેતુ માટે યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. અંતર્ગત રૂા. ૮૯૫.૪૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટના તમામ કામ પૂર્ણ થયેલ છે.

**હેરણ નદી પરના આડબંધનું પુરાણ દૂર કરવા બાબત**

૧૦૫૫૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં આવેલ રાજવાસણા ગામ પાસે હેરણ નદી ઉપરના આડબંધમાં રેતી કાંપથી પુરાણ થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કાંપ રેતીનું સીલ્ટીંગ કાઢવા માટેની કેટલી માગણી સરકારમાં આવેલ છે, તેનુ સર્વે કરવામાં આવ્યું છે કે કેમ, અને

(૩) તેનો કેટલો ખર્ચ થશે અને ઉક્ત કામ ક્યારે શરુ થશે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં આવેલ રાજવાસણા ગામ પાસે હેરણ નદી ઉપર આડબંધ ૧૯૫૭ની સાલમાં બાંધવામાં આવેલ, તેમાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કાંપ ભરાયેલ છે.

(૨) અને (૩) ત્રણ માગણી આવેલ છે, જે હાલમાં પ્રાથમિક સર્વેક્ષણ હેઠળ છે. સર્વે પુરો થયેથી તેમજ તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ જણાયેથી તથા નાણાંકીય અનુદાનની ઉપલબ્ધી અનુસાર કામ હાથ ધરવાનું આયોજન છે.

**હાથસણી ગામે આવેલ સેલ દેદુમલ ડેમમાં પાણી ભરવા બાબત**

૧૦૪૩૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે આવેલ સેલ દેદુમલ ડેમ છેલ્લા બે વર્ષથી ભરવામાં આવતો નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) સરકાર યુધ્ધના ધોરણે કામગીરી કરી ડેમમાં પાણી ભરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭માં પૂર્ણ સપાટી સુધી અને વર્ષ ૨૦૦૮માં અંશતઃ ભરવામાં આવેલ.

(૨) અને (૩) જરૂરી મરામત અંગે અન્વેષણ અને ડીઝાઈનની કામગીરી પૂર્ણ કરેલ છે અને તે આધારે મરામતની કાર્યવાહી સત્વરે હાથ ધરવામાં આવી રહેલ છે.

**વાવ-થરાદ-કાંકરેજ તાલુકાને નર્મદાનું પીવાનું પાણી આપવાનું આયોજન**

૧૦૭૫૨ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના અંતર્ગત તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ-કાંકરેજ તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી આપવાનું આયોજન છે?

**જવાબ**

| **તાલુકા** | **ગામ** |
|---|---|
| વાવ | ૧૨૧ |
| થરાદ | ૧૩૪ |
| કાંકરેજ ૧૦૬ | જે પૈકી |
| હાલમાં વાવ તાલુકામાં | ૩૬ |
| થરાદ તાલુકામાં | ૨૨ |
| કાંકરેજ તાલુકામાં | ૧૭ |
| **કુલ.. ..** | **૭૫** |

ગામોને નર્મદાનું પાણી અપાય છે.

------------

**નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર**

૧૧૦૯૯**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર ઊભી કરવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીએ તા. ૨૮-૯-૦૭ના જાહેરનામાથી નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ એકાઉન્ટ્સ ઓફિસર, મ્યુનિસિપલ એન્જિનીયર અને મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર એમ ત્રણ સંવર્ગોની સેવાઓનું ગઠન કરેલ છે. આ ત્રણેય સંવર્ગોના ભરતી નિયમો બનાવવાની કાર્યવાહી હાથ ઉપર છે.

------------

**કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ મંજૂર થયેલ ચેકડેમો**

૧૧૦૯૭**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ મંજૂર થયેલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) બાકી કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૬૧૩ ચેકડેમો બનાવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ માટે મંજૂરી મળેલ બાકી ૬૬૩ ચેકડેમો આગામી તા. ૩૧-૩-૨૦૧૦ સુધી પુર્ણ કરવાનું આયોજન છે.

------------

**નર્મદા પાઈપ લાઈનથી કોડીનાર-વેરાવળને સાંકળતી બલ્ક પાઈપ લાઈનનું કામ**

૧૦૭૫૮**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લાના નર્મદા પાઈપ લાઈનથી કોડીનાર-વેરાવળને સાંકળતી બલ્ક પાઈપ લાઈનની કામગીરી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) જૂનાગઢ જિલ્લામાં નર્મદા પાઈપ લાઈનથી કોડીનાર-વેરાવળને સાંકળતી બલ્ક પાઈપ લાઈનના ટેન્ડરો, ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી મંગાવવામાં આવેલ છે. જે મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) આ કામગીરી સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ? | (૨) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**સાપુતારા ગીરીમથકના વિકાસ માટે યોજના**

૧૦૭૪૫**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સાપુતારા ગીરીમથકના વિકાસ માટે કોઈ યોજના અમલમાં મુકવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની મુખ્ય કામગારી હાથ ધરવામાં આવી છે.<br>(૧) સાપુતારા ખાતેના તળાવના વિકાસ માટે આર્કીટેક્ચર, પ્રોજેક્ટ મેનેજર, કન્સલ્ટન્ટ અને કોન્ટ્રાકટરની પસંદગી કરી છે. તા. ૨૯-૩-૦૯ના રોજ રૂા. ૪.૮૬ કરોડનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. પીસ્તાલીસ ટકા જેટલી પ્રગતિ થઈ છે.<br>(૨) ઓક્ટોબર-૨૦૦૮માં સાપુતારા ખાતે શરદોત્સવની ઉજવણી સફળતાપૂર્વક કરવામાં આવી છે.<br>(૩) વાસુર્ણા, લીંગ-અંજલીકુંડ અને કદમડુંગર ગામના ધાર્મિક અને એતિહાસિક જગાના વિકાસ માટે રૂા. ૧૩૫.૯૦ લાખ મંજુર કરવામાં આવ્યા છે અને કામગીરી ચાલુ છે.<br>(૪) આંતરમાળખાકીય સવલતો માટે રૂા. ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે. તે હેઠળ વીજળીકરણ, ગાર્ડનમાં બાળકો માટેના રમકડા, સનરાઈઝ પોઈન્ટ અને સનસેટ પોઈન્ટ ઉપર વન કુટિર બનાવવાની કામગીરી, એન્ટ્રન્સ ગેટ તેમજ તારામંડળની કામગીરી હાથ ધરવાનું આયોજન વિચારણા હેઠળ છે.<br>આ ઉપરાંત અગાઉના વર્ષોની કામગીરી ધ્યાને લેતાં સાપુતારા અને આસપાસના વિસ્તારના વિકાસ માટે નીચે દર્શાવેલ કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે.<br>**૧.** સાપુતારાના તળાવ અને સનસેટ પોઈન્ટના વિકાસનું કામ અંદાજિત રૂા. ૩૭૮.૦૦ લાખના ખર્ચે હાથ ધરેલ છે.<br>**૨.** વીજળી, પાણી, રસ્તા, બેસવા માટેના બાંકડા, રંગીન ફુવારાઓ, હાઈમાસ્ટ ટાવર, બગીચાઓની કામગીરી.<br>**૩.** બોટીંગ ખાતે પેડલ, હલેસા બોટની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>**૪.** ગવર્નર હીલ, સનસેટ હીલ, સનરાઈઝ હીલ ખાતે રેલીંગની કામગીરી આવરી લેવામાં આવેલ છે.<br>**૫.** વન કુટિરની કામગીરી. |

**એચબી-૨૯૨-૭**

૬. ચેકડેમની વ્યવસ્થા.
૭. ઈકો પોઈન્ટ ખાતે જેટ્રોફા, તારની વાડ, નક્ષત્રવન અને મ્યુઝિયમના વિકાસની કામગીરી.
૮. ટ્રાયબલ હટસ તરીકે પ્રોજેક્ટ શરુ કરવામાં આવેલ છે.
૯. ૬૬ કે.વી.સબસ્ટેશન શરુ કરવા, ૨,૪૦,૪૪૦ ચો.મી. સરકારી પડતર જમીનના બદલામાં જંગલ ખાતાને તબદીલ કરવાના આદેશ કરેલ છે. હવે લાઈન ખેંચવાની કામગીરી ટુંક સમયમાં હાથ ધરવામાં આવનાર છે.

------------

## રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં હલકી ગુણવત્તા વાળા ઈન્જેક્શનોની ખરીદી બાબત

૧૦૯૨૩**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં વપરાતા ઈન્જેક્શન હલકી ગુણવત્તા વાળા ખરીદવામાં આવેલ હતા,

(૨) જો હા, તો તે કઈ કંપનીના બનાવેલ હતા, અને

(૩) હલકી ગુણવત્તાવાળા ઉક્ત ઈન્જેક્શન આપનાર કંપનીના જવાબદારો સામે શાં પગલાં સરકારે લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યની હોસ્પિટલો માટે મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્રએ રૂા.૨૧,૮૮,૪૧,૪૭૮/-ના ઈન્જેક્શનો ખરીદેલ હતા જે પેકીના રૂા.૪૯,૧૨,૪૭૩/-ની કિંમતના ઈન્જેક્શનો અપ્રમાણસર જણાયેલ હતા.

(૨) ૧૭ કંપનીઓએ અપ્રમાણસર ઈન્જેક્શનો સપ્લાય કરેલ હતા. (પત્રક-અ મુજબ)

(૩) ૧. ૮ કંપનીઓ પાસેથી કુલ રૂા.૬,૫૫,૩૨૧/-ની કિંમતની દવાઓનું રીપ્લેસમેન્ટ મેળવ્યું (પત્રક-બ મુજબ)

૨. ૭ કંપનીઓ પાસેથી રૂા. ૧૮,૯૩,૦૭૪/-ની વસુલાત કરી (પત્રક-બ મુજબ)

૩. ઉપરાંત ૯ કંપનીઓ સામે વિશેષ પ્રકારે નીચે મુજબ દંડનાત્મક પગલાં લીધેલ છે. (પત્રક-ક મુજબ)

(૧) ૧ પેઢીને તેની તમામ દવાઓ માટે પાંચ વર્ષ સુધી ડીબાડ કરેલ છે.

(૨) ૧ પેઢીને તેની તમામ ઈન્જેક્શન માટે ત્રણ વર્ષ સુધી ડીબાડ કરેલ છે.

(૩) ૭ પેઢીને જે તે ઈન્જેક્શન માટે ત્રણ વર્ષ સુધી ડીબાડ કરેલ છે.

**પત્રક - અ**

| ક્રમ | ઉત્પાદકનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧. | મે. હેલ્સીયન ફાર્માસ્યુટીકલ્સ લી., લોહારુ. |
| ૨. | મે. અનહીલ પેરેન્ટ્રલ્સ પ્રા. લી., પાટણ. |
| ૩. | મે. જેક્શન લેબોરેટરીઝ, અમૃતસર. |
| ૪. | મે. ફાઈનેજ ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., અમદાવાદ. |
| ૫. | મે. હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, બરોની. |
| ૬. | મે. લીંક્ન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., ખાત્રજ. |
| ૭. | મે. માર્ક બાયોસાયન્સ લી., હરિયાલા. |
| ૮. | મે. ચંદ્રભગત ફાર્મા. પ્રા. લી., મુંબઈ. |
| ૯. | મે. ભારત પેરેન્ટ્રલ્સ લી., વડોદરા. |
| ૧૦. | મે. રાઠી લેબોરેટરીઝ (હિન્દુસ્તાન) પ્રા. લી. પટના. |
| ૧૧. | મે. એસપીએમ ડ્રગ્સ પ્રા. લી., ભવાની. |
| ૧૨. | મે. મેક્ક્યોર લેબોરેટરીઝ લી., ઝાંક. |

| ક્રમ | ઉત્પાદકનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧૩. | મે. ક્રિસ્ટલ ફાર્માસ્યુટીકલ્સ, અંબાલા. |
| ૧૪. | મે. સ્વીસ પેરેન્ટ્રલ્સ પ્રા.લી., બાવળા. |
| ૧૫. | મે. માન ફાર્માસ્યુટીકલ્સ લી., મહેસાણા. |
| ૧૬. | મે. સીપ્રા રેમોડીઝ પ્રા. લી., દમણ. |
| ૧૭. | મે. સારા ફાર્માસ્યુટીકલ્સ, નાગરકોઈલ. |

**પત્રક-બ**

| ક્રમ | કંપનીનું નામ | મળેલ રીપ્લેશમેન્ટ રૂા. | કરેલ વસુલાત રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ભારત પેરેન્ટ્રલ્સ લીમીટેડ, વડોદરા. | ૩૨૬૨૯ | ૨૨૨૮૯૯ |
| ૨. | જેક્શન લેબોરેટરી પ્રા. લી., અમૃતસર. | -- | ૯૯૨૩૭૧ |
| ૩. | હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, બરોની. | -- | ૩૬૫૦૬૨ |
| ૪. | એપીએમ ડ્રગ્સ, ઈંદોર. | -- | ૬૬૫૧૫ |
| ૫. | રાઠી લેબ. (હિન્દુસ્તાન) પ્રા. લી. પટના. | -- | ૧૧૯૫૮૯ |
| ૬. | મેક્ક્યોર લેબ. લી., ઝાંક. | ૧૭૫૯૬૮ | -- |
| ૭. | ક્રિસ્ટલ ફાર્માસ્યુટીકલ્સ, અંબાલા. | ૧૯૭૫૫ | -- |
| ૮. | સ્વીઝ ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., બાવળા. | ૭૩૧૫૩ | ૮૩૨૮૩ |
| ૯. | માર્ક બાયોસાયન્સ લીમીટેડ, અમદાવાદ. | -- | ૪૩૩૫૫ |
| ૧૦. | • લીંક્ન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., ખાત્રજ. | ૧૪૬૦૦૩ | -- |
| ૧૧. | • માન ફાર્માસ્યુટીકલ્સ, મહેસાણા. | ૩૩૬૦૦ | -- |
| ૧૨. | • સીપ્રા રેમોડીઝ પ્રા. દમણ. | ૧૩૧૧૫૭ | -- |
| ૧૩. | • સારા ફાર્માસ્યુટીકલ્સ, નાગરકોઈ | ૪૩૦૫૬ | -- |
| | • કુલ : | ૬૫૫૩૨૧ | ૧૮૯૩૦૭૪ |

નોંધ : **ચાર** કંપનીઓ પાસેથી (૧) હેલ્સીઓન ફાર્માસ્યુટીકલ્સ, હિસાર, (૨) અનહીલ પેરેન્ટ્રલ્સ પ્રા.લી., પાટણ, (૩) ફાઈનેજ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી., અમદાવાદ, (૪) ચંદ્રભગત ફાર્મા. પ્રા.લી., મુંબઈ. બાકી વસુલાત માટે જરૂરી વસુલાત આદેશ કરેલ છે.

**પત્રક-ક**

| ક્રમ | ડીબાર થયેલ પેઢીનું નામ | ડીબાર થયાની તારીખ | આઈટમનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | જેક્શન લેબોરેટરી પ્રા. લી., અમૃતસર. | • ૧૭-૦૧-૨૦૦૮ - ૧૬-૦૧-૨૦૧૩ | બધી જ આઈટમો માટે |
| ૨. | હેલ્સીયન ફાર્માસ્યુટીકલ્સ લી., લોહારુ. | • ૦૫-૦૨-૨૦૦૭ - ૦૪-૦૨-૨૦૧૦ | બધા જ ઈન્જેક્શનો માટે |
| ૩. | અનહીલ પેરેન્ટ્રલ્સ પ્રા.લી., પાટણ. | • ૨૬-૦૨-૨૦૦૭ - ૨૫-૦૨-૨૦૧૦ | એમ્પીસીલીન ઈન્જે. |
| ૪. | હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, બરોની. | • ૦૩-૧૨-૨૦૦૮ - ૦૨-૧૨-૨૦૧૧ | જેન્ટામાઈસીન ઈન્જેક્શન |
| | | • ૨૪-૦૭-૨૦૦૮ - ૨૩-૦૭-૨૦૧૧ | ક્લોક્ષાસીલીન ઈન્જેક્શન |
| ૫. | ભારત પેરેન્ટ્રલ્સ લીમીટેડ, વડોદરા. | • ૦૩-૧૧-૨૦૦૭ - ૦૨-૧૧-૨૦૧૦ | ડેક્ષામીથાઝોન ઈન્જેક્શન |
| | | • ૨૬-૦૮-૨૦૦૮ - ૨૫-૦૮-૨૦૧૧ | થાયોપેન્ટલ સોડીયમ ફોર ઈન્જેક્શન |
| ૬. | • લીંક્ન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., ખાત્રજ. | • ૧૫-૦૬-૨૦૦૬ - ૧૪-૦૬-૨૦૦૯ | સેફોપેરાઝોન ઈન્જેક્શાન |
| ૭. | રાઠી લેબોરેટરીઝ (હિન્દુસ્તાન) પ્રા. લી. પટના. | • ૨૯-૦૫-૨૦૦૯ - ૨૮-૦૫-૨૦૧૨ | સ્ટરાઈલ વોટર ફોર ઈન્જેક્શન |
| | | • ૧૮-૦૪-૨૦૦૯ - ૧૭-૦૪-૨૦૧૧ | કેલ્શીયમ ગ્યુકોનેટ ઈન્જેક્શાન |
| ૮. | ક્રિસ્ટલ ફાર્માસ્યુટીકલ્સ, અંબાલા. | • ૦૩-૧૨-૨૦૦૮ - ૦૨-૧૨-૨૦૧૧ | એમોક્ષીસીલીન સોડીયમ એન્ડ ક્લાવ્યુલાનેટ પોટેશીયમ ફોર ઈન્જેક્શાન |
| ૯. | • સીપ્રા રેમેડીઝ પ્રા. લી., દમણ. | • ૨૨-૦૫-૨૦૦૯ - ૨૧-૦૫-૨૦૧૨ | સીપ્રોફ્લોક્ષાસીન ઈન્જેક્શાન |
| | | • ૨૯-૦૫-૨૦૦૯ - ૨૮-૦૫-૨૦૧૨ | મેનીટોલ ઈન્જેક્શાન |

**નોંધ :**

(૧) ક્રમાંક : **૦૧** પરની પેઢી (જેક્શન લેબો.) ને બધી જ આઈટમો માટે પાંચ વર્ષ માટે તથા ક્રમાંક **૦૨** પરની પેઢી (હેલ્સીયન)ને તમામ ઈન્જેક્શનો ૦૩ વર્ષ માટે ડીબાર થયેલ છે.

(૨) તે સિવાયની પેઢીઓ ફક્ત તેઓની સામે કોલમ (૪)માં દર્શાવેલ આઈટમો પુરતી જ ૦૩ વર્ષ માટે ડીબાર કરાયેલ છે. ક્રમાંક ૭ પરની પેઢી (રાઠી. લેબો.) ને કેલ્શીયમ ગ્યુકોનેટ ઈન્જેક્શન માટે ૦૨ વર્ષ માટે ડીબાર કરવામાં આવેલ છે.

(૩) સદર સમયગાળામાં પત્રક (ક) સિવાયની ૮ કંપનીઓ દ્વારા સામાન્ય કારણોસર અપ્રમાણસર થયેલ દવાઓ સપ્લાય કરેલ જેને ડીબાર કરવામાં આવેલ નથી, પરંતુ જે તે પેઢી પાસેથી જે તે આઈટમ માટે રિપ્લેશમેન્ટ મેળવવામાં આવે છે અથવા તેટલી રકમની વસુલાત કરવામાં આવે છે.

**પારડી ક્રોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજના બાબત**

૧૦૭૩૧**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પારડી કોસ્ટલ જૂથ યોજના પાણી પુરવઠા યોજના હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા

**જવાબ**

(૧) મૂળ યોજનામાં ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. છેલ્લા એક વર્ષમાં કોઈ ગામનો વધારો

એક વર્ષમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, અને ક્યારે પૂર્ણ થશે ?

કરવામાં આવેલ નથી.

(૨) યોજનાનું બાધકામ પૂર્ણ કરી હાલ ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે. ક્રમશઃ પાણી પુરવઠો ચાલુ કરી ૧૫-૦૮-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**રાજકોટ જિલ્લામાં પીવાના પાણીની તંગીવાળા ગામો**

૧૦૦૭૮**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા ગામોમાં પીવાના પાણીની તંગી છે, અને

**જવાબ**

(૧)

| તાલુકો | ગામની સંખ્યા |
|---|---|
| જેતપુર | ૨ |
| કોટડા સાંગાણી | ૩ |
| પડધરી | ૪ |
| લોધીકા | ૨ |
| વાંકાનેર | ૩ |

(૨) આ તંગીવાળા ગામોમાં પીવાનું પાણી પુરું પાડવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ટેન્કર દ્વારા પાણી પુરું પાડવામાં આવે છે.

------------

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રોપર્ટી ટેક્સ વસૂલવા બાબત**

૧૦૦૭૧ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના રહીશો પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસુલ કરે છે જે ટેક્સ સમયસર ન ભરવામાં આવે તો ૧૮ ટકા વ્યાજ લેવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ વ્યાજ ૧૮ ટકાને બદલે ૭ ટકા વ્યાજ લેવું તેવી દરખાસ્ત ઉક્ત કોર્પોરેશન દ્વારા સરકારને તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યારે મોકલવામાં આવી, અને

(૩) આવેલ ઉક્ત દરખાસ્ત અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૮ ટકા વ્યાજને દર ઘટાડીને ૮ ટકા કરવા અમદાવાદ મહાનગરપાલિકાએ તા. ૨૭-૩-૨૦૦૬ ના રોજ સરકારને દરખાસ્ત મોકલેલ.

(૩) માનનીય મેયરશ્રી/કમિશ્નરશ્રી, કોર્પોરેશન કક્ષાએ આ અંગે કોઈ રાહત યોજના - ઈન્સેન્ટીવ સ્કીમ જાહેર કરવા વિચારણા કરી શકે છે, તે મુજબની જાણ સરકારમાંથી તા. ૨૬-૪-૨૦૦૬ ના પત્રથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવામાં આવેલ.

------------

**પાણી પુરવઠા યોજનાવગરના અન્ય ગ્રાન્ટોમાંથી બનેલ હેન્ડપંપોની મરામત**

૧૦૬૬૫ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં કેટલા હેન્ડપંપો પાણી પુરવઠા યોજના વગરના અન્ય ગ્રાન્ટોમાંથી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા છે,

(૨) આવા હેન્ડપંપો બગડે છે ત્યારે તેની મરામત કામગીરી પાણી પુરવઠા તરફથી કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૯૪૨ હેન્ડ પંપો થયેલા છે.

(૨) હા, જી.

પાણી પુરવઠા દ્વારા બનાવવામાં આવેલ હેન્ડપંપોની જ મરામતની કામગીરી પાણી પુરવઠા

તરફથી કરવામાં આવે છે.

(૩) જો હા, તો આવા હેન્ડપંપોની મરામત કામગીરી માટે સરકારે કોઈ યોજના વિચારેલ છે કે કેમ ?

(૩) આવા હેન્ડપંપોની મરામત માટે જે તે ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરે છે.

------------

**અબડાસા - લખપત તાલુકામાં નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૦૭૬૨ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાના ગામોને નર્મદા યોજનામાંથી સરકાર પીવાનું પાણી આપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજનાથી ઉક્ત તાલુકાઓના કેટલા ગામોને પાણીનો પુરવઠો મળશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનાથી અબડાસા તાલુકાના તમામ ૧૫૦ ગામો અને લખપત તાલુકાના તમામ ૮૬ ગામોને પાણીનો પુરવઠો મળશે. હાલમાં સ્થાનિક સોર્સમાંથી પાણી ઘટે ત્યારે ઘટતુ પાણી અબડાસા તાલુકાના ૫૩ તથા લખપત તાલુકાના ૨૫ એમ કુલ ૭૮ ગામોને નર્મદાનું પાણી અપાય છે.

**પેટલાદ સિવિલ હૉસ્પિટલમાં અપૂરતા સ્ટાફ બાબત**

૧૦૦૮૮**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની પેટલાદ સિવિલ હોસ્પિટલમાં અપૂરતા સ્ટાફથી દર્દીઓને વેઠવી પડતી હાલાકી સામે સરકારે શાં પગલાં લીધેલ છે, અને

(૨) ક્યાં સુધીમાં સ્ટાફની ભરતી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

તજજ્ઞની ખાલી જગ્યા પર વિઝીટીંગ તજજ્ઞોની સેવા લેવામાં આવે છે. અન્ય ટેક્નીકલ જગ્યાઓની સેવાઓ રોગી કલ્યાણ સમીતી દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરીને લેવામાં આવે છે તેમજ વર્ગ-૪ની જગ્યાઓ પર આઉટસોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે.

તજજ્ઞ વર્ગ-૧ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલવામાં આવેલ છે. તે અન્વયે આયોગ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ તજજ્ઞ વર્ગ-૧ તથા તબીબી અધિકારી, વર્ગ-૨ જગ્યાઓ મેડીકલ કોલેજોમાંથી બોન્ડેડ લીસ્ટ ઉપલબ્ધ થયેથી તેમજ એડહોક નિમણૂંક માટે દર મંગળવારે યોજવામાં આવતાં વોક-ઈન-ઈન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. નીવાસી તબીબી અધિકારી વર્ગ-૧ ની જગ્યા બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

વર્ગ-૩ની જગ્યા માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણીપત્રક મોકલવામાં આવેલ છે, તે અન્વયે મંડળ દ્વારા ઉમેદવારોની ફાળવણી થયેથી.

------------

**નગરપાલિકાઓના તળાવોનું બ્યુટીફીકેશન તથા વોટર હાર્વેસ્ટીંગ**

૧૦૭૭૬**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની નગરપાલિકાઓમાં આવેલ તળાવોનું બ્યુટીફિકેશન તથા વોટર હાર્વેસ્ટીંગ કરવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો કેવા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નગરપાલિકા વિસ્તારના તળાવો ઊંડા કરી

મોડલરૂપે વિકસીત કરવા માટે પ્રત્યેક જિલ્લાની ત્રણ નગરપાલિકાઓના તળાવ, વોટર હાર્વેસ્ટીંગ માટે ઊંડા ઉતારવા તથા બ્યુટીફીકેશન માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૨ જિલ્લાઓની ૫૩ નગરપાલિકાઓમાં નગરપાલિકા દિઠ રૂા. ૨૫ લાખની રકમ સંબંધિત જિલ્લાની શહેરી વિકાસ એજન્સી (ડુડા)ના હવાલે મૂક્વામાં આવેલ છે.

------------

**બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ડીસા નગરપાલીકાને ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૨૮૩**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ડીસા નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) રૂ. ૨૯,૦૩,૦૪૮/- (રૂપિયા ઓગણત્રીસ લાખ, ત્રણ હજાર, અડતાલિસ) ની ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૨) ઉપરોક્ત ફાળવાયેલ ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ? | (૨) આ ગ્રાન્ટ સામે નગરપાલિકા ક્ક્ષાએથી દરખાસ્ત મળેલ નથી. |

------------

**મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ**

૧૦૭૮૦ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે, અને | (૧) મહેસાણા જિલ્લાની કુલ ૫ નગરપાલિકાઓમા વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે.<br>● કડી નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિદિન છે.<br>● ઉંઝા નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિદિન છે.<br>● વડનગર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિદિન છે.<br>● વિજાપુર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિદિન છે.<br>● ખેરાલુ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિદિન છે. |
| (૨) નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે ? | (૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, ઘન ક્ચરાનો વેજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવો ફરજીયાત છે. જેનો અમલ થયેલ છે. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતુ ખાતર નગરપાલિકા માટે આવક્નુ સાધન બનશે. પર્યાવરણ પ્રદૂષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ ક્ચરાનો વેજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી તથા રોગચાળો ફેલાતો અટકશે. |

---------

**રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ**

૧૦૭૭૯**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મીક્મ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. અને

**જવાબ**

રાજકોટ જિલ્લાની કુલ ૩ નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. જેમાં

જસદણ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિદિન છે.

વાંકાનેર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિદિન છે.

ભાયાવદર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિદિન છે.

(૨) નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે?

(૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, દ ાન ક્ચરાનો વેજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવો ફરજીયાત છે. જેનો અમલ થયેલ છે. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતું ખાતર નગરપાલિકા માટે આવક્નું સાધન બનશે. પર્યાવરણ પ્રદૂષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ ક્ચરાનો વેજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકશે.

------------

**ભિલોડા, મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહમા તાલુકામાં નાની અને મધ્યમ સિંચાઈ માટે ફાળવેલ રકમ**

૧૧૨૭૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહમા તાલુકાઓમાં વર્ષવાર નાની અને મધ્યમ સિંચાઈ માટે તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી.

**જવાબ**

(૧) રૂ. લાખમાં

| અ. નં. | તાલુકો | ગ્રાન્ટ ફાળવણી | | | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | |
| ૧ | ખેડબ્રહમા | ૫૧૨.૪૫ | ૧૧૫૪.૨૭ | ૩૦૪.૧૧ | ૧૯૭૦.૮૩ |
| ૨ | વિજયનગર | ૭૬.૭૮ | ૧૫.૦૦ | ૯૭.૨૪ | ૧૮૯.૦૨ |
| ૩ | મેઘરજ | ૧૪.૭૦ | ૧૦૯.૫૮ | ૧૪૪.૯૧ | ૨૬૯.૧૯ |
| ૪ | ભિલોડા | ૧૨.૧૦ | ૪૩.૧૦ | ૧૬૧.૧૪ | ૨૧૬.૩૪ |
| | કુલ | ૬૧૬.૦૩ | ૧૩૨૧.૯૫ | ૭૦૭.૪૦ | ૨૬૪૫.૩૮ |

(૨) તે પેકી વર્ષવાર અને તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રૂ. લાખમાં

| અ. નં. | તાલુકો | થયેલ ખર્ચ | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | |
| ૧ | ખેડબ્રહમા | ૫૧૨.૪૫ | ૧૧૫૪.૨૭ | ૩૦૪.૧૧ | ૧૯૭૦.૮૩ |
| ૨ | વિજયનગર | ૭૬.૭૮ | ૧૫.૦૦ | ૯૭.૨૪ | ૧૮૯.૦૨ |
| ૩ | મેઘરજ | ૧૪.૭૦ | ૧૦૯.૫૮ | ૧૪૪.૯૧ | ૨૬૯.૧૯ |
| ૪ | ભિલોડા | ૧૨.૧૦ | ૪૩.૧૦ | ૧૬૧.૧૪ | ૨૧૬.૩૪ |
| | કુલ | ૬૧૬.૦૩ | ૧૩૨૧.૯૫ | ૭૦૭.૪૦ | ૨૬૪૫.૩૮ |

(૩) ભિલોડા, તથા મેઘરજ તાલુકાઓમાં સિંચાઈ માટે ઓછો ખર્ચ થવાનાં શાં કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં નવા પી. એચ. સી અને આયુર્વેદિક દવાખાના**

૧૦૦૬૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં કેટલા નવા

**જવાબ**

(૧) ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં નવા પી.એચ.સી.

પી.એચ.સી. અને આયુર્વેદિક દવાખાના શરૂ કરવાનું નક્કી થયેલ છે, અને

(૨) જો હા, તો ક્યા સ્થળે ?

અને આયુર્વેદિક દવાખાના શરૂ કરવાનું નક્કી થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ભરૂચ જિલ્લામાં કોલેરાના કિસ્સા

૧૦૦૮૪**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કોલેરાના કેટલા કિસ્સાઓ નોંધાયા.

(૨) ઉક્ત રોગની નાબૂદી માટે કેવા પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૩) ભવિષ્યમાં આવા રોગો થતાં અટકાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કોલેરાના ૩ કેસના કિસ્સાઓ નોંધાયા છે.

(૨) ઉક્ત રોગની નાબૂદી માટે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

-ભરૂચ સીટી વિસ્તારમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં કુલ-૨ કેસ જોવા મળેલ તે અન્વયે એક્તાનગર, રામનગર, નર્મદા એપાર્ટમેન્ટ વિસ્તારમાં સર્વેલન્સ કામગીરી દરમ્યાન કુલ-૧૨૧૫ ઘરમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં ૧,૬૫૦ ક્લોરીન ટેબનું વિતરણ, તથા ૯૪ વ્યક્તિઓને કુલ કોન્ટેક્ટ સારવાર આપવામાં આવેલ તથા ૨૯ ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ તથા ૩ લીકેજીસ રીપેરીંગ કરવામાં આવેલ.

-તદુપરાંત વાલીયા તાલુકાનાં કરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મોજે વિઠ્ઠલગામમાં તા. ૬-૯-૦૮ના રોજ ૧ કેસ કોલેરાનો જોવા મળેલ. તે અન્વયે સર્વેલન્સ કામગીરી દરમ્યાન કુલ-૨૭૩ અસરગ્રસ્ત વસ્તીમાં ૬૨ ઘરમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં ૨૩૦૦ ક્લોરીન ટેબ.નું વિતરણ તથા ૫ વ્યક્તિઓને કુલ કોન્ટેક્ટ સારવાર આપવામાં આવેલ તથા ૩૧ ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ હતું.

-ભરૂચ જિલ્લાના શહેરી વિસ્તારમાં નીકળેલ કોલેરા પોઝીટીવને કારણે જાહેરનામું પ્રસિધ્ધ કરી મામલતદારશ્રી, ભરૂચને કોલેરા નિયંત્રણ અધિકારીશ્રી તરીકે, ક્લેક્ટરશ્રી દ્વારા નિમણૂંક આપી રોગ અટકાયતી પગલાં લેવા જણાવવામાં આવેલ હતું. ભરૂચ સીવીલ હોસ્પિટલ ખાતે આઈસોલેશન વોર્ડ બનાવી ઝાડા-ઉલ્ટીના કેસોને દાખલ કરી જરૂરી સારવાર આપવામાં આવેલ.

(૩) આવા રોગો થતા અટકાવવા સઘન સર્વેલન્સની કામગીરી, ક્લોરીનેશનની કામગીરી તથા લીકેજીસ શોધી રીપેરીંગ કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

------------

## દ્વારકા ખાતે પ્રવાસનલક્ષી સવલતો

૧૦૭૪૭**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા દ્વારકા ખાતે પ્રવાસનલક્ષી સવલતો ઊભી કરવાની કાર્યવાહી થઈ રહેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ પ્રવાસન

નિગમ, જિલ્લા વહીવટીતંત્ર,ખાનગી સાહસોના જોડાણથી અને લોકભાગીદારી દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગતો.

(૧) ઓપનએર થીયેટર અને તેની આસપાસના વિસ્તારના વિકાસ કામ પ્રગતિ હેઠળ છે.

(૨) દ્વારકા ખાતે સાઈનેજીસ-કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) પ્રવાસી માહિતી કેન્દ્ર-વિશ્રાંતિ ગૃહ-દ્વારકાનું કામ પૂર્ણતાના આરે છે.

(૪) ગોમતીઘાટ ઉપર યાત્રાળુઓ માટે શેડ-કામ પૂર્ણ થયેલ છે.

(૫) પે એન્ડ યુઝ પાર્કિંગ અને લેન્ડ સ્કેપીંગનું કામ પૂર્ણતાના આરે છે.

(૬) દ્વારકાથી સુરજકરાડી તરફના રોડ સાઈડ પ્લાન્ટેશનની કામગીરી પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત દ્વારકા પ્રવાસનનો મેગા ટુરીસ્ટ સર્કીટ તરીકે પસંદ કરીને આગળ વધી રહયા છીએ. આ પ્રોજેક્ટ પેકી દ્વારકા માટે જમીન પસંદગી કરી માપણી કરાવવામાં આવેલ છે અને જમીન વપરાશના હક્કો મેળવવામાં આવેલ છે. અને અન્ય આનુષંગિક પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત લોક ભાગીદારીથી દ્વારકાધીશ મંદિરમાં સ્વર્ણ સિંહાસન ભેટથી અર્પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત લોક ભાગીદારીથી ભવ્ય પ્રવેશદ્વારની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો. આ ઉપરાંત વૃક્ષારોપણ પણ કરવામાં આવેલ છે.

(૩) યાત્રાળુઓ માટે કેવા પ્રકારની સવલતો ઊભી થનાર છે?

(૩) યાત્રાળુઓ માટે ઉભી થનાર સવલતો દ્વારકાનો રાષ્ટ્રીય કક્ષાના અને વેશ્વિક સ્તરે પર્યટન સ્થળ તરીકે વિકાસ થાય તે માટે સમગ્ર વિકાસને ધ્યાનમાં રાખીને દ્વારકા મંદિરના પરીસર, પંચકુઇ એરીયા વિકાસ, બીચ ડેવલપમેન્ટ, ચોપાટીનો વિકાસ, મ્યુઝીયમ, ગ્રામ હાટ, સનસેટ પોઇન્ટથી ભડકેશ્વર મંદિરનો રોડ, રૂક્ષમણી મંદિર, નાગેશ્વર જ્યોર્તિલિંગનો એપ્રોચ રોડ અને આસપાસનો વિસ્તારનો વિકાસ, બેટ દ્વારકાનો વિકાસ, શિવરાજપુર બીચ વિકાસ, ગોપી તળાવનો વિકાસ અને

- ટેમ્પલ સ્કવેરનો વિકાસ કાર્ય
- સુદામા સેતુ (હેંગીંગ બ્રિજ)
- બીચ એન્ડ પંચકુઇ વિસ્તારનો વિકાસ

આ યોજનાની કામગીરીને ભારત સરકારના પુરાતત્વ વિભાગ તરફથી મંજુરી હાલ મળેલ છે.

ટૂંક સમયમાં આરંભ થનાર કામો :-

- ટેમ્પલ પરીસર વિકાસ કાર્ય રૂા.૧.૪૫ કરોડ
  યાત્રા માહિતી સુવિધા સંકુલ
  કલાત્મક રેલીંગ અને કાસ્ટ આયર્ન બેન્ચીસ
  સીસી ટીવી કેમેરા રૂમ
  રેમ એન્ડ પેવીંગ બ્લોક એન્ડ બ્યુટીફિકેશન
- સુદામા સેતુ રૂા.૧.૬૯ કરોડના ખર્ચે
- પંચકુઇ આઇલેન્ડ વિકાસ યોજના બે તબકકામાં રૂા.૪.૩૬ કરોડના ખર્ચે સમુદ્ર પથ, ફૂડ કોર્ટ, કુદરતી ઓપચાર અને ધ્યાન યોગ કેન્દ્ર, કુટીર, લેન્ડ સ્કેપીંગ,

પ્લાન્ટેશન, ક્લાત્મક કાસ્ટ આર્યન બેન્ચીસ, કોસ્ટ ગાર્ડ સવલત, વોચ ટાવર, ચેઇન્જીંગ રૂમ, પે એન્ડ યુઝ શૌચાલય, એમ્પી થીયેટર વગેરે.

આ કામગીરી ઉપરાંત દ્વારકા ખાતે દર વર્ષે ઉજવાતા મહત્વના ઉત્સવો અને મેળામાં પણ રાજ્ય સરકાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અનુદાન આપવામાં આવે છે.

દ્વારકાને હવાઇ સુવિધાથી જોડવા માટે દ્વારકા ખાતે એરપોર્ટ બાંધવા માટે સરકાર દ્વારા જમીન ૨૨૨-હેક્ટર ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મૂક્વામાં આવી છે.

------------

**ગુજરાતી ભવન બાંધવા સરકારની સહાય**

૧૦૭૪૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની યોજના અમલમાં છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઇ યોજના છે, અને | (૨) ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી, નિયત પાત્રતા ધરાવતી અને નિયત શરતો પરિપૂર્ણ કરતી, સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હાલના મકાનના વિસ્તરણ માટે દશ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતી ભવનો બાંધવા માટેની કેટલી અરજીઓ મળી અને તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) ૧૦(દસ) જેની વિગત નીચે મુજબ છે. |

મંજુર કરવામાં આવેલ સહાય

| ગુજરાતી સમાજનું નામ | રકમ(રૂા.લાખમાં) |
|---|---|
| (૧)શ્રી ગુજરાતી સમાજ ભોપાલ | ૫.૦૦ |
| (૨)શ્રી ગુજરાતી સમાજ ચંદીગઢ | ૫.૦૦ |

**પૂર્તતા કરવા જણાવેલ**

(૧) શ્રી ગુજરાતી સમાજ જોધપુર, રાજસ્થાન
(૨) ગુજરાતી સમાજ, રાયચુર, કર્ણાટક
(૩) દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ, બેંગલોર
(૪) ભદ્રક ગુજરાતી સમાજ, ઓરીસ્સા
(૫) શ્રી ગુજરાતી સમાજ શિક્ષણ સંસ્થાન, સાગર, મધ્યપ્રદેશ
(૬) શ્રી ગુજરાતી સમાજ, જયપુર, રાજસ્થાન
(૭) શ્રી ગુજરાતી સમાજ ઉજ્જૈન, મધ્યપ્રદેશ

| **સહાય નામંજૂર કરવામાં આવેલ ગુજરાતી સમાજનું નામ** | **નામંજૂર કરવાનું કારણ** |
|---|---|
| (૧)શ્રી ગુજરાતી સમાજ, જાલના, મહારાષ્ટ્ર | શાળાના મકાનના બાંધકામ માટે સહાય માંગી હતી જે મળવાપાત્ર ન થતી હોવાથી. |

------------

**છોટાઉદેપુર તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ**

૧૧૧૭૬**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઇ, અને

(૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**જવાબ**

(૧) ૨૫ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઇ.

(૨) તમામ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.

------------

**ઉકાઇ (સિવિલ) વર્તુળ હસ્તક ફરજ બજાવતા કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસના પડતર કેસો**

૧૦૦૮૫ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકાઇ (સિવિલ) વર્તુળ હસ્તક ફરજ બજાવતા કેટલા કર્મચારીઓ/અધિકારીઓ સામે કેટલી ખાતાકીય તપાસ પડતર છે?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકાઇ (સિવિલ) વર્તુળ હસ્તક ફરજ બજાવતા કુલ-૩૫ કર્મચારી/અધિકારીઓ સામે હાલના તબક્કે કુલ-૪ ખાતાકીય તપાસના પ્રકરણ ચાલુ છે.

------------

**અમદાવાદ મહાનગરમાં બી.આર.ટી.એસ નો અમલ**

૧૦૭૭૧**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :: માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ મહાનગરમાં વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ ની અમલવારી ક્યારે કરવામાં આવનાર છે, અને

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલી રકમનો પ્રોજેક્ટ મંજૂર કરેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ મહાનગરમાં બી.આર.ટી.એસ. ના ૪ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ ભાગ-૧ અને-૨ ના આયોજનની કામગીરી નીચે મુજબ પ્રગતિમાં છે.

- બીઆરટીએસ ભાગ-૧ (લંબાઇ ૧૨ કી.મી.)- તા.૨૪-૦૧-૨૦૦૭ થી ટેન્ડર મંજુર થયેલ છે, અને ૯૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.
- બીઆરટીએસ ભાગ-૨(લંબાઇ ૪૬ કી.મી.)- તા.૨૨-૦૨-૨૦૦૭ થી ટેન્ડર મંજૂર થયેલ છે, અને ૩૨ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.
- શહેરી પરિવહન માટે બસો ખરીદવા માટેની કામગીરી પ્રગતિમાં છે.

(૨) જે.એન.યુ.આર.એમ અંતર્ગત પ્રોજેક્ટની મંજુરી કેન્દ્ર સરકાર તરફથી મળે છે. કુલ રૂા.૧૨૦૪૭૫ લાખના મંજુર થયેલ પ્રોજેક્ટસમાં કેન્દ્ર સરકારનો રૂા.૪૨૧૬૬.૨૫ લાખ, રાજ્ય સરકારનો રૂા.૧૮૦૭૧.૨૫ લાખ તથા સ્થાનિક સંસ્થા-અમદાવાદ મહાનગરનો રૂા.૬૦૩૨૭.૫૦ લાખના હિસ્સા પ્રમાણે મંજુર કરવામાં આવેલ છે.

------------

**ગારિયાધાર તાલુકામાં ખેડૂતોને સિંચાઇ માટે પાણી**

૧૦૦૯૧**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર તાલુકામાં ખેડૂતોને સિંચાઇનું પાણી મળે તેના માટે એક પણ નાની કે મોટી સિંચાઇ યોજના નથી તે સરકારની જાણમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ તાલુકાનાં ખેડૂતોને સિંચાઇ

**જવાબ**

(૧) પાલડી ગામે નાની સિંચાઇ યોજના આવેલ છે.

(૨) કુલ ૭૦૯ ચેકડેમ તથા ૪૨ અનુશ્રવણ તળાવો

માટે પાણી મળે તેના માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે નહીં?

પૂર્ણ થયેલ છે અને ૧૮ ચેકડેમ તથા ૪ તળાવનાં કામનું આયોજન છે.

------------

**પોરબંદર જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારોને નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૦૭૬૪**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારોને નર્મદાનું પીવાનું પાણી આપવાની કોઈ યોજના બનાવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજનાનો કેટલા ગામોને લાભ મળશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૩૪ ગામો અને ૫ શહેરી વિસ્તારને,

------------

**વડોદરા જિલ્લામાં તાલુકાવાર બનાવેલ નવા હેન્ડપંપો**

૧૧૦૮૮ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા હેન્ડપંપો બનાવવા વર્ષવાર કેટલી રક્મ ફાળવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર બનાવેલ નવા હેન્ડપંપોની વર્ષવાર ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે.

**પત્રક**

| અ.નં. | તાલુકો | વર્ષ ૨૦૦૬-૦૭ | | વર્ષ ૨૦૦૭-૦૮ | | વર્ષ ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | નવા મંજૂર થયેલ હેન્ડ પંપ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | નવા મંજૂર થયેલ હેન્ડ પંપ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | નવા મંજૂર થયેલ હેન્ડ પંપ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
| ૧ | વડોદરા | ૧ | ૦.૩૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | વાઘોડિયા | ૬ | ૩.૬૦ | ૪ | ૨.૪૦ | ૦ | ૦ |
| ૩ | સાવલી | ૩ | ૧.૮૦ | ૨ | ૧.૨૦ | ૦ | ૦ |
| ૪ | પાદરા | ૧ | ૦.૩૦ | ૬ | ૩.૫૦ | ૦ | ૦ |
| ૫ | સંખેડા | ૮ | ૩.૨૦ | ૦ | ૦.૦૦ | ૨૦ | ૮.૦૦ |
| ૬ | જેતપુર પાવી | ૨૪ | ૯.૬૦ | ૧૦ | ૪.૦૦ | ૧૮૯ | ૮૯.૧૬ |
| ૭ | છેટા ઉદેપુર | ૨૬ | ૧૦.૪૦ | ૧૦ | ૪.૦૦ | ૧૮૯ | ૮૪.૯૬ |
| ૮ | ક્વાંટ | ૬૬ | ૨૮.૭૨ | ૪૪ | ૧૭.૦૦ | ૩૪૪ | ૧૪૫.૨૫ |
| ૯ | નસવાડી | ૮ | ૩.૨૦ | ૫૭ | ૨૩.૦૦ | ૧૦૯ | ૪૮.૭૦ |
| | **કુલ :** | **૧૪૩** | **૬૧.૧૬** | **૧૩૩** | **૫૫.૪૦** | **૮૫૧** | **૩૭૬.૦૭** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત ફાળવેલ રકમ થકી વર્ષવાર કેટલા હેન્ડપંપો કાર્યરત થયા, અને

**જવાબ**

(૨) ઉક્ત ફાળવેલ રકમ પેકી વડોદરા જિલ્લામાં
વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૪૩
વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૩૩
વર્ષ ૨૦૦૮-૦૯માં ૬૬૧ આમ કુલ ૯૩૭ હેન્ડપંપો કાર્યરત થયા.

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ જે હેન્ડપંપો બંધ હાલતમાં છે તેની મરામત કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૩) ઉક્ત સ્થિતિએ કોઈ હેન્ડપંપ બંધ હાલતમાં ન હતા. પરંતુ જે ૨૩૫ હેન્ડપંપોમાં સામાન્ય મરામતની જરૂરીયાત હતી તેની મરામત કરી પાણી પુરવઠો ચાલુ કરી આપવામાં આવેલ છે.

------------

**સુજલામ-સુફલામ યોજના અંતર્ગત કચ્છમાં નક્કી કરાયેલા સિંચાઈના કામો**

૧૧૨૮૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત કચ્છમાં નક્કી કરાયેલાં સિંચાઈના કામો પૂરા થયાં નથી તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા કામો અંતર્ગત કેટ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

(૨) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર, બંધારા તેમજ ચેકડેમોના કામ માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. (રૂ. લાખમાં)

| અ.નં. | તાલુકાનું નામ | બંધારા પાછળ થયેલ ખર્ચ | ચેકડેમ પાછળ થયેલ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | લખપત | ૧૩૫૦.૪૦ | ૧૮૭.૭૫ | ૧૫૩૮.૧૫ |
| ૨ | અબડાસા | ૪૬૩૮.૨૧ | ૧૧૯૮.૦૦ | ૬૦૩૪.૧૪ |
| ૩ | નખત્રાણા | ૦.૦૦ | ૧૨૨૭.૦૦ | ૧૨૨૭.૦૦ |
| ૪ | માંડવી | ૨૧૯૫.૨૬ | ૨૯૪.૦૦ | ૩૩૬૦.૮૫ |
| ૫ | મુન્દ્રા | ૨૩૩૪.૨૯ | ૭૭.૭૨ | ૨૪૧૨.૦૧ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૬ | ભુજ | ૦.૦૦ | ૭૭૦.૧૨ | ૭૭૦.૧૨ |
| ૭ | અંજાર | ૪૨૭.૦૯ | ૨૮૧.૭૬ | ૮૫૦.૩૨ |
| ૮ | ભચાઉ | ૧૬૮૪.૯૦ | ૧૩૫.૬૦ | ૧૮૨૦.૫૦ |
| ૯ | રાપર | ૯૩૦.૩૬ | ૫૩૪.૮૦ | ૧૫૦૮.૮૩ |
| | **કુલ :** | **૧૩૫૬૦.૫૧** | **૪૭૦૬.૭૫** | **૧૯૫૨૧.૯૨** |

------------

## પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ

૧૧૧૭૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ સ્થિતિએ પાટણ જિલ્લાની કુલ ૪ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. જેમાં

- સિધ્ધપુર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- રાધનપુર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- હારીજ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે
- ચાણસ્મા નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે

(૨) ઉક્ત નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે?

(૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, ઘ ાન કચરાનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવો ફરજીયાત છે, જેનો અમલ થયેલ છે. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતુ ખાતર નગરપાલિકા માટે આવકનું સાધન બનશે. પર્યાવરણ પ્રદૂષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકશે.

------------

## અમદાવાદમાં બી.આર.ટી.એસ કામગીરીનો ખર્ચ

૧૦૫૨૯**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ યોજના અન્વયે રોડ નેટવર્ક બનાવવા કેટલા કી.મી.નું કામ કેટલા રૂપીયાના ખર્ચે શરૂ કરેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ યોજના અન્વયે રોડ નેટવર્ક બનાવવા માટે કરાયેલ ખર્ચ તથા કી.મી.ની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| ક્રમ | બીઆરટીએસ કોરીડોર | કિ.મી. | અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) | ખર્ચ (રૂ. લાખમાં) | હાલની ભોતિક સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | આરટીઓ થી પીરાણા | ૧૨.૨૫ | ૮૫૮૯.૦૦ | ૭૩૧૯.૯૦ | ૯૦% |
| ૨ | પીરાણા થી દાણીલીમડા થઈ નારોલ અને દાણીલીમડા થી શાહેઆલમ થઈ મણીનગર | ૧૨.૦૦ | ૭૮૩૫.૦૦ | ૨૭૧૨.૮૮ | ૫૫% |
| ૩ | નારોલ થી નરોડા | ૧૩.૪૦ | ૧૩૩૭૩.૦૦ | ૬૮૫૭.૦૩ | ૫૮% |
| ૪ | વાડજ થી દુધેશ્વર થી દિલ્હી દરવાજા થઈ પ્રેમદરવાજ | ૫.૫૦ | ૪૦૮૮.૦૦ | ૨૮૩.૭૫ | ૫% |
| | કુલ : | ૪૩.૧૫ | ૩૩૮૮૫.૦૦ | ૧૭૧૭૩.૫૬ | |

(૨) પ્રથમ તબક્કામાં કુલ કેટલી બસ ખરીદવા કેટલા રૂપિયાનો ખર્ચ થવાનો છે, અને

(૨) પ્રથમ તબક્કામાં કુલ ૪૮૦ બસો ખરીદવા અંદાજીત રૂ. ૧૧૨ કરોડ ખર્ચ થશે.

(૩) સદરહું પ્રોજેક્ટમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેટલી ફાળવણી થઈ ?

(૩) જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત બીઆરટીએસ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૧૨૯.૦૪ કરોડ તથા રાજ્ય સરકાર તરફ રૂ. ૫૫.૩૦ કરોડ થઈ કુલ રૂ. ૧૮૪.૩૪ કરોડ તથા બસની ખરીદી માટે કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૩૯.૦૮ કરોડ તથા રાજ્ય સરકાર તરફથી રૂ. ૧૬.૭૫ કરોડ થઈ કુલ રૂ. ૫૫.૮૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

-----------

**અબડાસા અને લખપત તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૧૦૯૮**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાના ગામોને નર્મદા યોજનામાંથી સરકાર પીવાનું પાણી આપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજનામાંથી કેટલા ગામોને પાણીનો પુરવઠો મળશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનાથી અબડાસા તાલુકાના તમામ ૧૫૦ ગામો અને લખપત તાલુકાના તમામ ૮૬ ગામોને પાણીનો પુરવઠો મળશે. હાલમાં સ્થાનિક સોર્સમાંથી પાણી ઘટે ત્યારે ઘટતુ પાણી અબડાસા તાલુકાના ૫૩ તથા લખપત તાલુકાના ૨૫ એમ કુલ ૭૮ ગામોને નર્મદાનું પાણી અપાય છે.

**ખંભાળીયા તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠા યોજનાઓ**

૧૧૧૭૭**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં સ્વજલધારા યોજના અતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ.

(૨) મંજૂર થયેલ યોજનાઓ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી, અને

(૩) પૂર્ણ થયેલ યોજનાઓ પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત નહી પરંતુ સરખા ધારા ધોરણ મુજબની રાજ્ય સરકાર પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૧૫ યોજનાઓ મંજૂર થઈ.

(૨) ૫ યોજનાઓ પૂર્ણ થયેલ છે અને ૧૦ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.

(૩) પૂર્ણ થયેલ યોજનાઓ પાછળ રૂા. ૫.૬૦ લાખનો ખર્ચ કર્યો.

------------

## દેડીયાપાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની ખાલી જગ્યા

૧૦૦૬૧ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની જગ્યા કેટલા સમયથી અને ક્યા કારણોસર ખાલી છે, અને

(૨) ઉક્ત જગ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં ઉક્ત જગ્યા ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની મંજૂર થયેલ ત્રણ જગ્યાઓ પૈકી એક જગ્યા તારીખ ૨૫-૨-૦૯ થી બદલી થવાથી ખાલી છે.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર, દેડીયાપાડા ખાતે મેડીકલ ઓફીસરની ખાલી જગ્યા ઉપર તા. ૪-૬-૦૯ના રોજ એક આયુષ ડોકટર અને તા. ૨૪-૬-૦૯ના રોજ એક બોન્ડેડ ડોકટરની નિમણૂક્ના આદેશ કરવામાં આવેલ છે. પરંતુ તેઓ ફરજ ઉપર હાજર થયેલ નથી. હવે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ જગ્યા ભરી શકાશે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં પી.એચ.સી. માં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૧૩૬૬**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સંવર્ગવાર નીચે મુજબ જગ્યાઓ ખાલી છે.

| અ.નં. | તાલુકો | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| | | ખાલી | ખાલી | ખાલી |
| ૧ | હિંમતનગર | ૦ | ૦ | ૧૮ |
| ૨ | બાયડ | ૦ | ૫ | ૧૫ |
| ૩ | ધનસુરા | ૦ | ૨ | ૬ |
| ૪ | મોડાસા | ૦ | ૪ | ૧૪ |
| ૫ | પ્રાંતિજ | ૨ | ૫ | ૧૨ |
| ૬ | તલોદ | ૦ | ૩ | ૧૨ |
| ૭ | ઈડર | ૦ | ૮ | ૧૮ |
| ૮ | વડાલી | ૦ | ૦ | ૬ |
| ૯ | માલપુર | ૦ | ૩ | ૫ |
| ૧૦ | ભિલોડા | ૦ | ૧૩ | ૨૫ |
| ૧૧ | મેઘરજ | ૦ | ૧૦ | ૧૩ |
| ૧૨ | વિજયનગર | ૦ | ૧૦ | ૧૨ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૦ | ૧૧ | ૨૦ |
| | કુલ : | ૨ | ૭૪ | ૧૭૬ |

(૨) પત્રક--અ સામેલ છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વર્ગ-૨ ના તબીબી અધિકારીઓની ખાલી જગ્યા ભરવા માટે કમિશ્નરશ્રી (આ) કચેરી ખાતે દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. આ ઉપરાંત જે તે તબીબી કોલેજો તરફથી બોન્ડેડ તબીબોની યાદી મળ્યે બોન્ડેડ તબીબોની નિમણુંક આપવામાં આવે છે. તેમજ NRHM હેઠળ પણ આયુર્વેદ તબીબો, હોમિયોપેથી તબીબોની ફિક્સ પગારની કરાર આધારીત નિમણૂંક આપવામાં આવે છે.

જિલ્લા પંચાયત સાબરકાંઠાએ તા. ૪-૪-૦૨ના પત્રથી વર્ગ-૩ના અને તા. ૨૭-૯-૦૨ થી વર્ગ-૪ ના માંગણા પત્રકો ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અમદાવાદને મોકલી આપેલ છે. અને તા. ૬-૮-૦૪ના પત્રથી ફરીથી ઉક્ત જગ્યાઓ ભરવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અમદાવાદને જણાવેલ છે. ગુજરાત પંચાયત

સેવા પસંદગી બોર્ડ મારફતે લાયક ઉમેદવારો ફાળવેથી જ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

રાજ્યના પ્રત્યેક પ્રાથમિક કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતીની રચના કરવામાં આવેલ છે. એન.આર.એચ.એમ.હેઠળ આ સમિતિની સરકારશ્રી દ્વારા નાણાકીય સહાય રૂા. ૧.૦૦ લાખ લેખે પ્રત્યેક કેન્દ્રને આપવામાં આવે છે, જેમાંથી જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરિયાત મુજબ સ્થાનિક કક્ષાએથી આઉટસોર્સથી ઉમેદવારો રાખી કામગીરી લેવામાં આવે છે. વોર્ડબોય અને વોર્ડ આયાની ખાલી જ્યાઓ કલેકટરશ્રી, સાબરકાંઠા તરફથી એજન્સી નક્કી થયેથી ભરવાનું આયોજન છે.

## પત્રક-અ

| અ.નં. | તાલુકાનું નામ | ક્રમ | પ્રા.આ.કેન્દ્રનું નામ | એમ.ઓ ક્યારથી ખાલી | સંખ્યા | લેબ.ટેક. ક્યારથી ખાલી | સંખ્યા | ફાર્માશીસ્ટ ક્યારથી ખાલી | સંખ્યા | ડ્રાઈવર ક્યારથી ખાલી | સંખ્યા | વોર્ડ આયા ક્યારથી ખાલી | સંખ્યા | વોર્ડ બોય ક્યારથી ખાલી | સંખ્યા | પાર્ટ ટાઈમ સ્વીપર ક્યારથી ખાલી | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ | હડીયોલ | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ૧૪-૭-૦૭ | ૧ |
| ૨ | | ૨ | વિરાવાડા | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩ | | ૩ | દેસાસણ | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪ | | ૪ | ચાંદરણી | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫ | | ૫ | ઈલોલ | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૬ | | ૬ | જામળા | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૭ | મોડાસા | ૭ | મોડાસા | | - | | - | ૩૦-૪-૦૯ | ૧ | ૭-૧૦-૦૮ | ૧ | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૮ | | ૮ | લીંભોઈ | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૯ | | ૯ | શીણાવાડ | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૦ | | ૧૦ | સરડોઈ | | - | | - | | - | ૭-૧૦-૦૮ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૧ | | ૧૧ | ટીંટોઈ | | - | ૩૦-૪-૦૯ | ૧ | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૨ | ધનસુરા | ૧૨ | વડાગામ | | - | | - | | - | ૧-૧-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૩ | | ૧૩ | આકરૂન્દ | | - | | - | | | ૧-૧૨-૦૪ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૪ | બાયડ | ૧૪ | આંબલીયારા | | - | | - | ૬-૧-૨૦૦૬ | ૧ | ૧-૧૨-૦૪ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૫ | | ૧૫ | ગાબટ | | - | | - | | - | ૧૭-૧-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૬ | | ૧૬ | ચોઈલા | | - | | - | | - | ૧-૧-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૭ | | ૧૭ | સાઠંબા | | - | | - | | - | ૩૧-૫-૯૮ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૮ | | ૧૮ | ડેમાઈ | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૧૯ | પ્રાંતિજ | ૧૯ | મોયદ | | - | | - | | - | ૧-૧૨-૦૪ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૦ | | ૨૦ | મજરા | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૧ | | ૨૧ | પોગલુ | | - | | - | | - | ૧-૧-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૨ | | ૨૨ | પ્રાંતિજ | | - | ૧૧-૭-૯૯ | ૧ | ૧૧-૭-૯૯ | ૧ | ૧૧-૭-૯૯ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૩ | મેઘરજ | ૨૩ | રામગઢી | | - | ૨-૧૧-૦૫ | ૧ | | - | ૮-૧-૦૮ | ૧ | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૨૪ | | ૨૪ | ઈસરી | | - | ૧-૧-૦૨ | ૧ | | - | ૭-૧૦-૦૮ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૫ | | ૨૫ | શણગાલ | | - | ૧-૧-૦૨ | ૧ | | - | | ૧ | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૨૬ | | ૨૬ | પટેલ ઢુંઢા | | - | ૬-૧-૦૫ | ૧ | ૬-૧-૦૫ | ૧ | ૭-૧૦-૦૮ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૭ | | ૨૭ | કસાણા | | - | ૧-૬-૦૩ | ૧ | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |

| અ.નં. | તાલુકાનું નામ | ક્રમ | પ્રા.આ.કેન્દ્રનું નામ | એમ.ઓ ક્યારથી ખાલી | સંખ્યા | લેબ.ટેક. ક્યારથી ખાલી | સંખ્યા | ફાર્માશીસ્ટ ક્યારથી ખાલી | સંખ્યા | ડ્રાઈવર ક્યારથી ખાલી | સંખ્યા | વોર્ડ આયા ક્યારથી ખાલી | સંખ્યા | વોર્ડ બોય ક્યારથી ખાલી | સંખ્યા | પાર્ટ ટાઈમ સ્વીપર ક્યારથી ખાલી | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ખેડબ્રહ્મા | ૨૮ | દેરોલ | | - | | - | | - | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૨૯ | | ૨૯ | મટોડા | | - | ૧-૬-૦૩ | ૧ | | - | ૧-૧૧-૦૫ | ૧ | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૩૦ | | ૩૦ | ઉંચી ધનાલ | | - | ૧-૬-૦૫ | ૧ | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩૧ | | ૩૧ | દંત્રાલ | | - | ૧-૩-૦૩ | ૧ | ૧-૧-૦૩ | ૧ | ૧-૧-૦૬ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩૨ | | ૩૨ | ખેરોજ | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩૩ | | ૩૩ | લાંબડીયા | | - | | - | ૧-૧-૦૬ | ૧ | ૧-૧-૦૩ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩૪ | | ૩૪ | દેલવાડા | | - | ૧-૩-૦૩ | ૧ | ૧-૧-૦૩ | ૧ | ૧-૧-૦૧ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩૫ | ભિલોડા | ૩૫ | ખેરાડી | | - | | - | | - | | - | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૩૬ | | ૩૬ | મુનાઈ | | - | ૪-૧૨-૦૬ | ૧ | ૩૧-૧-૨૦૦૦ | ૧ | | - | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૩૭ | | ૩૭ | લુસડીયા | | - | | - | ૨૧-૧-૨૦૦૦ | ૧ | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૩૮ | | ૩૮ | ટોરડા | | - | | - | | - | | - | - | - | ,, | ૧ | ,, | ૧ |
| ૩૯ | | ૩૯ | બામણા | | - | | - | | - | ૨-૬-૦૬ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૦ | | ૪૦ | વાંકાનેર | | - | ૬-૫-૦૬ | ૧ | ૨૯-૨-૨૦૦૦ | ૧ | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૧ | | ૪૧ | કીશનગઢ | | - | ૧-૧-૦૩ | ૧ | ૧-૧-૦૩ | ૧ | ૧-૧-૦૧ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૨ | | ૪૨ | જાબચીતરીયા | | - | ૧-૧-૦૩ | ૧ | ૧-૨-૦૩ | ૧ | ૧-૧-૦૧ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૩ | | ૪૩ | ચોરીમાલા | | - | | | ૧-૩-૦૩ | ૧ | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૪ | વિજયનગર | ૪૪ | કોડીયાવાડા | | - | ૧-૧-૦૩ | ૧ | ૧-૪-૦૩ | ૧ | ૧-૧-૦૧ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૫ | | ૪૫ | સરસવ | | - | ૧-૧-૦૩ | ૧ | ૧-૫-૦૩ | ૧ | ૧-૧-૦૧ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૬ | | ૪૬ | આંતરસુબા | | - | ૧-૧૨-૦૫ | ૧ | ૧-૧૧-૦૫ | ૧ | ૮-૧૧-૦૪ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૭ | | ૪૭ | ચિઠોડા | | - | | - | ૨-૧૨-૦૬ | ૧ | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૮ | તલોદ | ૪૮ | પુંસરી | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૪૯ | | ૪૯ | આંત્રોલી | ૨-૩-૦૯ | ૧ | | - | | - | ૬-૬-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૦ | | ૫૦ | ખેરોલ | | - | | - | ૨૮-૨૦૯ | ૧ | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૧ | | ૫૧ | અણીયોડ | ૧-૧-૦૯ | ૧ | | - | | - | ૩૧-૭-૨૦૦૦ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૨ | ઈડર | ૫૨ | જસવંતગઢ | | - | | - | ૧-૧-૦૫ | ૧ | | | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૩ | | ૫૩ | દાવડ | | - | | - | | - | ૧૮-૧૧-૦૩ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૪ | | ૫૪ | કડીયાદરા | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૫ | | ૫૫ | નવા રેવાસ | | - | ૧-૧-૦૬ | ૧ | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૬ | | ૫૬ | મુડેટી | | - | ૨૨-૬-૦૪ | ૧ | ૨૨-૬-૦૪ | ૧ | ૧-૧૧-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૭ | | ૫૭ | ચિત્રોડી | | - | | - | | - | ૨-૧૨-૦૫ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૫૮ | | | વેરાબર | | - | | - | | - | | - | | - | ,, | ૧ | ,, | ૧ |
| ૫૯ | વડાલી | | વડાલી | | - | | - | | - | | - | | - | ,, | ૧ | ,, | ૧ |
| ૬૦ | | | ડોભાડા | | - | | - | | - | ૧-૧-૦૩ | ૧ | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૬૧ | માલપુર | | જીતપુર | | - | | - | | - | | - | ૧૫-૭-૦૭ | ૧ | ,, | ૧ | ,, | ૧ |
| ૬૨ | | | સાતરડા | | - | ૧-૧-૯૬ | ૧ | ૩૦-૪-૦૪ | ૧ | ૧-૧-૦૩ | - | - | | ,, | ૧ | ,, | ૧ |
| | | | કુલ : | | ૨ | | ૨૧ | | ૨૧ | | ૩૨ | - | ૫૨ | | ૬૨ | | ૬૨ |

**નોંધ :-** પ્રા. આ. કેન્દ્રમાં કેન્દ્ર દીઠ એક પાર્ટ ટાઈમ સ્વીપરની ૬૨ જગ્યા આઉટ સોર્સથી ભરેલ છે. દરેક પ્રા.આ. કેન્દ્રમાં એક ડેટા એન્ટ્રી કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા એન.આર.એચ.એમ. મારફતથી ભરેલ છે. તા. ૧-૪-૦૫ થી બ્લોક હેલ્થ ઓફિસ અસ્તિત્વમાં આવતા સીની. કલાર્કની જગ્યાઓ બી.એચ.ઓ. ખાતે ૩૪ જગ્યા તબદીલ કરેલ છે. અને બી.એચ.ઓ ખાતે વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ ઉભી કરવા સીની. કલાર્કની બાકીની ૨૮ જગ્યાઓ રદ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં નવા હેન્ડ પંપો તેયાર કરવા બાબત**

૧૦૨૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા નવા હેન્ડ પંપો મંજૂર કરી તેયાર કરવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા હેન્ડ પંપ બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૬૨ નવા હેન્ડ પંપો મંજૂર કરી તેયાર કરવામાં આવ્યા તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | નવા મંજૂર કરી તેયાર કરવામાં આવેલ હેન્ડ પંપની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| ૧ | આણંદ | ૬ | ૧૪ |
| ૨ | ઉમરેઠ | ૧૬ | ૨૧ |
| ૩ | બોરસદ | ૯ | ૨૫ |
| ૪ | આંકલાવ | ૪ | ૬ |
| ૫ | પેટલાદ | ૫ | ૧૬ |
| ૬ | સોજીત્રા | ૦ | ૧૪ |
| ૭ | ખંભાત | ૫ | ૨૧ |

(૨) તે પેકી કોઈ હેન્ડપંપ બંધ હાલતમાં નથી.

------------

**સરદાર સરોવર યોજનાથી જામનગર જિલ્લાને સિંચાઈનો લાભ**

૧૧૩૬૦**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજનાથી જામનગર જિલ્લાના ખેતીવાડી વિસ્તારને સિંચાઈનો લાભ પ્રાપ્ત થવાનો નથી, પરંતુ અન્ય રીતે સરદાર સરોવર યોજના અન્વયે ચોમાસા દરમિયાન આવતા પુરના પાણીનો સદ્‌ઉપયોગ કરીને પાઈપલાઈન યોજના દ્વારા સરકાર જામનગર જિલ્લાની મુખ્ય નદીઓને જોડાવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં આ યોજના હાથ ધરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી

(૨) કાર્યવાહી પ્રાથમિક તબક્કે હોઈ, ચોક્કસ સમય મર્યાદા આપવી શક્ય નથી.

------------

**જામનગર જિલ્લામાં નર્મદાનું પાણી**

૧૦૮૧૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નર્મદા યોજનાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચે મુજબ ૮૭ ગામ અને ૯ શહેરોને

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પાણી પૂરૂ પાડવામાં આવતા ગામો/શહેર | |
|---|---|---|---|
| | | ગામો | શહેર |
| ૧ | જામનગર | ૨૪ | ૫ |
| ૨ | ધ્રોળ | ૧૧ | ૧ |
| ૩ | જોડીયા | ૩૯ | ૦ |
| ૪ | કાલાવાડ | ૪ | ૧ |
| ૫ | ખંભાળીયા | ૯ | ૨ |

(૨) જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોને આ

(૨) નીચે મુજબ ૬૧૧ ગામો અને ૭ શહેર

પાણી આપવાનું બાકી છે,

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ બાકી રહેતા | |
|---|---|---|---|
| ૧ | જામનગર | ગામો | શહેર |
| ૨ | ધ્રોળ | ૩૦ | ૦ |
| ૩ | જોડીયા | ૧૨ | ૦ |
| ૪ | લાલપુર | ૭૨ | ૦ |
| ૫ | કાલાવાડ | ૯૪ | ૦ |
| ૬ | ખંભાળીયા | ૭૩ | ૦ |
| ૭ | જામજોધપુર | ૬૯ | ૧ |
| ૮ | ભાણવડ | ૮૦ | ૧ |
| ૯ | કલ્યાણપુર | ૬૫ | ૦ |
| ૧૦ | દ્વારકા | ૪૧ | ૫ |

(૩) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં નર્મદાનું પાણી પૂરૂં પાડવામાં આવશે, અને

(૩) બાકી રહેતા ગામોને તબક્કાવાર માહે ૩/૨૦૧૦ સુધીમાં પૂરૂ કરવાનું આયોજન છે.

(૪) હાલ જામનગર શહેર અને જામનગર જિલ્લામાં દરરોજ કેટલો પાણીનો જથ્થો ફાળવવામાં આવે છે?

(૪) હાલ જામનગર શહેરને સરેરાશ ૨.૫ થી ૩ કરોડ લીટર તથા જામનગર જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોને સરેરાશ ૨ કરોડ લીટર અને ઓદ્યોગિક એકમોને સરેરાશ ૨.૧ કરોડ લીટર પાણી આપવામાં આવે છે.

------------

**મોરવાડા ગામના રસ્તા પાસે પુલ બનાવવા બાબત**

૯૯૦૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન**

(૧) વડીયા સુરવો નદીના ડેમના પાણીના ભરાવાથી મોરવાડા ગામ જવાનો ખેડુતોનો કાયદેસરનો રસ્તો બંધ થઈ જાય છે, તે હકીકત સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ રસ્તા ઉપર કેટલા સમયમાં પુલ બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : ગાડામાર્ગ અંશતઃ ડુબમાં જાય છે પરંતુ વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોઈ, પુલ બનાવવાનું હાલમાં આયોજન નથી

------------

**આણંદ જિલ્લાના મહી નદીના કાંઠાના ગામોમાં જમીનોનું ધોવાણ અટકાવવા બાબત**

૧૦૯૩૯**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં મહી નદી કાંઠાના ગામોમાં ભારે વરસાદ થતાં માટીનું ધોવાણ થઈ જમીનનું કોતરમાં રૂપાંતર થઈ જાય છે એ સરકાર જાણે છે,

(૨) જો હા તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ હયાત કોતરોમાં આડબંધ બાંધી સરકાર જમીનનું ધોવાણ અટકાવવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો સરકાર કેટલા સમયમાં આયોજન કરી આડબંધ બાંધી નદી કાંઠાના ગામોની જમીનનું ધોવાણ થતું અટકાવવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આ પ્રકારનું ધોવાણ અટકાવવા કોતરમાં આડબંધ, પૂર સંરક્ષણ દિવાલ, વિગેરે બનાવવાનું આયોજન છે. જે સ્થળની તાંત્રિક દ્રષ્ટિએ યોગ્યતા ચકાસી, નાણાકીય અનુદાનની ઉપલબ્ધી અનુસાર કરવામાં આવશે.હાલમાં, મંજુર થયેલ ૧૪ કામો પેકી ૧ કામ પૂર્ણ થયેલ છે જ્યારે ૧૩ કામો પ્રગતિ હેઠળ છે.

------------

**વઢવાણ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠા યોજનાઓ**

૧૧૧૮૫**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત નહી પરંતુ સરખા ધારા ધોરણ મુજબની રાજ્ય સરકાર પુરસ્કૃત સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય)હેઠળ ૧૬ યોજનાઓ મંજૂર થઈ.

(૨) મંજૂર થયેલ યોજનાઓ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

(૨) ૫ યોજનાઓ પૂર્ણ થયેલ છે અને ૮ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.

------------

**સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં ગાયનેકોલોજીસ્ટ અને ઓર્થોપેડીક ડોક્ટરની ખાલી જગ્યાઓ બાબત**

૧૦૪૩૨**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા મુકામે ૮૦ પથારીની સરકારી સિવિલ હોસ્પિટલ આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ હોસ્પિટલમાં ગાયનેકોલોજીસ્ટ અને ઓર્થોપેડીક ડોક્ટરની જગ્યા ખાલી હોવાના કારણે દર્દીઓને ખૂબ જ મુશ્કેલી પડે છે તે સરકાર જાણે છે, અને

(૩) જો, હા, તો ઉક્ત જગ્યા સરકાર ક્યારે ભરવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) ગાયનેકોલોજીસ્ટની જગ્યા ખાલી છે. પરંતુ વર્ગ-૨ના બે તબીબી અધિકારીઓએ એમ.ટી.પી.ની તાલીમ મેળવેલ હોય તેમના ધ્વારા ગાયનેકની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

ઓર્થોપેડીક સર્જનની જગ્યા મંજૂર થયેલ નથી. પરંતુ રોગી કલ્યાણ સમીતી ધ્વારા અઠવાડીયામાં એક દિવસ ઓર્થોપેડીક સર્જનની સેવાઓ લેવામાં આવે છે.

(૩) ગાયનેકોલોજીસ્ટ, વર્ગ-૧ની જગ્યા સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોક્લવામાં આવેલ છે તે અન્વયે આયોગ ધ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ એડહોક નિમણુંક માટે દર મંગળવારે યોજવામાં આવતાં વોક-ઈન ઈન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

------------

**રાજકોટ જિલ્લાના યાત્રાધામોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૦૦૭૯**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં આવેલ યાત્રાધામ વિકાસ માટે તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ આપવામાં આવી,

(૨) ક્યા ક્યા યાત્રાધામો માટે ઉક્ત ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા કોઈ પવિત્ર યાત્રાધામ જાહેર કરવામાં આવેલ નથી. આથી પવિત્ર યાત્રાધામ વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ રાજકોટ જિલ્લા ખાતે રાજ્ય સરકાર હસ્તકના ૮ દેવસ્થાનો આવેલ છે, તેની યાદી નીચે મુજબ છે.

૧. શ્રી વાઘ મંદિર, મોરબી
૨. શ્રી રામમહોલ મંદિર, મોરબી
૩. શ્રી રામજી મંદિર, ગાળા
૪. શ્રી ખાખરેચી જેડેશ્વર મંદિર, ખાખરેચી, માળીયા- મીયાણા
૫. શ્રી મોરલીમનોહર મંદિર (ધોરાજી ધર્મશાળા), ધોરાજી
૬. શ્રી રૂગનાથજી મંદિર, સુપેડી
૭. શ્રી લાલા ભગતની જગ્યા, સીધાવદર, વાંકાનેર
૮. શ્રી ઘેલા સોમનાથ મંદિર, સોમપીપળીયા, જશદણ

(૨) રાજકોટ જિલ્લામાં આવેલ મંદિરો તેમજ દેવસ્થાનો માટે તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ

છે.

**વર્ષ ૨૦૦૬-૦૭**

૧. રફાળેશ્વર, તા. મોરબી, રૂા. ૧૧.૬૬ લાખ

૨. ઘેલા સોમનાથ મહાદેવ મંદિર, સોમપીપળીયા, તા. જશદણ રૂા. ૫૮.૩૫ લાખ

**વર્ષ ૨૦૦૭-૦૮**

૧. ઘેલા સોમનાથ મહાદેવ, સોમપીપળીયા, તા. જશદણ રૂા. ૪૮.૦૦ લાખ

૨. સંત પાલણપીર દાદાની જગ્યા, મુ. હડમતીયા તા. ટંકારા રૂા. ૧૦.૦૦ લાખ

**વર્ષ ૨૦૦૮-૦૯**

૧. લાલા ભગતની જગ્યા, સિંધાવદર, રૂા. ૧.૦૦ લાખ

(૩) ક્યા ક્યા કામો માટે ઉક્ત ગ્રાન્ટ વાપરવામાં આવેલ છે?

(૩) દેવસ્થાનો માટે જે ગ્રાન્ટ વાપરવામાં આવેલ છે તે અંગેની કામોની વિગતો વર્ષવાર નીચે મુજબ છે. તેમજ દેવસ્થાનો ઉપરાંત રાજકોટ જિલ્લામાં યાત્રિકો તેમજ પ્રવાસીઓની સુવિધા માટે જે તે જગ્યાએ પ્રવાસન વિકાસ માટેના કામો કરવામાં આવેલ છે, તે અંગેનું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

| ક્રમાંક | પ્રવાસન સ્થળ અને યાત્રાધામના સ્થળની વિગત | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | કરવામાં આવેલ કામોની વિગત |
|---|---|---|---|
| ૧ | મચ્છુ-૨ ડેમ સાઈટ, જોધપુર, તા. મોરબી | ૩૦.૯૪ | ૧. બોટીંગની ફેસીલીટી<br>૨. બગીચો અને ક્રીડાંગણના સાધનો<br>૩. ટોયલેટ બ્લોક<br>૪. બગીચાને વાયર ફેન્સીંગ અને પાણી પુરવઠાની લાઈન તથા ઈલેક્ટ્રીક સપ્લાય. |
| ૨ (અ)<br>(બ)<br>(ક) | સરવળા, માળીયા-મીયાણા,<br>ફાળેશ્વર મંદિર, તા મોરબી<br>વવાણીયા, તા. માળીયા-મીયાણા | ૧૧.૬૬ | ૧. રોડ ઉપર સાઈન બોર્ડ મુકવાની કામગીરી.<br>૨. સરવળની પ્રાચીન વાવ ખાતે પી.વી.સી. પાઈપલાઈન.<br>૩. જ્ઞાન મંદિરથી ઝાંપા તરફ સીધો રસ્તો સીમેન્ટ રોડ બનાવવાનું કામ, કી.મી. ૦.૦૦૦ થી ૦.૫૭૫ વવાણીયા |
| ૩ | ગોંડલાધાર, તા. જસદણ | ૦.૮૭ | ગોંડલાધાર થી ઘેલા સોમનાથ સુધીના રસ્તાની કામગીરી |
| ૪ | નવાગઢ તા. જેતપુર | ૦.૧૭ | રોડ ઉપર પ્રવાસનના બોર્ડ મુકવા બાબત. |
| ૫ | શેલ ગુફા, ખંભાલીડા તા. ગોંડલ | ૦.૨૭ | ખંભાલીડા શેલ ગુફા ખાતે બોર તથા હેન્ડ પંપનું કામ |
| ૬ | જામટાવર, રાજકોટ શહેર | ૩.૪૧ | ટાવરના રીનોવેશન તથા સુધારા વધારા |
| ૭ | અનલગઢ, તા. ગોંડલ | ૧૫.૭૦ | (૧) મહાકાળી માતાજી મંદિરના પ્રવાસીઓની સુવિધા માટે બોર, ઈલેક્ટ્રીક ક્નેક્શન, પંપ કેબીન, પાણીની પાઈપ લાઈન વીસ હજાર લીટર પાણીનો ટાંકો, સ્ટેન્ડ પોસ્ટ વગેરેના કામો<br>(૨) માતાજીના પ્રાચીન મંદિરના પગથીયા બનાવવાનું કામ<br>(૩) સનસેટ પોઈન્ટ બનાવવાનું કામ<br>(૪) માતાજીના મંદિર પાસે ગાર્ડ વોલ બનાવવાનું કામ. |
| ૮ | ટંકારા, તા. ટંકારા | ૪.૯૫ | ૧. મુખ્ય દરવાજા પાસે આર્યસમાજ ચોકમાં ફુવારો બાંધવાનું કામ<br>૨. ગાર્ડન માટે આર.સી.સી. પ્લીન્થ બનાવવાનું કામ<br>૩. ટોયલેટ બ્લોક બાંધવાનું કામ. |
| ૯ | મીનળવાવ, વિરપુર | ૦.૪૦ | મીનળવાવ ખાતે હેન્ડ પંપ |
| ૧૦ | ઘેલા સોમનાથ મહાદેવ મંદિર, સોમપીપળીયા તા. જસદણ | ૫૮.૩૫ | ૧. ઘેલા સોમનાથ મહાદેવ મંદિર માટે ટાંકો, પાઈપલાઈન તથા સમ્પનું કામ.<br>૨. યાત્રાળુઓની સુવિધા માટે નવા ૧૨ રૂમો સંપૂર્ણ સુવિધાવાળા સાથેના તેમજ ભોંયતળીયે ૧૮૦" x ૨૩" નો સળંગ હોલ.<br>૩. યાત્રાળુઓની સુવિધા માટે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ડોરમેન્ટરી સાથેના બે રૂમ, બાથરૂમ, સંડાસની સુવિધાવાળા ચાર બ્લોકનું મકાન.<br>૪. જસદણ ઘેલા સોમનાથ રોડ ઉપર ગોંડલાધાર ગામ પાસે સી.સી.રોડનું કામ. |
| ૧૧ | હિંગોળગઢ અભ્યારણ્ય, તા.જસદણ. | ૧૮.૬૩ | ૧. હિંગોળગઢ અભ્યારણ્યમાં પીવાના પાણીની સુવિધા અને બોર કરવાનું કામ.<br>૨. હિંગોળગઢના પ્રકૃતિ શિક્ષણ અભ્યારણ્ય ભીમકુઇ રોડના મરામતની કામગીરી.<br>૩. નાળીયેરી વોચ ટાવર તથા ભીમકુઇના રસ્તાના મરામત બાબત.<br>૪. પ્રવાસીઓ માટે વાંસની હટની કામગીરી. |

| ક્રમાંક | પ્રવાસન સ્થળ અને યાત્રાધામના સ્થળની વિગત | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | કરવામાં આવેલ કામોની વિગત |
|---|---|---|---|
| | | | ૫. Evaluation of Life (સરીસૃપ, વનસ્પતિ, પ્રાણીઓ અને માનવી) મોડેલ સાથે.<br>૬. અભ્યારણ્યના મુખ્ય રસ્તા ઉપર બંને બાજુઓ ૧૦૦ મીટરના અંતરે પ્રાણી અને પક્ષીઓના ચિત્રોના બોર્ડ ૨ કિ.મી. લંબાઇમાં લગાવવાની કામગીરી.<br>૭. પ્રવાસીઓ માટે પીવાના પાણીની સુવિધા RO System વોટર કુલર સાથે.<br>૮. ઇકો ટુરીઝમના સાહિત્યનું પ્રકાશન.<br>૯. મુખ્ય રસ્તા ઉપરના મુખ્ય દરવાજા પાસે વન કુટીર.<br>૧૦. મુખ્ય દરવાજા પાસે ગોળાઈમાં રોડ અને કેક્ટસ ગાર્ડનનું નિર્માણ.<br>૧૧. બગોદરા ચોકડી, ધંધુકા ચોકડી અને ચોટીલા ચોકડી, પાળીયાદ ચોકડી પાસે બોર્ડ મુકવાની કામગીરી.<br>૧૨. પ્રવાસન વર્ષ નિમિત્તે શૈક્ષણિક કેમ્પ (બે રાત્રી/ત્રણ દિવસના) રહેવા અને જમવા સાથે કેમ્પ દીઠ ૫૦ થી ૫૫ શિબિરાર્થીઓ.<br>૧૩. પ્રકૃતિ શિક્ષણ માટે ખડકાણા ગામે ૧ હેક્ટર જમીનમાં ઓષધિય વન તથા કુંડામાં રોપ ઉછેર,<br>૧૪. ઈન્ટરપ્રિટેશન સેન્ટર તથા ઓષધિય વન પ્રદર્શન માટે પગપાળા ટ્રેક ડેવલપમેન્ટ. |
| | કુલ : | ૧૪૫.૩૫ | |

## સને ૨૦૦૭-૦૮ વર્ષ માટે રાજકોટ જિલ્લા માટે પ્રવાસન અને યાત્રાધામના વિકાસ માટે હાથ ધરેલ કામો અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું પત્રક

| ક્રમાંક | પ્રવાસન સ્થળ અને યાત્રાધામની સ્થળની વિગત | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | કરવામાં આવેલ કામોની વિગત |
|---|---|---|---|
| ૧ | ઘેલા સોમનાથ મહાદેવ મંદિર, સોમપીપળીયા, તા. જસદણ | ૪૮.૦૦ | ઘેલા સોમનાથ મંદિરના જીર્ણોધ્ધાર, ગાર્ડન, કંમ્પાઉન્ડ વોલ તથા મીનળદેવી મંદિરે જવા માટે બુગદાનું કામ. |
| ૨ | વાઈલ્ડ ફ્લાવર પ્રોજેક્ટ (ઈશ્વરીયાપાર્ક), માધાપર, તા. રાજકોટ | ૫૭.૩૩ | પીક્નીક પોઈન્ટના વિકાસ માટે |
| ૩ | સંત પાલણપીર દાદાની જગ્યા, મુ. હડમતીયા, તા. ટંકારા | ૧૦.૦૦ | પ્રવાસી ભક્તજનો માટે કમ્પાઉન્ડ વોલ, ટોઈલેટ બ્લોક તથા ગ્રાઉન્ડની ભરતી આર.સી.સી. સ્લેબવાળા શેડમાં મરામતનું કામ, તળાવ કામ, પીંજરા સાથે રોપનું વાવેતર, તળાવની બોર્ડર ઉપર વાયર ફેન્સીંગ, વનકુટીર તેમજ વનકુટીરની આજુબાજુ વૃક્ષારોપણનું કામ. |
| | કુલ : | ૧૧૫.૩૩ | |

## સને ૨૦૦૮-૦૯ વર્ષ માટે રાજકોટ જિલ્લા માટે પ્રવાસન અને યાત્રાધામના વિકાસ માટે હાથ ધરેલ કામો અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું પત્રક

| ક્રમાંક | પ્રવાસન સ્થળ અને યાત્રાધામની સ્થળની વિગત | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | કરવામાં આવેલ કામોની વિગત |
|---|---|---|---|
| ૧ | ઓસમ ડુંગર, પાટણવાવ તા. ધોરાજી | ૫૫.૦૦ | ઓસમ ડુંગર ખાતે આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે તળેટીમાં બગીચો, બાલક્રીડાગણ, ડુંગર ઉપર જતા પગથીયા, રેલીંગ, લાઈટીંગ, જાળી કામ, તળાવ વિકાસ, ટોયલેટ બ્લોક, ડુંગર ઉપર નાનો બગીચો, નાનું બાળક્રીડાગણ, યાત્રીઓ માટે બેસવાના બાંકડા વગેરેની કામગીરી. |
| ૨ | વીરપુર ખાતે રસ્તા પરની સુવિધા | ૪૯.૦૪ | વીરપુર ખાતે રસ્તા પરની સુવિધામાં રેસ્ટરૂમ-૨, દુકાન-૪, ડાઈનીંગ હોલ, કીચન, સ્ટોર, કોમન ટોયલેટ બ્લોક, ઓપન કાફેટેરીયા, લેન્ડ સ્કેપીંગ, બેસવાના બાંકડા, |

| | | | |
|---|---|---|---|
| | | | પાર્કીંગની સુવિધા વિગેરેની કામગીરી. |
| ૩ | લાલા ભગતની જગ્યા સિંધાવદર | ૧.૦૦ | આંતરમાળખાકીય સુવિધાઓની કામગીરી |
| | **કુલ :** | **૧૦૫.૦૪** | |

------------

**ચોટીલા યાત્રાધામને ફાળવવામાં આવેલ રકમ**

૧૦૦૭૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામ ચોટીલાના ચામુંડા માતાના મંદિરને પ્રવાસન તેમજ યાત્રાધામ તરીકે વિકસાવવા સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલી રકમ ફાળવેલ છે, અને

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ તા. ૩૧-૫-૦૯ સુધીમાં કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ચોટીલા ચામુંડા માતાનું મંદિર ગુજરાતમાં સુપ્રસિધ્ધ હોઈ, દર્શનાર્થીઓ પણ મોટી સંખ્યામાં લાભ લેતા હોઈ, રાજ્ય સરકાર દ્વારા ચોટીલા તળેટીમાં ભક્તિવન નિર્માણ કરવામાં આવ્યું છે અને રૂપિયા ૧૬૮.૫૦ લાખનું કુલ અનુદાન પ્રવાસન નિગમ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આપવામાં આવ્યું છે.

આ મંદિર સુપ્રસિધ્ધ અને પૌરાણિક અને ધાર્મિક રીતે મહત્વનું હોઈ, રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે.

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી રૂપિયા ૯૭,૭૧,૬૬૧/-ની રકમનો ખર્ચ તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં કરવામાં આવેલ છે.

------------

**સાવલી નગરપાલિકામાં સ્વજલધારા યોજના અંતર્ગત ચૂકવણાંની ફરિયાદો**

૧૦૬૬૬**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી નગરપાલિકામાં સ્વજલધારા યોજના હેઠળ બનાવેલ ટાંકીઓ-પાઈપલાઈનમાં કોન્ટ્રાકટરોને બારોબાર ચૂકવણું થયાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સિપુ સિંચાઈ યોજનાના લાભ બાબત**

૧૧૨૮૪**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની સિપુ સિંચાઈ યોજના કઈ સાલમાં થઈ હતી,

(૨) ઉક્ત યોજનાનો લાભ ખેડૂતોને આપવામાં આવ્યો છે ખરો, અને

(૩) જો ના, તો તેનાં કારણો શાં?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની સિપુ યોજના વર્ષ ૨૦૦૦માં પૂર્ણ થઈ હતી.

(૨) હા, જી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેરાલુ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠા યોજનાઓ**

૧૧૧૮૩**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૧) સ્વજલધારા યોજના નહીં પરંતુ રાજ્ય સરકાર પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) ૧૫ યોજનાઓ મંજૂર થઈ.

(૨) તે પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

(૨) ૧ યોજના પૂર્ણ થઈ છે અને ૧૪ યોજનાઓ પ્રગતિમાં છે.

### રાજકોટ જિલ્લાની નગરપાલિકામાં ઘનક્ચરાના નિકાલની વ્યવસ્થા

૧૧૧૭૩**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં ઘન ક્ચરાના નિકાલ માટે સરકારે શું વ્યવસ્થા અમલમાં મૂકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી નગરપાલિકાઓમાં ઘન ક્ચરાનું ડોર ટુ ડોર ક્લેકશન કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કુલ-૩ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે જેમાં

- જસદણ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- વાંકાનેર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- ભાયાવદર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.

(૨) રાજકોટ જિલ્લાની ગોંડલ, ધોરાજી, ઉપલેટા, વાંકાનેર, જેતપુર, મોરબી, ભાયાવદર, જસદણ અને માળીયા-મિયાણા એમ કુલ-૯ નગરપાલિકાઓમાં દ ાનક્ચરાનું ડોર ટુ ડોર ક્લેકશન કરવામાં આવે છે.

### સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપ બનાવવા બાબત

૧૦૮૫૨**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલા હેન્ડ પંપો કરવામાં આવ્યા,

(૨) આ હેન્ડપમ્પો કેટલી ઉંડાઈના કરવામાં આવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ હેન્ડ પમ્પોમાંથી કેટલા ચાલુ હાલતમાં છે, અને

(૪) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | વર્ષવાર કરવામાં આવેલ હેન્ડપંપોની વિગત | | | |
|---|---|---|---|---|---|
| | | ૦૬-૦૭ | ૦૭-૦૮ | ૦૮-૦૯ | કુલ |
| ૧ | હિંમતનગર | ૨૨ | ૭ | ૭ | ૩૬ |
| ૨ | પ્રાંતિજ | ૪ | ૪ | ૧ | ૯ |
| ૩ | તલોદ | ૨૩ | ૨૨ | ૨૪ | ૬૯ |
| ૪ | ઈડર | ૨૦ | ૧૧ | ૧૮ | ૪૯ |
| ૫ | વડાલી | ૩ | ૨ | ૨ | ૭ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૬૫ | ૧૧૬ | ૧૪૬ | ૪૨૭ |
| ૭ | વિજ્યનગર | ૧૦૩ | ૪૬ | ૧૦૯ | ૨૫૮ |
| ૮ | ભિલોડા | ૧૭૯ | ૯૯ | ૧૨૪ | ૪૦૨ |
| ૯ | મેઘરજ | ૧૭૧ | ૧૧૯ | ૬૧ | ૩૫૧ |
| ૧૦ | મોડાસા | ૪૧ | ૪૧ | ૩૮ | ૧૨૦ |
| ૧૧ | ધનસુરા | ૨૪ | ૧૫ | ૯ | ૪૮ |
| ૧૨ | માલપુર | ૫૭ | ૨૫ | ૩૬ | ૧૧૮ |
| ૧૩ | બાયડ | ૩૩ | ૮ | ૩૯ | ૮૦ |
| **કુલ** | | **૮૪૫** | **૫૧૫** | **૬૧૪** | **૧૯૭૪** |

(૨) આ હેન્ડપંપો ૬૭.૦૦ મીટરથી ૧૧૦.૦૦ મીટર સુધીની ઉંડાઈના કરવામાં આવે છે.

(૩) ૧૯૪૪ હેન્ડપંપો ચાલુ હાલતમાં છે.

(૪) થયેલ ખર્ચ વર્ષવાર રૂા.લાખમાં.

| ૦૬-૦૭ | ૦૭-૦૮ | ૦૮-૦૯ | કુલ |
|---|---|---|---|
| ૩૯૭.૫૫ | ૨૪૦.૧૭ | ૨૯૯.૨૨ | ૯૩૬.૯૪ |

------------

### પાવાગઢ મુકામે મહાકાળી માતાજીના મંદિરમાં થયેલ આવક

૧૦૦૬૪**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં પાવાગઢ મુકામે મહાકાળી માતાજીના મંદિરમાં કેટલી આવક થઈ, | (૧) વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન મહાકાળી માતાજીના મંદિરમાં ઓડિટ હિસાબો મુજબ કુલ રૂા.૨,૭૮,૩૪,૪૬૬/- (અંકે રૂપિયા બે કરોડ ઈઠોતેર લાખ ચોત્રીસ હજાર ચારસો છાસઠ પૂરા) ની આવક થયેલ છે. |
| (૨) યાત્રાળુઓની સુવિધાઓ માટે મંદિરની આવકમાંથી કોઈ ખર્ચ કરવામાં આવે છે કે કેમ, | (૨) રૂા.૧૧,૧૧૦/- (અંકે રૂપિયા અગિયાર હજાર એક્સો દસ પૂરા) ની રકમ યાત્રાળુઓની સુવિધા માટે ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો કઈ કઈ સુવિધાઓ માટે ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) ઉપરોક્ત મુદ્દા ક્રમાંક : ૨ અન્વયેની વિગતે યાત્રાળુઓની સુવિધા માટે કરવામાં આવેલ ખર્ચ રૂા.૧૧,૧૧૦/- (અંકે રૂપિયા અગિયાર હજાર એક્સો દસ પૂરા) શ્રીફળ સ્ટેન્ડ બનાવવા માટે ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) વર્ષ દરમિયાન કેટલો ખર્ચ થયો ? | (૪) વર્ષ દરમ્યાન થયેલ કુલ ખર્ચ રૂા.૨૩,૫૮,૮૭૭/- |

------------

**ભરૂચ જિલ્લામાં મેડીકલ અને ડેન્ટલ કોલેજ સ્થાપવા માટેની દરખાસ્તો**

૧૦૦૮૨**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં મેડીકલ અને ડેન્ટલ કોલેજ સ્થાપવા માટે કેટલી દરખાસ્તો સરકાર પાસે પડતર છે, | (૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ-<br>(૧) ભરૂચ જિલ્લામાં મેડીકલ કોલેજની દરખાસ્ત મળેલ નથી.<br>(૨) ભરૂચ જિલ્લામાં ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી ભરૂચ ડેન્ટલ કોલેજની દરખાસ્ત પડતર છે. |
| (૨) ઉક્ત દરખાસ્તો પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) નેશનલ ક્મીશન ફોર માઈનોરીટી એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશન્સ નવી દિલ્હી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે લીટીગેશન થતા ભરૂચ જિલ્લામાં ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી ભરૂચ ડેન્ટલ કોલેજની દરખાસ્ત પડતર છે. |
| (૩) તેનો નિકાલ ક્યા સુધીમાં કરવામાં આવશે ? | (૩) નેશનલ ક્મીશન ફોર માઈનોરીટી એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશન્સ નવી દિલ્હીના આદેશ મુજબ જરૂરી મંજૂરી મળેથી. |

------------

**મહી પરીએજ આધારિત પાણી ગારીયાધારને આપવા બાબત**

૧૦૦૯૨**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધારને મહી પરીએજ આધારિત પાણી આપવા માટે દામનગર ખાતે અલગ સંપ બનાવેલ હોવા છતાં મશીનરી ફીટ થયેલ નથી તેના શાં કારણો છે, અને | (૧) ગારીયાધાર માટે અલગ સંપ બનાવેલ નથી. દામનગર ખાતેના હયાત સંપ ઉપર મશીનરી ફીટ કરેલ છે અને હાલ ગારીયાધારને જરૂરીયાત મુજબનું પાણી મળી રહે છે. |
| (૨) ઉક્ત સંપ ઉપર સરકાર કેટલા સમયમાં મશીનરી ફીટ કરવા માગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જૂનાગઢ જિલ્લાની નગરપાલિકામાં ઘનક્ચરાના નિકાલની વ્યવસ્થા**

૧૧૧૭૪ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં ઘન ક્ચરાના નિકાલ માટે સરકારે શી વ્યવસ્થા અમલમાં મૂકેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની કુલ-૭ નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે જેમાં

- ઉના નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- કોડીનાર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- માણાવદર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- ચોરવાડ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- વિસાવદર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- વંથલી નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- બાંટવા નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી નગરપાલિકાઓમાં ઘન ક્ચરાનું ડોર ટુ ડોર ક્લેક્શન કરવામાં આવે છે ?

**જવાબ**

(૨) જૂનાગઢ જિલ્લાની ઉના, વેરાવળ, ચોરવાડ, કેશોદ, માંગરોળ, વિસાવદર, માણાવદર, તલાલા, કોડીનાર, સુત્રાપાડા, વંથલી અને બાંટવા એમ કુલ-૧૨ નગરપાલિકાઓમાં ઘનક્ચરાનું ડોર ટુ ડોર ક્લેક્શન કરવામાં આવે છે.

------------

**૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદીનો ખર્ચ**

૧૦૫૩૦**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની સંખ્યા કેટલી છે,

(૨) સદરહુ એમ્બ્યુલન્સની ખરીદીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ પૈકી કેટલી રકમનો ફાળો કેન્દ્ર સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૪૦૦

(૨) રૂા.૪૧૬૨.૯૫ લાખ.

(૩) આ યોજના ભારત સરકાર પુરસ્કૃત નથી. ગુજરાત સરકારે હેદરાબાદની ખાનગી સંસ્થા ઈમરજન્સી મેડીક્લ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (EMRI) સાથે એમ.ઓ.યુ. કરી ૧૦૮ની સુવિધા ગુજરાતના નાગરિકો માટે ઉપલબ્ધ કરાવેલ છે, જો કે ગુજરાતને ફાળે મળેલ એન.આર.એચ. એમ.ની ગ્રાન્ટમાંથી રૂા.૪૧૬૨.૯૫ લાખ ""૧૦૮ એમ્બ્યુલન્સ"" વાનની કેપીટલ કોસ્ટ માટે ગુજરાત સરકારે સ્વવિવેકનો ઉપયોગ કરી આ સેવાને પ્રાથમિક્તા આપવા માટે ગુજરાત સરકારે ફાળવણી કરેલ છે. આ ઉપરાંત આ સેવા ચલાવવા માટેનો અંદાજે વાર્ષિક ખર્ચ રૂા.૩૨૦૦.૦૦ લાખ સંપૂર્ણપણે રાજ્ય સરકાર ઉઠાવે છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓ**

૧૧૩૬૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પાણી પુરવઠા યોજનાઓ હયાત છે,

**જવાબ**

(૧) ૧૭૧૨ યોજનાઓ તાલુકાવાર વિગતો *પત્રક મુજબ.

**પ ત્ર ક - ૧**

| અ.નં. | તાલુકો | યોજનાનો પ્રકાર | | |
|---|---|---|---|---|
| | | જુથ યોજનાની સંખ્યા | સ્વતંત્ર પાઈપ યોજનાની સંખ્યા | હેન્ડ પંપ યોજનાની સંખ્યા |
| ૧ | હિંમતનગર | ૨ | ૧૬૧ | ૫ |
| ૨ | ઈડર | ૩ | ૨૮ | ૧૪ |
| ૩ | વડાલી | ૩ | ૧૬ | ૧૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧ | ૪૩ | ૧૨૨ |
| ૫ | પ્રાંતિજ | ૧ | ૬૦ | ૦ |
| ૬ | તલોદ | ૩ | ૭૫ | ૦ |
| ૭ | મેઘરજ | ૦ | ૩૬ | ૧૭૭ |
| ૮ | માલપુર | ૦ | ૫૮ | ૧૦૪ |
| ૯ | ભિલોડા | ૩ | ૪૭ | ૧૦૦ |
| ૧૦ | વિજયનગર | ૦ | ૧૭ | ૯૦ |
| ૧૧ | મોડાસા | ૧ | ૧૩૯ | ૬૬ |
| ૧૨ | બાયડ | ૨ | ૮૦ | ૧૧૧ |
| ૧૩ | ધનસુરા | ૧ | ૭૮ | ૫૩ |
| | **કુલ :** | ૨૦ | ૮૩૮ | ૮૫૪ |

(૨) ઉક્ત યોજનાઓ પેકી કેટલી યોજનાઓ ચાલુ છે,

(૩) કેટલી યોજનાઓ બંધ છે, અને

(૪) બંધ યોજનાઓ ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ?

(૨) ખંડ-૧ માં દર્શાવેલ તમામ ૧૭૧૨ યોજનાઓ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ધ્રોલ તાલુકાના મોરઘુના વોકળા પર સિંચાઈ યોજના**

૧૧૩૭૪ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુધાઘ ુના ગામ પાસે મોરઘુના વોકળા પર થનાર સિંચાઈ યોજના લાંબા સમયથી સરકારમાં પડતર છે તે હકીક્ત સાચી છે,

(૨) આ સિંચાઈ યોજના તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુધાઘુના ગામ પાસે મોરઘુના વોકળા ઉપર થનાર નાની સિંચાઈ યોજનામાં જંગલ ખાતાની ૫૯-૫૪-૪૪ હેક્ટર જમીન સંપાદનમાં આવતી હોઈ, યોજના આર્થિક રીતે પોષણક્ષમ રહેતી ન હોવાથી યોગ્ય તે નિર્ણય સારૂ વિચારણામાં છે.

------------

**અમરેલી જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.નું મંજૂર મહેકમ**

૧૦૮૮૪**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું | મંજુર | મંજુર | વર્ગ- મંજૂર | વર્ગ- મંજૂર | વર્ગ-૩ મંજૂર | વર્ગ-૪ મંજૂર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજુલા | ૧ | ૪ | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| ૨ | લીલીયા | ૧ | ૨ | ૦ | ૪ | ૨૧ | ૧૮ |
| ૩ | બગસરા | ૧ | ૩ | ૧ | ૫ | ૨૨ | ૧૮ |
| ૪ | કુકાવાવ | ૨ | ૩ | ૧ | ૭ | ૩૮ | ૩૨ |
| ૫ | બાબરા | ૧ | ૨ | ૫ | ૬ | ૩૨ | ૨૩ |
| ૬ | લાઠી | ૧ | ૩ | ૧ | ૬ | ૨૫ | ૨૨ |
| ૭ | ધારી | ૨ | ૪ | ૨ | ૯ | ૪૩ | ૩૬ |
| ૮ | ખાંભા | ૧ | ૩ | ૧ | ૬ | ૨૬ | ૨૨ |
| ૯ | જાફરાબાદ | ૧ | ૩ | ૧ | ૫ | ૨૫ | ૨૨ |
| ૧૦ | અમરેલી | ૦ | ૪ | ૦ | ૫ | ૧૬ | ૧૬ |
| ૧૧ | સાવરકુંડલા | ૦ | ૬ | ૦ | ૬ | ૨૪ | ૨૪ |
| | કુલ : | ૧૧ | ૩૭ | ૧૭ | ૬૮ | ૩૨૦ | ૨૭૯ |

(૨) સંવર્ગવાર કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) અમરેલી જિલ્લામાં સા.આ. કેન્દ્રોની સંવર્ગવાર ખાલી જગ્યાઓની પરિસ્થિતિ દર્શાવતું **પત્રક-અ** આ સાથે સામેલ કરેલ છે.

અમરેલી જિલ્લાનાં પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર ખાલી જગ્યાઓની પરિસ્થિતિ દર્શાવતું **પત્રક-બ** આ સાથે સામેલ કરેલ છે.

## પત્રક-અ

| | તાલુકાનું નામ | રાજુલા | | લીલીયા | | બગસરા | | કુકાવાવ | | | | બાબરા | | લાઠી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગનું નામ | સા.આ. કેન્દ્ર, રાજુલા | | સા.આ. કેન્દ્ર, લીલીયા | | સા.આ. કેન્દ્ર, બગસરા | | સા.આ. કેન્દ્ર, કુકાવાવ | | સા.આ. કેન્દ્ર, વડીયા | | સા.આ. કેન્દ્ર, બાબરા | | સા.આ. કેન્દ્ર, દામનગર | |
| | | ખાલી | ખાલી જગ્યાની તારીખ | ખાલી | ખાલી જગ્યાની તારીખ | ખાલી | ખાલી જગ્યાની તારીખ | ખાલી | ખાલી જગ્યાની તારીખ | ખાલી | ખાલી જગ્યાની તારીખ | ખાલી | ખાલી જગ્યાની તારીખ | ખાલી | ખાલી જગ્યાની તારીખ |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૬-૧-૦૭ | ૦ | | ૧ | ૧૨-૩-૦૯ | ૦ | | ૧ | ૨૫-૪-૯૦ | ૩ | ૧૨-૯-૦૪ ૧-૮-૦૪(૨) | ૧ | ૧૪-૪-૯૨ |
| ૨ | ઓપ્થ. સર્જન વર્ગ-૧ | ૧ | ૧૭-૯-૦૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૩ | આર.એમ.ઓ. વર્ગ-૧ | ૧ | ૩૧-૩-૦૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૪ | પીડીયા વર્ગ-૧ (પી.પી.યુનીટ) | ૧ | ૪-૧-૯૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૨૩-૨-૮૮ | ૦ | |
| | **વર્ગ-૧ કુલ :-** | **૪** | | **૦** | | **૧** | | **૦** | | **૧** | | **૪** | | **૧** | |
| ૧ | ત.અ. વર્ગ-૨ | ૦ | | ૦ | | ૧ | ૬-૩-૨૦૦૯ | ૧ | ૩૦-૮-૦૬ | ૦ | | ૦ | | ૦ | |
| | **વર્ગ-૨ કુલ :-** | **૦** | | **૦** | | **૧** | | **૧** | | **૦** | | **૦** | | **૦** | |
| ૧ | સી. ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૧૮-૭-૦૫ | ૦ | | ૧ | ૯-૧૧-૨૦૦૧ | ૧ | ૨૩-૫-૦૧ | ૧ | ૧-૪-૨૦૦૨ | ૨ | ૯-૧૧-૨૦૦૧ (૨) | ૧ | |
| ૨ | જુની. ફાર્મા. વર્ગ-૩ | ૧ | ૧૭-૪-૦૭ | ૧ | ૩૧-૧૨-૦૪ | ૦ | | ૦ | | ૧ | ૯-૭-૧૯૯૦ | ૦ | | ૦ | |
| ૩ | એક્સ રે ટેક્ની. વર્ગ-૩ | ૧ | ૧૧-૧-૨૦૦૭ | ૧ | ૧-૬-૨૦૦૭ | ૧ | ૧૯-૧૦-૦૨ | ૦ | | ૧ | ૨૯-૪-૦૫ | ૧ | ૧૭-૭-૦૫ | ૦ | |
| ૪ | લેબ. ટેક. વર્ગ-૩ | ૦ | | ૦ | | ૦ | | ૧ | | ૦ | | ૦ | | ૦ | |
| ૫ | હેડ નર્સ વર્ગ-૩ | ૨ | ૨૫-૫-૦૪, ૨-૧૨-૦૬ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૬ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૧-૧-૨૦૦૯ | ૧ | ૨૮-૧-૦૯ | ૦ | | ૦ | |
| ૭ | ડ્રાઇવર વર્ગ-૩ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૮ | ઓપ્થ. આસી. વર્ગ-૩ | ૦ | | ૧ | ૧-૭-૨૦૦૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૯ | ફીલ્ડ વર્કર વર્ગ-૩ (પી.પી.યુનિટ) | ૧ | ૩૦-૯-૦૫ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૧૦ | એ.એન.એમ. વર્ગ-૩ (પી.પી.યુનિટ) | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧-૧-૨૦૦૦ | ૦ | |
| ૧૧ | હેલ્થ. વીઝી. વર્ગ-૩ (પી.પી.યુનિટ) | ૧ | ૧-૫-૧૯૯૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૨૩-૨-૮૮ | ૦ | |
| | **વર્ગ-૩ કુલ :-** | **૭** | | **૩** | | **૨** | | **૩** | | **૪** | | **૫** | | **૧** | |
| ૧ | પટાવાળા વર્ગ-૪ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | વોર્ડ સર્વન્ટ વર્ગ-૪ | ૧૧ | ૧૮-૧૦-૮૬, ૧-૬-૯૨, ૮-૩-૦૨, ૧-૪-૯૩, ૩૧-૩-૦૧, ૩૧-૩-૦૬ | ૦ | | ૦ | | ૧ | ૧૯-૧-૦૯ | ૨ | ૨૦-૫-૦૧, ૪-૬-૦૪ | ૦ | | ૦ | |
| ૩ | આયા વર્ગ-૪ | ૧ | ૨૪-૪-૦૯ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૪ | સ્વીપર વર્ગ-૪ | ૨ | ૪-૮-૯૬, ૪-૬-૯૬, | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૫ | રસોયા વર્ગ-૪ | ૧ | ૬-૪-૧૯૯૬ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૬ | પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ-૪ | ૦ | | ૧ | | ૦ | | ૨ | | ૦ | | ૦ | | ૦ | |
| ૭ | પાર્ટ ટાઇમ ચોકીદાર વર્ગ-૪ | ૦ | | ૦ | | ૦ | | ૨ | | ૦ | | ૦ | | ૦ | |
| ૮ | ડ્રેસર વર્ગ-૪ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૯ | ઓટી. એટે વર્ગ-૪ (પી.પી.યુનિટ) | ૧ | ૧૦-૪-૧૯૮૬ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| | વર્ગ-૪ કુલ :- | ૧૬ | | ૧ | | ૦ | | ૫ | | ૨ | | ૦ | | ૦ | |
| | એકંદરે કુલ :- | ૨૭ | | ૪ | | ૪ | | ૯ | | ૭ | | ૯ | | ૨ | |

| ધારી | | | | ખાંભા | | જાફરાબાદ | | કુલ ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|
| સા.આ. કેન્દ્ર, ધારી | | સા.આ. કેન્દ્ર, ચલાલા | | સા.આ. કેન્દ્ર, ખાંભા | | સા.આ. કેન્દ્ર, જાફરાબાદ | | |
| ખાલી | ખાલી જ્યાની તારીખ | ખાલી | ખાલી જ્યાની તારીખ | ખાલી | ખાલી જ્યાની તારીખ | ખાલી | ખાલી જ્યાની તારીખ | |
| ૧ | ૧-૬-૨૦૦૧ | ૧ | ૨-૧-૨૦૦૧ | ૧ | ૧૨-૧૦-૦૬ | ૧ | ૨૭-૬-૦૬ | ૧૧ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ |
| **૧** | | **૧** | | **૧** | | **૧** | | **૧૫** |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ |
| **૦** | | **૦** | | **૦** | | **૦** | | **૨** |
| ૧ | ૨૯-૧૦-૦૨ | ૧ | ૨૩-૫-૦૨ | ૧ | ૨૫-૨-૦૩ | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૧૧ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૩ |
| ૦ | | ૧ | ૧૩-૫-૦૨ | ૧ | ૧૦-૯-૨૦૦૨ | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૮ |
| ૦ | | ૦ | | ૧ | ૧૦-૯-૨૦૦૮ | ૦ | | ૨ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ |
| ૦ | | ૩ | ૨૬-૧૦-૦૭, ૨૩-૧૦-૦૭, ૧-૩-૦૯ | ૦ | | ૧ | ૧૫-૧-૦૯ | ૬ |
| ૦ | | ૧ | ૮-૧-૨૦૦૫ | ૦ | | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૨ |
| ૦ | | ૦ | | ૧ | જુન-૦૭ | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૩ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ |
| **૧** | | **૬** | | **૪** | | **૫** | | **૪૧** |
| ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૧ |
| ૦ | | ૨ | ૨૩-૫-૯૨(૨) | ૧ | | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૧૮ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૧ | ૨૩-૫-૦૨ | ૦ | | ૦ | | ૩ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૨ | ૨૩-૫-૦૨(૨) | ૧ | | ૦ | | ૬ |
| ૦ | | ૨ | ૨૩-૫-૦૨(૨) | ૦ | | ૦ | | ૪ |
| ૦ | | ૧ | ૨૩-૫-૦૨ | ૦ | | ૧ | ૧૪-૬-૨૦૦૦ | ૨ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ |
| ૦ | | ૮ | | ૨ | | ૩ | | ૩૭ |
| ૨ | | ૧૫ | | ૭ | | ૯ | | ૯૫ |

## પત્રક-બ

| ક્રમ | તાલુકો | પ્રા.આ.કે.નું નામ | ફાર્માસીસ્ટ | | લેબોરેટરી ટેક્નીશીયન | | સીનીયર ક્લાર્ક | | ડ્રાઇવર | | વોર્ડ બોય | | વોર્ડ આયા | | પાર્ટ ટાઇમ સ્વીપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખા. | ક્યારથી ખાલી છે? | ખા. | ક્યારથી ખાલી છે? | ખા. | ક્યારથી ખાલી છે? | ખા. | ક્યારથી ખાલી છે? | ખા. | ક્યારથી ખાલી છે? | ખા. | ક્યારથી ખાલી છે? | ખા. | ક્યારથી ખાલી છે? |
| ૧ | અમરેલી | ચિત્તલ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૨ | | મો. આંકડીયા | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૦-૧૧-૨૦૦૧ | ૧ | ૧-૪-૧૯૮૮ | ૧ | ૧-૪-૧૯૮૮ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩ | | વાંકીયા | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧-૪-૧૯૮૮ | ૧ | ૧-૪-૧૯૮૮ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૪ | | જાળીયા | ૧ | ૩૦-૧૧-૦૩ | ૧ | ૧૦-૯-૦૫ | ૦ | | ૧ | ૩૧-૧૨-૦૫ | ૧ | ૧-૭-૧૯૯૪ | ૧ | ૧-૭-૧૯૯૪ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૧** | | **૧** | | **૦** | | **૨** | | **૩** | | **૩** | | **૮** | |
| ૫ | બાબરા | મો. દેવળીયા | ૦ | | ૧ | ૨૫-૬-૦૭ | ૦ | | ૧ | ૧૫-૪-૦૫ | ૦ | | ૧ | ૨૫-૫-૦૫ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૬ | | ખંભાળા | ૧ | ૧૦-૧૦-૦૭ | ૧ | ૧૫-૪-૦૫ | ૦ | | ૧ | ૧૫-૪-૦૫ | ૦ | | ૧ | ૧૩-૭-૯૫ | ૧ | ૧-૫-૨૦૦૬ |
| ૭ | | કોટડાપીઠા | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :** | **૧** | | **૨** | | **૦** | | **૨** | | **૦** | | **૨** | | **૫** | |
| ૮ | લાઠી | મતીરાળા | ૦ | | ૧ | ૨૬-૨-૦૫ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૪ | ૦ | | ૧ | ૧-૪-૧૯૯૩ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૯ | | આંસોદર | ૧ | ૧૫-૮-૦૨ | ૧ | ૧-૯-૦૭ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૫ | ૦ | | ૧ | ૧-૪-૧૯૯૭ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૦ | | ચાવંડ | ૦ | | ૧ | ૩૦-૬-૦૫ | ૧ | ૧-૪-૦૫ | ૦ | | ૦ | | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૧** | | **૩** | **૩૦-૬-૦૫** | **૧** | | **૨** | | **૦** | | **૨** | | **૬** | |
| ૧૧ | ધારી | ગોપાલગ્રામ | ૧ | ૧૫-૯-૦૭ | ૧ | ૧૫-૭-૦૧ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧-૩-૨૦૦૫ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૨ | | ભાડેર | ૦ | | ૧ | ૨૦-૮-૦૫ | ૦ | | ૦ | | ૧ | ૧૫-૧-૦૬ | ૧ | ૧૫-૧-૦૬ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૩ | | દલખાણીયા | ૧ | ૨૫-૪-૦૭ | ૧ | ૨૦-૮-૦૫ | ૧ | ૧-૪-૦૫ | ૧ | ૨-૨-૨૦૦૯ | ૧ | ૧-૨-૨૦૦૨ | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૪ | | જીરા-ધારી | ૦ | | ૧ | ૨૦-૮-૦૫ | ૦ | | ૦ | | ૧ | ૧-૨-૨૦૦૨ | ૧ | ૧૫-૭-૦૭ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૨** | | **૪** | | **૧** | | **૧** | | **૩** | | **૩** | | **૮** | |
| ૧૫ | ખાંભા | સમઢીયાળા | ૧ | ૩-૩-૦૯ | ૦ | | ૧ | ૧-૪-૦૫ | ૦ | | ૦ | | ૧ | ૧-૧-૧૯૯૮ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૬ | | ખડાધાર | ૧ | ૨૫-૪-૦૭ | ૧ | ૧૫-૩-૨૦૦૮ | ૦ | | ૦ | | ૧ | ૧-૩-૨૦૦૭ | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૭ | | ડેડાણ | ૧ | ૨૫-૪-૦૭ | ૧ | ૩૧-૧૦-૦૪ | ૧ | ૧-૪-૦૫ | ૦ | | ૧ | ૧-૧-૧૯૯૮ | ૧ | ૧૫-૪-૯૫ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૩** | | **૨** | | **૨** | | **૦** | | **૨** | | **૨** | | **૬** | |
| ૧૮ | બગસરા | માવજીંજવા | ૦ | | ૧ | ૩૦ -૧૧-૯૮ | ૧ | ૧-૪-૦૫ | ૧ | ૧-૪-૨૦૦૦ | ૦ | | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૧૯ | | જુનીહળીયાદ | ૦ | | ૧ | ૩૦-૧૧-૦૧ | ૦ | | ૦ | | ૧ | ૧-૨-૨૦૦૮ | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૦** | | **૨** | | **૧** | | **૧** | | **૧** | | **૦** | | **૪** | |
| ૨૦ | કુંકાવાવ | અનીડા | ૦ | | ૧ | ૨૦-૭-૦૪ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૦ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૫ | ૧ | ૧-૫-૨૦૦૬ |
| ૨૧ | | દેવગામ | ૧ | ૧૫-૧૨-૯૯ | ૧ | ૧૫-૧૨-૯૯ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૭ | ૧ | ૧-૪-૨૦૦૩ | ૧ | ૧૦-૫-૨૦૦૧ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૨૨ | | લુણીધાર | ૧ | ૨૫-૪-૦૮ | ૧ | ૨૫-૪-૦૮ | ૧ | ૧-૪-૦૮ | ૧ | ૨૫-૪-૦૮ | ૧ | ૨૫-૪-૦૮ | ૧ | ૨૫-૪-૦૮ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૨** | | **૩** | | **૧** | | **૩** | | **૨** | | **૩** | | **૫** | |
| ૨૩ | જાફરાબાદ | બાબરકોટ | ૦ | | ૧ | ૩૧-૩-૦૫ | ૧ | ૧-૪-૦૫ | ૧ | ૪-૪-૨૦૦૮ | ૧ | ૧-૪-૨૦૦૪ | ૧ | ૧-૨-૨૦૦૭ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૨૪ | | નાગેશ્રી | ૧ | ૧૫-જુન-૦૩ | ૧ | ૧૫-૧૦-૯૮ | ૦ | | ૧ | ૨૦-૨-૦૪ | ૧ | ૧-૧-૨૦૦૨ | ૧ | ૨૧-૧૦-૯૮ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૨૫ | | ટીંબી | ૧ | ૧૫-૧૦-૦૭ | ૧ | ૨૮-૨-૦૫ | ૧ | ૧-૪-૦૫ | ૧ | ૧-૧-૨૦૦૩ | ૦ | | ૧ | ૧-૨-૨૦૦૬ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૨** | | **૩** | | **૨** | | **૩** | | **૨** | | **૩** | | **૬** | |
| ૨૬ | લીલીયા | ક્રાંક્ચ | ૧ | ૨૮-૨-૦૫ | ૧ | ૧૦-૯-૦૫ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૩ | ૧ | ૧-૩-૨૦૦૨ | ૧ | ૭-૪-૨૦૦૫ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૨૭ | | ગુંદરણ | ૧ | ૩૧-૫-૦૮ | ૦ | | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૩ | ૧ | ૧-૪-૨૦૦૫ | ૧ | ૮-૪-૨૦૦૫ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૨** | | **૧** | | **૦** | | **૨** | | **૨** | | **૨** | | **૪** | |
| ૨૮ | રાજુલા | ડુંગર | ૦ | | ૧ | ૨૮-૨-૦૧ | ૦ | | ૧ | ૧-૪-૨૦૦૭ | ૧ | ૧-૪-૨૦૦૭ | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૨૯ | | વાવેરા | ૧ | ૩૧-૮-૦૧ | ૧ | ૩૧-૩-૦૨ | ૦ | | ૧ | ૧૫-૪-૨૦૦૬ | ૧ | ૧-૨-૨૦૦૦ | ૧ | ૧-૧૦-૨૦૦૪ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩૦ | | ભેરાઇ | ૧ | ૩૧-૧૨-૦૪ | ૦ | | ૦ | | ૧ | ૨૬-૨-૨૦૦૯ | ૧ | ૧-૧-૨૦૦૨ | ૧ | ૧૨-૪-૨૦૦૪ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩૧ | | ખેરા | ૧ | ૨-૩-૦૯ | ૧ | ૨-૩-૦૯ | ૧ | ૨-૩-૦૯ | ૧ | ૨-૩-૨૦૦૯ | ૧ | ૨-૩-૨૦૦૯ | ૧ | ૨-૩-૨૦૦૯ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | **કુલ :-** | **૩** | | **૩** | | **૧** | | **૪** | | **૪** | | **૩** | | **૮** | |
| ૩૨ | સા. કુંડલા | વંડા | ૧ | ૩૦-૯-૨૦૦૦ | ૧ | ૩૧-૧૨-૯૯ | ૦ | | ૧ | ૨૮-૨-૨૦૦૨ | ૧ | ૨૧-૫-૦૪ | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩૩ | | જુનાસાવર | ૦ | | ૧ | ૧૫-૭-૦૨ | ૦ | | ૧ | ૧૫-૧-૦૩ | ૦ | | ૦ | | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩૪ | | આંબરડી | ૧ | ૩૧-૭-૦૧ | ૧ | ૨૦-૮-૦૨ | ૧ | ૧-૪-૦૫ | ૦ | | ૦ | | ૧ | ૧૫-૧-૦૩ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩૫ | | વીજપડી | ૦ | | ૧ | ૧૫-૬-૦૭ | ૧ | ૧-૪-૦૫ | ૧ | ૨૫-૨-૦૨ | ૦ | | ૧ | ૧૫-૬-૦૭ | ૧ | ૧-૫-૨૦૦૬ |
| ૩૬ | | મો. ઝીંઝુડા | ૧ | ૩૧-૭-૨૦૦૦ | ૧ | ૨૦-૭-૦૪ | ૧ | ૧-૪-૦૫ | ૧ | ૩૧-૩-૦૬ | ૧ | ૧-૨-૨૦૦૧ | ૧ | ૧-૪-૨૦૦૫ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| ૩૭ | | જીરાસીમરણ | ૧ | ૧૫-૧૦-૦૪ | ૦ | | ૦ | | ૧ | ૩૧-૧-૦૫ | ૧ | ૧-૧-૨૦૦૩ | ૧ | ૧૫-૪-૦૬ | ૨ | ૧-૫-૨૦૦૬ |
| | | કુલ :- | ૪ | | ૫ | | ૩ | | ૫ | | ૩ | | ૪ | | ૧૧ | |

(૩) ઉક્ત જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) તજજ્ઞ વર્ગ-૧ અને તબીબી અધિકારી, વર્ગ-૨ની ખાલી જ્ગ્યા ભરવા માટે દર મંગળવારે કમિશ્નરશ્રીની કચેરી ખાતે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે. અને જેમ જેમ ઉમેદવારો ઉપલબ્ધ થાય છે તેમ તેમ ખાલી જ્ગ્યાઓ ભરવામાં આવે છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ની જ્ગ્યાઓ ભરવા માટે ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલવામાં આવેલ છે મંડળ તરફથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્ગ્યાઓ ભરી શકાશે. દરમ્યાનમાં આ જ્ગ્યાઓ ફીક્સ પગારથી ભરવા માટે કમિશ્નરશ્રી (આ.) કચેરી દ્વારા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીને વિનંતી કરવામાં આવેલ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની વર્ગ-૩ની જ્ગ્યાઓ ભરવા માટે જીલ્લા પંચાયત સેવા પસંદગી મંડળને માંગણાપત્રક મોકલવામાં આવેલ છે. મંડળ તરફથી

ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે. વર્ગ-૪ની સંવર્ગની જગ્યાઓ જરૂરિયાત મુજબ રોગી કલ્યાણ સમિતિને ફાળવેલ રૂા. ૧.૦૦ લાખની ગ્રાન્ટ અન્વયે ભરવામાં આવે છે.

ર

------------

**દ્વારકાના વિકાસ માટે કેન્દ્રે મંજૂર કરેલ યોજના**

૧૦૭૪૬**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પવિત્ર યાત્રાધામ દ્વારકાના વિકાસ માટે ભારત સરકાર દ્વારા કોઇ યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઇ યોજના છે, અને

**જવાબ**

(૧) હા, જી.

ગુજરાત સરકારે ભારત સરકાર સમક્ષ રજુ કરેલ યોજનામાંથી અંશતઃયોજના મંજૂર કરવામાં આવી છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને ટુરીસ્ટ સર્કીટ જુનાગઢ-વેરાવળ-પોરબંદર-દ્વારકાના પ્રવાસન વિકાસ માટે તા.૨૫-૫-૨૦૦૫ ના પત્રથી ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા તા.૨૧-૬-૨૦૦૬ ના રોજ ટુરીસ્ટ સર્કીટ જુનાગઢ-વેરાવળ-પોરબંદર-દ્વારકા માટે રૂા.૩૨૯.૮૩ લાખ મંજુર કરેલ છે જે પૈકી દ્વારકા માટે રૂા.૪૮.૫૮ લાખનો સમાવેશ થાય છે.

૧. ઓપનએર થીયેટર વીથ ઇમ્પ્રુવમેન્ટ ઓફ સરાઉન્ડીંગ એરીયા એટ સનસેટ પોઇન્ટ

૨. દ્વારકા ખાતે સાઇન બોર્ડ.

૩. રોડસાઇડ પ્લાન્ટેશન

- દ્વારકાથી સુરજ કરાડી તરફથી રોડ.

૪. પે-એન્ડ યુઝ પાર્કીંગ વીથ લેન્ડ સ્કેપીંગ (ધીરૂભાઇ અંબાણી માર્ગ દ્વારકા).

૫. ટુરીસ્ટ ઇન્ફોર્મેશન સેન્ટર વિશ્રાંતિગૃહ દ્વારકા.

૬. પીલગ્રીમેજ શેડ એટ ગોમતીઘાટ.

રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને ટુરીસ્ટ સર્કીટ દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકાના પ્રવાસન વિકાસ માટે રૂા. ૪૦.૨૮ કરોડની દરખાસ્ત તા. ૬-૧૨-૨૦૦૭થી મોકલવામાં આવેલ. જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા આ ટુરીસ્ટ સર્કીટ માટે તા. ૪-૬-૨૦૦૮ના રોજ રૂા. ૭૯૮.૯૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી દ્વારકા માટે રૂા. ૪૪૦.૯૪ લાખનો સમાવેશ થાય છે.

૧. પરીક્રમાં પથનો વિકાસ રૂા.૫૦ લાખ

૨. ટુરીસ્ટ રીક્રીએશન સ્થળ તરીકે રાવલા તળાવનો વિકાસ રૂા. ૧૦૦ લાખ.

૩. મંદિર ચોક અને બલભદ્ર શેરીનો વિકાસ રૂા.૧૧.૦૧ લાખ

૪. સનસેટ પોઈન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ રૂા.૨૪.૬૩ લાખ

૫. ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ અને રીસ્ટોરેશન રૂા.૨૨.૫૦ લાખ

૬. તહેવાર દરમ્યાન સર્વિસ એરીયા તથા સ્થળના વિકાસ બાબત રૂા.૨૦.૦૦ લાખ

૭. સમુદ્ર નારાયણ મંદિરની નજીકના દરિયાકાંઠાનો વિકાસ રૂા.૨૧૨.૮૦ લાખ

આ પ્રોજેક્ટ માટે ફરીથી મેગા પ્રોજેક્ટ તરીકે મંજૂર

કરવા માટે તા.૩૦-૩-૨૦૦૯ના રોજ રૂા. ૪૦.૨૮ કરોડની દરખાસ્ત ભારત સરકારને પુનઃ દરખાસ્ત કરેલ છે.

(૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના અન્વયે શી કામગીરી કરવામાં આવી?

(૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના અન્વયે કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

૧. ઓપનએર થીયેટર અને તેની આસપાસના વિસ્તારના વિકાસ કામ પ્રગતિ હેઠળ છે.
૨. દ્વારકા ખાતે સાઈનેજીસ કામગીરી પૂર્ણ થયેલ છે.
૩. પ્રવાસી માહિતી કેન્દ્ર વિશ્રાંતિ ગૃહ દ્વારકાનું કામ પૂર્ણતાના આરે છે.
૪. ગોમતી ઘાટ ઉપર યાત્રાળુઓ માટે શેડ કામ પૂર્ણ થયેલ છે.
૫. પે એન્ડ યુઝ પાર્કિંગ અને લેન્ડ સ્કેપીંગનું કામ પૂર્ણતાના આરે છે.
૬. દ્વારકાથી સુરજ કરાડી તરફના રોડ સાઈડ પ્લાન્ટેશનની કામગીરી પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત મેગા પ્રોજેક્ટ પૈકી દ્વારકા માટે જમીન પસંદગી કરી માપણી કરાવવામાં આવેલ છે અને જમીન વપરાશના હકકો મેળવવામાં આવેલ છે. અને અન્ય આનુષંગિક પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ,ખાનગી સાહસોના જોડાણથી અને લોક ભાગીદારી દ્વારા ખૂબ જ મહત્વના કામો દ્વારકા ખાતે કરવામાં આવનાર છે.

- ટેમ્પલ સ્કવેરનો વિકાસ કાર્ય
- સુદામા સેતુ (હેગીંગ બ્રીજ)
- બીચ એન્ડ પંચકુઈ વિસ્તારનો વિકાસ

આ યોજનાની કામગીરીને ભારત સરકારના પુરાતત્વ વિભાગ તરફથી મંજૂરી હાલ મળેલ છે.

ટૂંક સમયમાં આરંભ થનાર કામો :-

- ટેમ્પલ પરિસર વિકાસ કાર્ય રૂા. ૧.૪૫ કરોડ યાત્રા માહિતી સુવિધા સંકુલ, કલાત્મક રેલીંગ અને કાસ્ટ આયર્ન બેન્ચીસ સીસી ટીવી કેમેરા રૂમ, રેમ એન્ડ પેવીગ બ્લોક એન્ડ બ્યુટીફીકેશન
- સુદામા સેતુ રૂા.૧.૬૯ કરોડના ખર્ચે
- પંચકુઈ આઈલેન્ડ વિકાસ યોજના બે તબક્કામાં રૂા. ૪.૩૬ કરોડના ખર્ચે.

સમુદ્ર પથ, ફુડ કોર્ટ, કુદરતી ઓપચાર અને ધ્યાન યોગ કેન્દ્ર, કુટિર, લેન્ડ સ્કેપીંગ પ્લાન્ટેશન, કલાત્મક કાસ્ટ આયર્ન બેન્ચીસ, કાસ્ટ ગાર્ડ સવલત, વોચ ટાવર, ચેઈન્જીંગ રૂમ, પે એન્ડ યુઝ શોચાલય, એમ્પી થીયેટર વગેરે.

આ કામગીરી ઉપરાંત દ્વારકા ખાતે દર વર્ષે ઉજવાતા મહત્વના ઉત્સવો અને મેળામાં પણ રાજ્ય સરકાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અનુદાન આપવામાં આવે છે.

દ્વારકાને હવાઈ સુવિધાથી જોડવા માટે દ્વારકા ખાતે એરપોર્ટ બાંધવા માટે સરકાર દ્વારા જમીન ૨૨૨ હેકટર ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગને હવાલે મૂકવામાં આવી છે.

## રાજકોટ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવાનાં પગલાં

૧૦૦૮૧ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાધ પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા કઈ કઈ ચીજોમાં ભેળસેળ અંગેના નમૂના લીધા,

(૨) તે પૈકી કઈ ચીજોના નમૂનામાં ભેળસેળ માલુમ પડી, અને

(૩) કસુરવારો સામે શાં પગલાં ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા માટે ઠંડાપીણા, મસાલા, સ્વીટનીંગ એજન્ટ, ચા, કોફી, દૂધ, દૂધની બનાવટ ખાદ્યતેલ, વનસ્પતિ, અનાજ, કઠોળ, ફ્રુટ અને તેની બનાવટ, મિઠાઈ, નમકીન, બેકરી આઈટમ, તૈયાર રાંધેલો ખોરાક, ચીકી, ગોળ અને મુખવાસ, નીરો વિગેરે અન્ય ખાદ્ય ચીજોના ભેળસેળ અંગેના નમુના લીધા.

(૨) તે પૈકી ઠંડાપીણા, મસાલા દૂધ, દૂધની બનાવટ ખાદ્યતેલ, ફ્રુટ અને તેની બનાવટ, મીઠાઈ, નમકીન તૈયાર રાંધેલો ખોરાક મુખવાસ, નીરો વિગેરે અન્ય ખાદ્ય ચીજોમાં ભેળસેળ માલુમ પડી.

(૩) ભેળસેળ માલુમ પડેલ નમુનાઓમાં કસુરવારો સામે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

------------

## જે. એન. યુ. આર. એમ અંતર્ગત અમદાવાદ શહેરના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૦૦૭૩**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જવાહરલાલ નહેરુ અર્બન મીશન હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેરના વિકાસ માટે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

જવાહરલાલ નહેરુ અર્બન મીશન હેઠળ અમદાવાદ શહેરના વિકાસ માટે વર્ષ ૨૦૦૭-૦૮માં રૂ.૧૨૩૯૩.૧૯ લાખ તથા વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૩૭૮૪૯.૨૯ લાખની રકમ મળી કુલ રૂ. ૫૦૨૪૨.૪૮ લાખની રકમ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ફાળવેલ છે.

## બેટી બચાવો અભિયાન અંતર્ગત સંમેલનો

૧૦૬૬૭**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં બેટી બચાવો અભિયાન પાછળ કેટલા સંમેલનો સરકાર દ્વારા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સંમેલનો પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૯૯ સંમેલનો યોજવામાં આવેલ છે.

(૨) રૂ. ૨૪,૬૮,૪૬૨/૦૦નો ખર્ચ થયેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત

૧૦૮૫૧**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | બાંધેલ ચેકડેમ | | | કુલ ચેકડેમો |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | |
| ૧ | મોડાસા | ૩૦ | ૩૬ | ૨૪ | ૯૦ |
| ૨ | માલપુર | ૧૪ | ૧૨ | ૨૩ | ૪૯ |
| ૩ | મેઘરજ | ૫૦ | ૨૧ | ૭૦ | ૧૪૧ |
| ૪ | ધનસુરા | ૧૫ | ૨૧ | ૨ | ૩૮ |
| ૫ | બાયડ | ૫ | ૩૪ | ૫૪ | ૯૩ |
| ૬ | હિંમતનગર | ૪ | ૨૫ | ૯૨ | ૧૨૧ |
| ૭ | ઈડર | ૧૭ | ૨૯ | ૭૩ | ૧૧૯ |
| ૮ | વડાલી | ૭ | ૨૪ | ૮૩ | ૧૧૪ |
| ૯ | પ્રાંતિજ | ૧૦ | ૨૪ | ૩૮ | ૭૨ |
| ૧૦ | ભિલોડા | ૧૯ | ૩૦ | ૫૯ | ૧૦૮ |
| ૧૧ | વિજયનગર | ૧૪ | ૧૯ | ૫૮ | ૯૧ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૩૦ | ૫૪ | ૭૫ | ૧૫૯ |
| ૧૩ | તલોદ | ૧૯ | ૨૪ | ૨૪ | ૬૭ |
| | **કુલ :** | **૨૩૪** | **૩૫૩** | **૬૭૫** | **૧૨૬૨** |

(૨) તે પેકી તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ચેકડેમો તૂટી ગયેલ છે, અને

(૨) ૧૭ ચેકડેમ ચોમાસા દરમ્યાન ક્ષતિગ્રસ્ત થયેલ છે.

(૩) તૂટી ગયેલ ચેકડેમો ક્યાં સુધીમાં રીપેરીંગ કરવામાં આવશે ?

(૩) શક્ય તેટલા વહેલા.

## પંચમહાલ જિલ્લાની હોસ્પિટલોમાં એમ.બી.બી.એસ. અને તજજ્ઞ તબીબોની ખાલી જ્યાઓ

૧૦૦૬૫**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ૩૦ એપ્રિલ, ૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની કઇ કઇ સરકારી હોસ્પિટલોમાં એમ.બી.બી.એસ. અને તજજ્ઞ તબીબોની કેટલી જ્યાઓ ખાલી છે,

(૧)

| ક્રમ | હોસ્પિટલનું નામ | તજજ્ઞ વર્ગ-૧ | તબીબી અધિકારી વર્ગ-૨ |
|---|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ, ગોધરા | ૪ | ૦ |
| ૨ | સરકારી હોસ્પિટલ, સંતરામપુર | ૩ | ૦ |
| ૩ | સરકારી હોસ્પિટલ, લુણાવાડા | ૪ | ૦ |
| ૪ | સામુહીક આરોગ્ય કેન્દ્રો | ૧૦ | ૦ |

(૨) ઉક્ત જ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | હોસ્પિટલનું નામ | જ્યાનું નામ | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ, ગોધરા | રેડીયોલોજીસ્ટ | ૩-૧૦-૦૫ |
| | | એનેસ્થેટીસ્ટ | ૭-૯-૦૭ |
| | | ગાયનેકોલોજીસ્ટ | ૧૧-૬-૦૮ |
| | | નીવાસી તબીબી અધિકારી | ૨૩-૬-૦૮ |
| ૨ | સરકારી હોસ્પિટલ, સંતરામપુર | પેડીયાટ્રીશ્યન | ૧-૧૨-૦૧ |
| | | ફીઝીશીયન | ૧-૧૧-૦૨ |
| | | નીવાસી તબીબી અધિકારી | ૧-૧-૦૭ |
| ૩ | સરકારી હોસ્પિટલ, લુણાવાડા | જનરલ સર્જન | ૪-૩-૦૩ |
| | | પેડીયાટ્રીશ્યન | ૧૬-૬-૦૪ |
| | | ફીઝીશીયન | ૧૬-૨-૦૮ |
| | | ગાયનેકોલોજીસ્ટ | ૮-૯-૦૮ |
| ૪ | સામુહીક આરોગ્ય કેન્દ્રો | અધિક્ષક-૯ | ૭-૨-૨૦૦૦ થી ૧૭-૨-૨૦૦૯ દરમ્યાન |
| | | પેડીયાટ્રીશ્યન-૧ | |

(૩) ઉક્ત જ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

(૩) તજજ્ઞ વર્ગ-૧ની જ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલવામાં આવેલ છે તે અન્વયે આયોગ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ એડહોક નિમણુંક માટે દર મંગળવારે યોજવામાં આવતાં વોક-ઇન-ઇન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

નીવાસી તબીબી અધિકારી, વર્ગ-૧ની જ્યા બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ઢુંઢસર ગામે વાડી તેમજ વોકળા વિસ્તારમાંથી રાષ્ટ્રીય પક્ષી મોરના મૃતદેહો મળવા અંગેની**

**સચિવશ્રી:** તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ (થોડીવાર બાદ) .. માનનીય સભ્યશ્રી ગેરહાજર

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, આ નિગમને જાણ કરજો એ બહુ જ પાછળ છે એટલે બાકીના વર્ષોના અહેવાલ આવતી સેશન પહેલા આવી જાય.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ફાઈલ મારી પાસે આવી ત્યારે સચિવશ્રીને મેં આ અંગેની સૂચનાઓ આપી જ છે આપની ટકોરની અપેક્ષાએ.

**ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના સન ૨૦૦૪-૨૦૦૫ અને સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપના આ નિગમને આપ સૂચના આપશો અહેવાલ સમયસર વિધાનસભામાં રજૂ કરવામાં આવે અને આ અંગે આપ કડક પગલાં લેશો તો સારું લાગશે.

**ગુજરાત પ્રદૂષણ બોર્ડનો ઑડિટ અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( પર્યાવરણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮નો ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઑડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૮નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**નાણા વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના કામકાજની બાબત ૩ની પેટા બાબત ૬ની નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા.૧૦-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૫)વીએઆર-૨૦૦૯(૨૧)/ઠની અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીની બાબત ક્રમાંક-૩ની પેટા બાબત-૭માં દર્શાવેલી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની-સન-૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન અધિનિયમ અન્વયેની તા.૨૧/૫/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:કેવી-૩૭-૨૦૦૯-૧૦૨૦૦૮-૬૦૮૭-પી.ની અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવેલ બાબત ક્રમાંક-૩ની પેટા બાબત-૮માં દર્શાવેલી ઉદ્યોગ અને ખાણ વિભાગની-

**સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની**

(૧) તા.૧૧/૬/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:જીએચયુ-(૩૬)-૧૦૨૦૦૯-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૧૮૫-જી.
(૨) તા.૧૧/૬/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: :જીએચયુ-(૩૭)-૧૦૨૦૦૯-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૧૮૫-જી.
(૩) તા.૧૧/૬/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: :જીએચયુ-(૩૮)-૧૦૨૦૦૯-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૧૮૫-જી.
(૪) તા.૧૧/૬/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: :જીએચયુ-(૩૯)-૧૦૨૦૦૯-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૧૮૫-જી.
(૫) તા.૧૧/૬/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: :જીએચયુ-(૪૦)-૧૦૨૦૦૯-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૧૮૫-જી.
(૬) તા.૧૧/૬/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: :જીએચયુ-(૪૧)-૧૦૨૦૦૯-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૧૮૫-જી.
(૭) તા.૨૮/૫/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: :જીએચયુ-૧૦૨૦૦૯-(૩૧)-જીઆઈડી-૧૦૨૦૦૪-૧૪૯૬-જી.
(૮) તા.૨૮/૫/૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક::જીએચવી-૧૦૨૦૦૯-(૩૨)-જીઆઈડી-૧૦૨૦૦૪-૧૪૯૬-જી. ની .અધિસૂચનાઓ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છુ

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક:૨૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૮,૯૮,૫૫,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૭,૫૯,૭૨,૦૦૦ની માગણી ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૨૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક:૨૭**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮,૪૬,૬૭,૦૦૦/- ની માગણી ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૨૭ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક:૯૬**

**આદિજાતિ કલ્યાણ વિભાગ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાની સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૮,૨૭,૮૯,૮૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯,૧૨,૫૫,૨૧,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૯૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક:૯૮**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સેવાને લગતી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૯,૦૬,૫૭,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૮ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૮૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર,તા.૨૪-૭-૨૦૦૯ (અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં.૨૬** | | | |
| ૧ * | ૨૪૦૬-વન નિર્માણ<br>૦૧-વન....નિર્માણ ૧૦૫-વન પેદાશ<br>૦૨-સરકારી....ઉપયોગો<br>રૂા.૩,૫૫,૧૫,૦૦૦ અં.પ્ર.નં.૮ પા.નં.૩૪ | ૧૦૦ | વનપેદાશોનું જતન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨ * | --"-- | ૧૦૦ | વનપેદાશો જનતાને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ * | ૨૪૦૬-વન નિર્માણ ૦૨-પર્યાવરણલક્ષી..પ્રાણીજીવન ૧૧૦-વન્ય પ્રાણીજીવન ૦૨ એફએસટી-૨૦ રાષ્ટ્રીય..વિકાસ રૂા.૫,૬૬,૦૧,૦૦૦ અં.પ્ર.નં.૮ પા.નં.૪૭-૪૮ | ૧૦૦ | વન્ય પ્રાણીઓની રક્ષા કરવા જરૂરી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪ * | --"-- | ૧૦૦ | હિંસક પશુઓની થતી હત્યા રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | જંગલોમાં લાગતી આગને બુઝાવવા માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | જંગલમાં વસવાટ કરતા માલધારીઓને પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| **માગણી નં.૨૭** | | | | |
| ૭ * | ૨૨૧૫-પાણી ...સ્વચ્છતા ૦૨-ગટર...સ્વચ્છતા ૧૦૬-વાયુ...નિવારણ ૦૧-ઈપીસી-૧૦ગુજરાત..બનાવવું રૂા.૧,૬૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૮ પા.નં.૭ | ૧૦૦ | પ્રદૂષણને લગતા પડતર કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮ * | --"-- | ૧૦૦ | નદીઓ તથા કેનાલોમાં પ્રદૂષિત પાણી છોડતા એકમોના કનેકશનો કાપી તેમની સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯ * | ૨૨૧૫-પાણી ...સ્વચ્છતા ૦૨-ગટર...સ્વચ્છતા ૧૦૬-વાયુ...નિવારણ ૦૧ ઈપીસી-૧૦-ગુજરાત..બનાવવું રૂા.૧,૬૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૮ પા.નં.૭ | ૧૦૦ | અમદાવાદ પાસેથી પસાર થતી ખારીકટ કેનાલમાં વારંવાર ચેતવણીઓ આપવા છતાં જે ઔદ્યોગિક એકમો ધ્વારા પ્રદૂષિત પાણી છોડાય છે તેઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦ * | --"-- | ૧૦૦ | હવામાં ઝેરી વાયુ છોડતા મોટા ઔદ્યોગિક ગૃહો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧ * | --"-- | ૧૦૦ | નદી તથા કેનાલોના પ્રદૂષિત થયેલા પાણીને સ્વચ્છ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨ * | --"-- | ૧૦૦ | સાબરમતી નદીને પ્રદૂષણ મુકત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ * | --"-- | ૧૦૦ | જોખમી કચરાના નિકાલ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪ * | --"-- | ૧૦૦ | પર્યાવરણ અંગેના "ના વાંધા" પ્રમાણપત્ર આપવામાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫ * | --"-- | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૬** | | | | |
| ૧૬ * | ૨૦૨૯-જમીન મહેસૂલ ૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના ૦૧-એલએનડી.૪ રાજયના..મોજણી રૂા.૨,૫૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૧૫-૧૬ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના ગામોની ફેર મોજણી કર્યા પછી તેની વિગતો પ્રકાશિત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં એક | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તાર યોજના<br>૦૩ ઈએનડી-૫ એક...રૂપાંતર<br>રૂા.૪,૫૯,૮૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૨૩ ભાગ-૩ | | શિક્ષકવાળી શાળાઓને બે શિક્ષકવાળી શાળાઓમાં રૂપાંતર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮ * | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૦૪ઈએનડી-૩પ્રાથમિક..સુધારણા<br>રૂા.૯,૫૭,૯૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૨૪ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સવલતો સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯ * | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૨૪ઈએનડી-૬પ્રાથમિક...લાવવી<br>રૂા.૩,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૨૫ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી પ્રાથમિક શાળાઓ વધુ ખોલી ગરીબ પ્રજાને શિક્ષણનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦ * | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૦૨-ઈડીએન-૧૮બિનસરકારી ...વિકાસ<br>રૂા.૧૧,૧૫,૭૩,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૨૮ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ રહેણાંકના સ્થળની નજીક મળે તેવુ આયોજન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી ... શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૦૪-ઈડીએન-૨૮સરકારી..વિકાસ<br>રૂા.૪,૭૩,૪૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૩૩-૩૪ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ કોલેજોના વધુ વર્ગો મંજૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨ * | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૩-ગ્રામીણ...એલોપથી<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૦૩-એચએલટી.૩૪ પ્રાથમિક....બનાવવો<br>રૂા.૩૦,૫૭,૩૩,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૬૬-૬૭ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પેટા કેન્દ્રોને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩ * | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૩-ગ્રામીણ...એલોપથી<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૧૦-ફરતા...સ્થાપના<br>રૂા.૧૧,૯૩,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૭૫ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ફરતા દવાખાનાનો વ્યાપ અંતરિયાળ વિસ્તારો સુધી વધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪ * | --"-- | ૧૦૦ | ફરતા દવાખાનાઓ નિયમિત રીતે ગામોમાં આવે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૫ * | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૨-રોજગાર<br>૭૯૬-આદિજાતિ પેટા વિસ્તારયોજના<br>૦૪-ઈએમપી-૬ રોજગાર..વિસ્તરણ<br>રૂા.૧,૨૦,૦૨,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૧૪૯-૧૫૦ ભાગ-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| **રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**<br>**માગણી નં.૯૮** | | | | |
| ૨૬ * | ૨૨૦૪-ખેલકૂદ..સેવાઓ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-યુવક...નિયામક<br>રૂા.૭૭,૫૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૧૩ | ૧૦૦ | ગ્રામ કક્ષાએ રમતગમતના મેદાનોની સંખ્યા વધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭ * | --"-- | ૧૦૦ | ખેલાડીઓને પૂરતું પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮ * | --"-- | ૧૦૦ | રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં યુવાનો પસંદગી પામે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૯ * | --"-- | ૧૦૦ | રમતગમતના કોચની ઘટ પૂરી | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦ * | ૨૨૦૪-ખેલકૂદ..સેવાઓ<br>૧૦૪-ખેલકૂદ અને રમતો ૦૫-યુવા...વિસ્તરણ<br>રૂા.૩,૩૮,૨૯,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૧૯-૨૦ | ૧૦૦ | ખેલાડીઓને રમતગમતના સાધનો સત્વરે પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૧ * | ૨૨૦૪-ખેલકૂદ..સેવાઓ<br>૧૦૪-ખેલકૂદ અને રમતો ૦૬-ગુજરાત...વિસ્તરણ<br>રૂા.૩૧,૮૩,૫૭,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૨૧-૨૨ | ૧૦૦ | સારો દેખાવ કરતા વિજેતા યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરી ઈનામો આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૨ * | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પૂરાતત્વવિદ્યા...મોજણી<br>૦૧-ઈડીએન-૫૮ પૂરાતત્વ વિકાસ<br>રૂા.૩,૭૦,૮૫,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૩૨-૩૩ | ૧૦૦ | જર્જરીત થઈ રહેલ પ્રાચીન ઈમારતોનું જતન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૩ * | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પૂરાતત્વવિદ્યા...મોજણી<br>૦૪-ઈડીએન૧૦૭ બેટ દ્વારકા.. .. પુન:રચના<br>રૂા.૫૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૫ પા.નં.૩૪ | ૧૦૦ | બેટ દ્વારકા ખાતેના મંદિરોની પુન:રચના માટે પૂરતી રકમ ફ઼ાળવવા માં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪ * | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પૂરાતત્વવિદ્યા...મોજણી<br>૦૫-ઈડીએન.૧૦૪રક્ષિત..અનુદાન<br>રૂા.૩,૯૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ પા.નં.૩૫ | ૧૦૦ | પ્રાચીન અવશેષોની જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૫ * | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૫-જાહેર ગ્રંથાલયો ૦૧-ઈડીએન-૬૦<br>ગ્રંથાલય વિકાસ રૂા.૮,૩૩,૭૫,૦૦૦ અં.પ્ર.નં.૨૫<br>પા.નં.૩૮-૩૯ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પુસ્તકોની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૬ | --"-- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોને યોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૭ * | --"-- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પુસ્તકોના સંગ્રહ માટે જરૂરી કબાટો પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ કરવામાં આવશે, માનનીય સભ્યશ્રી દિલીપસિંહ.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી પોતાની માગણીઓ આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપવા તથા મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. જ્યારથી ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કામગીરી એની શરૂ કરી છે ત્યારથી રાજય કક્ષાનો કોઈપણ ઉત્સવ હોય એ ગુજરાત રાજયનો સ્થાપના દિવસ હોય, ૧૫મી ઑગસ્ટનો કાર્યક્રમ હોય કે ૨૬મી જાન્યુઆરીનો કાર્યક્રમ હોય કે વન મહોત્સવ હોય, આ દરેક કાર્યક્રમો અગાઉની સરકારોમાં ફક્ત આપણા રાજયના પાટનગર ગાંધીનગરમાં થતા હતા, પરંતુ આ કાર્યક્રમમાં દરેક જિલ્લાની પ્રજા એ ઉત્સાહભેર ભાગ લઈ શકે તે માટે આ કાર્યક્રમો જુદી જુદી જગ્યાએ યોજવામાં આવે છે, તે મુજબ આ વર્ષનો વન મહોત્સવ અમારા સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ખાતે એક અઠવાડિયા પહેલાં જ યોજવામાં આવ્યો, આ કાર્યક્રમમાં મેં હાજરી આપી અને મેં જોયું કે, એટલો બધો સુંદર કાર્યક્રમ અને સમગ્ર જિલ્લાની પ્રજાએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ કાર્યક્રમ પૂરો થયાં પછી જ્યારે વૃક્ષારોપણનો કાર્યક્રમ થયો અને ત્યાં આગળ જે 'શ્યામલ વન'નું નિર્માણ, એટલી બધી સુંદર કામગીરી આ વિભાગે કરી છે આ સુંદર કામગીરી બદલ માનનીય વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, રાજય કક્ષાના મંત્રીશ્રી કિરીટસિંહજી રાણા અને વન વિભાગના સમગ્ર સ્ટાફને હું મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ વન વિભાગમાં જે કામગીરી થાય છે એ કામગીરી ઘણી જ સુંદર થાય છે, પરંતુ આ બાબતમાં દરેક ગામોની અંદર જે પ્રશ્નો છે એ પ્રશ્નોની પણ અત્યારે હું રજૂઆત કરું છું.

એક વર્ષ પહેલાં આ ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરીકાળમાં રોઝ ગાયનો એક પ્રશ્ન આવ્યો હતો આ પ્રશ્ન જ્યારે પૂછાયો ત્યારે ધારાસભ્યો જે પેટા પ્રશ્નો પૂછવા માટે ઊભાં થયાં તે એટલી મોટી સંખ્યામાં ધારાસભ્યો પેટા પ્રશ્નો પ્રશ્ન પૂછવા માગતા હતા ત્યારે આપે સૂચન કર્યુ હતું કે આ અંગે વિસ્તૃત ચર્ચા થવી જોઈએ અને તેનું

નિરાકરણ આવવું જોઈએ, સરકારે ઘણા બધા પ્રયત્નો કર્યા છે, નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કર્યા છે, પરંતુ એનો ઉકેલ આજસુધી આવ્યો નથી, તો મારું સૂચન છે કે આ જે નીલ ગાય જેને રોઝ આપણે કહીએ છીએ એ જંગલનું પ્રાણી છે એ જંગલનો જે રિઝર્વ ફૉરેસ્ટ વિસ્તાર છે તેની અંદર જ એ રહે અને તેની બહાર એ ન જાય તે માટે જે આપણો રિઝર્વ ફૉરેસ્ટ વિસ્તાર છે એની ચારેય બાજુ તારની ઊંચી વાડ અને ખાઇઓ કરવી જોઈએ જેથી કરીને તે બહાર જાય નહિ અને લોકોના પાકને નુકસાન થાય નહિ. અને હાલ ખેડૂતોને આપણે ૫૦ ટકા રકમ આપીએ છીએ અને ૫૦ ટકા રકમ સરકાર આપે છે આ તારની વાડ બનાવવા માટે તો જે તે જિલ્લાની જેટલી માગણી છે તેના પ્રમાણમાં જે ગ્રાન્ટ મળે છે તે ઘણી જ ઓછી મળે છે તો એ ગ્રાન્ટ પૂરતી મળે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

આપણા પ્રવાસન મંત્રીશ્રી તેમની જ્યારે પ્રવાસન ખાતાની માગણીઓ હતી ત્યારે તેમણે પ્રવાસન ખાતા વિશે આપણને વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. તેમાં એક વિભાગ છે ઈકો ટુરિઝમ એટલે કે વન ખાતાની તેમજ જુદી જુદી સમિતિઓના પ્રવાસમાં જ્યારે મારે જવાનું થયું ત્યારે મેં જોયું કે જે ફોરેસ્ટ ખાતાના ગેસ્ટ હાઉસીઝ છે તે એટલી બધી સુંદર જગ્યાએ હોય છે તેમજ તેની આજુ બાજુનું વાતાવરણ પણ એટલુ બધું સરસ હોય છે તો આ વન વિભાગના જે ગેસ્ટ હાઉસ છે તે બધાને પણ ગુજરાત ટુરિઝમ વિભાગ જોડે સંકલન કરી અને જો તેનો વિકાસ કરવામાં આવે તો ઘણાં બધા પ્રવાસીઓ આપણાં રાજયમાં આવે અને જે ટુરિઝમ માટે આવે તે વન્ય જીવન વિશે પણ જાણી શકે અને આપણો ગ્લોબલ વોર્મિંગનો જે પ્રશ્ન છે તેને હલ કરવા માટે જાગૃતિ બધામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો આપણો જે વન વિભાગનો કાર્યક્રમ છે તે જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ એટલે કે સહભાગી વન વ્યવસ્થા. આ સહભાગી વન વ્યવસ્થાની અંદર એટલુ બધું સુંદર કામ થાય છે અને તેમાંય ખાસ કરીને જે નાગરિકો છે તે નાગરિકો અને તેમાંય ઘણાં જિલ્લાઓમાં તો બહેનો આ કામગીરી કરે છે તો તેઓ જે કામગીરી કરતાં હાયે તેને પ્રોત્સાહન આપવા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આપણે જોયું કે સિંચાઈ ખાતાની અંદર જ્યારે જ્યારે ચેક ડેમો બનાવવાના હોય, તળાવોના કામો હોય અને જે જે કામો માટે લોક સહકાર આપણે લીધો. એટલે પેલા ૬૦:૪૦ ની યોજના આપણે લાવ્યાં અને પછી ૮૦:૨૦ની યોજના લાવ્યા અને એટલી બધી સુંદર કામગીરી થઈ અને આખા રાજયને જે ફાયદો થયો તે રીતે વન વિભાગે જે જે કામગીરી કરવી હોય તેમાં લોક ભાગીદારીનો વધારેમાં વધારે ઉપયોગ કરે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષી, વન વિભાગ પોતાના કામ સારી રીતે થાય તે માટે સ્વયંસેવી સંસ્થાઓની સહાય લે છે તો આ સ્વયંસેવી સંસ્થાઓની પારદર્શકતા હોવી ઘણી જરૂરી છે. એટલે મારો કહેવાનો મતલબ એ છે કે, જે સ્વયંસેવી સંસ્થાઓને આપણે પસંદ કરીએ તે સ્વયંસેવી સંસ્થાએ વન વિભાગના કામ માટે બીજા રાજયોમાં પણ કામ કર્યુ હોય એવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ હોય છે. આપણાં રાજયમાં પણ જેને વન વિભાગનું કામ કર્યુ હોય એવી સંસ્થાઓનો ઉપયોગ કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની અંદર જે સિંચાઈના કામો થાય છે તે સિંચાઈના કામો કરવા માટે વન વિભાગના જે અધિકારીઓ/કર્મચારીઓ હોય તેમની પાસે પૂરું તાંત્રિક જ્ઞાન હોતું નથી. તે માટે મારી વન મંત્રીશ્રીને વિનંતી છે કે, જે રીતે ધારો કે આપણે વન વિસ્તારમાં રસ્તાઓ બનાવીએ તો આર.એન્ડ બી. વિભાગ જેમ રસ્તાઓ બનાવે છે તેમ વન વિભાગની અંદર જે ઈરીગેશનનું કામ કરીએ તે આપણે પૈસા ભલે ફોરેસ્ટ ખાતાના હોય પણ આ કામ આપણે ઈરીગેશન ડિપાર્ટમેન્ટ દ્વારા કરાવવું જોઈએ કારણ કે તેમની પાસે તાંત્રિક જાણકારી હોય છે અને કામ પણ સારું થાય અને આપણાં વન વિભાગના કર્મચારીઓ તે પોતાનું વન વિભાગનું કામ કરે અને તેમને બીજા કામમાં રોકાઈ રહેવું ના પડે.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગમાં એક ઘણો જૂનો પ્રશ્ન છે અને ઘણી વખત મેં પોતે આ વિધાનસભા ગૃહમાં અને તેની જુદી જુદી સમિતિઓમાં પણ રજૂઆત કરેલી જ છે. તે પ્રશ્ન છે વન વિસ્તરણ મદદનીશ અને વન પાલનની કેડર એક કરવાનો. આ બન્નેનો ડ્રેસ એક છે, બન્નેની ફરજો એક છે અને જો આ બન્નેને એક કરવામાં આવે તો તેને કામ કરવામાં ઘણો ઉત્સાહ રહે તે માટે માનનીય મંત્રીશ્રી આ કેડર એક કરવા માટે યોગ્ય કરે એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગોચરની જમીનમાં જે ગ્રામ વનો આપણે બનાવીએ છીએ તે ગ્રામ વનો બનાવ્યાં પછી તેના રક્ષણ માટે ફોરેસ્ટ ડિપાર્ટમૅન્ટ ચોકીદાર મૂકે છે. આ ચોકીદાર અમુક વર્ષ માટે જ હોય છે. અને જે દિવસથી આ ચોકીદાર પોતાની કામગીરી કરવાનું બંધ કરે અને આપણે આ કામ ગામ લોકોને સોંપી દઈએ છીએ ત્યારથી આ ઝાડ કપાવવાના શરૂ થઈ જાય છે. તો ચોકીદાર જ્યાં સુધી આ વનની હરરાજી ના થાય ત્યાં સુધી ચાલુ રહેવો જોઈએ અને ગ્રામ વનો તૈયાર થઈ જાય અને તેની જલદીથી હરરાજી થાય તો આ પ્રશ્નનો પણ ઉકેલ આવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન ખાતાના કર્મચારીઓના રહેવાના કવાર્ટરો તે સારી જગ્યાએ બનાવવા જોઈએ. મોડાસામાં ચાંદ ટેકરી વિસ્તારમાં લાખો રૂપિયાના ખર્ચે રહેવાના મકાનો બનાવ્યાં છે પણ તે જગ્યા એવી છે કે જેના લીધે કોઈ પણ કર્મચારી ત્યાં રહેવા જતાં નથી. અને શહેરમાં જે જગ્યાએ આ કવાર્ટરો બનાવ્યાં છે તેની

આજુ બાજુ  ઘણાં દબાણો થયા છે તે દબાણો દૂર કરવા માટે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.તે દબાણો દૂર કરવા પણ હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. વન ખાતામાં જે કર્મચારીઓ છે, એમાં બે વિભાગ છે. એક નોર્મલ વિભાગ અને બીજો વિસ્તરણ વિભાગ. અમુક કર્મચારીઓ કાયમ માટે નોર્મલ વિભાગમાં જ રહે છે. તો સરકારે કોઈ એક નવી નીતિ બનાવવી જોઈએ અને દરેક કર્મચારીઓને નોર્મલ વિભાગ અને વિસ્તરણ વિભાગ એમ જુદા જુદા વિભાગમાં અમુક સમયાંતરે જવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગમાં નોર્મલ વિભાગમાં અને વિસ્તરણ વિભાગમાં જે કામગીરી છે, તેમાં વિસ્તરણમાં રેન્જ દીઠ ૨૦થી ૪૦ હેકટર, જયારે નોર્મલ વિભાગમાં રેન્જ દીઠ ૨૦૦થી ૩૦૦ હેકટરની કામગીરી કરવાની થાય છે. આ વિસંગતતા દૂર કરવા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગના વર્ષો જૂના વાહનો ટ્રક, ટ્રેકટર બંધ હાલતમાં છે, તેની હરાજી કરવી જોઈએ તથા ડ્રાઈવર કંડકટરો કામગીરી વગરના હોય કે તેમની પાસે કોઈ કામગીરી હોતી નથી તો તેમની બદલી બીજી જગ્યાએ કરીને તેમની પાસે કામ લેવા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રિઝર્વ ફોરેસ્ટની જમીનોમાં જે કામ થાય છે, તેમાં તળાવ ચેકડેમ બનાવવામાં આવે છે તેમ ગૌચરમાં જયાં વનીકરણ કરતા હોય ત્યાં પણ તળાવ ચેકડેમ બનાવવા જોઈએ. જે કર્મચારીઓ આ વન વિભાગમાં કામગીરી કરે છે અને સુંદર કામગીરી કરે છે. તે બદલ તેમને પ્રોત્સાહન મળવું જોઈએ. છેલ્લા ઘણા વર્ષોથી દરેક કેડરના જે કર્મચારીઓ હોય તેમને પ્રોત્સાહન આપવા માટેની કમિટી હોય છે, એ કમિટી મળી નથી, તેથી વહેલામાં વહેલી તકે દરેક ખાતાના કર્મચારીઓ, જે સુંદર કામગીરી કરતા હોય તેઓને પ્રોત્સાહન આપવા માટે માનનીય મંત્રીશ્રી જરુરી કાર્યવાહી કરે તેવી વિનંતી છે.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને રાજય કક્ષાના મંત્રીશ્રી કીરીટસિંહ રાણા વન વિભાગ માટે જે સુંદર કામગીરી કરે છે અને વન વિભાગના કર્મચારીઓ પણ જે સુંદર કામગીરી કરે છે તે બદલ સૌને મારા અભિનંદન આપી આ માગણીઓને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની માગણી ક્રમાંક ૯૮ લઈને આવ્યા છે, તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ માટે ૨૦૦૮-૦૯ની રૂપિયા ૮૭.૭૫ કરોડની માગણી સામે આ વર્ષે માનનીય મંત્રીશ્રી ૧૧૧.૭૫ કરોડની જોગવાઈ અને માગણી લઈને આવ્યા છે, એટલે કે લગભગ ૨૯ ટકા જેટલો વધારો લઈને આવ્યા છે. આ વધારો નથી, પણ સરકાર અને માનનીય મંત્રીશ્રી આ રમતગમત અને સાંસ્કૃતિક સેવાની પ્રવૃત્તિ ઉપર કેટલો ભાર આપવા માગે છે એ દર્શાવતા આ પર્સન્ટેજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે રાજયમાં જેમ ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ મોટા પ્રમાણમાં આંતર માળખાકીય સવલતોની જરૂરિયાત હોય છે, ખેતી માટે પણ ડેમ અને વીજળી જેવી માળખાકીય સુવિધાની જરૂરિયાત હોય છે, તે પ્રમાણે રમતગમતના ક્ષેત્રમાં પણ ખેલકૂદના ક્ષેત્રના વિકાસ માટે પણ ઉત્તમ પ્રકારની આંતર માળખાકીય સુવિધા હોવી ખૂબ આવશ્યક બની છે. આજે આ રમતગમતનું ક્ષેત્ર ખૂબ પ્રોફેશનલ બની ગયું છે. દેશ અને દુનિયામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતગમતની જે સુવિધાઓ છે, અને રમતગમતના જે સ્ટાન્ડર્ડ છે, એમાં ખૂબ મોટા ફેરફારો થયા છે. ૧૦૦ મીટરની એક દોડ જે ઓલિમ્પિકસમાં રમાતી હતી તેને પૂરી કરવા માટે એક મિનિટ કરતા પણ વધુ સમય જતો હતો, Now ઓલિમ્પિકસમાં આ સમય  Less than one minute થઈ ગયો છે. ૫૭,  ૫૮, અને ૫૯ સેકન્ડમાં આ ૧૦૦ મીટર દોડ પૂરી કરવાનો ટારગેટ ખેલાડીઓ પૂરો કરતા થઈ ગયા છે. આ સુવિધાને કારણે આ બાબત શકય બની છે. આ સુવિધા વગર તે શકય બની નથી બનતું. આ સુવિધા આપવા માટે ગુજરાત સરકારે જે પહેલ કરી છે, તેને માટે હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તમામ વિસ્તારના બાળકો, મહિલાઓ સહિત તમામ વર્ગના બાળકોને રમતગમતમાં ભાગ લેવાની તક મળે તે માટે, રાજયના રમતગમત સંકુલો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના બને તે માટે,અને રાજયના રમતવીરોનું કે રમતગમતનું ધોરણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બને એ માટે રાજય સરકારે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની સ્થાપના ૧૯૯૫ થી કરી એને કાર્યરત કરી છે. ભૂતકાળમાં રમતગમતનું મેદાન એટલે શાળાની બહાર ખુલ્લું ચોગાન  હોય એને રમતનું મેદાન ગણતા હતા. ત્યારે આ ૧૦૦ મિટરનો રનીંગ ટ્રેક પણ નહોતો. આ મેદાન ખાડા ટેકરાવાળા અને ખેલાડીને દોડવું હોય તો કેવી રીતે દોડે એ પ્રમાણેનો પ્રશ્ન હતો. કોઈ એવી સારી સુવિધા નહોતી. આજે સામાન્ય રીતે રમત ગમતનું સંકુલ એમાં ૪૦૦ મિટરનો રનીંગ ટ્રેકની આવશ્યકતા છે અને આ ૪૦૦ મિટરના એક  રનિંગ ટ્રેકની  ખૂબ જ આવશ્યક્તા છે એટલા માટે આ કહું છું કે દરેક ખેલાડી જયારે હરીફાઈમાં ભાગ લેતો હોય અથવા પ્રેકટીસ કરવા જાય છે ત્યારે એને પોતાને વોર્મિંગ અપ સેશન કરવાનું હોય છે. રમત અરધો કલાક કે ૧૦ મિનિટની હોય તો પણ એને માટે એને ઓછામાં ઓછું અરધો કલાક વોર્મિંગ અપ સેશન કરવું પડે છે. ઘેર આવ્યા અને સ્કૂટર મૂકીને કદાચ રમતોમાં ભાગ લેવાનો જમાનો હવે રહ્યો નથી. તો આ રીતે વાર્મિંગ અપ સેશન્સ કરવા માટે આવો ૪૦૦ મિટરનો રનીંગ ટ્રેક હોય તો એ આ ૪૦૦ મિટરના ટ્રેકના ૬-૮ આંટા મારે  મળે તો  એનું શરીર ખરેખર વોર્મિંગ અપ થતું હોય

છે. એનો સ્ટેમીના રહે, એ એક કલાક કે અરધો કલાક રમતો હોય એ રમતમાં એક કલાક કે અરધો કલાક ટકી રહેવા માટે એને પોતાનો સ્ટેમીના બિલ્ડ અપ કરવો પડતો હોય છે અને એ સ્ટેમીના બિલ્ડ અપ કરવા માટે પણ આવો ટ્રેક હોવો ખૂબ જરૂરી છે. એની ટોલરન્સની લિમિટ હોય છે એ એક ૧૦૦ મિટરની દોડ અત્યારે ૫૮ સેકન્ડમાં પૂરી કરવાની હોય તો એના શરીરમાં જે ઉર્જા પેદા કરવી પડે એ ઉર્જા પેદા કરવા માટે ટોલરન્સ પૂરું કરવું હોય છે એ આટલા સમયમાં કરવું છે અને એક એવી શારીરિક તાકાત ઉભી કરવા માટે પણ આ પ્રકારના રનીંગ ટ્રેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના હોવા ખૂબ જ જરૂરી છે. ભૂતકાળમાં આપણે જોયું છે કે વોલીબોલ અને બાસ્કેટ બોલના મેદાનો પણ આપણે જોયા છે.નોર્મલી આ મડકોક કહેવાતા, માટીની ઉપર બનાવેલા એ કોટ હોય છે અને એને રોજ મેન્ટેન કરવું પડતું, રોજ એના ઉપર રોલર ફેરવવું પડતું અને રોજ પટ્ટા પાડવા પડતા હોય છે. વરસાદની સીઝન હોય અને એક સારો વરસાદ પડે તો મેદાન ચાર મહિના સુધી વાપરી શકાય નહીં અને મેદાન ઉપર ભીના મેદાન ઉપર પગલાં પડતાં ૬-૮ મહિના સુધી એ મેદાન વાપરી શકાય નહીં એવી પરિસ્થિતિ હતી. શિયાળામાં એ ઝાકળના કારણે ભીનું થઈ જતું હતું, આજુબાજુનું ઘાસ ભીનું થઈ જતું હતું અને શિયાળામાં પણ એના કારણે રમી શકાતું નહોતું અને એના કારણે ખેલાડી ભાઈઓ માટે પ્રેકટીસનો અભાવ થતો હતો અને એ રમતગમતમાં હરીફાઈ માટે પ્રેકટીસ કરી શકતા નહોતા. આ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની સ્થાપના થયા પછી ગુજરાત સરકારે અને માનનીય મંત્રીશ્રીએ જયાં જયાં શકય છે, જયાં ખૂબ મોટી ખુલ્લી જગ્યા મળી છે ત્યાં આ પ્રમાણેના ૪૦૦ મિટરના ટ્રેક બનાવ્યા છે. ઈન્ડોર સ્ટેડિયમ હવે બનાવવામાં આવે છે. હવે વોલીબોલ એ ખુલ્લા મેદાનમાં રમવાની રમત રહી નથી અને બાસ્કેટ બોલ એ પણ ખુલ્લા મેદાનમાં રમવાની રમત રહી નથી અને આજે ઈન્ડોર સ્ટેડીમની રમત બની છે અને રાષ્ટ્રીય ટુર્નામેન્ટ અને આંતર રાષ્ટ્રીય ટુર્નામેન્ટ એની આવશ્યક નિયમ બની ગયો છે.. If you want to organize international tournament in your city, there must be indoor stedium in your city. આ આવશ્યકતા બની ગઈ છે એટલે એ પણ ધ્યાનમાં લઈને એને રાજય સરકારે આ પ્રમાણેના ઈન્ડોર સ્ટેડિયમ વોલીબોલ માટે અને બીજી આઉડ ડોર ગેમ માટે ઈન્ડોર સ્ટેડીયમ બનાવવા જોઈએ. આના માટે સ્પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા જે કામ કરી રહી છે એના માટે હું એને અભિનંદન આપું છુ અને આ ઈન્ડોર સ્ટેડિયમ પણ સિમેન્ટ કોન્ક્રીટનાં નહીં, આજે તો વુડન ફ્લોરિંગનો જમાનો છે, મેદાનમાં વૂડન ફલોરીંગ હોવું જોઈએ જે પ્રમણે આ હાઉસનું વૂડન ફલોરિંગ છે એ પ્રમાણે આજે એની આવશ્યકતા બની ગઈ છે. એનું ફલોરીંગ પણ વૂડન હોવું જોઈએ. આ પ્રમાણેનું જયારૈ એક ઈન્ફાસ્ટકચર જયારે ડેવલપ કરવામાં આવે ત્યારે આ સરકારના જે પ્રયત્નો છે એના માટે પણ અભિનંદન આપું છું અને સૂચન કરું છું કે ૨-૫ કરોડ રૂપિયા કદાચ થશે, પરંતુ હવે પછીનાં જે મેદાનો બનાવાય એ આ પ્રમણે આંતર રાષ્ટ્રીય કક્ષાના લેવલનાં, માપ અને ઈન્ડોર સ્ટેડિયમ બનાવવની જરૂર હોય તો ઈન્ડોર સ્ટેડિયમ બનાવવાના પ્રયત્નો કરવામાં આવે તો ખેલાડી ભાઈઓને પ્રેકટીસ કરવા માટે ૩૬૫ દિવસ મળતા હોય છે. ફકત આ આંતરમાળખાકીય સુવિધા ઉભી કરી દેવાથી રમત ગમતનું સ્તર વધશે તેવું માની લેવાનીજરૂર નથી. તેની સાથે સાથે એન.આઈ.એસ. કોચ ની પણ જરૂરિયાત રહે છે. સાહેબ મને થોડો સમય આપજો.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ જ આપી શકીશ.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : સાહેબ આજનો દિવસ, બે મિનિટ વધારે આપો પછી મારી કાપી લેજો. બે ત્રણ મિનિટ બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : એવો હિસાબ નથી રહેતો ને મારે, કાં તો બીજા સભ્યોનાં નામો કાપવાં પડે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : પ્લીઝ સર. સાહેબ બીજાનું થોડુંક બને તો બાકીના મિત્રોને રીકવેસ્ટ કરું કે મારા માટે બે ત્રણ મિનિટ વધારે આપે. એટલે કહેવાનો મતલબ કે કોચીસની પણ ખૂબ જરૂરિયાત છે. ગુજરાત સરકારે ૯૦ જેટલા એન.આઈ.એસ., નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટ પતિયાલાનો સર્ટીફાઈડ કોર્સ છે તે કોર્સ કરીને આવતા હોય તેના એન.આઈ.એસ. કોચ પણ આ રમત ગમત માટેના ખેલાડીઓને પ્રશિક્ષણ આપવા માટે પણ ઉપસ્થિત કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કક્ષાની સાથે સાથે મારે કહેવું જોઈએ કે ૧૯૯૯માં ફકત રાષ્ટ્રીય લેવલ પર ૫૪ જેટલા ચંદ્રકો આપણે મેળવ્યા હતા પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ૧૫૧ ચંદ્રકો સાથે છેલ્લા બે વર્ષમાં ૨૪૬ જેટલા ચંદ્રકો ગુજરાતના ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાની રમતમાં મેળવ્યા છે. રાષ્ટ્રીય કક્ષાની વાત તો ઠીક છે પણ આંતર રાષ્ટ્રીય કક્ષાએ પણ ગુજરાતનો ખેલાડી આજે પાછળ રહ્યો નથી. કોણ કહે છે કે ગુજરાતીમાં પાણી નથી. સાહેબ હું બતાવવા માગું છું તમને કે આ આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાજેતરમાં કજાકીસ્તાન ખાતે રમાયેલ એશીયન કપ જુનીયર ટ્રાયકલોન સ્પર્ધામાં સુરતની દીકરીએ, ગુજરાતની દીકરીએ પુજા ચૌર્યસીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે, શી વોઝ થર્ડ ઈન એશિયન ગેઈમ, એશીયનમાં ત્રીજી અને દેશની પહેલી આ છોકરી બની છે. આ રમત એવી છે ટ્રાઈકલોન, ત્રણ રમત એક સાથે રમવાની હોય છે, દોડવું પડે, સ્વીમીંગ કરવું પડે અને સાયકલીંગ કરવું પડે, અને ટાઈમીંગ સાચવીને આ છોકરીએ ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં ઉજ્જવળ કર્યુ છે. એ જ પ્રમાણે વિશાખાપટ્નમ ખાતે ૨૭મી જુને ટેકવોન-ડો સ્પર્ધા પણ ગુજરાતની દીકરી, ભવ્યા પૂરોહીતે સિલ્વર મેડલ મેળવ્યો છે, નેશનલમાં સિલ્વર મેડલ મેળવ્યો છે, સાહેબ આ રમત એવી છે ઓલમ્પીકની રમત છે. ૧૯૬૮ થી રાષ્ટ્રીય કક્ષાની આ રમતો થાય છે તેમાં ગુજરાત ૧૯૮૮ પછી

આ સ્પર્ધામાં ભાગ લેતું થયું છે અને ૧૯૮૮ પછી વીસ વર્ષ પૂરા થયા ત્યાર પછી સુરતની ગુજરાતની આ છોકરી ભવ્યા પૂરોહીત, શી ઈઝ ધ ફર્સ્ટ ગર્લ્સ, રમત ગમતમાં ભાગ લેવાનું શરૂ કર્યા પછી વીસ વર્ષ પછી ગુજરાતે આ એક છોકરી પેદા કરી છે નામ છે તેનું ભવ્યા પૂરોહીત, શી ઈઝ ધ ફસ્ટ ગર્લ્સ ટુ વીન ધી સીલ્વર મેડલ ઓફ ગુજરાત, ફોર ધ ફર્સ્ટ .ટાઈમ ઈન ધી હિસ્ટ્રી, સાહેબ હું આપ સૌ વતી એ છોકરીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. સાહેબ આ છોકરીનું નામ, આપણો ગુજરાતનો ખૂબ સર્વોચ્ચ ગણાતો એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ માટે એનું નામ નામાંકિત થયું છે. આ છોકરી, આ ગુજરાતની છોકરી, આ આપણી સુરતી છોકરી છે. ગુજરાતનો વધુ એક છોકરો હર્મિત દેસાઈ, તાજેતરમાં સાઉથ એશીયન ટેબલ ટેનીસ ગેમ્સ, અને ૧૫મી એશીયન જુનિયર ટેબલ ટેનીસ રમાવાની છે તેમાં ભારતના ચાર છોકરાઓ પસંદ થયા છે, એ પૈકીનો એક છે, વન આઉટ ઓફ ફોર, આખા ભારતના ચાર પૈકીનો એક છોકરો આપણા સુરતનો અને ગુજરાતનો છે. એ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સાઉથ એશીયન ગેમ્સમાં ભાગ લેવા જનાર છે. હું આપણા સૌ વતી એ છોકરાને પણ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. સાહેબ એક નામ હજુ બાકી છે, એક મિનિટ, લાસ્ટ નેઈમ ઓફ ધી લીસ્ટ, બેલ્જીયમ ખાતે ૨૪ થી ૨૬ જુલાઈ, સ્પીડ સ્કેટીંગ ટુર્નામેન્ટ રમાણી હતી ઈન્ટરનેશનલ ટુર્નામેટ, સુરતનો, ગુજરાતનો યશ નામનો છોકરો, તેની પસંદગી સ્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ કરી હતી., સાહેબ વિશ્વના ૧૫૦૦ ખેલાડીઓ આવવાના છે, ૮૦૦૦, ૫૦૦૦, ૪૦૦૦ અને ૨૦૦૦ મીટરની અલગ અલગ સ્પર્ધામાં આ સુરતનો અને ગુજરાતનો છોકરો ભાગ લેનાર છે. તેને ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણી નંબર ૨૬, ૨૭, ૯૬ અને ૯૮ આ સન્માનનીય ગૃહમાં માનનીય મંત્રીશ્રીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું સાથે સાથે મારા વિચારો પણ રજૂ કરું છું.

હું આજે આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી માગણી નંબર ૯૬ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આપણા ભારત દેશની અંદર જે વસતિ છે એની અંદર ૮ કરોડ ૪૩ લાખની વસતિ આદિવાસીભાઈઓની છે. એટલે ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો ૮ ટકા જેટલી થવા જાય છે. જ્યારે ગુજરાતની કુલ વસતિ જોઈએ તો ૫.૫ કરોડ થવા જાય છે એની સામે આદિવાસીભાઈઓની વસતિ જોઈએ તો ૭૪ લાખ ૮૬ હજાર જેટલી છે જે ટકાવારીની દ્રષ્ટિએ ૧૫ ટકા છે. આના માટે ફાળવાતું બજૅટ જોઈએ એના ઉપર નજર કરીએ. પહેલા તો આદિવાસી એટલે વરસોથી વસેલ આદિવાસી એની રહેણીકરણી ઉપર વિચાર કરીએ તો પૂર્વ પટ્ટીમાં પર્વતોની હારમાળા તથા એની તળેટીમાં વસતો આદિવાસી. તળેટીમાં રહેતો હોય ત્યારે એની સમસ્યા કે એને અહીંથી સામે જવા માટે નાવડાની વ્યવસ્થા જોઈએ, બ્રિજની વ્યવસ્થા જોઈએ, પીવાના પાણીની સમસ્યા હોય કે શિક્ષણની સમસ્યા હોય એ સ્વાભાવિક છે. પરંતુ મને કહેતા દુઃખ થાય છે કે આઝાદીના આટલા વરસો પછી એ ક્ષેત્રનો સમાંતર વિકાસ કરવા માટે કોઈ યોજના મૂક્યાનું મને દેખાતું નથી. આજે ગૌરવથી કહી શકીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે કંઈ બજૅટ સભાગૃહ સમક્ષ મૂક્યું છે એમાં અગિયારમી પંચવર્ષીય યોજનામાં વિકાસદર હાંસલ કરવા માટે એનો લક્ષ્યાંક ૧,૧૧,૧૧૧ કરોડનો આપ્યો છે. એમાં ૧૫ હજાર કરોડનું પૅકૅજ આદિવાસીભાઈઓના વિકાસ માટે જાહેર કરેલ છે. એ વિસ્તારના ડેવલપમેન્ટ માટે ફાળવેલ છે, જે ધન્યવાદને પાત્ર છે.

આપણે નજર કરીએ તો પૂર્વ વિસ્તારમાં અંબાજીથી ઉંમરગામ સુધીના ૧૨ જિલ્લાઓના ૪૩ તાલુકાઓમાં રહેતી પ્રજા એના માટે આ બજૅટની અંદર વિવિધ યોજનાઓની સુંદર વ્યવસ્થા મૂકવામાં આવી છે. એટલા માટે તો ગૌરવ સાથે કહીએ છીએ કે સમાજની વ્યવસ્થાની દ્રષ્ટિએ બજૅટ કયા પ્રકારનું હોવું જોઈએ એ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ સતત પાંચ વર્ષમાં ચિંતા સેવી છે. આપણી સમક્ષ હવે પછીના પાંચ વર્ષમાં કયા પ્રશ્નો ઉપસ્થિત થવાના છે એને નજર સમક્ષ રાખ્યા છે. આજે પીવાના પાણીની મુશ્કેલી દિવસે દિવસે વધતી જાય છે. ભૂગર્ભ જળના પાણી ૧૧૦ ફૂટ સુધી નીચે ગયા છે એના માટે ચિંતા કરી છે. ચિંતા એ કરવામાં આવી છે કે આપણા બજૅટમાં ૨૮ ટકા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે નાની સિંચાઈ તરફ વળ્યા છીએ જેના લીધે આજે આપણે પાણીની સમસ્યા સામે ટકી શક્યા છીએ. પાણીની સમસ્યા જે હતી એને આપણે આજે નિવારી શક્યા છીએ. સાથે પાંચ વર્ષ પહેલા સૌ કોઈ કહેતું હતું કે આદિવાસી વિસ્તારમાં ભણતરનું પ્રમાણ શું છે? હું ૧૯૯૫માં ધારાસભ્ય હતો ત્યારે સમસ્યા સામે મૂકી કે ૪૫ ટકા લોકો ભણતા નથી તેમ છતાં એની કોઈએ ચિંતા નહોતી કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિંતા કરી અને ભણતરનું સ્તર ઉંચુ લાવીને માત્ર બે ટકા સુધી ડ્રોપ આઉટ રેશિયો લાવીને ખૂબ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. જે એક તેઓની આગવી સૂઝ છે.

આ બજૅટમાં અમારા આદિવાસી ક્ષેત્રની ચિંતા કરીને એના માટે વિવિધ યોજનાઓ મૂકી છે. બજૅટની અંદર આ વખતે ૩૯૬૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી ક્ષેત્ર અને એમની યોજનાઓ માટે એમાં ખાસ કરીને આદિવાસી ક્ષેત્રની જે સમસ્યાઓ છે ખાસ કરીને પીવાના પાણી માટે વ્યવસ્થા કરી છે. જ્યાં જ્યાં આદિવાસી રહેતો હોય ૨૦૦-૨૦૦ માણસો વચ્ચે એક હેન્ડપંપ કરી ટાંકી બનાવી એમના માટે જૂથ પાણી પુરવઠા યોજના મૂકવામાં આવી છે. આ આશિર્વાદરૂપ છે એનાથી પીવાના પાણીનો પ્રશ્ન હલ થઈ રહ્યો છે.

સાથે સાથે આદિવાસીઓ ડુંગરાઓ ઉપર કે તળેટીમાં કે પર્વતમાં રહે છે એને મુખ્ય શહેરમાં આવવા માટે કેટલીક સમસ્યાઓ નડતી હતી. એમના માટે નાવડા, બ્રિજ અને માર્ગ વ્યવસ્થા માટે આ બજેટમાં ખૂબ મોટી રકમ આપવામાં આવી છે. સરકારી નોકરીઓ બધાને આપી શકાતી નથી પરંતુ આ સરકારે એના માટે કેટલીક વ્યવસ્થા સાથેના ગામડાં ઊભા કર્યા છે એના કારણે ગામડાંના શિક્ષિત બેરોજગારોને ત્યાં જ રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા કે સગવડ કરી છે. ગુજરાતની અંદર છેલ્લા પાંચ દસ વર્ષનો ઇતિહાસ જોઈએ કે ગામડાંની અંદર અંધારપટ હતો ત્યાં વીજળીકરણ નહોતું પરંતુ જયોતિગ્રામ યોજનાને કારણે ગામડાંને ૨૪ કલાક વીજળી મળતી થઈ છે. તેના કારણે ગામડાંના શિક્ષિત બેરોજગારો આજે ખેતરમાં કામ કરીને, ખેતરમાં પાક ઉત્પાદન કરીને સારા રસ્તા હોવાને કારણે માર્કેટમાં માલ લઈ આવી શકે છે અને રોજી કમાતો થાય છે. તેના કારણે એ બેરોજગાર આજે રોજગારી કરતો થયો છે. એ આશીર્વાદરૂપ બન્યું છે. બીજું એ પણ જોઈ શકીએ છીએ કે ભૂતકાળનો ઈતિહાસ એવો હતો કે સીટી વિસ્તારના શિક્ષકો ગામડાંમાં કોઈક વખત જતા જ નહીં. હાજરી પૂરાવા માત્ર આઠ દિવસમાં એક વખત જતા હતા તો શું કારણ હતું? કારણ માત્ર એ હતું કે તેમને કોઈ રહેવા માટેની વ્યવસ્થા નહોતી. ત્યાં જવા માટેના કોઈ સાધનો ન હતા અને તેના કારણે આદિવાસી વિસ્તારમાં ભણતરનું પ્રમાણ ખૂબ ઓછું હતું. પણ આજે મને મહેતા ખૂબ ગર્વ થાય છે કે એવા આદિવાસી ક્ષેત્રના પૉકેટમાં અમારા આદિજાતિ વિભાગ દ્વારા વિવિધ વ્યવસ્થા થઈ છે કે જે તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ન હોય તો ત્યાં વિજ્ઞાન પ્રવાહની શાળા તાલુકા કક્ષાએ એક આપવી એ નીતિ લેવામાં આવી છે. જ્યાં ઓરડાઓ ન હોય ત્યાં ઓરડાઓ આપવામાં આવ્યા છે. જે આંગણવાડીના મકાન ન હોય ત્યાં આંગણવાડીના મકાનો આપવામાં આવ્યા છે. સમાંતર શિક્ષણ શહેરોમાં આપવામાં આવે છે. એ જ અભિગમ આજે ગામડાંમાં પણ ઉભો કરવામાં આવ્યો છે અને તેના કારણે આજે અમે પણ ચોક્કસ એમ કહીએ છીએ કે સમાંતર વ્યવસ્થા, લોકશાહીમાં જે માનવ અધિકાર આપવામાં આવ્યો છે એ આજે ગામડાંના આદિવાસીઓને પણ સમાંતર આપવામાં આવ્યો છે. આજે બીજી એક ખાસ એ વસ્તુ ઉપર ભાર મૂકું છું કે જ્યાં આખા ગુજરાતની વસતિમાં કેટલાક ગરીબ કક્ષાના લોકો છે. તેમની આરોગ્ય સુવિધા માટે સરકારે કેટલી ચિંતા કરી છે, તો આજે અમે એમ કહીએ છીએ કે જૂથ વીમા યોજના કાર્યવંત કરી છે એ જૂથ વીમા યોજનામાં ગરીબ માણસના ઘરે કોઈ કમાતો દીકરો કે ઘરનો મોભી ગુજરી જાય તો તેને કેટલી તકલીફ વેઠવી પડતી હશે, કયાંથી લાવીને ખાશે અને કયાં રહેશે એ તમામ સમસ્યાઓ સતાવતી હોય છે, પરંતુ માનનીય નરેન્દ્રભાઈ મોદી અને વિભાગના મંત્રીશ્રીએ જૂથ વીમા યોજના મૂકીને નાના માણસોને કવરેજ કરી લેવામાં આવ્યા છે. તેનાથી ખૂબ મોટો ફાયદો આજે આદિવાસી ક્ષેત્રમાં થયો છે. આજે અમારા નાના-નાના માણસોને સરકાર દ્વારા કયા કયા ફાયદા આપવામાં આવે છે પોતે પરંપરાગત ખેતી કરતો હોય તેને કીટ્સ આપીને, નવું બિયારણ આપીને તેને આધુનિક ટૅક્નીકલ શિક્ષણ આપીને એ ખેતી કરતો થયો છે અને આજે અમે આદિવાસી વિસ્તારમાં જઈએ છીએ ત્યારે ડાંગર કરતા પણ કપરાડા ધરમપુર તાલુકાઓમાં સારામાં સારું લસણ, હળદર અને કારેલાની ખેતી આદિવાસીઓ કરતા થયા છે. એટલું જ નહીં, જંગલમાંથી જે વસ્તુ (સમય સૂચક ઘ ંટડી) એક-બે સૂચનો કરવાના છે. આદિવાસીઓ માટે સરકારશ્રીએ આ બજૅટમાં ખૂબ મોટી જોગવાઈ કરી છે. એટલે બીજાં પ્રશ્નો તો નથી પરંતુ સમસ્યા હજુ જે ફળિયામાં લોકો રહે છે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની લોકોની રહેણી-કરણી ઉપર થોડો પ્રકાશ પાડીશ. દક્ષિણ ગુજરાતમાં જ્યાં ફળિયાઓ છે એ ફળિયાઓમાં લોકો સમુહમાં રહેતા હોય છે અને એક ફળિયાથી બીજાં ફળિયાને જોડતા રસ્તાઓની થોડી મુશ્કેલી છે. તો હું એમ માનું છું કે એ બાબતની સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવે તો ચોક્કસપણે આદિવાસી વિસ્તારમાં ભૌગોલિક સુવિધા ઉભી થઈ છે તેમાં એક વધારાની ભૌગોલિક પરિસ્થિતિ ઉભી થશે અને લોકોની મુશ્કેલી સાચી પરિસ્થિતિમાં છે તે સરકાર સમજે તેમ હું માનીશ અને એ બાબતમાં સરકારશ્રી તરફથી યોગ્ય થશે એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટ એક વિકાસલક્ષી બજૅટ છે અને તેને આવકારીને મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી અનિલકુમાર અ. માળી (દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં સૂર પૂરાવું છું. આ વિભાગ ખૂબ અગત્યનો વિભાગ છે. રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની માગણીઓ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યુવાનની વાત કરવાનો મને એક સોનેરી અવસર મળ્યો છે. યુવાન કોને કહેવાય?

જો ચટ્ટાનો સે ટકરાયે ઉસે તૂફાન કહેતે હૈ.
જો તૂફાનોંસે ટકરાયે ઉસે યુવાન કહેતે હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના રમત-ગમત વિભાગ દ્વારા હાલમાં જે પ્રવૃત્તિઓ રાજયના યુવાનોના વિકાસ માટે જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે તેને હું હૃદયપૂર્વક બિરદાવું છું. રમત-ગમતના માધ્યમ દ્વારા બાળકોનો વિકાસ થાય અને એ વિકાસ માત્ર શારીરિક વિકાસ નહીં તેનો માનસિક વિકાસ પણ રમત-ગમતના માધ્યમથી થાય. તેવો આ વિભાગ છે. આજનું બાળ આવતી કાલનું ભવિષ્ય છે. કહેવાય છે કે, જેના હાથમાં બાળ એની આવતી કાલ, આ બન્ને ઉકિતઓ નજરમાં રાખીને આવતી કાલના બાળકોનું ભવિષ્ય નિર્માણ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની આ રાજય સરકાર કટિબદ્ધ બની છે. એક નાનકડા ગામમાંથી આવીને મારા જેવા અનેક યુવાનોના સ્વપ્નોને સાકાર કરીને આજે દેશના ફલક ઉપર ગુજરાતના માધ્યમ દ્વારા વિચારોનું નેતૃત્વ કર્યું છે. જુદા

જુદા કાર્યક્રમો દ્વારા ક્રાંતિનું નેતૃત્વ કરે છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, મારા જેવા અનેક યુવાન ધારાસભ્યોને જ્યાં પણ જોઈ રહ્યા છો એ એમની દીર્ઘદ્રષ્ટીનું પરિણામ છે. છેલ્લા સાત-આઠ વર્ષમાં ગુજરાતના યુવાનો માટે અનેક યોજનાઓ મૂકી છે. આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ યુવાનો માટે જીવતી જાગતી કાર્યશાળા, પાઠશાળા છે. આ પાઠશાળામાં યુવાનો માટે જે તે લેસન અને જે જે કાર્યક્રમો આ સાત-આઠ વર્ષમાં આપ્યા છે. જેનાથી ગુજરાત અને આ દેશનું યુવા ભાવી સબળ બન્યું છે. સ્વામી વિવેકાનંદે યુવાનોને સંબોધીને કહેલું કે એક કલાક ગીતા વાંચો એના બદલે એક કલાક રમત-ગમતમાં વાપરો, ફૂટબૉલ રમો કે મેદાનમાં વ્યાયામ કરો એ મને વધારે ગમશે. ગીતાને સમજવા માટે શરીર શકિતશાળી પરાક્રમી બનાવવું પડે. એટલે જ અર્જુન શકિતશાળી હતો. એટલા માટે જ ગીતાને સમજી શક્યો હતો. યુવાનો માટે શ્રી ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે કે, " દ ટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણ દિઠેલી ભોમ પર યુવાન માંડે ડગ." આજે સમગ્ર દેશનું ભવિષ્ય આજના અને આવતીકાલના યુવાનોના હાથમાં સલામત છે ત્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે યુવાનો મરીમીટવા સાથે જીવ્યા છે. આજે દેશ અને ગુજરાતના યુવાનો વિશ્વના વિકસિત દેશો સાથે સીધા હરીફાઈ કરી રહ્યા છે. આપણા સૌના સદ્નસીબ છે કે, સંસ્કૃત ભારતના નિર્માણનું નેતૃત્વ ગુજરાતના યુવાન સપૂત સંભાળી રહ્યા છે. તે યુવાનનું નામ આજે સમગ્ર દેશના યુવાનોમાં પ્રચલિત છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. એટલે મારે સહેજ પણ ખચકાટ વગર કહેવું પડે કે એ યુવાન બીજા કોઈ નહીં પરંતુ આપણા સૌની વચ્ચે બેસતા આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના યુવક યુવતીઓના સર્વાંગી વિકાસ માટે, યુવાનોની શકિતને રચનાત્મક માર્ગે અને સન્માર્ગે વાળવા માટે પ્રતિ વર્ષ વિવિધ પ્રવૃત્તિઓ, યુવા ઉત્સવો, આદિજાતિ મહોત્સવો, કચ્છ અને બનાસકાંઠા જેવા વિસ્તારોમાં સરહદ ઓળખો જેવા સાહસિક કાર્યક્રમો આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ યુવક નેતૃત્વ શિબિરો કરવામાં આવે છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગનું આદી કાળથી વિશિષ્ટ પ્રદાન છે. આ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ યોગ શિબિરો પણ યોજવામાં આવે છે. જેના કારણે યોગાસનથી વ્યકિતનો સર્વાંગી વિકાસ થાય, એનામાં રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય અને નીરોગી લાંબુ જીવન જીવે એ ચિંતા આ વિભાગ દ્વારા, યોગ શિબિરો દ્વારા કરવામાં આવે છે. આવી શિબિરોમાં જુદા જુદા વિસ્તારના યુવાનો એકત્ર થવાના કારણે માતૃ ભાવના, રાષ્ટ્રીય ભાવના જાગૃત થાય છે, આવા ઉમદા હેતુથી રાજયના ૨૬ જિલ્લાઓમાં આ શિબિરો દ્વારા યુવાનોને રાહ ચીંધવામાં આવે છે.(અંતરાય) પાંચ મિનિટનો સમય લંબાવવા વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** :મારે એકાદ વક્તાનું નામ કાઢી નાખવું પડે. આપને સમય કરતાં વધારે આપવાનો પ્રયત્ન કર્યો છે.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પૂરું કરું છું. મારા જિલ્લામાં અંબાજી સાઈટ વિકાસ સંઘને વિકાસ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે ૩ એકર જમીન ફાળવી છે. યુવાનોમાં સાહસિક પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે માટે રૂ.૨૦ લાખની જોગવાઈ કરી છે. એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન એટલા માટે આપવા પડે કે આજના યુવાનોનો સૌથી પ્રિય શોખ ક્રિકેટ છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે ક્રિકેટ પ્રેમીઓ માટે સ્વામી વિવેકાનંદ શિલ્ડ, ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરી યુવાનો આ ક્ષેત્રમાં પોતાનું કૌવત બતાવે એ તરફનો એક પ્રયાણ કર્યો છે. મારી વાત ટૂંકાવું છું પણ બે મિનિટ આપવા માટે વિનંતી કરું છું. એવી જ રીતે દુલીપ સ્કૂલ ઑફ ક્રિકેટ ટુર્નામૅન્ટમાંથી તાલીમ મેળવેલા આપણા જ ગુજરાતના જયેશ આડેકટર જેઓ દેવધર ટ્રૉફીની મૅચ માટે વેસ્ટઝોનની ટીમમાંથી પસંદગી પામી અને દેવધર ટ્રૉફીમાં ૫ વિકેટ લઈ સૌથી શ્રેષ્ઠ દેખાવ કર્યો છે એ બદલ હું એમને અભિનંદન પાઠવું છું. ૨૦૦૮-૦૯ની અંદર રાષ્ટ્રીય કક્ષાની વિવિધ રમતોમાં ગુજરાતના ખેલાડીઓએ ૯૫ ચંદ્રકો મેળવી ગુજરાતનું નામ રોશન કર્યુ છે એ બદલ એમને ખૂબખૂબ અભિનંદન પાઠવું છું. ૨૦ સુવર્ણ ચંદ્રક, ૩૮ રજત ચંદ્રક અને ૩૭ કાસ્ય મેળવી કુલ ૪૯ ચંદ્રકો આપણા ગુજરાતના યુવાનોએ મેળવ્યા છે. રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગ હેઠળ ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૭.૭૫ કરોડની જોગવાઈ સામે ૨૪.૪૯ ટકાના વધારા સાથે માનનીય મંત્રીશ્રી આ વર્ષે સૂચિત જોગવાઈ ૧૧૧.૭૫ કરોડ રૂપિયા લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨૬, ૨૭ વન અને પર્યાવરણ લઈને આવ્યા છે. તેમાં આ માગણીઓમાં હું અનુમોદન અને મારો સુર પૂરાવુ છું અને મારા વિચારો રજૂ કરું છું. વનોના મહત્વના પ્રચાર અને પ્રસાર એ આધુનિકરણની વરવી દેન છે. ભારતીય સંસ્કૃતિની અને આપણા વેદ ઉપનિષદ શાસ્ત્રો, પૂરાણોના પાને પાને પ્રકૃતિના વરદાન સમા વનોનો મહિમા વણાયેલો જોવા મળે છે. માનવીએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પ્રકૃતિને ટકાવવી જરૂરી બની રહે છે. સ્વાર્થ અને લોભમાં પ્રકૃતિને સૌથી વધારે પ્રદૂષિત કરવાનું કાર્ય માનવી જ કરે છે. વન વિભાગ દ્વારા વનોની ગીચતા અને વિવિધતાના સંરક્ષણ માટે વિકાસ માટે વિવિધલક્ષી અભિગમ અપનાવવામાં આવેલ છે. વનોના રક્ષણ અને સુધારણા માટે ચેકપોસ્ટ નેટવર્ક તથા વોચ ટાવર ઉભા કરીને રક્ષણ માટે ચોકીયાતો તથા દવ રક્ષકોની નિમણૂક

કરીને તેમજ રક્ષણ માટેનો આત્મવિશ્વાસ વધારવા હથિયારો આપીને રક્ષણ માટે સતત સતર્કતા બાબતે કાર્યાન્વિત કરેલ છે. ભૂમિ અને ભેજ સંરક્ષણની વાત કરું તો વનો ઝરણા અને નદીઓના ઉદ્દભવસ્થાન છે. તેથી વનોના જળસ્ત્રાવ વિસ્તારવામાં ભૂમી અને ભેજ સંરક્ષણના કામો થાય તે ખૂબ જરૂરી છે. વન તલાવડીઓ નાળાબંધી ચેકડેમોની કામગીરી ૮૦ના દાયકામાં શરૂ થયા હતા. ૧૯૯૫-૯૬થી ૨૦૦૮-૦૯ સુધીમાં ૮૨૯૮ વન તલાવડીઓ બનાવવામાં આવી છે. ૬૮૮૫ સુજલામ સુફલામ યોજના સહિત ચેકડેમ વન વિભાગ દ્વારા નિર્માણ થયેલ છે. ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ભૂમી અને ભેજ સંરક્ષણની યોજના બીન આદિવાસી તથા આદિવાસી હેઠળ અનુક્રમે રૂા. ૪૫૭૭ લાખ તથા રૂા. ૧૮૫૦.૯૪ લાખ બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે. માનવીએ પોતે તંદુરસ્ત અને નીરોગી રહેવા માટે પ્રકૃતિને પ્રદુષણમુકત બનાવવાની જરૂર છે. પ્રદૂષણ અટકાવવું એ માનવીના હાથની વાત છે. છોડમાં રણછોડ, આવી ભાવના માનવી જ સમાજમાં કેળવી શકે છે. વન મહોત્સવની વાત કરીએ તો રાજય સરકારે સને ૨૦૦૫ના વર્ષમાં ઉજવાયેલ ૫૬માં વન મહોત્સવથી વનમહોત્સવને લોકદાયરામાં બનાવવાનો એક ઉમદા અભિગમની શરૂઆત કરી છે.વન મહોત્સવમાં લોક ડાયરાનું આયોજન કરી મનાવવાની શરૂઆત કરી છે. ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ માત્ર ગાંધીનગરમાં નહીં રાખતાં દર વર્ષે અલગ અલગ જિલ્લાઓમાં આવેલ પ્રસિદ્ધ ધાર્મિક સ્થળોએ ઉજવવાનું નક્કી કરેલ છે. ચાલુ વર્ષે ૨૦૦૯-૧૦ના ૬૦મા વન મહોત્સવની ઉજવણી તથા શ્યામા વનના લોકાર્પણનો કાર્યક્રમ સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રભુ શામળિયાના ચરણોમાં શામળાજી ખાતે સંપન્ન થયેલ છે. ગુજરાતના વિકાસદષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબના કર કમળથી ઉપરોક્ત શ્યામા વન શામળાજીની શોભામાં વધારો કરશે. સાંસ્કૃત્તિક વનોની વાત કરીએ તો માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર પ્રજામાં ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મેં અગાઉ પણ સૂચના આપી છે. સેવક, આપ ફાઈલ પાછી આપી દો. ત્યાં જઈને કરો. આ પ્રમાણે કરશો તો ચાલશે નહીં. અધિકારી ગેલેરીના અધિકારીશ્રીઓએ અને સેવકે કોઈપણ જાતની ચિઠ્ઠી મંત્રીશ્રીને મોકલવી હોય તો મોકલી શકે છે પણ ફાઈલો અને કાગળોની આપ-લે માટે સેવકોએ પાછળથી જવાનું રહે છે, અધિકારીઓએ પણ એ જ રીતે કરવાનું રહે છે. આ રીતે જો અધિકારીઓ નહિ વર્તે તો તેમની સામે પગલાં લઈશ.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક વનની વાત કરીએ તો માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર પ્રજામાં વૃક્ષારોપણની ભાવના વધે એ માટે સાંસ્કૃતિક વનો ઊભા કરવાનો નવતર અભિગમ અપનાવેલ છે. આયુર્વેદિક, એલોપથી, હોમિયોપથી તથા બાયો કેમિકલ દવામાં વૃક્ષોનો ઉપયોગ સર્વ વિદિત છે. માનવની વન અને વૃક્ષ પ્રત્યેની સંવેદનશીલતાને ઢંઢોળવાના હેતુસર રાજ્યમાં વિવિધ સ્થળોએ વૃક્ષ વાટિકાઓ બનાવવામાં આવી છે. સામાજિક વનીકરણના કાર્યક્રમ હેઠળ ૧૯૮૦ના દાયકામાં જ્વલંત સફળતા મળી છે. તેના પરિણામ સ્વરૂપે સામાજિક વનીકરણના વિશ્વ પ્રણેતા તરીકે ઓળખવામાં આવે છે. (અંતરાય) (સમયસૂચક ઘંટડી) એક જ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : સમય મર્યાદા છે. આજે માનનીય મંત્રીશ્રીઓ સવા કલાક લેશે. માનનીય ગુલસીંગભાઈ...

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૬ અને ૯૮ જે લઈને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આદિવાસી વસતિ ધરાવતા ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકા આવેલ છે. ગુજરાતની કુલ વસતિના ૧૫ ટકા વસતિ આદિવાસીઓની છે. ગુજરાતમાં આ ૧૨ જિલ્લાના ૪૩ તાલુકામાં ૭૫ લાખ જેટલા આદિવાસીઓ વસે છે. આદિજાતિ વિસ્તાર પેટા યોજનાનો આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આશિર્વાદરૂપ છે. કારણ કે આ યોજનાઓ હેઠળ આદિવાસીઓને અનેકગણા લાભો મળે છે અને અનેક પ્રકારની યોજનાનોનો એમાં સમાવેશ કરવામાં આવેલ છે. આમ જોઈએ તો આદિજાતિ પેટા યોજનાઓ પ્રાયોજના અધિકારીઓ મારફતે ઘણા વર્ષોથી ચાલું છે. પરંતુ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર આવી ત્યારથી આદિવાસીઓનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રે ખૂબ જ વિકાસ થયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓના વિકાસ માટે આદિવાસી સમાજ ગુજરાતમાં અન્ય સમાજ સાથે કદમ મિલાવી શકે તેવી અનેક યોજનાઓ પોતાની સુઝબુઝથી મૂકી છે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે ૧૧મી પંચવર્ષીય યોજનામાં પાંચ વર્ષના સમયગાળા માટે રૂપિયા ૧૫ હજાર કરોડની વન બંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ છે. આ વન બંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ મુદ્દાનો કાર્યક્રમ આપ્યો છે. આ ૧૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ પાંચ લાખ કુટુંબોને રોજગારી, શિક્ષણમાં ગુણવત્તા સુધાર, બમણો આર્થિક વિકાસ, સૌના માટે આરોગ્ય, સૌના માટે આવાસ, પાઈપલાઈનથી પાણી, સિંચાઈની સુવિધા, બારમાસી રસ્તાઓ, વીજળીની ઉપલબ્ધતા, શહેરી વિકાસ જેવા વિવિધ ૧૦ મુદ્દાનો કાર્યક્રમ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી વિસ્તાર પેટા યોજનાનો વ્યાપ વધાર્યો, અનેક પ્રકારની જોગવાઈઓ કરી અને આદિવાસીઓના વિકાસ માટે ઉત્તરોત્તર નાણાકીય જોગવાઈઓમાં વધારો કર્યો. આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ યોજનાનો બહોળો પ્રચાર કર્યો છે. આદિવાસી વિસ્તારમાં ઊંડાણના છેવાડાના ગામડા સુધી કૃષિરથ, કૃષિમેળા, પ્રદર્શનો, ગ્રામસભા,

કન્યા શાળા પ્રવેશ મહોત્સવ જેવા મહોત્સવોથી ઊંડાણના વિસ્તારમાં વસતા તમામ આદિવાસી નાગરિક આ યોજનાઓનો સંદેશો પહોંચાડ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી પેટા વિસ્તાર યોજનાથી આદિવાસી ખેડૂતો સારી સુધારેલ ખેતી કરતા થયા. શિક્ષણનું પ્રમાણ વધવાથી સામાજિક કુરિવાજો, અંધશ્રદ્ધા વગેરેમાં સુધારા થયા. આદિવાસી ખેડૂતોને સિંચાઈ માટે ડિઝલ એન્જિન પંપ, જનરેટર સેટ, સબમર્સિબલ પંપ, નવા બોરવેલ, નવા કૂવા, સ્થાનિક કૂવા વગેરેમાં સહાય આપવામાં આવી. ખેડૂતોને પૂરતું પાણી મળી રહે તે માટે સિંચાઈ, તળાવો, નાનામોટા ચેકડેમ, ખેત તલાવડી, બોરીબંધ, જે તે વિસ્તારના ડેમોમાંથી નહેરો વડે પાણીની સગવડ, કુવા માટે ઝડપથી વીજ જોડાણો વગેરેથી આદિવાસી ખેડૂતો સારું કમાતો થયા. ત્રણ સિઝનનો પાક લેતો થયો જેથી આદિવાસી ખેડૂત આર્થિક રીતે પગભર થયો. આદિવાસી ખેડૂત સારી ઓલાદના પાલતું દુધાળા પ્રાણીઓ જેવા કે, ગાય-ભેંસ પણ સબસિડી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકારશ્રીએ અનેક પ્રકારની સવલતો ઊભી કરી છે. જેમાં ધોરણ-૧ થી ૭ માં ભણતાં અનુસૂચિત જાતિના બાળકોને બે જોડી ગણવેશ માટે વાર્ષિક ૧૫૦ રોકડા રૂપિયા આપવામાં આવે છે. આ માટે ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૧૦૫૪.૮૪ કરોડની જોગવાઈ કરી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એમાં સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે સન્માનનીય સભ્ય ગીતાબેન પટેલ બિનસરકારી સંકલ્પ લઈને આવેલા એ અને આ વન વિભાગ બેયને લગભગ મૂળમાં એકજ એનો અર્થ થાય કે વન સંપત્તિ આ દુનિયાના સૃષ્ટિના સર્જનમાં આ સૃષ્ટિથી શરૂઆતથી માનવ જીવન માટે જેનો મોભોમૂલ્ય ભાગ ગણવામાં આવે છે એ વન સંપત્તિ જેને કહેવાય. આ વનસંપત્તિમાં વન વિભાગ લોકશાહીના તંત્રમાં જ્યારથી શરૂઆત થઈ, ફોરેસ્ટ એકટ બન્યો ત્યારથી એ વિભાગમાં આવતા જેટલા ગામડા, એ વનમાં વસતા વનવાસીભાઈઓ એમના માટે પૂર્વ સરકારોએ કેવા કામ કર્યા અને હાલની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એમાંય અમારા વનમંત્રી મંગુભાઈ પટેલે એમાં વસતાં વનવાસી ભાઈઓને કેવી રીતે જંગલમાંથી લાભ મળે અને જંગલ સચવાય આના પગલાં લીધાં એ ખરેખર અદ્‌ભૂત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મુખ્યમંત્રીએ વન સંપત્તિના ભેલાણ વિષે એમણે જ્યારથી રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા એમાં પહેલામાં પહેલા આમ તો શરૂઆત થઈ વન વિભાગથી વન મહોત્સવની શરૂઆત થઈ. સ્વ.કનૈયાલાલ મુનશીજીએ વન મહોત્સવની પહેલામાં પહેલી શરૂઆત કરી. એના પછી જે વન મહોત્સવનો જે અર્થ થયો એ અધિકારીઓ સ્ટેટ લેવલના અધિકારીઓ અને જિલ્લા લેવલના અધિકારીઓને એક ભેગા મળવાનો માત્ર મહોત્સવ ઊભો કર્યો. એ મહોત્સવમાં કોઈ પરિણામ મળ્યા નહિ અને એ પરિણામ નહિ મળવાના કારણે અને એ જંગલો પાછળ બિનકાળજી લેવાના કારણે આ દેશના અને આ રાજ્યના જંગલો લગભગ પૂરા થવાના આરે. સદ્‌નસીબે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. આ મુખ્યમંત્રીશ્રીએ વન મહોત્સવને તમામ કર્મચારીઓને બીટ ગાર્ડથી માળીથી લઈને તમામે તમામને કામે લગાડી આ નાશ પામેલા જંગલોને પુર્નજીવિત કરવા માટે અને પોતે મુખ્યમંત્રીજીએ એમના મંત્રમાં સાંસ્કૃતિક વનોની શરૂઆત થઈ.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે અને વિરામ બાદ ફરીથી ૧૧-૦૦ વાગે મળીશું. આપની ત્રણ મિનિટ બાકી રહેશે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : સાહેબ, ૧૦ મિનિટ આપવી પડશે.

**અધ્યક્ષશ્રી** : એ તો હવે મારી પાસે સમય નથી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : બીજા સભ્ય નથી બોલવાવાળા.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમય છે નહિ. આપ દંડકને કહો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : હા, જી.

**વિરામ : સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**સભાપતિશ્રી, દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની આમ તો ચર્ચા લાંબી હતી પણ સમય ઓછો છે એટલે મારાં બે સૂચનો પહેલા કરી દઉં છું. આદરણીય વન મંત્રીશ્રી અને સરકારશ્રીએ, આ વિભાગના અધિકારીઓએ વર્ષોથી પડતર પ્રશ્નો જે જંગલ વિભાગના હતા એ પૂર્ણ કરી તમામ વનવાસીઓને સનદો સહિત એના તમામ હક્કો આપવા બદલ એ વિભાગને હું અભિનંદન આપું આવો એક મારો અગત્યનો મુદ્દો સૂચન છે, સરકારને મારી દર્દભરી વિનંતી છે કે, જેમ વનવાસી ક્ષેત્રોમાં વનવાસીઓને જમીનની સનદો આપી એના હક્કો આપણે આપ્યા એમ અમારા સાબરકાંઠા, કચ્છ અને પંચમહાલ જિલ્લાના ગીરાસદારોના જે ઝાડોનું વળતર અને જમીનોના વળતરનો પ્રશ્ન છે એ વર્ષોથી અહીંયા સુધી આવ્યો છે મારી આ વિભાગને એક વિનંતી છે કે જેમ આપણે જંગલો જેણે સાચવ્યા, જેણે જંગલો સાચવીને ફૉરૅસ્ટ એકટ નહતો બન્યો એની પહેલા જે જંગલો આપ્યાનો

મૂળ પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને વિનંતી એ કરવાની કે, ફૉરેસ્ટમાં સ્ટેટ મર્જર થયા પછી જંગલો લીધા એ પછી દશ વર્ષ પછી એની માપણી થઈ અને માપણી થયા પછી જ્યારે અધિકારીઓએ આ સ્ટેટના જાગીરદારોને વળતર આપવાની વાત કરી ત્યારે જાગીરદારોએ એમ કહ્યું કે અમે તમને જે હાલતમાં જંગલો આપેલા એ હાલતમાં અમને વળતર આપો એના ઝઘડામાં આજ સુધી એ પ્રશ્નનો ઉકેલ નથી આવ્યો માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરકારની કોઈ ભૂલ હું નથી કાઢતો પણ જાગીરદારોની માગણી એ છે કે, અમે જે અણિશુદ્ધ જંગલો આપેલા, એ જંગલોના ઝાડોની ગણતરી પ્રમાણે અમને વળતર આપો અને એમાં સરકાર જે ધારા ધોરણો નક્કી કરે એ ધારા ધોરણો પ્રમાણે આ વળતર માગ્યું છે. એમાં કોઈ બળજબરી તો છે જ નહીં અને એના કારણે કેટલાક ગીરાસદારો કોર્ટમાં પણ ગયેલા પણ સરકાર જો આ વળતરમાં પોઝેટિવ વલણ કરે તો એ કેસો પાછા ખેંચીને પણ સરકાર સામે હાથ જોડીને એ વળતર લેવા માટે વિનંતી કરે એટલે આ વિભાગના મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ફાઇલને નાણા મંત્રીશ્રી સુધી ભલામણ કરી, અહીંયા માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ પણ હાજર છે, મારી એમને પણ વિનંતી છે કે, આપણે કરોડો રૂપિયા બીજી ઘણી યોજનાઓમાં ખર્ચતા હોઈએ ત્યારે આ તો પાંચ- પચાસ કરોડ રૂપિયાનું કામ છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, એવો જ બીજો પ્રશ્ન રબારીઓનો છે. કે જે રબારીઓ વન વિભાગમાં વસતા હોય તો એમને પણ સરકાર તરફથી હજી કાયમી ધોરણે એના રહેવા માટેની વ્યવસ્થા નથી આપી એનો પણ પ્રશ્ન આ વિભાગ ખૂબ સરળતાથી લે. બીજો પ્રશ્ન એ છે કે, જ્યાં જ્યાં જંગલોનું ભેલાણ થાય છે એમાં મારા પંચમહાલ વિસ્તારની વાત કરું. દેલીકુવાના જંગલમાં..

**સભાપતિશ્રી** : આમ તો સમય પૂરો થયો છે પણ તમે કેટલી મિનિટ લેશો ?

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : બે મિનિટ સાહેબ.

**સભાપતિશ્રી** : તમે બે કહો તો હું એક મિનિટ કહું, વચ્ચેનો રસ્તો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં જ્યાં ફૉરેસ્ટના અધિકારીઓની વિરુદ્ધ જેટલી ફરિયાદો આવે એ અધિકારીઓની તાત્કાલિક બદલી કરી અને એમને સજા કરી દેવાનું કારણ દેલીકુવામાંથી, મારી પાસે રાત્રે ફોન આવ્યો પછી મેં એ બીટના અધિકારીને ફોન કરીને કહ્યું કે, ભાઈ આ સાગ કપાયા છે હકીકત સાચી છે? તમે ત્યાં તપાસ કરાવો પણ એ અધિકારી ત્યાં મળેલા હતા એટલે એ ચોરોને એ ગોધરામાંથી જ આવતા હોય એ લોકો એમાં કોઈ સ્થાનિક ખેડૂતોએ સાગ કાપતા નથી. પણ આયોજન બદ્ધ સાગોનું જે નિકંદન નીકળે એ રાજપીપળા અને નેત્રંગ વચ્ચે જે જંગલ આવેલું છે એમાં પણ ધોળા દિવસે ભારા બાંધી છકડામાં પણ લાકડા રાજપીપળામાં આવતા હોય તો આવા જંગલોમાં કમ્પલેટલી વાડ કરી અને જે તે અધિકારીને એની જવાબદારી સોંપો અને એના પગારમાંથી પૈસા કાપી શિક્ષા કરો તો જ આ જંગલોનું ભેલાણ થતું અટકે એ જ મારી વિનંતી છે.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની માગણી નં. ૨૬ અને ૨૭ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેના સમર્થનમાં બોલવા માટે ઊભો થયો છું. આપણા મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી ઉપર મા સરસ્વતીની ખૂબ કૃપા છે અને તેઓ જયારે બોલતા હોય છે ત્યારે કોઈપણ શબ્દ જેની અંદર કંઈ અર્થ ન હોય એવો શબ્દ એમના મોઢામાંથી નીકળતો મેં કયારેય સાંભળ્યો નથી. વન ખાતાની વન વિભાગની પ્રવૃત્તિઓની જે પુસ્તિકા છે તેમાં વન ખાતાના બાબતમાં એમણે જે જંગલોના મહત્વ બાબતમાં કહ્યું છે કે વનો, વન્ય જીવો જ નહીં પણ સમગ્ર જૈવિક વિવિધતાના સંરક્ષણની સભાનતા આપણી પ્રાચીન સંસ્કૃતિમાં વણાયેલી છે તે હકીકત "વસુધૈવ કુટુંબકમ" શબ્દોમાં પ્રતિબિંબિત થાય છે. આપણે આ સભાનતાને પ્રજ્વલિત કરીને રાખીએ જેથી આપણે વિશાળ અર્થમાં સમૃદ્ધ થઈએ. કેટલી સુંદર વાત આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે? આપણા જીવનની નિર્ભરતા પર્યાવરણ ઉપર અવલંબિત છે. ગ્લોબલ વોર્મિંગથી આજે જયારે આખું વિશ્વ ચિંતિત છે ત્યારે આપણી વન્ય સંપદાઓના રક્ષણ અને સંવર્ધનનું કામ એની મહત્વની આ કામગીરી ખૂબ જ જાગૃતતાપૂર્વક પરિણામલક્ષી અભિગમ સાથે આપણે કરવી પડશે. જંગલનો વિસ્તાર ૩૩ ટકા હોવો જોઈએ તો તે સારી સ્થિતિ કહી શકાય. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડીયાના રિપોર્ટમાં ઉપગ્રહ દ્વારા જે કાંઈ સરવે થયો છે તેના આધારે ૧૯૯૧માં ૧૧૯૦૭ ચોરસ કિલોમીટર જંગલ આપણા ગુજરાતમાં છે. ૨૦૦૫માં એ વધીને ૧૪૭૧૫ ચોરસ કિલોમીટર એટલે ૨૪ટકાનો વધારો બતાવે છે. ખૂબ આનંદની વાત છે પરંતુ હજુ એની અંદર ઘ ણું કામ કરવાનું બાકી છે. આ ખાતાની અંદર મહેસૂલી આવકનું જે કંઈ ધોરણ છે એ ઓછું હોય પરંતુ એના ઉપર નિર્ભર જે જનસંખ્યા છે અને એના કારણે જે એમને રોજીરોટી મળે છે એનો આંકડો જોઈએ તો લગભગ ૧૦૧૪કરોડ જેવી વન પેદાશો અને લાકડાની જે ઉપજ છે એમાંથી એ મળે છે. એલોપથીની આડઅસરથી આજે બધા ચિંતિત છે ત્યારે પ્રકૃતિના ખોળે આપણે આયુર્વેદને અપનાવ્યા વગર છુટકો નથી. વનસ્પતિની અંદર જે અદભૂત ગુણો છે તે ગુણોને આપણા ઋષિમુનિઓએ ઓળખ્યા હતા અને એના આધારે માનવજીવન કેવી રીતે તંદુરસ્ત રહે થનારા રોગોનું કઈ રીતે નિદાન થઈ શકે એના માટેનું જે કાર્ય આપણા ઋષિમુનિઓએ કર્યું હતું તે કામ વન વિભાગે શરૂ કર્યું છે તે બદલ વન મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આપણા શરીરની અંદર પાંચ તત્વો છે પવન, પાણી, અગ્નિ, પૃથ્વી અને આકાશ એ પાંચેપાંચ તત્વોનો આપણને જે કાંઈ પૂરા જીવન દરમિયાન જે લાભ મળે છે એ લાભ આપણે લેવો હોય તો પર્યાવરણને જાળવવું જ પડે. વન ઔષધિના વાવેતર દ્વારા કાનસમાં

જે વલસાડ જિલ્લાની અંદર આવેલું છે એની અંદર જે પ્રોજેકટ જંગલ ખાતાએ કર્યો છે તે ખૂબ જ પ્રસંશનીય છે એની વનસ્પતિમાં જે વૈદકિય ગુણો છે એ ગુણોને ઓળખવાવાળા દરેક ગામની અંદર વનવાસીભાઈઓ બેઠા છે. માનનીય મંત્રીશ્રીને હું સૂચન કરું છું કે આવા જે વૈદો છે એમની પાસેથી આ માહિતીનું સંકલન થવું જોઈએ કારણકે આ વિદ્યા ધીરેધીરે ખોવાઈ રહી છે. જે અનુભવ આવ્યા છે મારા એક મિત્ર કછોલીના છે પ્રવિણભાઈ દેસાઈ કરીને એમને લકવાની અસર થઈ અને જયારે ડોકટરોએ કહયું.કે આ જે કઈ તમારી તકલીફ છે, તે મટાડવામાં બહુ તકલીફ પડશે. ઘણો સમય લાગશે, ત્યારે એમણે આ જે કઈ આદિવાસી વિસ્તારમાં વૈદ્યકીય કામ કરનાર ખટાણા ગામમાં વૈદ્ય હતા તેમનો સંપર્ક કર્યો અને એમની સારવાર લેવામાં આવી. તેઓ એવા મૂળિયા લઈને આવતા હતા કે તે મૂળિયાને પાણીમા પલાળી અને પછી એ મૂળિયાને લકવાગ્રસ્ત ભાગ ઉપર બાંધવામાં આવે અને ૧૦-૧૫ મિનિટ રાખવામાં આવે તો એટલી બધી ગરમી થાય કે એની અંદર લોહી ફરતું થાય. દર્દી ૧૦-૧૫ મિનિટથી વધારે તે સહન પણ ન કરી શકે. એવા મૂળિયા લઈને આવતા હતા. એમની સારવારના કારણે આજે પ્રવીણભાઈ બિલકુલ તંદુરસ્ત રીતે કામ કરી શકે છે. આપણે જે કઈ આવી અણમોલ વનસ્પતિમાં જે કઈ શક્તિ છે, એની અંદર જે વૈદ્યકીય ગુણો છે, એને ઓળખીને જે વૈદ્યો ગામડે ગામડે બેઠા છે, એવા વૈદ્યકીય પાસેથી આ સંકલન કરવું જોઈએ.

આપણે બધા જાણીએ છીએ કે ચારણી સાહિત્ય ઝવેરચંદ મેઘાણીએ ચારણના નેસડે જઈ જઈને ભેગું કરેલું અને એ અણમોલ સાહિત્ય એ એમના કારણે એમના પુરુષાર્થના કારણે સચવાયેલ છે, એવું આ બાબતમાં પણ કરવું જોઈએ. વન ખાતાની જે સંસ્કૃતિને પૂરક આવો અભિગમ છે, એની વાત કરીશ. સંસ્કૃતિવન, પુનિત વન, કૈલાસ વન, માંગલ્ય વન, તીર્થશંકર વન, હરિહર વન અને ભક્તિવન અને હમણા સાબરકાંઠાની અંદર ૬૦ મો જે વન મહોત્સવ થયો, તેને શામળવન નામ આપવામાં આવ્યું. આપણે આ ભલાભોળા વનવાસી ભાઈઓ જે જંગલમાં રહે છે. આપણી સંસ્કૃતિને સાચવીને બેઠા છે. એમના જીવનને સમૃદ્ધ કરવા માટે રાજય સરકારે ખૂબ કામ કર્યાં છે. ડાંગ જેવા વિસ્તારમાં ૧૫૦૦ જેટલા ચેકડેમ બનાવીને પાણીની એમની સમસ્યા હતી, એનો ઉકેલ લાવ્યા છે. જે વનવાસી નાગલી સિવાય બીજી ખેતી કરતા નહોતા, તેમને કાજુની ખેતી કરતા કર્યા છે. આ જે કઈ રાજય સરકારની ઉપલબ્ધિ ખરેખર પ્રશંસાપાત્ર છે. વનમંત્રી પોતે પણ એક ગરીબ પરિવારમાંથી આવે છે અને મારો એમની સાથેનો ૪૫ વર્ષનો સંબંધ છે. એ ૪૫ વર્ષના સંબંધમાં મેં એમનું સાતત્યપૂર્ણ જીવન જોયું છે, એટલે મને પોતાને ગૌરવ છે.

**સભાપતિશ્રી :** ગૌરવ એ નિકટનું છે એમ કહો એ ખોટું નથી.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત** : આપ પણ સાહેબ મને ઓળખો છો. આપણે પણ એકબીજા સાથે કામ કર્યુ છે. આ રીતે જે વન અને પર્યાવરણ ખાતાએ કામગીરી કરી છે, એને બિરદાવવા જેવી છે. એક બીજું સૂચન છે કે બનાસકાંઠા જિલ્લામાં વધુને વધુ સામાજિક વનીકરણ થાય, કારણ કે આજે આખા ગુજરાતમાં વરસાદ પુષ્કળ છે, ત્યારે પણ મારા બનાસકાંઠામાં વરસાદ જોઈએ એવો પડ્યો નથી. અમારી રેલ નદી છે, તેમાં ૨૫ વર્ષમાં પાણી ચાલ્યું નથી, એટલે ત્યાં ગેરકાયદેસર વૃક્ષનું જે છેદન થાય છે અને ત્યાં જંગલ ઘટી રહ્યા છે. ત્યાં વધુમાં વધુ સામાજિક વનીકરણ થાય એ માટે હું એમને સૂચન કરું છું. આપણો દેશ સંસ્કૃત પ્રધાન દેશ છે. હજારો નહિ, પણ લાખો વર્ષની સંસ્કૃતિનો ઉજ્જવળ ઇતિહાસ લઈને બેઠેલા આ દેશ છે. માનવ સભ્યતાની જે પરંપરા છે એ પરંપરાના આપણે બધા વારસદાર છીએ અને એનું આપણને ગૌરવ હોવું જોઈએ. એક કવિએ સાચુ કહ્યું છે કે- " હમ ઉસ દેશ કે વાસી હૈ, જહા આદી અંતકા ખેલ, વિપક દેખા ગેબકા બિના ભાતી બીના તેલ". આ માગણીને હું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ આ સભાગૃહની અંદર જે માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૬ અને ૯૮ ઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશની અંદર વનબંધુ પથરાયેલા છે. ભારતની કુલ વસ્તીમાં વનબંધુની વસ્તી ૮ કરોડ ૪૩ લાખ જેટલી છે, જે કુલ વસ્તીના ૮.૨૦ ટકા જેટલી થાય છે. ગુજરાતમાં વનબંધુની વસ્તી ૭૪.૮૧ લાખ જેટલી છે અને ખાસ કરીને મોટા ભાગના વનબંધુઓ રાજયના પૂર્વ સરહદવાળા અને આર્થિક રીતે નબળા વિસ્તારોમાં રહે છે. આમાં મોટા ભાગના વિસ્તારો ખડકાળ, ડુંગરાળ, અનિશ્ચિત વરસાદવાળા, કયાંક વધારે વરસાદવાળા વિસ્તારોમાં રહેતા વનબંધુઓનો ખાસ કરીને વન સાથે ઘરોબો વધારે છે એટલે તેમને વનબંધુ કહેવામાં આવ્યા છે. વનબંધુની સૂચિત વસ્તીવાળા જે જિલ્લા છે તે ગુજરાતની અંદર ૧૨ જિલ્લા છે. આ ૧૨ જિલ્લાઓને વિકાસ માટે ૧૨ પ્રયોજના વિસ્તારોમાં વહેંચવામાં આવ્યા છે. આ બાર જિલ્લાઓમાં ખાસ કરીને બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, ભરૂચ અને વલસાડ જિલ્લો ખાસ કરીને આ વસ્તી ધરાવતા જિલ્લા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વનબંધુઓ માટે અગિયારમી પંચવર્ષીય યોજનાની અંદર વનબંધુઓના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ છે. તેમાં પાંચ વર્ષની કુલ જોગવાઈ ૧૫ હજાર કરોડની કરવામાં આવેલ છે. વિવિધ વિભાગોના બજેટ હેઠળ કરવામાં આવેલ આ યોજનાઓમાં આદિજાતિ

વિકાસ વિભાગની જોગવાઈઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ૩૫૬૬ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. આમાં દસ મુદ્દાનો કાર્યક્રમ જાહેર કરી આ વનબંધુઓનો પાંચ લાખ કુટુંબો માટે તેમનો બમણો આર્થિક વિકાસ થાય, તેમનું શિક્ષણ સુધરે, આરોગ્ય, આવાસ, પાણીની પાઈપલાઈન દ્વારા પાણી, બારમાસી રસ્તાઓથી જોડવાનું કામ, વીજળી ઉપલબ્ધતા કરાવવાનું કામ આ બધા કામોનો સમાવેશ થાય છે.માનનીય અધ્યક્ષશ્રી, શરીરનું કોઈપણ અંગ નબળું હોય અથવા તો કોઈ બિમારી થઈ હોય તો આપણે તેની કાળજી વધુ લઈએ છીએ, દવાખાને જઈ દવા કરાવીએ છીએ. આમ આ સમાજનું એક અંગ એ આદિજાતિ વિસ્તાર છે અને વનબંધુ જે છે તે વર્ષોથી જુદા જુદા વિસ્તારોમાં, ઢાળવાળી જમીનમાં ઝૂંપડાંઓમાં કહેતા લોકોનો ઉત્કર્ષ થાય તે માટે મુખ્યમંત્રીશ્રી અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી યોજનાઓ લઈને આવ્યા છે અને તેમાં તેમની વ્યવસ્થિત કાળજી લેવાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દરેક ક્ષેત્ર અને દરેક સમાજની ચિંતા કરે છે ત્યારે આટલી મોટી યોજનાઓ લઈને માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે આ વિસ્તારની જમીનો ઢાળવાળી, ખડકાળ, પત્થરવાળી છે તેના કારણે ત્યાં ખેતીની ઉપલબ્ધિ ખૂબ ઓછી છે. ત્યારે માનનીય મંત્રીશ્રી વનબંધુ યોજના હેઠળ એક વાડી યોજના લઈને આવ્યા છે અને આ વાડી યોજનાની અંદર હમણાં વાત કરી તેમ આ લોકો નાગલી અને જુવાર વાવતા હતા અને તેમાં નાના પ્રમાણમાં પાકો થતા અને તેમાં આવક ઓછી થતી હતી. તેથી આવા વિસ્તારો માટે વાડી યોજના બનાવી અને તેમાં ફળનું ઉત્પાદન થાય, કાજુ તથા અન્ય ફળોનું ઉત્પાદન કરી તેમાંથી આવક વધારે ઉભી થાય તે માટે સરકારશ્રીએ પ્રયત્નો શરૂ કર્યા છે. તેથી આજે તે વિસ્તારના લોકો ફળફળાદી, ફૂલ અને કાજુ જેવી ખેતી કરતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ એકદમ નહીંવત્ છે, અને આ ઔદ્યોગિક વિકાસ ખૂબ ધીમી ગતિએ પણ ત્યાં ચાલે છે. ગુજરાતમાં વનબંધુઓમાં પણ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ છે, એમાં ખાસ કરીને કોટવાડિયા, કથોડી, કોલધા, સીદ્દી અને પઢાર જ્ઞાતિનો એ સમાજ આવેલો છે, આ જૂથોની વસતિ અંદાજિત આશરે ૧,૦૯,૨૧૪ છે અને ૨૦૦૯-૧૦ની અંદર આ જ્ઞાતિ માટે ૨૯૪ લાખ રૂપિયાની યોજના કરવામાં આવી છે. ગુજરાત પેટર્ન દ્વારા પણ જુદા જુદા જિલ્લાઓમાં રસ્તાઓની સુવિધા, સિંચાઈની સુવિધા, પશુપાલન, ખેતી, આરોગ્ય, આવાસ આ બધી સુવિધાઓ ઉભી કરવા માટેનું આયોજન કરેલું છે. શિક્ષણ ક્ષેત્રે પણ વનબંધુ યોજના દ્વારા વિદ્યાર્થીઓની વિકાસ થાય, ભણે ગણે, એ લોકો નોકરીઓ કરે, નાના મોટા ઉદ્યોગો કરે, એના માટેની જુદી જુદી યોજનાઓ છે, દીકરીઓને શાળાએ જવા માટે સાયકલો પણ આપવામાં આવે છે, ક્યાંક ક્યાંક વિસ્તાર એવી રીતના હોય છે કે, થોડા ઘર અહીયાં હોય, થોડા ઘર ત્યાં હોય અને શાળા થોડીક દૂર હોય તો સાયકલની વ્યવસ્થા પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદિક જાણકારી આ વનબંધુઓમાં ખૂબ હોય છે, કારણ કે વનમાં રહેતા હોય એટલે જુદા જુદા નાના મોટા રોગ થતા હોય તો જેમ હમણાં વાત કરી તેમ ત્યાં આયુર્વેદિક જાણકારીથી વનસ્પતિની જાણકારીથી આ દુ:ખ અને રોગને મટાડવામાં આવે, એના જાણકાર - તજજ્ઞો ત્યાં હોય છે. આ વનબંધુઓ જે છે, તે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ ખૂબ સારા કરતા હોય છે. મેળાઓ યોજતા હોય છે અને આ મેળામાં ખાસ કરીને યુવક-યુવતીઓ એમની પસંદગી પણ કરતા હોય છે આ મેળામાં પસંદગી થાય પછી એમનાં લગ્ન પણ થતાં હોય છે. આ વનબંધુ યોજનાઓ છે અને વન ત્યાં આખા છે ત્યાં ખાસ કરીને ડૅમો આવેલા છે, નદીઓ આવેલી છે, અને નદીઓની સિચ્યુએશન એ પ્રમાણેની હોય છે કે, ત્યાં ડૅમો બનાવવાથી વધુ પાણી સંગ્રહ થાય અને બીજા વિસ્તારોને પાણી મળી રહે. એમાં જે ઉકાઈ ડૅમ બનાવવામાં આવ્યો છે, એ ઉકાઈ ડૅમની અંદર જ્યારે જમીન કપાતમાં ગઈ ત્યારે ઉચ્છલ અને નીઝર એ તાલુકાના લોકોને જમીન જેમની ડૂબાણમાં જતી હતી એમનું સ્થળાંતર કરી જમીન આપવામાં આવી અને ત્યાં આગળ પહાડો કાપીને જે જમીન આપવામાં આવી એ જમીનની અંદર ચાર- સાડા ચાર એકર જમીન એક કુટુંબને આપી પણ એનું ચૌદ- પંદર કિલોમીટર રહેણાંક તેથી ત્યાં એ ખેતી કરવા જઈ શકે નહીં. ઢાળવાળી જમીન, પથરાળ જમીન એટલે એ જમીન નજીકના લોકોને ભાગે આપી અથવા તો એમાંથી જે મળે તે લેવાના એમણે પ્રયત્નો કર્યા. આના કારણે ડૅમ એમના વિસ્તારમાં બન્યો પણ સ્થળાંતર કરવાનું પ્રમાણ વધ્યું અને એ લોકો સુરત, વલસાડ, શેરડીના ઉદ્યોગમાં કે એના બાંધકામના ઉદ્યોગમાં, ઈંટ ઉદ્યોગમાં એ લોકોને સ્થળાંતર કરવાની પરિસ્થિતિ ઉભી થઈ. આ જમીન જે આપી છે એમાં ૧૩ લિફ્ટ ઈરીગેશનો જે તે વખતે જે તે સરકારે કરેલી અને એ ૧૩ લિફ્ટ ઈરીગેશનોમાં ખૂબ મોટા પ્રમાણમાં નાણાં વપરાયેલાં પણ એમાંથી અત્યારે બે જ લિફ્ટ ઈરીગેશનો ચાલુ છે, અને બાકીની બધી બંધ છે. જે તે વખતના મુખ્ય મંત્રીશ્રી એ વખતે લિફ્ટ ઈરીગેશનનું ઉદ્ઘાટન કરવા ગયા, અને જ્યારે બટન પાડ્યું, અને પાણી ચાલુ થયું ત્યારે પાઈપલાઈનોથી ફુવારા ઊડ્યા, અને તાત્કાલિક એને બંધ કરવી પડી એટલે આવી જે તે વખતની સરકારોએ કામગીરી આ વનબંધુઓ માટે કરેલી છે. આ ૧૩ લિફ્ટ ઈરીગેશનો ફરીથી વ્યવસ્થિત ચાલુ થાય જેથી એ લોકોને ફાયદો થાય અને સિંચાઈની વ્યવસ્થા થશે. માનનીય અધ્યક્ષશ્રી, આ કપાત જે જમીન ગઈ છે, એ જમીનમાં આ ઉકાઈ ડૅમ બન્યો છે. એનાથી જે જમીનમાં અત્યાર સુધી વધુમાં વધુ વરસાદ થયો છતાં પણ એ જમીન ડૂબમાં ગઈ નથી, અને એ જમીન અત્યારે પણ લોકો ખેડે છે. અને એ જમીન આપણે સંપાદન કરેલી છે તો એ જમીન આદિવાસી કે વનબંધુઓ છે એમને પાછી આપવામાં આવે તો એ લોકો એ ખેડી શકે અને પોતાનો હક એમને

પાછો મળે. એ જમીન પોતે જાતે ખેડે છે અને એમાંથી ઉત્પાદન લે છે અને ત્યાં જે જમીન છે એ જમીન એટલી ફળદ્રુપ છે કેમ કે જે પાણી ત્યાં થઈને જાય છે એમાં કાપ આવે છે એના કારણે જમીનની ફળદ્રુપતા ખૂબ સારી છે અને ખેતીનું ઉત્પાદન પણ ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. મારુ એક સૂચન છે કે જે આ વર્ષોથી એમની જૂની માગણી છે એ સંતોષવામાં આવે તો વનબંધુઓ બીજા સારા પાકો અને પોતાની સિંચાઇ વ્યવસ્થા ઉભી કરી અને ખેતીનું કામ કરી શકે. મારા આટલાં સૂચનો સાથે મારી વાત પૂરી કરું છું અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારુ સમર્થન આપું છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અને આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ અંગેની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આ સભાગૃહમાં આવ્યા છે ત્યારે એને અનુમોદન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા હું રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની વસતિમાં આદિજાતિ વસતિ ૮૪૩.૩૬ લાખની છે અને ટકાવારી દ્રષ્ટિએ એ ૮.૨૦ ટકા છે જ્યારે આ રાજ્યની ૭૪.૮૧ લાખની આદિવાસી વસતિ છે એ ટકાવારીના કુલ ૭૪.૭૬ ટકા છે. રાજ્યનો પૂર્વ પટ્ટીનો જે વિસ્તાર છે અને જંગલો આચ્છાદિત વિસ્તાર છે તેમાં આ આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. તેમ જોઈએ તો ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળા અને પૂર્વમાં સાતપુડા અને વિદ્યાચલ અને દક્ષિણમાં સહિયાદ્રીની પર્વતમાળા આવેલ છે. એમ અંબાજીથી ઉંમરગામ સુધીનો આખો આદિવાસી પટ્ટો છે એમાં બાર જિલ્લાના ૪૩ તાલુકાઓમાં આદિવાસીઓની સઘન વસતિ છે. આદિવાસી વિસ્તારના વિકાસની વાત કરુ તે પહેલા થોડીક પૂર્વભૂમિકા આપના ધ્યાન પર લાવવા માગુ છું. અમે નાના હતા ત્યારે અમારો આહવા અને ડાંગનો વિસ્તાર બિલ્લીમોરાથી સરળતાથી પહોંચી શકાય એમને રોજી રોટીની શોધમાં અમારા વિસ્તારમાં આવવું પડતું ત્યારે એમની જે જિંદગી છે, એમની શૈલીને કૌતુકતાથી કે આતુરતાથી જાણવાનો અમને મોકો મળેલો અને ત્યારથી જ અમારા એ લોકો સાથે લાગણીના તંતુ જોડાયેલા. માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના ધ્યાન પર લાવવા માગુ છું કે મારી સેવાના શરૂઆતના ૧૪ વર્ષ મેં આ આદિવાસી વિસ્તારમાં કામ કર્યું છે. એટલે આદિવાસીઓની જે જીવનશૈલી છે, રોજબરોજની જિંદગી છે, રોજ-બરોજનો જે વ્યવહાર છે, એમનું જે સમાજ જીવન છે, એમની જે પ્રણાલિકાઓ છે એ સાથે મારે ખૂબ નજીકથી રહેવાનો મોકો મળ્યો છે. એ આદિવાસીની લાગણી, સંવેદના મેં જોઈ છે, જાણી છે, માણી છે અને પ્રત્યક્ષ અનુભવી છે. માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે તો કોઈ રસ્તા લાઈટ કશું જ ન હતું. અમારે જવું હોય તો રાતના મુકામ કરવો પડે એવી પરિસ્થિતિમાં આ લોકો જીવતા હતા. કોઈ શિક્ષણ નહીં અને જે સ્થિતિમાં હતા એના હું એક બે દાખલા આપવા માગું છું. આપણે જાય તો આગતા-સ્વાગતા માટે શું કરે બિચારા, જે પ્રવૃત્તિમાં જે બદીમાં એ લોકો સપડાયેલા હતા તેનો તાદશ દાખલો એમની જ ભાષામાં કહેવા માગુ છુ.કે 'ડોન શીશી મોવડી ડોન કોમડી' આ પ્રથા ત્યાં હતી અને એમની જે સામાજિક ન્યાયની વ્યવસ્થા હતી તેમાં પણ જ્યારે સામાજિક ન્યાય માટે ગામના લોકો ભેગા મળે ત્યાં એને શિક્ષા શું થાય? 'ડોન થાપડી ને ડોન શીશી' આ જાતની પરિસ્થિતિમાં આ આદિવાસીઓ જીવતા હતા એ મેં જોયેલું છે અને જાણેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગર્વ સાથે કહેવું છે કે, આ સરકાર આવ્યા પછી એમની જે સંવેદનાઓ છે, એમની જે લાગણી છે, એમની જે ભૌતિક પરિસ્થિતિને લીધે એમના જે વિકટ પ્રશ્નો છે એ અલગ પ્રકારના પ્રશ્નો છે એને નિવારવા માટે આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે સર્વાંગી વિકાસની યોજના હાથ ધરી, પછી એ ઔદ્યોગિક વિકાસ હોય, શહેરી વિકાસ હોય, સાગર ખેડૂ હોય કે પછી વનબંધુ જેવી યોજના પણ એમની લાગણીઓ સમજીને મૂકી છે ત્યારે મને અમારા શ્રી કિશોરભાઈનો એક શેર યાદ આવી જાય છે કે,ત્યારે અમારા કિશોરભાઈનો પેલો શેર યાદ આવે છે ' કૌન કહેતા ગુજરાતી મેં પાની નહિ, કૌન કહેતા ગુજરાતીકી કહાની નહિ'. એવું એક સુંદર આયોજન આ ગુજરાતના વિકાસ માટે થયું છે ત્યારે હું કહ્યા વગર રહી શકતો નથી, અગિયારમી પંચવર્ષીય યોજનામાં એક ખૂબ સારું આયોજન આ સરકારે કર્યુ છે અને આ ગૃહમાં એની જાહેરાત કરી છે, 'વનબંધુ કલ્યાણ યોજના' અમલમાં મૂકીને પંદર હજાર કરોડ રૂપિયાનું બજેટ જે સરકારે ફાળવ્યું છે ત્યારે એમાં ખાસ કરીને આ સમાજ જીવનના પ્રવાહમાં આદિવાસીઓને લાવવા માટે શિક્ષણ એક અગત્યનું અંગ છે અને આ વનબંધુ યોજનામાં શિક્ષણને ખૂબ ભાર આપવામાં આવ્યો છે. આ માટે એ લોકોમાં શિક્ષણનો વ્યાપ વધે, ગુણવત્તાવાળું શિક્ષણ મળે, દુનિયાથી વિખૂટા પડેલા એવા લોકોને સમાજ જીવનમાં આ નાગરિક જીવનમાં સમાજમાં સમરસ બનાવવાના સરકારે જે પ્રયત્નો કર્યા છે એ ખરેખર બિરદાવવાને લાયક છે, મારા ઘણા બધા મિત્રોએ આ બધી યોજનાઓ વિશે કહ્યું છે એ બધી કહેતો નથી પણ અત્યારસુધી જે ધ્યાન રાખ્યું છે કે જે ભોળા આદિવાસીઓ છે, જેમની લાગણી અને સંવેદનાઓ ખૂબ વિશાળ છે, એમના ભોળપણનો લાભ લેવાના પણ ખૂબ પ્રયત્નો થયાં છે. ભૂતકાળમાં બોર આપીને કડલી લેવી એ વાત હું આ સભાગૃહમાં મૂકવા માગું છું આ સરકારે એના માટે ખૂબ પ્રયત્નો કર્યા છે ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે સરકારની જે આદિવાસીઓના ઉત્કર્ષ માટેની યોજનાઓ છે તેમાં ઘણા મિત્રોએ કહ્યું છે એટલે હું વિશેષ કહેવાનો નથી, પણ કેટલીક પાયાની બાબતો તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું. જ્યારે આદિવાસી વિકાસની વાત કરું ત્યારે ગુજરાત પેટર્ન યોજનાને હું ભૂલી શકતો નથી. આ યોજનાને લીધે આદિવાસી વિસ્તારનો અને તેની પ્રજાનો જે ઝડપી વિકાસ થયો છે તેના એક બે દાખલાઓ હું આપવા માગું છું. આ યોજના હેઠળ જે રસ્તાઓ બન્યા છે એટલે એમના વચ્ચે કોમ્યુનિકેશન વધી શક્યો છે, આ વિસ્તારમાં આદિવાસીઓને,

ગરીબોને સવલત માટે આરોગ્ય વિભાગે જે સુવિધા પૂરી પાડી છે તેને હું ટાંક્યા વગર રહી શકતો નથી, એ અંકલાવનું દવાખાનું હોય, એ વાનેરવેલાનું દવાખાનું હોય અને ગુજરાતના છેવાડાના ભાગમાં આવેલું આપણું માનગુનિયા કે જ્યાંથી મહારાષ્ટ્રનો વિસ્તાર ખૂબ નજીક છે, આ સભાગૃહનું હું એ બાબત તરફ પણ ધ્યાન દોરું છું કે આપણી આરોગ્યની સુવિધા જે આદિવાસી વિસ્તારમાં વિકસી છે ત્યાં મહારાષ્ટ્રના લોકો જે નજીકમાં છે તે પણ આવે છે આ માનગુનિયામાં ઘણા બધા દર્દીઓ અહીંયા સેવા લેવા આવે છે. એ જ આદિવાસી વિકાસનો નમૂનો છે, સરકારે આદિવાસીઓના કલ્યાણ માટે આદિવાસી પેટા યોજનાઓની કચેરીઓ સ્થાપી, હું માનું છું કે ઈટ ઈઝ એ ડેસ્ટીનેશન પ્લેસ ફોર ટ્રાયેબલ પીપલ, એ ગંતવ્ય સ્થળ બની ગયું, ત્યાંથી વિવિધ યોજનાઓના લાભની જાણકારી મેળવીને આ આદિવાસીઓ એમાં પ્રવૃત્ત બન્યા છે, આ આદિવાસીઓના વિકાસ માટે એના બાળકોને સારું પોષણ મળે એ માટે દૂધ સંજીવ યોજના પણ અમલમાં મૂકી છે અને રોજનું ૨૦૦ મિલીલિટર દૂધ મળે એ માટેની યોજના પણ આ સરકારે અમલમાં મૂકી છે, સરકારે તમામ આદિવાસી બાળકોને લાભ મળે તે માટે પંચમહાલ ડેરી, બરોડા ડેરી, વલસાડ ડેરી વિગેરે ડેરીઓ સાથે સંપર્ક કરીને એનો સહયોગ લીધો છે અને આ આદિવાસીઓના ઉત્કર્ષ માટે ખૂબ સારી યોજના બનાવી છે. જે કેટલીક વ્યકિતગત યોજનાઓ છે. મફત તબીબી સહાય જે આપવામાં આવે છે એમાં પહેલાં ૨૫૦ રૂપિયા હતા એમાં સરકારે વધારો કરીને સરકારે ૫૦૦ રૂપિયા કર્યા છે અને કેન્સર માટે રૂપિયા ૫૦૦ થી વધારીને ૧૦૦૦ રૂપિયા કર્યા છે, એમ્બ્યુલન્સની સેવા આ આદિવાસીઓને મળે છે. દરેક તાલુકામાં એમ્બ્યુલન્સની સેવાઓ મળે છે, કારણકે ત્યાં રસ્તાઓની સુવિધાઓ થઈ છે, આ વિસ્તારમાં એક બીજી મોટી મુશ્કેલી એ છે. ખાસ કરીને આરોગ્ય વિભાગની આ વાત છે, મેં પ્રત્યક્ષ નિહાળેલ છે, સિકલસેલ નામનો જે રોગ છે એ આદિવાસીઓ માટે એક ખતરારૂપ છે, આ સિકલસેલ રોગ માટે સરકારે ખૂબ સારું આયોજન કર્યુ છે.અને અમારા વલસાડ જિલ્લામાં એક સારું research સૅન્ટર ઊભું કરેલ છે અને ત્યાં આદિવાસીઓને ખૂબ સારું માર્ગદર્શન આપવામાં આવે છે. બે સિકલસેલના દર્દી હોય એના લગ્ન ન થઈ શકે, આવી એક સમજણ આદિવાસીઓમાં પૂરી પાડીને એમના આરોગ્યની પણ આ સરકારે ખૂબ કાળજી લીધી છે. એવી તો ઘણી બધી યોજનાઓની હું વાતો કરી શકું. પણ low literacy education complex for girls એ પણ એક આદિજાતિ વિસ્તારની કન્યાઓ માટે ખૂબ સારી યોજના છે. જે વન વિભાગની વાત છે કે Forest Life Act એમાં પણ સરકારે ગ્રામ સભા દ્વારા વન સમિતિ બનાવીને એના અભિપ્રાયો મેળવીને આદિવાસીઓ માટે જમીન આપવાનું કામ આ સરકારે કર્યુ છે એ ખરેખર અભિનંદનીય છે, સિંચાઇ વિભાગની વાત કરું ત્યારે અમારા વિસ્તારના કેલીયા ડૅમની વાત કર્યા વગર રહી શકતો નથી, આદિવાસી ખેડૂતોને સારું પાણી મળે ત્યારે તેના સ્થાનિક કેલીયા ડૅમની ઊંચાઈ વધારીને આ ખેડૂતોને ન્યાય આપવામાં પણ આ સરકારે કચાશ રાખી નથી.

મેં પહેલાં કહ્યું તેમ આદિવાસીઓને રોજગારીની જરૂર છે, એ માટે Projects sunshine યોજના ૩૦૦૦૦ થી વધારે ખેડૂતોને દાહોદમાં આવરી લેવામાં આવ્યા છે અને IWADB કાર્યક્રમ હેઠળ ૧૯૯૩૫ યુવકોને રોજગારી પૂરી પાડી છે અને એમ્પલોયમેન્ટ એક્સચેન્જ દ્વારા ૧૩૧૩૭ આદિજાતિ યુવાનોને રોજગારી આપી છે. મારા એક બે સૂચનો પણ રજૂ કરું છું. આમાં એક primitive ગૃપ છે, મેં અગાઉ પણ રજૂઆત કરી કે આ primitive ગૃપ ઉપર ખૂબ સારું ધ્યાન અપાય એ પણ જરૂરી છે, અગાઉ જે મેં બધું નિહાળેલું અને આજે જ્યારે હું જોઉ છું ત્યારે એ પરિસ્થિતિમાં જે બદલાવ આવ્યો છે એમનામાં જે શિક્ષણ આવ્યું છે, એમનામાં જે સમજ આવી છે, સામાજિક સમરસતા આવી છે ત્યારે એ બધું જોઈને મને જરૂર આનંદ થાય છે. એ બધા મિત્રો મને મળે ત્યારે મને આનંદ થાય છે કે ક્યાં વીસ વર્ષ, પચીસ વર્ષ પહેલાંની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિ એ જોઈને ખૂબ આનંદ થાય છે. એકજ વાત કહીને હું મારી વાત પૂરી કરું છું કે, જ્યારે ઔદ્યોગિકરણની વાત નીકળી છે ત્યારે એમને રોજગારીની તકો મળે ત્યારે અમારો જે વિસ્તાર છે એ વિસ્તારમાં ' રામ ' સાથે જોડાયેલા સંસ્મરણો છે ત્યારે યાત્રાધામ અને પ્રવાસનનો વિકાસ એ વિસ્તારમાં થાય તો ત્યાં રોજગારીની તકો પણ વધે અને એમની જાણકારી પણ વધે. આ વિચારો વ્યક્ત કરવાનો મને સમય મળ્યો ત્યારે છેલ્લી મારી લાગણી વ્યક્ત કરવાની હું રજા લઉં છું, મેં આગળ કહ્યું તેમ મેં એમનો ભૂતકાળ બતાવ્યો અને આજે ખૂબ આનંદ થાય છે ત્યારે એકજ વાત કહુ છું કે માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની અંદર મારે સ્થાનિક જ થોડી વાત કરવી છે, થોડાંક સૂચનો છે મારા, મુખ્યમંત્રીની દીર્ઘદ્રષ્ટિથી જે રીતે વાયબ્રન્ટ ગુજરાતથી મંદીને પહોંચી વળવાનું આયોજન થયું એ જ રીતે વાયબ્રન્ટ ગુજરાત દ્વારા આવતા ઉદ્યોગોને એના દ્વારા જે પ્રદૂષણ થતું હોય એને પહોંચી વળવા માટેનું આયોજન પણ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું. એમાં જે હરિયાળી ક્રાંતિ આખા ગુજરાતમાં લાવવાના જે પ્રયત્નો થયાં અને જે રીતે વૃક્ષારોપણ અભિયાનને મહત્ત્વ આપીને એક ઉત્સવ મનાવીને ઉજવવાનો જે કાર્યક્રમ કરવામાં આવ્યો એને લીધે લોક જાગૃતિ થવાથી ખૂબજ સારું પરિણામ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું ફકત કચ્છની જ વાત કરું તો પહેલા કચ્છમાં રસ્તા પર નીકળતા તો એકાદ ઝાડ માંડ જોવા મળતું હતું. આજે છેલ્લા ૫ વર્ષથી ઉદ્યોગોને સાથે રાખીને પર્યાવરણની રક્ષા માટે વન વિભાગે જે વૃક્ષારોપણની ઝૂંબેશ ચલાવી છે એના પરિણામે ચારેબાજુ વૃક્ષો દેખાય,

હરિયાળી દેખાય અને આ સીઝનમાં જો આપ કચ્છમાં આવો તો કચ્છ એ કાશ્મીર જેવું લાગે એટલી સુંદર હરિયાળી કચ્છમાં થઈ છે. એ માટે હું વન વિભાગના મંત્રીશ્રીને હૃદયપુર્વકના અભિનંદન પાઠવું છું.

વન વિભાગ ખૂબ સુંદર કામ કરે છે અને પરિણામો પણ સુંદર પ્રાપ્ત થયા છે. સાથે સાથે કુદરતની પણ મહેર થઈ છે કે નસીબવંતા મુખ્યમંત્રીના પગલે આજે સાત સાત વર્ષથી ખૂબ સારો વરસાદ થાય છે અને કચ્છે છેલ્લા સાત વર્ષથી દુષ્કાળ જોયો નથી. આ જાતના જે આયોજનો છે, એમાં ખાસ કરીને ઉદ્યોગોને જે પર્યાવરણના પ્રદુષણો થાય એને પહોંચી વળવા માટે જે સાધન સહાય ઉભા કરવાના હોય એ સરકારે ખૂબ કડક પગલાં લઈને ઉભા કર્યા  છે. માનનીય અધ્યક્ષશ્રી, બબ્બે, ત્રણ ત્રણ કરોડ રૂપિયાની ચીમનીઓની સીસ્ટમ નાંખવાની હોય, એ.એસ.પી.ની સીસ્ટમ નાંખવાની હોય એ સીસ્ટમ પણ દરેક ઉદ્યોગમાં નાંખવામાં આવી છે. આજે કચ્છમાં અમે એમ કહી શકીએ કે પર્યાવરણના પ્રદુષણનો પ્રશ્ન લગભગ નહીંવત્ત બન્યો છે. ઘણી વખત એવું બનતું હોય છે કે ઉદ્યોગને પરેશાન પણ કરવામાં આવતા હોય છે. મારે આજે એની પણ અહીંયા વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક અહીંયા ૧૧૬ની નોટિસ આવી હતી. ચર્ચા ન થઈ શકી, પણ હું એનો ઉલ્લેખ કરવા માગું છું. પાણી જે ફેકટરીઓમાં આવતું હોય, સ્ટીલ પાઈપની ફેકટરીઓ, કદાચ એમ કહી શકાય કે આખા દેશના ૭૦ ટકા સ્ટીલ પ્લાન્ટ કચ્છમાં આવ્યા છે. એમને પુષ્કળ પ્રમાણમાં પાણી પણ જોઈએ છે. અને એના વોશનું જે પાણી હોય તેના નિકાલની વ્યવસ્થા દરેક ઉદ્યોગે પોતપોતાની રીતે કરી છે. અને એ જ પાણીને રી-સાયકલ કરીને ફરી ઉપયોગ પોતાની કંપની માટે કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં વેલ્સ્પન નામની એક કંપની છે. તેમાં ૧૪,૦૦૦ જેટલા લોકો રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છે. એક એવી વાત આવી કે ૧૫ ઘેંટા મરી ગયાં, એમાં વાત એવી મૂકવામાં આવી કે વેલ્સ્પનનું જે દુષિત પાણી નીકળે છે એ પાણી પીવાથી એ ૧૫ ઘેંટા મરી ગયા. જયારે મેં આ નોટિસ વાંચી, ત્યારે મને ખૂબ દુઃખ થયું. કે આવી કંપની. કચ્છમાં એકેય ઉદ્યોગ આવતો નહોતો, તેના બદલે ૧૪ હજાર માણસો રોજી મેળવતા હોય તેવા અને જેમાં ૬૦ કરોડના ખર્ચે ઈ.ટી.પી. પ્લાન્ટ નાંખવામાં આવ્યો છે, જેને ઈફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કહેવાય છે. અમે જાતે જઈને એ જોઈ આવ્યા છીએ. કદાચ વિશ્વના બીજા કે ત્રીજા નંબરનો પ્લાન્ટ હોય એવો પ્લાન્ટ. એ દુષિત પાણીનો ઈફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કરવામાં આવ્યો. કદાચ એ પ્લાન્ટ ૧૫ દિવસ બંધ રહ્યો હશે. વિશ્વમાંથી લોકો આવીને એને રીપેર કરવાના હોય, તો એમાં જે પાણી ગયું હોય, એમાં એમ કહેવામાં આવ્યું કે ૧૫ ઘેંટા આ દુષિત પાણી પીવાથી મરી ગયા. આપણે જાણીએ છીએ કે ઘેંટાનું તો સો કે દોઢસોનું ટોળું હોય અને એક પાણી પીવે એટલે બધા પીવે. તો દોઢસોમાંથી પંદર ઘેંટા જ કેમ મર્યા? આ મારો પ્રશ્ન હતો. ખરેખર તો ઢોરમાં જે બુદ્ધિ હોય છે, સેન્સ હોય છે. એ માણસો કરતા પણ વધારે હોય છે. એને સૂંઘે એટલે તરત જ ખબર પડે કે આ પાણી પીવાય અને આ ન પીવાય. આવું ઘાસ ખવાય અને આવું ન ખવાય. એટલે આવો કોઈ પ્રશ્ન હતો નહીં. મારો કહેવાનો મતલબ એટલો છે કે ઉદ્યોગોને પર્યાવરણના નામે આવી રીતે ઘણીવાર પરેશાન કરવામાં આવે છે. આપણી સમક્ષ સાંગીનો દાખલો પણ છે. ચાર ચાર, પાંચ પાંચ વર્ષ સુધી કરોડો રૂપિયા નાંખ્યા પછી આ પ્લાન્ટ આપણે ચાલુ નહોતા કરાવી શકયા. (સમય સૂચક ઘંટડી) એક જ મિનિટમાં પૂરું કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વાત કરવી હતી. પર્યાવરણના નામે આવી રીતે જે દુરૂપયોગ થાય છે, એમાં પણ પર્યાવરણ વિભાગ તકેદારી રાખે. આવી બધી નોટિસો દ્વારા તરત જ એ ફેકટરીને કલોઝની નોટિસ તરત જ આપી દેવામાં આવતી હોય એ વાજબી નથી. કારણ કે ૧૫ હજાર માણસ જેમાં રોજીરોટી પ્રાપ્ત કરતા હોય એવા પ્લાન્ટ નાનકડા ઈસ્યુ માટે પૂરી તપાસ વગર બંધ કરાવી દેતા હોય, એ પણ બરાબર નથી, એ એક મારી રજૂઆત હતી. તે ઉપરાંત મારું સૂચન છે કે જે જે ઉદ્યોગો હોય છે એ ૧૦-૧૫ હજાર ઝાડો વાવતા હોય છે, પરંતુ એની પૂરેપૂરી સુરક્ષા કરવામાં આવે. એક એક ઈન્ડસ્ટ્રીઝ ૧૦ થી ૧૫ હજાર ઝાડ વાવે, રોડ ઉપર, ઈન્ડસ્ટ્રીઝ માં અને આજુબાજુનાં ૫ ગામોને દત્તક લઈને એ લોકો વૃક્ષારોપણ કરે અને આવો સહકાર લેવામાં આવે તો  આજુબાજુનાં ગામોને આ ઉદ્યોગોથી પર્યાવરણની અસર થતી હોય એ ના થાય અને એમને ખૂબ સારું સ્વાસ્થય પણ પ્રાપ્ત થાય. આટલી મારી વાત સાથે મારી વાત પૂરી કરીને વિરમું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ કલ્યાણ તથા વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ ઉપર લગભગ ૧૦ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે એમાં કેટલા માનનીય સભ્યશ્રીઓએ મારા વિભાગની સારી બાબતોનાં વખાણ કર્યા છે એ સૌનો હું આભાર માનું છું, કેટલાક માનનીય સભ્યશ્રીઓએ કેટલાક પ્રશ્નોની પણ રજૂઆત કરી છે એ પ્રશ્નો બાબતે પણ હું પૂરેપૂરી કાળજી રાખીને એ પ્રશ્નોને સોલ્વ કરવા માટેનો પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ વિભાગની મારે વાત કરવી છે તેમાં અહીં કહેવાયું એ પ્રમાણે ૧૨ જિલ્લાની પૂર્વ પટ્ટી અંબાજીથી માંડીને ઉંમરગામ સુધીના ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં આદિજાતિની  લગભગ ૬૧ાા લાખ જેટલી વસતિ વસે છે અને બાકીના વિસ્તારોમાં લગભગ ૧૩ાા લાખની વસતિ વસે છે. આમ કુલ ૭૫ લાખ જેટલી આજિાતિની વસતિ ગુજરાતમાં આવેલ છે. આદિજાતિ કલ્યાણના બજેટની મારે વાત કરવી હોય તો છેલ્લા ૩-૪ વર્ષથી જયારે બજેટ વધ્યું છે ત્યારે પાછલા વર્ષોનું બજેટ જોઈએ તો ૧૯૯૦-૯૧ માં આ વસતિ માટે ૧૩૮ કરોડ, ૧૯૯૧-૯૨ ૧૭૪ કરોડ, ૧૯૯૨-૯૩ માં ૧૧૯ કરોડ, ૧૯૯૩-૯૪ માં ૨૩૦ કરોડ અને ૧૯૯૪-

૯૫ માં ૨૩૪ કરોડ આ રીતે નજીવું બજેટ ફાળવવામાં આવતું હતું. એક એવી કહેવત છે કે, "કૂવામાં હોય તો હવાડામાં આવે." કૂવામાં જ પાણી ના હોય તો હવાડામાં આવી શકે નહીં, પરંતુ જયારથી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી ત્યારપછીના વર્ષોના બજેટની વાત કરું તો ૨૦૦૧-૨૦૦૨ માં ૬૬૫ કરોડ, ૨૦૦૨-૨૦૦૩ માં ૭૯૮ કરોડ, ૨૦૦૩-૨૦૦૪ માં ૮૨૬ કરોડ, ૨૦૦૪-૨૦૦૫ માં ૭૨૧ કરોડ, ૨૦૦૫-૨૦૦૬ માં ૧૨૯૦ કરોડ, ૨૦૦૬-૦૭ માં ૧૮૩૧ કરોડ આમ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી એકદમ જમ્પ કહી શકાય એ રીતનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આટલા પૈસા ખર્ચાયા પછી પણ આદિવાસી વિસ્તારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જોયું કે કોઈક એવી ખામી રહી ગઈ છે કે જેથી આ આદિવાસી વિસ્તારનો કે આદિવાસી વ્યકિતઓનો જોઈએ એટલો વિકાસ થઈ શકતો નથી અને એના માટે તેમણે ૧૦ મુદ્દા નકકી કર્યા અને એ ૧૦ મુદ્દા ઉપર બરાબર ધ્યાન રાખીને વન બંધુ કલ્યાણ પેકેજની જાહેરાત કરી અને એ વન બંધું કલ્યાણ પેકેજ એટલે ૫ વર્ષ માટે ૧૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી. ૨૦૦૭-૦૮ થી આ વન બંધું કલ્યાણ યોજના શરૂ થઈ અને પહેલા જ વર્ષમાં ૨૩૬૫ કરોડ, બીજા વર્ષ ૨૦૦૮-૦૯ માં ૨૯૩૪ કરોડ અને આ વખતે ૨૦૦૯-૧૦ માં ૩૫૬૬ કરોડ રૂપિયાનું આયોજન કરીને આદિજાતિ કલ્યાણના જે કોઈઈ ૧૦ મુદ્દા છે એ ૧૦ મુદ્દા ઉપર બરાબર ધ્યાન કેન્દ્રિત કરીને એ આદિવાસી વિસ્તાર અને આદિવાસી વ્યકિતઓનો વિકાસ થાય એના માટે પૂરેપૂરું ધ્યાન આપવામાં આવે છે. આ દસ મુદ્દામાં આદિવાસી પરિવારની આવક બમણી થાય, તમામ આદિમ જૂથના કુટુંબોને, અનુસૂચિત જનજાતિઓને મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવે, તમામ લાયક આદિવાસી બાળકોને પૂરી શિક્ષણની સુવિધા આપવામાં આવે. આધુનિક યુગને અનુરૂપ શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ, ખાસ કરીને વિજ્ઞાન અને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે માળખાકીય સુવિધા ઉભી કરવાની છે તે સુવિધા ઉભી કરવામાં આવે. પ્રત્યેક આદિવાસી જે ઘર વિહોણા છે તેને પોતાનું ઘર મળે, આદિવાસીમાં કેટલાક જે રોગો છે, ખાસ કરીને અહીંયા જેનો ઉલ્લેખ થયો તે સીકલ સેલ વિષે મારે વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને, આદિવાસીનો લગભગ ૪૦ ટકા વિસ્તાર આ સીકલ સેલથી ઘેરાયેલો છે. ડોકટરના નિદાન પ્રમાણે રોજ ૩ થી ૪ બાળકો મૃત્યુને ભેટે છે એવા એક સમાચાર છે, આવો રોગ જયારે આદિવાસીમાં ઘર કરી ગયેલો હોય ત્યારે ચોકકસ એમાં ધ્યાન અપાવું જોઈએ. ભૂતકાળમાં આમાં ધ્યાન અપાયું નથી. મેં એના આંકડા જયારે મેળવવાના પ્રયત્ન કર્યા , ત્યારે ભૂતકાળમાં ૨૦૦૧ પહેલાની જો વાત કરીએ તો ફકત ૩૫ લાખ રૂપિયા ફળવાયા હતા. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈને આ સમાચાર મળતાની સાથે આ સીકલ સેલ રોગ શું છે એ જાણીને એ માટે ૮ કરોડ રૂપિયા જેવી રકમ ફાળવવામાં આવી. અને આજે એમાં જે નિદાન કર્યુ છે તેમાં ૨૦૦૭-૦૮માં ૧, ૨૨,૬૯૪ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય રમણભાઈ પાટકર, સભાગૃહમાં મેગેઝીન ન વંચાય.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં ૨,૪૪,૯૮૧, અને ૨૦૦૯-૧૦માં અત્યાર સુધીમાં ૧૭,૫૭૯ જેટલા આ દર્દીઓની ચકાસણી કરી લેવામાં આવી છે. અને જે સીકલ સેલ રોગના દર્દી નીકળ્યા છે તે જોઈએ તો ૨૦૦૭-૦૮માં ૯૦૧ સીકલ સેલના દર્દી શોધી કઢાયા છે, ૨૦૦૮-૦૯માં ૧૮૫૭ શોધી કઢાયા છે અને ૨૦૦૯-૧૦માં અત્યાર સુધીમાં ૨૬૩ જેટલા સીકલ સેલના કેસો શોધાયા છે. મારે આ સભાગૃહમાં એ પણ કહેવું છે કે કેટલીક સામાજિક સંસ્થાઓ છે તેની સાથે અમે વાર્તાલાપ કરીને, જયારે કોઈ આદિવાસીનું સંમેલન કે બીજા કાર્યક્રમો થતા હોય ત્યારે આ સીકલ સેલનો ખાસ ઉલ્લેખ કરીને જે છોકરા કે છોકરી બન્નેને સીકલ સેલ થયેલો હોય, તો એકે એક કોલેજમાં જઈને અને માધ્યમિક શાળામાં જઈને આની ચકાસણી કરવામાં આવે છે અને તેના આધારે એ તારણ પર આવ્યા છીએ કે મા-બાપ જયારે છોકરા છોકરીના લગ્ન કરે ત્યારે એ પહેલા જન્મોત્રી બતાવતા હોય છે, પરંતુ આ આદિવાસી મા-બાપોને જન્મોત્રી કરતા છોકરા અને છોકરી બન્નેને સીકલ સેલ થયેલો હોય તો તેને એક કાર્ડ આપવામાં આવે છે. અને જો બન્નેને સીકલ સેલ થયેલ હોય તો મહેરબાની કરીને લગ્ન નહીં કરે એવી જાહેરમાં વિનંતી કરીએ છીએ કે જેથી ભવિષ્યમાં એ લગ્ન થકી થયેલ બાળકમાં સીકલ સેલ ન આવે. એટલી કાળજી રાખવાનો આ સરકાર તરફથી પ્રયત્ન કરવામાં આવે છે.

પાણી પુરવઠાની પણ મારી વાત કરી હતી, આદિવાસીઓ માટે અહીં પાણી પુરવઠાની પણ ચિંતા થઈ, આદિવાસી કુટુંબને તેમના ઘર સુધી પાઈપ લાઈનથી પીવાનું પાણી ઉપલબ્ધ થાય તેના માટે પણ વ્યવસ્થા કરી છે. આદિવાસી કુટુંબોને ખેતી અને સિંચાઈની પૂરી તક ઉપલબ્ધ થાય તે રીતે આધુનિક ખેતી દ્વારા તેની આવક કેવી રીતે વધે તેને માટે વાડી યોજના, અને માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એક મકાઈનું સારું બિયારણ આપીને એને ડબલ આવક કેવી રીતે થાય તેને માટેની આખી એક યોજના કરી છે. દાહોદ અને પંચમહાલમાં પહેલા અમે આની શરૂઆત કરી છે. અને એમાં ત્યાર પછી વડોદરા જિલ્લો, બનાસકાંઠા જિલ્લો, સાબરકાંઠા જિલ્લો એવા આવરી લઈને અમે ૧,૪૦,૦૦૦ જેટલા આદિવાસી ખેડૂતો છે તેને દસ કિલો મકાઈનું સારું બિયારણ અને લગભગ ૬૦ કિલો જેટલું ખાતર અને પોટાશ આપીને એની આવક કેવી રીતે બમથી થાય તેના માટે અમે પૂરો પ્રયત્ન કર્યો છે. એ રીતે આદિવાસી ખેડૂતોને પણ લાભ મળે તે રીતની આખી વાત લઈને અમે આવ્યા છીએ. અહીંયા રોજગારીની વાત થઈ, આવક બમણી થાય અને રોજગારી પણ પૂરી મળે એના માટેની વાત છે. આદિજાતિ પેટા વિસ્તાર યોજના, વનબંધુ કલ્યાણ યોજન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીએ દસ મુદ્દાનું વિઝન આપીને આદિવાસી

પરિવારોની આવક બમણી કરવાની વાત કરી છે એમાં ૨૦૦૮-૦૯માં ૩૫૭૦૦ આદિવાસીઓને ગુણવત્તાની તાલીમ આપેલ છે. ૧૫ હજાર લાભાર્થીઓને પશુપાલન અને ડેરી વિકાસનો લાભ આપેલ છે. ૧,૯૮,૧૩૦ ઇસમોને કૃષિ આધારિત ઔદ્યોગિક પ્રવૃત્તિ હેઠળ આવરી લીધેલ છે. આદિમ જૂથની પણ અહીંયા વાત થઈ, આદિમ જૂથ હેઠળ કુટુંબોનું જીવન ધોરણ ઉંચું લાવવા માટેનો કાર્યક્રમ હાથ ઉપર લીધો છે. રાષ્ટ્રીય ગ્રામીણ યોજના હેઠળ ૨૯.૭ લાખ માનવ દિવસ રોજગારી આદિવાસી લોકોને પૂરી પડાય છે. વાડી યોજના હેઠળ ૩૩૦૦ યુવકોને ડેરી યોજના હેઠળ ૭૭૧૪ યુવકોને, નિમણૂકથી ૭૯૭ યુવકોને તેમજ અન્ય રીતે ૧૭૩૫૨ આદિજાતિ યુવકોને રોજગારી પણ પૂરી પાડવામાં આવેલી છે.

વાહન વ્યવહારની પણ જો વાત કરીએ તો આદિવાસી વિસ્તારમાં સન ૨૦૦૯-૧૦માં લગભગ ૧૦૦ જેટલી મીની બસ લઈને આવ્યા છીએ. જે આદિવાસી વિસ્તારમાં કેટલાક વિદ્યાર્થીઓને કે સમાજના લોકોને આજુબાજુ શહેરમાં જવાનું આવે છે ત્યારે ખૂબ મુશ્કેલી પડે છે અને એ રીતે અમે ૧૦૦ જેટલી મીની બસો માટેનું પણ આયોજન કરીને ત્યાં સુવિધા આપવાનું નક્કી કર્યુ છે.

મારે કેટલીક આદિજાતિની જાહેરાત કરવી છે.

રાજય સરકારે આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે વન બંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ છે આ કાર્યક્રમ અંતગર્ત વિકાસ માટેના દસ મુદ્દાને પૂરા વેગથી અમલી બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. દસ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત પાંચ લાખ કુટુંબની રોજગારી શિક્ષણમાં ગુણવત્તા સુધારણાના અને બમણો આર્થિક વિકાસ સૌને માટે આરોગ્ય સૌને માટે આવાસ, પાઈપ લાઈનથી પાણી, સિંચાઈની સુવિધા, બારમાસી રસ્તાઓ, વીજળીની ઉપલબ્ધતા, શહેરી વિકાસમાં આવરી લેવામાં આવેલ છે. અનુસૂચિત જન જાતિની ધોરણ ૮માં અભ્યાસ કરતી બી.પી.એલ. પરિવારની ૨૩૭૬૦ વિદ્યાર્થિનીઓને રૂપિયા બે હજારની સાયકલ સહાય આપવા માટે ૪.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૭માં ભણતા દસ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એસ.એસ.સી. સુધીના અભ્યાસક્રમો માટે આશરે ૧૪ લાખ ૬૭ હજાર જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે રૂપિયા ૨૩.૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૩૪ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, પાંચ નવા સરકારી છાત્રાલયો, બે કુમાર અને બે કન્યા છાત્રાલયોનું બાંધમામ તેમજ સાત આદર્શ નિવાસી શાળાઓ, ધોરણ ૧૨ માં ક્રમિક વર્ગો, પ્રયોગશાળાઓ ઊભી કરવા માટે રૂપિયા ૫૬.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અગિયાર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ક્રમિક વિકાસ માટે બે આશ્રમશાળાના વિકાસ માટે ૯૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ ૧ની કન્યાશાળાને વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે ૬૭.૬૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. પીપીપી. મૉડલ શાખા બાંધકામ અને શાળાના નિભાવ અને સ્ટાફ ક્વાર્ટરના બાંધકામ માટે રૂપિયા ૨૪.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પીપીપી મોડેલ હેઠળ પીટીસીના નિભાવ માટે ૩.૦૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ૩૪૩૪ કન્યાને લાભ આપવા માટે ૧.૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વાંસદા, ખેડબ્રહમાં ખાતેના સરકારી કુમાર છાત્રાલયો તથા આહવા, રાજપીપળા ખાતે કન્યા છાત્રાલય તેમજ કવાંઠ રાજપીપળા ખાતે આવેલી કન્યા નિવાસી શાળા ભાડાના મકાનમાં ચાલે છે, છાત્રાલયના નવા મકાનના બાંધકામ માટે ૫ કરોડ ૭૩ લાખ ૩૧ હજારની બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે. અનુસૂચિત જન જાતિ પરંપરાગત વનવાસીઓને વન અધિકાર ધોરણ હેઠળ વન વસાહતના ગામોને મહેસૂલી ગામોમાં તબદીલ કરવા માટે પ્રથમ તબક્કામાં અનુસૂચિત વિસ્તારમાંના કુલ ૧૮૩ ગામો પાસેથી ઠરાવો મેળવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.તમામ વન ગામોમાં નિયમ-૩ હેઠળ દર્શાવેલ માળખાકીય સુવિધાઓ માટે વન જમીન મેળવવા માટે સંબંધિત વિભાગ દ્વારા સરવે હાથ ધરવામાં આવેલ છે. ડિસૅમ્બર-૨૦૦૮ સુધીમાં ૬,૧૯૬ બાબતો માટે ૨,૯૦૬ હેકટર જમીનની વન સંરક્ષણ ધારો-૧૯૮૦ હેઠળ મંજૂરી મેળવવામાં જમીનોને ગ્રામપંચાયતોને સોંપવામાં આવશે. આ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ મુદ્દા કરીને વન બંધુ માટે જે કંઈ ફાળવણી કરી છે, મારો વિભાગ નહીં પણ આખો આદિવાસી સમાજ તેમનો ઋણી છે અને તેમનો આભાર માને છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વન અધિકાર ટ્રાઈબલ એકટ કેન્દ્ર સરકારે ૨૦૦૬માં જાહેર કર્યો છે. તેની કામગીરી વિશે થોડી વાત કરવી છે. કેન્દ્ર સરકાર તો ૨૦૦૬માં આ કાયદો લાવી. તેની જે કંઈ માર્ગદર્શક સૂચનાઓ છે તેના આધારે ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ અમે ખૂબ સારી રીતે કામગીરી કરતા આવ્યા છીએ. પણ મારે એક વાત કરવી છે કે આ ગુજરાત સરકાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૬૭ પહેલાં આની શરૂઆત કરી. કેન્દ્ર તો ૨૦૦૬માં કાયદો લાવી. પણ તે પહેલાં ગુજરાત સરકારે ૧૯૬૭માં જે આદિવાસીઓને સનદ આપી છે તે ૧૧,૧૦૪ જેટલા આદિવાસીઓને ૧૦,૮૨૯ હેકટર જેટલી જમીન ૧૯૬૭ પહેલાં જે આદિવાસી ખેડૂત ખેડતા હતા તે સનદો આપવામાં આવી છે અને તે જ રીતે ૧૯૮૦ પહેલાં જે આદિવાસીઓ જમીન ખેડતા આવેલા હતા એવા ૩૪,૨૪૮ જેટલા આદિવાસીઓને એટલે આમ જો ગણીએ તો લગભગ ૪૫,૫૦૦ ઉપરની સંખ્યામાં આદિવાસીઓને જંગલની જમીનની સનદ આપી દેવામાં ગુજરાત સરકાર સફળ થઈ છે. મારે એ પણ કહેવું છે કે સામેના લોકો અત્યારે નથી બેઠાં. પણ ૧૪ જેટલા રાજયોમાં કોંગ્રેસની સરકાર ચાલે છે. એક સરકારે એક વીઘો પણ જમીન કોઈને આપી હોય તો બતાવે. મને ખબર છે કે મધ્યપ્રદેશમાં

બહુ વખત પહેલાં એક વિસ્તારમાં આ જંગલની જમીન જ્યારે ભારતીય જનતા પાર્ટીની સત્તા ત્યાં હતી તે વખતે આપવામાં આવી છે. બાકી આખા હિંદુસ્તાનભરમાં એક જ એવું ગુજરાત છે કે જેણે આટલા બધા આદિવાસીઓને જંગલની જમીન આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે ટ્રાઈબલ એક્ટની વાત કરતો હતો. તો તેની કામગીરી પણ અમે પૂર જોશમાં કરી રહ્યા છીએ. તેનું આખું માળખું બનાવ્યું છે એ ૧૨ જિલ્લામાં ૪૩ તાલુકામાં આ ધારા હેઠળ રાજય સરકારની એક મોનીટરીંગ સમિતિ બનાવી છે, જે ૧૨ જિલ્લાની સ્તરની સમિતિ, ૧૮ પેટા વિભાગીય સમિતિ, ૫,૭૭૫ જેટલી વન અધિકાર સમિતિ બનાવી છે. અમલીકરણની પ્રગતિની સમીક્ષા અને પ્રશ્નના નિરાકરણ માટે રાજય કક્ષાએ એક કોર વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આ ત્રણ તબક્કામાં કામ થાય છે. એક ગામમાં વન સમિતિ બની છે. જેમના ગામના સરપંચ, ૧૧થી ૧૫ જેટલા સભ્યો ત્યાર પછી તાલુકાની પેટા સમિતિ અને ત્યાર પછી જિલ્લાની સમિતિ. આમ કરીને ત્રણ તબક્કામાં આ સમિતિ બનાવવામાં આવી છે. મારે આ કાયદામાં એવું પણ કહેવું છે કે જે ઘણાં લોકો હજી સમજી શક્યા નથી. કેટલીક જગ્યાએ તો અમુક બની બેઠેલાં નેતાઓ આદિવાસીઓને જઈને ઉશ્કેરે છે. આમાં બે-ત્રણ નિયમો છે કે તમારી જે જમીન છે એ વર્ષોથી તમે ખેડતા આવેલા હોવા જોઈએ. તમારી પાસે કોઈ ગુના પાવતી હોવી જોઈએ. તમે અંદર રહેતા હોવા જોઈએ, એટલે કે કબજો હોવો જોઈએ. આ બધું હશે તો જ તેને જંગલની જમીન મળવાને માટે લાયક છે. પણ કેટલાક લોકો જે પોતે રાજકારણ કરીને એ આદિવાસીઓને ગેરસમજ ઉભી કરીને ગમે ત્યાં વન છે, વૃક્ષો છે એ કાપી નાખવા માટે પ્રેરે છે અને તે વખતે અમારા અધિકારીઓ કે પોલીસ અધિકારીઓ સાથે ખોટો સંઘર્ષ આવે છે અને કેટલાક આદિવાસી લોકોને નુકસાન થાય છે. આવા નેતાઓને મારે કહેવું છે કે આદિવાસીનું તમારે હિત જોવું છે કે આદિવાસીને સીધા પોલીસના ગુનામાં તમારે ધકેલવા છે? મહેરબાની કરીને આવી પ્રવૃત્તિથી દૂર રહી.. કેટલાક તો એવા લોકો પણ છે કે જેણે ફૉર્મ છપાવ્યા છે અને ફૉર્મના ૨૫૦-૨૫૦ રૂપિયા લે અને એ ફૉર્મ ભરાવે તો એ પદ્ધતિ પણ નથી. સરકાર એક પણ નવા પૈસા વગર મફત ફૉર્મ આપે છે. તો એ ફૉર્મ કોઈપણ વેચાતુ ન લે. આપણે આપણા આદિવાસી વિસ્તારોમાં જોવું જોઈએ કે કોઈપણ વ્યકિત પૈસા આપીને ફૉર્મ નહીં ભરે તેની કાળજી લઈએ તો આ કાયદાનો બરાબર અમલ કરાવી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં લગભગ આ ધારા હેઠળ જે સમિતિને અરજીઓ મળી છે એમાં ૧,૬૮, વ્યકિતગત છે અને ૭૬૦૦ સામૂહિક હક્ક દાવા મળેલ છે. એમાં ૯૮૮૦૦ વ્યકિતગત અને ૧૧૫૧ સામૂહિક હક્ક દાવાની સ્થળ ઉપર ચકાસણી કરીને ગ્રામ સભામાં ૩૦૫૪૨ વ્યકિતગત અને ૫૩૧ સામૂહિક હક્ક દવા અંગે ઠરાવ થયેલ છે. પેટા વિભાગીય સ્તરની સમિતિએ ૪૩૫૧ વ્યકિતગત અને ૪૯ સામૂહિક દાવાની ચકાસણી કરીને ૪૩૦૦ વ્યકિતગત અને ૪૯ સામૂહિક દાવા અરજીઓ સામૂહિક સ્તરની સમિતિને મોકલવામાં આવી છે. અત્યાર પહેલાં ૪૫૦૦૦ જેટલી અરજીઓની સનદ આપવામાં આવી છે અને ત્યાર પછી ૩૫૫૫ જેટલી અરજીઓ અમે કેન્દ્ર સરકારને કેટલાય વર્ષોથી મોકલી હતી, તેનું નિરાકરણ નહીં આવતાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ એકવાર સંમેલન કરીને ૨૪૫૩ જેટલી અરજીઓનો નિકાલ કરીને એમને અધિકારપત્ર આપવાની વાત છે એ અધિકાર પત્રો આપ્યા હતા અને અત્યારે જે સમિતિએ નિર્ણય કરેલો છે, તેમાં ૨૭૩૨ વ્યકિતગત અને ૨૨ જેટલી સામૂહિક દાવા પત્ર જેમના ટાઇટલ કલીયર હતા એ તમામને મંજૂરી આપી છે અને જે બાકીની કામગીરી છે એ ખૂબ ઝડપથી અરજીઓનો નિકાલ કરવા માટે અમે પ્રયત્ન કરીશું. મારે ગૃહના ધ્યાન ઉપર એ લાવવું છે કે, જ્યારે ભૂતકાળમાં ૪૫૦૦૦ જેટલી સનદો આપી દેવામાં આવી છે અને બાકી જે કોઈ રહ્યા છે. દાવા તો ઘણા આવ્યા છે કેટલાક ડુપ્લીકેશન અને બીજી રીતે અરજીઓ આવેલી છે અને જે કાંઈ ખરેખર આદિવાસી વર્ષોથી જમીન ખેડતા આવેલા છે એને એની જમીન ચોક્કસ ઝડપથી આપી શકાય તે રીતે અમે એની કાર્યવાહી કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી મારે એક ચોખવટ કરવી છે કે, જે સનદો આપેલ છે એ મહેસૂલ વિભાગનું કામ હતું. પણ હવે નવો કાયદો બન્યો છે. એ કાયદામાં કબજો આપવામાં આવે છે. આ જમીન વેચી નહીં શકો. એ આદિવાસી એના ઉપર રહીને ખેતી કરી શકે. એટલો એકટમાં સુધારો છે. એટલે જમીન કાયમી આદિવાસીઓને મળવાની નથી. અહીંથી બીજી વાત થઈ, આદિવાસી સિવાય બીજા જે લોકો છે એ જંગલની જમીન ખેડતા આવેલા છે એવા સામાન્ય વર્ગના લોકોને પણ જમીન મળી શકે. એ માટે એમણે ૩ પેઢીના પૂરાવા મૂકવા પડશે. લગભગ ૭૫ વર્ષથી ખેડતા આવેલ હશે તો પૂરાવા મૂકશે તો એમને જમીન મળવાની છે. એ રીતે મારા વન વિભાગની કેટલીક વાત કરવાની છે. ગઈકાલે આમ તો મોટા ભાગની વાત કરી હતી. કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ થયું છે. પરંતુ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા અને નૉર્મલ દ્વારા જે કાંઈ કામ થાય છે એમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અમને બજૅટ ફાળવ્યું છે. એ બજૅટ લગભગ ૩૪૨ કરોડનું ફાળવ્યું છે. બીજું જાપાન પ્રોજૅકટ અંગે ચાલે છે. એની કામગીરી કરીએ છીએ. સામાજિક વનીકરણની વાત કરવી હોય તો વન વિભાગ વિસ્તાર સિવાયના વિસ્તારમાં સામાજિક વનીકરણની કામગીરી કરવામાં આવે છે. જેમાં લોક ભાગીદારીનો પણ સમાવેશ થાય છે. એમાં ખાસ કરીને પટ્ટી વાવેતર, રસ્તા, રેલવે અને નહેર કાંઠા વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારમાં ગૌચર, ખરાબાની જમીન, વરસાદ આધારિત તથા પિયત વિસ્તારમાં જે જમીન છે એના ઉપર વન મહોત્સવ દરમિયાન રાહત દરે લોકોને રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. લોકોના સહયોગથી પટ્ટી ઉપરના વાવેતરની ઊપજમાંથી

તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને આર્થિક લાભ પણ આપવામાં આવે છે. સામાજિક વનીકરણ પ્રોજૅકટ હેઠળ લોકોને બળતણ અને નાના ઇમારતી લાકડાની જરૂરિયાત તેમજ વૃક્ષ સહાય અને રોજી મળી રહે, એમને આર્થિક આવક થાય એ હેતુથી આ યોજના અમલમાં છે. પટ્ટીની આ યોજનામાં ૨૦૦૯-૧૦માં વૃક્ષ ઉછેર ૧૧૦૦ હેકટર જમીનમાં વાવેતર અને ગ્રામ વન યોજના હેઠળ ૯૦૦ હેકટર જમીન આવરી લેવામાં આવી છે.માનનીય અધ્યક્ષશ્રી, વન વસાહત વિકાસની વાત, જંગલની મધ્યમાં આવેલ વનની જાળવણી, વનીકરણ તથા વિકાસ કામો માટે વસાવેલ વન વસાહતો ગામોની મૂળભૂત જરૂરિયાતો સંતોષાય વ્યકિતગત વિકાસ માટે અંગતલક્ષી અથવા સામૂહિક વિકાસ માટે સમૂહલક્ષી કાર્યો હાથ ધરી શકાય તે હેતુથી ૧૯૯ વન વસાહતી ગામોને આવરી લઈ ૨૦૦૪-૦૫થી ૨૦૦૬-૦૭ના વર્ષ માટે કેન્દ્રીય સહાય રૂા. ૨૬.૪૩ કરોડનો પ્રોજેકટ અમલી બનાવેલ છે. વધુમાં વન વસાહતી ગામોને અન્ય મહેસૂલી ગામો જેવા લાભ મળી શકે તે હેતુથી ૧૧૨ વસાહતી ગામોને રેવન્યુ ગામ તરીકે રૂપાંતરિત કરેલા છે. એક મારે સહભાગી મારી વન સમિતિ છે એના દ્વારા પણ જે કામો આજે આખા રાજ્યભરમાં ચાલે છે. અત્યારે જ અમે વનસહભાગી સમિતિ જે કહે છે એના માટે એક યોજના જે જાહેર કરી છે. રાજયની ગરીબ પ્રજાને મદદરૂપ થવાના હેતુસર તથા વન વિભાગના વન વિસ્તારમાં રહેતા કુટુંબો માટે આજીવિકાના સાધન સહેલાઈથી મળી શકે અને કુટુંબના ભરણપોષણ તથા આર્થિક ઉપાર્જન માટે રોજીરોટીનું સર્જન થાય તેવી પ્રવૃત્તિ કરવા માટે રાજયના રક્ષિત જંગલોમાં પડતર જે જમીન છે તેનો ઉપયોગ કરીને એ આવકમાંથી ગરીબ લોકો રોજી મેળવે એના માટે એક પૅકૅજ અમલમાં મૂકવાનું રાજય સરકારમાં વિચારણામાં હતું અને અંતે એ પૅકૅજ અમે જાહેર કર્યુ છે. આ યોજનાનો અમલ માત્ર રક્ષિત જંગલ જે વિસ્તારમાં છે ત્યાં કરવાનો રહેશે. અનામત જંગલમાં કોઈ જઈ શકે નહીં. આ યોજના J.F.C. એટલે સહભાગી વન સમિતિ છે એ મારફત અમલમાં મૂકવાની રહેશે. વ્યકિતગત ધોરણે કોઈ કામગીરીની કે જમીનની ફાળવણી કરવાની રહેશે નહીં. J.F..C.ના સભ્યો વચ્ચે આ કામગીરી કરવાની આવે જેનો લાભ વ્યકિતગત રીતે પણ મળી શકે. આ યોજના ઓછામાં ઓછા ૫ હેકટરથી ૫૦ હેકટરના બ્લૉકમાં અમલમાં મૂકવાની છે. નાના નાના ટૂકડામાં આ યોજના કરવાની રહેશે નહીં. આવી જમીન J.F.C.ને વનીકરણ માટે આપવામાં આવે છે તેમાં નીચે પ્રમાણેના વૃક્ષો રોપવાના રહેશે. લાંબા ગાળાના આયોજન સ્વરૂપે અરડૂસો, વાંસ, નિલગિરિ, સરગવો, આંબો હરડે અને બીજા કોઈપણ આવક મળતા જે વૃક્ષ હશે તે રોપી શકાશે. તાત્કાલિક આર્થિક ફાયદો કરે તેવા ફળાઉ વૃક્ષો જેવા કે લીંબુ અને સીતાફળ આ ઉપરાંત થોડી જમીન ઘાસ માટે પણ અનામત રાખવાની રહેશે. જ્યાં શકય હોય ત્યાં રતાળુ, સૂરણ જેવા કંદમૂળ તથા કાંચકા કૌચા ઇત્યાદિ ઉગાડી શકાય જેનો તાત્કાલિક ધોરણે કુંટુંબોને આર્થિક લાભ મળી શકે. આ દરેક વિસ્તારમાં વહેવારિક રીતે એનો વેપારુ વપરાશ, આમદાનીથી મળી રહે એ માટે ઝડપથી ઉગી શકે તેવા ફળાઉ વૃક્ષો તથા નિષ્ણાત એજન્સી પાસેથી સુધારેલી કલમો મેળવવાની રહેશે. આ માટે કૃષિ વિભાગ કે ટ્રાયબલ ડેવલપમેન્ટમાંની ગ્રાન્ટમાંથી પણ મેળવી શકાશે. રોપણી, કાપણી અને સંરક્ષણની કામગીરી એવા ખર્ચાઓ એનર્જી હેઠળ ખર્ચ પાડવાના રહેશે. આ રીતે મારા વન વિભાગનો સામાજિક વનીકરણ વિભાગ કામ કરી રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આવ્યા પછી મારા વન વિભાગમાં એક નવી ચેતના આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આવ્યા પછી લોકોની ભાવના અને લાગણીની ધાર્મિક ભાવનાને જોડીને કેટલાક વનો જે તૈયાર કરવા માટેનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને એક નવી જે ચેતના આપી છે તેની મારે થોડીક વાત કરવી છે. અમે પહેલા લગભગ ૫૪ જેટલા વન મહોત્સવ ગાંધીનગરમાં ઉજવતા આવ્યા છીએ. ગાંધીનગરમાં બધા જ મંત્રી હોય, અધ્યક્ષ પણ હોય, બાકી બધા જ અધિકારીઓ ફોરેસ્ટના બધા અધિકારીઓ આવી જાય. એક -બે સ્કૂલના બાળકોને બોલાવીને આખો અમે વન મહોત્સવ કરતા હતા, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જેમ રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટ, કે ૨૬મી જાન્યુઆરી કે ૧લી મે જૂદાજૂદા જિલ્લામાં એને લાભ આપવાનું શરૂ કર્યુ એમાંથી પ્રેરણા લઈને અમે પણ ગાંધીનગર છોડીને એને જૂદાજૂદા જિલ્લામાં એ લઈ ગયા છીએ અને પહેલું અમારા પુનિત વનની જો વાત કરીએ તો ગાંધીનગરમાં જ એ કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં રહેતા ઘણાબધા લોકો એનો લાભ લે છે. મારે બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓને પણ વિનંતી કરવી છે કે કદાચ આપણે પુનિત વનની વાત સાંભળતા હોઈશું ચર્ચા પણ કરતા હોઈશું પરંતુ એમ પૂછવામાં આવે કે કેટલા લોકોએ પુનિત વન જોયું તો કદાચ બહુ ઓછા હાથ ઉંચા થાય. ગાંધીનગરના લોકો આજે મોર્નીગ વોકમાં કે ઈવનીંગ વોકમાં આપણે ત્યાંથી પસાર થઈએ તો જોઈએ કે કેટલીએ ગાડીઓ પડેલી હોય છે અને અંદર બધા ફરતા હોય.ત્યાં અને સ્મૃતિ વન, નક્ષત્ર વન, રાશી વન આ રીતે ત્યાં ઊભા કરવામાં આવ્યા છે. લગભગ ૩૧૬૧ જેટલા બીલી વૃક્ષો એક જ જગ્યાએ રોપેલા છે. આવતા દિવસોમાં આખું શિવલિંગનો આકાર લેવાનું છે એ રીતે આયોજન થયું છે. આપ પસાર થાઓ તો સાંજના સમયે ફુવારો ચાલતો હોય તો બેઠું શિવલિંગ હોય એવો ફુવારાનો આકાર છે. ખાસ કરીને આપણે ત્યાં ૧૨ રાશી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અભ્યાસ કરીને લોકોની લાગણીને કેવી રીતે જોડવી અને કેવી રીતે વૃક્ષ પ્રત્યે લોકોમાં લાગણી ઊભી થાય એના માટે રાશી વનની રચના કરી છે. ૧૨ રાશી પ્રમાણે દરેક રાશીના આરાધ્ય વૃક્ષ હોય છે. આ વૃક્ષોને રોપીને તેનું જતન કરે તો લાભ મળે છે. મેષ રાશીની વાત કરીએ તો મેષ રાશી માટે ઝેર કોચલું, આમળા, ઉમળો આ રીતના એના વૃક્ષો છે. વૃષભ રાશીની વાત કરીએ તો ઉમળો, જાંબુ, ખેર એના

આરાધ્ય વૃક્ષ છે. મિથુન રાશીની વાત કરીએ તો ખેર, કૃષ્ણ અર્જુન, વાંસ એના આરાધ્ય વૃક્ષ છે. કર્ક રાશીની વાત કરીએ તો વાંસ, પીપળો ....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બધી રાશી બોલવા જશે તો સમય વધારે જશે. (અંતરાય) મને કોઈ વાંધો નથી પણ એમનો સમય પૂરો થઈ જશે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : નામ સાંભળે તો એની પૂજા કરતાં થાય. સિંહ રાશી માટે વડ, ખાખરો, પીપળ, આ રીતે ત્રણ ત્રણ જેટલા આરાધ્ય વૃક્ષો દરેક રાશી માટે છે. ગ્રહોની વાત કરીએ તો દરેક માનતા હોય, કોઈને કોઈ ગ્રહ નડતો હોય છે. મને પણ * (xxxxx) ગ્રહ નડે છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું. એ જાતના શબ્દો ન બોલો તો વધારે સારું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. સૂર્યનો ગ્રહ છે એના માટે આંકડો છે, ચંદ્રનો ગ્રહ હોય એના માટે ખાખરો છે, મંગળનો ગ્રહ હોય એના માટે ખેર છે, બુધનો ગ્રહ હોય એના માટે અધેડો છે, ગુરુનો ગ્રહ હોય એના માટે પીપળો છે, આ રીતે જે નવ ગ્રહ છે એના પણ કોઈને કોઈ આરાધ્ય વૃક્ષ છે.આ જ રીતે આપણા ૨૭ નક્ષત્રો છે. એમાં અશ્વિની માટે ઝેર કોચલું, હરણી માટે આમળા, કૃતિકા માટે ઉમળો, રોહિણી માટે જાંબુ, મૃગશિર્ષ માટે ખેર તે રીતે અમે ગાંધીનગરના પુનિત વનથી શરૂઆત કરીને બીજી વખત માંગલ્ય વનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી અમે ૫૫૧ જેટલા નવ દંપતી પાસે વૃક્ષારોપણ કરાવ્યું છે. પ્રેસમાં બધી કંકોતરી છપાવીને બધાને આમંત્રણ આપીને વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું છે. ત્યાર પછી તારંગા હીલ કે જ્યાં જૈન ટેમ્પલ આવેલ છે ત્યાં તીર્થંકર વન બતાવ્યું છે. સોમનાથમાં હરિહર વન, ચોટીલામાં ભક્તિ વન અને આ વખતે શામળાજીમાં શ્યામલ વન બનાવ્યું છે. આ રીતે મુખ્યમંત્રીશ્રીએ દરેક પવિત્ર સ્થાનને વધારે મહત્ત્વ આપીને પ્રજાને જાગૃત કરવા અને વૃક્ષ પ્રત્યેની એમની લાગણી છે એ બરાબર સમજીને આ કામ અર્થે વધારે ને વધારે વૃક્ષો વાવે એના માટે અમે પ્રયત્નો કર્યા છે. મારે ખાસ કરીને વાઈલ્ડ લાઈફની વાત કરવી છે. વાઈલ્ડ લાઈફ પણ વન વિભાગમાં મોટા પ્રમાણમાં આવે છે. મને એક વાત યાદ આવે છે કે વાઈલ્ડ લાઈફમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં જેમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે એ આપણે બધા જાણતા જ હોઈશું. અમે આ વાઈલ્ડ લાઈફની જાળવણી માટે અનેક સુવિધાઓ ઊભી કરવાની છે એ સુવિધાઓ ઊભી કરતા જઈએ છીએ છતાં કોઈ વાર એવો બનાવ કે જે આપણને ન ગમતો હોય, આપણને દુ:ખ પહોંચાડે એવા પ્રસંગો બનતા હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મારી વાત કરું તો જ્યારે સિંહોના શિકાર થયા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી માટે અને અમારા વિભાગના અધિકારીઓ મંત્રીશ્રી સહિત બધા માટે દુ:ખદ પ્રસંગ હતો. માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી અમે તરત જ જે કોઈ ગુનેગારો હતા એ ગુનેગારોને પકડ્યા. એ ગુનેગારોમાં ૧૬, ૧૮ અને ૩ એમ કરીને કુલ ૩૭-૩૮ ગુનેગારો હતા એમને વહેલી તકે સજા થાય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના મુજબ અમલ કરીને શિક્ષા અપાવી શક્યા છીએ. એનો અમલ કરીને અમે શિક્ષા અપાવી શક્યા છીએ જેથી ભવિષ્યમાં કોઈ આવો ગૂનો નહિ કરે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપની પાસે હવે માત્ર પાંચ મિનિટ રહી છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે ગુનાથી દૂર રહે એના માટેના અમે પ્રયત્નો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને મુખ્યમંત્રીશ્રી માટે બે પ્રસંગો યાદ આવે છે એ મારે કહેવા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી માટે અનેક એવા વિશેષણો વાપરવામાં આવે છે. દીર્ઘદ્રષ્ટા, સ્વપ્નદ્રષ્ટા, ગુજરાતના શિલ્પી, દિવસે સ્વપ્ન જોનારા, સ્વપ્નને સાકાર કરનારા, સામાર્થ્યવાન, ઊર્જાવાન, સતત કાર્યરત અને મત આધારિત નહિ પણ માનવ આધારિત કામ કરનાર, ગરવી ગુજરાતના વિકાસ પરૂષ, બાહોશ, નીડર, મર્દ મુખ્યમંત્રીશ્રી અને આજે જે અત્યારે મફતભાઈ માનનીય ધારાસભ્યશ્રીએ જેમના મોંમાં સરસ્વતી દેવી વસેલા છે એવા માનનીય મુખ્યમંત્રીશ્રીના બે પ્રસંગો મને બરાબર યાદ છે એક વાર જ્યારે સુરતનું પૂર આવ્યું એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી ત્યાં સુરતના અસરગ્રસ્ત લોકોને મળવા માટે જ્યારે આવેલા હતા એ સમયે હું પણ કોઈ કારણોસર એરોડ્રોમમાં પર જવાનું મારે થયેલું. મારે એમને જોઈ મને થયેલું કે સાહેબનો શું કાર્યક્રમ છે તે જોવાનો મેં પ્રયત્ન કર્યો ત્યારે સીધી એમણે વાત કરતા આપ કલ્પના નહિ કરી શકો કે કોઈ ગુજરાતના મુખ્યમંત્રી અસરગ્રસ્ત લોકોને મળવા માટે લેલન્ડ ગાડીમાં બેસી જાય, એકદમ ઝડપથી કોઈપણ જાતનો વિચાર કર્યા વગર લેલન્ડ ગાડીમાં બેસી ગયા. કેટલાકને જોઈને અચંબામાં પડી ગયા. આ લેલન્ડમાં બેઠેલા છે. પાંચ થી છ ફૂટ પાણી હતું, એ લેલન્ડમાં ગયા ત્યાર પછી ૧૫-૧૬ ફૂટ જેટલા પાણીમાં ત્યાં બોટ મારફત ગયા. એમને જોઈને ખરેખર માનનીય મુખ્યમંત્રીશ્રી લેલન્ડમાં ચઢી જતાં હોય તો મંત્રી તરીકે મારી પણ ફરજ બને. હું સલામતી શોધતો હતો પણ જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાની જાન જોખમમાં નાંખી દે ત્યારે મારાં જેવાએ અનુસરવું જોઈએ. એ મારો ધર્મ બની જાય છે. આ મુખ્યમંત્રીશ્રી સાથે ૧૬-૧૭ ફૂટ પાણીમાં જઈને જે કાંઈ અસરગ્રસ્ત લોકોને શું મુશ્કેલી છે એ પોતે સમજવા માટે ગયા. આજ સુધીના ઈતિહાસમાં કોઈ મુખ્યમંત્રી પાણીમાં ગયા હોય એવું જોયું નથી કે સાંભળ્યું નથી. એ જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી સિંહોના શિકાર થયા ત્યારે અનાયાસે ત્યાં જે જગ્યાએ શિકાર થયેલા એ જગ્યાએ જવા માટે આગ્રહ કર્યો અને રાતનો સમય

---

* (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

થઈ ગયો હતો. સ્વાભાવિક છે કે જંગલ વિસ્તાર એમાં સિંહ ક્યારે આપણી ઉપર ધસી આવે એની પણ ચિંતા કર્યા વગર માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાની જાનને હોડમાં મૂકીને જે મુશ્કેલી ઊભી થઈ છે તેનું કેવી રીતે નિરાકરણ લાવી શકીએ એના માટે પોતે પ્રત્યક્ષ ત્યાં જોયું અને ત્યાર પછી તો સૂચના આપી અને કેટલાક ૪૦ કરોડ રૂપિયાનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ પેકેજ આપ્યું છે અને એ પ્રમાણે સિંહોનું રક્ષણ કરવા જે ૯-૧૦ હજાર કૂવાને ઢાંકણ કરીને ઢાંકી દીધા છે અને બાકીના અમે પૂરા કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ વિભાગમાં લગભગ ૨૧ જેટલા એકટ છે. પાણીની વાત હોય, હવાની વાત હોય, જમીનના પ્રદૂષણની વાત હોય એ પ્રમાણે અમે એકટ બનાવ્યાં છે અને એકટ પ્રમાણે બરાબર અમે કામગીરી કરી રહ્યાં છીએ. અહીંયા ગઈ કાલે પણ ક્લાઈમેટ ચેઈન્જની કેટલીક વાતો થઈ. પર્યાવરણમાં પણ જે ઉદ્યોગકારો ખોટું કરતાં હોય છે એને અમે કોઈ રીતે છોડવાના નથી પણ જેને ખોટી રીતે હેરાનગતિ થતી હોય તે પણ અમે ચોક્કસ જોવાના છીએ. પરંતુ આપણે બધાએ સાથે થઈને એ એકટનું પાલન જ્યાં પણ હોય ત્યાં આપણે પાલન કરાવીએ. એક વસ્તુ છે કે આજે પ્રદૂષણ માટે આપણે જો ચિંતા નહિ કરીએ તો હું માનું છું કે આવતી પેઢીનું બહુ મોટું નુકસાન કરીશું. એટલે જે જગ્યાએ પ્રદૂષણ થતું હોય તેને કોઈપણ રીતે રોકવા માટે આપણા પ્રયત્ન હાથ ધરવા જોઈએ અને એ રીતે જો કરીશું તો ગ્લોબલ વોર્મિંગ કે ક્લાઈમેટ ચેઈન્જના જે કાંઈ ભય સ્થાન છે એનો આપણે પ્રતિકાર કરી શકીશું. મારા વિભાગની વાતમાં જે જે વ્યક્તિઓએ અને ધારાસભ્યશ્રીઓએ રસ લીધો છે એ બધાના પ્રશ્નોને અને એમણે જે મારાં વિભાગના વખાણ કર્યા છે એમનો આભાર માની વિરમું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની આ ચર્ચામાં કુલ ૧૧ માનનીય ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો અને તેમાંથી બે ધારાસભ્યશ્રી રણજીતભાઈ તેમજ અનિલભાઈ માળીએ મારા વિભાગમાં પોતાના વિચારો રજૂ કરી, સમર્થન આપી જે અમૂલ્ય સૂચનો કર્યા છે તેને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૪મી જુલાઈ છે અને ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધર સ્વ. કનૈયાલાલ મુનશીની સાહિત્યિક, રાજકીય અને સંસ્કારિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મુનશીના માસિક પત્ર ગુજરાતના ઉપતંત્રી તરીકે સેવા આપનાર દયા શંકર ભટ્ટનો આજે જન્મ દિવસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ લોકપ્રિય બનેલી નવલકથા ધ થ્રી મસ્કેટિસ ઈયર ના લેખક વિશ્વ પ્રસિદ્ધ ફ્રૅન્ચ નવલકથાકાર એલૅકઝાંડર ડૂમાનો પણ આજે જન્મ દિવસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો આવતી કાલનો નાગરિક અને તે માટે ગુજરાતની આવતી કાલ ઘડવાનું કામ જે વિભાગમાં સુપેરે થઈ રહ્યું છે એ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગને લગતી માગણીઓ લઈને આજે ગૃહ સમક્ષ આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગમાં રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, સાહિત્ય, ગ્રંથાલય, પૂરાતત્ત્વ, અભિલેખાકાર, લલિત કલા, સાહસ અને સર્વ સંગ્રહ એમ મળીને કુલ દસ વિષયોનું રસ વૈભવ છે. આમ ગણો તો આ બેવડું પંચામૃત છે અને એ રીતે માનવ ઉત્થાનની તક પૂરી પાડનારું, રચનાત્મક પ્રવૃત્તિઓનો વિશાળ આ વિભાગ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલા ભૂતકાળના ગુજરાતના ૩૫ વર્ષના કોંગ્રેસના શાસનમાં આ વિભાગ, એક મોટા વિભાગના અંધારિયા ખૂણામાં હતું, તે વખતની કોંગ્રેસી સરકારો તેમની આંતરિક રમતમાંથી ઊંચી આવતી નહતી •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : આપ આ શબ્દો ન વાપરો તો વધારે સારું. આપણે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ચર્ચા કરીએ છીએ એટલે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ઓ.કે. એના પરિણામે રમત ગમતનો કોઈ વિકાસ થયો નહીં. માનનીય અધ્યક્ષશ્રી, તે વખતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પર લાગવગ અને સગાવાદનો અખાડો બની ગઈ હતી. આજે આ વિભાગ એક સ્વતંત્ર વિભાગ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી ભારતીય ઋષિ સંસ્કૃતિની વાત કરું તો આપણી માતૃભૂમિ ઉપર જન્મેલા ઋષિ, રોટલી લઈ જનારા કૂતરા પાછળ લાકડી લઈને દોડતા નથી, ઘીનો વાટકો લઈને દોડે છે.

``નામદેવને બનાઈ રોટી, કૂત્તેને ઉઠાઈ
પીછે પીછે નામદેવ ચલ દીએ કી
પ્રભુ રુખી તો ન ખાઓ,
થોડા ઘી ભી લે કે જાઓ.``

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણી સંસ્કૃતિ છે. પારકા ધનને માટી જેવું ગણતી આ આપણી સંસ્કૃતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, ફાહીયાન નામનો એક ચીની મુસાફર સેંકડો વર્ષો પૂર્વે ભારત ભ્રમણ માટે અહીંયા આવેલો. લોકોના ઘરને તાળું નહતા મારતા તે વખતે એ જોઈને એને આશ્ચર્ય થયું. એક વાર તે મગધ સામ્રાજ્યના રાજાના દરબારમાં પહોંચી ગયો ત્યાં બે ખેડૂતો વચ્ચે વિવાદ ચાલતો હતો, બંને ન્યાય માટે દરબારમાં આવ્યા હતા, એક ખેડૂત એમ કહેતો હતો કે, મહારાજા મેં મારી જમીન આને વેચી દીધી છે, હવે એમાં અનાજ પાકે કે સોનું નીકળે એ એનું છે પણ આ માણસ જમીનમાંથી મળેલો સોનામહોરનો ભરેલો ઘડો મને આપવા માગે છે, હું કઈ રીતે

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સ્વીકારું ? બીજો ખેડૂત એમ કહેતો હતો કે મહારાજ મેં ખેતર ખરીદ્યું છે એમાં દાટેલું ધન ખરીદ્યું નથી, માટે મારાથી એનો સ્પર્શ ન થાય. ફાહીયાનને આશ્ચર્ય થયું, ઝઘડો લેવાનો નહીં આપવાનો હતો. રાજાએ છેવટે એ ધન સમગ્ર ગામના લાભ માટે વાપરવાનો ચુકાદો આપ્યો અને બંને ખેડૂત ખુશ થઈને ત્યાંથી ગયા. માનનીય અધ્યક્ષશ્રી, પર ધનને માટી જેવી ગણતી સંસ્કૃતિનું પાન કરનારી પ્રજાના ઉચ્ચ ચારિત્રને લીધે જ ભારતને સ્વર્ગ ભૂમિ કહેવાય છે.માનનીય અધ્યક્ષશ્રી, ભારત વિશ્વમાં યુવાનોનો દેશ કહેવાય. આપણા દેશની વસ્તીનું સરેરાશ આયુ ૨૩ વર્ષનું છે. આ દેશની ૭૦ ટકા કરતાં વધુ વસ્તી ૩૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવે છે. આમ આ દેશની પ્રગતિ અને આવતી કાલ સાથે સીધી રીતે યુવા શકિત અને એનું પ્રદાન સંકળાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજીમાં એક કહેવત છે કે, ઈફ યુ વોન્ટ ટુ પ્રિડીકટ, વુડ વીલ બી ટુ મોરો ઑફ એની કન્ટ્રી, લૂક એટ ધેર યૂથ ટુ ડે. એટલે કે, જો તમે કોઈ દેશની આવતી કાલ કેવી હશે? એની ધારણા કરવા માગતા હો તો આજે તેના યુવાનને જુઓ. આમ યુવા શકિતને સીધો સ્પર્શતો યુવા અને સાંસ્કૃતિક વિભાગ રાજયના માનવ વિકાસની ગુણવત્તા સાથે સીધો સંબંધ ધરાવે છે.માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતિની વાત કરું. સંસ્કૃતિ એટલે શું? ગુજરાતની આગવી સંસ્કૃતિ છે. આપણે એને ભકત કવિ નરસિંહ મહેતાની સંસ્કૃતિ કહીશું કે જેણે ગાંધીજીને પ્રિય વૈષ્ણવજન આપ્યું. કે જેણે બ્રહમ કરે લટકા બ્રહમ સાથેની વાત કહી. આપણે એને અખાની સંસ્કૃતિ કહીશું કે જેણે તિલક કરતા ત્રેપન થયાં, જપ માળાના નાકા ગયાં અને એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવની વાત કરી. છપ્પાના ચાબખા મારી જીવનનો મર્મ સમજાવ્યો. કવિ કલાપીની સંસ્કૃતિ કહીશું કે જેણે ગ્રામ્ય માતા જેવી કવિતા આપી, કેકારવ આપ્યો કે પછી "ડાહ્યાલાલનો દીકરો, ડાહ્યો દલપતરામ, નફફટ પાકયો નાનીયો બોળ્યું બાપનું નામ" એવી ત્રણ ત્રણ મહાકવિની પેઢી આપી એની કહીશું. જેની ઓળખ કનૈયાલાલ મુન્શી, ગોવર્ધનરામ ત્રિપાઠી, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ કેટકેટલાએ આ સંસ્કૃતિને સરસ્વતી થકી નવપલ્લવિત કરી છે. કોને કોને યાદ કરીશું. ગુજરાતની આ સંસ્કૃતિની ઓળખને કચ્છડો બારેમાસ, સોરઠનો સાવજ, સોલંકી વંશની સમૃદ્ધિમાં આળોટતુ ઉત્તર ગુજરાત, મહારાજા સયાજીરાવનું વડોદરાવાળું મધ્ય ગુજરાત કે ૮૪-૮૪ બંદરોના વાવટા ફરકાવતું સુરત કોના થકી ઓળખશું? ગુજરાતની આ સંસ્કૃતિમાં પાટણની પ્રભુતાના ધણી આચાર્ય હેમચંદ્રના સિદ્ધિહેમની સવારીને યાદ કરીશું કે પછી ભગવતસિંહના ભગવદગોમંડલને યાદ કરીશું. આ ગુજરાતની સંસ્કૃતિને નરસિંહ મહેતાની દલિતવાસમાં હરિકિર્તનની પહેલથી ઓળખીશું કે વીર મેઘમાયાની પોતાના દલિત સમાજને સમાજના સમસ્ત અધિકારો મળે તે માટે અપાયેલા બલિદાનથી બિરદાવીશું. આ સંસ્કૃતિના ભાતીગળ પટમાં પાટણના પટોળા, જામનગરની બાંધણી અને ઉમરેઠના બનારસી વસ્ત્રો છે કે પછી ખંભાતના અકીક, સુરતના હીરાનો ઝળઝળાટ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક નવી કહેવત પડી છે પહેલા જેવો દેશ તેવો વેશ હતો હવે કહેવત બદલાઈ ગઈ છે જેવો વિભાગ એવો વેશ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મરૂ, મેરામણ અને મેરૂ એટલે રણ, દરિયો અને પહાડ જો કોઈપણ રાજય પાસે હોય તે એ ગુજરાત છે. જેનો કંકર કંકર શંકર છે. નર્મદા પણ આપણી સંસ્કૃતિને લોકમાતા તરીકે પોષે છે. ગુજરાતમાં બાર ગાઉએ બોલી બદલાય. તરુવરની શાખા બદલાય. ઉમરગામથી અંબાજી સુધીની વનબંધુ સંસ્કૃતિ દેશના ત્રીજા ભાગના દરિયાકાંઠે સાગર ખેડૂતોની દરિયાદિલી એ આ રાજયનો વિશિષ્ટ વારસો છે. આવો વૈવિધ્યસભર વારસો ધરાવતા ગુજરાતના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની પ્રવૃત્તિઓનું આયોજન અને કામગીરી, અગ્રતા અને અગત્યતા બંને માંગી લે છે અને એટલા માટે મારા વિભાગો રાજયના અબાલવૃદ્ધ સૌને સ્પર્શતા, સીધી રીતે એમના જીવન અને લાગણીઓના સુખ અને શ્રેયને સજશે અને એ મારી આ વિભાગની કામગીરી માટે મને ખૂબ અગત્યનું લાગે છે. જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનની ધૂરા સંભાળી ત્યારથી આ વિભાગની એક નવી ચમક આવી છે. આ વિભાગ ૨૦૦૮-૦૯ની બજેટ જોગવાઈ ૧૧૩.૬૯કરોડની હતી. ચાલુ વર્ષે ૧૬૧.૧૬કરોડ કરી જે ગત વર્ષ કરતાં ૪૧ટકા વધારે છે. જાણીતી પંકિત "નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન" એ સુત્રને ધ્યેયમંત્ર બનાવનારા અમારા પથદર્શક માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં મારા વિભાગની ઉડીને આંખે વળગે એવી સિદ્ધિઓ અને શ્રદ્ધેય આ માનવંતા ગૃહ સમક્ષ મૂકવાની લાલચ હું રોકી શકતો નથી. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજયે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ મહત્વની સ્પર્ધાઓમાં ભાગ લઈ ૨૧૦ સુવર્ણ ચંદ્રક, ૨૧૨ રજત ચંદ્રક, ૨૪૫ કાંસ્ય ચંદ્રક મળીને ૬૬૭ ચંદ્રકો આ ગુજરાતે મેળવ્યા છે. શાળાકીય રમતો, મહિલા રમતો, ગ્રામિણ રમતોમાં રાષ્ટ્ર કક્ષાએ ૯૫ ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે.ગ્રામીણ ઓલમ્પિકમાં પણ કુલ ૩૮૨૯ સ્પર્ધકોએ ભાગ લીધેલો અને રૂપિયા ૨.૭૧ લાખના રોકડ ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. ૨૦૦૪-૦૫ થી શરૂ કરેલ આ યોજના હેઠળ ૧૭,૨૦૯ સ્પર્ધકોને ૧૧.૪૭ લાખના રોકડ ઇનામો અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પરંપરાગત રમતો જેવી કે તિરંદાજી, ગીલોલ,ગોફણ, ગીલ્લી દંડા, આ બધી રમતો લુપ્ત થતી જાય છે, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીની નજર એનાથી બહાર નથી. તેમની સૂચનાથી આ લુપ્ત થતી રમતોને ફરી સ્પર્ધા કક્ષામાં લાવી એને જીવંત રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ઊગતા અને આશાસ્પદ ખેલાડીઓની ઝળહળતી કારકિર્દી માટે આર્થિક કારણોસર અટકી ન પડે તે માટે રાજ્ય કક્ષાએ શાળાકીય સ્પર્ધામાં ૨૦૦૭-૦૮ ના વર્ષમાં પ્રથમ, દ્વિતિય અને

તૃતિય ક્રમે આવનાર ૬૪૧૩ મહિલા ખેલાડીઓને ૨.૮ કરોડની સ્કૉલરશિપ આપવામાં આવી છે. જ્યારે ૨૦૦૮ માં વધારાની ૬૧.૭૯ લાખની સ્કૉલરશિપ આપવામાં આવનાર છે. રાજ્યમાં રમત ગમતના વિકાસ માટે જ્યાં જ્યાં જે જિલ્લાઓમાં રમત ગમતના સંકુલના હેતુસર જમીન ઉપલબ્ધ છે, તે જિલ્લાઓમાં રમત ગમત અંગેની અદ્યતન માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવાનું સરકારશ્રીએ નક્કી કર્યુ છે, તે અન્વયે સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાત હસ્તક જમીન ઉપલબ્ધ છે, તેવા ૧૧ જિલ્લાઓમાં રમત સંકુલનું નિર્માણ કરવામાં આવનાર છે. આ જિલ્લાઓમાં પાટણ, કચ્છ, અમરેલી, ડાંગ, સાબરકાંઠા, ખેડા, નર્મદા, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને ગોધરા ઉપરાંત અમદાવાદ-ખોખરા પણ સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં મુખ્યત્વે અથ્લેટિક્સ, ટ્રેક, સ્વીમિંગ પુલ, અને મલ્ટી પરપઝ હોલ તથા જિલ્લાની લોકપ્રિય રમતોને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધાનું નિર્માણ કરવામાં આવશે. હવે હું શક્તિદૂત યોજનાની વાત કરું તો આપણે ત્યાં કહેવત છે કે વાડ વગર વેલા ન ચડે. અને એ ન્યાય ખેલાડીઓનો દેખાવ અને ભવિષ્યમાં સારો દેખાવ કરવાની શક્યતાઓને ધ્યાનમાં લઈને જરૂરિયાત મુજબ રમત ગમતનાં સાધનો, સ્પૉર્ટસ મૅડિસિન, ડાયેટ, ગણવેશ, તાલીમ વગેરે બાબતો માટે ભૌતિક જરૂરિયાત આધારિત સહાય તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન નીચે ૨૦૦૬-૦૭ ના વર્ષથી પ્રથમ વખતથી જ અમલમાં મુકાતી આ નવતર યોજનામાં ૧૨૫ આશાસ્પદ ખેલાડીઓને શોધીને તેમની જરૂરિયાત આધારિત ૫૯.૯ લાખની સહાય મંજૂર કરવામાં આવેલ છે અને ૩ સ્પર્ધકોને ૨.૫ લાખની સહાય તાલીમ માટે મંજૂર કરી છે. માનનીય ધારાસભ્યશ્રી રણજિતભાઈએ જેમના નામનો ઉલ્લેખ કર્યો તે કુમારી પુજા રશિયાના કલારીસ્તાન ખાતે યોજાએલ એશિયાના દેશોની ટાઈફ્લોન રમતોમાં કાસ્યપદક પ્રાપ્ત કર્યુ અને આ ગૃહ વતી હું એમને આપના દ્વારા અભિનંદન પાઠવું છું. રાજય સરકારે તેણીને એક લાખનો વિશિષ્ટ પ્રોત્સાહક પુરસ્કાર આપવાનું નક્કી કર્યુ છે. ૨૦૦૭ માં પણ નેશનલ ગેઈમમાં સુવર્ણ પદક પ્રાપ્ત કરનાર તેણીને એક લાખનું ઇનામ આ ગુજરાત સરકાર તરફથી આપવામાં આવેલ અને શક્તિદૂત યોજના હેઠળ બીજા વધારાના એક લાખ રાજય સરકારે કુમારી પુજાને આપ્યા છે. મારો વિભાગ સૂર્યની પૂજા કરે છે, પણ ઘરના દીવડાને પ્રગટાવવાનું ભૂલતો નથી. એની વાત કરું તો ૧૯૯૯ થી ૨૦૦૮ સુધી રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવનાર તથા આંતરરાષ્ટ્રીય કક્ષામાં ભાગ લેનાર સિદ્ધિ મેળવનાર ૧૦૯ ખેલાડીઓને ૩૯.૮૬ લાખના ખાસ એવૉર્ડ આપવામાં આવ્યો છે. મારો વિભાગ દૂરના ડુંગરા પૂજવાનો વિરોધ કરતો નથી અને ઘરના ઉંબરા પણ પૂજવાનું ચૂકતો નથી. તેની વિગતો પણ મારે ગૃહમાં જણાવવી છે. રમત ગમત ક્ષેત્રે, આંતર રાષ્ટ્રીય ક્ષેત્રની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પ્રથમ ત્રણમાં સ્થાન મેળવનાર ખેલાડીઓને રૂપિયા એક લાખના એકલવ્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે.માનનીય અધ્યક્ષશ્રી, તે અંતર્ગત અમરેલી ખાતે ગુજરાત રાજયના સ્થાપના દિને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ૧૫ ખેલાડીઓને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા છે. જે ૨૪.૬૫ લાખના હતા. આમાં દરેક ખેલાડીને મોમેન્ટો, પ્રશસ્તિ પત્ર, બ્લેઝર આપવામાં આવ્યા હતા. સાધના હસ્ત ખેલાડીઓનું ધ્યાન રાખવાને બદલે અમે સિદ્ધ હસ્તોને પણ વિસરતા નથી. એટલે જે રમતવીરોએ ગુજરાતને ભૂતકાળમાં યશ અને ચંદ્રકો અપાવ્યા હોય તેવા નિવૃત્ત રમતવીરોની પણ રાજય સરકારે ચિંતા કરી છે. આવા નિવૃત્ત થયેલા રમતવીરોને પેન્શન આપવાની યોજના અંતર્ગત રાજયના ૮૫ નિવૃત્ત રમતવીરોને ૧૫.૩૯ લાખનું પેન્શન ચુકવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, **"ઉડાન સિર્ફ પંખો સે નહીં, લેકિન હોંસલે સે હોતી હૈ"** એ ઉકિત ચરિતાર્થ કરવા માટે રમતવીરોને અમે ભૂલ્યા નથી. એટલે આંતર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા ગયેલ ૨૯ ખેલાડીઓને ૧૧.૧૩ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવી છે. રાજય સરકારની માન્યતા મેળવેલ હોય એવી વ્યાયામ શાળાઓને રૂપિયા એક લાખ સુધી અનુદાન પેટે ચુકવવાની યોજના હેઠળ ૨૨ વ્યાયામ શાળાઓને આ અનુદાન ચુકવવામાં આવ્યું છે. આપણે ત્યાં કહેવત છે " પૂજે જનો સૌ ઉગતા રવિને " પણ અમે તો આથમતા સૂર્યને માન આપવાનું ચૂક્યા નથી. એટલે કોઈ કલાકાર ગંભીર માંદગીમાં સપડાય તેને મદદ કરવા માટે રાજય સરકારે કલાકાર કલ્યાણ નિધિની રચના કરી છે અને આ નિધિને અમે સક્રિય કરી અને આ નિધિમાંથી ૧૩ કલાકારોને આ માટેની તબીબી સહાય ચુકવવામાં આવી છે. તેમજ ૨૦૦૮ સુધીમાં વયોવૃદ્ધ અને નિ:સહાય ૧૦૬૭ કલાકારોને ૧૩.૦૩ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવી છે. રમત ગમત માટે એવું કહેવાય છે કે **all workl and no play next that a dull boy** ગુજરાતની આગવી પેઢી આ ક્ષેત્રે પણ વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરે, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું નામ રોશન કરે તે અમારી નેમ છે. ખો-ખો, કબડ્ડી, બિલિયર્ડ, તિરંદાજી, ક્રિકેટ જેવી રમતોમાં ગુજરાતે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ પેદા કર્યા છે. આજે પણ જામ સાહેબ રણજીતસિંહના નામ સાથે રણજીત ટ્રૉફી થકી અમરત્વ પ્રાપ્ત કરાય છે. ગીત શેઠી જેવા ખેલાડીએ બિલીયર્ડમાં ગુજરાતને આંતર રાષ્ટ્રીય કક્ષાએ મૂક્યું છે. ઑસ્ટ્રેલિયા સાથે કાનપુરમાં ઐતિહાસિક વિજય અપાવનાર પદ્મશ્રી જશુ પટેલને ગુજરાત આજે યાદ કરે છે. આમ છતાંય રમત ગમત ક્ષેત્રે ગુજરાતની મર્યાદાઓ, તેની સામે કરવાની થતી કામગીરીનો વ્યાપ એટલો હોવો જોઈએ તેને સમજવાનો અમે પ્રયત્ન કર્યો છે અને અત્રે તેને કેન્દ્ર સ્થાને મૂકીને વિવિધ ક્ષેત્રે રમતવીરોની પેઢી વિકસે તે અમે નક્કી કર્યુ છે. હું આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૮-૦૯થી પંચાયત યુવા ક્રિડા અભિયાન નામની એક યોજના અમલમાં મૂકાઈ છે. જેમાં રાજય સરકારે રચનાત્મક અભિગમ દાખવી આ યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરેલ છે, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા તેને મંજૂર

કરાયેલ નથી. આ યોજના અંતર્ગત દસ વર્ષના ગાળામાં તમામ ગ્રામ પંચાયતોને આવરી લઈને એક વર્ષમાં દસ ટકા પ્રમાણે ૧૩૬૯ ગ્રામ પંચાયત, ૨૨ તાલુકા પંચાયત અને તમામ જિલ્લા પંચાયત આવરી લેતા પંચાયત યુવા ક્રીડા ખેલ અભિયાન હેઠળ રાજય સરકારના ફાળાના ૩.૭૦ લાખની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. હિન્દીના તેજસ્વી કવિ દુષ્યંતની પંકિત છે. " **સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહી, મેરી કોશિશ હૈ કી સૂરત બદલની ચાહીયે**" તે પંકિતમાં વ્યક્ત થતા સંદેશાને ધ્યાનમાં રાખીને ગુજરાત સુવર્ણ જયંતિ સમગ્ર ગુજરાત માટે ચિર સ્મરણીય બની રહે તે માટે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે ગુજરાત સરકાર દ્વારા ઑકટોબર-૨૦૧૦માં ખેલ મહાકુંભનું આયોજન અમે કરી રહ્યા છીએ. આગામી ઓલમ્પિક માટે ગુજરાતમાંથી સારા અને વધુ સંખ્યામાં ખેલાડીઓ મોકલી શકાય અને સમગ્ર રાજયમાં ખેલ પ્રવૃત્તિને વેગ મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં કોઈ દિવસે રમત ગમત ક્ષેત્રે ન થયું હોય તેવું ભવ્ય આયોજન ખેલ મહાકુંભ ૨૦૧૦ દરમ્યાન કરવામાં આવનાર છે. સપ્ટેમ્બર ૨૦૧૦માં રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. ૨૬ જિલ્લા, સાત મહાનગરપાલિકાની ૩૩ ટીમો, એથ્લેટીકસ, કબડ્ડી, ખો- ખો, વોલીબોલ, ટેબલ ટેનિસ, બેડ મિન્ટન  કુસ્તી, જુડો, ફુટબોલ, બાસ્કેટ બોલ, આર્ચરી, સ્કેટિંગ અને સ્વીમીંગ જેવી રમતોમાં ઓપન વિભાગ અને ૧૯થી નીચેના વયની સ્પર્ધામાં રાજયના આશરે ૧૫૦૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લેવાના છે.  માનનીય અધ્યક્ષશ્રી, આ ભવ્ય આયોજન પાછળનું માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન એ છે કે  આ આયોજન પછી રાષ્ટ્રિય સ્પર્ધાઓ અને આંતરરાષ્ટ્રિય સ્પર્ધાઓમા ગુજરાતના ખેલાડીઓ ભાગ લેવાની લાયકાત કેળવે અને તેમાં ભાગ લઈને વધુમાં વધુ  ચંદ્રકો મેળવે. વ્યાયામ શિક્ષકોને રમતગમતની તાલીમ આપવા માટે અને રમતગમત કેન્દ્ર ચલાવવા  માટે રોકડ પુરસ્કારની યોજના રૂપિયા એક કરોડની અમે લઈને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉદાર, ઉમદા અને સૂક્ષ્મ દ્રષ્ટિનું એક ઉદાહરણ આપુ. રાજયમાં અનુસૂચિત જાતિ પૈકી તૂરી બારોટ  જાતિ અતિ પછાત છે તેમનામાં ભવાઈ, ગાયકી, વાદન જેવી પરંપરાગત કલાઓ છે અતિ ગરીબાઈને કારણે આ કલાઓ લુપ્ત થતી હતી. માનનીય મુખ્ય મંત્રીશ્રીના સૂચન મુજબ આ કલાકારો અને તેમની આ કલાઓને જીવંત રાખવા માટે આ સરકારે બનાવેલી યોજના અંતર્ગત રૂપિયા ૪૫ લાખની ફાળવવામાં આવ્યા અને  આ કલાકારો માટે  દશ તાલીમ શિબિર યોજવામાં આવી અને  ગાંધીનગર ખાતે એક રાજ્યકક્ષાનો લોક સંસ્કૃતિ મહોત્સવ પણ યોજવામાં આવ્યો.

માાનનીય અધ્યક્ષશ્રી, કવિ કલાપીએ ગાયું છે કે, " કલા છે ભોજ્ય મીઠી, ભોકતા વિન કલા નહીં, કલાવાન કલા સાથે ભોકતા વિન મળે નહીં." અને તે  ન્યાયે ગુજરાતના કલાકારોની કલા રાજય અને રાષ્ટ્ર બહાર રજૂ થાય તે માટે રાજયના સાંસ્કૃતિક વારસાની યોજના હેઠળ ૫૪૪ કલાકારોને રાજય બહાર સાંસ્કૃતિ કાર્યક્રમ રજૂ કરવા રૂા. ૧૧.૩૨ લાખના ખર્ચે મોકવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રંથાલય અને પુસ્તકાલયની વાત કરું તો, શોકેસમાં શોભાની અભિવૃદ્ધિ કરતા પુસ્તકો અંગે " શાયર ગુલઝારે" દુ:ખી થઈને જે પંકિતોઓ લખી હતી  એ પંકિતઓ હું સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું. ગુલઝારે એમ લખ્યું કે,

**" કિતાબે ઝાંખતી હૈ બંધ અલમારી કે શીશે સે,**
**કિતાબે ઝાંખતી હૈ બંધ અલમારી કે શીશે સે,**
**બડી હસરત સે તકતી હૈ, મહિનો મુલાકાત નહીં હોતી,**
**વો શામે ઉનકી  સોબત મેં કટીથી, વો શામે ઉનકી સોબત મેં કટીથી,**
**અબ અકસર ગુજર જાતી હૈ ટી વી કે સામને,**
**બડી બેચેન હોતી હૈ કિતાબે, ઉન્હે અબ નીંદ મેં ચલને કી આદત લગી હૈ."**

માનનીય અધ્યક્ષશ્રી, બાળ કેળવણીકાર શ્રી ગીજુભાઈ બધેકાએ કહ્યું છે કે, " શિક્ષક કેવળ જ્ઞાનનો પરિચય કરાવે છે જ્યારે પુસ્તકો તો સાક્ષાત જ્ઞાન જ છે."  આ કથનને આજના યુગમાં સાચુ પાડવા માટે અને પુસ્તક આપ લે પ્રથા સરળ અને સફળ બનાવવા માટે ગ્રંથાલય ખાતા હસ્તકના બે મધ્યસ્થ ગ્રંથાલયો, એક રાજય કેન્દ્રિય અનામત ગ્રંથ ભંડાળ,  અને એક સ્ટેટ આર્ટ એન્ડ કલ્ચર લાયબ્રેરી, અમદાવાદ અને રાજયના ૨૫ જિલ્લા મથકોએ આવેલા જિલ્લા સરકારી પુસ્તકાલયોની સેવાઓ કૉમ્પ્યુટરાઇઝ્ડ કરવામાં આવી છે અને માનનીય અધ્યક્ષશ્રી, હું ગર્વ સાથે જાહેર કરું છું કે, ભારત ભરમાં ગુજરાત એ પ્રથમ રાજય છે કે જેણે આ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ આદિજાતિ જિલ્લાઓ અને તાલુકાઓમાં ગ્રંથાલય સુવિધા ઉપલબ્ધ છે અને તે માટે રૂા. ૯૧.૫૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ખેડબ્રહ્મા ખાતે ભવનનિર્માણની કાર્યવાહી રૂા. ૩૮.૪૫ લાખના ખર્ચે કરવામાં આવનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં અને ગુજરાતમાં રંગમંચલક્ષી કલાઓનો વિકાસ રાજયાશ્રયથી વધુ સારી રીતે થયા છે અને રાજયાશ્રયથી વધુ સારી રીતે થયો હોય ત્યારે ઈતિહાસ નોંધે છે. જૂના વડોદરા, ભાવનગર વગેરે રાજયો તેનું જીવંત ઉદાહરણ છે. આ વાત માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નજરમાં હતી જ તેથી રાજયમાં સંગીત, નૃત્ય અને નાટયક્ષેત્રે ગુજરાતના કલાકારોને રાજય બહાર અને રાષ્ટ્ર બહાર મોકલવાની યોજના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ૨૦૦૫થી અમલમાં  છે અને

એનો લાભ છેલ્લા ચાર વર્ષમાં અનેક સંસ્થાઓએ લીધો છે. છેલ્લા ચાર વર્ષમાં ૭૪ કલાવૃંદોને રાજય બહાર અને ૧૭ કલાવૃંદોને વિદેશમાં એમની કૃતિઓની રજૂઆત કરવા અનુક્રમે રૂા. ૧૦૫.૬૧ લાખ અને રૂા. ૨૮.૨૪ લાખની આર્થિક સહાય ચૂકવાઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક પંકિત "ખંડહર બતા રહા હૈ ઈમારત બુલંદથી" તેના જ્વલંત ઉદાહરણ સમા મારા વિભાગ હસ્તકના પૂરાતત્ત્વ ખાતાની વાત કરુ તો વડનગર ખાતે મહત્ત્વપૂર્ણ બૌધ્ધ મઠનાં અવશેષો પ્રાપ્ત થયા છે. આ સ્થળેથી બૌધ્ધ ધર્મને સંબંધિત અનેક પૂરાવશેષો મળ્યા છે. જેમાં બુદ્ધ પ્રતિમાનું શીર, કપિ દ્વારા ભગવાન બુદ્ધને મધ અર્પણ કરતું શિલ્પ, પકવેલી માટીમાં નિર્મિત બુદ્ધ પદ ચિહ્ન દર્શાવતું મુદ્રાંકન વગેરે તથા આ ઉપરાંત બૌધ્ધ મઠમાં ઈશાન કોણમાં એક સ્તૂપના અવશેષો પણ પ્રાપ્ત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મૂર્ધન્ય કવિ સ્વ. શ્રી રમેશ પારેખ લખે છે કે, "તસ્વીરની બહાર ઉભા હોત તો તસ્વીરની ચર્ચા ય કરત, શું કરીએ તસ્વીરની અંદર અમે છીએ." તે સંદર્ભમાં જેઓ હવે માત્ર તસ્વીરમાં કેદ છે તેવા લોકો માટે મારા વિભાગના અભિલેખાગાર ખાતા દ્વારા અગત્યના અને ભૂતપૂર્વ રાજવીઓ સમયના રૅકૉર્ડના કોમ્પ્યુટરાઈઝેશન માટે આ ખાતા દ્વારા કુલ ૨ કરોડ ૦૭ લાખ પાનાનું સ્કેનીંગ કરી અને તેના રજિસ્ટરો બનાવવામાં આવેલ છે. ચાલુ વર્ષે પણ અંદાજે ૧ કરોડથી વધુ પાનાની સ્કેનીંગની કામગીરી કરવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે હોંશભેર ગાઈએ છીએ કે, "સુવર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની." આ સુવર્ણ અક્ષરો અને કીર્તિગાથાઓ જળવાઈ રહે તે માટેના રેકર્ડની જાળવણી અને સલામતી માટે અમારા અભિલેખાગાર ખાતા દ્વારા અદ્યતન કોમ્પેકટ રેકોર્ડ સિસ્ટમની યોજના અમલમાં મૂકી છે અને આ યોજના હેઠળ ૬૦૦ સિસ્ટમના ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ કરી ગાંધીનગર કચેરીમાં કાર્યાન્વિત કરેલ છે. તથા જૂનાગઢ કચેરીમાં આ માટેની કાર્યવાહી અંશતઃ પૂર્ણ થયેલ છે, અને જૂનાગઢ કચેરીમાં બાકીની કામગીરી ચાલુ વર્ષે પૂર્ણ થશે. એજ રીતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સરફરોશી પુસ્તક પ્રકાશન શ્રેણી અન્વયે ક્રાન્તિવીરોના જીવન ચરિત્રોનું પ્રકાશન કરવામાં આવે છે. જે અન્વયે ચાલુ વર્ષે રૂા. ૨૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ની ઉજવણી અંતર્ગત સંગ્રહાલય ખાતા દ્વારા મ્યુઝિયમ ઈન ગુજરાત નામક એક પુસ્તકનું પ્રકાશન રૂા.૧૦ લાખના ખર્ચે, ગુજરાતની પ્રવર્તમાન સંસ્કૃતિનું પ્રતિબંબ ઝીલતી પુસ્તક

કૃતિ કલ્ચર ઓફ ગુજરાત (અંતરાય)

### સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી હજુ કેટલો સમય જોઈશે એ કહો તો એ પ્રમાણે ગૃહની કામગીરીનો સમય લંબાવવો પડશે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ સાત આઠ મિનિટ જોઈશે.

**શ્રી આર.સી. ફળદુ** : હું સભાગૃહની બેઠકનો સમય માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ મંજૂર થાય ત્યાં સુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરૂં છું. :

**અધ્યક્ષશ્રી** : ઃભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ મંજૂર થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થાય તે વાત રાજયના દરેક તાલુકા અને ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચે તે માટે ૧લી મે, ૨૦૦૮થી "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ યાત્રા" માનનીય મુખ્યમંત્રીના વરદ હસ્તે અમરેલીથી શરૂ કરી સમગ્ર રાજ્યમાં પરિભ્રમણ કરી રહેલ છે અને આ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ યાત્રા" એ અત્યાર સુધીમાં રાજયમાં ૧૭૮ શહેરોની યાત્રામાં ૪૬,૪૨,૨૦૫ લોકો ઉમંગભેર જોડાયા તે પૈકી ૩૩,૭૭,૪૯૧ લોકોએ પોતાના વ્યકિતગત સંકલ્પો લીધા છે અને તેને પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ બન્યા છે. આ સમય દરમ્યાન ૧૦,૩૬,૪૪૬ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ૧૧૧ નગરપાલિકાઓએ પોતાના સ્વર્ણિમ ચાર્ટરો નક્કી કરેલ છે અને તેનું પાલન કરવા કટિબદ્ધ બનેલ છે. તેના માટે ૨૦૦૮-૨૦૦૯માં રૂા.૨૫ કરોડ અને ૨૦૦૯-૨૦૧૦માં રૂા ૫૦ કરોડની જોગવાઈ આ વિષય માટે મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે મારે આજે કેટલીક જાહેરાતો કરવી છે. ગુજરાતે છેલ્લા ૫૦ વર્ષમાં વિવિધ ક્ષેત્રે કરેલ પ્રગતિ અંગેના ૨૨ જેટલાં પ્રકાશનો/કોફીટેબલ બુકો "સ્વર્ણિમ ગ્રંથો"ના સ્વરૂપમાં સચિવાલયના વિભાગો દ્વારા પ્રસિદ્ધ કરવાનું આયોજન વિચારેલ છે. આ ગ્રંથો ભાવિ પેઢીના વિદ્યાર્થીઓને રેફરન્સ બુક તરીકે ઘણાં ઉપયોગી નીવડશે. ગુજરાતે છેલ્લાં ૫૦ વર્ષમાં વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધિઓ અને પ્રગતિ અને તેમાં શ્રેષ્ઠીઓના યોગદાનની ઝાંખીનો અહેસાસ વિશ્વ સમુદાય સુધી પહોંચાડવાના શુભ આશયથી દેશનાં વિવિધ શહેરો અને દુનિયાના વિવિધ રાષ્ટ્રોમાં લગભગ ૧૯ જેટલા સૅમિનારો, કૉન્ફરન્સો અને ૧૩ જેટલા કલા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું અતિ આધુનિક આયોજન કરવાની વિચારણા કરવામાં આવેલ છે. માંડવી મુકામે મહાન ક્રાંતિકારી સ્વર્ગસ્થ શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક ઉભું કરવાનું આયોજન છે અને ચાલુ વર્ષે ૫ કરોડની જોગવાઈ આના માટે કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયમાં દેવની મોરી ખાતે બુદ્ધ સંસ્કૃતિના સમૃદ્ધ અવશેષો મળી આવ્યા છે. તાજેતરમાં વડનગર ખાતે બૌદ્ધ સાધુઓનો વિશાળ મઠ મળી આવેલ છે. આ બુદ્ધ સંસ્કૃતિનું ભવ્ય ગાથાઓથી દુનિયાના બૌદ્ધ દેશો જેવા કે ચીન, જાપાન, શ્રીલંકાના કરોડો શ્રદ્ધાળુઓ અવગત થઈ શકે અને આ પવિત્ર જગ્યાઓની મુલાકાત લઈ તે માટે ગુજરાત સરકારે એક આંતરરાષ્ટ્રીય કક્ષાનો સેમીનાર યોજવાનું નક્કી કર્યુ છે. આ માટે **" આંતરરાષ્ટ્રીય સેમીનાર ઓન ધ બુધ્ધિસ્ટ હૅરીટેજ ઓફ ગુજરાત "** નું આયોજન માટે રૂપિયા ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રજાને અતિ આધુનિક ભૌતિક સુવિધાઓ પ્રદાન કરવાના આશયથી રાજયના ગ્રંથાલય ખાતામાં રૂપિયા ૬૦ લાખના ખર્ચે રેડિયો ફીકવન્સી આઈડીફિકેશન ડિવાઈસ વસાવવાનું આયોજન કરવામાં આવેલ છે. **" સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ "** અન્વયે રાજયના જે તાલુકાઓમાં ગ્રંથાલય સેવાઓ સદંતર નથી તેવા ૩૩ તાલુકાઓમાં તાલુકા પુસ્તકાલયો શરૂ કરવા માટે રૂપિયા ૫૮.૪૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આવેલા ગ્રંથાલયો માટે ભવન નિર્માણનું આયોજન તબક્કાવાર કરવામાં આવે છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન સરકારી તાલુકા પુસ્તકાલય, વડનગરના ભવન નિર્માણનું આયોજન કર્યુ છે. ગુજરાત લલિતકલા અકાદમી દ્વારા ત્રણ કલાકારોને ત્રણ ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવતાં હતા તેના બદલે આ વખતે ત્રણને બદલે નવ એટલે દરેક ક્ષેત્રમાં ત્રણ ત્રણ પુરસ્કાર એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ગૌરવ પુરસ્કારની રકમ જે ૨૫ હજારની હતી તેમાં વધારો કરીને ૫૧ હજારના પુરસ્કાર કરવામાં આવ્યાં છે. અને જે ત્રણના બદલે નવ કલાકારોને દર વર્ષે અપાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા કુલ નવ કલાકારોને રૂપિયા ૨૫ હજાર લેખે ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવતા હતા, આ પુરસ્કારની રકમમાં પણ વધારો કરવામાં આવ્યો છે. હવે પુરસ્કારની રકમ રૂપિયા ૨૫ હજારના બદલે ૫૧ હજાર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક અજ્ઞાત કવિની કાવ્ય પંકિત યાદ આવે છે

**" હૃદય અમારું એ માટે જ ભીનું છે દોસ્તો, આંસુઓ બધા અમે અંદર વહાવ્યા છે."**

મૂંગા પશુઓની વેદના સમજનારા અને તેને દૂર કરનારા અનેક જીવદયા પ્રેમી કાર્યકરો અને સંસ્થાઓ ગુજરાતમાં સેવારત છે. એમને પણ અમે ભૂલ્યા નથી. પગ નીચે કીડી પણ ન કચડાય અને કચડાય તો પાપ થયું છે તેમ માનીને કીડિયારું પૂરનારી ગુજરાતની પ્રજા રાજી થાય એવી જાહેરાત મારે કરવી છે. જીવદયા ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનાર એક સંસ્થા અને એક વ્યકિતને ભગવાન મહાવીર જીવદયા એવોર્ડ નિમિત્તે પુરસ્કાર પેટે રૂપિયા ૫૦ હજારની સહાયની જે રકમ આપવામાં આવતી હતી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂચનથી હવે એ રકમ વધારીને સંસ્થાને એક લાખ અને વ્યકિતને એક લાખ એ રીતે આ રકમ ઉમેરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવચનના અંતમાં હું સુરતના કવિશ્રી ભગવતીકુમાર શર્માની એક કાવ્ય પંકિત ટાંકીશ.

**" છે ખાત્રી તારી દુઆઓમાં એટલે જ શ્રદ્ધા છે,**
**થાકી જશે હાથ પણ ખેરાત ચાલતી રહેશે "**

કવિની આ શ્રદ્ધા એ અમારી પણ શ્રદ્ધા છે અને તેથી જ આ વિભાગની સિદ્ધિઓ અને આયોજનની ઝાંખીઓ મેં રજૂ કરી છે. આ વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ ધ્યાને લઈ ગુજરાતમાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિકાસ માટે આ વિભાગની માંગણીઓ વિના વિરોધે મંજૂર કરવા આ ગૃહને વિનંતી કરી વિરમું છું.

**માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૬ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી**.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૭મી જુલાઈ ૨૦૦૯ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| ભિલોડા તાલુકામાં ખેતી માટેની વીજળી | ૧૬ |
| ભિલોડા, મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહમા તાલુકામાં નાની અને મધ્યમ સિંચાઈ માટે ફાળવેલ રકમ | ૪૬૪ |
| સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત | ૪૯૧ |
| સાબરકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન પાછળ કરેલ ખર્ચ | ૨૮૮ |
| સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપ બનાવવા બાબત | ૪૮૨ |
| **અનિલકુમાર અ. માળી** | |
| બનાસકાંઠા જિલ્લાના ઉચોરાણ એટા- કોતરવાડા રસ્તાને પહોળો કરવા બાબત | ૨૭૬ |
| બનાસકાંઠા જિલ્લાના નવા વીજ સબ સ્ટેશનો | ૩૬ |
| બનાસકાંઠા જિલ્લામાં ઈ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધ | ૩૦૧ |
| બનાસકાંઠા જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ ચૂકવેલ સહાય | ૧૪૩ |
| બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત | ૧૯૦ |
| બનાસકાંઠા જિલ્લામાં પકડવામાં આવેલ બાળમજૂરો | ૧૩૨ |
| મહેસાણા જિલ્લામાં ઇ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધ | ૩૦૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૫૦૨ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| કલાઈમેટ ચેન્જની આપત્તિને અવસરમાં પલટાવવા વ્યૂહરચના કરવા અંગે | ૪૨૧ |
| કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાં ઓઈલ અને ગેસનું ઉત્પાદન | ૭૦ |
| ચિરંજીવી યોજનાની સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી ઉપર અસર | ૪૩૩ |
| મહેસાણા જિલ્લામાં જમીન માપણી ક્ચેરીની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ | ૩૧૨ |
| મહેસાણા તાલુકાના છઠીયાદરા-ગોળાદ રોડનું કામ | ૨૮૩ |
| મહેસાણા જિલ્લામાં પંડિતદીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળલાભાર્થીઓ | ૧૧૫ |
| રાજ્યની ફાસ્ટ ટ્રેક કોર્ટો | ૬૧ |
| **અભેસિંહ મો. તડવી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૮૩ |
| વડોદરા જિલ્લામાં ૭/૧૨ અને ૮/અ ના ઉતારા આપવા બાબત | ૩૦૩ |
| વડોદરા જિલ્લામાં આંબેડકર ભવનના બાંધકામ અંગે | ૧૩૬ |
| વડોદરા જિલ્લામાં ઇ-ધરા હેઠળ હકક પત્રકની નોંધ | ૩૧૨ |
| વડોદરા જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ ચૂકવેલ સહાય | ૧૪૫ |
| વડોદરા જિલ્લામાં રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા અંગે | ૨૮૨ |
| વડોદરા જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો | ૧ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| ઉચાપતના નોંધાયેલ કેસો | ૩૨૬ |
| ઉદ્યોગો સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. | ૩૩૪ |
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અન્વયે મળેલ નાણા | ૩૨૭ |
| ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કોમ્પ્યુટર અને પ્રિન્ટરની ખરીદી | ૩૩૪ |
| ગુંદીયા ગામે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત | ૪૫૨ |
| દેશી / વિદેશી દારૂના વેચાણના નોંધાયેલ કેસા | ૩૩૧ |
| દેડીયાપાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની ખાલી જ્ગ્યા | ૪૭૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ ર1. વસાવા** | |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં આર.એફ.ઓ. ની ખાલી જ્ગ્યાઓ બાબત | ૨૨૨ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં રોજગાર સલાહકારની મળેલ બેઠકો તેમજ ખર્ચ અંગે | ૧૨૭ |
| નર્મદા જિલ્લામાં ખાણના પરવાના | ૬૨ |
| નર્મદા જિલ્લામાં પેવર મશીનથી રસ્તો બનાવવા નાણાની ફાળવણી | ૨૬૯ |
| નર્મદા જિલ્લામાં પ્રસુતિ સહાય આપવા અંગે | ૩૬૨ |
| એન્જીનિયરીંગ, સિમેન્ટ, અને કેમિકલ ઉદ્યોગોને કર રાહતો | ૩૭૩ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને આપેલ બીયારણની કીટ અને જંતુનાશક દવાઓ | ૩૫૧ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં આંગણવાડીના મકાનો | ૩૪૮ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં કાર્યરત આયુર્વેદીક દવાખાનાઓ | ૩૬૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ક્સિાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તા | ૩૮૪ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ | ૩૪૭ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેડૂતોને જંગલની જમીન આપવા બાબત | ૨૧૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ચેકડેમોને નુકશાન | ૩૭૭ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ચેકડેમોનું બાંધકામ | ૩૩૯ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો | ૩૩૩ |
| ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાં ઝૂંપડપટ્ટીમાં વિજળીકરણ | ૩૪૬ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની માંગણીઓ | ૩૭૮ |
